
# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૧૦)



વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામી



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ



પરમાગમ શ્રી સમયસાર
(ગાથા ૨૭૨-૩૦૫ શ્લોક ૧૭૩-૧૮૬) ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રીના
૧૮મી વારના પ્રવચનો
(પ્રવચન નંબર ૩૨૯-૩૬૩)

ॐ

परमात्मने नमः।

# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૧૦)

શ્રી કુંદકુંદાચાર્યદેવ-રચિત શ્રી સમયસાર પરમાગમ ઉપર
અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૮મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન
(ગાથા-૨૭૨ થી ૩૦૫, શ્લોક-૧૭૩ થી ૧૮૬,
પ્રવચન-૩૨૬ થી ૩૬૩)

પ્રસ્તુતકર્તા :
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,
સોનગઢ
સંપર્ક : ૯૭૨૨૮૩૩૧૪૩

| | | |
|---|---|---|
| વિક્રમ સંવંત<br>૨૦૭૭ | વીર સંવંત<br>૨૫૪૭ | ઈ. સન<br>૨૦૨૧ |



**પ્રકાશન તિથિ**


શ્રી સમયસાર શતાબ્દિ વર્ષ
શ્રી વીર નિર્વાણકલ્યાણક દિન
તા.૪-૧૧-૨૦૨૧, આસો વદ-અમાસ


**પ્રસ્તુત આવૃત્તિના પ્રકાશનાર્થે આવેલ દાનરાશિ**

| | |
|---|---|
| બ્ર. હર્ષાબેન વૃજલાલ શાહ, સોનગઢ | ૧૦,૦૦૦/- |
| એક મુમુક્ષુ, સોનગઢ | ૧૦,૦૦૦/- |
| એક મુમુક્ષુ | ૧૦,૦૦૦/- |


ટાઈપ સેટિંગ :
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧


ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ



# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે
જૈનજગતમાં પ્રસિદ્ધ છે;
જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક
તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના
સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા
આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્‌ભુત શક્તિ
વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો છે;
અસીમ કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને
તેમના જ શ્રી સમયસાર ૧૮મી વખતના આધ્યાત્મિક પ્રવચનોના
અમૂલ્ય ખજાનામાંથી ૩૫ પ્રવચનનાં
સંકલનરૂપ આ **'ભાગવત શાસ્ત્ર'** ભાગ–૧૦ અર્પણ કરતાં
અમે જીવનની
ધન્યતા અનુભવીએ છીએ.

– પ્રસ્તુતકર્તા

# પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ-શાસ્ત્ર છે, જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગમ્ય કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજસ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર શ્રી સમયસારજીની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે 'આત્મખ્યાતિ' નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન-ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયેઃ લોપ થયો હતો, મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો, જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા, પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું, તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ,

ભવોદધિ-તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય થયો કે જેમણે આ ઊભય આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ અને સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો સુવર્ણમય ઉદય થયો. તેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રી જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ-પ્રદાયક પ્રવચનગંગા દ્વારા પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની વિરોધીઓના વિરોધનો પણ નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી 'વિરોધીઓ પણ ભગવાનઆત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠ્યું, 'અરે ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.'

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં 'સોનગઢ' મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ (૧૩) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢ્યો અને ફરમાવ્યું કે :

- સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
- સમયસાર તો સિદ્ધાંત-શિરોમણિ અદ્વિતીય અજોડચક્ષુ ને આંધળાની આંખ છે.
- સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘશસ્ત્ર છે.
- સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું ગજબનું શાસ્ત્ર બની ગયું! જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ! ધન્ય કાળ !
- સમયસારની એક-એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક-એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં-ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.

- સમયસાર તો સત્યનું ઉદ્‌ઘાટન છે. ભારતનું મહારત્ન છે!
- સમયસારના થોડા શબ્દોમાં ભાવોની અદ્‌ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.
- સમયસાર તો ભરતક્ષેત્રમાં પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર-શાસ્ત્ર કહેવાય.
- સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.
- સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડ્યા છે-અમૃત વહેવરાવ્યા છે.
- સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.
- સમયસારની મૂળભૂત એક-એક ગાથામાં ગજબ ગંભીરતા! પાર ન પડે એવી ચીજ છે. એક-એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.
- સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ-ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે, જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે, ધર્મનો ધોધ એવો ધર્મી છે, ધ્રુવ પ્રવાહ છે, જ્ઞાનની ધારા છે, ત્રણલોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે, વાસ્તવિક વસ્તુ છે, સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે, ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય-વાડો-ગચ્છ નથી. વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ—શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને ક્યાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેમની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે—એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છેને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક-એક ગાથાના અર્થ કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેમને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂજ્ય ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીનું દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય! પૂજ્ય ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો ને બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે, પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂજ્ય બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ, તેઓ ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂજ્ય ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિ તો સાધક હોય તોપણ બધી તૈયારી કરવી પડે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની ૨૭૨ થી ૩૦૫ ગાથા તથા તેના ૧૭૩ થી ૧૮૬ શ્લોકો પીઠિકારૂપે છે. તેના ઉપર થયેલાં પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૮મી વખતના સળંગ પ્રવચનો નં.૩૨૬ થી ૩૬૩ આ **''ભાગવત શાસ્ત્ર'' ભાગ-૧૦માં** અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ, કોઈવાર બે વર્ષ, કોઈવાર અઢી વર્ષ તેમ ૪૫ વર્ષમાં ૧૯ વખત જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ-જેમ જ્ઞાનીની જ્ઞાન-સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ-તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા-નવા ભાવો આવે છે. તેથી જ ૧૮મી વખતના પ્રવચનો સંકલિત થઈને પ્રકાશિત થયા હોવા છતાં આ પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા

છે. ત્યારબાદ જ્યાં-જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઉતારવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા સમગ્ર પ્રવચનોને ફરીથી સી.ડી. ઉપરથી સાંભળી ચેક કરી પ્રુફ રિડીંગનું કાર્ય શ્રી પ્રશમભાઈ મોદી, સોનગઢ દ્વારા પૂર્ણ થયેલ છે તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે, છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે, તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિઅપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના આચાર્યોના ગૂઢભાવોને ખૂબ જ સરળ ભાષામાં રજૂ કરી મુમુક્ષુ સમાજ ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. 'ભગવાન આત્મા' કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત-અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ, તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

આ પુસ્તક : www.vitragvani.com પર તથા atmadhrm.com પર મૂકેલ છે.

લી.

**શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**
**સોનગઢ**



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગદ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ ક્હાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્‌ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્‌ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આઝીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળ્યા, 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક'

ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિય'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી

સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ.

૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ 'શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર'નું ઉદ્ઘાટન વિ.સં. ૨૦૩૦માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે '..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હ્રદય હૈ.' ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામી આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં-વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા

ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ,

ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છેને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છેને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ

દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની

તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા

કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ''સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે'' એ ''ક્રમબદ્ધપર્યાય''ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ''ક્રમબદ્ધપર્યાય'' શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાદીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

''તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!''-આવો મહામંત્ર

મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**
**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૩૨૬ | ૨૨–૦૨–૧૯૭૭ | શ્લોક–૧૭૩ | ૦૦૧ |
| ૩૨૭ | ૨૩–૦૨–૧૯૭૭ | શ્લોક–૧૭૩, ગાથા–૨૭૨ | ૦૧૨ |
| ૩૨૮ | ૨૦–૦૩–૧૯૭૭ | ગાથા–૨૭૨ | ૦૨૪ |
| ૩૨૯ | ૨૧–૦૩–૧૯૭૭ | ગાથા–૨૭૨–૨૭૩ | ૦૩૫ |
| ૩૩૦ | ૨૨–૦૩–૧૯૭૭ | ગાથા–૨૭૩–૨૭૪ | ૦૪૬ |
| ૩૩૧ | ૨૩–૦૩–૧૯૭૭ | ગાથા–૨૭૪–૨૭૫ | ૦૫૭ |
| ૩૩૨ | ૨૪–૦૩–૧૯૭૭ | ગાથા–૨૭૫ | ૦૬૮ |
| ૩૩૩ | ૨૫–૦૩–૧૯૭૭ | ગાથા–૨૭૬–૨૭૭ | ૦૭૯ |
| ૩૩૪ | ૧૦–૦૪–૧૯૭૭ | ગાથા–૨૭૬–૨૭૭ | ૦૮૯ |
| ૩૩૫ | ૧૧–૦૪–૧૯૭૭ | ગાથા–૨૭૬–૨૭૭ | ૧૦૦ |
| ૩૩૬ | ૦૯–૦૫–૧૯૭૭ | ગાથા–૨૭૬–૨૭૭ | ૧૧૧ |
| ૩૩૭ | ૧૦–૦૫–૧૯૭૭ | ગાથા–૨૭૬–૨૭૭ | ૧૨૦ |
| ૩૩૮ | ૧૧–૦૫–૧૯૭૭ | ગાથા–૨૭૬ થી ૨૭૯ | ૧૩૧ |
| ૩૩૯ | ૧૨–૦૫–૧૯૭૭ | ગાથા–૨૭૮થી૨૮૦,શ્લોક–૧૭૫–૧૭૬ | ૧૪૦ |
| ૩૪૦ | ૧૩–૦૫–૧૯૭૭ | ગાથા–૨૮૦, શ્લોક–૧૭૭ | ૧૫૦ |
| ૩૪૧ | ૧૪–૦૫–૧૯૭૭ | ગાથા–૨૮૧ થી ૨૮૫ | ૧૬૦ |
| ૩૪૨ | ૧૫–૦૫–૧૯૭૭ | ગાથા–૨૮૩ થી ૨૮૫ | ૧૭૦ |
| ૩૪૩ | ૧૬–૦૫–૧૯૭૭ | ગાથા–૨૮૩ થી ૨૮૭ | ૧૮૦ |
| ૩૪૪ | ૧૭–૦૫–૧૯૭૭ | ગાથા–૨૮૬–૨૮૭ | ૧૯૧ |
| ૩૪૫ | ૧૮–૦૫–૧૯૭૭ | શ્લોક–૧૭૮ | ૨૦૧ |
| ૩૪૬ | ૧૯–૦૫–૧૯૭૭ | શ્લોક–૧૭૮–૧૭૯ | ૨૧૧ |

| | | | |
|---|---|---|---|
| ૩૪૭ | ૨૦-૦૫-૧૯૭૭ | શ્લોક-૧૭૯-૧૮૦,ગાથા-૨૮૮-૨૮૯ | ૨૨૨ |
| ૩૪૮ | ૨૧-૦૫-૧૯૭૭ | ગાથા-૨૮૮ થી ૨૯૩ | ૨૩૨ |
| ૩૪૯ | ૨૨-૦૫-૧૯૭૭ | ગાથા-૨૯૪ | ૨૪૩ |
| ૩૫૦ | ૨૩-૦૫-૧૯૭૭ | ગાથા-૨૯૪ | ૨૫૪ |
| ૩૫૧ | ૨૪-૦૫-૧૯૭૭ | ગાથા-૨૯૪ | ૨૬૬ |
| ૩૫૨ | ૨૫-૦૫-૧૯૭૭ | ગાથા-૨૯૪, શ્લોક-૧૮૧ | ૨૭૮ |
| ૩૫૩ | ૦૧-૦૬-૧૯૭૭ | ગાથા-૨૯૫, શ્લોક-૧૮૧ | ૨૮૮ |
| ૩૫૪ | ૦૨-૦૬-૧૯૭૭ | ગાથા-૨૯૫ થી ૨૯૭ | ૩૦૦ |
| ૩૫૫ | ૦૩-૦૬-૧૯૭૭ | ગાથા-૨૯૭ | ૩૧૧ |
| ૩૫૬ | ૦૪-૦૬-૧૯૭૭ | ગાથા-૨૯૭, શ્લોક-૧૮૧ | ૩૨૧ |
| ૩૫૭ | ૦૫-૦૬-૧૯૭૭ | ગાથા-૨૯૮-૨૯૯, શ્લોક-૧૮૨ | ૩૩૧ |
| ૩૫૮ | ૦૬-૦૬-૧૯૭૭ | ગાથા-૨૯૮-૨૯૯ | ૩૪૨ |
| ૩૫૯ | ૦૭-૦૬-૧૯૭૭ | શ્લોક-૧૮૩-૧૮૪ | ૩૫૪ |
| ૩૬૦ | ૦૮-૦૬-૧૯૭૭ | શ્લોક-૧૮૫, ગાથા-૩૦૦ | ૩૬૪ |
| ૩૬૧ | ૦૯-૦૬-૧૯૭૭ | શ્લોક-૧૮૫-૧૮૬,ગાથા-૩૦૧થી૩૦૩ | ૩૭૪ |
| ૩૬૨ | ૧૦-૦૬-૧૯૭૭ | ગાથા-૩૦૧ થી ૩૦૫ | ૩૮૫ |
| ૩૬૩ | ૧૧-૦૬-૧૯૭૭ | ગાથા-૩૦૪-૩૦૫ | ૩૯૫ |

ૐ

શ્રી પરમાત્મને નમઃ

# ભાગવત શાસ્ત્ર

(ભાગ–૧૦)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સમયસાર ગ્રંથ ઉપરના ૧૮મી વખતના શબ્દશઃ સળંગ પ્રવચનો)

**ફાગણ સુદ-૪, મંગળવાર, તા. ૨૨-૦૨-૧૯૭૭, કળશ-૧૭૩, પ્રવચન નં. ૩૨૬**

કળશ છેને? ભાવાર્થ આવી નથી ગયો? આવી ગયો ન્યાય, ન્યાય આવી ગયો. **'અધ્યવસાન ત્યાગવાયોગ્ય કહ્યાં છે...'** શું કહે છે? ... વ્યવહારનય, નિશ્ચયનયનું .. શું છે? ... આશ્રય સ્વ પોતે છે અને પરનો આશ્રય વિકલ્પ આદિ પર છે, બેયની ભિન્નતા બતાવીને ધર્મી જીવોએ પરાશ્રય છોડવો અને સ્વાશ્રય એટલે કે જ્ઞાયકભાવ ત્રિકાળ છે (તેનો આશ્રય કરવો). સ્વનો અર્થ અહીં દ્રવ્ય-ગુણ-પર્યાય નહિ. સમજાણું કાંઈ? .. સ્વસ્વામીસંબંધ છે એ સ્વ છે એ પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાય શુદ્ધ ત્રણને સ્વ લીધા છે. એ સ્વ તે મારું છે અને એનો હું સ્વામી છું. સમજાણું કાંઈ? સ્વસ્વામીસંબંધ નામની ૪૭ શક્તિ છે છેલ્લી એમાં સ્વમાં એકલું દ્રવ્ય ન આવે, ત્યાં દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ અને પર્યાય શુદ્ધ ત્રણ આવે. એ સ્વ છે અને એનો હું સ્વામી છું. અહીંયાં સ્વના આશ્રયમાં એકલું દ્રવ્ય જ આવે ધ્રુવ. એનો આશ્રય બતાવીને પરાશ્રય સમકિતીએ છોડવો એ વાત કહે છે. જે અત્યારે મોટી તકરાર વાંધા ઉઠ્યા છેને. આહા..હા..! વ્યવહાર... વ્યવહાર... આ શ્રાવકના, મુનિના આચરણના વ્યવહારને એ જો નહિ સ્થાપે તો જૈનધર્મ જ નહિ રહે એમ કહે છે. વ્યવહારક્રિયા સમ્યગ્દર્શન વિનાની આ વ્રત ને તપ ને એના માટે ખુલાસો કરે છે અહીંયાં. ૧૭૩.

(शार्दूलविक्रीडित)

सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनै-
स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः।
सम्यङ्निश्चयमेकमेव तदमी निष्कम्पमाक्रम्य किं
शुद्धज्ञानघने महिम्नि न निजे बन्धनन्ति सन्तो धृतिम्।।१७३।।

આહા..હા..! એક કળશે તો ગજબ કર્યું છે કામ! વ્યવહારની ગાથા આવે છેને વ્યવહારનય .. છે. એનો ઉપોદ્ઘાત છે આ.

'**શ્લોકાર્થ :- આચાર્યદેવ કહે છે કે :—**' '**सर्वत्र यद् अध्यवसानम्**' '**સર્વ વસ્તુઓમાં...**' 'એક' શબ્દ અહીં પડ્યો છે. પોતે આત્મા સિવાય જેટલી વસ્તુ પર છે એ '**सर्वत्र यद् अध्यवसानम्**' '**સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન...**' એકત્વબુદ્ધિ છે એ છોડ, એને છોડ. ભગવાન ત્રિલોકનાથ છેને? '**जिनैः**' '**તે બધાંય...**' '**सर्वत्र यद् अध्यवसानम्**' બધી ચીજોમાં રજકણ મારો, બીજો આત્મા મારો, એ રાગ મારો આદિ બધી ચીજોમાં એકત્વબુદ્ધિ જે છે અધ્યવસાય '**તે બધાંય...**' '**जिनैः**' '**જિન ભગવાનોએ...**' કેવળજ્ઞાની પરમાત્માએ. નામ આપવું પડ્યું આચાર્યને. સમજાણું કાંઈ? ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર અખિલ સર્વત્ર પરદ્રવ્યની, એક આત્મા સિવાય પરદ્રવ્યની એકતાબુદ્ધિ કોઈપણ દેવ-ગુરુ-શાસ્ત્ર કે સ્ત્રી, કુટુંબ, પરિવાર કે પરમાણુ કે એની એકત્વબુદ્ધિનો અધ્યવસાય. કેમકે ભિન્ન ચીજ છે અને એ ભિન્ન ચીજની એકત્વબુદ્ધિ એ તો મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો '**સર્વ વસ્તુઓમાં જે અધ્યવસાન થાય છે તે બધાંય (અધ્યવસાન)...**' આહા..હા..! 'ચાહે તો પરમાત્મા હો દેવ, એ પણ મારા છે, હું એનો છું' એ પણ અધ્યવસાય ભગવાને છોડાવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? સર્વ આવ્યુંને? એ '**સર્વ વસ્તુઓમાં...**' અને '**अखिलं**' અધ્યવસાન.

**શ્રોતા :-** વસ્તુ બધી સર્વ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સર્વ. આહા..હા..!

આ ભગવાન આત્મા સિવાય... ગંભીર ગાથા છે, ભાઈ! કળશ તો આ જૈનદર્શનના બંધતત્ત્વનો મર્મ છે આખો. વ્યવહારનો વિષય છે એ બંધતત્ત્વ છે. આહા..હા..! એથી અહીંયાં વ્યવહારને (છોડાવ્યો છે). પહેલો વ્યવહાર એ લીધો કે આ આત્મા વસ્તુ છે એનાથી જેટલી પરચીજ છે શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધર્માસ્તિ, અધર્માસ્તિ વગેરે એ મારા છે એવો જે અધ્યવસાય મિથ્યાત્વ છે. આહા..હા..! મારું મારામાં હોય, મારું પરમાં હોય એમ હોઈ શકે નહિ. આહા..હા..! તો આ આત્મા સિવાય સર્વ વસ્તુઓમાં. એક તો સર્વ વસ્તુ લીધી. એક કોર આત્મા અને એક કોર સર્વ વસ્તુ. અને એમાં સર્વ વસ્તુઓમાં અખિલ અધ્યવસાય. જેટલા અધ્યવસાય પડે પરવસ્તુની એકતામાં એટલા બધાય અધ્યવસાય—એકત્વબુદ્ધિ. આહા..હા..! બહુ મર્મ.

જિનેશ્વર વીતરાગ કેવળજ્ઞાની પરમાત્માએ એમ ફરમાવ્યું, એમ કહ્યું કે તારા સિવાય જેટલા પરપદાર્થો છે, અહીં તો ભગવાન કહે છે કે હું પણ પર છું તારે માટે. આહા..હા..! એ સર્વમાં હું પણ

આવી જાઉં છું અને મારે માટે તું જેટલા અધ્યવસાય કર કે 'આ મારા છે અને એને લઈને મને લાભ થશે' એવા જે અધ્યવસાય એકત્વબુદ્ધિના મિથ્યાત્વભાવનો. આહા..હા..! **'अखिलं'** **'તે બધાંય (અધ્યવસાન)...'** **'जिनैः'** **'જૈન ભગવાનોએ...'** **'एवम्'** **'પૂર્વોક્ત રીતે...'** પૂર્વે કહ્યું હતુંને? બીજાને જીવાડી શકું, બીજાને સુખી કરી શકું એ બધા મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પૂર્વોક્ત કહ્યા એ. બીજાને જીવાડી શકું, બીજાને મારી શકું એટલે કે બીજાના પ્રાણની રક્ષા કરી શકું, બીજાના પ્રાણને હું હરી શકું, બીજાને હું અગવડતા દઈ શકું અને બીજાને હું સગવડતા આહાર, પાણી, વસ્ત્ર આદિને દઈ શકું અને હું બીજાને બંધનમાં નાખી શકું અને હું બીજાને મુક્ત કરાવી શકું... આહા..હા..! એવી પરવસ્તુ પ્રત્યેની એકત્વબુદ્ધિ મિથ્યાત્વ એ અધ્યવસાય ભગવાને છોડાવ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! એકલો રહ્યો હવે ઈ. એકલો ક્યો? એ હજી આમાં પછી આવશે. સમજાણું કાંઈ? આહા..હા..!

અરે..! વીતરાગની વાણી સર્વજ્ઞ પરમાત્માની ધ્વનિ, ઈન્દ્રો અને ગણધરો વચ્ચે લોકના નાયકો સાંભળતા. લોકના નાયક હોં! આ રાજા તો સાધારણ છે બહારમાં. એક પાંચ પચ્ચીસ લાખ કે કરોડ. ઓલા તો લોકના નાથ. અર્ધલોકના ઈન્દ્ર દક્ષિણના, ઉત્તરના. આહા..હા..! ઈશાનઈન્દ્ર. એમ ભગવાન કહેતા કે તારા આત્મા સિવાય જેટલી જગતમાં અન્ય વસ્તુઓ છે એમાં હું પણ તારા સિવાયમાં અન્ય વસ્તુમાં તારે માટે આવી જાઉં છું. સમજાણું કાંઈ? આહા..હા..! એમાંથી મને લાભ થશે, એને હું કાંઈક કરી શકું, એ મારું કરી શકે એવો જે અધ્યવસાય એકત્વબુદ્ધિનો મિથ્યાત્વભાવ, મહા સંસારભાવ, નરક અને નિગોદમાં રજળવાના બીજડાં. આહા..હા..! ભગવાનજીભાઈ! વાત તો આવી છે અહીં ભગવાન. આહા..હા..! કહે છે કે બધી વસ્તુઓમાં બધા પ્રકારના અધ્યવસાય પૂર્વે કહ્યા છે એ છોડાવ્યા છે. આહા..હા..! છેને?

**'एवम्'** **'પૂર્વોક્ત રીતે ત્યાગવાયોગ્ય કહ્યાં છે...'** **'तत्'** **'તેથી અમે એમ માનીએ છીએ કે...'** મુનિરાજ કહે છે આચાર્ય. આહા..હા..! 'तत्' 'तत्' બે પ્રકારે છે. 'तत् मन्ये' અને 'तत् अमी' છેને 'तत्' શબ્દ બે ઠેકાણે છે. એ બેના અર્થમાં અપેક્ષાફેર છે બેયમાં એટલે. **'તે કારણે અમે માનીએ છીએ...'** આહા..હા..! સંતો, ધર્માત્મા આનંદમાં ઝૂલનારા, અતીન્દ્રિય આનંદના પ્રચુર વેદન કરનારા સંતો, અતીન્દ્રિય પ્રચુર આનંદના અનુભવીઓ.. આહા..હા..! એ એમ કહે છે, જ્યારે ભગવાને પરવસ્તુઓમાં બધા જ પ્રકારના અધ્યવસાયો એકત્વબુદ્ધિના છોડાવ્યા છે તો અમે સંતો એમ માનીએ છીએ અને કહીએ છીએ કે.. આહા..હા..! **'अन्य-आश्रयः व्यवहारः एव निखिलः अपि त्याजितः'** આહા..હા..! **'પર જેનો આશ્રય છે...'** જોયું! આશ્રય શબ્દ અહીં મૂક્યો છે ચોખ્ખો. ફૂલચંદજીએ આ શબ્દ મૂક્યો છે. .. એના સંબંધ .. પછી વ્યવહારનો આશ્રય ... એમાં ટીકા કરી. વ્યવહારનો આશ્રય કહો કે વ્યવહારનો સંબંધ કહો કે વ્યવહારનું આલંબન કહો. ભાઈ! આહા..હા..! જે રાગાદિ વિકલ્પ છે વ્યવહારનો—દયા, દાન, વ્રત, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ રાગ... આહા..હા..! એ પણ પરાશ્રિત વ્યવહાર છે. આહા..હા..! એ પરિણામમાં પરનું આલંબન છે, એ

પરિણામમાં પરનો સંબંધ છે. આહા..હા..! સ્વનો સંબંધ નથી ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! જિનરાજ વીતરાગના માર્ગ બાપા! મૂળ માર્ગમાં પહેલી શરૂઆત થવી એ મહા અલૌકિક વસ્તુ છે. એ કહે છે.

**'તેથી અમે એમ માનીએ છીએ કે...'** અમે કેમ માનીએ અમે કે અમે એટલે બધા સંતો, મુનિઓ, ધર્માત્મા એમ માનીએ (છીએ) એમ. એકને 'અમે' લાગુ ન પડે. સમજાણું કાંઈ? અમે મુનિઓ, ધર્માત્મા પ્રચુર આનંદના વેદન કરનારા એમ, ભગવાને જ્યારે પરની એકત્વબુદ્ધિ છોડાવી ત્યારે અમે એમ માનીએ છીએ કે... આહા..હા..! **'अन्य-आश्रयः व्यवहारः एव निखिलः'** જોયું! પાછું ત્યાં પણ નિખિલ. ઓલામાં સર્વત્ર, ઓલામાં અખિલં, અહીં **'अन्य-आश्रयः व्यवहारः एव निखिलः'** આહા..હા..! સંતો, આત્માના આરાધકો, કેવળીના કેડાયતો, કેવળીના પુત્રો. આહા..હા..! સમજાણું કાંઈ? મુનિપણું કોને કહે બાપુ! લોકોએ સાંભળ્યું નથી. સમજાણું કાંઈ? મુનિપણું એટલે તો પરમેશ્વરપદ છે અંદર. આહા..હા..! જેને વીતરાગી દશા—ત્રણ કષાયના અભાવરૂપી વીતરાગી દશા––અને પ્રચુર, ઉગ્ર, અતીન્દ્રિય આનંદનું વેદન વર્તે છે એ સંતો એમ કહે છે, ભગવાને જ્યારે તારા સિવાય પરવસ્તુની એકત્વબુદ્ધિ છે નહિ અને તું એકત્વ માન એ છોડાવ્યું છે એણે. આહા..હા..! સમજાણું કાંઈ? આ મારા દીકરા અને આ મારો બાપ અને આ મારી દીકરી અને આ મારી વહુ. તદ્દન મિથ્યાત્વભાવ છે કહે છે. આહા..હા..!

તારા સિવાય પરપદાર્થમાં 'એ મારા' એવો જે તારો અધ્યવસાય મિથ્યાત્વ છે. તો ભગવાને પરના આશ્રયનો ભાવ અધ્યવસાયનો છોડાવ્યો, તો અમે તો એમ માનીએ કે જેટલો પરનો આશ્રય બીજો હોય, દયા, દાન, વ્રતના પરિણામ બધા પરના આશ્રયવાળા છે કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! મારગડા તો એના, ભાઈ! એ ચોર્યાસી લાખમાં દુઃખી થઈને રખડે છે. ભાન નથી મૂઢ છે. જરીક શરીર ઠીક હોય જુવાન. પાંચ પચ્ચીસ લાખ પૈસા હોય, બાયડી ઠીક હોય એમ માને કે આપણે કાંઈક ઠીક છે. મૂરખ છે મોટો પાગલ છે. આહા..હા..! મોહિત છે, ઘેલો છે. આહા..હા..! કહો, અરૂણભાઈ! શું આ બધા તમારા પૈસાવાળા બધા સુખી છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

પ્રભુ! શરીર આ કાંઈક મળ્યું ધૂળ માટી આ તો, ત્યાં એને એમ થઈ જાય કે આ મારું છે. અરે..! મહાપ્રભુ! એ પરવસ્તુ ધૂળ છે જગતની. મારું શરીર સારું, મારું શરીર પાતળું, મારું શરીર જાડું, મારું શરીર એવું ને એવું કર્યા કરે, બોલ્યા કરે. આહા..હા..! મારી બાયડી સારી, મારી બાયડી કહ્યાગરી, બીજા કરતાં મારું ઘર બીજી જાતનું છે. અરે..! તારી મૂર્ખાઈ તો જો હવે. આહા..હા..! મૂર્ખાઈની જાહેરાત કરે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! પરમાત્મા એમ ફરમાવે છે કે જ્યારે પરની એકતાપણે મારાપણાની બુદ્ધિ છોડ, એ અધ્યવસાય મિથ્યાત્વ છે. મુનિરાજ એમ કહે છે અમને તો એમ લાગ્યું હવે કે જેમ પરપદાર્થની એકત્વબુદ્ધિ છોડાવી, એમ પરને આશ્રયે જેટલા રાગ વ્યવહાર થાય તેને ભગવાને છોડાવ્યો છે. આહા..હા..! ઓલામાં તો એકત્વબુદ્ધિનું હતું. હવે અહીં દયા, દાન, વ્રત, તપના ભાવ પરને આશ્રયે થાય છેને એ? સ્વને આશ્રયે વિકલ્પ નથી, એ તો પરને આશ્રયે (થાય છે).

આહા..હા..!

દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, શાસ્ત્રના ભણવાનો રાગ. આહા..હા..! પંચમહાવ્રતના પરિણામનો રાગ, મુનિરાજો એમ કહે છે, ભગવાને જ્યારે સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્યની એકતાબુદ્ધિને અધ્યવસાય કહીને મિથ્યાત્વ કહીને છોડાવ્યું છે, (તો) અમે મુનિઓ એમ માનીએ છીએ, પ્રભુ! એ પરદ્રવ્યનો જેટલો આશ્રય છે તે બધો છોડાવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરની એકતાબુદ્ધિનો અધ્યવસાય જ્યારે ભગવાને છોડાવ્યો, ત્રણ લોકના નાથ કેવળી પરમાત્માએ ત્યારે તો અમે એમ માનીએ છીએ, ભગવાને પરના આશ્રયવાળો વ્યવહાર જ છોડાવ્યો છે. આહા..હા..! કહો, હવે આ બધા વાંધા અત્યારે. વ્યવહાર અમે કરીએ છીએ આ બધો દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, શ્રાવકના આચરણો, મુનિના આચરણ; પણ એ તારા આચરણ સમ્યગ્દર્શન વિનાના એ બધા ખોટા છે. એને વ્યવહાર પણ કહેતા નથી. અહીં તો સમ્યગ્દૃષ્ટિને જે વ્યવહાર છે એ સમ્યગ્દૃષ્ટિને ત્યાજ્ય છે. મિથ્યાદૃષ્ટિને વ્યવહાર હોતો જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તેથી તે કારણથી એટલે કે મિથ્યાત્વનો ત્યાગ કરાવ્યો છે અને તે કારણથી '**અમે એમ માનીએ છીએ કે પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે.**' સમકિતીને. આહા..હા..! ઝીણો વિષય, બાપુ! ગાથા એવી આવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! અનાદિથી ચાર ગતિ એ કીડા, કાગડા, કૂતરાના ભવ કરી મરી ગયો છે. આહા..હા..! ભવ અનંતા કર્યા પણ એનું એને ભાન ક્યાં છે? વર્તમાનમાં દેખીને, બસ થઈ રહ્યું. કહો, પોપટભાઈ! બહારનું કાંઈક ઠીક હોય પાંચ, પચાસ હજાર, લાખ, બે લાખ પેદા થતા હોય. અમે ઠીકમાં છીએ, અમે સુખમાં છીએ. આહા..હા..!

અહીં કહે છે કે પ્રભુ! તું કોને લઈને સુખમાં છો એમ માન્યું તેં? કે આ પર અનુકૂળતા પણ. એ ચીજ તો પર છે. આહા..હા..! 'એને લઈને હું સુખી છું' એ તો એકતાબુદ્ધિ મહામિથ્યાત્વ છે. એને તો પ્રભુએ છોડાવ્યો છે, પણ હું તો એમ, મુનિઓ તો એમ માને છે એનાથી કે જેટલો અમને પણ સમકિતીને, મુનિઓને પરાશ્રયનો જેટલો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ આવે વિકલ્પ, પંચમહાવ્રતનો વિકલ્પ આવે એમાં કાંઈ પરની એકતાબુદ્ધિ નથી, પણ પરને આશ્રયે થયેલો વિકલ્પ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું એટલે માણસને... આહા..હા..!

ભાઈ! તારા સુખને પંથે કેમ જાવું એની વાત છે. દુઃખને પંથે પ્રભુ! તું દોરાઈ ગયો છો. આહા..હા..! અનાદિથી દુઃખને પંથે દોરાઈ ગયો છો. આ આંધળો થઈને દુઃખમાં કૂદકા માર્યા તેં. આહા..હા..! હવે અહીંયાં કહે છે કે સુખને પંથે તારે આવવું હોય... આહા..હા..! અતીન્દ્રિય આત્માનું સુખ છે પ્રભુ આત્માનું. આહા..હા..! આ વિષયના સુખો તો ઝેરીલા કાળાકેરના, કાળા નાગના ઝેર પીવે છે એ તો. આહા..હા..! ભગવાન અમૃતનો સાગર આનંદનો નાથ પ્રભુ! આહા..હા..! એમાં જવા માટે એકવાર તો કહે છે પરને આશ્રયે થયેલો રાગ, વ્યવહાર ભગવાને છોડાવ્યો છે તો છોડને હવે. આહા..હા..! આ બધા વાંધા હવે.

અહીં તો દૃષ્ટિમાંથી છોડાવ્યો છે. અસ્થિરતા હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ત્યારે તો કોઈ

એમ કહે કે એ તો વ્યવહાર સર્વથા છૂટી જાય ત્યારે નિશ્ચય ઉપયોગ થાય ત્યારે. નીચે? આ તો નીચેની વાત કહે છે. મુનિઓ કહે છે કે સમકિતીને જ્યારે ભગવાને આ પરની એકતાબુદ્ધિ છોડાવી, એમ માને છે સંતો તો. આહા..હા..! પરનો આશ્રય પંચમ આરામાં પણ જેટલો છે તેને ભગવાને છોડાવ્યો છે એમ અમે કહીએ છીએ. આહા..હા..! આવો માર્ગ છે. આહા..હા..! કહો, શાંતિભાઈ! ઓલા હીરા ને માણેક ને બેઠા હોય લેવા. લહેર કરતા હોય લ્યો, છોકરાઓ બધા ભેગા થઈને. આહા..હા..! એમાંથી 'મને મજા પડે છે' એ તો એકત્વબુદ્ધિ છે. પણ એકત્વબુદ્ધિ વિનાના પરને આશ્રયે જેટલા વિકલ્પ ઊઠે... આહા..હા..! સમજાણું કાંઈ? **'અમે એમ માનીએ છીએ...'** **'मन्ये'** છેને? **'अन्य-आश्रयः व्यवहारः'** જુઓ, વ્યવહારની વ્યાખ્યા અન્ય આશ્રય. નિશ્ચય સ્વ-આશ્રય ત્યારે વ્યવહાર પર-આશ્રય. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ શ્લોક જૈનદર્શનનું માખણ છે. વ્યવહાર અને નિશ્ચયના બે ફડચા. આહા..હા..!

બંધ અધિકાર છેને, એટલે જેમ પરને જીવાડી-મારી શકું એ ભાવ બંધનું કારણ મિથ્યાત્વનું, એમ પરાશ્રયનો ભાવ બંધનું કારણ છે. બંધ અધિકાર છેને. સમજાણું કાંઈ? આહા..હા..! મુનિઓને પણ પંચમહાવ્રતના જે વિકલ્પ આવે એ પરાશ્રયભાવ છે માટે બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! આવી વાતું છે. લોકોને બિચારાને એવું લાગે. આવું સોનગઢે આવું ક્યાંથી કાઢ્યું? સોનગઢે કાઢ્યું છે કે ભગવાન કહે છે આ? આહા..હા..! **'अन्य-आश्रयः व्यवहारः'** એ વ્યવહારની વ્યાખ્યા કરી કે વ્યવહાર કહેવો કોને? કે અન્યનો આશ્રય હોય એને. જે વિકલ્પમાં અન્યનો આશ્રય છે, દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા ને પૂજા કરવી ને ભક્તિ કરવી એ બધો અન્ય આશ્રયનો ભાવ છે. ભગવાન આત્માના આનંદનો આશ્રય એમાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? છોટાભાઈ આવ્યા છે. સાંભળે છે બરાબર. કીધું, છોટાભાઈ આવ્યા છે કે નહિ? આહા..હા..! આવી વાત છે, બાપા! આહા..હા..!

**'પર જેનો આશ્રય છે...'** **'अन्य'**ની વ્યાખ્યા પર કરી. આશ્રય, અવલંબન, સંબંધ. આહા..હા..! અધ્યવસાયના નામ પણ ભાઈ, આવ્યા નહોતા કાલે? બધા પરિણામ કહ્યા, ચિત્ત કહ્યા એમાં શું? પણ તને મૂંઝવણ શું છે બાપા, એમાં? કે નહિ, અધ્યવસાય છે. એકત્વબુદ્ધિ એ બંધનું કારણ છે. પરને જીવાડવા-મારવાના પરિણામ એ બંધનું કારણ નથી. ઈ એમ કહે છે. અરે..! પ્રભુ! સાંભળને ભાઈ! અહીં તો પરાશ્રય આવ્યો એમાં શું આવ્યું? અને અધ્યવસાયના અર્થમાં એ પરિણામ આવ્યા હતા, ચિત્ત આવ્યું હતું, ભાવ આવ્યો હતો, વિજ્ઞપ્તિ આવી હતી. આહા..હા..! ભાઈ! તું એમ છોડી દે, તારા પકડેલા આગ્રહ ન કર. ભગવાન કહેવા માગે છે તે અભિપ્રાય પકડ. સમજાણું કાંઈ? તારા અભિપ્રાયથી શાસ્ત્રના અર્થ તું કર એમ ન હોય. આહા..હા..! ભગવાને જે અભિપ્રાયે કહી વાત છે તે અભિપ્રાયે તું સમજ અને પકડ. સમજાણું કાંઈ? આહા..હા..!

બીજી રીતે કહીએ તો વીતરાગનો માર્ગ છે એ વીતરાગભાવથી છે. એમાં સરાગભાવ છે એ પરાશ્રય છે, તે માર્ગ વીતરાગનો નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે ભગવાન આત્મા

વીતરાગમૂર્તિ પ્રભુ અંદર બિરાજે છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદનું ચોસલું, અતીન્દ્રિય આનંદની શીલા. જેમ બરફની શીલા છેને પંદર-પંદર મણની આ મુંબઈમાં બહુ નીકળે ખટારામાં. પંદર-પંદર, વીસ-વીસ મણની બરફની શીલાઓ. એમ ભગવાન અંદર આત્મા, ભાઈ! તને ખબર નથી. અનંત શાંતિ અને આનંદની શીલા અંદર છે ઈ. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! તને કાંઈ સાંભળ્યું નથી ને નાથ! તારી મોટપની તને પ્રભુ ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

જેમાં અનંત એક એક ગુણ અનંત પરમપારિણામિક સ્વભાવભાવે ભર્યા છે. આહા..હા..! કોઠીમાં જે અનાજ હોય શું કહેવાય નીચે કાણું? કાણું કહેવાય? શું કહેવાય એ? નીકળે. એ ભર્યું હોય એમાંથી નીકળે, એમ ભગવાન આત્મા અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતાથી આત્મા કોઠીમાં ભર્યો છે અંદર એ પર્યાયના કાણા દ્વારા બહાર નીકળે છે. આહા..હા..! અરે..! ભાઈ! તેં આત્મા શું ચીજ છે? એ ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વર શું કહે છે? અન્યમાં આ વીતરાગ સિવાય આ વાત બીજે ક્યાંય છે નહિ. ત્રણલોકના નાથ સર્વજ્ઞ જિનેન્દ્ર કોને કહેવા? બાપુ! આહા..હા..!

વીતરાગભાવની શ્રદ્ધા, વીતરાગભાવની જેને શ્રદ્ધા થઈ હોય એ વીતરાગભાવની શ્રદ્ધા કરે અરિહંતની, પણ રાગની શ્રદ્ધાવાળો વીતરાગની શ્રદ્ધા નહિ કરી શકે. આહા..હા..! સમજાણું કાંઈ? બીજી રીતે કહીએ તો વ્યવહારના વિકલ્પ છે એની જેને શ્રદ્ધા છે કે આ મને લાભ કરશે, એ વીતરાગભાવની શ્રદ્ધા નહિ કરી શકે અને વીતરાગને નહિ શ્રદ્ધી શકે. આહા..હા..! દેવ વીતરાગ, ગુરુ વીતરાગ, શાસ્ત્ર વીતરાગપણું બતાવે. આહા..હા..! અને ન્યાયથી વીતરાગતા પ્રાપ્ત કેમ થાય તે ન્યાયથી વાત કરે પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. દુનિયાથી જુદી છે બાપા! ખબર છે હોં. ભલે એ કહે ગમે તે રીતે પણ વાત તો જુદી તો છે. આહા..હા..! ચાલતા પ્રવાહથી બીજી લાગે એટલે (એમ કહે), ભ્રષ્ટ થઈ જશે માણસો. અરે! પ્રભુ પણ સાંભળને, ભાઈ! વ્યવહારનો આશ્રય છોડશે તે નિશ્ચયમાં જાશે. આહા..હા..! તે આનંદમાં જાશે. વ્યવહારનો આશ્રય દુઃખનો છે, એનો આશ્રય છોડશે તે આનંદમાં જાશે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..!

'**सर्वत्राध्यवसानमेवमखिलं**' આહા..હા..! '**त्याज्यं**' પર જેનો આશ્રય છે. પર જેનો આશ્રય ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર કે મંદિર, સમ્મેદશિખર ને શેત્રુંજય ને ગિરનાર એ બધું પર છે. આહા..હા..! આ મંદિર બધું આવડું મોટું લ્યો! કરોડોના મંદિરો હોય છે. જ્યારે ભગવાનના વખતમાં તો પર્વતમાં ત્રણકાળની ચોવીસીના સોનાના મંદિર બનાવ્યા હતા ભરતે. ક્યું? મેરુ? કૈલાસ-કૈલાસ. કૈલાસ પર્વત ઉપર લ્યો! ત્રણકાળના ચોવીસીના સોનાના મંદિરો. હવે ત્યાં સોનું અને રત્નની શું કિંમત છે? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! જેમ તમારે અહીં પથરા રૂપિયા એમ ત્યાં સોના, રત્ન, મણિરત્ન અને એથી પણ ગણતરીમાં ઓછી. એવા ઢગલા પડ્યા હોયને. આહા..હા..! એને બનાવ્યા. પણ એ બધો પરાશ્રિતભાવ એ બધો શુભ છે. આવે, જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી સ્વાશ્રયના આનંદમાં પણ હોય અને પરાશ્રયનો આવો ભક્તિ આદિનો રાગ હોય, પણ હેયબુદ્ધિએ હોય. સમજાણું કાંઈ? આવી વાત છે. અરેરે..! એને ક્યાં જાવું? ભગવાન મહાનિધાન પડી છે.

આહા..હા..! મોટી વસ્તુ છે.

રાતે કહ્યું નહોતું? એક એક શક્તિ પરમપારિણામિકભાવે પડી છે. આહા..હા..! એ શું? એટલે શું? આત્મામાં એક એક શક્તિ જીવતર, ચિતિ, દર્શિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ આ કર્તા, કર્મ, કરણ, અકાર્યકારણ પરમપારિણામિકભાવ એટલે સહજભાવ જેને કોઈ કર્મની અપેક્ષા ભાવની અને અભાવની નથી. આહા..હા..! શું કીધું વળી? જે શક્તિને કર્મનો અભાવ થાય તો થાય અને એને નિમિત્ત કર્મનું હોય તો થાય છે એમ છે જ નહિ. વિકાર થાય એમાં કર્મનું નિમિત્ત છે, અવિકાર થાય પર્યાયમાં તેને કર્મનું અનિમિત્ત છે. એ તો પર્યાયને વિકાર અને અવિકારની દશામાં. વસ્તુ જે ભગવાન આત્મા.. આહા..હા..! ચૈતન્ય-હીરલો કલ્પવૃક્ષ સમાન પ્રભુ અંદર આહા..હા..! જેનો એક એક ગુણ પરમસ્વભાવભાવથી, પરિણામિકભાવથી પડેલો પ્રભુ. પરિણામિક શબ્દ પણ સાંભળ્યા ન હોય. આ દયા પાળવી, વ્રત કરવા, ઈચ્છામી પડિકમણું કરવું. આહા..હા..! અરે..! પ્રભુ! મરી ગયો છો ભાઈ તું. અનંતકાળમાં ક્ષણે ક્ષણે તારા ભાવમરણો થાય છે નાથ. આહા..હા..! એવા પરમસ્વભાવભાવ એનો આશ્રય કરવા જા અને આ વ્યવહારનો આશ્રય છોડ એમ કહે છે. સમજાણું કાંઈ? આ કરવા જેવું છે એમ હા તો પાડ, શ્રદ્ધા તો કર. અને ઝઘડા ઉઠાવે બાપુ બીજા ભાઈ! આહા..હા..!

**‘પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ...’** છેને? ‘एव’ છેને ‘एव’. **‘अन्य-आश्रयः व्यवहारः एव’** શબ્દ પડ્યો છેને અંદર. આહા..હા..! **‘પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે.’** આહા..હા..! **‘તો પછી,...’** પહેલું આવ્યું હતું **‘तत्’**. તેથી અમે માનીએ (છીએ) એમ આવ્યું હતું. હવે અહીં એ આવ્યું. **‘तत्’** તેથી જેણે મિથ્યાત્વભાવ છોડ્યો છે. આહા..હા..! જેણે પરાશ્રયનો ભાવ... આહા..હા..! દૃષ્ટિમાંથી છોડ્યો છે. **‘એવા સત્પુરુષો.’** **‘सन्तः’** છેને **‘सन्तः’**? એ સત્પુરુષો. ત્રિકાળી પરમ સત્ શક્તિનો ભંડાર જેણે સ્વીકાર્યો છે એવો સત્પુરુષ. સમજાણું કાંઈ? સત્ સજ્જન છે એ આત્મા. ક્યારે? કે પૂર્ણાનંદના નાથને જ્યારે સ્વીકાર્યો અને વ્યવહાર છોડ્યો એ સજ્જન છે, સત્જન છે. ‘જ’ છેને? સજ્જન જમાં ડબલ છે જ. સજ્જન. જ ડબલ છે. એક જનો થાય છે ત. સત્જન—સત્પુરુષ. સમજાણું કાંઈ? આહા..હા..! ઓલા ભાઈ કહેતા કે તમારા દરેક શબ્દમાં ફેર અર્થ છે. ચંદુભાઈ ગોંડલવાળા. કેળવણી અધિકારી એમ કહેતા હતા. અમારા ચોપડામાં નાખવા છે. શબ્દકોષ કરવા. નાખ્યા છે. અહીંના બધા ઘણાં બોલ નાખ્યા. ત્યાં કાયમ સાંભળવા આવતા ગોંડલમાં. દરબારને જઈને વાત કરતા કે મહારાજ આમ એક કહે છે. હેં! આપણા ચોપડામાં નાખો બધું. છપાવ્યું છે. એના ચોપડા છેને મોટા આવડા આવડા. ભગવત્કોષ એમાં નાખ્યા છે. વાતે વાતે ફેર પ્રભુ છે બહુ છે હોં. અહીં સત્પુરુષ એટલે સજ્જન તું છો. આહા..હા..! જેણે પૂર્ણાનંદના નાથના સર્વશક્તિવાન ને પરમ સ્વભાવવાળો પ્રભુ, એક તો ઉત્કૃષ્ટ સ્વભાવવાળો અને એક તો પરિણામિક સહજસ્વભાવવાળો. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જે ભગવાન આત્મા(નો) જેણે આશ્રય લીધો એને અહીંયાં સજ્જન અને સત્પુરુષ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ઓલામાં આવે છેને, ‘સુખીયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા રે.’ આ જગતમાં એક સંત

સુખીયા એટલે કે જેણે પરમ આનંદનો નાથ પરમસ્વભાવભાવથી ભરેલી શક્તિઓનો અનંત ભંડાર એનો જેણે આશ્રય લીધો એ સુખી જીવ છે. 'એક સુખીયા જગતમાં સંત,...' અહીં સત્પુરુષની વ્યાખ્યા ચાલે છે. સત્‌ની વ્યાખ્યા ચાલે છે આ. 'દુરિજન દુઃખીયા રે.' જેણે પરને પોતાનું માન્યું અને પરનો આશ્રય એવો રાગ એનાથી જેણે લાભ માન્યો એ સજ્જન નહિ પણ એ દુર્જન છે. પોપટભાઈ! આવી વ્યાખ્યા છે. આહા..હા..! શાંતિભાઈ! ત્યાં મુંબઈમાં મળે એવું નથી ત્યાં. આહા..હા..! આ તો વીતરાગના ઘરની વાતું છે, પ્રભુ! આહા..હા..!

**શ્રોતા :-** સુખી થવાની વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, સુખી થવાની વાત છે, બાપુ! ત્યારે સુખી નથી તમે આ બધા? એ તો કહે છેને અહીંયાં. આહા..હા..! એ 'સુખીયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા.' ભગવાન અનાકુળ આનંદનો નાથ પરમસ્વભાવભાવથી અનંત શક્તિથી ભરેલો ભગવાન એનો જેણે આશ્રય લીધો એવા સમકિતી જગતમાં સુખી છે અને દુરિજન દુઃખીયા. પરની એકત્વબુદ્ધિવાળાને પરના આશ્રયથી થયેલા વિકારી ભાવ એમાં રોકાણા, પડ્યા એ બધા દુરિજન દુઃખીયા છે. આહા..હા..! એકવાર તો હલી જાય એવું છે અંદરથી. પણ હવે નનુર થઈ ગયોને અનાદિનો. આહા..હા..!

ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ. આવ્યુંને? '**जिनैः**' '**जिनैः**' પરમેશ્વર એમ કહે છે, કેવળજ્ઞાની ભગવાન એમ કહે છે. આહા..હા..! ભાઈ! તું જેને દેવ કહેવા માગે છો, મારા દેવ અરિહંત, એ અરિહંત સર્વજ્ઞો આમ કહેવા માગે છે. આહા..હા..! એને દેવ શું કહે છે એની શ્રદ્ધા નથી તો દેવની શ્રદ્ધા નથી. ગુરુ કહે છે કે અમે પરાશ્રયભાવ છોડાવા માગીએ છીએ, ભગવાને છોડ્યો માટે છોડાવીએ છીએ. તો એને ગુરુની પણ ખબર નથી. શાસ્ત્ર પણ પરભાવને છોડાવે છે અને સ્વનો આશ્રય કરાવે છે તો એ આશ્રયની એને ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**આ સત્પુરુષો...**' '**एकम्**'. ભાષા જુઓ! '**एकम् निश्चयम् एव निष्कम्पम् आक्रम्य**' તો એક સ્વરૂપ ત્રિકાળી ભગવાન એક. અનેક નહિ. આહા..હા..! પરથી નિરપેક્ષ એક ભગવાન આત્મા.. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં ઘણા શબ્દો પડ્યા છે આમાં. એક એટલે પરથી નિરપેક્ષ એવો ભગવાન એક સ્વરૂપે પૂર્ણાનંદનો નાથ તે. '**સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપપણે...**' એવી ભગવાન ચીજ એકરૂપે પરમાત્મા છે, વ્યવહારનો પણ જેમાં ભાવ નથી આહા..હા..! એવો એક સમ્યક્ નિશ્ચયને, સત્યરૂપી નિશ્ચયને જ. ઓલામાં પણ 'જ' આવ્યો હતો વ્યવહાર. છોડાવામાં વ્યવહાર 'જ' છોડાવામાં આવ્યો હતો. હવે ઠરવામાં પણ એકમાં 'જ' ઠર એમ આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**એક સમ્યક્ નિશ્ચયને જ નિષ્કંપપણે...**' રાગાદિના કંપમાં ન જોતા. આહા..હા..! વ્યવહાર છે એ કંપન્ન અને અસ્થિરતા છે. આહા..હા..! એમાં ન જતાં નિષ્કંપપણે આ બાજુમાં ઠર હવે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ એ વિસામાનું વાક્ય છે. સમજાય તો વિસામો મળે એવું છે બાપા! બાકી ક્યાંય ધૂળમાંય નથી ત્યાં. આહા..હા..! વ્યવહારમાં કાંઈ નથી તો પછી પરમાં તો ક્યાં આવ્યું? ભગવાને કહેલો વ્યવહાર પરાશ્રિતભાવ. આવે છેને બંધ અધિકાર આવશે આગળ. ભગવાને

કરેલો વ્યવહાર અભવિ કરે છે, પણ તેને આત્માનો લાભ છે નહિ. વ્યવહારથી આત્માનો લાભ થાય? એમ કહે છે. આહા..હા..! આ લોકોને નડે છે. એમ કે આ વ્યવહાર કરીએ, પંચમહાવ્રત પાળીએ, બાર વ્રત પાળીએ આ બધું.. અરે..! ભગવાન! બાપુ! એને વ્યવહાર ન કહેવાય ભાઈ! તને ખબર નથી. અહીં તો જેને આત્માનો આશ્રય થઈને અનુભવ થયો છે નિશ્ચયનો, એને જે વિકલ્પ આવે વ્યવહાર એ સમકિતી તેને છોડે છે. એ હેયબુદ્ધિએ (આવે છે) એમ છે. ઓલાને હેયબુદ્ધિ અને ઉપાદેયબુદ્ધિ છે જ ક્યાં કાંઈ? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

વીતરાગની સભામાં જ્યારે વીતરાગની વાણી નીકળતી હશે. આહા..હા..! મીંદડા અને ઉંદર જોડે બેઠા હોય તો એકબીજાની સામું જોવે નહિ. ... વીતરાગતાનું વર્ણન કરે છેને પ્રભુ. આહા..હા..! આત્માના આનંદનું અમૃતનું વર્ણન છે એ વીતરાગનું એટલે. આહા..હા..! સમજાણું કાંઈ? સિંહ અને જોડે હરણ બેઠા હોય જોડે, એકબીજાને કોઈ ત્રાસ ભય છે નહિ. આહા..હા..! ઉંદર ને મીંદડી, વાઘ અને સામે બેઠું હોય બકરું કે કૂતરું. ત્રણલોકના નાથની વાણી જગતના ઉદ્ધારની એ આ વાણી ઈ છે. ભગવાનના શ્રીમુખે નીકળેલું આ તત્ત્વ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**આ સત્પુરુષો એક...**' જોયું! બે નહિ હવે બીજો. ઓલો વ્યવહાર છે એ નહિ, એનાથી જુદો એક પ્રભુ આત્મા. આહા..હા..! આવું આકરું લાગે શું થાય, ભાઈ! માર્ગ આ છે, બાપુ! તારા હિતનો માર્ગ છેને, પ્રભુ! તને અહિતના માર્ગથી છોડાવે (અને) તને દુઃખ લાગે! આહા..હા..! '**એક સમ્યક્ નિશ્ચય...**' એટલે? ધારણામાં રાખ્યું કે આ આત્મા એમ નહિ. અંદર એક જે વસ્તુ નિર્વિકલ્પ પદાર્થ... આહા..હા..! નિર્વિકલ્પ ભગવાન આત્મા અભેદ સ્વરૂપ એકને સત્ય '**નિશ્ચયને જ નિષ્કંપપણે...**' નિષ્કંપ નામ તે બાજુ ઠરીને રાગના કંપને છોડીને, ઉપાધિને છોડીને આહા..હા..! નિરૂપાધિમાં સ્થિર થા. આહા..હા..! સમજાણું કાંઈ?

એક સત્ય નિશ્ચયને જ એમ પાછું. મૂળ તો ત્રિકાળી લેવું છેને એટલે. એટલે ગુણ-પર્યાય છે નિશ્ચય એ અહીં નથી લેવું. તેથી એક સમ્યક્ નિશ્ચય એટલે ત્રિકાળી વસ્તુ. '**એક સમ્યક્ નિશ્ચયને જ...**' સ્વસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ નાથ એને નિષ્કંપપણે રાગની ધ્રુજારાથી છૂટીને. આહા..હા..! વ્યવહારનો વિકલ્પ એ ધ્રુજારો છે કહે છે. આહા..હા..! બંધનું કારણ છે. આહા..હા..! એનાથી છૂટીને, ઉપાધિથી ખસીને. હવે એને ઉપાધિ કહે અને આ કહે કે લાભદાયક કહેવો. આમાં ફેર કેટલો ભાઈ! આહા..હા..! ભગવાનના વિરહ પડ્યા, કેવળીઓ રહ્યા નહિ, તેમ કેવળી ભલે ન રહ્યા પણ કેવળજ્ઞાન થવાને લાયક રહ્યા નહિ. આહા..હા..! અને આ બધા ઝઘડા ઊભા કર્યા. ભાઈ! આ ઝઘડા ટાળવાનો માર્ગ પ્રભુ, એ ઝઘડો ન હોય ત્યાં. આહા..હા..! પ્રભુ! તારા હિતની વાતું છે, ભાઈ! વ્યવહાર પરાશ્રય છે એ દુઃખરૂપ છે. આહા..હા..! છે? આહા..હા..!

ઓલામાં તો એમ જ કહ્યું છેને, વ્યવહાર એટલા મિથ્યાત્વભાવ અને મિથ્યાત્વભાવ એટલે વ્યવહાર, એમ કીધું છે આના અર્થમાં. બનારસીદાસ આહા..હા..! સમયસાર નાટક. જેટલા વ્યવહાર એટલા મિથ્યાત્વ છે અને મિથ્યાત્વ છે એટલા વ્યવહાર. આહા..હા..! ગજબ કર્યું છેને. કેમકે વ્યવહાર

છે એ મારો છે એટલા મિથ્યાત્વ છે. આહા..હા..! જેટલા વ્યવહારના વિકલ્પ ઊઠે એટલા મિથ્યાત્વના ભાવ છે. કેમ? કે એ વિકલ્પ મને લાભ કરશે, એટલે જેટલા વ્યવહારના વિકલ્પ એટલા મિથ્યાત્વભાવ છે. આહા..હા..! એ તો વળી એમાં કહ્યું છે હોં! સમજાણું? આહા..હા..! છેને એ બનારસીદાસમાં. **'સમ્યગ્દષ્ટિ જીવ આત્મસ્વરૂપમાં સ્થિર થાય છે.'** એ આ કળશનો અર્થ છે.

**અસંખ્યાત લોક પરવાંન જે મિથ્યાત ભાવ,**
**તેઈ વ્યવહાર ભાવ કેવલી-ઉકત હૈ.**

સર્વજ્ઞદેવ પરમેશ્વર જિનરાજ જેટલા વ્યવહાર તેટલા મિથ્યાત્વ કહે છે. આહા..હા..! કેમકે એ વ્યવહાર છે એ મારો માન્યો છે અને લાભદાયક (માન્યો છે) એટલા મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**અસંખ્યાત લોક પરવાંન જે મિથ્યાત ભાવ,**
**તેઈ વ્યવહાર ભાવ કેવલી-ઉકત હૈ.**
**જિન્હકૌ મિથ્યાત ગયૌ સમ્યક્ દરસ ભયૌ,**
**તે નિયત-લીન વિવહારસૌં મુક્ત હૈ.**

નિયત-લીન—પોતામાં લીન. સમકિતી વ્યવહારથી મુક્ત છે. આહા..હા..! હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'નિરવિકલપ નિરૂપાધિ આતમ સમાધિ,'** આ નિરૂપાધિ નિષ્કંપનું કર્યું છે. નિષ્કંપ છેને? ઓલું એકનું કર્યું છે. એક વસ્તુ નિર્વિકલ્પ નિરૂપાધિ. **'આતમ સમાધિ, સાધિ જે સુગુન મોખપંથકો ઢુકત હૈ.'** તે સુગુનરૂપ ભગવાનનો માર્ગ **'મોખપંથકો ઢુકત હૈ.'** અંદરમાં જાય છે. આહા..હા..! **'તેઈ જીવ પરમ દસામૈં થિરરૂપ...'** **'आक्रम्य'** છેને? **'ધરમમૈં ધુકે ન કરમસૌં રુકત હૈં.'** વ્યવહારના વિકલ્પમાં એ રોકાતો નથી. આહા..હા..! હોય છે એને જાણે છે. સમજાણું કાંઈ? આવી વાત છે, પણ હવે એમાં શું કરીએ કહો. જિને કહ્યું, કેવળી આમ કહે છે એમ તો આચાર્ય ભગવાનને નાખીને વાત કરે છે. ભાઈ! અમે જ કહીએ છીએ. અનંત કેવળી પરમાત્માઓ ભરતમાં, ઐરવતમાં, મહાવિદેહમાં જેટલા તીર્થંકરો કેવળીઓ થાય એ બધા આમ કહે છે. આહા..હા..! વ્યવહારના જેટલા વિકલ્પો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ, અપવાસાદિના એ વિકલ્પો બધા છે એ તો રાગ છે. આહા..હા..! એ વ્યવહારને ભગવાને છોડાવ્યો છે. કારણ કે એમાં આત્માના સ્વરૂપમાંથી કંપ થાય છે, કંપવા છે એ તો બધો. આહા..હા..! ઉપાધિ થાય છે. આહા..હા..!

નિરૂપાધિ ભગવાન નિર્વિકલ્પ વસ્તુ. જોયું! **'ધરમમૈં ધુકે ન કરમસૌં રુકત હૈં.'** આહા..હા..! કર્મ શબ્દે એ રાગમાં રોકાતો નથી, હવે અંદર ઠરે છે. આહા..હા..! અહીં તો એ કહ્યું, મિથ્યાત્વભાવ અને વ્યવહારભાવ એક છે એમ કહ્યું. આકરું લાગે લોકોને. વ્યવહાર છે એ ભલો માને છે એટલા જ મિથ્યાત્વ છે, એટલા વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! **'નિષ્કંપપણે અંગીકાર કરીને...'** શું કહે છે? પ્રભુનું ફરમાન છે કે ધર્મી જીવોએ નિષ્કંપપણે સ્વરૂપને અંગીકાર કરીને અંદર. આહા..હા..! છે? **'शुद्धज्ञानघने निजे महिम्नि'** આહા..હા..! **'શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ...'** શુદ્ધ જ્ઞાનઘન પ્રભુ

આનંદનું દળ છે પ્રભુ અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

કાલે કહ્યું હતું નહિ શક્કરિયાનું? શક્કરકંદ શક્કરિયા. એ છાલ લાલ દેખાય એ સિવાય શક્કરકંદ છે એ તો. એ સાકરની મીઠાશનો પિંડ છે એ શક્કરિયું. એમ આ ભગવાન આત્મા.. આહા..હા..! આ વ્યવહારના વિકલ્પની છાલને છોડી દે. અંદર એકલો અતીન્દ્રિય આનંદનો કંદ છે પ્રભુ. પણ કેમ બેસે? રાંકો થઈને ફરે. આહા..હા..! સિગારેટ બે પીવે ત્યારે ભાઈસાહેબને પાયખાને જંગલ ઉતરે. આવા તો અપલક્ષણ. હવે એને કહેવું કે તું આવો છો. કેમ બેસે? માપ કાઢતા કઈ રીતે માપે ઈ? સમજાણું કાંઈ? આહા..હા..!

‘**શુદ્ધજ્ઞાનઘનસ્વરૂપ નિજ મહિમામાં...**’ પાછી હોં! એ પોતે નિજ મહિમામાં રહે. આહા..હા..! ‘**(આત્મસ્વરૂપમાં)...** ’ ‘**धृतिम्**’ સંતોષ, સ્થિરતા, ધીરજ. આહા..હા..! ‘**કેમ ધરતા નથી?**’ અંતરમાં નિષ્કંપ નિશ્ચયમાં કેમ સ્થિરતા કરતા નથી? આહા..હા..! વ્યવહારનો (લોભ) છોડી દેને આમાં સંતોષ કેમ થાતો નથી? કે વ્યવહારને લઈને થાશે એ તો અસંતોષ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ‘**धृतिम् किं न बन्धनन्ति**’ આહા..હા..! ‘**आक्रम्य**’ ‘**आक्रम्य**’ આવી ગયુંને એ? ‘**निष्कम्पम् आक्रम्य**’. એ ‘**आक्रम्य**’ એટલે અંગીકાર કરીને. આવ્યુંને? ‘**आक्रम्य**’ એટલે ‘**અંગીકાર કરીને...**’ વ્યાપીને. પૂર્ણાનંદના નાથમાં વ્યાપીને, ‘**आक्रम्य**’ કરીને. આહા..હા..! સમજાણું કાંઈ? એક એક શબ્દે કેટલું ભર્યું છે જુઓને. આહા..હા..! ‘**धृतिम्**’ ‘**કેમ ધરતા નથી?**’ સ્થિરતા કેમ ધરતા નથી? જ્યાં નાથ પડ્યો છે ત્યાં કેમ જાતા નથી? કહે છે. આહા..હા..! અને જ્યાં નથી એવા રાગમાં ભટક્યા કરે છે, આ તને શું થયું? એમ કરીને આચાર્ય જરી વર્ણવે છે. વિશેષ ભાવાર્થ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ફાગણ સુદ-૫, બુધવાર, તા. ૨૩-૦૨-૧૯૭૭, કળશ-૧૭૩, ગાથા-૨૭૨ પ્રવચન નં. ૩૨૭

સમયસાર, ૧૭૩ કળશનો ભાવાર્થ છે. ‘**જિનેશ્વરદેવે...**’ ત્યાંથી ઉપાડ્યું છે. સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવ ‘**અન્ય પદાર્થોમાં આત્મબુદ્ધિરૂપ અધ્યવસાન છોડાવ્યાં છે...** ’ આત્મા સિવાય જેટલા પરપદાર્થ છે એ મારા છે એવી આત્મબુદ્ધિ છોડાવી છે. કોઈપણ આત્મા હો કે રજકણ આદિ હો પરમાણુ પુદ્‌ગલ. એ ભગવાને ‘**અન્ય પદાર્થોમાં આત્મબુદ્ધિ...**’ ‘એ હું છું, એ મારા છે’ એવી આત્મબુદ્ધિ ભગવાને છોડાવી છે. કેમકે એ મિથ્યાબુદ્ધિ જૂઠી દુઃખરૂપ બુદ્ધિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ‘**તેથી આ પરાશ્રિત વ્યવહાર જ બધો છોડાવ્યો છે એમ...**’ આચાર્ય મહારાજ કહે છે કે જ્યારે ભગવાને, આ આત્મા સિવાય પરવસ્તુ અનંત, એની આત્મબુદ્ધિ—હું તે છું—એવું

છોડાવ્યું છે કેમકે તે પોતે આત્મા નથી. તો એનાથી અમે એમ કહીએ છીએ કે '**આ પરાશ્રિત વ્યવહાર જ બધો છોડાવ્યો છે.**' આહા..હા..! જેટલો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ કે હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગના ભાવ એ બધા પરાશ્રિત છે, એ સ્વાશ્રય એનો હોઈ શકે નહિ. આહા..હા..! પરાશ્રયભાવને, વ્યવહાર પરાશ્રયભાવ છે એ બધા છોડાવ્યા છે. કેમકે એ ભાવ દુઃખરૂપ છે. એથી તને શાંતિ જોતી હોય, સુખ જોતું હોય તો પરનો આશ્રયભાવ તે છોડવાલાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વાશ્રય અને પરાશ્રય બેની વાત આખી છે. આહા..હા..!

'**એમ જાણવું.**' આવ્યું હતુંને ભાઈ? '**માટે શુદ્ધજ્ઞાનસ્વરૂપ...**' શુદ્ધજ્ઞાનસ્વરૂપ '**પોતાના આત્મામાં સ્થિરતા રાખો...**' આહા..હા..! જે સ્વરૂપે પોતે છે શુદ્ધ જ્ઞાનઘન તેનો આશ્રય લે, તેમાં શ્રદ્ધા કર અને તેમાં સ્થિર થા. એ સુખનો ઉપાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેટલા પરાશ્રયભાવ એકત્વબુદ્ધિના કે પરના લક્ષવાળા બધા ભાવ એમાંથી આત્મબુદ્ધિ છોડાવી છે. કારણ કે ત્યાં આત્મા એમાં નથી. પરમાં આત્મા નથી, તેમ પરાશ્રિત થયેલા વિકારી ભાવો વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ (એમાં પણ આત્મા નથી). સમજાણું કાંઈ?

જેમ આ શરીરમાં આત્મા નથી, શરીર તે આત્મા નથી. શરીરમાં આત્મા નથી આ જડમાં, તેમ પરમાં આત્મા નથી પરદ્રવ્યમાં. બીજાનો આત્મા સ્ત્રી, કુટુંબનો આત્મા લ્યો તો એમાં કાંઈ આ આત્મા નથી. એમાં આત્મબુદ્ધિ કરવી એ તો મિથ્યાત્વભાવ, મહા અજ્ઞાન સંસારના દુઃખની પરિપાટીને મદદ દેવા જેવી છે. આહા..હા..! ત્યારે કહે (છે), શુદ્ધજ્ઞાનઘન આત્મા ભગવાન જ્ઞાનઘન વસ્તુ તેનો આશ્રય લઈને ઠર કે જેથી તને શાંતિ મળે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શુદ્ધજ્ઞાનસ્વરૂપ પોતાના આત્મામાં સ્થિરતા રાખો...** ' આવ્યું હતુંને '**ધૃતિમ્**'? '**એવો શુદ્ધનિશ્ચયના ગ્રહણનો ઉપદેશ આચાર્યદેવે કર્યો છે.**' પોતાનો શુદ્ધજ્ઞાનઘન ભગવાન એ સિવાય પરવસ્તુમાં એકત્વબુદ્ધિ છોડાવી અને પરને આશ્રયે થયેલા ભાવને છોડાવ્યો. હવે એ શુદ્ધ જ્ઞાનઘન ભગવાન આત્મા એનો આશ્રય લઈને જે સમ્યગ્દર્શન થાય, એનો આશ્રય લઈને જે જ્ઞાન થાય, એમાં ઠરીને જે ચારિત્ર થાય તે નિશ્ચયનયથી ગ્રહણ કરવાલાયક છે. આહા..હા..! છેને? '**શુદ્ધનિશ્ચયના ગ્રહણનો ઉપદેશ આચાર્યદેવે કર્યો છે.**' આહા..હા..! આ રીતે ઉપદેશ છે, લ્યો! લોકો એમ કે આ વ્યવહાર છે, વ્રત ને તપ ને ભક્તિ એ વ્યવહાર કરતા-કરતા નિશ્ચય થાય. એ તો અહીં છોડાવ્યો છે. એનાથી થાય નહિ, એ તો બંધના કારણ છે. પરાશ્રિત, પરને આશ્રયે, પરને લક્ષે થયેલા ભાવ. પરમાં એકત્વબુદ્ધિ તો ઠીક એ તો છોડાવી, પણ પરને લક્ષે થતા ભાવ એને છોડાવ્યા છે. હવે જે પરને લક્ષે થતા ભાવ એનાથી સ્વનું લક્ષ-આશ્રય થાય? આ મોટી અત્યારે તકરારો, ઝઘડા. સમજાણું કાંઈ? અરે..! મનુષ્યપણું મળ્યું, માંડ કરવાના સાધન આવ્યા. અવસર બધો આવી ગયો છે. આહા..હા..! સ્વનો આશ્રય કરીને સુખી થવાનો પંથ છે. પરને આશ્રયે જે ભાવ થાય એને છોડાવ્યા છે. કેમ? એ તો આગળ બધી ગાથાઓ મૂકી છેને. જિનવરે કહેલો વ્યવહાર પરાશ્રયવાળો વ્યવહાર અભવિ પણ પરિપૂર્ણ અને અખંડ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જો એ કલ્યાણનું કારણ હોય તો અભવિ

એ પરિપૂર્ણ વીતરાગે કહેલી આજ્ઞાનો વ્યવહાર વ્રત, તપ, સમિતિ, ગુપ્તિમાં સાવધાનપણું અને વ્રત.. પરિપૂર્ણતા અને પંચમહાવ્રતાદિનું પાલન અભવિ પણ કરે છે, તો એનો મોક્ષ થવો જોઈએ. સમજાણું કાંઈ? ભારે આકરું કામ. ત્યાં એમ લે છે કે એ તો અભવિને માટે ત્યાં છે. અહીં ક્યાં અભવિને માટે છે? એ તો અભવિનો તો દૃષ્ટાંત લીધો કે અભવિ પણ આટલું કરે છતાં તે નિશ્ચયમાં વસ્તુ નથી. જ્ઞાનઘન ભગવાન આત્માનો જ્યાં આશ્રય નથી તો એ રખડે છે ચાર ગતિમાં એ અભવિ, એમ ભવિ પણ જે પરના આશ્રયે કલ્યાણ માને એ પણ રખડનારા છે એમ કહે છે. આહા..હા..! આવો અર્થ છે એ સમજે નહિ અને એકાતં તાણે એ કાંઈ ચાલે વીતરાગમાર્ગમાં? પછી કહે, કરો ચર્ચા. શેની ચર્ચા કરે? પ્રભુ!

અહીં કહે છે કે આચાર્યદેવે ઉપદેશ આપ્યો છે. આહા..હા..! **'વળી, જો ભગવાને અધ્યવસાન છોડાવ્યાં છે તો હવે સત્પુરુષો નિશ્ચયને નિષ્કંપપણે અંગીકાર કરી...'** અધ્યવસાય અને પરનો આશ્રય બે ભેગા લઈ લેવાં. ભગવાને જ્યારે અધ્યવસાન છોડાવ્યા અને પરનો આશ્રય છોડાવ્યો તો હવે સ્વનો આશ્રય લેવાનું રહ્યુ બાકી એક. આહા..હા..! **'સત્પુરુષો નિશ્ચયને...'** અંતર આનંદસ્વરૂપ ભગવાનને જ **'નિષ્કંપપણે...'** અસ્થિર થયા વિના, વ્યવહારમાં ગયા વિના, ઉપાધિ વિના **'અંગીકાર કરી સ્વરૂપમાં કેમ નથી ઠરતા—'** આહા..હા..! ભગવાન સચ્ચિદાનંદ આનંદકંદ પ્રભુ...

**શ્રોતા :-** આચાર્યદેવને ખબર છે કે પોતે... હતા પછી ... આશ્ચર્ય શેનું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આશ્ચર્ય છે. આચાર્ય પોતે ભલે નહોતા એ આશ્ચર્ય છે. આવી ચીજ છે અને પરના આશ્રયની વૃત્તિની કલ્પનાનો વ્યવહારભાવ છોડાવ્યો છે તો હવે અંદર એનાથી રહિત ભગવાન આત્મામાં સ્થિર કેમ થતા નથી? પોતે કર્યું છે એથી એમ કહે છે કે હવે તમે કેમ સ્થિર થતા નથી? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રભુ! આનંદનો નાથ છેને. આહા..હા..! અતીન્દ્રિય આનંદની ગાંઠડી પ્રભુ તો છે, એ તો જ્ઞાનનો સાગર છે, શ્રદ્ધામાં શક્તિના પરિપૂર્ણ સ્વભાવથી ભરેલો છે, વીતરાગી ચારિત્રના સામર્થથી પરિપૂર્ણ ભરેલો છે, એક એક ગુણની ઈશ્વરતામાં પરિપૂર્ણ પ્રભુતાના સ્વભાવથી ભરેલો છે. આહા..હા..! એ વસ્તુ નથી રાગમાં, નથી પરમાં એમ કહે છે. આહા..હા..! આવો જે ભગવાન પરિપૂર્ણ આનંદનો નાથ એ ચીજ નથી પરદ્રવ્યમાં, એ ચીજ નથી વ્યવહારરત્નત્રયના રાગમાં. આહા..હા..! સમજાણું કાંઈ? ન્યાયથી જરી સમજવું જોઈએ. ભાઈ! આ કાંઈ વાણિયાનો વેપાર સાધારણ નથી કે લ્યો આ કરી નાખ્યું, આ કરી નાખ્યું. આ તો અંતરનો વેપાર છે. આહા..હા..!

દિશા બદલાવી નાખે છે દશા બદલવા માટે. દિશા જે પર તરફના આશ્રયવાળી તારી જે દશા છે... આહા..હા..! એમાં દુઃખ છે, એ દશામાં દુઃખ છે. તો હવે તેના તરફને ભગવાને છોડાવ્યું છે. આહા..હા..! ભગવાનનો તો આ ઉપદેશ છે કે પર તરફના આશ્રયવાળી દશા... આહા..હા..! છોડાવી છે તો સ્વના આશ્રયની દશા હવે નિષ્કંપપણે કેમ પ્રગટ કરતા નથી? એમ કહે છે.

**શ્રોતા :-** શુદ્ધ આત્માનું લક્ષ કરવાથી નયનો પક્ષ કરો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પક્ષ જ છે. નિશ્ચયનયને આશ્રિત મુનિવરો (પ્રાપ્તિ કરે નિર્વાણની). વિકલ્પનો પક્ષ નથી. વિકલ્પનો પક્ષ જુદો અને 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' ત્યાં

વિકલ્પ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો સ્વનો આશ્રય જ્યાં કીધો ત્યાં વિકલ્પ ક્યાં આવ્યો? ઓલો તો બંધ અને અબંધનો વિકલ્પ છે એ નયના પક્ષને છોડાવી બીજી જાત છે. એ તો હું 'અબદ્ધ છું અને શુદ્ધ છું' એવો વિકલ્પ છે, રાગ છે એ નયનો પક્ષ છે એ પક્ષ છોડાવ્યો છે, એ અપક્ષને અહીં છોડાવ્યો છે. કારણ કે એ વિકલ્પ છે એ પણ પરાશ્રયને કારણે ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! જિનવરના મારગડા જુદાં બહુ. અને અત્યારે જિનવરના નામે પણ ચાલે છે ઊંધુ ઘણું. આહા..હા..! આચાર્યના ઉપદેશ તો જુઓ!

પ્રભુ! તું એક કોર આત્મઘન, આનંદકંદ અને એક કોર અનંત આત્માઓ અને વિકારના પરિણામ. આહા..હા..! એ વિકારના પરિણામ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા... એને તો એમ કહ્યું છેને, શાસ્ત્રનું જ્ઞાન છે એ શબ્દજ્ઞાન છે એમ કહ્યું છે. એ જ્ઞાનનો આશ્રય શબ્દ છે માટે શબ્દજ્ઞાન છે એ તો, એ આત્માનું જ્ઞાન નથી. આહા..હા..! આવે છેને પછી? આહા..હા..! શું શૈલી! જે કાંઈ શબ્દો જે જ્ઞાનમાં નિમિત્ત હતા તો એ તો શબ્દનું જ્ઞાન છે, એ આત્માનું જ્ઞાન નહિ, એનો નિષેધ કર્યો છે અહીં. આહા..હા..! અને નવ તત્ત્વની શ્રદ્ધા, એ શ્રદ્ધાનો વિષય નવ તત્ત્વ છે. તે નવ તત્ત્વ છે એ નિમિત્ત છે શ્રદ્ધામાં તેથી તેનો નિષેધ કર્યો છે. આહા..હા..! એ શ્રદ્ધા નહિ. આહા..હા..! અને છ કાયની દયા એ વ્યવહાર છે. કેમકે વ્યવહારચારિત્રમાં છકાયની દયાનું લક્ષ છે. પંચમહાવ્રતના પરિણામ, સમિતિ, ગુપ્તિના વ્યવહાર પરિણામમાં છકાય જીવનું લક્ષ છે. માટે એ છકાયના જીવ જ વ્યવહારચારિત્ર છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! એ ત્રણેને છોડાવ્યા છે. આહા..હા..! પ્રવિણભાઈ! આવું ઝીણું છે આ. આહા..હા..!

જુઓને, એક આજે સાંભળ્યું. છોકરો ભાઈ સાંભળ્યુંને? જીથ્રીમાં રવિવારે એક છોકરો. ૧૮ વર્ષનો છોકરો કોળીનો. ઓલું કામ કરતા હતા હીરાનું-હીરાનું કારખાનું છે અહીં .. એ તો સુરત જવાનો હશે ત્યાં કારખાનું નાખ્યું. આમ ઊભો હતો અને એમાં નીકળી ઓલી પોલીસની જીપ. એનો મોટો પોલીસનો મોટો આખા ભાવનગરનો (ઉપરી). એ બિચારા આમ કોઈ છોકરા હશે તો આમ કરવા ગયો તો આ છોકરો વચ્ચે આવી ગયો. મરી ગયો, ભુકો. બહુ માર્યા કહે છે. પોલીસનો ઉપરી મોટો આખા ભાવનગરનો. મરી ગયોને. કોળી પછી કાંઈ જાલ્યા રહે? એ વખતે પછી માર્યા. પોલીસનો મોટો ઉપરી આખો એને બહુ માર્યા. પછી તો પોલીસો આવ્યા ગામમાં. બસ નીકળી એને બેસાડી દીધો એમાં. વયા જાવ તમે વયા જાવ. આ સ્થિતિ દશા! આહા..હા..! એ બધા દુઃખના દા'ડા એને છોડવા હોય તો પ્રભુ આ કર હવે કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એનું દૃષ્ટાંત છે, પણ એવી રીતે આ જીવને શરીર છૂટ્યા, અનંતવાર એ રીતે છૂટ્યા છે. આહા..હા..! એકત્વબુદ્ધિમાં દુઃખ છે એને. આહા..હા..! એ અહીંયાં છોડાવ્યું છે. કોઈ પરવસ્તુ છે તેને મારા છે એ એકત્વબુદ્ધિ છોડ, તને સુખ થશે. અને જે પરને આશ્રયે થયેલા દયા, દાન, વ્રત, તપના ભાવ એ પરના આશ્રયે થયેલા ભાવ તે વિકારી, દુઃખરૂપ છે. આહા..હા..! તને દુઃખના ભાવને છોડાવવા માગીએ છીએ, પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ? તારા આત્મપદાર્થ સિવાય બીજા અન્ય પદાર્થોમાં તને જે

હોંશું વર્તે છે એ પ્રભુ તને દુઃખ છે. આહા..હા..! તને ખબર નથી દુઃખ કોને કહેવું અને સુખ કોને કહેવું. આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ અતીન્દ્રિય આનંદનો કંદ દળ એને આ પર તરફના જેટલા હોંશુના વિકલ્પ ઊઠે છે એ બધા દુઃખરૂપ છે. આહા..હા..! એને ભગવાને સુખી થવું હોય તો એને છોડ. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે, વસ્તુ તો છે ઈ છે. આહા..હા..!

ભગવાને છોડાવ્યા છે તો આચાર્યે એ ઉપદેશ કર્યો છે. એમ બે આવ્યુંને? આહા..હા..! પ્રભુ! તું ક્યાં છો? કોણ છો? ભાઈ! તારી મોજૂદગીમાં, હયાતીમાં શું ભર્યું છે? તારી હયાતીમાં પ્રભુ જ્ઞાન અને આનંદ અતીન્દ્રિય ભર્યા છે. આહા..હા..! એને છોડીને જેટલો પરાશ્રિતભાવ તારામાં થાય, એકત્વબુદ્ધિ તો વળી આખી બીજી વાત થઈ ગઈ, પણ પરને આશ્રયે જેટલો વિકલ્પ (ઉઠે તેને પણ છોડાવ્યા છે). એકત્વબુદ્ધિ ભલે ન હો, આહા..હા..! કેવી વાત છેને. જેમ પરપદાર્થ અને પોતાની એકત્વબુદ્ધિ એ દુઃખરૂપ છે, એમ પરાશ્રયે થયેલો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ પણ દુઃખરૂપ છે. આહા..હા..! હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાના પાપભાવ તો દુઃખરૂપ તીવ્ર છે. આહા..હા..! એમાં સુખબુદ્ધિ માની છે એ એકત્વપણું છોડાવ્યું છે. સમજાણું કાંઈ? અને પછી સુખબુદ્ધિ ઊડી જાય છતાં પરિણામ જે રહ્યા પર તરફના આશ્રયના, એ છોડાવ્યા છે. બાપુ! એ દુઃખરૂપ છે. આહા..હા..!

અરેરે..! આવી વાત એને કાને ન પડે એ ક્યાં જાય? શું કરે? જીવન ચાલ્યા જાય છે, દેહ છૂટીને એકવાર બહાર વયો જાશે. આહા..હા..! 'કરી લેને આતમની ઓળખાણી, એક દિન જાવું છે નિર્વાણી.' નક્કી જાવું (છે) બાપા! આ દેહ તારો નથી કે તારી પાસે રહે. રાગ પણ તારો નથી કે એ રાગ તારી પાસે રહે એમ કહે છે. આહા..હા..! તારી પાસે રહેલી ચીજ તો અનંત આનંદ, અનંત જ્ઞાન અને શાંતિ એ તારી પાસે રહેલી ચીજ છે. તો અહીં તો ભગવાન એમ કહે છે અને ભગવાને કહેલા ઉપદેશને સંતો નિશ્ચય ગ્રહણ કરાવવા એ વાત કરે છે. આહા..હા..! આકરું લાગે, બાપુ! અભ્યાસ નહિને. અરે! અનાદિના આ બધા થોથાના અભ્યાસ, પાપના એકલા. આ કર્યું ને આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. આહા..હા..! એમાં વળી પાંચ, પચાસ લાખ રૂપિયા હોય, બે લાખ ખર્ચવા હોય. એમાં જુવાની હોય, લગ્નનો પ્રસંગ હોય, જોઈ લ્યો હોંશુ. દુઃખની હોંશુ છે, બાપા! ભગવાન કહે છે કે એમાં સુખબુદ્ધિ છે એ તો છોડ પણ પરાશ્રયનો ભાવ છે તેને પણ છોડ. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહ્યું.

'**ભગવાને અધ્યવસાન છોડાવ્યાં છે તો હવે સત્પુરુષો નિશ્ચયને નિષ્કંપપણે અંગીકાર કરી સ્વરૂપમાં કેમ નથી ઠરતા**— ' એ ઘરમાં કેમ આવતા નથી? એ પરઘરમાં કેમ ફરે છે? આહા..હા..! પોતાનો ભગવાનસ્વરૂપ ઘરમાં નિજઘર છે. નિજઘર છોડીને પરઘર પરવસ્તુ એની નથી એને (પોતાની) માને અને પરાશ્રયભાવ થાય જેમાં દુઃખ છે એ પરઘર છે. આહા..હા..! એ નિજઘરમાં કેમ આવતા નથી? આહા..હા..! છે? છેને? '**સ્વરૂપમાં કેમ નથી ઠરતા—એ અમને અચરજ છે...**' આચાર્ય કહે છે. આ અચરજની વાત છે કે પરભાવને છોડવાનું ભગવાને કહ્યું, દુઃખરૂપ છે એમ જણાવ્યું, છતાં અંદરમાં આવતા નથી એ અચરજ વાત છે. કહો, શાંતિભાઈ! આહા..હા..! 'એ

**અમને અચરજ છે...**' આહા..હા..! જિનેશ્વરના માર્ગમાં તું આવ્યો સંપ્રદાયમાં અને આવો ઉપદેશ કાને પડ્યો, એમ ભગવાને જણાવ્યું ત્રણલોકના નાથ પરમેશ્વર તીર્થંકરદેવ (કે) પરવસ્તુની એકત્વબુદ્ધિ પ્રભુ તને દુઃખરૂપ છે, એ સત્ય નથી તે અસત્ય છે, તે મિથ્યાદષ્ટિ છે. સ્વમાં સ્વની એકતા તે સત્યબુદ્ધિ છે. આહા..હા..! અને સ્વને પરની સાથે એકત્વબુદ્ધિ પર અસત્ય છે. એ અસત્ સાથે સત્‌ની એકત્વબુદ્ધિ, પોતાની અપેક્ષાએ પરવસ્તુ બધી અસત્ છે, એ અસત્‌માં એકત્વબુદ્ધિ, સત્‌ની અસત્‌માં એકત્વબુદ્ધિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ વીતરાગ સિવાય આવી વાત ક્યાંય, જિનવરદેવ પરમેશ્વર સિવાય ક્યાંય આવી વાત નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે એવું તને સાંભળવા મળ્યુંને પ્રભુ! આહા..હા..! આચાર્ય તો કહે છે કે તને આ કહ્યું ને અમે. હવે તું ત્યાંથી હઠીને અંદરમાં કેમ આવતો નથી? આહા..હા..! એ અચરજ છે, એ અચરજ છે. '**એમ કહીને આચાર્યદેવે આશ્ચર્ય બતાવ્યું છે.**' છેને? આહા..હા..! આ તો આશ્ચર્ય કહેવાય ભાઈ! પરને આશ્રયે થયેલા ભાવને અમે તને દુઃખરૂપ જણાવીને છોડાવીએ છીએ. આહા..હા..! અને પરવસ્તુમાં સુખબુદ્ધિ અથવા મારા બુદ્ધિ છે એ વાત જૂઠી છે કેમકે પર તે પરપણે છે. એ તારાપણે નથી. એ પરમાં એકત્વબુદ્ધિ છે અમે તને છોડાવીએ છીએ અને તું અહીં આવતો નથી તો આ આશ્ચર્ય છે આ વાતનું. પોપટભાઈ! આહા..હા..! મુનિઓની કરૂણા તો જુઓ! વીતરાગી સંતોની કરૂણા. પ્રભુ! તારી દયા પાળ તું. આહા..હા..! તું તારી કરૂણા કર, નાથ! એ પરને આશ્રયે થયેલા ભાવમાં તારી કરૂણા, તારી હિંસા થઈ જાય છે. આહા..હા..! તારા સ્વરૂપનો તેમાં અનાદર થઈ જાય છે, પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ? આ તો એવી વાત છે.

ઓલો ડોક્ટર કહેતો એકવાર. રતિભાઈ ડોક્ટર નહિ ભાઈ? રાજકોટ (સંવત) ૧૯૯૫માં વ્યાખ્યાનમાં આવ્યા. રતિભાઈ હતાને ડોક્ટર મોટા. આંખના મોટા ડોક્ટર. ત્રણ-ચાર દિ' વ્યાખ્યાનમાં આવ્યા. ૯૫ની વાત છે. આવ્યા. મહારાજનું આવું સાંભળીએ તો પછી કોઈ કામના જ ન રહીએ. અરે! પ્રભુ! ક્યા કામમાં તારે રહેવું છે? પછી ન આવ્યા. પૈસા કરોડો, એ પણ વયા ગયા પછી તો. ડોક્ટર હતા મોટા. આહા..હા..! અરે! બાપુ! શું છે ભાઈ? હજી એને પરના કામ કરવા છે એમાં એની હોંશુ છે. કરી શકતો નથી, પરના કામ કરી શકતો નથી. કેમકે પરપદાર્થ સ્વતંત્ર પોતાના કારણે કરીને ઊભા છે. પરપદાર્થ આત્મા અને પરમાણુઓ એની પર્યાયનું કાર્ય કરીને જ ઊભા છે. એ સ્થિર છે. એના કાર્ય કરીને રહ્યા જ છે. એને બીજો કહે કે હું આનું કાર્ય કરી દઉં. આહા..હા..! એની હોંશુનો નાશ થઈ જાય. ઈ તો કહે, આ અમારે સાંભળવું નથી ચાલો. આહા..હા..! અંતે ઓલા સ્વામીનારાયણ પાસે ગયેલા, એવું થયેલુ.

**શ્રોતા :-** લૌકિક કાર્યો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાત તો એમ જ છે, વાત તો સાચી છે. લૌકિક શું પણ લોકોત્તરના વ્યવહારનું વચન ભિન્ન રાગનું છે.

**શ્રોતા :-** ધર્મનો વ્યવહાર છે

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ. આહા..હા..! જિનવરે કહેલો પંચમહાવ્રતાદિનો વ્યવહાર એ પણ દુઃખરૂપ છે, એને છોડાવે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આવું છે ભાઈ અહીં તો. આહા..હા..! આચાર્ય મહારાજ કહે છે કે અમને તો અચરજ-આશ્ચર્ય થાય છે અમને તો. આહા..હા..! .. નહોતું કીધું.

**'એમ કહીને આચાર્યદેવે આશ્ચર્યદેવે આશ્ચર્ય બતાવ્યું છે. '**

**'હવે આ અર્થને ગાથામાં કહે છે :—'** ૨૭૨.

**एवं ववहारणओ पडिसिद्धो जाण णिच्छयणएण।**
**णिच्छयणयासिदा पुण मुणिणो पावंति णिव्वाणं।।२७२।।**

અહીં નિશ્ચયના પક્ષની વાત નથી. નિશ્ચયનયનો વિષય છે એ એના ધ્યેયમાં છે એની અહીં વાત છે. પક્ષ છે એની અહીં વાત નથી. એ કહ્યુંને. '**णिच्छयणयासिदा पुण मुणिणो पावंति णिव्वाणं**' નીચે.

**વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી;**
**નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. ૨૭૨.**

આ પોકાર તો આવા છે હવે. આહા..હા..! એને એમ કહે કે એઈ..! વ્યવહારથી થાય.. વ્યવહારથી થાય. ભાઈ! ભ્રમણામાં પડ્યો પ્રભુ. વ્યવહાર હજી તો નિશ્ચયસમ્યક્ વિના વ્યવહાર હોઈ શકે નહિ અને હોય વ્યવહાર એ પણ બંધનું કારણ છે. આહા..હા..! આવે. અરે..! એ છોકરો બહાર ઊભો હશે જુવાન અઢાર વર્ષનો. કારખાનું છે ત્યાં હીરાનું. સુરત જવાનો હતો વધારે કારખાના માટે. આ રવિવારે, રવિવારે. અમથો ઊભો હતો બિચારો જુવાન. ઓલા પણ બિચારા બે છોકરા આ બાજુ હશે એની કોર ન લઈ જવી, આમ ત્યાં ઓલો છોકરો ચાલ્યો જશે. ત્યાં ખલાસ, કચરાઈ ગયો. ખલાસ. એ સ્થિતિ જ હતી એટલી, બાપુ! એ તો નિમિત્ત છે. ત્યાં આયુષ્યને દેહમાંથી છૂટવાનો સમય જ એ હતો. આહા..હા..!

**શ્રોતા :-** સમય અને ક્ષેત્ર પણ એ જ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્ષેત્ર એ, નિમિત્ત આ, કાળ એ. આહા..હા..! ત્યારે ઓલા વળી કહે છે કે નિયત કર્યું કોણે? અરે! ભગવાન! એ કર્યું આત્માએ, દરેક પરમાણુએ નિયત કર્યું છે. આહા..હા..! જે પર્યાય જે કાળે પરમાણુમાં થવાની અને જે કાળે પર્યાય આત્મામાં થવાની એ આત્માએ કર્યું છે. બીજો કોઈ ઈશ્વરકર્તા છે એમ છે નહિ.

**શ્રોતા :-** ઉત્પાદ-વ્યય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉત્પાદ-વ્યયનો કર્તા દ્રવ્ય છે. એ રીતે. આ તો બીજી ભાષાથી વાત ચાલે છે. આહા..હા..! સમય-સમયમાં જે ઉત્પાદ અને વ્યય... ઉત્પાદ અને વ્યય જે ધારાવાહી છે એનો કર્તા દ્રવ્ય (છે). એનો કર્તા દ્રવ્ય કહેવું એ હજી વ્યવહાર છે. એ ઉત્પાદ-વ્યયનો ઉત્પાદ-વ્યય જ કર્તા છે, એને જ કર્તાથી થયું છે. આ વીતરાગમાર્ગ ઝીણો બાપુ બહુ, ભાઈ! જૈનને નામે અજૈનપણું અત્યારે ચાલ્યું છે. આહા..હા..! ત્રિલોકના નાથ જિનવરદેવ પરમેશ્વરે તો આ કહ્યું છે. આહા..હા..! છે?

‘**નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.**’ આ નિશ્ચયનય વિકલ્પવાળી નથી. ‘હું અબદ્ધ છું ને શુદ્ધ છું’ એવો જે વિકલ્પ છે એ નયનો પક્ષ છે. આ એ નથી. આ તો અખંડાનંદ પ્રભુનો આશ્રય લઈને મુક્તિ થાય છે એમ સિદ્ધ કરવું છે. પરને આશ્રયે બંધ થાય છે, ત્યારે સ્વને આશ્રયે મુક્તિ થાય છે એમ સિદ્ધ કરવું છે. આહા..હા..!

**શ્રોતા :-** સ્વનો આશ્રય કરવાથી પરાધીનતા છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરનો આશ્રય કરવાથી પરાધીનતા છે. સ્વનો આશ્રય લક્ષ કરવું એ પરાધીનતા ક્યાં છે? એ સ્વાધીનપણે લક્ષ કરે છે, એનું સ્વરૂપ જ એ છે. એનો આશ્રય મળે છે કે એમ પ્રશ્ન નથી અહીં, પણ લક્ષ આમ કરે છે. આમ લક્ષ કરે છે એ તો પોતે સ્વતંત્રપણે લક્ષ કરે છે. આહા..હા..! ઝીણી વાત છે થોડી. સમજાણું કાંઈ?

‘**ટીકા :- આત્માશ્રિત (અર્થાત્ સ્વ-આશ્રિત) નિશ્ચયનય છે,...**’ એ નિશ્ચયનયનો સ્વાશ્રિતમાં દ્રવ્યસ્વભાવ તે લેવો અહીં. સ્વમાં આત્માશ્રિત એકલા દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ ન લેવા. સમજાણું કાંઈ? આત્માશ્રિત એટલે આત્મા એટલે સ્વ-આશ્રિત એટલે સ્વ એટલે ત્રિકાળી જ્ઞાયકભાવને આશ્રિત. એટલો ત્યાં જ્ઞાયક એ નિશ્ચય. નહિતર તો દ્રવ્ય—વસ્તુ ભગવાન એની શક્તિઓ ગુણ અને પર્યાય ત્રણેનું સ્વ અસ્તિત્વ સ્વ-પોતાનું છે અને તેથી તે નિશ્ચયથી પોતાનું છે. અને પરવસ્તુ છે તે નિશ્ચયથી પરની છે. પણ હવે અહીં તો મુખ્ય સિદ્ધ કરવા વસ્તુને એક સમયની અવસ્થા એને ગૌણ કરી નાખી છે. ગુણ-ગુણીના ભેદો એ પણ જેને ગૌણ કરી નાખવા છે. આહા..હા..! એને મુખ્યપણે નિશ્ચયનું લક્ષ કરાવવા તે મુખ્ય વસ્તુ ત્રિકાળી છે તે જ નિશ્ચય છે. આહા..હા..! ભારે સમજવું પડે આમાં તો.

**શ્રોતા :-** એમાં આશ્રય આવે તો પરાશ્રિત થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરાશ્રિત નથી જરીએ. કીધુંને, લક્ષ પોતે કરે છે આમ. એટલે પરનો આશ્રય થયો એમ કહેવામાં આવે છે. અહીં આશ્રય હતો એ આશ્રય આમ ગુલાંટ ખવડાવે છે. સમજાણું કાંઈ? પર્યાય સ્વતંત્રપણે સ્વનું લક્ષ કરે છે એ આશ્રય કરે છે એમ કહેવામાં આવે છે. ‘**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**’ એ મહાસિદ્ધાંત જૈનદર્શનના પ્રાણ. અગિયારમી ગાથા એનું ત્રીજું પદ ‘**भूदत्थमस्सिदो खलु**’—ભગવાન સત્યાર્થ પ્રભુ ધ્રુવ નિત્યાનંદનો નાથ એ સત્યાર્થ છે એ જ ભૂતાર્થ છે, એ જ છે. આહા..હા..! એનો આશ્રય કરવાથી સમકિત થાય છે, એનો આશ્રય કરનારાને સમકિત થાય છે. આહા..હા..! સમકિત નામ ધર્મની પ્રથમ સીઢી, ધર્મનું પહેલું પગથિયું. આહા..હા..!

ત્રણલોકનો નાથ સત્યાર્થ પ્રભુ છે, જેની આગળ પર્યાય પણ ગૌણ કરીને, વ્યવહાર કરીને નથી એમ કહી દીધી છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીં છે વાત. કેટલું આમાં યાદ રાખવું બધું? યાદ રાખવાનું કાંઈ.. એકલું જ યાદ રાખવાનું છે કે ત્રિકાળી વસ્તુ અભેદ છે તે હું છું. ભેદ અને પર્યાય એ બધું વ્યવહારમાં જાય છે. એના અને એનામાં ભેદ અને પર્યાય હોં. એ વ્યવહારને પણ અભૂતાર્થ કહીને ભૂતાર્થનો આશ્રય કરાવ્યો છે. આહા..હા..!

તારે હિસાબે આખું જગત છે તે અસત્ય છે. સત્ય પ્રભુ છે, ત્યારે બીજી બધી ચીજો તારી

અપેક્ષાએ અસત્ય છે, એની અપેક્ષાએ સત્ય છે, પણ અહીં તો ત્રિકાળની અપેક્ષાએ એના ગુણભેદ અને પર્યાય પણ અસત્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું લ્યો! સંપ્રદાયમાં તો એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, મિચ્છામી દુક્કડમ કરવું એ ઈચ્છામી પડિક્કમણું લ્યો! ઈચ્છામી પડિક્કમણું ઈરિયા, વિરિયા.. કહો, રમણીકભાઈ! એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, ત્રણ ઈન્દ્રિયા, પંચેન્દ્રિયા.. થઈ ગઈ લ્યો સામાયિક એની. તસ્સઉતરી કરણેં... અરે! ભગવાન! તને કાંઈ ખબર નથી, બાપુ! એ ભાષા જુદી, એમાં ઊઠે છે વિકલ્પ તે જુદો. આહા..હા..! એનાથી પાર પ્રભુ એક પર્યાય જેટલો પણ નહિ. આહા..હા..! એને દૃષ્ટિમાં લીધા વિનાના બધા થોથા છે. આહા..હા..! ભગવાનના ભેટા વિના પામરના ભેટામાં પડ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? આવું માનવું. બધા સાધારણ બિચારા, શરીર એવા, નિર્ધન હોય, છોકરા નાના આ બધું ઓહો..હો..! આવી બધી પળોજણમાંથી કહે છે કે તું જુદો છો.

**શ્રોતા :-** જુદો છો એ માને તો ખબર પડેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માનવાના જ વાંધા છેને. આહા..હા..! એ માનવામાં ચારિત્ર પણ આવી ગયું છે કે આમાં ઠરીશ તો કલ્યાણ થશે એવી ચારિત્રની માન્યતા પણ આવી ગઈ છે. આહા..હા..! આવી વાત છેને. ભારે ઉપદેશ! આવો ઉપદેશ માણસને (આકરો લાગે છે). બાપુ! મારગડા તો આ છે ભાઈ! જિનવરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગ પરમાત્મા અરિહંતદેવનું આ ફરમાન છે. આહા..! સમજાણું કાંઈ?

'**આત્માશ્રિત...**' આપણે પહેલા શબ્દનો અર્થ ચાલે છે આ. '**(અર્થાત્ સ્વ-આશ્રિત)...**' એટલે કે ત્રિકાળી જ્ઞાયકભાવને આશ્રિત નિશ્ચયનય છે. આહા..હા..! ધ્રુવને આશ્રયે નિત્યાનંદ પ્રભુ. આશ્રય કરનારી તો પર્યાય છે, પણ પર્યાયનો આશ્રય જે છે એ ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલા કોલેજમાં એનો પ્રોફેસરો હોયને, એ ભાષણ આપે કલાક. એમ.એ. કે એલ.એલ.બી.નું. ઓલા સાંભળે બધા.

**શ્રોતા :-** ...એ પંચાતમાં ન પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ કહું છું. એ તો બધા સાંભળે જાવ. એમ ન કહે ઈ કે, સાંભળો, સમજો, વિચારજો. આ તમે પરથી નથી ખસતા, .. આવતા નથી.. એવું એ ન કહે. તમે સમજણમાં આ કરો અમે કહીએ એ. નથી કરતા તો .. એમ નથી. આહા..હા..! આ તો જન્મ-મરણની સત્તા નાશ કરવાની વાત છે. પોતાની સત્તાને પ્રગટ કરીને, પુણ્ય-પાપના ભાવ આદિની સત્તા નાશ કરવાની વાત છે. એ સત્તાનો નાશ કરવાની, સત્તા નાશ (કરવાની વાત છે). આહા..હા..! સમજાણું કાંઈ? આ સત્તાનો ઉત્પાદ કર, પ્રગટ કર દૃષ્ટિમાં. છે તો છે. ત્યારે જ્ઞાયકભાવ જાણવામાં આવ્યુંને? એમ કીધું ને અગિયારમી ગાથામાં. આ વસ્તુ તો તિરોભાવ છે એટલે કે દૃષ્ટિમાંથી દૂર છે વસ્તુ એને આવિર્ભાવ કર્યો, જ્ઞાયકભાવ પ્રગટ્યો. જ્ઞાયકભાવ તો છે ઈ છે. એને દૃષ્ટિમાં લીધો આશ્રય ત્યાં પ્રગટ્યો એટલે જ્ઞાયકભાવ પ્રગટ્યો એમ કહેવામાં આવ્યું. આહા..હા..! જેના પૂર્ણ અસ્તિત્વની પ્રતીતિની ખબર નહોતી..

આહા..હા..! પૂર્ણ અસ્તિત્વની જ્યાં પ્રતીતિ આવી ત્યારે પૂર્ણ અસ્તિત્વ છે એ પ્રગટ્યું એમ કહેવામાં આવે છે. આહા..હા..! વાણિયાને માથે આ આવ્યું બધું આવું. વેપારના કુથલા કરતા હોય આખો દિ'. આહા..હા..!

'**પરાશ્રિત (અર્થાત્ પરને આશ્રિત) વ્યવહારનય છે.**' આ બે સિદ્ધાંત સિદ્ધ કર્યા પહેલા કે સ્વાશ્રિત નિશ્ચય છે, પરાશ્રિત વ્યવહાર છે—આ બે સિદ્ધાંતો. નિશ્ચય-વ્યવહારનું લક્ષણ બાંધ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? આવું સમજવું. આખો દિ' રાંધણામાં રોકાવું પડે, છોકરાને આ કરવા, આ કર્યા, સાફ કર્યા, ઘઉં સારા કર્યા, છોકરાને સાચવવા, પાછા સુવાડવા ને એને ખવરાવવા, એને હાલરડા નાખવા હવે એમાં આ. આહા..હા..! પ્રભુ! પણ આ કરવું પડશે તારે હોં, જો તારે સુખી થવું હોય તો. એ બધી પળોજણનું લક્ષ છોડવું પડશે. આહા..હા..! અહીં તો પરમાત્મા આમ કહે છે કે અમારા પ્રત્યેની તને જે શ્રદ્ધા છે, એ શ્રદ્ધા પણ છોડવી પડશે તારે કારણ કે રાગ છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**પરાશ્રિત (અર્થાત્ પરને આશ્રિત) વ્યવહારનય છે. ત્યાં, પૂર્વોક્ત રીતે પરાશ્રિત સમસ્ત અધ્યવસાન (અર્થાત્ પોતાના ને પરના એકપણાની માન્યતાપૂર્વક પરિણમન) બંધનું કારણ હોવાને લીધે...**' હવે ખુલાસો કર્યો એ. '**મુમુક્ષુને તેનો નિષેધ કરતા...**' આહા..હા..! મોક્ષના અભિલાષી એવા આત્માને બંધભાવને છોડાવ્યો છે એણે. આહા..હા..! કેમકે એ બંધનું કારણ છે. આહા..હા..! '**(અર્થાત્ પોતાના ને પરના એકપણાની માન્યતાપૂર્વક પરિણમન) બંધનું કારણ હોવાને લીધે મુમુક્ષુને...** ' એટલી વાત આને. જેને આત્માની મુક્તિ, મુક્ત આનંદની પર્યાય પ્રગટ કરવી છે એવું જેને ધ્યેય છે એવા મુમુક્ષુઓને અમે આ કહીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**નિષેધ કરતા...**' '**મુમુક્ષુને તેનો નિષેધ કરતા એવા નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે,...**' છે? શું કીધું ઈ? સ્વ અને પરની એકતાબુદ્ધિનું પરિણમન તે બંધનું કારણ હોવાને લીધે. અહીંથી ઉપાડી છે વાત. સ્વ અને પરની એકતાબુદ્ધિનું પરિણમન તે બંધનું કારણ હોવાને લીધે મોક્ષના અભિલાષીને નિષેધ કરતા એવા નિશ્ચય વડે ખરેખર વ્યવહારનયનો નિષેધ કરાયો છે. આહા..હા..! પરાશ્રિતભાવ એ બધો બંધનું કારણ છે. આહા..હા..! એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા બધો ભાવ પરાશ્રય બંધનું કારણ છે એમ કહે છે. તો જેને મોક્ષની અભિલાષા છે એને, ભગવાને એ પરના આશ્રયે થયેલા ભાવો બંધનું કારણ છે એને છોડાવ્યા છે. વ્યવહારનો નિષેધ કરતા એવા નિશ્ચય વડે. આહા..હા..! સમજાણું કાંઈ? '**નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે,...**' સ્વના આશ્રયને લઈને તે વ્યવહારનો નિષેધ કર્યો છે. આહા..હા..! નિષેધ થઈ જાય છે ત્યાં. સ્વનો આશ્રય કરે છે ત્યાં પરના આશ્રયના ભાવનો નિષેધ થઈ જાય છે. પરના આશ્રયના ભાવને જ્યાં ઉપાદેય માને છે ત્યાં સ્વના ભાવનો અનાદર થઈ જાય છે. શું કહ્યું? એ વ્યવહાર પરને આશ્રયે જે થાય એ બંધનું કારણ છે માટે નિશ્ચય વડે તેને છોડાવ્યો છે એટલે સ્વનો આશ્રય કરીને તેને છોડાવ્યો છે.

આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે બધી. શું કલાકમાં માંડી? બાપુ! આ છે, ભાઈ! વીતરાગ પરમેશ્વરના પંથમાં પથિકોને તો આ સમજવું પડશે, ભાઈ! આહા..હા..! મોક્ષનો માર્ગ કહો કે મોક્ષના પથિક કહો. આહા..હા..! એને આ સમજવું પડશે, પ્રભુ! એ જ સત્ય છે. આહા..હા..! આ મોટી તકરાર અત્યારે, સમકિત છે કે નહિ એ આપણને ખબર ન પડે. માટે આ વ્યવહાર જે કરીએ છીએ વ્રત ને એ સાધન છે એને ઉથાપે છે તે એકાંત છે. હવે આવી વાત છે, પ્રભુ! આહા..હા..!

**શ્રોતા :–** (એમની માન્યતા પ્રમાણે) અનેકાંત શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અનેકાંત વ્યવહારથી થાય એને નિશ્ચય મળશે જ. વ્યવહાર કરનારા પણ સાચા છે એમ સત્ય છે. અહીં કહે કે વ્યવહાર કરનારા દુઃખમાં પડ્યા છે, એ બંધના કારણ છે. આહા..હા..! માટે નિશ્ચયનય વડે તેનો નિષેધ કરાવ્યો છે. સ્વનો આશ્રય લેવા માટે પરના આશ્રયનો નિષેધ કર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ સાધારણ પ્રાણીને બિચારાને મળે નહિ અને સાંભળવા મળે ત્યારે આ બીજી જાત લાગે, આ શું આ તે કાંઈ? આ શું કહે છે? ઓલા આવ્યા હતા ને લલીતપુરવાળા. હિન્દી કર્યું હિન્દી. શું કહે છે કાંઈ સમજાતું નથી. કોઈ દિ' પણ કાંઈ વાત જ સત્ય શું છે અને અસત્ય શું છે? આહા..હા..! દ્રવ્ય કોને કહેવું, ગુણ કોને કહેવું, પર્યાય કોને કહેવી, એની ખબર ન મળે. આહા..હા..! કહો, શાંતિભાઈ!

'કારણ કે વ્યવહારનયને પણ...' શું કહ્યું? ઓલી એકપણાની માન્યતા હતીને, એની સાથે હવે મેળવે છે. '**એકપણાની માન્યતાપૂર્વક પરિણમન બંધનું કારણ હોવાને લીધે મુમુક્ષુને તેનો નિષેધ કરતા એવા નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે, કારણ કે વ્યવહારનયને પણ પરાશ્રિતપણું સમાન જ છે...**' જેમ 'શરીર મારું, સ્ત્રી મારી, કુટુંબ મારા, પરદ્રવ્ય મારું' એવી એકત્વબુદ્ધિ જે મિથ્યાત્વ છે, એવો જ પરનો આશ્રયેલો ભાવ તે જૂઠો છે, એ આત્માનો સ્વભાવ નહિ એમ. '**વ્યવહારનયને પણ...**' એટલે પરના આશ્રિતપણાને પણ '**સમાન જ છે.**' '**પરાશ્રિતપણું સમાન જ છે...**' પરની એકત્વબુદ્ધિથી જીવને હણું, મારું, જીવાડું એવો જે ભાવ એનો નિષેધ કરતા એ બંધનું કારણ છે માટે, એમ વ્યવહારાશ્રિતભાવ પણ પરાશ્રિત છે. આહા..હા..! જેમ ઓલો અધ્યવસાન પરાશ્રિત છે, પરનું અને પોતાનું એકપણું, એમ આ વ્યવહાર પણ પરને આશ્રયે લક્ષે થતો એ પરાધીન છે. આહા..હા..! હવે આ કહે છે કે વ્યવહાર કરતાં-કરતાં થાય.

**શ્રોતા :–** એક વ્યાખ્યાનમાં બધું આવી જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધું આવી જાય છે? આહા..હા..!

'**પરાશ્રિતપણું સમાન જ છે (–જેમ અધ્યવસાન પરાશ્રિત છે, તેમ વ્યવહારનય પણ પરાશ્રિત છે,...**' શું કહ્યું બેમાં? બે કેમ કહ્યા? કે જેમ સ્વદ્રવ્ય છે તેમ પરદ્રવ્ય મારા છે એવી એકત્વબુદ્ધિ મિથ્યાત્વ બંધનું કારણ છે, એકત્વબુદ્ધિની વાત છે ત્યાં. હવે અહીં એકત્વપણું નહિ, પણ પરને આશ્રયે થયેલો ભાવ પણ વ્યવહારનો જ ભાવ છે ઈ. એ પરાશ્રયનો ભાવ છે. પરમાં એકત્વબુદ્ધિનો ભાવ પરાશ્રય છે, એમ પરાશ્રયને લક્ષે એકત્વબુદ્ધિ ભલે નહિ, પણ પરાશ્રયે થયેલો ભાવ એ પણ

વ્યવહાર જ છે, એને ભગવાને છોડાવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અને આ વ્યવહારનય એ રીતે નિષેધવાયોગ્ય જ છે;...** ' આહા..હા..! પરને આશ્રયે થયેલા ભાવ નિષેધવાયોગ્ય જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો એ લોકો એમ કહે છે કે એને છોડવાલાયક કહેશો તો છોડીને અશુભમાં જશે. અરે..! પ્રભુ! એ ક્યાં વાત છે? તું સાંભળ તો ખરો. એને છોડવાલાયક છે એમ માને તો એનો સ્વનો આશ્રય લેવા જશે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું! **'અને આ વ્યવહારનય એ રીતે નિષેધવાયોગ્ય જ છે;...'** આહા..હા..! કઈ રીતે? આત્માના આશ્રયને કરાવવા માટે વ્યવહાર નિષેધ કરવાયોગ્ય જ છે. આહા..હા..! ભગવાન આત્મા સ્વનો આશ્રય કરવામાં જાય છે ત્યારે વ્યવહાર નિષેધ થઈ જાય છે, માટે નિષેધ કરવાલાયક જ છે. આહા..હા..! અરે! આવો માર્ગ, ભાઈ! એને સૂઝ પડે નહિ કાંઈ. બાપુ! સૂઝ પડે ઈ આ જ છે, બાકી બધા સૂઝ પડ્યા વિના આંધળા છે અંધારા. આહા..હા..! લોજિકથી, ન્યાયથી, યુક્તિથી તો વાત કહેવાય છે. એમ ને એમ માનવું એમ નહિ. ન્યાયથી કેમ છે આ વસ્તુ? આ વસ્તુ કેમ છે? આ કેમ છે? અને પરની એકતાબુદ્ધિ કેમ મિથ્યાત્વ છે? પરને આશ્રયે થયેલો ભાવ કેમ છોડવાલાયક છે? કે એ તો પરને આશ્રયે થયેલો દુઃખરૂપ છે. આહા..હા..! પરની એકત્વબુદ્ધિ કેમ છોડાવી? કે પર અને આત્મા બે એક છે નહિ. પર અને આત્મા એક છે નહિ માટે એકત્બુદ્ધિ છોડવાલાયક છે. અને વ્યવહાર છોડવાલાયક બીજો કેમ? કે પરને આશ્રયે થયેલો વ્યવહાર એ દુઃખરૂપ છે. આહા..હા..! બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

'કારણ કે **આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ...**' ભાષા દેખો! આહા..હા..! કેમકે આત્મા આશ્રિત, સ્વ આશ્રિત '**નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ...**' જોયું! આહા..હા..! '**(કર્મથી) મુક્ત થાય છે...**' 'કરનારાઓ જ **(કર્મથી) મુક્ત થાય છે...**' વ્યવહારના આચરનારા કર્મથી મુક્ત થતા નથી. વ્યવહારના આચરણવાળા બંધમાં જાય છે. આહા..હા..! સ્વ આશ્રિત '**નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ (કર્મથી) મુક્ત થાય છે અને પરાશ્રિત વ્યવહારનયનો આશ્રય તો...**' હવે જુઓ લીધું. '**એકાંતે નહિ મુક્ત થતો...**' કદી નહિ મુક્તિ થનારા એવો વ્યવહારનો આશ્રય તો '**અભવ્ય પણ કરે છે.**' આહા..હા..! એકાંત એટલે કોઈ દિ' મુક્તિ નહિ થનારા. આહા..હા..! એવા અભવ્યો પણ વ્યવહાર એવો કરે છે. જિનવરે કહેલા પંચમહાવ્રત, શીલ, વ્રત આદિ તપ, સમિતિ, ગુપ્તિ, સાવધાન ભરેલું હોં બધું. આહા..હા..! છતાં એને કોઈ દિ' મુક્તિ થતી નથી, માટે તે વ્યવહાર પરિષેધ અને આશ્રય કરવાલાયક નથી અને નિષેધ કરવાલાયક છે.

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ચૈત્ર સુદ-૧, રવિવાર, તા. ૨૦-૦૩-૧૯૭૭, ગાથા-૨૭૨, પ્રવચન નં. ૩૨૮

સમયસાર, ૨૭૨ ગાથા ફરીને લઈએ. ટીકા થઈ ગઈ છે.

एवं ववहारणओ पडिसिद्धो जाण णिच्छयणएण।
णिच्छयणयासिदा पुण मुणिणो पावंति णिव्वाणं।।२७२।।

**વ્યવહારનય એ રીત જાણ નિષિદ્ધ નિશ્ચયનય થકી;**
**નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. ૨૭૨.**

**ટીકા :—** મુદ્દાની રકમ વાત છે આ. '**આત્માશ્રિત નિશ્ચયનય છે,...**' શું કહે છે? જે આત્મા જ્ઞાયકભાવ ત્રિકાળ એકરૂપ જે સ્વભાવ આત્મા એને આશ્રિત નિશ્ચયનય છે. જરી ઝીણી વાત છે. આત્મા એટલે ત્રિકાળી જ્ઞાયકસ્વભાવભાવ જેમાં કર્મનો સંયોગ પણ નહિ, પુણ્ય ને પાપના, દયા, દાન આદિના ભાવ પણ નહિ, જેમાં ગુણ-ગુણીનો ભેદ પણ નહિ, જેમાં દ્રવ્ય અને પર્યાય એનો પણ ભેદ નહિ. એવો જે ત્રિકાળી આત્મા જ્ઞાયક એકરૂપ સ્વભાવ તે નિશ્ચયનયનો વિષય અને તે નિશ્ચયનયનો આશ્રય છે. આહા..હા..! સમ્યગ્દર્શન કોને થાય એમ કહે છે. ધર્મની પ્રથમ સીઢી કોને થાય અને કેમ થાય? કે આત્મા આશ્રિત સમ્યગ્દર્શન થાય એમ કહે છે. અર્થમાં લખ્યુંને સ્વ. સ્વ કેમ કહ્યું છે? વ્યવહારને પરાશ્રિત કહ્યુંને. વ્યવહારને પરાશ્રિત અંદર કહ્યું છે, એથી આને સ્વ લીધો.

સ્વ એટલે કોણ? જ્ઞાયક એકરૂપ. ટીકામાં છે. '**એક પોતાનો સ્વાભાવિક ભાવ છે તે જ નિશ્ચયનયનો વિષય...**' છે. ભાવાર્થની ત્રીજી લીટી છે. ઝીણો વિષય છે, ભાઈ! આહા..હા..! એક પોતાનો. પોતાનો એટલે સ્વનો. સ્વભાવિકભાવ—પરમસ્વભાવભાવ, જ્ઞાયકભાવ, નિત્યાનંદભાવ, ધ્રુવભાવ, સામાન્યભાવ, એકરૂપભાવ. આહા..હા..! એ નિશ્ચયનયનો વિષય છે. એટલે કે સમ્યગ્દર્શનનો વિષય તે છે. જેને સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય એણે ત્રિકાળી જ્ઞાયકભાવનો આશ્રય લેવો. સમજાય છે કાંઈ? છે? આત્મા આશ્રિત. એટલે? આત્મા તો... એમ કોઈ કહે કે આત્મા તો દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ થઈને આત્મા છે. એ અહીં નથી લેવું. અહીંયાં તો સ્વ આશ્રિત. આત્મા એટલે સ્વ. સ્વ એટલે ત્રિકાળી જ્ઞાયકભાવ. આહા..હા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી એનું કારણ ત્રિકાળી જ્ઞાયકભાવ. ભાષા તો જરી સાદી છે. થોડું થોડું પકડાય (એવું છે). સમજાય છે કાંઈ? આહા..હા..!

'**આત્માશ્રિત (અર્થાત્ સ્વ-આશ્રિત)...** ' એટલે કે ત્રિકાળી એકરૂપ જ્ઞાયકભાવને આશ્રિત નિશ્ચયનય છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ સમ્યગ્દર્શનને પ્રાપ્ત થવામાં એકલો જ્ઞાયકભાવ ધ્રુવભાવ નિત્યભાવ સહજાનંદસ્વરૂપભાવ એક જ કારણ છે. એને કોઈ આ વ્યવહાર દયા, દાન, વ્રત

ને ભક્તિ કરે તો એનાથી સમ્યગ્દર્શન થાય એમ છે નહિ. રમણિકભાઈ! આવો વિષય છે. આહા..હા..! સ્વ-આશ્રિત. સ્વ શબ્દે અહીંયાં ત્રિકાળી જ્ઞાયકભાવ. આત્મા તો અનંતગુણ સંપન્ન છે, છતાં એ ગુણ અને ગુણીનો ભેદ પણ જ્યાં નથી. આહા..હા..! અભેદ ચિદાનંદસ્વરૂપ ધ્રુવ.. ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એ નિશ્ચયનયનો વિષય છે. અર્થાત્ એ સમ્યગ્દર્શનનું ધ્યેય અને વિષય છે. આહા..હા..! આ વિના સમ્યગ્દર્શન કોઈ દિ' ત્રણકાળમાં પ્રાપ્ત થાય નહિ. સમજાણું કાંઈ? ભાઈ! આ વ્રત કરો ને તપસ્યા, અપવાસ કરો ને ભગવાનની ભક્તિ ને જાત્રા ને પૂજા કરો તો એનાથી સમ્યગ્દર્શન થાય. એ તો પરાશ્રય છે. અહીંયાં તો ગુણ-ગુણીનો ભેદ પણ પરાશ્રય છે. આહા..હા..!

આ આત્મા આનંદ અને જ્ઞાન, શાંતિસ્વરૂપ છે એવો જે ભેદ પાડવો એ વ્યવહારનયનો વિષય આશ્રય વ્યવહારમાં જાય છે. એ બંધનું કારણ છે. આહા..હા..! આવી ઝીણી વાત, બાપુ! સમજાય છે કાંઈ? આ તો અધ્યાત્મશાસ્ત્ર છે. અને કુંદકુંદાચાર્ય દિગંબર સંત સંવત્ ૪૯માં થયા. ભગવાન પાસે ગયા. સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. કેવળજ્ઞાની પરમાત્મા તરીકે બિરાજે છે. વિહરમાન ભગવાન કહે છેને. વિચરમાન વિચરે છે, વર્તમાન મોજૂદ છે, પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે, કરોડો વર્ષથી હજી છે અને કરોડો વર્ષ હજી રહેવાના છે. મહાવિદેહ. એમની પાસે કુંદકુંદાચાર્ય સંવત ૪૯, બે હજાર વર્ષ થયા, ગયા હતા ત્યાં પ્રભુ પાસે. ત્યાં આઠ દિન રહીને આવીને આ શાસ્ત્ર બનાવ્યું છે. આહા..હા..! સમજાય છે કાંઈ? એમાં આ ગાથા આહા..હા..!

'**આત્માશ્રિત (અર્થાત્ સ્વ-આશ્રિત)**...' એટલે કે ત્રિકાળી જ્ઞાનભાવને આશ્રિત '**નિશ્ચયનય છે,**...' આવો છે માર્ગ બહુ ઝીણો, બાપુ! લોકો તો બહારથી માંડીને બેઠા છેને કે આ વ્રત પાળો, ભક્તિ કરો, અપવાસ કરો એનાથી કલ્યાણ થાશે. એ તો પુણ્યબંધનું કારણ છે. પાપથી બચવા માટે પુણ્યબંધ હોય છે, પણ એ ધર્મ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? ધર્મ તો એકલો જ્ઞાયકભાવ સ્વ ચૈતન્ય, સ્વ એને જ અહીં સ્વ કહે છે. આહા..હા..! પૂર્ણાનંદ ચિદાનંદ પ્રભુ સહજાનંદની મૂર્તિ આત્મા ધ્રુવ નિત્યાનંદ એ સ્વ છે, એ જ સ્વ છે, એ જ પોતાનું છે એમ કહે છે. આહા..હા..! બાકી તો કર્મ પણ પોતાના નથી અને કર્મના નિમિત્તે થતી શુભાશુભ લાગણી વિકાર એ પણ આત્માની નથી, તેમ ગુણ-ગુણીનો ભેદ પણ સ્વ નથી. આહા..હા..!

સ્વ ભગવાન આત્મા એને પરમાત્મા કહે છે ત્રિલોકનાથ. અને દિગંબર સંતો તો એ કેવળીના કેડાયતો છે. જે સર્વજ્ઞે કહ્યું તે સંતો કહે છે. એના ઘરની વાત કાંઈ છે નહિ. આહા..હા..! એ એમ કહે છે કે આત્માશ્રિત નિશ્ચયનય. આહા..હા..! એટલે? સ્વાશ્રય નિશ્ચયનય એટલે? ત્રિકાળી જ્ઞાયકભાવ તે સત્ય છે અને તે સ્વ છે અને તેથી જ તેના આશ્રય કરનારને સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ટીકા તો વંચાઈ ગઈ હતી. આ તો ફરીને (લીધી). જ્યારે ફરીને વાંચે તો નવું આવે એમાં કાંઈક. આહા..હા..! સ્વ-આશ્રિત નિશ્ચયનય. નિશ્ચય એટલે સત્ય વસ્તુ અથવા નિશ્ચયનય એટલે જ્ઞાનનો જે અંશ શુદ્ધ, એનો વિષય આ ત્રિકાળી સ્વ. એટલે સ્વ તે જ નિશ્ચયનય છે, ત્રિકાળી સ્વ તે જ શુદ્ધનય છે. ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ એ જ સત્યનય છે. આહા..હા..! એ પહેલી

લીટીનો અર્થ થયો. એક ઠેકાણે આવ્યું હતું બીજું. ઓલું નયપરિચ્યુતા તો આવે છે આસ્રવમાં, પણ હમણાં કાંઈક બીજે આવે છે. એ તો આવ્યું હતું ખબર છે. બીજે આવે છે. નય જ એને કીધી છે. નિશ્ચયને જ નય કીધી છે બસ. ક્યાંક આવ્યું હતું હમણાં. પંચાધ્યાયીમાં.

વસ્તુ જે સ્વ છે એ જ નિશ્ચય છે, એ જ સત્ય છે, એ જ પોતાનું સ્વનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! આ દિગંબર સંતો સિવાય એ વાત ક્યાંય છે નહિ. કોઈ ઠેકાણે એ વાત છે નહિ. કોઈ સંપ્રદાયમાં એ વાત નથી. આ તો સર્વજ્ઞે કહેલું અને અનુભવેલું સંતો પોતાની વાત કરે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? લોકો સમ્યગ્દર્શન વિના આત્મજ્ઞાન વિના એકલા વ્રત ને તપ કરે છે એ બધું નિરર્થક છે. સંસાર રખડવા ખાતે પરાશ્રિત ભાવ છે ઈ. સમજાણું કાંઈ? આહા..હા..!

સ્વ-આશ્રિત એટલે કે પોતે વસ્તુ છે તે સ્વાશ્રિત તે નિશ્ચયનય છે. આત્માને આશ્રિત નિશ્ચયનય છે એટલે કે ત્રિકાળી જ્ઞાયકભાવને આશ્રયે નિશ્ચયનય છે એટલે કે ત્રિકાળી જ્ઞાયકભાવ તે જ નિશ્ચયનય છે. આવી વ્યાખ્યા હવે, આકરું પડે માણસને. કહે છે કે જેને સ્વની પ્રતીતિ કરવી છે તો સ્વ કોણ? સ્વની પ્રતીતિ કરવી છે સમ્યગ્દર્શનમાં તો સ્વ કોણ અને સ્વ કેટલો? ઓહો..હો..! સ્વ એટલે પૂર્ણ આનંદનો નાથ પ્રભુ. જે એકલો જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, સ્વભાવભાવ, નિત્યાનંદભાવ, સામાન્યભાવ, સદશભાવ, એકરૂપભાવ. આહા..હા..! જે પરમ તાત્ત્વિકરૂપભાવ, જેને પરમપારિણામિકભાવ કહે છે. પણ અહીંયાં એને પરમપારિણામિક અર્થ ન લેતા જ્ઞાયક એકરૂપસ્વભાવભાવ લેવો છેને. પરમપારિણામિકભાવ તો પરમાણુમાં પણ છે. આ રજકણ છેને આ જડ માટી, એમાં પારિણામિકભાવ તો છે મૂળ. આ માટી છે પરમાણુ. આ કાંઈ આત્મા નથી અને આત્માને લઈને નથી. આ તો જડને લઈને જડ છે. આહા..હા..!

અહીંયાં તો જેને આત્મ કલ્યાણ કરવું હોય એટલે કે જેને અનંતકાળમાં એક સેકન્ડ પણ સમ્યગ્દર્શન થયું નથી. કહ્યું હતુંને કાલે? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો' છ ઢાળામાં આવે છે. 'મુનિવ્રત ધાર' દિગંબર મુનિ, અઠ્યાવીશ મૂળગુણ, પંચમહાવ્રત અને એવી ક્રિયા કરી અનંતવાર કે 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' નવમી ગ્રૈવેયક ગયો અનંતવાર. 'પણ આતમજ્ઞાન..' આત્મા નામ સ્વ. આહા..હા..! સ્વના જ્ઞાન વિના અને સ્વના આશ્રય વિના એને પરિભ્રમણ મટ્યું નહિ. થોડી-થોડી ભાષા સમજાય એવી છે. શાસ્ત્રભાષા હોયને. આહા..હા..! છ ઢાળામાં નથી આવતું, છ ઢાળામાં? પાઠશાળામાં ભણાવે છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિના...' એ આત્મા આ. સ્વ ભગવાન આત્મા. સમજાણું કાંઈ? આહા..હા..!

**'उत्पादव्ययध्रुवयुक्तं सत्'** એ તત્ત્વાર્થસૂત્રમાં છેને. તો ઉત્પાદ-વ્યય એ પર્યાય છે, અવસ્થા છે અને ધ્રુવ છે એ ત્રિકાળી જ્ઞાયકભાવ છે. સમજાય છે કાંઈ? એટલે કે ઉત્પાદ જે સમ્યગ્દર્શનની પર્યાય લ્યો તો એનો આશ્રય, એનું કારણ ત્રિકાળી જ્ઞાયકભાવ છે. એ જ્ઞાયકભાવને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? એ મુદ્દાની રકમની આ વાત કરી છે. આહા..હા..! સ્વ-આશ્રિત એટલે કે સ્વમાં તો દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય આવે. અહીં એ ન લેવા. આત્મા સ્વ નામ ત્રિકાળી દ્રવ્ય વસ્તુ છે, એમાં અનંત

ગુણો છે અને પર્યાય—અવસ્થા છે. એ ત્રણમાં અહીંયાં છે તો ત્રણે સ્વ, પણ અહીં એ સ્વમાં ન લેવું. અહીંયાં તો એ ભેદ પડે છે એ બધો વ્યવહારમાં જાય છે. આહા..હા..! એકલો જ્ઞાયકભાવ ભગવાન આત્મા. આવી વાત બહુ (ઝીણી) બાપુ. ધર્મ જૈન ધર્મ બહુ ઝીણો છે. પણ લોકોએ કંઈક ને કંઈક કલ્પીને માનીને બેસી ગયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ વ્રત પાળવા કે અપવાસ કરવા અને જાત્રા કરવી સમ્મેદશિખરની અને ગિરનારની એટલે ધર્મ થશે. એ તો પાપથી બચવા માટે પુણ્યભાવ છે, પણ એ ધર્મ નહિ. આહા..હા..!

એ અહીં કહે છે, સ્વ. તું કોણ? તારું કોણ? તું કોણ સ્વ? તારું શું સ્વરૂપ? આહા..હા..! એક જ્ઞાયકભાવ એવો જે સ્વ, એને આશ્રયે નિશ્ચયનય છે. એ એક લીટીનો અર્થ થયો એટલો. આ તો અધ્યાત્મ વાણી છે. કુંદકુંદાચાર્ય એ મૂળ શ્લોકના કર્તા. સંવત્ ૪૯. અને પછી ટીકા આ અમૃતચંદ્રાચાર્ય ઓલી કોર બીજે નંબરે. એમની આ ટીકા છે. એ હજાર વર્ષ પછી થયા. કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ, અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત એક હજાર વર્ષ પહેલા થયા. એમની આ ટીકા છે. આહા..હા..! તું કોણ છો? ક્યાં છો? એમ કહે છે. સ્વ તું કોણ છો? આહા..હા..! કૌન હૈ? 'છે' આવી જાય. સમજાય છે કાંઈ? જરીક વિસ્તાર થાયને. હિન્દીમાં બહુ વિસ્તાર થાય નહિ. આ ગુજરાતીમાં ચાલી જાય અંદર. આહા..હા..! સ્વ કોણ? એટલે કે તારું સત્ય કોણ? એટલે કે તારું સ્વ કોણ? આહા..હા..! તારું સ્વ એ કે ત્રિકાળી જ્ઞાયકભાવ તે તારું સ્વ અને તે તું. સમજાણું કાંઈ? આહા..હા..! એને આશ્રયે નિશ્ચયનય છે. પર આશ્રિત.. ઓલામાં આત્મા આશ્રિત હતુંને એમાં સ્વ નાખ્યો. કેમકે અહીં પર આશ્રિત છે તો ત્યાં સ્વ-આશ્રિત કીધું. પછીમાં આવ્યુંને પરાશ્રિત? વ્યવહારનય પરને આશ્રિત છે વ્યવહારનય. એટલે? ખુલાસો કરે છે.

**'પૂર્વોક્ત રીતે પરાશ્રિત સમસ્ત અધ્યવસાન (અર્થાત્ પોતાના ને પરના એકપણાની માન્યતાપૂર્વક પરિણમન) બંધનું કારણ હોવાને લીધે...'** એ શું કહે છે? હું પરને જીવાડી શકું, પરની દયા પાળી શકું, પરને મારી શકું, લક્ષ્મી રાખી શકું, લક્ષ્મીનું દાન દઈ શકું પૈસામાં પરનું, એ બધી એકતાબુદ્ધિ જડની સાથે મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું. વીતરાગમાર્ગ પ્રભુ! જિનવર માર્ગ બહુ ઝીણો છે, ભાઈ! જેને લોકો પછી એ તો નિશ્ચય છે... નિશ્ચય છે... એમ કરીને અનાદર કરી નાખે છે, પણ એ જ સાચું છે. આહા..હા..! વ્યવહાર તો પરાશ્રય છે. જુઓ, પરને જીવાડી શકું, પરને સુખી કરી શકું, પરને આહાર-પાણી દઈ શકું, ઔષધ દઈ શકું એવી જે પરની ક્રિયા છે તે હું કરી શકું એ માન્યતા મિથ્યાદૃષ્ટિની પરાશ્રિત છે. આહા..હા..! એક કોર આત્મા લીધો સ્વાશ્રિત, હવે પરાશ્રિત. તો પરાશ્રિતમાં **'પૂર્વોક્ત રીતે...' 'પોતાના ને પરના એકપણાની માન્યતાપૂર્વક પરિણમન...'** પરિણમન હોં! આહા..હા..! હું પરજીવની દયા પાળી શકું છું. પરજીવની દયા કોણ પાળે? એ તો પરવસ્તુ છે. એનું ટકવું કે જીવવું, મરવું એ તો એના આયુષ્ય આધીન છે. એનું આયુષ્ય હોય તો જીવે અને આયુષ્ય ન હોય તો દેહ છૂટી જાય, પણ તું એને જીવાડી શકે, મારી શકે એ વાત જૈનદર્શનની અંદરમાં કાંઈ એકડો ગણ્યો નથી એને. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**પૂર્વોક્ત રીતે...**' બંધનું કારણ હોવાથી. આહા..હા..! એ પૈસા, લક્ષ્મી મારી અને એ લક્ષ્મીનો સદુપયોગ હું કરી શકું જડનો, એ પર અને સ્વની એકતા માન્યતાનું પરિણમન એ બંધનું કારણ છે. આહા..હા..! એવો માર્ગ છે, પ્રભુ! ઝીણો બહુ. સ્વથી પર. પરનું આવ્યુંને હવે તો? તો પરમાં પહેલું સ્થૂળ લીધું કે પરનો મોક્ષ કરાવી શકું, પરને બંધન કરાવું, પરને જીવાડું, પરને આહાર-પાણીની સગવડતા દઈ શકું. એ તો જડની ક્રિયા તું કેમ કરી શકે? આહા..હા..! અહીંયાં હજી પરની વ્યાખ્યામાં પહેલી સ્થૂળતા લીધી. સમજાણું કાંઈ? સ્થૂળતા એટલે? નહિતર તો પરાશ્રિતભાવ તો ભેદ ને રાગ ને બધો પરાશ્રિત છે, પણ અહીં વ્યવહારના બે ભેદ પાડ્યા. પહેલું તો કોઈપણ પ્રાણીને હું બચાવી શકું. તો એનું આયુષ્ય હોય તો બચે અને તું બચાવી શકે એ માન્યતા જ મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ સ્વ અને પરની.. આ સ્ત્રી મારી, આ દીકરા મારા, આ મકાન મારું, આ આબરૂ મારી એ બધું મિથ્યાત્વભાવનું પરિણમન છે. કારણ કે એ ચીજ એની છે નહિ. એ તો પર છે. તારે ને એને શું સંબંધ છે? આહા..હા..! આ દુકાનનો ધંધો બરાબર કરી શકું થડે બેસીને. થડો કહેને થડો. બરાબર વ્યવસ્થિત કામ કરી શકું પરનું, એ માન્યતા સ્વ-પરની એકતાની માન્યતાનું મિથ્યાત્વ, એનું પરિણમન એ બંધનું કારણ છે. આહા..હા..! ભારે ભાઈ! પરનું કાંઈ કરી શકે નહિ? પાંગળો? પરનો પરમાં પાંગળો છે. આત્મા સિવાય પરનું કાંઈ કરી શકે નહિ આત્મા. આ હાથ હલે છે એ જડથી, આત્માથી નહિ. આહા..હા..! એમાં જેની એકતાબુદ્ધિ છે કે હું આને હલાવું છું, હું બોલું છું. જડની આ તો દશા છે. એવી એકતાબુદ્ધિ '**એકપણાની માન્યતાપૂર્વક પરિણમન બંધનું કારણ હોવાને લીધે...** ' એ બંધના કારણને કારણે '**મુમુક્ષુ...**' જેને મોક્ષની અભિલાષા છે. મુમુક્ષુ એટલે જેને આત્માનું પરિણમન શુદ્ધની અભિલાષા છે. '**તેનો નિષેધ કરતા...**' હોવાથી. એવા જીવને નિષેધ કર્યો, પ્રભુ! એ પરની એકતાબુદ્ધિ છોડી દે. સમજાણું કાંઈ? આહા..હા..! આ દીકરાઓને, છોકરાઓને કેળવણી આપી શકું, હુશિયાર કરી શકું, નાના બાળકથી મોટાને ઉછેરી શકું. ઉછેરી સમજ્યા? બધો મિથ્યાત્વભાવ છે એમ કહે છે. પરવસ્તુની દશા એને કારણે થાય, એને ઠેકાણે આ કહે કે મારા કારણે આ થાય. ઝીણી વાત ભગવાન! આહા..હા..!

એ સ્વ અને પરના એકપણાની માન્યતા. આહા..હા..! 'એક અનાજનો કણ પણ હું બીજાને દઈ શકું' એ સ્વ અને પરની એકતા માન્યતા છે. કારણ કે એ તો પરદ્રવ્ય છે. આહા..હા..! હું બીજાને પાણી પાઈ શકું, તરસ્યાને. એ પાણી તો પરવસ્તુ છે. એ આત્મા દઈ શકે એ આત્માની તાકાત નથી. એના કારણે એ તો ક્રિયા થાય છે. આહા..હા..! આવી વાતું ભાઈ લ્યો! એટલે માણસને ન લાગે કે એ સોનગઢવાળા કહે છે. આ ભગવાન કહે છે કે સોનગઢવાળા કહે છે? પણ એણે સાંભળ્યું નથીને એટલે સોનગઢવાળા નિશ્ચયની વાતું કરે છે. એ બધી ખબર છે અમને. આહા..હા..!

અહીં પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવની વાણી એ સંતો જગતને જાહેર કરે છે આડતિયા થઈને. છે વીતરાગનો માલ. દિગંબર સંતો આડતિયા થઈને જગતને માલ આપે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

બેમાં તો ઘણી વહેંચણી કરી. હજી પહેલી સ્થૂળ લીધી. એવું '**મુમુક્ષુને તેનો નિષેધ કરતા...**' કે પરનું કાંઈ કરી શકે નહિ માટે પરનું કરવાનો નિષેધ કરે છે. '**એવા નિશ્ચયનય વડે ખરેખર વ્યવહારનયનો જ નિષેધ કરાયો છે,...**' હવે શું કહે છે? પરની સાથે એકતાબુદ્ધિનો નિષેધ કર્યો એનો આશ્રય કરતાં ખરેખર વ્યવહારનો જ નિષેધ કરાવ્યો છે. એટલે?

'**કારણ કે વ્યવહારનયને પણ પરાશ્રિતપણું સમાન જ છે...**' શું કહે છે ઈ? જેમ પરની એકતાબુદ્ધિ જૂઠી છે તેમ પર અને સ્વ બે એક નથી. એમ જ્યારે એનો નિષેધ કર્યો, તો આચાર્ય મહારાજ દિગંબર સંત એમ કહે છે કે અમે તો એમ જાણીએ છીએ કે એ પરનો આશ્રિતનો વ્યવહાર જ બધો છોડાવ્યો છે. પરની સાથેની એકતાબુદ્ધિ છોડાવતા પરને આશ્રયે થતા ભાવોનો નિષેધ કર્યો છે. શું કહ્યું ઈ? જ્યારે ભગવાન જિનેશ્વરદેવ તીર્થંકરનાથ ત્રિલોકનાથ પ્રભુ, સ્વ ચૈતન્ય અને પરની ક્રિયાની એકતાબુદ્ધિનો જ્યારે નિષેધ કરે છે. કારણ કે પરવસ્તુ અને સ્વવસ્તુ તદ્દન ભિન્ન (છે) એ પરનું શું કરે ઈ? આહા..હા..! આ મંદિરો અને આ બધું બને એ આત્મા કરી શકે નહિ એમ કહે છે.

**શ્રોતા :–** કડિયા કરે છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કડિયો પણ કરતો નથી. એના પરમાણુની પર્યાયથી આ થયું છે. ઝીણી વાત છે, બાપુ! જૈનમાર્ગ સૂક્ષ્મ છે. આહા..હા..! ઈશ્વરકર્તા છે કોઈ જગતમાં? નથી. એમ આત્મા પરનો કર્તા નથી. સમજાણું કાંઈ? આવું મકાન લ્યો! આરસપહાણનું ૨૬ લાખનું. એની મેળાએ થયું? હા. એ પરમાણુની પર્યાયમાં તે કાળે તે થવાનો કાર્યકાળ હોય ત્યારે થાય છે. આહા..હા..! બહુ તો એને કરનારના ભાવનો ભાવ હો તો પરલક્ષી શુભભાવ હોય, પુણ્યભાવ. પણ એ શુભભાવથી એ થયું છે એમ નથી. અને એ થયું છે માટે અહીં પુણ્યભાવ થાય છે એમ પણ નથી. આહા..હા..! ઝીણી વાતું બાપુ! આ તો વીતરાગમાર્ગ, ભાઈ! જિનેશ્વર વીતરાગ જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણ્યા. જિનેશ્વરદેવ એટલે કે ભાઈ કોણ છે એ? જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એક સમયમાં 'ક' બોલે એમાં અસંખ્ય સમય જાય, એમાં એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે એ જિનેશ્વર કોણ છે પ્રભુ? આહા..હા..! એ જિનેશ્વરની આ વાણી છે. આહા..હા..! એની દિવ્યધ્વનિમાં આવ્યું હતું એ સંતોએ જગતને જાહેર કર્યું છે.

નિશ્ચયનો એક જ પ્રકાર કહ્યો હતો કે ત્રિકાળી જ્ઞાયકભાવ તે જ સમ્યગ્દર્શનનો વિષય છે અને તે જ નિશ્ચયનયનો આશ્રય છે. અને વ્યવહારના બે ભાગ પાડીને, બે ભાગ કઈ રીતે પાડ્યા? કે એ વ્યવહાર પરાશ્રિત છે, તેથી તે બંધનું કારણ છે, તેથી તે છોડવાલાયક છે. હવે એના બે ભાગ પાડ્યા––એક આ આત્મા અને પરવસ્તુની ક્રિયા પોતે કરે એમ માને તે મિથ્યાત્વભાવને છોડાવ્યો છે કે પરની ક્રિયા જડની (કરી શકું છું એમ) તું એકતાબુદ્ધિથી માન એ વાત જૂઠી છે. સ્વતંત્ર જગતના તત્ત્વો છે તેને કારણે પલટીને ટકી રહ્યા છે, એને તું પલટાવી દે અને બદલાવી દે એ ત્રણકાળમાં બનતું નથી. એ સ્વ અને પરની એકતાનો નિષેધ કર્યો, પણ એમાંથી આચાર્ય મહારાજ એમ કહે છે કે અમે તો એમ કહીએ છીએ, પ્રભુએ જ્યારે સ્વ અને પરની એકતાબુદ્ધિનો નિષેધ કર્યો, તો પરને આશ્રયે જેટલો ભાવ

થાય એનો નિષેધ કર્યો એમ અમે માનીએ છીએ. સમજાય છે કાંઈ? આવો માર્ગ છે ઝીણો. દુનિયાને તો એવું લાગે. આ તો નિશ્ચય... નિશ્ચય.. નિશ્ચય. બાપુ! નિશ્ચય તે પણ ત્રિકાળી સ્વ તે સત્ય. નિશ્ચયમાં ગુણભેદ અને પર્યાયને પણ અહીં સત્યમાં નથી નાખ્યા, સ્વમાં નથી નાખ્યા. આહા..હા..!

એથી ત્રિકાળી જ્ઞાયકભાવને આશ્રયે નિશ્ચયનય છે માટે એ મુમુક્ષુને, પરની ક્રિયા કરી શકું છું જીવાડી-મારી (શકું છું) વગેરે એવા વ્યવહારનો નિષેધ કર્યો છે, એટલે કે પરની એકતાબુદ્ધિનો નિષેધ કર્યો છે, તો આચાર્ય મહારાજ કુંદકુંદાચાર્ય અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત એમ કહે છે, અમે તો એમ જાણીએ છીએ કે પ્રભુએ જ્યારે પરની એકતાબુદ્ધિનો નિષેધ કર્યો તો પરને આશ્રયે થતા જેટલા ભાવ થાય એનો નિષેધ કર્યો છે એમણે તો. આહા..હા..! એટલે? કે પરદ્રવ્યની એકતાબુદ્ધિનો નિષેધ કરાવ્યો તો એ પરાશ્રિત છે માટે. એ રીતે પરાશ્રિત જેટલા દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ, કામ ભાવ થાય એ બધા પરાશ્રિત છે માટે અનો પણ અહીં નિષેધ કર્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, રમણિકભાઈ! ક્યાંય મળે એવું નથી. વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર... એકલો સમકિત વિનાનો. આહા..હા..!

બાપુ! વીતરાગમાર્ગ એકલો ચિદાનંદ પ્રભુ, અમૃતનો સાગર ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપ બિરાજમાન છે અંદર. એ પરમાત્મસ્વરૂપ ત્રિકાળી તે જ નિશ્ચયનયનો આશ્રય છે અને એ આશ્રય કરવાલાયક છે. એ સિવાય ભગવાને જ્યારે પરપદાર્થની એકતાબુદ્ધિ છોડાવી, પરને જીવાડી, મારી શકું, સુખી-દુઃખી કરી શકું એ વાત જૂઠી છે. તો એ ભાવને જેમ છોડાવ્યો તો અમે તો એમ કહીએ છીએ કે પરને આશ્રયે થતો ભાવ, ભલે પરની એકતાબુદ્ધિનો ભાવ ન હો—પરને જીવાડી શકું, મારી શકું એ એકતાબુદ્ધિનો ભાવ ન હો, પણ પરને આશ્રયે જે રાગ અને દયાનો ભાવ વિકલ્પ આદિ થયો એ પણ પરાશ્રિત છે માટે એનો નિષેધ કર્યો છે કે એ પણ ધર્મ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? છે? જુઓ!

'**કારણ કે વ્યવહારનયને પણ પરાશ્રિતપણું સમાન જ છે...**' એટલે? કે જેમ આત્મા પરની એકતાબુદ્ધિથી કાંઈ એકતા કરી શકતો જ નથી, પરને જીવાડું, મારું એનો જેમ નિષેધ કર્યો, તો વ્યવહાનયને પણ પરાશ્રિતપણું સમાન છે. જેમ ઓલા નિમિત્તનું કાંઈ કરી શકું પરનું એનો નિષેધ કર્યો, તો એના લક્ષે થતા જે ભાવ પુણ્ય-પાપના એનો પણ નિષેધ ભગવાને કર્યો છે. વ્યવહારનયનો નિષેધ જાણીને. આહા..હા..! સમજાણું કાંઈ? '**વ્યવહારનયને પણ પરાશ્રિતપણું સમાન જ છે (-જેમ અધ્યવસાન પરાશ્રિત છે...**' એટલે એકત્વબુદ્ધિ—પરને કરી શકું એવો અધ્યવસાય પરાશ્રિત છે '**તેમ વ્યવહારનયને પણ પરાશ્રિત છે, તેમાં તફાવત નથી).**' કાંઈ નથી તફાવત. આહા..હા..!

ભગવાન આત્મા, જેમ એક રજકણ અને બીજો જીવ એનું કાંઈ કરી શકે નહિ આત્મા. કેમકે એ સ્વતંત્ર પદાર્થ છે. તો એનું કાંઈ કરી શકે નહિ એટલે કરી શકું છું એવી માન્યતાને જેમ પ્રભુએ છોડાવી તો વ્યવહારનયને પણ પરાશ્રિતપણું જ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ એ બધા પરાશ્રિત છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** બીજા જીવને એમ કે એનાથી લાભ થાય અને આપ કહો કે છોડાવીએ છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં બાપુ વાત થાય? એ ધર્મીને પણ, આત્મજ્ઞાન થયેલા હોય એને પણ એ ભાવ શુભ આવે, હોય પણ એ બંધનું કારણ જાણે. સમજાણું કાંઈ? આવી વાતું ભારે આકરી ભાઈ! મુનિ હોય સાચા સંત આત્મજ્ઞાની ધ્યાની આનંદના અનુભવી એને પણ વ્યવહાર વિકલ્પ પંચમહાવ્રતનો વિકલ્પ આવે, પણ જાણે એ બંધનું કારણ છે. હેયબુદ્ધિએ આવે છે. આહા..હા..! આવી વાતું ભારે કઠણ. સમજાણું કાંઈ?

'**વ્યવહારનયને પણ પરાશ્રિતપણું...**' એમાં તફાવત નથી. એટલે? જેટલો વિકલ્પ ઉઠે પરના લક્ષે, દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો પણ રાગ એ પરાશ્રિત છે. આહા..હા..! એ પણ અહીંયા નિષેધ કર્યો છે. હોય છે. હોય છે ત્યારે નિષેધ કર્યો છેને. ન હોય તો નિષેધ શી રીતે (થાય)? આહા..હા..! '**વ્યવહારનય પણ...**' પણ કીધુંને? ઓલો નિશ્ચય કીધો ને એની સાથે પરની એકતાબુદ્ધિનો નિષેધ કર્યો એમાં વ્યવહારનય પણ તફાવત નથી. આહા..હા..! અહીં તો મુનિરાજ અમૃતચંદ્રાચાર્ય ટીકાકાર એમ કહે છે કે પરને આશ્રયે જેટલા પંચમહાવ્રતના પરિણામ (થાય) એ બધા પરાશ્રિત છે. પરને મારી શકું, જીવાડી શકું એ પરની સાથેની એકતાબુદ્ધિનો અધ્યવસાય છોડાવ્યો, પણ એમાં એ છોડાવતા અમે એમ કહીએ છીએ કે પરનો આશ્રય જેટલો રાગ થાય એ બધાને ભગવાને છોડાવ્યો છે, તે ધર્મનું કારણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ! બહારમાં હો-હા, મોટા ગજરથ કાઢે. લાખ, બે લાખ, પાંચ લાખ ખર્ચે. શું કહેવાય? ગજરથ કહેવાય છેને? હાથી-હાથી. ૨૫-૫૦ હજાર માણસ ભેગા થાય, બે-પાંચ લાખ રૂપિયા ખર્ચે એટલે જાણે કાંઈક અમે ધર્મ કર્યો. બાપુ! એને આશ્રિત જે ભાવ છે એ તો બધો વ્યવહાર પુણ્ય છે. એ ક્રિયા તો તું કરી શકતો નથી. મોટો ગજરથ ચાલે અને આ પૈસા (વાપરે), એ તો ક્રિયા જડની, એ તો તું એકતાબુદ્ધિથી કરી શકતો નથી. એકતાબુદ્ધિ માન, એનો નિષેધ કર્યો છે અહીંયા. પણ એટલું નહિ, પણ એને આશ્રયે જે શુભભાવ થાય એનો નિષેધ કર્યો છે અહીં તો. આહા..હા..! એ પરાશ્રિતભાવ છે. સમજાણું? આહા..હા..!

'**અને આ વ્યવહારનય એ રીતે નિષેધવાયોગ્ય જ છે;...** ' છે? આહા..હા..! જેટલો પરાશ્રિત ભાવ પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, દાન વગેરે એ બધો વ્યવહારનયનું પરાશ્રિતપણું છે. આહા..હા..! હોય છે, સમકિતીને હોય છે, ક્ષાયિકસમકિતીને પણ એ ભાવ શુભ આવે છે, વ્યવહાર આવે છે, પણ છે બંધનું કારણ. આહા..હા..! આત્મા આનંદનો નાથ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન એનો આશ્રય કરીને જે પરિણતિ પ્રગટ થાય તે વીતરાગી પરિણતિ તે ધર્મ છે. સમજાણું કાંઈ? હવે આમાં એક કલાકમાં કેટલું સાંભળવું? આખી દુનિયાનું જાણે કરી દઉં! આહા..હા..!

અહીં તો આચાર્ય કહે છે કે જે ભગવાન આત્મા સ્વ છે, જે ચૈનત્યઘન છે, ધ્રુવ છે એ જ નિશ્ચયનયનો આશ્રય છે અને તેમાં ધર્મ થાય છે. સ્વને આશ્રયે જ પરિણતિ વીતરાગી દશા (થાય છે). કેમ? કે સ્વ વસ્તુ જે છે એ વીતરાગસ્વરૂપ છે. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, યહી વચનસે સમજ લે જિનપ્રવચન કા મર્મ.' આહા..હા..! 'જિન સો હી હૈ આત્મા...' જિન પરમાત્મા જેવા છે એવો જ આ આત્મા અંદર છે. કેમ બેસે? 'જિન સો હી હૈ આત્મા અન્ય સો હી કર્મ.' અંદર

ભેદાદિ પડે બધું કર્મ પરવસ્તુ, આત્મા નહિ. આહા..હા..! 'યહી વચનસે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' જિન પ્રવચન ત્રિલોકનાથ જિનવરદેવની દિવ્યધ્વનિનો મર્મ તો આ છે. આહા..હા..!

'**આ વ્યવહારનય એ રીતે નિષેધવાયોગ્ય જ છે;...**' ભાષા કેવી છે? '**નિષેધવાયોગ્ય જ છે;...**' આહા..હા..! છેને? '**व्यवहारनय एव**' છેને? સંસ્કૃતમાં શબ્દ છે. '**व्यवहारनय एव किल प्रतिषिद्धः**' એ છેને ભાઈ સંસ્કૃતમાં. '**व्यवहारनय एव किल**' આહા..હા..! '**એ રીતે નિષેધવાયોગ્ય જ છે;...**' આહા..હા..! વ્યવહારનય આવે છે, હોય છે. નય બે છે તો એનો વિષય હોય છે, પણ એક નયનો વિષય વ્યવહારનો એ બંધનું કારણ છે અને ભગવાન પૂર્ણાનંદના નાથનું અવલંબન લઈને પરિણતિ થાય તે આશ્રયે તે મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું પહેલી તો સાંભળવા મળે નહિ, સમજે ક્યાંથી? શું કહે છે એ પકડાય નહિ. આહા..હા..! અને પકડાય પછી પાછી ધારણામાં રાખવી કઠણ પડે અને ધારણામાં રાખીને પછી આ શું કહે છે એની રુચિ કરવી કઠણ પડે. આહા..હા..! એવી વાતું છે, બાપુ! ત્રિલોકનાથ જિનેશ્વરદેવ પરમેશ્વરનો માર્ગ અલૌકિક છે. આહા..હા..!

'કારણ કે...' વ્યવહારનય નિષેધવાયોગ્ય કેમ છે? કહે છે. આહા..હા..! ભગવાન એમ કહે છે કે તું મારી તરફ જોતાં મને માન, એ બધો રાગ છે. કારણ કે અમે પરદ્રવ્ય છીએ. તારું સ્વદ્રવ્ય છે એનાથી અમે પર છીએ. અમને માનતા અને અમારી સામું જોતા તો તને શુભરાગ થાશે વ્યવહાર. એનો અમે નિષેધ કરીએ છીએ કે એ ધર્મ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે. છોકરાઓને પકડાય એવું છે થોડું. પકડે તો, પકડે તો. આહા..હા..! હા, થોડું. આહા..હા..! કઈ રીતે છે એની એને કાંઈક ગંધ-ગંધ ખ્યાલમાં આવવી જોઈએને. આહા..હા..!

બે નય છે—નિશ્ચય અને વ્યવહાર. નિશ્ચયનય એને કહીએ કે જે ત્રિકાળી સ્વરૂપનો આશ્રય લે તે. વ્યવહારનય એને કહીએ કે જે પરનો આશ્રય અને પરની એકતાબુદ્ધિ અને પરનો આશ્રય એને વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! આવું કઠણ પડે માણસને. સંપ્રદાયમાં તો એમ કહે કે વ્રત પાળો, અપવાસ કરો. આહા..હા..! પણ શેના? હજી સમ્યગ્દર્શનના ભાન વિના તારા વ્રત ક્યાંથી આવ્યા? એકડા વિનાના મીંડા આવ્યા બધા. એકડાને શું કહે છે? એક વિનાની શૂન્ય, એક વિનાની શૂન્ય. આહા..હા..! અહીં બે જ વાત કરી. સ્વનો આશ્રય લેતા ધર્મ થાય, પરનો આશ્રય લેતા અધર્મ નામ... આહા..હા..! ચાહે તો એ રાગ થાય એ અધર્મ છે, ધર્મ નથી. ગજબ વાતું, બાપુ! આકરું પડે જગતને શું થાય? માર્ગ તો આવો છે. અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સંતો, દિગંબર મુનિઓ આ રીતે કહેતા આવ્યા છે. સમજાણું કાંઈ? 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' પરમાર્થનો પંથ વીતરાગનો તો એક પ્રકારે આ જ છે. આહા..હા..! અને જેને આ બેઠા એને ભવ રહે નહિ. અહીં તો ભવના અભાવની વાતું છે, બાપા! આહા..હા..! ભવ રહે તો એકવાર સ્વર્ગમાં જાશે, પછી મરીને પાછો ઢોરમાં જાશે, પશુ થાશે. આઠમા દેવલોકમાં સ્વર્ગમાં જાય, અઢાર સાગરની સ્થિતિ મોટી, મરીને પાછો પશુમાં થાય. બોકડો, કાગડો, કૂતરા ને... આહા..હા..!

જેને ભગવાન આત્મા પૂર્ણાનંદના નાથનો આશ્રય નથી... 'પણ વખત મળતો નથી' ઘણા એમ

કહે છે, આવો નિર્ણય કરવા. સંસારના પાપમાં ચોવીસ કલાક રહે. આવું સાંભળવાનું મળે નહિ. સાંભળવાનું મળે નહિ એટલે ઝટ પકડાય નહિ. આહા..હા..! બાપુ! માર્ગ તો પ્રભુ આ છે હોં, એ સમજવો પડશે ભાઈ! આહા..હા..! જન્મ-જરા-મરણના અવતાર કરી-કરીને પ્રભુ હોથા નીકળી ગયા છે. એટલા અવતાર કર્યા છે. આહા..હા..! કીડાના, કાગડાના, કૂતરાના, કંથવાના. આહા..હા..! નિગોદના એક શ્વાસમાં અઢાર ભવ. નિગોદ-નિગોદ આ કંદમૂળ, લીલ, ફૂગ—કાય એમાં એક શ્વાસ, એક શ્વાસમાં અઢાર ભવ. એટલું આયુષ્ય થોડું. એક શ્વાસમાં અઢાર ભવ ઉપરાઉપર કરે. એવા અનંતા-અનંતા ભવ કરી દુઃખી, એ દુઃખી છે, એ દુઃખી છે. એના સ્વ તત્ત્વના આશ્રયની એને ખબર નથી અને પરના આશ્રયથી કાંઈક મારું કલ્યાણ થઈ જશે, એ માન્યતામાં રોકાયેલો અંદર સ્વ તત્ત્વ શું છે તેમાં જઈ શકતો નથી. આહા..હા..!

'કારણ કે **આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ...**' એ આત્મા કહો, સ્વ કહો, ત્રિકાળી એકરૂપ ભાવ કહો. એવા આશ્રિત નિશ્ચયનયનો જે આશ્રય કરે છે એ જ કર્મથી મુક્ત થાય છે, એનો મોક્ષ થાય છે, વ્યવહારવાળાને મોક્ષ થતો નથી. આહા..હા..! ત્યારે વળી એમ કહે છે કે આખો દિ' આ તમે વાત કહો, આ કરો, બધો વ્યવહાર તો કરો છો આખો દિ'. ભાઈ! થાય છે, હોય છે. એ વચ્ચે એવો વિકલ્પ હોય, પણ એ કાંઈ આશ્રય કરવાલાયક નથી. ઘણાં એમ કહે છે કે આ જુઓ પૂજા, મંદિરો કર્યા, માનસ્તંભ થયા, સમવસરણ થયું, ૨૬ લાખનું આ એક મકાન કર્યું. આ બધો વ્યવહાર નથી? પણ એ કોણ કરે? બાપુ! એ વખતેનો ભાવ એનો હોય છે, શુભ હોય છે. સમજાણું? પણ શુભ છે તે ધર્મ છે એમ નથી. આવી વાતું છે. સમજાણું કાંઈ? ખરેખર તો આ ઉપદેશ કરવાનો વિકલ્પ છે એ પણ શુભરાગ છે અને સાંભળવામાં લક્ષ છે એ શુભરાગ છે. આવે ખરો, પણ એ ધર્મ નહિ. આહા..હા..! કારણ કે આ આત્મા. લીધું હતુંને પહેલું? આત્માશ્રિત-સ્વ-આશ્રિત. આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ. 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની.' આહા..હા..! 'નિશ્ચયનયાશ્રિત મુનિવરો...' જે ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો આશ્રય કરે છે તે મુનિઓ મુક્તિને પામે છે. વ્યવહારનો આશ્રય કરનારા ધર્મને પામતા નથી. આહા..હા..! આવી વાતું, ભાઈ! અવલદોમની વાત આખી. ઊગણી-આથમણી વાત લાગે એટલે આ કહે શું કહે છે આ? બાપુ! મારગડા જુદાં પ્રભુ તારા. અપૂર્વ વસ્તુ. અનંતકાળમાં દુઃખી થઈને દુઃખથી મુક્ત થવાનો પંથ તો પ્રભુનો કોઈ અલૌકિક છે. આહા..હા..!

એ અહીં કહે છે કે નિશ્ચય જે આત્મા ભગવાન સ્વવસ્તુ જે ધ્રુવ આનંદકંદ સહજાનંદ. આહા..હા..! એ તો ઓલામાં સ્તુતિમાં આવ્યું નહોતું? કહ્યું નહોતું? 'સહજાનંદી રે આત્મા...' એ શ્વેતાંબરમાં ચાર પુસ્તક આવે છે—સજ્ઝાયમાળા. અમે એમાં હતાને પહેલાં સ્થાનકવાસીમાં. અમારા પિતાજી સ્થાનકવાસી હતા. એમાં જન્મ હતો. અમારી દુકાન હતી પાલેજમાં. ગુજરાત છેને પાલેજ? એટલે આ બધી ચાર ચોપડી મગાવીને ત્યાં એ બધું વાંચેલું. નાની ઉંમરમાંથી અમારે વાંચન, ૬૫ની સાલથી. એમાં આ આવે છે. 'સહજાનંદી રે આત્મા સૂતો કંઈ નિશ્ચિંત રે.' પ્રભુ! તું સૂતો ક્યાં? તારું સ્વરૂપ શું છે એને જાણ્યા

વિના? 'સૂતો કંઈ નિશ્ચિંત રે, મોહતણા રણીયા ભમેં.' જયંતિભાઈ! આ તો નાની ઉંમરમાંથી બધા વાંચેલાને. ૬૫ની સાલની વાત છે આ તો. કેટલા વર્ષ થયા? ૬૮ વર્ષ થયા ૬૮. ૬ અને ૮. દીક્ષા લીધા ૬૪ થયા. એના પહેલાંની વાત છે. દુકાન ઉપર. ઘરની દુકાન હતી પિતાજીની. પાલેજ છેને ભરૂચ અને વડોદરા વચ્ચે. ત્યાં દુકાન ચાલે છે, મોટી દુકાન છે. પાંચ વર્ષ તો દુકાન ઉપર મેં ચલાવી હતી, પણ નાની ઉંમરમાં. ૧૭ વર્ષથી ૨૨ વર્ષ. ૬૮માં દુકાન છોડી. ત્યાં આ બધું વાંચેલું દુકાન ઉપર. પહેલેથી રસ હતો ખરોને. એમાં આ આવ્યું હતું. 'સહજાનંદી રે આત્મા સૂતો કંઈ રે નિશ્ચિંત રે.' અરે..! શું નિશ્ચિંત થઈને કેમ સૂતો છો? તારી શું ચીજ છે એની તને ખબર નથી, પ્રભુ! આહા..હા..! 'મોહતણા રે રણીયા ભમે.' ..પર તરફની એકતાબુદ્ધિનો ભાવ મોટા ચોર ફરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! 'જાગ જાગ રે મતિવંત રે.' હે મતિવંત! જાગને હવે જાગ. તારી સ્વરૂપની જાગૃતિ કર. તું આનંદકંદ છો નાથ! સચ્ચિદાનંદ સ્વરૂપ પ્રભુ તારું છે. આ રાગ અને પુણ્ય-પાપ એ તારું સ્વરૂપ નથી.

કોણ જાણે પણ આ સંસાર એવોને. જેને છોકરા-છોડી ન હોય એ કોકના રાખીને પણ ઉપાધિ કરે જીવો. એ રાતે કહ્યું હતુંને. ત્રંબકભાઈનું કહ્યું હતું, મગનભાઈનું કહ્યું હતું. મગનભાઈનું કહ્યું હતું રાતે. અમારા ત્રંબકભાઈને છોકરા-છોડી નહિ. દેરની. દેર શું કહેવાય? ભાઈની દીકરી લીધી. કોણ જાણે આખો દિ' આ પાપમાં પડ્યા અને આ આત્માનું કરવું નહિ? એને સૂઝ પડતી નથી. આહા..હા..! અહીં એ કહે છે 'જાગ જાગ રે મતિવંત રે, લૂંટે જગતને જંથ' એ જગતના પ્રાણી લૂંટે. બાયડી, છોકરા કહે કે શું કરવા અમને પરણ્યા હતા? નભાવવા પડશે, અમારું .. કરવું પડશે. 'લૂંટે જગતના જંત નાખી વાંક અનંત.' વાંક નાખે માથે. શું કરવા પરણ્યા હતા ત્યારે? ઘરડી પરણવી હતીને. જુવાન પરણ્યા ને તમે આમ છોડી દેશો? ફલાણું-ઢીંકણું. એ અજ્ઞાની અનેક પ્રકારે બોલે. આહા..હા..! 'કોઈ વિરલા ઉગરંત રે...' આહા..હા..! વિરલા ઉગરંત. આહા..હા..!

અહીં એ કહે છે કે નિશ્ચયનો આશ્રય કરનારો મુક્તિને પામે છે. વ્યવહારને આશ્રય કરનારા મુક્તિને પામતા નથી. આહા..હા..! આ આકરું લાગે માણસને. છે? '**નિશ્ચયનો આશ્રય કરનારાઓ જ...**' 'જ' છે. આ તો એકાંત થઈ ગયું. ભાઈ! કથંચિત્ વ્યવહારથી પણ મોક્ષ થાય અને કથંચિત્ નિશ્ચયથી (થાય એમ) અનેકાંત કરો, એમ કહે છે અજ્ઞાની. એમ છે જ નહિ. એ કથંચિત્ એ અનેકાંત કહેવાય જ નહિ, એ તો એકાંત છે. આત્માને આશ્રયે ધર્મ મુક્તિ થાય, પરને આશ્રયે ત્રણકાળમાં થાય નહિ. એનું નામ અનેકાંત છે. આ લોકો અનેકાંત એ રીતે અજ્ઞાની ઠરાવે છે. એકાંત ન કહો, વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી પણ થાય. એ એકાંતથી તો એકાંત છે, અનેકાંત ક્યાં આવ્યું ત્યાં? આહા..હા..!

આ છે જોયું! '**આત્માશ્રિત નિશ્ચયનયનો આશ્રય કરનારાઓ જ મુક્ત થાય છે અને પરાશ્રિત વ્યવહારનયનો આશ્રય તો એકાંતે નહિ મુક્ત થતો એવો અભવ્ય પણ કરે છે.** ' અભવિ પણ એવા પંચમહાવ્રત ને બધું અનંતવાર હજારો રાણી છોડી, પંચમહાવ્રત, શીલ, સંયમ એવા પાળ્યા જેનાથી પુણ્ય થઈને સ્વર્ગમાં ગયો અનંતવાર. આહા..હા..! '**પરાશ્રિત વ્યવહારનયનો આશ્રય તો એકાંતે નહિ મુક્ત થતો...**' કોઈ દિ' મુક્તિ ન થનારો એમ કહે છે. કોઈ દિ' મુક્તિ ન

થનારો એવો અભવિ પણ વ્યવહારનો આશ્રય તો કરે છે. વ્યવહારના આશ્રયથી લાભ થાય તો તો એને મોક્ષનો લાભ થવો જોઈએ. આહા..હા..! વ્યવહાર બંધનું કારણ છે એમ એણે નક્કી કરીને સ્વનો આશ્રય લેવો એ મોક્ષનું કારણ છે. એ મોક્ષના કારણ માટે પરનું કારણ એની જરૂર અપેક્ષા છે નહિ. હો ખરી, પણ એની અપેક્ષા નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ચૈત્ર સુદ-૨, સોમવાર, તા. ૨૧-૦૩-૧૯૭૭, ગાથા-૨૭૨-૨૭૩, પ્રવચન નં. ૩૨૯

સમયસાર, ૨૭૨ ગાથાનો ભાવાર્થ છે. '**આત્માને...**' વ્યવહાર-નિશ્ચયની વ્યાખ્યા છે. '**પરના નિમિત્તથી જે અનેકભાવો થાય છે...**' પરના સંયોગથી-નિમિત્તથી અનેક ભાવો જે સ્વભાવથી વિપરીત અનેક પ્રકારના થાય છે '**તે બધા વ્યવહારનયના વિષય હોવાથી...** ' વ્યવહારનયનો વિષય છે ઇ. એટલે કે સ્વાશ્રય વિના એકલી પરદ્રવ્યની એકતાબુદ્ધિ અને પરદ્રવ્યને આશ્રયે થતા ભાવ (એ વ્યવહારનયનો વિષય છે).

**શ્રોતા :–**

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ એનો આશ્રય નથી. એનું જ્ઞાન છે જ્ઞાનીને. અહીં તો આશ્રય છે એની વાત ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારનય પરને આશ્રયે છે. નિશ્ચય સ્વને આશ્રયે છે. સ્વ નામ ત્રિકાળી જ્ઞાયકભાવ એને આશ્રયે જે દૃષ્ટિ નિશ્ચય (થાય) એ મોક્ષનું કારણ છે. પરને આશ્રયે થયેલો વ્યવહાર એ બધું બંધનું કારણ છે. એથી '**વ્યવહારનય તો પરાશ્રિત છે,...**' સમજાણું કાંઈ? હોંકારા (માટે) કો'ક બીજો બેસશે. એ નહિ એને આવડે. જરી હોંકારો જોઈએ છેને સામે? કાંતિભાઈ આવો કાંતિભાઈ. મોઢા આગળ બેસો. હોંકારામાં વિસામો છેને થોડો.

શું કહ્યું? જેટલો આ આત્મામાં પરવસ્તુને અવલંબે થતો ભાવ એ બધો વ્યવહારનયનો પરાશ્રિતભાવ (છે), માટે વ્યવહારનયનો વિષય છે. સમજાણું? એ વ્યવહારનય તે પરાશ્રિત છે. લ્યો! એનો સિદ્ધાંત કહ્યો. સ્વ-આશ્રિત નિશ્ચિય. ત્રિકાળી સ્વ નામ ત્રિકાળી જ્ઞાયકભાવ. અભેદભાવ ત્રિકાળી ચૈતન્ય સ્વભાવભાવ જેને જ્ઞાયક કહ્યો છઠ્ઠી ગાથામાં, એ જ્ઞાયકભાવ સ્વ છે અને એને આશ્રયે થતો ભાવ તે નિશ્ચય છે, એને આશ્રયે થતો ભાવ તે મોક્ષનો માર્ગ છે, એને આશ્રયે થતો ભાવ તે અબંધ પરિણામ છે. આહા..હા..! અને જેટલો પરદ્રવ્યનો આશ્રય થાય, લક્ષ જાય એને આશ્રયે જે ભાવ થાય એ પરને આશ્રયે થયેલું લક્ષ છે માટે વ્યવહારનય છે. આહા..હા..!

'**અને જે એક પોતાના સ્વભાવિકભાવ છે...**' પોતાનો સ્વભાવિક ભાવ છે. જોયું! ત્રિકાળી.

ચૈતન્યસ્વભાવ જેને જ્ઞાયકભાવ કહ્યો છઠ્ઠી ગાથામાં, ૧૧મીમાં પણ જેને ભૂતાર્થ કહ્યો એ આ જ્ઞાયકભાવ સ્વભાવિકભાવ. આહા..હા..! '**જે એક પોતાના...**' જોયું! ઓલામાં અનેક હતું. વ્યવહાર, આત્માને પરના નિમિત્તથી અનેક ભાવો થાય એમ હતું. છેને? આની સામે એક કહ્યું. ઓલા પરના નિમિત્તથી થતા એમાં અનેકભાવ છે એમ કહેવું છે, અનેક અને સ્વને આશ્રયે જે જ્ઞાયકભાવ છે, એક ભાવ છે. આહા..હા..! એક પોતાનો સ્વભાવિકભાવ છે '**તે જ નિશ્ચયનયનો વિષય હોવાથી...**' તે જ સત્યદૃષ્ટિનું ધ્યેય અને વિષય હોવાથી. આહા..હા..! '**નિશ્ચયનય આત્માશ્રિત છે.**' એ સમ્યગ્જ્ઞાનનો ભાવ શુદ્ધનયનો ભાવ તે આત્માશ્રિત છે. એ આત્મા એટલે સ્વ ત્રિકાળી જ્ઞાયકભાવ તે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું ઝીણું પડે માણસને પછી શું થાય? વસ્તુસ્થિતિ એવી છે ત્યાં.

**શ્રોતા :-** નિશ્ચય એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચય એટલે સત્ય વસ્તુ જે ત્રિકાળી છે તેનો આશ્રય લેવો એ નિશ્ચય અને પરનો આશ્રય લેવો એ અનેકપણાનો ભાવ એ વ્યવહાર. સ્વનો આશ્રય એકપણાનો આશ્રય લેવો તે નિશ્ચય. આહા..હા..! સમજાણું કાંઈ?

બે વાત છે. એક કોર ત્રિકાળી ભગવાન ભૂતાર્થ જેને કહ્યો, જેને જ્ઞાયકભાવ કહ્યો એ એક સ્વભાવરૂપ ભાવ ત્રિકાળ. તે નિશ્ચયનો વિષય છે, તે સમ્યગ્દર્શનનો વિષય છે, તે યથાર્થ દૃષ્ટિનો તે વિષય. ઝીણી વાત, બાપુ! માર્ગ અત્યારે એવો ફેરફાર થઈ ગયો છે એટલે સત્યને પહોંચી વળવું કઠણ બહુ. આહા..હા..! વસ્તુ તો સત્ય છે, એકરૂપ સ્વભાવ છે, ત્રિકાળી સદૃશ્યરૂપ ભાવ છે, ત્રિકાળી સત્યાર્થ, ભૂતાર્થ, યથાર્થ એકરૂપ ત્રિકાળ સ્વભાવ છે એ જ સમ્યગ્દર્શનનો વિષય છે. નિશ્ચયનયનો વિષય કહો કે સમ્યગ્દર્શનનો (વિષય કહો). આ વાત એવી છે, બાપુ! આહા..હા..! સમજાણું કાંઈ?

અને વ્યવહારનય. પહેલી વાત થઈ ગઈ. '**અધ્યવસાન પણ વ્યવહારનયનો જ વિષય છે...**' એટલે? આ આત્મા સિવાય પરદ્રવ્યની કોઈપણ પર્યાયને હું કરી શકું એવો જે અધ્યવસાય તે પણ પરદ્રવ્ય આશ્રિત હોવાથી નિષેધ છે. છે? '**અધ્યવસાન પણ વ્યવહારનયનો જ વિષય છે.**' હું પરને જીવાડી શકું, મારી શકું, અનુકૂળ સંયોગો દઈ શકું, પ્રતિકૂળ સંયોગો બીજાને દઈ શકું... આહા..હા..! એવો જે અધ્યવસાય, અધ્યવસાય એટલે એકત્વબુદ્ધિ ત્યાં થઈ. આહા..હા..! બીજાઓને નભાવી શકું, બીજાઓને હું સમજાવી શકું, બીજાઓને હું બંધનમાં નાખી શકું, બીજાઓને હું મોક્ષમાર્ગ પમાડી શકું. આહા..હા..! એનાથી હું એને સમજાવી દઉં અને એ સમજે એને અધ્યવસાન કહેવામાં આવે છે. અધ્યવસાન એટલે એકત્વબુદ્ધિ, પરદ્રવ્યની સાથે એકત્વબુદ્ધિ.

**શ્રોતા :-** સ્વની પરમાં એકપણાની માન્યતા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવી ગઈ છે વાત. આ તો ભાવાર્થમાં લીધું છેને.

'**અધ્યવસાન પણ વ્યવહારનયનો જ વિષય છે તેથી અધ્યવસાનનો ત્યાગ...**' હવે ઓલો પરની એકતાબુદ્ધિમાં અધ્યવસાયનો ત્યાગ કરાવ્યો, '**તે વ્યવહારનયનો જ ત્યાગ છે,...**' એ પરાશ્રિત વ્યવહાર છે તેનો જ એમાં ત્યાગ કરાવ્યો છે. એટલે? કે પરને જીવાડી શકું, મારી શકું, દયા

પાળી શકું એ તો એકત્વબુદ્ધિ મિથ્યાત્વભાવ, એ અધ્યવસાનને છોડાવતા વ્યવહારને જ છોડાવ્યો છે. એટલે કે પરની એકતાબુદ્ધિ તો છોડાવી, પણ પરની એકતાબુદ્ધિ વિના પરને આશ્રયે થતો ભાવ એ પણ છોડાવ્યો છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે. '**અધ્યવસાનનો ત્યાગ તે વ્યવહારનયનો જ ત્યાગ છે,...**' એમ કીધુંને? આહા..હા..!

'**અને પહેલાની ગાથાઓમાં અધ્યવસાનના ત્યાગનો ઉપદેશ છે તે વ્યવહારનયના ત્યાગનો જ ઉપદેશ છે.**' એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? બે પ્રકાર લીધા. આ આત્મા જ્ઞાયકસ્વભાવ ત્રિકાળી પ્રભુ એ જ નિશ્ચયનો આશ્રય અને વિષય છે, એ જ સમ્યગ્દર્શનનો વિષય છે. હવે વ્યવહારના આશ્રયમાં બે પ્રકાર કે પોતે આત્મા પર આત્માનું કે પર શરીરના રજકણો આદિનું જડનું કાંઈક કરે એ એકત્વબુદ્ધિને અધ્યવસાય કહે છે, એ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવને છોડાવ્યો છે એમાં વ્યવહારનો આશ્રય છોડાવ્યો છે એમ કહે છે. આહા..હા..! પરને આશ્રયે થતાં વ્રત ને નિયમ ને તપ ને ભક્તિ ને પૂજા એ બધો વ્યવહાર છે તેને છોડાવ્યો છે. છોડાવ્યો છે એટલે? તે દૃષ્ટિનો વિષય નથી, આશ્રય છોડ એનો. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત ઘણી.

'**આ પ્રમાણે નિશ્ચયનયને પ્રધાન કરીને...**' મુખ્ય કરીને. વ્યવહારનય છે ખરી, પણ તેને ગૌણ કરીને તેનો ત્યાગ કરાવ્યો છે. આહા..હા..! '**વ્યવહારનયના ત્યાગનો ઉપદેશ કર્યો છે, તેનું કારણ એ છે કે જેઓ નિશ્ચયને આશ્રયે પ્રવર્તે છે તેઓ કર્મથી છૂટે છે...**' આહા..હા..! જે એકરૂપ જ્ઞાયકસ્વભાવભાવ એને આશ્રયે વર્તે તેની મુક્તિ થાય, એને ધર્મ થાય. આહા..હા..! એકરૂપ ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, ભૂતાર્થભાવ એને આશ્રયે વર્તે તેને ધર્મ થાય એટલે કે મુક્તિ થાય. સમજાણું કાંઈ? '**અને જેઓ એકાંતે વ્યવહારનયના જ આશ્રયે પ્રવર્તે છે...**' એટલે? એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા એવો વ્યવહારભાવ એને આશ્રયે જે પ્રવર્તે છે એ તો બંધનને પામે છે. '**તેઓ કર્મથી કદી છૂટતા નથી.**' આહા..હા..! આ મોટા વાંધા આખા અત્યારે. વ્રત કરવા, અપવાસ કરવા એ આવશે વિશેષ હોં.

'**હવે પૂછે છે કે અભવ્યજીવ પણ વ્યવહારનયનો કઈ રીતે આશ્રય કરે છે?**' આવો જે વ્યવહાર તમે કીધો એ તો અભવિ પણ આશ્રય કઈ રીતે કરે છે? ભવિ તો કરે છે, અનંતવાર કર્યો, પણ અભવિ પણ કઈ રીતે કરે છે? છતાં તેનો ધર્મ હોતો નથી. '**તેનો ઉત્તર કહે છે :—**'

वदसमिदीगुत्तीओ सीलतवं जिणवरेहि पण्णत्तं।
कुव्वंतो वि अभव्वो अण्णाणी मिच्छदिट्ठी।।२७३।।
**જિનવર કહેલાં વ્રત, સમિતિ, ગુપ્તિ વળી તપ-શીલને**
**કરતાં છતાંય અભવ્ય જીવ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે. ૨૭૩.**

આ તો દૃષ્ટાંત આપ્યો છે હોં અભવિનો. અભવિ જીવ કોઈ દિ' ધર્મ ન પામે એ જીવો પણ જિનવરે કહેલા વ્રતાદિને તો પાળે છે. જિનવરે કહેલા હોં! અજ્ઞાનીએ કહેલાની વાત નહિ. આહા..હા..!

'જિનવરે કહેલું' પાઠમાં છે. ટીકામાં 'જિનવર કહેલું' નહિ કહેતા પરિપૂર્ણ શબ્દ નાખીને 'જિનવરે

કહેલું' એમ કહેવા માગે છે. શું કહ્યું ઈ? જિનવર કહેલા વ્રત આદિ જે પાઠ છે એ પાઠના અર્થમાં જિનવર કહેલો શબ્દ ટીકામાં નહિ લે, પણ એના અર્થમાં એ લેશે કે શીલ અને તપથી પરિપૂર્ણ. એ જિનવર કહેલાની વ્યાખ્યા આવી. અજ્ઞાનીઓએ કહેલાની તો વાત છે જ નહિ કહે છે, પણ જિનવરે કહેલા સર્વજ્ઞ ત્રિલોકનાથે જે વ્રત, તપ, ભક્તિ, પૂજા કહ્યું એને પરિપૂર્ણ પાળે છે ઈ અભવિ. આહા..હા..! સમજાણું કાંઈ? એની લાંબી વ્યાખ્યા છે થોડી તપની.

'શીલ...' રાગની મંદતાનું આચરણ પણ પરિપૂર્ણ કરે છે, કહે છે. આહા..હા..! શુભભાવનું આચરણ પણ શીલસ્વભાવ નહિ, પણ રાગની મંદતારૂપી શીલ એને પરિપૂર્ણ રીતે પાળે છે, છતાં એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! 'તપ...' અનશન-અનશન. અનશન છેને? એ પણ છ-છ મહિનાના અપવાસ અને તે પાણી વિનાના એવા અનશન પણ એ પરિપૂર્ણ પાળે છે. ઝીણી વાત છે, પ્રભુ! માર્ગ જુદો છે, ભાઈ! એક તો નવરાશ નથી જાણે સંસારના ઓલા આડે. ધંધા આડે નવરાશ ન મળે. કોક દિ' સાંભળવા મળે તો ઓલા માથે બેઠો ઈ કહે જય નારાયણ. ... આહા..હા..! બાપુ! વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વર એનો માર્ગ કોઈ અલૌકિક જુદો છે.

અહીંયાં જિનવરે કહેલાની વ્યાખ્યામાં પરિપૂર્ણ શબ્દનો અર્થ જ એ છે. કારણ કે જિનવર કહેલા વ્રત આદિ, જપ તપ આદિ છે એવી વાત ત્યાં અન્યમતિમાં ક્યાંય હોઈ શકે નહિ, એવો વ્યવહાર હોઈ શકે નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રિલોકનાથ જિનવરદેવે જે વ્યવહાર કહ્યો ચરણાનુયોગમાં.. આહા..હા..! એ વ્યવહારમાં એના શીલ નામ રાગની મંદતાના .. કેવળ પૂર્ણ સ્વભાવ એવો પરિપૂર્ણ શુભભાવ કરે. અનશન પણ પૂર્ણ છ મહિનાના અપવાસ કરે છે. એ તપમાં જાય છે. ઉણોદરી—એક કવળ લે નહિ. બત્રીસ કબળનો આહાર હોય અને એકત્રીસ કવળે છોડી દે. એવો ઉણોદરી તપ અનંતવાર અભવિ કરે છે, એ રીતે ભવિ પણ અનંતવાર કરે છે. સમ્યગ્દર્શનના આત્માના આશ્રય વિના, આહા..હા..!

વૃત્તિ સંક્ષેપ—બે ઘરમાં જાવું વહોરવા કે એકમાં જાવું. સંકોચે છે. કાયક્લેશ—છ-છ મહિના સુધી આમ ઊભા રહે. એવી ક્રિયા કરે, પણ એ બધું બંધનું કારણ છે, આહા..હા..! વ્યવહાર છે. જિનવર કહેલો વ્યવહાર બંધનું કારણ છે હોં. આહા..હા..! જેને અંતર ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવરૂપી ચૈતન્ય તત્ત્વ. એનો જેને આશ્રય, અવલંબ, આધાર લીધો નથી. એ વિનાના પ્રાણી આ .. કરે એ સંસાર છે. ચાર ગતિમાં રખડવાનો ... છે. આહા..હા..! રસપરિત્યાગ—દૂધ, દહીં, ખાંડ, સાકર જાવજીવ ન ખાય. કેરીનો રસ.. સમજાણું કાંઈ? એ રસનો ત્યાગ કરે છે. ગોળ, મીઠું. મીઠાનો ત્યાગ કરે. સાકર, દૂધ, દહીં, પકવાન એ રસનો ત્યાગ કરે છે, છતાં એ તો રાગ છે કહે છે, એને આત્મરસ આવ્યો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આનંદરસ પ્રભુ એ એને જાગ્યો નથી અને એને એણે જગાડ્યો નથી. ફક્ત આ બહારના રસત્યાગમાં મશગુલ. આત્મા કાંઈક ધર્મ કર્યો. આહા..હા..! જયંતિભાઈ! છે અંદર છે? કોક દિ' સાંભળવા મળે તો ઓલા .. ધંધા આડે નવરાશ ક્યાં મળે છે? આ એમાં આવું પાછું સાંભળવાનું મળે ઝીણું. આહા..હા..! બહુ આકરું છે, બાપુ! વીતરાગનો માર્ગ.

આહા..હા..!

રસપરિત્યાગ, કાયક્લેશ. છ-છ મહિના સુધી... છતાં તે વિકલ્પ છે, શુભરાગ છે. .. ઇન્દ્રિયનું દમન પાંચેય ઇન્દ્રિયનું. આંખથી કોઈને જોવે નહિ, કાનથી સાંભળે નહિ પોતાની નિંદા. એવો ઇન્દ્રિયનો નિગ્રહ પ્રતિશલિનતા. આહા..હા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નહિ થાય. પછી થાય સંસાર રખડવાનો. એ માટે તો આ વાત કરે છે. વ્યવહારનો ત્યાગ કેમ છે અને નિશ્ચયનો આશ્રય લેવાયોગ્ય કેમ છે? વ્યવહારનયમાં રાગની જ ક્રિયા બધી આવે છે. પરાશ્રય .. આવે છે. એમાં આત્માનો આશ્રય કાંઈ આવતો નથી. આહા..હા..!

પ્રાયશ્ચિત—એવા કોઈ પાપ લાગે તો પ્રાયશ્ચિત લે આકરા. જુઓને, આ છ-છ મહિનાના અપવાસના પ્રાયશ્ચિત લે. એ લે પણ એ બધો ભાવ શુભ છે, એ કોઈ ધર્મ નથી. આહા..હા..! વિનય—દેવ-ગુરુ અને શાસ્ત્ર સાચા અરિહંત દેવ ત્રિલોકનાથ ગુરુ, નિર્ગ્રંથ મુનિ અને ભગવાનના કહેલા શાસ્ત્રો એનો બહુ વિનય કરે બહુ વિનય કરે. આહા..હા..! છતાં એ પરદ્રવ્યનો જે વિનય છે એ શુભભાવ છે. સમજાણું કાંઈ? વિનય મોક્ષનો દરવાજો છે એમ કહ્યું છેને ત્યાં? શ્રીમદ્‌માં લખ્યું છે એ. .. બીજો વિનય. આહા..હા..! ભગવાન આનંદનો નાથ પ્રભુ એનો વિનય, એનો સત્કાર અને સ્વભાવ. એનો આદર એનું નામ વિનય છે. એ વિનય વિનાના દેવ, ગુરુ ને શાસ્ત્ર, ભક્તિ અનંતવાર કરી, વિનય અનંતવાર કર્યો. આહા..હા..!

શેઠ! શેની વ્યાખ્યા ચાલે છે આ? તપની. તપ છેને તપ? એની આ વ્યાખ્યા ચાલે છે. '**તપથી પરિપૂર્ણ,...**' તપથી પરિપૂર્ણ પાળે છે. એ વીતરાગની આજ્ઞા પ્રમાણે રસનો ત્યાગ અને આદિ પ્રાયશ્ચિત અને વિનય કરે છે. આહા..હા..! સર્વજ્ઞના કહેલા દેવ-ગુરુ-શાસ્ત્ર અને સર્વજ્ઞે કહેલો તેનો વિનય વ્યવહારે એવો વિનય પણ એ કરે છે. અભવિ. કોઈ દિ' ધર્મ થતો નથી એવું આ કરે છે, પણ પરાશ્રિત. આહા..હા..! વિનય આવી ગયુંને? દેવ-ગુરુ-શાસ્ત્ર. અરે! પ્રતિમા. ભગવાનની પ્રતિમા, એની મૂર્તિ, એની જાત્રા. આહા..હા..! બહુ વિનય. ભગવાનની મૂર્તિ દેખીને જય પ્રભુ. મહાવીરના નાથની જય. એ બધો વિનય છે, પણ પરદ્રવ્યનો આશ્રયનો રાગ છે. આહા..હા..! .. એ કહ્યા છે.

સાચા દેવ-ગુરુની વયાવચ્ચ કરે, સેવા કરે. એ અભવિ પણ એવું અનંતવાર કરે છે. એ કાંઈ ધર્મ નથી. બહુ આકરી વાત છે. વર્તમાન માણસને આ વાત પચાવવી કઠણ છે. વિનય, વયાવચ્ચ, સજ્ઝાય, શાસ્ત્રનો સ્વાધ્યાય કરે. આખો દિ' શાસ્ત્ર... શાસ્ત્ર... શાસ્ત્ર... વાંચન... વાંચન... વાંચન... આહા..હા..! એ પણ વિકલ્પ છે એ તો રાગ છે, એ વ્યવહાર છે, બંધનું કારણ છે. શેની વ્યાખ્યા ચાલે છે આ? તપની પરિપૂર્ણની વ્યાખ્યા ચાલે છે. આહા..હા..! સજ્ઝાય શાસ્ત્રનો સ્વાધ્યાય કરે. હજારો શ્લોકો કંઠસ્થ કરે અને આમ પાણીના પૂરની પેઠે ભાષા બોલે. આહા..હા..! અમારે સંપ્રદાયમાં રિવાજ હતો. સંપ્રદાયમાં સાંજે પડિક્કમણું થઈ રહેને. પછી અમારે સૌને. .. મારે વધારું હતું. પાંચ-છ હજાર શ્લોક કંઠસ્થ. છ હજાર શ્લોક કંઠસ્થ. તે રાત્રે હીરાજી મહારાજ. હજાર-પંદરસો શ્લોક હંમેશા સ્વાધ્યાય.

પહેલા ત્યાં ચર્ચા બર્ચા હતી નહિ. માણસ આવે તો સાંભળે બેઠા હોય તો. બબ્બે હજાર શ્લોક બે કલાક, પાંચ કલાક ..સજ્ઝાય કરીએ. ... .. એવો પાઠ છેને. તો પહેલા એક પહોરે બબ્બે હજાર શ્લોક કરતા. પણ કાંઈ ખબર નહિ વસ્તુની. આહા..હા..! શું કીધું?

**શ્રોતા :-** શ્વેતાંબર ધર્મ તો પાળ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શ્વેતાંબર ધર્મ જ હતો કે દિ'? આહા..હા..! અહીં તો દિગંબરમાં આવી વાત કરતા હોય તો ધર્મ નથી એમ કહે છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

કુંદકુંદાચાર્ય મહારાજ અને અમૃતચંદ્રાચાર્ય .. આમ કહે છે કે જિનવર ત્રિલોકનાથે કહેલા વ્રત, ભગવાને કહેલો તપ, ભગવાને કહેલો વિનય. આહા..હા..! એ કુગુરુ, કુદેવને તો વિનય કરે નહિ. સમજાણું કાંઈ? એ દેવ, ગુરુ અને શાસ્ત્ર ભગવાને કહેલા, એનો વિનય પણ વ્યવહાર છે, પુણ્ય છે. પરદ્રવ્ય આશ્રય જે ભાવ છે એ બધો વ્યવહાર છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! સમ્યગ્દર્શન શું ચીજ છે અને એનું માહાત્મ્ય શું છે એ લોકોને ખ્યાલમાં નથી. આ બાહ્યથી ત્યાગ કર્યો ને આ વ્રત કર્યા, બ્રહ્મચર્ય પાળ્યા અને ગૃહસ્થાશ્રમ છોડ્યો, લૂગડા છોડ્યા અને નગ્નપણું થયું ને થઈ ગયો ત્યાગી. બિલકુલ અજ્ઞાન છે કહે છે. જ્યાં આગળ આત્મા આનંદનો નાથ પ્રભુ એક સ્વભાવી વસ્તુ એનો આશ્રય આવે નહિ ત્યાં સુધી આ બધો પરાશ્રય બધો વ્યવહાર બધું બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

પરિપૂર્ણ. ધ્યાન. એ ધ્યાન કરે. સમ્યગ્દર્શનસહિતનું ધ્યાન નહિ, પણ આમ વિકલ્પ ઘટાડીને. વિકલ્પવાળું ધ્યાન અનંતવાર કર્યું. અભવિએ કર્યું અને ભવિએ પણ કર્યું. સમજાણું કાંઈ? આત્મા આનંદસ્વરૂપનું ધ્યાન એ નહિ, પણ અંદરમાં વિચાર ને વિકલ્પની લાગણીમાં ઊભો રહીને ધ્યાન કાંઈક કરું છું એવા વિકલ્પનું ધ્યાન પણ અનંતવાર કર્યું છે. સમજાણું કાંઈ? એ પણ ધ્યાન જિનવરે કહેલો વ્યવહાર તે. તે વ્યવહારનું ધ્યાન. આહા..હા..! આ તો અંદર છે એનો અનુવાદ થાય છે કે નહિ? એમાં કેટલાક એમ કહે કે ઘરનું નાખે છે આ. અર્થ ફેરફાર. પણ આની વ્યાખ્યા શું છે આ? તપથી પરિપૂર્ણ એની વ્યાખ્યા જિનવરે કહેલો વ્યવહાર એને પરિપૂર્ણતાથી પાળે છે. આહા..હા..!

ધ્યાન. સજ્ઝાય જાણે એવી ... કાયોત્સર્ગ. મહિનો-મહિનો, બબ્બે મહિના સુધી આમ. સ્થિરબિંબ થઈને ઊભો રહે, પણ એ બધી ક્રિયાઓ પરાશ્રયની-રાગની છે. જિનવરે કહેલો કાયોત્સર્ગ જે વ્યવહાર હોં એ વ્યવહાર. નિશ્ચય ચારિત્ર તો આત્મા આનંદમૂર્તિમાં જિનમાં સ્થિર થવું એ કાયોત્સર્ગ છે. આનંદસ્વરૂપ ભગવાન આત્મા એમાં અંદરમાં દૃષ્ટિ સમ્યગ્દર્શન સહિતમાં લીન થવું કાયોત્સર્ગ. એ વિકલ્પરૂપી કાયાને પણ છોડી દેવી એમાંથી. આહા..હા..! કાયોત્સર્ગ. કાયા એટલે કર્મ, કર્મને કારણે ફેરવ્યો વિકલ્પ એ બધો કળા છે. એનો ત્યાગ થઈને આત્મા આનંદમાં રમવું એ કાયોત્સર્ગ છે. એ નિશ્ચય કાયોત્સર્ગ વિના એકલા વ્યવહાર કાયોત્સર્ગ આમ ભગવાન પાસે ઊભા રહેવું. એ બધો કાયોત્સર્ગ પણ એવા અનંતવાર અભવિએ કર્યા લે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** કાયોત્સર્ગ (નહિ કરે તો) સાચું કાયોત્સર્ગ કેમ થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખોટું કાયોત્સર્ગ કરે તો સાચું થાય? એના માટે તો આ વાત ચાલે છે. એને વ્યવહાર તપ કરે છે, છતાં એને સમ્યગ્દર્શન થતું નથી. આ તો અભવિનો દૃષ્ટાંત દીધો છે હોં! ભવિએ અનંતવાર આવું કર્યું છે. કેમકે નવમી ગ્રૈવેયક ગયો અને એ શાસ્ત્રમાં લેખ છે અનંતા પુદ્ગલ પરાવર્તન કર્યા. નવમી ગ્રૈવેયકના અનંતા પુદ્ગલ પરાવર્તન. એ પુદ્ગલ પરાવર્તના અનંતમા ભાગમાં અનંતા ભવ થાય. આહા..હા..! એવા અનંતા પુદ્ગલ પરાવર્તન ભવિ જીવે, દિગંબર નગ્ન મુનિ થઈ, સાધુ થઈ, પંચમહાવ્રત પાળ્યા. આ બધું આવું કર્યું એણે અનંતવાર. આહા..હા..! પણ આત્મા અંદર આનંદનો નાથ પ્રભુ સ્વાશ્રય ચૈતન્ય ભગવાન, એની દૃષ્ટિ કરી અને એનો આશ્રય લીધો નહિ. આહા..હા..! છે એમાં નહિ રહે. આ તપના બારેય આવી ગયા. આહા..હા..!

આ તો ભગવાન સિદ્ધાંત શાસ્ત્રકારે કહ્યો છે તેનું વિસ્તારનું કથન છે આ તો. વસ્તુ અહીં ઘરની નથી. વસ્તુસ્થિતિ કહી છે એમાં. આહા..હા..! સમજાણું કાંઈ? શીલ અને તપથી પરિપૂર્ણ એવું પાળ્યું એણે અભવિ જીવે, પણ કાંઈ ધર્મ ન થયો. આહા..હા..! જ્ઞાનીને પણ એ ભાવ આવે ખરો. સ્વનો આશ્રય લીધો છે, ધર્મ થયો છે એને પરિપૂર્ણ હોય તો આવે પણ છે એ બંધનું કારણ. આહા..હા..! આવી વાતું. હજી અહીં તો નવરાશ ન મળે સાંભળવાની. પુણ્ય. ધર્મ તો એકકોર રહ્યો. સાંભળવું એ તો હજી પુણ્ય છે. એની સત્ય શું કહે છે એ સાંભળવાની નવરાશ ન મળે. એને પરિપૂર્ણ વસ્તુ અંદર રાગથી ભિન્ન છે. આહા..હા..! એનો આશ્રય લેવો, બાપુ! એ વિના કોઈ સમ્યક્ છે નહિ. એ વિના ધર્મનો અંશ પણ નથી. આહા..હા..!

આગળ. 'ત્રણ ગુપ્તિ...'માં પરિપૂર્ણ હોય છે. મન, વચન અને કાયા ત્રણને ગોપવે અભવિ. ધર્મ નહિ, શુભભાવ. અશુદ્ધને ગોપવે એને શુભ આવે. આહા..હા..! એ ત્રણ ગુપ્તિ પાળે. એ પણ કેવી? જિનવરે કહેલું છેને? એટલે સાવધાન ભરેલું એ શબ્દ નાખ્યો. વળી એમાં પરિપૂર્ણ નાખ્યો, આમાં સાવધાન ભરેલું. ગુપ્તિ પણ બરાબર સાવધાન, કંઈ પણ કોઈ પ્રમાદ કે અશુભભાવ ન થાય એવી મન, વચન અને કાયાને અશુભથી ગોપવી રાખે, શુભ આવે. એવું આચરણ પણ અભવિ અને ભવિએ અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો કર્યું, એ કોઈ ધર્મ નથી. આહા..હા..! કહો, પંડિતજી! રાડ નાખી જાય એવું છે. રમણિકભાઈ! આહા..હા..! પ્રભુ! માર્ગ તો આવો છે, બાપા! તું એક અંદર વસ્તુ છોને, પ્રભુ! એ તો એક સમયની પર્યાયમાં પરના આશ્રયના વિકલ્પની વ્યાખ્યા છે આ તો બધી. આહા..હા..!

ઓહો..હો..! આચાર્યોએ કામ કર્યું છેને. કુંદકુંદાચાર્યે. આહા..હા..! દિગંબર સંત અને અમૃતચંદ્રાચાર્ય એની ટીકા. આ કુંદકુંદાચાર્યની. ગજબ કામ કર્યું કહ્યું છે. સિદ્ધાંતમાં સર્વજ્ઞનો પંથ-માર્ગ જિનવરનો ..માર્ગ શું છે એ વાત અહીં સિદ્ધ કરી છે. ઓલી તું અપવાદિક વાત વિકલ્પો. આહા..હા..! આવે છેને ઉપસર્ગ.. પ્રવચનસારમાં. .. બંધ અને વિકલ્પ એ પણ બંધનું કારણ છે. આહા..હા..! અને આત્મજ્ઞાન વિના એ કીધું ને 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો.' એ આ. વ્રત લીધા, તપ કર્યા, બ્રહ્મચર્ય પાળ્યા, પણ આતમ જ્ઞાન વિના એ બધું શૂન્ય નીકળ્યું. એમાં કોઈ લાભ ન થયો કાંઈ. પણ એ શું આત્મજ્ઞાન એટલે. ઝીણી વાત છે. આહા..હા..! જેમાં કહ્યું હતુંને કાલે. જ્યાં આત્મજ્ઞાનનો આનંદ

સ્વાદ નથી, ત્યાં એકલા દુઃખનું જ વેદન છે. પંચમહાવ્રત પાળો, સમિતિ-ગુપ્તિ પાળો આ .. ગુપ્તિ. એ પણ દુઃખ છે. આહા..હા..! મન, વચન અને કાયાને અશુભથી ખેંચીને ખેંચીને શુભમાં રાખવી એ પણ દુઃખ છે. શુભરાગ છેને? દુઃખ છે માટે તે ધર્મ નથી. આહા..હા..! એ ક્રિયાના વિકલ્પથી પાર ભિન્ન પડીને. આહા..હા..! આત્માનો આશ્રય લઈને જે આનંદની દશા, શાંતિની દશા, અવિકારી દશા, નિર્દોષદશા, પવિત્રદશા પ્રગટ થાય તેને જિનવરદેવ ધર્મ કહે છે. આહા..હા..! આવી વાત આકરી પડે, શું થાય, ભાઈ! માર્ગ તો આ છે અને તે તારા હીતનો માર્ગ છે આ. આ અહીતના પંથે તો પ્રભુ અનંતવાર ગયો છો. આહા..હા..! એમ સમજાવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'પાંચ સમિતિ...'** એમાં પણ સાવધાન. ઈર્યાસમિતિ જોઈને ચાલે તો કેવી રીતે કોઈપણ પ્રાણીને કાંઈ દુઃખ ન થાય એવી ઈર્યા સમિતિથી ચાલે, પણ એ વ્યવહાર છે પ્રભુ, રાગ છે. આહા..હા..! એવી ઈર્યાસમિતિમાં સાવધાનપણે રહેનારો એવો જે અભવિ એને વ્યવહારનો આશ્રય છે, પણ એ તો બંધનું કારણ છે. આહા..હા..! છે એમાં? **'સાવધાની ભરેલું,...'** એ જિનવરે કહેલાનો અર્થ કર્યો છે. ઓલામાં પરિપૂર્ણ હતું, અહીં સાવધાન. ભગવાને કહેલી એવી ઈર્યાસમિતિ વ્યવહાર હોં વ્યવહાર. આમ જોઈને કોઈપણ એકેન્દ્રિય પ્રાણી. પાણીનો બિંદુ પણ હણાય એ ઉપરથી જેનું લક્ષ છૂટી ગયું છે. આહા..હા..! એવી જેને છકાયની દયાના ભાવ. આહા..હા..! ઈર્યાસમિતિમાં સાવધાન છે, પ્રમાદ નથી. છે તો એ પ્રમાદ. ઈર્યાસમિતિ મુનિની હોય છે એ બહારલક્ષવાળી એ છે તો પ્રમાદ. અહીં કહે છે કે એ તીવ્ર પ્રમાદ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું છે, ભાઈ! આ તો પોતાના હિતની વાતું છે. દુનિયા સમજે, ન સમજે, માને એની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..!

**શ્રોતા :-** મહારાજ! આટલું જોઈને ચાલે એ પ્રમાદ છે કે અપ્રમાદ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ છે પ્રમાદ. છઠ્ઠા ગુણસ્થાનનો પ્રમાદ છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, ચારિત્રવાળો જીવ, ઈર્યાથી જોઈને વિકલ્પ ઉઠાવે છે એ પણ પ્રમાદ. એ જાય છે ત્યારે સાતમું આવે છે, .. આવે છે. .. મારગડા પ્રભુના જુદાં ભાઈ! જિનવરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર એવું ક્યાંય છે નહિ એના વિના. અન્યમતમાં ગમે તે વાતું કહો, વેદાંતમાં આત્મા આવો છે અને આત્મા એક છે, વ્યાપક છે એ વાત બધી જૂઠી છે. આ તો સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વર દેવ વીતરાગ. એમણે નિશ્ચય કહ્યો છે એ તો એને અભવિને નથી, પણ એણે કહેલો વ્યવહાર છે તે અભવિને બહુ થોડો છે કહે છે. આહા..હા..!

ઈર્યાસમિતિથી જોઈને ચાલે આમ એક ક્યાંય નજર નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! છતાં એ તો શુભરાગ છે. આ ઈર્યાસમિતિ ને આ. ભાષાસમિતિ. બોલે તો બરાબર વિચારીને વ્યવહાર. બોલવામાં પણ બરાબર સાવધાની છે. સર્વજ્ઞ ભગવાનનો માર્ગ છે એ તો એને નિશ્ચય નથી, પણ ભગવાને વ્યવહાર જે કહ્યો છે એની ભાષામાં સાવધાની છે. આહા..હા..! પણ એ ભાષાની સાવધાની, ભાષા સમિતિની, વ્યવહાર વ્યવહાર સમિતિની વાત છેને આ તો? એ શુભરાગ છે. આહા..હા..! એવી ભાષાસમિતિમાં પણ અભવિ અને ભવિ જીવ અનંતવાર કર્યું એવું સાવધાનપણું, પણ સમ્યગ્દર્શન અને જ્ઞાન વિના એ બધા થોથા નીકળ્યા. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ કહેશે.

એષણાસમિતિ—ભીક્ષા માટે જાય તો એને માટે કરેલો આહાર આ ચોકા કરીને લે છેને, એ તો ચોકા કરીને લે નહિ, પ્રાણ જાય તોપણ ન લે. સમજાણું કાંઈ? એષણાસમિતિમાં સાવધાન છે. ભીક્ષા માટે જાય એક પાણીનો બિંદુ એને માટે કર્યો હોય તો લે નહિ. સમજાણું કાંઈ? એવી એષણા સમિતિ પણ અનંતવાર પાળી દરેક જીવે, પણ એ તો શુભરાગ છે, પ્રભુ! એ કાંઈ એષણા આત્માની એષણા નથી. છે એમાં એ? **'પાંચ સમિતિ પ્રત્યે સાવધાની ભરેલું,...'** એવું આચરણ પણ અનંતવાર અભવિ અને ભવિએ કર્યું છે. આહા..હા..! એ પરાશ્રય વસ્તુ છે એ તો અનંતવાર કરી છે. ભગવાન આનંદનો નાથ પ્રભુ એનો આશ્રય એણે લીધો નથી અને એ આશ્રય લેવાલાયક છે એવો એણે નિર્ણય પણ કર્યો નથી. આહા..હા..!

એષણા સમિતિમાં પણ નિર્દોષ આહાર-પાણી. મુનિને તો વસ્ત્ર અને પાત્ર તો હોતા નથી. એ તો હોય નહિ. પણ જેને આહાર અને પાણી લેવા છે એ પણ નિર્દોષ. એને માટે પાણી જળ આ બનાવે કે આજે મહારાજને વહોરાવવું છે તો પાણી કૂવાનું લાવો, ઊનું કરો, એ બધું પાપ છે. આધાકર્મી ઉદ્દેશી. એવો પણ ઉદ્દેશિક આહાર એ લેતા નથી કહે છે. આહા..હા..! એ એષણાસમિતિની વ્યવહાર ક્રિયાઓ અનંતવાર કરી છે. આહા..હા..! એમ અહીં ભગવાન કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રચાર્ય જગત પાસે પોકારે છે. પ્રભુ! માર્ગ તો આ છે ભાઈ! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સમ્યગ્દર્શન પ્રાપ્ત રકવા માટે (કાંઈ સાર નથી)?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, કાંઈ સાર નથી કહે છે સમ્યગ્દર્શન પામવાને માટે. દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય પણ કારણ નથી, આવી ગયુંને? પરદ્રવ્ય આશ્રિત વ્યવહાર છેને એ તો. આહા..હા..! એમાં સ્વદ્રવ્યનો આશ્રય ત્યાં તો ક્યાંથી આવે? આહા..હા..! ઝીણી વાત પ્રભુ! જૈનમાર્ગ સમજે, એક ક્ષણ પણ સમ્યગ્દર્શન પામે જન્મ-મરણનો અંત. આવું અનંતવાર કર્યું છતાં એક ભવ ઘટ્યો નહિ. આહા..હા..!

ઈર્યા, ભાષા, એષણા. આદાનનિક્ષેપ—કોઈપણ ચીજને લેવી-મૂકવી સાવધાનપણે, જરીએ પ્રમાદ નહિ. એ જાતનો તીવ્ર. એવો લેવું આદાનનિક્ષેપ છે. શ્વેતાંબરમાં આયાન .. સમિતિ છે. કારણ કે એને તો વાસણ અને કપડા .. દીધા છે ને ઘરના. એ છે નહિ. અહીંયાં તો સનાતન જૈન દિગંબરમાં તો આયાનનિક્ષેપણ સમિતિ બસ એટલું. આયાન ધનમત નહિ, પણ એક વાસણ. વાસણ-બાસણ મુનિને હોતા નથી. પાત્ર ન હોય અને વસ્ત્ર ન હોય એને. સમજાણું કાંઈ? પણ એવું એણે નાખ્યું છે તો શું થાય પ્રભુ! એથી સમિતિમાં પણ ફેર આખો.

અહીંયાં તો ભગવાને કહેલી સમિતિ લેવા-મૂકવામાં બરાબર મોર-પીંછી મૂકે, કમંડળ મૂકે તો ધ્યાન રાખીને કે કોઈપણ જીવને દુઃખ ન થાય. મુનિને મોર પીંછી અને કમંડળ બે હોય, ત્રીજું હોઈ શકે નહિ. વસ્ત્ર-પાત્ર મુનિને ત્રણકાળમાં હોઈ શકે નહિ અને વસ્ત્રપાત્ર હોય અને મુનિ મનાવે એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ પ્રભુનો. 'વીરનો માર્ગ છે શુરાનો એ કાયરના નહિ ત્યાં કામ.' આહા..હા..! અન્યમતમાં નથી આવતું એ? 'હરિનો રે માર્ગ છે શુરાનો એ કાયરના નહિ કામ જોને. પ્રથમ પહેલાં મસ્તક મૂકી .. લેવું નામ જો ને.' મસ્તક મૂકી એટલે વ્યવહાર મૂકીને. આહા..હા..! 'પ્રથમ

પહેલાં મસ્તક મૂકી ફેર લેવું નામ' હરિ પરમાત્મા. હરિ એટલે આત્મા હોં. અજ્ઞાન અને રાગ-દ્વેષને હરે એવો હરિ એવો જે આત્મા. પંચાધ્યાયમાં હરિ શબ્દનો અર્થ આવો કર્યો છે. પંચાધ્યાય. ભાઈ! અજ્ઞાન અને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ આવી ક્રિયાને ધર્મ માનવો એ મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વનો જેણે નાશ કર્યો છે એવો જે આત્મા હરિ. આહા..હા..! એ 'હરિનો રે માર્ગ છે શુરાનો, ત્યાં કાયરના નહિ કામ જો ને.' એ વ્યવહારથી થાય, આનાથી થાય, એ બધા કાયરો, નપુંસકોના કામ નથી ત્યાં. આહા..હા..! કહે છે કે 'આ જે વ્યવહાર છે એનાથી ધર્મ થાય' એમ માનનારા નપુંસક છે, પાવૈયા-હીજડા છે. શુભભાવના કરનારને નપુંસક કહ્યા છે.

**શ્રોતા :-** ક્લીવ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્લીવ કહ્યો છે શાસ્ત્રમાં. સમયસારમાં. ક્લીવ-નપુંસક છે.

ભગવાન આત્માનું વીર્ય તો શુદ્ધ અને પુણ્ય-પાપ વિનાનું પરિણમન કરે એને પરમાત્મા વીર્ય અને આત્મબળ એને કહે છે. જે વીર્ય શુભને કરે તે વીર્ય તો નપુંસક છે કહે. આહા..હા..! નપુંસકને જેમ પુત્ર હોય નહિ એમ શુભભાવમાં ધર્મની પ્રજા હોય નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ઝીણું આવ્યું, ભાઈ! આવે સામો માર્ગ આવે એ તો એનું સ્પષ્ટીકરણ થાયને. આહા..હા..!

આદાન—કોઈપણ વસ્તુ એને. વસ્તુ તો મુનિને તો શું હોય? એક કમંડળ અને મોરપીંછી અને પુસ્તક, ત્રણ. બીજું તો હોય નહિ એને. સત્ આત્મજ્ઞાનસહિત હોય તો એનો વ્યવહાર એવો હોય. અહીં તો કહે છે કે એકલો વ્યવહાર જેને આત્માના ભાન અને અનુભવ સમ્યગ્દર્શન વિના આવો વ્યવહાર અનંતવાર કર્યો પણ એમાં કાંઈ વળ્યું નહિ આત્માનું. ... બળખો નાખે તો ધ્યાનથી. વિષ્ટા જંગલ જાય તો ત્યાં ધ્યાનથી પ્રમાદ ન થાય. પેશાબ વખતે તો ધ્યાનથી .. ચયનો મેલ .. એને પણ બરાબર સાવધાનીપૂર્વક આમ લે. તોપણ એ બધી ક્રિયાઓ શુભની છે. આહા..હા..!

'**પાંચ સમિતિ પ્રત્યે સાવધાની ભરેલું,...**' છે? છતાં એ વ્યવહારને રાગ કહે છે. આહા..હા..! '**અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ વ્યવહારચારિત્ર...** ' લ્યો! અહિંસા, સત્ય, દત્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ—પાંચ મહાવ્રત પાળે. આહા..હા..! એ મહાવ્રત છે એ તો શુભરાગ છે. ગજબ વાત છે, ભાઈ! જિનવરનો માર્ગ પચાવવો. અને જેને પચે એને ભવ રહે નહિ. જિનવરને ભવ નથી એમ એના માર્ગના પામનારને ભવ ન હોય. આહા..હા..! આકરું કામ. હવે આ કહે ચર્ચા કરો, વાદવિવાદ કરો. ભાઈ! ચર્ચા કોની પ્રભુ! તારા સિવાય બહારના આશ્રયના અવલંબને જે ભાવ થાય એમાં તે ધર્મ માનવો એ વાદવિવાદનો વિષય નથી. એનો તો પોકાર કરે છે. પંચમહાવ્રત પાળે વ્યવહાર ચારિત્ર પુણ્યબંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિભાઈ! આ શું અત્યાર સુધી ગોટા વાળ્યા હતા બધા. .. એ .. ચાલતો હતો નહિ. એ વખતે જે મળ્યું હોય એમ કહે. આહા..હા..!

પ્રભુ! તારો માર્ગ તો અલૌકિક ભિન્ન છે. આવું વ્યવહારચારિત્ર અભવિ પણ કરે છે. જેને કોઈ દિ' એક ભવ ઘટે નહિ, અનંતભવ રહે એવા અભવિ જીવ પણ આવું કરે છે બધું. તો એને કાંઈ કલ્યાણ થાતું નથી. આહા..હા..! પુસ્તક-બુસ્તક છે કે નહિ ચીમનભાઈ! છે. આ ક્યાનો અર્થ ચાલે છે.

આહા..હા..! આ બધી ક્રિયાઓ તે અણાત્મા છે. પંચમહાવ્રતના પરિણામ પણ અનાત્મા છે, એ આત્મા નહિ. આહા..હા..! શ્રીમદ્ એકવાર કહેતા હતા કે અરે..! આ મારો નાદ કોણ સાંભળશે? વીતરાગી વાત કરી એ કોણ સાંભળશે? આ ત્રણલોકના નાથ જિનવરદેવનો આ પોકાર છે. આહા..હા..! ભાઈ! અભવિ જીવ પણ જેનો એક ભવ ઘટતો નથી એ જીવ પણ આવું તો અનંતવાર કરે છે અને તું કહે કે મને આનાથી ધર્મ થઈ જાય. આહા..હા..!

**'અભવ્ય પણ કરે છે અર્થાત્ પાળે છે; તોપણ તે (અભવ્ય) નિશ્ચારિત્ર (-ચારિત્રરહિત),...'** છે. આહા..હા..! તોપણ એ ચારિત્ર વિનાનો. પંચમહાવ્રત પાળે, તપમાં પરિપૂર્ણ, શીલમાં પરિપૂર્ણ, ગુપ્તિ, પાંચ સમિતિનું સાવધાનપણું છતાં તે ચારિત્ર વિનાનો છે એને ચારિત્ર નથી. આહા..હા..! ગાથા તો એવી આવી છે. આહા..હા..! કાલે તો બધા બીજા હતા બિચારા વયા ગયા. રમણિકભાઈને હતા. કાલે તો રજા હતી ને છોકરાઓ હતા. આહા..હા..! આવો માર્ગ પ્રભુ! એ અભવિ પણ આવું કરતા થકાં, એ તપ અને શીલમાં પરિપૂર્ણ, ગુપ્તિ અને સમિતિમાં સાવધાન અને ચારિત્ર પંચમહાવ્રત પાળે તોપણ એ ચારિત્રરહિત છે. પંચમહાવ્રત પાળે તોપણ ચારિત્રરહિત? મહાવ્રત તો ચારિત્ર છે એમ લોકો કહે છે. બાપુ! તને ખબર નથી ભાઈ! એ મહાવ્રતના પરિણામ વિકલ્પ છે, શુભરાગ છે. આને ન મારવું, આમ જૂઠું ન બોલવું, સત્ય બોલવું, એક વસ્ત્ર-પાત્ર ન રાખવો એવો પણ એક વિકલ્પ છે, એ તો રાગ છે. આહા..હા..! વીતરાગમાર્ગ બહુ, બાપુ! આહા..હા..!

એ **'અજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ જ છે...'** ત્રણે કહી દીધું. આવું પાળતા છતાં તે ચારિત્રરહિત છે. તપ અને પરિપૂર્ણ સાવધાની હોવા છતાં તે અજ્ઞાની છે અને તે મિથ્યાદૃષ્ટિ જ છે. આહા..હા..! છે કે નહિ એમાં? આ શાસ્ત્રો છે એના અર્થ કર્યા છે એ લોકોને એમ લાગે કે એના ઘરના કર્યા છે. અરે! પ્રભુ! સાંભળને ભાઈ! આચાર્યોના પેટ છે એને સ્પષ્ટ કર્યા છે, ઘરની વાત આ છે નહિ. સમજાણું કાંઈ? તેથી પાણીમાં નાખી દ્યો, આમ કરો. અરે! પ્રભુ! શું કરે છે તું, ભાઈ! આહા..હા..! જિનવાણીમાં જિનવાણીનો તો આ વિસ્તાર છે. આહા..હા..! પણ ઓલી માનેલી વાત હોય એનાથી બીજી લાગેને એટલે જાણે એમણે પોતે કર્યું છે, ઘરનું કર્યું છે. આહા..હા..! આ શું આચાર્ય કહે છે? આવું પાળે છતાં તે અભવિ ચારિત્ર વિનાનો અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ છે.

કેમ? **'કારણ કે નિશ્ચયચારિત્રના કારણરૂપ જ્ઞાન-શ્રદ્ધાનથી શૂન્ય છે.'** આત્મા આનંદનો નાથ એનો અનુભવ નથી. સમ્યગ્દર્શન નથી. એ આત્મજ્ઞાન અને આનંદથી શૂન્ય છે. શ્રદ્ધાનથી. માટે તેને ચારિત્ર છે નહિ, માટે તે વ્યવહાર નિષેધ કરવાલાયક છે. વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## ચૈત્ર સુદ-૩, મંગળવાર, તા. ૨૨-૦૩-૧૯૭૭, ગાથા-૨૭૩-૨૭૪, પ્રવચન નં. ૩૩૦

સમયસાર, બંધ અધિકાર ૨૭૩ (ગાથા). ટીકા ચાલી છે. ટીકામાં એ વિશેષતા છે. ૨૭૩. કે 'જિનવર કહેલા' એ શબ્દ આવ્યો હતો કાલે. 'જિનવર કહેલા' એનો અર્થ ટીકામાં નથી. 'જિનવર કહેલાં' એમ કેમ કહ્યું? વ્યવહાર નિષેધ્ય કેમ છે અને વ્યવહાર બંધનું કારણ કેમ છે એ સિદ્ધ કરે છે. એ વ્યવહાર જિનવરે કહેલો વ્યવહાર. અજ્ઞાનીઓએ કહેલો વ્યવહારને તો કાંઈ વ્યવહારનું સ્થાન નથી, પણ સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવે જે એની આજ્ઞા વ્યવહારની જે છે એ પણ બીજા કરતા સર્વોત્કૃષ્ટ છે, જુદી છે. એ કહે છે જુઓ, **'શીલ અને તપથી પરિપૂર્ણ,...'** શબ્દ છેને? એ પરિપૂર્ણનો અર્થ એ કે ભગવાનના કહેલી વાત એ પરિપૂર્ણ છે વ્યવહાર. જિનવર શબ્દ ન નાખ્યો એમાં. સમજાય છે કાંઈ? પણ શીલ અને તપ પરિપૂર્ણ એમ કહેતા સર્વજ્ઞે કહેલું એ વાત આવી ગઈ અંદર. કારણ કે સર્વજ્ઞ સિવાય એ તપની અને શીલની વ્યવહારની વ્યાખ્યા પણ બીજે હોઈ શકતી નથી. સમજાણું કાંઈ? તપમાં તો ઘણી વ્યાખ્યા કાલે કરી હતી. બાર તપ—અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ જિનવરના કહેલા હોં, અજ્ઞાનીએ કહેલી વાત નહિ. આહા..હા..! પ્રાયશ્ચિત, વિનય. દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય જિનવરે કહેલો ઈ. એ પણ વ્યવહાર તે પુણ્ય છે, રાગ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જિનવર કહેલો એ શબ્દ ન નાખતા પરિપૂર્ણ શબ્દ જે વાપર્યો છે એ ભગવાનની વાણીમાં વ્યવહારની જે આજ્ઞા છે એના માટે આ પરિપૂર્ણ શબ્દ વાપર્યો છે. આહા..હા..! એણે અભવિજીવે અને ભવિ બન્નેએ, અહીં તો અભવિનું દૃષ્ટાંત છે કે અભવિને કોઈ દિ' ભવનો અભાવ થતો નથી. કેમ? કે એ વ્યવહારનું એકલું આચરણ કરનારો છે.

**શ્રોતા :-** નિશ્ચય વિનાનો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચય સ્વ ભગવાન આત્મા આત્મજ્ઞાન, આનંદ જે વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય પરિપૂર્ણ વસ્તુ જણાય છે તેને જાણી નહિ એણે. સમજાણું કાંઈ? વર્તમાન જ્ઞાનની દશા પર્યાય, એ પર્યાય જ્ઞેય વસ્તુ પરિપૂર્ણ તેને એ જાણે છે. જાણે છે એને, પણ એને જાણનાર આને જાણે છે, આ પર્યાય આને જાણે છે એવું એ જાણનારને જાણ્યો નહિ એણે. આહા..હા..! રતનલાલજી! ઝીણી સૂક્ષ્મ વાત છે. આ બહારથી બધા વ્યવહાર-વ્યવહાર કરે છેને. તો કેવો વ્યવહાર? કે પરિપૂર્ણ. વિનય—દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય. વ્યવહાર-આજ્ઞા, વયાવચ્ચ સાધર્મી જીવોની, મંદિરો એના વિનય, એના બનાવનાર ભાવ. એવા પરિપૂર્ણ ભાવ વીતરાગે કહ્યો વ્યવહાર એવો ભાવ પણ એણે કર્યો છે. એ કાંઈ ધર્મ નથી, આહા..હા..! તેમ એ ધર્મનું કારણ નથી. એ નિષેધ અહીં કરવો છે. આહા..હા..!

શીલ, કષાયની મંદતાનો સ્વભાવ અને તપની પરિપૂર્ણતા, અનશન બારેય પ્રકારના, ધ્યાન પણ

કર્યું છે એણે વિકલ્પવાળું આ આત્માનું, પણ એ આત્મા જે જ્ઞાયકસ્વરૂપ છે એનો આશ્રય લીધા વિના એને કલ્યાણ કોઈ દિ' થાતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને ગુપ્તિમાં, સમિતિમાં સાવધાન લીધું. એ પરિપૂર્ણની વ્યાખ્યા કે જિનવરની વ્યાખ્યા છે એમાં. સાવધાની શબ્દ વાપર્યો છેને? મન, વચન, કાયાના અશુભયોગથી ખસી અને શુભમાં આવ્યો. ભગવાને કહ્યો એવા વ્યવહાર જે છે, શું? ગુપ્તિ અને સમિતિ, એવો શુભ વ્યવહાર ભગવાને કહેલો એ વ્યવહારમાં એ આવ્યો, સાવધાન થઈને આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? પંચમહાવ્રતાદિ. એ ભાવાર્થ. એ કાલે આવી ગયું છે આપણે આખું.

'**અભવ્ય જીવ મહાવ્રત-સમિતિ-ગુપ્તિરૂપ...**' એ ટૂંકા શબ્દ વાપર્યા છે, પણ એનો અર્થ એ કે જે વ્યવહારની જેટલી ક્રિયા જોઈએ શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે વ્યવહારની એ બધી ક્રિયા પોતે પાળે છે. વ્યવહારચારિત્ર. પંચમહાવ્રત, પાંચ સમિતિ, ગુપ્તિ. આહા..હા..! પણ એ ભાવ તે દુઃખરૂપ છે. પંચમહાવ્રતના ભાવ, પાંચ સમિતિ-ગુપ્તિનો વ્યવહારભાવ એ આત્માના આનંદના સ્વભાવના અભાવરૂપે દુઃખરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** દુઃખની સાબિતી શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ કીધુંને, આનંદનો અભાવ એ દુઃખની સાબિતી થઈ. એ માટે તો ભેગો ન્યાય આપ્યો. આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે. એ અતીન્દ્રિય આનંદના સ્વાદનો વ્યક્તપણાનો અનુભવનો અભાવ એ દુઃખની સિદ્ધિ કરે છે. આહા..હા..! એ પંચમહાવ્રત પાળે, પાંચ સમિતિ પાળે, જાવજીવ બ્રહ્મચર્ય પાળે, વસ્ત્રનો કટકો રાખે નહિ, પાત્ર રાખે નહિ. આહા..હા..! એવા વ્યવહાર જે છે એ એને પાળે છે, પણ એ બંધનું કારણ છે એટલે કે એ દુઃખરૂપ છે. આહા..હા..! એ દુઃખની સિદ્ધિ એ અતીન્દ્રિય આનંદના સ્વભાવનો જ્યાં પર્યાયમાં અભાવ (છે) એ દુઃખની સિદ્ધિ છે. સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! આહા..હા..! એવા ભાવને પાળતો. આહા..હા..! વ્યવહારચારિત્ર એટલે દુઃખના પરિણામને અનુભવતો. આહા..હા..! હવે એ વ્યવહારચારિત્ર પોતે દુઃખરૂપ છે એ આત્માના સમ્યગ્દર્શનના આનંદના સ્વાદ માટે તે કારણ થાય એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. આહા..હા..! પાટણી! વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય એ ક્યાં ગયું આમાં? દુઃખ ભોગવતા-ભોગવતા આનંદ આવે આત્માનો. એ વાત વ્યવહાર કરતા નિશ્ચય થાય એ વાત બે એક જાતની છે. બાપુ! મારગડા જુદાં પ્રભુ! આહા..હા..!

**શ્રોતા :-** વ્યવહાર પરાશ્રિત, નિશ્ચય સ્વાશ્રિત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર આશ્રય છે એ બંધનું જ કારણ છે. જે ભાવ પંચમહાવ્રતાદિ પરના લક્ષને આશ્રયે છે (એ) દિશાફેર છે. પંચમહાવ્રતના પરિણામની દશા દિશા ફેર છે. એની દિશા પર તરફ છે. આહા..હા..! ભગવાનનો કહેલો વ્યવહાર હોં! સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો વ્યવહાર ચરણાનુયોગમાં. જે ક્રિયાનો વ્યવહાર આવે એ બધો પાળે છે અભવિ અનંતવાર. અભવિનું તો દૃષ્ટાંત આપ્યું છે એ પણ ભવિ... પુદ્ગલપરાવર્તન એવા વ્યવહારચારિત્રના કર્યા છે. આહા..હા..! બંધ અધિકાર છેને, તો

વ્યવહારનયનો આશ્રય છે એ તો બંધ છે એ સિદ્ધ કરવું છે. આહા..હા..! તે પણ જિનવરે કહેલો વ્યવહાર. અજ્ઞાનીઓને તો વ્યવહાર ક્યાં, એની ભાન ન મળે. અઠ્ઠાવીશ મૂળગુણ અને પંચમહાવ્રત વીતરાગે કહ્યા એવું જે પાળે છે એ વ્યવહાર છે. એ પરનો આશ્રય લક્ષ, દિશા પર ઉપર છે. એ દશાની દિશા પર ઉપર છે. સમ્યગ્દર્શનની દશાનું લક્ષ સ્વ ઉપર છે. આહા..હા..! સમજાણું કાંઈ? બેની દશા અને દિશા બેય ફેર છે. હવે જે દશા પરના આશ્રયની દિશાવાળી થાય એ દશાથી આત્માના સ્વભાવનો આશ્રય લેવાની દશા પ્રગટ થાય? આહા..હા..! શું થાય? મોટો તકરાર આ છે સોનગઢને નામે. પણ આ કોણ ભગવાન કહે છે? કોણ કહે છે આ? રતનલાલજી! આ કોણ કહે છે? આ તો સ્પષ્ટીકરણ અહીં થાય છે. વસ્તુ તો આ છે. આહા..હા..!

બીજી રીતે સ્વનું કહીએ તો જે જ્ઞાનની પર્યાય છે તે સ્વજ્ઞેયને જાણે છે. એ જાણનારો જે જ્ઞાયક છે તેને પર્યાય જાણે છે. તો એ પર્યાય તો ભૂત-ભવિષ્યની પર્યાય અંદર સમુદાયમાં પડી છે એને પણ એ પર્યાય જાણે છે. જાણનાર જ્ઞાયકસ્વરૂપ સિદ્ધ કરવું છેને અહીંયાં. જ્ઞાન તે આત્મા. બાકી બીજો વિકલ્પ-ફિકલ્પ એ આત્મા નહિ. આહા..હા..! એટલે કે જ્યારે જ્ઞાનની પર્યાયમાં, વર્તમાન પ્રગટ પર્યાયમાં અવ્યક્ત અવો જે ભગવાન પરિપૂર્ણ સ્વરૂપ છે તેનું એને જ્ઞાન થાય છે. એને શાસ્ત્રનું જ્ઞાન હો કે ન હો એની સાથે સંબંધ છે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? અને શાસ્ત્રજ્ઞાન શાસ્ત્રથી જે શ્રદ્ધા નક્કી કરી છે એ શ્રદ્ધા નથી. કેમકે વ્યવહારમાં ગયો છે એને આત્માની ઉપલબ્ધિ નથી એમ કહે છે. એટલે કે પર્યાયમાં વસ્તુ છે તે પ્રાપ્ત થઈ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાનની પર્યાયમાં ઉપલબ્ધિ વસ્તુની પ્રાપ્તિ થવી 'આ વસ્તુ છે' એમ થવું જોઈએ એ થયું નથી એટલે આ વ્યવહાર બધો બંધનું કારણ છે. આહા..હા..! સમજામું કાંઈ? આકરું તો છે, ભાઈ! બીજું શું થાય પણ હવે? લોકોનો પોકાર છે, સોનગઢવાળા વ્યવહારનો લોપ કરે છે, આ એકાંત કરે છે, વ્યવહારથી થાય એમ નથી માનતા, નિશ્ચયથી જ થાય એક જ માને. પણ આ શું કહે છે આ? ચોપડામાં શું કહ્યું? રતનલાલજી! આહા..હા..! ભાઈ! તને ખબર નથી.

પ્રભુ! તું ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વરૂપ (છો). એ જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન એ જ્ઞાનમાં જ્ઞેય જણાય છે. ૧૭-૧૮ ગાથામાં આવે છેને, સમયસાર. જ્ઞાનની પર્યાયમાં વસ્તુ જ્ઞાયક છે તે જણાય છે. કેમકે એનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. એટલે જ્ઞાનની પર્યાયમાં, અજ્ઞાનીને પણ જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક જ જણાય છે અને એ જ્ઞાયકમાં ભૂત-ભવિષ્યની પર્યાય પડી છે અંદર, આહા..હા..! એને એ જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને કાંઈ ફેરફાર કરવો નથી, આડુઅવળું કાંઈ કરવું નથી. આહા..હા..!

ભવિષ્યની પર્યાય અને ભૂતકાળની પર્યાય જ્ઞાયકસ્વભાવ વસ્તુ છે, ચિદ્દ્ઘન છે એમાં એ પડી છે બધી. જેણે જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયકને જાણ્યો એને તો ભવિષ્યની પર્યાય પણ આવી છે એમ અવ્યક્તપણે અંદર જણાઈ જશે. આહા..હા..! અવ્યક્ત એટલે કે 'આમ આ છે' એમ પ્રત્યક્ષ દેખાતું નથી એમ. ભાઈ! પાટણીજી! આહા..હા..! પ્રભુ! તારો માર્ગ તો જો. આવું જેને જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયકસ્વરૂપ ભગવાન જણાય છે તેને જાણ્યો નથી અને એકલો વ્યવહાર કરે છે તે બંધનું કારણ છે.

આહા..હા..! સમજાણું કાંઈ? તે પણ સર્વજ્ઞે કહેલો વ્યવહાર. એમ કહીને સર્વજ્ઞનો, જિનવરનો વ્યવહાર એ ઊંચો હોય છે. અજ્ઞાનીના વ્યવહાર એ વ્યવહાર ભાન વિનાના છે એ અજ્ઞાની, સર્વજ્ઞ વિના જે વ્યવહાર કહે એ વ્યવહાર પણ સાચો નથી. આહા..હા..! જેમાં છકાય જીવની દયાનો વિકલ્પ, એ છે બીજે ક્યાંય? અનંતા નિગોદના જીવો, અનંતા એકેન્દ્રિયના જીવો... આહા..હા..! એને ન મારવાનો વિકલ્પ છે, એ વિકલ્પ છે એ વ્યવહાર, એ જિનવરે કહેલો એ વ્યવહાર છે. એવો વ્યવહાર બીજે હોઈ શકતો નથી. આહા..હા..! છકાયની દયા અને છ દ્રવ્યની સ્થિતિનું સત્યપણું એ સાબિત કરે છે કે છ દ્રવ્ય છે એમ સત્ય વાણી કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! પણ એ બધો પરાશ્રિત વ્યવહાર છે. એમાં ભગવાન ન આવ્યો. અને જેની પર્યાયમાં પર્યાયવાનની પ્રાપ્તિ થઈને આ પદાર્થ પ્રાપ્ત થયો નથી, આહા..હા..! એની જેટલી આ ક્રિયાઓ લોક વ્યવહારની જિનવરે કીધી એ બધું એને બંધનું કારણ છે. આહા..હા..! કહો, માણેકલાલજી! આહા..હા..!

એક કોર ત્રણલોકનો નાથ બિરાજે છે કહે છે. એને જેને એ પદાર્થ જેના જ્ઞાનમાં આવ્યો નથી, એના જ્ઞાનમાં રાગાદિ આવ્યા એ બધું સંસારનું કારણ, બંધનું કારણ છે. અરે! આ વસ્તુ તો આવી છે પણ હવે લોકોને... આહા..! વ્યવહારથી પણ થાય, નિશ્ચયથી પણ થાય તો એ અનેકાંત કહેવાય. એ અનેકાંત નથી, એ તો ફુદડીવાદ છે. આહા..હા..! અહીંયાં તો એ સિદ્ધ કરે છે કે આવો વ્યવહાર પણ સમકિતનું કારણ નથી. એ પોતે જ સમકિત અને સમ્યક્ સ્વરૂપ નથી અને એ સમ્યક્‌નું કારણ પણ નથી. આહા..હા..! સમ્યગ્દર્શનનું કારણ તો ત્રણલોકનો નાથ પ્રભુ જ્ઞાયકસ્વરૂપ ભગવાન તે પર્યાયનું પર્યાયમાં કારણ છે, આ વ્યવહાર કારણ નથી. આ અસ્તિ-નાસ્તિ. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ તો જુઓ! ઓહો..હો..! આખી દુનિયા ફૂ થઈને ઊડી જાય છે એમાંથી. આહા..હા..!

'**તોપણ નિશ્ચય સમ્યગ્જ્ઞાનશ્રદ્ધાન વિના...**' જેને આ નિશ્ચય એટલે આ કીધું ઈ. સમજાણું? છેને ભાવાર્થમાં? '**આવો વ્યવહારચારિત્ર પાળે તોપણ નિશ્ચય સમ્યગ્જ્ઞાનશ્રદ્ધાન...**' સ્વનું જ્ઞાન અને સ્વની શ્રદ્ધા વિના એ બધો વ્યવહાર સંસાર છે. આહા..હા..! અને જેનાથી સ્વર્ગ મળે એ પણ દુઃખરૂપ છે. એમ કહ્યું છેને શાસ્ત્રમાં તો કે આઠેય કર્મ દુઃખનું ફળ છે. આઠેય કર્મનું ફળ એ દુઃખ છે. પણ ખરેખર તો એ શાતાવેદની બાંધે આવા પરિણામથી, પણ એનું ફળ તો દુઃખ છે કહે છે. પણ આ સામગ્રી મળે ને ધૂળની પાંચ, પચાસ કરોડ, પૈસા, આબરૂ, કીર્તિ. કહે છે કે એ તો દુઃખ છે. આઠેય કર્મ દુઃખનું ફળ આપનારા છે. આહા..હા..! આ વ્યવહારચારિત્રથી જે શાતા પુણ્ય બંધાય એટલે વર્તમાન દુઃખરૂપ છે, બંધનું કારણ છે, બંધ થાય એ પ્રકૃતિ છે અને પ્રકૃતિ છે એ ઝેરના ઝાડ છે. આહા..હા..! અને એના ફળ જે છે આ બધી લક્ષ્મી, આબરૂ, કીર્તિ, મોટા ઠાઠ-માઠ એ બધા કર્મના ફળ દુઃખરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત વીતરાગ સિવાય ક્યાં છે ભાઈ! આહા..હા..! તું ક્યાં છો? કેવડો છો? પ્રભુ! એણે પર્યાયમાં પર્યાય પૂરતો માનીને સંસાર ગાળ્યો છે, ત્યાં રખડ્યો છે. પણ પર્યાયમાં નિશ્ચયજ્ઞાન-દર્શન... આહા..હા..! છે? '**નિશ્ચય સમ્યગ્જ્ઞાન...**' સ્વરૂપ પરિપૂર્ણ પરમાત્મસ્વરૂપ છે, વર્તમાન પરમાત્મસ્વરૂપ છે એનું જ્ઞાન અને એની શ્રદ્ધા એના વિના.

ઝીણું છે રતનલાલજી! આ ચોપડા બહુ આકરા છે તમારા પૈસાવાળા કરતા. આહા..હા..!

**'સમ્યગ્જ્ઞાનશ્રદ્ધાન વિના તે ચારિત્ર સમ્યક્ચારિત્ર નામ પામતું નથી;...'** આવા પંચમહાવ્રત, હજારો રાણી છોડે, બાળબ્રહ્મચારી, એક વસ્ત્રનો ટૂકડો ન રાખે, પાત્ર ન રાખે, આહા..હા..! અને જેની એ સમિતિમાં આવું ગયું છેને? એષણાસમિતિ જેના માટે ચોકાના આહાર કરીને પ્રાણ જાય તોપણ ન લે. આ શું તમારે ચાલે છે આ બધું? ચોકા. મહારાજ કહે, ચોકા કરો. એ તો કહે છે કે એષણાસમિતિની એવી સાવધાની છે, એ કાલે આવી ગયું છે વધારે, આવી ગયુંને પાંચ સમિતિ? એવી સાવધાની છે કે એને માટે એક પાણીનો બિંદુ પણ ખ્યાલમાં આવે કે આ મારા માટે બનાવ્યો છે, તો ન લે. એવી જેને એષણાસમિતિના વ્યવહારમાં સાવધાની છે. આહા..હા..! પણ એ તો પર તરફના આશ્રયવાળો ભાવ છે, પ્રભુ! એ તો બંધનું કારણ છે. બંધ અધિકાર છેને. એ અબંધસ્વરૂપ ભગવાન આત્મા એને આશ્રયે જે પરિણામ થાય તે અબંધપરિણામ એટલે કે મોક્ષના માર્ગના પરિણામ છે. આહા..હા..!

ભગવાન આત્મા અબંધ(સ્વરૂપ છે). આવે છેને પાંચ બોલ? ૧૪-૧૫ ( ગાથા), અબદ્ધસ્પૃષ્ટ. એ બંધાયેલો નથી, રાગથી સ્પર્શાયેલો પણ નથી, વિશેષ નથી, સામાન્ય છે, દુઃખથી અભાવરૂપ છે એવો જે ભગવાન આત્મા અબંધસ્વરૂપ છે, એ નિશ્ચયના આશ્રયથી સમ્યગ્દર્શન થાય તે અબંધ પરિણામ છે. એ અબંધ પરિણામ વિના... સમજાણું કાંઈ? આહા..હા..! આવા બંધ પરિણામવાળો જીવ, આવી ક્રિયા ચારિત્ર પાળે ઈ, અબંધ પરિણામના અભાવ વિના આહા..હા..! એ ચારિત્ર સમ્યક્ ચારિત્ર નથી. આહા..હા..! આ તો ગંભીર શબ્દો છે. આ ગાથાઓ બધી ૨૭૨-૭૩-૭૪ ગાથાઓ બહુ સરસ માખણ છે. આહા..! આવો વ્યવહાર સાવધાન અને પરિપૂર્ણ પાળનારો હોવા છતાં નિશ્ચય આત્મા જ્ઞાયકસ્વરૂપનું એના જ્ઞાનમાં એ વસ્તુની પ્રાપ્તિ વિના, શ્રદ્ધામાં એ વસ્તુની પ્રતીતિ વિના એ બધું ચારિત્ર વ્યવહાર બંધનું કારણ છે. સાચું ચારિત્ર એને નામ પમાતું નથી. એ પંચમહાવ્રતના પાળનારને પણ કહે છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન વિના એ સમ્યક્ચારિત્ર નથી, મિથ્યાચારિત્ર છે. આહા..હા..!

**'માટે તે અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ અને નિશ્ચાચારિત્ર છે.'** ત્રણે બોલ લઈ લીધા. ટીકામાં છેને છેલ્લે. આહા..હા..! પર તરફના વલણવાળો ભાવ જિનવરે કહેલો એવો વ્યવહાર. આહા..હા..! ૧૧મી ગાથામાં આવે છેને અર્થમાં કે ભેદનું કથન વ્યવહારનું હસ્તાવલંબ જાણીને જિનવરે પણ ઘણું કથન કર્યું છે. ૧૧મી. ભેદનું વ્યવહારનું કથન. ભેદનો અનાદિથી જગતને પક્ષ છે અને એ ભેદની, વ્યવહારની વાતું પણ પરસ્પર કરી રહ્યા છે અને ત્રીજે બોલે એ વ્યવહારની વાત પણ જિનવરમાં નિમિત્તને હસ્તાવલંબ જાણીને ઘણું કર્યું છે પણ એનું ફળ સંસાર છે. આહા..હા..! વીતરાગે કહેલો વ્યવહાર નિમિત્તરૂપે હસ્તાવલંબ તેનું ફળ સંસાર. એ આને મેળ છે આની સાથે. આ જિનવરે કહેલું કહ્યુંને? આહા..હા..! ભાઈ! આ મારગડા જુદાં પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ? એ **'અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ અને નિશ્ચાચારિત્ર જ છે.'** જ હોં. ટીકામાં છેને. અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ જ છે. **'કારણ કે નિશ્ચયચારિત્રના કારણરૂપ જ્ઞાન-શ્રદ્ધાનથી શૂન્ય છે.'** આહા..હા..! જ્યાં ભગવાન ભાળ્યો નથી, ભગવાન જેને

પર્યાયમાં પ્રાપ્ત થયો નથી એ બધા વ્યવહાર શુભભાવ આ બધા સમ્યગ્દર્શન, જ્ઞાનથી શૂન્ય છે. આહા..હા..! અરે! એની ખબરું પણ ન મળે અને માની બેસે કે અમે ધર્મ કરીએ છીએ. બાપુ! જિંદગી જાય છે, આવા અવસર મળવા મુશ્કેલ છે, ભાઈ! આ મનુષ્યપણું અને આ ચીજ ત્રણલોકના નાથની વાણી કાને પડવી એ પણ મહાભાગ્ય વિના પડતી નથી. આહા..હા..!

'**હવે શિષ્ય પૂછે છે કે—તેને અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે; છતાં તેને અજ્ઞાની કેમ કહ્યો?**' અગિયાર અંગ. એક આચારાંગમાં અઢાર હજાર પદ અને એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક. એટલું તો જેણે કંઠસ્થ જ્ઞાન કર્યું છે. આહા..હા..! અજ્ઞાનીના શાસ્ત્રની વાત નથી. કેવળીએ કહેલા શાસ્ત્ર. સમજાણું કાંઈ? આહા..હા..! એને અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે. એટલું અહીં લીધું છે. નહિતર તો નવ પૂર્વની લબ્ધિ પણ અભવિને હોય છે, પણ આટલી સાધારણ વાત લીધી છે. '**અગિયાર અંગનું જ્ઞાન તો હોય છે;...**' આહા..હા..! શાસ્ત્ર જિનવરે બાર અંગ કહેલા એમાં અગિયાર અંગ કહેલા એનું એને જ્ઞાન હોય છે. સમજાણું કાંઈ?

એક અચારાંગમાં અઢાર હજાર પદ અને એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક, એવા ડબલ સૂયગડાંગ, એવા ડબલ .. એમ કરતા અગિયાર અંગ ડબલ લેવું છેક સુધી. આહા..હા..! એટલા બધા શાસ્ત્રના સંગ્રહનો પાઠ જેને છે. એઈ..! છેને પાઠમાં આવશે જુઓને. '**पाठो ण करेदि गुणं**' પાઠ છેને શબ્દ ભાઈ! આહા..હા..! એ '**पाठो ण करेदि गुणं**' આહા..હા..! વીતરાગે કહેલા શાસ્ત્રો. બીજા અજ્ઞાનીએ કહેલા શાસ્ત્રનો પ્રશ્ન નથી. આહા..હા..! એવા અગિયાર અંગનું જ્ઞાન હોય '**છતાં તેને અજ્ઞાની કેમ કહ્યો? તેનો ઉત્તર કહે છે :—**' ૨૭૪.

**मोक्खं असद्दहंतो अभवियसत्तो दु जो अधीएज्ज।**
**पाठो ण करेदि गुणं असद्दहंतस्स णाणं तु।।२७४।।**

આહા..હા..! શબ્દજ્ઞાન કહેશેને પછી. એ પાઠ લીધો. આહા..હા..! અગિયાર અંગનું જ્ઞાન એ પાઠનું જ્ઞાન, શબ્દનું જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેમાં જાણનાર આવ્યો નથી એવું જે જ્ઞાન એ બધું અગિયાર અંગનું.. આહા..હા..! એ શબ્દનું જ્ઞાન છે. આહા..હા..! શું કીધું?

**શ્રોતા :-** ચિઠ્ઠીમાં આવે છે કે આત્મજ્ઞાન કરીને એમાં પરિણામ મગ્ન કરવા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો વાત થઈ ગઈ બે-ત્રણ દિ' પહેલાં. વાત કરી નહોતી? એ તો પરોક્ષ સિદ્ધ કરવું છે ત્યાં. પરોક્ષ સિદ્ધ કરવું છે. પ્રત્યક્ષ તો આનંદનું વેદન છે એ ત્યાં સિદ્ધ નથી કરવું. આગમથી, અનુમાનથી, સ્મૃતિથી અને પ્રત્યભિજ્ઞાનથી. ચાર બોલ છે ત્યાં. છેને ખબર છેને. એ વાત થઈ. હમણા ત્રણ દિ' પહેલા કરી હતી. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. ત્યાં એને અનુભવને પ્રત્યક્ષ નથી કહેવો ત્યાં. જ્ઞાન આગમથી થાય છે અને એમાં લીન થાય છે એટલું સિદ્ધ કરવું છે. પ્રત્યક્ષ જણાતો નથીને. અને વેદનની અપેક્ષાએ પ્રત્યક્ષ છે. આનંદની અપેક્ષાએ કાંઈ આનંદ કોઈ બીજો કોઈ વેદે છે એમ નથી, પણ જ્ઞાનની અપેક્ષાએ

જ્ઞાન એનું પરોક્ષ છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી, ભાઈ! આહા..હા..!

ત્યાં તો એમ લીધું કે આગમે કહ્યું એવું જાણ્યું અને જાણીને પછી પરિણામ આમાં લીન કર્યો એનું નામ સમ્યગ્દર્શન. પણ એ પરોક્ષ ત્યાં સિદ્ધ કરવું છે. ત્યાં જ્ઞાનમાં આત્મા વેદનમાં છે આનંદનું એ નહિ સિદ્ધ કરતા જ્ઞાન પરોક્ષ જાણે છે. માટે જ્ઞાનની અપેક્ષાએ આત્મા પરોક્ષ છે સમકિતીને પણ. પ્રત્યભિજ્ઞાનની અપેક્ષાએ પરોક્ષ છે. સ્મૃતિની અપેક્ષાએ ધાર્યું હતું એમાંથી યાદ કરીને લીન થયો એ પણ પરોક્ષ છે. અનુમાનથી કે આ જ્ઞાન ત્યાં આત્મા, આત્મા ત્યાં જ્ઞાન, જડ ત્યાં જ્ઞાન નહિ અને જ્ઞાન ત્યાં જડ નહિ. આવે છે ને એમાં? રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આવે છે. આહા..હા..! એમ આ જ્ઞાન ત્યાં આત્મા અને આત્મા ત્યાં જ્ઞાન એવું આહા..હા..! અનુમાન કરીને પણ જ્ઞાનમાં લીન થાય છે એથી એને પરોક્ષ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અરે! આટલી વાતું હવે બધી. આવો માર્ગ છે, ભાઈ! અરે! જે જ્ઞાનને પ્રત્યક્ષ કહેવું હોય ત્યાં એમ કહેવું કે મતિ અને શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ છે. કેમકે અનુભવના કાળે ત્યાં પરની કોઈ અપેક્ષા ત્યાં છે નહિ. સીધું મતિ શ્રુતજ્ઞાન આત્માને જાણે છે. આહા..હા..! 'શ્રુતરૂપ મતિજ્ઞાન શોભા, નમો દેવી વાગેશ્વરી જિનવાણી' એમાં આવે છે આ. બનારસીદાસનું આવે છેને, એમાં એ આવે છે. 'સમાધાનરૂપા અનુપા અછુદ્રા, અનેકાંતધા સ્યાદ્‌વાદાંક મુદ્રા. ત્રિધા સપ્તધા દ્વાદશાંગી બખાની, નમો દેવી વાગેશ્વરી જિનવાણી.' બનારસીદાસ. આહા..હા..! ત્યાં એમ કહ્યું. 'અકોપા અમાના અદંભા અલોભા, શ્રુતજ્ઞાનરૂપી મતિજ્ઞાન શોભા.' આહા..હા..! મતિજ્ઞાનપૂર્વક શ્રુતજ્ઞાનની શોભા ચાલશે કહે છે. જિનવાણી. એવો વીતરાગભાવ. આહા..હા..! સમજાણું કાંઈ? 'મહાપાવની ભાવના ભવ્યમાની, મહાપાવની ભાવના ભવ્યમાની, નમો દેવી વાગેશ્વરી.' વાકેશ્વરી હોં. ઓલી વાઘેશ્વરી નહિ. ઓલા વાઘ ઉપર બેસે સરસ્વતી (એ નહિ). આ તો વાકેશ્વરી. વાણીમાં ઈશ્વરીય અનાદિ ઈશ્વરીય વાણી. એ વીતરાગ પરિણતિ બતાવનાર વીતરાગ-વાણી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આમાં દુનિયાની ચિંતા-ફિંતાં ક્યાં છે આમાં કાંઈ? આહા..હા..! **'पाठो ण करेदि गुणं असद्दहंतस्स णाणं तु।।'** આહા..હા..!

**મુક્તિ તણી શ્રદ્ધારહિત અભવ્ય જીવ શાસ્ત્રો ભણે,**
**પણ જ્ઞાનની શ્રદ્ધારહિતને પઠન એ નહિ ગુણ કરે. ૨૭૪.**

**'पाठो ण करेदि गुणं'** નો અર્થ કર્યો. આહા..હા..!

'**ટીકા :- પ્રથમ તો મોક્ષને જ અભવ્ય જીવ,...**' એટલે મિથ્યાદષ્ટિ જીવ. અભવિનો તો દષ્ટાંત આપ્યો છે. મિથ્યાદષ્ટિ જીવ વ્યવહાર આવો કરે છે છતાં ધર્મ હોતો નથી એ વાત સિદ્ધ કરવી છે. '**પ્રથમ તો મોક્ષને જ...**' એટલે? મોક્ષ તો જ્ઞાનસ્વરૂપ જ એકલું છે. જ્ઞાનનું પૂર્ણ સ્વરૂપ જ તે મોક્ષ છે. આત્માની પૂર્ણ દશાનો લાભ થવો તે મોક્ષ છે. એ આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનની પરિપૂર્ણતાનો લાભ થવો તે મોક્ષ છે. એટલે જ્ઞાનને જ માનતો નથી તે મોક્ષને માનતો નથી.

આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાણી છે. લોકોને એવું લાગે છે બિચારા રાડું પાડે છે બધા. એય..! આમ કર્યું ને આમ કર્યું ને આમ કર્યું.

મોક્ષને શ્રદ્ધતો નથી. કેમ? કે '**શુદ્ધજ્ઞાનમય આત્મા...**' આહા..હા..! આત્મા કેવો છે? એ તો શુદ્ધ જ્ઞાનમય આત્મા છે. એકલો જ્ઞાનસ્વરૂપ પ્રકાશપુંજ પ્રભુ છે. સમજાણું કાંઈ? એમાં આ દયા, દાન અને વ્યવહારના વિકલ્પો તો નથી પણ એક સમયની પર્યાયનો પણ જેમાં અભાવ છે. આહા..હા..! જેને જાણે છે જે પર્યાય એ પર્યાયનો પણ એમાં અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ જુદાં બાપુ! માર્ગ વીતરાગનો જિનેશ્વરનો એવો છે અને એ પામે તો સંસારનો એને અંત આવી જાય છે. સમ્યગ્દર્શન થયું એટલે ભવનો અંત આવ્યો એને. બાકી આ બધા થોથા કર્યા એ ભવના, અનંત ભવના કારણરૂપ ભાવ છે એ તો. આહા..હા..! કેમ? કે '**શુદ્ધજ્ઞાનમય આત્મા...**' આત્મા છે એ તો શુદ્ધ જ્ઞાનમય છે એના જ્ઞાનથી શૂન્ય છે. શાસ્ત્રને ભણે છે, અગિયાર અંગને ભણ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો ત્યાં આવ્યું છેને પંચાધ્યાયીમાં? શાસ્ત્રથી જે શ્રદ્ધા કરી છે એ શ્રદ્ધા નહિ. જેમાં આત્મા પ્રાપ્ત નથી થયો તે જ્ઞાન નહિ. આહા..હા..! શું કહ્યું ઈ? જે જ્ઞાનની પર્યાયમાં આત્મા પ્રાપ્ત થયો નથી તે અગિયાર અંગનું જ્ઞાન તે જ્ઞાન નહિ. આહા..હા..! એ તો શબ્દનું જ્ઞાન છે, આત્માનું નહિ. અગિયાર અંગનું ભણતર એ તો શબ્દનું ભણતર છે. આહા..હા..! વ્યવહારજ્ઞાન એ કહેશે અને અહીં પણ એ જ કીધું છે. પછી કહેશે. અગિયાર અંગ એ શબ્દનું જ્ઞાન છે. આહા..હા..! આ શુદ્ધજ્ઞાનમય આત્મા. જેમાં વ્યવહારના શ્રુતજ્ઞાનનો પણ જેમાં અભાવ છે. આહા..હા..! એ શુદ્ધજ્ઞાનમય... જ્ઞાનમય ચૈતન્યના પ્રકાશના પુંજમય આત્મા, તેના જ્ઞાનથી શૂન્ય છે. ભલે આવો વ્યવહાર પાળે અને અગિયાર અંગ ભણે. આહા..હા..! સમજાણું કાંઈ? અમૃત રેડ્યા છેને. આહા..હા..! દિગંબર સંતો વિના આ વાણી ક્યાંય નથી. આહા..હા..! કોઈ અન્ય ધર્મમાં તો નથી પણ બીજે શ્વેતાંબર આદિમાં પણ આ વાત નથી. આહા..હા..! એકલા અમૃતને ઘોળ્યા છે.

કહે છે, પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. તું એમ પૂછે છે કે એ અગિયાર અંગ ભણ્યો છે ને એને જ્ઞાન કેમ નથી? તું એમ પૂછે છો, ભાઈ! પરંતુ હું કહું છું કે પ્રભુ! એ આત્મા શુદ્ધજ્ઞાનમય છે એનું એને જ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શાસ્ત્રના જ્ઞાનથી જ્ઞાન છે એમ દેખાવ કરે છે, દેખાવા બહારમાં, બહારમાં આવવા એમ બતાવે છે એ બધું જ્ઞાન અજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમ? કે અભવિ જીવ પોતે મોક્ષને શ્રદ્ધતો નથી. કેમ? કે શુદ્ધજ્ઞાનમય આત્મા છે. મોક્ષમાં તો એકલો શુદ્ધજ્ઞાનમય આત્મા રહે છે, ત્યાં કોઈ બીજું છે નહિ. તો એવા '**શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...**' એ મોક્ષને '**નથી શ્રદ્ધતો.**' લ્યો, નવ તત્ત્વમાં મોક્ષને શ્રદ્ધતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ જિનવરદેવ કેવળી પરમાત્મા (ફરમાવે છે). એમાં એ આવી ગયું હતું. અગિયાર અંગનું ઓલું બાર તપમાં કે એણે દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય પણ અનંતવાર કર્યો છે. તે વીતરાગે કહેલા સાધુ, વીતરાગે કહેલા પરમેશ્વરો અને એનો ધર્મ શાશ્વત, એનો વિનય પણ અનંતવાર કર્યો, પણ એ તો પરદ્રવ્ય છે. એનો વિનય એટલે એ તો રાગ છે. આહા..હા..! ગજબ વાત કરે છે.

કેવળી એમ કહે કે અમારો વિનય કરનારો રાગવાળો જીવ છે. આહા..હા..! અમારા વિનયથી એને ધર્મ થાય (એમ નથી). આહા..હા..! એના વિનયથી ધર્મ થાય. ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એને આદરે તો એનો વિનય કર્યો. આહા..હા..!

**'પ્રથમ તો...'** પહેલી વાત તો એ છે કે. 'तावत्' છેને? 'तावत्' શબ્દ છે સંસ્કૃતમાં. 'तावत्' એટલે મૂળ વાત એ છે કે એમ. પ્રથમ એટલે એ. મોક્ષને જ એ વ્યવહાર ક્રિયાકાંડી અભવિ જીવ શ્રદ્ધતો નથી મોક્ષને. અને **'શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...'** શુદ્ધજ્ઞાનમય ભગવાન આત્મા. આહા..હા..! જ્યાં શાસ્ત્રના ભણતરના ભાવનો પણ જેમાં અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** શાસ્ત્રના ભણતર વગર ... નિશ્ચય થતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો નિમિત્તના કથન છે. નિશ્ચયથી પોતાને આશ્રયે થાય છે. શશીભાઈ! વાતું આવી છે. આહા..હા..! એ તો કહ્યું, શ્રીમદ્‌માં આવે છેને. 'લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્ર સુખદાયી.' એ નિમિત્તથી કથન છે. એ પોતે પોતાનો આશ્રય કરે. શુદ્ધજ્ઞાનમય ભગવાન આત્મા એ પર્યાયમાં પ્રાપ્ત થાય ત્યારે તેણે આત્માનો આશ્રય કર્યો અને આનંદનો સ્વાદ આવે ત્યારે તેને દુઃખનો અભાવ થયો. વાત તો આમ છે, પ્રભુ! આહા..હા..! આ ભક્તિથી મુક્તિ માનનારને માટે પણ આ કહ્યું. એમ કે ગુરુની ભક્તિ કરો, ભક્તિ કરો; પણ ગુરુની ભક્તિ તો રાગ છે, વિકલ્પ છે. એ અહીં સિદ્ધ કરે છે. આહા..હા..! સમવસરણમાં ભગવાન સાક્ષાત્ બિરાજે છે ત્યાં જઈને પણ પ્રભુની પૂજા અનંત ભવે અનંતવાર કરી છે, એ તો પરાશ્રિત વ્યવહાર છે. તેનો અહીં નિષેધ કરે છે. એ વ્યવહાર નિષેધ કરવાલાયક છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ બંધ અધિકારમાં દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય બંધના અધિકારમાં નાખ્યો છે. તપમા નાખ્યુંને? તપમાં વિનય આવ્યોને. વિનય, વયાવચ્ચ, સજ્ઝાય. કાલે વિસ્તાર ઘણો કર્યો હતો દરેકનો. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે એને શાસ્ત્રનું જ્ઞાન છેને. પણ એ શાસ્ત્રનું જ્ઞાન છે એ તો વિકલ્પવાળું છે. ઓલામાં નથી એ કહ્યું કળશટીકામાં? બાર અંગનું જ્ઞાન વિકલ્પ છે. એમાં કહેલો આત્મા તે આદરણીય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અભવિનું તો દૃષ્ટાંત છે હોં! એ લોકો એમ કહે છે, જુઓ અભવિને માટે છે આ. ભવિ વ્યવહાર કરે તો લાભ થાય. અરે! આ તો દાખલો આપે છે. આમાંથી આ કહે છે. કહે છે એ ખબર છેને. મુખ્ય વાત તો એ કહેવાની છે કે મોક્ષ જે છે તેને અભવિ જીવ શ્રદ્ધતો નથી. કેમ? કે **'શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનથી શૂન્ય હોવાને લીધે,...'** મોક્ષમાં તો એકલો આત્મા રહે છે અને અહીં પણ એકલો શુદ્ધજ્ઞાનમય એ ભાવમોક્ષ છે. વસ્તુ છે એ મુક્તસ્વરૂપ જ છે. અબદ્ધ કહો કે મુક્તસ્વરૂપ કહો. **'जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं'** અબદ્ધમાંથી કાઢી નાખો તો મુક્ત. નાસ્તિ છે. અસ્તિથી મુક્ત છે. આહા..હા..! એ મુક્ત શુદ્ધજ્ઞાનસ્વરૂપ મુક્ત એવો જે ભગવાન આત્મા એને માનતો નથી તો મોક્ષને જ માનતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'શુદ્ધજ્ઞાનમય...'** જ્ઞાનવાળો એમ નથી કહ્યું, શુદ્ધજ્ઞાનમય. એ આત્મા શુદ્ધજ્ઞાનમય છે એકલો.

ઓહો..હો..! સમજાણું? એવા આત્માના જ્ઞાનથી. આહા..હા..! જેની જ્ઞાનદશામાં જ્ઞાયકપણું જ્ઞાનસ્વરૂપી ભગવાન એનું જ્ઞાન આવ્યું નથી. આહા..હા..! એથી એ મોક્ષને શ્રદ્ધતો નથી. કારણ કે મોક્ષમાં તો એકલો આત્મા જ રહે છે શ્રુતજ્ઞાન. સમજાણું કાંઈ? '**નથી શ્રદ્ધતો. તેથી જ્ઞાનને પણ તે નથી શ્રદ્ધતો.**' જે જ્ઞાનસ્વરૂપી આત્મા છે એને પણ શ્રદ્ધતો નથી. કારણ કે મોક્ષમાં એકલું જ્ઞાન રહે છે એને શ્રદ્ધતો નથી એટલે જ્ઞાનમય આત્મા એને શ્રદ્ધતો નથી. સમજાણું કાંઈ? આવી વાત હવે. ઘરેથી ન આવ્યા હોય સાંભળવા તો કહે શું સાંભળ્યું? કોણ જાણે કાંઈક કહેતા હતા આમ ને તેમ ને ફલાણું-ઢીંકણું. આવો માર્ગ છે, બાપુ! એટલે લોકોને બિચારાને એવું લાગે, ચારે કોર રાડ પાડે છે. એય..! એ તો વ્યવહારનો લોપ કરે છે. એઈ..! રતનલાલજી!

**શ્રોતા :–** રાડ પાડનાર છે પણ તે સાંભળનાર નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વાત એ. ઘણા પણ હવે બિચારા. કારણ કે ૪૨ વર્ષ થઈ ગયા તો ઘણાંને કાને પડી ગઈ છે વાત. એમાંથી ને એમાંથી જવાબ આપે છે એને હવે. બાપુ! આ તો સત્ય છે, ભાઈ! આ કોઈ પક્ષ નથી. આ તો વસ્તુનું સ્વરૂપ જ સર્વજ્ઞે કહ્યું એ વસ્તુ છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? એ સોનગઢ ને નાનું ગામ અને આ ઠેકાણે છે એમ ન લેવું. આ તો પરમાત્માના ઘરની વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! દેવ-ગુરુની ભક્તિ કરશો તો કલ્યાણ મુક્તિ થાશે એનો આમાં નિષેધ છે. એ ભક્તિ દેવ-ગુરુ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યના આશ્રયે લક્ષ જાય છે એ તો રાગ છે અને રાગથી બંધન થાય છે. અહીં બંધ અધિકારમાં વિનય નાખ્યો છે. પરદ્રવ્યનો વિનય બંધ અધિકારમાં છે. આહા..હા..! ન્યાયથી વાત એને બેસે એવી છે, આ કાંઈ એને.. સમજાણું કાંઈ?

'**અને જ્ઞાનને નહિ શ્રદ્ધતો તે,...**' એ જ્ઞાનસ્વરૂપ જ ભગવાન છે એને નહિ શ્રદ્ધતો '**તે, આચારાંગ આદિ અગિયાર અંગરૂપ શ્રુતને (શાસ્ત્રને) ભણતો હોવા છતાં,...**' જોયું! આચારાંગ આદિ. જિનવરના કહેલા આચારાંગ. બીજાનું જ્ઞાન એ જ્ઞાન પણ નહિ. વેદાંત ને વૈશેષિક ને શિવમત ઘણાં એની વાત પણ નથી. અહીંયાં તો વીતરાગે કહેલા શાસ્ત્રનું જ્ઞાન. આહા..હા..! સમજાણું કાંઈ? '**આચારાંગ આદિ અગિયાર અંગરૂપ શ્રુતને...** ' આહા..હા..! તો એમાં નથી આવતો અંદર આત્મા? કે આત્મા આવો છે... આવો છે... એ બધું અગિયાર અંગમાં જાણ્યું નથી એણે? પણ એ આવો છે... આવો છે... એ ધારણામાં ધાર્યું છે એણે, વસ્તુ નથી મળી. આહા..હા..!

'**આચારાંગ આદિ અગિયાર અંગરૂપ શ્રુતને...**' આહા..હા..! ભગવાન સિવાય આ આચારંગ ને સુયગડાંગ ને ઠાણાંગ ને એ એવું હોય ક્યાં? એનામાં કહેલા આચારંગ અને એનું એને જ્ઞાન. આહા..હા..! '**ભણતો હોવા છતાં, શાસ્ત્ર ભણવાનો જે ગુણ...**' જોયું! એનો ગુણ તો સ્વરૂપની પ્રાપ્તિ કરવી એ છે. આહા..હા..! શાસ્ત્ર ભણવાનું ફળ—ગુણ તો એ છે કે આત્મા આનંદસ્વરૂપ છે તેને પ્રાપ્ત કરવો અનુભવમાં એ એનું શાસ્ત્રનું ગુણનું ફળ છે. તો એ તો ફળ આવ્યું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**શાસ્ત્ર ભણવાનો જે ગુણ...**' એટલે? કે શાસ્ત્ર ભણ્યો એનું ફળ જે આવવું જોઈએ એ તો આવ્યું નથી. આહા..હા..! '**તેના અભાવને લીધે...**' '**શાસ્ત્રને ભણતો હોવા છતાં, શાસ્ત્ર**

**ભણવાનો ગુણ તેના અભાવને લીધે...'** એનો ગુણ તો એ છે કે અંદરમાં આનંદનો અનુભવ કરવો, સ્વનો આશ્રય લેવો. આહા..હા..! એ તો આવ્યું નહિ. એ શાસ્ત્ર ભણતર શું કર્યું તારું? આહા..હા..! જેમ ભગવાનની, દેવની, ગુરુની ભક્તિ પણ બંધનું કારણ છે, એમ શાસ્ત્રનું ભણતર પણ બંધનું કારણ છે. બંધ અધિકાર છે. એમાંથી નીકળીને જ્ઞાયકસ્વરૂપને અનુભવવો જોઈએ એ તો આત્માની પ્રાપ્તિ તો થઈ નહિ. તો એ શાસ્ત્ર ભણતર તારા કેવા કામના? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! **'અભાવને લીધે જ્ઞાની નથી.'** શાસ્ત્ર ભણવાનો જે ગુણ, જે આત્માનું જ્ઞાન થવું, આત્માની શ્રદ્ધા થવી એના અભાવને લીધે જ્ઞાની નથી. આહા..હા..!

**'જે ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન...'** શું કીધું? કે શાસ્ત્ર કહે છે શું? અગિયાર અંગમાં, બાર અંગમાં કહે છે શું? એ કળશટીકામાં આવ્યું છેને કે બાર અંગ તે વિકલ્પરૂપ છે. પણ એમાં કહ્યું છે તો આ આત્માની વાત. આત્માનો અનુભવ કરવો એ કીધું છે એમાં. કળશટીકામાં છે. આહા..હા..! કેમ? કે શાસ્ત્ર ભણવાનો ગુણ શું? એટલે કે શાસ્ત્રમાં શું કહેવું છે? કે ભિન્ન વસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન કરવાનું કહ્યું છે ત્યાં તો. આહા..હા..! રાગથી, પરથી ભિન્ન દેવ-ગુરુ-શાસ્ત્રથી તો ભિન્ન એ તો નોકર્મ છે, પણ એના પ્રત્યેની ભક્તિનો વિકલ્પ ભાવકર્મ એનાથી ભિન્ન. આહા..હા..! એવું **'જે ભિન્નવસ્તુભૂત...'** વસ્તુભૂત. ભગવાન આત્મા ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્મા. એ પરથી ભિન્નવસ્તુભૂત છે કોણ? એ તો જ્ઞાનમય આત્મા ભિન્નવસ્તુ છે. આહા..હા..! એકલો જ્ઞાનમય વસ્તુ. ચૈતન્યપ્રકાશનો પુંજ પ્રભુ છે. આમાં ઓલા શબ્દ આવ્યા છે, વાંચ્યા ગુજરાતી? ગુજરાતી આત્મધર્મમાં. વાંચ્યું? નહિ? ભાઈ લાલભાઈએ વાંચ્યું? કહ્યું હતું ઈ આમાં લખાણ છે.

ધ્રુવ ધામના ધ્યેયના ધ્યાન વિના. જુઓ, એ બધા તેર બોલ છે. ધ-ધાના તેર છે. 'ધ્રુવ ધામના ધ્યેયના ધ્યાનની ધખશની ધીરજ વિના, ધખશની ધીરજથી ધૂણીને ધખાવ. તે ધર્મનો ધરનાર ધર્મી તેને ધર્માત્મા કહેવામાં આવે છે. તે ધર્માત્માને ધન્ય છે.' ઓલા ધ-ધા બધા લાગુ પડ્યા છેને. હીરાભાઈ આવ્યા છે? આવ્યા છે. હીરાભાઈના ઘરમાં કર્યું હતું. રોગ થયો ને ઓલું થયું પછી એક આ મંત્ર બનાવ્યો આવો. છેને ઈ? આહા..હા..! ધ્રુવ ધામ, ભગવાન ધ્રુવ ધામ છે એ તો. ધીરો ધ્રુવધામમાં ધીરજ થઈને ધખશથી ધૂણી ધખાવ એકાગ્રતાની અંદર. આહા..હા..! એ ધર્માત્મા ધર્મી ધર્મનો ધરનાર ધન્ય કહેવાય છે. કહો, પાટણીજી! લ્યો, એ જ્ઞાન આત્માનું જ્ઞાન નથી, ભણવાનો ગુણ નથી થયો, માટે જ્ઞાન નથી કહે છે લ્યો! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ચૈત્ર સુદ-૪, બુધવાર, તા. ૨૩-૦૩-૧૯૭૭, ગાથા-૨૭૪-૨૭૫, પ્રવચન નં. ૩૩૧

સમયસાર, ૨૭૪ ગાથા. શું કહે છે? આમાં શિષ્યે પ્રશ્ન કર્યો છે કે અહીંયાં સિદ્ધ એ કરવું છે કે જિનવર કહેલા વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિ ભાવ જે છે એવા ભાવ તો અભવિએ પણ અનંતવાર કર્યા છે. અભવિનું દૃષ્ટાંત છે. અભવિ અને ભવિ બેય. એ કાંઈ ધર્મ નથી, તેમ એ ધર્મનું કારણ પણ નથી. તેથી કહે છે કે અભવિ જીવે મહાવ્રતાદિ પાળ્યા, સમિતી-ગુપ્તિની સાવધાનપણે પણ ક્રિયાઓ કરી, તપ-શીલમાં પણ પૂર્ણ પરિપૂર્ણ જે કાંઈ ભાવ છે તે પ્રગટ કર્યો, છતાં તે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ નિશ્ચારિત્ર છે. છેલ્લું આવ્યું છેને? છેલ્લા શબ્દો છે. છતાં તે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ ચારિત્રરહિત છે. ત્યારે શિષ્યનો પ્રશ્ન થયો કે એને કેમ તમે જ્ઞાનરહિત કહો? અગિયાર અંગનું જ્ઞાન થાય છેને? શાસ્ત્રનું જ્ઞાન જે જિનવરે કહેલા શાસ્ત્રો હોં! અન્યની વાત નહિ.

સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ પરમાત્મા એમણે કહેલા જે શાસ્ત્રો અગિયાર અંગ એ તો ભણે છે ઈ. અભવિ-ભવિ અનંતવાર એવા શાસ્ત્રજ્ઞાન તો કર્યા છે, તો એને જ્ઞાન નથી એમ કેમ કહો છો તમે? સમજાણું કાંઈ? આહા..હા..! એને અજ્ઞાન છે એમ કહો છો? આવું જ્ઞાન શાસ્ત્રનું. એક એક શાસ્ત્રમાં અઢાર હજાર પદ પહેલામાં, બીજામાં ૩૬, ત્રીજામાં ૭૨. એક એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક. એ બધું કંઠસ્થ જેને અગિયાર અંગનું ભણતર. એ કહ્યુંને? મોક્ષને પણ શ્રદ્ધતો નથી કહે છે. ભલે અગિયાર અંગ ભણ્યો હોય એ. આહા..હા..! એને આ આત્મા શુદ્ધજ્ઞાનમય છે, એ શાસ્ત્રના જ્ઞાનના વિકલ્પથી પણ રહિત છે. ભગવાન આત્મા શુદ્ધજ્ઞાનમય આત્મા તેનું એને જ્ઞાન નથી. છેને? આહા..હા..! ભલે શાસ્ત્ર ભણ્યો. એથી શું? આહા..હા..!

**શ્રોતા :-** તો શાસ્ત્ર ભણવા કે ન ભણવા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શાસ્ત્ર ભણવામાં લક્ષે ભણવા, આત્માના લક્ષે શાસ્ત્રનો અભ્યાસ કરવો એ પ્રવચનસારમાં છે. પણ વાત એ છે કે એકલા શાસ્ત્ર ભણે... એ કહે છે જુઓ!

**'આચારાંગ આદિ અગિયાર અંગરૂપ શ્રુતને (શાસ્ત્રને) ભણતો હોવા છતાં, શાસ્ત્ર ભણવાનો જે ગુણ...'** શું કહેવા માગે છે? આહા..હા..! જે અગિયાર અંગ છે કે શાસ્ત્રના બાર અંગ ભણતર, એમાં કહેવાનું છે એ શુદ્ધજ્ઞાનમય આત્માની દૃષ્ટિ અને અનુભવ. આહા..હા..! ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે ઈ. સત્ ચિદાનંદ. શાશ્વત જ્ઞાન અને આનંદની મૂર્તિ પ્રભુ છે. એનું એણે જ્ઞાન ન કર્યું. કેમકે શાસ્ત્રકારને... કહ્યુંને? **'શાસ્ત્ર ભણવાનો જે ગુણ...'** એટલે? શાસ્ત્રને કહેવું છે ઈ. જોયું! આ અગિયાર અને બાર અંગમાં કહેવું છે એ. ચારેય અનુયોગની વાત કરે છેને લોકો. આહા..હા..! આ કરણાનુયોગ જોઈએ, ચરણાનુયોગ જોઈએ. બધું છે, પણ એ બધાના ભણતરનો લાભ—ગુણ શું?

કે એ ચારેય અનુયોગમાં અને બાર અંગમાં ભગવાન આનંદનો નાથ પ્રભુ છે એની દૃષ્ટિ કરાવવી છે. કહો, ચંદુભાઈ! આહા..હા..! આમાં તો કેટલો ખુલાસો! ઓલા ચાર અનુયોગ આમ છે, ઢીંકણું આમ છે. બધુંય છે. ચારેય અનુયોગો છે. ચરણાનુયોગ ક્રિયાકાંડના અનુયોગો, કરણાનુયોગ- કર્મના પરિણામ આદિની વ્યાખ્યા. છે શાસ્ત્રમાં બધું, પણ એ ચારેય શાસ્ત્રને અગિયાર અંગમાં એ બધું આવી જાય છે. છતાં શાસ્ત્ર ભણવાનો ગુણ એટલે? શાસ્ત્રએ આ જે કહ્યું એનો ગુણ એટલે એને કહેવું છે શું? આહા..હા..!

જેમ પંચાસ્તિકાયમાં કહ્યુંને ૧૭૨ ગાથામાં કે ભાઈ! શાસ્ત્રનું તાત્પર્ય શું? એનું તાત્પર્ય શું? કે તાત્પર્ય વીતરાગતા. વીતરાગતા એટલે શું? અને વીતરાગતા થાય કેમ? આહા..હા..! કે વીતરાગતા તો સ્વ આત્મા આનંદકંદ પ્રભુ એનો અનુભવ કરે તો એને વીતરાગતા થાય. આહા..હા..! અને એ ચારેય અનુયોગ અને શાસ્ત્રને આ કહેવું છે. અહીં તો વ્યવહાર કહ્યો હતો એ કહ્યું હતું. જિનવરે કહેલો વ્યવહાર એ વાત આવી ગઈ, ભાઈ! છતાં શાસ્ત્રને કહેવું છે કે આત્મા આનંદસ્વરૂપ પ્રભુ છે, એ જ્ઞાનનો પુંજ ચિદ્બ્રહ્મ છે. ચિદ્બ્રહ્મ એટલે આનંદ. આ જ્ઞાન અને આનંદનો કંદ છે એ આત્મા. આહા..હા..! એમાં આ વિકલ્પ, શુભરાગનો વિકલ્પમાત્ર એમાં નથી. જે જિનવરે કહેલા વ્યવહારનો વિકલ્પ એ સ્વરૂપમાં નથી. આહા..હા..! ભારે વાત કરી છેને. એ નથી, પણ શાસ્ત્રને કહેવું છે એ.

કહ્યુંને? '**શાસ્ત્ર ભણવાનો જે ગુણ તેના અભવાને લીધે જ્ઞાની નથી.**' કેમ? કે '**જે ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે;...**' ગમે તેટલા અબજો શ્લોકો કંઠસ્થ કરે, વાંચે, ભણે પણ એનું તાત્પર્ય અને સાર શું કહેવો છે શાસ્ત્રને? પ્રભુ! તું આત્મા આનંદસ્વરૂપ છો એનો સ્વાદ લે, એનું જ્ઞાન કર એ ત્યાં કહેવું છે. આહા..હા..! વ્યવહાર કર એમ કહેવું નથી એનું તાત્પર્ય, એમ કહે છે. આહા..હા..! વ્યવહાર આવે, પણ કરવાનું છે આ. આહા..હા..!

**શ્રોતા :–** બારેય અંગમાં કરવાનું..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બાર અંગમાં. એ આવ્યું નહિ તેરમી ગાથા કળશટીકા? તેરમી ગાથામાં આવ્યું છે કે ભાઈ! કળશમાં ૧૩મો કળશ. જ્ઞાનાનુભૂતિ આત્માનુભૂતિ, જ્ઞાનાનુભૂતિ એ જ્ઞાનનો અનુભવ કહો કે આત્માનો અનુભવ કહો, એક જ છે. એમાં એ નાખ્યું છે કે કોઈ એમ કહે કે બાર અંગનું ભણતર અપૂર્વ છે. બાર અંગ ભણે એ અપૂર્વ કોઈ છે, બાર અંગ હોં! આહા..હા..! બાર અંગ એ કાંઈ અપૂર્વ છે? કે ના, એ તો વિકલ્પ છે. આહા..હા..! અને તે બાર અંગમાં પણ કહ્યું છે એ શુદ્ધાત્માનુભૂતિ કરવાનું. એ તેરમા કળશમાં છે. એનો અર્થ આ કહે છે ઈ. આહા..હા..! ચારે કોર વાત એક જ છે. ૧૭૨માં કહ્યું પંચાસ્તિકાયમાં કે સર્વ શાસ્ત્રનું સૂત્રતાત્પર્ય વીતરાગતા છે. પછી વીતરાગતા છે એ વીતરાગતા કેમ થાય? કે એ વીતરાગી સ્વરૂપ ભગવાન પોતે વીતરાગસ્વરૂપ જ, ચિદાનંદસ્વરૂપ જ છે. એને બેસે કેમ પણ એ? આહા..હા..! એક બહારની ક્રિયા, દયા, વ્રત ને ભક્તિને પાળે ત્યાં થઈ જાય કે જાણે આપણે ધર્મ કર્યો. આહા..હા..! ધૂળેય ધર્મ નથી. એટલે? એને સાચા પુણ્ય જે જોઈએ વ્યવહારના એ પણ એને હોતા નથી મિથ્યાદૃષ્ટિને. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કેવી

વાત કરી છે!

૨૭૩માં કહેલા જિનવરે કહેલા વ્રતો ને તપો ને શીલના તપમાં સાવધાની પરિપૂર્ણ પાળે છે. આહા..હા..! અને એ જિનવરના શાસ્ત્રોમાં કહેવું છે કે તું આત્મા જ્ઞાયકસ્વરૂપ છો, ચિદાનંદસ્વરૂપ પ્રભુ શુદ્ધજ્ઞાનમય એને પકડ. બાકી બધી વાતું. આહા..હા..! એટલે કે આત્મજ્ઞાન. એટલે કે આત્મજ્ઞાનનો અર્થ કે શાસ્ત્રજ્ઞાન નહિ, નિમિત્તનું જ્ઞાન નહિ, રાગનું જ્ઞાન નહિ, પર્યાયનું જ્ઞાન નહિ. આત્મજ્ઞાન. આહા..હા..! જુઓને વાત. આત્મવસ્તુ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદનો નાથ છે એ.'**पूर्णमिदं**' એ તો એ લોકોમાં પણ આવે છે વેદાંતમાં પણ, '**पूर्णमिदं**'. પણ શું ચીજ છે એ પર્યાય ગુણની ખબર નથી. આહા..હા..! કહે છે કે શાસ્ત્ર ભણવાનો ગુણ એટલે કે શાસ્ત્રને કહેવું છે એ ભણીને, સાંભળીને, વાંચીને, એ સાંભળવા ટાણે પણ એનો વિકલ્પ છે, પણ એને સંભળાવવામાં એમ કહેવું છે. આહા..હા..!

**શ્રોતા :-** વિકલ્પ દ્વારા નિર્વિકલ્પ સમજાવવો છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમજાવે. વ્યવહાર દ્વારા સમજાવે છે, પણ વ્યવહાર અનુસરણ કરવાયોગ્ય નથી. એ તો આઠમી ગાથામાં (આવ્યું). બીજો કોઈ ઉપાય નથી. '**जह ण वि सक्कमणज्जो**' અનાર્યને અનાર્યની ભાષા વિના સમજાવાય નહિ. આહા..હા..! એ ભાષા ન સમજે. પહેલા પાણિતાણામાં હતું ને. ગાદીએ નહોતા બેઠા ત્યારે એક ગોરો આવ્યો હતો એની સંભાળ કરવા. તો અમે ગારિયાધાર હતા તે દિ'. આ તો ૧૨ વર્ષી ઉંમરની વાત છે. પોણો સો વર્ષ પહેલાં. તે એ ગોરો બોલે. ઘોડા લઈને આવે પાલિતાણાથી. દરબાર હજી નાની ઉંમરના કુંવર. મોટા દરબાર ગુજરી ગયેલા માનસિંહ. બાહુબલ કેવા? બહાદુર. એ હજી બાળક હતા એટલે... પણ બોલે તો ઓલો ભાષા આપણી બોલે, બાજરો કેટલો થયો? બા-જરો. બાજરો નહિ. એ કાંઈ સમજે નહિ ને એની ભાષા. એવું બોલતો હતો, સાંભળ્યું હતું બરાબર ચોખ્ખું હોં! પોણો સો વર્ષ પહેલાંની વાત છે. ઘોડા ઉપર બેસીને વાત કરે. બધા ભેગા થાય. સાહેબ આવ્યા.. સાહેબ આવ્યા. શું કહેવાય? એ કામ કરેને ભાઈ રાજનું.

**શ્રોતા :-** એડમિનિસ્ટ્રેટર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, બધું ધ્યાન રાખે. બા-જ-રો એમ બોલે. કારણ કે અનાર્યને આ ભાષા કેવી રીતે બેસે? એમ અજ્ઞાનીને નિશ્ચયની ભાષા ન સમજાય એટલે વ્યવહારથી એને સમજાવે. સમજાવે વ્યવહારથી, પણ વ્યવહાર અનુસરવાલાયક કહેનારને અને સાંભળનાર બેયને નથી. આહા..હા..! આવે છેને ઈ, ૮મી. આહા..હા..! શાસ્ત્રમાં તો ગજબ કર્યું છે!

અહીંયાં એ કહે છે કે શાસ્ત્ર ભણ્યો તું ભલે. અગિયાર અંગ. કરોડો અબજો શ્લોકો કંઠસ્થ. પાણીના પૂરની પેઠે ભાષા બોલે શાસ્ત્રની. શ્લોકો ને આમ ઓહો..હો..! એથી શું થયું? આહા..હા..! કેમકે એ શાસ્ત્ર ભણવાનો ગુણ અને શાસ્ત્રને એ કહેવું (છે). ભણવાનો ગુણનો અર્થ ઈ. એ ચારેય અનુયોગ અને બાર અંગ અને શાસ્ત્ર અને અગિયાર અંગમાં એ કહેવું છે. પ્રભુ! તું અંદર આનંદકંદ છો. જ્ઞાનની મૂર્તિ છો, ચિદ્ઘન છો એનો અનુભવ કર, અનુભૂતિ કર. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આવી વ્યાખ્યા છે. હવે વ્યવહાર કર એમાં છે? તો વ્યવહારથી લાભ થાય, બાપુ! આ ફેરફાર છે ભાઈ! તને તારા

હિતના માર્ગની ખબર નથી. આ માર્ગ હિતનો અને આ છે. એથી ઊલટું કરીશ બાપુ, તને દુઃખ થશે. એ અનુભૂતિ નહિ થાય. આહા..હા..! એટલે? કે આત્માનો સ્વાદ તને નહિ આવે. આહા..હા..! વ્યવહારથી થાય એમ માનીશ તો બાપુ, શાસ્ત્રે પણ એમ કહ્યું નથી અને એ વસ્તુનો સ્વભાવ વ્યવહારથી થાય એવો વસ્તુનો સ્વભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અલિંગગ્રહણમાં કહ્યું છે એક બોલ છઠ્ઠો, પોતાના સ્વભાવથી જાણવામાં આવતો એવો પ્રત્યક્ષ ભગવાન જ્ઞાતા છે. આહા..હા..! અલિંગગ્રહણ છેને, ૨૦ બોલ છે. એ વિકલ્પથી અને વ્યવહારથી પકડાય એવું એ વસ્તુનું સ્વરૂપ જ નથી એમ કહે છે. શાસ્ત્રે એમ કહ્યું છે, ત્યાં અલિંગગ્રહણનો અર્થ પણ એવો કર્યો છે ત્યાં કે વ્યવહારના તારા, દયા, દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા અને ભગવાનનો વિનય અને ગુરુનો વિનય એ દ્વારા આત્મા જણાય એવું વસ્તુનું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભગવાન એવો છે નહિ. આહા..હા..! એ તો પોતાના વીતરાગી પરિણામ દ્વારા જણાય એવું જ એનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? એ વ્યવહાર દ્વારા કે નિમિત્ત દ્વારા (જણાય એવો નથી). અરે! ત્યાં તો પહેલું આવી ગયું છે આમાં આપણે પરમાત્મપ્રકાશમાં કે દિવ્યધ્વનિથી પણ આ જણાય એવો નથી આત્મા. વેદ અને વીતરાગની શાસ્ત્રોની વાણી. દિવ્યવેદ એટલે દિવ્યધ્વનિ, ભગવાનની દિવ્યધ્વનિ એ દ્વારા જણાય એવો નથી આત્મા. આહા..હા..! એ શાસ્ત્ર કહ્યા, ભગવાનની વાણીમાં શાસ્ત્ર આવે છે. ભગવાન કેવળજ્ઞાન નથી કહેતા, શ્રુતજ્ઞાન કહે છે. છે કેવળી, પણ વાત શ્રુતજ્ઞાનની કરે છે. કારણ કે સાંભળનારને શ્રુતજ્ઞાન થાય છેને? એને કેવળજ્ઞાન ક્યાં છે? આહા..હા..!

ભગવાન ત્રણલોકના નાથ કેવળી પણ દિવ્યધ્વનિમાં શ્રુતજ્ઞાનથી વાત કરે છે. આહા..હા..! અને એ શ્રુતજ્ઞાનમાં આવ્યું કે અમને તું સાંભળીને જાણ એવો એ તું નથી. આહા..હા..! કહો, હીરાભાઈ! આવી વાતું છે. લોકોને બાપા ન બેસે એટલે વિરોધ કરે. ભાઈ! તને દુઃખનું કારણ થશે. આ સત્યના પંથની હા પણ ન આવે! સમજાય છે કાંઈ? પ્રભુ! તને દુઃખ થશે. એ દુઃખ તને થશે, એને કાંઈ તિરસ્કાર કરાય એનો? આહા..હા..! ભલે. ભાઈ! એમ તિરસ્કાર ન થાય. દુઃખી થઈશ, એનો તિરસ્કાર ન થાય. આહા..હા..! માર્ગ આ છે, બાપુ! આહા..હા..! પોકાર કરે છે. આહા..હા..! હવે કહે છે કે ચર્ચા કરો, પ્રભુ ચર્ચા કરો. એ પ્રભુ છે, ભગવાન છેને. આહા..હા..! સ્વભાવે તો ભગવાન છેને. પર્યાયમાં ભૂલ્યા છે વર્તમાન અવસ્થામાં, વસ્તુ તો વસ્તુ છે, સચ્ચિદાનંદ પ્રભુ છે, ભગવાન બધા છે. પણ ભાઈ! તારી ભગવાનતાની મહિમા તને ન આવી અને તને એમ થાય કે વ્યવહારથી જણાશે, નિમિત્તથી જણાશે તો માહાત્મ્ય તો વ્યવહાર અને નિમિત્તનું આવ્યું. પ્રભુ! તારી મોટપનું માહાત્મ્ય તો તને ન આવ્યું. આહા..હા..! તારો ભગવાન પૂર્ણાનંદનો નાથ, એ રાગ અને નિમિત્તથી ન જણાય એવી એની મોટપ છે. આહા..હા..! એવી તારી મોટપને તને બતાવે છે ત્યારે તું કહે ના, ના; એ રાગથી જણાય, નિમિત્તથી જણાય. એ તો મોટપની તને મહિમાની ખબર નથી પ્રભુ! તું મહિમા આપી દે છે નિમિત્તને અને રાગને. આહા..હા..! કહો, નવલચંદભાઈ! આહા..હા..!

અહીં શું કહ્યું? કે શાસ્ત્ર ભણવાનો ગુણ એટલે કે શાસ્ત્રમાં કહેવું છે એ કે જ્ઞાનસ્વરૂપી પ્રભુ આત્મા

છે. એ તો અતીન્દ્રિય આનંદસ્વરૂપે પ્રભુ છે. આહા..હા..! એનું જ્ઞાન કર એ શાસ્ત્રને કહેવું છે. શાસ્ત્રના જ્ઞાનમાં પણ આ કહેવું છે. આહા..હા..! શાસ્ત્રમાં વ્યવહાર કહ્યો, નિમિત્ત કહ્યું છે, પણ નિમિત્તથી થાય અને વ્યવહારથી થાય એમ શાસ્ત્રે કહ્યું નથી. આવ્યો કે નહિ એમાં ન્યાય? આહા..હા..! ચંદુભાઈ! આહા..હા..! શાસ્ત્ર ભગવાનની વાણીમાં એમ કહ્યું. બાર અંગની ધ્વનિ ઉઠી, ગણધરો અને ઇન્દ્રો સાંભળતા. એકાવતારી-એક ભવે મોક્ષ જનારા. આહા..હા..! એ આત્માઓ સભામાં બેઠા હતા. એ વાણીમાં તો આ આવ્યું હતું કે અમારી વાણીથી તને જે જ્ઞાન થાય, એનાથી તારું જ્ઞાન નહિ થાય. આહા..હા..! હવે આ વાતને નિષેધ કરીને બીજી વાત સ્થાપવી એ તારી મોટપનો અનાદર થાય છે, પ્રભુ! આહા..હા..! એટલે? કે તું તારા સ્વભાવથી જણાય એવી ચીજ છો. તારું સ્વરૂપ જ એવું છે. એ વિભાવ ને રાગ ને વ્યવહાર ને નિમિત્તથી ન જણાય એવો જ તારો સ્વભાવ છે. એને તું એમ કહે કે આનાથી જણાશે, વ્યવહાર કરતાં-કરતાં થાશે, પ્રભુ! એ તો કલંક છે તને. એને તું હરખના હોંશથી સડકા કરે છો કે વ્યવહાર કરતાં-કરતાં થાશે. એનો તો અહીં નિષેધ કરે છે. આહા..હા..!

ભાઈ! તારું સ્વાશ્રય તત્ત્વ જે છે ચિદાનંદ પ્રભુ. એ ૨૭૨માં આવી ગયું હતું. ૨૭૨માં આવ્યું હતું ને? આત્મા-આશ્રિત નિશ્ચયનય છે. એટલે ત્યાં આત્મા શબ્દે સ્વ લેવો. કૌંસમાં નાખ્યુંને સ્વ? કેમકે પરાશ્રિત તે વ્યવહાર છે. પરાશ્રય તે વ્યવહાર છે, સ્વાશ્રય તે નિશ્ચય છે. તો સ્વ કોણ? આહા..હા..! નિત્યાનંદ પ્રભુ અનાદિઅનંત ધ્રુવ જેની આદિ નથી, જેનો અંત નથી, જેની એક સમયની પર્યાયમાં એ આવતો નથી. આહા..હા..! છતાં એ પર્યાય વડે જણાય છે. પર્યાયમાં એ આવતો નથી, પણ પર્યાયમાં એ જણાય છે એવો ઈ છે. સ્વભાવથી જણાય એવો છે એમ કીધુંને? આહા..હા..! ભાઈ! આ તો વીતરાગની વાણી છે, બાપુ! આ કાંઈ (સાધારણ વાત નથી). સમજાણું કાંઈ?

આ તો એ રાડો પાડે છે કે આ વ્રત કરીએ, અપવાસ કરીએ, તપસ્યા કરીએ, ભક્તિ કરીએ, ગિરનારની અને સમ્મેદશિખરની (જાત્રા કરીએ) તો ભવ ઘટી જશે. ધૂળમાંય નહિ ઘટે, સાંભળને બાપુ! આહા..હા..! કેમકે તારો સ્વભાવ જ એવો છે કે વ્યવહાર ને નિમિત્તથી ન જણાય, શાસ્ત્રજ્ઞાનથી ન જણાય એવો તારો સ્વભાવ છે. આહા..હા..! વ્યવહારથી ક્રિયાકાંડથી તો ન જણાય. આહા..હા..! સમયસાર તે ગજબ વાત છે! કેવળીના કેડાયતની વાત રહી ગઈ છે આખી. ઓહો..હો..! કહે છે કે જે ક્રિયાકાંડની વાત ૨૭૩માં કરી, એ બધી પરાશ્રિત ક્રિયાઓ જે છે એનાથી જણાય એવો નથી. એમ વીતરાગની વાણીમાં એમ આવ્યું છે. આહા..હા..! અને વીતરાગની વાણીમાં એ આવ્યું કે અમારા તરફનું શાસ્ત્રજ્ઞાન જે તને થાય દિવ્યધ્વનિ દ્વારા અને શાસ્ત્રથી અગિયાર અંગનું (જ્ઞાન થાય) એનાથી તું જણાય એવો નથી એમ તને કહીએ છીએ. આહા..હા..! આવી વાત છે. નાને મોઢે જાણે મોટી વાતું એને લાગતી હોય. પણ બાપુ! તું નાનો નથી. આહા..હા..! એ નાગનો એક કણ આટલો નાનો એ નાનો ન કહેવાય. આહા..હા..! વિંછી, નાગ છેને મોટો નાગનો કણ ચાલતો હોય. તોડી નાખે માથું. એમ પ્રભુ! તારી પર્યાયમાં નાનપ નથી. અને નાનપ હોય તો નિર્મળ પરિણતિ છે એની કિંમત તને નથી. આહા..હા..! એનાથી જણાય એવો છે, રાગ અને નિમિત્તથી નહિ. એટલી એ ચીજ ભલે નાની

પરિણતિ છે કહે છે. લાલભાઈ! આહા..હા..!

ભગવાન આત્મા! બાપુ! તત્ત્વ આવું છે હોં! લોકોને બિચારાને સાંભળવા મળતું નથી અને જિંદગી ચાલી જાય છે. ક્યાં જશે રખડવા? આહા..હા..! એ વંટોળિયાના તરણા ઊડીને ક્યાં જઈને પડશે? વંટોળિયો વંટોળિયો નથી કહેતા? આ શું કહેવાય આ? બબુલ મોટો. બબુલ કહે છેને તમારે? બબુલ. એમાં તરણા હોય એ તરણા ઊડીને ક્યાં પડશે ભાઈ? તારી મિથ્યાશ્રદ્ધાને લઈને એ જઈને ક્યાં પડશે નાથ તને ખબર નથી. આહા..હા..! તારે જ્યાં જાવું છે ત્યાં જાને. આ રખડવામાં જાવું છે, બાપુ? એ કાંઈ તારું સ્વરૂપ છે? આહા..હા..! ત્યારે ઓલા કહે, વાદ કરો, ચર્ચા કરો. અરે! પ્રભુ! શું કરીએ બાપા? તું પણ ભગવાન છોને. પર્યાયમાં ભૂલ છે એક સમયની. એક સમયની ભૂલ અને ત્રિકાળી તત્ત્વ એને બેને... આહા..હા..! ભૂલ તો એક સમય, એક સેકન્ડના અસંખ્ય સમય થાય એનો એક સમય. આહા..હા..! એમાં ભૂલ. અને ભગવાન તો ત્રિકાળી ભૂલ વિનાની ચીજ પડી છે. આહા..હા..! ભાઈ! તને જ્ઞાનમાં એ વાતનું માહાત્મ્ય આવવું જોઈએ. જે જ્ઞાનમાં આત્મા જણાય તે જ્ઞાનને જ્ઞાન કહે છે. આહા..હા..! શાસ્ત્ર ભણતરથી પણ જણાય નહિ. કારણ કે શાસ્ત્ર ભણ્યો છે, પણ એનો ગુણ એટલે એને કહેવું છે, ગુણનો અર્થ એ. આહા..હા..! હજી તો સમ્યગ્દર્શનની વાત, બાપુ! ચારિત્ર અને એ વાતું તો કોઈ અલૌકિક છે. સમજાણું કાંઈ? નગ્ન મુનિ થઈ ગયા ને પાંચ મહાવ્રત પાળ્યા માટે સાધુ છે. એ બધી વાતું સમજવા જેવી છે, બાપુ! મારગડા જુદાં છે વીતરાગના. આહા..હા..!

અહીંયાં તો કહે છે. ૨૭૩માં કહ્યુંને? ૨૭૨માં એ કહ્યું કે સ્વાશ્રિત નિશ્ચય, પરાશ્રિત વ્યવહાર. પછી ૨૭૩માં કહ્યું, પરાશ્રિતનો વ્યવહાર કેટલો? કેવડો? જિનવરે કહેલો વ્યવહાર એવડો. પણ એ કાંઈ આત્માને લાભ કરનાર નથી. આહા..હા..! હવે અહીંયાં જ્ઞાન પણ કોનું? કે ભગવાનની વાણીનું શાસ્ત્રજ્ઞાન. અજ્ઞાનીની વાણી અને અજ્ઞાનીનું જ્ઞાન એ તો નહિ. આહા..હા..! જિનવર ત્રિલોકનાથ પરમાત્માની દિવ્યધ્વનિમાં આવ્યું, એ દિવ્યધ્વનિથી શાસ્ત્ર બન્યા એનું એને અગિયાર અંગનું જ્ઞાન. આહા..હા..!

**શ્રોતા :–** વ્યવહારથી નિશ્ચય થાય એ આવ્યું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આવ્યું નથી. ત્યાં તો વાણીમાં તો આ આવ્યું છે કે તું તને જાણ. સીધો જાણ રાગ અને શાસ્ત્ર જ્ઞાનની અપેક્ષા છોડી દઈને. આવી વસ્તુ છે. પાંચમે આરે પણ ભગવાન બિરાજે છે, કાંઈ વયો ગયો છે અંદર? આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! કેવી વાત કરી છે! એક એક ગાથાઓ. એમ ને એમ ભણી ગયા, વાંચી ગયા લ્યો સમયસાર વંચાઈ ગયું. એક જણો કહે, સમયસારના શું બહુ વખાણ કરો છો તમે? હું પંદર દિ'માં વાંચી ગયો. શું વાંધો છે કીધું. અક્ષરમાં વાંચી જાય. એ.બી.સી.ડી. ભણ્યો હોય તો એલ.એલ.બી.ના પુસ્તક હોય એ વાંચી જાય તો એ સમજી શકે કાંઈ? આહા..હા..! એલ.એલ.બી.ના અક્ષરોથી વાંચે, પણ એને શું આશય કહેવો છે એ ન પકડી શકે. આહા..હા..!

અહીં તો આચાર્યે બહુ જ ટૂંકામાં કહ્યું કે જે વીતરાગે, જિનવરોએ કહેલા શાસ્ત્રો. પરમેશ્વર

ત્રિલોકનાથ આહા..હા..! એની જે વાણી, એ પહેલું કહેવાણું છે પરમાત્મપ્રકાશમાં કે એ દિવ્યધ્વનિથી પણ જણાય એવો નથી. તેમ મુનિઓની શાસ્ત્રની વાણી એનાથી પણ જણાય એવો નથી. આહા..હા..! એટલે કે તું તને તારાથી જણાય એવો છો. તો તું તારું તારાપણું શું? એ તો જ્ઞાન અને આનંદ એ તારાપણું છે. સમજાણું? જાણવા અને આનંદની પર્યાયથી જણાય એવો તું છો એમ વીતરાગનો પોકાર વાણીમાં આ છે. આહા..હા..! બાપુ! આમાં તકરાર ન હોય. સમજાણું કાંઈ? એ જનેતાની મશ્કરી ન થાય. છોકરો ૨૦ વર્ષનો જુવાન અને મા ૪૦ વર્ષની હોય અને પટીયા પાડ્યા હોય, લૂગડ-પહેર્યા હોય તો કાંઈ માની મશ્કરી કરે છોકરાઓ? જનેતા જેણે નવ મહિના પેટમાં રાખ્યો બાપુ! એની મશ્કરી ન હોય. આહા..હા..! આ વાણીનો આ સાર એની મશ્કરી ન હોય. સમજાણું કાંઈ? આહા..હા..!

ભાઈ! ચોર્યાસીના અવતારમાં રખડી મર્યો. આ વ્યવહાર કહ્યો એવું તો અનંતવાર કરીને નવમી ગ્રૈવેયકમાં (ગયો), અનંતા પુદ્‌ગલપરાવર્તન કર્યા. આ તો અભવિનો તો દૃષ્ટાંત આપ્યો છે. લોકો વળી એમ કહે છે, એ તો અભવિને માટે એમ છે. પણ અહીં તો દૃષ્ટાંત આપ્યો છે કે અભવિ પણ આટલું કરે છતાં ભવનો અંત ન આવે તો ભવિએ પણ અનંતવાર કર્યું, પણ એનાથી ભવનો અંત આવે એવો નથી. તારી ક્રિયાકાંડ, દયા, દાન ને વ્રત ને તપ કરીને મરી જા, સૂકાઈ જા. એનાથી એક ભવ ઘટે એવો નથી. આહા..હા..! આવી વાતું આકરી બહુ, ભાઈ!

પહેલાંમાં એ ઉડાવ્યું કે ભગવાને કહેલો વ્યવહાર પરિપૂર્ણ સાવધાનીથી પાળે છે, છતાં એ બંધનું કારણ છે. અહીં એ ઉડાવ્યું કે શાસ્ત્રનું જ્ઞાન કર્યું છે એકલું એ બંધનું કારણ ખરેખર છે. આહા..હા..! એમાં કહેવાનો આશય છે એ પકડ્યો નથી એણે. સમજાણું કાંઈ? શાસ્ત્રજ્ઞાન ઉડાવ્યું. આહા..હા..! અને તે તો એવું શુદ્ધ આત્મજ્ઞાન તો '**જે ભિન્નવસ્તુભૂત જ્ઞાનમય આત્માને...**' નહિ શ્રદ્ધતા. આહા..હા..! રાગથી અને એક સમયની પર્યાયથી પણ ભિન્ન ભગવાન આત્મા અંદર બિરાજે છે. આહા..હા..! પરિપૂર્ણ મિદં ભગવંત સતસ્વરૂપ પ્રભુ છે. સત્ સત્ સત્ સત્ય પૂર્ણ સત્ય પ્રભુ છે એ ભિન્ન વસ્તુનું જે જ્ઞાન એને નહિ શ્રદ્ધતા. રાગથી ભિન્ન છે એ જ્ઞાનમાં જ આવ્યું નથી તો શ્રદ્ધે ક્યાંથી? આહા..હા..!

'**ભિન્નવસ્તુભૂત જ્ઞાન...**' ભિન્ન શબ્દે શું કહેવા માગે છે? કે નિમિત્ત, રાગ એનાથી પણ ભિન્ન. વ્યવહાર જે છે એનાથી ભિન્ન. આહા..હા..! '**ભિન્નવસ્તુભૂત...**' વસ્તુભૂત છે. આહા..હા..! વસ્તુ છે કહે છે. ભિન્ન પણ વસ્તુભૂત ત્રિકાળ છે. આહા..હા..! ભૂત—હયાતી ધરાવરનાર વસ્તુ છે એક. આહા..હા..! મોજૂદ છે ભગવાન અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? '**ભિન્નવસ્તુભૂત જ્ઞાનને નહિ શ્રદ્ધતા...**' ફક્ત ભિન્ન વસ્તુનું શું? કે જ્ઞાન બસ. ભિન્નવસ્તુભૂત જ્ઞાન. બસ, આત્માને જ્ઞાનસ્વરૂપ જ કહ્યો એકલો. આહા..હા..! પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ જાણવું... જાણવું... જાણવું... જાણવું.. જાણવું... એવું સ્વરૂપ એ ભિન્નવસ્તુભૂત જ્ઞાન એટલે એ આત્મા. આહા..હા..! એને '**નહિ શ્રદ્ધતા એવા અભવ્યને શાસ્ત્ર-ભણતર વડે કરી શકાતું નથી...**' શું? જ્ઞાન. '**ભિન્નવસ્તુભૂત જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા અભવ્યને શાસ્ત્ર-ભણતર વડે કરી શકાતું નથી (અર્થાત્ શાસ્ત્ર-ભણતર તેને શુદ્ધાત્મજ્ઞાન કરી શકતું નથી);...**' આહા..હા..! ભાઈ! તારી મોટપ તને બેસતી નથી. કાંઈક જાણે નિમિત્તથી થાય,

વ્યવહારથી થાય. એ તો કલંકવાળો આત્મા એને માને છે. આહા..હા..! તારી તને મોટપ ન બેસે અને મોટપ બેસાડવાની તો ભગવાને વાત કરી છે. વ્યવહારથી ન થાય, નિમિત્તથી ન થાય એનો અર્થ આ કહ્યો છે. તારી મોટપ એટલી છે કે તને એવા વ્યવહાર પાંગળા, આંધળા એનાથી તું જણાય એવો નથી. એ તો આંધળો છે. આહા..હા..! જેટલા વ્રત ને તપ ને બધા આંધળા જડ અજીવ છે, રાગ છે. આહા..હા..!

'**ભિન્નવસ્તુભૂત જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા અભવ્યને...**' આ તો દૃષ્ટાંત છે અભવિનો હોં! ભવિ પણ અનંતવાર એવા અગિયાર અંગના જ્ઞાન કર્યા. આહા..હા..! '**અભવ્યને શાસ્ત્ર-ભણતર વડે કરી શકાતું નથી (અર્થાત્ શાસ્ત્ર-ભણતર તેને શુદ્ધાત્મજ્ઞાન કરી શકતું નથી);...**' આહા..હા..! '**માટે તેને શાસ્ત્ર ભણવાના ગુણનો અભાવ છે;...** ' લ્યો! આહા..હા..! શાસ્ત્ર ભણવાનો ગુણ આ છે, કહે છે. '**શાસ્ત્ર ભણવાના ગુણનો અભાવ છે; અને તેથી જ્ઞાન-શ્રદ્ધાનના અભાવને લીધે...**' બે વાત લીધીને પાછી. ઓલું શ્રદ્ધાન આવી ગયું છેને અંદર? જ્ઞાનને નહિ શ્રદ્ધતા એવા. બેય આવી ગયું છે. તેને '**શાસ્ત્ર ભણવાના ગુણનો અભાવ છે; અને તેથી જ્ઞાન-શ્રદ્ધાનના અભાવને લીધે તે અજ્ઞાની ઠર્યો—**' શાસ્ત્ર ભણે અગિયાર અંગ તોપણ અજ્ઞાની છે, કહે છે. આહા..હા..! આ તો જ્યાં થોડા થોકડા આવડ્યા, થોડાક શાસ્ત્ર આવડ્યા જ્યાં પાંચ-પચ્ચીસ હજાર શ્લોકો મોઢે કર્યા તો એમ થઈ ગયું તો આહા..હા..! આપણે તો શું ભણ્યા! બહારમાં દેખાવ કરે કે જુઓ અમને આવડે છે, જુઓ, મને આવડે છે. આહા..! આવી વાતું છે.

'**જ્ઞાન અને શ્રદ્ધાનના અભાવને લીધે તે અજ્ઞાની ઠર્યો—નક્કી થયો.**' શાસ્ત્ર ભણ્યો છતાં. આહા..હા..! જે પોતાનો આશ્રય લેવો જોઈએ, જે જ્ઞાનની પર્યાયથી જ્ઞાતા તરફ જણાવો જોઈએ એ તો જાણ્યો નહિ. જ્ઞાનની પર્યાયે શાસ્ત્રને જાણ્યું જે એની ચીજ નથી. જે એની ચીજ છે તેને જ્ઞાનની પર્યાયે જાણી નહિ. આહા..હા..! અને શાસ્ત્ર એ તો પર ચીજ છે. જ્ઞાનપર્યાયમાં પરપ્રકાશક એવું જ્ઞાન, એનાથી સ્વપ્રકાશક છે એ જ્ઞાનનો સ્વભાવ એનો સ્વભાવ તો સ્વપ્રકાશક છે, સ્વપરપ્રકાશક. એટલે જ્ઞાનની પર્યાયે સ્વપ્રકાશકને ન જાણ્યું અને એકલા પરને જાણ્યું તો એકાંત મિથ્યાત્વ થયું. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાતો છે, ભાઈ! બીજું શું થાય એમાં? જે ચીજ તો હોય એવી આવેને. ત્યારે એમ કહે છે કે માણસ તો બધા પાપમાં પડ્યા છે અને આટલી બધી આવી વાત! બાપુ! ધર્મની વાત તો આ છે. એ સિવાય હોય પુણ્ય આવે, વ્રતાદિ કરે. વ્રત કરે, તપ કરે, ભક્તિ કરે, જાત્રા કરે. શુભરાગ હો. એ કાંઈ ધર્મ નથી, તેમ જન્મ-મરણના અંતનું એ કારણ નથી. આહા..હા..! આકરું ભારે ભાઈ!

'**ભાવાર્થ :- અભવ્ય જીવ...** ' જુઓ, આમાં બધા દાખલા આપ્યા હતા. ઓલું કીધુંને ૧૩મીમાં કીધું, બાર અંગનું જ્ઞાન એ વિકલ્પ છે. એ અપૂર્વ વસ્તુ નથી એમ કીધું ત્યાં. બાર અંગનું જ્ઞાન પણ અપૂર્વ નથી. એ તો સમકિતીને જ હોય. સમજાણું કાંઈ? આહા..હા..! છતાં એ અપૂર્વ નથી. આહા..હા..!

**શ્રોતા :-** વજન એના ઉપર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ વજન, બસ. બાકી બાર અંગનું જ્ઞાન તો સમકિતીને જ હોય, બીજાને હોય જ નહિ, પણ એ કાંઈ વજન દેવા જેવું નથી. આહા..હા..! અને ૧૭૨માં એ કહ્યું કે શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. ત્યાં પણ એ કહ્યું. આહા..હા..! ચારે કોરથી જુઓ તો. અહીં એ કહે છે કે શાસ્ત્ર ભણવાનો ગુણ તો ભિન્ન વસ્તુનો અનુભવ કરવો એ છે. એ તો તેં લીધો નહિ આત્મા હાથમાં. જ્ઞાનમાં આવ્યો નહિ અને જ્ઞાનમાં શાસ્ત્રનું જ્ઞાન એકલું કર્યું એ કાંઈ એનું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**અભવ્ય જીવ અગિયાર અંગ ભણે તોપણ તેને શુદ્ધ આત્માનું જ્ઞાન-શ્રદ્ધાન થતું નથી;...**' શુદ્ધ આત્માનું જ્ઞાન શ્રદ્ધાન કીધું. આત્મા એને અગિયાર અંગમાં નથી આવ્યો એમ નથી, પણ શુદ્ધ અનુભવ અંદર જે જોઈએ તે થતો નથી. શાસ્ત્રમાં નથી આવ્યું? આત્મા શુદ્ધ છે, પવિત્ર છે. એમ બધું જાણ્યું છે એણે પરલક્ષે. આહા..હા..! '**અભવ્ય જીવ અગિયાર અંગ ભણે તોપણ તેને શુદ્ધ આત્માનું જ્ઞાન-શ્રદ્ધાન થતું નથી; તેથી તેને શાસ્ત્રના ભણતરે ગુણ ન કર્યો;...**' શાસ્ત્રના ભણતરે ગુણ ન કર્યો. '**અને તેથી તે અજ્ઞાની જ છે.**' ૨૭૨માં સ્વાશ્રયની વાત કરી હતી નિશ્ચયની અને પરાશ્રય વ્યવહારનો નિષેધ કર્યો હતો. તો પછી ૨૭૩માં પરાશ્રયની ક્રિયાકાંડની વ્યાખ્યા કરી બધી. એનો નિષેધ કર્યો કે એનાથી જણાય એવો નથી. કારણ કે એવું તો અનંતવાર અભવિ અને ભવિ કરે છે. અહીં શાસ્ત્રનું જ્ઞાન કરે છે એને ઉડાવ્યું હવે. હવે શ્રદ્ધાની વાત લે છે.

'**ફરી શિષ્ય પૂછે છે કે અભવ્યને ધર્મનું શ્રદ્ધાન તો હોય છે;...** ' એ શ્રદ્ધા વિના કરે? આહા..હા..! કેટલાક એમ પૂછતા હતા કે લ્યો, આ મહિના-મહિનાના અપવાસ કરે એ કાંઈ શ્રદ્ધા વિના કરતા હશે? એવો પ્રશ્ન થયેલો. હવે શ્રદ્ધા મિથ્યાત્વની છે, સાંભળને! તારા મહિના-મહિનાના અપવાસ હોય તે (શું થયું)? આહા..હા..! આત્મા અંદર રાગના વિકલ્પથી ભિન્ન પ્રભુ છે એના ભાન વિનાની શ્રદ્ધા એ શ્રદ્ધા જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**અભવ્યને ધર્મનું શ્રદ્ધાન તો હોય છે; તેને શ્રદ્ધાન નથી એમ કેમ કહ્યું? તેનો ઉત્તર હવે કહે છે :—**'

सद्दहदि य पत्तेदि य रोचेदि य तह पुणो य फासेदि।
धम्मं भोगणिमित्तं ण दु सो कम्मक्खयणिमित्तं।।२७५।।

**તે ધર્મને શ્રદ્ધે, પ્રતીત, રુચિ અને સ્પર્શન કરે,**
**તે ભોગહેતુ ધર્મને, નહિ કર્મક્ષયના હેતુને. ૨૭૫.**

આહા..હા..! એક-એક ગાથાએ પરિપૂર્ણ વાત કરે, પણ માણસ પૂર્વના આગ્રહને પકડીને વાત સાંભળવી હોય એ સાંભળે. પૂર્વના આગ્રહને પકડીને શાસ્ત્ર વાંચે. હવે કાઢે શું એમાંથી? આહા..હા..!

'ટીકા.' અભવિનો તો દૃષ્ટાંત આપ્યો છે હોં! ભવિ-અભવિએ બધું અનંતવાર આવું કર્યું છે. '**અભવ્ય જીવ નિત્યકર્મફળચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે...**' શું કહે છે હવે? એ અનાદિ મિથ્યાદૃષ્ટિ નવમી ગ્રૈવેયકે અનંતવાર ગયો. કહ્યુંને એ? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ નવમી ગ્રૈવેયકે જે ગયો દિગંબર જૈન સાધુ અભવિ અને ભવિ, એ નિત્યકર્મફળચેતના (શ્રદ્ધતો હતો). આહા..હા..! એ રાગનું ફળ ભોગ મળે એવી ચેતનાને એ માનતો

હતો. આહા..હા..! સમજાણું કાંઈ? કર્મચેતના, કર્મફળ, એનું ફળ ભોગ મળેને. ભોગના હેતુએ (કરે છે). અનુભવને માટે નથી કરતો કહે છે. અનુભવી ગ્રંથ છેને ... એ નિત્યકર્મફળચેતના. આહા..હા..! એ રાગ જે કરે છે એ કર્મચેતના છે. એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાનો ભાવ એ રાગ છે એ કર્મચેતના છે, એ આત્મચેતના નહિ. આહા..હા..! આવી વાતું ભારે આકરી પડે. શું થાય ભાઈ! માર્ગ તો આવો છે બાપુ! આવા મનુષ્યપણામાં ત્રિલોકનાથ વીતરાગ કહે છે એ જો એના ખ્યાલમાં નહિ આવે અને એનો આશ્રય નહિ આવે, પ્રભુ! ક્યાં જશે એ? શું થશે? કારણ કે અનંતકાળ તો રહેવાનો છે. આ કાંઈ આત્મા નાશવાન છે? અવિનાશી છે. એ તો રહેશે અનંતકાળ ભવિષ્યમાં. ક્યાં રહેશે? જેને રાગ ને પુણ્યની રુચિ છે એ મિથ્યાત્વમાં રહેશે. આહા..હા..! સત્યમાં નહિ આવે ઈ અંદર. સમજાણું કાંઈ?

જેને આત્મજ્ઞાન, આત્મદર્શનની પ્રતીતિ અને ભાન થયું એ ભવિષ્યમાં પણ આત્મામાં જ રહેશે. સમજાણું કાંઈ? આહા..હા..! કાયમ રહેનારા રાગ અને રાગનું ફળ એને એ ચેતે છે. આહા..હા..! એ તો જેને પંચમહાવ્રતાદિના ભાવ છે, શાસ્ત્રના ભણતરનો ભાવ છે એ બધો કર્મચેતના છે. રાગમાં એકાકાર છે એ તો. આહા..હા..! બહુ આકરું કામ.

'**પરંતુ નિત્યજ્ઞાનચેતનામાત્ર વસ્તુને નથી શ્રદ્ધતો...**' અસ્તિ-નાસ્તિ કરી. એ તો પુણ્યના પરિણામ જે રાગ, દયા, દાન, વ્રત, તપ ને ભક્તિ, પૂજા એવો જે રાગ તે કર્મચેતના છે, એ આત્મચેતના નહિ. આહા..હા..! કર્મ એટલે? '**અભવ્ય જીવ નિત્ય કર્મફળચેતના...**' એટલે કર્મ-રાગ કાર્ય અને એનું ફળ ભોગને જ એ ઈચ્છે છે એમ કહે છે ખરેખર તો. અહીં આત્મા તરફનું વલણ નથી. આહા..હા..! તે નિત્ય જ્ઞાનચેતનામાત્ર ભગવાન આત્મા કાયમી ચૈતન્યમૂર્તિ પ્રભુ વિકલ્પરહિત વ્યવહારના અને શાસ્ત્રજ્ઞાનથી રહિત એવો ભગવાન એવો નિત્યજ્ઞાનચેતના, જે જ્ઞાન નિત્ય છે તેમાં એકાકાર એની વસ્તુને શ્રદ્ધતો જ નથી. આહા..હા..! કેમકે એ પર્યાયમાં એનો ભાસ આવ્યો જ નથી. ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ આત્મા એ સ્વસન્મુખ થયા વિના પર્યાયમાં એ વસ્તુ આવી નથી. આહા..હા..! એ તો પરસન્મુખની ક્રિયાકાંડમાં પડ્યો છે. આહા..હા..! હવે અહીં ઓલા કહે કે 'એકવાર વંદે જો કોઈ.' સમ્મેદશિખર. શું પછી આવ્યું એમાં? 'નરક પશુ ગતિ નહિને? એકાદ વાર નરક અને પશુ કદાચિત ન જાય સીધો. પણ એ કાંઈ ધર્મ નથી. લાખ જાત્રા કરે સમ્મેદશિખરની. આહા..હા..! કારણ કે એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યને આશ્રયે તો રાગ જ થાય. સમજાણું કાંઈ?

'**નિત્યજ્ઞાનચેતનામાત્ર વસ્તુને...**' દેખો એ વસ્તુ. આહા..હા..! ઓલી પણ વસ્તુ હતી. રાગમાં એકાગ્ર એ નિત્યકર્મચેતના પણ વસ્તુ. પર્યાય છેને. '**નિત્યજ્ઞાનચેતનામાત્ર વસ્તુને નથી શ્રદ્ધતો કારણ કે તે સદાય ભેદવિજ્ઞાનનો અયોગ્ય છે.** ' આહા..હા..! અભવિનો દાખલો આપ્યો છેને. એ જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટા એની એકાગ્રતાની ચેતનાને તે જાણતો નથી, શ્રદ્ધતો નથી. ફક્ત રાગની ક્રિયા વ્યવહારની એમાંથી મને લાભ થશે, સમ્યક્ પામીશ એમાંથી એમ કર્મચેતનામાં રંગાયેલા.. આહા..હા..! એને એ માને છે.

'**સદાય (સ્વપરના) ભેદવિજ્ઞાનનો અયોગ્ય છે.**' આહા..હા..! અભવિ આટલું કરે છતાં એ

તો ત્રિકાળી આત્માના જ્ઞાનને માટે તો અલાયક છે. આહા..હા..! દાખલો આપ્યો છે હોં! આહા..હા..! એટલે કેટલાક એમ કહે છે કે એ તો અભવિને માટે છે, ભવિને શું? અરે..! આ તો દાખલો આપ્યો છે. ભવિએ પણ અનંતવાર આવું કર્યું છે એમ કહે છે. આહા..હા..! પણ આત્માની આનંદ અને જ્ઞાનસ્વભાવને પ્રાપ્તિને માટે અલાયક છે. આહા..હા..! મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે ને કે આ ક્રિયા તો કરે છે આવી ધર્મની, વ્યવહારની છતાં કેમ નહિ? કે ભાઈ, એ તો ધર્માનુરાગ છે. રાગને કરે છે એ તો. વ્રતના પરિણામ બધા ભાવ રાગના છે એને એ કરે છે. આહા..હા..! આકરી વાત ભારે. એ એમ કહે છે કે વ્યવહાર કરતા પણ થાય અને નિશ્ચયથી પણ થાય, બે કહો તો અનેકાંત કહેવાય. અહીં ના પાડે છે કે વ્યવહારથી ત્રણ કાળમાં નિશ્ચય થાય નહિ. કારણ કે કર્મચેતના રાગ છે એનાથી જ્ઞાનચેતના થાય નહિ. આહા..હા..! હવે આવી વાત છે. ચર્ચા કરો, વાત કરો, બાપુ! શું કરે ભાઈ? સર્વજ્ઞ પરમાત્માનો માર્ગ તો આ છે. એટલે કે તું છો સર્વજ્ઞ પ્રભુ, તારો માર્ગ જ આ છે. આહા..હા..! સર્વજ્ઞસ્વભાવી છોને તું. તારું સ્વરૂપ જ સર્વજ્ઞસ્વરૂપી છે. આહા..હા..! જ્ઞસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, સર્વજ્ઞસ્વરૂપ બધું એક જ અર્થ છે. એવું સર્વજ્ઞ સ્વરૂપ તારું છે. એની શ્રદ્ધા કરતો નથી, એનું જ્ઞાન કરતો નથી અને બહારના રાગની શ્રદ્ધા અને જ્ઞાન કરીને રોકાણો છે, એ સ્વપરના ભેદજ્ઞાનને અલાયક છે. આહા..હા..!

'**માટે, તે (અભવ્ય જીવ) કર્મથી છૂટવાના નિમિત્તરૂપ, જ્ઞાનમાત્ર, ભૂતાર્થ (સત્યાર્થ) ધર્મને નથી શ્રદ્ધતો,...**' આહા..હા..! એ રાગથી અને વિકારથી છૂટવારૂપ, છૂટવાના નિમિત્તરૂપ. જડકર્મના છૂટવાના નિમિત્તરૂપ જ્ઞાનમાત્ર. જ્ઞાનની પરિણતિ છે એ કર્મને છૂટવામાં નિમિત્ત છે. કર્મ તો એને કારણે છૂટે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ એ જ્ઞાનમાત્ર જે ધર્મસ્વભાવ એ સત્યાર્થ ધર્મ. જોયું! એને પાછું ભૂતાર્થ લાગુ પાડ્યું. આહા..હા..! જ્ઞાનસ્વરૂપ ત્રિકાળી એ ભૂતાર્થ છે વસ્તુ, પણ એની શ્રદ્ધા એ ભૂતાર્થ ધર્મ. સમજાણું કાંઈ? આહા..હા..! '**ભૂતાર્થ ધર્મને...**' આ ભૂતાર્થ ધર્મ એટલે ત્રિકાળીની વાત નથી. ત્રિકાળી ભૂતાર્થને ભૂતાર્થ ધર્મની શ્રદ્ધા દ્વારા શ્રદ્ધે છે. આહા..હા..! રાગ દ્વારા નહિ, નિમિત્ત દ્વારા નહિ. આહા..હા..!

'**જ્ઞાનમાત્ર, ભૂતાર્થ (સત્યાર્થ) ધર્મને નથી શ્રદ્ધતો,...**' આહા..હા..! જરી વળી કઠણ નાખે છે, જોયું! '**ભોગના નિમિત્તરૂપ, શુભકર્મમાત્ર, અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે;...**' એ પુણ્ય છે એ તો ભોગનું કારણ છે સંસારના. આહા..હા..! '**ભોગના નિમિત્તરૂપે, શુભકર્મમાત્ર,...**' આહા..હા..! અનુકૂળ ભોગ મળેને બહાર, એમાં નિમિત્ત કોણ છે? શુભકર્મ. '**ભોગના નિમિત્તરૂપે,...**' આહા..હા..! '**શુભકર્મમાત્ર, અભૂતાર્થધર્મ...**' જે પુણ્યભાવ એટલો દયા, દાન, વ્રતાદિનો ભાવ અભૂતાર્થધર્મ, જૂઠો ધર્મ એને શ્રદ્ધે છે. આહા..હા..! આવી તો (સ્પષ્ટ વાત છે). શું થાય?

**શ્રોતા :–** વ્યવહારને જૂઠો ધર્મ કીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અભૂતાર્થધર્મ કીધો. અભૂતાર્થધર્મ છે અને એનું ફળ તો ભોગ છે અને ભોગમાં નિમિત્ત થાય શુભકર્મ એ આ શુભકર્મથી, આવા અભૂતાર્થધર્મથી શુભ પુણ્ય બંધાય અને એનાથી ભોગમાં એ કર્મ નિમિત્ત થાય એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શિષ્યનો પ્રશ્ન હતો

ને કે એ શ્રદ્ધા વિના આવું કરે? એને શ્રદ્ધા નથી? શ્રદ્ધા છે. શેની? અભૂતાર્થધર્મની. ભોગનું નિમિત્ત એવું જે અભૂતાર્થ પરિણામ, એનાથી બંધાય કર્મ એ ભોગનું નિમિત્ત છે તેને માટે શ્રદ્ધે છે એ. આહા..હા..!

'**તેથી જ તે અભૂતાર્થ ધર્મનાં શ્રદ્ધાન,...**' એટલે કે પુણ્યના પરિણામને ધર્મ માનીને કર્મચેતનાની શ્રદ્ધા કરે છે. આહા..હા..! એની '**પ્રતીત, રુચિ અને સ્પર્શનથી ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગમાત્રને પામે છે...**' કહ્યુંને એ? કર્મથી છૂટવાનું નિમિત્ત નહિ, પણ કર્મને બાંધવાનું. કર્મ કેવા? કે જે ભોગ અને નિમિત્ત થાય તે. વસ્તુને પ્રાપ્ત કરાવે એમાં નિમિત્ત. આહા..હા..! આમાં પણ આવ્યું, એ મળે, પુણ્યથી મળે છે. એ કહ્યું એ 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો.' એ વાત લીધી છે. નવમી ગ્રૈવેયક સુધી '**ભોગમાત્રને પામે છે, પરંતુ કર્મથી છૂટતો નથી. તેથી, તેને ભૂતાર્થધર્મના શ્રદ્ધાનના અભાવને લીધે (સાચું) શ્રદ્ધાન પણ નથી.** ' મિથ્યાશ્રદ્ધા છે કહે છે. પુણ્યને ધર્મ માનીને. આહા..હા..! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ચૈત્ર સુદ-૫, ગુરુવાર, તા. ૨૪-૦૩-૧૯૭૭, ગાથા-૨૭૫, પ્રવચન નં. ૩૩૨

'હું જ્ઞાનમાત્ર આત્મા શુદ્ધ ચૈતન્ય છું' એવા પરિણામ કર્મ છૂટવાને નિમિત્ત થાય છે. એ નિમિત્ત એને છૂટવાનું કરતું નથી. એવો અંદર કર્મથી છૂટવાના નિમિત્તરૂપ એમ શબ્દ છે. ખરેખર તો એ કર્મ તેના ક્રમના કાળમાં છૂટવાનો જ એનો પ્રસંગ છે. આહા..હા..! આવી વાત છે, એવી વાત છે. એને જ્ઞાનમાત્ર એવા જે આત્માના પરિણામ ધર્મના, 'હું શુદ્ધ ચૈતન્ય છું' એ પરિણામ કર્મ છૂટવાને નિમિત્ત થાય છે. તો એ પરિણામ અજ્ઞાનીને હોતા નથી. સમજાણું કાંઈ? એવા સાચા ધર્મને. ભાષા દેખો એ. 'હું ચૈતન્ય શુદ્ધ પરમાનંદ સ્વરૂપ (છું)' એવી જે શ્રદ્ધા ને જ્ઞાનની પરિણતિ—પરિણામ એ સાચો ધર્મ છે. લ્યો! આ બે આવ્યું. એ સાચો ધર્મ છે. જે જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા એને આશ્રયે થયેલા પરિણામ એ સાચો ધર્મ છે. આવી વાતું! એવા સાચા ધર્મને એ શ્રદ્ધતો નથી. આહા..હા..! ત્યારે શું કરે છે?

'**ભોગના નિમિત્તરૂપ,...**' એટલે ભવિષ્યમાં જે ભોગ મળવાના, એનું નિમિત્ત એવું જે શુભકર્મ. આહા..હા..! સમજાણું કાંઈ? એવા '**અભૂતાર્થધર્મને શ્રદ્ધે છે;...**' વર્તમાન પરિણામ જે શુભ છે એ પણ શુભકર્મ છે, શુભકાર્ય છે અને એ અભૂતાર્થધર્મ છે. એનું ફળ ભલે શુભકર્મ છે અને એ શુભકર્મ ભોગની સામગ્રીમાં નિમિત્ત છે. વસ્તુ તો વસ્તુને કારણે આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમાં એ શુભકર્મ નિમિત્ત છે. અહીં કહે છે કે શુભકર્મ માત્ર ભોક્તાધર્મ એ કર્મ રજકણ નહિ, પરિણામ.

શુભપરિણામ, શુભયોગ, દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા એ. અશુભની તો અહીં વાત નથી. **'ભોગના નિમિત્તરૂપ શુભકર્મમાત્ર અભૂતાર્થધર્મ... '** વર્તમાન. શુભકર્મમાત્ર અભૂતાર્થધર્મને જ શ્રદ્ધે છે. શબ્દ પડ્યો છે કર્મ, પણ વર્તમાન એ પુણ્યપરિણામ એ કર્મ—કાર્ય જ છે. ભાવકર્મ. આવી વાતું સમજવી. **'અભૂતાર્થધર્મને જ શ્રદ્ધે છે;...'** એ પુણ્યભાવને જ ધર્મ શ્રદ્ધે છે. આહા..હા..! વ્રતના, તપના ભાવ થાય એ વૃત્તિનું ઉત્થાન છે, વૃત્તિ ઉઠે છે. વૃત્તિ, એ વૃત્તિ છે ઈ શુભભાવ છે, એને એ ધર્મ શ્રદ્ધે છે. આહા..હા..! કેટલું મૂક્યું છે! એટલે કે બેયમાં નિમિત્તરૂપે વાત કરી. કર્મ છૂટવામાં નિમિત્તરૂપે આત્માના શુદ્ધપરિણામ, ધર્મ આત્માના આશ્રયમાં થયેલા વીતરાગી પરિણામ એ કર્મ છૂટવાનું નિમિત્ત. અને કર્મ ભોગનું નિમિત્ત એના આ શુભપરિણામ. એ શુભ પરિણામથી કર્મ બાંધે, પણ ભોગનું નિમિત્ત એ. આહા..હા..! ચંદુભાઈ! કેટલાક એમ કહે છે કે પુણ્યને લઈને આ સામગ્રી મળે નહિ. પૈસા કે આબરૂ કે લક્ષ્મી, એમ કહે છેને. એમ નથી. સમજાણું કાંઈ? એમ કે પુણ્યને લઈને આ પૈસા મળે અથવા પાપને લઈને દરિદ્રતા થાય એમ નથી. વર્તમાન આર્થિક, સામાજિક અને રાજનૈતિકને કારણે પૈસા મળે, ન મળે એમ છે એમ કહે છે. આવી ગયું?

**શ્રોતા :–** ...માં પણ કર્મનું નિમિત્ત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધે બધે કર્મ નિમિત્ત જ. પણ એ જરી ફેરફાર જરી છેને. સમજાય છે? કોનો ફેરફેર થઈ ગયો?

અહીં તો ચોખ્ખી વાત કરે છે. શુભપરિણામ એ ભોગના કારણ છે, નિમિત્ત છે. એનો અર્થ જ એ કે પરિણામથી બંધાયેલું કર્મ એ નવી અનુકૂળ સામગ્રીમાં નિમિત્ત છે. અનુકૂળ સામગ્રી તો એના ઉપાદાનને કારણે આવે છે. આહા..હા..! પણ એમાં એના શુભ પરિણામથી બંધાયેલું શુભકર્મ એ શુભપરિણામને જ ભોગનું કારણ કીધું સીધું. આહા..હા..! એ જૂઠા ધર્મને શ્રદ્ધે છે. પુણ્ય પરિણામ જે છે... આ વાંધા આ. એક જણો આવ્યો હતો માણસ કોક બુદ્ધિવાળો હતો. એક વ્યાખ્યાન સાંભળ્યું નહિ? ભાવનગરનો હતો. નિશાળવાળાનો કોક હતો. બુદ્ધિવાળો માણસ. એક સાંભળ્યું અને કહે, પુણ્યને અને ધર્મને ભિન્ન બતાવો છો. એણે કડી બનાવી હતી એક. સંભળાવી હતી પણ આપણને.. કોઈએ સાંભળી હતી એ વખતે? કડી બનાવી હતી. બહુ હુશિયાર માણસ હતો. પુણ્ય અને ધર્મ બેય ભિન્ન ચીજ છે. પુણ્ય છે એ શુભભાવ છે, ધર્મ છે તે શુદ્ધભાવ છે. શુભભાવ છે એ નિશ્ચયથી અશુદ્ધભાવ છે. અને એ શુભભાવ પુણ્યના પરિણામથી (ભિન્ન) આત્મા આનંદસ્વરૂપ ભગવાન એનું જે ભાન, એની જે શ્રદ્ધા, એની જે રમણતા એ શુદ્ધપરિણામ છે અને એ શુદ્ધપરિણામ કર્મને ખરવામાં નિમિત્ત છે. આહા..હા..! કેટલી વાત કરે છે! આણે શુદ્ધપરિણામ કર્યા માટે કર્મને ખરવું પડ્યું (એમ નથી). આહા..હા..!

**શ્રોતા :–** કર્મ ખરી જાય છે એનાથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ખરી જાય એ તો એનો કાળ હતો. એ તો ઉપાદાનની પર્યાયનો એનો કાળ. આને તો નિમિત્ત કીધું. નિમિત્ત કરતું નથી ત્યાં એને ટાળવાનું. તો નિમિત્ત નહિ રહે. આહા..હા..!

સમજાણું કાંઈ? એ ભાઈએ હમણાં લખ્યું છે કૈલાસચંદજીએ એક શબ્દ કે સોનગઢવાળા નિમિત્તનો નિષેધ નથી કરતા, પણ નિમિત્ત કર્તા માનતા નથી. એ વાત સાચી. એક એ વાત અને ક્રમબદ્ધ, એટલું બે વાત હમણા નાખી. આહા..હા..! ક્રમબદ્ધનું નાખ્યું. નહિતર વર્ણીજી સાથે વાત થઈ ક્રમબદ્ધની ત્યારે એને બેસું નહોતું. વર્ણીને નહોતું બેઠું તો બીજાને શું! પણ હમણા નાખ્યું એણે. બાપુ! આ મારગડા આ કોઈ પક્ષનો માર્ગ નથી. આ તો વસ્તુની સ્થિતિની મર્યાદા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**ભૂતાર્થધર્મને નથી શ્રદ્ધતો,...**' ભૂતાર્થ જે સાચો ધર્મ જે છે, આત્મા જ્ઞાનમાત્ર કીધુંને? જ્ઞાનમાત્ર એ ભૂતાર્થધર્મ. એ શું? જ્ઞાનમાત્ર એટલે? જે વસ્તુ જ્ઞાયક છે તેનું જ્ઞાન, તેની શ્રદ્ધા એ જ્ઞાનમાત્ર કહેવાય. સમજાણું કાંઈ? વસ્તુ જે જ્ઞાનસ્વરૂપ છે એ તો ચૈતન્યબિંબ છે. ભગવાન આત્મા સચ્ચિદાનંદ બિંબ છે. એ સ્વરૂપની શ્રદ્ધા, એ સ્વરૂપનું જ્ઞાન અને એ સ્વરૂપની રમણતા એ ત્રણેને જ્ઞાનમાત્ર કહેવામાં આવે છે. એમાં રાગ નથી માટે જ્ઞાનમાત્ર કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું! જ્ઞાનમાત્ર પૂર્ણ. શ્રદ્ધા ને ચારિત્ર ક્યાં ગયું વળી? એમ કહે છે કેટલાક. ટીકા કરી છે ઓલા ખાણિયા ચર્ચામાં. જ્ઞાનમાત્ર છે. પણ એ જ્ઞાનમાત્રમાં ભાઈ તને એ આત્મા ચૈતન્યસ્વરૂપ જે ચિદ્રૂપ ધ્રુવ એની સન્મુખની શ્રદ્ધા, એનું સન્મુખનું જ્ઞાન અને એમાં રમણતા—એ ત્રણેને જ્ઞાનમાત્ર, રાગના અભાવમાત્ર એટલે જ્ઞાનમાત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા!

'**ભોગના નિમિત્તરૂપ, શુભકર્મમાત્ર,...**' એટલે કેટલાક એમ કહે કે કર્મ તો જડને જ કહેવાય. કહો, આમાં પહેલાં આવી ગયું છે. વ્રત, તપ એ બધા શુભકર્મ છે. શુભકર્મ એટલે શુભરાગ. પુણ્ય-પાપમાં. વ્રત, તપ, નિયમ એવો જે વિકલ્પ છે એને જ શુભકર્મ કીધું છે. આહા..હા..! એ બંધનું કારણ છે. આહા..હા..! આવો માર્ગ! '**તેથી જ તે અભૂતાર્થધર્મનાં શ્રદ્ધાન,...**' જૂઠાં ધર્મના શ્રદ્ધાન. આહા..હા..! એ વ્રત, તપ ને દયા, દાનના પરિણામ એ જૂઠો ધર્મ છે. આહા..હા..! આ સર્વજ્ઞ કહે છેને? આ સર્વજ્ઞ કહે છે. મુનિ કહે છે એ સર્વજ્ઞ કહે છે. એ તો અનુવાદ જ સ્પષ્ટ થાય છે. સ્પષ્ટ થાય માટે સોનગઢનું છે આ, એમ કાંઈ કહેવાય? બાપુ!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ કહે છે આમાં નથી એટલું બધું. એ માટે વિરોધ કરે છે. એમ કહે છે. લાલચંદભાઈ! કહેને. સ્વતંત્ર છે. ન બેસે તો. એ જીવ છે, એને જે પરિણામમાં જે બેઠું હોય એમ કહે. 'જામાં જિતની બુદ્ધિ હૈ, ઉતનો દિયો બતાય, વાંકો બુરો ન માનીએ ઔર કહાં સે લાય?' આ ખરી વાત. એને પરિણામમાં બેઠું હોય એ કહે ભાઈ! કોઈ પ્રત્યે વિરોધ, વેરબુદ્ધિ એમાં ન હોય. એ તો સત્ત્વેષુ મૈત્રી. બધા ભગવાન મૈત્રીસ્વરૂપ છે. આહા..હા..! એ ચાર ભાવનામાં નથી આવ્યું સત્ત્વેષુ મૈત્રી? વેરી હોય તોપણ તત્ત્વ જીવ છેને એ? મૈત્રી છે. આહા..હા..! વસ્તુ આનંદઘન પ્રભુ છે, ભગવાનસ્વરૂપ છે. એ દૃષ્ટિએ તો મૈત્રી છે, સાધર્મી જીવ છે. આહા..હા..! કોઈ પ્રત્યે અનાદર એવી વાત છે નહિ. વસ્તુનું સ્વરૂપ આમ છે. એમ સાંભળતા કોઈને ઓલું થઈ જાય એ તો સ્વતંત્ર પ્રાણીના

પરિણામ છે. આહા..હા..!

**'તેથી જ તે અભૂતાર્થધર્મનાં શ્રદ્ધાન,...'** જૂઠો ધર્મ એટલે પુણ્ય-પાપ, પુણ્ય પરિણામ. આહા..હા..! એ વ્રતના પરિણામને ધર્મ માને એ જૂઠો ધર્મ છે કહે છે. હવે અત્યારનો પોકાર એ બધો છે. આ વ્રત કરે, આ તપસ્યા કરે, એ સોગનઢવાળા એનો લોપ કરે, બાપુ! અમે ક્યાં? આ શું કહે છે?

**શ્રોતા :-** સોનગઢવાળા એનું જેવું સ્વરૂપ છે એવું સ્વરૂપ બતાવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રગટ કર્યું છે, સ્પષ્ટ કર્યું છે, અનુવાદ કર્યો છે. આહા..હા..! અનુવાદ એટલે એને અનુસરીને કહેવું. અનુવાદ શબ્દ છેને? એનો જે ભાવ છે તેને અનુસરીને કહેવું એ અનુવાદ છે. આહા..હા..! પણ એવું માન્યું છેને કે આ મને વ્રત ને તપ ને બધું કરીએ છીએ એ ધર્મ છે અને એનાથી ધર્મ થશે. એથી લોકોને આકરું લાગે છે. એ ધર્મ નથી, બાપુ! એ તો અભવિ પણ (કરે છે). આ અભવિનો દાખલો ન આપ્યો? આહા..હા..! જેને કોઈ દિ' એક ભવ ઘટે નહિ એવો આવું કરે તો એનાથી ભવ ઘટ્યો નહિ તો એ ભવના ઘટવાનું કારણ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અભૂતાર્થ ધર્મના શ્રદ્ધાન...'** ઉતાવળથી લેવાઈ ગયું હતુંને કાલે, એટલે આ જરી વિસ્તારથી કહીએ છીએ. જૂઠાં ધર્મની શ્રદ્ધા, જૂઠાં ધર્મની **'પ્રતીત,...'** એ સમ્યક્ પ્રતીતિ નથી, ફક્ત એ જાતના જ્ઞાનમાં પ્રતીતિ જૂઠી. પુણ્ય પરિણામ જે છે એ ધર્મ છે અને ધર્મનું કારણ છે એવી એની ઊંધી પ્રતીતિ અને ઊંધી રુચિ અને એનું સ્પર્શન, વેદન. સ્પર્શન—શુભરાગને વેદે. આહા..હા..! તો એવા **'સ્પર્શનથી ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગમાત્રને પામે છે...'** લ્યો! અહીં તો સીધા ઓલા પરિણામથી જ લીધું છે, ભાઈ! પરિણામથી એ પામે છે એનો અર્થ જ થયો. નહિતર પરિણામ છે એ નવા કર્મને નિમિત્ત છે અને કર્મ છે એ ચીજ આવવામાં નિમિત્ત છે. ઉપાદાન તો સ્વતંત્ર છે બધી ચીજ. આવી વસ્તુ છે. આહા..હા..! **'પરંતુ કદાપિ કર્મથી છૂટતો નથી.'** આહા..હા..! કોઈ કાળે. કેમકે એ શુભભાવનો વિકલ્પ છે એ નિર્વિકલ્પ ચૈતન્ય ભગવાનથી વિપરીત, વિરુદ્ધ ભાવ છે એને ધર્મ માનનાર કોઈ દિ' કર્મથી છૂટતો નથી. આહા..હા..!

**શ્રોતા :-** કદાપિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કદાપિ-કોઈ કાળે. કોઈ કાળે. કોઈ એમ કહે છેને. એ જરી આવ્યું હતુંને, કે કોઈને શુભભાવથી પણ શુદ્ધ થાય એમ કહો, એટલો સુધારો કરો. એ આવ્યું હતું લખાણમાં એક પંડિતનું. નામ નથી લેતા. શુભભાવ એમ કે છે વ્રત, તપ, ભક્તિ, આદિના ભાવ એવા કોઈ જીવને ધર્મ પણ પામે, એનાથી ધર્મ પામે. અરે.. પ્રભુ! અહીં તો કહે છે કદાપિ ન પામે. આહા..હા..! નિયમ તૂટી જાય, નિયમ રહે નહિ. આહા..હા..! અને મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે એક ઠેકાણે ભાઈ! આવા વ્રત ને તપ ને એવી જે આકરી ક્રિયા છે એવી કરે કોઈ શુભભાવ, તો એને સામગ્રી મળશે અનુકૂળ, અને એમાંથી કોઈ ધર્મ પામે તો પામે એટલી વાત જરી ઢીલી મૂકી છે થોડી, પણ એ તો પામે તો એ પોતાથી પામે છે, એને નિમિત્ત મળ્યા માટે પામે છે એમ નથી. વાત તો એવી છે, ભાઈ! નિયમ તો એક પ્રકારનો હોય. જે સત્ય હોય તે હોય ને. સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે ઝીણી વાતું બાપુ લ્યો! આહા..હા..!

**શ્રોતા :–** ધર્મ તો ઝીણો જ હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અપૂર્વ એ ઝીણો એમ. અપૂર્વ ઝીણો એટલે પૂર્વે નથી કરેલો માટે ઝીણો. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગમાત્રને...**' એ શું કહ્યું જોયું? એક તો ભોગમાત્ર કહીને એ સામગ્રી જ મળશે એને. એને કોઈ ધર્મ મળશે એમ નહિ. આહા..હા..! ચોખ્ખું. આહા..હા..! એવા શુભભાવથી ધર્મ માનનાર મિથ્યાદૃષ્ટિ છે અને એને શુભ પરિણામથી ભોગમાત્ર મળશે, એકલી સામગ્રી મળશે. એનાથી ધર્મ પામશે કે એ વાત નથી. આહા..હા..! ટીકાના એક-એક અક્ષરોમાં કેટલું ભર્યું છે! આહા..હા..! એમાં છે. આહા..હા..! '**ભોગમાત્રને પામે છે...**' એક વાત. '**પરંતુ કદાપિ...**' હવે બીજી વાત પાછી કરે છે સાથે. કોઈ કાળે પણ એનાથી ધર્મ પામશે, કર્મથી છૂટશે નહિ એમ પાછી બે વાત સિદ્ધ કરી. આહા..હા..! એ શુભભાવથી વ્રત, તપ, નિયમ, બ્રહ્મચર્ય વગેરેનો ભાવ શુભ, પૂજા, ભક્તિ, ભગવાન વગેરે, એ શુભભાવને અભૂતાર્થ ધર્મ-જૂઠો ધર્મ કીધો, પણ એ માને છે ધર્મ એટલે મિથ્યાદૃષ્ટિ છે અને તે શુભભાવથી ભોગમાત્ર સામગ્રીમાત્ર વસ્તુ છે એ પરિણામ એટલે સામગ્રીમાત્રને પામશે, પણ એને લઈને ધર્મ પામશે ભવિષ્યમાં એ કહેવા માટે કહ્યું કે '**પરંતુ કદાપિ કર્મથી છૂટતો નથી.**' આહા..હા..! કોઈ કાળે એ શુભભાવથી સંવર-નિર્જરા એને થાય ભવિષ્યમાં એમ છે નહિ. આહા..હા..! આવી વાત છે. પછી સારું લાગે, ન લાગે બાપુ! મારગડા જુદાં, ભાઈ!

સમ્યગ્દર્શન એ કોઈ અલૌકિક ચીજ છે. એ શુભભાવથી થતી, મળતી નથી. એ શુભભાવ કારણ અને સમ્યગ્દર્શન કાર્ય એમ નથી. સમ્યગ્દર્શન કાર્ય અને ત્રિકાળી ભગવાન કારણપરમાત્મા તે કારણ છે. આહા..હા..! આવી વાત છે. કહો, નવલચંદભાઈ! આહા..હા..! અમૃત રેડ્યા છે સમયસારમાં તો. જે ભાવસ્વરૂપ છે તેનું અહીં ઘૂંટણ કર્યું છે. આહા..હા..! '**કદાપિ કર્મથી છૂટતો નથી.**' આહા..હા..! '**તેથી તેને ભૂતાર્થધર્મના શ્રદ્ધાનના અભાવને લીધે...** ' ભૂતાર્થ ધર્મ કોણ? ઓલો જ્ઞાનમાત્ર ભૂતાર્થધર્મ. એકલું જ્ઞાનનું જ્ઞાન. જ્ઞાન એટલે આત્માનું જ્ઞાન, આત્માની શ્રદ્ધા અને આત્માની રમણતા એ જ્ઞાનમાત્ર ધર્મ. એટલે કે એમાં રાગમાત્ર નહિ. શુભભાવની જરીએ ગંધ નહિ જેમાં. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભૂતાર્થ ધર્મના શ્રદ્ધાનના અભાવને લીધે (સાચું) શ્રદ્ધાન પણ નથી.**' સાચું શ્રદ્ધાન પણ નથી. એ કેમ કીધું? કે પહેલામાં કીધું હતું કે એને જ્ઞાન નથી. અગિયાર અંગને ભણે છતાં એને જ્ઞાન નથી, એમ આ સાચી શ્રદ્ધાન પણ નથી. બે બોલ લીધા. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલું પહેલું કીધું હતું ને કે અગિયાર અંગનું જ્ઞાન છેને, છતાં કહે એને જ્ઞાન નથી. આત્માનું જ્ઞાન નથી અગિયાર અંગનું જ્ઞાન એ. એમ અહીંયાં આવી શ્રદ્ધા હોવા છતાં તેને સાચી શ્રદ્ધા પણ નથી. જ્ઞાન નથી તેમ તેની સાચી શ્રદ્ધા પણ નથી એમ કહે છે. તેથી 'પણ' નાખ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! પુસ્તક છે ને સામે? ક્યા શબ્દનો અર્થ થાય છે? આહા..હા..! '**(સાચું) શ્રદ્ધાન પણ નથી.**' એટલે એને અગિયાર અંગના ભણનારને જેમ સાચું જ્ઞાન નથી સ્વનું, એમ આવા શુભભાવના કરનારને,

શુભભાવથી ધર્મ માનનારને સાચી શ્રદ્ધા પણ નથી. આહા..હા..! '**આમ હોવાથી...**' ત્યાં સુધી તો આવી ગયું હતું કાલે. ઉતાવળથી બધું લઈ લીધું હતું થોડું થોડું. ખ્યાલ હતો કે થોડું આમાં રહી જાય છે.

**શ્રોતા :–** જેટલીવાર કહો એટલીવાર નવી આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નવી આવે. વીતરાગની વાણી બાપુ આ તો. આહા..હા..! અને એની ગાદીએ બેઠીને એનું વર્ણન કરવું આહા..હા..! વસ્તુ એવી છે, ભાઈ!

'**આમ હોવાથી...**' એટલે? કે અગિયાર અંગનું જ્ઞાન હોવા છતાં એ જ્ઞાન નહિ અને આવા વ્યવહારના શુભભાવના પરિણામ હોવા છતાં સાચી શ્રદ્ધા નહિ. '**આમ હોવાથી નિશ્ચયનય વડે વ્યવહારનયનો નિષેધ યોગ્ય જ છે.**' સિદ્ધાંત કીધો. ઓહો..હો..! રાતે જરી ઊંઘમાં કચાશ... કચાશ.. કચાશ.. હતીને. આ એક જ આવતું એમાં. કેટલી વાર આવ્યું હશે. વ્યવહારનય હેય છે... વ્યવહારનય હેય છે. જરી જોલું આવી જાય ને ઊંઘ પાકી ન હોય એમાં. કેટલીવાર પણ એકલો સિદ્ધાંત અંતર હોં! આ કહીએ છીએ માટે એમ પણ નહિ. એ તો એ વખતે જ એવો સિદ્ધાંત અંદરથી ઊઠતો હતો. કેટલી વાર એમ. વ્યવહારનય હેય છે. ઓલું ચાલે છે ખરુંને ૨૭૨-૭૩. આહા..હા..! ભગવાન એમ કહે છે, ભાઈ! વ્યવહાનય હેય છે. આ કીધુંને આવ્યુંને જુઓ! '**નિષેધ યોગ્ય જ છે.**' હેય થયો. આહા..હા..! ભાઈ! તારા હિતની વાતું છે એમાં તને અહિત લાગે કે એ મારા શુભભાવને ધર્મ કહેતા નથી, શુભભાવથી ધર્મ થાય. બાપુ! એમ વસ્તુનું સ્વરૂપ નથી, ભાઈ! વસ્તુની સ્થિતિ એ સમ્યક્ આત્માના સન્મુખના ભાવ વિના જેટલા વ્રત, તપ આદિ કરે એ બધા સંસાર ફળે, એનું એ ફળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે એને ખોટું લાગે છે. બાપુ! આ તો વસ્તુની સ્થિતિ છેને ભાઈ!

આ મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છેને કે દારૂ પીનારને દારૂનો નિષેધ કરનાર મળે તો એને ખોટું લાગે છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે પ્રરૂપણાના અધિકારમાં. એવી કઈ પ્રરૂપણા છે કે બધાને સારી જ લાગે? જેને જે પ્રિય છે, દારૂ પ્રિય છે એ દારૂનો ધંધો કરતો હોય કે અહીં દારૂની નિંદા કરે તો એને ખરાબ લાગે. એમ શુભભાવથી ધર્મ થશે, મારું કલ્યાણ થશે એમ માનનારને આ વાત ખરાબ લાગે. એમાં કરવું શું? બીજો શું ઉપાય? ભાઈ! માર્ગ તો આ છે. આહા..હા..!

તો પછી એમ કહે છે કે એવું કહેશો તો કોઈ કરશે નહિ આ બધા પુણ્ય. અરે! પ્રભુ! પણ એને આવ્યા વિના રહેશે નહિ, ભાઈ! તને ખબર નથી. એના ક્રમમાં જે છે એ આવશે. અજ્ઞાનીને પણ આવશે અને જ્ઞાનીને પણ આવશે, એના ક્રમમાં આવો ભાવ હશે તો. આહા..હા..! ફક્ત એની માન્યતામાં શું છે એ વાત અહીં છે. ભાવ તો નહિ આવે? આહા..હા..! મુનિને પણ પંચમહાવ્રતના ભાવ આવે છે. છે તો રાગ. આવે જુદી વાત છે અને એમાં માનવું કે આ મને ધર્મ છે અને ધર્મનું કારણ છે એ વાત જુદી છે, ભાઈ! આ તો દર્શનશુદ્ધિની વાત છે. આહા..હા..! એ દર્શનનો સુધારો નહિ કરે ત્યાં સુધી એને ચારિત્ર-ફારિત્ર કાંઈ હોઈ શકશે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આમ હોવાથી...**' એટલે કે અગિયાર અંગનું જ્ઞાન હોવા છતાં એને સાચું જ્ઞાન આત્માનું નથી,

માટે તે નિશ્ચયથી નિષેધ કરવાલાયક છે. તેમ અહીંયાં શુભભાવથી ધર્મ માનનારને સાચી શ્રદ્ધાન પણ નથી, માટે તે નિષેધ કરવાલાયક છે. સમજાણું કાંઈ? '**આમ હોવાથી નિશ્ચયનય વડે વ્યવહારનયનો નિષેધ યોગ્ય જ છે.**' તે વ્યાજબી જ છે. આહા..હા..! અરે.. આવું. ભાવાર્થ. યોગ્ય જ છે. યોગ્ય છે આ તો કહે છે. એ કહે નહિ. નિષેધ કરો છો. પ્રભુ! પણ તારા હિતની વાત છેને પ્રભુ! તું અહિતમાં હિત માનીને બેઠો એની એ વાત છે આ તો. તારા હિતની વાત છે આ તો. આહા..હા..! તારા એટલે આત્માના હિતની, આત્માઓ છે તેના હિતની વાત છે આ તો. આપણા આત્માના હિતની વાત છે, ભાઈ! તું એમ લે. આપણા આત્મા એટલે તારો અને મારો બધા આત્માઓ. એટલે તને દુઃખ ન લાગવું જોઈએ, ભાઈ! આહા..હા..! જોયું!

'**અભવ્ય જીવને ભેદજ્ઞાન થવાની યોગ્યતા નહિ હોવાથી...**' એટલે? એટલે ઓલો શુભરાગ અને ભગવાન ભિન્ન છે તેના ભેદની યોગ્યતા નથી એની. આહા..હા..! અને જે કાંઈ સિદ્ધ થયા તે '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन। अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।**' જે કોઈ ધર્મને પામ્યા, મુક્તિને પામ્યા એ રાગથી ભિન્ન કરીને ભેદજ્ઞાનથી પામ્યા છે. એ ભેદજ્ઞાનનો જેને અભાવ છે એ બંધનું કારણ છે એને. આહા..હા..! '**अस्यैवाभावतो बद्धा**' રાગ અને ભગવાન ભિન્ન છે તેનો જેને અભાવ છે તે બંધનને પામ્યા છે. આહા..હા..! કેવી શૈલી છે જુઓને! આહા..હા..! મીઠા મહેરામણ જેણે આહા.. ઉછાળ્યા છે! ચૈતન્ય મીઠો મહેરામણ આનંદનો નાથ ભગવાન, એની મહેરામણ દશા આહા.. આનંદની દશા ઉછાળી છે. એ આનંદની દશા તે સત્ય ધર્મ છે. આહા..હા..! એ શુભભાવની દશા એ અસત્ય ધર્મ છે. આહા..હા..! છોટાભાઈ સાંભળે છે બરાબર. કાન બરાબર છે, કાન બરાબર છે. આંખ કાચી છે થોડી. સાંભળવાનું બરાબર રહી ગયું છે તમારે, આંખો ગઈ. આહા..હા..!

**શ્રોતા :–** અભવિનાં દૃષ્ટાંતે શુભના નિષેધનું પ્રવચન ચાલે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ચાલે જ છે.

'**તે કર્મફળચેતનાને જાણે છે...**' શું કહે છે? મિથ્યાદૃષ્ટિ અનાદિ જીવ અને અભવિ ભેગા, એ બધા કર્મફળચેતનાને જાણે છે. આહા..હા..! એ શુભભાવ અને એનું ફળ મળે બહાર એને એ માનનારા છે. આહા..હા..! ભગવાન કર્મચેતના એટલે રાગની ચેતનાથી ભિન્ન પ્રભુ છે એને એ માનતો નથી. કર્મફળચેતનાને જ જાણે છે. એને જ જાણે છે એમ કહે છે. આહા..હા..! રાગ અને રાગનું ફળ એને એ જાણે છે, પણ ભગવાન આત્મા અરાગી અને અરાગીનું ફળ શાંતિ એને એ જાણતો જ નથી. સમજાણું કાંઈ? '**પરંતુ જ્ઞાનચેતનાને જાણતો નથી;...**' જોયું! આને જ જાણે છે. આહા..હા..! એ રાગ શુભ, દયા, દાન, વ્રતના ભાવ અને એનું ફળ આવશે બાહ્ય, બસ એને જ એ જાણે છે. આહા..હા..! પણ જ્ઞાનચેતનાને જાણતો નથી. આ પરિણતિની વાત છે પર્યાયની હોં! સ્વરૂપ જે જ્ઞાન છે આત્મા તેની જ્ઞાનની ચેતના એકાગ્રતા, રાગની એકાગ્રતાને તે માની રહ્યો છે, પણ જ્ઞાનની એકાગ્રતાને તે જ્ઞાનને માનતો નથી. આહા..હા..! કેટલું સ્પષ્ટ છે! આગમ પોકારે છે, યુક્તિ પોકારે છે,

આત્મા પોકારે છે. આહા..હા..! તે વિના પોકાર ક્યાંથી આવે? આહા..હા..!

જ્ઞાનચેતના એટલે? ભગવાન આત્મા પ્રજ્ઞાબ્રહ્મ ચૈતન્યબ્રહ્મ ચિદ્રૂપ છે, એ તો જ્ઞાનરૂપ છે, એનું જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનવાન છે, જ્ઞાન જેનું રૂપ છે. આહા..હા..! જાણવું... જાણવું... જાણવું... એવો સ્વભાવ એ એનું રૂપ છે. આહા..હા..! એવા જ્ઞાનચેતના, એમાં જે એકાગ્રતા એને જાણતો નથી અને આ દયા, દાન ને વ્રતના પરિણામ રાગની એકાગ્રતા એને એ જાણે છે. આહા..હા..! સમજાણું? ઓલામાં કહ્યું છેને કર્મફળ. પરમાર્થવચનિકામાં. પરમાર્થવચનિકા છેને? મોક્ષમાર્ગપ્રકાશકની પાછળ. બનારસીદાસ. એ એમ કહે છે કે આગમપદ્ધતિ સહેલી છે, માટે એ જ એને ઠીક લાગે છે. આગમપદ્ધતિ એટલે વ્યવહાર કરવો આ. વ્યવહારઆજ્ઞા જે અહીં છેને. આવી ગયુંને? જિનવરની આજ્ઞાનું વ્રત, તપ, સાવધાન એ બધું. એ આગમની પદ્ધતિ એને સહેલી લાગે છે માટે એ કરે છે, પણ અધ્યાત્મનો વ્યવહાર પણ જાણતો નથી એમ કહ્યું છે એમાં. છે? આહા..હા..! આગમપદ્ધતિનો જે વ્યવહાર છે તે તેને સહેલો લાગે એટલે કરે છે અને એમાં એ સંતોષાઈ જાય છે. પણ અધ્યાત્મનો વ્યવહાર પણ એ જાણતો નથી, નિશ્ચય તો બીજી વાત પણ વ્યવહાર પણ એ જાણતા નથી. એ વ્યવહાર આ જ્ઞાનચેતના. આહા..હા..! છે? '**જ્ઞાનચેતનાને જાણતો નથી.**' સમજાણું કાંઈ?

વસ્તુ જે છે ચૈતન્યબિંબ ભગવાન અનાદિઅનંત શાશ્વત અવિનાશી પદાર્થ એમાં એકાગ્રતા થવી સ્વમાં એને અહીંયાં જ્ઞાનચેતના કહે છે, એને અહીંયાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ કહે છે. એને તો જાણતો પણ નથી કહે છે. ત્યાં પણ એમ લખ્યું છે, અધ્યાત્મને જાણતો નથી. અધ્યાત્મ એટલે આ જ્ઞાનની પરિણતિ છેને. વસ્તુ તો ત્રિકાળ નિશ્ચય છે. પણ નિશ્ચયનો આશ્રય લઈને જે પરિણતિ થઈ તે અધ્યાત્મનો વ્યવહાર છે. આહા..હા..! '**કર્મફળચેતનાને જાણે છે, પરંતુ જ્ઞાનચેતનાને જાણતો નથી; તેથી શુદ્ધ આત્મિક ધર્મનું શ્રદ્ધાન તેને નથી.** ' આહા..હા..! વસ્તુ જે જ્ઞાયકસ્વરૂપ ભગવાન એની એકાગ્રતાની જે જ્ઞાનચેતના એને જાણતો નથી, તે શુદ્ધ આત્મિક ધર્મને જાણતો નથી. શુદ્ધ ધર્મ જ્ઞાનચેતના એ શુદ્ધ આત્મધર્મ છે. આહા..હા..!

**શ્રોતા :-** ... ટળી જાય એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ટળી જાય એવું છે? ધીમે.. ધીમે.. ધીમે.. બાપા! ભગવાન! ભગવાન! તારા ઘરની વાતું છેને નાથ! આહા..હા..! તારા ઘરનો ઉકેલ છે આ તો. આહા..હા..! એ તને ન પેસે એમ ન લાગે, ભાઈ! આત્મા છે આત્મા ભાઈ! આહા..હા..! ઝીણું લાગે પણ અપૂર્વ છેને ભાઈ! પૂર્વે કોઈ દિ' નથી કર્યું એટલે એને ઝીણું લાગે, પણ કોઈ અસત્ય છે એમ નહિ. એ તો સત્ય જ આ પ્રકાર છે. આહા..હા..! કહો, માંગીલાલજી! આહા..હા..!

'**જ્ઞાનચેતનાને જાણતો નથી; તેથી શુદ્ધ આત્મિક ધર્મનું શ્રદ્ધાન તેને નથી.**' આહા..હા..! ભગવાન ચિદ્રૂપ પ્રભુ જ્ઞાનસ્વરૂપી ભગવાન ત્રિકાળી એની જે એકાગ્રતા સ્વસન્મુખની એને જાણતો નથી, તેથી તે શુદ્ધ આત્મિક ધર્મને પણ માનતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**તે શુભકર્મને જ ધર્મ સમજી શ્રદ્ધાન કરે છે...**' જોયું! શુભકર્મ શબ્દે પરિણામ શુભભાવ. એમાં આવે છેને શુભકર્મ

નહિ? પુણ્ય-પાપમાં આવે છેને. કઈ ગાથામાં આવે છે? એને કર્મ કહ્યું છે. પુણ્ય-પાપના અધિકારમાં આવે છે. ૧૫૬. ૧૫૬ ગાથા. છે? ટીકા. '**પરમાર્થ મોક્ષ હેતુથી જુદો, જે વ્રત, તપ વગેરે શુભકર્મ...**' જોયું! ઓલું બંધન થાય એ વાત નહિ. ભાવ. સમજાણું? અને ઓલામાં વધારે છે. ૧૫૪માં. ૧૫૪ છેને? એમાં ભાવાર્થની ઉપરની ત્રીજી લીટી. '**વ્રત, નિયમ, શીલ, તપ વગેરે શુભકર્મો...**' છે? શુભકર્મ એટલે એ પરિણામ જ શુભકર્મ છે. એ લોકો એમ કહે છે કે કર્મનો નિષેધ કર્યો છે, પરિણામનો ક્યાં છે? પણ પહેલા ચાર બોલ આવી ગયા છે ભાઈ! ભાવકર્મ. અને આ ભાવ નામ જ પાઠ છે આ તો. '**વ્રત, નિયમ, શીલ, તપ વગેરે...**' જેટલા વિકલ્પો છે એ બધા શુભકર્મો છે. આહા..હા..! અને '**શુભકર્મ પણ બંધનાં કારણ હોવા છતાં તેમને બંધનાં કારણ નહિ જાણતા થકા,...**' કહો, ચંદુભાઈ! એ વ્રત, તપ, શીલ એ પોતે જ શુભકર્મ છે શુભભાવ એને કર્મ કીધું છે. આહા..હા..! જડ કર્મ તો પછી. આત્મધર્મ નહિ માટે તેને શુભકર્મ કીધું છે. આહા..હા..! ત્યાં પણ આવ્યું અને આ ૫૬માં આવ્યું. બે જ બોલ છે. ઓલામાં ચાર બોલ છે. ૫૪માં ચાર બોલ છે. વ્રત, તપ, શીલ આદિ છેને? '**વ્રત, નિયમ, શીલ, તપ વગેરે...**' પાછું. જેટલા વિકલ્પો વ્યવહારનયના કથનના આવે એ બધાય. આહા..હા..! અહીં એમ કીધું '**વ્રત, તપ વગેરે શુભકર્મ સ્વરૂપ...**' આહા..હા..!

'**તે શુભકર્મને જ ધર્મ સમજી શ્રદ્ધે છે...**' શુભકર્મ એટલે આ પરિણામ હોં. વ્રતના, અપવાસના એ બધા પરિણામને અહીં શુભકર્મ કીધું છે. શુભકાર્ય છેને. એ સદાચરણ નથી, અસદાચારણ છે. સદાચરણ—સત્ ભગવાન જ્ઞાનાનંદસ્વરૂપ સદાચરણ એનું આચરણ તે સદાચરણ છે. શુભભાવ એ સદાચરણ નથી. હવે અત્યારે એ નાખે છે. સદાચરણ કરો આ વ્યવહાર વ્રતાદિ. હમણાં આવ્યું છે, કોટડિયાનું. કપિલ કોટડિયો. લેખ આવ્યો છે. આ વ્રત ને તપ ને આ બધું પહેલાં શુભ આચરણ કરો. શુભ સદાચાર છે અને એનાથી નિશ્ચયધર્મ અંદર પમાશે, ચારિત્ર એનાથી જ પમાશે. આહા..હા..! મોટો લેખ. અહીં આવી ગયા છે. બે દિ' રહી ગયા છે. પણ ન બેસે એને. ન બેસે. બેઠેલી વાત છેને એને. આહા..હા..! આ તો ભાગ્યશાળીને તો કાને પડે અને સંસારને કાંઠે હોય એને બેસે એવી વાત છે. એવી વાત છે, બાપુ! કંઈ ઝઘડા ને વાદવિવાદ છે નહિ અહીં તો. આહા..હા..! તે પણ તું છો કે નહિ? શુભભાવ તે જ વસ્તુ છે જગતમાં? આહા..હા..! કોઈ ચીજ છે કે નહિ તું? વસ્તુ છે કે નહિ? આનંદ અને જ્ઞાનનો ભંડાર પ્રભુ આત્મા વસ્તુ છે કે નહિ? આહા..હા..! એને આશ્રયે જે પરિણામ થાય તેને ધર્મ કહીએ અને એના આશ્રય વિના પરના લક્ષે આ વ્રત, તપ આદિ કરીએ તેને શુભકર્મ કહીએ કહે છે. આહા..હા..!

જ્ઞાનીને જ્ઞાનધારા અને કર્મધારા બેય હોય છે. અજ્ઞાનીને એકલી કર્મધારા હોય છે, જ્ઞાની સાધકને એકલી જ્ઞાનધારા અને સાથે કર્મધારા (હોય છે), કેવળીને એકલી જ્ઞાનધારા એકલી. જ્ઞાનીને આત્મજ્ઞાનનું ભાન હોવા છતાં એની પૂર્ણતા જ્ઞાનની દશામાં નથી અથવા દ્રવ્યનો ઉગ્ર પૂર્ણ આશ્રય નથી તેથી તેને કમજોરીમાં શુભભાવ આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ? એથી ધર્મીને પણ જ્ઞાનધારા અને

કર્મધારા બેય હોય છે. જ્ઞાનધારા તે ધર્મ છે, કર્મધારા તે અધર્મ છે. આહા..હા..! એ આત્માનુશાસનમાં નાખ્યું છે. છેને ઓલું આત્માનું અવલોકન, આત્માવલોકન. નાખ્યું છે એમાં. શ્રાવકને ધર્મ-અધર્મ બે છે. એમ નાખ્યું છે હોં! શબ્દ અધર્મ નાખ્યો છે. એમાં રાડ પાડવા જેવું શું છે? રાગ છે તે વસ્તુના સ્વભાવથી વિરુદ્ધ છે તો અધર્મ છે. આહા..હા..!

'**તેથી શુદ્ધ આત્મિક ધર્મનું શ્રદ્ધાન તેને નથી. તે શુભકર્મને જ ધર્મ સમજી શ્રદ્ધાન કરે છે, તેથી તેના ફળ તરીકે ગ્રૈવેયક સુધીના ભોગને પામે છે...**' લ્યો! જોયું! '**પરંતુ કર્મનો ક્ષય થતો નથી.**' ક્ષય ક્યાંથી થાય? શુભકર્મે (ક્ષય) થાય? ત્યારે એ કહે છે કે શુભકર્મથી આમ થાય. પાપ ઘટે, પુણ્ય વધે, ફલાણું થાય, ઢીંકણું થાય; પણ બધું કર્મ છે એ તો. સમજાણું કાંઈ? આહા..હા..! '**આ રીતે સત્યાર્થ ધર્મનું શ્રદ્ધાન નહિ હોવાથી...**' આ પ્રકાર જે કહ્યો તે પ્રકારની પદ્ધતિથી સાચા ધર્મનું શ્રદ્ધાન નહિ હોવાથી '**તેને શ્રદ્ધાન જ કહી શકાતું નથી.**' આહા..હા..!

'**આ પ્રમાણે વ્યવહારનયને આશ્રિત અભવ્ય જીવને જ્ઞાન-શ્રદ્ધાન નહિ હોવાથી...**' વ્યવહારનયને આશ્રયે અભવ્ય જીવને જ્ઞાન-શ્રદ્ધાન નથી. એમ નહિ, વ્યવહારનયના આશ્રયે જ્ઞાન-શ્રદ્ધાન નથી એટલે? નિશ્ચય જ્ઞાનશ્રદ્ધાન નથી, એમ. વ્યવહારનયનો આશ્રય છે એને. આહા..હા..! ત્યાં એમ બંધ રાખવું. '**વ્યવહારનયને આશ્રિત અભવ્ય જીવને...**' એટલું રાખવું. એને '**જ્ઞાન-શ્રદ્ધાન નહિ હોવાથી...**' એને સાચું જ્ઞાન અને શ્રદ્ધા બે કીધું ને? અગિયાર અંગનું જ્ઞાન અને અહીંયાં બે નાખ્યું. '**આ પ્રમાણે વ્યવહારનયને આશ્રિય અભવ્ય જીવને...**' એટલું બસ. ૭૪-૭૫નો સરવાળો. એને '**જ્ઞાન-શ્રદ્ધાન નહિ હોવાથી...**' સાચું જ્ઞાન-શ્રદ્ધાન નહિ હોવાથી, એમ. '**નિશ્ચયનય વડે કરવામાં આવતો વ્યવહાર નિષેધવાયોગ્ય જ છે.** ' આહા..હા..! સ્વભાવને આશ્રયથી નિશ્ચયથી વ્યવહારનો નિષેધ કરવો તે વ્યાજબી જ છે કહે છે. આહા..હા..! કહો, આ તો યોગ્ય જ છે એમ કહે છે. પંડિત ટીકાકાર એમ કહે છે. આહા..હા..!

'**અહીં એટલું વિશેષ જાણવું કે—આ હેતુવાદરૂપ અનુભવપ્રધાન ગ્રંથ છે...**' અનુભવથી અહીં વાત કહેવી છે. '**હેતુવાદરૂપ અનુભવપ્રધાન ગ્રંથ છે, તેથી તેમાં ભવ્ય-અભવ્યનો અનુભવની અપેક્ષાએ નિર્ણય છે.**' અભવ્યને વેદન—અનુભવ વિકારનું છે અને જ્ઞાનીને અનુભવ આત્માનો છે. એ અનુભવની પ્રધાનતાથી આ કથન છે. '**હવે જો આને અહેતુવાદ આગમ સાથે મેળવીએ...**' હેતુ એટલે યુક્તિથી, ન્યાયથી, અનુભવથી વાત કરી છે, એમ. '**હવે, જો આને અહેતુવાદ આગમ સાથે મેળવીએ તો—અભવ્યને વ્યવહારનયના પક્ષનો સૂક્ષ્મ, કેવળીગમ્ય આશય રહી જાય છે કે જે છદ્મસ્થને અનુભવગોચર નથી પણ હોતો,...**' એમાં જરી વજન છે. અનુભવગોચર નથી પણ હોતો. નથી હોતો બિલકુલ એમ નહિ. હોય છે, પણ કોઈને અનુભવગમ્ય હોતો પણ નથી કોઈને. તો અનુભવમાં આવી પણ શકે છે એમ કહે છે. એકલું કેવળીગમ્ય નાખ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! શું કહે છે? પંડિતજીએ પણ ખુલાસો કેટલો કર્યો છે! આહા..!

એક બાજુ એમ કહ્યું કે '**અભવિને વ્યવહારના પક્ષનો સૂક્ષ્મ કેવળીગમ્ય આશય રહી જાય છે કે જે છદ્મસ્થને...**' અલ્પ જ્ઞાનીને '**અનુભવગોચર નથી પણ હોતો,...**' નથી જ હોતો એમ ન લીધું. સૂક્ષ્મ હોય એ વખતે લક્ષ ન પહોંચે તો ન આવે. બાકી બરાબર લક્ષ પહોંચી જાય કે આ વેદનમાં નથી, આ તો વાતું એકલી ક્રિયાકાંડની કરે છે. સમજાણું કાંઈ? એ જાણી પણ જાય. આહા..હા..! શું કહે છે?

**શ્રોતા :-** કેમ જાણે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જાણે એના ન્યાયથી. કીધુંને.

**શ્રોતા :-** બાહ્યાચરણથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બાહ્ય નહિ, બાહ્યાચરણ નહિ. અંતરના એના કથન શૈલી બોલે એમાંથી ખ્યાલમાં આવી જાય એને. સમજાણું કાંઈ?

સૂક્ષ્મ કેવળીગમ્ય કીધું, સૂક્ષ્મ છતાં છદ્મસ્થને અનુભવગમ્ય નથી પણ હોતું. કદાચિત એનું બહુ મગજ ન કામ કરે ત્યાં અને એનો પરિચય ન હોય એમ. પરિચયમાં આવે અને જરી વાતમાં આવે તો એને ખ્યાલ પણ આવી જાય. ન જ આવી જાય એમ નહિ. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા હવે. એક કલાકમાં કેટલી અજાણી વાતું. બાપુ! માર્ગ તો આ છે એને જાણવો પડશે. સમજાણું? દુઃખી છે ચોર્યાસીના અવતારમાં. એ દુઃખી દુઃખમાં બળી રહ્યો છે. કષાયની અગ્નિથી સળગી રહ્યો છે પણ ભાન નથી એને. સનેપાતિયો જેમ સનેપાતના દુઃખમાં પણ દાંત કાઢે. સનેપાતિયો દાંત કાઢે એમ આને ભાન નથી. અમને બસ મજા છે. શું ધૂળેય નથી, બાપુ! આહા..હા..! અંદર મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યા આચરણ ત્રણનો સનેપાતનો રોગી દુઃખી છે. સમજાણું કાંઈ? અને એ સિદ્ધ કર્યું છેને કે એને દુઃખ કેમ છે? એ દુઃખ એમ છે કે જેને આત્માનો અનુભવ અને સ્વાદ નથી તેથી તે દુઃખી છે એમ સિદ્ધ કરીએ છીએ. સમજાણું કાંઈ? દુઃખી જ છે આ બધા શેઠિયાઓ, રાજાઓ, પૈસાવાળા કે આ બધા, રૂપાળા બાયડી, છોકરાવાળા બધા જીવ દુઃખી છે એમ તમે કેમ સિદ્ધ કરો છો? કે એનો અર્થ એ કે જેને આત્માના આનંદનું ભાન નથી આવ્યું, તે આનંદનો સ્વાદ નથી આવ્યો તે બધા દુઃખી જ છે. આહા..હા..! એના દુઃખના પ્રમાણ માટે બીજું કોઈ પ્રમાણ જોવાની જરૂર નથી. આહા..હા..!

'**માત્ર સર્વજ્ઞદેવ જાણે છે;...**' વિશેષ સ્પષ્ટ. પંચાધ્યાયીમાં એમ કીધું છેને કે સમ્યગ્દર્શનને કેવળી જાણી શકે. કોઈ મનઃપર્યયજ્ઞાની કે અવધિજ્ઞાની છે જાણે. મતિજ્ઞાનનો એ વિષય નથી એમ કીધું. એ તો આમ પ્રત્યક્ષ ન જણાય ને એ અપેક્ષાએ કીધું. વેદનની અપેક્ષાએ જાણે એ બીજી વાત છે. અનુભૂતિની સાથે સમકિત હોય છે તો અનુભૂતિથી સમકિતનું જ્ઞાન થાય એ તો બરાબર જણાઈ શકે, પણ અનુભૂતિ એ જ્ઞાનનું સ્વરૂપ છે, એની શ્રદ્ધા એ સમકિતનું સ્વરૂપ છે. એટલે એને બેને અવિનાભાવી ગણીને અનુભૂતિથી સમકિતનો નિર્ણય થાય. સમજાણું કાંઈ? સીધું એકલું સમકિત એકલું જાણી શકે એમ નથી એટલી વાત કરી છે. ન જ જાણી શકે એમ નહિ. સમજાણું કાંઈ? છેને પંચાધ્યાયીમાં?

'**એ રીતે કેવળ વ્યવહારનો પક્ષ રહેવાથી...** ' જોયું! '**એ રીતે કેવળ વ્યવહારનો પક્ષ**

રહેવાથી...' નિશ્ચય (હોય) અને વ્યવહાર હોય તો જુદી વાત છે, પણ આ તો એકલો વ્યવહારનો પક્ષ રહેવાથી. આહા..હા..! આત્માના આનંદનો સ્વાદ અને આત્મા આશ્રયે નિશ્ચયધારા છે ત્યાં વ્યવહાર હોય, પણ આને તો એકલો વ્યવહારનો જ પક્ષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેને જ સર્વથા એકાંતરૂપ મિથ્યાત્વ રહે છે.**' સર્વથા એકાંત રૂપ મિથ્યાત્વ રહે છે. જોયું! આહા..હા..! '**વ્યવહારનો પક્ષ રહેવાથી તેને જ સર્વથા એકાંતરૂપ મિથ્યાત્વ રહે છે.**' આહા..હા..! '**અભવ્યને આ વ્યવહારનયના પક્ષનો આશય સર્વથા કદી પણ મટતો જ નથી.** ' એ દૃષ્ટાંત આપ્યો છે કે ભાઈ આવું તો આણે કર્યું, તો તેં પણ અનંતવાર ભવિ થઈને કર્યું એ કાંઈ વસ્તુ નથી, એમ કહે છે. '**પક્ષનો આશય સર્વથા કદી પણ મટતો જ નથી.**' લ્યો! હવે પ્રશ્ન કરશે.

'**નિશ્ચય વડે નિષેધ્ય જે વ્યવહારનય અને વ્યવહારનયનો નિષેધક જે નિશ્ચયનય—તે બન્ને નયો કેવા છે?**' એની વાત વિશેષ કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## ચૈત્ર સુદ-૬, શુક્રવાર, તા. ૨૫-૦૩-૧૯૭૭, ગાથા-૨૭૬-૨૭૭, પ્રવચન નં. ૩૩૩

સમયસાર. નિશ્ચય પ્રતિષેધક છે, વ્યવહાર પ્રતિષેદ્ધ છે. નિશ્ચય નિષેધ કરનાર છે અને વ્યવહાર નિષેધ થવાલાયક છે. એ અધિકાર છે.

आयारादी णाणं जीवादी दंसणं च विण्णेयं।
छज्जीवणिकं च तहा भणदि चरित्तं तु ववहारो।।२७६।।
आदा खु मज्झ णाणं आदा मे दंसणं चरित्तं च।
आदा पच्चक्खाणं आदा में संवरो जोगो।।२७७।।

**'આચાર' આદિ જ્ઞાન છે, જીવાદિ દર્શન જાણવું,**
**ષટ્જીવનિકાય ચરિત છે,—એ કથન નય વ્યવહારનું. ૨૭૬.**
**મુજ આત્મ નિશ્ચય જ્ઞાન છે, મુજ આત્મ દર્શન-ચરિત છે,**
**મુજ આત્મ પ્રત્યાખ્યાન ને મુજ આત્મ સંવર-યોગ છે. ૨૭૭.**

ટીકા. જુઓ, અહીં તો શાસ્ત્ર વીતરાગ જૈનદર્શનના શાસ્ત્ર છે. નિમિત્તમાં પણ વ્યવહારમાં આ લીધા. '**આચારાંગ આદિ...**' એ શ્વેતાંબરમાં છે જ નહિ. આચારાંગ એ તો નામ પાડ્યા છે. સર્વજ્ઞ ભગવાન સનાતન વીતરાગે કહેલા શાસ્ત્રો એવા '**આચારાંગ આદિ...**' એટલે એ લીધું. અજ્ઞાનીના કથન શાસ્ત્રો એ નહિ. આ શાસ્ત્ર પણ વ્યવહાર છે અને નિષેધ કરવાલાયક છે એમ કહે છે. આહા..હા..!

એક વાત. અને તે **'આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે...'** એ શબ્દ છે તેનું જ્ઞાન શ્રુતજ્ઞાન કહેવાય છે. શબ્દનું જ્ઞાન, શાસ્ત્રોમાં શબ્દોનું જ્ઞાન છે. આહા..હા..! આ વ્યવહારની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

**'આચારાંગ આદિ...'** અગિયાર. એ શબ્દશ્રુત છે. **'શબ્દશ્રુત તે જ્ઞાન છે...'** ભાષા દેખો! કેમ કે તે વ્યવહારરૂપ જ્ઞાનનો આશ્રય, હેતુ, નિમિત્ત શબ્દ છે માટે તેને શબ્દશ્રુત જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! છે? સમજાણું કાંઈ? **'કારણ કે શબ્દશ્રુત જ્ઞાનનો આશ્રય છે,...'** જોયું! વ્યવહારુ જ્ઞાનનો આશ્રય નિમિત્ત શબ્દ છે. આચારાંગ આદિ શબ્દો જે છે એ વ્યવહારુ જ્ઞાનનો આશ્રય છે, નિમિત્ત છે, હેતુ છે. આહા..હા..! એથી તેને શબ્દશ્રુત જ્ઞાન વ્યવહારે કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શબ્દશ્રુત તે જ્ઞાન છે એમ કીધું. કેમકે જે જ્ઞાનમાં શબ્દો નિમિત્ત પડ્યા છે, આત્મા એમાં નથી આવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? એ શબ્દશ્રુત તે જ્ઞાન છે, શબ્દનું જાણવું તે જ્ઞાન છે, શબ્દનું જાણવું. આહા..હા..! **'કારણ કે તે શબ્દશ્રુત જ્ઞાનનો...'** નિમિત્ત છે. વ્યવહારુ જ્ઞાનનું એ નિમિત્ત છે માટે તેને શબ્દશ્રુત જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! આ પણ વ્યવહાર છે, એટલે નિષેધ કરવાલાયક છે. એમ કહેવું છે. આહા..હા..!

જેમાં ભગવાન આત્મા આવે નહિ, આત્મા એટલે? એની પર્યાયમાં ભગવાન આત્મા વસ્તુ છે એ જેના જ્ઞાનમાં હેતુ, નિમિત્ત, કારણ ન થાય તે જ્ઞાન જ્ઞાન નહિ. આહા..હા..! છે? આવી વાત છે. ઓલા તકરાર કરે છે. પ્રભુ! તકરાર નથી. આ તો ... જેમાં તું ન આવે, જે જ્ઞાનની પર્યાયમાં પ્રભુ આત્મા નિમિત્ત ન આવે, આહા..હા..! જે જ્ઞાનમાં શબ્દશ્રુત નિમિત્ત આવે એ શબ્દશ્રુત જ્ઞાન નિષેધ કરવાલાયક છે. **'કારણ કે તે શબ્દશ્રુત જ્ઞાનનો આશ્રય છે,...'** જ્ઞાન એટલે? ઓલું જે વ્યવહારુ જાણવું થયુંને શબ્દશ્રુતનું જ્ઞાન, એમાં એ આશ્રય છે. કોણ? શબ્દ. શબ્દ નિમિત્ત છે, શબ્દ હેતુ છે, શબ્દ કારણ છે. આહા..હા..! માટે તેને શબ્દશ્રુત વ્યવહારજ્ઞાન કહેવામાં આવે છે. જેમાં પ્રભુ આવતો નથી કહે છે, એ એને વ્યવહાર નિષેધ કરવાલાયક છે. આહા..હા..! એક વાત.

બીજું. **'જીવ આદિ નવ પદાર્થો દર્શન છે...'** શું કીધું? જેમ ઓલા શબ્દશ્રુતજ્ઞાન છે શબ્દનું, એમ જીવાદિ પદાર્થ તે દર્શન છે વ્યવહારથી. કેમકે દર્શનનો એ વિષય છે, નિમિત્ત છે, હેતુ છે માટે નવ પદાર્થ તે દર્શન છે. આહા..હા..! વ્યવહારદર્શન નિષેધવાલાયક છે. આહા..હા..! આવી વાત છે. માણસ .. શું કહે છે એ જાણવું જોઈએને. જાણ્યા વિના પોતાની કલ્પનાથી કરે એ કાંઈ કામ આવે? ત્રણલોકના નાથ જિનેશ્વરદેવે વાણીમાં બધું સ્પષ્ટ કર્યું છે. આહા..હા..! સંતોએ દિગંબર સંતોએ કુંદકુંદાચાર્ય આદિએ તો ઘણું સ્પષ્ટ, આમ આત્મા અને આમ બાહ્ય, બેની વાતની વહેંચણી કરી નાખી છે. સમજાણું કાંઈ? **'જીવ આદિ નવ પદાર્થો...'** જેમાં મોક્ષ, સંવર, નિર્જરા આદિ આવ્યા પણ ભેદવાળા આવ્યા ને. **'જીવ આદિ નવ પદાર્થો દર્શન છે...'** વ્યવહાર સમ્યગ્દર્શન. **'કારણ કે તે (નવ પદાર્થો) દર્શનનો આશ્રય છે,...'** વ્યવહાર શ્રદ્ધાનો નવ પદાર્થ હેતુ છે, નવ પદાર્થ કારણ છે. વ્યવહાર શ્રદ્ધામાં નવ પદાર્થ કારણ છે, માટે તેને દર્શનનો આશ્રય, માટે તેને દર્શન કહેવામાં આવે છે.

આહા..હા..! ભેદવાળા નવ પદાર્થ—તત્ત્વો એ દર્શન છે. કારણ કે તે નવ પદાર્થો દર્શનનું નિમિત્ત છે, દર્શનનો આધાર છે, દર્શનનું કારણ છે, વ્યવહાર સમકિતનો નવ પદાર્થ હેતુ છે. આહા..હા..! ત્યારે તો એમાં કહ્યું છેને તત્ત્વાર્થસૂત્રમાં, તત્ત્વાર્થ... નવ તત્ત્વની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન કહ્યું છે, નિશ્ચયથી. એ અભેદથી કહ્યું છે. એકવચન છે ત્યાં. જીવાદિ પુણ્ય, પાપ, આસ્રવ, બંધ એકવચન છે. આ તો જીવાદિ નવ ભેદ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ત્યાં તત્ત્વાર્થસૂત્રમાં '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' (કહ્યું છે) ત્યાં સમ્યગ્દર્શન એટલે નવ તત્ત્વની શ્રદ્ધા એમ લીધું છે. એ શ્રદ્ધા વ્યવહાર નથી, એ શ્રદ્ધા નિશ્ચય છે. સમજાણું કાંઈ? એમાં નવનો ભેદ નથી, એક આત્માનું અભેદ અંદર છે. આહા..હા..! આત્માની શ્રદ્ધા કરતા એ બીજા આઠ તત્ત્વો છે એ એમાં નથી એ જ્ઞાનપ્રધાન કથન કરીને સમ્યગ્દર્શન કહ્યું છે. આહા..હા..! વસ્તુ તો આ છે. અહીંયાં તો નવના ભેદ જે છે, નવ છે. એમ કીધું છેને? નવ કહેવું છેને અહીં? નવ પદાર્થ, એક પદાર્થ નહિ. આહા..હા..! '**જીવાદિ નવ પદાર્થો...**' સમ્યગ્દર્શન છે. વ્યવહાર. કેમકે તે વ્યવહારનું કારણ નવ પદાર્થો દર્શનનો આશ્રય છે. વ્યવહારસમકિતનો વિષય એ છે. વિષય એ છે નવ, વ્યવહારસમકિતનો આશ્રય નવ છે, વ્યવહારસમકિતનો હેતુ આધાર એ છે. આહા..હા..! આહા..હા..! આ લોકો વ્યવહાર-વ્યવહાર કરે છેને. તો આ વ્યવહાર કહે છે. એ તો નિશ્ચય .. એનાથી કારણ થાય ત્યારે થાય. પ્રભુ! ભાઈ! તારા સ્વાશ્રયના અવલંબન લેવા માટે વાત કરે એ તને ન ગોઠે અને પરના અવલંબનવાળીમાંથી તને લાભ થાય એ ગોઠે. .. (તને) નુકસાન છે.

આહા..હા..! ભગવાન અંદર બિરાજે છે પ્રભુ! એકરૂપ ચૈતન્ય પ્રભુ એની વર્તમાન શ્રદ્ધામાં નવ પદાર્થો તેને નિમિત્ત થાય છે માટે તે વ્યવહારશ્રદ્ધા, નિશ્ચયશ્રદ્ધા નહિ. એ નિશ્ચય સત્ય-શ્રદ્ધા સત્ય સમકિત નહિ, ઉપચારિક સમકિત. આહા..હા..! વ્યવહાર કહો, ઉપચાર કહો, એને નવ પદાર્થો વ્યવહારસમકિતનો આશ્રય કહો. હેતુ કહો, નવને વ્યવહાર શ્રદ્ધાનનું કારણ કહો, એ દર્શન, એનો આશ્રય નવ છે માટે નવ પદાર્થ જ સમકિત છે એમ કહે છે. સમકિત છે વ્યવહાર હોં! જેમ ઓલું શબ્દશ્રુત જ જ્ઞાન છે, એમ આ નવ પદાર્થ જ શ્રદ્ધા છે એમ કહે છે. આહા..હા..!

'**(નવ પદાર્થો) દર્શનનો આશ્રય છે,...**' દર્શન એટલે વ્યવહારસમકિત એનો આશ્રય છે. એથી નવ પદાર્થો જ દર્શન છે એમ કીધુંને? પહેલું એમ કહ્યુંને એને સિદ્ધ કરે છે. કે '**જીવ આદિ નવ પદાર્થો દર્શન છે...**' નવ પદાર્થ જ સમકિત છે વ્યવહાર. કેમકે નવ પદાર્થો દર્શનનો આશ્રય છે. વ્યવહારસમકિતનો આશ્રય નવ પદાર્થ છે. માટે તે નવ પદાર્થ જ દર્શન છે એમ કીધું. ચંદુભાઈ! આહા..હા..! '**અને છ જીવ-નિકાય ચારિત્ર છે...**' ભાષા તો જુઓ! છ જીવ-નિકાય ચારિત્ર છે. એ છ જીવનો... આહા..હા..! છ જીવનો સમૂહ, છ કાયનો સમૂહ તે ચારિત્ર છે. છ કાયનો જીવનો સમૂહ તે ચારિત્ર છે. કેમ? આહા..હા..! આ વ્યવહારચારિત્રના વિકલ્પની વાત છે. મહાવ્રતનો વિકલ્પ છે એ છ જીવનિકાયનું ચારિત્ર છે. એટલે એ છ જીવનિકાય '**કારણ તે (છ જીવ-નિકાય) ચારિત્રનો આશ્રય છે;...**' એ વિકલ્પ વ્યવહાર જે છે, ચારિત્ર વ્યવહાર વિકલ્પ જે છે એનો આશ્રય છ જીવ-નિકાય છે. જોયું!

એકેન્દ્રિય આદિ નથી માનતા એનો અહીં પ્રશ્ન નથી. અહીં તો એકેન્દ્રિય આદિ માને છે. આહા..હા..! છ કાયના જીવ માને છે, છ કાય જીવ છે, નિગોદના જીવ છે એકેન્દ્રિય આદિ અનંત. એવા અનંત જીવો છકાયમાં આવે છે. એ છ કાયના જીવ જ ચારિત્ર છે. કારણ કે તેનું વલણ છ કાયના જીવ તરફ જાય છે. આહા..હા..! આમાં પાંચ મહાવ્રત ન લીધા. છ જીવ-નિકાયને ચારિત્ર લીધું. કારણ કે એમાં અંદરમાં ચાર તો સમાઈ જાય છે. શું કહ્યું સમજાણું કાંઈ? વ્યવહારના છ જીવ-નિકાય ચારિત્ર છે કેમકે એ વ્યવહાર ચારિત્રનો એ છ જીવ-નિકાય આશ્રય છે, હેતુ એ છે, લક્ષ ત્યાં જાય છે. આહા..હા..! થોડું પણ બરાબર એને જેમ હોય તેમ જાણવું પડશેને. એમ કાંઈ કલ્પનાથી માને એમ કાંઈ ચાલે? આહા..હા..!

અહીં તો કહે છે, છ જીવ-નિકાય. એક જ વાત અહિંસાની લીધી. વ્યવહાર ભાઈ! પછી ચાર ન લીધા. કારણ કે એ ચાર છે અહિંસાની પછી વાડું છે. અહિંસાની, વ્યવહાર અહિંસા હોં! આહા..હા..! એમાં આવી જાય છે વ્યવહારમાં. એટલે કે વ્યવહારચારિત્રનો જે વિકલ્પ છે એને ચારિત્ર કહેવું. કેમ? કે એ છ જીવ-નિકાય તેનું લક્ષ છે એટલે છ જીવ-નિકાય તે ચારિત્ર છે. આહા..હા..! ઓલા વ્યવહારના પરિણામ છે વિકલ્પ તે ચારિત્ર છે એમ ન કહેતા. આહા..હા..! એનો છ જીવ-નિકાય એ ચારિત્ર છે. એ પંચમહાવ્રતના પરિણામમાં નિમિત્ત આ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એટલે છ જીવ-નિકાય, છ જીવનો સમૂહ. જુઓ, હવે એ ચારિત્ર ત્યાં ક્યાં આવ્યું? ચારિત્ર તો અહીં પરિણામ વ્યવહાર છે. તો કહે છે કે છ જીવ-નિકાય ચારિત્ર છે એમ કેમ કીધું અમે? કેમકે છ જીવનો સમૂહ તે વ્યવહાર વિકલ્પ ચારિત્ર મહાવ્રતના વિકલ્પનો તે આશ્રય છે. છ જીવ-નિકાય તે વ્યવહાર-વિકલ્પનો આશ્રય, હેતુ છે. એ તો અહીં છે જ નહિ. અહીં તો અત્યારે હજી વ્યવહારની વાત કરવી છે ને. સમજાણું કાંઈ? આત્મા નથી એમ નહિ, અહીં તો વ્યવહારનો વિકલ્પ પણ નથી એની વાત પણ નથી. વિકલ્પનો આશ્રય છે માટે તેને ચારિત્ર કહ્યું એમ કહે છે. આહા..હા..! એ વ્યવહાર કોને કહેવો એ સ્થાપે છે. આહા..હા..! પછી એનો નિષેધ કરશે. આહા..હા..!

'**છ જીવ-નિકાય ચારિત્ર છે...**' લે! પણ પરિણામ તો અહીં છે મહાવ્રતના. પણ એ મહાવ્રતના છ જીવ-નિકાય એનું લક્ષ છે, ત્યાં છે લક્ષ. સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગમાર્ગ એવો અલૌકિક છે કે એનો વ્યવહાર પણ કોને કહેવો એ ... જૈનમાર્ગમાં કહેલો વ્યવહાર એમ આવી ગયું છેને. જિનવરે કહેલો વ્યવહાર. શીલ અને તપમાં પરિપૂર્ણતા, ગુપ્તિ અને સમિતિમાં સાવધાનતા. એટલે કે પૂર્ણતા બતાવવી છે વ્યવહારની. જિનવર માર્ગ સર્વજ્ઞના માર્ગમાં જ એ હોય છે. એ પણ વ્યવહાર છે કહે છે. આહા..હા..! અને એ વ્યવહાર કેમ? કે એ છ જીવ-નિકાયનું ચારિત્ર તેનો આશ્રય છે. એ પરિણામનો છ જીવ-નિકાય તે આશ્રય છે, હેતુ છે, માટે છ જીવ-નિકાય તે પોતે ચારિત્ર છે, વ્યવહાર. આહા..હા..! ભારે વાતું ભાઈ! '**એ પ્રમાણે વ્યવહાર છે.**' પહેલો પ્રતિચ્છેદ કરવાલાયક છે તેની વ્યાખ્યા કરીને પછી તેનો પ્રતિચ્છેદ કરશે. સમજાણું કાંઈ? આહા..હા..!

હવે, '**શુદ્ધ આત્મા જ્ઞાન છે...**' આ નિશ્ચયજ્ઞાન, સમ્યગ્જ્ઞાન, સત્યજ્ઞાન. એ '**શુદ્ધ આત્મા**

**જ્ઞાન છે...**' એક તો આમ કહી દીધું. જેમ ઓલામાં શબ્દશ્રુત તે જ્ઞાન છે, એમ અહીં શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. આહા..હા..! સમજાણું? '**કારણ...**' હવે એનું કારણ આપે છે '**કે તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે,...**' આહા..હા..! જેમ ઓલા શબ્દશ્રુતજ્ઞાનમાં શબ્દો નિમિત્ત હતા, એમ આ જ્ઞાનમાં આત્મા નિમિત્ત છે, આત્મા હેતુ છે. આહા..હા..! છે તો સમ્યગ્જ્ઞાનની પર્યાય સત્ય, પણ તેમાં નિમિત્ત અથવા હેતુ અથવા કારણ તે આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. ભગવાન સર્વજ્ઞ જિનેશ્વરદેવ પરમાત્મા એમ ફરમાવે છે. સંતો એ પરમાત્માની વાણીને ફરમાવે છે.

જેને જુઓને છ જીવ-નિકાયની શ્રદ્ધા છે, છ જીવ-નિકાયનું જ્ઞાન છે અને છ જીવ-નિકાયના વલણવાળું ચારિત્ર છે એ બધું વ્યવહાર છે. આહા..હા..! છ જીવ-નિકાય વીતરાગ સિવાય ક્યાંય નથી. એમાં નિગોદનું એક શરીર, એમાં અનંતા જીવો. એવા અંગુલના અસંખ્ય ભાગમાં તો અસંખ્ય શરીર ઔદારિક, એમાં એક શરીરમાં અનંત જીવો એવો આખો લોક ભર્યો છે. ભગવાન જીવ સ્વરૂપે આખો લોક ભર્યો છે. પણ એ પરદ્રવ્ય છે. છ કાયની શ્રદ્ધા કરી એણે એ પણ વ્યવહાર છે. છ કાયનું જ્ઞાન કર્યું એ વ્યવહાર છે. છ કાયની દયા પાળી અને છ કાયના લક્ષે મહાવ્રત પાળ્યા એ વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે,...**' અહીં તો પહેલાં એમ કહ્યું કે શબ્દશ્રુત તે જ્ઞાન છે, શાસ્ત્રો તે જ્ઞાન છે. આચારાંગ આદિ શાસ્ત્રો તે જ્ઞાન છે એમ કીધું હતું. વ્યવહાર જ્ઞાનના પરિણામ અહીં છે, પણ એનો આશ્રય શબ્દ છે તો શબ્દશ્રુત તે જ્ઞાન છે એમ કહ્યું હતું. આહા..હા..! અહીંયાં કહે છે કે જ્ઞાનનો આશ્રય ભગવાન આત્મા છે. એ જ્ઞાનનો હેતુ સમ્યગ્જ્ઞાનનો હેતુ, નિશ્ચય જ્ઞાનનું કારણ, આશ્રય ભગવાન છે. ત્રિકાળી ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પોતે એ જ્ઞાનનો આશ્રય છે માટે તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? શુદ્ધ આત્મા, કેમકે તે શુદ્ધ આત્મા જ્ઞાનનો.. જોયું! જ્ઞાન તો જ્ઞાન છે સમ્યક્, પણ એનો આશ્રય આત્મા છે. ઓલામાં જ્ઞાન તો વ્યવહારું હતું પણ એનો આશ્રય શબ્દ શ્રુત છે. એટલે એ શબ્દ શ્રુતને જ જ્ઞાન કીધું. એમ અહીંયાં આત્માના જ્ઞાનનો આશ્રય આત્મા છે માટે આત્મા તે જ્ઞાન છે એમ કીધું. આ અપેક્ષાએ કીધું. આહા..હા..! સમજાણું કાંઈ? સંસ્કૃત ટીકામાં છે એ. આશ્રયત્વાત, નિમિત્તત્વાત. બેયને માટે નિમિત્ત કીધું. વ્યવહારે નિમિત્ત છે આ, નિશ્ચયમાં આ નિમિત્ત છે. આહા..હા..! આત્મા. જેનું લક્ષ થઈને જ્ઞાન થયું, થયું છે તો પોતાથી પોતે, પણ એનું લક્ષ ત્યાં હતુંને. બસ એટલું છે. એથી તે જ્ઞાનનું કારણ, હેતુ આત્મા છે. એથી આત્મા તે જ્ઞાન છે એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..!

'**શુદ્ધ આત્મા જ્ઞાન છે...**' આહા..હા..! '**કારણ...**' પહેલું તો શુદ્ધ આત્મા જ્ઞાન છે એ અભેદ કીધું. ઓલામાં એમ કહ્યું કે શબ્દશ્રુત તે જ્ઞાન છે, શબ્દશ્રુત તે જ્ઞાન છે. કેમ કીધું? કે એ શબ્દશ્રુત જેનો આશ્રય છે માટે તેને શબ્દ શ્રુતનું જ્ઞાન કીધું. એમ આ શુદ્ધ આત્મા તે જ્ઞાન છે, શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. કેમ? કે જ્ઞાનનો આશ્રય, આધાર, નિમિત્ત આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. પાઠ તો એમ બોલ્યાને. '**आदा खु मज्झ णाणं**' એમ શબ્દ છેને. છે, જુઓને. '**आदा खु मज्झ**

णाणं' આત્મા તે જ્ઞાન છે, પાઠ એમ છે. ઓલામાં એમ છે કે 'आयारादी णाणं' શબ્દો છે તે જ્ઞાન છે. આચારાંગ આદિ શબ્દો છે તે જ્ઞાન છે. અહીં કીધું કે આત્મા તે મારું જ્ઞાન છે. આત્મા તે જ્ઞાન છે. હવે એને કીધું કે શબ્દશ્રુત તે જ્ઞાન છે એમ કહ્યું કેમ? કે એ જ્ઞાનમાં શબ્દશ્રુતનો આશ્રય છે. હવે આત્મા તે જ્ઞાન છે એમ કેમ કહ્યું? એ જ્ઞાનનો આશ્રય આત્મા છે. સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે પણ ભાવ તો ભાઈ એવી જાતના છે. આ તો અપૂર્વ વાતું છે. અનંત કાળમાં એણે આત્માને જ્ઞાનમાં લીધો જ નથી. આત્મા જ્ઞાનમાં આવતો નથી. જ્ઞાનમાં એને કારણ બનાવ્યું જ નથી એણે. આહા..હા..! આવો માર્ગ. આ બહારથી આમ કરો ને આમ કરો ને આ કરો ને આ કરો.

આચારાંગ આદિ વીતરાગની વાણી એ શબ્દશ્રુત તે જ્ઞાન. એ શબ્દશ્રુત હોં! શબ્દનું જ્ઞાન છે. કેમકે જ્ઞાનમાં શબ્દનો આશ્રય છે. અહીં કહે છે કે આત્મા 'आदा खु मज्झ णाणं' આત્મા નિશ્ચયથી મારો આત્મા તે જ્ઞાન છે. કેમ? કે જ્ઞાનમાં આત્મા કારણ છે માટે. સમજાણું કાંઈ? આહા..હા..! મધ્યસ્થથી જો બે-ચાર દિ' સાંભળેને તો એને ખબર પડે કે આ.. બાપુ! આ વાડાની વાત નથી. આહા..હા..! લોકોને શું થાય? વસ્તુસ્થિતિ આ છે. વીતરાગતા ... આહા..હા..! આ જ્ઞાન વીતરાગી જ્ઞાન છે. પેલું સરાગી છે. વિકલ્પ કહ્યુંને? બાર અંગ તે વિકલ્પ છે, અપૂર્વ નથી. આહા..હા..! નહિતર તો બાર અંગનું જ્ઞાન તો પૂર્વે નથી થયેલું એને થાય છે, પણ એ કોઈ વિસ્મયકારી ચીજ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? લાલચંદભાઈ! આહા..હા..! નહિતર બાર અંગનું જ્ઞાન તો સમકિતીને જ થાય છે. છતાં પણ એ બાર અંગની વિસ્મયતા અને આશ્રય કરવાલાયક નથી. આહા..હા..! એમાં કહેલો ભગવાન અનુભૂતિ આત્મા, અનુભૂતિ એમાં કહેલી છે. કળશમાં આવે છેને. ગજબ વાતું છે. આહા..હા..! દિગંબર સંતો, દિગંબરના પંડિતો પહેલાંના અલૌકિક છે. તેના પેટ ખોલતા સત્ય ખૂલી જાય છે. એવી વાત છે પણ હવે .. હું જાણું છું, આ .. બાપુ! એ વાત નથી આ. પંડિતાઈની વાત નથી.

જે જ્ઞાનમાં આત્મા હેતુ ને કારણ ન થાય તે જ્ઞાન જ્ઞાન નહિ. એથી કહ્યું કે 'आदा खु मज्झ णाणं' આત્મા તે જ્ઞાન છે અને અભેદથી તો પાછું આત્મા તે જ્ઞાન કીધું. આત્મા અને જ્ઞાનની પર્યાય બે ભિન્ન ચીજ છે. આહા..હા..! છતાં 'आदा खु मज्झ णाणं' એમ કહીને છતાં પાછું કહ્યું એમ કે સમ્યગ્જ્ઞાનમાં આત્મા કારણ છે એમ કહ્યું છે. આત્મા તે સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં આત્મા આવ્યો છે એમ નથી. આહા..હા..! આત્મા વસ્તુ આવી નથી એમાં, પણ આત્મા જે ચીજ છે એ પોતાના જ્ઞાનની પર્યાયમાં કારણ થઈને તે આત્મા જેવડો છે તેવું જ્ઞાન આવ્યું છે અહીં. આહા..હા..! બાપુ! આવી વાણી ક્યાં છે? આવી વસ્તુ બાપુ! એ અભિમાન કરવા જેવું નથી કે લ્યો અમારામાં છે. એમ નહિ બાપુ! વસ્તુ આવી છે, ભાઈ! આહા..હા..! શબ્દશ્રુતનું જ્ઞાન એને કેમ કહ્યું? કે જે જ્ઞાનમાં શબ્દ આધાર છે. ઉઘાડ છે આનો. શબ્દશ્રુતના જ્ઞાનમાં ઉઘાડ તો આનો છે કે નહિ? પણ એ ઉઘાડમાં આધાર શબ્દ છે. આહા..હા..! માટે તે જ્ઞાન નિષેધ કરવાલાયક છે. આહા..હા..! આ જ્ઞાન જે જ્ઞાન 'आदा खु मज्झ णाणं' આત્મા તે હું જ્ઞાન છું, આત્મા તે જ્ઞાન છે, આત્મા તે જ્ઞાન છે-એમ કહ્યું એ તો અભેદથી કથન કીધું, આત્મા તે જ્ઞાન છે. ઓલામાં એમ કહ્યું કે શબ્દશ્રુત તે જ્ઞાન છે. એ અભેદથી કહ્યું. તો અહીં એમ

કહ્યું કે આત્મા તે જ્ઞાન છે. એટલે? જે જ્ઞાનમાં સ્વસન્મુખ થઈને આત્માનું જે સ્વરૂપ છે તેવું અહીંયાં ભાન થયું તે ભાનમાં આત્મા કારણ છે, માટે તે આત્મા તે જ્ઞાન છે એમ કહ્યું. આહા..હા..! ચંદુભાઈ! આવી વાત છે. વસ્તુની સ્થિતિ આવી છે. સમજાણું કાંઈ?

'**શુદ્ધ આત્મા જ્ઞાન છે...**' આ તો ભાષા અહીંયા અભેદ કરી નાખી. શુદ્ધ આત્મા જ્ઞાન છે. શુદ્ધ આત્મા જ્ઞાન છે. જેમ ઓલા શબ્દશ્રુત તે જ્ઞાન છે. અહીંયાં શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. પણ એનું કારણ? આહા..હા..! '**કે તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે,...**' એ સમ્યગ્જ્ઞાનની પર્યાયનું કારણ, આધાર, હેતુ, નિમિત્ત આત્મા છે. શુદ્ધ આત્મા તેમાં જણાય છે, એ નિમિત્ત છે એમાં. આહા..હા..! સમજાણું કાંઈ? આવુ બહુ ઝીણું મોટા શહેરમાં આકરું પડે. વસ્તુ આ છે.

**શ્રોતા :–** સોનગઢમાં જ ચાલે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સોનગઢ-સોનગઢ. ... પણ, સ્થૂળ કરવી પડેને. વાત તો સત્ય આવે. આ કોઈ પ્રોફેસર ને કોઈ એવી વાત નથી અહીં. મોટી પંડિતાઈની વાત તો નથી આમાં. આહા..હા..!

આ તો આત્માના જ્ઞાનની યથાર્થતા શું છે તેની વાત છે. આત્માના જ્ઞાનની યથાર્થતા કેમ છે? કે જે જ્ઞાન છે તેમાં આત્મા જણાણો છે. આત્મા તે જ્ઞાનની પર્યાયમાં આવ્યો નથી. એને કારણ કહ્યું, નિમિત્ત કહ્યું છે. આહા..હા..! આ વસ્તુસ્થિતિ આવી છે. આ તો ભગવાન બોલાવે છે. આહા..હા..! એના .. આહા..હા..! મધ્યસ્થથી જરી સાંભળેને તો એને ખ્યાલ આવે. ખ્યાલમાં તો લે વાત. એને ખ્યાલમાં તો લે કે શું નિશ્ચય છે અને શું વ્યવહાર છે. ખ્યાલમાં આવ્યા વિના તું વ્યવહારરહિત નિશ્ચય ક્યારે લઈશ? આહા..હા..! બહારમાં અને બહારમાં ભટક્યા ભટક કરીશ, શાસ્ત્રો ને આ ને.. આ ને આ.. આ ને આ... એ બધું શાસ્ત્રમાં શું કહ્યું છે એનું વાસ્તવિક, વાસ્તવિક આત્માના જ્ઞાન વિના એની વાસ્તવિકતા નહિ જણાય તને. સમજાણું કાંઈ? આહા..હા..! ઘણાં એમ કહે કે આ તો બધી નિશ્ચયની વાત છે. પણ વ્યવહાર ચરણાનુયોગમાં કહ્યો છે. પણ બાપુ! વ્યવહાર કહ્યો છે ઈ, નિશ્ચયથી કહ્યું છે કે યથાર્થ છે અને વ્યવહારથી કહ્યું છે કે છે પણ એ ઉપચારિક છે, એને તું યથાર્થમાં ખતવી નાખ (એ ન ચાલે).

ભિન્ન સાધ્ય-સાધન છે એમ કહ્યું છેને પાઠમાં. ભિન્ન સાધ્ય-સાધન છે એમ આચાર્યે... પંચાસ્તિકાયમાં છે. વ્યવહાર તે સાધન છે, નિશ્ચય સાધ્ય છે. લ્યો ત્યાં એમ કહ્યું. અહીં તો ના પાડે છે કે વ્યવહાર તો નિષેધ કરવાલાયક છે. બે વાતમાં એનું સ્વરૂપ શું? શી રીતે એનો મેળ કરવો એમ કહ્યું છેને. આહા..! ભિન્ન સાધ્ય-સાધન કહ્યું છે ત્યાં ઉપચારિક વ્યવહારને ઉપચાર કરીને ભિન્ન સાધ્ય-સાધન કહ્યું છે. અભૂતાર્થ નયથી તે કહ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**શુદ્ધ આત્મા જ્ઞાન છે...**' ત્યાં કહ્યું હતું કે શબ્દશ્રુત તે જ્ઞાન છે, શબ્દશ્રુત તે જ્ઞાન છે. એનું અહીં જ્ઞાન એ જ્ઞાન નહિ. શબ્દશ્રુત તે જ્ઞાન છે. એ શાસ્ત્રો છે એ જ્ઞાન છે. લે. શાસ્ત્રો જે છે તે જ્ઞાન છે. કેમકે એના જ્ઞાનમાં એ આશ્રય (છે) માટે તે શાસ્ત્ર તે જ્ઞાન છે. એમ આત્મા તે જ્ઞાન છે. એમાં એ સમજવું. કેમકે આત્મા તે જ્ઞાન છે તો જ્ઞાનમાં આત્મા આવતો નથી, પણ એ જ્ઞાનમાં આત્મા કારણ થાય છે, માટે તે આત્મા તે જ્ઞાન કહી અને જ્ઞાનનું કારણ

છે માટે તે આત્માને જ્ઞાન કહ્યું છે. સમજાણું કાંઈ? ચંદુભાઈ! આહા..હા..! આવી વાત ક્યાં છે, પ્રભુ? વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એમ કહે છે. ત્યારે ઓલો એક જણો કહે, પંદર દિ'માં વાંચી ગયો સમયસાર, તમે બહુ બધા વખાણ કરો છો. બાપુ! એની એક લીટી સમજવી, ભાઈ! આહા..હા..! એક ભાવ સમજે એ બધા ભાવ સમજે એવો પાઠ છે. એક પણ યથાર્થ ભાવ સમજે. જયસેનાચાર્યની ટીકામાં છે, એક ભાવ જે બરાબર જાણે એ બધા ભાવને બરાબર જાણે. આહા..હા..!

અહીંયાં કહે છે કે, ભગવાન! પહેલું તો તને એમ કહીએ છીએ કે શબ્દશ્રુત શાસ્ત્રો તે જ્ઞાન છે. અહીં થયેલું જ્ઞાન એ જ્ઞાન નહિ. કેમકે એ શાસ્ત્રો એ જ્ઞાનમાં આધાર અને હેતુ છે માટે શબ્દશ્રુત તે જ્ઞાન. એમ કહીને હવે નિષેધ કરવાલાયક તેને સ્થાપે છે. શી રીતે? કે આત્મા તે જ્ઞાન છે, શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. એકલો આત્મા નથી લીધો. શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. કેમ? કે જ્ઞાનની પર્યાયમાં કારણ છે આત્મા, જ્ઞાનની પર્યાયમાં હેતુ આત્મા છે માટે તે આત્મા જ્ઞાન છે એમ એને કહ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! એથી સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં આત્મા જણાય છે તેથી પર્યાયના કારણમાં આત્મા છે, માટે તેને આત્માનું જ્ઞાન કહેવામાં આવે છે. એ આત્મજ્ઞાન દ્વારા શબ્દશ્રુત જે જ્ઞાન છે તે નિષેધ કરવાલાયક છે. આહા..હા..! અરે! બાપુ! આ વાત શું છે, ભાઈ! આહા..હા..! ભગવાનના વિરહ પડ્યા, પંચમ આરા, કેવળી ન મળે. આહા..હા..! અરે! બાપુ! આવી તકરારું કરીને ક્યાં જઈશ? ભાઈ! આ માર્ગ જુદાં છે. આહા..હા..!

જે જ્ઞાનની પર્યાયમાં આત્મા ન આવે, આત્મા ન આવે એટલે? આત્માનું જ્ઞાન ન આવે. આત્મા ન આવે એમાં. જે જ્ઞાનની પર્યાયમાં ભગવાનસ્વરૂપે પ્રભુ એનું જ્ઞાન ન આવે તો એને જ્ઞાન કહેતા નથી. આહા..હા..! આવી વાતું છે. આચારાંગ આદિ શબ્દ છે, તે શાસ્ત્રો તે જ્ઞાન છે એમ છે, વ્યવહારમાં. અહીં આત્મા તે જ્ઞાન છે નિશ્ચયમાં. હવે એમ કેમ કહ્યું? કે વ્યવહારુ જ્ઞાનમાં શબ્દશ્રુત હેતુ છે માટે શબ્દશ્રુત તે જ્ઞાન કીધું. હવે આત્મા તે જ્ઞાન એમ કેમ કહ્યું? કે જ્ઞાનમાં આત્મા જણાણો માટે તે જ્ઞાનમાં આત્મા કારણ છે માટે, આત્મા તે જ્ઞાન છે એમ કહ્યું. કહો, ચંદુભાઈ! આહા..હા..! અમૃત રેડ્યાં છે. એમાં આ ભણ્યાના શેના અભિમાન? બાપુ! આહા..હા..! શાસ્ત્રના ભણેલાના શા અભિમાન? એ શાસ્ત્રજ્ઞાન, શબ્દશ્રુતજ્ઞાન ખરેખર તો બંધનું કારણ છે.

**શ્રોતા :–** માટે નિષેધ કરાવ્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... બંધનું કારણ છે. વ્યવહાર છેને. આહા..હા..! એવા વ્યવહારુ જ્ઞાનના અભિમાનમાં આવીને પ્રભુ! તું હારી જા છો. હારી જાય છે, ભાઈ! તારો નંબર નથી આવતો એમાં.

અહીં તો કહે છે કે જે જ્ઞાન, શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. આહા..હા..! કારણ કે તે શુદ્ધ આત્મા જ્ઞાનનું નિમિત્ત છે, જ્ઞાનનું કારણ છે. કાર્ય તો પર્યાય છે, પણ આત્મા ત્રિકાળી ભગવાન શુદ્ધ આત્મા તે જ્ઞાનનું કારણ છે, જ્ઞાનનો આશ્રય છે, જ્ઞાનનો હેતુ છે, જ્ઞાનમાં તે ચીજ ઉપાદાન પર્યાય પોતાની તેમાં આત્મા નિમિત્ત છે. આહા..હા..! માટે તેને સમ્યગ્જ્ઞાન, નિશ્ચય મોક્ષના માર્ગનો એક અવયવ એને આ જ્ઞાનને એમ કહેવામાં આવે છે. આહા..હા..! આશ્રય છે માટે તે આત્મા તે જ્ઞાન એમ કહ્યું. નહિતર આત્મા

અને જ્ઞાન બે ચીજ, પર્યાય અને દ્રવ્ય બે જુદી-ભિન્ન ચીજ છે. આત્મા તે જ્ઞાન, તો જ્ઞાનની પર્યાય અને આત્મા દ્રવ્ય બે એક નથી. છતાં આત્મા તે જ્ઞાન કહ્યું એનું કારણ કે જ્ઞાનમાં આત્મા જણાય છે, એ જ્ઞાનની પર્યાયે આત્માને જાણ્યો છે, માટે તે પર્યાયને જ્ઞાન આત્માનું છે એમ કહેવામાં આવે છે. આત્મા તે જ્ઞાન છે એમ કહેવામાં આવે છે. આત્માનું જ્ઞાન છે માટે આત્મા તે જ્ઞાન છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત છે. આ જિનવરનો માર્ગ તો જુઓ! આહા..હા..! અરેરે! એવા માર્ગને સાંભળવા ન મળે, એ શું કરશે? શું કરે? ભાઈ!

**'શુદ્ધ આત્મા દર્શન છે...'** બીજો બોલ. શુદ્ધ આત્મા તે સમકિત છે. ભાષા જુઓ! ઓલામાં એમ સમકિત (કહ્યું હતું કે) નવ પદાર્થ તે સમકિત છે. નવ પદાર્થ તે સમકિત. કેમકે નવ પદાર્થ સમકિતનો આશ્રય હતો, નિમિત્ત હતું. આહા..હા..! એમ અહીંયાં કહે છે, **'શુદ્ધ આત્મા દર્શન છે...'** શુદ્ધ આત્મા તે સમકિત છે. ત્યાં એમ કહ્યું હતું કે નવ પદાર્થ તે સમકિત છે. આમ બાહ્ય. કેમકે નવ પદાર્થ શ્રદ્ધાનો આશ્રય હતો માટે તેને નવ પદાર્થને શ્રદ્ધા વ્યવહારે કહી હતી. અહીંયાં આત્મા શુદ્ધ આત્મા તે દર્શન છે. કેમકે એ સમકિતમાં શુદ્ધ આત્મા જ શ્રદ્ધાણો છે. આહા..હા..! એ શ્રદ્ધાની પર્યાયમાં શુદ્ધ આત્મા શ્રદ્ધાણો છે. શ્રદ્ધાની પર્યાયમાં શુદ્ધ આત્મા કારણ થયો છે. સમ્યગ્દર્શનની પર્યાયમાં શુદ્ધ આત્મા હેતુ થયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિથી સાંભળને છેને બધા જુઓ! બહેનો-દીકરીઓ. આહા..હા..! બાપુ! આ તો આત્માની વાત છેને બાપા! આહા..હા..!

શુદ્ધ આત્મા સમકિત છે. ઓહો..હો..! પ્રભુ! સમકિતની પર્યાય અને શુદ્ધ આત્મા બે ચીજ કહો છો એકકોર, એકકોર એમ કહો છો કે આત્મા પર્યાયનો દાતા નથી. વળી અહીં કહો છો કે શુદ્ધ આત્મા તે સમકિત છે. એમ કહ્યુંને? એ આપણે આવી ગયું છે યોગસારમાં. આત્મધર્મમાં. આત્મા પર્યાયનો દાતા નથી. આહા..હા..! તો અહીં કહે છે કે શુદ્ધ આત્મા તે સમકિત છે. તો ત્યાં એમ કીધું, પર્યાયનો દાતા નથી અને એકકોર અહીં શુદ્ધ આત્મા તે સમ્યગ્દર્શન એમ કીધું. ભાઈ! એણે શું કહ્યું હતું? શા કારણે કહ્યું હતું? અને ત્યાં પણ આત્મા પર્યાયનો દાતા નથી એમ શું કહ્યું? એ પર્યાયમાં આત્મા આવતો નથી અને પર્યાય આત્માથી થતી નથી. આહા..હા..! એની સ્વતઃ પર્યાય પુરુષાર્થની જાગૃતિથી સ્વતઃ પર્યાય થાય છે. સમજાણું કાંઈ? એ અહીં કહે છે, સમ્યગ્દર્શનમાં આત્મા આવતો નથી. આત્માએ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે એમ નથી. આહા..હા..! સમ્યગ્દર્શન જે છે એ આત્મા તે દર્શન છે એમ કેમ કહ્યું? કે એ સમ્યગ્દર્શનમાં એ આત્મા કારણ અને હેતુ છે માટે. આહા..હા..!

લખે છેને જીતુ! કાલે એક જણાનું આવ્યું હતું, હમણા બહુ સારુ આવે છે વ્યાખ્યાન. ઓલો નહોતો પ્રશ્ન. ઓલો પ્રશ્ન પૂછ્યો એને? આસામ. આસામનો નહિ કાલે પ્રશ્ન આવ્યો હતો? કોનો આવ્યો હતો? ...નો આવ્યું હતું એમાં આવ્યું હતું. હમણાં સારું વાંચન આવે છે, પણ આ અમને નથી સમજાતું. કાલે એ વાત આવી હતી. એમ કે મનુષ્યમાં માતા-પિતા હોય અને માતા-પિતા વિના મનુષ્ય જન્મે નહિ, માતા-પિતા પહેલા હોય પછી જન્મે એમ થાય. કોઈ છે પ્રશ્નકાર. ભાઈ! માતા-પિતા અનાદિના છે. એમાં પહેલા-પછી છે કોણ? આહા..હા..! એની તો બીજી યોની તો ઠીક, પણ ચૌદ લાખ યોની

જે મનુષ્યની કીધી છે, તો મનુષ્ય તો મા-બાપ હોય તો ઉત્પન્ન થાય, તો મા-બાપ તો પહેલા હોય, પછી પુત્ર થાય એમ પૂછયું છે એમાં. એમ નથી બાપુ! બધું અનાદિ છે. અરે! સિદ્ધ પણ અનાદિ છે ને. સંસાર .. નાશ થઈને થાય છે. છતાં સંસાર પહેલો અને સિદ્ધ પછી એમ અનાદિઅનંત દશામાં નથી. એક વ્યક્તિની અપેક્ષાએ કહો તો સંસારથી પછી સિદ્ધ થયો, પણ સમ્મુચય તો અનાદિ સિદ્ધ છે આખું ગાડું છે .. અને પાછળ શું કહેવાય એ? પાછળ. શું કીધું? પાટીયું, શું કાંઈક કહે છેને? પાછળ પાછળ. પાછળનો ભાગ, એકલું પાટીયું નહિ. ગાડાનો પાછળનો ભાગ અને ગાડાનો મોઢા આગળનો ભાગ બેય એક સાથે હોય છે. હા ઓલું ભાષા ભૂલી જઈએ છીએ તમારી બધી. બે સાથે હોય છે. એમ સિદ્ધ અને સંસાર બે જગતના પ્રાણી બે સાથે હોય છે. આહા..હા..! તું થા તો તેને માટે એમ કહેવાય કે સંસાર નાશ કરીને કર્યો છે. આસામથી પ્રશ્ન કર્યો છે. આસામ, ગોહાટી. અરે! એ તો જાણવાની વાતું છે. એ અનાદિ છે, એમાં પહેલા-પછી કાંઈ છે નહિ.

અહીં તો આત્મા સમ્યગ્દર્શન પામે એથી આત્માને સમ્યગ્દર્શન કહ્યું. આત્માને સમ્યગ્દર્શન કહ્યું. વળી પર્યાય અને દ્રવ્ય બે ભિન્ન છે તો તે કેમ કહ્યું? એ સમ્યગ્દર્શનમાં એ આત્મા કારણ અને હેતુ છે માટે આત્માને દર્શન કહ્યું. સમજાણું કાંઈ? બેસે એવું છે, આ કાંઈ.. એના જ્ઞાનમાં. '**કારણ કે તે દર્શનનો આશ્રય છે,...**' કોણ? તે એટલે? શુદ્ધ આત્મા. ઓલામાં હતું. તે એટલે છ જીવ-નિકાય એમ હતું એમાં કૌંસમાં. તે એટલે છ જીવ-નિકાય એમ હતું પહેલાં. આમાં તે એટલે આત્મા. આહા..હા..! તે શુદ્ધ આત્મા દર્શનનો આશ્રય, દર્શનનું નિમિત્ત છે. આહા..હા..! શું શૈલી! ચારે બાજુથી જુઓ તો વસ્તુની સ્થિતિ સત્‌ને સિદ્ધ કરે છે. પર્યાય-દ્રવ્ય બેય સ્વતંત્ર છે. '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' તો કહે છે કે ત્રણે સત્ છે તો એક સત્‌ને બીજા સત્‌નો હેતુ નથી. પરમાર્થે નથી, એમ. હેતુનો અર્થ એ પર્યાયનો આશ્રય થયો અને કારણ થયું માટે હેતુ કહેવો, પણ એ આત્મા છે માટે સમ્યગ્દર્શન થયું એમ નથી. સમ્યગ્દર્શનમાં આત્મા જણાણો છે માટે આત્માને દર્શન કહેવામાં આવે છે, દર્શનમાં આધાર અને નિમિત્ત હોવાથી. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આ વળી દયા પાળવા, વ્રત પાળવાવાળાને એવું લાગે આ બધું. આ બધો સંઘ નીકળ્યો છેને જુઓને, કૂતરો ધર્મનિષ્ઠ. અરે! પ્રભુ! કૂતરાને જ્યારે ધર્મનિષ્ઠ ઠરાવ્યો ત્યારે તમે ધર્મનિષ્ઠ છો બધા. ભગવાન! ધર્મ ને નિષ્ઠતા બહુ અલૌકિક વાતું, પ્રભુ! આહા..હા..!

એ સમ્યગ્દર્શનમાં ભગવાન જણાય છે અને સમ્યગ્દર્શનમાં હેતુ આત્માનો છે, સમ્યગ્દર્શનમાં નિમિત્ત આત્માનું છે, ઉપાદાન પોતે છે. સમજાણું કાંઈ? આત્મા નિમિત્ત છે માટે આત્મા તે સમ્યગ્દર્શન છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વ્યાખ્યા હવે. બાપુ! માર્ગ તો એવો છેને, ભાઈ! અહીં તો નિશ્ચય અને વ્યવહાર બતાવી, પહેલો વ્યવહાર બતાવ્યો, પછી નિશ્ચયથી એનો નિષેધ કરે છે. આહા..હા..! એ સમ્યગ્દર્શન નવ તત્ત્વને કહ્યું હતું. કેમકે દર્શનનો આશ્રય નવ તત્ત્વ છે માટે. હવે અહીં સમ્યગ્દર્શનમાં આત્મા તે સમ્યગ્દર્શન, એ દર્શનમાં આત્મા કારણ છે હેતુ માટે અને જેમાં આત્મા કારણ છે એવું દર્શન તે વ્યવહારદર્શનનો નિષેધ કરે છે. સમજાણું કાંઈ? એટલે કે નવ તત્ત્વની શ્રદ્ધા કારણ થાય અને સમ્યગ્દર્શન કાર્ય થાય એમ નથી. સમજાણું કાંઈ? આત્મા કારણ થાય અને સમ્યગ્દર્શન કાર્ય થાય

એ નિમિત્તથી કથન બરાબર છે. આહા..હા..! પણ નવ તત્ત્વની શ્રદ્ધા અથવા નવ તત્ત્વો એ તો શ્રદ્ધાને નવ તત્ત્વ જ કીધા છે. કારણ કે નવ તત્ત્વ એનો આશ્રય છે ખરોને. નવ તત્ત્વ તે શ્રદ્ધા વ્યવહાર. એનો અહીંયાં નવ તત્ત્વની શ્રદ્ધાના ભાવને સમ્યગ્દર્શન તે આત્મા છે અને એ આત્માના આશ્રયે થાય છે, હેતુ એ છે, એવા સમ્યગ્દર્શન વડે વ્યવહાર સમ્યગ્દર્શનનો નિષેધ ચાલે છે. નિષેધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પછી કહેશે. અહીં તો હજી સ્વરૂપ બતાવે છે, પણ સાથે સાથે આ તો આપણે લઈએ છીએ. દર્શનનો આશ્રય એ છે. આહા..હા..! હવે ત્રીજો બોલ છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ચૈત્ર વદ-૭, રવિવાર, તા. ૧૦-૦૪-૧૯૭૭, ગાથા-૨૭૬-૨૭૭, પ્રવચન નં. ૩૩૪

પહેલાં બે બોલ આવી ગયા છે. ફરીને લઈએ જુઓ. '**આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે કારણ કે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે,...**' શું કહે છે? જરી ઝીણી વાત છે. જે કાંઈ આ શાસ્ત્રનું જ્ઞાન થાય એ જ્ઞાનમાં શબ્દશાસ્ત્રનું નિમિત્ત છે, તેથી તે જ્ઞાનને શબ્દજ્ઞાન કહેવામાં આવે છે, એ આત્મજ્ઞાન નહિ. આહા..હા..! અને જે શબ્દશ્રુતજ્ઞાન પોતાના જ્ઞાનની પર્યાયમાં શબ્દશ્રુત નિમિત્ત છે તેથી તેને શબ્દશ્રુતજ્ઞાન કહ્યું. ખરેખર તો શબ્દશ્રુત જે છે જ્ઞાન એ જ્ઞાનમાં જ્ઞાનસ્વરૂપે પરિણમનાર આત્મામાં એ શબ્દશ્રુતનું જે જ્ઞાન છે એ રૂપે એનું પરિણમન જ નથી. શું કીધું? આહા..હા..!

કેમકે ઓલો દાખલો આપ્યો નથી ત્યાં? ૧૯૨-૯૩. ૯૨-૯૩? એકલા ૯૨-૯૩. જેમ પુદ્ગલની ઠંડી અને ગરમ અવસ્થા તે આત્માના જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે. અનુભવ એટલે જ્ઞાન કરાવામાં નિમિત્ત છે, પણ તે શીતરૂપે પરિણમવું એ એનું સ્વરૂપ નથી. શીત અને ઉષ્ણપણે પરિણમવું એ તો જડની પર્યાય છે. આહા..હા..! એમ રાગ વ્યવહારરત્નત્રય જે છે, વ્યવહાર આ શાસ્ત્ર વ્યવહાર, વ્યવહાર નવ તત્ત્વની શ્રદ્ધા, નવ તત્ત્વનું શાસ્ત્રજ્ઞાન અને છકાયની દયાનો ભાવ એ ત્રણે રાગ છે. ખરેખર આત્મા રાગપણે પરિણમવાને અશક્ય છે. આહા..હા..! લે! વ્યવહારરત્નત્રયપણે પરિણમવું એ અશક્ય છે એમ કહે છે. ઝીણી વાત, બાપુ! મારગડા જુદાં વીતરાગના. આહા..હા..!

કેમકે જેમ શીત-ઉષ્ણ પુદ્ગલની અવસ્થા પુદ્ગલથી અભિન્ન છે. છે? અને તે આત્મામાં જ્ઞાન થવામાં નિમિત્ત છે અને એ જ્ઞાન તે આત્માથી અભિન્ન છે. એ ક્યુ? આત્મજ્ઞાન. આહા..હા..! ખરેખર તો એવી વસ્તુ છે, બાપુ! શબ્દશ્રુત જે છે એ જ્ઞાન થવામાં, છે તો જ્ઞાન પોતાની પર્યાયમાં, પણ એ પર્યાયમાં શબ્દશ્રુતનું નિમિત્ત છે એટલે એ જ્ઞાનને જ શબ્દશ્રુત કહી દીધું. આહા..હા..! અને ખરેખર તો એ શબ્દશ્રુતનું જ્ઞાન તે પણે પરિણમવું જીવને એ અશક્ય છે. આહા..હા..! જ્ઞાનીને હોય છે, પણ તે

પણે એનું પરિણમન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! મારગડા વીતરાગના માર્ગ કોઈ અલૌકિક છે. આહા..હા..! જેમ એ શીત અને ઉષ્ણ અવસ્થા પુદ્ગલની પુદ્ગલથી અભિન્ન છે, પણ એ શીત-ઉષ્ણ અવસ્થા આત્માના જ્ઞાનમાં નિમિત્ત છે. નિમિત્તનો અર્થ કે એનાથી કાંઈ જ્ઞાન થયું નથી એનો અર્થ એ. જે સમ્યગ્જ્ઞાન થયું છે એ એનાથી નથી થયું. આહા..હા..! સમજાણું કાંઈ? એથી શબ્દશ્રુતજ્ઞાન કેમ? કે શબ્દશ્રુતજ્ઞાનનો આશ્રય. જ્ઞાન એટલે? તે શબ્દશ્રુતના જ્ઞાનમાં શબ્દશ્રુત નિમિત્ત છે, આધાર એ છે. એ શબ્દશ્રુતના જ્ઞાનમાં શબ્દશ્રુત આધાર છે, એ જ્ઞાનમાં આત્મા આધાર નથી. આહા..હા..! કહો, પંડિતજી! આવી વાતું છે ઝીણી. આહા..હા..! આ તો વ્યવહાર તકરાર કરે છેને કામ, ભોગ, બંધની કથા.

આ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે છે, રાગ છે એ આત્મા એ પણે પરિણમવું, જેમ શીત અને ઉષ્ણપણે પરિણમવું અશક્ય છે, એમ વ્યવહારના રાગપણે પરિણમવું તે આત્મામાં અશક્ય છે. હો, પણ એ જ્ઞાનમાં નિમિત્ત છે. એટલે કે તે નિમિત્ત જ્ઞાનને કરતું નથી. તે જ્ઞાનમાં આશ્રય આત્મા છે ત્યારે જ્ઞાન થાય છે, ત્યારે તે જ્ઞાનમાં દ્રવ્યશ્રુત આદિને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તનો અર્થ? એ ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? દિગંબર સંતોની શૈલી કોઈ અલૌકિક છે. એવી વાત ક્યાંય છે નહિ. આહા..હા..! છે આ? ઓલું આવ્યું છેને ઓલામાં? બંધકથા. શાંતિસાગર બંધકથા વાંચતા હશે તો એમ બોલ્યા હશે કે આ સમયસાર ન ચાહિયે. હવે અત્યારે નાખ્યું છે આણે આ અર્જિકા. પણ અહીં તો એમ કહે છે કે જેટલો એ વિકલ્પ છે શબ્દશ્રુતને જાણવાનો.. એમ કહ્યુંને ભાઈ! બાર અંગનું જ્ઞાન વિકલ્પ છે. આહા..હા..! એ કોઈ અપૂર્વ વસ્તુ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ શબ્દશ્રુતનું શાસ્ત્રનું જ્ઞાન એમાં શબ્દ નિમિત્ત છે માટે એને શબ્દશ્રુત કહ્યું. કેમકે તે શબ્દશ્રુત જ્ઞાનનો, જ્ઞાન એટલે? પરલક્ષી જ્ઞાનનું એ નિમિત્ત છે શબ્દશ્રુત. પરલક્ષી. આહા..હા..! એક વાત થઈ કે વ્યવહાર જે શબ્દશ્રુતનું જ્ઞાન છે, શાસ્ત્રનું હોં! આહા! અને તે શાસ્ત્ર દિગંબર સત્યદર્શનનું શાસ્ત્ર.

**શ્રોતા :-** બીજા નહિ? બીજા શ્રુત નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બીજા કોઈ શ્રુત છે નહિ વ્યવહારે પણ. માર્ગ તો આવો છે, બાપુ! સનાતન સર્વજ્ઞ પરમેશ્વર જે જૈનદર્શનમાં દિવ્યધ્વનિ દ્વારા આવ્યું એવું જે શબ્દનું જ્ઞાન એનું એ શબ્દનું જ્ઞાન, એને જ્ઞાનનો એ આશ્રય શબ્દ છે. માટે તેને જ્ઞાન પરલક્ષીવાળાનો નિશ્ચયનય નિષેધ કરે છે. આહા..હા..! શશીભાઈ! રાજેન્દ્ર ગયા છે? છે? ઠીક. સમજાણું કાંઈ? આહા..હા..! જે જ્ઞાન આત્મજ્ઞાન નહિ.. આહા..હા..! જે જ્ઞાનમાં આત્મા નિમિત્ત નહિ તે જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. કેમકે એ વ્યવહાર જે જ્ઞાન છે એ પણે નિશ્ચયથી આત્માને તે પણે પરિણમવું અશક્ય છે. આહા..હા..! આવો માર્ગ છે.

પછી કહ્યું, '**જીવ આદિ નવ પદાર્થો દર્શન છે...**' નવ પદાર્થ તે સમકિત છે. વ્યવહાર હોં હજી આ. '**જીવ આદિ નવ પદાર્થો દર્શન છે કારણ કે તે (નવ પદાર્થો) દર્શનનો આશ્રય છે,...**' નવ ભેદવાળા તત્ત્વો સમ્યક્શ્રદ્ધા વ્યવહાર એનો એ આશ્રય નિમિત્ત છે. પણ તે નવ તત્ત્વના વ્યવહાર શ્રદ્ધાપણે પરિણમવું એ ચૈતન્યનો અધિકાર નથી. આહા..હા..! શેઠ! આવો ઝીણો અધિકાર છે. આવું

દિગંબર જૈનદર્શન. આહા..હા..! ક્યાંય સાંભળવા મળે એવું નથી એવી ચીજ છે. કુંદકુંદાચાર્ય, સર્વજ્ઞ ભગવાનની વાણીમાંથી આવેલી અનુભવીને પોકાર કરે છે. આહા..હા..! ભગવંત! એકવાર સાંભળને. જે જ્ઞાન, જે શ્રદ્ધામાં આત્મા નિમિત્ત નથી તેને દર્શન કહેતા નથી—એને સમકિત કહેતા નથી. જે શ્રદ્ધામાં નવ તત્ત્વ નિમિત્ત છે એ શ્રદ્ધાને અમે વાસ્તવિક શ્રદ્ધા કહેતા નથી. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ!

'**જીવ આદિ નવ પદાર્થો દર્શન છે...**' જોયું! નવ પદાર્થ દર્શન. વ્યવહાર શ્રદ્ધા એટલે કે નવ પદાર્થ—ભેદ. આહા..હા..! અરે! ક્યાં છે બાપુ આ વાત? આ ત્રણલોકના નાથે કહેલું આત્મતત્ત્વ અને પરને આશ્રયે થયેલી જ્ઞાન-દર્શનની પર્યાય એ બધી નિષેધ્ય છે અને આ આત્મા આશ્રયે દર્શન થાય તે તેનો નિષેધક છે. આહા..હા..! અરે! ભાઈ! તારે ક્યાં જાવું છે, બાપુ? તું ભગવાન છોને. ચિદાનંદ પ્રભુ વિજ્ઞાનઘન આત્મા એમાં, કહે છે કે એ શ્રદ્ધા વ્યવહાર કહેવાય એ વિકલ્પ છે, રાગ છે. એ રાગની શ્રદ્ધામાં નવ તત્ત્વ નિમિત્ત છે, માટે નવ તત્ત્વને દર્શન વ્યવહારે કહેવામાં આવે છે. આહા..હા..! હવે તો ગુજરાતી સમજો છો તમે. ઘણીવાર અહીંયાં આવો છોને. અહીં દેશમાં આવે તો અહીં આવે જ તે. માલ લેવા આવે. આહા..હા..! ત્રણલકોના નાથ જિનેન્દ્રદેવનો જગત પાસે એની ચીજની મહિમાનો પોકાર કરે છે. આહા..હા..! બાપુ! તું કોણ છો? આહા..હા..! તું અતીન્દ્રિય આનંદનો કંદ છો, પ્રભુ! એવા આત્માને આત્માનું દર્શન થાય એ દર્શનમાં આત્મા નિમિત્ત છે અને જે દર્શન—શ્રદ્ધામાં નવ તત્ત્વ નિમિત્ત થાય એ વ્યવહાર શ્રદ્ધા છે, નિષેધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું છે. '**કારણ કે તે (નવ પદાર્થો) દર્શનનો આશ્રય છે,...**' આહા..હા..! આવી વાત હવે. આ ઘરે તો બહુ સમજાય એવું નથી, શેઠ! ઝીણું એવું છે. માણેકચંદભાઈ! આવો માર્ગ ઝીણો જિનવરદેવનો.

**શ્રોતા :-** મહિમા ઘણો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે છેને. પ્રેમ છેને. બેય જણા દૂર-દૂરથી આવે છે. આહા..હા..! આવો માર્ગ, બાપા! શું કહે છે? કે વ્યવહારશ્રદ્ધા જેને કહીએ રાગ એનો આશ્રય નવ તત્ત્વ છે, તેથી તે નવ તત્ત્વ તે જ દર્શન છે એ વિકલ્પ, એ રાગ. એ સમ્યગ્દર્શન... હવે આવશે પછી. નવ તત્ત્વ દર્શનનો આશ્રય છે.

'**છ જીવ-નિકાય ચારિત્ર છે...**' જુઓ, ભાષા તો દેખો! ઓહો..હો..! સર્વજ્ઞ જિનવર સિવાય છ-કાયના જીવો ક્યાંય છે નહિ. નિગોદના એક શરીરમાં અનંત જીવ, એવા એવા અસંખ્ય ઔદારિક શરીર જગતમાં એટલા અનંતા જીવો. છ કાયમાં એ અનંત જીવ આવી ગયા. અહીં પંચમહાવ્રત છે એ વ્યવહારચારિત્ર છે એમ ન લીધું. આ એક જ લીધું. એકમાં ચાર આવી જાય છે. ઓલામાં એમ લીધું કે શબ્દશ્રુત શાસ્ત્ર તે જ્ઞાન. કેમકે એ જ્ઞાનની પર્યાયમાં શબ્દનો આધાર એ વ્યવહારુ, નિષેધ કરવાલાયક. આહા..હા..! શાંતિભાઈ! આ તો મારગડા જુદાં, બાપા! અને સમ્યગ્દર્શન જે વ્યવહાર એ વ્યવહાર સમ્યગ્દર્શનમાં નવ તત્ત્વ નિમિત્ત છે. તેથી તે સમ્યગ્દર્શનને નવ તત્ત્વને કહેવામાં આવે છે અને તે નિષેધ કરવાલાયક છે. આહા..હા..! હવે આ વ્યવહારશ્રદ્ધાથી નિશ્ચય થાય, બાપુ! બહુ ફેરફાર થઈ ગયા.

આહા..હા..!

'**છ જીવ-નિકાય ચારિત્ર છે...**' જોયું! છ જીવ-નિકાય સમૂહ. અનંત જીવનો સમૂહ સજીવ એ ચારિત્ર છે. ક્યું? પંચમહાવ્રતનો વિકલ્પ. અહિંસા, મહાવ્રતનો વિકલ્પ જે છે એ વિકલ્પમાં છ જીવ-નિકાય નિમિત્ત છે. એથી છ જીવ-નિકાય તે ચારિત્ર છે એમ કહેવામાં આવ્યું. પણ એ વ્યવહાર નિષેધ કરવાલાયક છે. આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ તારી! છ જીવ-નિકાય. મનસુખભાઈ! છ જીવ-નિકાયની દયાનો ભાવ એમાં છ જીવ-નિકાય નિમિત્ત છે, માટે છ જીવ-નિકાય તે વ્યવહારચારિત્ર કહેવામાં (આવે છે) રાગ અને એ રાગરૂપે નિશ્ચયથી આત્માનું પરિણમન થવું અશક્ય છે. આહા..હા..! એથી એમ કહ્યુંને ભાઈ! વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે. એ આ હેતુ છે એમાં. ભાઈ! વ્યવહાર આવે ખરો, પણ એ જાણેલો પ્રયોજનવાન છે, પરિણમેલો પ્રયોજનવાન છે-એ પરિણમે એમ નહિ. આહા..હા..! બહુ આકરું કામ. અપૂર્વ વાતું છે બાપુ આ તો. આ તો જન્મ-મરણરહિતની વાતું છે. આહા..હા..! શું કહ્યું?

પહેલાં વ્યવહાર જ્ઞાનમાં શબ્દશ્રુત નિમિત્ત (છે) માટે તેને શબ્દશ્રુત કહ્યું. વ્યવહાર શ્રદ્ધામાં નવ તત્ત્વ નિમિત્ત (છે) માટે નવ તત્ત્વ સમકિત કહ્યું, વ્યવહાર વિકલ્પ રાગ. અને છ કાયના જીવો દયાના પરિણામ અહિંસાના, વ્યવહાર અહિંસાના એ વ્યવહાર અહિંસાના પરિણામમાં છ કાયના જીવ નિમિત્ત છે. એટલે પંચમહાવ્રતમાં પાંચ ન લેતા એક જ અહિંસા, વ્યવહાર અહિંસા લીધી. વ્યવહાર અહિંસા. આહા..હા..! એમાં પંચમહાવ્રત સમાઈ જાય છે. કારણ કે એ વ્યવહાર અહિંસાના ચાર મહાવ્રત વાડ છે. એની રક્ષા માટે ચાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, બેય ભાઈ બેઠા છે, બેય બેઠા છે.

કહે છે કે વ્યવહારચારિત્ર એટલે શુભરાગ શુભરાગ, એ શુભરાગમાં નિમિત્ત છ કાયની દયા છે. એટલે છ કાયના જીવને જ વ્યવહાર ચારિત્ર કહ્યું. કેમકે એના તરફના લક્ષવાળો રાગ છેને કે આ ન મરે, આને ન મારું, એથી એ છ કાયના જીવ તે જ અહિંસા છે વ્યવહાર અને તે વ્યવહાર અહિંસા તે રાગ છે અને તે રાગપણે પરિણમવું જીવથી તે અશક્ય છે. આહા..હા..! આ તો વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એમ સિદ્ધ કરવું છે. વ્યવહાર કરેલો.. આહા..હા..!

**શ્રોતા :-** કરેલો દોષ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો દોષ છે. હો, વીતરાગ ન હોય ત્યાં સુધી હોય છે, પણ ખરેખર તો આત્મા જેને કહીએ એ આત્મા તે પણે પરિણમવાને તો અશક્ય છે. ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુ એ રાગપણે કેમ પરિણમે? આહા..હા..! હો. હોવા છતાં રાગના જ્ઞાનપણે પરિણમે, પણ રાગપણે પરિણમવું તે અશક્ય છે. આહા..હા..! ઝીણી વાતું, અગમ્યની વાતું. પ્રવિણભાઈ!

**શ્રોતા :-** રાગપણે પરિણમે તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પરિણમન જ અહીં ગણ્યું નથી. એ તો જ્ઞાન જાણે. દર્શનની અપેક્ષાએ એ આત્મા પરિણમતો જ નથી એ રૂપે, એ પુદ્ગલનું પરિણમન છે. આહા..હા..! આવું છે. પુદ્ગલ જ તે છે. ભગવાન આત્મા જ્ઞાન અને આનંદની મૂર્તિ પ્રભુ એ તો એના સ્વભાવપણે પરિણમે કે

વિભાવપણે પરિણમે? સ્વભાવ જે ત્રિકાળી વસ્તુ છે, ત્રિકાળી સ્વભાવો છે, ત્રિકાળી સ્વભાવનો પિંડ પ્રભુ છે એ ત્રિકાળી વર્તમાનપણે પરિણમે? કે વર્તમાન વિકાર છે તે પ્રમાણે ત્રિકાળી પરિણમે? આહા..હા..! શશીભાઈ! આવો માર્ગ છે. છે? પુસ્તક છે કે નહિ? ..જી! પુસ્તક છે? ઉદયપુર. પુસ્તક છે હિન્દી?

**શ્રોતા :-** નાગપુરથી આવ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નાગપુરથી. ઠીક. આહા..હા..! શું કહ્યું? ગુજરાતી ઓછું સમજતા હશે. આહા..હા..!

છ કાયના જીવ. શું કીધું સમજાણું? છ જીવ-નિકાય, છ કાય જીવ. એકેન્દ્રિયમાં અનંત જીવો, બે ઈન્દ્રિયમાં અસંખ્ય, ત્રણ ઈન્દ્રિયમાં અસંખ્ય, ચૌ ઈન્દ્રિયમાં અસંખ્ય, પંચેન્દ્રિયમાં અસંખ્ય. એ બધો નિકાય—છ જીવનો સમૂહ એ ચારિત્ર વ્યવહારચારિત્ર. વ્યવહાર એટલે વિકલ્પ-રાગ. રાગ તે ચારિત્ર છે વ્યવહાર, તે રાગમાં નિમિત્ત છ કાયના જીવ છે માટે છ કાયના જીવને વ્યવહારચારિત્ર કહ્યું, પણ તે નિષેધ્ય છે. નિશ્ચયનયને આશ્રયે તે વ્યવહાર નિષેધ કરવાલાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ? છ કાયની દયા પાળવાનો ભાવ વ્યવહાર અહિંસા એટલે કે શુભરાગ, એટલે કે અહિંસામાં છ કાયના જીવનું નિમિત્ત, માટે છ કાયના જીવનો ભાવ તે ચારિત્ર વ્યવહાર એટલે વિકલ્પ છે એમ કીધું, પણ તે વિકલ્પ નિષેધ કરવાલાયક છે, આત્માના ધર્મનું કારણ નથી. આહા..હા..! છે કે નહિ એમાં ઈ?

અરે! ભાઈ! આ તો શાંતિથી સમજવા જેવી વાત છે. આ કાંઈ બહારથી પ્રાપ્ત થાય એવી એ ચીજ નથી. ભગવાન અંદર બિરાજે છે ચૈતન્યસ્વરૂપ એવા ત્રિકાળી તત્ત્વને ભૂલીને કે ભૂલ્યા વિના જે રાગપણે થવું ભૂલીને એ અજ્ઞાની અને ભૂલ્યા વિના એ જ્ઞાની. આ નવ તત્ત્વની શ્રદ્ધાપણે પરિણમે રાગપણે, શબ્દશ્રુતના જ્ઞાનપણે પરિણમે એ રાગપણે અને છ કાયની દયાપણે પરિણમે એ રાગપણે, પણ એ બધું ત્રણેય બંધનું કારણ છે. આહા..હા..! છે કે નહિ અંદર? આહા..હા..!

**શ્રોતા :-** આપ કહો છો એવા શબ્દો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ શું છે? છ કાયના જીવ તે ચારિત્ર છે. લ્યો એટલે શું? ક્યું? જે અહિંસાનો ભાવ ઉત્પન્ન થયો એ શુભરાગ. એ રાગ તે ચારિત્ર વ્યવહાર. એમાં છ કાયના જીવ નિમિત્ત માટે છ કાયના જીવ વ્યવહારચારિત્ર કીધું. આહા..હા..! અને એ છ કાયના જીવ તો પર છે. પરને આશ્રયે દયાનો ભાવ એ રાગ છે. આહા..હા..! કહ્યું? '**તે (છ જીવ-નિકાય) ચારિત્રનો આશ્રય છે;...**' વ્યવહાર અહિંસા જે પુણ્યનું કારણ, શુભરાગનું કારણ, છ કાયના જીવની દયાનું લક્ષ (છે) એથી એને વ્યવહાર કહ્યો. એ પ્રમાણે વ્યવહાર. હવે અહીં કહેશે આગળ.

'**શુદ્ધ આત્મા તે જ્ઞાન છે...**' જોયું! શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. જે જ્ઞાનમાં આત્મા જણાય, જે જ્ઞાનની પર્યાયમાં આત્મા નિમિત્ત થાય. નિમિત્ત થાય. આહા..હા..! સમજાણું કાંઈ? '**શુદ્ધ આત્મા તે જ્ઞાન છે...**' એકલો આત્મા એમ ન કહ્યો. શુદ્ધ આત્મા. આહા..હા..! ત્રિકાળી ચૈતન્યબિંબ પ્રભુ એવો જે શુદ્ધાત્મા તે જ્ઞાન છે. કેમ? આ સત્ય જ્ઞાન, સમ્યગ્જ્ઞાન. '**કારણ કે તે (શુદ્ધ આત્મા)**

**જ્ઞાનનો આશ્રય છે...'** શુદ્ધ આત્મા વસ્તુ જે જ્ઞાનની વર્તમાન પર્યાય જેને આત્મજ્ઞાન કહીએ, આત્મજ્ઞાન કહીએ. એ જ્ઞાનને જ્ઞાન કહીએ. કેમ? કે તે જ્ઞાનમાં આત્મા નિમિત્ત છે. આહા..હા..! એને સમ્યગ્જ્ઞાન મોક્ષના માર્ગનો અવયવ એને કહેવામાં આવે છે. આહા..હા..! જ્ઞાનથી પહેલું ઉપાડ્યું છે. દર્શનની નથી ઉપાડ્યું. જ્ઞાન-દર્શન-ચારિત્ર એમ લીધું છેને?

**'શુદ્ધ આત્મા તે જ્ઞાન છે... '** એટલે? શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. હવે એ જ્ઞાન તો પર્યાય છે. સમ્યક્ પર્યાય સાચી, પણ એ શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. કેમ? એ કહે છે. **'કારણ કે તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે,... '** સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં આધાર આત્માનો છે, નિમિત્તપણું એનું છે. આહા..હા..! સમ્યગ્જ્ઞાનની પર્યાય જે મોક્ષના માર્ગની એ પર્યાયમાં આત્મા નિમિત્ત છે. નિમિત્ત છે હોં! પર્યાય ઉપાદાન છે, આત્મા નિમિત્ત છે. ઓલા વ્યવહારજ્ઞાનમાં એ જ્ઞાનની ઉપાદાન પર્યાય રાગની, રાગની છે, પણ એમાં શબ્દશ્રુત તે નિમિત્ત છે. આહા..હા..! અરે! આ વાત ક્યાં છે. સાચી વાત આવી ત્યાં લોકોને બેસે નહિ. જે પ્રથા છે એની સામે વિરોધ કર્યો. એની સામે એણે પોતાનો વિરોધ. આહા..હા..! ભાઈ! આ પ્રભુ શું પોકારે છે? કે શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. એ શાસ્ત્રનું જ્ઞાન શબ્દજ્ઞાન તે જ્ઞાન નહિ. આહા..હા..! કેમકે જે જ્ઞાનમાં આત્મજ્ઞાન એટલે કે જ્ઞાનમાં આત્મા જણાય અને જે જ્ઞાનમાં આત્મા નિમિત્ત થાય, પર્યાયની તાકાત તો પોતાની સમ્યગ્જ્ઞાનની છે, પણ એમાં જ્ઞાનમાં આત્મા નિમિત્ત છે માટે તે જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાય છે કે નહિ? આહા..હા..!

**'શુદ્ધ આત્મા દર્શન છે... '** સમકિત. એ સાચું નિશ્ચય સત્ય સમકિત જે મોક્ષનો માર્ગ **'सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः '** એ સમ્યગ્દર્શન તે આત્મા તે સમ્યગ્દર્શન છે. આત્મા તે સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? અવાજ આવે અવાજ. સૂઈ ગયા, ઊંઘ આવી ગઈ. આવા વખતે ઊંઘ આવી જાય છે? **'શુદ્ધ આત્મા દર્શન છે...'** સમ્યગ્દર્શન એને કહીએ જે મોક્ષનો માર્ગ કે જે દર્શનમાં આત્મા નિમિત્ત થાય. એ દર્શનમાં આત્મા આવે નહિ, પણ એ દર્શનમાં આખા આત્માની શ્રદ્ધા અને આખા આત્માનું જ્ઞાન આવે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ છે. ઓલા તો કહે છે કે છ કાયની દયા પાળો એ તમારે ધર્મ. અહીં કહે છે કે છ કાયની દયાના પરિણામ જે થાય છે તે અધર્મ છે, રાગ છે, એ નિષેધ કરવાલાયક છે. આહા..હા..! આ તો વીતરાગમાર્ગ છે. એ રાગથી વીતરાગતા આવે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'શુદ્ધ આત્મા દર્શન છે કારણ કે તે દર્શનનો આશ્રય છે,...'** આત્મા છે. સમ્યગ્દર્શનમાં નિમિત્ત આત્મા છે. સ્વસન્મુખની પ્રતીતિમાં આત્મા નિમિત્ત છે. આહા..હા..! પરસન્મુખની નિમિત્તમાં નવ તત્ત્વ નિમિત્ત છે શ્રદ્ધામાં, એ નિષેધ કરવાલાયક છે. આહા..હા..! આવો માર્ગ! દિગંબર કુંદકુંદાચાર્ય મુનિ, અમૃતચંદ્રાચાર્ય. ઓલામાં નાખ્યું છે. આ હિન્દી ભાઈ આવ્યું છેને જયપુરથી. એમાં ભગવાન નાખ્યા છે, કુંદકુંદાચાર્ય નાખ્યા અને અમૃતચંદ્રાચાર્ય નાખ્યા છે. આ હિન્દી નહિ આત્મધર્મ? ભગવાન ત્રણ મોઢા દેખાડ્યા છે. ભગવાન ચાર મુખ. પ્રભુ અંતર પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન પરમાત્મા,

એના પછી કુંદકુંદાચાર્ય અને સમયસાર નાખ્યા છે. સમયસાર લખીને આ કુંદકુંદાચાર્ય. પછી અમૃતચંદ્રાચાર્યનું નામ ન આપતા આત્મખ્યાતિ (લખ્યું છે). આત્મખ્યાતિ કરી છે ને ટીકા. પછી મારું નાખ્યું છે. એમ કે આ ત્રણના પ્રવચનકાર આ છે એમ. છેને અંદર? આવ્યું છેને, આજે આવ્યું છે. આ સુકનરાજે આપ્યું હતુંને. સુકનરાજ લોઢા. લોઢા છે? લખ્યું છે અંદર. પણ એણે કીધું હતું પછી મેં જોયું એમાં નામ છે એનું શુકનરાજ. આ તો લોઢાના સોના થવાની વાત છે અહીં તો. આહા..હા..! '**શુદ્ધ આત્મા દર્શન છે કારણ કે તે દર્શનનો આશ્રય છે...**' ત્યાં સુધી તો આવ્યું હતું આપણે. પહેલી છઠની સવાર, પહેલી છઠની સવાર. આ સાતમની બપોર છે. આહા..હા..! આ તો વધારે સ્પષ્ટતા માટે. જ્યારે વાંચે ત્યારે કાંઈક કાંઈક નવું તો આવેને. પર્યાય ફરે છેને. આવે. આહા..હા..! ત્યાં સુધી આવ્યું હતું.

હવે, '**શુદ્ધ આત્મા ચારિત્ર છે...**' શું કીધું? સ્વરૂપમાં વીતરાગતા ચારિત્ર જેને કહીએ એ વીતરાગતા છે. એ વીતરાગતાની પરિણતિ તે ચારિત્ર છે. આ મહાવ્રતાદિ વિકલ્પ છે એ તો વ્યવહાર ચારિત્ર નિષેધ કરવાલાયક છે. આહા..હા..! છે કે નહિ એમાં?

**શ્રોતા :-** અત્યાર સુધી નોતું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ તમે તો જૂના દિગંબર છો વાડામાં. આ બીજા તો અમારે નવા છે હિંમતભાઈ ને એ બધા. આહા..હા..! આવો માર્ગ છે પ્રભુનો.

'**શુદ્ધ આત્મા તે ચારિત્ર છે...**' એટલે? શુદ્ધ આત્મા પવિત્ર ત્રિકાળી, તેના આશ્રયે થતી વીતરાગી પરિણતિ, એ વીતરાગી પરિણતિ તે ચારિત્ર છે. એ ચારિત્રનો આશ્રય આત્મા છે. એ ચારિત્રમાં આત્મા નિમિત્ત છે. આહા..હા..! વ્યવહાર વિકલ્પ જે અહિંસા કીધી એમાં છ-કાયના જીવ નિમિત્ત છે, આમાં આ આખો આત્મા નિમિત્ત છે. આહા..હા..! ફરીને.

**શ્રોતા :-** ... ન આવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, એ પરદ્રવ્ય આખું આવ્યું. શું કીધું?

ફરીને. જે વ્યવહાર અહિંસા છે એ વિકલ્પ છે, રાગ છે. એ રાગમાં નિમિત્ત છે છ કાય જીવ. એ છ કાયના જીવને જ વ્યવહારચારિત્ર કહ્યું, રાગ કહ્યો. કેમકે રાગમાં એ નિમિત્ત છે અને અહીંયાં વીતરાગી ચારિત્ર થયું, સ્વ ચૈતન્યને અવલંબે વીતરાગી ચારિત્ર, અતીન્દ્રિય આનંદના સ્વાદવાળી દશા, અતીન્દ્રિય અમૃતના સાગરનો ઉછાળો મારતું જે વીતરાગી ચારિત્ર જે મોક્ષનું કારણ એ જ છે. વ્યવહાર વિકલ્પ એ મોક્ષનું કારણ નથી, એ બંધનું કારણ છે. આવે, જ્યાં સુધી વીતરાગ પૂર્ણ ન થાય ત્યાં સુધી આવે, પણ એ નિષેધ કરવાલાયક છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શુદ્ધ આત્મા ચારિત્ર છે...**' એટલે કે ચારિત્રનો આશ્રય એ જ છે. '**તે ચારિત્રનો આશ્રય છે...**' વીતરાગ આનંદની પરિણતિ, વીતરાગી આનંદની સુખની દશા એ ચારિત્ર છે. એ આત્મા ચારિત્ર છે. કેમકે એ ચારિત્રનો આશ્રય અને નિમિત્ત આત્મા છે. આહા..હા..! વ્યવહારના વિકલ્પમાં છ કાયના જીવ નિમિત્ત છે એટલે છ કાયના જીવ ચારિત્ર કીધું. છ કાયના જીવ એ ચારિત્ર. કેમકે રાગમાં

એ નિમિત્ત છે અને વીતરાગી પરિણતિમાં આત્મા નિમિત્ત છે માટે નિશ્ચયચારિત્ર એને કહ્યું. આહા..હા..! આ તો સમયસાર એટલે સર્વજ્ઞ ભગવાનનો દરિયો. આહા..હા..! ભરતક્ષેત્રનું અમૂલ્ય રત્ન છે. એ અમૂલ્ય રત્ન આ આત્મા, આને નિમિત્તથી કહેવામાં આવે. આહા..હા..! અરેરે! આવું મનુષ્યપણું મળે અને જિંદગી એળે જાય. એ વ્યવહાર ક્રિયાકાંડ કરે તોપણ જિંદગી એળે જાય છે. જેમાં નિશ્ચયસ્વભાવ આવ્યો નથી, એને એ વ્યવહાર ક્રિયાકાંડ બધી સંસાર ખાતે છે અને જ્ઞાનીને વ્યવહાર આવે એ જાણવા ખાતર છે. સમજાણું કાંઈ? શું કહ્યું એ વળી?

ભગવાન આત્મા અનાકુળ આનંદનો નાથ પ્રભુ એના વિનાનો આશ્રય, એના આશ્રય વિનાની દશા એ પરના આશ્રયવાળી દશા એ રાગ છે. એ અજ્ઞાનીને રાગરૂપે પરિણમન છે અથવા એ એમ માને છે ને, એમાં આવ્યું છેને ભાઈ! લખ્યું છે. પરિણમે છે એટલે એવું માને છે એમ ભાઈએ લખ્યું છે. ૯૨-૯૩માં છે. એ માને છે કે હું રાગરૂપે પરિણમ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? છેને? એટલે કે અહીંયાં તો આચાર્ય મહારાજ, ભગવાન અમૃતચંદ્રાચાર્યદેવ, કુંદકુંદાચાર્યદેવ વચમાં એમની ગાથા છે અને અમૃતચંદ્રાચાર્ય એમની ટીકા છે. આહા..હા..! એ એમ કહે છે, શુદ્ધ આત્મા તે ચારિત્ર છે. એ પંચમહાવ્રતના પરિણામ, છ કાયની અહિંસાના ભાવ એ ચારિત્ર નહિ, એ તો અચારિત્ર છે. આરે! ગજબ વાત. એ વ્યવહાર છે ખરો. અજ્ઞાનીને પરિણમન છે એ તો આખું વસ્તુ જ પરિણમી ગયો છે અને જ્ઞાનીને છે એ જાણવાલાયક પરિણમન છે. એ રૂપે થયો નથી આત્મસ્વભાવ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. આહા..!

**‘શુદ્ધ આત્મા ચારિત્ર છે...’** બધે શુદ્ધ વાપર્યું છે પરિણમન. **‘કારણ કે તે ચારિત્રનો આશ્રય છે;...** વીતરાગદશા ચારિત્ર એટલે અતીન્દ્રિય આનંદનું ઉગ્ર વેદન, અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન. તે આત્મા તે ચારિત્ર છે. એ વેદન તે ચારિત્ર છે. કેમ? કે અતીન્દ્રિય આનંદના ભાવમાં આત્મા નિમિત્ત છે. આહા..હા..! જોકે અતીન્દ્રિય આનંદની પરિણતિ એ ચારિત્ર છે એમાં આત્મા આખો આવ્યો નથી. પરિણતિની વાત છેને વીતરાગી? પણ આત્મા એમાં નિમિત્ત છે. આહા..હા..! આવી વાતું સાંભળવી મુશ્કેલ પડે. આહા..હા..! આવો માર્ગ છે. શુદ્ધ આત્મા. કેમકે તે ચારિત્રનો આશ્રય છે. **‘એ પ્રમાણે નિશ્ચય છે.’** પેલા કીધાને ઓલા? એ પ્રમાણે વ્યવહાર છે એમ આવ્યું હતુંને? ચોથી લીટી. એ પ્રમાણે વ્યવહાર છે પહેલા. શબ્દશ્રુતજ્ઞાન એ વ્યવહાર, નવ તત્ત્વની શ્રદ્ધા એ વ્યવહાર, છ કાયની દયાનો ભાવ એ વ્યવહાર અને આત્માનું જ્ઞાન એ નિશ્ચય કે જે જ્ઞાનમાં આત્મા આવ્યો છે નિમિત્ત. સમ્યગ્દર્શનમાં આત્મા આવ્યો માટે એ સમ્યગ્દર્શન નિશ્ચય અને સ્વરૂપની રમણતામાં આત્મા નિમિત્ત આવ્યો છે માટે તે ચારિત્ર એ નિશ્ચય. ઓલો વ્યવહાર, આ નિશ્ચય. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

**‘તેમાં વ્યવહારનય પ્રતિષેધ્ય અર્થાત્ નિષેધ્ય છે,...’** હવે આવ્યું. આહા..હા..! અજ્ઞાનીને તો વ્યવહાર હોતો નથી. કારણ કે નિશ્ચય નથી એટલે વ્યવહાર નથી, રાગનું એકલું પરિણમન છે. વ્યવહાર તો એને હોય કે જેને નિશ્ચય સ્વરૂપ આત્માનો અનુભવ, આનંદનો અનુભવ છે, એને જે રાગાદિ આવે એને વ્યવહાર કહેવાય. એને વ્યવહાર નિષેધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આ

એક જણો કહેતો હતો કે સમયસારના તમે બહુ વખાણ કરો છો. પંદર દિ'માં હું વાંચી ગયો. ઠીક બાપા! આહા..હા..! ભાઈ! સમયસાર એટલે આત્મા, એનો ઉકેલ બહુ આકરો, પ્રભુ! આહા..હા..!

અનંતકાળ નવમી ગ્રૈવેયક.. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ વ્યવહારરત્નત્રય અજ્ઞાનમાં સમ્યગ્દર્શન વિના અનંતવાર કર્યા, એને લઈને સ્વર્ગમાં ગયો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આત્મ જ્ઞાન...' આત્માના આનંદનો અનુભવ એવું સમ્યગ્જ્ઞાન-દર્શન વિના એકલું દુઃખ થયું. એ પંચમહાવ્રતના પાલન એ દુઃખ છે, આસ્રવ છે, દુઃખ છે, રાગ છે. આહા..હા..! 'લેશ સુખ ન પાયો.' આવ્યુંને? 'આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' સુખ જરીએ મળ્યું નહિ. આહા..હા..! અને ભગવાન આત્માનો આશ્રય લઈને જે જ્ઞાન-દર્શન-ચારિત્ર થયું એમાં આનંદ છે. એ આનંદમાં નિમિત્ત આ ભગવાન છે. આખો આનંદનો કંદ પ્રભુ છે. આહા..હા..! એ આનંદની પરિણતિને અહીંયાં નિશ્ચયચારિત્ર કહે છે. સમજાણું કાંઈ?

'**તેમાં વ્યવહારનય પ્રતિષેધ્ય અર્થાત્ નિષેધ્ય છે,...**' જોયું! ઓલા ત્રણ વ્યવહાર કહ્યાને. વ્યવહારજ્ઞાનમાં શબ્દશ્રુત નિમિત્ત છે તે શબ્દશ્રુતને જ્ઞાન કીધું. એ નિષેધ છે, નિષેધ છે. એ આત્માના કલ્યાણનું કારણ નથી. આહા..હા..! સામે પુસ્તક પડ્યું છે. શાહુજી કહેતા એકવાર દિલ્હીમાં કે સ્વામીજી તો શાસ્ત્રના અર્થ કરે છે. શાસ્ત્રના આગમના અર્થ કરે છે, એમ કહેતા હતા બિચારા. આ શાસ્ત્ર, એનો અર્થ છે આ તો. આવો અનુવાદ હોય એ ઘરનો છે એમ માને લોકો. આહા..હા..! ભગવાન! છે તો ઘરનો—આત્માના ઘરનો. આહા..હા..!

છ બોલ કહ્યા. શાસ્ત્રનું જ્ઞાન તેને શબ્દશ્રુતજ્ઞાન કહ્યું. તે પરાશ્રય છે માટે એ જ્ઞાનમાં શબ્દશ્રુત નિમિત્ત છે માટે શબ્દશ્રુત કહ્યું. નવ તત્ત્વની શ્રદ્ધામાં નવ તત્ત્વ નિમિત્ત છે એટલે નવ તત્ત્વની શ્રદ્ધા એ વ્યવહાર છે. છ કાયની દયામાં, છ કાયના જીવ નિમિત્ત છે એથી એને વ્યવહારચારિત્ર કીધું. પણ એ ત્રણે આત્મા આશ્રિત જ્ઞાન, આત્મા આશ્રિત દર્શન, આત્મા આશ્રિત ચારિત્ર એને આશ્રયે નિષેધ્ય છે. વ્યવહાર નિષેધ કરવાલાયક છે, વ્યવહાર હેય છે. આહા..હા..! એને ઠેકાણે વ્યવહારથી નિશ્ચય થાય, બહુ ઊલટી શ્રદ્ધા. પહેલા પાંચ મહાવ્રત પાળો. આ કરો... કરો.. કરો... કરતાં-કરતાં (થશે એ) મિથ્યાશ્રદ્ધા છે, મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! આવો માર્ગ છે.

વ્યવહારનય તેમાં. તેમાં એટલે બેમાં. વ્યવહાર અને નિશ્ચય બેમાં. '**વ્યવહારનય પ્રતિષેધ્ય અર્થાત્ નિષેધ્ય છે, કારણ કે આચારાંગ આદિને જ્ઞાનાદિનું આશ્રયપણું અનૈકાંતિક છે—** ' શું કહ્યું એ? આચારાંગ આદિ સૂયગડાંગ, ઠાણાંગ ભગવાનના કહેલા હોં! એનું જ્ઞાન પણ અનૈકાંતિક છે. એટલે? એ જ્ઞાન છે એમ નથી એમ કહે છે. '**વ્યભિચારયુક્ત છે;...**' કારણ કે શાસ્ત્રનું જ્ઞાન હોય અને છતાં આત્મજ્ઞાન હોય નહિ. આહા..હા..! ઝીણી વાત આવી થોડી. એ ગાથાઓ એવી છે બધી. બહુ ખુલાસો. ઓહો..હો..! વ્યવહાર પહેલો કહ્યો, પછી નિશ્ચય. આહા..હા..!

ભગવાન આત્મા..! કહે છે કે વ્યવહાર તેનો નિષેધ છે. '**કારણ કે આચારાંગ આદિને જ્ઞાનાદિનું આશ્રયપણું અનૈકાંતિક છે—વ્યભિચારયુક્ત છે;...** ' એટલે? '**(શબ્દશ્રુત આદિને**

**જ્ઞાન આદિના આશ્રયસ્વરૂપ માનવામાં વ્યભિચાર આવે છે કેમકે શબ્દશ્રુત આદિ હોવા છતાં જ્ઞાન આદિ નથી...'** આહા..હા..! એ શાસ્ત્રનું જ્ઞાન હોવા છતાં આત્મજ્ઞાન નથી, તે જ્ઞાન નથી. છેને ભાઈ એમાં? એ દિગંબર છે, તમે દિગંબર છો જૂના. આ બધા નવા બેઠા છે. આહા..હા..! અરે બાપુ! મારગડા જુદાં, ભાઈ! આહા..હા..! **'(શબ્દશ્રુત આદિને જ્ઞાન આદિના આશ્રય સ્વરૂપ માનવામાં વ્યભિચાર આવે છે...'** શબ્દશ્રુત આદિ લીધું છેને? શબ્દશ્રુત છે તે વિકલ્પ થયો છે અંદરથી જાણવાનો, એનાથી જ્ઞાન થાય છે એ બધું અનેકાંતિક છે—વ્યભિચારયુક્ત છે. કેમકે એમાં આત્મજ્ઞાન ન આવ્યું. આહા..હા..! **'શબ્દશ્રુત આદિને જ્ઞાન આદિના આશ્રયસ્વરૂપ માનવામાં વ્યભિચાર આવે છે, કેમકે શબ્દશ્રુત આદિ હોવા છતાં જ્ઞાન આદિ નથી પણ હોતાં,... '** આહા..હા..! શાસ્ત્રનું જ્ઞાન, અગિયાર અંગનું જ્ઞાન, નવ પૂર્વની લબ્ધિનું જ્ઞાન (હોય), છતાં ત્યાં આત્મજ્ઞાન ન હોય એટલે એને જ્ઞાન કહેતા નથી. આહા..હા..! જેમાં ભગવાન ભળે નહિ તે જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. આહા..હા..! પોતે ભગવાન હોં! **'માટે વ્યવહારનય પ્રતિષેધ્ય છે;)'** બધું આવ્યું ને? નવ તત્ત્વ એ બધું આવ્યું. સમજાણું? શબ્દશ્રુત આદિ જ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધા, છ જીવ-નિકાય ચારિત્ર ત્રણે વ્યવહાર નિષેધ કરવાલાયક છે. કારણ કે ત્રણે હોવા છતાં નિશ્ચય હોતું નથી, માટે તે જ્ઞાન અને શ્રદ્ધા-ચારિત્ર કહેતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આદિમાં બધું લીધુંને? દર્શન-ચારિત્ર વ્યવહાર છેને ત્રણે? ત્રણે નહિ. આહા..હા..!

**'આચારાંગ આદિને જ્ઞાનાદિનું આશ્રયપણું અનૈકાંતિક છે—વ્યભિચારયુક્ત છે; (શબ્દ શ્રુત આદિને જ્ઞાન આદિના આશ્રયસ્વરૂપ માનવામાં વ્યભિચાર આવે છે... '** શબ્દશ્રુત જ્ઞાન હોય, નવ તત્ત્વની શ્રદ્ધા હોય, છ કાયની દયાનો ભાવ હોય, છતાં સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર હોતા નથી. એ તો વિકલ્પ છે, રાગ છે. આહા..હા..! આવું સ્વરૂપ છે. એક તો નિવૃત્તિ મળતી નથી ધંધા આડે. એ.. નટુ! ધંધામાં મશગુલ, સવારે દુકાન ઉઘાડવી ને આ કરું ને તે કરે. સો-બસ્સો રૂપિયા પેદા થતા હોય દરરોજ. મીઠાશમાં પડે. અહીં તો વ્યવહારજ્ઞાન, વ્યવહારદર્શન અને વ્યવહારચારિત્ર એ પુણ્ય છે, ઓલું તો પાપ છે. દુકાનના ધંધા બધા આખો દિ' લોઢાના આ ને આ ને આ કરે એ તો પાપ છે. અહીં તો કહે છે કે આવું પુણ્ય હોય .. તોપણ તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અરેરે! ત્રણ લેવા હોં! શબ્દશ્રુત, નવ તત્ત્વ અને છ કાયની દયા.

**'માટે વ્યવહારનય પ્રતિષેધ્ય છે;...'** માટે ત્રણે વ્યવહાર તે નિષેધ કરવાલાયક છે. ભગવાનની વાણીમાં આમ આવ્યું છે. ત્રિલોકનાથ જિનવરદેવ એની દિવ્યધ્વનિમાં (એમ આવ્યું કે) જેને નિશ્ચય નથી અને એકલો વ્યવહાર છે એ તો નિષેધ છે જ, એને તો વસ્તુ છે નહિ, પણ જેને નિશ્ચય છે એને જે વ્યવહાર આવે એ પણ વ્યવહાર પ્રતિષેધ્ય છે. કેમકે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે વ્યવહારમાં છે જ નહિ. આહા..હા..! હવે અહીં તો કહે છે કે એ વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય, એમ કહે છે. પંચમહાવ્રત પાળો. પણ એ વ્યવહાર પોતે રાગ અને સંસાર છે. કરતાં-કરતાં નિશ્ચય શું થાય? નિશ્ચય તો વીતરાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનીને વ્યવહાર આવે ખરો. અજ્ઞાની

કહે છે કે વ્યવહાર કરતા નિશ્ચય થાય એને તો વ્યવહાર પણ નથી. આહા..હા..!

કારણ કે વ્યવહારનય પ્રતિષેધ્ય છે. નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધક છે. આહા..હા..! અહીં તો એ ખૂબી છે કે છે વ્યવહારનય એનો નિષેધ છે. અજ્ઞાનીને તો વ્યવહાર છે જ નહિ. છે એનો નિષેધ છેને? તો છે કોને? વ્યવહાર હોય એને. જેને આત્માના આનંદનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય એને વ્યવહાર હોય. એ વ્યવહાર નિષેધ કરવાલાયક છે. આહા..હા..! '**નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધક છે,...**' જોયું! નિશ્ચય છે એ સત્ય છે, યથાર્થ છે, વ્યવહાર છે તે અસત્ય ઉપચારિક વાત છે. એ સત્ય વસ્તુ તેનો ઉપચારનો નિષેધ કરે છે. આહા..હા..!

'**કારણ કે શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું આશ્રયપણું અનૈકાંતિક છે.**' ઓલામાં કહ્યું હતુંને? '**આચારાંગ આદિને જ્ઞાનાદિનું આશ્રયપણું અનૈકાંતિક છે...**' શાસ્ત્રનું જ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધા, છ કાયની દયા એ અનેકાંત વ્યભિચાર છે, એ કાંઈ આત્માનું સ્વરૂપ છે નહિ. પણ નિશ્ચય જે છે, શુદ્ધ આત્માનું જ્ઞાન, જે જ્ઞાનમાં આત્મા નિમિત્ત છે, જે સમ્યગ્દર્શનમાં આત્મા હેતુ છે, જે સમ્યક્ ચારિત્રમાં આત્મા કારણરૂપે છે તે નિશ્ચય એકાંતિક છે. એનું અવલંબન એકાંતિક છે. આહા..હા..! '**શુદ્ધ આત્માને જ્ઞાનાદિનો આશ્રય માનવામાં વ્યભિચાર નથી...** ' આહા..હા..! ભગવાન આત્મા પવિત્ર નિત્યાનંદ પ્રભુ, એને સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રના નિશ્ચયમાં એનો આશ્રય માનવામાં વ્યભિચાર નથી. આહા..હા..! એક તો પકડાવું કઠણ. બહારના લાકડા ગરી ગયા હોય, વ્યવહાર કરો... વ્યવહાર કરો... વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય, વ્યવહાર કરતા નિશ્ચય ન માને એ એકાંતિક છે. આહા..હા..! શું થાય? એને બેઠું હોય એમ. અરે..! એને પોતાને સારું થાય એ માટે કરવા માગે, પણ સારું કેમ થાય એની ખબરું ન મળે. આહા..હા..!

શુદ્ધ આત્માને જ્ઞાન, દર્શન અને ચારિત્ર એનો આશ્રય માનવામાં વ્યભિચાર નથી. કેમકે જ્યાં શુદ્ધ આત્મા હોય, જ્યાં જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં શુદ્ધ આત્મા અંદર હોય, આહા..હા..! ત્યાં જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય જ છે. આહા..હા..! શુદ્ધ પરમાત્મસ્વરૂપ ભગવાન જેના જ્ઞાન-દર્શન-ચારિત્રમાં હોય ત્યાં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય જ છે. આહા..હા..! જેના જ્ઞાન-દર્શન-ચારિત્રમાં શુદ્ધ આત્મા આવ્યો, તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાચા જ હોય છે. જેમાં આત્મા ન આવ્યો અને પર આવ્યા એ વ્યભિચાર છે, વાસ્તવિક દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી. '**આ વાત હેતુસહિત સમજાવવામાં આવે છે :—**' લ્યો! સમજાણું? આ વાત હવે હેતુસહિત સમજાવામાં આવે છે. આવશે હવે.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**ચૈત્ર વદ-૮, સોમવાર, તા. ૧૧-૦૪-૧૯૭૭,**
**ગાથા-૨૭૬-૨૭૭, પ્રવચન નં. ૩૩૫**

સમયસાર, ૨૭૬-૨૭૭ ગાથાનો બીજો પેરેગ્રાફ છે. '**આચારાંગ આદિ શબ્દશ્રુત એકાંતે જ્ઞાનનો આશ્રય નથી,...**' શું કહે છે? કે સંસારના જે આ જ્ઞાન છે એલ.એલ.બી., એમ.એ., આ લોઢાના ધંધાના એ બધા પાપજ્ઞાન છે.

**શ્રોતા :-** એ ધંધા કેવા છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાપજ્ઞાન. હવે અહીંયાં પુણ્યજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન એમ ત્રણ વાત છે. જેટલો આ સંસાર માટે આ સાત ચોપડી ભણે, મેટ્રીક ભણે, એલ.એલ.બી. ભણે, એમ.એ. ભણે અને આ સંસારમાં ધંધાના જાણપણા એ એકલું પાપ છે. મનસુખભાઈ!

**શ્રોતા :-** ઈ ક્યાં ભણ્યા છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ધંધાનું જ્ઞાન નથી? ધંધામાં તો આખો દિ' (કરે છે). આ તો એકની ક્યાં વાત છે? આ તો બધાની વાત છે. આ તો દાખલો છેને. આહા..હા..!

અહીંયાં ત્રણ પ્રકારના જ્ઞાનનું વર્ણન છે—એક તો એ શાસ્ત્ર સિવાય આ જગતનું જાણપણું એલ.એલ.બી., એમ.એ., આ લોઢાના ધંધા જે ચોવીસ કલાકમાં આનું આમ અને આનું આમ એ બધું ડહાપણ એ જ્ઞાન પાપ છે. પ્રવિણભાઈ!

**શ્રોતા :-** જ્ઞાન કોઈ દિ' પાપ હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જાણપણું એ જ પાપ છે, પોતે જ પાપ છે. આહા..હા..! એમાં પાપનું બંધન છે. અને '**આચારાંગ આદિ શબ્દશ્રુત...**' હવે ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા શાસ્ત્રો, એ સિવાય અનેરા કરેલા શાસ્ત્રની વાત પાપમાં જાય છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એ વાત કઠણ પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કઠણ પડે પણ વસ્તુ તો આમ છે. આહા..હા..!

ભગવાન સર્વજ્ઞ જિનેશ્વરદેવ એના શ્રીમુખે દિવ્યધ્વનિ જે આવી, એમાંથી જે બાર અંગ રચાણા, એમાંથી જેને એ શબ્દશ્રુતનું જ્ઞાન છે શાસ્ત્રનું એ પણ સમ્યગ્જ્ઞાન નહિ, એ પુણ્યરૂપ ભાવ છે, પુણ્યબંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આચારાંગ આદિ...**' તેથી શાસ્ત્રનું નામ આપ્યું છે અહીં. આચારાંગ આદિ અત્યારે જે વીતરાગના શાસ્ત્રો છે એ તો અત્યારે છે નહિ આ નામવાળા. પણ એના પરમાર્થ કાઢેલા સમયસાર, પ્રવચનસાર એ છે, પણ એમાં એ કહે છે કે એ આચારાંગ આદિ, સર્વજ્ઞે કહેલા શાસ્ત્રોનો અભ્યાસ એ જ્ઞાન એ જ્ઞાન નહિ, એ તો પુણ્ય છે. આહા..હા..! મિથ્યાત્વની કોઈ મંદતા અને અનંતાનુબંધીની કોઈ મંદતા હોય તો એ શાસ્ત્રજ્ઞાન હોય છે, એ કાંઈ વસ્તુ નથી. આહા..હા..!

ઝીણી વાત બાપુ! જન્મ-મરણરહિત થવાની વાત. ચોર્યાસીના અવતાર કરી-કરીને દુઃખી છે ઈ. એક ક્ષણમાં અંતર્મુહૂર્તમાં નિગોદના અઢાર ભવ, એક અંતર્મુહૂર્તમાં અઢાર ભવ એવા અનંતવાર કર્યા, ભાઈ! એ ભૂલી ગયો એ. ક્યાં હતો અને કઈ ભીડમાં હતો, ભૂલી ગયો એ. આહા..હા..!

અહીં તો એ કહે છે કે લૌકિક જ્ઞાન જે કીધું એની વાત તો એકકોર રહી, એ તો પાપ છે, પણ શાસ્ત્રનું જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન નહિ. એમાં વિકલ્પ છે અને પુણ્ય થાય અને શુભભાવ થાય. આહા..હા..! એ શુભભાવ થાય એ ધર્મ નહિ. મનસુખભાઈ! આવી વાત આકરી છે જરી. આહા..હા..! આ પાંચ-પચાસ લાખ મળે પૈસા અને જ્યાં એમાં ઘૂંચાઈ જાય, થઈ રહ્યું પછી. ઓલા મરચાનો કીડો મરચાનું ઘર કરીને મરચામાં રહે. જોયું છે? આ સૂકા મરચા એનો લોટ હોયને ઝીણો એમાં ઈયળું પડે. એ ઈયળું મરચાને ઓલાને ઘર બનાવે. આહા..હા..! અહીં કહે છે કે અજ્ઞાની અનાદિથી લૌકિક જ્ઞાનના, મિથ્યાજ્ઞાનમાં ભરમાઈને પડ્યો છે એ તો પાપ બાંધે છે. આહા..હા..! પણ ભગવાનના કહેલા શાસ્ત્રો, અહીં તો ઈ કહે છે. શ્વેતાંબરના શાસ્ત્રો એ કાંઈ ભગવાનના કહેલા નથી, એ તો કલ્પિત બનાવેલા છે. એના શાસ્ત્રનું જ્ઞાન પુણ્ય એ અહીં વાત નથી. એઈ..! આહા..હા..! આ તો દિગંબરમાં જે ભગવાન સર્વજ્ઞના કહેલા શાસ્ત્રો ચાલ્યા આવે છે, ભલે આચારાંગ નથી બીજા છે, એ શાસ્ત્રનું જ્ઞાન પણ શબ્દજ્ઞાન છે, એ આત્મજ્ઞાન નહિ, એ ધર્મનું કારણ નહિ. આહા..હા..! આવી વાતું ઝીણી બહુ, બાપુ!

એ '**આચારાંગ આદિ શબ્દશ્રુત...**' એ તો શબ્દશ્રુત છે. આહા..હા..! એ તો શબ્દને જાણનારો છે કહે છે. આહા..હા..! એ આત્માને જાણનારો નહિ. આહા..હા..! અરે! ચોર્યાસીના અવતારમાંથી નીકળવાનો સમ્યગ્જ્ઞાન માર્ગ એ કંઈ જુદી ચીજ છે. આહા..હા..! એ '**આચારાંગ આદિ શબ્દશ્રુત...**' ભાષા કેટલી વાપરી છે? કે એ તો શબ્દશ્રુત છે, શબ્દોનું જ્ઞાન છે, એને આત્માનું જ્ઞાન નથી. આહા..હા..! મનસુખભાઈ! આ ચોપડો પણ ઝીણો પડે એવું છે. વાંચવાનો વખત પણ ક્યાં છે ઘરે ત્યાં? રાખ્યા હશે પુસ્તક કપાટમાં પડ્યા હશે ત્યાં. મનુભાઈ! મોટા ભાઈને એમ હશે કે નહિ? એ ન કહેવાય એનાથી. આહા..હા..! કાલે નહોતું આવ્યું ઓલામાં? કે ભાઈ ગુજરાતી શાસ્ત્ર કબાટ વાંચે છે કહે. કોકનું લખાણ હતુંને. એ વાંચતા નથી એમ, કપાટ વાંચે છે. એક લખાણ આવ્યું હતું કોકનું. નામ વિનાનું, એની કિંમત શું? આહા..હા..!

'**એકાંતે જ્ઞાનનો આશ્રય નથી,...**' એટલે શું કીધું? કે સમ્યગ્જ્ઞાનનું એ શબ્દશ્રુત જ્ઞાન કારણ નથી. આહા..હા..! ઝીણી વાત છે. જે સમ્યગ્જ્ઞાન છે, જે મોક્ષનું કારણ જ્ઞાન છે એ આ શબ્દશ્રુત એકાંતે જ્ઞાનનો આશ્રય નથી. એ શબ્દશ્રુતથી સમ્યગ્જ્ઞાન થાતું નથી. આહા..હા..! આ તો હજી શાસ્ત્રના જ્ઞાનના પણ ઠેકાણા ન મળે. સમજાણું કાંઈ? પાપથી બચવા.. આહા..હા..! સંસારિકના પાપમાં જ્ઞાન, આ એલ.એલ.બી.ના ને આ રામજીભાઈના વકીલાતના. ડોક્ટર છે કે નહિ કોઈ? આ ડોક્ટરના રાજેન્દ્રભાઈ લ્યોને. બીજા કોઈ નથી? એ બધા જ્ઞાન તો પાપજ્ઞાન છે. પાપમાં શું?

**શ્રોતા :-** પાપ અને પૈસા બેય 'પ'માં આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસા ધૂળ ત્યાં એ તો જડ છે, એની સાથે સંબંધ શું? એ તો માટી જગતની

ચીજ છે. એ તો એને કારણે આવે અને એને કારણે જાય. આહા..હા..!

અહીંયાં તો પાપ, પુણ્ય અને ધર્મ—ત્રણ પ્રકારના જ્ઞાનનું વર્ણન. આહા..હા..! તો પાપના જ્ઞાનની વાત તો છોડી દીધી હવે અહીં. હવે અહીં તો આચારાંગ આદિ શાસ્ત્રનું ભણતર કરે એ શબ્દશ્રુત એકાંતિક જ્ઞાનનો આશ્રય નથી કે એનાથી સમ્યક્જ્ઞાન થાય એમ નથી. આહા..હા..! ઝીણી વાત, બાપુ! **'કારણ કે તેના સદ્ભાવમાં...'** અભવિને શાસ્ત્રજ્ઞાનની હયાતી છે. જેને કોઈ દિ' મોક્ષ નહિ થાય એને પણ શાસ્ત્રજ્ઞાનની હયાતી છે પણ એને ધર્મ નથી કાંઈ. આહા..હા..! સમ્યગ્જ્ઞાન નથી. ઝીણી વાતું બહુ ભાઈ! અત્યારે તો સંપ્રદાયમાં એવી પદ્ધતિ બહારની ચાલે. આ દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, ધૂળમાંય નથી કાંઈ, એ તો રાગ છે. આહા..હા..! એ રાગની ક્રિયાને પણ યથાર્થ જેમ છે એમ એના ક્યાં ઠેકાણા છે? અહીં તો કહે છે કે આવા શાસ્ત્રનું જ્ઞાન એની હયાતી છે અભવિને. સદ્ભાવ કીધોને?

**'સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે... '** પણ ભગવાન આત્મા ચૈતન્યઘન નિર્મળ જ્ઞાનઘન એ તો ઓલું આવી ગયું. નિર્મળ વિજ્ઞાનઘનમાં અંતરમગ્ન. આત્મા તો કેવો છે? નિર્મળ વિજ્ઞાનઘન ત્રિકાળ ચૈતન્યઘન. જેમ શક્કરિયું છે શક્કરિયા. એની છાલ ન જુઓ તો એકલો કંદ પડ્યો છે મીઠો. આખું શક્કર.. શક્કર એટલે સાકર. સાકરની મીઠાશનો પિંડ છે લાલ છાલ વિનાનો. એમ આ ભગવાન આત્મા આ વ્યવહારું જ્ઞાન જે શાસ્ત્રનું છે એનાથી ભિન્ન એકલું નિર્મળ વિજ્ઞાનઘન છે. છાલ બધી. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ બાપુ! જિનેશ્વરનો જિનવરદેવનો માર્ગ એ કોઈ અલૌકિક છે. આહા..હા..! એ કોઈ દુનિયા સાથે ક્યાંય મેળ ખાય એવો નથી. દુનિયાને મળ્યો નથી બિચારાને, સાંભળવા મળ્યો નથી. એમ ને એમ જિંદગી ૫૦, ૬૦, ૭૦ ચાલી જાય. આહા..હા..! અહીં તો ઘણું જોયું છેને ૮૭ વર્ષમાં. ૬૪ વર્ષથી તો દુકાન છોડી છે. આહા..હા..! ઘણું જોયું, ઘણું જોયું. કાંઈ ઠેકાણા ન મળે. આહા..હા..!

અહીં કહે છે, અભવિ જીવ આહા..હા..! એને શાસ્ત્રજ્ઞાન છે છતાં **'શુદ્ધ આત્માના અભાવને લીધે...'** પણ એને શુદ્ધ આત્મા પવિત્ર છે એનું જ્ઞાન નથી માટે તે અજ્ઞાની છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે સાંભળવા મળે નહિ બિચારાને. નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં ઈચ્છામી પડિક્કમણા ઈરિયા .. તસ્સ મિચ્છામી દુક્કડમ. જાવ. તસ્સ ઉતરી.. તાવકાયં ઠાણેણં. કાંઈ ધૂળમાં પણ નથી. એ તો બધા વિકલ્પો છે. આહા..હા..! રાગ છે. કાંઈ ખબરું ન મળે. મનુભાઈ! એક તો ધંધા આડે નવરો ન મળે, એમાંથી કલાક, બે કલાક નવરો થાય તો મળે આવું વ્રત કરો, તપ કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને પૂજા કરો. એ તો બધો રાગ છે, વૃત્તિનું ઉત્થાન, વસ્તુ એ નથી. ભગવાન તો નિર્મળ વિજ્ઞાનઘન છે. આહા..હા..! એકલો જ્ઞાન સ્વભાવનો કંદ છે. જ્ઞાનસ્વભાવનું આખું સ્વરૂપ છે એનું. આહા..હા..! એવા શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લઈને શાસ્ત્રજ્ઞાન હોવા છતાં તે જ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે જ્ઞાનનો અભાવ છે;...'** સમ્યગ્જ્ઞાનનો અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઝીણો માર્ગ, બાપુ! અરે! આવું માણસપણું મળ્યું, ક્ષયોપશમ કાંઈક છે એમાં જો આ વાત સમજમાં ન આવે એને જો તત્ત્વની.

અરે! પ્રભુ! એણે કાંઈ કર્યું નથી. શુદ્ધ આત્માનું જ્ઞાન નહિ કરે તો એણે કાંઈ જ કર્યું નથી. આહા..હા..! જિંદગીને એળે કાઢી નાખી. આહા..હા..! બગાડી નાખી બગાડી જિંદગીને. આહા..હા..! અરે! જીવન તો પૂરા થશે, દેહ તો છૂટશે. ભગવાન કાંઈ નાશ થાય એવો નથી. આહા..હા..! એવા શાસ્ત્રજ્ઞાનના અજ્ઞાનમાં પણ શુદ્ધાત્માનું જ્ઞાન નથી માટે તે જ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'શુદ્ધ આત્માના અભાવને લીધે...'** ભગવાન પવિત્ર પુરુષ અંદર આત્મા સર્વજ્ઞ જિનેશ્વર, એણે કહેલો, જોયેલો, જાણેલો એવો જે આ ભગવાન આત્મા વિજ્ઞાનઘનનું પૂર છે એ તો. છે, વિજ્ઞાનઘનનું પૂર છે, ચૈતન્યનું નૂર છે. એકલા ચૈતન્યના પ્રકાશનો પ્રભુ આત્મા પૂર છે. આહા..હા..! એવા આત્માનું જ્ઞાન નથી એથી એ શાસ્ત્રના જ્ઞાન પણ અજ્ઞાન છે. આહા..હા..! લૌકિકજ્ઞાન તો ક્યાંય રહી ગયા. આ તો શાસ્ત્ર વીતરાગે કહેલા હોં! આહા..હા..! અજ્ઞાનીએ કલ્પીને કર્યા શાસ્ત્રો એનું જ્ઞાન તો અજ્ઞાનમાં જાય છે. આ તો આ જ્ઞાન. એકલું આત્મજ્ઞાન નથી. શુદ્ધ ચૈતન્ય ભગવાન જેને આ જ્ઞાનમાં નિમિત્ત આશ્રય આવ્યો નથી એ એનું જ્ઞાન તે બધું અજ્ઞાન છે. આહા..હા..! આવી વાત સાંભળવા મળે નહિ બિચારાને. આખો દિ' ઈચ્છામી પડિક્કમણું. નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો લોએ, નમો અરિહંતાણં.. જાવ. પૂરું થઈ ગયું. સામાયિક થઈ ગઈ. અરે! ભગવાન! બાપુ! મારગડા જુદાં એના. સમજાણું કાંઈ? એ નમોત્થુણંમાં અરિહંતાણં... લાખ કરને, એ શાસ્ત્રજ્ઞાન જ્ઞાન નથી. આહા..હા..! કહો, મનુભાઈ! સમજાય એવું છે. આ ભાષા સાદી છે, ભાવ ભલે ઊંચા હોય. આહા..હા..!

બાપુ! વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વરદેવ કહે છે કે અમે કહેલા શાસ્ત્રનું જ્ઞાન થવા છતાં અભવિ તે અજ્ઞાની છે. કેમકે એને શુદ્ધ આત્મા ચિદાનંદ પ્રભુ એનું જ્ઞાન નથી. એ જ્ઞાન વિના બધું જ્ઞાન જૂઠું છે. આહા..હા..! સમજાણું કાંઈ? અધિકાર સારો આવ્યો છે, મનસુખભાઈ! કોક દિ' આવે. ત્યાં મુંબઈમાં રોકાઈ જાય. પોરબંદરનું અટકી ગયું. નહિતર વળી પોરબંદર આવવું પડે. બધું અટકી ગયુંને પોરબંદરનું? ભાઈ તો વયા ગયા. પછી એને ઠેકાણે આને આવવું પડે. આહા..હા..! પ્રભુ! તું સાંભળને પ્રભુ! આહા..હા..! તું અંદર એક ચીજ શું છો? એ તો જ્ઞાન સમજણનો પિંડ ચૈતન્યઘન શુદ્ધઘન છે. એનું જ્ઞાન નથી એને બધાને અજ્ઞાન કહેવામાં આવે છે. એ જન્મ-મરણ મટવાનો એ ઉપાય છે કે જેમાં જન્મ-મરણ નથી અને જેમાં જન્મ-મરણના કારણનો ભાવ પણ જેમાં નથી એનું જ્ઞાન તે જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'શુદ્ધ આત્માના અભાવને લીધે જ્ઞાનનો અભાવ છે;...'** એ આચારાંગ આદિ ભણ્યો છે પણ એને જ્ઞાન નથી. કેમકે એમાં શુદ્ધ આત્મા આવ્યો નથી જ્ઞાનમાં. આહા..હા..! બીજી વાત. **'જીવ આદિ નવ પદાર્થો દર્શનનો આશ્રય નથી,...'** સમ્યગ્દર્શન જે સત્યદર્શન જેને ભગવાન કહે છે એ સમ્યગ્દર્શનમાં નવ પદાર્થો તે દર્શનનો આધાર નથી. આહા..હા..! એ જીવ-અજીવ ભગવાને કહેલાં નવ તત્ત્વો એની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન નથી. આહા..હા..! એ તો વ્યવહારની શ્રદ્ધા વિકલ્પ છે, રાગ છે. સમજાણું કાંઈ? છે? **'જીવ આદિ નવ...'** જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ

અને મોક્ષ—નવ તત્ત્વો એ પદાર્થો દર્શનનો આશ્રય નથી, સમ્યગ્દર્શનનું કારણ નથી. આહા..હા..! એ ભેદ પડી ગયો. એ વ્યવહારશ્રદ્ધા તો રાગ છે એ સમ્યગ્દર્શનનું કારણ નથી. આહા..હા..! ભારે આવી વાતું હવે. '**કારણ કે તેમના સદ્ભાવમાં...**' અભવિ જેને કોઈ દિ' એક ભવ નહિ ઘટે એને નવ તત્ત્વની શ્રદ્ધાનો ભાવ તો છે, વિકલ્પ છે, રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેમના સદ્ભાવમાં...**' એટલે નવ તત્ત્વની શ્રદ્ધા, તેની શ્રદ્ધાની હયાતીમાં પણ '**અભવ્યોને...**' કોઈ દિ' મુક્તિ ન થાય એવા જીવને. આ તો દૃષ્ટાંત દીધો છે આમાં. '**શુદ્ધ આત્માના અભાવને લીધે...**' શુદ્ધ ભગવાન પૂર્ણાનંદ કંદ ચિદાનંદ. આહા..હા..! જેમ એ શક્કરકંદ જેમ મીઠાશ, શક્કર એટલે સાકર, સાકરની મીઠાશનો પિંડ છે શક્કરિયું. એ શક્કરિયું શક્કરિયું થઈ ગયું, બાકી શક્કરકંદ છે. શક્કરકંદ એ સાકરનો કંદ છે એ છાલ સિવાય. એમ ભગવાન આત્મા એકલો અતીન્દ્રિય આનંદનો કંદ છે. હવે ક્યાંય બિચારો પડ્યો રહ્યો આત્મા. ગૂંચવી માર્યો બહારમાં. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અંદર... '**દર્શનનો અભાવ છે;...**' કેમ? '**શુદ્ધ આત્માના અભાવને લીધે...**' નવ તત્ત્વની શ્રદ્ધા છે એ વિકલ્પ છે, રાગ છે, પુણ્ય છે. આહા..હા..! આ જગતના પદાર્થોની શ્રદ્ધા કે ભાઈ આ તાવ ઉપર શું કહેવાય ઈ? ક્વિનાઈન. ક્વિનાઈન લઈએ તો તાવ મટી જાય. આખા આવા કોળિયા લઈએ તો અંદરથી ભૂખ મટી જાય, અંદર ક્યાં જશે અને ક્યાં અટકશે એવી એને શ્રદ્ધા ખરી. બહારની શ્રદ્ધા એ તો પાપ શ્રદ્ધા છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ અહીં તો નવ તત્ત્વની શ્રદ્ધા એ વિકલ્પ છે, પુણ્ય છે, સમકિત નહિ. આહા..હા..! અધિકાર આવો આવ્યો મનસુખભાઈ! તાકડે કો'ક દિ' આવે. અહીં તો હમણા નથી આવ્યા ઘણા વખતથી. મનુભાઈનો છોકરો ગુજરી ગયો એટલે. સમજાણું કાંઈ? આહા..હા..!

પ્રભુ! તું કોણ છો? સર્વજ્ઞ જિનેશ્વરદેવે જેને આત્મા કહ્યો એ આત્મા તો અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે. એવા આત્માના શ્રદ્ધાન વિના નવ તત્ત્વની શ્રદ્ધા એ નિરર્થક છે. આહા..હા..! આકરી વાત છે. સંપ્રદાયમાં તો એ વાત છે જ નહિ ક્યાંય. સ્થાનકવાસીમાં, દેરાવાસીમાં, દિગંબરના વાડામાં પણ અત્યારે તો છે નહિ. વસ્તુ અંદર છે. શું થાય ભગવાન? માર્ગની રીત આખી ફેરવી નાખી જગતે. અરે..! ત્રિલોકનાથ જિનેશ્વરદેવ વીતરાગ પરમાત્મા એમ ફરમાવે છે કે અમારી શ્રદ્ધા નવ તત્ત્વમાં મોક્ષની, સંવર, નિર્જરાની... આહા..હા..! એ પણ એક રાગ છે. એવી શ્રદ્ધા દેવ-ગુરુ-શાસ્ત્રની અભવિ પણ કરે છે કહે છે. એવી નવ પ્રકારની શ્રદ્ધા. પણ એ કાંઈ સમ્યગ્દર્શન નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? છેને અંદર? આ તો છે એના અર્થ થાય છે. અંદર લખાણ છે કે નહિ? મનસુખભાઈ! ઓલા ચોપડામાં મેળવો છો કે નહિ દિવાળીને દિવસે અંદર? ઓલાને કહે, પાંચ હજાર લેણા છે મારી પાસે. ઓલો કહે નહિ, દસ હજાર લેણું છે. લાવો મેળવો. ઓલો શું કહેવાય દશેરાનો. દિવાળી પહેલાં દશેરાથી માંડે બધું. એમ આ તો ભગવાનના ચોપડા છે એની સાથે મેળવ તો ખરો તારી શ્રદ્ધાને. આહા..હા..! કહે છે, અભવિને નવ તત્ત્વની શ્રદ્ધા એ સમકિતનો આશ્રય નહિ. કેમકે તેમના સદ્ભાવ નવ તત્ત્વની શ્રદ્ધાની હયાતીમાં પણ અભવ્યને શુદ્ધ આત્માના અભાવને લીધે દર્શનનો-સમકિતનો અભાવ છે.

આહા..હા..!

હવે '**છ જીવ-નિકાય ચારિત્રનો આશ્રય નથી,...**' આ છ કાયની દયા એ ચારિત્ર નથી. આહા..હા..! ગજબ વાતું કરે છે! આ એકલા કહે કે દયા પાળો. છ કાયની જીવની દયા પાળો. એ દયા એ ધર્મ છે. અરે! સાંભળને પ્રભુ! તને ખબર નથી. છ કાયના જીવ એ સર્વજ્ઞ સિવાય ક્યાંય હોય નહિ એક તો. વીતરાગ જિનેશ્વરે કહેલા. એક બટાટા, શક્કરકંદ નહિ? આ શક્કરકંદ લ્યો કે આ ડુંગળી, લસણ, એક કટકી લ્યો રાય જેટલી એમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંતા જીવ. આ ત્યાં હતો અનંતકાળથી. માંડ બહાર નીકળ્યો ત્યાં ઘૂંચવાઈ ગયો ક્યાંક. આહા..હા..! છોટાભાઈ સાંભળે છે. કાન તો બરાબર સરવા રહ્યાને છોટાભાઈના. આંખ તો ભલે ગઈ. આહા..હા..! છેલ્લી છેને? આ કાન છેલ્લા છે પાંચમાં. છેલ્લે છેલ્લે. શ્રવણ માટે રહી ગયું છે. આંખ ચોથા નંબરની છે, પાંચમાં. આહા..હા..!

અહીં કહે છે '**છ જીવ-નિકાય...**' છ જીવ ભગવાને કહેલા નિગોદના જીવ, એવા છ કાય. પૃથ્વી, પાણી આવે છેને? એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, ત્રણ ઈન્દ્રિયા, ચૌ ઈન્દ્રિયા, પંચેન્દ્રિયા વૈયાવચ્ચ .. આવે. એ બધા છ જીવ-નિકાયની દયા એ શુભરાગ છે, એ ચારિત્ર નહિ. આહા..હા..! ગજબ વાત છે. છ જીવ-નિકાય સર્વજ્ઞ સિવાય, વીતરાગ સિવાય ક્યાંય છે નહિ. એ વીતરાગે કહેલા છ કાયના જીવ એની દયા એ પણ શુભરાગ છે, ધર્મ નહિ. એવી છ કાયની દયા પણ અભવિ પાળે છે. અનંતવાર પાળી. છે? આહા..હા..! '**છ જીવ-નિકાય ચારિત્રનો આશ્રય નથી,...**' આહા..હા..! કોને કહેવું ચારિત્ર? એ છ કાયની દયામાં ચારિત્ર નથી આવતું. એ તો રાગ છે. આહા..હા..! અહીં તો દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મુક્તિએ ગયા.. હાંકે ગાડા. ઓલા બિચારાને ખબર ન મળે સાંભળનારને. આહા..હા..!

અહીં કહે છે કે છ કાય જીવની દયાનો ભાવ એ ચારિત્ર નથી, એ તો રાગ છે. આહા..હા..! પર તરફના વલણવાળી વૃત્તિનું ઉત્થાન એ રાગ છે, એ ચારિત્ર નહિ. આહા..હા..! આવું કાને પડવું મુશ્કેલ, હવે એ બિચારા ક્યાં જાય? શું થાય? સાધુને ખબર નથી. વેશ લઈને બેઠા એને ખબર નથી. દયા પાળો, દયા પાળો જાવ. આહા..હા..! અમારે હીરાજી મહારાજ હતા બિચારા. આજે તિથિ છે ભાઈ એની. આઠમ લ્યો. ગુજરી ગયાની. ૫૯ વર્ષ થયા. ૭૪ના ચૈત્ર વદ આઠમ. કષાય મંદ બહુ, સંપ્રદાયની દૃષ્ટિ પ્રમાણે તો બહુ. આ નહિ, આ ધર્મની ખબર નહિ. બહુ કષાય મંદ હતા. આજ ગુજરી ગયા રસ્તામાં. ૭૪ના ચૈત્ર વદ આઠમ. એ ..થી જાવું હતું કાંપ. એમાં વચમાં આવ્યું હતું ખેરાળી. ખેરાળી છે ત્યાં રસ્તામાં ગુજરી ગયા. ડચુરો ચડ્યો તો રસ્તામાં ગુજરી ગયા આજે. બાળ્યા નવમે. અમે બીજે ગામ હતા તો અમે આવ્યા પછી. પણ એને આ કાને વાત પડી નહિ. આહા..હા..!

એ છ કાયના જીવની દયા, નિગોદની દયા, કહે છે કે શુભરાગ છે ભાઈ! એ પરવસ્તુ છે. એની દયાનો ભાવ એ ચારિત્ર નહિ, એ તો રાગ છે. આહા..હા..! કોણ કહે? એ વીતરાગ કહે પરમાત્મા. કહે છે કે અમે માનેલા, જાણેલા છ કાયના જીવ, એની પણ જે દયા પાળે તે અભવિ, છતાં ચારિત્ર નથી. આ તો અભવિનો દાખલો આપ્યો છે હોં! એમ બીજા પણ છ કાયની દયા પાળે માટે ચારિત્ર છે,

બિલકુલ નહિ. અનંતવાર એવું તો કર્યું છે. આહા..હા..! છ જીવ-નિકાય. છ જીવ-નિકાય. નિકાય એટલે સમૂહ-અનંત જીવનો સમૂહ. એ ચારિત્રનો આધર નથી. એ મોક્ષનો માર્ગ જે ચારિત્ર છે એનું એ કારણ નથી. આહા..હા..! અધિકાર સારો આવી ગયો. મનસુખભાઈ! આહા..હા..!

'કારણ કે **તેમના સદ્ભાવમાં...**' છ જીવ-નિકાયની દયાના ભાવમાં '**પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે...**' પણ ચિદાનંદ પ્રભુ આનંદનો નાથ આત્મા એની એને ખબર નથી. આહા..હા..! એનો આશ્રય ન લીધો એણે. આહા..હા..! સમજાણું કાંઈ? '**શુદ્ધ આત્માના અભાવને લીધે ચારિત્રનો અભાવ છે.**' આહા..હા..! અમારે હીરાજી મહારાજ કહેતા બિચારા. ... જ્ઞાનીનો એ સાર છે. ... કોઈ પ્રાણીને ન હણવો એ જ્ઞાનીનો સાર. એ અહિંસા.. અહિંસા એ સિદ્ધાંતનો સાર છે. .. એ જાણ્યું એણે બધું જાણ્યું, એમ બિચારા કહેતા. એ અહીં કહે છે કે એ તો રાગ છે. આહા..હા..! અરેરે! પોતાની દયા કેમ પાળવી એની ખબર ન મળે. પરની દયા પાળવા નીકળી ગયો. આ જીવદયા મંડળી નથી કરતા? પછી મોઢા આગળ રાખે શેઠિયાને જરી .. દયા મંડળીના પ્રમુખ છે આ, ફલાણા અને ઢીંકણા. એ બધો અંદર શુભરાગ. આહા..હા..! એણે કાંઈક ધર્મ કર્યો છે, એનું આરચણ બહુ સારું સદાચરણ છે એમ કહે છે. દયા પાળે, વ્રત પાળે, અપવાસ કરે સદાચરણ છે. કહે છે કે એવા સદાચરણ અનાચાર છે એ તો. આહા..હા..! રાગ છે. એવા આચરણને પાળતા થકા..

'**અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે ચારિત્રનો અભાવ છે.** ' આહા..હા..! છ કાયની દયા એવી (પાળે કે) એને માટે એક એકેન્દ્રિયનો પ્રાણ હણાય, લીલોતરીનો એક દાણો હણાય તો આહાર ન લે. પાણીનો એક બિંદુ એમા અસંખ્ય જીવ છે. આ ટાઢું પાણી, કૂવાનું, નદી-કૂવા. એક બિંદુમાં અસંખ્ય જીવ. એને કોઈ હણીને પાણી આપે તો એ પાણી પ્રાણ જાય તો ન લે. એવી જેને દયાનો ભાવ, પણ એ બધો રાગ છે. એ દયાના ભાવ આવા હોવા છતાં એમની હયાતીમાં અભવ્યોને ચારિત્ર નથી. આહા..હા..! ચારિત્રનો અભાવ છે. '**શુદ્ધ આત્માના જ જ્ઞાનનો...**' હા, બસ એટલું. ત્રણ આવી ગયું હવે. '**શુદ્ધ આત્માના અભાવને લીધે ચારિત્રનો અભાવ છે.** ' આહા..હા..! જેમાં ભગવાન ભળ્યો નથી. ચિદાનંદ પ્રભુ આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞે કહ્યો એવો હોં! અજ્ઞાની કહે એ નહિ. જિનેશ્વર પરમેશ્વરે કહ્યો એવો જે આત્મા, એના આશ્રય વિના અભવિ છ કાયની દયા પાળે, વ્રત પાળે, પંચમહાવ્રત (પાળે), છ કાયનું નામ આપ્યું. બાકી અહિંસા વ્યવહાર. એમાં સત્ય, દત્ત, બ્રહ્મચર્ય પાંચેય મહાવ્રત આવી ગયા. એ પાંચેય મહાવ્રત એ રાગ છે, એ ચારિત્ર નહિ. અહીં તો પાંચ મહાવ્રતના નામ લે તો થઈ ગયું ચારિત્ર. દીક્ષા લીધી, રાંડીરાંડ બાય હોય, પછી કાંઈ (હોય નહિ એટલે લઈ લીધા) પાંચ મહાવ્રત, થઈ ગયા ચારિત્ર. જય નારાયણ. અરે! બાપુ! ભાઈ! તેં જિનેશ્વર માર્ગને જાણ્યો નથી, બાપુ! આહા..હા..!

ભગવાન ત્રિલોકનાથ તો એમ કહે છે. પ્રભુ તો બિરાજે છે સીમંધર પરમાત્મા મહાવિદેહક્ષેત્ર. વર્તમાન મોજૂદ છે ત્યાંથી આવેલી આ વાત છે. આહા..હા..! ભગવાન બિરાજે છે સીમંધર પ્રભુ. વીસ તીર્થંકર વિહરમાન મહાવિદેહમાં મોજૂદ છે. પાંચસો ધનુષનો દેહ છે. આહા..હા..! કરોડ પૂર્વનું આયુષ્ય

છે. કરોડ પૂર્વ. એક પૂર્વમાં સીત્તેર લાખ છપ્પન હજાર ક્રોડાક્રોડ એટલા તો વર્ષ જાય એક પૂર્વમાં. એવા એવા કરોડ પૂર્વનું આયુષ્ય છે. બિરાજે છે ઘણા વર્ષથી, હજી બિરાજે છે. આવતા તેરમા તીર્થંકર અહીં થાશે ત્યારે મોક્ષ જાશે. એ ભગવાનના મુખથી વાણી આવી છે આ. સમજાણું કાંઈ? આહા..હા..! આ સામાયિક વખતે નથી પગે લાગતા આમ? જય ભગવાન. સામાયિકની આજ્ઞા લેને.

**શ્રોતા :–** સીમંધર ભગવાનની આજ્ઞા લે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સીમંધર ભગવાનની. એને નથી સીમંધર ભગવાનની ખબર કોણ છે. આહા..હા..!

**શ્રોતા :–** પાઠમાં સીમંધર ભગવાનનું નામ જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શ્વેતાંબરમાં છે જ નહિ. શ્વેતાંબરમાં તો કલ્પિત બનાવ્યાને શાસ્ત્રો. એ કાંઈ ભગવાનના કહેલા શાસ્ત્ર નથી. આકરું લાગે પ્રભુ, શું કરીએ? આહા..હા..! એ બત્રીસ, પીસ્તાલીસ સૂત્ર એ કાંઈ ભગવાનના કહેલા નથી. એ તો શ્વેતાંબરના સાધુ નીકળ્યા દિગંબરમાંથી એણે બનાવ્યા છે. પ્રભુ! આવી વાત છે હોં! ઊંડી વાત છે, ભાઈ! આહા..હા..!

ચારિત્રનો એને અભાવ છે. એ છકાયની દયા અને પંચમહાવ્રત. છ કાયની તો એક વાત લીધી. અહિંસા વ્યવહારઅહિંસા. છ કાયને ન મારવું એ વ્યવહાર અહિંસા. એમાં ચાર મહાવ્રત બીજા આવી જાય. સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ બધું. જાવજીવ બ્રહ્મચર્ય પાળે કાયા વડે, છતાં એ તો વિકલ્પ રાગ છે. બ્રહ્માનંદ ભગવાન અંદર બ્રહ્મસ્વરૂપ આત્મા આનંદ એનો જ્યાં આશ્રય નથી તેને ચારિત્ર નથી. આહા..હા..! આવી વાત સાંભળવી મુશ્કેલ પડે. ભગવાન! શું કરે? માર્ગ તો પ્રભુ આવો છે, ભાઈ! જિંદગી ચાલી જશે એમ બફમમાં ને બફમમાં. આહા..હા..! ભગવાનનો આશ્રય નહિ લે, પ્રભુ! એ જિંદગી નિરર્થક જશે. ગધેડાને અને કૂતરાને મનુષ્યપણું મળ્યું નથી અને આને મળ્યું પણ આ સમજણની આ દૃષ્ટિ નહિ કરે તો મળ્યું ન મળ્યું એને માટે છે. આહા..હા..! એ ત્રણની વાત કરી.

હવે સવળી લે છે. '**શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે,...**' છે? સમ્યગ્જ્ઞાનમાં તો આત્માનો આશ્રય છે. આહા..હા..! સમ્યગ્જ્ઞાનની દશામાં આત્મા નિમિત્ત છે. આહા..હા..! હવે આત્મા કોણ તેની ખબરું ન મળે. એને જ્ઞાન થઈ જાય અને એને સમ્યગ્દર્શન થાય અને એને ચારિત્ર થઈ જાય. આહા..હા..! અરેરે! '**શુદ્ધ આત્મા જ...**' છેને? શુદ્ધ આનંદકંદ પ્રભુ નિર્મળ વિજ્ઞાનઘન આહા..હા..! એવો જે પ્રભુ આત્મા એ જ '**જ્ઞાનનો આશ્રય છે,...**' સમ્યગ્જ્ઞાન, સત્યજ્ઞાન, મોક્ષના કારણરૂપ જ્ઞાન એનો આધાર તો આત્મા છે. આહા..હા..! ઘરે તો આ વખત પણ મળે નહિ સાંભળવાનો. પુસ્તક લે શેઠિયા હોય એટલે. પડ્યું હોય ત્યાં કપાટ. શું કહેવાય? કપાટમાં. બારી, કપાટ સિવાય શું કહેવાય આ? મોટા કપાટ નહિ, એ સિવાય હોયને બારીને ભેગું. અલમારી. લ્યો, તમારું નામ ભૂલી જઈએ છીએ. અલમારીમાં પડ્યા હોય. આહા..હા..!

'**શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે,...**' એટલે? મોક્ષનો માર્ગ જે સમ્યગ્જ્ઞાન એ જ્ઞાનનો આધાર, આશ્રય, નિમિત્ત તો આત્મા છે. આત્માને આધારે સમ્યગ્જ્ઞાન થાય છે. આત્માના આશ્રયે થાય

છે એ પણ એક વ્યવહારથી કથન છે. સમજાણું કાંઈ? આહા..હા..! જેને સર્વજ્ઞ જિનેશ્વરદેવ સમ્યગ્જ્ઞાન કહે છે એ સમ્યગ્જ્ઞાન સત્યજ્ઞાન મોક્ષનું કારણ એનો આશ્રય તો આત્મા છે. આત્માને લક્ષે જ્ઞાન સમ્યક્ થાય છે, પરને લક્ષે સમ્યગ્જ્ઞાન થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે, કારણ કે આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્ભાવમાં...**' કહે છે કે શાસ્ત્રનું જ્ઞાન હો કે ન હો. આહા..હા..! તુષમાષ. કેવા? શિવભૂતિ. શાસ્ત્રજ્ઞાન નહોતું, શબ્દજ્ઞાન નહોતું. આત્મજ્ઞાન હતું. આહા..હા..! અહીં કહે છે, '**આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્ભાવમાં...**' હોય કોઈને .. કે ન હો પણ તેના આત્માના '**સદ્ભાવથી જ જ્ઞાનનો સદ્ભાવ છે;...**' આહા..હા..! જેણે આત્માની દૃષ્ટિ કરી છે એને જ્ઞાન છે, બીજાને જ્ઞાન સાચું હોતું નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ઘરે આ સમજાય એવું નથી, મનસુખભાઈ! એકલા ધંધા આડે. લોઢાના શું છે? કાંઈક છે ખરું. સાચી એની વાત. ઓલા અરબસ્તાનમાંથી આવે છે, ઓલા વહાણના વહાણ ભરી ભરીને. આ લોઢાનું તો તમારે છે એને ધંધો (ઈ છે). ભાવનગરમાં ભાઈ રહે છે. લોઢાનો. આ બધાને લોઢાના ધંધા છે અજ્ઞાનના. આહા..હા..!

'**શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે,...**' આહા..હા..! જેણે વર્તમાન જ્ઞાનની દશામાં આત્મા લક્ષમાં, ધ્યેયમાં લીધો તેને જ્ઞાન સાચું છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ભાષા તો સાદી છે. ભાવ ભલે ઊંચા હોય પણ ન સમજાય એવું કાંઈ નથી, સમજાય એવું છે. આહા..હા..! '**શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે, કારણ કે આચારાંગ આદિ શબ્દશ્રુતના...**' જ્ઞાન હો કોઈને કે ન હો, પણ '**તેના સદ્ભાવથી જ્ઞાનનો સદ્ભાવ છે;...**' આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ પ્રભુ ત્રિકાળ, એનો જેણે આશ્રય લીધો, એને જ જ્ઞાન સાચું છે. પછી કોઈને શાસ્ત્રજ્ઞાન એને હો કે ન હો, પણ આત્માના આશ્રયે જ્ઞાન થયું તે જ્ઞાન છે. આહા..હા..! એ આત્મા શું એની તો વાતું ન મળે. આ કરો ને આ કરો. પણ આત્મા કોણ છે અંદર શું છે? ખબરં ન મળે. આત્મા છે કાંઈક. આ દયા પાળે એ આત્મા, હિંસા કરે એ આત્મા. અરે! ભગવાન! આહા..હા..! જેને કલ્યાણ કરવું હોય એને માટે છે. પછી ગૃહસ્થ હો કે ત્યાગી હો. આહા..હા..!

'**શુદ્ધ આત્મા જ...**' છેને? '**જ્ઞાનનો સદ્ભાવ છે;...**' આહા..હા..! એટલે શું કહ્યું? શાસ્ત્રજ્ઞાન હો અને કોઈને ન પણ હો, પણ જે જ્ઞાનમાં આત્મા આવ્યો તેને સમ્યગ્જ્ઞાન છે. ત્રિકાળી ભગવાન આત્માની જેને જ્ઞાનદશા થઈ, આત્મજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન નહિ. આ બાજુ ભગવાન આત્મા ચિદાનંદ શાશ્વત અનાદિઅનંત ધ્રુવ છે એ સમ્યગ્જ્ઞાનનો આશ્રય છે. આહા..હા..! તેને સમ્યગ્જ્ઞાન મોક્ષનું કારણ તેને પ્રગટે છે. આહા..હા..! અહીં તો વ્યવહાર હો કે ન હો, પણ સ્વને આશ્રયે નિશ્ચય મોક્ષમાર્ગ છે એમ કહે છે. આહા..હા..! આ તો અત્યારે રાડ આખી એ વ્રત કરો, તપ કરો, અપવાસ કરો, ભક્તિ, પૂજા, જાત્રાઓ કરો, એ કરતાં-કરતાં ધર્મ થાશે. આહા..હા..! ગજબ બાપુ! ભાઈ! તારી જિંદગી જાય છે. આવો અવસર મળવો મુશ્કેલ છે, ભાઈ! આહા..હા..! આ તો આત્માના હિતની વાત છે. તને એમ લાગે કે અરરર! આ તો વ્યવહાર ઉથાપાઈ જાય છે, પણ વ્યવહાર વસ્તુ જ નથી ધર્મની

એમ કહે છે અહીં તો. આહા..હા..! વ્યવહારુ જ્ઞાન, વ્યવહારુ શ્રદ્ધા, વ્યવહારુ દયા એ ત્રણે ધર્મ જ નથી. આહા..હા..! જે ધર્મ નથી એ ધર્મનું કારણ થાય? વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાશે. લસણ ખાતા ખાતા કસ્તુરીનો ડકાર—ઓડકાર આવશે. ધૂળેય નહિ આવે સાંભળને. આહા..હા..! જ્યાં ભગવાન ત્રણલોકના નાથે જે ધર્મના નિયમ સિદ્ધ કર્યા એની તને ખબર ન મળે. આહા..હા..!

'**શુદ્ધ આત્મા જ જ્ઞાન છે...** ' છેને? '**તેના સદ્ભાવથી જ જ્ઞાનનો સદ્ભાવ છે;...** ' લ્યો! '**શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે,...**' સમ્યગ્દર્શન જેને કહે ભગવાન, એનો આશ્રય અને લક્ષ તો આત્મા છે. એ નવ તત્ત્વની શ્રદ્ધા રાગ એનો આશ્રય નવ તત્ત્વ છે, એ સમ્યગ્દર્શન નહિ. આહા..હા..! આવી વાત સાંભળવી. ઓલા તો કહે નવ તત્ત્વ? નવ તત્ત્વની પણ ખબર નહિ, હજી નામ પણ ન આવડતા હોય અને નવ તત્ત્વ અમને ભગવાનની શ્રદ્ધા છે, અમારે શ્રદ્ધા સમકિત છે. વ્રત લઈ લ્યો ચારિત્ર. એકડા વિનાના મીંડા છે. આહા..હા..! સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એટલે સમજાય તો તો કલ્યાણ થાય, પણ શું કહેવાય છે પદ્ધતિ? એની ગંધ આવે છે? આહા..હા..! '**શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે,...**' સમ્યગ્દર્શનનો આશ્રય આત્મા છે. નવ તત્ત્વ નહિ. આહા..હા..! જેને સમ્યગ્દર્શન ચોથું ગુણસ્થાન કહીએ, શ્રાવક થવા પહેલા. આ વાડાના જે શ્રાવક છે એ શ્રાવક બાવક નથી. એ તો બધા સાવજ છે. મોહનભાઈ! અહીં તો ચોખ્ખી વાત છે. અહીં કાંઈ ગુપ્ત રાખીને વાત નથી કાંઈ. આહા..હા..!

કહે છે કે શુદ્ધ આત્મા જ સમ્યગ્દર્શન છે. આહા..! એ દર્શનનો આશ્રય છે. '**કારણ કે જીવ આદિ નવ પદાર્થોની...** ' શ્રદ્ધા હો કોઈને અને એ ન પણ હો, પણ '**(અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ દર્શનનો સદ્ભાવ છે;...**' આહા..હા..! શુદ્ધ ચિદ્ઘન આત્મા, પ્રભુ પૂર્ણાનંદનો નાથ, સમ્યગ્દર્શન એને આશ્રયે છે. ખરેખર સમ્યગ્દર્શનની પર્યાયમાં આત્મા ત્રિકાળ છે તેની શ્રદ્ધા છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? જીવ આદિ નવ પદાર્થની હયાતીમાં-સદ્ભાવમાં કે ન હો, '**(અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ દર્શનનો સદ્ભાવ છે;...** ' આહા..હા..!

હવે '**શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે,...**' ચારિત્ર એને હોય કે જેને શુદ્ધ આત્માનો આશ્રય આવ્યો. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો રસકંદ છે. જે ભગવાનને અતીન્દ્રિય આનંદ પ્રગટ્યો અરિહંત પરમાત્માને એ આવ્યો ક્યાંથી? બહારથી કોઈ લટકે છે? આવે છે? આહા..હા..! અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ છે, એવો અતીન્દ્રિય આનંદનો નાથ એને આશ્રયે ચારિત્ર હોય છે. આહા..હા..! એ છ કાયના જીવ કે પંચમહાવ્રતને આશ્રયે ચારિત્ર હોતું નથી. આહા..હા..! આવી વાતું માણસને કોક દિ' કાને પડે તો એવું લાગે કે આ તે શું આવો જૈનધર્મ હશે આવો? આ વીતરાગનો માર્ગ આવો હશે? અરે! બાપુ! તેં સાંભળ્યું નથી, ભાઈ! આહા..હા..! જિનવર પરમેશ્વર ત્રિલોકનાથ, ચારિત્રનો આશ્રય તો આત્મા કહે છે. છ કાયની દયા અને પંચમહાવ્રત તે ચારિત્રનો આશ્રય નહિ. આહા..હા..! અને એ પંચમહાવ્રત પાળે માટે પછી ચારિત્ર થાશે એમ નહિ. આહા..હા..! જ્યારે એને ચારિત્ર થશે ત્યારે એને આત્માનો આશ્રય આવશે. સમજાણું કાંઈ? ભગવાન અતીન્દ્રિય આનંદનો

નાથ, સુખનો સાગર પ્રભુ છે. આ બહારમાં સુખ ગોતે છે. પૈસામાં ને બાયડીમાં ને ધૂળમાં. ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા... પાપની.

**શ્રોતા :–** સુખ ન હોય તો કાંઈ નહિ, પણ સગવડ તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દુઃખ છે, દુઃખ છે એની કોરના લક્ષમાં. સુખ તો નથી પણ દુઃખ છે. આહા..હા..! અહીં તો નવ તત્ત્વની શ્રદ્ધાનો રાગ એ દુઃખ છે, શાસ્ત્રનું જ્ઞાન એ દુઃખ છે. આહા..હા..! પંચમહાવ્રતના પરિણામ એ દુઃખ છે. અરે! પ્રભુ! આહા..હા..! છે?

'**શુદ્ધ આત્મા જ...**' 'જ' છે હોં પાછું એકાંત. કથંચિત્ ચારિત્ર આત્માને આશ્રયે અને કથંચિત્ ચારિત્ર પંચમહાવ્રતને આશ્રયે એમ નથી. આહા..હા..! 'જ' છેને? '**શુદ્ધ આત્મા જ...**' સમ્યગ્જ્ઞાનમાં પણ એમ લીધું. '**શુદ્ધ આત્મા જ સમ્યગ્જ્ઞાન છે,...**' કથંચિત્ શાસ્ત્રજ્ઞાન એ સમ્યગ્જ્ઞાન અને કથંચિત્ આત્માનું જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન એમ નથી. તેમ નવ તત્ત્વની શ્રદ્ધા કથંચિત્ સમ્યગ્દર્શન અને કથંચિત્ આત્માની શ્રદ્ધા સમ્યગ્દર્શન (એમ નથી). એક આત્માને આશ્રયે જ દર્શન હોય છે. એક આત્માને આશ્રયે જ્ઞાન અને આત્માને આશ્રયે (ચારિત્ર હોય છે). ભગવાન પૂર્ણાનંદ પ્રભુ અંદર વીતરાગે કહ્યો આત્મા, એ અતીન્દ્રિય આનંદના કંદનો આશ્રય લે તો ચારિત્ર છે. આહા..હા..! એ પંચમહાવ્રતના ભાવ એના પણ અત્યારે તો ઠેકાણા નથી. એનાથી ચારિત્ર થાય અને ધર્મ થાય એ ત્રણકાળમાં નથી. આહા..હા..! આ વીતરાગનું સ્વરૂપ હશે આવું? વીતરાગે કહ્યું હશે? પણ કોઈ દિ' ભાઈ અમે તો સાંભળ્યું નહોતું. લ્યો! એક ઈન્દ્રિયા, બે ઈન્દ્રિયા, તસ્સમિચ્છામી દુક્કડમ. તાવકાણં ઠાણેણં માણેણં જાણેણં અપ્પાણં વોસરે. લોગ્ગસ .. સિદ્ધાસિદ્ધિ મમંદિસંતુ. આવું તો ગડિયા સાંભળ્યા હતા. ચંદુભાઈ!

**શ્રોતા :–** બધું ભૂલાઈ ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :– પૂજ્ય ગુરુદેવશ્રી :–** ગૃહીત મિથ્યાત્વ એકલું મિથ્યાત્વ. વિપરીત માન્યતાના ભાવ, પણ શું થાય? અરેરે..!

'**શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે,...**' જોયું! એ પંચમહાવ્રતના ભાવ એ ચારિત્રનો આશ્રય નહિ. એને પાળતા-પાળતા અંદર નિશ્ચયચારિત્ર થાય એમ નહિ એમ કહે છે. આહા..હા..! '**કારણ કે છ જીવ-નિકાયના સદ્ભાવમાં...**' કહે છે કે કોઈને પંચમહાવ્રતના વિકલ્પ હો અને કોઈને ન હો, પણ ચારિત્ર તો આત્માના આશ્રયે છે. પંચમહાવ્રતને આશ્રયે ચારિત્ર નથી. આહા..હા..! '**કારણ કે છ જીવ-નિકાય...**'ની હયાતી પાળતો હોય દયા બરાબર પંચમહાવ્રત કે ન હો પંચમહાવ્રત, તેના સદ્ભાવથી એટલે શુદ્ધ આત્માની હયાતી, એનો જેણે આશ્રય લીધો એને ચારિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે કે નહિ આમાં? મનસુખભાઈ! લખાણ છે. અત્યારના નથી હોં! આ સોનગઢના નથી. કેટલાક કહે છે, આ સોનગઢે નવું કાઢ્યું. આ તો ભગવાનનું છે અનાદિનું અનંત તીર્થંકરનું, બાપુ! આહા..હા..!

'**શુદ્ધ આત્માના સદ્ભાવથી જ ચારિત્રનો સદ્ભાવ છે.** ' લ્યો! આહા..હા..! ચૈતન્યઘન

પ્રભુ, વિજ્ઞાનઘન, શ્રદ્ધાઘન, આનંદઘન, ચારિત્રઘન વસ્તુ ત્રિકાળી એને આશ્રયે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે. 'आदा खु मज्झ णाणं' સમ્યગ્જ્ઞાન તે આત્મા છે એટલે આત્માનો આશ્રય તે આત્મા છે એમ. કહો, સમજાણું કાંઈ? આ બીજો પેરેગ્રાફ થયો. પહેલો. એ પહેલો સાર આમાં આવી ગયો, ભેગુ આવી ગયું. વ્યવહાર હોય છે છતાં નિશ્ચય નથી અને વ્યવહાર ન હોય તો પણ નિશ્ચય છે તો એ ધર્મ છે. વિકલ્પ પણ ક્યાં છે? આત્મા ધ્યાન આદિમાં હોય ત્યારે. છતાં ચોથે, પાંચમે, છઠ્ઠે પણ જેને આત્માનો આશ્રય છે એટલું ચારિત્ર છે. પંચમહાવ્રત વિકલ્પ છે એને આશ્રયે ચારિત્ર નથી. આહા..હા..! એમ કહે છે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**વૈશાખ વદ-૭, સોમવાર, તા. ૦૯-૦૫-૧૯૭૭,**
**ગાથા-૨૭૬-૨૭૭, પ્રવચન નં. ૩૩૬**

સમયસાર, ૨૭૬-૭૭ની ટીકા. ટીકાથી લઈએ. **'આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે...'** એ શું કહ્યું? કે વીતરાગે કહેલા શાસ્ત્રો એ સિવાયના બીજાના કહેલા શાસ્ત્રો એ તો વ્યવહારુ પણ શબ્દજ્ઞાન નહિ. એથી આચારાંગ આદિ શબ્દ નામ આપ્યા. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગે કહેલા શાસ્ત્રો આચારાંગ, સૂયગડાંગ એ આચારાંગ આદિ એટલે અગિયાર અંગ એ શબ્દશ્રુત છે. એ શબ્દનું જ્ઞાન છે માટે શબ્દશ્રુત છે, એ આત્મજ્ઞાન નહિ. આહા..! **'કારણ કે તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે,...'** એ શાસ્ત્રો જે છે સર્વજ્ઞના કહેલા હોં! એ પણ જે વર્તમાન જ્ઞાન પરલક્ષી થાય એમાં એ નિમિત્ત છે. ૨૭૬. સમજાણું કાંઈ? આચારાંગ આદિ શબ્દ મૂકવાનું કારણ આ. સર્વજ્ઞ સિવાય જેટલા અન્યમતિઓએ કહેલા, શ્વેતાંબરમાં પણ કહેલા એ આચારાંગ આદિ શાસ્ત્ર નહિ. ઝીણી વાત છે. કારણ કે એ તો એમના કલ્પિત બનાવેલા છે. પણ સર્વજ્ઞ પરમેશ્વરે જે શાસ્ત્ર કહ્યા એ આચારાંગ આદિ શબ્દશ્રુત છે. એ શબ્દશ્રુત જે વાણી છે એનું જ્ઞાન છે. તેથી શબ્દશ્રુતજ્ઞાન કહેવામાં આવે છે.

**'કારણ કે તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે,...'** શબ્દો, વર્તમાન પરલક્ષી જ્ઞાનમાં શબ્દો નિમિત્ત છે. પરલક્ષી જ્ઞાન એ વાસ્તવિક જ્ઞાન નથી. અહીં વ્યવહારને નિષેધ કરવો છે તો વ્યવહાર પહેલો બતાવે છે કે વીતરાગના કહેલા શાસ્ત્રો એનું જે જ્ઞાન એ પણ શબ્દજ્ઞાન છે. આહા..હા..! કેમકે એમાં શબ્દશ્રુત નિમિત્ત છે. છે જ્ઞાનની પર્યાય પોતામાં પરલક્ષી, પણ તેમાં શબ્દો નિમિત્ત છે તેથી તેને શબ્દશ્રુત જ્ઞાન કહે છે, એ વ્યવહાર છે, એ નિષેધ કરવાલાયક છે. આહા..હા..! આવી વાત છે. કેમકે એ શબ્દશ્રુતજ્ઞાન.. જ્ઞાન એટલે? પરલક્ષી વર્તમાન જ્ઞાનનો ઉઘાડ એમાં શબ્દશ્રુત નિમિત્ત છે. નિમિત્ત છે માટે તેને શબ્દશ્રુતજ્ઞાન કહ્યું છે, એ આત્મજ્ઞાન નહિ, સમ્યગ્જ્ઞાન જે આત્માનું એ જ્ઞાન નહિ.

આહા..હા..! આ મોટા વાંધા ઉઠાવે. આજે લખાણ છે બધું ઘણું. ઓલા મૂળગુણો પાળે અઠ્યાવીશ ત્યારે તેને શુદ્ધોપયોગ થાય, તે વિના શુદ્ધોપયોગ ત્રણકાળમાં ન થાય. અહીં કહે છે કે જે મૂળગુણ છે એ ચારિત્રમાર્ગ છે. અહીંયાં પહેલી જ્ઞાનની વાત લીધી છે. ચાહે તો ચરણાનુયોગનું જ્ઞાન હો, દ્રવ્યનાનુયોગનું હો, કરણાનુયોગનું હો કે ધર્મકથાનું હો, પણ વીતરાગે કહેલી જે ચાર અનુયોગની કથા કે શાસ્ત્ર તે પણ શબ્દશ્રુતજ્ઞાન છે. કેમકે એ બધા શબ્દો છે તેનું અહીં જ્ઞાન છે. આહા..હા..! તે જ્ઞાનની દશામાં શબ્દો નિમિત્ત આશ્રય છે માટે તેને શબ્દશ્રુતજ્ઞાન કહે છે.

'**જીવ આદિ નવ પદાર્થો...**' આ પહેલો વ્યવહાર-વ્યવહાર છે એ સિદ્ધ કરે છે કે હો વ્યવહાર, પણ એ કાંઈ ધર્મ નથી, જ્ઞાન નથી. એ કાંઈ જ્ઞાન નથી એટલે મોક્ષના માર્ગનો ઉપાય નથી. આહા..હા..! ચીમનભાઈ! છે એમાં? બીજો બોલ. જીવાદિ નવ પદાર્થો એ ભગવાને કહેલા છે. અન્યમતમાં એ નવ પદાર્થ ક્યાંય છે નહિ. એ પણ દિગંબર શાસ્ત્રમાં કહેલા સર્વજ્ઞોએ નવ પદાર્થ, એનું નવ પદાર્થનું દર્શન છે એને વ્યવહાર સમકિત કહે છે. એ નવ પદાર્થોનું દર્શન છે, નવ ભેદવાળા નવ. એમાં '**કારણ કે તે (નવ પદાર્થો) દર્શનનો આશ્રય છે,...**' એ નવ પદાર્થ વ્યવહારસમકિત એટલે વિકલ્પ એટલે રાગ એમાં એ નવ પદાર્થો નિમિત્ત અને આશ્રય છે. માટે, નવ પદાર્થનું દર્શન તેને વ્યવહારસમકિત, રાગ કહેવામાં આવે છે. સર્વજ્ઞે કહેલા સિવાય તત્ત્વોની વાત તો વ્યવહારના નિમિત્તમાં પણ એ આવતું નથી. એ તો વ્યવહારમાં પણ આવતું નથી. આહા..હા..! છે?

ત્રીજું. '**છ જીવ-નિકાય ચારિત્ર છે...**' છ જીવ-નિકાય ચારિત્ર છે. આહા..હા..! છ જીવનો સમૂહ છે તે ચારિત્ર છે. કેમ? કે તેના તરફ લક્ષ જાય છે વ્યવહારઅહિંસા, દયાનો, રાગનો તો રાગમાં એ છ કાયના જીવ નિમિત્ત છે. એ રાગ વ્યવહાર છે તેમાં છ કાયના જીવ નિમિત્ત છે. એટલે છ કાયના જીવને ચારિત્ર કીધું વ્યવહાર. ઓલામાં શબ્દશ્રુતમાં આચારાંગ આદિ લીધું. વ્યવહારના હોં! બધો વિકલ્પ છે એ નિષેધ કરવાલાયક છે, એ વસ્તુ નથી. એ કહેશે હમણા. બીજામાં નવ પદાર્થ લીધા, ત્રીજામાં છ જીવ-નિકાય (લીધા). છે પંચમહાવ્રત. પણ એમાં છ જીવની કાય જે સમૂહ, અનંત જીવોનો સમૂહ તે દયાના રાગમાં નિમિત્ત છે. એને મુખ્ય ગણીને બીજા ચાર મહાવ્રત એ વ્રતમાં વાડ તરીકે આવી જાય છે. એથી એ છ જીવ-નિકાયને વ્યવહાર વિકલ્પ જે રાગ છે એમાં એ છ જીવ-નિકાય નિમિત્ત છે તેથી, છ જીવ-નિકાય વ્યવહારચારિત્ર છે, રાગ છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે તો પંચમહાવ્રત આમાં લેવાના છે, પણ છ જીવ-નિકાય અનંત આત્માઓ નિગોદના એ બધા અનંત જીવનો સમૂહ, અનંત સિદ્ધનો સમૂહ એવા જે જીવ, અજીવ નવ પદાર્થ તે શ્રદ્ધાનો આશ્રય છે, નિમિત્ત છે, તેથી તેને વ્યવહારદર્શનમાં નિમિત્ત ગણીને નવ પદાર્થ જ દર્શન છે એમ કીધું. આહા..હા..!

ત્રીજામાં '**છ જીવ-નિકાય ચારિત્ર છે,...**' એમ કીધુંને? આહા..હા..! છ જીવ-નિકાય એ સર્વજ્ઞ સિવાય એ વાત છે નહિ. અનંત સિદ્ધ અને અનંત નિગોદ ને, એથી સર્વજ્ઞે કહેલા છ જીવ-નિકાયનો સમૂહ પણ એ પર છે, તેથી દયાના રાગમાં તે છ જીવ-નિકાયનો આશ્રય નિમિત્ત છે, તેથી છ જીવ-નિકાયને વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે. વ્યવહારચારિત્ર તો રાગ છે પણ રાગમાં છ જીવ-

નિકાય નિમિત્ત છે, તેથી તેને વ્યવહાર વિકલ્પ રાગ કહેવામાં આવે છે. અને છ જીવ-નિકાય એક જ દયા લીધી, પણ એમાં ચારેય મહાવ્રત અસત્ય, અદત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ ચારેય સમાય છે. એ ચારેય મહાવ્રતના વિકલ્પો એને છ જીવ-નિકાયમાં ગણીને એ વિકલ્પનું નિમિત્ત એ છે માટે છ જીવ-નિકાય ચારિત્ર છે એમ કહેવામાં આવે છે. આહા..હા..!

**શ્રોતા :–** આવું નિમિત્ત જેને ન હોય એને તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એને સમ્યગ્દર્શન નિશ્ચયથી હોઈ શકે જ નહિ. પૂર્ણ ન હોય એને ન હોય, પણ સાધકજીવ હોય એને વિકલ્પ આવો હોય વ્યવહાર, છતાં એ નિષેધવાલાયક છે, ધર્મ નથી. શબ્દશ્રુતનું જ્ઞાન પણ નિષેધ કરવાલાયક છે એ કહેશે. નવ પદાર્થની શ્રદ્ધાનો વિકલ્પ છે એમાં નવ પદાર્થ નિમિત્ત છે, પણ નિષેધ છે, બંધનું કારણ છે અને છ જીવ-નિકાય એના પાંચ મહાવ્રત એમાં આવી જાય છે ભેગા, એ છ જીવ-નિકાયને ગણીને, નિકાય—જીવનો સમૂહ આખો, અનંત નિગોદ આદિ. આહા..હા..! અને અનંત સિદ્ધો આદિ. એ સર્વજ્ઞમાં જ હોય છે, બીજે હોતું નથી. પણ એ ભગવાને કહેલા છ જીવ-નિકાય અને પંચમહાવ્રત વ્યવહાર એ વ્યવહારચારિત્ર એટલે રાગ. એ રાગમાં એ આશ્રય હોવાથી, રાગમાં એ નિમિત્ત હોવાથી તેને વ્યવહારચારિત્રનો આરોપ આપવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? છ જીવ-નિકાય ચારિત્રનો આશ્રય છે. એ વ્યવહાર વિકલ્પમાં છ જીવ-નિકાયનું નિમિત્ત છે, એથી એને છ જીવ-નિકાયને જ વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે. હવે '**એ પ્રમાણે વ્યવહાર છે;...**' છેને. એ પ્રમાણે વ્યવહાર છે. સાધક જીવને આત્માને આશ્રયે જ્ઞાન થયું છે, દર્શન થયું છે, ચારિત્ર થયું છે એને પરાશ્રયનો આવો એક વિકલ્પ હોય છે, પણ એ હેય છે. આહા..હા..! '**એ પ્રમાણે વ્યવહાર છે;...**' હવે નિશ્ચય.

'**શુદ્ધ આત્મા જ્ઞાન છે...**' એ શું કહ્યું? શુદ્ધ આત્મા જ્ઞાન છે. છે તો જ્ઞાનપર્યાય વર્તમાન સમ્યક્, પણ એ જ્ઞાનમાં શુદ્ધ આત્મા નિમિત્ત છે, આશ્રય છે. ઓલામાં આ નિમિત્ત હતું, ત્યારે સમ્યગ્જ્ઞાનમાં શુદ્ધ આત્મા દ્રવ્ય જે ત્રિકાળ છે એ સમ્યગ્જ્ઞાનની પર્યાયમાં એ નિમિત્ત હતું, આશ્રય હતો. સમ્યગ્જ્ઞાનની પર્યાય જે છે મોક્ષનો માર્ગ સાચો, એમાં શુદ્ધ તત્ત્વ જે છે ત્રિકાળી એ એક સમયની પર્યાયમાં આવતું નથી. સમજાણું કાંઈ? જેમ શબ્દજ્ઞાનની પર્યાયમાં શબ્દો આવતા નથી, પણ નિમિત્ત છે; એમ નવ તત્ત્વની શ્રદ્ધાના વિકલ્પમાં નવ તત્ત્વો આવતા નથી, પણ નિમિત્ત છે. એમ પંચમહાવ્રતના વિકલ્પમાં છ જીવ-નિકાય એ આદિ આવતા નથી, પણ નિમિત્ત છે, એથી એને વ્યવહાર કહ્યો. હવે સત્યજ્ઞાન જે છે એ શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. આહા..હા..! ગજબ વાતું છે, બાપુ!

'**શુદ્ધ આત્મા જ્ઞાન છે...**' એટલે? જેને એ શુદ્ધ આત્મતત્ત્વ છે, પૂર્ણ જ્ઞાયકભાવ પરિણામિક સ્વભાવભાવ, ધ્રુવભાવ એ જેણે ધ્યેય બનાવીને જેમાંથી જ્ઞાન નીકળ્યું છે, એ જ્ઞાન સમ્યગ્જ્ઞાનમાં શુદ્ધ આત્મા નિમિત્ત છે, શુદ્ધ આત્મા આશ્રય છે, શુદ્ધ આત્મા એનો આધાર છે, છતાં એ પર્યાયમાં શુદ્ધ આત્મા આવતો નથી. જેમ વ્યવહાર વિકલ્પમાં એ નવ પદાર્થ, શબ્દશ્રુત કે છકાય આવતી નથી છતાં નિમિત્ત ગણીને એને વ્યવહાર કહેવામાં આવ્યો છે. આહા..હા..! એમ '**શુદ્ધ આત્મા જ્ઞાન છે...**'

શુદ્ધ આત્મા જ્ઞાન છે એમ કીધું છે. શુદ્ધ આત્માનું જ્ઞાન છે એમ નથી કીધું. શુદ્ધ આત્માનું જ્ઞાન છે એમ નથી કહ્યું. શુદ્ધ આત્મા જ્ઞાન છે. ફેર છે મોટો એમાં. એટલે? જે શુદ્ધ સ્વરૂપ ભગવાન પરિપૂર્ણ નિત્યાનંદ નાથ એના તરફના વલણમાં એ જ્ઞાનની પર્યાયમાં એ દ્રવ્યનું જ્ઞાન થયું, એ વસ્તુનું જ્ઞાન થયું. વસ્તુ જ્ઞાનમાં આવી નથી. સમજાણું કાંઈ? જેમ ઓલા વ્યવહારના વિકલ્પમાં ઓલું આવ્યું નથી, નિમિત્ત છે. એમ નિશ્ચયજ્ઞાન સમ્યક્ છે એમાં શુદ્ધ આત્મા આવ્યો નથી, પણ જ્ઞાનમાં શુદ્ધ આત્માનું જ્ઞાન થયું છે. તેથી શુદ્ધ આત્મા જ્ઞાન છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાતું ઝીણી. સમજાણું કાંઈ? આ પહેલાં વંચાઈ ગયું છે. આ તો ફરીને વિસ્તાર જરી. ત્યાં તો ઝીણો અધિકાર બહુ લીધો રાજકોટમાં તો.

ત્યાં તો ભગવાન આત્મા ૩૨૦મી ગાથા જયસેનાચાર્યની ટીકા. શરીર, વાણી, મન પરદ્રવ્યથી દેવ-ગુરુ-શાસ્ત્ર એ તો પર, કર્મથી પર, પુણ્ય-પાપના વિકલ્પોથી પર, પણ વર્તમાન જે મોક્ષમાર્ગની જે આ પર્યાય કહેવાય છે, જે શુદ્ધ આત્મા તે જ્ઞાન, શુદ્ધ આત્મા તે જ્ઞાન, એ જ્ઞાનની પર્યાયમાં શુદ્ધ આત્માનું જ્ઞાન થયું છે. એથી તેને શુદ્ધ આત્મા તે જ્ઞાન કહ્યો છે. તે જ્ઞાનની પર્યાયમાં શુદ્ધ દ્રવ્યસ્વભાવ આવ્યો નથી. તેથી શુદ્ધ જ્ઞાનની જે પર્યાય છે સમ્યક્ એ આત્માથી કથંચિત્ ભિન્ન છે. આવી વાતું છે. એ ૩૨૦મી ગાથામાં આવી ગયું. ત્યાં તો ઘણા માણસો રાજકોટમાં તો. સમજાણું કાંઈ? અહીં લાગુ પડે છે કે નહિ? ચેતનજી! આહા..હા..!

ભગવાનની એક-એક ગાથા ઘણી ગંભીર છે, બાપુ! આહા..હા..! ઓહો..હો..! અગાધ છે, અગાધ. 'અગાધા-અબાધા નિરાધા-નિરાશા' બનારસીદાસમાં આવે છે જિનવાણીની વ્યાખ્યા. જિનવાણીની આવે છેને? 'જિનાદેશ જાતા જિનેન્દ્રા વિખ્યાતા, વિશુદ્ધ પ્રબુધા નમો લોક માતા, દુરાચાર દુર્નેહરા શંકરાની, નમો દેવી વાગેશ્વરી જૈનવાણી.' બનારસીદાસ. બનારસી વિલાસ, 'અગાધા અબાધા નિરાધા નિરાશા નિઃશંકા, નિરંકા ચિદંકા ભવાની.' આહા..હા..! 'નમો દેવી વાગેશ્વરી જૈનવાણી.' આહા..હા..! એવું છે. એ જિનવાણી પણ શબ્દશ્રુત છે. એનું અહીં જ્ઞાન થાય એને શબ્દશ્રુત જ્ઞાન કહે છે. આહા..હા..! 'સુધા ધર્મ સંસાધની ધર્મશાળા, સુધા તાપ નિરનાશીની મેઘમાળા, મહામોહ વિધ્વંસનિ મોક્ષદાની, નમો દેવી વાગેશ્વરી જૈનવાણી.' એ જિનવાણીનું જ્ઞાન એ શબ્દશ્રુતજ્ઞાન. આહા..હા..! આવી વાતું પ્રભુ બહુ, બાપુ! આહા..હા..!

અહીંયાં તો '**શુદ્ધ આત્મા જ્ઞાન છે...**' શુદ્ધ આત્મા જ્ઞાન છે એટલે એ શુદ્ધ આત્મા છે એ તો અનંતગુણનો પિંડ છે અને આ જ્ઞાન છે તો એક જ દશા થઈ. સમજાણું કાંઈ? શુદ્ધ આત્મા છે એ તો પૂર્ણાનંદ અનંત-અનંત શક્તિનો સંગ્રાહલય તત્ત્વ છે. અનંત સ્વભાવનો સાગર છે, અનંત ગુણનું ગોદામ છે. એ એના જ્ઞાનની પર્યાયમાં એ કાંઈ ચીજ આવતી નથી. સમજાણું કાંઈ? પણ એની જેટલી શક્તિ અને સામર્થ્ય છે તેટલું જ્ઞાનની પર્યાયમાં આવી જાય છે તેથી શુદ્ધ આત્મા તે જ્ઞાન છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! ખરેખર શુદ્ધ આત્મા છે એ તો ત્રિકાળી છે અને એનું આ જે જ્ઞાન છે એ વર્તમાન છે. તો ખરેખર તો ત્રિકાળી ધ્રુવ શુદ્ધસ્વરૂપ જે છે એની જે જ્ઞાનની પર્યાય એમાં એ શુદ્ધ

દ્રવ્ય આવ્યું નથી, પણ એ સંબંધીની જે શક્તિ છે એનું જ્ઞાન થયું અને તે જ્ઞાનની પર્યાય દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. કેમકે જ્ઞાનની પર્યાય પલટતી છે અને શુદ્ધાત્મા ધ્રુવ સદૃશ્ય એકરૂપ રહે છે. એટલે એકરૂપ શુદ્ધ દ્રવ્યનું જ્ઞાન થયું એ જ્ઞાન પણ પલટતી ચીજ છે. સમ્યગ્જ્ઞાન હોં! આહા..હા..!

પહેલું કહ્યું હતું કે શબ્દશ્રુત તે જ્ઞાન છે. અહીં કહ્યું કે શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. ખરેખર તો જ્ઞાનની પર્યાયમાં શુદ્ધ આત્મા નિમિત્ત છે. આવી વાતું ભારે! આ તો અંતરની વાતું છે ભાઈ સત્ય. સમજાણું કાંઈ? જેમ જિનવાણીનું જ્ઞાન, એ અહીં જ્ઞાન છે એ પોતાની દશામાં, પણ એમાં નિમિત્ત શબ્દશ્રુત છે, માટે તે જ્ઞાનને જ શબ્દશ્રુત જ કીધું; એમ અહીં જ્ઞાનની દશામાં આત્મા જણાણો છે. શુદ્ધ ચૈતન્યઘન અખંડ આનંદકંદ પરિપૂર્ણ પરમ સ્વભાવભાવથી ભરેલો પ્રભુ, જેમાં હલચલ નથી, જેમાં અપૂર્ણતા નથી, જેમાં વિકૃતતા નથી, જેમાં એક શક્તિ નથી, અનંત શક્તિઓના સંગ્રહરૂપ એક શુદ્ધ આત્મા વસ્તુ એનું જ્ઞાન, એનું જ્ઞાન એ જ્ઞાનમાં શુદ્ધાત્મા આશ્રય છે, આશ્રય છે, નિમિત્ત છે, માટે તે જ્ઞાનને શુદ્ધાત્મજ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! ચીમનભાઈ! આવું ઝીણું છે. અરે! બિચારા બહારના વ્યવહાર આદિમાં મરી ગયા બિચારા એમાં. આહા..હા..! આજે ભાઈ બહુ લખ્યું છે. જ્ઞાનમતિ આર્જિકા છેને. અત્યારે આ સાધુઓ બધા ભાવલિંગીઓ પંચમહાવ્રત આદિ અઠ્યાવીશ મૂળગુણ પાળે છે એ શુભયોગથી એને શુદ્ધોપયોગ જ થવાનો છે.

**શ્રોતા :-** થવાનો છેને? (છે તો નહિને)?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ એમ કે થાશે જ તે, છે જ એમ. એવી ભાષા. ભાવલિંગી કહે છેને એ તો બધાને. અરે! પ્રભુ! કાંઈ વ્યક્તિનું કામ નથી હોં. એની જવાબદારી એના ઉપર. આ તો તત્ત્વ સમજવા માટે. ભાઈ! એ તો પ્રભુ છે. એ તો એક સમયની ભૂલ કરે છે. બાકી તો ભગવાન છે એ પણ. કાંઈ કોઈ ભગવાન આત્મા પ્રત્યે વિરોધ, વેર, અણગમો હોઈ શકે નહિ. સત્ત્વેષુ મૈત્રી, બધા પ્રભુ છે. આહા..હા..! પણ જેની પર્યાયમાં ભૂલ છે એનું જ્ઞાન કરવું હોય તો જાણવા માટે તો આવે. આહા..હા..!

કુંદકુંદાચાર્ય અનંત-અનંત તીર્થંકરો અને કેવળીઓએ જે કહ્યું છે તે કુંદકુંદાચાર્ય કહે છે. '**जिनवर एव भणेही**' એમ આવે છેને શબ્દ? આહા..હા..! આત્મા જે શુદ્ધ આત્મા નિત્ય છે, ધ્રુવ છે, જેમાં પલટતી પર્યાયનો અભાવ છે અને પલટતી પર્યાયમાં શુદ્ધ આત્માનો અભાવ છે. પલટતી પર્યાય વ્યવહારનયનો વિષય છે. ત્રિકાળી ધ્રુવ નિશ્ચયનયનો વિષય છે, સત્ય દૃષ્ટિનો વિષય. નિશ્ચય એટલે બીજી ભાષા ન સમજાય તો સત્યનો વિષય છે ઈ અને વ્યવહાર એ અસત્યનો વિષય છે. અભૂતાર્થ કીધો છેને. આહા..હા..! આવું સ્વરૂપ હજી તો પહેલું પકડાવું કઠણ પડે.

શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. 'તે' શબ્દ નથી. '**શુદ્ધ આત્મા જ્ઞાન છે...**' શુદ્ધ આત્માનું જ્ઞાન છે એમ ન કહેતા, શુદ્ધ આત્મા નિત્યાનંદ પ્રભુ એનું જ્ઞાન છે એમ ન કહેતા, શુદ્ધ આત્મા જ્ઞાન છે એમ કીધું છે. એનો અર્થ? કે શુદ્ધાત્માનું જ્ઞાન કહેવું છે તો એ, પણ અહીંયાં એ જ્ઞાનની પર્યાયમાં શુદ્ધ આત્માનું લક્ષ છે, એના ધ્યેયે શ્રુતજ્ઞાન પ્રગટ્યું છે. આહા..હા..! છે કે નહિ, બાબુભાઈ? આહા..હા..! જે વર્તમાન જ્ઞાનની દશામાં, દશામાં. દશાની વાત છેને આ? પર્યાયમાં શુદ્ધ આત્માનું જ્ઞાન થાય, શુદ્ધ આત્માનું

જ્ઞાન થાય હોં! શુદ્ધ આત્મા છે એ તો શુદ્ધ આત્મા તો આત્મામાં છે. એના વર્તમાન જ્ઞાનમાં એ કાંઈ શુદ્ધ આત્મા આવતો નથી. એક સમયની પર્યાયમાં ત્રિકાળ કેમ આવે? સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? ..જી! આવું છે, બાપા! આહા..હા..!

ભગવાન છે. આહા..હા..! છતાં કહે છે, ભગવાન! શુદ્ધ આત્મા ભગવાનસ્વરૂપ છે. બધા ભગવાનસ્વરૂપ છે, સાધર્મીઓ છે એ. જેની પર્યાયદૃષ્ટિ ગઈ છે, દ્રવ્યદૃષ્ટિ થઈ છે એને બધા દ્રવ્યો સાધર્મી છે. આહા..હા..! પણ અહીં તો એમ કહે છે, જે કાંઈ શુદ્ધ આત્મા ધ્રુવ ત્રિકાળી અનંત સદૃશ્ય રહેનારો પલટન વિના, પર્યાય વિનાનો જે ત્રિકાળી ધ્રુવસ્વરૂપ છે, મહસત્તા એટલે કે મહા હોવાપણે તત્ત્વ જે છે એ એક સમયના હોવાપણામાં એનું જ્ઞાન આવે છે. તેથી તેને શુદ્ધાત્મા જ્ઞાન છે એમ કીધું છે. આહા..હા..! છતાં એ શુદ્ધાત્મા જે જ્ઞાન થયું એનું, સ્વસન્મુખ થઈને. ઓલું શબ્દજ્ઞાન હતું એ તો પરસન્મુખ થઈને હતું. શાસ્ત્રનું જ્ઞાન, વાણી, વાંચવું, સાંભળવું એ જ્ઞાન બધું એ તો પરસન્મુખનું હતું, એ તો વિકલ્પ છે ને વ્યવહાર છે ને એ નિષેધ છે. આહા..હા..! અને આ જ્ઞાનમાં પોતાની પર્યાયમાં આખો ભગવાન જણાણો, પરિપૂર્ણ ધ્રુવ જણાણો, પરમાત્મા ભગવત્ સ્વરૂપ પ્રભુ પરમ આત્મા, પરમ આત્મા એટલે ઉત્કૃષ્ટનું સ્વરૂપ એનું જે છે એના વર્તમાન જ્ઞાનમાં એનું જ્ઞાન થવું સ્વસન્મુખ થઈને, વ્યવહારના વિકલ્પનો અભાવ કરીને... આહા..હા..! એને અહીંયાં શુદ્ધ આત્મા જ્ઞાન છે એમ કીધું છે.

'**કારણ કે તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે,...** ' ભાષા દેખો! આહા..હા..! અરે! અત્યારે તો ગોટો બહુ ચાલે છે, બાપા! શું કરીએ? આહા..હા..! ભગવાન ત્રિલોકનાથની વાત છે આ તો, પ્રભુ! અનંત સર્વજ્ઞો, મહાવિદેહમાં તો લાખો કેવળીઓ બિરાજે છે, વીસ તીર્થંકરો મોજૂદ છે. એની વાણી કહો કે ત્રણકાળ, ત્રણલોકના તીર્થંકરોની કેવળીની વાણી કહો. કેમકે ત્રણકાળમાં ત્રણલોકને જાણનારનો વિરહ હોતો નથી. ત્રણકાળમાં રહેલી ચીજો એને એ જ્ઞેય છે તો એના જાણનાર ત્રિકાળમાં ત્રિકાળને જાણનારનો કોઈ દિ' વિરહ હોય નહિ. ત્રણકાળમાં જાણનારો અનાદિ છે, વર્તમાન છે, ભવિષ્યમાં રહેશે. આહા..હા..! એ ભગવાનનું એમ કથન છે. આહા..હા..! ચીમનભાઈ! આવી વાતું છે. એ તો લોકો બિચારા સોનગઢની વાતુંને કાઢી નાખી દે એવું કરે. બિચારા શું કરે, એને બેસે નહિ. સોનગઢનું એકાંત છે, આમ છે. ભલે કહો બાપા કહો. ભગવાન! તમે જે ભૂલ,... ભૂલ કરે છે એ ભૂલ નીકળી જશે, એનો સ્વભાવ ભૂલ રાખવાનો નથી. આહા..હા..!

'**શુદ્ધ આત્મા જ્ઞાન છે...**' ઓલામાં કહ્યું હતુંને કે શબ્દશ્રુત તે જ્ઞાન છે. કેમકે એ શબ્દશ્રુત એમાં નિમિત્ત છે. અહીં કહે છે કે '**શુદ્ધ આત્મા જ્ઞાન છે કારણ કે તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે...**' આશ્રય એટલે નિમિત્ત, અવલંબન. એ સમ્યગ્જ્ઞાનમાં ત્રિકાળી દ્રવ્યનું અવલંબન છે. ત્રિકાળી દ્રવ્ય એ જ્ઞાનની પર્યાયમાં આવતું નથી. આહા..હા..! આ તો આપણે વંચાઈ ગયેલું પણ ત્યાં જરી ઓલું ખૂબ વંચાણું છેને, એનો જરી મેળ આમાં. પર્યાય અને દ્રવ્યમાં જરી... આહા..હા..! શું રમેશચંદજી! ત્યાં હતા કે નહિ ત્યાં રાજકોટ? ... આહા..હા..! ઘણા હતા. પ્રભુ! આ તો શાંતિની વાતું છે. સત્યની વાત છે, બાપુ! આમાં કાંઈ કોઈ પક્ષની કે ... નથી. આ તો વસ્તુનું સ્વરૂપ છે આવું, તેવું

સ્વરૂપ છે એવું ભગવાને જાણ્યું, એવું ભગવાનની વાણીમાં આવ્યું. ભગવાને કાંઈ કહ્યું નથી. ભગવાન તો જ્ઞાનમાં હતા આનંદમાં. વાણીમાં એવું આવ્યું. વાણીમાં સ્વપર પ્રકાશવાનો સ્વભાવ છે. આત્માને સ્વપર જાણવાનો સ્વભાવ છે. વાણીમાં સ્વપરને પ્રકાશવાનો સ્વભાવ છે. આહા..હા..! એ વાણીમાં આ આવ્યું કે શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. આહા..હા..! શુદ્ધ આત્માનું જ્ઞાન છે એમ ન કહેતા શુદ્ધ આત્મા જ્ઞાન છે એમ કહેવામાં કારણ. કારણ છેને? **'કારણ કે તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે,...'** સમ્યગ્જ્ઞાનની દશામાં આત્માનો આશ્રય છે. એનું અવલંબન આત્મા છે. એ આત્મામાં જ્ઞાનની પર્યાય ગરતી નથી. શું કીધું?

**શ્રોતા :-** મદદ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મદદ-ફદદ જરીયે નથી. આવી વાતું છે, બાપા! એ પર્યાયનું એટલું સામર્થ્ય છે, સમ્યગ્જ્ઞાનની પર્યાયનું એટલું સામર્થ્ય છે કે દ્રવ્યને સ્પર્શ્યા વિના, અડ્યા વિના દ્રવ્યનું જ્ઞાન અંદરમાં આવી જાય છે. સમજાણું કાંઈ? હવે એમાં મદદ ક્યાં રહી? અરે! પ્રભુ! બાપુ! ભાઈ! દ્રવ્યની એક સમયની પર્યાયની એટલી તાકાત છે. એટલી તાકાતવાળી ન માને તો એ પર્યાયને માની નથી એણે, તો એણે દ્રવ્ય પણ માન્યું નથી અને ગુણ પણ માન્યો નથી, વિપરીત માન્યતા—શ્રદ્ધા છે. આહા..હા..! મનસુખભાઈ!

**'શુદ્ધ આત્મા જ્ઞાન છે કારણ કે તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે,...'** શુદ્ધ આત્મા વર્તમાન સમ્યગ્જ્ઞાનમાં આશ્રય છે, એનું અવલંબન છે અથવા એના સન્મુખ થઈને તે જ્ઞાનની પર્યાયમાં તે શુદ્ધ દ્રવ્ય છે જેટલું જેવડું સામર્થ્યવાળું એટલું વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પોતાના પર્યાયના સામર્થ્યથી એ શુદ્ધ આત્માનું જ્ઞાન થયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ૩૨૦ ગાથા ભાઈ ત્યાં ૧૮ દિ' ચાલી. ઓલા ૧૮ વ્યાખ્યાન. લોકો સાંભળવા ઘણા આવતા બહુ. ૧૫૦૦ થી ૨૦૦૦ કહેતા હતા લોકો કહેતા. આપણે ક્યાં ગણવા ગયા છીએ? પંડાલ ભરાઈ જતો. લોકોને કાંઈક છે, કાંઈક છે સાંભળો કાંઈક. એવું કાંઈક થયું છે. આહા..હા..! ભગવાન! આ તો તારા હિતની વાત છેને પ્રભુ! સત્ય તે હિત હોય, અસત્ય તે હિત હોય? આહા..હા..! તો શબ્દશ્રુતનું જ્ઞાન છે એ તો અહિત છે, એ તો બંધનું કારણ છે. અને જ્ઞાનની પર્યાયમાં આખો આત્મા કેવડો છે એનું જ્ઞાન આવે છે. એથી તે જ્ઞાન મોક્ષનો માર્ગ અને હિતકર છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'શુદ્ધ આત્મા જ્ઞાન છે કારણ કે તે...'** તે એટલે ઓલો શુદ્ધ આત્મા દ્રવ્ય વસ્તુ. **'તે જ્ઞાનનો આશ્રય છે,...'** એ જ્ઞાનમય છે એમ ન કીધું. શું કીધું? સમ્યગ્જ્ઞાન જે છે મોક્ષના માર્ગનું સમ્યગ્જ્ઞાન, તે શુદ્ધ આત્માનો આશ્રય, જ્ઞાનનો આશ્રય છે શુદ્ધ આત્મા. એ જ્ઞાનમાં આશ્રય છે આત્માનો, પણ આત્મા ત્યાં પર્યાયમાં આવ્યો છે, વસ્તુ અહીંયાં આવી ગઈ છે, (એમ નથી). પર્યાયમાં વસ્તુ ક્યાંથી આવે? વસ્તુ વસ્તુમાં, પર્યાય પર્યાયમાં. આહા..હા..! સમજાણું કાંઈ? એમ તો વ્યાખ્યાતા તો ઘણા એવા થયા છે અત્યારે તો. અનેક પ્રકારે ક્યાં ઊંધું પડે છે અને ક્યાં ઊલટું એની ખબરું નથી. આહા..હા..!

**'શુદ્ધ આત્મા જ્ઞાન છે કે કારણ તે (શુદ્ધ આત્મા)...'** એટલે ત્રિકાળી દ્રવ્ય વસ્તુ જે ત્રિકાળી

છે તે '**જ્ઞાનનો આશ્રય છે,...**' તે વર્તમાન જ્ઞાનનું અવલંબન છે, વર્તમાન જ્ઞાનમાં એ શુદ્ધ આત્મા દ્રવ્ય આખું અહીં આવતું નથી, પણ શુદ્ધ આત્માની જેટલી શક્તિ અને સામર્થ્ય છે એટલું એક સમયની પર્યાયમાં તેનું જ્ઞાન આવે છે. આહા..હા..! છતાં તે જ્ઞાનની પર્યાય જે આખા દ્રવ્યને જાણે છે, દ્રવ્યને સ્પર્શ્યા વિના, દ્રવ્યને અડ્યા વિના છતાં તે પર્યાય દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. કેમકે પર્યાય જ્ઞાન છે એ તો એક સમયની સ્થિતિ છે, પલટતી છે અને ત્રિકાળી વસ્તુ એકરૂપ રહેનારી છે. બે જો એક જ હોય તો જ્ઞાનની પર્યાય પલટતા દ્રવ્ય પણ પલટી જાય, અભાવ થઈ જાય. આહા..હા..! નવલચંદભાઈ! ત્યાં હતા કે નહિ રાજકોટ? એક દિ'? ત્રણ દિ', ઠીક. આ તો ઘણા ૩૫ વ્યાખ્યાન થયા. ૧૮ આના એક ગાથાના. ૧૭ બીજા. ૧૪૩-૪૪, ૧૧. અરે! ભગવાન! આ વાણીને કારણે વાણી નીકળે, બાપુ! એ વાણીનો આત્મા કર્તા નથી, નાથ! વિકલ્પમાં કાંઈ આત્મા આવતો નથી, વાણીમાં કાંઈ આત્મા આવતો નથી. જ્ઞાનની પર્યાયમાં આત્મા આવતો નથી, પછી વળી રાગ ને વાણીમાં ક્યાંથી આવે? આહા..હા..! એ એક વાત થઈ.

'**શુદ્ધ આત્મા દર્શન છે...**' ઓલામાં નવ તત્ત્વો દર્શન કીધા હતા. કેમકે નવ તત્ત્વો દર્શન વ્યવહાર શ્રદ્ધા જે વિકલ્પ રાગ એમાં એ નિમિત્ત હતા. એટલે નવ તત્ત્વને તે દર્શન છે એમ કીધું હતું. હવે અહીંયાં '**શુદ્ધ આત્મા દર્શન છે...**' સમકિતની પર્યાય એ આત્માની છે એમ ન કહેતા, શુદ્ધ આત્મા તે દર્શન છે. શુદ્ધ આત્મા જે ત્રિકાળી છે એ શ્રદ્ધાની પર્યાયમાં ત્રિકાળી દ્રવ્ય આવતું નથી, પણ શ્રદ્ધાની પર્યાયમાં ત્રિકાળી જેટલું સામર્થ્ય છે તેની શ્રદ્ધા આવી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**શુદ્ધ આત્મા દર્શન છે...**' શુદ્ધ આત્મા દર્શન છે. નવ તત્ત્વ જ દર્શન છે એમ કીધું હતું વ્યવહારમાં. નવ તત્ત્વની શ્રદ્ધા તે વ્યવહારશ્રદ્ધા છે એમ ન કહેતા, નવ તત્ત્વ તે દર્શન છે. કેમકે વિકલ્પમાં એ નવ તત્ત્વ નિમિત્ત હતા. એમ શુદ્ધ આત્મા તે દર્શન છે. એટલે કે દર્શનની પર્યાયમાં શુદ્ધ આત્મા આવતો નથી, પણ દર્શનની પર્યાયમાં શુદ્ધ આત્માનું સામર્થ્ય જેટલું છે એટલું પ્રતીતમાં આવી જાય છે. એવડી શ્રદ્ધાની પર્યાય મોટી છે કે જેમાં છ દ્રવ્ય ત્રિકાળી ગુણની તો પ્રતીતિ જ્ઞાન થઈને આવી જાય છે, પણ આખો આત્મા જે છે એને શ્રદ્ધાની પર્યાય અડ્યા વિના, સ્પર્શ્યા વિના આખા દ્રવ્યની શ્રદ્ધા એક સમયમાં આવી જાય છે, તે પર્યાયમાં શુદ્ધ દ્રવ્ય નિમિત્ત છે, આશ્રય છે, માટે તેને શુદ્ધ આત્મા દર્શન છે એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! ઓલા તો કહે, નવ તત્ત્વની શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા (છે), જાવ સમકિત છે. શાસ્ત્રનું જ્ઞાન તે જ્ઞાન છે અને પાંચ મહાવ્રત ને છ કાયની દયા, બાયડી-છોકરા છોડ્યા અને સત્ય, દત્ત પાંચ મહાવ્રત પાળ્યા એ ચારિત્ર છે. અરે! પ્રભુ! સાંભળને ભાઈ! સત્ય તો બહુ અલૌકિક વાત છે, ભાઈ!

સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું સત્ય એ અહીં કહે છે. '**શુદ્ધ આત્મા દર્શન છે કારણ કે તે દર્શનનો આશ્રય છે,...**' સમકિતનું એ નિમિત્ત છે. આહા..હા..! સમકિતનો એ શુદ્ધ આત્મા આલંબન છે. અગિયારમી ગાથામાં આવે છેને, ભૂતાર્થ આશ્રિત સમકિત થાય છે. સમકિત તો સમકિત છે, પણ ભૂતાર્થ ત્રિકાળી ભગવાનને આશ્રયે થાય છે, એથી એને ભૂતાર્થ આશ્રયે સમકિત થાય એમ કહ્યું.

આહા..હા..! આશ્રયથી થવા છતાં તે દર્શનની પર્યાય દ્રવ્યમાં જતી નથી, તેમ ત્રિકાળી દ્રવ્ય દર્શનની પર્યાયમાં આવતું નથી. એ દર્શનની પર્યાય પણ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. જો સર્વથા દર્શનની પર્યાય ક્ષાયિક હોય તોપણ દ્રવ્યથી જો અભિન્ન હોય તો ક્ષાયિકસમકિતની પર્યાય પલટતી જાય છે, પલટે જ છે તો એ પણ આખો આત્મા પલટી જાય અભિન્ન હોય તો. સમજાણું કાંઈ? આવી વાર્તા અને કથા. ઓલી તો વ્યવહાર કરવો, આ કરવું એવી વાત આવેને તો લોકોને રસ પણ પડે અને માણસ ભેગા થાય ઝાઝા લ્યો! સત્યની વાતું સાંભળવાને મળે એ પણ કોઈ ભાગ્ય હોય તો મળે, બાપુ! આહા..હા..! પરિણમવું અને માનવું એ તો આખી બહુ ચીજ જુદી છે. આહા..હા..!

'**શુદ્ધ આત્મા દર્શન છે...**' સમકિત-સમકિત. કારણ કે સમકિતનો આશ્રય છે શુદ્ધ આત્મા. એટલે કે દર્શનની, શ્રદ્ધાની પર્યાય એનો જાય છે આશ્રય દ્રવ્ય (ઉપર), છતાં દ્રવ્ય અને શ્રદ્ધાની પર્યાય બે ભિન્ન છે. પર્યાયમાં દ્રવ્ય સ્પર્શતું નથી અને દ્રવ્ય જે ત્રિકાળીની પ્રતીત કરી છે તે પ્રતીતમાં દર્શન આવતું નથી, તે પ્રતીતમાં આત્મા સ્પર્શતો નથી અને એ પ્રતીત દર્શનને ત્રિકાળીને સ્પર્શતી નથી. આહા..હા..! આવું સત્યસ્વરૂપ. ચીમનભાઈ! કોઈવાર હજી માંડ સાંભળવા મળ્યું હશે. આહા..! આવી વાતું છે.

ત્રીજો બોલ '**શુદ્ધ આત્મા ચારિત્ર છે...**' ઓલામાં છ કાયના જીવ ચારિત્ર છે એમ કહ્યું હતું. છ કાયના જીવ એ નિમિત્ત હતાને. પંચમહાવ્રતના વિકલ્પમાં એ છ કાયના જીવની દયાનો રાગ છે એમાં એ છ કાયના જીવ નિમિત્ત હતા. એથી છ કાયના જીવ તે વ્યવહારચારિત્ર કહ્યું હતું. એમ શુદ્ધ આત્મા ચારિત્ર છે. આહા..હા..! અરે! કારણ? '**શુદ્ધ આત્મા ચારિત્ર છે કારણ કે તે ચારિત્રનો આશ્રય છે;...**' આત્મા. આહા..હા..! આનંદની રમણતા, સુખની પરિણતિનો અનુભવ એ ચારિત્ર. અતીન્દ્રિય આનંદના અનુભવની પરિણતિ સુખની દશા, સમ્યગ્દર્શનમાં પણ સુખની પરિણતિની દશા અલ્પ છે. ચારિત્રમાં પ્રચુર આનંદના પરિણમનના વેદનની દશા ઘણી છે, છતાં તે ચારિત્રની પર્યાયમાં આત્મા નિમિત્ત છે, આશ્રય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**શુદ્ધ આત્મા ચારિત્ર છે...**' ત્યાં તે નથી. કેમ? '**કારણ કે...**' કારણ કે હેતુ એ છે કે તે શુદ્ધ આત્મા ચારિત્રનો આશ્રય છે. વીતરાગી આનંદની સુખની પરિણતિ દશા એવું ચારિત્ર આહા..! એમાં આત્મા આશ્રય છે, આત્મા એમાં નિમિત્ત છે, છતાં શુદ્ધ પરિણતિમાં ત્રિકાળી દ્રવ્યસ્વભાવ આવ્યો નથી, છતાં ત્રિકાળી દ્રવ્યસ્વભાવની પર્યાયમાં રમણતા છે એ પૂર્ણ રમણતા છે. કોઈ થોડું રમણતા છે, થોડા આત્મામાં એમ નહિ. આખો આત્મા પૂર્ણ છે તેમાં એની રમણતા ચારિત્રની છે. એટલે કે અતીન્દ્રિય સુખના પરિણમનનો લ્હાવો ત્યાં લે છે. એ શુદ્ધ આત્મા ચારિત્ર કીધું. એ ચારિત્રમાં આત્મા નિમિત્ત છે, આશ્રય છે, નિમિત્ત છે માટે તેને ચારિત્ર સાચું કહેવામાં આવ્યું છે. આહા..હા..! સંપ્રદાયના આગ્રહીઓને તો આકરું પડે એવું છે. શું થાય, ભાઈ! માર્ગ પરમાત્માનો સર્વજ્ઞ વીતરાગોનો માર્ગ, બાપુ! એની ગાદીએ બેસીને એની વાતું કરવી એમાં ક્યાંય પણ ખોડખાંપણ આવે (તો) આખો માર્ગ ઉથાપાઈ જાય. આહા..હા..! બહારવટીયાપણું થઈ જાય છે.

આ ચારિત્ર. '**શુદ્ધ આત્મા ચારિત્ર છે...**' શુદ્ધ આત્મા શુદ્ધ ત્રિકાળી આત્મા ચારિત્ર છે. એમ કેમ કહ્યું? '**કારણ કે ચારિત્રનો આશ્રય છે;...**' માટે શુદ્ધ આત્મા ચારિત્ર કીધું છે. શુદ્ધ આત્મા ત્રિકાળી ભગવાન એમાં આનંદની રમણતા, અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન-અનુભવ એનું નામ ચારિત્ર, પણ એ ચારિત્રમાં પૂર્ણાનંદનો નાથ અહીંયાં આવતો નથી અંદર. એ અતીન્દ્રિય આનંદની રમણતામાં પૂર્ણાનંદનો આત્મા તો આશ્રય નિમિત્ત છે, ઉપાદાન તો પોતાની પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભગવાન! શું કરીએ? ૩૨૦ ગાથામાં તો એમ કહ્યું છે, મોક્ષનો માર્ગ છે એ પણ સમકિતનું ધ્યેય નથી. સમ્યગ્દર્શનનું ધ્યેય સમકિતદર્શન નથી. સમ્યગ્દર્શનનું ધ્યેય પૂર્ણાનંદનો નાથ છે. એ સમકિતનું ધ્યેય આ છે. મોક્ષમાર્ગ જે સાચો, સાચો હોં! વ્યવહાર વિકલ્પ છે એ તો કાંઈ છે જ નહિ, એ બંધનું કારણ છે. અને એનાથી નિશ્ચય થાય એમ તો છે નહિ ત્રણકાળમાં. પણ અત્યારે એ ચાલ્યું છે મોટું અને લોકોમાં પણ એમાં હો..હા.. હો..હા.. ભળી જાય છે. શું થાય, ભાઈ!

'**શુદ્ધ આત્મા ચારિત્ર છે કારણ કે ચારિત્રનો...**' નિમિત્ત છે. ચારિત્રનું અવલંબન છે. પર્યાય છે એ ચારિત્રની ઉપાદાન છે. એમાં આત્મા નિમિત્ત છે. અરે! ગજબ વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**કારણ કે તે ચારિત્ર આશ્રય છે; એ પ્રમાણે નિશ્ચય છે.**' ઓલું પહેલાં એમ કહ્યું હતુંને કે એ પ્રમાણે વ્યવહાર છે અને આ એ પ્રમાણે નિશ્ચય છે. આહા..હા..! આ પ્રમાણે સાચું છે અને એ પ્રમાણે જૂઠું છે, અસત્ય છે. અસત્યાર્થ, પણ છે ખરું. આહા..હા..! વ્યવહાર જે અભૂતાર્થ કહ્યો છે એ ગૌણ કરીને નથી એમ કહ્યું છે. એને તો પર્યાય મોક્ષમાર્ગની પર્યાયને પણ અસત્ય કીધી છે, ૧૧મી ગાથા. અભાવ કરીને નહિ, ગૌણ કરીને એને વ્યવહાર કહીને અસત્ય કીધી છે. આ વ્યવહારનો નિષેધ છે અને નિશ્ચયનો આદર છે એમ વિશેષ આમાં કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વૈશાખ વદ-૮, મંગળવાર, તા. ૧૦-૦૫-૧૯૭૭, ગાથા-૨૭૬-૨૭૭, પ્રવચન નં. ૩૩૭

સમયસાર, ૨૭૬ અને ૨૭૭ ગાથા. અહીં સુધી આવ્યું છે. '**શુદ્ધ આત્મા ચારિત્ર છે કારણ કે ચારિત્રનો આશ્રય છે...**' ચારિત્રનો આશ્રય છે. કોણ? તે આત્મા. '**એ પ્રમાણે નિશ્ચય છે.**' બે આવ્યુંને બે? કે શબ્દશ્રુત છે એ જ્ઞાનનો આશ્રય છે, વીતરાગની વાણી હોં! અન્યમતિની અને અસર્વજ્ઞની, અજ્ઞાનીની કહેલી નહિ. સર્વજ્ઞની વાણી છે, ભલે પરંપરાએ સંતોએ કહી હોય, પણ એ વાણીનું જ્ઞાન થાય એ થાય પોતાથી પણ એમાં શબ્દશ્રુત નિમિત્ત છે. તેથી એ જ્ઞાનને શબ્દશ્રુત કહેવામાં

આવે છે. એ જ્ઞાનને શબ્દશ્રુત કહેવામાં આવે છે વ્યવહાર, અને શુદ્ધ આત્મા તે જ્ઞાન છે. શુદ્ધ આત્મા જે ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય એ જ્ઞાન છે. એટલે? કે એ જ્ઞાનમાં એ શુદ્ધ આત્મા નિમિત્ત આવે છે. શબ્દશ્રુતના જ્ઞાનમાં શબ્દશ્રુત નિમિત્ત હતું. એ વ્યવહાર હતો અને શુદ્ધ આત્માના જ્ઞાનમાં શુદ્ધ આત્મા આવે છે. આત્મા આવે છે એટલે? શુદ્ધ આત્માનું જ્ઞાનમાં જ્ઞાન થાય છે. માટે તે નિશ્ચય છે.

એમ નવ તત્ત્વો દર્શન છે. કેમકે દર્શનનો આશ્રય નિમિત્ત છે. નવ તત્ત્વો દર્શન છે. જેમ ઓલા શબ્દશ્રુત જ્ઞાન છે એમ આ નવ તત્ત્વો દર્શન છે વ્યવહાર. કેમકે વ્યવહારદર્શનનો જે વિકલ્પ છે એમાં એ નવ તત્ત્વો નિમિત્ત છે. અને છ કાયના જીવની દયા એમ નથી લીધું અહીંયાં. છ જીવ-નિકાય ચારિત્ર છે. આહા..હા..! છ જીવનો સમૂહ જે છે અનંતો એ ચારિત્ર છે વ્યવહાર. કેમકે વ્યવહારવિકલ્પના રાગમાં એ છ જીવ-નિકાય નિમિત્ત છે, આશ્રય છે એ વ્યવહાર છે અને શુદ્ધ આત્મા દર્શન છે. કેમકે સમકિતની પર્યાયમાં શુદ્ધ આત્માની શ્રદ્ધા આવે છે એથી એ શુદ્ધ આત્માને દર્શન કહ્યું. એ નિશ્ચય સમ્યગ્દર્શન છે અને છ જીવ-નિકાયને વ્યવહારચારિત્ર કહ્યું. છ જીવ-નિકાયને. છે તો રાગ, એમાં એ નિમિત્ત, પણ એને ચારિત્ર કહ્યું. હવે ચારિત્ર શુદ્ધ આત્મા ચારિત્ર છે. કેમકે સ્વરૂપની રમણતામાં શુદ્ધ આત્મામાં રમે છે. શુદ્ધ આનંદની રમણતામાં આત્મા કારણ છે માટે તેને નિશ્ચયચારિત્ર કહે છે. કહો, પંડિતજી! છ બોલ થઈ ગયા. અહીં સુધી તેથી નિશ્ચય છે.

'**તેમાં,...**' હવે એ છ બોલમાં. '**વ્યવહારનય પ્રતિષેધ્ય અર્થાત્ નિષેધ્ય છે,...**' આહા..હા..! એ શબ્દશ્રુતનું જ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધા અને છ કાયના જીવનો ભાવ વિકલ્પ અથવા પંચમહાવ્રત, છ કાયના જીવનું મુખ્યપણું લીધું છે. બાકી એમાં પંચમહાવ્રતના પરિણામ (આવી જાય છે). એ નિષેધ્ય છે, એ હેય છે. કેમકે એ બંધનું કારણ છે. આહા..હા..! આવું છે. હવે એને કેટલાક સાધન કહે છે. એ સાધન છે. એ સાધન તો નિશ્ચય જ્યારે કર્તા પોતે પોતાના જ્ઞાન-દર્શન-ચારિત્ર કરે છે ત્યારે તે સાધન તો સ્વરૂપની સ્થિરતા એ સાધન છે. કેમકે કર્તા જે આત્મા અથવા પર્યાય શુદ્ધ ચૈતન્યની નિર્મળ ધર્મની પર્યાય તો કર્તાથી એનું કરણ ભિન્ન ન હોય, અભિન્ન હોય, પણ ભિન્નને સાધન કહ્યું એ આ નિશ્ચયનો ત્યાં આરોપ આપીને નિમિત્તને સહચર ગણીને, સહચર એની સાથે ગણીને ઉપચારથી તેને વ્યવહાર કહેવામાં આવ્યો છે, છે હેય. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**પ્રતિષેધ્ય અર્થાત્ નિષેધ્ય છે, કારણ કે આચારાંગ આદિને જ્ઞાનાદિનું આશ્રયપણું અનૈકાંતિક છે—**' આહા..હા..! શાસ્ત્રનું જ્ઞાન ચાર અનુયોગનું હોં! કારણ કે એ તો પરલક્ષી છે શબ્દનું જ્ઞાન. શાસ્ત્ર પરશાસ્ત્ર આત્માથી. એનું જ્ઞાન '**આચારાંગ આદિને જ્ઞાનાદિનું...**' એટલે? આચારાંગના શાસ્ત્રને જ્ઞાન કહેવું, નવ તત્ત્વને શ્રદ્ધા કહેવી અને પંચમહાવ્રતને ચારિત્ર કહેવું એ '**આશ્રયપણું અનૈકાંતિક છે—વ્યભિચારયુક્ત છે;...**' સમ્યક્ એકાંત એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વિષય એવો ઝીણોને. મૂળ તત્ત્વ ઝીણું બહુ. લોકોએ બગાડી માર્યું. તત્ત્વને અનેકાંતને નામે બગાડ્યું.

શ્રીમદ્ તો કહે છે નહિ? અનેકાંત પણ... એ શ્રીમદ્‌નું એક વાક્ય છે દોઢ લીટીનું. અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજસ્વરૂપની પ્રાપ્તિ સિવાય બીજી રીતે અનેકાંત કોઈ છે જ નહિ. સમ્યક્ એકાંતનું

દર્શન-જ્ઞાન થાય ત્યારે એ પર્યાયને અને વ્યવહારને આરોપે વ્યવહાર કહેવામાં આવે. ત્યારે એ અનેકાંત કહેવામાં આવે. આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાન, શુદ્ધ ચૈતન્ય દર્શન, શુદ્ધ ચૈતન્ય ચારિત્ર, એવો એકાંતિક જ્યારે સ્વભાવનો આશ્રય થયો, ત્યારે જે પછી શાસ્ત્રનું જ્ઞાન રહ્યું હોય છે, પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ હોય છે, પંચમહાવ્રતનો વિકલ્પ હોય છે એને વ્યવહારનો સાધનનો આરોપ આપ્યો. સાધન નથી તેને સાધન કહેવું એનું નામ વ્યવહાર. સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગમાં કહ્યું છે નિશ્ચયાભાસમાં. નિશ્ચયાભાસ અને વ્યવહારાભાસનું લખાણ છેને, સાતમા અધ્યાયમાં. એ નિશ્ચયસમ્યગ્દર્શન તો આત્માનું દર્શન, આત્માનો અનુભવ અંતર આનંદનો સ્વાદ આવવો એ નિશ્ચય સમ્યગ્દર્શન છે, પણ વ્યવહારે વચ્ચે નવ તત્ત્વની શ્રદ્ધાને પણ સમકિત કહ્યું છે એ જોડે સહચર નિમિત્ત દેખીને ઉપચારથી વ્યવહાર કહ્યો છે. આવા ચાર બોલ છે સાતમા અધ્યાયમાં. એને નિમિત્ત દેખીને અને સહચર—સાથે દેખીને ઉપચારથી વ્યવહાર કહ્યો છે, વાસ્તવિક એ વસ્તુ નથી. આહા..હા..! એમ આ વ્યવહાર પ્રતિષેધ્ય છે. ફક્ત સાથે આવું હોય છે. જ્યાં સુધી વીતરાગ સર્વજ્ઞ ન થાય ત્યાં સુધી સ્વભાવને આશ્રયે દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું, છતાં અપૂર્ણ આશ્રય છે એને આવો રાગ વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર જ્ઞાન હોય, વિકલ્પ હોય છે. આનું જ્ઞાન થાય ત્યારે એનું જ્ઞાન થાય ત્યારે તેને અનેકાંત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલા બોલોને ફેરવવા. ચીમનભાઈ! આકરી વાતું છે, ભાઈ! દુનિયાની તો ખબર છેને આખી શું કહે છે, માને છે બધા. આહા..હા..!

એ અનેકાંતિક વ્યભિચારયુક્ત છે. કેમ? જોયું! શબ્દશ્રુત તે વ્યભિચારયુક્ત છે. '(**શબ્દશ્રુત આદિને જ્ઞાન આદિના આશ્રયસ્વરૂપ માનવામાં વ્યભિચાર આવે છે...**' આહા..હા..! ભગવાનના શાસ્ત્રનું જ્ઞાન. આહા..હા..! પણ એ પરવસ્તુ છેને શાસ્ત્ર? પરદ્રવ્ય આશ્રિત વ્યવહાર છે, સ્વદ્રવ્ય આશ્રિત નિશ્ચય છે. પરદ્રવ્ય આશ્રય જે છે એટલું જ્ઞાન તે એનો '**આશ્રયસ્વરૂપ માનવામાં વ્યભિચાર આવે છે કેમકે શબ્દશ્રુત આદિ હોવા છતાં જ્ઞાન આદિ નથી પણ હોતાં,...**' શાસ્ત્રનું જ્ઞાન હોય, છતાં આત્મજ્ઞાન ન હોય. આહા..હા..! સમજાણું કાંઈ? અગિયાર અંગ અને નવ પૂર્વ સુધી ભણી જાય છે મિથ્યાદષ્ટિ, એથી શું? એ કોઈ વસ્તુ નથી. એ જ કહે છે અહીંયાં કે '**શબ્દશ્રુત આદિ હોવા છતાં જ્ઞાન આદિ નથી પણ હોતાં,...**' એટલે શું કીધું? શબ્દશ્રુત હોય અને સમ્યગ્જ્ઞાન ન હોય, નવ તત્ત્વની શ્રદ્ધા હોય અને સમ્યગ્દર્શન ન હોય, પંચમહાવ્રતના પરિણામ હોય અને ચારિત્ર ન હોય. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** માટે તેનો નિષેધ છે. આહા..હા..!

'**શબ્દશ્રુત આદિ...**' આદિ એટલે ત્રણેય. શબ્દ શ્રુત, નવ તત્ત્વ અને પંચમહાવ્રત, આ છ જીવ-નિકાય. એ આદિને જ્ઞાનાદિનો આશ્રય પણ નથી. સમ્યગ્જ્ઞાનનું નિમિત્ત, સમ્યગ્દર્શનનો આશ્રય, સમ્યક્ ચારિત્રનું સહચરપણું અનેકાંતિક છે, વ્યભિચારયુક્ત છે. શબ્દશ્રુત આદિ જ્ઞાન, શાસ્ત્રજ્ઞાન હોવા છતાં, નવ તત્ત્વની શ્રદ્ધા પણ વિકલ્પરૂપે હોવા છતાં, પંચમહાવ્રત ને પાંચ સમિતિ, ગુપ્તિ, અઠ્યાવીશ મૂળગુણ

હોવા છતાં '**આશ્રયસ્વરૂપ માનવામાં વ્યભિચાર આવે છે કેમકે શબ્દશ્રુત આદિ હોવા છતાં જ્ઞાન આદિ નથી પણ હોતાં,...**' આહા..હા..! એને સમ્યગ્જ્ઞાન પણ નથી, સમ્યગ્દર્શન પણ નથી, સમ્યક્ચારિત્ર પણ નથી. આહા..હા..! કહો, ધન્યકુમારજી! આ બધા જુવાનિયા હવે તો તૈયાર થઈ ગયા છે ઘણાં. ત્યાં એ બાજુ ઈ છે. મહારાષ્ટ્ર કહેવાય? શું કહેવાય એ? મહારાષ્ટ્ર. બાળબ્રહ્મચારી છે. દસ ભાઈઓ છે. નવ પરણેલા છે. આખું અંતરીક્ષ એમણે લીધું. અંતરીક્ષ છેને આપણું? દિગંબરનું હોય અંતરીક્ષ, શ્વેતાંબરમાં હોય નહિ. શ્વેતાંબરમાં કોઈ ભગવાન અંતરીક્ષ એવું છે જ નહિ ક્યાંય. અંતરીક્ષ ક્ષેત્ર શ્વેતાંબરના ભાગમાં, આપણે ભુલાઈ ગયું હતું. અંતરીક્ષ ક્ષેત્ર જ દિગંબરનું છે. એમાં શ્વેતાંબર-દિગંબર બે ભાગ લેતા હતા. લોકો વસ્તુ તત્ત્વ સમજ્યા વિના શું કરે? તકરાર...તકરાર... તકરાર. આહા..હા..! આ તો શાંતિનો માર્ગ છે, ભાઈ! કોઈ પ્રત્યે વિરોધનો માર્ગ નથી. કોઈ પ્રત્યે વિરોધ નહિ. ભગવાન છે એ. પણ સત્ય હોય તે રીતે એણે શરણ લેવું જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ?

એ શબ્દશ્રુત, નવ તત્ત્વની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ હોવા છતાં. આદિ શબ્દ છેને? જ્ઞાનાદિના આશ્રયરૂપ. છતાં જ્ઞાનાદિ નથી. આહા..હા..! કેમકે આત્માના સન્મુખનું જે જ્ઞાન છે તે તો છે નહિ. પરસન્મુખનું શાસ્ત્રનું જ્ઞાન એ કંઈ વસ્તુ નથી. સ્વાશ્રયથી જે જ્ઞાન થાય તે જ્ઞાન. પરાશ્રયથી જે જ્ઞાન થાય તે વ્યવહારુ, એ કાંઈ સાચું તત્ત્વ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**શબ્દશ્રુત આદિ...**' એટલે શબ્દશ્રુત, નવ તત્ત્વ અને પંચમહાવ્રત. અહીં છ જીવ-નિકાય લીધી. એને જ્ઞાન આદિ આશ્રયસ્વરૂપ. એને આશ્રયે જ્ઞાન થાય અને એને આશ્રયે દર્શન થાય અને એને આશ્રય ચારિત્ર થાય એ માનવામાં વ્યભિચાર આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**કેમકે શબ્દશ્રુત આદિ હોવા છતાં જ્ઞાન આદિ નથી પણ હોતાં,...**' નથી પણ હોતા એટલે શું? કે શબ્દશ્રુત હો, પણ સ્વને આશ્રયે જ્ઞાન હોય તો ભલે હો, વ્યવહાર કહેવાય એને. અને એકલું શબ્દશ્રુત છે અને આત્મા આશ્રિત જ્ઞાન નથી તો એને નથી પણ હોતા. અને હોય છે તો સ્વને આશ્રયે હોય છે ત્યારે એવા શબ્દશ્રુત જ્ઞાન વ્યવહારે હોય છે. સમજાણું કાંઈ? નથી પણ હોતા એમ કહ્યુંને? નથી જ એમ નહિ, હોય પણ ખરું. નિશ્ચય આત્માનું જ્ઞાન, આત્માનું દર્શન અને આત્માનું ચારિત્ર હોય ત્યાં વ્યવહાર હોય પણ ખરો. પૂર્ણ વીતરાગ નથી એટલે આવે રાગ, મુનિને પણ આવે, પણ એ આવે છતાં એ જ્ઞાન-દર્શન-ચારિત્ર નથી પણ હોતા અને એ હોય છતાં જ્યારે સ્વનો આશ્રય હોય તો જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**માટે વ્યવહારનય પ્રતિષેધ્ય છે;...**' માટે વ્યવહારનય છોડવાલાયક છે. આહા..હા..! એને જે કોઈ આદરવાલાયક અને એનાથી નિશ્ચય થાય એમ માને એ જૈનશાસનનો વિરોધી મિથ્યાદષ્ટિ છે.

**શ્રોતા :-** વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ જ કહે છેને. વ્યવહાર કરતા નિશ્ચય થાય, રાગ કરતાં-કરતાં અરાગ થાય, લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ડકાર આવે એવી એ જાત છે. કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ નિત્યાનંદ તે જ સમ્યગ્દર્શનનો વિષય અને ધ્યેય છે, બસ. ત્રણકાળ ત્રણલોકમાં જૈનદર્શન એ વસ્તુના પૂર્ણ સ્વરૂપને જ સમ્યગ્દર્શન પ્રતીતિ કહેવામાં આવે છે. આહા..હા..! અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સંતો, ગણધરો (આમ કહે છે). જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાય છે. એનું ધ્યેય દ્રવ્ય ત્રિકાળી વસ્તુ છે. તેથી તે ત્રિકાળી વસ્તુ તે જ એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં કારણ છે, વ્યવહાર કારણ નહિ. આહા..હા..! કહો, માણેકલાલજી! હવે તો ઘણું ચાલ્યું છે. ૨૦ લાખ પુસ્તક બહાર પડ્યા છે અને લાખો છપાય છે હજી. ૨૦ લાખ. ૧૪ લાખ તો અહીં છપાણા, ૬ લાખ જયપુર છપાણા. આ રીતના પણ હોં! આ પ્રકારના. આહા..હા..!

**'માટે, વ્યવહારનય પ્રતિષેધ્ય છે;...'** આહા..હા..! **'અને નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધક છે,...'** આહા..હા..! નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધક છે. શુદ્ધ આત્માનું જ્ઞાન, શુદ્ધ આત્માનું સમકિત, શુદ્ધ આત્માનું ચારિત્ર જેમાં સુખરૂપ આનંદદશા છે. એ મોક્ષનો માર્ગ એ અતીન્દ્રિય આનંદનું વેદન છે અને વ્યવહારરત્નત્રયના વિકલ્પમાં દુઃખનું વેદન છે. જ્ઞાનીને પણ હોય છે. કોઈ એમ કહે કે જ્ઞાનીને એમ (ન હોય). એમ હતુંને ઓલા શેઠિયા? દિપચંદજી શેઠિયા. ઓલા ભાઈનું શું? સોગાનીનું. સોગાની કહે કે ભાઈ! રાગનું વેદન છે એ દુઃખનું વેદન જ્ઞાનીને પણ છે. એ એને (શેઠિયાને) માન્ય ન આવ્યું. જ્ઞાનીને રાગનું વેદન હોય જ નહિ. દૃષ્ટિનો વિષય અને દૃષ્ટિનું કથન હોય ત્યાં એમ હોય. આહા..હા..! પણ જ્યાં દૃષ્ટિની સાથે જ્ઞાન થાય છે, એ તો ૪૭ નયમાં પ્રવચનસારમાં આવે છે (કે) ધર્મી સમકિતી પણ રાગનો કર્તા, કર્તાબુદ્ધિએ નથી, પણ પરિણમન છે માટે કર્તા પણ છે. જાણવાલાયક. ૪૭ નયમાં આવે છે એ કર્તાનય, ભોક્તાનય. આહા..હા..! જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા નથી આવી ત્યાં આગળ એને ક્ષાયિકસમકિતી હોય, મુનિ ગણધર હોય, અરે! તીર્થંકર હોય છદ્મસ્થ એને પણ એ રાગ હોય છે અને એ રાગનું દુઃખનું વેદન પણ છે. કારણ કે પૂર્ણ આનંદનો અભાવ (છે) સાધકમાં. સાધ્યમાં પૂર્ણ આનંદની દશા પ્રગટ કેવળીને (થઈ) એને દુઃખ નથી, પણ સાધક છે ચોથે, પાંચમે, છઠ્ઠે પૂર્ણ આનંદની દશા નથી, અપૂર્ણ આનંદની દશા અતીન્દ્રિયની છે તેથી જોડે જરી રાગનું, દુઃખનું વેદન પણ છે. સમકિતીને, ક્ષાયિકસમકિતીને પણ. આહા..હા..! અમૃતચંદ્રાચાર્યે કહ્યું નહિ ત્રીજા શ્લોકમાં, **'कल्माषितायाः'** અમને પણ હજી ક્લિષ્ટ પરિણામ વર્તે છે. આહા..હા..! આચાર્ય છે, મુનિ છે, છઠ્ઠે ગુણસ્થાને છે. છેને? શું છે? આહા..હા..! ત્રીજો કળશ છે.

(मालिनी)

परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावा-
दविरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः।

આહા..હા..! જેને છઠ્ઠે ગુણસ્થાને વીતરાગતા આનંદ વધી ગયો છે. પ્રચુર અતીન્દ્રિય આનંદનું વેદન (પ્રગટ થયું છે) છતાં હજી અમને **'कल्माषितायाः'** આહા..હા..! કલ્માષિત ભાગ છે. જોયું! આહા..હા..! ત્યાં છેને? અર્થ ક્યાં આવ્યો એનો? નીચે આવ્યો. ઓલી કોર આવ્યો ઓલી કોર આવ્યો. **'મારી અનુભૂતિની અર્થાત્ અનુભવરૂપ પરિણતિની પરમ વિશુદ્ધિ થાઓ. કેવી છે તે**

**પરિણતિ? પરપરિણતિનું કારણ જે મોહ નામનું કર્મ...'** નિમિત્ત. **'તેના અનુભાવ (-ઉદયરૂપ વિપાક)ને લીધે જે અનુભાવ્ય (રાગાદિ પરિણામો)ની સાથે વ્યાપ્તિ છે તેનાથી નિરંતર કલ્માષિત (મેલી) છે.'** હજી. આહા..હા..! સાધક છેને હજી એટલે '**कल्माषितायाः**' અનાદિની રાગની પરિણતિ અમારે પણ છે, એ અનાદિની છે. અનુભવ થયો છે, આનંદ સ્વાદ આવ્યો છે, પ્રચુર આનંદમાં વીતરાગતામાં છે, પણ જે ઓલી પર્યાયમાં જરી રાગ નિમિત્તને લઈને નહિ, પણ નિમિત્તને વશ થયેલી દશાને લઈને '**कल्माषितायाः**' કલ્માષિતભાવ છે. આહા..હા..! એટલું અમને દુઃખનું વેદન છે. અમે પૂર્ણ આનંદને પ્રાપ્ત નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તો ટીકા કરતા એ '**कल्माषितायाः**' નાશ થઈ જાઓ. એનો અર્થ એ કે ટીકા કરતા તો નહિ, પાઠ તો ટીકા કરતા છે, સમજાણું? છેને? '**समयसारव्याख्ययै**' '**एव**' '**एव**' છે. એનાથી જ. એનાથી તો વિકલ્પ છે, પણ અમારું સમયસાર ટીકા કાળમાં અમારું જોર દ્રવ્યસ્વભાવ ઉપર જોર ઘૂંટાશે એમાંથી કલ્માષિતતાનો નાશ થઈ જશે. સમજાણું કાંઈ? આહા..હા..!

આચાર્ય છે. **નમો લોએ સવ્વ સાહુણં. નમો લોએ સવ્વ** ત્રિકાળવર્તી આચાર્યાણાં. એમ પદ છેને ખરું તો? ખરું પદ તો એ છે આગમમાં. **નમો લોએ સવ્વ** ત્રિકાળવર્તી અરિહંતાણં. એ તો ટૂંકુ કર્યું છે. **નમો લોએ સવ્વ** ત્રિકાળવર્તી સિદ્ધાણં. એમાં છે ત્યાં. આહા..હા..! **નમો લોએ સવ્વ** ત્રિકાળવર્તી આઈરિયાણં, **નમો લોએ સવ્વ** ત્રિકાળવર્તી ઉવજ્ઝાયાણાં, **નમો લોએ સવ્વ** ત્રિકાળવર્તી સાહુણં. ત્રિકાળવર્તી ન રહ્યું તો **નમો લોએ સવ્વ** અરિહંતાણં રહી ગયું. **નમો લોએ સવ્વ** સાહુણં. એનું અંત્યદિપક છે. ચારમાં આવી જાય છે એ. આહા..હા..! એવા આચાર્ય પણ કહે છે કે અમારે કલ્માષિત (પરિણતિ) અનાદિની છે, એ કાંઈ નવી નથી. નવું તો આત્માનો આનંદ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયું, પણ આ મલિનતાનો અંશ જે બાકી છે એ તો અનાદિનો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એટલું અમને દુઃખ છે, દુઃખનું વેદન છે. એટલો એ વ્યવહાર છે, પણ હેય છે. સમજાણું કાંઈ?

'**વ્યવહારનય પ્રતિષેધ્ય છે; અને નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધક છે, કારણ કે શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું આશ્રયપણું ઐકાંતિક છે.**' જોયું! ઐકાંકિત છે, એકાંત છે. શુદ્ધ આત્મા પવિત્ર ધ્યેયમાં લઈને દર્શન થાય એના ધ્યેયને લઈને જ્ઞાન થાય અને ધ્યેયમાં સ્થિરતા થાય એ ઐકાંતિક છે. આહા..હા..! સમ્યક્ એકાંત છે ઈ. સમજાણું કાંઈ? '**કારણ કે શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું આશ્રયપણું...**' કારણપણું, નિમિત્તપણું '**ઐકાંતિક છે. (શુદ્ધ આત્માને જ્ઞાનાદિનો આશ્રય માનવામાં વ્યભિચાર નથી...**' આહા..હા..! પૂર્ણ પરમાત્મસ્વરૂપ સમયસાર ત્રિકાળી સ્વરૂપ, શુદ્ધ ઘન અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ ધ્રુવ એ જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો આશ્રય છે. માટે તે સમ્યગ્દર્શન-જ્ઞાન ઐકાંતિક, સ્વને આશ્રયે થાય એ ઐકાંતિક છે, એમાં અનેકાંત નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈને વ્યવહારથી પણ થાય, કોઈને આત્માથી પણ થાય, કોઈને નિમિત્તથી થાય, કોઈને શુદ્ધ ઉપાદાનથી પણ થાય. એમ શ્રીમદ્દે ના પાડી કે ભાઈ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અનેકાંત પણ બીજો હેતુ નથી આમાં. નિજપદનો ઐકાંતિક આશ્રય લે પછી જ્યારે પર્યાય અને

રાગ છે એનું જ્ઞાન કરે તો અનેકાંત કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ? વીરના માર્ગ છે શૂરાના બાપુ! કાયરના કામ નથી અહીં. 'વચનામૃત વીતરાગના...' શ્રીમદ્ કહે છેને. 'પરમ શાંત રસમૂળ, પરમ શાંત રસમૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.' આહા..હા..!

પુણ્ય-પાપમાં તો ત્યાં સુધી કહ્યું, પુણ્યના પરિણામને છોડતો નથી તે નપુંસક છે. 'ક્લીવ' શબ્દ છે સંસ્કૃતમાં. જે શુદ્ધોપયોગ ધર્મ છે તે કરતો નથી અને શુભોપયોગમાં રોકાઈને, એની નામર્દાઈને લઈને, પુરુષાર્થહીન અને નપુંસકપણાને લઈને શુભના રોકાણમાં રહ્યો છે તે હીજડો છે. આહા..હા..! બે ઠેકાણે છે. ક્લીવ શબ્દ છે સંસ્કૃતમાં. એનો અર્થ નપુંસક કર્યો છે. ક્લીવ-નપુંસક છે. આહા..હા..! તેને વીર્ય કહીએ ભગવાન સ્વરૂપનું વીર્ય એને કહીએ, એ ૪૭ નયમાં આવે છે ૪૭ શક્તિમાં, કે જે શુદ્ધ સ્વરૂપને રચે તેને વીર્ય કહીએ. શુભને રચે તે વીર્ય આત્માનું નહિ. આહા..હા..! ચીમનભાઈ! આવો માર્ગ છે, બાપુ! કાયરના અહીં કામ નથી. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન એની જે વીર્યશક્તિ છે એ પૂર્ણ શુદ્ધ છે તેની પર્યાયમાં રચના કરે, શુદ્ધતાની રચના કરે એ વીર્ય. અશુદ્ધ એવા શુભની રચના એ તો નામર્દ છે, ક્લીવ છે, નપુંસક છે. આકરી ભાષાએ કહીએ તો હીજડાઓ છે એ બધા. આહા..હા..! હીજડાને પ્રજા ન હોય, એમ શુભભાવવાળાને ધર્મની પ્રજા ન હોય. આહા..હા..! પ્રવિણભાઈ! આવો માર્ગ છે.

અહીંયાં કહે છે કે '**શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું આશ્રયપણું ઐકાંતિક છે.**' આહા..હા..! એમાં વ્યવહારથી થાય અને નિશ્ચયથી થાય એવું છે નહિ. આહા..હા..! શાસ્ત્રજ્ઞાનથી પણ જ્ઞાન થાય, નવ તત્ત્વની શ્રદ્ધાથી પણ સમ્યગ્દર્શન થાય, પંચમહાવ્રતથી પણ ચારિત્ર થાય એવું ત્રણકાળમાં છે નહિ. આહા..હા..! અરે! વાત સાંભળવા મળવી મુશ્કેલ લાગે અત્યારે તો થઈ ગયું. આહા..હા..! બધા વ્યવહારના ગોટા ઉઠાવ્યા, વ્યવહારથી થાય... વ્યવહારથી થાય... વ્યવહારથી થાય. આહા..હા..! અહીં કહે છે, '**શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું આશ્રયપણું ઐકાંતિક છે. (શુદ્ધ આત્માને જ્ઞાનાદિનો આશ્રય માનવમાં વ્યભિચાર નથી...**' એમાં દોષ આવતો નથી. એમાં ઐકાંતિક થઈ જતું નથી. વ્યભિચારવાળું ઐકાંતિક થતું નથી, અવ્યભિચારી ઐકાંતિક થાય છે. આહા..હા..! શુદ્ધ આત્માને જ્ઞાન-દર્શન-ચારિત્રનો આશ્રય માનવામાં. ત્રણે લેવા એમાં. આદિ છેને? '**વ્યભિચાર નથી કેમકે જ્યાં શુદ્ધ આત્મા હોય...**' જે જ્ઞાનમાં શુદ્ધ આત્મા હોય, જે દર્શનમાં શુદ્ધ આત્મા હોય, જે ચારિત્રમાં શુદ્ધ આત્મા હોય. '**શુદ્ધ આત્મા હોય ત્યાં જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય જ છે.)** ' આહા..હા..! સમજાણું કાંઈ?

જ્યાં ભગવાન શુદ્ધ આત્મા દૃષ્ટિ, જ્ઞાનમાં, ચારિત્રમાં જ્યાં શુદ્ધ આત્મા છે ત્યાં નિશ્ચયથી વસ્તુ છે, એ સત્ય વસ્તુ છે. એને જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય છે. આહા..હા..! અહીંયાં પહેલું જ્ઞાનથી ઉપાડ્યું ભાઈ! નહિતર પહેલું આમ સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર મોક્ષનો માર્ગ ત્રણ કહ્યો. અહીં જ્ઞાનથી ઉપાડ્યું છે. કારણ કે જ્ઞાન એ જાણનાર છેને. સમકિત કાંઈ જાણતું નથી પોતાને અને પરને. એટલે જ્ઞાનથી પહેલી વાત ઉપાડી છે આમાં. સમજાણું કાંઈ? આમ જુઓ તો મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શન-

જ્ઞાન-ચારિત્ર ત્રણ છે. ઉમાસ્વામીનું સૂત્ર. અહીં ઉપાડ્યું છે પહેલું જ્ઞાન, પછી દર્શન, પછી ચારિત્ર. કેમકે જ્ઞાનની વર્તમાન પર્યાયમાં વસ્તુ છે એ જાણે છે અને એ જ જ્ઞાનની પર્યાય, દર્શનની પર્યાયને પણ જાણે છે. દર્શનની પર્યાય પોતે (પોતાને) જાણતી નથી, તેમ જોડે જ્ઞાનની પર્યાયને પણ એ જાણતી નથી. આહા..હા..! તેમ ચારિત્રની પર્યાય પોતે (પોતાને) જાણતી નથી, તેમ ચારિત્રની પર્યાય જોડે જ્ઞાન થયું એને જાણતી નથી. આહા..હા..! એથી પહેલું જ્ઞાન લીધું છે આમાં. જ્ઞાનની પર્યાય આત્માને આશ્રયે જે થઈ ત્રિકાળ ચિદાનંદ પ્રભુ, એ પર્યાય દર્શનને પણ જાણે, ચારિત્રને જાણે, આનંદના વેદનને એ જ્ઞાન જાણે. સુખનું વેદન સુખ ન જાણે. સમજાણું કાંઈ? આ તો સિદ્ધાંતો છે, આ કાંઈ વાર્તા નથી. ભગવાનના શ્રીમુખે નીકળેલી વાણી છે. સંતો આડતિયા થઈને માલ આપે છે જગતને. માર્ગ આ છે, બાપા! આહા..હા..! માનો, ન માનો એ તમારી સ્વતંત્રતા. આહા..હા..!

'**આ વાત હેતુસહિત સમજાવવામાં આવે છે :—** ' '**આચારાંગ આદિ શબ્દશ્રુત એકાંતે જ્ઞાનનો આશ્રય નથી,...**' હવે કહે છે કે ભગવાનના કહેલા શાસ્ત્રનું જ્ઞાન એ પણ ઐકાંતિક જ્ઞાનનું નિમિત્ત નથી. આહા..હા..! એ જ્ઞાનનું કારણ નથી. આહા..હા..! '**કારણ...**' એ તો ન્યાય આપ્યો પણ એનું કારણ? '**આચારાંગ આદિ...**' પણ એ આચારાંગ આદિ હોં, શાસ્ત્ર ભગવાનના કહેલા એ. એથી આચારાંગ આદિ શબ્દ લીધો છે. ભલે વર્તમાન એ આચારાંગના અનુસારે બનાવેલા છે આ બધા સમયસાર ને ઈ. આચારાંગ આદિ ભલે રહ્યા નથી, પણ એને અનુસારે સમયસાર, પ્રવચનસાર, નિયમસાર આદિ શાસ્ત્રો, ગોમ્મટસાર એ બધા પૂર્ણ વસ્તુના એને અવલંબે બનાવ્યા છે. સમજાણું કાંઈ? '**આચારાંગ આદિ...**' એટલે આચારાંગનું જ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધા, પંચમહાવ્રત, છ કાય જીવની દયા એ એકાંતે જ્ઞાનનો આશ્રય નથી. આહા..હા..! અહીં તો જ્ઞાનની વાત છે અત્યારે.

'**કારણ કે તેના (અર્થાત્ શબ્દશ્રુતના) સદ્‌ભાવમાં...** ' અગિયાર અંગનું જ્ઞાન હોય છે અભવિને અને આત્મજ્ઞાન હોતું નથી. છે? '**સદ્‌ભાવમાં પણ...**' શાસ્ત્રના જ્ઞાનની હયાતીમાં પણ. આહા..હા..! વ્યવહારુ શાસ્ત્રનું જ્ઞાન એને છે એવું હોવા છતાં '**અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે...**' અભવ્યનો દૃષ્ટાંત દીધો છે. સિદ્ધાંત તરીકે બધા જીવને આવું હોવા છતાં આત્માનું જ્ઞાન હોતું નથી, માટે તે વ્યવહાર નિષેધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો જાણે કોક બીજા દેશની વાત હોય એવી વાતું છે.

**શ્રોતા :-** સ્વદેશની છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સ્વદેશની વાત છે આ તો. આહા..હા..!

અભવિનું લોકો એમ કહે છે કે જુઓ અહીં તો અભવિ(ની વાત છે). પણ અભવિનો તો દૃષ્ટાંત દીધો છે. સિદ્ધાંત તો એ સિદ્ધ કરવો છે કે વ્યવહાર હોવા છતાં આત્મજ્ઞાન હોતું નથી, માટે તે વ્યવહાર પ્રતિષેધ્ય છે. એ દાખલા માટે અભવિ આપ્યું. બંધ અધિકારમાં પણ અભવિનો દાખલો આપ્યો છે. અભવિ વ્રત, તપ ને નિયમ, શીલ પરિપૂર્ણ કરે છે એવો દાખલો છે. પરિપૂર્ણ હોં! સાવધાન. જિનવર કહેલા, જિનવર કહેલા વ્રત, તપ ને શીલ સાવધાનપણે, પરિપૂર્ણપણે એવો શબ્દ છે ત્યાં. છેને. કેટલામી

ગાથા? શું કીધું ઈ? પુણ્ય-પાપમાં છેને? ૪૧૫ ને? બંધ અધિકારમાં. ૨૭૩. એમાં ૧૭૩ ક્યાં આવ્યું? ૨૭૩, ૨૭૩. હા એ બરાબર. ૨૭૩ પાનું એમ ને? ગાથા. ૨૭૩ ગાથા. ૪૧૬. આવી ગઈ છે. એ જ આવ્યું જુઓ!

'**ટીકા :- શીલ અને તપથી પરિપૂર્ણ,...**' કરે છે એ. અભવિ જીવ શીલ, આચરણ અને તપને તો પરિપૂર્ણ કરે છે. એમ. જિનવરે કહેલો વ્યવહાર હોં! આહા..હા..! શીલ. જિનવર શબ્દ પાઠમાં છે અને ટીકામાં જિનવર શબ્દ ન નાખતા પરિપૂર્ણ શબ્દ નાખ્યો છે. હેતુ આ છે. પાઠમાં જિનવરે કહેલા વ્રતાદિ એમ છે. છેને? '**वदसमिदीगुत्तीओ सीलतवं जिणवरेहि पण्णत्तं**' જિનવરે કહેલા એ પાળે છે છતાં એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! જિનવર કહેલું એ પાઠમાં છે. અર્થમાં એને ઠેકાણે જિનવરે કહેલું છેને એટલે શીલ ને વ્રત પરિપૂર્ણ છે એમ કહેવું છે. પરિપૂર્ણ વ્રત પાળે છે, શીલ પરિપૂર્ણ છે. '**ત્રણ ગુપ્તિ અને પાંચ સમિતિ પ્રત્યે સાવધાની...**' છે, પૂર્ણ સાવધાની છે. '**અહિંસાદિ પાંચ મહાવ્રતરૂપ વ્યવહારચારિત્ર અભવ્ય પણ કરે છે અર્થાત્ પાળે છે; તોપણ તે (અભવ્ય) નિશ્ચયચારિત્ર (-ચારિત્રસહિત) અજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિ જ છે...**' ચારિત્રરહિત છે. '**કારણ કે નિશ્ચયચારિત્રના કારણરૂપ જ્ઞાનશ્રદ્ધાનથી શૂન્ય છે.**' આહા..હા..!

જિનવરે કહેલા વ્રતને, તપને, શીલને પાળતો થકો અભવિ તે મિથ્યાદૃષ્ટિ છે, એમ ભવિ જીવ પણ જિનવરે કહેલા વ્રત ને તપમાં પરિપૂર્ણ સાવધાન ભરેલું આચરણ હોવા છતાં તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ૨૭૨ પછી આવે છે. સાવધાન કીધું છેને પાઠમાં, સાવધાન. પૂર્ણ સાવધાન છે, પરિપૂર્ણ એમ. પરિપૂર્ણ વીતરાગે કહેલો વ્યવહાર પરિપૂર્ણ પાળે, સાવધાનથી પાળે છતાં મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એમ ભવિ જીવ પણ જિનવરે કહેલા પંચમહાવ્રત અને પાંચ સમિતિ આદિ સાવધાનપણે આચરણ, બરાબર આચરણ જેનું છે. નિરતિચાર આચરણ છે, છતાં આત્મદર્શન અને જ્ઞાન નથી. સમજાણું કાંઈ? એ અહીં છે લ્યો ઠીક. એ તો આના પછી તરત જ આવ્યું. પહેલાનું આવ્યું. ૨૭૩.

'**જ્યાં શુદ્ધ આત્મા હોય ત્યાં જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય જ છે.**' કેમ? '**આચારાંગ આદિ શબ્દશ્રુત એકાંતે જ્ઞાનનો આશ્રય નથી, કારણ કે તેના (અર્થાત્ શબ્દશ્રુતના) સદ્‌ભાવમાં...**' શાસ્ત્રનું જ્ઞાન હોવા છતાં આચારાંગ, સૂયગડાંગ. એક આચારાંગમાં અઢાર હજાર પદ અને એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક. એવું અગિયાર અંગનું જ્ઞાન હોવા છતાં તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? કારણ કે એ તો વ્યવહાર છે, સ્વનું જ્ઞાન આવ્યું નહિ એમાં. આહા..હા..! '**શબ્દશ્રુતના સદ્‌ભાવમાં...**' એને તો શબ્દશ્રુત જ કીધું છે. શાસ્ત્રનું જ્ઞાન એટલે શબ્દશ્રુતનું જ્ઞાન એમ. શબ્દશ્રુત નિમિત્ત છે અને શબ્દશ્રુતનું જ જ્ઞાન, એ કાંઈ આત્માનું નથી. આહા..હા..! એક-એક ગાથા એટલી બધી સ્પષ્ટ છે, પણ લોકોને વ્યવહારનો પક્ષ એટલો બધો અનાદિનો છેને, એટલે એને પોષણને માટે બધી વાતું કરે. આહા..હા..! મિથ્યાત્વને પોષે અને વાત કરે કે અમે જૈનધર્મની વાત કરીએ છીએ. આહા..હા..!

'**શુદ્ધ આત્માના અભાવને લીધે જ્ઞાનનો અભાવ છે;...**' એક વાત. '**જીવ આદિ નવ પદાર્થો દર્શનનો આશ્રય નથી,...**' ભેદવાળા નવ હોં! ઉમાસ્વામીજીએ જે કહ્યા છે એ તો નિશ્ચય

છે. 'तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनं' જે ઉમાસ્વામીએ કહ્યું છે એ નિશ્ચય અભેદથી એકવચન છે ત્યાં. એકદમ જીવ નામ જીવ પૂર્ણ છે એની શ્રદ્ધા કરે છે, તેમાં આ તત્ત્વો નથી એવી શ્રદ્ધા એમાં આવી જાય છે. એટલે નવ તત્ત્વની શ્રદ્ધાને નિશ્ચયસમ્યગ્દર્શન કહ્યું છે. એકવચન છે, બહુવચન નથી. આ બહુવચન છે. ભેદવાળા નવ જીવ, અજીવ, પુણ્ય, પાપ, સંવર, નિર્જરા, મોક્ષ. સમજાણું કાંઈ? મોક્ષમાર્ગપ્રકાશકમાં પણ નવ તત્ત્વની શ્રદ્ધા લીધી છે એ અભેદથી લીધી છે, આ ભેદની વાત છે. એકદમ જ્ઞાયકભાવ ત્રિકાળનો જ્યાં અનુભવ થયો, દૃષ્ટિ થઈ એમાં બધા નવેય તત્ત્વની શ્રદ્ધા આવી જાય છે. અસ્તિરૂપે આ છે અને બીજી પર્યાયો એમાં નાસ્તિરૂપ છે એમ ભેગું જ્ઞાન આવી જાય છે એકરૂપ. આહા..હા..!

અહીં '**જીવ આદિ નવ પદાર્થો દર્શનનો આશ્રય નથી,...**' એમ કહ્યું લ્યો ઠીક! એ સમકિતનો આશ્રય નવ તત્ત્વ નથી. હવે ત્યાં નવ તત્ત્વ સમકિતનો આશ્રય કીધો છે ઉમાસ્વામીએ. એ અભેદથી કીધું છે. એકદમ અખંડ જ્ઞાનાનંદસ્વરૂપ જે છે પૂર્ણ, જ્ઞાનપ્રધાન કથન છે, આ દૃષ્ટિપ્રધાન કથન છે. એકદમ જ્ઞાયક ચિદાનંદ પૂર્ણ શુદ્ધ એનો અનુભવ થવો, એમાં નવેય તત્ત્વો અંદર આવી જાય છે બીજા. પર્યાયનો અભાવ આવે, અસ્તિ-નાસ્તિનું જ્ઞાન અને એની પ્રતીત નિર્વિકલ્પ આનંદના સ્વાદ સાથે આવી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં ભેદ નવ ભેદ પાડ્યો છે. આ જીવ ને આ અજીવ અને જીવના વિશેષો, જીવના વિશેષો. અજીવ, પુણ્ય-પાપ શું? જીવ આદિ નવ તત્ત્વની શ્રદ્ધા તો અનાદિની અભવિને પણ હોય છે.

એ '**જીવાદિ નવ પદાર્થો દર્શનનો આશ્રય નથી,** કારણ કે **તેમના સદ્ભાવમાં...** ' નવ તત્ત્વની શ્રદ્ધા હોવા છતાં. નવ તત્ત્વની શ્રદ્ધા એ વિકલ્પ અને રાગ છે. એવી શ્રદ્ધા હોવા છતાં '**પણ અભવ્યને શુદ્ધ આત્માના અભાવને લીધે...**' શુદ્ધ આત્માના અભાવને લીધે '**દર્શનનો અભાવ છે;...**' એને સમકિતનો અભાવ છે. આહા..હા..! એમ ભવિને પણ. આ તો દૃષ્ટાંત છે. નવ તત્ત્વની શ્રદ્ધાનો સદ્ભાવ વિકલ્પ હોવા છતાં આત્માની શ્રદ્ધાનો એને અભાવ છે. આહા..હા..! પછી '**છ જીવ-નિકાય ચારિત્રનો આશ્રય નથી,...**' પંચમહાવ્રતના ભાવ ચારિત્રનો આધાર નથી, ચારિત્રનું કારણ નથી, ચારિત્રમાં નિમિત્ત નથી. આહા..હા..! છ જીવ-નિકાય. કારણ કે એ એક જ મૂક્યું છે આમાં. વ્યવહાર અહિંસા. એમ પાંચેય મહાવ્રત એમાં આવી જાય છે. કારણ કે એવું જે સર્વજ્ઞે જોયેલા અનંત આત્માઓ નિગોદના એ બીજે ક્યાંય છે નહિ, બીજા કોઈ શાસ્ત્રમાં નથી. શ્વેતાંબરમાં છે પણ એ સંખ્યામાં ફેર છે, પ્રદેશની સંખ્યામાં ફેર છે. બધો ફેર છે. સમજાણું કાંઈ? આહા..હા..! લોકના પ્રદેશ છેને? એના પ્રદેશમાં ફેર છે. તો પછી લોકના પ્રદેશ જેટલા એ જીવના પ્રદેશ છે. દરેક જીવના પ્રદેશમાં પણ ફેર છે એનામાં. લાંબી વાત છે.

આ તો સર્વજ્ઞ, જે દિગંબર સર્વજ્ઞ પરમાત્મા એમણે કહેલા નવ તત્ત્વો એ પણ સમકિતનો આશ્રય નથી. '**છ જીવ-નિકાય ચારિત્રનો આશ્રય નથી,...**' એક એક જીવના પ્રદેશમાં ફેર છે શ્વેતાંબર અને દિંગબરના. એ તો એણે પણ કબુલ્યું છે. એક પુસ્તક છે એમાં. પુસ્તક છેને આપણે. એક પુસ્તક છે શ્વેતાંબરનું યશોવિજયનું, એણે કબુલ્યું છે કે લોકના પ્રદેશ ૩૪૩ રાજુ છે એના જે પ્રદેશ છે એ આમાં

મેળ ખાતો નથી. મૂળ કલ્પિત બનાવેલું છેને, એ કાંઈ ભગવાનના કહેલા શાસ્ત્ર નથી શ્વેતાંબરના નિશ્ચયથી. આકરું કામ છે. મિથ્યાદૃષ્ટિ થયા પછી બનાવ્યા છે એથી એમાં ગડબડ ગોટો ઊભો થયો છે મોટો. આ તો સર્વજ્ઞને અનુસારી વાત છે બધી. આહા..હા..!

એટલે '**છ જીવ-નિકાય ચારિત્રનો આશ્રય નથી,** કારણ કે **તેમના સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે ચારિત્રનો અભાવ છે.**' પંચમહાવ્રત પાળે, છ કાયની દયા પાળે, ભગવાનની ભક્તિ-પૂજા ભક્તિ બરાબર કરે સવાર સાંજ. શ્રાવકના જે છ આવશ્યક કીધા હતાને એ આવશ્યક બરાબર કરે, પણ એ બધો રાગ છે, એ તો વિકલ્પ છે. આહા..હા..! અને નિશ્ચય આત્માનું જ્ઞાન અને આત્મદર્શન થયા પછી હોય વિકલ્પ એ વ્યવહાર છે, પણ છતાં હેય છે. સમજાણું કાંઈ? આવે તો ખરા છ આવશ્યકો, પણ નિશ્ચય આત્માનું જ્ઞાન, આત્માનું દર્શન અને આત્માને આશ્રયે ચારિત્ર જે થયું એવી ભૂમિકામાં જે વ્યવહારના છ આવશ્યક કીધા શ્રાવકને, એ વ્યવહાર છે, એ રાગ છે. આવે એ તો, પણ હેય છે. એક સમયે બેય હોય. નિશ્ચય હોય, વ્યવહાર હોય. અધૂરો છે ખરું ને. સાધક છેને. સાધક છે એટલે બાધકપણું હોય થોડું, પણ તે હેય છે. મિથ્યાદૃષ્ટિને એકલું બાધકપણું છે, કેવળીને એકલું સાધકપણું છે એટલે પૂર્ણ દશા છે. સાધકને બે છે. સ્વના આશ્રયનું જ્ઞાન-દર્શન-ચારિત્ર અને પરનો આશ્રયનો જરી રાગ. એ તો બેય છે. વ્યવહાર હોય છે. સમજાણું કાંઈ? પણ એ કાંઈ વસ્તુ નથી, દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી. એવું સહચર નિમિત્ત આવે છે એને દેખીને એને વ્યવહાર કહેવામાં આવ્યો છે, પણ છતાં હેય છે. આહા..હા..!

'**તેમના સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે ચારિત્રનો અભાવ છે.**' આહા..હા..! એમ ભવિ જીવ નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો, પંચમહાવ્રત (પાળ્યા). 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' અનંતા પુદ્ગલપરાવર્તન નવમી ગ્રૈવેયકના કર્યા. એક એક પુદ્ગલપરાવર્તન અનંતમાં ભાગમાં અનંતા દ્રવ્યલિંગી થાય. એવા દ્રવ્યલિંગપણા અનંતા થયા પણ સમ્યગ્દર્શન અને જ્ઞાન નહિ, આત્માનો આશ્રય નહિ. આ બધી ક્રિયાકાંડ વ્યવહાર બહારની. આહા..હા..!

હવે '**શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે,...**' જોયું! સમ્યગ્જ્ઞાનનો આધાર અને આશ્રય તો ત્રિકાળી ભગવાન જ છે. શુદ્ધ વસ્તુ ત્રિકાળ છે ત્યાં જ્ઞાનની પર્યાય તેને જ્ઞેય બનાવે એનું નામ સમ્યગ્જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે,...**' નિમિત્ત છે. '**કારણ કે આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્ભાવમાં...**' શું કહે છે હવે એ? જુઓ, કે એને આચારાંગ આદિનું શાસ્ત્રનું જ્ઞાન હો, એના સદ્ભવામાં કે એના અસદ્ભાવમાં—એ ન પણ હો, પણ તેના શુદ્ધ આત્માના સદ્ભાવથી જ જ્ઞાનનો સદ્ભાવ છે. એની વિશેષ વ્યાખ્યા છે.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## વૈશાખ વદ-૯, બુધવાર, તા. ૧૧-૦૫-૧૯૭૭, ગાથા-૨૭૬ થી ૨૭૯, પ્રવચન નં. ૩૩૮

૨૭૬-૨૭૭ ગાથા ચાલે છે, સમયસાર. અહીં આવ્યું છે. '**શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે,...**' શું કહે છે? કે આ મોક્ષનો માર્ગ એમાં પહેલું જે જ્ઞાન, એ જ્ઞાનમાં શુદ્ધ આત્મા જણાય તેને જ્ઞાન કહેવામાં આવે છે. શાસ્ત્રજ્ઞાન હો કે ન હો. '**શુદ્ધ આત્મા જ...**' એમ છેને? એકાંત કર્યું. શુદ્ધ આત્મા 'જ' એમ. જ્ઞાન છે. બીજું બધું કાઢી નાખ્યું. શું કીધું? ચારેય અનુયોગમાં કહેવાનો સાર તો વીતરાગતા છે. અને એ વીતરાગતા પ્રગટે કેમ? કે એ જ્ઞાનની પર્યાયમાં શુદ્ધાત્માનું જ્ઞાન કરે તો એ વીતરાગતા પ્રગટે. તો એ ચાર અનુયોગનો સાર આ છે. કોઈ કહે કે ભાઈ! ખૂબ ચાર અનુયોગ ભણ્યા હોયને ગોમ્મટસાર ને લબ્ધિસાર ને કર્મગ્રંથ ને બહુ ભણે અને સમકિત થાય તરત એમ નથી અને થાય તો એનાથી ન થાય. થાય ત્યારે તો એને શુદ્ધ આત્મા વસ્તુ છે એના ઉપર જ્ઞાન કરે ત્યારે થાય. આહા..હા..! એમ છે. ઘણાંનું વજન તો આ બધું છેને.. અળ ગોમ્મટસાર ને લબ્ધિસાર ને ક્ષપણાસાર ને એનું બધું એમ કે જ્ઞાન હોય, નહિતર એકલા અધ્યાત્મની વાતું કરે છે એ લૂખી વાત છે એમ કહે છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વળી એણે એમ કીધું. આ તો બીજાઓ પણ એમ કહે છે.. મહાબંધ પહેલો ચાહિયે એમ કહ્યું ભાઈએ તો વળી, શાંતિસાગર.

અહીં તો કહે છે ભગવાન આત્મા.. હવે આ વાત બીજા પણ લે છે ભાઈ! આજે ઓલામાં આવ્યું છે જૈનપ્રકાશ. આ જૈનપ્રકાશ છેને સ્થાનકવાસીનું. એમાં ઓલા અમરચંદજી. પૂજ્યપાદસ્વામીનું વાંચ્યું છે અને એનું નાખ્યું છે. અને એમાં પણ આ નાખ્યું છે કે આત્મા અમૃતનો સાગર ઉછળે છે. એ ક્યાં હતું એનામાં? ત્યાં નહોતું ઈ. આહા..હા..! છે નહિ.

આ આત્મા જે છે એ તો વીતરાગી અમૃત સાગરનો પિંડ છે. હવે આ જ્યાં સુધી ન સમજે ત્યાં સુધી એના બધા ભણતર-બણતર કાંઈ લેખે ન લાગે. આહા..હા..! એણે લખ્યું છે એમાં, જૈનપ્રકાશમાં આજે આવ્યું છે. અમરચંદજી છેને. દિગંબરનું વાંચે. આપણે અહીંના આત્મધર્મને વાંચે છે. આહા..હા..! કીધું આ વાત આવી. ભલે આ એક, પણ વાત આવી. અતીન્દ્રિય અમૃતનો સાગર ભગવાન છે જેમાં રાગની ગંધ નથી, તેમ અમૃતસ્વરૂપ ભગવાન આનંદ એમાં અપૂર્ણતા નથી, એવો જે પૂર્ણ આનંદસ્વભાવ અમૃતસ્વરૂપ ભગવાન છે અંદર એને અહીંયાં આત્મા કહે છે—નિશ્ચય આત્મા. આહા..હા..! બીજું આવડે, ન આવડે એની સાથે સંબંધ કાંઈ નથી.

**શ્રોતા :-** ... આવડે - ન આવડે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ભાઈને ન આવડ્યું નહિ? કેવા કહેવાય, ભાઈ! શિવભૂતિ. દ્રવ્યશ્રુતનો

નહોતો કાંઈ ખ્યાલ. ભાવશ્રુત હતું અંદરમાં. આહા..હા..! અંતર આનંદસ્વરૂપ, અતીન્દ્રિય શાંતિ અને આનંદનો સાગર છે એ તો. આહા..હા..! ઝીણી પડે વાત પણ શું થાય બીજું, ભાઈ! આ તો વસ્તુ છે આ. અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય અમૃત, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય પ્રભુતા અને અતીન્દ્રિય સ્વચ્છતા. આહા..હા..! એનો એ તો ભંડાર છે આત્મા. આહા..હા..! શરીર, વાણી આ બધી વસ્તુ તો એમાં છે નહિ. એની છે નહિ, એનામાં છે નહિ. પુણ્ય અને પાપના વિકલ્પો જે છે એમાં આત્મા નથી અને આત્મામાં એ નથી. આહા..હા..! એને આત્મ પ્રાપ્ત કરવો હોય તો એ તો અતીન્દ્રિય આનંદ અને શાંતિનો સાગર છે. વ્યવહારના વિકલ્પો હો. એ કોઈ ચીજ નથી એમ કહે છે. એ આવી ગયું ને એ? વ્યવહારનો સદ્ભાવ હો, પણ એનાથી આત્માનું જ્ઞાન નથી. આહા..હા..! ચારેય અનુયોગનું જ્ઞાન હો, પણ એથી કાંઈ આત્મજ્ઞાન નથી. આહા..હા..! એની દિશા પલટે. આહા..હા..! ચાર અનુયોગનું જ્ઞાન તો પર દિશા તરફના લક્ષવાળું છે અને આ તો અંતર પલટે. આવી વાત છે. આહા..હા..!

મોક્ષનો માર્ગ પ્રથમ સમ્યગ્જ્ઞાન. જ્ઞાનથી ઉપાડ્યું છેને? કેમકે જાણ્યા વિના પ્રતીત કોની? એમ. જે જાણવામાં વસ્તુ આવી નથી એની પ્રતીત કેવી? આહા..હા..! ગાથાઓ તો એકદમ માખણની છે. કરી કરીને ગમે તેવું કરે, જાણપણું બીજું કરે, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા લાખ વાર કરે, એનાથી આત્માની સમીપતા ન થાય. આત્માની સમીપતા તો એ જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળે ત્યારે સમીપતા થાય. આહા..હા..! સમજાણું કાંઈ? તેથી અહીં કીધું, શુદ્ધ આત્મા જ. એમ શબ્દ છેને? એકાંત કીધું. શુદ્ધ આત્મા એ જ્ઞાન અને શાસ્ત્રના જ્ઞાનથી પણ જ્ઞાન એમ કહ્યું નથી. આહા..હા..!

'**શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે,...**' આશ્રય એટલે કે કારણ છે અથવા જ્ઞાનની પર્યાયમાં એ નિમિત્ત છે. નિમિત્ત પર્યાયમાં કરતું નથી કાંઈ. પણ તેનું જ્ઞાન અહીંયાં પર્યાયમાં પૂર્ણ આવે છે અને તે જ્ઞાન મોક્ષનો માર્ગ છે. આહા..હા..! આવી વાત. આનંદ અને શાંતિનો ઉપાય આ છે. '**કારણ કે...**' છેને? '**આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્ભાવમાં...** ' દેખો! અહીં આવ્યું. આચારાંગ આદિ શાસ્ત્રનું ભલે જ્ઞાન હો. '**કે અસદ્ભાવમાં...**' એનું જ્ઞાન ન પણ હો. '**તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ...**' શુદ્ધ આત્માના સદ્ભાવથી જ '**જ્ઞાનનો સદ્ભાવ છે;...**' ઓહો..હો..! આ નિશ્ચય વાત લોકોને ખટકે છે ઘણાને. વ્યવહારાવલંબીઓને વ્યવહારથી થાય... થાય... થાય... એમ. એને આ ખટકે છે. વ્યવહાર હો એમ કહ્યુંને?

'**આચારાંગ આદિ...**' કીધુંને? સદ્ભાવ હો. '**આચારાંગ આદિ શબ્દશ્રુત...**' જોયું! શબ્દશ્રુત. '**સદ્ભાવમાં કે અસદ્ભાવમાં તેના સદ્ભાવથી જ...**' એટલે શુદ્ધ આત્માની હયાતીની. મૂળ તો દિશા ફેરવે દશા થાય છે એમ કહે છે. આહા..હા..! આવું છે ઝીણું. વસ્તુસ્વરૂપ જે પરમાનંદ મૂર્તિ પ્રભુ એનો વર્તમાન દશાનો આશ્રય એને મળે, એ તરફ ઢળે... આહા..! દશા દશાવાન તરફ ઢળે ત્યારે તે જ્ઞાન સાચું છે. આહા..હા..! કહો, પંડિતજી! આ તમારે સંસ્કૃત ને વ્યાકરણને ભાષા ને એ બધું કાંઈ આમાં ન આવ્યું.

**શ્રોતા :-** કંઈ કાર્યકારી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ? બહુ સંસ્કૃત ભણે, શાસ્ત્રો મોટા ભણે.

**શ્રોતા :-** .. અધિકારી છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અધિકારી છે, સંસ્કૃતના અધિકારી છે.

આચારાંગ આદિ શબ્દશ્રુતની હયાતીમાં કે આચારાંગ આદિ શબ્દશ્રુતની અહયાતીમાં. આહા..હા..! તેના સદ્ભાવ એટલે શુદ્ધ આત્માની હયાતીમાં જ્ઞાનનો સદ્ભાવ છે. આહા..હા..! એટલે કે જ્ઞાનની પર્યાયને અંતર્મુખ વસ્તુ વાળવી ત્યારે તે જ્ઞાન થાય. આહા..હા..! આવી વાત છે. જ્યાં વસ્તુ છે ભગવાન આત્મા પરિપૂર્ણ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો સાગર છે પ્રભુ તો. આહા..હા..! એના તરફ વળે તો જ્ઞાન થાય. એને ધ્યાનમાં લે તો જ્ઞાન થાય. આહા..હા..! એને ધ્યેય બનાવે તો જ્ઞાન થાય. તે જ્ઞાનને પોતાના આત્માનો આશ્રય છે એકલો, બસ. આહા..હા..! ઘણું ભણ્યો માટે એને જ્ઞાન આત્માનો આશ્રય થાય એમ નથી. આહા..હા..!

'**શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે,...**' પહેલું જ્ઞાન લીધુંને જ્ઞાન લીધું. હવે દર્શન લે છે. '**શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે,...**' સમ્યગ્દર્શનનો આશ્રય જ આત્મા છે. જે વસ્તુ છે પૂર્ણ આનંદ એના સન્મુખ થતાં જ પર્યાયમાં દર્શન થાય છે. એટલે સમ્યગ્દર્શન એ શુદ્ધાત્મા જ સમ્યગ્દર્શન છે. આહા..હા..! નવ તત્ત્વો ને એ ભેદવાળા ને હો, એ કહે છે. '**કારણ કે જીવ આદિ નવ પદાર્થના સદ્ભાવમાં...**' નવ પદાર્થ હો શ્રદ્ધામાં વિકલ્પમાં હો કદાચ. '**કે અસદ્ભાવમાં...**' ન પણ હો. આહા..હા..! '**શુદ્ધ આત્માના સદ્ભાવથી જ દર્શનનો સદ્ભાવ છે;...**' શુદ્ધ આત્માના આશ્રયથી જ સમ્યગ્દર્શન છે. અહીં તો ઘણા ઠેકાણે ઘણું નાખે છે અત્યારે બધું. આનાથી થાય... આનાથી થાય... આનાથી થાય. શાસ્ત્રમાં એમ આવે છે ક્યાંક.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, એ વળી જુદું. પણ ઓલા ધવલમાં આવે છે ધ્યેય-ધ્યેય. ધવલમાં ધ્યેય બહુ આવે છે એક. ખબર છે? વાત થઈ હતી. ધ્યેય ઘણા ભાગે આવે છે. અહીં તો એકલું ધ્યેય કીધું છે. ત્યાં જ્ઞાનપ્રધાન કથનમાં ઘણાં ધ્યેય લીધા છે. એ આધાર મૂકે. ખબર છેને. ધ્યેય-ધ્યેય ... છે ભાઈ! ધ્યાનમાં ધ્યેય તરીકે એકલો આત્મા નથી ત્યાં ધ્યેય તરીકે તો બધું લીધું છે. આહા..હા..! એ શાસ્ત્રમાં છે ક્યાંક. વાત થઈ હતી એક ફેરી. એ તો બધા વ્યવહારના કથન, વ્યવહારનય છેને. એનું લક્ષ કરે છે પછી અહીં એમ કે જ્યારે હોય છે, પછી જાય છે અંદરમાં. એમ. એ અપેક્ષાએ વાત છે. આહા..હા..! વ્યવહારના ગ્રંથોનું વાંચન હોય એકલું, એને આ એકલો પરમપારિણામિક સ્વભાવભાવ એકલો ધ્યેય છે, એ એકાંત લાગે એને. લખાણમાં એ આવે છે (કે) એકાંત છે. અધ્યાત્મવાળા એકલા આત્માને એક જ ને ધ્યેય બનાવે છે એ એકાંત છે. શાસ્ત્રમાં તો ધ્યેય ઘણાને બનાવ્યા છે. તકરાર છે આવી વાતું. આહા..હા..!

પ્રભુ પોતે અંતર્મુખ ચીજ પડી છે અંદર, એક વર્તમાન પર્યાયની પાછળ આખું તત્ત્વ છે અને એ પર્યાય પરનો આશ્રય લે છે ત્યાં સુધી એ મિથ્યાદૃષ્ટિ છે અને એ પર્યાય વર્તમાન ત્રિકાળનો આશ્રય લ્યે

છે, વસ્તુ એના ઉપર લક્ષ જાય છે, વર્તમાન દશાને અંતર્મુખ કરે છે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય છે. આરે..! આવી વાતું છે. આહા..હા..! નરકમાં પણ થાય છે, નારકીમાં પણ થાય છે પણ આ રીતે છે.

**શ્રોતા :-** કાળલબ્ધિ ક્યાં જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કાળલબ્ધિ એ સમયે જ હોય. એ સમયે અંદરમાં ધ્યેય બનાવ્યું એટલે કાળલબ્ધિ થઈ, સ્વભાવ આવ્યો, પુરુષાર્થ આવ્યો, બધું આવ્યું એમાં ભેગું. એક કારણમાં બધા કારણો સમાઈ જાય છે. સમજાણું કાંઈ? નવ પદાર્થની હયાતીમાં કે અહયાતીમાં તે, તે સદ્ભાવથી દર્શનસદ્ભાવ છે. લ્યો!

હવે '**શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે,...**' એ પંચમહાવ્રતના પરિણામ આદિ ચારિત્રનો આશ્રય નથી, એ ચારિત્રનું કારણ પણ નથી. આહા..હા..! અત્યારે એ કહે છે. શુદ્ધ મૂળગુણ પાળે એને શુદ્ધોપયોગ થાય. એ તો શુભભાવ છે, રાગ છે અને રાગની દિશા તો પર તરફ છે. અને આ ચારિત્રની દશા દિશા સ્વ તરફ છે. ભગવાન અમૃતનો સાગર તેમાં રમવું, ચરવું, રમવું, ઠરવું. આકરી વાતું બહુ ભાઈ! દુનિયાથી ફેરફારવાળી. અહીં તો સાધારણ એક લુગડા ફેરવ્યા તો થઈ ગઈ દીક્ષા, અપવાસ કર્યા તો થઈ ગઈ તપસ્યા. તપસ્યા થઈ ગઈ તો થઈ ગઈ નિર્જરા. નિર્જરા થઈ એ ધર્મ અને ધર્મ થઈ ગયો તો મોક્ષનું કારણ (થયું). જાવ.

અહીં કહે છે કે ચારિત્રનો આશ્રય શુદ્ધ આત્મા જ છે. કેમ? '**કે છ જીવ-નિકાયના સદ્ભાવમાં...**' હો. છ જીવ-નિકાય પંચમહાવ્રતનો વિકલ્પ હો, પણ ચારિત્ર તો સ્વને આશ્રયે છે તે છે. છ જીવ-નિકાય દયા અને પંચમહાવ્રત એ કાંઈ ચારિત્ર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**છ જીવ-નિકાયના સદ્ભાવમાં...**' છ કાય મોટો. ઓહો..! સમૂહ મોટો. પૂર્ણ જ્ઞાનસ્વભાવથી ભરેલા એવા અનંતા જીવો આખા લોકમાં ઠાંસી ઠાંસીને ભર્યા છે. આખો લોક. અહીંયાં પણ અનંતા જીવ છે સૂક્ષ્મ. એ બધો સમૂહ છે. એવા-એવા આખા લોકના જીવનો સમૂહ. આહા..હા..! એ પણ કહે છે કે દયામાં નિમિત્ત છે, એ ચારિત્ર નહિ. રાગમાં, પંચમહાવ્રતના રાગમાં એ નિમિત્ત છે, એ ચારિત્ર નહિ. આહા..હા..! દુનિયાથી ફેરવાળું ઘણું ભાઈ! આ તો છ કાયની દયા પાળો બસ, ધર્મ જાઓ. અહિંસા, પરજીવ-કોઈ જીવને ન મારવો એ અહિંસા. અહીં કહે છે કે પોતે પણ તું પોતે કોણ છો એને ન મારવો. એટલે જેવો એ શુદ્ધ ધ્રુવ છે તેનો વર્તમાન દશામાં તેનામાં સ્થિરતા થવી કે આનંદના નાથમાં રમણતા-રમણતા એ ચારિત્ર છે. અહીં તો લૂગડા ફેરવીને જરી બેઠા અને જ્યાં નગ્ન થયા (એટલે) થઈ ગયું ચારિત્ર.

**શ્રોતા :-** લૂગડા છોડવા પડશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લૂગડા છૂટી જાય છે, છોડવા પડતા નથી. અજીવની ક્રિયા છૂટી જાય છે. લૂગડાવાળા છે એ તો સાધુ છે જ નહિ, દ્રવ્યે પણ નથી અને ભાવે પણ નથી. આહા..હા..! આકરી વાતું છે. આ તો વીતરાગના ઘરની વાતું છે. દુનિયા સાથે મેળ ખાય, ન ખાય, વસ્તુ તો આ છે.

'**કારણ કે છ જીવ-નિકાયના સદ્ભાવમાં...**' હો વિકલ્પ કદાચિત્ '**કે અસદ્ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ ચારિત્રનો સદ્ભાવ છે.** ' એ સિવાય ચારિત્ર હોતું

નથી.

'**ભાવાર્થ :- આચારાંગ આદિ શબ્દશ્રુતનું જાણવું,...** ' વીતરાગે કહેલા શાસ્ત્રો હોં! એનું જાણવું એ પણ વ્યવહાર, એ પણ જ્ઞાન નહિ. આહા..હા..! ભગવાનને નામે કલ્પિત શાસ્ત્ર રચ્યા એનું જાણવું તો વ્યવહારે પણ જ્ઞાન નહિ. આહા..હા..! આવું ફેરફારવાળું છે. '**જીવાદિ નવ પદાર્થોનું શ્રદ્ધાન કરવું તથા છ કાયના જીવોની રક્ષા—** ' રક્ષાનો અર્થ રાગ દયા પાળવાનો. '**એ સર્વ હોવા છતાં...**' કાંઈ રક્ષા તો કરી શકતો નથી, પણ પરને ન મારવાનો ભાવ એનું નામ રક્ષા. કાંઈ પરની રક્ષા કરી શકતો નથી. પર તો સ્વતંત્ર દ્રવ્ય છે. '**છ કાયના જીવોની રક્ષા—એ સર્વ હોવા છતાં અભવ્યને જ્ઞાન, દર્શન, ચારિત્ર નથી હોતાં,...**' અભવિ જીવ જે છે એ મોક્ષને લાયક જ નથી, એને આ નથી. તેથી ઘણાં તો એમ પણ કહે છે કે એ વખતે તો એની નહોતી યોગ્યતા પણ હવે અત્યારે તો એ પાળે એમાંથી થાય જ. શ્વેતાંબર ગ્રંથમાં છે એ. ગ્રંથ છેને એક, આપણે અહીં ગ્રંથ છે. શ્વેતાંબર ગ્રંથ છે. એ કાળે નહોતું થતું, આ કાળે થાય એનાથી એવું લખ્યું છે.

**શ્રોતા :-** શુભભાવ... કેમ ન થયું? ... કાળલબ્ધિ ન હતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાળલબ્ધિ નહોતી અને અત્યારે કાળલબ્ધિ છે. આવે છે. છે એક શાસ્ત્ર છે આપણે અહીંયાં. પરથી કોઈ દિ' ત્રણકાળમાં થાય નહિ. એને કાળલબ્ધિ હોય જ નહિ એને. સ્વથી થાય તેને કાળલબ્ધિ હોય. આહા..હા..! આ તો શું સમજવું? શું કરવું એમાં તો કાંઈ આમાં આવતું નથી કહે, પણ એ કરવું નથી અંદર? અંદર ભગવાન આત્મા તરફ અંદર જવું, વસ્તુ સ્વરૂપ છે તે તરફ ઢળવું, એ કરવું છે નહિ?

'**અભવ્યને જ્ઞાન, દર્શન, ચારિત્ર નથી હોતાં, તેથી વ્યવહારનય તો નિષેધ્ય છે;...** ' વ્યવહાર જેટલો છે એ બધો નિષેધ કરવાલાયક છે, બંધનું કારણ છે. આ બંધ અધિકારમાં કેમ નાખ્યું છે? કે એ બંધનું કારણ છે. આહા..હા..! '**અને શુદ્ધાત્મા હોય ત્યાં જ્ઞાન, દર્શન, ચારિત્ર હોય જ છે,...**' જેના જ્ઞાનમાં શુદ્ધાત્મા આવ્યો, શ્રદ્ધા એની આવી અને જ્યાં રમણતા (થઈ), ત્યાં તો દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય જ છે. શુદ્ધ આત્મા જ્ઞાન-દર્શનમાં આવ્યો ત્યાં તો જ્ઞાન-દર્શન હોય જ છે. આહા..હા..! '**તેથી નિશ્ચયનય વ્યવહારનો નિષેધક છે.**' સ્વને આશ્રયે નિશ્ચય જે છે એ પરના આશ્રયના વ્યવહારનો નિષેધક છે. આહા..હા..! વ્યવહારથી થાય છે એમ નહિ, પણ વ્યવહાર નિષેધ્ય છે. નિષેધ કરે છે એનો. એને ઠેકાણે ઓલા કહે વ્યવહારથી થાય. ઘણે ઠેકાણે આવે છે. પંચાસ્તિકાયમાં નથી ભિન્ન સાધ્યસાધન? ભિન્ન સાધ્યસાધન કહ્યું છે. લ્યો! આ પરમાત્મપ્રકાશમાં કહ્યું, વ્યવહાર પહેલો નિશ્ચય પછી આવે લ્યો! એ તો મુનિની વાત છે ત્યાં છઠ્ઠા-સાતમાની. આહા..હા..! '**માટે શુદ્ધનય ઉપાદેય કહ્યો છે.**' લ્યો! વ્યવહાર તે નિષેધ્ય છે, શુદ્ધ(નય) તે ઉપાદેય છે.

'**હવે, આગળના કથનની સૂચનાનુ કાવ્યું કહે છે :—**' ૧૭૪ કળશ.

(उपजाति)

रागादयो बन्धनिदानमुक्ता-
स्ते शुद्धचिन्मात्रमहोऽतिरिक्ताः।
आत्मा परो वा किमु तन्निमित्त-
मिति प्रणुन्नाः पुनरेवमाहुः।।१७४।।

આ પ્રશ્ન કેમ ઊઠ્યો? કે જ્યારે વ્યવહાર છે, રાગ છે અને બંધનું કારણ છે અને ત્યારે તમે એમ કહો છો કે રાગ આત્માનો છે નહિ, તો પછી બંધનું કારણ એને કેમ થાય?

'**શ્લોકાર્થ :- 'रागादयः बन्धनिदानम् उक्ताः' 'રાગાદિકને બંધના કારણ કહ્યા...**' પુણ્ય અને પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ એ ભાવને બંધના કારણ કહ્યા. રાગ હતો એ. '**અને વળી...' 'ते शुद्ध-चिन्मात्र-महः-अतिरिक्ताः' 'તેમને શુદ્ધચૈતન્યમાત્ર જ્યોતિ (અર્થાત્ આત્માથી) ભિન્ન કહ્યા;...**' શું પ્રશ્ન છે સમજાણું? કે રાગ જે છે વ્યવહારનો એને તમે બંધના કારણ કહ્યા. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા, છ કાયની દયા, પંચમહાવ્રત આદિ, શાસ્ત્રનું જ્ઞાન એ બંધનું કારણ છે, રાગ છે એટલે. હવે એક બાજુ તમે કહો છો કે રાગ આત્માનો છે નહિ, એક બાજુ કહો કે રાગ બંધનું કારણ, બીજી બાજું કહો કે રાગ આત્માનો છે નહિ. તો બંધ શી રીતે થાય એને?

'**શુદ્ધચૈતન્યમાત્ર જ્યોતિ (અર્થાત્ આત્માથી) ભિન્ન કહ્યા; ત્યારે તે રાગાદિકનું...**' કારણ કોણ છે? નિમિત્ત શબ્દે કારણ. એ વ્યવહારરત્નત્રય આદિ રાગ થાય છે એનું કારણ કોણ છે? આત્મામાં રાગ છે નહિ, રાગથી બંધન થાય, ત્યારે હવે રાગનું કારણ કોણ છે એ? શુભ અને અશુભ રાગ. '**किमु आत्मा वा परः' 'આત્મા છે કે બીજું કોઈ?**' એમ કહે છે. એ બંધનું કારણ આત્મા છે? કે રાગ છે? રાગનું કારણ આત્મા છે કે બીજું કોઈ રાગનું કારણ છે? '**इति प्रणुन्नाः पुनः' 'એવા (શિષ્યના) પ્રશ્નથી પ્રેરિત થયા થકા આચાર્ય ભગવાન ફરીને આમ (નીચે પ્રમાણે) કહે છે.**' આ પણ વાંધાની ગાતા છે. આહા..હા..! ગાથા-૨૭૮-૨૭૯.

जह फलिहमणी सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।
रंगिज्जदि अण्णेहिं दु सो रत्तादीहिं दव्वेहिं।।२७८।।
एवं णाणी सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।
राइज्जदि अण्णेहिं दु सो रागादीहिं दोसेहिं।।२७९।।

**જ્યમ સ્ફટિકમણિ છે શુદ્ધ, રક્તરૂપે સ્વયં નહિ પરિણમે,**
**પણ અન્ય જે રક્તાદિ દ્રવ્યો તે વડે રાતો બને; ૨૭૮.**
**ત્યમ 'જ્ઞાની' પણ છે શુદ્ધ, રાગરૂપે સ્વયં નહિ પરિણમે,**
**પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને. ૨૭૯.**

જ્ઞાની શબ્દે આત્મા. આ મોટી તકરારની ગાથા.

'**ટીકા :- જેવી રીતે ખરેખર કેવળ (-એકલો) સ્ફટિકમણિ,...**' સ્ફટિકમણિ છે એ શુદ્ધ

હોય, ધોળો હોય. ત્યાં જોયું હતું એક ફેરી, જામનગર. આપણે અહીં છે. સ્ફટિકમણિની છેને પ્રતિમા. સ્ફટિકમણિની પ્રતિમા ધોળી. ધોળો સ્વચ્છ. ઓલો હતો આવડો મોટો સ્ફટિક. જામનગર જોયું હતું. ૯૧ની સાલની વાત છે. એ સ્ફટિકમણિ એકલો. ખરેખર એકલો હોય તો, બીજાનો સંગ ન હોય તો, બીજાના સંબંધમાં સ્ફટિકમણિ ન હોય તો, '**સ્ફટિકમણિ, પોતે પરિણમન સ્વભાવવાળો હોવા છતાં,...**' એ બદલવાના સ્વભાવવાળો છે, પલટે છે, એમાં પર્યાય થાય છે સ્ફટિકમણિમાં, છતાં '**પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે...**' સ્ફટિક તો શુદ્ધ સ્વભાવ છે, ધોળું છે. એ પુણ્ય-પાપનું કારણ નહિ. એ શુદ્ધ સ્વભાવ જે ધ્રુવ છે એ પુણ્ય-પાપનું કારણ નથી. આહા..હા..! રાગ-દ્વેષ આદિનું નિમિત્ત અને કારણ પણ નથી.

'**(અર્થાત્ પોતે પોતાને લાલાશ-આદિરૂપ પરિણમનનું નિમિત્ત નહિ હોવાથી)** ' એકલો સ્ફટિક પોતાની મેળાએ લાલ, રાતો થાય એવો એનો સ્વભાવ નથી. '**પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી; પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું હોવાથી સ્ફટિકમણિને રાગાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય...**' જુઓ આવ્યું હવે. વાંધા અહીં. પરદ્રવ્ય વડે રાગ થાય છે, એટલે કે પરદ્રવ્યને તાબે થાય તેને રાગ થાય છે. સ્વદ્રવ્યને તાબે થાય. તો સ્વદ્રવ્ય જે છે એ તો શુદ્ધ ચૈતન્ય સ્ફટિક છે. સ્ફટિક ધોળું સ્ફટિક. એ પરદ્રવ્યના સંગે એ રાગાદિ થાય છે. કહો, પંડિતજી! અહીં તો પરદ્રવ્યથી રાગ... નિમિત્ત થાય છે પરદ્રવ્ય. પરદ્રવ્ય કારણ થાય છે, પરદ્રવ્યનો સંગ કરે છે માટે. આમાં વાંધા કાઢે. તે દિ' કહ્યું હતુંને, રાજકોટ પણ કહ્યું હતું. આ ગુજરી ગયા નહિ ભાઈ? ચુનિભાઈ. ચુનિભાઈએ કહ્યું હતું રાજકોટ તે દિ' ઊભા થઈને. પરદ્રવ્ય વડે.. આ ગાથા.

**ત્યમ 'જ્ઞાની' પણ છે શુદ્ધ, રાગરૂપે સ્વયં નહિ પરિણમે,**
**પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને. ૨૭૯.**

એમ બોલ્યા હતા. આહા..હા..! એ પાંચની સાલની વાત છે. ૨૮ વર્ષ થયા. એને પાંચની સાલમાં નહિ, છઠ્ઠી સાલ. છઠ્ઠી સાલમાં એનું મંદિર થયુંને. રાજકોટમાં છઠ્ઠી સાલ. આ પાંચ સાલ. લાઠીના. તેને પાંચની સાલમાં થયુંને. પછી લાઠી થયું. વીંછીયા. વીંછીયા થયું. વીંછીયા લાઠી પાંચની સાલ અને આ લાઠી. રાજકોટ છઠ્ઠી સાલ. ત્યારે એ બોલ્યા હતા. પરદ્રવ્ય વડે રાતો બને. જુઓ, છે એમાં? સ્વદ્રવ્ય પોતાનો નિર્મળ સ્વભાવ પોતાની મેળાએ રાતો-લીલો ન થાય, પણ તે પરદ્રવ્યના સંગે રાતો-લીલી ઝાંય એમાં થાય એ સ્ફટિકની વર્તમાન દશાની યોગ્યતા છે. રાતા-પીળા ફૂલથી જો થતી હોય તો આ લાકડામાં થવું જોઈએ. આને આમાં મૂકે લાલ તો દેખાય. કારણ કે ત્યાં આની યોગ્યતા છે. પણ આને આમ નાખે તો આમાં કાંઈ ન દેખાય. આમાં એની યોગ્યતા નથી. એમ સ્ફટિકમણિમાં ફૂલ કાળા, રાતાના સંગે વર્તમાન પર્યાયમાં કાળી-રાતી ઝાંય પરદ્રવ્ય વડે થાય છે તેમ કહેવામાં આવે છે, સ્વદ્રવ્ય વડે નહિ એમ. આહા..હા..! પંડિતોની આ દલીલ છે. આ ગોમ્મટસાર ભંડાર ને આ બધી દલીલ કર્મની. કર્મને લઈને થાય... કર્મને લઈને થાય... કર્મને લઈને થાય. અહીં કહે છે કર્મ નિમિત્ત છે, નિમિત્તને લઈને કાંઈ થાય નહિ. આહા..હા..!

**'પરદ્રવ્ય વડે જ, શુદ્ધસ્વભાવથી..'** કોણ? સ્ફટિક. **'ચ્યુત થતો થકો જ,...'** પોતાના સ્વભાવથી ચ્યુત થવાની લાયકાતથી **'રાગાદિરૂપે પરિણમાવાય છે;...'** પુણ્ય-પાપરૂપે ઓલા રાગરૂપે પણ થાય છે સ્ફટિક. રાગ એટલે રંગ. **'તેવી રીતે ખરેખર કેવળ (-એકલો) આત્મા, પોતે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં,...'** આત્મા બદલવાના સ્વભાવવાળો હોવા છતાં **'પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે...'** પોતે ભગવાન આત્મા તો શુદ્ધ પવિત્ર છે એને લીધે. રાગ-દ્વેષ-મોહ કારણપણું પોતાનું સ્વયં પોતાથી નથી. આહા..હા..! આ દાખલો આપે છે ઘણાં પંડિતો. આહા..હા..! નિમિત્તમાત્ર ચીજ છે ખરી, પણ નિમિત્ત પરને કાંઈક કરે છે (એમ નથી). પાણી ટાઢાનું ઊનું થાય છે એ અગ્નિ નિમિત્ત છે, પણ અગ્નિએ એને ઊનું કર્યું છે એમ નથી, એ ઊના થવાની એની લાયકાતથી ઊનું થયું છે. આ વાત છે. એમ આત્માના સ્વભાવને આશ્રયે થતી દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એમાં વ્યવહારનો રાગાદિ હોય છે, નિમિત્ત હોય છે, પણ એ નિમિત્તે અહીં નિશ્ચયને કાંઈ કર્યું નથી. જેમ નિમિત્તે ઊનું પાણી કર્યું નથી, એમ વ્યવહારે નિશ્ચયને કર્યો નથી. આહા..હા..! આવું છે. બહુ ફેરફાર, ઘણો ફેરફાર. દૃષ્ટિ ફેરે આખા શાસ્ત્રોના અર્થો ફરી જાય છે.

**'ખરેખર કેવળ (-એકલો) આત્મા, પોતે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં,...'** પોતાને શુદ્ધ સ્વભાવને લીધે વિકારીનું કારણપણું નહિ હોવાથી, રાગાદિ, દ્વેષાદિ, વિષય-વાસના આદિ. એ વડે કારણ નહિ હોવાથી, પોતે પોતાને વિકારરૂપ પરિણમનનું કારણ નહિ હોવાથી **'પોતાની મેળાએ રાગાદિરૂપે પરિણમતો નથી,...'** આહા..હા..! **'પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું...'** ઠીક! એ પરચીજ. પોતાનો જ એનો સ્વભાવ છે. **'આત્માને રાગાદિનું નિમિત્ત થાય છે...'** આહા..હા..! **'એવા પરદ્રવ્ય વડે જ શુદ્ધસ્વભાવથી ચ્યુત થયો થકો...'** આત્મા પોતાના શુદ્ધ સ્વભાવથી ચ્યુત થતો થકો. કર્મના નિમિત્તથી **'રાગાદિરૂપે પરિણમાવાય છે.'** આહા..હા..! **'આવો વસ્તુનો સ્વભાવ છે.'**

**શ્રોતા :-** પરિણમાવાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ અર્થ કર્યો છેને. પરિણમાવાય છે એટલે પરિણમે છે એટલે પરિણામાવાય છે એમ કહે છે. ભાઈએ અર્થ કર્યો છે ફૂલચંદજીએ જૈનતત્ત્વમીમાંસામાં. પરિણમાવાય છે એમ કહ્યું છેને? એ શબ્દ મૂક્યો છે એણે. ચેતનજી! એણે મૂક્યો છે એમાં. ઓલા બે ગુણો જે પરમાણુ હોય એ ચાર ગુણપણે પરિણમાવાય છે. ત્યાં પણ એવો શબ્દ છે. બીજો પરમાણુ ચાર રાતો, લીલાદિક હોય, એકકોર બે. એ બે ઓલા ચારને પરિણમાવે છે. એ બેને ચાર પરિણમાવે છે, પણ એનો અર્થ આ. પોતે પરિણમે છે એટલે એને પરિણમાવે છે એમ કહેવામાં આવે છે. આવી વાતું છે. તત્ત્વનો અભ્યાસ ન મળે લોકોને અને બહારના વ્યવહાર. ઓલો કહેતો હતોને, એક પંડિત આવ્યો હતો. કુચામણનો પંડિત. એ તો કહેતો હતો, પ્રત્યક્ષ દેખાય છે કે પાણી અગ્નિથી ઊનું થાય. એ પ્રત્યક્ષનો લોપ થાય છે નહિતર. નહિ, આવ્યો હતો? ભાઈ ઓળખતા હતા. વીંછી કરડ્યો વખતે. હિંમતભાઈને વીંછી કરડ્યો હતોને તે દિ'. તે દિ' રાતે. નામ ભૂલી ગયા. હીરાલાલ નહિ. બીજું નામ હતું. એ બીજું નામ. આ તો

કુચામણનો હતો. ઘાસીલાલજી બસ, ઘાસીલાલજી. ઓલો હીરાચંદ એ તો બીજો. એ તો ઓલું લાકડીનું. એ બીજું. આ લાકડું જુઓ ઉતાવળે થયું છે કે નહિ આવું? મેં કીધું ના. એ પોતાની લાકડાની અવસ્થાને લઈને એ થયું છે. એ હીરાભાઈ એ જુદાં. આ તો આ ઘાસીલાલજી હતા કુચામણના.

કહે છે, આત્માનો સ્વભાવ તદ્દન પવિત્ર અને શુદ્ધ ત્રિકાળ (છે). એ સ્વભાવ પોતે વિકારપણે થાય એ એનામાં કોઈ એવી શક્તિ કે સ્વભાવ નથી. શક્તિ કે સ્વભાવ કે ગુણ એવો નથી, પણ પર્યાયમાં કર્મના નિમિત્તને સંગે રાગરૂપે થાય છે એને પરદ્રવ્ય વડે થાય છે એમ કહેવામાં આવે છે. એટલે કે સ્વદ્રવ્ય વડે નથી થતું એમ બતાવવા પરદ્રવ્ય વડે થાય છે પર્યાયમાં એમ બતાવે છે. આહા..હા..! ક્યાં નવરાશ માણસને છે? સત્ય શું છે. આહા..હા..! આમાં આવ્યું કે નહિ જુઓને,

**જ્યમ સ્ફટિકમણિ છે શુદ્ધ, રક્તરૂપે સ્વયં નહિ પરિણમે,**
**પણ અન્ય જે રકતાદિ દ્રવ્યો તે વડે રાતો બને; ૨૭૮.**

એ આ બોલ્યા હતા કે આ હિંમતભાઈએ બનાવ્યું આ સોનગઢવાળાએ એમાં આ છે. એમ કહ્યું હતું તે દિ'. ૨૦૦૬ની સાલ. કેટલા વર્ષ થયા?

**ત્યમ 'જ્ઞાની' પણ છે શુદ્ધ, રાગરૂપે સ્વયં નહિ પરિણમે,**
**પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને. ૨૭૯.**

લ્યો, આ તો હિંમતભાઈએ લખ્યું છે તમારા. તે દિ' બોલ્યા હતા તે દિ' રાજકોટ. ૨૦૦૬ સાલ. ૨૭ વર્ષ થયા.

**શ્રોતા :–** ઊભા થઈને બોલ્યા હતા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઊભા થઈને બોલ્યા હતા. આમ છે... આમ છે... આમ છે... આહા..હા..! અરેરે! એક સ્ફટિકમણિમાં લાલ અને પીળા ફૂલના સંગને કાળે એનામાં પીળું ને લાલ થવાનો જન્મક્ષણ-ઉત્પત્તિક્ષણ છે તેથી તે થાય છે. આહા..હા..! પર વડે થાય છે એમ છે નહિ. પરિણમે છે પોતે ત્યારે પરદ્રવ્ય વડે પરિણમાવાય છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! વસ્તુ તો આમ છે. આમાં પણ ધર્મ ક્યાં આવ્યો? શું આમાં અમારે કરવું શું?

કહે છે કે આત્મા આનંદસ્વરૂપ જ્ઞાન છે એ પોતામાં દૃષ્ટિ કરે ત્યાં પોતાની મેળાએ વિકારપણે તો થતો નથી, પણ એની વર્તમાન દશામાં પર ઉપર લક્ષ જાય ત્યારે તેની યોગ્યતા એવી છે કે ત્યારે એમાં રાગ-દ્વેષરૂપે થાય. એ પરદ્રવ્ય રાગ-દ્વેષ એને કરાવતું નથી, તેમ રાગ-દ્વેષ થયા વિના પર્યાયમાં રહ્યો નથી. આહા..હા..! થયો છે રાગ-દ્વેષ પોતાને કારણે, કર્મને કારણે નહિ, પરને કારણ નહિ. પરને અડતું નથી એક દ્રવ્ય. કીધુંને એ તો ત્રીજી ગાથામાં, દરેક પદાર્થ પોતાના અનંત ધર્મને ચુંબે છે, પણ પરદ્રવ્યને કદાપિ ચુંબતું નથી. આહા..હા..! આ લાકડી આ હાથને અડતી નથી. એ..! આ એક આંગળી બીજી આંગળીને અડતી નથી એમ કહે છે. કેમકે આમાં આનો અભાવ છે. આનો એમાં અભાવ છે, આનો એમાં અભાવ છે. અભાવ એમાં અડે કોને? આહા..હા..! દેખાય છે એને કહે છે ખોટું કહેવું તમારે? એમ કહે છે. આ દેખાય છે પ્રત્યક્ષ અગ્નિ. આહા..હા..! શું કહેવાય આ? પાથરવાની ચટાઈ. એ આવ્યું

હતું. બોલ આવ્યો હતોને તે દિ' ત્યાંથી. વર્ણીજીથી. ચટાઈ અગ્નિથી બળે છે, અગ્નિ વિના બળતી નથી. તરણું તરણું. તરણું હોય એ અગ્નિથી બળે છે, પોતાથી નહિ. અહીં કહે છે કે તણખલું અગ્નિપણે થવાને લાયક હતી પોતે અગ્નિપણે થાય છે, અગ્નિથી નહિ. આવી વાત છે. આહા..હા..!

આત્મામાં વિકાર થાય છે એ પરદ્રવ્યથી નહિ, પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે. નિમિત્ત પરને કાંઈ કરતું નથી. પરને કરે તો નિમિત્ત અને પરચીજ બે એક થઈ જાય છે. આહા..હા..! આવું બધું સમજવું પડતું હશે? સંસારના ભણતર માટે કેટલા વર્ષ ગાળે છે પાપના. એકલા પાપનું ભણતર છે. પહેલી ને બીજી, ત્રીજી, સાતમી, મેટ્રીક, એલ.એલ.બી. બી.એ. ને બી.એસ. એકલા પાપ. એમાં વર્ષ ગાળે. આ આત્માનું વીતરાગ સર્વજ્ઞ શું તત્ત્વ કહે છે (એને સમજવા વખત લેતો નથી). આહા..હા..!

'રાગાદિરૂપે...' પર્યાયમાં પરના સંગે પરિણમે એવો વસ્તુનો સ્વભાવ છે એમ કહે છે. ત્યારે એ લોકો એમ કહે છે કે પરને લઈને વિકાર થાય એવો વસ્તુનો સ્વભાવ છે. એમ છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વૈશાખ વદ-૧૦, ગુરુવાર, તા. ૧૨-૦૫-૧૯૭૭, ગાથા-૨૭૮ થી ૨૮૦, કળશ-૧૭૫-૧૭૬ પ્રવચન નં. ૩૩૯

સમયસાર, ૨૭૮-૨૭૯. ભાવાર્થ છેને. ટીકા થઈ ગઈ. દાખલો આપે છે પહેલો. પછી આત્માને વિકાર કેમ થાય એ વાતને સિદ્ધ કરે છે.

'**ભાવાર્થ :- સ્ફટિકમણિ પોતે તો કેવળ એકાકાર શુદ્ધ જ છે;...**' સ્ફટિકમણિ પોતે તો શુદ્ધ જ છે. '**તે પરિણમન સ્વભાવવાળો હોવા છતાં...**' બદલવાવાળો સ્વભાવ હોવા છતાં '**એકલો પોતાની મેળે...**' સ્ફટિકમણિમાં લાલ અને પીળાશ આવે નહિ. કારણ કે એનો સ્વભાવ તો શુદ્ધ છે. આહા..હા..! એમાં લાલ અને પીળાની ઝાંય પોતાના સ્વભાવથી ન આવે. '**લાલાશ-આદિરૂપે પરિણમતો નથી, પરંતુ લાલ આદિ પરદ્રવ્યના...**' સ્ફટિકમણિમાં જોડે લાલ-પીળા ફૂલ હોય ફૂલ, તો પોતે એમાં લાલ-પીળી ઝાંયપણે પરિણમે, એ લાલ-પીળા ફૂલને લઈને નહિ, તેમ સ્વભાવ શુદ્ધને લઈને નહિ, પોતાની વર્તમાન પર્યાયની યોગ્યતાને લઈને. લાલ અને પીળાશપણે સ્ફટિકમણિ વર્તમાનમાં લાલ-પીળા ફૂલ આદિનો સંગ હોય તો પોતે પોતાથી પરિણમે.

'**લાલ આદિ પરદ્રવ્યના નિમિત્તે (અર્થાત્ સ્વયં લાલાશ-આદિરૂપે પરિણમતા...**' ફૂલ આદિ. '**લાલાશ-આદિરૂપે પરિણમે છે. તેવી રીતે...**' આ તો દૃષ્ટાંત છે. આ બધા વાંધા ઉઠાવે છે આમાં ઘણાં. આત્મા પોતે તો શુદ્ધ જ છે. એનો સ્વભાવ તો સચ્ચિદાનંદ, આત્માનો સ્વભાવ સચ્ચિદાનંદ નિર્મળ શાશ્વત છે. '**પરિણમન સ્વભાવવાળો હોવા છતાં...**' અને એ બદલવાના સ્વભાવવાળો છે. '**એકલો પોતાની મેળે...**' એટલે કે સ્વભાવ એનો તો શુદ્ધ છે એટલે સ્વભાવ શુદ્ધ

એ પોતે જ સ્વભાવને લઈને રાગાદિરૂપે પરિણમે, વિકારપણે થાય એવું તો છે નહિ. પોતાનો સ્વભાવ છે એને લઈને વિકાર થાય કે એનો કોઈ શક્તિ ને ગુણ છે એને લઈને વિકાર થાય એવું નથી. આહા..હા..!

**'પરંતુ રાગાદિરૂપ પરદ્રવ્યના નિમિત્તે...'** કર્મનો ઉદય જે નિમિત્ત છે એ નિમિત્ત એને રાગ અને દ્વેષ કરાવતું નથી. **'(અર્થાત્ સ્વયં રાગાદિરૂપે પરિણમતા એવા પરદ્રવ્યના નિમિત્તે)...'** પરદ્રવ્ય જે સ્વયં કર્મનો ઉદય છે એ એની મેળે રાગાદિપણે, જડનો ઉદય છે એ રાગાદિપણે પરિણમે એના જડમાં. એના નિમિત્તે રાગાદિરૂપ પરિણમે. કહો, પંડિતજી! કર્મને લઈને રાગરૂપે પરિણમે એમ લોકો સિદ્ધ કરે છે. આ બધા વાંધા છે અત્યારે વિકારના. વિકાર આત્મામાં થાય એ કર્મને લઈને થાય, આત્મા તો શુદ્ધ છે. પોતે શુદ્ધ છે (તો) શુદ્ધપણે પરિણમે. અશુદ્ધપણું પરદ્રવ્ય વડે પરિણમે. એ તો કહ્યુંને આમાં. આમાં જ છે જુઓ, આ લાલ આમાં મૂકો તો આમાં લાલ થાશે? આની યોગ્યતા નથી. પણ સ્ફટિકમણિમાં આમ આવશે તો લાલ અંદર થશે. એ પોતાની યોગ્યતાને કારણે છે, આને કારણે નહિ. જો આને કારણે હોય તો અહીં મૂકતા અહીં પણ લાલ થવું જોઈએ. અહીંયાં થતું નથી કાંઈ લાલ. એમ આત્મામાં શુદ્ધતા ચૈતન્યમૂર્તિ પવિત્ર ભગવાનસ્વરૂપે તો છે, પણ એની વર્તમાન દશામાં વિકાર થાય છે, ભ્રાંતિ, રાગ અને દ્વેષ, વિષયવાસના, કામ, ક્રોધ, માન, લોભ રાગ એ એની વર્તમાન પર્યાયની જન્મક્ષણ ઉત્પત્તિને યોગ્ય છે માટે થાય છે, નિમિત્ત કર્મ છે. નિમિત્ત કરતું નથી તેમ નિમિત્ત હોતું નથી એમ નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** નિમિત્ત કરતું નથી પણ કરાવે તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બિલકુલ જૂઠી વાત છે. એ તો ભાષામાં એમ આવે. પોતે પરિણમે ત્યારે પરિણમાવે છે એવો આરોપ એનામાં આવે. એને તો ખબર પણ નથી જડને, એ તો જડ છે. કર્મનો ઉદય તો જડ છે. ઝીણી વાત છે.

**શ્રોતા :-** ખબર હોવાની ક્યાં જરૂર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખબર નથી ત્યારે આ... આને તો ખબર છે કે પરનું લક્ષ કરું છું. પરનું લક્ષ કરે છે એને વિકાર થાય, પરનું લક્ષ ન કરે એને વિકાર થાય નહિ. મોટો આ પંડિતોમાં વાંધો છે. એ રતનચંદજી છે મુખત્યાર એ એમ કહે છે બધા. કર્મનું નિમિત્ત એટલે વિકાર થાય. બીજાનો એવો સિદ્ધાંત હતો કે કર્મનું નિમિત્ત છે એ નિમિત્ત થઈને જ આવે એટલે એણે વિકાર કરવો જ પડે. બાહ્યની ચીજ છે એ નિમિત્ત ન થાય. એ પોતે કરે તો એને નિમિત્ત કહેવાય, પણ કર્મનો ઉદય છે તો એ નિમિત્ત થઈને જ આવે એટલે એને વિકાર કરવો જ પડે. એમ લખાણ છે મોટું એકે કરેલું. આહા..હા..! મોટો ગોટો છે આખો. અહીં તો કહે છે કે પોતે પરિણમન બદલવાનો સ્વભાવ છે, છતાં પોતાના સ્વભાવને આશ્રયે રાગ નહિ પરિણમે, નિમિત્તને આશ્રયે રાગરૂપે થશે. એ નિમિત્ત એને રાગ કરાવતું નથી મિથ્યાભ્રાંતિ કે એને લઈને રખડતો નથી. પોતાની ઊલટી દૃષ્ટિ અને ઊલટા રાગ-દ્વેષથી રખડે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી, પરંતુ રાગાદિરૂપ પરદ્રવ્યના નિમિત્તે રાગાદિરૂપે પરિણમે છે. આવો વસ્તુનો જ સ્વભાવ છે,...'** એ શું કહે છે? કે વિકારીપણે પરિણમવું એ નિમિત્તને આધીન છે, સ્વભાવને આધીન નહિ, એવો જ વસ્તુનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'તેમાં અન્ય કોઈ તર્કને અવકાશ નથી.'** આનો અર્થ એવો કરે છે કે કર્મથી જ વિકાર થાય એવો જ વસ્તુનો સ્વભાવ છે. એમ નથી. એ કહેશે હમણા પછી. એવો જ વસ્તુનો સ્વભાવ છે કે જ્ઞાની કર્મના નિમિત્તના ઉપાધિમાં સ્વામીપણે થતો નથી. ધર્મી પોતે રાગના સ્વામીપણે થતો નથી એવો વસ્તુનો સ્વભાવ છે. જ્ઞાતા ને દૃષ્ટાપણે થાય એવો ધર્મીનો સ્વભાવ છે અને અજ્ઞાનીનો એ સ્વભાવ છે કે કર્મના નિમિત્તે ઉપાધિના પરિણામનો એ કર્તા થઈ, સ્વામીપણે થઈ અને એ ભોક્તા થાય છે. સમજાણું કાંઈ? આવી ચર્ચા સાધારણ માણસને તો ખબર પણ નથી, શું વિકાર ને શું નિર્વિકાર? અભ્યાસ નહિ અભ્યાસ.

લોકો તો એમ કહે, સમ્યગ્દર્શન એકલું ન ચાલે, ચારિત્ર જોઈએ સાથે. ચારિત્ર એટલે આ વ્રતાદિ. સમ્યગ્દર્શન એકલું ન હોય વાત સાચી. મોક્ષમાર્ગમાં તો ચારિત્ર ભેગું હોય તો મોક્ષમાર્ગ થાય. પણ ચારિત્ર એટલે આ કાંઈ વ્રત ને લે એ ચારિત્ર છે? આહા..હા..! સ્વરૂપનું ભાન... અનંત આનંદનો સાગર ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ છે એનું અવલંબન લઈને એની પ્રતીતિનો અનુભવ અને પછી તેમાં લીનતાની રમઝટ વાગે. ચરવું. ચરવું એટલે રમવું. અતીન્દ્રિય આનંદમાં રમવું એનું નામ ચારિત્ર છે. સમજાણું કાંઈ? શું થાય છે? કાબર. હા ઠીક.

**'આવો વસ્તુનો સ્વભાવ છે.'** કેવો? કે આત્મા પોતાના સ્વભાવને ભૂલે અને નિમિત્તને આધીન થાય તો વિકાર થાય એવો વસ્તુનો સ્વભાવ છે. ત્યારે એ લોકો એમ કહે છે કે કર્મના નિમિત્તે વિકાર થાય એવો વસ્તુનો સ્વભાવ છે. આવી વાત છે. આ મોટો લેખ આવ્યો છે કલકત્તાનો. આ શિક્ષણ શિબિર થઈને કલકત્તા. ભાઈ કેવા? જ્ઞાનચંદજી. મોટું થયું હતું, મોટા બધા ભેગા થયા. બહુ અહીંનું અનુમોદન આપ્યું, ખુશાલી બતાવી. કલકત્તામાં આવું પહેલુંવહેલું થયું છે. રતનલાલજી છે, મોહનલાલજી છે મોઢા આગળ.

**શ્રોતા :–** ... પ્રમુખ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, છે ને એ પ્રમુખ છે. મોઢા આગળ છે. ડાહ્યો માણસ ઠંડો માણસ. પણ આ સારું કામ કર્યું કલકત્તામાં. ભાઈ જ્ઞાનચંદજી ટાઢો માણસ, મીઠો માણસ. લોકોએ બહુ વખાણ કર્યા છે. મધુરી વાણી, મીઠી વાણી, શાંત વાણી, સરળ પરિણામી, વાતચીતમાં મીઠાશ. લોકોને-યુવકોને તો રંજન કરી દીધા છે. યુવક છે યુવક. એ ઓલાને ગોઠતું નથી. શું થાય પણ આમાં? સ્વતંત્ર છે ભાઈ! આવી માંડ વાત બહાર આવી. નિશ્ચય હોય ત્યાં વ્યવહાર હોય છે.

**શ્રોતા :–** ઈ પણ સાધક છે એટલે આવ્યા વિના રહે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સાધક છે. એને આત્માનું જ્ઞાન થયું, આનંદસ્વરૂપ છે એવું ભાન થયું, છતાં સ્વરૂપમાં રમણતા વિશેષ ન હોય એટલે એને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ આવ્યા વિના રહે

નહિ. હો, પણ છે એ બંધનું કારણ. આહા..હા..! એને મોક્ષના માર્ગમાં ખતવે તો દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહા..હા..! શું થાય? એક ન્યાયે આખું... જેને ભવભયનો ડર લાગ્યો હોય. અરે! ચોર્યાસી લાખમાં અવતરવું છે. ક્યાં જાવું છે? કોને ક્યાં સ્થાન? આહા..હા..! મોટો સંસારસમુદ્ર દરિયો પડ્યો છે રખડવાનો. આહા..હા..! ચોર્યાસી લાખ યોનિ એક-એકમાં ઉત્પન્ન થયો અનંતવાર. એને તોડવાનું સાધન કાંઈક બીજું હોયને ભાઈ! બીજી જાતનું અલૌકિક હોય. આહા..હા..! એ તો ચૈતન્યમૂર્તિ શુદ્ધ અખંડ આનંદનો સાગર એની અંતર દૃષ્ટિ, અનુભવ કરતા એને સમકિત થાય. ત્યારપછી પણ એને જરી વિકાર રહે. નબળાઈને લઈને કર્મના ઉદયમાં પોતાના ઊલટા પુરુષાર્થથી વિકાર થાય, જોડાય. તો એને વ્યવહાર કહ્યો, છતાં બંધ છે. આહા..હા..! એ અહીં કહ્યું.

'**હવે, આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—**' ૧૭૫ કળશ.

(उपजाति)

न जातु रागादिनिमित्तभाव-
मात्मात्मनो याति यथार्ककान्तः।
त्मिन्निमित्तं परसङ्ग एव
वस्तुस्वभावोऽयमुदेति तावत्।।१७५।।

અહીં વજન છે. '**परसङ्ग एव**' ત્યાં આખું વજન છે.

નીચે અર્થ. '**यथा अर्ककान्तः**' '**સૂર્યકાંતમણિ...**' સૂર્યકાંતમણિ થાય છે એક કે જે સૂર્યના કિરણો અડવાથી એમાં અગ્નિ જરે અગ્નિ. સૂર્યકાંત નામનો એક મણિ થાય છે. '**સૂર્યકાંતમણિની માફક (અર્થાત્ જેમ સૂર્યકાંતમણિ પોતાથી જ અગ્નિરૂપે પરિણમતો નથી,...**' એકલો સૂર્યકાંત અગ્નિરૂપે થતો નથી. '**તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે,...**' સૂર્યનું બિંબ નિમિત્ત છે. સૂર્યના બિંબથી અગ્નિ થતી નથી, પણ સૂર્યનું બિંબનું નિમિત્ત છે, ત્યારે સૂર્યકાંતમણિમાં અગ્નિ પોતાને થવાની યોગ્યતાને કારણે અગ્નિ થાય છે. આહા..હા..! આમાં મોટો ગોટો. '**તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે,...**' જુઓ, નિમિત્ત છે કે નહિ? એમ કહે છે. નિમિત્ત છે એટલે શું? કે વસ્તુ છે. નિમિત્તથી થાય છે એમ નથી. આહા..હા..! તે ક્ષણે તેનો વિકાર ઉત્પન્ન થવાનો કાળ હોય તો થાય, પણ કાંઈ કર્મને લઈને થાય એવું ત્રણકાળમાં ક્યાંય છે નહિ. સાધારણ સમાજને તો એ પડી છે પણ ક્યાં? એ તો ઓઘે-ઓઘે આખો દિ' સંસાર કરે. આ રળવું, ખાવું ને પીવું ને થઈ રહ્યું. છોકરા, સાત કલાક ઊંઘવું, બે-ત્રણ કલાક ખાવા-પીવામાં જાય, બે-ત્રણ કલાક વિકથાઓમાં જાય. થોડુંક વેપારમાં જાય ચાર, પાંચ, છ કલાક. બે કલાક નભે તો જે સંપ્રદાયમાં જન્મ્યો હોય ત્યાં સાંભળવા જાય. જે મારે ગપ્પા એ માને સાચા. તત્ત્વની તો ખબર ન મળે. આહા..હા..! શું વસ્તુ છે! એવી નવરાશ ક્યાં છે પણ? બાયડી-છોકરા પડ્યા. એને કેટલું નભાવવું, કેટલું કરવું? એમાં આ મોંઘવારી પાછી. ઘરમાં સાત-આઠ માણસ હોય. એક-એકને પચાસ-પચાસ, પોણોસો રૂપિયાનો ખર્ચ હોય. રાયચંદભાઈ! તમારા પૈસાવાળાને શું, પણ આ ન હોય એને બિચારાને.

છે એને ઢગલા છે અને નથી એને બિચારાને (કાંઈ નથી). આહા..હા..!

અહીં કહે છે કે આ વિચાર તો કરવો પડશે, બાપુ! તું આત્મા છો, પવિત્ર તારું સ્વરૂપ છે, તું સચ્ચિદાનંદ પ્રભુ છો, સત્ શાશ્વત આનંદ અને જ્ઞાનનો સાગર છો. છતાં ચોર્યાસીના અવતાર ઘોદા ખાયને મરી જાય છે. માણસપણું તો હમણા મળ્યું, નહિતર માણસપણા પહેલાં નરકમાં ને કીડા ને કાગડા ને કૂતરાના ભવ કરી-કરીને મરી ગયો છે અનંત ભવમાં. એને ટાળવાનો ઉપાય આ છે કે હું એક ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ પવિત્રનો પિંડ અને આનંદકંદ છું. એની દૃષ્ટિના સ્વીકારમાં પુણ્ય-પાપના ભાવ થાય તેનો એ સ્વામી ન થાય, એનો ધણી ન થાય, એનો અંતરમાં કર્તા ન થાય. થાય છતાં એનો કર્તા ન થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો એ બતાવે છે કે સ્ફટિકમણિ જેમ લાલ, પીળો (પોતાની મેળે) પરિણમે નહિ, પણ સંગથી પરિણમે છે. લાલ-પીળું ફૂલ આવ્યું અંદર એ એની યોગ્યતાથી. એમ ભગવાન આત્મા કર્મના ઉદય અંદર બંધાયેલા પડ્યા છે, કર્મ જડ છે એનો ઉદય તો આવે છે સમયે સમયે. એના સંગમાં જાય છે, એના પરિચયમાં જાય છે. આ બાજુથી ખસી જાય છે શુદ્ધભાવથી અને એના સંગમાં જાય છે ત્યારે વિકાર થાય છે. વિકાર કર્મ કરાવે છે એમ કોઈ દિ' નથી. આહા..હા..! એ વાત કરે છે જુઓ.

'**(જેમ સૂર્યકાંતમણિ પોતાથી જ અગ્નિરૂપે પરિણમતો નથી, તેને અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે, તેમ)**...' '**आत्मा आत्मनः रागादिनिमित्तभावम् जातु न याति** ' '**આત્મા પોતાને રાગાદિકનું નિમિત્ત કદી પણ થતો નથી,...**' નિમિત્ત એટલે કારણ. વસ્તુનો સ્વભાવ જે છે વસ્તુ આત્મા એ કાંઈ વિકારરૂપે થતો નથી. પોતાને વિકાર એટલે પુણ્ય-પાપના ભાવ, ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના હો, કે ચાહે તો હિંસા, જૂઠું, વિષયભોગના હો, એવું વિકારનું કારણ આત્મા નિમિત્ત કદી પણ થતો નથી. '**तस्मिन् निमित्तं परसङ्गः एव**' અહીં વજન છે. '**તેમાં નિમિત્ત પરસંગ જ છે.**' પરસંગથી એમ નથી. પરસંગ કરાવે છે એમ નથી. બંસીધરજી સાથે આ ચર્ચા થઈ ગઈ હતી. બંસીધરજી નહોતા ઈંદોરવાળા? બંસીધરજી, ઈંદોર ઈંદોર. મોટા ગુજરી ગયાને એ? એ આવ્યા હતા. એની સાથે ચર્ચા થઈ હતી. '**परसङ्गः एव**'. પરનો સંગ કરે છે તો વિકાર થાય છે, પરસંગ કરાવે છે એમ નથી. એ ચર્ચા થઈ હતી. અહીં રહી ગયા હતા, (સંવત) ૨૦૧૩ની સાલ જ્યારે. આનો અર્થ બીજા પંડિતો ઘણા બીજો કરે છે કે આત્માનો સ્વભાવ તો શુદ્ધ જ છે. વિકાર થવાનો કોઈ ગુણ નથી, કોઈ શક્તિ નથી; પણ એ પર્યાયની યોગ્યતા એને ખ્યાલમાં આવતી નથી. પર્યાયની યોગ્યતા એમ છે એક સમયની કે પરના સંગને લઈને પોતે પોતાથી વિકારપણે પરિણમે છે. પરસંગ એને વિકારપણે પરિણમાવે છે એમ ત્રણકાળમાં નથી. આહા..હા..! આવું છે. જૈનમાં કર્મનું જોર વધારે. અન્યમાં ઈશ્વરનું જોર. એ કઈ અપેક્ષા? ઊંધો પુરુષાર્થ કરે તો એ કર્મબળિયો કહેવાય. સવળો પુરુષાર્થ કરે તો જીવબળિયો કહેવાય. એ આવે છે. આહા..હા..! કોને કહેવું. પૂરી થઈ જાય જિંદગી જાવ. જેમાં જન્મ્યા એમાં કાંઈ મોટો ભણે થોડો પાંચ-દસ વર્ષ, પાંચ વર્ષ, મોટો થાય તો વેપારમાં જોડાઈ જાય, એ બાયડી પરણે, છોકરા થાય. હવે એને નભાવવું, થઈ રહ્યું, મરી જાય પછી.

આહા..હા..! જાવ રખડવા ચોર્યાસીમાં. આહા..હા..! અરે! ભાઈ! તારે ક્યાં જાવું છે? તું કોણ છો? ક્યાં છો? કહે છે કે તું છો પરમ પવિત્ર પણ તારામાં જે આ વિકાર સંસારદશાનો ઉત્પન્ન થાય છે એ તારી વર્તમાન યોગ્યતાથી થાય છે. કર્મ નિમિત્ત છે. નિમિત્ત કરાવતું નથી, નિમિત્ત એને કરતું નથી, નિમિત્ત આવ્યું માટે જોરાવરી આને વિકાર કરવો પડે એમ નથી. આહા..હા..!

એ પરસંગ જ છે. પરસંગ જ છે એટલે પરસંગની વ્યાખ્યા આ કે ભગવાન શુદ્ધ ચૈતન્ય ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એવો એનો સ્વભાવ અને પવિત્ર હોવ છતાં પરના સંગમાં લક્ષ જાય છે એનું, એને કારણે વિકાર થાય છે. પર એને વિકાર કરાવે છે પરસંગ એમ છે નહિ. કહો, સમજાણું કાંઈ? એ આ નાની-સુની વાત નથી. શ્વેતાંબરમાં તો એ જ આખી વાત છે. કર્મથી જ થાય. ઓલા છેને રામવિજય નહિ? રામસુરિ. આપણા જેઠાભાઈ ખેડાવાળા. એ શ્વેતાંબર હતા અને એમના શિષ્ય હતા. હમણા મુંબઈ રહે છે જેઠાભાઈ ખેડાવાળા. એ એના શિષ્ય હતા અને પછી અહીં પરિચય થઈ ગયો એમનો. પછી એમની સાથે ચર્ચા કરતા. ચર્ચા કરો. રામવિજય કહે, ચર્ચા આપણે કહીએ. ત્યારે એ કહે પહેલી એ વાત કબુલ છે? રામવિજય એમ કહે. એકાંતે (કર્મથી) વિકાર થાય એમ કબુલ છે? પછી ચર્ચા કરીએ. આ કહે છે કે એ અમારે કબુલાત નથી. એ લોકોનો આખો સિદ્ધાંત જ એવો છે આખો. શ્વેતાંબરની શૈલીમાં એવું જ આખું છે. ... ત્યાંથી શરૂ કર્યું છે. જેઠાભાઈ નથી આવતા? મુંબઈ રહે છે. રાતી પાઘડી, રાતી પાઘડી પહેરે છે. મુંબઈ રહે છે. ઘણા વર્ષથી એને (અભ્યાસ), વાંચે, વિચારે. ઓડિટર હતા. નામુ લખતા. ચોપડાને. પછી અહીંનો પરિચય થયો ત્યારે એમ થયું કે... ચર્ચા કરીએ આપણે, રામવિજય કહે. પણ પહેલી કબુલાત આ કે કર્મને લઈને વિકાર થાય એ માન્ય છે? પંડિતજી! ત્યારે આ કહે કે ના, આ મારે માન્ય છે નહિ. વિકાર પોતે કરે ત્યારે કર્મને નિમિત્ત કહેવાય છે, કર્મ વિકાર કરાવતો નથી. લ્યો! આવા મોટા રામવિજય. ઊંધી દૃષ્ટિ અને ઊંધું જ્ઞાન. આહા..હા..! આમ આચાર્ય કહેવાય છે લ્યો! પછી છોડી દીધું એણે. એનો પરિચય છોડી દીધો. અહીં કહે છે... અને એ આપણે બંસીધરજી આવ્યા હતા અહીંયાં. એણે આ શબ્દનો અર્થ આમ કર્યો. જુઓ ભાઈ, આ પરસંગ છે, પર વડે થાય છે એમ નથી. પરસંગ કરે તો થાય છે. મોટો ફેર છે. આહા..હા..!

આત્મા પોતાને વિકારનું કારણ કદી પણ થતો નથી. આહા..હા..! આ સંસારના રજળવાના વિકાર મિથ્યાત્વ, રાગ-દ્વેષ, વિષયવાસના એ કદી આત્મા પોતાને કારણે થતા નથી. છેને? નિમિત્ત એટલે કારણ. '**તેમાં નિમિત્ત પરસંગ જ (-પરદ્રવ્યનો સંગ જ) છે.** ' આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપ છે એ જેટલો એ ભૂલી જાય છે એને તેટલો એ નિમિત્તના સંગે વિકાર કરે છે, ચાહે તો જ્ઞાની હોય કે અજ્ઞાની હોય. સમજાણું કાંઈ? '**अयम् वस्तुस्वभावः उदेति तावत्** ' '**આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે.**' આહા..હા..! એટલે કે પોતે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવ પોતાને આશ્રયે વિકાર કદી કરે નહિ એવો એનો સ્વભાવ છે. એટલે જ્ઞાની પોતાના શુદ્ધ સ્વભાવને જાણતો, કર્મના નિમિત્તના સંગે પોતામાં ઉપાદેય થાય તેનો એ સ્વામી થઈને કર્તા થતો નથી. એવું વસ્તુનું સ્વરૂપ છે. અજ્ઞાની પોતાના સ્વરૂપને જાણતો નથી તેથી કર્મના નિમિત્તે પોતે જે ઉપાધિ કરે છે

એનો કર્તા થઈ, સ્વામી થઈને એ મારું સ્વરૂપ છે એમ અજ્ઞાની માને છે. આહા..હા..! આવો વસ્તુનો સ્વભાવ છે એમ હોં! પાછો ઓલા કહે, કર્મને લઈને વિકાર થાય એ વસ્તુનો સ્વભાવ છે. આહા..હા..!

'अयम् वस्तुस्वभावः उदेति तावत्' **'આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે. (સદાય વસ્તુનો આવો જ સ્વભાવ છે, કોઈએ કરેલો નથી.)'** આહા..! એટલે? પોતાનો ભગવાન સ્વભાવ પવિત્ર આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ એ સ્વભાવને કારણે કે એની શક્તિઓ અનંત છે પણ કોઈ શક્તિ વિકાર કરે એવી શક્તિ નથી. આત્મામાં અનંત શક્તિ છે સંખ્યાએ અને ત્રિકાળે કાળે રહેનારી, પણ કોઈ શક્તિ એવી નથી કે વિકાર કરે. આહા..હા..! ફક્ત એની પર્યાયમાં એ વર્તમાન દશામાં એક સમયની યોગ્યતામાં, ત્રિકાળમાં નહિ પણ એક સમયની યોગ્યતામાં.. આહા..હા..! નિમિત્તના સંગે વિકાર કરે અને એ જ એનો સ્વામી થઈને એને ભોગવે. જ્ઞાનીને નિમિત્તને સંગે થાય ઉપાધિ, છતાં એનો સ્વામી થઈને કર્તા થતો નથી. આમ વાત છે. અરે..! આહા..હા..! કહો, રાયચંદભાઈ! સમજાય છે કે નહિ? આહા..હા..! આવું છે. મૂળ વાંધા આખા એમાં છે. કર્મને લઈને થાય... કર્મને લઈને થાય.. બસ એટલું.

અમારે દામોદર શેઠ હતા, દામનગર. ગૃહસ્થ માણસ. એટલામાં પૈસાવાળા એ હતા તે દિ'. હવે તો બીજા ઘણાં થઈ ગયા. એ એમ જ માનતા હતા કે કર્મને લઈને થાય, કર્મને લઈને થાય. દૂધીબહેન અહીં હતા, અહીંયા ... ત્યાં હતા તો એને એમ કહે, જુઓ ફલાણામાં આમ કહ્યું છે. ફલાણા એક થઈ ગયા છેને જૈનસુરી કેવા? જિનદત્ત? જિનવિજય. શ્વેતાંબરમાં જિનવિજય સાધુ. સાધુ હતાને પછી છોડીને ... એ એમ કહે છે, જુઓ, એક પુસ્તક છે એ નામ... તે દિવસે ૮૩ની વાત છે. એ પુસ્તકમાં એમ લખ્યું છે કે જુઓ, કર્મ પણ એક વસ્તુ છે, કર્મ પણ એક દ્રવ્ય છે. તો દ્રવ્યને ખસ્યા વિના આત્માને ધર્મ થાય નહિ. એ પુસ્તક છે. નામ ભૂલી ગયા. ઘણા વખત થયા. વ્યાખ્યાન ચાલતું હતું. એમાં એ દૂધીબહેનને એણે પુસ્તક આપવા માંડ્યું કે આ વાંચજો. દૂધીબહેને કીધું, લેશો નહિ પુસ્તક એવું. વાંચશો નહિ. ૮૩ની વાત ૮૩. આ બહેન હતાને દૂધીબહેન. દૂધીબહેનને લઈને અહીં આવ્યા હતાને. હરગોવિંદભાઈ. બહેન બિચારા ગુજરી ગયા. છોકરાઓ છે ભાઈ. હરગોવિંદભાઈનો દીકરો નહિ? રતિલાલ. રતિલાલ. નાગરભાઈના દીકરા ઓલા રસિક ને ચંપક. એ બધા બિચારાને પ્રેમ છે. મૂળ અહીં દૂધીબહેન એટલે દૂધીબહેનને પુસ્તક આપતા હતા ૮૩માં ખાનગી. એ નામ છે કાંઈક. એમાં એણે એમ લખ્યું છે જૈનવિજયે. એ ઐતિહાસિક થઈ ગયો. સાધુપણું છોડી દીધું. છે ખરો, ગુજરી ગયો છે હવે ખબર નથી. કર્મને લઈને વિકાર થાય. કર્મ વસ્તુ છે. દ્રવ્ય છે તો દ્રવ્ય પોતાની પર્યાય પરને લઈને ન છોડે. એમ નાખ્યું છે એણે. કર્મની પર્યાય પોતે છોડે ત્યારે અહીં સમ્યગ્દર્શન અને ધર્મ થાય. કારણ કે કર્મ દ્રવ્ય છે, વસ્તુ છે. વસ્તુ છે એ પરને કારણે કેમ પલટે? એમ. એવું લીધું છે. જૈનસિદ્ધાંત નહિ. નામ બીજું છે, પુસ્તક છે એક બીજું. એણે બનાવ્યું છે. જિનવિજયે બનાવ્યું છે. કર્મસિદ્ધાંત કે એવું કાંઈક નામ છે. ઘણા સાથે થઈ ગયેલી ચર્ચા કર્મની તો. એમાં તો એમ જ લખ્યું છે કે કર્મ દ્રવ્ય વસ્તુ છે કે નહિ? તો વસ્તુ છે એની પર્યાય વસ્તુથી થાય કે નહિ? તો કર્મનો ઉદય આવે એટલે જીવને વિકાર કરવો જ પડે. આહા..હા..! મોટી ચર્ચા ચાલતી હતી. ૮૩ની સાલ. ૧૭ ને ૨૩ કેટલા? ૫૦ થયા. ૫૦ વર્ષ

પહેલાંની વાત છે. કીધું બિલકુલ નહિ, હરામ પરને લઈને થાતું હોય તો. વિકાર જીવ પોતે પોતાની નબળાઈથી કરે અને ભોગવે.

નયમાં કહ્યુંને ૪૭ નયમાં. ૪૭ નય, પ્રવચનસાર. શક્તિમાં ન કીધું. ૪૭ શક્તિ છેને એમાં કોઈ એવી શક્તિ નથી કે વિકાર કરે. શક્તિ ગુણ એ નથી. ૪૭ શક્તિમાં જે સમયસારની શક્તિઓ છે એમાં એકેય શક્તિ એવી નથી કે વિકાર કરે. શક્તિ તો ગુણ છે, સ્વભાવ છે. ત્યાં તો નિર્મળ દ્રવ્ય, ગુણ અને પર્યાયને કરે તે જ શક્તિ છે. ત્યાં વિકારની વાત લીધી જ નથી. અહીં પ્રવચનસારમાં નયનો અધિકાર જ્યાં લીધો ત્યાં તો જ્ઞાનીને પણ, ગણધરને પણ, તીર્થંકરને પણ છદ્મસ્થ અવસ્થામાં જેટલો રાગ પરિણમે એટલો એ કર્તા છે. કર્તાબુદ્ધિએ એમ નહિ પણ પરિણમે માટે કર્તા છે એમ લીધું છે. કર્મને લઈને નહિ. આહા..હા..! કર્મને લઈને નહિ અને કર્તાબુદ્ધિથી નહિ. કરવાલાયક છે એવી બુદ્ધિથી નહિ, પણ પરિણમે છે જેટલા રાગમાં એટલો એ પોતાના પુરુષાર્થથી પરિણમે છે ઊંધાઈથી. ગણધર હોય તોપણ રાગ છે એ પોતાના ઊંધા પુરુષાર્થથી, કર્મને લઈને નહિ. આહા..હા..! હવે આવું ક્યાં સાંભળવા જાય? સમજવા જાય? જિંદગી પૂરી થઈ જાય, જાય ચાલ્યા ચોર્યાસીના અવતારમાં. આહા..હા..! અને ધર્મને નામે આવ્યા અહીં ચર્ચાઓ કરવા એમાં આ પક્ષ કર્યો વિકારનો, રાગનો, કર્મનો. એ બધા મરીને જવાના બધા. આહા..હા..! કર્મને લઈને થાય... કર્મને લઈને થાય... કર્મને લઈને રખડશે એ.

અહીં કહે છે કે આ '**परसङ्गः एव**' પરસંગ એટલે પરસંગ કરાવે છે એમ નહિ, પણ પરસંગ એનો કરે છે માટે વિકાર થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત. આહા..હા..! '**अयम् वस्तुस्वभावः**' '**આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે.**' એટલે? કર્મના નિમિત્તને સંગે વિકાર થાય તે વસ્તુનો સ્વભાવ છે. સ્વભાવને આશ્રયે વિકાર થાય એ વસ્તુનો સ્વભાવ નથી. ત્યારે એ લોકો એમ કહે છે કે કર્મને લઈને વિકાર થાય એ વસ્તુનો સ્વભાવ છે. એવો અર્થ કરે છે. આ મોટી તકરારની ગાથા છે. એ ચુનીલાલ દેસાઈ હતા અહીં ગુજરી ગયા નહિ? ચુનીલાલ દેસાઈ. નહોતા જાણતા ભાઈ? ચુનીલાલ દેસાઈ. મુળચંદજી, મુળશંકરભાઈ. મુળશંકરભાઈ હતા મોટા, ચીમનલાલ નાના, એનાથી નાના શાંતિલાલ એ સંબલપુરમાં રહે છે. સંબલપુરમાં ત્રણ ભાઈઓ. અહીં રહેતા મૂળચંદભાઈ. ત્રણેની શ્રદ્ધા બધી જુદી. આહા..હા..! એણે તો એ લેખ લખ્યો હતો એક કે કર્મ નિમિત્ત થઈને જ આવે છે. એટલે કે એને વિકાર કરવો જ પડે. એવો મોટો લેખ લખ્યો છે. વર્ણીજીને બતાવ્યો હતો. વર્ણીજી કહે, રાખો. વર્ણીજીને એવી શ્રદ્ધા હતીને. વર્ણીને એ શ્રદ્ધા હતી. આહા..હા..! હવે મોટા ભણેલા કેટલા! વિશ્વમાંથી થયેલા ક્ષુલ્લક સુધી ગયેલા, મરતા વળી મુનિપણું લઈ લીધું. આકરી વાત બહુ કામ, ભાઈ! આહા..હા..! એની એ શ્રદ્ધા હતી. મૂળશંકરભાઈએ લખેલું. રાખો કહે રાખો. એમ નહિ કે આ ખોટું છે. આહા..હા..! ઝીણી વાતું બાપા! બહુ આકરું કામ. સમ્યગ્દર્શન કરવું અને મિથ્યાદર્શન ટાળવું એ કોઈ અલૌકિક વાતું છે. આહા..હા..! પછી ચારિત્રદોષ ટાળવા એ તો વળી મહાપુરુષાર્થ છે. ચારિત્રદોષને ટાળવા અને ચારિત્ર એ તો મહાપુરુષાર્થ, મહાપુરુષાર્થ. આહા..હા..! અહીં તો એક મિથ્યાશ્રદ્ધાનો દોષ ટાળવો. એ જ પહેલી અપૂર્વ અનંતકાળમાં નહિ કરેલી પહેલી વાત છે. આહા..હા..!

**'આવા વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની...'** આવા વસ્તુસ્વભાવને એટલે? કે ચૈતન્યસ્વભાવ હું તો શુદ્ધ ચૈતન્ય છું. હું વિકાર કરું મારા સ્વભાવથી એવી વસ્તુ નથી. આહા..હા..! એવા વસ્તુસ્વભાવને જાણતો ધર્મી **'રાગાદિને પોતાના કરતો નથી...'** જુઓ, આ. આહા..હા..! નિમિત્તને આધીન થયેલા વિકારોને પોતાના માનતો નથી. થાય તેને જાણે. જાણેલો પ્રયોજનવાન એ આ. આહા..હા..! ઝીણી વાતું બાપુ! મારગડા ઝીણા બહુ ભાઈ! આ તો ઈશ્વરની ભક્તિ કરો ને આ કરો ને આ કરો. આ કહે દયા પાળો, ઓલા કહે કે જાત્રા કરો, શેત્રુંજયને પૂજો. બધી બહારની વાતું છે, એ કાંઈ તત્ત્વ વસ્તુ નથી. **'આવા વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની...'** એટલે? કે હું શુદ્ધ ચૈતન્યસ્વભાવ અનંત શક્તિ, સંખ્યાએ અનંત શક્તિ એ તો બધી શુદ્ધ છે અને એ શક્તિનું પરિણમન પણ શુદ્ધ હોય, એનું પરિણમન વિકાર ન હોય. આહા..હા..! ત્રિકાળી આત્મા ભગવાન અને એની શક્તિઓનો સંગ્રહ અનંત, એનું પરિણમવું નિર્મળપણે હોય, એમ ધર્મી જાણતો. **'રાગાદિકને પોતાના કરતો નથી...'** રાગાદિ નિમિત્તને આશ્રયે પર્યાય કમજોરીને લઈને થાય, પણ એને પોતાના માનતો નથી. આહા..હા..! પોતાને તો ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા આનંદનો સાગર એ હું છું એવું જાણનારો ધર્મી જીવ પુણ્ય-પાપને પોતાના માનીને કરતો નથી. તેમ તે વિકારનો સ્વામી થતો નથી. આહા..હા..! **'એવા અર્થનો, આગાળની ગાથાની સૂચનારૂપ શ્લોક કહે છે :— '** ૧૭૬.

(अनुष्टुभ्)

इति वस्तुस्वभावं स्वं ज्ञानी जानाति तेन सः।
रागादीन्नात्मनः कुर्यान्नातो भवति कारकः।।१७६।।

**'શ્લોકાર્થ :-'** **'इति स्वं वस्तुस्वभावं ज्ञानी जानाति'** **'એવા પોતાના વસ્તુસ્વભાવને જ્ઞાની જાણે છે...'** જુઓ, ધર્મી એને કહીએ કે પોતાના વસ્તુસ્વભાવને એ જાણે છે. મારો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે, આનંદ છે, પરિપૂર્ણ છે, અતીન્દ્રિય આનંદથી ભરેલો હું ભગવાન છું. આહા..હા..! હમણા રાજેન્દ્ર નથી અહીં? છે? આવતા નથી. પહેલાં આવતા હતા. એ દવા મૂકી દીધીને પછી. દવામાં આલ્કોહોલ છે એમ કહે છે. આહા..! એમ પોતાના વસ્તુસ્વભાવને જ્ઞાની જાણે છે. બહુ ટૂંકુ. ધર્મી એને કહીએ કે જે આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય આનંદ એને એ પોતાનો માને છે. આહા..હા..! શરીર, બાયડી, છોકરા, કુટુંબ તો ક્યાંય રહી ગયા. એ તો એનામાં છે નહિ, એના એ છે નહિ. એ તો રખડતા આત્મા રખડતા-રખડતા ક્યાંય આવીને ઊભા રહ્યા, વળી રખડતા ક્યાંય ચાલ્યા જશે. આહા..હા..!

અહીંયાં તો **'इति स्वं वस्तुस्वभावं'** **'પોતાના...'** **'स्वं'** એટલે પોતાના. **'વસ્તુસ્વભાવને જ્ઞાની જાણે છે...'** આહા..હા..! ધર્મી તો એને કહીએ અને ધર્મ કરનાર એને કહીએ કે જે ધર્મ એટલે આત્માનો વસ્તુસ્વભાવ ત્રિકાળ શુદ્ધ અને આનંદ છે એમ જે અંતર માને અને અંતરમાં એમ અનુભવે એને ધર્મી કહીએ. આહા..હા..! બહારથી ભલે દયા પાળતો હોય ને વ્રત કરતો હોય ને દાન કરતો હોય લાખો કરોડોના, ભક્તિ, પૂજા ને મંદિરો બનાવતો હોય ભલે, પણ અંતરમાં આ આત્મા છે શુદ્ધ

ચૈતન્યઘન એને નથી જાણતો તે બધા અજ્ઞાની મૂઢ છે. આહા..હા..! એ **'પોતાના વસ્તુસ્વભાવને...'** જોયું! પોતાની વસ્તુ, સ્વ વસ્તુ. સ્વ વસ્તુ ચૈતન્ય ભગવાન નિર્મળાનંદ પ્રભુ જ્ઞાતા-દૃષ્ટા એનો સ્વભાવ, પરિપૂર્ણ આનંદના અમૃતથી ભરેલું તત્ત્વ, એવા વસ્તુના સ્વને, પોતાના સ્વરૂપને જાણતો ધર્મી. લ્યો! આ તો જાણતો ધર્મી સ્વભાવને જાણે છે. આહા..હા..!

**'तेन सः रागादीन् आत्मनः न कुर्यात्' 'તેથી...'** પુણ્ય અને પાપના ભાવ પરસંગના લક્ષે થાય તે પર્યાયબુદ્ધિ એની ઊડી ગઈ છે. આહા..હા..! ધર્મીની પર્યાય ઉપરની બુદ્ધિ ઊડી ગઈ છે, તેથી તેને આત્મદૃષ્ટિ ધર્મની બુદ્ધિ થઈ છે. તેથી રાગાદિ ને પર્યાયબુદ્ધિનો ભાવ જેને નથી **'તેથી તે રાગાદિકને પોતાના...'** માનતો નથી. **'પોતાના કરતો નથી,...'** આહા..હા..! રાગ આવે ખરો. સમ્યગ્દર્શન-જ્ઞાન થયા પછી પણ ભગવાનની ભક્તિ, પૂજા એવો દાન, દયા ભાવ આવે પણ એ પોતાના સ્વીકારતો નથી. એનો તટસ્થ રહીને જ્ઞાતા રહે છે. આહા..હા..! તટસ્થ નામ રાગમાં ભળ્યા વિના અને જ્ઞાનમાં રહીને રાગને જાણે છે, પણ એ મારો ભાવ છે, કર્તા છે એમ એ માનતો નથી. હવે આવી વાતું. આહા..હા..!

**'તેથી તે રાગાદિકને પોતાના કરતો નથી,...'** એટલે કે સ્વભાવનું ભાન છે, જ્ઞાતા-દૃષ્ટા અને આનંદનો સાગર હું છું એમાં દુઃખના કણિયા, પુણ્ય-પાપના ભાવ એ દુઃખના કણિયા એ અમૃતસાગરના નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ દુઃખના કણિયા ઉપર-ઉપર તરતા મારા સ્વભાવમાં આવતા નથી. આહા..હા..! એને જાણતો (એવો જ્ઞાની) રાગને પોતાના કરતો નથી. આહા..હા..! **'अतः कारकः न भवति' 'તેથી તે (રાગાદિકનો) કર્તા નથી.'** લ્યો! ધર્મીજીવ પોતાનું સ્વરૂપ આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા એને જાણતો, એની દૃષ્ટિમાં વિકારપણું થવું એ એની દૃષ્ટિમાં જ નથી, તેમ દૃષ્ટિનો વિષય છે એમાં પણ નથી. આહા..હા..! પર્યાયમાં નબળાઈ જે થાય છે તેનો એ સ્વામી થતો નથી. બીજી ભાષાએ કહીએ તો તેનો જાણેલો પ્રયોજનવાન છે. જાણેલો પ્રયોજનવાન છે, જાણવામાં છે કે આ છે. આહા..હા..! હવે આવી વાતું ત્યારે.. કે દિ' સાંભળે અને કે દિ' મેળ કરે!

**'હવે, એ પ્રમાણે જ ગાથામાં કહે છે :—'** એ ગાથા છે. ૨૮૦.

**ण य रागदोसमोहं कुव्वदि णाणी कसायभावं वा।**
**सयमप्पणो ण सो तेण कारगो तेसिं भावाणं।।२८०।।**
**કદી રાગદ્વેષવિમોહ અગર કષાયભાવો નિજ વિષે**
**જ્ઞાની સ્વયં કરતો નથી; તેથી ન તત્કારક ઠરે. ૨૮૦.**

આહા..હા..! એની **'ટીકા :- યથોક્ત (અર્થાત્ જેવો કહ્યો તેવો) વસ્તુ સ્વભાવને જાણતો જ્ઞાની...'** ભગવાન આત્મા તો પવિત્રનો પિંડ છે, અતીન્દ્રિય આનંદનો કંદ છે. આહા..હા..! કેમ બેસે? જેમ શક્કરકંદ છે એ શક્કરિયું સાકરનો પિંડ છે. શક્કરકંદ કહેવાય છેને? શક્કરકંદ. શું હિન્દીમાં કહે છે? શક્કર? શક્કરકંદ કહે છે? શું કહે છે? એની લાલ છાલ ન જુઓ તો શક્કરકંદ છે. આખો સાકરનો પિંડ છે એ તો, મીઠાશનો પિંડ છે શક્કરિયું. આ શિવરાત્રીમાં ખાય છેને બાફીને વિષ્ણુ લોકો. એમાં

અનંત જીવ છે. અનંત જીવ છે એક-એક કટકીમાં. એમાં એ લાલ છાલ ન જુઓ આખો શક્કરકંદ એટલે સાકરનો પિંડ છે. એમ આ ભગવાન આત્મા એ પુણ્ય અને પાપ, દયા, દાન, કામ, ક્રોધના વિકલ્પની છાલ ન જુઓ તો એ અતીન્દ્રિય આનંદનો જ પિંડ છે એ આત્મા. પણ એ કે દિ' બેસે એને? શક્કરિયાની વાત બેસે. આહા..હા..! એવો વસ્તુનો સ્વભાવ છે એમ કહે છે. જોયું!

એવા '**વસ્તુના સ્વભાવને જાણતો જ્ઞાની...**' આહા..હા..! મારો ભગવાન તો આનંદસ્વરૂપ છે એમ જાણે છે ધર્મી. મારો આનંદ ક્યાંય કોઈ ચીજમાં નથી. આહા..હા..! પુણ્ય-પાપના ભાવમાં પણ આનંદ નથી અને પુણ્ય-પાપના ભાવના ફળ મળે આ બહારના પાંચ-પચ્ચીસ લાખ, કરોડ, બે કરોડ ધૂળ મળે એમાં પણ આનંદ નથી. આહા..હા..! આનંદસ્વરૂપ તો ભગવાન હું છું, મારો આનંદ મારામાં છે. એવું પોતાના વસ્તુના સ્વરૂપને જાણતો ધર્મી. '**શુદ્ધસ્વભાવથી જ ચ્યુત થતો નથી...**' જોયું! આહા..હા..! એ શુદ્ધ સ્વભાવથી ચ્યુત થતો નથી. આહા..હા..! '**તેથી રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોરૂપે પોતાની મેળે પરિણમતો નથી...**' સ્વભાવની દૃષ્ટિથી એ પરિણમતો નથી. નબળાઈથી થાય છે એ વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## વૈશાખ વદ-૧૧, શુક્રવાર, તા. ૧૩-૦૫-૧૯૭૭, ગાથા-૨૮૦, કળશ-૧૭૭ પ્રવચન નં. ૩૪૦

સમયસાર, ૨૮૦ ગાથા. ટીકા એની. ગાથા બોલાઈ ગઈ છેને? બોલાઈ ગઈ છે. '**યથોક્ત (અર્થાત્ જેવો કહ્યો તેવા) વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની...**' એટલે? કે આત્મા જ્ઞાન, આનંદ સ્વરૂપે શુદ્ધ અભેદ અખંડ છે એવું જેણે અંતર જાણ્યું અને જાણીને પ્રતીત કરી, અનુભવ્યું. જેવો છે તેવો જાણ્યો એટલે કે જેવો છે તેવો જાણીને અનુભવ કર્યો. આહા..હા..! વસ્તુસ્વભાવ આનંદ જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ એ જેવો છે તેવાને જાણતો એટલે અનુભવતો, '**જ્ઞાની (પોતાના) શુદ્ધસ્વભાવથી જ ચ્યુત થતો નથી...**' 'પવિત્ર અને આનંદસ્વરૂપ હું છું' એવું જ્યાં અંતરમાં સન્મુખ થઈને ભાન થયું એ શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો નથી. કહો.

'**તેથી રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોરૂપે...** ' તેથી રાગ-દ્વેષ-પુણ્ય આદિ ભાવ વ્યવહાર એ આદિ '**ભાવોરૂપે પોતાની મેળે પરિણમતો નથી...** ' આહા..હા..! કેમકે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અનુભવમાં આવ્યું કે એ તો આનંદમય છે અને એકલો જ્ઞાનમય છે, અતીન્દ્રિય સ્વભાવની મૂર્તિ છે એવું જ્ઞાનમાં જેને શ્રદ્ધામાં અનુભવમાં આવ્યું એ સ્વભાવથી ખસીને રાગ-દ્વેષ-મોહને પોતાના કરતો નથી. આહા..હા..! જે સ્વભાવમાં નથી એને પોતાના કેમ કરે? આહા..હા..! પોતાનો સ્વભાવ જ એમ

જાણ્યો છે કે ચૈતન્ય શુદ્ધ અખંડ આનંદ (છે). આહા..હા..! આ સમ્યગ્દર્શનનો આ વિષય. લોકો આ જોર આપે છે પર્યાયનું ઘણાં. પર્યાયનું, અજીવનું અને વ્યવહારનું એ બધું જાણો. એ હો જાણવાલાયક હો તો, પણ વસ્તુની સ્થિતિ એ નથી પામવાની. પામવાની તો પૂર્ણ વસ્તુ જે અખંડ જેનું શાંત, આનંદ દળ વસ્તુ છે તેની દૃષ્ટિ અને અનુભવ તે કરવા જેવું છે. આહા..હા..! બીજું જાણપણું કદાચ ઓછું પણ હોય. અને પહેલા તો એમ કહી ગયા છે કે અસદ્ભાવ (હોય એટલે કે) ન પણ હોય. આવી ગયું છેને? સદ્ભાવ-અસદ્ભાવ. આહા..હા..! પણ એ આતમજ્ઞાનને આશ્રયે જ સમ્યગ્દર્શન અને જ્ઞાન થાય છે, બીજા કોઈ આશ્રયે થતું નથી. આહા..હા..! આવું ઝીણું... ઝીણું... ઝીણું... કદી કર્યું નથી અનંતકાળ રખડતા રખડતા. ચોર્યાસીના અવતાર કરી-કરીને પરિભ્રમણ કરી (રખડી રહ્યો છે). થાક લાગતો નથી એને પરિભ્રમણનો. અરે! હું ક્યાં છું અને આ શું થઈ રહ્યું છે?

સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ એમ ફરમાવે છે કે જેણે પોતાની જાતને જાણી... આહા..હા..! સવારમાં આવ્યું હતુંને, જિનવર અને જીવની જાત એકસરખી છે. આહા..હા..! પુંજાભાઈ! સવારે આવ્યું હતુંને, જિનવર અને આ જીવ એની જાત તો એકસરખી છે. આહા..હા..! દશાશ્રીમાળી વાણિયો હોય, દસ રૂપિયાનો પગાર મળતો હોય અને એકને પાંચ, બે, પચ્ચીસ કરોડ રૂપિયા હોય, પણ દશાશ્રીમાળીની નાત એક તો જાત તો એક છેને. એમ આ ભગવાન આત્મા એની પર્યાયમાં ભલે નિગોદની દશા આદિ હોય... આહા..હા..! કે એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિયની દશા હો, પણ વસ્તુ તો ત્રિકાળી શુદ્ધ ચૈતન્યઘન છે. આહા..હા..! જિનવરની જાત અને જીવની જાત, બેમાં ફેર નથી. આહા..હા..! આવી અંતરમાં દૃષ્ટિ થતાં, એ શુદ્ધસ્વભાવનો પ્રેમ અને અનુભવ થતાં જેમાં લગની લાગી તેમાંથી એ ચ્યુત થતો નથી. આહા..હા..! જેમાં રસ લાગ્યો આત્માનો, આત્મા શાંતરસ અનંત અમૃતરસ એ એનું સ્વરૂપ છે આત્માનું. કાયમી, અસલી એ તો એ સ્વરૂપ છે. આહા..હા..! એવો જેને આનંદનો રસ લાગ્યો એને આ પુણ્ય અને પાપના ભાવ અને એના ધૂળના આ બધા ફળ, પાંચ પચ્ચીસ કરોડ મળે ધૂળ આદિ એ બધા દુઃખના નિમિત્ત છે. આહા..હા..! એવું જેણે દુઃખના નિમિત્તોથી પણ લક્ષ છોડી દીધું છે અને દુઃખના કારણો જે વિકારી ભાવ છે તેનો પણ જેણે પ્રેમ છોડ્યો છે, અંતરમાં આનંદ નાથ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરે જે કહ્યો આત્મા અંદર એ આનંદના રસમાં જેને રસ લાગ્યો અંદર... આહા..હા..! એ ધર્મી આનંદના રસથી ચ્યુત થતો નથી એમ કહે છે. આહા..હા..! માખી જેવું જનાવર પણ સાકરનો ગાંગડો મૂક્યો હોય છોકરાને થાળીમાં રોટલી સાથે, તો એ આમ ગાંગડો સાકરમાં લે રોટલી સાથે. તો ગાંગડા ઉપર હાથ અડે, લીલો તો થાય થૂંક (લાગે એટલે). માખી આવે, માખી લે રસ, એની પાંખ ચોંટી જાય અને ઓલું લે તો ખસે નહિ એટલો રસ લાગે એને. સાકરના રસ આડે પાંખ ચોંટી જાય ઓલા થુંકને લઈને સાકર પાતળી થઈ ગઈ, લેવા જાય તો હલે નહિ, (કેમકે) રસ લાગ્યો છે. આહા..હા..!

એમ જેને આત્માના આનંદનો રસ લાગ્યો છે... આહા..હા..! એને અહીં ધર્મી કહીએ. વીતરાગમાર્ગમાં આવો માર્ગ છે, બાપુ! જિનેશ્વરદેવ ત્રિલોકનાથ આને ધર્મ કહે છે. આહા..હા..! લોકો તો કંઈ ને કંઈ

માનીને બેઠા બહારથી. એ આનંદના રસનો રસીયો... આહા..હા..! જેને પુણ્યના ભાવ પણ ઝેર જેવા લાગે, દુઃખ લાગે... આહા..હા..! એને એ કેમ પ્રેમથી કેમ કરે ઈ? સમજાણું કાંઈ? અરે! આવી જાતનો ઉપદેશ આ. આવું સ્વરૂપ! ઓલો એકેન્દ્રિયા, બેઈન્દ્રિયા, ત્રણ ઈન્દ્રિયા હતું બધું લ્યો. બાપુ! એ બધી શુભની ક્રિયા એ તો રાગની ક્રિયા છે, ધર્મ નહિ. જિનવરદેવનો વીતરાગનો ધર્મ એ નહિ. આહા...! જેને આત્માના ધર્મનો રસ લાગ્યો, એ કહે છે કે રસથી છૂટતો નથી એમ કહે છે. આહા..હા..! જગતમાં પણ પ્રાણી હોય વાણિયાનો દીકરો, પણ જેની સાથે વાઘરણ કે કોળણ સાથે જો પ્રેમ લાગ્યો હોય તોપણ ઈ છોડે નહિ. મારી છે, ઓલા મારી નાખશે એનો ધણી, એવો એ પ્રેમ. આહા..હા..! તો આ ભગવાન આત્મા સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ શક્તિ અને એનો સ્વભાવ છે. એનો જેને પ્રેમ અને રસ લાગ્યો એ એમાંથી કેમ ચ્યુત થાય? ધર્મી એનાથી ચ્યુત કેમ થાય? એમ કહે છે.

**'તેથી રાગ-દ્વેષ-મોહ...'** શુભાશુભભાવ એ ભ્રમણા **'આદિ ભાવોરૂપે પોતાની મેળે પરિણમતો નથી...'** સ્વભાવના રસને લઈને સ્વભાવપણે પરિણમે છે એટલે કે સ્વભાવપણે થાય છે, પણ રાગ ને દ્વેષના વિકારભાવપણે પોતે પરિણમતો નથી. આહા..હા..! **'અને પર વડે પણ પરિણમાવાતો નથી,...'** જુઓ, ભાષા આવી. પરિણમે તો પર વડે પરિણામાવાય છે એમ કહેવાય. સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે, ભાઈ! જિનવરદેવ તીર્થંકર કેવળજ્ઞાની પરમેશ્વર એનો માર્ગ બહુ ઝીણો છે. લોકોમાં તો પ્રચાર બહારમાં બધું મનાઈ ગયું છે. માર્ગ છે અંદર. આહા..હા..!

જેને મેસુબના રસ લાગ્યા એ પછી લાલ જુવારના ફોતરાના રોટલામાં રસ કેમ હોય એને? એક તો લાલ જુવાર હોય છે એની મીઠાશ ઓછી હોય છે. ધોળી જુવાર આવેને ધોળી? જુવાર બે પ્રકારની હોય—ધોળી અને લાલ. અમારે તો ઘણા વર્ષ થયાને ઘણો અનુભવ હોયને. એક ફેરી લાલ જુવારના રોટલા મળ્યા હતા ગામડામાં. એ ૭૬ની સાલ. વિઠલગઢ વિરમગામ પાસે છે. વિરમગામ પાસે. ત્યાં વાણિયાના ઘર નહોતા. બધે જઈએ વહોરવા. ૭૬ની વાત છે. કેટલા વર્ષ થયા? ૫૭. ૫૭ વર્ષ પહેલાંની વાત છે. વિરમગામથી ત્રણ ગાઉ વિઠલગઢ છે. ગામડામાં ઉતારો આપ્યો. લોકોને પ્રેમ ખૂબ બિચારાને, પણ ઘરે વ્હોરવા ગયા તો લાલ જુવારના રોટલા. લાલ જુવારની મીઠાશ ઓછી હોય. ધોળી જુવાર હોય છેને, એની મીઠાશ વધારે હોય છે. એ રોટલા અને છાશ. ત્યાં બીજું શું (હોય)? દાળ ને શાક ક્યાં હતું ત્યાં. છાશ મળે છાશ કણબીને ત્યાંથી. આહા..હા..! પણ જેને કહે છે કે મેસુબના રસ લાગ્યા એને આ રસ કેમ લાગે? આહા..હા..!

એમ જેને આત્મા... આહા..હા..! પ્રભુ પોતે શુદ્ધ ચૈતન્યઘન, આનંદનો રસ જેમાં ભર્યો છે પ્રભુમાં, જેમ સાકરમાં મીઠાશ ભરી છે એમ ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદનો રસ ભર્યો છે. કેમ બેસે? સાંભળે. કોઈ દિ' સાંભળવા ન મળે. આહા..હા..! બહારને બહાર બધી ઘૂંટી આખી જિંદગી કાઢે છે બિચારા. આહા..હા..! કહે છે કે એ રસ નથી જેને, એથી રાગ-દ્વેષપણે પોતે જાતે પરિણમતો નથી. મોહ પણ લીધો છે આમાં તો, ત્રણેય (લીધા છે). આહા..હા..! એ પુણ્યના પરિણામમાં સુખ છે કે એવી બુદ્ધિ જ્ઞાનીને થાતી નથી. આહા..હા..! એ પુણ્યના ફળ તરીકે અબજો રૂપિયા મળે

બહારમાં, તો સમ્યગ્દષ્ટિ ધર્મી છે એને બહારમાં ક્યાંય સુખબુદ્ધિ દેખાતી નથી. આહા..હા..!

ભરત ચક્રવર્તી, ભગવાન ઋષભદેવ ભગવાનના પુત્ર, છન્નું હજાર તો જેને ઘરી સ્ત્રી મોટી. એક એક સ્ત્રીની તો હજાર દેવ સેવા કરે એવી સ્ત્રી-રતન. રતન એટલે ઊંચી. ઊંચી એટલે? પુણ્યમાં ઊંચી. એવી છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ ગામ, પણ ક્યાંય સ ન મળે. આત્મજ્ઞાન છેને. આહા..હા..! ક્યાંય રસ નથી. ઇન્દ્રો મિત્ર. ચક્રવર્તીને ઇન્દ્રો મિત્ર ઉપરથી આવે ને બેસે. હીરાના સિંહાસનમાં બેસે જોડે. પણ એને મારા આનંદના સ્વભાવથી ખસીને એને પર પ્રત્યે પ્રેમ થાતો નથી. આહા..હા..! કહો, રાચચંદભાઈ! આવી વાત છે. વીતરાગમાર્ગ બાપા! જિનેશ્વર પરમેશ્વર ઈ (આમ ફરમાવે છે). આ એક ગાથામાં તો કેટલું ભર્યું છે જુઓને!

જેને.. આહા..હા..! જેણે દૂધપાકના સ્વાદ લીધા એને ઉકડીયાના સ્વાદ કેમ લાગે? આહા..હા..! એ કરવાનું આ છે. આ આત્મા આનંદરસ છે તે રુચિ અને અનુભવ કરવા જેવો છે. ધર્મની શરૂઆત વીતરાગમાર્ગમાં ત્યારે થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ પોતે તો કહે છે કે ધર્મી એને કહીએ... આહા..હા..! કે જેને આત્માનો સ્વભાવ અતીન્દ્રિય આનંદની વસ્તુ જાણી છે એમ કીધું ને? વસ્તુસ્વભાવને જાણતો કીધુંને? આહા..હા..! બહુ થોડું કહ્યું છે. વસ્તુનો સ્વભાવ ભગવાન આત્માનો સ્વ-ભાવ તો જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, વિભુતા અનંતગુણમાં વ્યાપક એવી શક્તિ પ્રભુ આત્માની છે. આહા..હા..! એવો જેને રસ લાગ્યો અને જાણ્યો, એ કહે છે કે પુણ્ય અને પાપના ભાવ અને ભ્રમણા એ પોતે પોતાથી ચ્યુત થઈને કરતો નથી તો બીજો કર્મ તેને કરાવતો નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! એવો આ ધર્મ, ભાઈ! ઓલા તો એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય. લ્યો! એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા, ત્રણ ઇન્દ્રિયા... એ બધી ક્રિયાઓ રાગની છે, બાપા! ભાઈ! એ તો શુભરાગનો ભાવ છે, એ કોઈ વસ્તુધર્મ નથી. લોકોને ધર્મ મળ્યો નથી. આહા..હા..! તસ્સઉતરી કરણેણં ... તાવકાયં ઠાણેણં... પણ તાવકાયં શું? ઠાણેણં જાણેણં અપ્પાણં શું? ખબરું ન મળે કાંઈ, બાપુ! અપ્પાણં વોસરે એટલે? મલિન પરિણામને હું છોડુ છું અને આનંદના નાથને હું ગ્રહણ કરું છું, એમ છે એનો અર્થ. આહા..હા..! તસ્સઉતરી તો કર્યું તો હશે કે નહિ? રાયચંદભાઈ! નથી કર્યું? ઠીક. પાછળથી આવ્યા હતાને. નવા આમાં જ આવ્યા પાધરા એટલે. પુંજાભાઈએ નથી કર્યું?

**શ્રોતા :-** રામજીભાઈએ કર્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રામજીભાઈએ કર્યું છે એમ કહે છે. એ તો જૂના માણસ છેને. અમે પણ બધું કર્યું છે, બાપુ! સામાયિક ને પડિક્કમણા ને અપવાસ ને બધું દુકાન ઉપર કરતા. ૬૫-૬૬, ૬૫-૬૬-૬૭ની વાત છે હોં! ૧૯૬૫. દીક્ષા લીધા પછી પણ અઠમ-અઠમ કરતા. પ્રાયશ્ચિત તરીકે લેને બાર મહિનાનું. અઠમ હોં! ત્રણ દિ' પાણી વિના ચોવિહાર, પણ એ બધી લાંઘણું, કાંઈ વસ્તુ નહિ. આહા..હા..!

અહીં તો કહે છે કે ફેર શું છે આમાં? કોઈ કહે કે એને વિકાર કર્મ કરાવે, તો અહીં પહેલેથી એમ લીધું

છે કે પોતે જ્યારે વિકાર કરતો નથી તો બીજો પર કરાવે શી રીતે? આહા..હા..! સમજાણું કાંઈ? છે? બે બોલ છે? '**પોતાની મેળે પરિણમતો નથી...**' ધર્મી પુણ્ય અને પાપના અને મિથ્યાત્વના ભાવપણે આત્માના સ્વરૂપને શુદ્ધને વીતરાગ સ્વરૂપ જાણ્યું છે, અનુભવ્યું છે તેથી તેને ધર્મી સમકિતી કહીએ. ભલે ગૃહસ્થાશ્રમમાં હો, પણ એ પોતે વિકારપણે જાતે પરિણમતો નથી. આહા..હા..! '**પર વડે પરિણમાવાતો નથી,...**' કર્મ એને રાગ કરાવે એમ ત્રણકાળમાં બનતું નથી. આહા..હા..! આ શું કહે છે આ? '**માટે...**' આ કારણે. માટે આવ્યુંને હવે? '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ જ્ઞાની...**' આહા..હા..! જેમ ટાંકણાથી ખોદીને અંદર જે વસ્તુ હોય એ અદબદ કાઢી હોય. જેમ આ પાલિતાણામાં નથી અદબદનાથ? ડુંગરના પત્થરમાંથી એમ ને એમ ખોદીને કાઢી છે. એમ ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પના ટાંકણાને કાઢી નાખી... આહા..હા..! એકલો ચૈતન્યઘન બિંબ પ્રભુ છે એવો '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ...**' બે પણ નહિ. આહા..હા..! એકલો ચૈતન્યસ્વભાવ પ્રકાશમૂર્તિ ચૈતન્યના પ્રકાશની મૂર્તિ આત્મા છે. જેમ સૂર્યનો પ્રકાશ આ જડ છે, એમ ભગવાન આત્માનો પ્રકાશ ચૈતન્ય પ્રકાશનું નૂરનું તેજ છે. એ ચૈતન્યપ્રકાશનું પૂર છે, પ્રભુ! અરે! ક્યાં જોવું? ક્યાં સાંભળવું? સાંભળ્યું ન હોય તો જાવું ક્યાં? મીઠાલાલજી! આવી વાતું છે. એને તો આમાં રસ છે સાંભળવામાં. માર્ગ આવો છે, બાપા! વીતરાગ પરમાત્માનો, ભાઈ! જન્મ-મરણરહિતની ક્રિયાઓ તો આવી છે. આહા..હા..!

કહે છે '**એક જ્ઞાયકભાવસ્વરૂપ જ્ઞાની...**' આહા..હા..! એક જ્ઞાયકભાવસ્વરૂપ. આહા..હા..! એ '**રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોનો અકર્તા જ છે...**' એ દયા, દાન અને પુણ્ય-પાપના ભાવ આવે ખરા, પણ કર્તા નથી, કરવાલાયક છે એ રીતે કર્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! ચાર લીટીમાં તો કેટલું ભર્યું છે! એટલું ભર્યું છે.

**શ્રોતા :-** ભર્યું હોય એ બધું કાઢો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ જુઓને કેટલું! આહા..હા..!

'**એક જ્ઞાયકસ્વભાવ...**' આહા..હા..! એકલો જાણકસ્વભાવથી ભરેલો વસ્તુ એવી જેની દૃષ્ટિ થઈ છે અને દૃષ્ટિમાં એ વસ્તુ એવી રીતે આવી છે જેને. આહા..હા..! એ '**રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોનો અકર્તા જ છે...**' એ મેલને કેમ કરે? આહા..હા..! જેને મેસુબના રસ લાગ્યા એ નાકના ગુંગાના સ્વાદ કેમ લે? આહા..હા..! મેસુબ સમજાય છે? મેસુબ સમજો છો? મેસુબ કહે છેને. ચણાનો લોટ એક શેર અને ચાર શેર ઘી એને મેસુબ કહે છે અને એક શેર ઘઉંનો લોટ અને ચાર શેર ઘી એને સક્કરપારા કહે છે. અહીં તો બધું જોયું અને જાણેલું છે, બધી ખબર છેને. અહીં તો ૮૮ વર્ષ થયા. શરીરને ૮૮. કેટલુંય જોયું જગતમાં. આહા..હા..! થોથેથોથા જગતમાં બધા. આહા..હા..! જેણે સક્કરપારો ખાધો એને નાકના મેલ ગુંગા એને સ્વાદમાં આવે? લાગે? આહા..હા..!

એ કહ્યું હતું, દાખલો એક ફેરી આપ્યો હતો. પોણો સો વર્ષ પહેલાંની વાતું છે. બાર વર્ષની ઉંમર હતી જે દિ'. તે દિ' એક અમારા ગામમાં ઉમરાળાનો એક ભાવસાર હતો. ભાવસાર નથી થતા?

સ્થાનકવાસી હતાને બધા અમે. પિતાજી સ્થાનકવાસી હતા. જન્મ અમારો સ્થાનકવાસીમાં. તે દિ' એ સુંદરજી નામ હતું એનું. સુંદર રૂપા. એના બાપનું નામ, ભાવસાર હતાને, રૂપચંદ નહિ રૂપા એમ કહેતા. એને એવી ટેવ પડી ગયેલી કે નાકમાંથી ગુંગો કાઢીને સ્વાદ લે. બે દાંત નીચે દાબે એટલેથી ન રહે, જીભનું ટેરવું અડાડે એને. પુંજાભાઈ! સમજાણું? આમ કાઢી અને આમ (દબાવે). અરેરે! સુંદરજી શું કરે છે તું આ? અમે જોડે બેઠા હોઈએ. આ તું શું કરે છે, ભાઈ? વળી કાઢી નાખે. વળી જ્યાં આડીઅવળી નજર જાય ત્યાં વળી બીજો કાઢે, વળી દાંત હેઠે દબાવીને જીભ અડાડે. આહા..હા..! પછી બિચારો કહે, ભાઈ! મને ટેવ પડી ગઈ છે. આ ગુંગાના સ્વાદમાં ટેવ પડી ગઈ છે.

એમ અહીં પ્રભુ કહે છે, હે આત્મા! તારા આત્મામાં આનંદરસ પડ્યો છે, અતીન્દ્રિય આનંદના રસ આગળ આ પુણ્ય-પાપના ગુંગાના સ્વાદ તને કેમ લાગે છે? આહા..હા..! શુભ-અશુભભાવ હોં! દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એ શુભરાગ છે અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપરાગ છે. બેય રાગ (અને દ્વેષ) નાકના મેલ (જેમ) મેલ છે. ધર્મીને આત્માના આનંદના રસ આગળ.. આહા..હા..! એ નાકના મેલ જેવા પુણ્ય-પાપના સ્વાદ એને સારા લાગતા નથી. આહા..હા..! કહો, રાયચંદભાઈ! તમારે તો બાયડી-ભાયડો બે જ જણા અને પૈસા ઘણા. એ જાણે અમે સુખી છીએ. વીરચંદભાઈ! બા હોય છે. ત્રણ જણા, રૂપિયા કેટલાય. દસ લાખ પડ્યા છે. એ સુખી હશે? આહા..હા..! પ્રભુ! વીતરાગ એમ કહે છે, પ્રભુ! તારો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય આંનદરસ છેને નાથ! એના તને જો સ્વાદ આવ્યા, એનું તને ભાન થયું ધર્મનું તો આનંદનો ધર્મ તારો છે એ આનંદની પર્યાય પ્રગટી એનું નામ ધર્મ. આહા..હા..! એ ધર્મના સ્વભાવ આગળ તને પુણ્ય-પાપના ભાવ ગુંગાના સ્વાદ જેવા એ સ્વાદને તું કરી શકતો નથી. આહા..હા..! તેમ કર્મ તને કરતું નથી એટલે કરાવતું નથી. કરે તો કરાવે છે એમ કહેવામાં આવે. આહા..હા..! આવો ધર્મ શું હશે? આ તે વીતરાગનો ધર્મ આવો હશે? બાપુ! માર્ગ વીતરાગનો આ છે, ભાઈ! પરમેશ્વર જિનેશ્વરદેવ ત્રિલોકનાથ મહાવિદેહમાં તો બિરાજે છે. સીમંધર ભગવાન બિરાજે છે તીર્થંકર. ત્યાંથી આવેલી આ વાત છે. આહા..હા..! એ ભગવાન એમ કહે છે. આહા..હા..! લ્યો! '**અકર્તા જ છે—એવો નિયમ છે.**' જુઓ, છેને?

'**ભાવાર્થ :- આત્મા જ્ઞાની થયો...** ' એટલે ધર્મી થયો. '**ત્યારે વસ્તુનો એવો સ્વભાવ જાણ્યો...**' ભગવાન આત્મા અંદર વસ્તુ છે, પદાર્થ છે, તત્ત્વ છે (એને) એવો જાણ્યો '**કે આત્મા પોતે તો શુદ્ધ જ છે...**' શુદ્ધ-પવિત્ર છે. એની દશામાં જે વિકારો છે એ તો પર્યાયમાં છે, વસ્તુમાં છે નહિ. આહા..હા..! '**દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે,...**' લ્યો આવ્યું. જોયું! આ એક ફેરી લખ્યું હતું આપણે ત્યાં લાલચંદભાઈને. ખબર છે? પછી એને આવ્યું હતું. આહા..હા..! સોગાની. નિહાલભાઈની હતી વાત, ચર્ચા ચાલતી હતી. પછી આ બોલ લખ્યો હતો. '**દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે,...**' એટલે શું કીધું? કે વસ્તુ જે છે વસ્તુ ત્રિકાળ, એક સમયની દશા પરિણમન છે એનાથી ભિન્ન એ વસ્તુ બદલતી નથી, અપરિણમનસ્વરૂપ છે. એમાં પલટવાની દશા એ ત્રિકાળમાં નથી. આહા..હા..! એ વાત થઈ હતી, નહિ? નવલચંદભાઈ! ખબર છે? અને આ વાત થઈ

હતી. કાગળ લખ્યો હતો ત્યાં. ઓલા નિહાલચંદભાઈનું વાંચતા હતા ને એમાં એમ કે... આહા..હા..! એમ કે દ્રવ્ય વસ્તુ અપરિણમન છે. એમ અહીં ભાઈ કહે છે. એ તો આપણે આવી ગયું. અહીં ન આવ્યું. ત્યાં આવ્યું હતું રાજકોટ.

જીવ જેને ત્રિકાળી આત્મા કહીએ એ તો મોક્ષ અને મોક્ષના કારણને પણ કરતો નથી. આહા..હા..! એ તો પર્યાય છે. આહા..હા..! '**जिउ ण वि उप्पज्जइ ण वि मरइ**' આહા..હા..! દ્રવ્ય જે આ છે વસ્તુ. દ્રવ્ય એટલે વસ્તુ ત્રિકાળ. બદલતી અવસ્થા છે એમાં વિકાર છે, સંસાર છે. મોક્ષનો માર્ગ પણ બદલતી દશામાં છે અને મોક્ષ પણ બદલતી દશામાં છે. આહા..હા..! દ્રવ્યદૃષ્ટિએ, દ્રવ્ય એટલે વસ્તુ, દ્રવ્ય એટલે આ તમારા પૈસા-ફૈસા નહિ, વસ્તુ જે છે અંદર દેહથી ભિન્ન, પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન, એક સમયની પરિણતિથી, પર્યાયથી ભિન્ન. આહા..હા..! ક્યાં સુધી એને લઈ જવું? એ દ્રવ્ય—વસ્તુ એ દૃષ્ટિએ તો અપરિણમનસ્વરૂપ છે, એ દ્રવ્ય તો પલટતું નથી. દ્રવ્ય એટલે વસ્તુ ધ્રુવ જે ભગવાન આત્મા એ તો એવો ને એવો સદૃશ અનાદિઅનંત કાળ એવો ને એવો રહે છે. પલટો જે મારે છે આ મિથ્યાત્વનો, અજ્ઞાનનો, સમકિતનો એ તો બધી પર્યાયોમાં—અવસ્થાઓમાં છે, એની દશામાં એ છે, વસ્તુમાં એ પરિણમન નથી. આવું આકરું. સમજાણું કાંઈ? આહા..હા..!

'**દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે,...**' આત્મામાં બે પ્રકાર છે. એક ત્રિકાળી ધ્રુવતા અને એક વર્તમાન પલટતી દશા—પલટતી પર્યાય. આ વિચાર પલટે છેને? બદલે છેને? એ પલટતી દશામાં વિચાર બદલે છે. વસ્તુ જે ત્રિકાળ છે ધ્રુવ એમાં બદલો નથી. આહા..હા..! આવી વાતું હવે. એ દ્રવ્ય જે છે એ પરને તો કરતું નથી, શરીર, વાણીને પણ કરતું તો નથી, પણ એ દ્રવ્ય જે છે એ પોતાની પર્યાયને પણ કરતું નથી, પરિણમનસ્વભાવ જ એમાં નથી. આહા..હા..! એ અપરિણમનસ્વભાવ છે. '**પર્યાયદૃષ્ટિએ પરદ્રવ્યના નિમિત્તથી...** ' પણ વર્તમાન અવસ્થાની દશાથી જોઈએ તો, પર્યાય એટલે વર્તમાન દશાની દૃષ્ટિએ જોઈએ તો '**પરદ્રવ્યના નિમિત્તથી...**' એટલે કર્મના નિમિત્તથી. નિમિત્તનો અર્થ એવો નથી કે કર્મથી થાય. આહા..હા..! કર્મનું એક નિમિત્ત છે. નિમિત્ત રાગ કરાવતું નથી. રાગ કરે છે ત્યારે તેને નિમિત્ત કહેવામાં આવે છે.

એ '**રાગાદિરૂપે પરિણમે છે;...**' પર્યાયમાં વિકારરૂપે થાય છે અને મોક્ષમાર્ગ ધર્મદશા પણ પર્યાયમાં થાય છે. ધર્મ એ મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન એ પણ એની દશામાં છે અને મોક્ષ પણ દશા પર્યાયમાં છે. ત્રણે પર્યાય છે. વસ્તુ જોઈએ તો બદલતી નથી, પર્યાયદૃષ્ટિએ જોઈએ તો કર્મના નિમિત્તથી પોતામાં પોતાને કારણે પર્યાયમાં રાગ અને દ્વેષ થાય છે. કેટલું શીખવું અને કેટલું (યાદ રાખવું)? ઓલું તો ટૂંકું ટચ હતું. વખત ચાલ્યો જતો. સવારમાં ઊભા થઈ, બે ઘડી થઈ ગઈ. અમારે ત્યાં રાયચંદ ગાંધી હતા, બોટાદ, ગૃહસ્થ મોટા. આબરૂદાર તે દિ' હોં! પચાસ હજાર પેદાશ તે દિ', તે દિ'. ૭૦ની સાલ પહેલાં. આવે સવારમાં, વૃદ્ધ માણસ સામાયિક કરે બસ. સામાયિક કરીને વ્યાખ્યાન સાંભળે. સાંભળીને દુકાને જાય. થઈ રહ્યું લ્યો પછી દુકાને. ધર્મ કર્યો. અરે! ભાઈ! ધર્મ એક સેકન્ડનો શું છે વીતરાગનો માર્ગ, બાપુ! આહા..હા..!

અહીં તો કહે છે, વસ્તુ જે છે ત્રિકાળી... આત્મામાં બે પ્રકાર—એક ધ્રુવ અને એક ઉત્પાદ-વ્યયની પર્યાય. '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' આ વીતરાગનું કહેલું તત્ત્વ. એમાં ઉત્પાદ-વ્યય નવી અવસ્થા થાય એમાં કર્મના નિમિત્તથી વિકાર થાય. એ અવસ્થામાં કર્મનો અભાવ કરીને નિર્વિકારી ધર્મ થાય અને એની અવસ્થામાં નિર્દોષ પૂર્ણ કેવળજ્ઞાન અને મોક્ષ થાય, પણ એ તો દશામાં પલટતી અવસ્થામાં છે, ત્રિકાળી ધ્રુવમાં એ નથી. હવે આવું શીખવું. સમજાણું કાંઈ? એને અભ્યાસ જોઈએ, ભાઈ! અનંતકાળમાં એણે વાસ્તવિક તત્ત્વને જાણવાની દરકાર કરી જ નથી. એમ ને એમ જિંદગી ગાળી, જિંદગી ચાલી જાય ઢોરમાં જાય પછી અવતાર. પશુના અવતાર હોં આ બધા. આહા..હા..! માંસ-દારૂ હોય નહિ વાણિયાને અને મધ્યમ આ સ્થિતિ હોય અંદર. ધર્મ હોય નહિ, પુણ્યના ઠેકાણા ન મળે કે બે-ચાર કલાક સાંભળવું, વાંચવું, વિચારવું (હોય) તો પુણ્ય પણ થાય. અને ધર્મ તો પુણ્યના રાગથી ભિન્ન એવી અંતર દૃષ્ટિ કરે તો થાય. હવે એ તો ક્યાંય રહી ગઈ. આહા..હા..! બહુ વાત સારી.

'**દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે,...** ' એ સોગાનીમાં આવે છેને બહુ, એથી આપણે અહીંથી નાખ્યું. પછી એનો પત્ર આવ્યો હતો બહુ ખુશીનો. બહુ અમે રાજી થયા એમ. સોગાનીમાં દ્રવ્યદૃષ્ટિમાં આવે છેને પુસ્તકમાં? છેને પુસ્તક? વાંચ્યું છે કે નહિ? ભાઈએ વાંચ્યું? છોકરાએ વાંચ્યું છે? ઠીક. દ્રવ્યદૃષ્ટિ (પ્રકાશ). આહા..હા..! એમાં બહુ આવે. આત્મા બિલકુલ અક્રિય છે, આત્મામાં સક્રિયપણું છે નહિ એ વસ્તુમાં. અને ત્યાં આવી ગયું હતું રાજકોટ. સિદ્ધાંત કહે છે કે આત્મા નિષ્ક્રિય છે. નિષ્ક્રિય એટલે? વર્તમાન જેટલી પર્યાયોનું પરિણમન વિકારનું, મોક્ષમાર્ગનું કે મોક્ષનું એવી પર્યાય જે સક્રિયા છે તે ત્રિકાળમાં નથી. આહા..હા..! એ અપેક્ષાએ તે ત્રિકાળી ચીજને નિષ્ક્રિય કહેવાય છે. પરની ક્રિયા તો કરી શકતો નથી. શરીર આ તો માટી, જડ, ધૂળ છે. એનું આ બધું થાવું, ચાલવું એ તો જડની ક્રિયા, આત્મા કરી શકે નહિ એને. માને અજ્ઞાની મિથ્યાત્વભાવમાં. આહા..હા..!

અહીં એ કહે છે, આત્મા નિષ્ક્રિય છે. દ્રવ્યદૃષ્ટિએ અપરિણમન કહો કે નિષ્ક્રિય કહો. અરે..! આ સમજવું. વસ્તુ જે છે ત્રિકાળ આત્મા અનાદિનો કોઈએ કરેલો છે? કર્તા છે કોઈ એનો ઈશ્વર? છે. અનાદિ છે, છે. એ ધ્રુવપણું જે અનાદિ એમાં બદલવું એ પર્યાયમાં છે, એ ધ્રુવમાં નથી. ધ્રુવ એટલે વળી શું? કયો હશે ધ્રુવ? ઓલો ધ્રુવનો તારો હશે? ધ્રુવનો તારો. એ સમુદ્રમાં જાય તો એ ધ્રુવને લક્ષે વહાણ હાંકે, એમ અહીં પણ ધ્રુવને લક્ષે દૃષ્ટિ થાય. ત્રિકાળી ચૈતન્ય ભગવાન નિત્યાનંદ પ્રભુ અપરિણમન નામ બદલવાનો સ્વભાવ જેનો નથી એની દૃષ્ટિ કરતા ધર્મ અને સમકિત થાય છે. આહા..હા..! આવું છે.

'**દ્રવ્યદૃષ્ટિએ...**' દ્રવ્ય એટલે વસ્તુની દૃષ્ટિએ. એક ફેરી આપણે અહીંયાં સામે હતું, સ્વાધ્યાય મંદિરમાં. દ્રવ્યદૃષ્ટિ તે સમકિતદૃષ્ટિ. અંદર હતોને સામે ચાકળો? હવે આમ આવ્યો આ બાજુ. પછી એક ભાઈ આવ્યા, થાનના માણેકચંદભાઈ કરીને. નાનાલાલ કાળીદાસના સગા. કરોડોપતિ માણસ આવે અહીં ઘણાં. એટલે કહે કે મહારાજ! દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ એ શું? આ પૈસા એ સમકિતદૃષ્ટિ? દ્રવ્યદૃષ્ટિ એટલે. દ્રવ્ય એટલે પૈસા એ સમકિતદૃષ્ટિ? માણેકચંદભાઈ હતા આ થાનના. છેને ત્યાં એની શું કહેવાય? પોટરી પોટરી છે. થાન-થાન. દશાશ્રીમાળી વાણિયા છે. અરે! ભાઈ! તમને ખબર નથી.

દ્રવ્યદૃષ્ટિ. દ્રવ્ય એટલે પૈસાનું અમારે અહીં શું કામ છે? દ્રવ્ય એટલે આત્મા વસ્તુ. ત્રિકાળ જે વસ્તુ છે દ્રવ્ય તેની દૃષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! પણ એ વાત ચાલતી ન હોય, સાંભળી ન હોય. નવરા કલાક થાય તો એમાં સાંભળવા અપાસરે જાય ત્યાં વાતું આવી સાંભળે બધી, છ કાયની દયા કરો, વ્રત પાળો ને અપવાસ કરો. થઈ રહ્યું જાવ, જિંદગી (પૂરી). આહા..હા..! ધર્મ કોને કહેવો અને કેમ થાય એ વાત તો છે જ નહિ ત્યાં. આને ધર્મ માની બેઠા છે ક્રિયાકાંડમાં.

'**દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે,...**' ૨૮૦ ગાથા. વસ્તુ જોઈએ અંદર, જેમ આ પરમાણુ છે આ જુઓ આ જડ, તો એ પરમાણુ પરમાણુ તરીકે કાયમ છે અને એની અવસ્થાઓ બદલે છે આ બધી આ. આ પહેલા પરમાણુ હતા દાળના, ભાતના, ઘઉંના, પછી લોટ, અત્યારે લોહી થયું છે. એ અવસ્થા છે આ બધી. મૂળ ધ્રુવ પરમાણુ છે એ બદલતો નથી, એની દશાઓ બદલે છે અવસ્થાઓ. પાછી આની રાખ થાશે, અગ્નિમાં બળીને રાખ (થાશે). એ પરમાણુ પરમાણુપણે કાયમ રહેશે અને એની અવસ્થાઓ બદલશે, એ ધ્રુવ નહિ બદલે. એમ ભગવાન ધ્રુવ ચૈતન્ય છે એ નહિ બદલે, એની દશા, હાલત છે એ બદલશે. અરે..! આવી વાતું છે.

'**દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે, પર્યાયદૃષ્ટિએ પરદ્રવ્યના નિમિત્તથી...** ' રાગ-દ્વેષ, પુણ્ય-પાપરૂપે થાય છે. '**માટે, હવે જ્ઞાની પોતે તે ભાવોનો કર્તા થતો નથી,...**' આહા..હા..! ધર્મીની દૃષ્ટિ દ્રવ્ય ઉપર હોય છે. ત્રિકાળી વસ્તુ ધ્રુવ જે છે, ધ્રુવને અહીંયાં દ્રવ્ય કહેવામાં આવે છે અને બદલતી અવસ્થાને એને પર્યાય કહેવામાં આવે છે. આહા..હા..! ઓલા 'ધવલ'માં પણ આવે છે, નહિ? ક્યાંક સ્વરૂપાચરણ. આવે છે કે નહિ? સ્વરૂપાચરણ ક્યાંક આવ્યું હતું એક ફેરી. સ્વરૂપાચરણ આવે છે. કાંતિલાલ ના પાડે છે, ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ નથી. કેટલું ઊંધું માર્યું છે મોઢા આગળ લખાણમાં. એ વાંચજો, એને આપજો એક ફેરી. પંડિતજીને આપો તો ખરા જીવકાંડ. આહા..હા..!

'**માટે હવે...**' માટે હવે એટલે? વસ્તુ જે ત્રિકાળી નિત્ય છે, ધ્રુવ છે તે પલટતી નથી અને તેથી સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ ધ્રુવ ઉપર હોય છે. તેથી તે ધ્રુવ ઉપર દૃષ્ટિ હોવાથી પલટતી દશામાં રાગ-દ્વેષ એનો એ પોતે કર્તા થતો નથી. આહા..હા..! છે? '**રાગાદિરૂપે પરિણમે છે; માટે હવે જ્ઞાની પોતે તે ભાવોનો કર્તા થતો નથી, ઉદયો આવે તેમનો જ્ઞાતા જ છે.** ' આહા..હા..! ધર્મી તો એને કહીએ... આહા..હા..! કે વસ્તુ જે ચૈતન્યસ્વરૂપ ત્રિકાળી ભગવાન આત્મા એની દૃષ્ટિ થઈ છે, તેનો આશ્રય લીધો છે, તેનો સ્વીકાર કર્યો છે, એ શુદ્ધરૂપે સ્વીકાર કર્યો છે, તેથી શુદ્ધરૂપે એ પરિણમે છે. મોક્ષના માર્ગરૂપે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે થાય, પણ રાગરૂપે થતો નથી. રાગરૂપે દશા થાય છે તેનો કર્તા થતો નથી, તેનો જ્ઞાતા રહે છે. આવી વાત હવે, એક કલાકમાં કેટલી બધી અજાણી વાતું. અરે! વીતરાગનો માર્ગ બાપા બીજી જાત છે, ભાઈ! સર્વજ્ઞ જિનેશ્વરદેવ નમો અરિહંતાણં, એ અરિહંત ભગવંતોએ જે ધર્મ કહ્યો એ બહુ ઝીણો-સૂક્ષ્મ છે. લોકોને તો સાંભળવા મળતો નથી અને જિંદગી જાય છે કે આપણે કાંઈક ધર્મ કરીએ છીએ. આહા..હા..!

'**જ્ઞાની પોતે તે ભાવોનો કર્તા થતો નથી,...**' ધર્મી જીવને રાગ થાય ખરો પણ કરવાને લાયક

છે એમ કરતો નથી, પરિણમે છે તેને એ જાણે છે. આહા..હા..! આવું સ્વરૂપ છે. નવા માણસને તો એવું લાગે કે આ શું છે? આ તે કઈ જાત છે? આ તે વીતરાગની હશે કે અદ્ધરની? શું થાય? વીતરાગ પરમેશ્વર જે સત્યસ્વરૂપ કહે છે એ બધો ફેરફાર થઈ ગયો છે. સત્ય એને હાથ આવ્યું નથી. આહા..હા..! લ્યો!

**'આવા વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી...'** હવે અવળું લે છે. ઓલું સવળું હતું. આવી ચીજ વસ્તુ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો રસકંદ પ્રભુ એવો આત્મા એના સ્વભાવને અજ્ઞાની જાણતો નથી. એનો સ્વભાવ આ છે એ જાણતો નથી. એનામાં એ પુણ્ય-પાપનો ભાવ એ એનો સ્વભાવ નથી. આહા..હા..! **'આવા વસ્તુસ્વભાવને અજ્ઞાની...'** એટલે જાણકસ્વભાવ અને અતીન્દ્રિય આનંદરસરૂપ ચૈતન્ય ભગવાન છે એને નથી જાણતો એવો અજ્ઞાની. એના ઉપર દૃષ્ટિ નથી અને સન્મુખ થયો નથી એવો અજ્ઞાની, એને પુણ્ય-પાપના ભાવ સન્મુખતામાં પડ્યો છે તે **'રાગાદિક ભાવોનો કર્તા થાય છે...'** આહા..હા..! રાગાદિ ભાવોનો એ કર્તા થાય છે અજ્ઞાની. ચાહે તો સાધુ થયો હોય બહારથી, પણ અંદરમાં અજ્ઞાન છે અને ભાન નથી, એ રાગનો કર્તા થાય છે. આહા..હા..! વ્રતાદિનો વિકલ્પ છે એ રાગ છે. અજ્ઞાની એનો કર્તા થાય છે, વસ્તુની ખબર નથી. બેય અજ્ઞાની છે. ઓલા તો એમ લીધું છે કે વ્રત છે એમાં રાગનો અભાવ છે, એને વ્રત કહીએ. બાકી અંદર રાગ રહે છે એને વ્રત નહિ. એવું લઈ લીધું છે. અહીં તો ચોખ્ખું કીધું, વ્રત, તપ, નિયમ બધું શુભકર્મ છે. ૫૪માં આવી ગયું નહિ? આહા..હા..! ઘણો ફેરફાર કર્યો છે એણે જીવકાંડમાં પ્રસ્તાવનામાં. તમે જોયું કાંઈ ભાઈ? એમાં ચિહ્ન કરેલા છે? તમારે નહિ કર્યા હોય. પ્રસ્તાવના પહેલી. ચિહ્ન કરેલા નહિ હોય. મારામાં ચિહ્ન કર્યા છે. અહીંથી જેટલું વિરુદ્ધ છેને એના ચિહ્ન કર્યા છે. આહા..હા..! કાંઈ ખબર નહિ. દૃષ્ટિ તદ્દન વિપરીત. સ્થૂળ દૃષ્ટિ વિપરીત. આહા..હા..! આવો... અજ્ઞાની એવા વસ્તુસ્વભાવને નહિ જાણતો તેથી તે પુણ્ય-પાપના ભાવોનો કર્તા, કરવાલાયક છે એમ થઈને કર્તા થાય છે. **'એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક હવે કહે છે :—'** ૧૭૭ શ્લોક.

इति वस्तुस्वभावं स्वं नाज्ञानी वेति तेन सः।
रागादीनात्मनः कुर्यादतो भवति कारकः।।१७७।।

**'इति'** એવા **'स्वं'** નામ પોતાના વસ્તુસ્વભાવને. **'स्वं वस्तुस्वभावं'** પોતાનો ભગવાન આત્મા વસ્તુ પદાર્થ છે તેનો સ્વભાવ આનંદ ને જ્ઞાન ને શુદ્ધ ચૈતન્ય છે તેને અજ્ઞાની જાણતો નથી. અજ્ઞાનીની ત્યાં દૃષ્ટિ છે નહિ. આહા..હા..! જે કોઈ ભગવાન સિદ્ધ થાય છે એ સિદ્ધપદની નિર્મળ પર્યાય બધી થઈ ક્યાંથી? કાંઈ અદ્ધરથી આવે છે? એમાં પડી છે, શક્તિ પડી છે એમાંથી આવે છે. એને અજ્ઞાની જાણતો નથી, તેથી શું થાય છે એ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વૈશાખ વદ-૧૨, શનિવાર, તા. ૧૪-૦૫-૧૯૭૭,
## ગાથા-૨૮૧ થી ૨૮૫, પ્રવચન નં. ૩૪૧

સમયસાર ૨૮૧, ગાથા.

रागम्हि ये दोसम्मि य कसायकम्मेसु चेव जे भावा।
तेहिं दु परिणमंतो रागादी बंधदि पुणो वि।।२८१।।
પણ રાગ-દ્વેષ-કષાય કર્મનિમિત્ત થાયે ભાવ જે,
તે-રૂપ જે પ્રણમે, ફરી તે બાંધતો રાગાદિને. ૨૮૧.

ઝીણી થોડી વાત છે. 'ટીકા :- યથોક્ત વસ્તુસ્વભાવને નહિ જાણતો...' એટલે? આત્મા તો આનંદ ને જ્ઞાનસ્વરૂપ છે. એ શુદ્ધ પવિત્ર જેની ચીજ છે. એ સ્વરૂપ ઉપર જેની દૃષ્ટિ નથી. અનાદિનો અજ્ઞાની, જે વસ્તુસ્વરૂપ છે ચિદાનંદ એનું જેને જ્ઞાન નથી, એ તરફ જેનું વલણ નથી, એ તરફ જેનો અંતર સ્વભાવ તરફ જુકાવ નથી એ વસ્તુસ્વભાવને નહિ જાણતો. આહા..હા..! વસ્તુસ્વભાવ ભગવાન એકલો જ્ઞાન અને આનંદનો રસકંદ પ્રભુ એવી પોતાની નિજ ચીજ એને ન જાણતો અનાદિથી અજ્ઞાની પોતાના શુદ્ધસ્વભાવથી અનાદિ સંસારથી ચ્યુચ જ છે. છે? પોતે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આનંદ એ ચીજને ન જાણતા એ વસ્તુના સ્વરૂપથી અનાદિથી ચ્યુત છે. આહા..હા..! અનાદિથી ભ્રષ્ટ છે એમ કહે છે.

**શ્રોતા :-** નિમિત્ત વિના ભ્રષ્ટ થાય નહિ, અનાદિનો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનાદિનો જ છે ઈ. વસ્તુએ શુદ્ધ ચૈતન્ય અનાદિનો અને ભૂલ પણ અનાદિની છે પર્યાયમાં. કાંઈ પહેલો શુદ્ધ હતો પર્યાયમાં અને પછી મલિન થયો એમ નથી. આહા..હા..!

શરીરને જુઓને સ્થિતિ આવી નાની-નાની ઉંમરના. આહા..હા..! કેન્સર થાય, આ થાય, મરી જાય-દેહ છૂટી જાય. બિચારા ક્યાંય (ચાલ્યા જાય). જુવાન અવસ્થા હજી તો ઊગીને ઊભી થાય ત્યાં કેન્સર. લ્યો આને હતું ભાઈને. આ જીતુભાઈના ભાગીદારનો ભાણેજ. આજે છાપામાં આવ્યું છે. એમાં વાંચ્યું. આત્મધર્મમાં વાંચ્યું. ૨૨ વર્ષનો જુવાન માણસ. પ્રેમજીભાઈ આવે છેને એક, એના ભાણેજ. એક વર્ષથી કેન્સર હશે ગળાનું. આહા..હા..! આ દશા જગતની. એમાં એની મુદત રોકાઈ જાય, પછી થઈ રહ્યું. અરેરે! મને આમ થયું ને મને આમ થયું. એ છે તો જડને. આહા..હા..! હવે એનાથી પછી બોલાય નહિ, ખવાય નહિ. જઠરમાં ભૂખ ઘણી હોય, પણ અહીં ગળે પાણી ઉતરે ત્યાં રાડ નાખે. એમાં શાક-બાક અડે ત્યાં તીખું તો રાડ નાખે. સડી ગયું હોય. આહા..હા..! આ દશા શરીરની. અનાદિનો એને સ્વભાવનો અજાણ છે તે એની પ્રીતિમાં પડ્યો છે એમ કહે છે. પોતાની જાત શું છે એની એને ખબર નથી. આહા..હા..!

'**વસ્તુસ્વભાવને નહિ જાણતો...**' એટલો અર્થ છે. જોયું! યથોક્ત જેવો કહ્યો ભગવાને એ રીતે વસ્તુના સ્વભાવને ન જાણતો '**અજ્ઞાની (પોતાના) શુદ્ધ સ્વભાવથી...**' પવિત્રસ્વરૂપ, વીતરાગ સ્વરૂપ, આનંદસ્વરૂપ છે આત્મા. અનાદિથી એનાથી ચ્યુત-ભ્રષ્ટ છે. આહા..હા..! એની એને ક્યાં ખબર છે ભ્રષ્ટ છું કે નહિ? એ તો આ બહારમાં આ થયું ને શરીર મળ્યું, બાયડી, છોકરા, કુટુંબ ને. આહા..હા..! વેરીઓએ ઘેરા ઘાલ્યા. આજીવિકાની પેટી માટે બધા ધુતારા ભેગા થયા. એમાં રોકાઈ ગયો, થઈ રહ્યું.

**શ્રોતા :–** કેટલા કામ કરી દ્યે, રોટલા ઘડી દ્યે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ રોટલા ઘડતું હતું? આહા..હા..! રોટલા તૈયાર હોય. અહીં કેન્સર થયું હોય તો શું કરે રોટલા? કહો. એ થાય ત્યારે અનંતવાર થયું છે, એકવાર શું. પેટમાં મંદ અગ્નિ હોય જરી લ્યો. તૈયારી બધી પણ અંદર પચે ત્યારેને. આ દેહની સ્થિતિ એવી છે. ત્યાં એની દૃષ્ટિ છે, પણ ભગવાન હું કોણ છું? આહા..હા..! મારી જાત શું છે, મારામાં શું છે એની ખબર ન મળે. આહા..હા..!

એથી અનાદિ સંસારથી માંડીને, પાછું એમ કહે છે. પહેલો વળી પર્યાયમાં શુદ્ધ હતો, સ્વભાવે શુદ્ધ છે, પણ અવસ્થામાં પહેલી ભૂલ નહોતી અને નવી થઈ એમ નથી. આહા..હા..! આ પક્ષઘાત થાય છે લ્યો ને જુઓને. શરીરમાં આ જીવતા. આહા..હા..! પાંચ વર્ષ, દસ વર્ષ ખાટલે પડ્યા રહે અને ત્યાં ને ત્યાં ધ્યાન દે પછી કે આનું આમ કરવું ને આનું આમ કરવું. પોતે અંદર કોણ છે એની ખબરું વિના શુદ્ધ સ્વભાવથી ભ્રષ્ટ છે અનાદિથી. આહા..હા..! ચ્યુત જ છે. ભાષા એમ નથી લીધી કે કર્મને લઈને ચ્યુત છે. પોતાના સ્વભાવને જાણતો નથી માટે ચ્યુત છે. આહા..હા..!

'**તેથી કર્મના ઉદયથી ઉત્પન્ન થતા...**' આહા..હા..! જોડે કર્મ પણ અનાદિનું છે. એના પાકના કાળમાં જીવમાં પોતાને કારણે થતાં રાગ-દ્વેષ-મોહ. રાગ, પ્રેમ, દ્વેષ, અણગમો, રાજીપો, ખુશીપો એવી રાગ વિકારની દશાઓ અજ્ઞાની તેને કરતો થકો. આહા..હા..! '**રાગદ્વેષમોહાદિ ભાવોરૂપે પરિણમતો...**' આહા..હા..! ખરેખર તો શુદ્ધ સ્વભાવ પવિત્ર ભગવાન એ રૂપે પરિણમવું જોઈએ, થવું જોઈએ. આહા..હા..! અતીન્દ્રિય આનંદના રસનો કંદ પ્રભુ છે તો અતીન્દ્રિય આનંદપણે થવું જોઈએ. છે એ પોતે અતીન્દ્રિય આનંદ એ રૂપે થવું જોઈએ, એમ ન થતાં... આહા..હા..! એ પુણ્ય અને પાપના રાગ-દ્વેષ ભાવે પરિણમતો. આહા..હા..! એ રૂપે થતો, જે પોતાનો સ્વભાવ નથી. કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયાનો અર્થ? નિમિત્તે કર્યો નથી એને. નિમિત્ત તો એક વસ્તુ છે એટલું, પણ તે અનાદિથી સ્વથી ચ્યુત છે અને પરના લક્ષમાં દોરાઈ ગયેલો છે... આહા..હા..! એથી એ રાગ-દ્વેષ, પરમાં પ્રેમ અને પ્રતિકૂળતામાં દ્વેષ, અનુકૂળતામાં રાગ (કરે છે). આહા..હા..! શરીર, વાણી, મન, પૈસા, આદિ અનુકૂળતામાં પ્રેમ અને પ્રતિકૂળતામાં દરિદ્ર ને રોગ ને શોક ને. આહા..હા..! એમાં દ્વેષ એ કર્મના નિમિત્તથી રાગ અને દ્વેષપણે થાય છે, એ સંસાર છે, દુઃખ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ સજ્ઝાય એક આવે છે. 'હોંશીડા મત હોંશ ન કીજીયે.' એવી સજ્ઝાય આવે છે. ચાર સજ્ઝાયમાળા છેને. એ દુકાન ઉપર વાંચેલી તે દિ'. એ તો ૭૦ વર્ષ પહેલાંની વાત છે. ૭૦ વર્ષ પહેલા.

'હોંશીયા મત હોંશ ન કીજીયે.' તારા આત્મા સિવાય પરવસ્તુમાં એ હોંશીડા હોંશ ન કરજે. આહા..હા..! બાપુ! એ બધા દુઃખદાયકના પાપ છે. આહા..હા..! પુંજાભાઈ! આહા..! એમાં કાંઈક પૈસા થોડા ઘણાં મળે જ્યાં દસ-વીસ લાખ, થઈ રહ્યું લ્યો! 'હું પહોળો ને ને શેરી સાંકડી.' .. આહા..હા..! અહીં પરમાત્મા એમ જગતને ફરમાવે છે, પ્રભુ! તારી ચીજની તને ખબર નથી અને તારી ચીજથી તું ભ્રષ્ટ થઈ ગયો છો. આહા..હા..! એ કર્મે ભ્રષ્ટ કરાવ્યો નથી. તું પોતે પોતાની ચીજને ન જાણતા 'અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા' પોતાની ચીજને ન જાણતાં. આહા..હા..! પોતે હેરાન થઈ ગયો છે, રાગ-દ્વેષ ને દુઃખના પરિણામ ઉત્પન્ન કરી. આહા..હા..!

**'અજ્ઞાની રાગદ્વેષમોહાદિ ભાવોનો કર્તા થતો થકો...'** લ્યો! પરિણમે છે એટલે કર્તા થતો થકો એમ. એ કરવાલાયક છે રાગ-દ્વેષ (એમ માનતો થકો). આહા..હા..! ૨૦, ૨૨-૨૨ વર્ષના છોકરા કેન્સર થઈને મરે. આ તો કુંવારો હતો, પણ પરણેલો હોય વર્ષ-બે વર્ષનો. આમ રાડ નાખે ઘરમાં. હાય.. હાય.. શું થયું? એમ થાય લ્યો. આહા..હા..! અમારા ઘરમાં જ જોયેલું તે દિ'. ૫૭ની સાલની વાત છે. ૫૭-૫૭. મોટા ભાઈ હતા. એને પાણી લાગ્યું મુંબઈનું. બહુ રૂપાળા હતા, હુશિયાર હતા. ૫૭ની સાલની વાત છે. ૧૧ વર્ષની ઉંમર હતી. એ જ્યારે આમ છેલ્લી સ્થિતિએ. અમે તો નાની ઉંમરના ૧૧ વર્ષ, પણ આમ છેલ્લી સ્થિતિ. અમારે એક બનેવી હતા, બરવાળા. એ બિચારા બેઠા માથે અને જોવે આમ અને તૈયારી દેહ છૂટવાની. નજરે જોયું છે હોં! ૫૭ની વાત છે. આહા..હા..! એ વખતનો દેખાવ, એક કોર એની વહુ રોવાની શરૂઆત કરે. ઓલી હજી મરવાની તૈયારી છે એટલે એકદમ ન રોવે પણ. એક કોર અમારી બા હતા, એ બિચારા બહાર બેઠા રોવે. આહા..હા..! દશા જુઓ કીધું આ સંસારની. બહુ રૂપાળા હતા. ૨૮ વર્ષની ઉંમર, આઠ વર્ષનું પરણેતર. નાની ઉંમરમાં પરણેલા. આઠ વર્ષ અને આમ જોઈએ અત્યારે યાદ આવે તો આમ ખાટલે પડ્યા. આહા..હા..! છોકરાઓને કહે ચાલ્યા જાવ અહીંથી. સાંજે કાળ કરી ગયા. આખી રાત મડદું (ઘરમાં) રહે. એના ઉપર કોષ મૂકે ઊભું ન થઈ જાય એટલે. બેઠું ન થઈ જાય એટલે. આ તો બધું જોયેલું હોં તે દિ'. આહા..હા..! છોકરાઓને કહે. જાવ મામાને ત્યાં જાવ. ત્યાં સૂવો અહીં નહિ, હું ૧૧ વર્ષનો. મારાથી નાનો હતો, અમુલખ ૯ વર્ષનો. બધા જાવ ત્યાં સૂવા. આહા..હા..! એ દશા જોઈ હોય તો આહા..હા..! એવું તો અનંતવાર થયું છે. આ કાંઈ પહેલુંવહેલું છે એમ છે? આહા..હા..! દરેક જીવને એવા સંયોગો અનંતવાર આવ્યા. ભૂલી ગયો પોતાને કોણ છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો નાથ શક્તિએ પરમાત્મા પરમેશ્વર. એ આવે છેને આપણે, નહિ? પોતાના પરમેશ્વરને ભૂલી ગયો. પોતાનો પરમેશ્વર છે એને ભૂલી ગયો. ઓહો..! અને અજ્ઞાનપણે આ રાગ, દ્વેષ અને મોહ કર્મની ઉપસ્થિતિમાં પોતામાં પોતાને કારણે થતાં, તેમાં પરિણમતો તે કર્તા થાય છે. આ સંસારમાં રખડવાનું બીજડું. આહા..હા..!

**'(કર્મોથી) બંધાય જ છે—એવો નિયમ છે.'** એ એક શબ્દ આવી ગયો હતો આપણે પહેલાં. ૮૦માં એ. 'એવો નિયમ છે' એમાં પણ આવી ગયું. છેને? 'જ્ઞાયક સ્વભાવ જ્ઞાની ભાવોનો અકર્તા છે એવો નિયમ છે.' પહેલા આવી ગયું છે. ૨૮૦માં આવી ગયું છે. અહીં ૨૮૧માં આ નિયમ છે કહે

છે. આહા..હા..! ઓલામાં એમ હતું કે પોતાના સ્વભાવને જાણતો જ્ઞાની. આહા..હા..! અનંતકાળમાં એ બધું જાણ્યું બહારનું. શાસ્ત્ર જાણ્યા, વાતું કરી બધી, સમજ્યા? પણ પોતે કોણ છે એને જાણ્યા વિના બધા થોથા નીકળ્યા. આહા..હા..! એને જાણીને... છેને? શુદ્ધ સ્વભાવથી ચ્યુત થતો નથી એવો ધર્મી. આહા..હા..! ૨૮૦. ઓલું આનાથી સવળું. ૨૮૦માં સવળું, ૨૮૧માં અવળું. '**રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોરૂપે પોતાની મેળે પરિણમતો નથી...** ' આહા..હા..! હું તો નિર્વિકલ્પ ઉદાસીન વીતરાગમૂર્તિ છું એવી જેની દૃષ્ટિ વસ્તુના સ્વભાવની થઈ છે એ, કર્મના નિમિત્તે થતાં રાગ-દ્વેષ આદિ ભાવ એ રૂપે થતો જ નથી. એ રૂપે પરિણમતો નથી એથી એ રૂપે એનો કર્તા થતો નથી, અકર્તા છે. આહા..હા..! આવી વાત છે ધર્મની ઝીણી બહુ. ઓલું તો એવું કહ્યું હતું બહારનું વ્રત કરો, અપવાસ કરો, પડિક્કમણા કરો સાંજ-સવાર, થઈ ગયો ધર્મ. ભાઈ! એ બધી રાગની ક્રિયાઓ છે. એનો કર્તા એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! કર્તા થાય છે, મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. હવે એને ધર્મ મનાય છે. આહા..હા..!

અહીં પણ એ કહ્યું કે આદિ ભાવોનો અકર્તા છે એવો નિયમ છે. આ પણ નિયમ છે. આહા..હા..! ભગવાન આત્મા ચૈતન્ય આનંદસ્વરૂપ એના સ્વભાવનું ભાન ધર્મીને હોવાથી એને ધર્મી કહીએ. એ પોતાના શુદ્ધ સ્વભાવથી ચ્યુત થતો નથી. તેથી તે કર્મના નિમિત્તે થતા વિકારી ભાવપણે થતો નથી, પરિણમતો નથી. તેથી તે તેનો અકર્તા રહે છે એટલે કે જાણનાર-દેખનાર રહે છે. આહા..હા..! એક ગાથામાં ધર્મ કીધો, બીજી ગાથામાં અધર્મ કીધો. આહા..હા..! એવો નિયમ છે.

**ભાવાર્થ. ૨૮૧. 'અજ્ઞાની વસ્તુના સ્વભાવને તો યથાર્થ જાણતો નથી...** ' આહા..હા..! અજ્ઞાનીની દૃષ્ટિ તો પર્યાયબુદ્ધિ હોવાથી, વર્તમાનબુદ્ધિ હોવાથી એ પુણ્ય અને પાપ અને તેના ફળ ઉપર એની દૃષ્ટિ છે. આહા..હા..! ત્રિકાળી વસ્તુ કોણ છે એની તો એને ખબર નથી. આહા..હા..! વર્તમાન અનુકૂળતા મળી એટલે આ ભવ મીઠો, પરભવ કોણે દીઠો? મરી જઈશ પણ પરભવમાં. આહા..હા..! એમાં શરીર કાંઈક સુંદર મળે રૂપાળું, બાયડી, છોકરા કાંઈક ઠીક મળે, એમાં પૈસા કાંઈક બે-પાંચ કરોડ થાય, બંગલા મોટા બે-પાંચ, દસ લાખ, વીસ લાખના થાય. સીત્તેર લાખનો બંગલો એક.

પોર મુંબઈ ગયા હતાને અમે, રમણિકભાઈ નહિ? આમોદના છે. અમારે પાલેજ પાસે આમોદ છે ત્યાંના. પાંચ-છ કરોડ રૂપિયા. એણે બહુ વિનંતી કરી હતી. એ જે મકાનમાં ઉતર્યા હતા એ મકાન સીત્તેલ લાખનું હતું. એક મકાન સીત્તેર લાખનું. ભારે કઠણ પડે આમાંથી નીકળવું. આહા..હા..! એ ભીંતડા ને આ બધું આ ને આ જોઈને કીધું... મણિભાઈનું જોયું, કીધુંને. શાંતાબેનના બનેવીના બનેવી. મુંબઈ રહે છે મણિભાઈ કરીને. પાંચ કરોડ, છ કરોડ. આહાર વહોરવાનું, જમવાનું કહ્યું. આપ પધારજો મહારાજ બહુ વિનંતી છે. ગયા હતા, પણ જોઈએ તો મકાનમાં પાંચ-પાંચ લાખ રૂપિયાની તો ઘરવખરી, કેટલા ઓરડા. પગલા બધે કરાવ્યા હતા. એકલું મખમલ પાથરેલા. અત્યારે છે ને. આવ્યા હતા, અહીં આવે છે. મોટી દુકાન છે મોટી. કેવા કહેવાય? અરબસ્તાન. શું કહેવાય? એડન કે એમ ક્યાંક છે. મોટી દુકાન છે. આહા..હા..! આમાંથી નીકળવું ભારે આકરું પડે માણસને. હસમુખભાઈ! જાણો

છો તમે? મણિભાઈ. આમ બહુ દૂર રહે છે. ગયા હતા.

ત્યાંથી દૂર એક ભાઈ હતો આપણો, વિજય. જુવાન અવસ્થા. બાર મહિનાનું પરણેતર. અહીં મહિનો, મહિનો રહી ગયો હતો બિચારો. પરણીને રહી ગયો હતો, પરણ્યા વિના રહી ગયો હતો. કિડનીનું દર્દ (થયું). આહા..હા..! આમ જીર્ણ થઈને પડ્યો હતો બિચારો. બહુ હુશિયાર. પ્રેમ બહુ હતો આ ધર્મનો. જુવાન અવસ્થા. એ કિડની માટે એની માએ કિડની આપી ઓપરેશનમાં. દર્શન દેવા ગયા હતા તે દિ'. ત્યારે તો ઠીક હતું. પાછો દર્શન કરવા આવ્યો હતો, દાદરમાં જયંતિ હતીને. આવ્યો હતો, પણ દર્દ ઓલું કિડનીનું. જુવાન અવસ્થા, એક વર્ષનું પરણેતર. બાયડી ઊભી હતી આમ. આહા..હા..! આ દશા તો જુઓ! 'એક રે દિવસ એવો આવશે, જાણે જન્મ્યો નહોતો. મોટા બંગલામાં સોડ તાણીને સૂતો. કાઢો રે કાઢો રે એને સહુ કહે, જાણે જન્મ્યો જ નહોતો.' આહા..હા..! 'સગી રે નારી તારે કામની, એ ઊભી ટગ ટગ જોવે, આરે કાયામાં હવે કાંઈ નથી, ઊભી ધ્રુસકે-ધ્રુસકે રોવે. એવો એક દિવસ આવશે.' આહા..હા..! આ સંસાર દુઃખી... દુઃખી... દુઃખી.

અહીં કહે છે... આહા..હા..! જે **'અજ્ઞાની વસ્તુના સ્વભાવને તો યથાર્થ જાણતો નથી...'** એ બધી ફોગટ જાળ છે આ બધી. મારું સ્વરૂપ તો અંતર આનંદકંદ ચિદાનંદ પરમાત્મસ્વરૂપે બિરાજમાન શક્તિવાળો એ હું છું. આહા..હા..! એની તો જેને ખબરું નથી. આહા..હા..! **'અને કર્મના ઉદયથી જે ભાવો થાય છે...'** એટલે શું કહ્યું? કે એના સ્વભાવમાં એ નથી પુણ્ય-પાપ, દયા-દાન, મિથ્યા ભ્રાંતિ. પર્યાયમાં નિમિત્તથી ઉત્પન્ન પોતાની પુરુષાર્થની ઊંધાઈથી થાય છે. આહા..હા..! એક સમયનો વિકાર, ત્રિકાળી ભગવાનને ભૂલીને એ નિમિત્તને આધીન થઈને રાગ-દ્વેષ-મોહ થાય છે. આહા..હા..! **'તેમને પોતાના સમજીને પરિણમે છે,...'** એ મારા છે. કારણ કે વસ્તુ જોઈ નથી. જે ચીજ છે અંદર આનંદકંદ તો એની ખબર નથી એટલે ક્યાંક પછી પોતાનું માનવું તો પડેને? જે ચીજ છે એ જાણવામાં આવતી નથી તો એની પ્રતીતિ ક્યાંથી હોય? આહા..હા..! એમાં આ રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ એ એને પ્રતીતિમાં આવે અને ભાવ પણ ત્યાં જાય કે આ હું છું. આહા..હા..! **'માટે તેમનો કર્તા થયો થકો ફરી-ફરી આગામી કર્મ બાંધે છે—એવો નિયમ છે.'** આહા..હા..! આ નિયમ છે. આહા..હા..!

**'તેથી આમ ઠર્યું (અર્થાત્ પૂર્વોક્ત કારણથી નીચે પ્રમાણે નક્કી થયું) એમ હવે કહે છે :-** -' ૨૮૨.

रागम्हि य दोसम्हि य कसायकम्मेसु चेव जे भावा।
तेहिं दु परिणमंतो रागादी बंधदे चेदा।।२८२।।
**એમ રાગ-દ્વેષ-કષાય કર્મનિમિત્ત થાયે ભાવ જે,**
**તે-રૂપ આત્મા પરિણમે, તે બાંધતો રાગાદિને. ૨૮૨.**

આહા..હા..! **'ટીકા :- ખરેખર અજ્ઞાનીને,...'** આહા..હા..! અનાદિથી ભગવાન ચૈતન્યના સ્વભાવનો અજાણ, પોતાની જાતની ભાત કેવી છે એની ખબર ન મળે. આહા..હા..! હું એક અનંત

અંનત ગુણના રત્નથી ભરેલો ચૈતન્યરત્નાકર છું. ચૈતન્યરત્નાકર—ચૈતન્યનારત્નથી ભરેલો આગાર–દરિયો છું, આહા..હા..! એવી એને ખબર નથી. આહા..હા..! '**પુદ્ગલકર્મ જેમનું નિમિત્ત છે એવા જે આ રાગદ્વેષમોહાદિ પરિણામો છે,...**' આની ખબર નથી અને હવે આ છે. આહા..હા..! પ્રેમ અને અપ્રીતિ-દ્વેષ અને 'તે મારા' એવો જે મોહ. આહા..હા..! '**એવા જે આ રાગદ્વેષમોહાદિ...**' આદિમાં બધું (લેવું). વિષયવાસના, રતિ, અરતિ, હાસ્ય બધું. ઉદ્વેગ કહો, હાસ્ય કહો. આહા..હા..! બાયું રોવે છેને જ્યારે મરી જાય ધણી ત્યારે એવું રોવે. કૂવામાં ઊંડા ઉતારીને.. નવા બંધાય આ તો નિમિત્ત છે. વિકાર થાય એમાં કર્મ નિમિત્ત છે અને નવા બંધાય એમાં વિકાર નિમિત્ત છે, નિમિત્ત છે. કર્તા કોઈ કોઈના નહિ. આહા..હા..! પુણ્ય-પાપના રાગદ્વેષમોહ ભાવ કરે એમાં કર્મ નિમિત્ત છે. કર્મથી થયા નથી અને રાગદ્વેષમોહ કરે એ નવા બંધનમાં નિમિત્ત છે. એ નવું બંધન રાગદ્વેષે કર્યું નથી, એ તો એને કારણે રજકણો બંધાણા છે. આહા..હા..! સમજાણું કાંઈ? મોટા આમાં વાંધા ઊઠાવે છે. નિમિત્તથી થાય છે, નિમિત્તથી થાય છે. સોનગઢવાળા નિમિત્તને માનતા નથી.

**શ્રોતા :-** નિમિત્તને માને છે, નિમિત્ત કાંઈ પરનું કરતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ભાઈએ ખુલાસો કર્યો છે હમણા કૈલાસચંદજીએ. કૈલાસચંદજી પંડિત છેને મોટા. દિગંબર. એ કહે, ભાઈ! સોનગઢવાળા નિમિત્ત માનતા નથી એમ નહિ, નિમિત્ત માને છે પણ નિમિત્તથી પરમાં થાય એમ માનતા નથી. આહા..હા..! વાત તો એમ છે. બે વાત સારી નાખી છે. ક્રમબદ્ધ એક નાખ્યું. પહેલાં ક્રમબદ્ધ નહોતા માનતા. એ કહે છે ક્રમબદ્ધ એ બરાબર લાગે છે. દરેક દ્રવ્યમાં ક્રમે-ક્રમે જે અવસ્થા થવાની તે થાય, થાય ને થાય. ક્રમસર થાય, પણ એની દૃષ્ટિ જોઈએ દ્રવ્ય ઉપર. સમજાણું કાંઈ? એને કબુલ્યું તે દિ'. પહેલાં નહોતું કબુલ્યું. અને આ એક કબુલ્યું કે નિમિત્તને માનતા નથી એમ નહિ, નિમિત્ત છે. જેમ પાણી ઊનું થાય ત્યારે અગ્નિ નિમિત્ત છે, પણ નિમિત્તથી ઊનું થયું નથી. આરે..! ઊનું થયું છે પોતાને કારણે, અગ્નિને કારણે નહિ. અગ્નિને કારણે નહિ તો અગ્નિ આઘી કરો જોઈએ, ઊનું નહિ રહે. પણ એ ન રહે એ પોતાને કારણે. ટાઢું થાય એ પોતાને કારણે અને ઊનું થાય એ પોતાને કારણે, અગ્નિને કારણે નહિ. પરદ્રવ્યને કારણે પરમાં કાંઈ થાતું નથી. માને, કલ્પના માને કે અમે આ કર્યું ને આ કર્યું. દુકાને ધંધે બેઠો હોય. આ વેચ્યું ને અમે આમ કર્યું ને અમે આ કર્યું. આજે વકરો પાંચ હજારનો થયો. ઘરાક ઘણા આવ્યા. રૂપિયો, બે આનાની પેદાશ, આજે આટલી પેદાશ થઈ, એમ ગણે મોટા આંકડા. ધૂળમાંય નથી કાંઈ. એ પરની ક્રિયા કરી શકે છે કે દિ'? રાગ-દ્વેષ કર્યા એણે તો. રાગ-દ્વેષ બસ. આહા..હા..! '**રાગદ્વેષમોહાદિ પરિણામોનું નિમિત્ત જે પુદ્ગલકર્મ તેના બંધનું કારણ છે.**' લ્યો! રાગદ્વેષમોહાદિ પરિણામોનું નિમિત્ત જે પુદ્ગલકર્મ તેના બંધનું કારણ એ થાય છે. સમજાણું?

'**ભાવાર્થ :- અજ્ઞાનીને કર્મના નિમિત્તે જે રાગદ્વેષમોહ આદિ પરિણામો થાય છે તેઓ જ ફરીને આગામી કર્મબંધના કારણ થાય છે.**' લ્યો! જૂના કર્મ વિકારનું નિમિત્ત થાય છે અને નવા બંધાય એમાં વિકાર નિમિત્ત છે. બસ એટલું જ છે. બીજું કાંઈ કોઈ કોઈનો કર્તા નથી.

**'હવે પૂછે છે કે આત્મા રાગાદિકનો અકારક જ શી રીતે છે?'** તમે તો કીધું કે આત્મા રાગનો કર્તા નથી. એ તો કર્મના નિમિત્તે થતાં એનો કર્તા થાય એમ માને છે. માને છે, કર્તા છે નહિ. આહા..હા..! આત્મા રાગ-દ્વેષ, પુણ્ય અને પાપ એવા શુભ-અશુભભાવ એનો અકારક શી રીતે છે? **'તેનું સમાધાન (આગમનું પ્રમાણ આપીને) કરે છે :—'** લ્યો! આ અધિકાર થોડો ઝીણો છે. એમાં પણ મોટા ગોટા છે.

अप्पडिकमणं दुविहं अपच्चखाणं तहेव विण्णेयं।
एदेणुवदेसेण य अकारगो वण्णिदो चेदा।।२८३।।
अप्पडिकमणं दुविहं दव्वे भावे अपच्चखाणं पि।
एदेणुवदेसेण य अकारगो वण्णिदो चेदा।।२८४।।
जावं अप्पडिकमणं अपच्चखाणं च दव्वभावाणं।
कुव्वदि आदा तावं कत्ता सो होदि णादव्वो।।२८५।।

**અણપ્રતિક્રમણ દ્વયવિધ, અણપચખાણ પણ દ્વયવિધ છે,**
**-આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૩.**
**અણપ્રતિક્રમણ બે-દ્રવ્યભાવે, એમ અણપચખાણ છે,**
**-આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૪.**
**અણપ્રતિક્રમણ વળી એમ અણપચખાણ દ્રવ્યનું, ભાવનું,**
**આત્મા કરે છે ત્યાં લગી કર્તા બને છે જાણવું. ૨૮૫.**

એ જરી ઝીણો અધિકાર છે. ધ્યાન રાખીને (સમજવું).

**'ટીકા :- આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે;...'** છે? ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ પોતાથી વિકાર, સ્વભાવથી પોતાથી થાય એવું છે નહિ. ચૈતન્યસ્વભાવ જ્ઞાનાનંદ જ્ઞાનરૂપ પ્રભુ એ પોતે વિકારનો કર્તા થાય એવું જ્ઞાનસ્વરૂપમાં છે નહિ. સમજાણું કાંઈ? આવી વાતું. આત્મા.. એમ સિદ્ધાંત આ છે હોં પાછું. **'પોતાથી...'** એટલે આત્માના અંતર સ્વભાવથી **'રાગાદિકનો અકારક જ છે;...'** .. નથી. માટે તેનો સ્વભાવ અકારક જ છે. આહા..હા..! **'કારણ કે જો એમ ન હોય...'** હવે કારણ આપે છે. **'જો એમ ન હોય તો (અર્થાત્ જો આત્મા પોતાથી જ રાગાદિ ભાવોનો કારક હોય તો)...'** એ શુભ અને અશુભરાગ(નો) સ્વભાવથી પોતે કર્તા હોય તો **'અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ. '** તો ભગવાને તો દ્રવ્ય-ભાવ નામ પ્રતિક્રમણ કરવું, દ્રવ્ય-ભાવનું પચ્ચખાણ કરવું એવું કહ્યું છે. દ્રવ્ય એટલે સંયોગી ચીજ અને ભાવ એટલે પોતાનો વિકાર, બેયથી પાછું ફરવું એમ કહ્યું છે. જો એનો કારક હોય તો બેથી પાછું ફરે નહિ. આહા..હા..! વ્યાખ્યા આવશે ઝીણી હોં.

ભગવાને બે પ્રકારનો ઉપદેશ કર્યો—દ્રવ્ય અને ભાવ. દ્રવ્યમાં સંયોગી ચીજ, ભાવમાં વિકાર. બેનું અપ્રતિક્રમણ. નાસ્તિથી લીધું છે. ખરેખર તો બેથી પાછું હઠવું એવો ભગવાનનો ઉપદેશ છે. એટલે જો

ખરેખર એનો કર્તા હોય તો પાછું હટવું એ હોઈ શકે નહિ. ન્યાયનો વિષય જરી છે. આત્મા વસ્તુ છે એ પુણ્ય અને પાપના રાગદ્વેષના ભાવનો સ્વભાવથી અકારક છે. જો એમ ન હોય તો ભગવાનના ઉપદેશમાં એમ આવ્યું છે કે ભાવવિકાર અને વિકારનું નિમિત્ત બાહ્ય ચીજ એ બેયથી પાછો હઠ. પ્રતિક્રમણ-એથી પાછો હઠ. જો એનું સ્વરૂપ જ હોય તો પાછું હઠવાનું હોઈ શકે નહિ. આવું છે.

દ્રવ્ય અને ભાવ '**અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ.**' શું કીધું સમજાણું? સંયોગી ચીજ જે છે વિકારમાં નિમિત્ત, વિકારમાં નિમિત્ત છે એને દ્રવ્ય કહીએ અને વિકાર છે તેને ભાવ કહીએ. ભગવાને એમ કહ્યું કે નિમિત્ત દ્રવ્યથી ખસી જા અને ભાવથી પણ પાછો ફર. એમ કહેતા જ એ આત્મા વિકારનો અને નિમિત્તનો કર્તા હોય તો 'પાછો હઠી જા' એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ન્યાય છેને. આહા..હા..! જો એનો સ્વભાવ જ હોય તો તો વિકાર અને વિકારના નિમિત્તોનું લક્ષ ફેરવી નાખ. પ્રતિક્રમણ કર એટલે પાછો હઠી જા એવો ઉપદેશ કર્યો છે એનો અર્થ જ એ છે કે એ વિકાર અને વિકારના નિમિત્તો એનું કરવું એ એનું સ્વરૂપ નથી. તેથી તેનાથી પાછો હઠી જા એવો ભગવાનનો ઉપદેશ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ વાણિયાને આવું સમજવું.

**શ્રોતા :-** સૌથી ડાહી જાત તો વાણિયાની.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાણિયાને હાથ આવ્યો જૈનધર્મ. વેપાર એની એ વેપારની આખો દિ' વાતું. એમાં કાંઈ નવા તર્ક ન હોય એને. વકીલોને નવા તર્ક પણ હોય, કેસ નવા આવ્યા હોય તો. એ તો એનો એ ભાવ. પાંચ રૂપિયે મણ કે સવા પાંચ રૂપિયે મણ ને ફલાણું ને ઢીંકણું થઈ રહ્યું. નવા તર્કો-બર્કો એમાં હોય નહિ, પણ એ વેપારીને આ સમજવું પડશે આવા તર્કથી. એય! રાયચંદભાઈ!

**શ્રોતા :-** રૂપિયા એમાં બહુ કમાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય નથી ત્યાં રૂપિયા કમાય છે શું, મરી જઈશ. આહા..હા..! મરી ગયા રૂપિયા મૂકીને કેટલાય. ચાલ્યા ગયા ક્યાંય. આહા..હા..! એ વસ્તુ ફરી ગઈ. મરી ગયા ત્યાં આ વસ્તુ બીજી પર્યાય થઈ ગઈ. ક્ષેત્ર ફર્યું, કાળ ફર્યો, ભવ ફર્યો, ભાવ ફર્યો. ક્યાંય ઊપજે મરીને. આહા..હા..! બધું ભાવ જુદા, ભવ જુદો. ક્યાંય ઊપજે. આહા..હા..! અહીં કરડોપતિ માણસ હોય ને બંગલા પચાસ, દસ, વીસ લાખના. મરીને જાય ઢેઢગરોળીની કૂંખે. આહા..હા..! ગાયના પેટમાં જાય લ્યોને. મૂળ ઘણાં તો ઢોર થવાના. માંસ-બાંસ ન હોય અને માયા, કપટ ને આડોડાઈ ઘણી હોય વિકારની. આડોડાઈ હોય એટલે પછી આડોડાઈમાં જાય એ. આડોડાઈ એટલે? આ શરીર માણસના આમ છે અને ઢોરના શરીર આમ આડા છે. ખિસકોલી, નોળ, કોળ, ગાય, ભેંસ, ઘોડા. પૂર્વે બહુ કપટ ને માયા ને કષાયો આડા બહુ કર્યા હોયને, એના ફળમાં શરીર પણ એને આડા મળે પછી. આહા..હા..! ધર્મ કર્યો ન હોય, પુણ્યના ઠેકાણા ન હોય, પાપમાં પચ્યા હોય તો પાપમાં તીવ્ર ન હોય. વાણિયાને કાંઈ માંસ ને દારૂ તો હોય નહિ એવું કાંઈ. આહા..હા..! પલટો મારીને ક્યાંય ચાલ્યો જાશે. આહા..હા..! માટે કહે છે કે કરવાના ટાણે કરી લે કાંઈક આત્માનું. આવા ટાણા છે, ફરીને નહિ મળે ભાઈ! આહા..હા..! એ બધી દુનિયાની પડ મૂકી દે એક કોર. આહા..હા..! એ પરના પ્રપંચનો પાર નહિ આવે. ભગવાન તો

એ પરના પ્રપંચથી ભિન્ન છે. તેથી તો એને પ્રપંચ છોડાવવાનો અને પ્રપંચના નિમિત્તોથી વિકાર થાય એને પણ છોડાવાનું કહે છે. છોડાવાનું કહે એનો અર્થ કે એનો સ્વભાવ છે નહિ માટે કૃત્રિમ ઊભું થાય છે. એટલે આત્મા ખરેખર એનો કર્તા નથી. આહા..હા..! ઝીણું પણ મૂળ વસ્તુ સમજાવવી છેને. આહા..હા..!

'**અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ. અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ (બે પ્રકારનો) ઉપદેશ છે તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો,...** ' એટલે શું કહે છે? વિકારીપણાનો ભાવ એ નૈમિત્તિક છે અને બાહ્ય ચીજ જે છે સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિ વગેરે એ નિમિત્ત છે. એ બેને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. વિકારના ભાવ સાથે વેપાર, ધંધા, સ્ત્રી, કુટુંબ, પરિવાર એના બધાનો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. એ નિમિત્ત કાંઈ અહીં વિકારને કરાવતું નથી અને વિકાર થયો માટે નિમિત્ત ત્યાં આવ્યા છે એમ પણ નથી. નિમિત્ત અને નૈમિત્તિકસંબંધ પોતે પોતાના સ્વભાવને ભૂલી અને વિકારભાવ કરે છે, ત્યાં સામી ચીજ નિમિત્ત હોય છે. એ નિમિત્તને અને વિકારને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. એ વ્યવહાર છે એ છૂટી જશે. એ કાંઈ આત્માનો સ્વભાવ નથી. આહા..હા..! માટે છૂટવાનું તો કહ્યું ભગવાને, પ્રતિક્રમણ કર—પાછો હઠી જા, ત્યાં ગયો છે એ તારો સ્વભાવ છે નહિ. આહા..હા..! આનું નામ પ્રતિક્રમણ કહો. ઓલા સાંજ-સવાર પડિક્કમણા કરે મિચ્છામી દુક્કડમ. કાંઈ સમજે નહિ કાંઈ.

આ તો પુણ્ય અને પાપના ભાવ વિકારી અસંખ્ય પ્રકારના ભાવ એ નૈમિત્તિક છે અને બાહ્ય ચીજો સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધો, લક્ષ્મી એ બધું એમાં નિમિત્ત છે. એને દ્રવ્ય કીધું છે. વિકારને ભાવ કીધો છે. ભાવને અને નિમિત્તને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. તો બેયનો સંબંધ છોડ. કારણ કે વાસ્તવિક એ તારું સ્વરૂપ નથી. નિમિત્તને લક્ષે થયેલા વિકારો એ કાંઈ તારું ખરું સ્વરૂપ નથી. આહા..હા..! એનાથી ખસ, પાછો પડ. એનો અર્થ જ થયો કે વિકારનો કર્તા આત્મા છે નહિ. અજ્ઞાનભાવે કર્તા માને અને થાય છે. આહા..હા..! આવું ઝીણું! સાંજે પડિક્કમણા કરે, મિચ્છામિ દુક્કડમ જાવ. આખા દિ'નું પાપ ધોવાઈ ગયું. નવેસરથી કરે બીજે દિ'. ધૂળેય નથી ધોવાણું. એ પરિણામ થયા રાગના એનો કર્તા થાય છે અને એનું નિમિત્ત છે એનાથી પણ પાછો હટતો નથી. નિમિત્તથી હઠવાનું કહેશે, દ્રવ્યથી. કારણ કે લક્ષ છોડાવું છેને તેના તરફનું તો એનાથી હઠી જા, એને છોડી દે તો તારો ભાવ પણ છૂટી જશે. એમ. વિકારનો ભાવ દ્રવ્યને નિમિત્તે થાય છે એને છોડી દે તો એનો ભાવ પણ છૂટી જશે તારો અને જ્ઞાતા-દૃષ્ટામાં આવીશ એનું નામ ધર્મ છે, એનું નામ પ્રતિક્રમણ છે. આહા..હા..! આવું પડિક્કમણું આવું!

'**દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને...**' દ્રવ્ય એટલે બાહ્યની ચીજ તે નિમિત્ત અને વિકારીભાવ એ નૈમિત્તિક '**બેને જાહેર કરતો થકો, આત્માના અકર્તાપણાને જ જણાવે છે,...**' નિમિત્ત અને નૈમિત્તિકભાવ બેયને છોડ એમ કહેતા આત્મા અકર્તા છે એમ સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? ભગવાનનો ઉપદેશ એમ આવ્યો. પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન. એટલે પરવસ્તુને છોડી દે અને

પરવસ્તુનું પચ્ચખાણ કર એટલે ત્યાગ કર. ત્યારે તે સંબંધીના ભાવનો પણ ત્યાગ કર અને તેનું પ્રતિક્રમણ કર. એનો અર્થ થયો કે એ જ્યારે નિમિત્ત-નૈમિત્તિકસંબંધમાં છો ત્યારે એ ભાવ થાય, વસ્તુમાં છે નહિ એ. આહા..હા..! પુંજાભાઈ! આવી ઝીણી વાતું છે. આહા..હા..! આવી વાતું છે. માર્ગ વીતરાગનો બહુ ઝીણો, ભાઈ! લોકો કંઈ ને કંઈ રોકાઈને બિચારા પડ્યા છે. આહા..હા..!

**'માટે, એમ નક્કી થયું કે પરદ્રવ્ય નિમિત્ત છે...'** સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધો એ નિમિત્ત છે **'અને આત્માના રાગાદિભાવો નૈમિત્તિક છે. '** આત્મામાં થતાં પુણ્ય અને પાપ રાગાદિ એ નૈમિત્તિક. એ નિમિત્ત અને નૈમિત્તિક. નિમિત્ત સંબંધે થતા વિકારી નૈમિત્તિક અને નૈમિત્તિકમાં એ ચીજ બાહ્યની નિમિત્ત. નિમિત્ત એને કરાવતું નથી, તેમ નૈમિત્તિક નિમિત્તને છોડાવતું નથી. એ નિમિત્ત ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે ભાવ ઉપરની દૃષ્ટિ જાય ત્યારે બેય છૂટી જાય છે દૃષ્ટિમાંથી. માટે આત્મા પરનો કર્તા છે નહિ. કેમકે છૂટી જાય છે માટે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે બાયુંને આખો દિ' રાંધવું અને આ કરવું એમાં આવું આ સમજવું ઝીણું પાછું. બહુ તો ઘઉં વીણવા, ચોખા વીણવા અને રાંધવા, પાણી ભરવું ને ગળવું ને એ કળશા ઉટકવા.

**શ્રોતા :-** કામ કરે તો શરીર સારું રહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય નથી. મફતમાં એ રાગ-દ્વેષ કરે છે, ઓલી ક્રિયા તો જડની છે. એ તો નૈમિત્તિકભાવ છે એને કરે છે. સામી ચીજ તો એ વખતે નિમિત્ત છે. પણ છોડવાનું કહેશે. દ્રવ્ય એને છે અને એનાથી છોડ. છોડ એટલે લક્ષ છોડ. લક્ષ છોડ તો એના સંબંધે વિકાર થાય તો એનું લક્ષ છૂટી જશે. તો એનો અર્થ થયો કે વિકારનો આત્મા કર્તા છે નહિ, માટે છૂટી જાય છે. જો કર્તા હોય તો છૂટે નહિ. આહા..હા..!

**'એમ ન માનવામાં આવે તો દ્રવ્ય-અપ્રતિક્રમણ અને દ્રવ્ય-અપ્રત્યાખ્યાનનો કર્તાપણાનાં નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ જાય,...'** જોયું! ભગવાન જ્યારે એમ કહે કે પરવસ્તુને છોડ અને એના સંબંધે રાગને છોડ એમ કહેતા તે... છે? **'આત્માના રાગાદિકભાવો નૈમિત્તિક છે. જો એમ ન માનવામાં આવે તો દ્રવ્ય-અપ્રતિક્રમણ...'** દ્રવ્ય અપેક્ષાએ વસ્તુનો ત્યાગ. **'અને દ્રવ્ય-અપ્રત્યાખ્યાન...'** પરનો ત્યાગ અને પરનું પચ્ચખાણ એ બેયના **'કર્તાપણાનાં નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ થાય,...'** પરને છોડી દે એમ કહે છે. આહા..હા..! લક્ષ પરનું છોડી દે અને છોડી શકાય છે. છોડી શકે એવો એનો સ્વભાવ છે. કરી શકે એવો એનો સ્વભાવ નથી. આહા..હા..! નિમિત્તના લક્ષમાં રહેવું એવો એનો સ્વભાવ નથી, એમ નિમિત્તને લક્ષે થતાં વિકારીભાવ એ એનો સ્વભાવ નથી. તેથી નિમિત્ત અને નિમિત્ત સંબંધી બેયને છોડાવે છે. કારણ કે એ તારા સ્વરૂપમાં છે નહિ. એનું નામ પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રતિ પાછળ ફરવું. અહીં તો અપ્રતિક્રમણ નાસ્તિથી.. અધ્યાત્મ છેને. તારું ઘર જો હોય તો એમાંથી પાછું ફરવું એવો ઉપદેશ કેમ ભગવાન કરે? તારા ઘરમાં એ ચીજ નથી. રાગ-

દ્વેષ થવા અને એનું નિમિત્ત એ બેય તારા ઘરમાં નથી, તારા અસ્તિત્વમાં નથી. માટે પરને છોડાવાનો ઉપદેશ કરે છે. માટે છોડાવામાં આત્મા અકારક છે એમ સિદ્ધ થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વૈશાખ વદ-૧૩, રવિવાર, તા. ૧૫-૦૫-૧૯૭૭, ગાથા-૨૮૩ થી ૨૮૫, પ્રવચન નં. ૩૪૨

સમયસાર, ટીકા. ૨૮૨ (ગાથા) થઈ ગઈ. ૨૮૫. ત્રણ ગાથાની ટીકા છેને. આ બંધ અધિકાર છે. બંધ અધિકારમાં આ વાત લીધી છે કે જ્યાં સુધી આત્મા પોતાના દ્રવ્ય સિવાય પરદ્રવ્યના ઉપર લક્ષ રાખે ત્યાં સુધી તેને આશ્રયે એને વિકાર થાય અને તેથી એને બંધનું કારણ થાય. ખરેખર આત્મા અકારક છે. કેમ? કે દ્રવ્ય જે પરવસ્તુ અને એના સંગે થતો ભાવ એ આત્માના સ્વભાવમાં નથી. આત્માના સ્વભાવમાં હોય તો નિત્ય કર્તા રાગનો થાય અને નિત્ય પરના લક્ષમાં રહેવાનું બને. આત્માનો સ્વભાવ વિકાર કરવાનો જો હોય તો વિકાર અને વિકારના નિમિત્તો એનાથી એને ખસવાનું બને નહિ. અને અહીં અપ્રતિક્રમણ, અપ્રત્યાખ્યાનનો ઉપદેશ છે ભગવાનનો. કે પરવસ્તુ એનું લક્ષ છોડ અને પરલક્ષે થતા ભાવ એને છોડ. એ છોડી શકાય છે. એવો જીવનો સ્વભાવ છે.

વિકાર.. જેમકે કુદેવ, કુગુરુને જ્યાં સુધી લક્ષમાં રાખે તો તેને મિથ્યાત્વનો ભાવ થાય જ. અને એમ પ્રતિક્રમણ કરે એટલે કે પરનું લક્ષ છોડે અને એનાથી થતાં ભાવનું પણ લક્ષ છોડે ત્યારે સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય ત્યારે એને દ્રવ્ય અને ભાવ બેનું પ્રતિક્રમણ થયું કહેવાય. ઝીણી વાતું છે આવી. મૂળ કારણ આત્મા તો એનો સ્વભાવ શુદ્ધ સિદ્ધ સમાન ચૈતન્ય આનંદકંદ છે. એ વિકાર અને વિકારના નિમિત્તોમાં લક્ષ કરે એવું એનું સ્વરૂપ નથી. આહા..હા..! એથી ભગવાને બે ઉપદેશ કર્યા કે દ્રવ્ય-અપ્રતિક્રમણ અને ભાવ-અપ્રતિક્રમણ, દ્રવ્ય-અપ્રત્યાખ્યાન અને ભાવ-અપ્રત્યાખ્યાન. બેનો જે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે એને છોડ. આહા..હા..! એનો જે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે એને છોડ કે જેથી તારું સ્વરૂપ તો રાગ અને રાગના લક્ષમાં જે પરદ્રવ્ય ઉપર જાય, બેય સ્થિતિ તારા સ્વભાવમાં નથી. ઝીણી વાતું છે.

જેને ધર્મ કરવો છે એને વસ્તુ તો પોતે ધર્મસ્વરૂપ જ છે, આનંદ ને જ્ઞાન ને શાંતિસ્વરૂપ જ આત્મા છે. હવે એને જ્યારે એવું સ્વરૂપ છે અને એમાંથી દૃષ્ટિ કરીને એને ધર્મ કરવો હોય ત્યારે એને પરદ્રવ્યના લક્ષને છોડવું પડે અને પરદ્રવ્યના લક્ષે જે વિકાર થાય, પરદ્રવ્યના આશ્રયે વ્યવહાર આશ્રયે વિકાર થાય એ વિકારને પણ છોડવો પડે. કેમકે વિકાર અને પરદ્રવ્યનું લક્ષ એ આત્માના સ્વરૂપમાં છે નહિ.

**શ્રોતા :—** પરદ્રવ્યને તો કદી ગ્રહણ કર્યો જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કર્યું નથી, અનંતકાળ થયા. અનંતકાળથી કર્યું નથી એમ કહે છે. એનો

સ્વભાવ પરદ્રવ્ય અને પરદ્રવ્યથી થતાં વિકારી પરિણામ એના અભાવસ્વભાવરૂપ સ્વભાવ છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! એ તો ચૈતન્ય આનંદસ્વરૂપ એમ પણ કહેવાય છે, ચૈતન્યસ્કંધ છે આત્મા, ચૈતન્યનો એ સ્કંધ છે. આ પરમાણુ છેને ઘણાં એના સ્કંધ કહેવાય છે ઘણા બધાને. એમ આત્મા પણ ચૈતન્યસ્કંધ નામ ચૈતન્યશક્તિ આદિનો પિંડ છે. એ વસ્તુમાં પર તરફનું લક્ષ કરવું અને લક્ષથી વિકાર થાય એ વસ્તુ સ્વરૂપમાં નથી. અને તેથી તો પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાનનો ઉપદેશ છે શાસ્ત્રમાં. કેમકે એમ કરી શકતો હોય અને પરનું લક્ષ એનો સ્વભાવ હોય તો પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાનનો ઉપદેશ હોઈ શકે નહિ. ઝીણી વાત છે, ભાઈ! લોજિક છે, આ તો ન્યાયથી સમજવા જેવી વાત છે. આહા..હા..!

ફરીને લઈએ. 'ટીકા :- **આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે;...**' ત્યાંથી ઉપાડ્યું છે. ભગવાન આત્મા અને એને આત્મા કહીએ કે જે કોઈ વ્યવહારરત્નત્રયના રાગ અને રાગનું જે લક્ષ પરદ્રવ્ય... આહા..હા..! એનાથી તો એનું સ્વરૂપ રહિત જ છે. તેથી તે રાગ અને પરદ્રવ્યનો કર્તા છે નહિ. સમજાય છે કાંઈ? વેપારીને આવું બધું સમજવું. એ કરતા ઈચ્છામી પડિક્કમણા કરતા ઈરિયા વિરયા.. સામાયિક-બામાયિક કરી છે કે નહિ? હસમુખભાઈ! નહિ કરી હોય. આમાં હતા તે. ... આ બહારની સામાયિક કરતા હતાને. ક્યાં સામાયિક હતી? સામાયિક—સમતાનો લાભ. એ સમતાસ્વરૂપ વસ્તુ હોય તો એમાંથી સમતાનો લાભ મળે. પોતે જ સમતાસ્વરૂપ, વીતરાગસ્વરૂપ ન હોય તો વીતરાગસ્વરૂપનો લાભ મળે ક્યાંથી? એથી તો એમ લીધું પહેલું. '**આત્મા પોતાથી...**' સ્વભાવથી, પુણ્ય અને પાપના વ્યવહાર મહાવ્રતાદિના વિકલ્પો છે એનો પણ એ સ્વભાવથી કર્તા નથી. આહા..હા..! અને જો એનો કર્તા હોય તો નિત્ય તેનું કર્તાપણું રહે તો કોઈ દિ' વિકારરહિત થઈ શકે નહિ. પુંજાભાઈ! આવી ઝીણી વાતું છે. શું કીધું?

**શ્રોતા :—** આવો સ્વભાવ છે તો રાગ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કીધુંને. પરનું લક્ષ કરે છે, પરનું સ્વામીપણું કરે છે એ એનું મૂળ વિકારનું કારણ છે. કહેશે આગળ, મૂળ. એ કળશ છેને કળશ? નથી કળશ? તદ્ મૂલામ. તદ્ મૂળ. એટલે? કે જે સ્વરૂપ પોતાનું છે એનું સ્વસ્વામીપણું ન કરતાં, જે સ્વરૂપમાં નથી અને કૃત્રિમ થાય છે એવા પુણ્ય-પાપના વિકારનું સ્વામીપણું મૂળ કારણ છે એને લઈને એ બંધન થાય અને રખડે છે. સમજાણું કાંઈ? એનો અર્થ બીજો કરે છે લોકો. તદ્ મૂલામ—પરદ્રવ્ય મૂળ કારણ છે. પણ એનો અર્થ એ નથી. પરદ્રવ્યનું 'લક્ષ' એ કારણ છે અને પરદ્રવ્યનું 'સ્વામીપણું' એ કારણ છે. આહા..હા..! આવો ધર્મ અને આવી વાત ઝીણી. અરે! અનંતકાળથી દુઃખી છે. એ દુઃખના દાઝ્યા દાઝેલા છે. આહા..હા..! અગ્નિમાં જેમ અંગારા લાગે અને શરીર બળે, એમ કષાયઅગ્નિથી બળેલો છે એ, દુઃખી છે. એનો સ્વભાવ એ નથી. એથી તો '**આત્મા પોતાથી...**' એટલે સ્વભાવથી વિકારનો કરનારો છે નહિ. એમ પહેલું સિદ્ધ કરી નાખ્યું. આહા..હા..! '**કારણ...**' હવે કારણ કહે છે. '**જો એમ ન હોય તો...**' પોતાથી રાગાદિ પુણ્ય-પાપનો કારક-કર્તા હોય તો '**અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ**

**બની શકે નહિ.'** રાગનું અપ્રતિક્રમણ છે અને રાગનું અપ્રત્યાખ્યાન છે એવું જિન ભગવાને કહ્યું છે. સમજાણું કાંઈ? રાગ વિકારનું અપ્રતિક્રમણ છે અને વિકારનું અપ્રત્યાખ્યાન છે અથવા વિકારનું પ્રતિક્રમણ નથી અને વિકારનું પ્રત્યાખ્યાન નથી. સમજાણું કાંઈ? આવી વાતું છે. ધીમેથી ... પ્રભુ! આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! આ વાત બીજે જૈનદર્શન સિવાય (ક્યાંય નથી) અને જૈનદર્શન તો આ એક જ દર્શન છે. દિગંબરદર્શન તે એક જૈનદર્શન છે. એ સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્માનું કહેલું છે. વસ્તુનું એ સ્વરૂપ છે. એવી વાત બીજે ક્યાંય છે નહિ. અહીં કહે છે કે તું વિકારનો કર્તા જો હો તો, ભગવાને એમ કીધું છે કે વિકારનું પ્રતિક્રમણ કર, પાછો ફર, એનું પ્રત્યાખ્યાન કર, એનો ત્યાગ કર એવો ઉપદેશ નિષ્ફળ જાય છે જો એનો કર્તા હોય તો, એનો સ્વભાવ હોય તો. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :—** આમાં સમજાય શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આત્મા, પુણ્ય અને પાપ અને તેનું જે લક્ષ છે એનાથી તો રહિત જ છે. જો એવો રહિત ન હોય તો પરમાત્માએ એમ કહ્યું કે વિકારનું એને અપ્રત્યાખ્યાન છે એટલે ત્યાગ નથી. વિકારનું એને અપ્રતિક્રમણ છે (એટલે) વિકારથી પાછો હઠ્યો નથી. જો એનું સ્વરૂપ જ હોય તો પાછું હઠવું, રાગનો ત્યાગ એ ઉપદેશ જ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? રાયચંદભાઈ! બધી વાત આવી આકરી છે. ત્યાં પૈસા રળવામાં વસ્તુને લઈને બધું થઈ જાય ... આમાં તો આમ પુરુષાર્થ માગે છે. આહા..હા..! એ તો ચૈતન્યબિંબ, ભગવાન તો ચૈતન્યસ્કંધ છે. જેમ આ રજકણો અનંત રજકણનો સ્કંધ પિંડ છે, એમ ભગવાન તો પવિત્ર અનંત શક્તિ અને ગુણનો પિંડ છે. એથી એ વિકાર અને વિકારનું લક્ષ એ બેય એના સ્વરૂપમાં છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ તો વિસામાનું વાક્ય છે. થોડો વિચાર કરે અને વખત પણ મળે થોડો. આહા..હા..!

**'એમ ન હોય તો અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ...** ' છે. નિમિત્તનું લક્ષ છોડ અને નિમિત્તને લક્ષે વિકાર થાય તેને છોડ. એવું જે ભગવાનનું કથન છે, એ જો આત્મા અકારક ન હોય તો એ કથન નિરર્થક થાય છે. કારણ કે એમાં કર્તા સિદ્ધ થઈ જાય છે અને કર્તા સિદ્ધ થતાં ત્રિકાળી કર્તા (થતા) વિકારરહિત કોઈ દિ' થઈ શકતો નથી. ન્યાય સમજાય છે? જયંતિભાઈ! આ વેપારી વાણિયાને હાથ આવ્યો આવો જૈનધર્મ.

**શ્રોતા :—** આપ પૂછો તો અમારે હા પાડવી કે ના પાડવી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ ન્યાય-લોજિકથી કહેવાય છે. એને પકડાય છે કે નહિ એની વાત છે. લોજિક ન્યાયમાં નિ ધાતુ છે. નિ નામ જેવું વસ્તુનું સ્વરૂપ યથાર્થ છે તેમાં દોરી જવું-જ્ઞાનને લઈ જવું એનું નામ ન્યાય. સમજાણું કાંઈ? આત્મા ભગવાન અંદર સ્વરૂપે ચિદાનંદ પ્રભુ, એ વ્યવહારરત્નત્રયનો... અહીં નિશ્ચય અને વ્યવહાર આવી ગયું છેને. વ્યવહારનો નિષેધ આવી ગયો.

**શ્રોતા :—** આ બંધ અધિકારમાં ૨૭૨માં આવી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આવી ગયું છે. એ વાત વધારે સિદ્ધ કરે છે. વ્યવહાર .. છે જ નહિ. આહા..હા..! વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ કે શાસ્ત્રના ભણતરનો વિકલ્પ કે છ કાયના

જીવની દયાનો વિકલ્પ એ એનું સ્વરૂપ નથી, એ તો બંધરૂપ છે. ભગવાન આત્માનો સ્વભાવ અબંધસ્વરૂપ છે. આહા..હા..! એ અબંધસ્વરૂપ કહો કે વિકાર અને પરનો અકર્તા કહો. સમજાય છે કાંઈ? આ ઓલા એલ.એલ.બી. અને એમ.એ.ના પૂંછડા .. ધ્યાન ... પહેલા ... પ્રોફેસર એક કલાક ભાષણ આપે. સાંભળી લે. થઈ રહ્યું જાવ. આ તો વીતરાગનો માર્ગ, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવ. આ જુઓને, ... થવાનો ઉપદેશ નિરર્થક જશે નહિતર. જો આત્મા વિકારનો અને પરલક્ષના ભાવવાળો હોય તો ભગવાનનો ઉપદેશ છે કે પરનું લક્ષ છોડવું અને વિકાર છોડવો એ ઉપદેશ નિરર્થક જાશે અથવા એની પર્યાયમાં અત્યાગ છે વિકારનો અને બહારનું એને લક્ષ છે એને અહીં ભગવાને બેય અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન દ્રવ્ય-ભાવ બેયનો નિષેધ કર્યો છે કે એ તારા સ્વરૂપમાં છે નહિ. તું પોતે રાગ અને પરના લક્ષથી છૂટી શકે છો એવો તારો સ્વભાવ છે. આહા..હા..! નવલંચદભાઈ! આવું છે. આ તો પોતાના હિતની વાતું છે, બાપુ! દુનિયા દુનિયાનું જાણે, એની સાથે કાંઈ સંબંધ નથી.

કહે છે કે નિરર્થક જાય છે. આ '**ઉપદેશ બની શકે નહિ. અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર...**' બે .. '**દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ ઉપદેશ છે...**' આહા..હા..! એટલે? કુગુરુ, કુદેવ, કુશાસ્ત્રને લક્ષમાંથી છોડ. સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશને એને લક્ષમાંથી છોડ અને સત્ દેવ-ગુરુ-શાસ્ત્રને લક્ષમાંથી છોડ. આહા..હા..! એવો જે ભગવાને ઉપદેશ કર્યો (કે) પરનું લક્ષ છોડ અને પરના લક્ષે થતાં વિકારને પણ છોડ. એટલે નથી છોડ્યો એવો જે ભાવ તારી પાસે પડ્યો છે એ કાંઈ તારું સ્વરૂપ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? શશીભાઈ આજે નથી આવ્યા. કેમ? આહા..હા..! આ તો આત્માને કેળવવાની વાત છે. આહા..હા..! વસ્તુ પોતે પ્રભુ એ તો જ્ઞાતા-દૃષ્ટાના સ્વભાવવાળું તત્ત્વ છે. એ પોતે સ્વયં એની કોઈ એવી શક્તિ કે એનો સ્વભાવ એવો કોઈ .. નથી કે જે વિકારને કરે અને પરનું લક્ષ કર્યા કરે. આહા..હા..!

**શ્રોતા :—** એવો કોઈ ગુણ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એવો ગુણ નથી. આહા..હા..! પર્યાયમાં અટક્યો છે એ અટક્યો છે એ અપ્રતિક્રમણ, અપ્રત્યાખ્યાન છે એને અહીં છોડાવે છે. એનું છોડ લક્ષ, કારણ કે એ તારું કર્તવ્ય નથી. આહા..હા..! વ્યવહાર દયા, દાનના વિકલ્પો એ પણ તારું કર્તવ્ય નથી. આહા..હા..! અને દયા, દાનના, વિકલ્પનું લક્ષ જાય છે પર ઉપર (કે) આ જીવને દયા પાળું, આ જીવને દુઃખી ન કરું, આને પૈસા દઉં. એમ એકલું જે પરલક્ષ જાય છે અને એ પરલક્ષને આશ્રયે વિકાર થાય છે. બેયનું .. અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન કહીને એની દશામાં આ છે અને તેથી ઉપદેશ કર્યો છે કે બેય છોડી દે. આહા..હા..! દ્રવ્ય અને દ્રવ્યથી થતાં વિકાર બેયને છોડી દે. છોડી દે એવો તારો સ્વભાવ છે. આહા..હા..! પ્રવિણભાઈ! આ બધા ભાવનગરવાળા આવે તે દિ' સમજવા (જેવું આવે) છે. શાંતિભાઈ! ઝીણું છે આજનું. આહા..હા..! આત્માની વાતું છે. આ તો હિતની વાત છે. આહા..હા..!

શ્રીમદ્‌ના એક પત્રમાં આવે છે. હું તો ઓલું જોવા ગયો હતો. ... 'જિન સોહી હૈ આત્મા, અન્ય

સોહી હૈ કર્મ' પણ એનો અર્થ પછી કર્યો કે 'યહી લક્ષ સે સમજ લે જિન પ્રવચનકા મર્મ.' ખ્યાલમાં હતું કે એ બેની ... એમાં નથી. એમાં એમ છે 'જિન સોહી આત્મા અન્ય સોહી હૈ કર્મ, કર્મ કટે જિનવચન સો, એ જ્ઞાનીનો મર્મ.' એમ શબ્દ છે. આજે બપોરે જરી જોયું હતું. ખ્યાલ તો હતો કે ... એ તો બરાબર છે, પણ એના એક પત્રમાં એવું ... લખે છે, ભાઈ! તમે આ વાત... આહા..હા..! ... તમે વ્યાખ્યાન આપવાને લાયક નથી, માટે વ્યાખ્યાન આપશો નહિ હોં! એમ લખ્યું છે. વાંચવા.. હું જોતો હતો .. પણ ઓલા ... આહા..હા..! .. આવ્યું છે. હું તો જોવા ગયો હતો ઓલી ... એ શું છે એમ. 'જિન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ, કર્મ કટે જિનવચનસો યહી જ્ઞાનીનો મર્મ.' વચનસેનો અર્થ વીતરાગભાવ. વીતરાગભાવથી વિકાર ટળે અને કર્મ તો એની મેળાએ ટળે, એ તો જડ છે. આહા..હા..!

અહીં એ કહે છે કે 'જિન સોહીએ આત્મા, અન્ય સોહીએ કર્મ.' એ પુણ્ય ને પાપ ને ભાવ એ બધું પરરૂપ છે, અજીવરૂપ છે. આહા..હા..! અને એ અજીવના ભાવમાં તારો આત્મા એમાં નથી અને એ અજીવભાવ તારા સ્વભાવમાં નથી. તેથી તે અજીવભાવનું લક્ષ તારા ઉપર નથી. એ અજીવભાવનું લક્ષ તો પરદ્રવ્ય ઉપર છે. આહા..હા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ એ વિસામાનું વાક્ય આવે છે. આહા..હા..! શી વાત વીતરાગની!

કહે છે '**તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો,...**' એટલે શું? બે પ્રકાર. અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન બે પ્રકાર. એક દ્રવ્ય એટલે પરદ્રવ્યનું અને એક પરદ્રવ્યને થતાં વિકારનું. બેનો ત્યાગ કરાવ્યો અથવા બેપણું છે એની પાસે, વસ્તુના સ્વભાવમાં નથી, પર્યાયમાં છે, તેથી એનો ત્યાગ કરાવ્યો એ એમ બતાવે છે કે '**તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો, આત્માના અકર્તાપણાને જ જણાવે છે.**' આહા..હા..! કેટલો ન્યાય આપ્યો છે! નૈમિત્તિક વિકારભાવ અને નિમિત્ત પરદ્રવ્ય એવો જે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ વ્યવહાર એનું પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન કરાવ્યું છે. કેમકે એનું અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન તારામાં છે પર્યાયમાં, વસ્તુમાં નથી. વસ્તુમાં નથી, પણ તારી દશામાં છે એને અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન દ્રવ્ય અને ભાવ બેમાં એટલે વિકારના અને નિમિત્તના બેયના અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનભાવ છે એને કહે છોડ. કેમકે તારો સ્વભાવ એ વિકારને કરવું, પરના લક્ષમાં જાવું એ વસ્તુનું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય સંતોની વાણી! એવી વાણી સીધી!

પ્રભુ! તું એ વિકાર અને પરલક્ષમાં જા એ કાંઈ તારું સ્વરૂપ છે? સ્વલક્ષના જ્ઞાન વિના એકલા પરલક્ષમાં જા તો પરલક્ષને આશ્રયે તો વિકાર થશે. દેવ તો એમ કહે છે, પરમેશ્વર એમ કહે છે, અમે પણ તારાથી ભિન્ન પરદ્રવ્ય છીએ. આહા..હા..! ગુરુ એમ કહે છે કે અમે પણ તારાથી પરદ્રવ્ય છીએ. શાસ્ત્ર એમ કહે છે કે અમે પણ વાણી તારા દ્રવ્યથી ભિન્ન બીજી ચીજ છે. આહા..હા..! અને તે પરદ્રવ્યનું લક્ષ અને લક્ષને આશ્રયે થતાં વિકાર બેની ચીજ તારામાં વર્તતી હોય છે પર્યાયમાં. એને છોડાવ્યું છે. સમજાણું કાંઈ? એનું પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન કરાવ્યું. આહા..હા..! ઢેબરભાઈ! આ લોઢાના

વેપારમાં આવું કાંઈ નહિ આવ્યું હોય. આહા..હા..! આવો માર્ગ! આ બીજા વેપારી .. વાણી ... પહેલા ઊંચા ભણીને પાછા નોકરી કરે. એમાં ધર્મ બર્મ ક્યાં? કોને કહેવો ધર્મ? આહા..હા..! આ ટાણા મળ્યા. પ્રભુ! તું તો અકારક છોને નાથ! આહા..હા..! તું તો મારી નાતનો જાતનો આત્મા છોને. હું પણ જગતનો જાણનાર-દેખનાર, તું પણ જગતનો જાણનાર-દેખનાર. તો જગતમાં તો પુણ્ય-પાપ અને પુણ્ય-પાપ ઉપર જેનું લક્ષ જાય એ બધું જગત છે. આહા..હા..! એ જગતથી તો તારી ચીજ નિરાળી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**પરદ્રવ્ય નિમિત્ત છે...**' જુઓ, છેને? '**માટે, એમ નક્કી થયું કે પરદ્રવ્ય નિમિત્ત છે...**' પાછું કોઈ એમ કહે કે પરદ્રવ્ય એને વિકાર કરાવે છે, એમ નથી. '**પરદ્રવ્ય નિમિત્ત છે અને આત્માના રાગાદિભાવો નૈમિત્તિક છે.**' આત્મામાં પુણ્ય અને પાપના ભાવ... આહા..હા..! દેવ, ગુરુ ને ધર્મ સાચો એમાં જે પ્રેમનો રાગ એ પણ કહે છે કે વિકાર છે. આહા..હા..! એ નિમિત્ત પર અને વિકાર ઉત્પન્ન થાય એ નૈમિત્તિક. નિમિત્તના સંબંધે, નિમિત્તના કાળે પોતાના થતાં વિકાર એ નૈમિત્તિક છે અને એ પરચીજ નિમિત્ત છે. એ નૈમિત્તિક અને નિમિત્તના બે પ્રકારનો ઉપદેશ કર્યો છે. આહા..હા..! '**જો એમ ન માનવામાં આવે તો દ્રવ્ય-અપ્રતિક્રમણ અને દ્રવ્ય-અપ્રત્યાખ્યાનનો કર્તાપણાના નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ થાય,...**' આહા..હા..! એ પરનું લક્ષ છોડ અને પરને લક્ષે થતાં વિકારને છોડ. ભગવાન એમ કહે, અમારા તરફનું લક્ષ છોડી દે. આહા..હા..! આવી વાત છે. આવે ભાવ, જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં સુધી જ્ઞાનીને પરદ્રવ્ય તરફના લક્ષનો શુભભાવ આવે, પણ છે એ અપ્રતિક્રમણ અને અત્યાગ. આહા..હા..! એ વાસ્તવિક આત્માના સ્વરૂપનું સાધન સ્વરૂપ એનું એ નથી. આહા..હા..! પરદ્રવ્યનું લક્ષ દેવ-ગુરુ-શાસ્ત્ર. સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ હોય એકલા પાપના નિમિત્ત, પણ દેવ, ગુરુ અને શાસ્ત્ર પણ જ્યાં પુણ્યના નિમિત્ત છે, એ બેયનું પ્રતિક્રમણ કરાવ્યું છે. છે એને અપ્રતિક્રમણ અપ્રત્યાખ્યાન છે એમ કીધું. અને કહીને એ બેનો સંબંધ છે એને છોડ. કારણ કે તું અકારક છો. આહા..હા..! બેયના ભાવને દૃષ્ટિમાંથી છોડી દે. આહા..હા..! સમજાય એટલું સમજવું, બાપા! આ તો સર્વજ્ઞ પરમેશ્વરની વાતું છે. બહુ થોડામાં ઘણું-ઘણું ભરી દીધું છે. ઓહો..હો..!

નિમિત્તનિમિત્ત સંબંધ બતાવીને એ આત્માની સાથે સંબંધ નથી. આહા..હા..! પણ એ વ્યવહાર પુણ્ય-પાપના ભાવનો સંબંધ ભગવાન આત્મા સાથે નથી. એ નિમિત્ત સાથે એનો સંબંધ છે એથી એને પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન કર એટલે એના તરફનું લક્ષ અને લક્ષવાળો ભાવ છોડ તો આ તારી .. તને જણાશે. મનસુખભાઈ! આવું ઝીણું છે. ... ફરીથી. ઝીણી વાત છે. આહા..હા..!

'**જો એમ ન માનવામાં આવે તો દ્રવ્ય-અપ્રતિક્રમણ...**' એટલે કે પરનું લક્ષ ન છોડવું અને દ્રવ્ય-અપ્રત્યાખ્યાન એટલે પરનો ત્યાગ ન કરવો એવો '**કર્તાપણાનાં નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ થાય,...**' એને છોડી દે કર્તા.. એમ જે ભગવાનનો ઉપદેશ છે એ નિરર્થક ગયો. આહા..હા..! '**અને તે નિરર્થક થતાં એક જ આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં...**' જોયું! શું કહે છે? નિમિત્ત એટલે .. વિકારીભાવનું નિમિત્ત છે પરદ્રવ્ય અને નૈમિત્તિક છે

આત્માની વિકારીદશા એ બેય નિમિત્ત-નૈમિત્તિકસંબંધ બેય છોડાવું છે. બેયનું પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન કરાવ્યું છે. કારણ કે બેયનું અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન એની પર્યાયમાં છે અને છે એને છોડાવ્યું છે. એ એમ જ કહે છે કે આત્મા એ રાગ અને રાગના લક્ષવાળું તત્ત્વ એ આત્મા નહિ. આહા..હા..!આવો માર્ગ હવે. ઓલું એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા તેઇન્દ્રિ ચૌ ઇન્દ્રિયા હતું લ્યો. ઇચ્છામી પડિક્કમણું અને મિચ્છામી દુક્કડમ જાવ.

**શ્રોતા :-** એ મૂકીને તો અહીં આવ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાલે ભાઈ બોલ્યા નહિ અશોકભાઈ. પાધરા આવ્યા.. નહોતા કર્યા. એના બાપ હતા. આમાં જ આવ્યા હતા .. .વાત નથી. ઘણાં .. આહા..હા..! પણ આ છે શું આ? આ કાંઈ વાડો નથી. આ કાંઈ સંપ્રદાયની .. બાંધી છે એમ નથી. આ તો આત્મા અંદર જે વસ્તુ અનંતગુણનો પિંડ પ્રભુ એને પરના લક્ષ અને લક્ષથી થતાં વિકારને છોડાવીને સ્વભાવમાં લીન થવા ... આહા..હા..! ત્યારે તેને ધર્મ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં એ રીતે આવ્યું હતું નહિ? અહીંયાં .. આવ્યું હતુંને બાબુભાઈ?

**'અને તે નિરર્થક થતાં એક જ આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં નિત્યકર્તાપણાનો પ્રસંગ...'** આહા..હા..! તો આત્મા ત્રિકાળી છે અને રાગ અને રાગનું લક્ષ પર એનું જે સ્વરૂપ એનો કર્તા હોય તો સદાય વિકાર કર્યા કરે અને કોઈ દિ' વિકારરહિત થઈ શકે નહિ. વિકારથી કોઈ દિ' પાછો હઠે નહિ. આહા..હા..! આ કાંઈ એક-બે દિ'માં સમજાય એવું નથી. આ તો બહુ પરિચય માગે ત્યારે સમજાય એવું છે.

**શ્રોતા :-** કેટલા દિ'માં સમજાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંતર્મુહૂર્તમાં. તમે તો છ મહિને કર્યો હતોને. પરિચય નહિને ઓલો. છોકરા બધા કાંઈક શીખ્યા હતા એલ.એલ.બી.માં અને એમ.એ.માં. બી.એ.ના અને બી.એસના પાપના બધા પૂંછડા છે, એ .. છે. આહા..હા..!

કહે છે જો આત્મા પરથી પાછો હઠે એવો એનો સ્વભાવ ન હોય અને રાગનો કર્તા અને પરના લક્ષમાં જ રહેનારો હોય તો સદાય તેને વિકાર કર્યા જ કરે અને દુઃખી થઈને દુઃખમાં રખડ્યા કરે. કોઈ દિ' રાગરહિત થવાનો એને પ્રસંગ સમકિત પણ થાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આત્માને પુણ્ય-પાપના ભાવનું કારણપણું હોં! નિમિત્તપણું એટલે કારણ. કારણપણું **'આવી પડતાં નિત્યકર્તાપણાનો પ્રસંગ આવવાથી...'** આહા..હા..! ભગવાન મોક્ષસ્વરૂપ છે વસ્તુએ એ જો રાગના કર્તાપણાનો એ કારક જ હોય તો કોઈ દિ' એને મોક્ષસ્વરૂપ છે એ શક્તિમાંથી વ્યક્તતા થાય નહિ, વિકારી થઈને દુઃખી થઈને રખડે છે. ચાર ગતિમાં રખડે છે. ચાર ગતિ દુઃખ છે. ચારેય ગતિ દુઃખ છે સવારમાં આવ્યું હતું. આહા..હા..!

**'નિત્યકર્તાપણાનો પ્રસંગ...'** શું કીધું એ? પુણ્ય અને પાપના રાગાદિ વિકારો એ એનાથી રહિતપણાનો ઉપદેશ ભગવાને કહ્યો એ જો એનો કર્તા હોય તો એ ઉપદેશ નિરર્થક થાય છે અને નિરર્થક

થતાં એ પુણ્ય અને પાપના ભાવનું કર્તાપણું આત્માને લાગુ પડી જાય છે અને કર્તાપણું લાગુ પડતા કોઈ દિ' વિકારરહિત સમ્યગ્દર્શન પણ પામશે નહિ. આહા..હા..! આવી વાત છે. આમાં શું કરવાનું આવ્યું કાંઈ આવે છે? એ સમજવાનું અંદર કરવું એ આવે. રાગ અને પુણ્ય-પાપના ભાવ અને એનું લક્ષ છોડીને આ બાજુ ઢળવું એ કરવાનું છે. સ્વભાવસન્મુખ થવું, વિભાવ અને વિભાવના નિમિત્તોના લક્ષને છોડવું, એનું વિમુખ થવું અને સ્વભાવસન્મુખ થવું એ એનો સાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? સામે છેને પુસ્તક? કેટલું સ્પષ્ટ તો લખ્યું છે. આત્મા અકારક જો ન હોય તો નિમિત્ત-નૈમિત્તિકસંબંધનો ભાવ એની પર્યાયમાં છે એવું અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન બતાવ્યું. તે પણ બે પ્રકારે બતાવ્યું—નિમિત્ત અને નૈમિત્તિક. દ્રવ્ય નિમિત્ત અને વિકાર નૈમિત્તિક બેયનો નિષેધ કરીને એને અવિકારી અકારક સ્વભાવમાં હટ્યો એમ જો ન હોય તો કારક ઠરી જાય. કારક ઠરે તો નિત્ય વિકાર કર્યા જ કરે, દુઃખી જ થયા કરે, કોઈ દિ' દુઃખથી મુક્ત થઈ શકે નહિ. આહા..હા..!

**'માટે, પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો.'** અહીં ગોટો છે મોટો. શું કીધું? **'માટે, પરદ્રવ્ય જ આત્માને...'** વિકારનું કારણ છે, સ્વદ્રવ્ય કારણ નહિ. સ્વદ્રવ્ય તો સ્વભાવ ચૈતન્યમૂર્તિ છે. એટલે પરદ્રવ્ય જ નિમિત્ત કારણ છે. વિકાર થવામાં પરદ્રવ્ય જ નિમિત્તકારણ છે. આત્મા છે નહિ. વિકારમાં આત્મા કાંઈ કરતો નથી. આહા..હા..! આવો ઝીણો ઉપદેશ. ઓલું તો ... નમો અરિહંતાણં, તો .. ઇચ્છામી પડિક્કમણા, તસ્સુઉતરી લોગસ્સ .. આઠ પાઠ આવડ્યા અને બોલ્યા તો થઈ ગઈ સામાયિક. .. નહિ શીખ્યા હોય ભાઈ ..? આવ્યા હતા સાત પાઠ. અહીં તો દસ વર્ષથી શીખેલા છે હોં. ૭૭ વર્ષ પહેલાં. દસ વર્ષની ઉંમર જૈનશાળામાં હતાને ઉમરાળા જૈનશાળામાં ભણતા. દસ વર્ષની ઉંમરથી આ બધું કરેલું. સામાયિક. મોઢા આગળ કર્યા હતા અમને. ૭૭ વર્ષ પહેલાંની વાત છે. પણ બધું ગપેગપ. ... ઠીક છે તમારે ... મારાથી મોટા છે. એ શીખેલા છે. પણ આ બધું આ પાઠ બોલે એ થઈ રહ્યું. અહીં તો ત્રણલોકનો નાથ ચૈતન્ય ભગવાન પહેલેથી ભણકાર ઉઠાવ્યો છે કે એકલો અકારક છેને. તારા વિકલ્પ જે .. રાગ ઉઠે એના પર ... છે. સમજાણું કાંઈ?

રાગાદિ ભાવોનો.. મોક્ષનો માર્ગ...**'માટે પરદ્રવ્ય જ આત્માને...'** સ્વદ્રવ્ય રાગનું કારણ નથી એમ સિદ્ધ કરવું છે. સ્વદ્રવ્ય સ્વરૂપ જ્ઞાતા-દ્રષ્ટા આનંદનો પિંડ છે એ કાંઈ પુણ્ય-પાપનું કારણ થઈ શકે નહિ. પરદ્રવ્યનું નિમિત્તપણું, કારણપણું હોં! ત્યાં લક્ષ જાય છે માટે વિકાર થાય છે એમ કહે. **'परदव्वादो दुग्गइ'** પોતાના દ્રવ્ય સિવાય પરદ્રવ્યમાં જાય છે લક્ષ એને શુભ અને અશુભભાવ થાય છે. એ તો તમારું રળવું .. ભાવ જાય એ પાપ. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિ તરફ લક્ષ જાય એ પુણ્ય. પણ બેય વિકાર છે. આહા..હા..! **'પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો.'** જુઓ, ઠીક! આમાંથી એ કાઢે કે રાગ-દ્વેષ પરદ્રવ્ય કરાવે છે. જ્યારે ભાવ કરે તો એનું નિમિત્ત પર ઉપર લક્ષ છે એટલે થાય છે એમ કહે છે. મૂળ એનું સ્વામીપણું. એનો અર્થ એવો છે. રાગનું સ્વામીપણું એ પરદ્રવ્ય છે, એના સ્વામીપણામાં ખરેખર વિકારનું કારણ છે. સમજાણું કાંઈ? એ કળશમાં આવશે.

પરદ્રવ્ય આત્માને વિકારી પુણ્ય-પાપના ભાવોનું નિમિત્ત હો. **'અને એમ હોતાં, આત્મા**

**રાગાદિકનો અકારક જ છે...**' લ્યો, પહેલો શબ્દ એ હતો. પહેલી લીટી હતી એ સિદ્ધ કરી. આ રીતે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદ્દ્ઘન આનંદકંદ એ વિકારનું મૂળ કારણ તો સર્વ વસ્તુનું નિમિત્તપણું અને એનું સ્વામીપણું છે. એ જ્યાં છૂટ્યો તો આત્મા તો અકારક જ છે. રાગ અને રાગના લક્ષવાળા ભેદીઓ એ બે તરફનું ધણીપતું છૂટ્યું ત્યારે સ્વભાવનો ધણી થયો ત્યારે આત્મા રાગનો અકર્તા છે ત્યારે તેને ધર્મ થાય છે. આવી વાત છે. આવો માર્ગ છે! સહેલો માર્ગ હશે કે નહિ બીજો કોઈ? આ જ સહેલો. જે રીતે હોય તે રીતે સહેલો હોય કે જે રીતે ન હોય એ રીતે સહેલો હોય? આહા..હા..!

'**(આ રીતે જોકે આત્મા રાગાદિકનો અકારક જ છે) તોપણ જ્યાં સુધી તે નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રમતો નથી...**' આત્મા સિવાય પરદ્રવ્યનું લક્ષ છોડતો નથી ત્યાં સુધી તો અજ્ઞાની રાગનો કર્તા અને વિકારનો કર્તા છે. સમજાણું કાંઈ? '**જ્યાં સુધી તે નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રમતો નથી...**' જોયું! અહીંયાં પ્રતિક્રમણ આવ્યું. પરદ્રવ્યમાંથી લક્ષ છોડતો નથી અને પરદ્રવ્યનો ત્યાગ લક્ષમાં કરતો નથી '**(જ્યાં સુધી નિમિત્તભૂત દ્રવ્યનું પ્રતિક્રમણ તથા પચખાણ કરતો નથી)**' જ્યાં સુધી પરચીજનું લક્ષ છોડતો નથી, પરચજીના લક્ષમાં જ ઘેરાઈ ગયો છે. આહા..હા..! સ્વદ્રવ્યની ચીજ જે આનંદ અને જ્ઞાયક પિંડ તેમાં ન આવતા પરદ્રવ્યના નિમિત્તમાં ઘેરાઈ ગયો છે, ઘેરો ઘાલ્યો છે. આવે છે કે નહિ? ... આહા..હા..! આ કરવું... આ કરવું... આ કરવું... આ કરવું... દયા પાળું, વ્રત પાળું, ભક્તિ કરું, પૂજા કરું, મંદિર બનાવું, શાસ્ત્ર વાંચુ, શાસ્ત્ર વંચાવું, સંભળાવું, સાંભળું એ બધા વિકલ્પનો કર્તા. આહા..હા..!

'**(જ્યાં સુધી નિમિત્તભૂત દ્રવ્યનું પ્રતિક્રમણ તથા પચખાણ કરતો નથી)** ' અને જ્યારે પરના લક્ષને જ છોડતો નથી '**ત્યાં સુધી નૈમિત્તિકભૂત ભાવને (–રાગાદિભાવને) પ્રતિક્રમતો નથી...**' નિમિત્તના લક્ષે થયેલા વિકાર, નિમિત્તનું લક્ષ છોડતો નથી તો તેના સંબંધી વિકાર પણ છોડતો નથી. આહા..હા..! ભારે! થોડા શબ્દોમાં કેટલું ભર્યું છે! ચંદુભાઈ હોય તો બહુ પ્રશ્ન કાઢ્યા કરે. રાજકોટ–રાજકોટ. બહુ ઝીણું. .. પહેલાં કેટલા પ્રશ્ન કરતા. બહુ વાંચન, ઘણું વાંચન. શું કીધું? આ આત્મા પોતાનું લક્ષ છોડતો નથી અને પરલક્ષમાં જે જાય છે. અહીં લક્ષ છોડતો નથી તો તો આમાં છે, પણ પરલક્ષ કરતાં પોતાના લક્ષને કરતો નથી, ત્યાં સુધી પરદ્રવ્યના લક્ષમાં દોરાઈ ગયો છે એથી પરદ્રવ્યના લક્ષથી પાછો ફરતો નથી. ત્યાંથી પાછો ફરતો નથી. એનાથી પાછો ફરતો નથી તેથી તેના લક્ષે વિકાર થાય તેનાથી પણ પાછો ફરતો નથી. પ્રવિણભાઈ! આહા..હા..! આવું તો કાંઈ .. સાંભળ્યું નહોતું. છેલ્લા આવ્યા હતા .. એકાદ દિ'. ... આવી .. વાત પહેલેથી માંડે. આહા..હા..!

'**જ્યાં સુધી...**' કીધુંને? નિમિત્તભૂત પરદ્રવ્યને છોડતો નથી લક્ષમાંથી. ત્યારે લોકો અહીંથી ઉપાડે છે. જો પરદ્રવ્ય છોડો તો પરદ્રવ્યના સંબંધનો વિકાર છોડશે. પરદ્રવ્ય છોડો–છોડો એમ કહે છે અહીં. અહીં તો પરદ્રવ્ય તરફનું લક્ષ છોડે તો તેના લક્ષે જે વિકાર થતાં તેને પણ એ છોડે એમ કહેવું છે. સમજાણું કાંઈ? આ તો બાપુ જન્મ-જરા-મરણરહિત થવાની વાત છે. અમૃતના સાગરને ઉછાળા મારીને અનુભવવો હોય બાપુ આ તો. ભગવાન આત્મા અમૃતના સાગરથી દરિયો ભર્યો છે. અતીન્દ્રિય

અમૃત સાગરનો પિંડ પ્રભુ છે. આહા..હા..! એ પામર નથી, અલ્પજ્ઞ પર્યાય જેટલો નથી. એ રાગ નથી એમાં. આહા..હા..! એ ભગવાન આત્મા તો ભગવાનસ્વરૂપ છે. આહા..હા..! પૂર્ણ અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય શાંતિનો સાગર રેલમછેલ ભરેલો ચકચકાટ. જ્યારે પરદ્રવ્યના તરફના નિમિત્તના લક્ષને છોડે ત્યારે તે નિમિત્તના લક્ષે થતાં વિકારભાવને પણ છોડે. છેને?

'(જ્યાં સુધી...' પહેલાં અહીંથી ઉપાડ્યું હતું નિમિત્તભૂત છોડતો નથી. પ્રસરતો નથી. '**(જ્યાં સુધી નિમિત્તભૂત દ્રવ્યનું પ્રતિક્રમણ તથા પચખાણ કરતો નથી ત્યાં સુધી નૈમિત્તિકભૂત ભાવને (-રાગાદિભાવને) પ્રતિક્રમતો નથી...**' આહા..હા..! પણ પરદ્રવ્યના લક્ષે તો વિકાર જ થાય, ચાહે તો શુભ હો કે અશુભ હો. એથી પરદ્રવ્યનું લક્ષ છોડતો નથી તેને નિમિત્તના સંબંધે થતાં વિકાર પણ તે છોડતો નથી. '**અને જ્યાં સુધી ભાવને પ્રતિક્રમતો નથી...**' લ્યો ઠીક! આવ્યું. જ્યાં સુધી વિકારીભાવને છોડતો નથી, ત્યાગ કરતો નથી '**ત્યાં સુધી કર્તા જ છે;...**' ત્યાં સુધી અજ્ઞાની રાગ-દ્વેષનો કર્તા જ છે. વસ્તુનો સ્વભાવ .. નિમિત્ત અને નિમિત્તના સંબંધે .. છોડતો નથી ત્યાં સુધી કર્તા છે. પર્યાયબુદ્ધિએ કર્તા છે. આહા..હા..! પહેલી ના પાડી હતી કે આત્મા પોતાના રાગાદિ... અહીં સિદ્ધ કર્યું જ્યાં સુધી પરદ્રવ્યનું લક્ષ છોડતો નથી અને સ્વદ્રવ્યના લક્ષમાં આવતો નથી ત્યાં સુધી પરદ્રવ્યના લક્ષે થતા વિકારને છોડતો નથી ત્યાં સુધી સ્વભાવના ગુણમાં આવતો નથી. આહા..હા..! આ કઈ જાતનો ઉપદેશ હશે? જયંતિભાઈ! આ બધું સાંભળ્યું હતું ત્યાં? વીતરાગનો માર્ગ આવો બાપુ! ઝીણો બહુ, ભાઈ! અને એના ફળ પણ અનંત આનંદ આવે, અનંત દુઃખનો નાશ થાય. એ ચીજ તો એવી હોય, એ ચીજ તો એવી કિંમતી હોયને?

**શ્રોતા :-** અમુલ્યમાં અમુલ્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, જેની કિંમત નથી. ભગવાન આનંદસ્વરૂપ એવું જે એની કિંમત કર. આહા..હા..! અમુલ્યવાનમાં મુલ આંકવા એ આંકાય નહિ. આહા..હા..! પોતે વસ્તુ લે વિકારનો અકારક હોવા છતાં જ્યાં સુધી પરના દ્રવ્ય ઉપરથી લક્ષ છોડતો નથી, ત્યાં સુધી પરદ્રવ્ય નિમિત્ત છે જેના વિકારમાં એ વિકારને છોડતો નથી, ત્યાં સુધી વિકારનો કર્તા છે, ત્યાં સુધી ચાર ગતિમાં પરિભ્રમણ કરશે.

'**જ્યારે નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રમે છે...**' એટલે કે નિમિત્ત જે વિકારના નિમિત્ત કારણો પરદ્રવ્ય એનું લક્ષ છોડે છે. પરદ્રવ્યને છોડે, પરદ્રવ્ય તો છૂટેલું જ પડ્યું છે. એટલે તો કહ્યું કે આત્મા એવો છે પરદ્રવ્યના ત્યાગ-ગ્રહણરહિત છે. હવે અહીંયાં કહે છે કે જ્યાં સુધી નિમિત્તને છોડે નહિ. છે? એનો અર્થ આ છે. પહેલા દ્રવ્ય છોડો, બાયડી, કુટુંબ, દુકાન, ધંધો છોડો તમને વિકાર છૂટશે. અનંતવાર છોડ્યા હવે સાંભળને. 'ત્યારે જ **નૈમિત્તિકભૂત ભાવને પ્રતિક્રમે છે તથા પચખે છે,...**' એની વ્યાખ્યા જરી ઝીણી આવશે.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ વદ-૧૪, સોમવાર, તા. ૧૬-૦૫-૧૯૭૭,**
**ગાથા-૨૮૩ થી ૨૮૭, પ્રવચન નં. ૩૪૩**

ભાવાર્થ છે. ત્રણ ગાથાનો ભાવાર્થ છેને, અપ્રતિક્રમણ આદિ. શું કહે છે?

'**ભાવાર્થ :- અતીત કાળમાં જે પરદ્રવ્યોનું ગ્રહણ કર્યું હતું...**' આ આત્મા સિવાય જેટલા પરદ્રવ્ય છે એને પૂર્વે જે ગ્રહ્યા હતા. ગ્રહ્યાનો અર્થ? એના ઉપર લક્ષ કર્યું હતું કે આ મારા છે. ગ્રહ્યાનો અર્થ કાંઈ પકડી રાખ્યા હતા એમ નથી. ગયા કાળમાં જે પદાર્થ આત્મા સિવાય શરીર, વાણી આદિ જે કર્મ, જે પરપદાર્થ, પૂર્વે સ્ત્રી, કુટુંબ, પરિવાર પણ અનંતવાર થયા એ પરદ્રવ્યને પોતાના માન્યા હતા એટલે ગ્રહણ કર્યું એમ અહીં કહેવામાં આવે છે. '**તેમને વર્તમાનમાં સારાં જાણવા,...**' એ ઠીક કર્યું હતું. પૂર્વે પરદ્રવ્યના કાર્ય કર્યા હતા એ ઠીક કર્યા હતા અને પરદ્રવ્યની જે ચીજ તદ્દન આત્માથી ભિન્ન એને મારા તરીકે માન્યા હતા '**તેમના સંસ્કાર રહેવા,...**' છેને? '**સારા જાણવાં, તેમના સંસ્કાર રહેવા,...**' આહા..હા..! '**તેમના પ્રત્યે મમત્વ રહેવું, તે દ્રવ્ય-અપ્રતિક્રમણ છે...**' દ્રવ્ય એટલે વસ્તુનું પ્રતિક્રમણ એ એનાથી ખસ્યો નથી, હટ્યો નથી. પરદ્રવ્ય ઉપર તેની પ્રીતિ અને પ્રેમ છે. આહા..હા..! આ લોકો પડિક્કમણું-પડિક્કમણું કરે છે એ જુદી જાતનું હોં! પ્રવિણભાઈ! આ તમારા વાડામાં બધા કરે છેને પડિક્કમણા? એ આ જાત નથી. આ બીજી જાતનું સાચું પડિક્કમણું. આત્મા સિવાય જેટલા પરદ્રવ્ય છે તેને પૂર્વકાળમાં સારા જાણ્યા હતા, તેના સંસ્કાર રહ્યા હોય કે ઠીક એ છે અને એનું મમત્વ જે રહેવું એનું નામ દ્રવ્ય-અપ્રતિક્રમણ—પરથી પાછો હઠ્યો નથી, પરમાં રોકાઈ ગયો છે એનું નામ દ્રવ્ય અપ્રતિક્રમણ છે. છેને?

'**અને તે પરદ્રવ્યોના નિમિત્તે...**' એ તો પરવસ્તુ પહેલી વાત કરી. હવે '**પરદ્રવ્યોના નિમિત્તે જે રાગાદિભાવો થયા હતા...**' પૂર્વે. પરદ્રવ્યના નિમિત્તે હોં! એનાથી થયા નથી. કર્યા છે પોતે, પણ એને નિમિત્ત પરદ્રવ્ય કોઈ સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, શરીર એના પ્રત્યે જે રાગાદિ-દ્વેષાદિ કર્યા હતા '**તેમને વર્તમાનમાં ભલા જાણવા,...**' એ વિકારીભાવ પૂર્વે પરદ્રવ્યના સંબંધે કર્યા હતા એને વર્તમાનમાં ભલા જાણવા. '**તેમના સંસ્કાર રહેવા, તેમના પ્રત્યે મમત્વ રહેવું,...**' એ મારા છે, રાગાદિ મારા હતા, પુણ્યાદિ-પાપાદિ મારા હતા. આહા..હા..! ઝીણી વાતું બહુ. '**તે ભાવ-અપ્રતિક્રમણ છે.**' એ ભાવથી પાછો હઠ્યો નથી. ભાવમાં અપ્રતિક્રમણ છે એટલે પાછો ખસ્યો નથી એવું એને મિથ્યાત્વનું પાપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ દુનિયાને તો આકરું લાગે એવું છે. આ બધાની સેવા કરી દઈએ ને બધાનું આ કરી દઈએ, બધાની દયા પાળી દઈએ ને એવો જે પરદ્રવ્યના નિમિત્તે વિકાર થયો હતો તે વિકારને ભલો જાણવો, સંસ્કાર રહેવા, મમત્વ રહેવું એનું નામ ભાવદોષ-ભાવ-અપ્રતિક્રમણ છે. પ્રવિણભાઈ! ત્યાં સાંભળવાનું નથી ક્યાંય ઓલામાં તો, હતા ત્યાં. સાંજે પડિક્કમણું

કરો, મિચ્છામી દુક્કડમ જાવ. શેના મિચ્છામી દુક્કડમ? હજી પરવસ્તુ, સ્વવસ્તુ શું છે એની ખબર ન મળે. આહા..હા..! પૂર્વે દેવ, ગુરુ અને શાસ્ત્ર મળ્યા હતા પણ એ પરદ્રવ્ય હતા. આહા..હા..!

**શ્રોતા :–** એને સારા ગણવામાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એનાથી પાછો હઠ્યો નથી એ દ્રવ્ય-અપ્રતિક્રમણ છે અને એને સારા માનીને જે રાગ થયો હતો, એનાથી હઠ્યો નથી એનું નામ ભાવ-અપ્રતિક્રમણ છે. ભાષા સમજાય છે, ભાઈ? રાત્રે પૂછતો. ગુજરાતી છે. આહા..હા..!

'**તેવી રીતે આગામી કાળસંબંધી...**' ઓલી તો ગયા કાળની વાત કરી. ગયા કાળના બે પ્રકાર--આત્મા સિવાય બીજા પરદ્રવ્ય પ્રત્યે ભલા જાણ્યા હતા, સંસ્કાર રાખ્યા અને વર્તમાનમાં તેની મમતા રહે એ દ્રવ્યનું અપ્રતિક્રમણ એટલે દ્રવ્યસંબંધીનું પાપ અને ગયા કાળમાં એ પરદ્રવ્યના લક્ષે—નિમિત્તે જે રાગ-દ્વેષ થયા હતા એને વર્તમાનમાં ભલા જાણવા, તેના સંસ્કાર રહેવા કે એ ઠીક છે, એની મમતા રહેવી એ વર્તમાન દ્રવ્યના નિમિત્તે થયેલા ભાવ એને ભલા જાણે (એ) ભાવ-અપ્રતિક્રમણ, ભાવપાપ છે.

**શ્રોતા :–** અપ્રતિક્રમણ એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ખસ્યો નહિ કીધુંને, હઠ્યો નહિ. ઓલા દ્રવ્ય તરફથી હઠ્યો નથી, તેમ તેના નિમિત્તે થયેલા વિકારથી હઠ્યો નથી. ભાષા તો સાદી થાય છે. સમજાણું કાંઈ?

અને આ ભવિષ્યકાળ સંબંધી '**પરદ્રવ્યની વાંછા રાખવી,...**' કે શરીર ઠીક મળે તો ઠીક, વાણી ઠીક મળે તો ઠીક. આહા..હા..! પરદ્રવ્ય અનુકૂળ મળે તો ઠીક એવી ભવિષ્યના વર્તમાન પરદ્રવ્યની વાંછા રાખવી. આહા..હા..! છે? '**મમત્વ રાખવું, તે દ્રવ્ય-અપ્રત્યાખ્યાન છે...**' એ પરદ્રવ્યથી પચ્ચખાણ કર્યું નથી એટલે પરનો ત્યાગ કર્યો નથી એનું નામ દ્રવ્ય-અપ્રત્યાખ્યાન છે. દ્રવ્યનું અપચ્ચખાણ એટલે પચ્ચખાણ નથી. આહા..હા..! બાબુભાઈ! સમજાય છે કાંઈ? આહા..હા..! '**અને તે પરદ્રવ્યોના નિમિત્તે આગામી કાળમાં થનારા...**' પુણ્ય અને પાપ આદિ ભાવો '**તેમની વાંછા રાખવી,...**' ભવિષ્યમાં શુભભાવ થાય તો ઠીક, અશુભભાવ થાય તો ઠીક—એમ ભવિષ્યકાળને માટે વર્તમાનમાં વિકારોની વાંછા, સંસ્કાર અને મમતા રહેવી એ ભવિષ્યનું અપ્રત્યાખ્યાન છે. આહા..હા..! છેને? તે ભાવ-અપ્રત્યાખ્યાન છે. આહા..હા..! ભાષા સમજવી કઠણ પડે પહેલી તો. આ તો ટૂંકામાં કહેવું છે ને એકદમ.

ભાવ અને દ્રવ્ય-અપ્રતિક્રમણ અને ભાવ ને દ્રવ્ય-અપ્રત્યાખ્યાન. '**આમ દ્રવ્ય-અપ્રતિક્રમણ અને ભાવ-અપ્રતિક્રમણ...**' પરદ્રવ્યના રાગના સંસ્કાર રહેવા એ દ્રવ્ય-અપ્રતિક્રમણ છે અને વર્તમાન ગયા કાળના વિકારના સંસ્કાર રહેવા એ ભાવ-અપ્રતિક્રમણ. '**અને દ્રવ્ય-અપ્રત્યાખ્યાન ને ભાવ-અપ્રત્યાખ્યાન—**' ભવિષ્યના આત્મા સિવાય પરદ્રવ્યની વાંછા રાખવી એ દ્રવ્ય-અપ્રત્યાખ્યાન અને તેના થતા રાગને અનુમોદવું, રાગ તે ઠીક છે, પુણ્યનો રાગ પણ થાય ભવિષ્યમાં તો સારો છે એમ માનવું એ ભાવ-અપ્રત્યાખ્યાન છે. '**એવો જે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો બે પ્રકારનો**

**ઉપદેશ છે તે દ્રવ્ય-ભાવના નિમિત્ત-નૈમિત્તિકભાવને જણાવે છે.** ' ભગવાનનો આવો ઉપદેશ છે તે એમ જણાવે છે કે ગયા કાળના દ્રવ્ય નિમિત્ત છે અને વિકાર કરેલો તે નૈમિત્તિક એટલે એના સંબંધે થયેલો વિકાર છે. ભવિષ્યમાં પરદ્રવ્યની ઇચ્છા એ નિમિત્ત છે, અને ભવિષ્યમાં પરદ્રવ્યને રાખવાની, ઠીક માનવાનો વિકારભાવ છે તે નૈમિત્તિક છે. બધા શબ્દો જ એવા આકરા છે. અભ્યાસ ન મળે અભ્યાસ બહારમાં. એક તો દુનિયાથી નવરો થતો નથી. આખો દિ' પળોજણ એકલી પાપની. એમાંથી નવરો થાય કલાક મળે ક્યાંક ઓલા એ કહે કે જાવ. સાંજે પડિક્કમણું કરજો. સામાયિક કરીને કરવું મિચ્છામી દુક્કડમ, થઈ રહ્યું જાવ. ધૂળેય નથી. એ પડિક્કમણું કરવા બેસે છે એ રાગ થાય છે. એ રાગ થાય છે એને એ પડિક્કમણું માને છે. સમજાણું કાંઈ? એ રાગના નિમિત્ત જે દ્રવ્યો છે ભૂત-ભવિષ્યના એ બેને દ્રવ્ય-અપ્રત્યાખ્યાન અને દ્રવ્ય-અપ્રતિક્રમણ કહે છે; અને તેના નિમિત્તે ભૂતકાળ અને ભવિષ્યના નિમિત્તે થતાં વિકારી ભાવ એને ભાવ-અપ્રતિક્રમણ અને ભાવ-અપ્રત્યાખ્યાન કહે છે. શું આમાં સમજવું એમ પૂછે છે. એમ કહે છે કે તારા દ્રવ્યને ભૂલીને ચૈતન્ય ભગવાન આનંદકંદ પ્રભુ છે તેને ભૂલીને તેં પરદ્રવ્યને સારા માન્યા એ મોટું મહામિથ્યાત્વ છે અને પરદ્રવ્યના નિમિત્તે થતાં વિકારને ભલા માન્યા એ પણ મહામિથ્યાત્વ છે.

**શ્રોતા :-** સારા હોય તેને સારો જ કહેવાયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સારો હતો કે દિ'? ધૂળ. એ પરદ્રવ્ય દેવ, ગુરુ અને શાસ્ત્ર એ પરદ્રવ્ય છે. પરદ્રવ્યથી તો દુર્ગતિ થાય, રાગ થાય. આકરી વાતું છે, બાપુ! આ તો માર્ગ વીતરાગનો એવો ઝીણો છે. આ બધું કહેલું કહી શકે કે નહિ કે રાત્રે આ તમે કહ્યું હતું ઈ? યાદ રહે કે નહિ? એમ કહે છે આ.

**શ્રોતા :-** આપ પાકુ કરાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘુંટાવીએ તો છીએ આ.

સ્વ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા પવિત્રતાનો પિંડ પ્રભુ છે, ચૈતન્યગુણનો સ્કંધ છે. જેમ આ ઘણાં રજકણનો આ સ્કંધ છે આ એમ પ્રભુ અનંતગુણનો સ્કંધ છે. વિકાર નથી એમાં, વિકાર એની ચીજ જ નથી. એવી નિર્વિકારી ચીજને ભૂલી અને પોતાના દ્રવ્ય સિવાય પરદ્રવ્યની સાથે કાંઈ સંબંધ નથી. છતાં 'એ પરદ્રવ્યનું હું કરી શકું છું, મેં કર્યું હતું, મેં આમ કર્યું હતું અને એ મારા હતા' એવી જે માન્યતા છે એ મહામિથ્યાત્વભાવ છે, જૂઠો ભાવ છે. અને એ નિમિત્તના લક્ષે વિકાર થયેલા એને સારા જાણવા. આહા..હા..! ગયા કાળના દેવ, ગુરુ અને શાસ્ત્રને લક્ષે થયેલો પુણ્યભાવ, એ પુણ્યભાવને ભલો જાણવો એ પણ મિથ્યાત્વભાવ છે એમ કહે છે. સમજાણું કાંઈ? બધા શેઠિયાઓ સાંજ-સવારે જાય પડિક્કમણું કરવા કોક દિ'. જય નારાયણ બધા થઈ ગયા ધર્મ જાણે. ધર્મ કેમ થાય, બાપુ! એ તો અલૌકિક વાતું છે. આહા..હા..!

પરવસ્તુ અને પરવસ્તુના નિમિત્તે થતો વિકાર, ભૂતકાળનો અને ભવિષ્યનો બેય તરફથી પાછું હઠી જવું. આહા..હા..! અને સ્વભાવ શાંત આનંદ છે તેની સાવધાનીમાં આવવું એનું નામ ધર્મ અને સમકિત છે. આવી તો ભાષા સમજાય કે નહિ? કહો, વાણીલાલજી! સંસારની બહુ વાત યાદ રહે એને

વેપારીની જુઓ! આનું આ ભાવથી લાવ્યા છીએ, આ ભાવે ખપ્યો છે, આટલો બાકી છે, અત્યારે આ ભાવ ચાલે છે. એવી તો હજારો ચીજ હોય દુકાનમાં ધંધામાં. બધી યાદ રહે એને પાપની. અમારે આણંદજી હતો દુકાનમાં. આણંદજી ગુજરી ગયો પછી એની વહુ પણ ગુજરી ગઈ. એને બહુ યાદગીરી ધંધામાં. કાંઈ છોકરું છૈયું નહોતું પણ ધંધો, મુંબઈ. દુકાન એવી હતી કે મહિનામાં કેટલી વાર જાવું પડે મુંબઈ. એટલે એણે પાસ લીધેલો મુંબઈનો. ટિકિટ નહિ, મહિનાનો પાસ. બાર મહિનાનો પાસ. કારણ કે એક મહિનામાં પાંચ-સાત વાર જાવું પડે. મુંબઈ આવવું-જાવું હોય. માલ લેવા જાયને ત્યાં, ઓલા શું કહેવાય? કેવા બાગ? કોલાબા? કોલાબા કહે છે? શું કહે છે ઈ? કોલાબા જાય. હું પણ ગયો હતો ને પહેલાં, એ જાતનો માલ લેવા જોવા ગયો હતો બધા. આહા..હા..! એક તો મારવાડી હતો તે ઝપટ મારતો હતો. આ ૬૫-૬૬ની (સાલની) વાત છે. આમ છે ને આમ છે. કીધું, આ શું કરે છે? કોલાબે આવેને, તાર આવે વિલાયતથી. દરિયાનો કાંઠો ત્યાં છેને. આવીને પછી ધમાલ ઉડાવે મારવાડીઓ બધા. આ ભાવે લ્યો... આ ભાવ લ્યો. શું છે આ તે? આહા..હા..!

આત્મા સિવાયના જેટલા પરદ્રવ્ય છે—સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, દેવ, ગુરુ અને શાસ્ત્ર. એ પર વસ્તુ પ્રત્યેનું લક્ષ કરી અને તેના લક્ષે જે વિકાર થયા, એ બેયને ભલા જાણવા એનું નામ અપ્રતિક્રમણરૂપી પાપ છે; અને ભવિષ્યમાં આત્મા સિવાય પરદ્રવ્ય તરફના લક્ષ કરીને 'આ ઠીક છે' અને તેના લક્ષે થતાં વિકારીભાવ વર્તમાનમાં એમ માને કે આ ઠીક છે, એ વર્તમાનમાં ભાવ-અપ્રતિક્રમણ છે અને ભાવ અપ્રત્યાખ્યાન છે. આહા..હા..!

આવો જે દ્રવ્ય અને ભાવનો ઉપદેશ છે '**તે દ્રવ્ય-ભાવના નિમિત્ત-નૈમિત્તિકભાવને જણાવે છે. માટે, એમ ઠર્યું કે પરદ્રવ્ય તો નિમિત્ત છે...**' આત્મા સિવાય પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર છે, એની સાથે ભગવાન આત્માને કાંઈ સંબંધ નથી. આ શરીર સાથે કાંઈ સંબંધ નથી. આ તો રજકણ જગતની ધૂળ છે. આ વાણી સાથે પણ કાંઈ સંબંધ નથી. જગતની ધૂળ છે વાણી. આહા..હા..! કર્મ જે છે અંદરમાં એ જગતની ધૂળ છે, એ પર છે, એની સાથે આત્માને શું છે? આહા..હા..! કહે છે કે '**કે પરદ્રવ્ય તો નિમિત્ત છે અને રાગાદિભાવો નૈમિત્તિક છે. આ રીતે આત્મા રાગાદિભાવોનો...**' અકર્તા છે. સ્વયમેવ નામ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિએ પ્રભુ આત્મા રાગને કરતો નથી. પરને લક્ષે રાગાદિ કરે છે. ખરેખર એનો સ્વભાવ તો રાગ અને પરદ્રવ્યના લક્ષ ન કરવા એવો એનો સ્વભાવ છે. જરા ઝીણી વાત છે આ, રાયચંદભાઈ! નાઈરોબીથી આવ્યા છે. એક .. તો આવ્યું હતું. પોર ક્યાં હતા? ... બીજા હશે, ઓલા જેઠાલાલ ને એ. કો'ક બીજા આવ્યા હશે. આહા..હા..! કો'ક બીજા આવ્યા હશે. હમણાં આવ્યા હતા ઘણા સાત-આઠ જણા નાઈરોબીથી આવ્યા છે. એ રોકાણા છે.

અહીં કહે કે એ પરદ્રવ્ય... આહા..હા..! આ લક્ષ્મી છે એ મેં બીજાને દીધી એવું જે પરદ્રવ્યના નિમિત્તમાં સારું માનવું એ પણ પાપ છે. અને પરદ્રવ્યના નિમિત્તે થતાં રાગની મંદતા પોતાને થઈ પુણ્યની એને પણ ભલા માનવા એ પણ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! એ પણ અપ્રતિક્રમણ અને

અપ્રત્યાખ્યાન છે, પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન એ નહિ. આહા..હા..!

**'આ પ્રમાણે જોકે આ આત્મા રાગાદિકભાવોનો અકર્તા જ છે, તોપણ જ્યાં સુધી તેને નિમિત્તભૂત પરદ્રવ્યનાં અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે...'** પરદ્રવ્યનો ત્યાગ નથી લક્ષમાં ભૂતકાળ અને ભવિષ્યનો, ત્યાં સુધી તે રાગાદિભાવોનું અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન... પ્રતિક્રમણ ભાષા છે. 'અ' રહી ગયો છે. **'અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે...'** આહા..હા..! જ્યાં સુધી આત્મા ગયા કાળના પદાર્થોના સંબંધને અને એના પદાર્થના સંબંધે થયેલા વિકારને છોડે નહિ ત્યાં સુધી તે વિકારનો કર્તા અજ્ઞાનભાવે છે. સમજાણું કાંઈ? અજ્ઞાનભાવે કર્તા છે અને રખડનારો છે એમ કહે છે. આહા..હા..! **'અને જ્યાં સુધી રાગાદિભાવોનાં પ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે... '** જ્યાં સુધી ભૂતકાળના અને ભવિષ્યના વિકારીભાવનો પ્રેમ અને સંસ્કાર છે **'ત્યાં સુધી તે રાગાદિભાવોનો કર્તા જ છે;...'** એનો સ્વભાવ અકર્તા હોવા છતાં વિકાર અને પરદ્રવ્યને ભલું માનીને કરે છે ત્યાં સુધી અજ્ઞાનભાવે કર્તા છે. મિથ્યાત્વભાવે એનો કર્તા છે. આહા..હા..!

**'જ્યારે તે નિમિત્તભૂત પરદ્રવ્યનાં પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન કરે...'** એટલે? આત્મા સિવાયના પરદ્રવ્ય પ્રત્યેથી પાછો વળે અને ભવિષ્યના પણ પરદ્રવ્યથી પાછો વળે વર્તમાનમાં **'ત્યારે તેને નૈમિત્તિક રાગાદિભાવોનાં પણ અપ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન થઈ જાય છે,... '** ત્યારે એને વિકાર અને પરદ્રવ્યનો ત્યાગ થઈ જાય દૃષ્ટિમાંથી અને ભગવાન આનંદસ્વરૂપ છે તેનું ગ્રહણ થાય. પરદ્રવ્ય અને પરદ્રવ્યના નિમિત્તે થતાં વિકાર, એનો જ્યારે ત્યાગ કરે, અપ્રતિક્રમણ છે એનું પ્રતિક્રમણ કરે એટલે પાછો ફરે અને ભાવમાંથી પાછો ફરે ત્યારે સ્વભાવમાં આવે ત્યારે તેને સાચું પ્રતિક્રમણ અને સાચું પ્રત્યાખ્યાન છે. આરે.. આરે..! આવી ભાષા! પાછો ફરે, હઠે. ત્યાંથી લક્ષ છોડીને અહીં લક્ષ કરે ભગવાન ઉપર. ઓહો..હો..! શુદ્ધ ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વભાવ ભગવાન એનો આશ્રય કરે અને પરનો આશ્રય દૃષ્ટિમાંથી છોડે, નિમિત્તો દ્રવ્યો અને એના નિમિત્તે થતાં વિકાર, બેયનું લક્ષ અને આશ્રય છોડે અને એક ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એનો આશ્રય અને લક્ષ કરે ત્યારે તેને સાચું પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન થાય. આ તો સમજાય એવી ભાષા છે. કહો, સમજાણું કાંઈ?

**'અને જ્યારે રાગાદિભાવોનાં પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન થઈ જાય છે ત્યારે તે સાક્ષાત્ અકર્તા જ છે.'** સ્વભાવ તો અકર્તા છે, પણ જ્યારે એ વિકાર અને વિકારના નિમિત્તોથી પાછો હઠી અને સ્વભાવમાં આવે છે ત્યારે સાક્ષાત્ અકર્તા થાય છે. અરે..! આટલું છે ઝીણું લ્યો! સાદી ભાષામાં તો મૂક્યું છે એમણે. શું કહ્યું? ટૂંકામાં ફરીને લઈએ કે આ ચૈતન્યદ્રવ્ય જે છે વસ્તુ, એક સમયમાં પૂર્ણાનંદ અને પૂર્ણ શાંતિ અને અનંત અણીન્દ્રિય જ્ઞાનનો સાગર પ્રભુ છે એમાંથી ખસી જઈને, તેનો આશ્રય અને લક્ષ છોડી દઈને પોતાના સિવાયના પરપદાર્થના પ્રેમમાં ઠીક છે, મમતામાં સંસ્કાર રહે એને ગયા કાળના દ્રવ્યમાં, ત્યાં સુધી તેને દ્રવ્યનું અપ્રતિક્રમણ છે અને તેના નિમિત્તે થતાં ભાવ એ આત્મા આનંદસ્વરૂપ છે તેનો આશ્રય લીધો નથી અને તેથી વિકારી ભાવોનો આશ્રય લઈને ઠીક છે એમ માને છે ત્યાં સુધી તેને ભાવ-અપ્રતિક્રમણ છે અને ભવિષ્યમાં પણ પરદ્રવ્યના સંસ્કાર (રહે) કે આ પરદ્રવ્ય

કાંઈક... એ વજ્રનારાચસંહનન મળે તો કેવળજ્ઞાન થાય, માણસપણું મળે તો જ્ઞાન થાય એવું પરદ્રવ્ય પ્રત્યેની ભવિષ્યની પણ જો મમતા રહે... સમજાણું કાંઈ? તો એ ભવિષ્યના પરપદાર્થથી પાછો હઠ્યો નથી એટલે અપચ્ચખાણ છે. અને ભવિષ્યમાં એ પરદ્રવ્ય પ્રત્યેના સંબંધે થતા વિકારીભાવને સ્વભાવ તરફનો આશ્રય છોડી દઈને વિકારીભાવને ભલા સંસ્કાર માને ત્યાં સુધી તેને ભવિષ્યનું અપચ્ચખાણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચાર-પાંચ વાર તો ઘુંટી-ઘુંટીને કહેવાય છે, પણ ઓલા સંસારના રસ જેવા હોય એવો રસ લાગે નહિ આમાં. લૂખુંલસ જેવું લાગે આ. એણે કોઈ દિ' આત્મા અને પર શું છે એની ભિન્નતા કરી જ નથી. આ ભિન્નતાની વાત છે. એકતા માની છે. પરદ્રવ્ય અને પરદ્રવ્યના નિમિત્તે થતાં વિકાર એની સાથે એકતા માની છે તે જ મિથ્યાત્વ છે અને તેની એકતા તોડવી અને સ્વભાવની એકતા કરવી એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે. કહો, આ તો સમજાય છે કે નહિ? એ ગાથા પૂરી થઈ.

'**હવે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાનું ઉદાહરણ કહે છે :—** ' ગાથા.

**आधाकम्मादीया पोग्गलदव्वस्स जे इमे दोसा।**
**कह ते कुव्वदि णाणी परदव्वगुणा दु जे णिच्चं।।२८६।।**
**आधाकम्मं उद्देसियं च पोग्गलमयं इमं दव्वं।**
**कह तं मम होदि कयं जं णिच्चमचेदणं वुत्तं।।२८७।।**

આ દાખલો આપે છે દ્રવ્યભાવનો. નીચે.

**આધાકરમ ઈત્યાદિ પુદ્‌ગલદ્રવ્યના આ દોષ જે,**
**તે કેમ 'જ્ઞાની' કરે સદા પરદ્રવ્યના જે ગુણ છે? ૨૮૬.**
**ઉદ્દેશી તેમ જ અધઃકર્મી પૌદ્‌ગલિક આ દ્રવ્ય જે,**
**તે કેમ મુજકૃત હોય નિત્ય અજીવ ભાખ્યું જેહને? ૨૮૭.**

આહા..હા..! '**ટીકા :- જેમ અધઃકર્મથી નીપજેલું...**' સાધુને માટે, સાધુએ કહ્યું હોય અને ઊપજે આહાર એને અધઃકર્મ કહેવામાં આવે છે. સાધુ કહે કે અમારે માટે આ બનાવજો, ઊના પાણી કરજો, સવારમાં.. નગ્ન મુનિને, પણ આહાર વખતે 'આવું બનાવજો' એમ જે સાધુ કહે અને ઓલા કરે એને અધઃકર્મ દોષ પાપ મહા કહે છે. '**અને ઉદ્દેશથી નીપજેલું...**' એટલે? સાધુને માટે કરેલું. આજ તો મહારાજને આહાર વહોરાવો છે માટે પાણી ઊના કરો, કૂવામાંથી ટાઢા પાણી લાવો. એઈ..! માણેકલાલજી! આવું કર્યું હશે કે નહિ પહેલાં? જૂના દિગંબર છેને ઈ. મહારાજને આજે આહાર વહોરાવવો છે. કેરી લાવો, મોસંબી લાવો, દાડમ લાવો, એના પાણી કાઢો, ઊના પાણી કરો અધમણ, બે શેર-ત્રણ શેર પીવામાં જોશે, બાકી કમંડળમાં દસ શેર નાખવાનું જોશે. આવું બધું ઉદ્દેશીને જે આહાર કરે એને ઉદ્દેશીક આહાર કહે છે. ભલે સાધુએ કીધું ન હોય પણ એને માટે કરે તેને ઉદ્દેશીક કહે છે. આહા..હા..!

'**એવું જે નિમિત્તભૂત (આહાર આદિ) પુદ્‌ગલદ્રવ્ય તેને નહિ પચખતો...** ' એને માટે

કરેલો આહાર જે સાધુ છોડતો નથી તે તેના સંબંધે પાપ છે તેને તે છોડતો નથી. સમજાણું કાંઈ? અત્યારે તો છાપામાં આવે, મહારાજ પધાર્યા છે માટે ચોકા કરવા આવો. ચોકા એટલે એને માટે રાંધવા આવો. રાંધીને આપો, ચોકા કરો. બહુ બગડી ગયું છે, બધો ફેરફાર થઈ ગયો છે. નિશ્ચય સત્ય તો નથી રહ્યું, પણ વ્યવહાર પણ બગડી ગયો આખો. એને માટે પાણી ઊના કરવા અને આહાર કરવો, ઘરમાં થોડોક આહાર કરતા હોય એને માટે ચોખા વધારે નાખવા, લોટ વધારે ઘઉંનો બાંધવો. કારણ કે ઘરમાં તો બે માણસ હોય અને મહારાજને વહોરાવવું હોય તો પાંચ-સાત-દસ રોટલી જોઈએ તો એને માટે લોટ વધારે નાખવો, ચોખા વધારે નાખવા, દાળ વધારે નાખવી. એને માટે કરેલો આહાર, સાધુને ખબર હોય કે આ તો બે જણા છે અને આટલું બધું બનાવ્યું છે મારા માટે. સમજાણું? એ આહાર ઉદ્દેશીક લે એ પાપી પ્રાણી છે, તે સાધુ નથી.

**શ્રોતા :-** શ્રાવકને પુણ્ય થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ શુભભાવ પણ મિથ્યાત્વસહિત તેને પુણ્ય થાય. એ સાધુ માનીને એને માટે કરીને આપે છે એને મિથ્યાત્વનું મહાપાપ એની સાથે શુભભાવ હોય તો પુણ્ય થાય પાપાનુબંધી. સમજાણું કાંઈ? અત્યારે તો પત્રમાં ચોખ્ખું આવે છે. ચોકા કરવા આવો... ચોકા કરવા આવો. એટલે એને માટે બનાવવા આવો અને લ્યો આપો. અને માને સાધુ પાછા. ઓલા પણ હોંશથી દે છે અને અત્યારે નિર્દોષ આહાર મળે એવું છે જ નહિ. કારણ કે એને માટે કર્યા વિનાનું પાણી ક્યાંથી લાવવા? ચોખા, દાળ, ભાત. ઘર માટે તો એક-બે માણસ હોય. એના માટે કર્યું હોય અને આ આવે તો એને દેવું પડે. આહા..હા..! આકરું કામ, ભાઈ!

એ આહાર લે છે તે પુદ્‌ગલદ્રવ્ય તેને નહિ છોડતો તે '**આત્મા (-મુનિ) નૈમિત્તિકભૂત બંધસાધક ભાવને પચખતો** (ત્યાગતો) **નથી,...**' તે નિમિત્ત સંબંધે થતાં પોતાના વિકારીભાવ, એને ઉદ્દેશીને કરેલું લીધું છે, ખબર છે કે આ મારા માટે કરેલું છે. એક જ છે બાઈ અને એક જ છે આદમી અને કર્યું છે આટલું બધું તો ઉદ્દેશીક છે ચોખ્ખું. એ જે લે છે એને નિમિત્ત સંબંધીનું પાપ જે છે નૈમિત્તિક એ બંધનું કારણ છે. આ બંધ અધિકાર છેને. આહા..હા..! આકરું કામ ભારે. સમજાણું કાંઈ? આ પ્રશ્ન તો અમારે ૬૯ની સાલમાં ઊઠેલો. પ્રાણભાઈ! ૬૯ એટલે? ૭૦માં દીક્ષા લીધી. એની પહેલાં ૬૯ની સાલ. ૬૪ વર્ષ રહ્યા. રાણપુરમાં આ પ્રશ્ન કર્યો, તે દિ' ૬૯ની સાલમાં. અમારા ગુરુ હતાને સંપ્રદાયમાં હીરાજી મહારાજ. એવો પ્રશ્ન કરેલો કીધું, મહારાજ! આ સાધુ માટે અપાસરા કરે અને એ અપાસરા વાપરે તો નવ કોટીમાં કઈ કોટી તૂટે? એવો પ્રશ્ન કરેલો. ૬૯ની સાલ. એ.. પ્રાણભાઈ! ૬૪ વર્ષ પહેલાં. કેટલા થયા તમને? ૬૮. ચાર વર્ષની ઉંમર હશે તે દિ'. રાણપુરમાં કરેલો. ગુલાબચંદજી હતા ને ભાઈ ઓલા ગાંધી રાજકોટવાળા, એ અપાસરે નહોતા આવતા.

**શ્રોતા :-** મોટા સર્વેયર હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પહેલા શરીફ હતા. તમારા બાપની જેમ. હિંમતભાઈના બાપ પણ શરીફ હતા, આ પણ શરીફ હતા. ખબર છેને બધા મળ્યા હતાને. ભેગા રહ્યા હતા.

એ અહીં કહે છે. આહા..હા..! સાધુ માટે કરેલો આહાર ઉદ્દેશીક એ લે છે એને તેના કારણે બંધનો જે ભાવ છે એ એને લઈને એને બંધ થાય છે. મુનિને યોગ્ય નથી અને લે છે એ એને બંધ થાય છે. આહા..હા..! એ ખરેખર એ મુનિ વ્યવહારે પણ મુનિ નથી. આહા..હા..! આકરું આ બહુ નડે છે. આહા..હા..! આ બહાર આ વાત આવતાં. એક સાધુ તો કહે છે બિચારો કે અત્યારે તો ઉદ્દેશીક આહાર જ લેવાય છે. કહે છે. કારણ કે એવો મળે ક્યાંથી આહાર? કોને ઘરે જઈને લે આહાર? તો એને નક્કી થયું કે આ ઠેકાણે થાય છે ત્યાં જાય ને લે. આહા..હા..! કહો, પંડિતજી! આ તમે કર્યું હશે કે નહિ આવું બધું? કર્યું છે? બધા બહેનને બધા ભેગા થઈને કર્યું હોય કે મહારાજને વહોરાવવા છે. બનાવો ઊના પાણી, શેરડીનો રસ, કેરીનો રસ, મોસંબી, રોટલી, દાડમ. અરે! પ્રભુ! સાધુને માટે ઉદ્દેશીને જે પાણી, આહાર, રસ કોઈ પણ બનાવે, દૂધ ઊનું કરે એને માટે બધું (કરે), ખબર છે કે આ તો એક જ બાઈ અને એક જ (ભાઈ છે), બે છે અને વસ્તુ તો ઝાઝી (છે) એમ જાણીને લે છે એ પાપબંધન કરે છે. દેનારા પણ પાપબંધન કરે છે અને લેનાર પણ પાપબંધન કરે છે. શું કહે છે?

**શ્રોતા :–** મન શુદ્ધિ, વચન શુદ્ધિ, કાય શુદ્ધિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમાં એ જૂઠું બોલે વધારે પાછું. બનાવ્યું હોય એને માટે અને બોલે કે મન શુદ્ધિ, વચન શુદ્ધિ, કાય શુદ્ધિ, આહાર શુદ્ધિ. બોલે કે નહિ? એ બાબુભાઈ! કર્યું હશે કે નહિ તમે? કોઈ દિ' કર્યું નથી? ઠીક.

**શ્રોતા :–** શ્વેતાંબર હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, તમે શ્વેતાંબર હતા, સાચી વાત. આ લોકોએ કર્યું હોય. આહા..હા..! આકરું કામ, બાપુ! વીતરાગનો માર્ગ. આહા..હા..! અને એ પાંચ શેર પાણી મળવા ઊના, એના કર્યા વિના ક્યાંથી મળે? આહા..હા..! એ કમંડળમાં પાંચ શેર પાણી નાખવું. એક બિંદુમાં અસંખ્ય જીવ. એ દસ શેર પાણી ઊનું એના માટે કરીને આપે, એ લે, એ સાધુ નથી, પાપબંધન કરે છે એમ કહે છે. દેનારો પણ પાપબંધન કરે છે અને લેનારાને પણ પાપબંધન છે. આહા..હા..!

**શ્રોતા :–** મિથ્યાત્વનું પાપને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મિથ્યાત્વ-મિથ્યાત્વ. ધર્મ માને છેને પાછો. 'આ સારું કરીએ છીએ. શું કરીએ બીજું? ઉપાય ન મળે' એમ કરીને (બચાવ કરે). આહા..હા..! આકરું કામ છે બહુ. આ વાત બહાર આવી ત્યારથી ખળભળાટ થઈ ગયો છે દિગંબર સંપ્રદાયમાં. શ્વેતાંબરમાં તો ઉઘાડે છોગે પાલિતાણે બનાવે ચોખા અને આર્જિકા પછી સાધુ લેવા જાય તો લઈ આવે. પાણી ઊના લઈ આવે બધું લાવે. સ્થાનકવાસીમાં એટલું બધું નહિ. કોઈ એવા હોય એ લઈ આવતા, બાકી કેટલાક બિચારા જાય તો નિર્દોષ હોય તો એના નાવા માટે કરેલા હોય એમાંથી વધ્યું હોય તો લે કેટલાક, પણ એ તો મૂળ વસ્તુ જ ખોટી છે આખી. સ્થાનકવાસી અને શ્વેતાંબર તો મૂળ જૈનધર્મથી જ એ વિપરીત છે પહેલેથી. વિપરીત થઈને બહારમાં આવ્યા છે. આ તો નગ્ન મુનિની વાત ચાલે છે. આવી વાતું બહુ આકરું કામ પડે. શું થાય ભાઈ, માર્ગ તો આવો છે.

**શ્રોતા :-** અત્યારે તો મુનિ... એક નગ્ન રહે અને એખ કપડાવાળા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કપડાવાળા સાધુ હોય નહિ. ખોટા. વસ્ત્રનો ધાગો રાખીને પણ મુનિ માને, મનાવે, માનતાને રૂડું જાણે (તો) સૂત્રમાં પાઠ છે નિગોદગામી છે એ, નિગોદમાં જવાના. એ લીલ-ફૂગમાં, શક્કરકંદમાં, લસણમાં, ડુંગળીમાં જવાના. આવો પાઠ છે. આ તો મોટા ઢગલા કપડાના. મોટા પોટલા માથે બાંધે. એ તો સાધુ જ ક્યાં છે? દ્રવ્યલિંગ પણ નથી. આ તો નગ્ન મુનિ હોય, દ્રવ્યલિંગી ચોખ્ખો હોય, એને માટે પણ કરેલો આહાર ઉદ્દેશી લે તો એ પણ સાધુ નથી. આવું કામ છે, બાપુ! શું થાય! વીતરાગમાર્ગ તો આવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં તો એવો એક લેખ છે ઊંધો કે બહુ શાસ્ત્ર ભણ્યો હોય અને એને માટે કરેલો આહાર લે તો એને પાપ નહિ. એમાં કાંઈ ઠેકાણા ન મળે એકેય. અહીં તો ચોખ્ખી વાત છે, નગ્ન મુનિ હોય, વસ્ત્ર-પાત્ર છોડી દીધા હોય, બાયડી, છોકરા છોડી નગ્ન થઈ જંગલમાં રહેતો હોય, પણ એને માટે કરેલો આહાર અને પાણી લે તો એ સાધુ નથી. આહા..હા..! અને વળી બનાવે એને માટે અને બોલે એમ કે આહારશુદ્ધિ, મનશુદ્ધિ, વચનશુદ્ધિ, કાયશુદ્ધિ, આહારશુદ્ધિ. ત્રણે જૂઠું. એમ બોલે છે કે નહિ? આહારશુદ્ધિ. આહા..હા..! માર્ગ તો આવો છે, બાપુ! કોઈ વ્યક્તિગતની વાત નથી, આ તો વીતરાગ માર્ગ આવો છે. પરમેશ્વર...

**શ્રોતા :-** ચાર .. ખોટી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોટી બધી ખોટી. આહા..હા..! એના ચોપાનિયામાં ચોખ્ખું આવે, મહારાજ પધાર્યા છે, રહેવાના છે મહીનો. ચોકા કરવા આવો. ચોકા એટલે એને માટે રાંધીને ખવરાવવા. અરર..! આવી વાતું ગજબ કરી, પ્રભુ! શું કરે? ભગવાનના વિરહ પડ્યા, કેવળી રહ્યા નહિ, કેવળજ્ઞાન થવાની, અવધિ, મનઃપર્યય પણ થવાની લાયકાત રહી નહિ અને આ વચ્ચે ગડબડી ઊઠી. આહા..હા..!

અહીં ભગવાન કુંદકુંદાચાર્ય અને પછી હજાર વર્ષે થયેલાં અમૃતચંદ્રાચાર્ય ભાવલિંગી સંત મુનિ વીતરાગી. અતીન્દ્રિય આનંદના ઝરણા ઝરતા અનુભવમાં એને મુનિ અને એને આચાર્ય કહીએ. આહા..હા..! એ મુનિ એમ કહે છે કે અમારે માટે જે બનાવેલો આહાર હોય એ ઉદ્દેશીક છે, અમે કહ્યું હોય ને લે તો અધઃકર્મી એ તો મોટું પાપ, પણ એને કીધા વિના એને ઉદ્દેશીને દેવા માટે કરે અને એ લે તો એ પાપી છે એમ મુનિરાજ પોતે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ધર્મ પાળી શકે એવું ન રહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધર્મ તે આત્મામાં થાતો હશે કે બહારથી થાતો હશે? એમ કે આહાર-પાણી કરીને દે તો ધર્મ થાય. આવું તો રહ્યું નહિ પછી.

**શ્રોતા :-** શાસ્ત્રમાં આવે છે સાધુને આહાર આપે એ મોક્ષમાર્ગ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પણ કોને? ભાવલિંગી સાધુ છે, નિર્દોષ આહાર-પાણી છે, નિર્દોષપણે દીધા છે એને વ્યવહારે વાત કહી છે. એ મોક્ષમાર્ગમાં નિમિત્ત થયો એટલે નિમિત્તથી વાત કરી ત્યાં. આહા..હા..! ધન્ય અવતાર! જેણે નગ્નપણું ધારણ કર્યું. માએ જન્મ્યો એવી જેની દશા છે. જૈનધર્મમાં તો અનાદિ આ દશા છે, બાકી બધું વિકૃત થઈ ગયું છે. સમજાણું કાંઈ? આ મુનિ ન કહેવાય. વસ્ત્ર હો,

ગૃહસ્થાશ્રમ હો, રાજપાટ હોય છતાં સમકિતી હોય, આત્મજ્ઞાની હોય. આત્મજ્ઞાન અને સમકિતનો ધર્મ હોય, પણ વસ્ત્રસહિત મુનિ માને એને તો ધર્મ હોતો નથી. આહા..હા..!

આ તો નિમિત્ત-નૈમિત્તિકનો દાખલો આપ્યો. દ્રવ્ય નિમિત્ત છે અને એના ભાવે થતાં વિકાર. એમ કહ્યું જે પૂર્વે એ બે જેણે છોડ્યું નથી, એને અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન વર્તે છે, દોષમાં બેઠો છે એ એમ કહે છે. એનો દૃષ્ટાંત આ લીધો. એને માટે કરેલો આહાર-પાણી. લ્યોને પાણી ઊનું કરે. દસ શેર કૂવામાંથી ખેંચીને. આજે મહારાજને આહાર દેવો છે, ઊનું પાણી કરો. એ ઊના પાણી દે કરીને અને એ લે, બેય પાપી છે. આવું છે. અમારે તો સંપ્રદાયમાં એવું હતું. ગામડામાં જઈએ તો પાંચ-સાત ઘર હોય. જ્યાં અમને દેખે. પાણી બનાવે ઊના. મહારાજ આવ્યા છે તો પાણી ઊના કરો. અમને તો ખબર પડે કે આ પાણી ઊના કર્યા છે. પાણી લેતા નહિ, પાણી ન લેતા. વાણિયાના ઘરે બંધ કરી દે પાણી. કાઠીને ઘરે જઈએ. કાઠી હોયને ગરાસીયા. છાશ-છાશ—મઠા. છાશ પડી હોય નિર્દોષ અધમણ પાંચ શેર, સાત શેર છાશ લઈએ. પાણી ન લેતા. એવું પહેલાં પાળ્યું છે. બહારની ક્રિયાકાંડ. આ તો એના પણ ઠેકાણા નથી અહીં તો અત્યારે. આહા..હા..! એ અહીં કહે છે.

**'તેમ સમસ્ત પરદ્રવ્યને નથી પચખતો આત્મા તેના નિમિત્તે થતા ભાવને પચખતો નથી.'** આહા..હા..! લોકોને ખ્યાલ તો આવી ગયો છે હવે કે સોનગઢવાળા કહે છે ઉદ્દેશીક આહાર છે એ પાપ છે. એવો ખ્યાલ તો આવી ગયો છે, પણ હવે કરવું શું? લઈ લીધેલું હવે ત્યાગ અને બહારમાં છે નહિ કાંઈ નિર્દોષ લેવાની ક્રિયા.

**શ્રોતા :-** આપે થોડું ઢીલું છોડવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ કહેતા હતા એક ઓલા પુનમચંદ ઘાસીલાલ. પુનમચંદ ઘાસીલાલ નથી તમારા? મંદિર. દિગંબર મંદિર નથી ત્યાં? કાલબાદેવી. ક્યા ગામના કહેવાય એ? પ્રતાપગઢના. છેને પૈસાવાળા. એમાં એક સાધુ થયો. એ કહેતા હતા કાંઈક કાનજીસ્વામી મોળું મૂકે અને અમે કાંઈક મોળું મૂકીએ, આપણે ભેગા થઈ જઈએ. આ તો ભગવાનનો માર્ગ છે એમાં મોળું મૂકવાનું ક્યાં? વીતરાગ આ કહે છે એમાં. આહા..હા..! છેને પૂનમચંદ ઘાસીલાલ. મંદિર છે. કાલબાદેવીમાં છે નહિ? એક જણે દીક્ષા લીધી છે એના ભાઈએ. નામ ભૂલી ગયા એનું. મોતીલાલજી? દીક્ષા લીધી છે ખબર છેને. અહીં આવી ગયા હતા. દીક્ષા લીધા પહેલા આવી ગયા હતા અહીં. પણ કાંઈ ખબર ન મળે, દૃષ્ટિ શું છે અને વસ્તુ શું છે. ક્રિયાકાંડમાં પણ ઠેકાણા ન મળે. અરેરે! માર્ગને વીંખી નાખ્યો. પોકાર કરે છે કુંદકુંદાચાર્ય કે એને માટે પાણી બનાવેલું છે અને એ જો લે અને દે, બેય પાપને બાંધે છે. આહા..હા..! બંધનો અધિકાર છેને. આ સમજવાની વાત છે હોં! કોઈ વ્યક્તિને માટે કાંઈ નથી. વ્યક્તિ અને વ્યક્તિના પરિણામનું જોખમ એને. વસ્તુનો માર્ગ આવો છે પ્રભુનો. એવું એણે બરાબર જ્ઞાન કરવું જોઈએ શ્રદ્ધા કરવી (જોઈએ). આહા..હા..!

ખરેખર કરતો નથી. **'અધઃકર્મ આદિ જે પુદ્ગલદ્રવ્યના દોષો તેમને આત્મા ખરેખર કરતો નથી...'** એટલે શું કહે છે? કે એને માટે કરેલો જે છે એ પરિણામ લેવાના એ કરતો જ નથી.

એમ. નિર્દોષ હોય તો લે, નહિતર ચાલ્યા જાય. આહા..હા..! **'તેમને આત્માના કાર્યપણાનો અભાવ છે,...'** એ શું કહે છે ઈ? કે એને માટે બનાવેલું છે એ લે તો એ રાગ છે અને રાગનું કાર્ય છે એ તો અજ્ઞાનીનું છે. આહા..હા..! એનું કાર્ય નથી. એ આહાર એને માટે બનેલો એ લે એ ધર્મીનું કાર્ય જ નથી, આત્માનું એ કાર્ય જ નથી. આહા..હા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા તો? ના, ના બિલકુલ નહિ. અહીં તો લેનારનો ભાવ આવો છે કે એને માટે કરેલાનો ભાવ કરતો નથી તેથી તેનું એ કાર્ય નથી. એને માટે લેવું એ એનું કાર્ય નથી એમ કહેવું છે. સમજાણું કાંઈ? આવી વાતું બહુ સ્પષ્ટીકરણ કરવા જાય ત્યાં બધુ ઉઘાડું થઈ જાય ઉઘાડું. શ્વેતાંબરમાં તો એને માટે બધું તૈયાર થાય પાલિતાણે. ભોજનશાળા નહિ? જોયું છે. બધા પાણી તૈયાર થાય, આહાર તૈયાર થાય, બધું લઈ આવે. ત્યાં તો કાંઈ ઠેકાણા નથી, વ્યવહારના પણ ઠેકાણા નથી અને વસ્ત્રસહિત મુનિપણું માને એ તો મિથ્યાદૃષ્ટિ છે. એટલે એની વાત તો નહિ. અહીં તો વસ્ત્રરહિત નગ્ન મુનિ થયેલ છે, એને માટે પણ કરેલો પાણી અને આહાર લે તો એ ઉદ્દેશીક આહાર એ પાપ છે. આહા..હા..! આજે આહાર વહોરાવવો છે મહારાજને બે ઠાણા છે, ત્રણ ઠાણા. કૂવાનું પાણી લાવો ગળીને. ઊનું કરો, રસ કાઢો કેરીનો, મોસંબીનું પાણી કાઢો ગરમી બહુ છે તે. આહા..હા..! એ વેચાતાથી લાવે અને એ કરે. એકલું પાપ. વીતરાગમાર્ગ આકરો, ભાઈ! બહુ ભાઈ! આહા..હા..! અને એને પાછો માને કે અમને લાભ થાય. એ મિથ્યાત્વને પોષે છે.

**'અધઃકર્મ અને ઉદ્દેશિક એવું જે પુદ્ગલદ્રવ્ય તે મારું કાર્ય નથી કારણ કે તે નિત્ય અચેતન હોવાથી...'** જોયું! મારું કાર્ય નથીનો અર્થ? એ લેવાના પરિણામ મારા હોઈ શકે જ નહિ એના. આહા..હા..! શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ છે અને એમાં અશુદ્ધતા એ મારું કાર્ય જ નથી. આહા..હા..!

એ પ્રશ્ન, કીધુંને કર્યો હતો તે દિ' ૬૯ની સાલ. હીરાજી મહારાજ ગુરુ હતા સંપ્રદાયના. એણે એવો જવાબ આપ્યો કે તમારા ભાઈએ તમારે માટે મકાન બનાવ્યું અને તમે વાપરો એમાં તમને શું થયું પાપ? એમ પ્રશ્ન કર્યો. ૬૯ની સાલ. તમારે માટે મકાન બનાવ્યું. તમે કર્યું નથી, કરાવ્યું નથી, વાપર્યું એમાં શું? એમાં શું? મેં એને જવાબ ન આપ્યો. નવ કોટીમાં કોટી તૂટે છે. અનુમોદનની કોટી તૂટે છે. વાપરે તો નવ કોટીમાં અનુમોદન કોટી (તૂટતા) નવેય કોટી જૂઠી થઈ જાય. આ તો ૬૯ની સાલની વાત છે. એકેય કોટી રહેતી નથી એની. એને માટે કરેલું મકાન વાપરે તો એનું અનુમોદન છે એને. રહ્યો એ જ અનુમોદન છે. એવી ગાથા હતી એક પણ હાથ ન આવી બહુ. આમાં જરી આવી ખરી ઓલી. છઠ્ઠું અધ્યયન છે ને દશવૈકાલિકનું? એ તે દિ' ઘણું.. મને બહુ યાદ નહોતું, પણ છઠ્ઠું અધ્યયન છે દશવૈકાલિકનું. એની પંદરમી ગાથા ઘણું કરીને છે. તે દિ' આઠમી યાદ હતી હોં! જુઓ આવ્યું.

છઠ્ઠું છઠ્ઠું છેને? છઠ્ઠું છેને. .. આ બહુ ચર્ચા થયેલી ગુલાબચંદજી સાથે. ૬૯ની સાલ વઢવાણમાં. દસ ... દસ અને અઢાર પ્રકારના દોષ છે. એ ... છે એ. સમજ્યાને? ... એ અઢારમાંથી એક પણ દોષ લાગે તો નિર્ગ્રંથ પણું રહેતું નથી. આ તે દિ' ગુલાબચંદજી હતા. તમે નહિ જાણો. રાજકોટના

ગુલાબચંદજી હતા. ખબર નથી પ્રાણભાઈ? સાધુ. ગાંધી હતા. આ શું કહેવાય એ? .. બૈરા-છોકરા બધું હતું. દીક્ષા લીધી. એ આ ગાથાની ચર્ચા હતી. અઢાર દોષ માયલો છ કાય. આ ... છેને એ. .... જુઓ! છ વ્રત, પાંચ મહાવ્રત, છકાય .. ગૃહસ્થને માટે કરેલું .. હોય એ ન લેવું. ... પછી પંદરમી ગાથા ઘણું કરીને છે. ... આ કહ્યું તે દિ'. ભલે એને વાપરે એ કર્યું નથી. એણે કર્યું નથી અને કરાવ્યું નથી, પણ વાપરે તો અનુમોદન છે. વિશેષ કહેશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વૈશાખ વદ-૧૫, મંગળવાર, તા. ૧૭-૦૫-૧૯૭૭, ગાથા-૨૮૬-૨૮૭, પ્રવચન નં. ૩૪૪

સમયસાર, ૨૮૬-૨૮૭, ટીકા ચાલે છેને. અહીં સુધી આવ્યું. '**માટે, અધઃકર્મ અને ઉદ્દેશિક એવું જે પુદ્‌ગલદ્રવ્ય તે મારું કાર્ય નથી...**' શું કહે છે? કે મુનિ છે તેને તત્ત્વજ્ઞાન થયેલું છે, સમ્યગ્દર્શન. આત્મા શુદ્ધ ચૈતન્ય એનું જ્ઞાન અને આનંદસ્વરૂપ, એનો અનુભવ થયો છે. હવે એ અનુભવ છે એ સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું. હવે એને આગળ વધતાં એને માટે કરેલો ઉદ્દેશિક આહાર એ લે તો તેને રાગનું બંધન થાય છે. એથી તેની ભૂમિકામાં ઉદ્દેશિક આહાર ન લેવો એટલે કે એને લેવા પ્રત્યેનો જે ભાવ છે એ ન થવો એનું નામ ઉદ્દેશિકનો ત્યાગ અને પચ્ચખાણ કહેવામાં આવે છે. અહીં આધાકર્મી આદિ મારું કાર્ય નથી એટલે? એને માટે બનેલો છે એ તો જડની પર્યાય થઈ, પણ હું એને લઉં (એવો ભાવ થાય) તો એ રાગનું કાર્ય છે, તો એ રાગનું કાર્ય એ મારું છે નહિ. લેવાના ભાવનો રાગ છે એ કાર્ય મારું નથી. આહા..હા..! આ દશા છે. આ મુનિની આ દશા છે. બંધ અધિકાર છેને છેલ્લો. પરદ્રવ્યના લક્ષે જે બંધ થાય તેને અને નિમિત્તનું લક્ષ છોડાવીને સ્વભાવમાં સ્થિર થાય જે મુનિ એને એને માટે કરેલો આહાર, એને લેવાના ભાવનો એને ત્યાગ છે. સમજાય છે કાંઈ?

જેમ પહેલે શરૂઆતમાં વ્યવહારના જે ભાવ છે 'એ મારા છે' એ માન્યતા મિથ્યાત્વ છે. વ્યવહાર છે એ પણ પરદ્રવ્ય છે. ચેતનજી! આકરી વાત. લોકોને આકરું પડે છે. બહુ આમ વિરોધ-વિરોધ ચાલે છે. ઓલું .. એક છે એમાં તો બહુ વિરોધ આવે છે. એમ કે આ લોકો તો વ્યવહારને માનતા જ નથી, એકાંત છે. શું કરવું આ લોકોને? જવાબ આપતા નથી. પંડિતો બિહારમાં સ્થાપ્યા હતો એ પહોંચી શક્યો નથી. એ માંદો પડ્યો છે. એવું લખ્યું છે. ભાઈ! વાત તો આ છે.

પહેલી ચીજ જે છે, આત્મા વસ્તુ છે એ જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલું તત્ત્વ છે. એની સન્મુખ થતાં વ્યવહારના ભાવની રુચિ એને ઊડી જાય છે, એ વ્યવહારનો ત્યાગ છે. સમજાય છે કાંઈ?

વ્યવહારનો જેટલો ભાવ છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રત, છ કાયની દયાનો ભાવ. એ રાડુ પાડે છે કે પરની દયાના ભાવને એ ધર્મ કહેતા નથી. કહો, ઈ શું (કરવું)? પરની દયાનો ભાવ તો રાગ છે, પરદ્રવ્ય છે. તેથી છ કાયના જીવને ચારિત્ર કહ્યું છે વ્યવહાર. ઓલા રાગનું નિમિત્ત છેને. ઝીણી વાત છે બહુ, બાપુ! વીતરાગમાર્ગની સત્યતા.. એ પહેલેથી રાગ જે છે, ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રનો હો કે પંચમહાવ્રતનો હો, એની રુચિ જ્યાં છે ત્યાં આત્માના સ્વભાવનો ત્યાગ છે અને એની રુચિ છૂટીને સ્વભાવની દૃષ્ટિ થાય છે ત્યારે વ્યવહારની રુચિનો ત્યાગ છે. રુચિનો ત્યાગ, અસ્થિરતા રહે. આહા..હા..! સમજાય છે કાંઈ?

અહીંયાં તો હવે અસ્થિરતાના ત્યાગની વાત છે અહીં તો. તેથી અહીં કહેશે. '**કારણ કે તે નિત્ય અચેતન હોવાથી...**' શું? ઉદ્દેશિક આહાર એ જડ છે અને એનો લેવાનો ભાવ એ પણ જડ છે. રાગ છેને. એ '**અચેતન હોવાથી તેને મારા કાર્યપણાનો અભાવ છે,...**' એટલે એ ઉદ્દેશિક એને માટે કરેલું પાણી આદિ લેવું એવો જે ભાવ એ રાગ છે, એ અચેતન છે. તો મુનિપણાને તે અચેતનનું કાર્ય હોતું નથી. શશીભાઈ! ઝીણી વાત આ. પહેલો તો વ્યવહારનો પ્રેમ છે એ સ્વદ્રવ્યથી વિરુદ્ધ પરદ્રવ્ય છે. જોકે આગળ વધતા પર્યાયને પરદ્રવ્ય કીધી છે પણ અત્યારે એ નામ ન રાખવું. વ્યવહાર જેટલો છે રાગની ક્રિયા એ બધી પરમાર્થે તો પરદ્રવ્ય છે અને પરદ્રવ્યનું કાર્ય મારું એ તો મિથ્યાત્વભાવ છે. એથી સમ્યગ્દૃષ્ટિમાં વ્યવહારનું કાર્ય મારું એ રુચિ છૂટી જાય છે, એ દૃષ્ટિ છૂટી જાય છે, એ વ્યવહાર કાર્ય મારું એ કાર્યનો ભાવ છૂટી જાય છે. આહા..હા..! રાગ છે, રાગ છે તે છૂટી જાય છે. અસ્થિરતાનો રહે છે, પણ રુચિનો, પરદ્રવ્ય છે એટલે રુચિનો રાગ છૂટી જાય છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે આમાં. ચરણાનુયોગનો દાખલો આપીને ઉદ્દેશિક આહારનો ત્યાગ મુનિને હોય છે. આહા..હા..! આકરી વાતું છે. અત્યારે તો એને માટે બધું બનાવે છે. સાધુને વહોરાવા પાણી, આહાર બધુંય વિરુદ્ધ તત્ત્વથી છે. લેનારને પણ વિરુદ્ધ અને દેનારને પણ વિરુદ્ધ, બેય વિરુદ્ધ પાપ છે.

**શ્રોતા :-** દ્યે એ પણ વિરુદ્ધ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દે છે ક્યાં? એ તો ભાવ કરે છે કે હું આને દઉં. એ ભાવ વિકાર અને દોષ છે. આહા..હા..!

આ સિદ્ધાંત છે. અહીંથી તો આખો સિદ્ધાંત લેશે. સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય બધાય એના બે વચ્ચેનો વ્યવહાર તોડી નાખશે. સમજાણું કાંઈ? એટલે કે જે આ ચૈતન્ય ભગવાન આત્મા એવા સ્વદ્રવ્યની જ્યાં અંતર દૃષ્ટિ અને રુચિ થઈ તેને વ્યવહાર એ પરદ્રવ્યનું કાર્ય એનું છૂટી જાય છે. વ્યવહાર કાર્ય મારું એ વાત છૂટી જાય છે. હવે આગળ જતાં મુનિને જ્યારે સ્થિરતા અંદર વિશેષ વધી ગઈ છે એથી ચારિત્રના આનંદમાં વિશેષ રમણતા છે, એવી દશાવંત કહે છે કે આ ઉદ્દેશિક જે છે એ બન્યું છે જડથી, પણ એને હું લઉં તો એ ભાવ પણ અચેતન જડ છે, એ અચેતનનું કાર્ય મારું નથી. એટલે એ લેવાનો ભાવ જ મારો નથી અને એના ઉપર લક્ષ છે એ પણ મારું નથી. આહા..હા..! ઝીણું બહુ.

'**કારણ કે નિત્ય અચેતન હોવાથી તેને મારા કાર્યપણાનો અભાવ છે,...**' મુનિ માટે કરેલો

આહાર ઉદ્દેશિક એને લેવાનો જે ભાવ એવા કાર્યનો મુનિને અભાવ છે. સમજાણું કાંઈ? **'એમ તત્ત્વજ્ઞાનપૂર્વક...'** એમ તત્ત્વજ્ઞાન જુઓ આવ્યું. એમ સમ્યગ્દર્શનપૂર્વક. આમ તો ઉદ્દેશિક આહાર ન લે, આધાકર્મી ન લે એવું અનંતવાર કર્યું છે. સમજાણું? એ પ્રશ્ન ચાલ્યો હતો એક ઠેકાણે. બરવાળાની આર્જિકા હતી, ... અમે નિર્દોષ આહાર લઈએ તો અમારે મુનિપણું છે. આહાર અમારે માટે કરેલો લેતા નથી, પાણી ન લઈએ તો? એમ નહિ. તત્ત્વજ્ઞાનપૂર્વક તે સંબંધીનું લક્ષ અને તે સંબંધીના રાગનું કાર્ય છૂટી જાય એને વાસ્તવિક મુનિપણું કહે છે. આહા..હા..! અભયકુમારજી! આવી વાત છે. સમજાણું કાંઈ? એથી ભાષા શું લીધી જોયું?

પરદ્રવ્યનો જે આહાર છે ઉદ્દેશિક એ પરવસ્તુ છે અને પરવસ્તુ ઉપર લક્ષ જવું તો એ પરદ્રવ્યનો ત્યાગ નથી અને પરદ્રવ્યને લેવાનો ભાવ થાય તો એને ત્યાગ નથી, બંધસાધકભાવ છે. સમજાણું કાંઈ? એ કહે છે. **'તત્ત્વજ્ઞાનપૂર્વક...'** એટલે જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદ, જ્ઞાતા-દૃષ્ટા છે એવી દૃષ્ટિપૂર્વક, એવી દૃષ્ટિ થઈ છે તે પૂર્વક **'નિમિત્તભૂત પુદ્‌ગલદ્રવ્યને પચખતો...'** જે એને માટે કરેલો આહાર એ નિમિત્ત છે. એવા પુદ્‌ગલદ્રવ્યનું લક્ષ છોડતો **'આત્મા જેમ નૈમિત્તિકભૂત...'** એને માટે કરેલો આહાર જેમ છોડે છે, તેમ તેના નિમિત્તે થતાં વિકારને પણ એ છોડે છે. આવું તો ક્યાંય ઝીણું પડે માણસને, હાંકે રાખે ગાડા. કારણ કે આ તો પરમસત્યની વાતું છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

**'તત્ત્વજ્ઞાનપૂર્વક...'** એટલે આત્મા જ્ઞાનાનંદ છે એને રાગાદિ પર છે અને બહાર ચીજ તો તદ્દન પર ભિન્ન તદ્દન છે. એવું તત્ત્વજ્ઞાન અંદર આત્માના જ્ઞાનપૂર્વક, એકલા આત્મજ્ઞાન વિના એના માટે કરેલો આહાર ન લે એ કાંઈ ત્યાગ નથી. સમજાણું કાંઈ? નવમી ગ્રૈવેયક સાધુ ગયો તો એણે એને માટે કરેલો આહાર-પાણી લેતા નહોતા. એવો એનો ભાવ હતો. એને માટે કરેલો લે, એ ભાવ હોય તો નવમી ગ્રૈવેયક જઈ શકે નહિ. સમજાય છે કાંઈ? એ વખતે પ્રાણ જાય તો એને માટે પાણીનું બિંદુ બનાવ્યું હોય તો, તૃષા આઠ દિ'ની હોય, પાણી ન હોય તો બિંદુ ન લે. એવો એનો શુભભાવ હતો, પણ એને ત્યાગ નહોતો. કેમકે તત્ત્વજ્ઞાન નહોતું એટલે રાગના અભાવસ્વભાવરૂપ એણે પરિણમવું જોઈએ એ ભાવ નહોતો. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તત્ત્વજ્ઞાનપૂર્વક નિમિત્તભૂત પુદ્‌ગલદ્રવ્યને પચખતો...'** એટલે એ ઉદ્દેશિક આહારનું લક્ષ છોડતો, લક્ષમાંથી છોડતો. આહા..હા..! એ **'(-મુનિ) જેમ નૈમિત્તિકભૂત...'** એ નિમિત્તના લક્ષે થતાં વિકાર લેવાના તેને **'બંધસાધક ભાવને પચખે છે,...'** એ બંધના સાધકરૂપ ભાવ છે તેને એ છોડે છે. પંડિતજી! આવું બધું. સમ્યક્ આત્મદર્શનપૂર્વક નિમિત્તભૂત એવો જે ઉદ્દેશિક આહાર એ જે છોડે છે એ તેના નિમિત્ત થતો વિકારભાવને પણ છોડે-પચખે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું ઝીણું... ઝીણું. બંધસાધક ભાવ. જોયું! આહા..હા..! ઉદ્દેશિક આહાર લે એ બંધનો ભાવ છે અને મુનિને એ હોય નહિ. એટલે બંધભાવને એ છોડે છે. ઉદ્દેશિકને છોડે છે તેથી તેના નિમિત્તે થતાં ભાવને પણ છોડે છે-પચખે છે. આહા..હા..! સામે છેને પુસ્તક સામે? ક્યા શબ્દનો અર્થ ચાલે છે? આ તો

તત્ત્વજ્ઞાનની ભાષા છે, આ કાંઈ કથા-વાર્તા નથી. આહા..હા..!

બંધસાધક ભાવ. એ ઉદ્દેશિક આહાર ખ્યાલમાં આવ્યો કે મારે માટે કર્યો છે એ લે છે એને બંધસાધક ભાવ ઊભો છે, એને મુનિપણું નથી. અને તેના બંધસાધક ભાવને એનું લક્ષ છોડે છે તેથી તેના નિમિત્તે થતા બંધસાધક ભાવને છોડે છે. અબંધપરિણામ... આહા..હા..! એટલો એ મુનિ અબંધપરિણામને પ્રગટ કરે છે. આહા..હા..! ધીમે-ધીમે કહેવાય છે. ન્યાય સમજવા જેવી વાત છે. આખો આ તો એક સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની વચ્ચેનો સંબંધ દશા છોડવો, સંબંધ જે રાગથી કરે છે એ કાંઈ પરવસ્તુ ગ્રહતો નથી, પણ સંબંધ જે કરે છે એમાં વિકાર થાય છે તે વિકાર બંધસાધક છે તેને ધર્મી તે ભાવને કરતો નથી. મુનિ.

ગૃહસ્થાશ્રમમાં સમકિતી તત્ત્વજ્ઞાની હોય, છતાં એને માટે કરેલો આહાર (લ્યે છે તો) બંધનો ભાવ એને છે, એટલો બંધભાવ છે. ભલે દૃષ્ટિમાં એને દોષ નથી, પણ બંધભાવ છે. અહીં તો મુનિપણાની વાત છે. એટલે એની જે દશાની સ્થિરતા અંદર હોય છે કે જેથી તે નિમિત્તને છોડે છે, તેથી તેના સંબંધના બંધસાધક ભાવને પણ છોડી દે છે એટલે કે ઉત્પન્ન થવા દેતો નથી. શશીભાઈ! આવું ઝીણું છે. કહો, નવલચંદભાઈ! આવું તો અહીં લખાણ છે. સાધુ એને ઉદ્દેશીને (કરેલો) આહાર લે તો એના બંધસાધક ભાવને એ કરે છે તો એ મુનિ નથી. આહા..હા..! બીજા ઘણાં તો શ્વેતાંબર હોય, એ હોય તો એણે તો કાંઈ કર્યું ન હોય. આ પંડિતજી બધા દિગંબર હોય એ લોકોએ કર્યું હોય સાધુને આહાર. નહિ ભાઈ? દિગંબર હોય એ ઘરમાં સાધુ આવ્યા હોય તો શું કરે? બનાવીને આપવું જોઈએ કે નહિ? એવું કર્યું હોય દિગંબરોએ. વીમલલાલજી! તમે તો નાની ઉંમરમાં પાછા આ બાજુ આવી ગયા. તમારા વડીલો હોય એ બધા કરતા હશે કે નહિ? આ તો સમજવાની વાત છે. તત્ત્વના સિદ્ધાંતો, સત્ય શું છે અને અસત્ય શું છે એની વાત છે. આહા..હા..! વ્યક્તિ વ્યક્તિનું જાણે, વ્યક્તિના પરિણામના જવાબદાર એ છે. આ તો સિદ્ધાંત અને સત્ય શું છે? કે જેને તત્ત્વજ્ઞાન થયું છે સમ્યગ્દર્શન એ રાગનો પણ એ કર્તા નથી થતો, પણ પરિણમન હોય છે અજ્ઞાનીને રાગનું. સમજાણું કાંઈ? કોને? સમકિતીને. અહીં તો એ પણ કાઢી નાખ્યું. એ ઉદ્દેશિક આહાર નથી લેતો એ એ સંબંધીના રાગનું પરિણમન પણ નથી એને. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો સિદ્ધાંત એક કહ્યો, પરિણામયોગ્યનો ન્યાય આપ્યો. હવે આખો સર્વ સિદ્ધાંત સિદ્ધ કરે છે.

**'તેમ સમસ્ત પરદ્રવ્યને પચખતો...'** જોયું! આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાયકસ્વભાવમાં અંતરમાં પેસતો પરદ્રવ્ય તરફનું તો એકેય પરદ્રવ્ય ચાહે તો દેવ-ગુરુ હોય કે શાસ્ત્ર હોય, તેના તરફનું લક્ષ છોડતો અને તેના સંબંધે થતાં રાગને પણ છોડતો. સમજાણું કાંઈ? આ તો બધા દ્રવ્ય ઉપર લઈ ગયા સર્વ. ઓલો તો એક દૃષ્ટાંત લીધો, ઉદ્દેશિકનો અને આધાકર્મીનો. આહા..હા..! કેમકે સ્વદ્રવ્ય સિવાય પરદ્રવ્યના લક્ષમાં જાવું ત્યાં વિકાર થાય છે. 'परदव्वादो दुग्गइ'. ચાહે તો દેવ ને ગુરુ ને શાસ્ત્ર હો તો પણ એ તો પરદ્રવ્ય છે અને તેના આશ્રયે, નિમિત્ત છે અને એના આશ્રયે થતો નૈમિત્તિક વિકાર છે. અહીં કહે છે કે એ નિમિત્ત અને નિમિત્ત સંબંધી થતો વિકાર બધા પરદ્રવ્ય તરફનું વલણ છોડીને અને પરદ્રવ્ય

સંબંધીના વિકારને છોડીને. છે? **'સમસ્ત પરદ્રવ્યને પચખતો આત્મા તેના નિમિત્તે થતા... '** પરદ્રવ્યને લક્ષે થતાં વિકારીભાવને **'પચખે છે.'** એટલે કે તેનું જ્ઞાન સ્થિર થઈ ગયેલું હોય છે. અસ્થિરતા એને હોતી નથી. પચખે છે આવી ગયું છેને આપણે, ૩૪ ગાથા. જ્ઞાન પ્રત્યાખ્યાન (છે). એટલે પરદ્રવ્ય તરફ જેટલા પરદ્રવ્ય છે, એક આત્મા સિવાય જેટલા પરદ્રવ્ય છે... આહા..હા..! એમાં તો સ્ત્રી, કુટુંબ, પરિવાર અને પંચપરમેષ્ઠી પણ પરદ્રવ્યમાં આવી ગયા. એટલો હજી દોષ છે એમ કહે છે. અહીં તો સ્થાપવું છે નિર્દોષ ... ખરેખર તો મારો શુદ્ધોપયોગ છે એ જ મેં અંગીકાર કર્યો એમ કીધું જયધવલમાં તો. પણ આ એક વિકલ્પ ઉઠ્યો આ નિર્દોષ આહારનો એ પણ મારું પચ્ચખાણ ભંગ થયું છે. એટલી બધી કડક ભાષા એ દિગંબર સિવાય ક્યાંય (હોય નહિ). આહા..હા..! પણ અહીં એટલી બધી વાત અહીં અત્યારે નથી લેવી. અહીં ફક્ત આ એને માટે કરેલો આહાર ખ્યાલમાં આવ્યો, લક્ષ છોડી દે છે. એથી એના સંબંધીનો બંધસાધક ભાવ પણ છોડી દે છે. કીધુંને, એ જ્ઞાન દૃષ્ટાંત થયું. હવે સમસ્ત પરદ્રવ્ય કીધાને વચમાં. દરેક પરદ્રવ્યને છોડે છે. આધાકર્મી તો નહિ, ઉદ્દેશિક તો નહિ, પણ સદોષ આહાર છે એ પણ નહિ, નિર્દોષ આહાર પણ નહિ. મુનિપણાને યોગ્ય છે ત્યાં સુધી હો ભલે, પણ અહીં હજી એટલો પણ બંધસાધક ભાવ છે. આહાર, વિકલ્પ છે એ પરદ્રવ્યનું સર્વ પરદ્રવ્ય તરફનું લક્ષ છોડીને. આહા..હા..! ત્યાં તો આહાર નિર્દોષ લેવો એ પણ ત્યાં રહ્યું નહિ હવે. કારણ કે એ પરદ્રવ્ય છે. આહા..હા..! અને પરદ્રવ્યને લક્ષે નૈમિત્તિક વિકાર થયા વિના રહેશે નહિ. આહા..હા..! હવે આવી વાત છે ત્યાં તકરાર... તકરાર... તકરાર. એમાં શું થઈ ગયું એક ....? બાકી તો બધું મુનિપણું છેને નગ્નપણું. એક ટંક ખાય, ઉઘાડે પગે ચાલે. પણ બાપુ! એમ માર્ગ નથી, ભાઈ! આ તો હિતના અને અહિતના પંથની વાત છે. વ્યક્તિગતની વાત તો સ્વતંત્ર છે. આહા..હા..! અહીં તો સિદ્ધાંત તરીકે સત્ય શું છે? સત્યનું શરણ શું છે? કે સ્વદ્રવ્ય સિવાય... આહા..હા..! પરદ્રવ્ય સંબંધીનો જેટલો નિમિત્તથી નૈમિત્તિક રાગ થાય એ સર્વને છોડે છે. આહા..હા..!

**'તેમ સમસ્ત પરદ્રવ્યને પચખતો આત્મા તેના નિમિત્તે થતા ભાવને પચખે છે. '** એટલે કે એ ભાવ તેના ઉત્પન્ન થતા નથી. આહા..હા..! નિશ્ચયથી મુનિમાર્ગ શુદ્ધોપયોગ છે. આહા..હા..! આહાર લેવાનો વિકલ્પ છે એ પણ કાંઈ ... નથી. આહા..હા..! જય... શું કહેવાય એ? જયધવલ. ત્યાં તો એમ કહ્યું, મેં તો શુદ્ધોપયોગની પ્રતિજ્ઞા કરી હતી. હું એમાં ન રહી શક્યો કે આ જોઈને ચાલવું, આહાર નિર્દોષ લેવો એવો ભાવ જે મને થયો એ મારી પ્રતિજ્ઞા તૂટી ગઈ છે. આહા..હા..! કેમકે પરદ્રવ્ય તરફના વલણનો ભાવ જ વિકાર છે અને સ્વદ્રવ્યના વલણનો ભાવ નિર્વિકાર છે. તદ્દ્ન સ્વદ્રવ્યમાં મારે રહેવું એવી જ મેં પ્રતિજ્ઞા લીધી હતી. આહા..! એમ જયધવલમાં છે. એટલે આહાર લે, છતાં એની મુનિપણાની દશા વિકલ્પ છે એ રહે, જાય નહિ, પણ અહીં તો કહે છે કે હવે એ બધું છોડી દીધું. પરદ્રવ્ય તરફનું વલણ બધા આહારનું. ગુરુદેવનો વિનય કરવો, શાસ્ત્રનો વિનય કરવો. આહા..હા..! આવું છે. કેટલો સિદ્ધાંત સિદ્ધ કર્યો છે. આહા..હા..! સત્યને...

**શ્રોતા :-** પ્રતિક્રમણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રતિક્રમણ... સ્વદ્રવ્યમાં આવવું, પરદ્રવ્યથી હટવું એ નાસ્તિ. આ તો સ્વદ્રવ્યમાં આવવું એ અસ્તિ. એ પ્રતિજ્ઞા છે. ભગવાન આનંદનો નાથ પ્રભુ એમાં આવવું, બસ એ પરથી નાસ્તિનું પ્રતિક્રમણ થઈ ગયું. જેટલું પરદ્રવ્ય ઉપર લક્ષ જાય... એ તો ત્યાં કીધુંને ૧૬મી ગાથામાં? એટલી દુર્ગતિ એટલે ચેતનની જાતની ગતિ એ નહિ. આહા..હા..! દિગંબર સંતોની વાણી તીવ્ર, વસ્તુની સ્થિતિ બતાવે છે. એ રીતે જેને હજી કબુલાતમાં આવતી નથી... આહા..હા..! એમ જ બતાવે કે વાંધો નહિ, આ બધું કરતાં-કરતાં થાશે, આચરણ વ્યવહાર કરતાં થશે.

**શ્રોતા :-** વ્યવહાર જ ક્યાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચય વિના વ્યવહાર કેવો? અને વ્યવહાર છે એ રાગ છે અને રાગનો ત્યાગ છે એ આત્માના સ્વભાવનું શરણ છે. આહા..હા..!

શ્રીમદ્ તેથી કહે છેને, દિગંબરના તીવ્ર વચનોને લઈને રહસ્ય કાંઈક સમજી શકાય છે. શ્વેતાંબરની મોળાશને લઈને રસ ઠંડાતો ગયો. આ ભાષા તો જુઓ! જેમ ઉદ્દેશિક આહારને છોડતો મુનિ તે સંબંધીના બંધસાધક ભાવને છોડે છે, તેમ આત્મા સિવાય જેટલા પરદ્રવ્યો છે તેના તરફના લક્ષને છોડે છે તે તેના તરફના વિકારીભાવને પણ છોડે છે. પણ આ તત્ત્વજ્ઞાનપૂર્વક હોં! સમ્યગ્દર્શન વિના આહાર એને માટે કરેલો ન લે એવું તો અનંતવાર કર્યું છે. ઉદ્દેશિક આહાર ન લે, નવમી ગ્રૈવેયક જાય તો ઉદ્દેશિક ન લે. એટલું હોય તો એ શુભોપયોગ જ એટલો નવમી ગ્રૈવેયક જાય એટલો ન હોઈ શકે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ ભારે આકરો, બાપુ! આહા..હા..!

કોઈપણ પરદ્રવ્યથી લાભ થાય એ દૃષ્ટિ જ મિથ્યાત્વ છે અને લાભ થાય નહિ એવી દૃષ્ટિ ગઈ હોય છતાં પરદ્રવ્ય તરફનું જેટલું વલણ રહે તેટલો ચારિત્રદોષ છે. સમજાણું કાંઈ? આવો ઉપદેશ હવે. ઓલું તો મહાવ્રત પાળવા, દયા પાળવી, ચોવીહાર કરવો, કંદમૂળ ખાવા નહિ એવી વાત આવે તો સમજાય પણ ખરું. શું સમજવું હતું? એ તો અજ્ઞાન છે. પરદ્રવ્યની ક્રિયા કરી શકું છું અથવા પરદ્રવ્યને છોડું એવો જે ભાવ એ પણ એક રાગ છે, તત્ત્વદૃષ્ટિ તો છે નહિ. આહા..હા..! અને પરદ્રવ્યનો ત્યાગ-ગ્રહણ તો વસ્તુમાં છે નહિ. એનો આત્માનો ગુણ જ એવો છે (કે) પરનો ત્યાગ-ગ્રહણ આત્મામાં છે જ નહિ. આહા..હા..! આ તો તત્ત્વજ્ઞાનપૂર્વક પરદ્રવ્યમાં લક્ષ જાતું હતું એટલો ચારિત્રદોષ હતો એને અહીંયાં પર ઉપરથી લક્ષ છોડતા ચારિત્રદોષ છોડી દે છે. એની વાત છે અહીંયાં. સમજાણું કાંઈ?

**'સમસ્ત પરદ્રવ્યને પચખતો...'** એક જ સ્વદ્રવ્યનો આશ્રય. આહા..હા..! જેમાં હવે પંચમહાવ્રતના પરિણામ પણ નહિ. કારણ કે એ પણ પરદ્રવ્યના લક્ષે (થયેલા છે). એ આવી ગયુંને? છ કાયની દયા, છ કાયના જીવ તે ચારિત્ર છે. વ્યવહાર આવી ગયો. નવ તત્ત્વની શ્રદ્ધા તે સમકિત છે વ્યવહાર અને શબ્દશ્રુતનું જ્ઞાન તે જ્ઞાન છે એ વ્યવહાર, હેય છે. આહા..હા..! એ મોટા વાંધા છે. નિશ્ચય અને વ્યવહાર બેય જોઈએ. પણ વ્યવહાર હોય છે પણ બંધનું કારણ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન થવા છતાં અરે! સાચું મુનિપણું થવા છતાં વ્યવહાર હોય છે. હોય છે એટલે એ બંધનું કારણ છે. એનાથી નિશ્ચય થાય એમ ત્રણકાળમાં બને નહિ. પરતરફના લક્ષ ખૂબ કરે તો સ્વતરફના લક્ષમાં આવે એવી વાત છે

ઈ. વ્યવહારનું લક્ષ પર ઉપર છે, નિશ્ચયનું સ્વ ઉપર છે. આહા..હા..! દશાની દિશામાં ફેર છે. વ્યવહારની દશામાં પર ઉપર દિશા છે, નિશ્ચયની દશામાં સ્વ ઉપર દિશા છે. આવી વાતું હવે.

અહીં તો એકદમ સમસ્ત વાત લીધી. નિર્દોષ આહાર લેવો એ વિકલ્પ છે એ પણ સ્થૂળ. આહા..હા..! નિર્દોષ લે ત્યાં ઓલી મુનિપણાની દશા હો, પણ અહીં તો પરદ્રવ્યનો સર્વ આશ્રય છોડાવી અને સ્વદ્રવ્યનો પૂર્ણ આશ્રય કરવો એ ત્યારે એને શુદ્ધનય પૂરી થાય છે એમ. એ આવે છેને આસ્રવમાં? મુનિ, તત્ત્વજ્ઞાનપૂર્વક એને માટે કરેલું પાણી, આહાર, મોસંબી એને જે લક્ષ છોડી દે છે એના સંબંધી બંધસાધકભાવ પણ એ છોડી દે છે અને એને લક્ષે કરેલું લે છે તો તે નિમિત્તસંબંધી વિકારભાવ તેનો ત્યાગ નથી એને, વિકારભાવનું એનું પરિણમન છે, ત્યાં એ મુનિપણાની દશા રહેતી નથી. સમજાણું કાંઈ? આહા..હા..! માર્ગ આવો એમાં વાત આવી આવે એમાં બીજું કરવું શું? હા, એ વિરોધ કરે છે બહુ. .. બહુ વિરોધ કરે છે. મખનલાલજીનો મોટો લેખ છે. એ વાંચ્યો આપણે. મોટો લેખ નિશ્ચય અને વ્યવહારનો. બે જોઈએ, બે હોય છે. વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. આવે છેને પંચાસ્તિકાયમાં, વ્યવહાર સાધ્ય-સાધન. બાપુ! એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું, ભાઈ! નહિતર આખા સત્યનો વિરોધ થઈ જશે. અહીં એમ કહે છે, પરદ્રવ્યના જેટલા લક્ષમાં જાય એટલો એને વિકાર થાશે અને વિકારથી તો એને બંધ થાશે. એનાથી ધર્મ થાશે? કહો, પંડિતજી! આ બધું ચાલે છે.

**'તેના નિમિત્તે થતા ભાવને પચખે છે. આ પ્રમાણે દ્રવ્ય અને ભાવને નિમિત્ત-નૈમિત્તિકપણું છે.'** શું સરવાળો કીધો? આ પ્રમાણે પરદ્રવ્ય બધા નિમિત્ત છે અને નિમિત્તને લક્ષે થતો વિકારીભાવ નૈમિત્તિક છે. એ ધર્મી સમસ્ત પરદ્રવ્યના લક્ષને અને તેના વિકારીભાવને છોડે છે, ત્યારે સ્વદ્રવ્યનો આશ્રય પૂરો થાય છે, ત્યારે એને કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! બંધસાધક ભાવ હોય, ઉદ્દેશિક લઈને બંધસાધકભાવ હોય ત્યાં તો મુનિપણું નથી. નિર્દોષ આહાર-પાણી લેવાનો વિકલ્પ રહે ત્યાં સુધી કેવળજ્ઞાન થાતું નથી. આહા..હા..! સિદ્ધાંત તો આમ છે. ભગવાનના કરેલા તત્ત્વો, એનું સત્ સત્ તો આ રીતે છે. લોકો માને એથી કાંઈ સત્ અસત્ થઈ જાય? અને અસત્ સત્ થઈ જાય? આહા..હા..! કહો, સમજાય છે કે નહિ? સુમનભાઈ! એય..! વસંતભાઈ! ત્યાં વેપાર ધંધામાં ક્યાં આ બધું ... આખો દિ' ... આહા..હા..!

એક સ્વ ચૈતન્યભગવાન તેનો આશ્રય જેટલો ઓછો લે અને તેટલો પરદ્રવ્યનો આશ્રય થાય તેટલો ભાવ બંધસાધકભાવ ઉત્પન્ન થાય એને. આહા..હા..! દૃષ્ટિમાંથી તો પહેલેથી વ્યવહારની દૃષ્ટિ જ વિપરીત છે. એને છોડીને નિશ્ચયની દૃષ્ટિ થતાં વ્યવહારનું હેયપણું થઈ જાય છે. વ્યવહાર રહે છે ખરો, પણ હેયપણું થઈ જાય. હવે અહીં તો એ વ્યવહાર પણ ઉડાવી દે છે. જેટલો પરદ્રવ્યને આશ્રયે બંધ સાધ્યસાધકભાવ એ બધાને છોડી દે છે એમ અહીં તો કહેવું છે. આહા..હા..! ન સમજાય તો પૂછવું રાતે. ઝીણી વાતું છે, ભાઈ!

**શ્રોતા :-** રોજ પૂછવું, ઈ ન સમજાય તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એટલું ન સમજાય વાણિયાને?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કહેવાય જાવજીવનું પચ્ચખાણ. ... જાવજીવ. આહા..હા..! એક પણ આત્મા સિવાય કોઈ પરદ્રવ્યનો આશ્રય ન રહે એ પૂર્ણ આશ્રય કરનારો રહે અને પરનો આશ્રય એને બધો છૂટી જાય. આહા..હા..! બંધ અધિકાર છેને. પરના આશ્રયે બંધ થાય એ બધો છોડી દે. આહા..હા..!

'**ભાવાર્થ :- અહીં અધઃકર્મ અને ઉદ્દેશિક આહારના દૃષ્ટાંતથી દ્રવ્ય અને ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું દૃઢ કર્યું છે.**' ઉદ્દેશિક અને આધાકર્મી આહાર એ તો પરવસ્તુ, નિમિત્ત પણ તેને લેવાનો આશ્રયનો ભાવ એ વિકાર એ નૈમિત્તિક. એ દૃષ્ટાંતથી દ્રવ્ય અને ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું દૃઢ કર્યું છે. એવો વ્યવહાર ઊભો થાય છે. નિમિત્તનું લક્ષ કરે એને નૈમિત્તિક વિકાર થાય એવો વ્યવહાર ઊભો થાય છે. એટલો સ્વભાવનો આશ્રય એને છે નહિ. એટલો નથી. જેટલો નિમિત્ત-નૈમિત્તિકસંબંધમાં જાય એટલો સ્વનો આશ્રય નથી. આહા..હા..! ભાષા સમજાયને ભાઈ થોડી થોડી? આવો માર્ગ વીતરાગનો છે. કહો, માણેકલાલજી! કહો, સમજાય છે કે નહિ આ? આહા..હા..!

એક આત્મા પોતે છે સ્વરૂપ, તેનો પ્રથમ આશ્રય લેતા સમ્યગ્દર્શન અબંધપરિણામ થાય, ત્યારે તેને વ્યવહારની રુચિ ને આશ્રય કરવો એ લાભદાયક છે એ દૃષ્ટિ છૂટી જાય. પછી આશ્રય રહે છે, નિમિત્તના લક્ષે આશ્રય રહે છે. એ જ્યારે આશ્રય છોડે છે ત્યારે નિમિત્તનું લક્ષ છોડે છે અને એના સાધકભાવ વિકારને પણ છોડે છે ત્યારે એને સ્થિરતા થાય છે. આહા..હા..! સ્વના આશ્રયમાં એ વધી જાય છે. સમજાણું કાંઈ? ન્યાયના સિદ્ધાંતો છે આ. આ તો દૃષ્ટાંત લીધું. છે દ્રવ્યાનુયોગનું પણ ચરણાનુયોગનું દૃષ્ટાંત લીધું. દ્રવ્યાનુયોગની રાડ પાડે છેને? બાપુ! એમાં બધું છે, ભાઈ! ચરણાનુયોગનું છે, કરણાનુયોગનું છે, કથા ન હોય તો.. જયસેનાચાર્યની ટીકામાં તો કથા પણ આવે છે પાંડવોની. પાંડવો, .. આદિ ઘણા ઘણા મુનિઓની આવે છે.

ભાવાર્થ શું કીધો? '**અહીં અધઃકર્મ...**' એને માટે બનાવેલું અથવા સાધુ કહે કે મારા માટે લાવો, બનાવો. એ અધઃકર્મ કહેવાય મહાપાપ. ઉદ્દેશિક—એણે કીધું ન હોય પણ લોકોએ એને માટે કરેલું હોય એ ઉદ્દેશિક. એના '**આહારના દૃષ્ટાંતથી દ્રવ્ય અને ભાવ...**' આહાર તે નિમિત્ત છે અને એના આશ્રયે થતો વિકારીભાવ તે નૈમિત્તિક છે. એ નિમિત્ત-નૈમિત્તિકપણું દૃઢ કર્યું છે. નિમિત્ત-નૈમિત્તિકપણું સમજાવ્યું છે. '**જે પાપકર્મથી આહાર નીપજે...**' આહા..હા..! '**તે પાપકર્મને અધઃકર્મ કહેવામાં આવે છે,...**' પાપ છેને, એને માટે બનાવેલું અધઃકર્મ. આહા..હા..! '**પાપકર્મથી આહાર નીપજે...**' જુઓ, આહાર નીપજ્યો એ પાપ છે ત્યાં એમ કહે છે. '**તે પાપકર્મને અધઃકર્મ કહેવામાં આવે છે, તેમ જ તે આહારને પણ અધઃકર્મ કહેવામાં આવે છે.**' એમ. જે પાપકર્મ છે એને તો પાપકર્મ કીધું, પણ આધાકર્મી આહારને પણ પાપકર્મ કહેવામાં આવે છે. શું ફેર પાડ્યો બેમાં? આધાકર્મી આહાર કરવાનો જે ભાવ છે એ પાપકર્મ છે અને અહીં એ આહારને પણ પાપકર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? છેને એમાં જુઓને. એની તો ચર્ચા થાય છે. આહા..હા..!

**'તેમ જ તે આહારને પણ અધઃકર્મ કહેવામાં આવે છે. જે આહાર, ગ્રહણ કરનારના નિમિત્તે જ બનાવવામાં આવ્યો હોય તેને ઉદ્દેશિક કહેવામાં આવે છે. '** આ વાત તો બહાર પ્રસિદ્ધ છે હવે તો. છાપામાં આવી ગયું. અત્યારે તો ભાઈ સાધુ આવે, ક્ષુલ્લક આવે એને માટે જ બધો આહાર કરાય છે અને દેવાય છે. છાપામાં આવી ગયું. આહા..હા..! **'જે આહાર, ગ્રહણ કરનારના નિમિત્તે જ...'** પાણી ઊનું કરો અધમણ પાણી. કૂવામાંથી લાવો તાજું પાણી ગળી ઊનું કરો, આજે મહારાજ પધારવાના છે વહોરવા એને આપવાનું છે. એ બધો ઉદ્દેશિક આહાર છે, તેને ઉદ્દેશિક કહેવામાં આવે છે. **'આવા (અધઃકર્મ અને ઉદ્દેશિક) આહારને જેણે પચખ્યો નથી...'** એટલે કે જેણે એ લેવું છોડ્યું નથી, લેવાનો ઉદ્દેશિક આહાર અને એને માટે કરેલો આધાકર્મી, લેવાનું જેણે છોડ્યો નથી, **'તેણે તેના નિમિત્તે થતા...'** તેણે તેના નિમિત્તે થતા **'ભાવને પચખ્યો નથી...'** તેના નિમિત્તે થતાં વિકારીભાવ એણે છોડ્યા નથી. પચખ્યા નથી એટલે છોડ્યા નથી. આહા..હા..! દિગંબર જૂના માણસ હોય એણે કર્યું હોય. બનાવીને આહાર આપ્યો હોય. આત્મારામે આપ્યો હશે. એ તો જૂના છેને. તમે તો શ્વેતાંબર એટલે નહિ જાણો. આહા..હા..! મારગડા જુદાં પ્રભુ તારા. વીતરાગનો માર્ગ ફેરફાર કરી નાખ્યો ઘણો. સત્ય બહાર આવ્યું ત્યારે તેનો વિરોધ કર્યો. આહા..હા..! એ લોકો તો સાધુ માનતા નથી એમ કહે છે. મિથ્યાદષ્ટિ કહે છે. જેની પ્રરૂપણામાં એમ છે કે આ આચરણ કરતાં-કરતાં નિશ્ચય થાય એ શ્રદ્ધા જ ખોટી છે. અને એને માટે કરેલો આહાર લે એ પાપ છે. ઓલો શ્રદ્ધાદોષ છે અને આ શ્રદ્ધાપૂર્વક ચારિત્રદોષ છે. આહા..હા..! આવું છે. દિગંબર ધર્મ સનાતન, સનાતન જૈનદર્શન ત્રિકાળી અનંત તીર્થંકરોએ કહેલો માર્ગ તે આ છે. આહા..હા..! એવી વાત ક્યાંય બીજે અન્યમતમાં તો નથી પણ સ્થાનકવાસી, શ્વેતાંબરમાં આવી વાત નથી. એ લોકો તો એમ કહે છે કે બહુ ભણ્યો હોય એણે આધાકર્મી લેવો, વાંધો નહિ. એવું છે એ લોકોમાં. ગાથા છે એ તો. વાંધો નહિ, બહુશ્રુત છેને. અરે! સાંભળ! આવા ગપ ક્યાંથી લાવ્યો? આહા..હા..! અહીં તો કહે છે કે મુનિ હોય નગ્ન દિગંબર અને સમ્યગ્દૃષ્ટિ હોય, છતાં એને માટે કરેલો જે આહાર ઉદ્દેશિક લે, એ તો બંધનો ભાવ છે અને એમાં લાભ માને તો મિથ્યાત્વ છે. આહા..હા..!

**'આવા (અધઃકર્મ અને ઉદ્દેશિક) આહારને જેણે પચખ્યો નથી તેણે તેના નિમિત્તે થતા ભાવને પચખ્યો નથી અને જેણે તત્ત્વજ્ઞાનપૂર્વક...'** એ આવ્યું. પહેલાં હતુંને. ટીકામાં હતું એ. **'જેણે તત્ત્વજ્ઞાનપૂર્વક...'** તત્ત્વજ્ઞાન નામ આત્મજ્ઞાનપૂર્વક. જેને આત્મદર્શન થયું છે, આત્મજ્ઞાન થયું છે. નિર્વિકારી ચૈતન્ય ભગવાન શુદ્ધ એનો જેને અનુભવ છે, એનું જેને વેદન છે એવા તત્ત્વજ્ઞાનપૂર્વક **'તે આહારને પચખ્યો છે...'** એ ઉદ્દેશિક આહાર એ લેતો નથી. **'તેણે તેના નિમિત્તે ભાવને પચખ્યો છે.'** આહા..હા..! જે ઉદ્દેશિક લે છે... હવે તો ઘણાને ખ્યાલમાં આવી ગયું છે કે ઉદ્દેશિક જ આહાર લે છે. એક સાધુ તો બિચારો કહે છે, અત્યારે તો ઉદ્દેશિક જ આહાર છે, બીજો કોઈ છે નહિ. ક્યાં નિર્દોષ? મળી શકે નહિ. પાણીનો એક કળશો, બે શેર પાણી જોઈતું હોય નિર્દોષ તો મળે એવું નથી. એને માટે તો કરે પાણી ઊના ત્યારે તો મળે. લોકોના ખ્યાલમાં આવી ગઈ છે વાત, પણ પક્ષના

આગ્રહને લઈને જૂની રૂઢિ શ્રદ્ધા છોડાય નહિ. એવી વાત છે.

આવું '**જેણે તત્ત્વજ્ઞાનપૂર્વક તે આહારને પચખ્યો છે, તેણે તેના નિમિત્તે થતા ભાવને પચખ્યો છે. આ રીતે સમસ્ત દ્રવ્યને...**' એ છેલ્લું કહ્યું હતું ઈ. '**અને ભાવને નિમિત્ત-નૈમિત્તિકભાવ જાણવો.**' ઠીક! દરેક દ્રવ્ય. આત્મા સિવાય બીજા બધા દ્રવ્યો એ બધા નિમિત્ત છે, નિમિત્તસંબંધે લક્ષ જાય એને વિકાર હોય જ. (એવો) નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. આહા..હા..! ભગવાન એમ કહે છે કે અમારા તરફનું લક્ષ તારું જાય તો અમે નિમિત્ત છીએ અને તને નૈમિત્તિક વિકાર જ થશે. આહા..હા..! એમાં આવ્યું કે નહિ ઈ? '**સમસ્ત દ્રવ્યને અને ભાવને...**' દ્રવ્ય એટલે નિમિત્ત સામે જે ચીજો બધી, આત્મા સિવાય. સમ્મેદશિખર અને શેત્રુંજય એ બધા નિમિત્ત અને નિમિત્ત સંબંધે લક્ષ જાય એ રાગ થાય. એ અહીં કહે છે, જાત્રા કરીએ તો આમ થાય. જાત્રા જોઈ તારી. જાત્રા તો અંદરમાં જા એ તારી જાત્રા છે. ધમાલ-ધમાલ કરે છે. શુભભાવ હો અશુભથી બચવા, પણ એ વસ્તુ ધર્મ નથી, તેમ એ ધર્મનું કારણ નથી, એ બંધસાધકભાવ છે. આહા..હા..! ત્યારે કહે, એ કરવો શું કરવા? પણ એ આવ્યા વિના રહે નહિ. પૂર્ણ વીતરાગ ન હોય એને હેયબુદ્ધિએ એ ભાવ આવ્યા વિના રહે નહિ. આહા..હા..! આવું કામ ભારે આકરું.

'**જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે...**' ગ્રહણ એટલે લક્ષ કરે છે. '**તેને રાગાદિભાવો પણ થાય છે,...**' તેને રાગ-દ્વેષાદિ થયા વિના રહે નહિ. આહા..હા..! તીર્થંકર પ્રભુ કહે છે કે મારા ઉપર લક્ષ જશે તો તને રાગ થયા વિના રહેશે નહિ. અમે પરદ્રવ્ય છીએ. આહા..હા..! આવી વાત વીતરાગમાર્ગ સિવાય ક્યાંય છે નહિ. જે પરદ્રવ્યનું લક્ષ કરે છે તેને રાગ-દ્વેષાદિ પણ થાય છે. '**તે તેમનો કર્તા પણ થાય છે...**' પરિણમન હોય છતાં આ તો કર્તા થાય છે પાછું. કરવાલાયક છે એમ માને છે. '**અને તેથી કર્મનો બંધ પણ કરે છે;...**' આહા..હા..! '**જ્યારે આત્મા જ્ઞાની થાય છે ત્યારે તેને કાંઈ ગ્રહણ કરવાનો રાગ નથી,...**' ઉત્કૃષ્ટ મુનિપણાની વાત છેને અત્યારે તો. '**તેથી રાગાદિરૂપ પરિણમન પણ નથી...**' મુનિને રાગાદિની દશાનું પરિણમન પણ નથી. નિમિત્ત ઉપરનું લક્ષ પણ નથી અને રાગાદિનું પરિણમન નથી. '**રાગાદિરૂપ પરિણમન પણ નથી, તેથી આગામી બંધ પણ નથી.**' એને બંધ થતો નથી. '**(એ રીતે જ્ઞાની પરદ્રવ્યનો કર્તા નથી.)**' આ રીતે પરદ્રવ્યનો અને પરના નિમિત્તે થતાં રાગનો એ કર્તા નથી. એનું પરિણમન વીતરાગી પરિણમન છે અને રાગ છે ત્યાં સુધી પરિણમન છે તો જ્ઞાન જાણે છે (કે) કર્તા છે, પણ કરવાલાયક છે એમ નથી. જ્યાં સુધી અસ્થિરતા છે રાગ થાય, પરિણમન થાય. પણ અહીં તો બિલકુલ પરદ્રવ્યથી છૂટે અને આ બાજુ જાય તો કાંઈ પણ પરિણમન રાગનું છે નહિ, એ બંધસાધક ભાવ હોતો નથી, એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જ્યેષ્ઠ સુદ-૧, બુધવાર, તા. ૧૮-૦૫-૧૯૭૭,
## કળશ-૧૭૮, પ્રવચન નં. ૩૪૫

સમયસાર, બંધ અધિકાર, કળશ છે ૧૭૮.

(शार्दूलविक्रीडित)

इत्यालोच्य विवेच्य तत्किल परद्रव्यं समग्रं बलात्
तन्मूलां बहुभावसन्ततिमिमामुद्धर्तुकामः समम्।
आत्मानं समुपैति निर्भरवहत्पूर्णैकसंविद्युतं
येनोन्मूलितबन्ध एष भगवानात्मात्मनि स्फूर्जति।।१७८।।

'શ્લોકાર્થ :- આમ (પરદ્રવ્યનું અને પોતાના ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું) વિચારીને,...' શું કહ્યું ઈ? કે આ આત્મા છે એ સ્વદ્રવ્ય છે. આઠ કર્મથી રહિત અનુપમ, ચિદ્દ્ઘન, જ્ઞાનવિગ્રહં—જ્ઞાન જેનું શરીર છે એ સ્વદ્રવ્ય છે અને એના સિવાય શરીર, વાણી, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ, દેવ-ગુરુ-શાસ્ત્ર એ બધા પરદ્રવ્ય છે. જેને આત્માનું કલ્યાણ કરવું હોય એણે પરદ્રવ્ય નિમિત્ત છે અને એનો આશ્રય કરતા વિકારભાવ થાય છે. પોતાનો આશ્રય છોડી અને જેટલો પરદ્રવ્યનો આશ્રય લક્ષ કરે છે એટલો નિમિત્તના સંબંધે એને નૈમિત્તિક મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવ થાય છે. સમજાણું કાંઈ? એ વિચારીને પાછું એમ કહ્યું છેને? બેનો વિચાર કરીને. પરદ્રવ્ય નિમિત્ત છે અને નૈમિત્તિક પોતાનો વિકાર છે, દોષ છે મિથ્યાત્વ અને રાગ અને દ્વેષ. એ નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે એમ વિચારીને. આહા..હા..!

'तद्-मूलां इमाम् बहुभावसन्ततिम् समम् उद्धर्तुकामः' 'પરદ્રવ્ય જેનું મૂળ છે...' એટલે? વિકારની સંતતિ નામ કારણમાં પરદ્રવ્યનું નિમિત્ત છે, એનો આશ્રય છે. છેને? '**बहुभावसन्ततिम्**' વિકારના ભાવો દોષરૂપ. ચાહે તો પુણ્ય હો કે પાપ હો પણ એ બધા ભાવોની સંતતિનો પ્રવાહ એનું મૂળ કારણ પરદ્રવ્યનું સ્વામીપણું છે અથવા પરદ્રવ્યના નિમિત્તે થતાં પોતામાં વિકાર થાય તેનો સ્વામી એ મૂળપણું છે. પાઠ તો એમ છે કે પરદ્રવ્ય... છેને? જેનું નિમિત્ત છે. કોનું? બહુભાવસંતતિ. મિથ્યાત્વ અને રાગ-દ્વેષના ભાવ જે છે એ બહુભાવની સંતતિ, એક પછી એક જેમ સંતતિ દીકરાનો દીકરો, દીકરાનો દીકરો સંતતિ (હોય), એમ આ વિકારની એક પછી એક વિકારની સંતતિનો પ્રવાહ પરદ્રવ્યના નિમિત્તને કારણે થાય છે. નિમિત્તને કારણે એટલે? પરદ્રવ્યનો આશ્રય કરતા એ થાય છે.

અહીં પરદ્રવ્ય જેનું મૂળ છે એમાંથી ઘણા વિચાર ઊંધા કાઢે છે કે જુઓ, પરદ્રવ્ય જેનું મૂળ છે વિકારનું; પણ એનો અર્થ આ છે. પરદ્રવ્યના લક્ષે થતાં વિકારો, પરદ્રવ્યને લક્ષે તો વિકાર જ થાય. ચાહે તો સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેશ, ગામ હો કે ચાહે તો દેરાસર, પ્રતિમા, મૂર્તિ, દેવ, તીર્થંકર, શાસ્ત્ર, ગુરુ હો, પરદ્રવ્યને લક્ષે અને આશ્રયે તો વિકાર જ થાય. બહુભાવ સંતતિ—વિકારના ભાવની એક પછી એક

પ્રવાહ જે ઊઠે એનું મૂળ કારણ પરદ્રવ્યનું સ્વામીપણું અથવા પરદ્રવ્યનો આશ્રય અથવા પરદ્રવ્યને આશ્રયે થતાં વિકારનું ધણીપણું એ મૂળ દોષનું કારણ આ છે. કેટલું આમાં યાદ રાખવું? એકકોર રામ અને એકકોર ગામ. એકકોર ભગવાન આત્મરામ. આહા..હા..! અનંત અનંત ગુણ ને શક્તિનો સમૂહ એ અનુપમ પદાર્થ ભગવાન અંદર છે. જ્ઞાતા-દૃષ્ટા જ્ઞાન જેનું શરીર છે. આશ્રયે નહિ, જ્ઞાન જેનું શરીર-સ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપ એવો ભગવાન આત્મા એકકોર રામ અને એકકોર ગામ—રાગના વિકલ્પથી માંડીને આખી લોકાલોકની ચીજ જે છે એ નિમિત્ત એનું લક્ષ કરતાં, એનો આશ્રય કરતાં વિકાર જ થાય છે. આહા..હા..! અહીં તો દેવ-ગુરુનો આશ્રય કરતાં પણ વિકાર થાય છે એમ કહે છે. નવલચંદભાઈ! આહા..હા..!

સ્વ ચૈતન્યમૂર્તિ ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ છે એનો આશ્રય કરતાં કલ્યાણ અને ધર્મ થાય છે. આહા..હા..! એનો આશ્રય સ્વનો છોડતા, પરનો જેટલો આશ્રય લેવા જાય પરદ્રવ્યનો એટલું ત્યાં બધું અકલ્યાણ વિકારની સંતતિનો પ્રવાહ-દોષ ઊભો થાય છે. આહા..હા..! આનો અર્થ એમ કે દોષનું મૂળ કારણ પરદ્રવ્ય છે. એમ નથી. ઓલામાં અર્થ એવો કર્યો છે. એનું સ્વામીપણું, એમ છે. સમજાણું? કળશટીકાકાર. કળશટીકાકારે કહ્યું, પરદ્રવ્યનું સ્વામીપણું મૂળ છે. સ્વસ્વામીપણું છોડી દઈ, ભગવાન આત્મા પૂર્ણ આનંદ અને જ્ઞાનાનંદ, સહજાનંદ મૂર્તિ પ્રભુ છે એને છોડી દઈ, જેટલું એનું પરદ્રવ્ય તરફના જુકાવમાં ભાવ જાય છે એ ભાવ બધો વિકારી છે.

**શ્રોતા :-** પરનો ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ સમજાવે? ભાષાનો આશ્રય લેવા જાય તો વિકાર થાય, એમ કહે છે. ભાષા પરદ્રવ્ય છે. એ.. માણેકલાલજી! આવું માણસને આકરું લાગે એટલે એમ કહે કે એ સોનગઢનો પંથ નવો છે, નવો છે. બાપુ! માર્ગ આ છે, ભાઈ! તને ખબર નથી. અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સંતો આ પ્રવાહની વાત કરતાં આવ્યા છે અને એ છે. જેણે સ્વદ્રવ્યનો આશ્રય છોડ્યો અને એને જેટલે દરજ્જે પરદ્રવ્યનો આશ્રય રહ્યો, સમકિતીને સ્વદ્રવ્યનો આશ્રય થયો છે, પણ હજી અપૂર્ણ છે, પૂર્ણ આશ્રય હોય તો તો કેવળજ્ઞાન થઈ જાય. એટલે આશ્રય સ્વનો હોવા છતાં હજી અધૂરો આશ્રય છે એટલે પરનો આશ્રય લક્ષમાં આવે છે. એથી એને હજી રાગ અને દ્વેષ (થાય છે). મોહ થતો નથી, મિથ્યાત્વ થતું નથી. અને અજ્ઞાનીને તો પરદ્રવ્યના આશ્રયમાં સ્વામીપણે લાભબુદ્ધિએ જે વર્તે છે એને ત્યાં મિથ્યાત્વનો લાભ થાય છે. સમજાણું કાંઈ?

એકકોર આત્મપ્રભુ, ઓલામાં લીધું છે મોક્ષપાહુડમાં કે સ્વદ્રવ્ય કોને કહેવું અને પરદ્રવ્ય કોને કહેવું? મોક્ષપાહુડ. ત્યાં એમ કહ્યું છે, ૧૬મી ગાથામાં તો એમ કહ્યું કે '**परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।**' એ ૧૩મી ગાથામાં એમ કહ્યું '**सद्दव्वरओ**' સ્વદ્રવ્યમાં રતિ તે મોક્ષનું કારણ. પરદ્રવ્યમાં રતિ તે સંસારનું કારણ. આહા..હા..! બહુ ટૂંકું. હવે કહે છે, સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય કહેવા કોને? ત્યારે કહે છે, પરદ્રવ્ય એને કહીએ સચેત, અચેત અને મિશ્ર. સચેત પરમાત્મા હો કે અરિહંત હો કે સ્ત્રીનો આત્મા હો કે નિગોદના જીવ હો એ સચેત છે, પરમાણુ આદિ એક પરમાણુથી માંડીને મોટો અચેત મહાસ્કંધ એ

અચેત છે. અને સચેત અચેત આ શિષ્ય, પુસ્તક આદિ સહિત, દીકરાઓ, પૈસાસહિત કે મકાન, કપડાસહિત એ મિશ્ર છે. એ કોઈપણ સચેત, અચેત અને મિશ્રનો આશ્રય લેતા પરદ્રવ્યનો આશ્રય છે. કેમકે એ પરદ્રવ્ય છે. આહા..હા..! ત્યારે કહે, સ્વદ્રવ્ય કોને કહેવું? કે જ્ઞાનવિગ્રહ અનુપમ આઠ કર્મથી રહિત, વિકારરહિત એવો ચૈતન્યઘન ભગવાન સ્વરૂપ પોતે ત્રિકાળી વસ્તુ એને સ્વદ્રવ્ય કહીએ. કહો, આમાં સમજાય છે કે નહિ, વસંતભાઈ? ભાષા તો સાદી છે. એ... કનુભાઈ! બધા વેપારમાં ઘૂસી જાય ને એટલા ઊંડા એટલે આ સાંભળવું કઠણ પડે માણસને. આહા..હા..! વીતરાગમાર્ગ તો જુઓ, ઓહો..હો..! કેટલું વહેંચી નાખ્યું!

વીતરાગ એમ કહે છે કે અમારી સામું (જોશો) અને અમને સાંભળશો અને અમારી વાણી સાંભળશો તોપણ તમને પરદ્રવ્ય છીએ અમે તારા હિસાબે તો રાગ થશે તને. આ ઈ કહે છે આમાં. છે? **'પરદ્રવ્ય જેનું મૂળ છે...'** એટલે કે વિકારનું મૂળ કારણ પરદ્રવ્ય નિમિત્ત છે અથવા વિકારનું સ્વામીપણું એ મૂળ દ્રવ્ય વસ્તુ છે. એને લઈને નવા કર્મ બંધાય અને દ્રવ્યનું સ્વામીપણું તે મુક્તિનું કારણ છે. આહા..હા..! ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપ અતીન્દ્રિય આનંદસ્વરૂપી પ્રભુ આત્મા છે એનો આશ્રય (તે મુક્તિનું કારણ છે અને) પરદ્રવ્યનો આશ્રય બંધનું કારણ. આ બંધ અધિકારમાં આ વાત લીધી છે. સમજાણું કાંઈ? સમયસાર નાટકકારે એમાં એ લખ્યું છે કે મોહ અને રાગ-દ્વેષના પરિણામ, ત્યાં એમ લીધું એણે; કળશટીકાકારે પરભાવનું સ્વામીપણું તે મૂળ કારણ છે એમ લીધું; અહીં પરદ્રવ્ય તેનું મૂળ છે એમ લીધું; પણ એ ત્રણેનો અર્થ એક જ છે. સમજાણું કાંઈ? અને ચોથું ત્યાં મોક્ષ અધિકારમાં લીધું કે જેટલું પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે એટલી તારી ચૈતન્યની ગતિથી વિરુદ્ધ ગતિ છે તારી. આહા..હા..! આ લોકોને કઠણ પડે છે. વ્યવહાર આવે ખરો, ધર્મીને પણ આત્માનો આશ્રય હોવા છતાં પૂર્ણ આશ્રય નથી, સાધક છે ત્યાં સુધી પરદ્રવ્યને આશ્રયનો પુણ્યનો ભાવ દયા, દાન, ભક્તિ આવે ખરી. અને સ્ત્રી, કુટુંબ, પરિવારને આશ્રયનો પાપભાવ પણ આવે તો ખરો. આહા..હા..! પણ એ ભાવ છે બંધનું કારણ. બંધ અધિકાર છેને આ. સમજાણું કાંઈ? હવે આમાં માણસ એમ કહે, એકાંત છે... એકાંત છે. નહિ, દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ લાભ થાય.

**શ્રોતા :-** વ્યવહારથી લાભ થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ અહીં આ બંધનું કારણ કહે છે. સ્વનો આશ્રય કરવો. આહા..હા..! શું થાય?

**શ્રોતા :-** બે નય ભગવાને કીધી છે તો બેયનો લાભ થાય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બે નયનો વિષય છે એમ કીધું છે, પણ બે નય આદરણીય છે એમ કીધું છે? બે નય સરખી થઈ ગઈ તો બે શેના રહ્યા? બેય આદરણીય હોય તો બેય રહે શેના? બે નય છે, નયનો વિષય છે, વ્યવહાર છે, નિશ્ચય છે, બેય છે. પંડિતજી! આહા..હા..! વ્યવહારને ન માને (કે) નથી તોપણ એ મિથ્યાદષ્ટિ છે.

**શ્રોતા :-** વ્યવહારમાં... વ્યવહારથી લાભ થાય એમ માને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વ્યવહારથી લાભ માને તો એ મિથ્યાદષ્ટિ છે અને વ્યવહાર નથી એમ માને તોપણ મિથ્યાદષ્ટિ છે. આહા..હા..!

**શ્રોતા :-** વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ વાત, ઝેર પીતા-પીતા અમૃતનો ઓડકાર આવે એવી વાત છે અજ્ઞાનીની. લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ઓડકાર આવે. એમ પરદ્રવ્યનો આશ્રય કરતાં-કરતાં સ્વદ્રવ્યનો આશ્રય આવે. કહો, સમજાણું કાંઈ? ન્યાય સમજાય છે કે નહિ? કઈ રીતે કહેવાય છે શું? કે એકકોર ભગવાન આત્મા છે પોતે અંદર, એ તો આત્મા એને કહીએ કે જે પુણ્ય-પાપના ભાવ છે એ તો પુણ્ય-પાપ તત્ત્વ ભિન્ન તત્ત્વ છે, કર્મ અને શરીર તત્ત્વ છે એ અજીવ તત્ત્વ છે. હવે એક સમયની જે પર્યાય છે એ વ્યવહારઆત્મા છે. આહા..હા..! અહીં તો નિશ્ચયઆત્મા ત્રિકાળી અખંડાનંદ પ્રભુ. આહા..હા..! પર્યાયબુદ્ધિમાં તો અનંતકાળથી રહ્યો છે. વ્યવહારઆત્મા જેને કહીએ પર્યાયને એમાં તો અનાદિકાળથી રહેલો છે. હવે એને નિજ આત્મામાં લઈને ભગવાન આનંદનો કંદ સાગર છે, આનંદનો પ્રભુ એનો આશ્રય કરતા જેટલી જે દશા થાય તે ધર્મ અને તે મોક્ષનું કારણ છે અને એનો આશ્રય છોડીને જેટલો પરદ્રવ્યનો આશ્રય લે, ચાહે તો શેત્રુંજય અને સમ્મેદશિખર હોય (તે અધર્મ અને તે બંધનું કારણ છે). એમાં કહે છેને, 'એકવાર વંદે જો કોઈ' પંડિતજી! 'નરક પશુ ન હોય.' એમાં દાળિયા શું થયા નરક-પશુમાં ન જાય તો? પછી જશે. પરદ્રવ્યને આશ્રયે.. ત્યાં બહુ રાડું પાડે છે. કેટલાક તો (એમ કહે છે), સમ્મેદશિખરમાં વનસ્પતિ ઊગે એ પણ અલ્પભવિ. પત્થરના જીવ ત્યાં છે.. અરે! સાંભળને ભાઈ! સમવસરણમાં.. આહા..હા..! તીર્થંકર ત્રણલોકના નાથના સમવસરણમાં જઈ આવ્યો મનુષ્યપણે અનંતવાર. એટલે શું થયું? પરદ્રવ્યને આશ્રયે ભાવ થાય, શુભભાવ થાય, પુણ્ય થાય, બંધનું કારણ છે. એ આત્મા પુણ્યસ્વરૂપ છે નહિ. સમજાણું કાંઈ? આવી વાતું છે. છે એમાં? પુસ્તક છે કે નહિ? બધા પુસ્તકો એટલા બધા નહિ હોય, નહિ?

અહીં તો આ વ્યાખ્યા ચાલે છે કે પરદ્રવ્ય અને પોતાના ભાવનું નિમિત્ત-નૈમિત્તિક(પણું) વિચારીને. એટલે કે પરદ્રવ્ય નિમિત્ત છે અને નિમિત્તને આશ્રયે જીવમાં (ભાવ) થાય તે વિકાર છે. એ વિકાર છે એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો વિકાર એને નૈમિત્તિક કહીએ. નિમિત્તના સંબંધમાં નૈમિત્તિક કહીએ અને નૈમિત્તિકનું લક્ષ પર ઉપર છે તેને નિમિત્ત કહીએ. કહો, આ તો સમજાય એવું છે. આ છોકરાઓ બધા રહ્યા. આ ભાયાણી તો ત્રણ આવ્યા છે આજે. કનુભાઈ, કાંતિભાઈ અને આ છોકરો હસુભાઈનો આવ્યો છે. ત્રણ જ આવ્યા છોને? પણ આ સમજે તો ખરો આ. વાત સમજવા જેવી છે. આઠ વર્ષના બાળકો સમજે છે અને આ મોટા... આહા..હા..!

શ્વેતાંબરમાં એક દાખલો છે નાની ઉંમરનો અતિમુક્તકુમાર. આઠ વર્ષની ઉંમર છે. દીક્ષા લે છે ત્યારે એને મા કહે છે કે, ભાઈ! તને ખબર નથી ને તું બાળક નાની ઉંમરનો, તને આ ધર્મની શી ખબર પડે? તું રાજકુમાર, રાજમાં રહેલો મહેલ મોટા, કરોડો-અબજો રૂપિયાના મહેલમાં રહેલો, કુંવારો છો. મા! હું એટલું જાણું છું કે આ શરીર નવું થયું છે તો એકવાર શરીર છૂટશે, વિયોગ થશે એ તો હું બરાબર જાણું

છું. એટલું જાણતો નથી કે કયે સમયે છૂટશે એ જાણતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..! માતા! મને રજા દે. હું આઠ વર્ષનો બાળક એમ છું એમ માનીને તું ન છોડ, રજા ન દે એમ રહેવા દે, મા! હું મારા આત્માની શોધકમાં જાઉં છું. નાની મોરપીંછી, એક નાનુ કમંડળ, નગ્ન મુનિ આઠ વર્ષનો આહા..હા..! આમ ચાલ્યો જાય જંગલમાં, વનમાં. સિંહ ને વાઘ જ્યાં રાડું પાડતા હોય, જ્યાં પોકાર, એકલો મુનિ જંગલમાં ચાલ્યો જાય છે. આહા..હા..! મા! મને રજા દે. હું નાનો છું એમ ન માન. પણ મને ખબર છે, આ દેહ છે એ જન્મ્યો છે એ સંયોગે તો જાશે, હું તો નિત્ય છું. એટલું જાણતો નથી કે ક્યારે દેહ છૂટશે. એ જાણતો નથી એથી કરીને હું નથી જાણતો બધું એમ કેમ કહેવાય? સમજાણું કાંઈ? કયે સમયે દેહ છૂટશે અને કયે ક્ષેત્રે, બા! હું એ જાણતો નથી, માટે હું ધર્મને જાણતો નથી એમ કેમ કહેવાય, બા? આહા..હા..! માતા! બીજી મા ન કરું હવે હોં બા! આહા..હા..! બીજી માતા હવે નહિ કરું. આહા..હા..! આ છેલ્લો મારો અવતાર છે, તું રજા દે. આહા..હા..! એ સ્વદ્રવ્યને જાણ્યું એણે બધું જાણ્યું. સમજાય છે કાંઈ? આહા..હા..!

અહીં એ કહે છે, પરદ્રવ્ય એટલે આત્મા સિવાય દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધો, વેપાર, નોકરી, દીકરા, દીકરીયું એ બધા પરદ્રવ્ય છે. અને આ આત્મા પોતાનો સ્વદ્રવ્યનો આશ્રય છોડી, લક્ષ છોડીને જેટલું પરદ્રવ્યના લક્ષમાં જાય છે એ વસ્તુ નિમિત્ત છે. એના નિમિત્તે થતાં દોષો ચાહે તો પુણ્ય હો કે પાપ હો. આહા..હા..! કેમકે દેવ, ગુરુ અને શાસ્ત્રના લક્ષે તો પુણ્ય થાય. ભગવાનની મૂર્તિ અને શેત્રુંજય કે ગિરનાર કે સમ્મેદશિખરની જાત્રા (કરે), પરદ્રવ્યને લક્ષે તો પુણ્ય જ થાય ત્યાં. આ દુકાનના ધંધા, ભણવું, વેપાર આદિ એને લક્ષે પાપ થાય. પણ બેય વિકાર છે, એ ભાવ વિકારની સંતતિ છે, મારા નાથની આત્માની સંતતિ નહિ. આહા..હા..! થોડા શબ્દોમાં ઘણું નાખ્યું છે.

કોઈ એમાં એમ કહે કે એ પરદ્રવ્ય કારણ છે. આમાં આવ્યુંને આ? પણ કારણ છે એટલે એ નિમિત્ત છે એમ કીધું એ તો પહેલું કહી ગયા કે '(**પરદ્રવ્યનું અને પોતાના ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું) વિચારીને,...**' પરદ્રવ્ય તો નિમિત્ત છે અને નિમિત્ત કાંઈ કરતું નથી, નિમિત્ત પરમાં કાંઈ કરતું નથી. કરે તો નિમિત્ત હોઈ શકે નહિ. સિદ્ધાંત સમજાય છે? ચાહે તો અરિહંત ત્રણલોકનો નાથ અને એની વાણી હોય, પણ એ નિમિત્ત કાંઈ આત્માને જ્ઞાન કરાવતું નથી. આહા..હા..! એ નિમિત્ત કાંઈ આત્માને શ્રદ્ધા કરાવતું નથી. આહા..હા..! જ્ઞાન અને શ્રદ્ધા તો આત્માના આશ્રયે, 'પરિપૂર્ણ પ્રભુ છું' એવું જે પરિપૂર્ણની પ્રતીતિ અને જ્ઞાન થવું એ તો સ્વને આશ્રયે થાય છે. ભગવાનની વાણી અને ભગવાન.. એ તો આપણે પરમાત્મપ્રકાશમાં આવી ગયું છે, દિવ્યધ્વનિથી પણ આત્મા જણાય એવો નથી. આહા..હા..! આ રાડું પાડે લોકો કે નહિ એનાથી ન જણાય? શાસ્ત્રમાં લખ્યું છે શાસ્ત્ર સંબંધી... આવ્યું નહોતું સજ્ઝાય કાલે? પ્રવચનસાર. શાસ્ત્ર બરાબર સાંભળવા, સમજવા. લ્યો! શાસ્ત્ર .. એમ પાઠ છે. પ્રવચનસાર સજ્ઝાય કાલે નહોતી લીધી? શાસ્ત્ર બરાબર અધ્યયન કરવું. એનો અર્થ છે કે તારું લક્ષ આત્મા ઉપર રાખી શાસ્ત્ર શું કહે છે એ સાંભળ અને સમજ. ભલે વિકલ્પ છે પણ આત્માનું લક્ષ છે એથી એને લક્ષે શાસ્ત્રનું જે અધ્યયન કરે એને અંદર નિર્જરા થાય છે. જેટલો વિકલ્પ રહે છે એટલો બંધ છે

એને ગૌણ કરીને શાસ્ત્ર બરાબર જાણવા, સમજવા, વાંચવા એમ કહેવામાં આવ્યું છે, લ્યો! અહીં કહે છે કે શાસ્ત્ર પરદ્રવ્ય છે, એ નિમિત્તમાત્ર છે અને નિમિત્તના લક્ષે તો નૈમિત્તિક વિકાર થશે પુણ્યભાવ. પુણ્યભાવ થશે, એ બંધભાવ થશે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ શ્લોક જ એવો છે કે જેમાં ઊંધુ કાઢવું હોય તો કાઢે. પહેલો આ વિચાર છે. '**इति**' '**આમ...**' એટલે કે પૂર્વે કહ્યું હતું કે '**(પરદ્રવ્યનું અને પોતાના ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું) એમ વિચારીને,...**' આહા..હા..! '**तद्-मूलां इमाम् बहुभावसन्ततिम्**' પરદ્રવ્યનું નિમિત્તપણાના લક્ષે '**तद्-मूलां इमाम् बहुभावसन्ततिम्** ' ત્યાં તો વિકારના ભાવનો પ્રવાહ ચાલશે. આહા..હા..! વિકારમાંથી વિકાર... વિકારમાંથી વિકાર... એમ આહા..હા..! સંતતિ ચાલશે. એ '**समम् उद्धर्तुकामः**' '**એવી આ બહુ ભાવોની સંતતિને એકીસાથે ઉખેડી નાખવાને ઇચ્છતો પુરુષ,...**' આહા..હા..! પુરુષ શબ્દે આત્મા. કોઈપણ આત્મા પરદ્રવ્યનું જેમાં સ્વામીપણું છે અથવા પરદ્રવ્યને લક્ષે થતાં વિકારોનું ધણીપતું છે એ જે બંધની સંતતિ મૂળ એ છે, એને ઉખેડી નાખવા માગે છે. આહા..હા..! '**બહુ ભાવોની સંતતિ...**' ઘણા ભાવની સંતતિ. આહા..હા..! શુભ અને અશુભભાવો, પુણ્ય અને પાપના અસંખ્ય પ્રકાર એ બધા સંતતિને એક સાથે ઉખેડી નાખવા. આહા..હા..!

'**तत् किल समग्रं परद्रव्यं बलात् विवेच्य** ' '**તે સમસ્ત પરદ્રવ્યને બળથી (-ઉદ્યમથી, પરાક્રમથી) ભિન્ન કરીને...**' જોયું! '**विवेच्य**' છેને '**विवेच्य**' '**ભિન્ન કરીને...**' એમ છે ત્યાં મૂળ. ચાહે તો ભગવાન હોય અને ચાહે તો સ્ત્રી, કુટુંબ હોય પણ એનાથી આત્માને ભિન્ન કરી નાખીને. આહા..હા..! આવી વાતું. પશુ, આહા..હા..! સિંહ-સિંહ એ પણ ભગવાનની વાણી સાંભળે, છતાં કહે છે કે એને સાંભળવામાં તો વિકલ્પ છે, પણ અંદર જાય છે આમ તો અંદરમાં ત્યારે એને સમકિત થાય છે. સિંહ-સિંહ મોટા સેંકડો સિંહ વનમાંથી ચાલ્યા આવતા હોય આમ ધીમેથી-ધીમેથી ત્રાડ માર્યા વિના, કોઈને દુઃખ દીધા વિના જંગલમાંથી ચાલ્યા આવે સિંહ. મોટા રાફડામાંથી નીકળીને નાગ, સેંકડો નાગ આમ ચાલ્યા આવે અંદર. કોઈને કાંઈ કરે નહિ. ભગવાન પાસે આવે સાંભળવા. એમાં એનું લક્ષ ત્યાંથી ફરીને અંતરમાં જાય છે. જ્યાં સુધી સાંભળવામાં અને ભગવાનના દર્શનમાં લક્ષ છે ત્યાં સુધી તો રાગ છે અને ત્યાં સુધી વિકલ્પ છે, રતિ છે. પરદ્રવ્યનું મૂળ કારણ તો એ રાગ છે. આહા..હા..! એને છોડવાનો ઇચ્છક પુરુષ આહા..હા..! બંધભાવને છોડવાને નાશ કરવાનો કામી. આહા..હા..!

'**ભિન્ન કરીને...**' સમસ્ત પરદ્રવ્યને ભિન્ન કરીને. રાગ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ એ પણ બંધનું કારણ પરદ્રવ્ય છે. આહા..હા..! બધાને ભિન્ન કરીને. આ વાંધા ઊઠે છે બધા.

**શ્રોતા :-** જંગલમાં જતા રેવાનું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આત્મામાં ચાલ્યા જાવું. જંગલમાં જ છેને, બીજે ક્યાં ગરી ગયો છે ક્યાંય. આહા..હા..! ચાહે તો રહે વનમાં અને ચાહે તો રહે ઘરમાં. સમયસારમાં આવે છે. આહા..હા..! અંતરનો આશ્રય જે લીધો છે, ભગવાન આત્મા વસ્તુ પ્રભુ મહાપ્રભુ છે, એનો જેણે આશ્રય લીધો એ પછી ઘરમાં રહો કે વનમાં રહો, એને તો બધું જ્ઞેય તરીકે છે. આહા..હા..! જેટલું ઘરમાં રહેવાને લક્ષ

છે એટલો રાગ છે.

અહીં તો કહે છે, સમગ્ર '**परद्रव्यं बलात् विवेच्य**' વિવેકથી '**बलात्**' જોરથી પરથી ભિન્ન પાડીને. આહા..હા..! રાગનો ભાગ અને એ રાગનું નિમિત્ત પર ઉપર લક્ષ જવું તે, એ બેયથી ભિન્ન પાડીને. આહા..હા..! '**સમસ્ત પરદ્રવ્યને બળથી ભિન્ન કરીને...**' એટલે કે તેને છોડી દઈને. એટલે કે પરદ્રવ્યનું લક્ષ છોડી દઈને. પરદ્રવ્ય કે દિ' ગરી ગયા છે અંદર તે ત્યાગ કરે. ભાષા તો આ છે. એકકોર ભગવાન એમ કહે કે પરદ્રવ્યનો ત્યાગ-ગ્રહણ આત્મામાં નથી. કે દિ' ગરી ગયો? એક રજકણ પણ આત્મામાં ગરી ગયો છે કે છોડે? પણ ઉપદેશની શૈલીમાં રાગનો ત્યાગ કરાવવો છે એટલે પરદ્રવ્ય છોડે, એ રાગ છૂટતા પરદ્રવ્યનું લક્ષ છૂટે છે, ત્યારે પરદ્રવ્ય છોડ્યું, એમ કહેવામાં આવે છે. આહા..હા..! આટલા શબ્દોમાં ફેર કરે. અર્થોમાં ફેર થાય તો આખો ફેરફાર થઈ જાય.

લ્યો! '**ભિન્ન કરીને...**' '**विवेच्य**' એટલે કે પરનું લક્ષ પૂર્ણ છોડી દઈને. બંધ અધિકાર છેને. એટલે પરને આશ્રયે તો બંધ જ થાય. એક જ સિદ્ધાંત. આહા..હા..! તો પછી આ બંધના કારણ ઊભા કેમ કરો તમે? એમ કહે છે. મોટા આવા ૨૫-૨૫, ૨૬ લાખના મકાન—મંદિરો, ૨૦-૨૦ લાખ પુસ્તકો. છપાણા છે કે નહિ ૨૦ લાખ અને લાખો છપાય છે હજી તો. ભાવનગરથી છપાય છે કેટલાક. થોડાઘણાં આવ્યા છે અને છપાય છે ત્યાં. સત્ સાહિત્ય. ભાઈ! એ થવાની ક્રિયા હોય એ થાય. તે કાળે તેને પરદ્રવ્ય આશ્રયનો ભાવ પુણ્ય હોય, પણ છે બંધનું કારણ. આહા..હા..! વીતરાગ આવી વાત કરે. વીતરાગ કહે કે અમારા દર્શન કરે તો તને રાગ થશે, અમારી વાણી સાંભળે તો તને રાગ થશે. કારણ કે અમે તારા તત્ત્વથી બીજું તત્ત્વ-ભિન્ન તત્ત્વ છીએ અને પરદ્રવ્યનો આશ્રય લઈશ ત્યાં આગળ ભલે એ પુણ્ય થશે, છે પુણ્ય ભગવાનના દર્શન, ભગવાનની વાણી, પણ છે તો રાગને? આહા..હા..! અને વેપાર ને ધંધા ને નોકરીને આશ્રયે પાપ થાશે. બેય પરદ્રવ્યનો આશ્રય બંધનનું કારણ છે કહે છે અહીં તો. સમજાણું કાંઈ?

એમ '**ભિન્ન કરીને...**' '**निर्भरवहत्-पूर्ण-एक-संविद्-युतं आत्मानं**' આહા..હા..! '**અતિશયપણે વહેતું જે પૂર્ણ એક સંવેદન...**' આહા..હા..! એટલે? પરદ્રવ્ય તરફનું પૂર્ણ પરદ્રવ્ય તરફનું લક્ષ છોડી અને ભગવાન આત્માના પૂર્ણ સ્વભાવ ઉપર પૂર્ણ આશ્રય કરીને જે પરિણતિ ઉત્પન્ન થાય આહા..હા..! એ સ્વસંવેદન, એ ધર્મ. છે? '**અતિશયપણે વહેતું...**' '**निर्भरवहत्**' '**પૂર્ણ એક સંવેદન...**' પૂર્ણ એક સંવેદન. આહા..હા..! આત્મા તરફના વલણમાં જે આનંદનું વેદન આવે, પૂર્ણ આનંદ. અહીં પૂર્ણ પરનો આશ્રય છોડ્યો એટલે અહીં પૂર્ણ સ્વરૂપને આશ્રયે પૂર્ણ આશ્રય આવ્યો એટલે પૂર્ણ આનંદનું વેદન આવ્યું એમ કહે છે. સમજાણું કાંઈ?

ફરીને. પર તરફનું પૂર્ણ પરદ્રવ્ય તરફનો આશ્રય છોડીને પૂર્ણ ભગવાન આત્માનો પૂર્ણ આશ્રય કરતા પર્યાયમાં પૂર્ણ સ્વસંવેદન પ્રગટ થયું. આહા..હા..! બંધની છેલ્લી ગાથાઓ છેને. આહા..હા..! કહો, આ સમજાય છે કે નહિ? સમજાય છે કે નહિ? .. છેને? આ બધું સમજવા જેવું છે. આહા..હા..! ઝીણી વાત છે પણ સત્ય તો આ છે. એણે સત્યને સત્ય તરીકે જ્ઞાન તો કરવું પડશે કે નહિ? અને એ જ્ઞાન

કર્યા વિના અંતર્મુખ થશે શી રીતે? આહા..હા..! જેના જ્ઞાનમાં જ ખોટ છે એ તો પર તરફ ભટકશે, પણ જેનું જ્ઞાન યથાર્થ થતાં સ્વ તરફના વલણમાં જ પૂર્ણતાનો આશ્રય, પર તરફથી પૂર્ણ ખસી અને સ્વ તરફ પૂર્ણ પ્રભુ છે એનો પૂર્ણ રીતે આશ્રય લઈ. આહા..હા..!

'**(-ધારાવાહી) જે પૂર્ણ એક સંવેદન,...**' આહા..હા..! સ્વ નામ પોતાનું સં-પ્રત્યક્ષ આનંદનું વેદન ધારાવાહી અંદર દ્રવ્યના આશ્રયે ચાલે. આહા..હા..! શું શ્લોક છે તે ગજબના શ્લોક છે! '**તેનાથી યુક્ત એવા પોતાના આત્માને પામે છે,...**' છેને? શું કીધું ઈ? કે આત્મા સિવાય જેટલા પરદ્રવ્ય છે, તેના તરફનું લક્ષ છોડી દઈને પૂર્ણાનંદનો નાથ આત્મા છે તેના લક્ષમાં આવીને, જે પર્યાયમાં સંવેદન ઓલા બંધના ભાવને ઠેકાણે અબંધ સ્વસંવેદન પરિણામ પ્રગટ થયા. આહા..હા..! સમજાણું કાંઈ? એનાથી '**વહેતું જે પૂર્ણ એક સંવેદન, તેનાથી યુક્ત...**' ધારાવાહી. આહા..હા..! વહેતું છેને? '**निर्भरवहत्**' '**वहत्**' છેને? પૂર્ણ '**वहत्**' આહા..હા..! પૂર્ણ આત્મા જે છે, તેને પરદ્રવ્યના બધા દ્રવ્યોથી પૂર્ણ રીતે ખસીને, હઠીને પૂર્ણ ભગવાન છે તેનો પૂર્ણ આશ્રય જેણે લીધો એને પૂર્ણ ધારાવાહી સ્વસંવેદન પ્રગટ થાય છે, એ અબંધભાવ એ મોક્ષનો માર્ગ છે આ. આહા..હા..! સમજાણું કાંઈ? એક શ્લોકમાં તો કેટલું ભર્યું છે લ્યો! ઓહો..હો..! એવી કોઈ શૈલી દિગંબર સંતોની. એકમાં બાર અંગનો સાર ભરી દે. આહા..હા..!

'**અતિશયપણે...**' વિશેષપણે વહતુ ધારા. શું? પૂર્ણ એક સંવેદન. આત્મા તરફના વેદનનું આનંદની ધારાનું વેદન, સ્વસંવેદન ધારા તેનાથી યુક્ત પોતાના આત્માને પામે છે. ઓલો જે બંધ તરફના લક્ષમાં વિકારને પામતો, એ સ્વદ્રવ્યના લક્ષે સ્વસંવેદનમાં આત્માને પામે છે. આવી વ્યાખ્યા કેવી આ? આવું ક્યાંય છે વસંતભાઈ? દુકાનમાં ન મળે, ચોપડામાં ન મળે. ભાઈઓ-ભાઈઓમાં આવી વહેંચણી કરવાનું ન મળે આવું કાંઈ... આહા..હા..! અમૃતના સાગર ઉછાળ્યા છે. આહા..હા..! ભાઈઓ કોણ કહેવાય? આહા..હા..! ભાઈઓ તો ... આત્મા બંધું નહોતું કીધું. આત્મા બંધુ છે પોતાનો. આહા..હા..! રામચંદ્રજી. લક્ષ્મણજીને જ્યારે શક્તિ વાગે છેને રાવણની, રાવણ શક્તિ મારે છેને લડવા જાય છે ત્યારે લક્ષ્મણને વાગે છે શક્તિ. બેભાન થઈ જાય છે. પછી રામચંદ્રજી (કહે છે).. આ અમે દુકાને ગાતા તે દિ'. ૬૫-૬૪ની વાત છે. બેશુદ્ધ થઈ જાય છે લક્ષ્મણ. મોટો શું કહેવાય પંડાળ કહેવાયને? ધર્મ તો મોટા રાજા છે ને વાસુદેવ, મોટા પંડાળ જબ્બર. પડ્યા હતા. રામચંદ્રજી બેસે છે આમ અને બોલે છે આમ, 'આવ્યા હતા ત્યારે ત્રણ જણા અને જાશું એકાએક, માતા ખબરું પૂછશે તેને શું શું ઉત્તર દઈશ બંધવ? જાગને હો જી. એકવાર બોલને એકવાર જી' એક જવાબ તો દે ભાઈ! ત્રણ જણા આપણે છોડીને આવ્યા. સીતા ગઈ, અહીંયાં તું આવી રીતે, મારે એકલું જાવું. અહીં કહે છે કે આત્મરામ એકલો જાશે. આહા..હા..! એવું એ લોકોમાં આવેને. ગાય એ લોકો. સજ્ઝાય આવે છે સજ્ઝાય. એ સજ્ઝાય બોલતા. ત્યાં બધા ભેગા થાય અને સાંભળે. રાતે તો નવરાશ હોયને. ઘરાક ન હોય. આહા..હા..!

અહીં કહે છે કે એકલરામ આતમરામ. આહા..હા..! તારે શરણે જતાં પરનો આશ્રય પૂર્ણ છૂટતા

તને પૂર્ણ સ્વસંવેદન થશે, તેમાં તને પૂર્ણ આત્માની પ્રાપ્તિ થશે, ભગવાનના ભેટા તને પૂર્ણ થશે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો છે એને લોકોએ અત્યારે વીંખી નાખ્યો. આ વ્યવહાર કરો ને આનાથી થાય ને આનાથી થાય. અહીં તો કહે છે પરદ્રવ્યના આશ્રયે જેટલા વિકાર છે એને છોડ તો આત્માનો આશ્રય થશે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પૂર્ણ એક સંવેદન તેનાથી યુક્ત...**' તેનાથી યુક્ત '**એવા પોતાના આત્માને...**' આહા..હા..! '**પામે છે કે જેથી...**' '**उन्मूलितबन्धः एषः भगवान् आत्मा**' આહા..હા..! સિદ્ધાંત તો જુઓ સત્! આહા..હા..! આ સત્ય વીતરાગના સિદ્ધાંતો. એવા સ્વસંવેદન ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ એને અવલંબે. અહીં તો પૂર્ણ આશ્રય લીધો છે. સાધક સાધારણ એ નહિ. છેલ્લું છેને. પૂર્ણ આશ્રય લઈને જે સ્વસંવેદન પૂર્ણ પ્રગટ્યું છે. આહા..હા..! તે '**જેણે કર્મબંધનને મૂળથી ઉખેડી નાખ્યું છે...**' આહા..હા..! ભગવાન આત્માને પામે છે ત્યારે કર્મને મૂળમાંથી છોડી દીધું છે, નાશ કર્યો છે. અહીં આત્મા પૂર્ણાનંદની વેદનદશામાં, પૂર્ણ વેદનમાં પ્રાપ્ત થયો છે ત્યારે પૂર્ણ પૂર્વના પૂર્ણ વિકારના ભાવોને કર્મને મૂળમાંથી ઉખેડી નાખ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ અને આવી રીત છે, બાપુ! આહા..હા..! મારગડા એવા જુદાં છેને. આહા..હા..! અત્યારે તો સાંભળવા મળતું નથી. બહારથી માથાકૂટ કરીને મરી જાય બિચારા. આહા..! અહીં તો એમ કહે છે કે જેને આત્માની પૂર્ણ આશ્રયદશા પ્રગટી એની દશા પણ પૂર્ણ થઈ. પૂર્ણ આશ્રય થયો એટલે પૂર્ણ દશા થઈ, પૂર્ણ દશાના પ્રતાપે, પૂર્વના મૂળમાંથી પૂર્ણ કર્મને ઉખેડી નાખે છે એ, નાશ કરી નાખે છે. આહા..હા..!

**શ્રોતા :-** ધારાવાહી વેદન કીધુંને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકધારા કીધુંને નિરંતર. એક પછી એક ધારાવાહીનો અર્થ. એકની એક ધારા ચાલે છે નિર્મળ. એક સમયની નથી એમ કહે છે. ધારા જ ચાલે છે આત્માના આશ્રયે પરિણતિ આનંદ... આનંદ... આનંદ... આનંદ... આહા..હા..!

**શ્રોતા :-** સ્વાદ કેવો હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આનંદનો અનુભવ હોય એ. અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન. જેવો સ્વભાવ છે એવી પર્યાયમાં પૂર્ણતા થાય તેને ધારાવાહી કહે છે. જેમ ટકતું તત્ત્વ ત્રિકાળ છે તેમ તેનો આશ્રય લઈને ટકતી દશા ધારાવાહી કાયમ છે. સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે, ભાવ ભલે ઝીણા હોય. ભાષામાં કોઈ સંસ્કૃત ને વ્યાકરણ ને બહુ આકરું કંઈ એવું નથી. આહા..હા..! પ્રભુ પોતે જ અંદર સરળ સીધો છેને. આહા..હા..! એને એક આત્મા નામથી ઓળખી લ્યો તો થઈ રહ્યું જાવ. અત્તતી ગચ્છતી ઈતિ આત્મા. આનંદસ્વરૂપમાં પરિણમે તે આત્મા. આહા..હા..! રાગમાં પરિણમે તે આત્મા નહિ. આહા..હા..! વ્યવહારમાં પરિણમે તે આત્મા નહિ. આહા..હા..!

ભગવાન આનંદના સ્વરૂપમાં પૂર્ણ છે તેમાં પૂર્ણ રીતે, પૂર્ણ આશ્રય કરીને પૂર્ણ રીતે વેદનને કરે તેને પૂર્ણમાંથી પૂર્ણ કર્મનો નાશ ઉખડી જાય છે, નીકળી જાય છે. આહા..હા..! કર્મનો એક અંશ રહેતો નથી. સમજાણું કાંઈ? એવો આ ભગવાન આત્મા. આહા..હા..! જોયું! ભગવાન જ્યાં કહે છે ત્યાં લોકો રાડ

નાખી જાય છે. એવો એ ભગવાન આત્મા. ભગવાનના ઓલામાં તો જ્ઞાનસ્વરૂપ કર્યું છે. ભગવાન આત્મા—ભગ નામ જ્ઞાન અને આનંદની લક્ષ્મીવાળો પ્રભુ છે એ. અંતર જ્ઞાન ને આનંદ ને અનંત શક્તિની પૂર્ણતાની લક્ષ્મીનો એ ભંડાર છે. ભગ એટલે લક્ષ્મીવાન છે એ. આવી લક્ષ્મીવાન છે. આ ધૂળના જે લક્ષ્મીવાન છે એ બિચારા ભિખારા છે. આહા..હા..! લાવો... લાવો... લાવો... લાવો... લાવો... લાવા જેમ અગ્નિના લાવા હોય છેને એમ આ કષાયના લાવા... લાવા. આ તો શાંતિ... શાંતિ... શાંતિ... આહા..હા..! જેને મૂળમાંથી કર્મ ઉખડી ગયા છે એવો જે ભગવાન આત્મા. આહા..હા..! મહિમાવંત આત્મા, જેની મહિમાનો પાર ન મળે, સર્વજ્ઞની વાણીમાં પણ જેનો પૂર્ણ મહિમા (ન આવે). 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો; એ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે? અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' શ્રીમદ્, કેવળજ્ઞાન ક્યારે થશે એ ભાવના ભાવે છે. આહા..હા..!

'એવો આ ભગવાન આત્મા...' '**જેણે કર્મબંધનને મૂળથી ઉખેડી નાખ્યું છે એવો આ ભગવાન આત્મા પોતામાં જ...**' પ્રગટ થાય છે. પોતામાં પ્રગટ થાય છે. જે શક્તિરૂપે ભગવાન હતો તે પર્યાયમાં, પોતાની પર્યાયમાં સ્ફુરાયમાન પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આ તો એક જ કળશમાં એક કલાક. કળશ એવો છેને. અમૃતથી ભર્યો છે કળશ. આત્મા અમૃતથી ભર્યો છેને. આહા..હા..! હવે તો ઓલા સ્થાનકવાસી છે ઓલો કેવા? અમરચંદજી. એ હવે શબ્દ લીધા આના. અમૃતનો સાગર ઉછળે છે અંદર. મેં કીધું, તમારે કે દિ' હતું આ સ્થાનકવાસીમાં? આહા..હા..! અને પૂજ્યપાદસ્વામી આમ કહે છે, પણ પૂજ્યપાદસ્વામી તો દિગંબર છે. હવે અમને પણ આવડે છે એમ કરીને એવું નાખે છે. ભાઈ! આ શોભે નહિ વાડામાં. એ વાડો જ સાચો નથી. આહા..હા..! એ તો દિગંબર સંતોની વાણીને શોભે. જેની (બાહ્ય) નગ્ન દશા, અંતર વીતરાગ દશા. આહા..હા..! એ એમ કહે. આહા..હા..!

એ સ્ફુરાયમાન. શું કહે છે? પૂર્ણ સ્વભાવનો આશ્રય લઈને, પૂર્ણ કર્મને મૂળમાંથી ઉખેડી નાખીને ભગવાન પોતાની પર્યાયમાં પૂર્ણ રીતે પ્રગટ થાય છે. જે સ્વભાવરૂપે હતો, શક્તિરૂપે હતો તે વ્યક્તિરૂપે પર્યાયમાં સ્ફુરાયમાન થાય છે. આહા..હા..! એક-એક શબ્દ તો જુઓ! પર્યાયમાં પરિણતિ સ્ફુરાયમાન પૂર્ણ થઈ જાય છે એમ કહે છે. આહા..હા..! '**स्फूर्जति**' પોતામાં જ '**स्फूर्जति**' ભગવાન સ્ફુરાયમાન થાય છે. આહા..હા..! આ બંધના અભાવનું અને અબંધસ્વભાવી ભગવાનના આશ્રયનું આ ફળ છે. એમ છેવટે આ કળશમાં એમ કહ્યું. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જયેષ્ઠ સુદ-૧, ગુરુવાર, તા. ૧૯-૦૫-૧૯૭૭, કળશ-૧૭૮-૧૭૯, પ્રવચન નં. ૩૪૬

સમયસાર, ૧૭૮ કળશ એનો ભાવાર્થ છે. ૧૭૮ કળશ છેને એનો ભાવાર્થ. '**પરદ્રવ્યનું અને પોતાના ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું જાણી...**' અજાણ્યાને ગ્રીક-લેટિન જેવી ભાષા છે આ બધી. આ તો સત્ય વસ્તુ છે. કહે છે કે આ આત્મા જે છે વસ્તુ સચ્ચિદાનંદ સ્વરૂપ, શુદ્ધ આનંદઘન પ્રભુ આત્મા છે એ સ્વવસ્તુ છે અને એ સિવાય બીજી બધી ચીજો પર છે. શરીર, વાણી, મન, કર્મ, આ ધંધા-પાણી, ઈશ્વર, દેવ-ગુરુ-શાસ્ત્ર એ પણ આ વસ્તુથી પરવસ્તુ છે એ. એ પરવસ્તુનું નિમિત્ત છે અને તે નિમિત્તને અવલંબે વિકાર થાય છે. એ નિમિત્ત-નૈમિત્તિક કીધુંને? પરદ્રવ્યનું એ નિમિત્ત અને પોતાના ભાવનું નૈમિત્તિકપણું એને લાગુ પડે છે. પરવસ્તુનું નિમિત્તપણું અને પોતાનો ભાવ તેના તરફના વલણવાળો તે નૈમિત્તિક છે, એ વિકાર છે. ચાહે તો ઈશ્વરનું ભજન પરમાત્માનું તીર્થંકરનું હો, છતાં એ પુણ્યભાવ નિમિત્તના લક્ષે થયેલો પુણ્યભાવ, ધર્મ નહિ.

એમ '**જાણી સમસ્ત પરદ્રવ્યને ભિન્ન કરવામાં-**' આવતાં. 'પોતાના સિવાય બીજી બધી વસ્તુઓ મારાથી ભિન્ન છે અને એનાથી હું ભિન્ન છું' એવો જ્યારે વિવેક અને ભેદજ્ઞાન પરથી જુદું કરવામાં આવે, ત્યારે પરદ્રવ્ય '**ત્યાગવામાં આવે...**' એનો અર્થ કે પરદ્રવ્ય ઉપરથી લક્ષ છૂટી જાય. આવી વાતું ઝીણી. આ આત્મા વસ્તુ એ પદાર્થ છે, સ્વતત્ત્વ છે. એ સ્વતત્ત્વ નિર્દોષ આનંદકંદ પ્રભુ છે, એમાં જેટલા પુણ્ય અને પાપના ભાવો ઉત્પન્ન થાય, એ બધા પરદ્રવ્ય નિમિત્ત અને નૈમિત્તિક એ વિકારીદશા. એ જ્યારે પરદ્રવ્ય અને એના તરફથી ઉત્પન્ન થતો વિકાર એનું લક્ષ છોડે ત્યારે પરદ્રવ્યનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! છે?

**શ્રોતા :—** કહેવામાં આવે છે, સાચું શું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કહેવામાં આવે છે. પરનો તો ત્યાગ જ છે, પણ પરના લક્ષે સ્વરૂપને ભૂલીને, ચિદાનંદ ભગવાન આત્મા આનંદનો કંદ છે એ તો જ્ઞાનની મૂર્તિ આત્મા છે, એને એ ખબર નથી અનંતકાળથી. એના આશ્રયને છોડી અને પોતાનું સ્વરૂપ જે નથી પરમાં, એવી પરવસ્તુનું લક્ષ કરીને પરવસ્તુ નિમિત્તમાત્ર ઉપસ્થિત, એને આશ્રયે અવલંબે વિકાર થાય. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો હો કે ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષયનો હોય, પણ છે બેય વિકાર. નૈમિત્તિક વિકાર-નિમિત્તના સંબંધે થયેલો નૈમિત્તિક વિકાર. આ તો પરમસત્યની વાતું ઝીણી બહુ, ભાઈ! એ બેને '**ત્યાગવામાં આવે...**' એટલે સ્વમાં જ્યારે આવે ત્યારે પરદ્રવ્યનો ત્યાગ કર્યો, પરદ્રવ્યનું લક્ષ છોડ્યું એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવો ધર્મ ભારે!

**શ્રોતા :—** મુનિ થાય ત્યારે પરદ્રવ્યનો ત્યાગ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ત્રણે કાળે પરદ્રવ્યનો ત્યાગ જ છે. ક્યાં ગરી ગયા છે અંદર? એક વસ્તુમાં બીજી વસ્તુનો તો અભાવ છે. એ ચીજ છે અસ્તિ, અસ્તિપણે, મોજૂદ જે ભગવાન આત્મા એમાં એ બીજી ચીજનો તો અભાવ છે. બીજી ચીજનો અભાવ ન હોય તો બે ચીજ એક થઈ જાય છે. આહા..હા..! અહીંયાં તો પરનું લક્ષ છોડે છે, પરદ્રવ્યને લક્ષમાં લેતો પરદ્રવ્યને ભિન્ન કરવામાં આવે એમ કહેવામાં આવે. '**ત્યારે સમસ્ત રાગાદિભાવોની સંતતિ કપાઈ જાય છે...**' આહા..હા..! ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એના તરફનો આશ્રય લેતા જેટલે દરજ્જે પરદ્રવ્ય તરફનું વલણ છે એટલે દરજ્જે સ્વદ્રવ્યનો આશ્રય લે છે સ્વવસ્તુનો, તેટલું ત્યાં કર્મ કપાઈ જાય છે વિકાર એટલે કે તેટલો વિકાર ઉત્પન્ન થતો નથી. બહુ ઝીણી વાતું, બાપુ! ધર્મની વાતું ઝીણી બહુ. લોકો એ તો કાંઈકને કાંઈક કલ્પીને બેઠા છે.

ભાવપાહુડની ૮૩ ગાથા છે. ત્યાં તો એમ કહ્યું છે.. ભગવાન સાક્ષાત્ તીર્થંકર હોય, એની મૂર્તિ હોય, એ સાક્ષાત્ ભગવાન બિરાજતા હોય એની પૂજાનો ભાવ પણ પુણ્ય છે, ધર્મ નહિ. અને ત્યાં એ પૂજા શબ્દ નથી વાપર્યો, પૂજા આદિ શબ્દ વાપર્યો છે. એટલે કે પરદ્રવ્યની ભક્તિ, વંદન, વયાવચ્ચ, સેવા, સ્મરણ એ બધું પુણ્ય છે, શુભભાવ પુણ્ય છે, ધર્મ નહિ. આહા..હા..! લોકોને ક્યાં ખબર છે કાંઈ. એમ ને એમ આંધળે આંધળા. સંસારના કામથી એક તો નવરો થાતો નથી. આ રળવું ને કમાવું ને દુકાનના ધંધામાં.

**શ્રોતા :—** ખાવું પડે તો શું કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ખાવા રોટલા મળે નહિ? આવ્યો છે આયુષ્ય લઈને તો નહિ મળે એને?

**શ્રોતા :—** ધંધો લઈને આવ્યો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધંધો લઈને આવ્યો નથી. ઊંધો પુરુષાર્થ કરે છે ત્યારે ધંધો ચાલે છે. ચાલે છે એટલે? કરે છે. છે તો ધંધો એને કારણે થાય છે. પરવસ્તુને કરે કોણ? આહા..હા..! આ શરીરનું પણ કરી શકતો નથી. શરીરમાં પક્ષઘાત થાય ત્યારે હલાવી શકે છે? જડ છે આ તો માટી. વસ્તુ આત્મા તત્ત્વ ભિન્ન છે. એ ભિન્ન તત્ત્વ ભિન્ન તત્ત્વનું કરે શું? પણ એ અનાદિનું અભિમાન. આહા..હા..! એને કહે છે કે જે પરના લક્ષને છોડે છે ત્યારે તેના સંબંધે રાગાદિ ભાવોને પણ છોડે છે. કપાઈ જાય છે એમ. સમજાણું કાંઈ?

'**અને ત્યારે આત્મા પોતાનો જ અનુભવ કરતો થકો...**' આહા..હા..! પર તરફથી લક્ષ છોડતા બધા દ્રવ્યો પર છે જેટલા એનાથી (લક્ષ) છોડતા. ત્યાં તો પૂજા આદિ શબ્દ વાપર્યોને. પૂજા, ભક્તિ, વંદન, વયાવચ્ચ આદિ, નામસ્મરણ આદિ બધું શુભભાવ પુણ્ય છે, ધર્મ નહિ. આહા..હા..! ત્યાં બે બોલ છે... અને વ્રતો—અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, પાંચ મહાવ્રત, એ પણ વિકલ્પ અને રાગ છે, શુભરાગ છે, ધર્મ નહિ. કહો, આવી વાતું છે. લોકોને તો બિચારાને સત્ય મળતું નથી. કોક ક્યાંક ચડાવી દે, કોક કાંઈક ૐ-ૐ કરવું, ધ્યાન કરવું, આમ કરવું. શેના ધ્યાન વસ્તુના ભાન વિના! ૐ જાપ કરો, ૐ જાપ કરો જાવ. ઈશ્વરને યાદ કરો. ઈશ્વર ક્યો પણ? ઈશ્વર તું પોતે છો, તારું સ્વરૂપ ઈશ્વર છે.

આહા..હા..! ઈશ્વર થઈ ગયા એ તો પર છે. એનું લક્ષ કરવા જઈશ તો તારા સ્વરૂપમાંથી ખસી જઈશ અને ખસી જઈશ એટલે વિકાર જ થશે. ભલે પુણ્ય થાય. આહા..હા..!

**‘પોતાનો જ અનુભવ કરતો...’** જ્યારે એ આત્મા પરવસ્તુનું લક્ષ છોડી અને ચૈતન્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ પ્રભુ છે એનું અંદર ધ્યાન કરે, અનુભવ કરે ત્યારે તેને ધર્મ થાય. બલુભાઈ! આહા..હા..! આવી ધર્મની રીત. લોકોએ તો બગાડી નાખ્યો છે. ધર્મને વીંખી નાખ્યો, પીંખી નાખ્યો છે. લોકોને એટલી ગરજ પણ ક્યાં છે. સત્ય શું છે? સત્યની ખોજ શું છે એ ક્યાં ખોજ ક્યાં છે? વેપાર-ધંધાની ખોજ કરે. ક્યાંથી માલ સોંઘો મળે? શેમાંથી પેદાશ વધારે થાય? નોકરી કોણ વધારે આપે? એની ખોજું કરે રખડવાની બધી, પણ આ આત્મા અંદર ચીજ શું છે એને ખોજતો નથી. આહા..હા..! એની ખોજમાં જાય તો પરના લક્ષ છૂટી જાય એમ કહે છે. પરના લક્ષ છૂટી જાય તો એના આત્માને અનુભવ થાય. આત્માને આનંદને અનુસરીને થાય દશા એ આત્માનો અનુભવ કહેવામાં આવે છે, એને ધર્મ કહેવામાં આવે છે. આવી વાત છે. આહા..હા..!

**‘પોતાનો અનુભવ કરતો થકો કર્મના બંધનને કાપી પોતામાં જ પ્રકાશે છે. ’** પોતે. શક્તિરૂપે જે સ્વભાવ છે, ચૈતન્યનો ચૈતન્યસ્વભાવ, આનંદસ્વભાવ એવો શક્તિરૂપ છે એ એનું ધ્યાન કરતાં, એનો અનુભવ કરતાં વ્યક્ત પ્રગટરૂપ દશામાં થાય એનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. અરે..! ભાષા જુદી અને ભાવ જુદાં. આહા..! **‘ત્યાં બંધનને કાપી પોતામાં જ પ્રકાશે છે.’** પોતામાં જ પ્રકાશે છે, કાંઈ બહારથી ચીજ આવતી નથી. આહા..હા..! અંતરમાં શક્તિ અને સ્વભાવ આનંદનો જે પૂર્ણ પડ્યો છે, એને પરદ્રવ્યના લક્ષને છોડી સ્વદ્રવ્યના અનુભવ કરતા એને આનંદ આવે અને કર્મ છૂટી જાય અને પોતાની દશામાં પોતે પ્રગટ થાય. આહા..હા..! વાણી કેવી ભાષા કેવી આ બધી!

**‘માટે જે પોતાનું હિત ચાહે છે...’** છે? **‘તે એવું કરો.’** જેને આત્માનું હિત કરવું હોય, કલ્યાણ કરવું હોય, સુખી થવું હોય એ આમ કરો. પોતાના સ્વભાવ સિવાય પરદ્રવ્યના તરફથી લક્ષ છોડી દઈને અને તેના લક્ષે થતાં વિકારને પણ લક્ષમાંથી છોડી દઈને જે કોઈ દિ’ લક્ષમાં લીધો નથી પ્રભુ પોતે, એને લક્ષમાં લઈને તેમાં એકાગ્ર થવું એ હિત છે. હિત કરવું હોય તો આ પંથ છે આ રસ્તો. બાકી બધા રસ્તા પુણ્યના, દયાના, દાનના, ભક્તિના હો, એનાથી ભવ મળે અને ભ્રમણ થાય ચાર ગતિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલાએ લખવા માંડ્યું છે, કીધુંને રાત્રે. એમના પંથના મોટા-મોટા વિદ્વાનો પણ હવે અનેકાંત કરવા માંડ્યું છે એમ કહે છે. લખ્યું છે. આહા..હા..! વ્યવહાર છે એમ કહેવા માગે છે. એય..! અનેકાંત. વ્યવહાર હોય છે, ભક્તિ, પૂજા આદિનો ભાવ, પણ એ ભાવ પુણ્ય છે, એનાથી આત્માનું કલ્યાણ થાય એમ નથી, તેમ તે પુણ્યભાવ પૂર્ણ વીતરાગતા આત્મામાં ન આવે ત્યારે આવ્યા વિના રહે પણ નહિ. આવે નહિ માટે અનેકાંત થઈ ગયું? એનાથી કલ્યાણ થાય નહિ, કલ્યાણ તો સ્વનો આશ્રય કરતાં થાય એનું નામ અનેકાંત છે. આહા..હા..! કાંઈક ચિંતવન કરે અંદરમાં એ બધો વિકલ્પ રાગ છે એ તો. આહા..હા..! નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આઈરિયાણં. એ પરમેશ્વર

પંચપરમેષ્ઠીનું સ્મરણ તે રાગ છે. આહા..હા..! બલુભાઈ! આવું ઝીણું છે આ.

**શ્રોતા :—** અમે જે કરીએ એ બધામાં ના પાડો છો, તો અમારે કરવું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ શું કહે છે આ? હિત કરવું હોય તેણે આત્મા તરફ આત્મામાં જાવું. પરતરફથી વલણ છોડીને, સ્વતરફમાં વલણ કરવું એ એને કરવું. આહા..હા..! ભાષા તો સાદી છે. લોજિકથી, ન્યાયથી તો વાત કહેવાય છે. આહા..હા..! કેમકે જેને ધર્મ કરવો છે એટલે એને હિત કરવું છે, તેનો અર્થ એ કે એની દશામાં હિત નથી. હિત કરવું કહો, ધર્મ કરવો કહો, કલ્યાણ કરવું કહો, એમ જે કહેવા માગે છે તો એનો અર્થ એ કે એની દશામાં, હાલતમાં ધર્મ નથી, હિત નથી. માટે એ અહિત છે. પુણ્ય અને પાપના ભાવ તે કરે છે એ અહિત છે. એથી જેને હિત કરવું હોય તેણે એ અહિતના ભાવને લક્ષમાંથી છોડી દઈ અને જે ત્રિકાળી જ્ઞાયક ચિદાનંદ પ્રભુ આત્મા છે તેનો આશ્રય લઈને જે દશા થાય, તેને હિત કહેવામાં આવે છે અને વિકારદશાને અહિત કહેવામાં આવે છે. એનો નાશ થઈ અને સ્વભાવને આશ્રયે હિત પ્રગટે, શાંતિ પ્રગટે, ધર્મ પ્રગટે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સત્‌ની અવસ્થા પ્રગટે એને એ કરવાનું છે અને એ હિત ચાહે તો આ છે. આહા..હા..! એ વાત તો કહેવાઈ ગઈ બધી ઘણી કાલે. આ તો એનો ભાવાર્થ.

હવે છેલ્લો શ્લોક છે. બંધનો છેલ્લો કળશ છે. '**બંધ અધિકાર પૂર્ણ કરતાં તેના અંતમંગળરૂપે જ્ઞાનના મહિમાના અર્થનું કળશકાવ્ય કહે છે :—** ' ૧૭૯.

(मन्दाक्रान्ता)

रागादीनामुदयमदयं दारयत्कारणानां
कार्यं बन्धं विविधमधुना सद्य एव प्रणुद्य।
ज्ञानज्योतिः क्षपिततिमिरं साधु सन्नद्धमेतत्
तद्वद्यद्वत्प्रसरमपरः कोऽपि नास्यावृणोति।।१७९।।

આહા..હા..! એનો અર્થ. આ તો અધ્યાત્મની વાતું જેણે અનંતકાળમાં કરી નથી. દયા પણ અનંતવાર પાળી, પુણ્ય પણ અનંતવાર કર્યા, નીતિ અનંતવાર કરી, નૈત્તિક જીવન, લૌકિક સજ્જનતા, પરસ્ત્રીનો ત્યાગ, તીવ્ર પાપનો ત્યાગ, ધંધા આદિમાં પણ નૈત્તિક જીવન, તીવ્ર પાપનું નહિ એ બધું લૌકિક જીવન છે, લૌકિક નીતિ છે, એ કાંઈ ધર્મ નથી. આહા..હા..! લોકોત્તર નીતિ તો એને કહે છે કે જે '**બંધના કારણરૂપ જે રાગાદિભાવ...**' આહા..હા..! એ રાગ કોને કહેવો એ હજી સમજણમાં લોકોને મુશ્કેલ પડે. બીજાનું ભલું કરવું એ પણ એક વૃત્તિ ઊઠે છે, રાગ છે. આહા..હા..! જગતનું કલ્યાણ કરી દઉં, જગતની દયા પાળી દઉં, જગતને સુખને પંથે દોરી દઉં એ ભાવ એ રાગ છે, કરી શકે નહિ. રાગ કરે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહે છે કે '**બંધના કારણરૂપ...**' એ પુણ્ય અને પાપના ભાવો એ બંધના કારણરૂપ '**જે રાગાદિક તેમના ઉદયને...**' એટલે કે તે રાગ પુણ્ય-પાપ પુણ્યનો થાય એને '**ઉદયને...**' '**अदयम्**' '**નિર્દય રીતે...**' આહા..હા..! અનાદિનો રાગ છે તેને નિર્દય રીતે, આત્માનો આશ્રય લઈ અને નિર્દય રીતે એનો નાશ કરે. આહા..હા..! '**अदयम्**' એમ છેને?

**'નિર્દય રીતે...' 'નિર્દય રીતે (અર્થાત્ ઉગ્ર પુરુષાર્થથી)...'** નિર્દય એટલે આત્મા આનંદકંદમાં જોડાતા, ભગવાન પોતાના સ્વભાવમાં અંદર જોડાતા ઉગ્ર પુરુષાર્થથી એ રાગને નિર્દય રીતે એટલે ઉત્પન્ન થવા ન દે એ નિર્દય રીતે નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આરેરે..! વાતે વાતે ફેર. અહીં તો કાપે છે, કાપે છે એ વ્યવહાર છે. કાપે શું? અંતર આનંદસ્વરૂપમાં આવે છે એટલે એ વિકારની ઉત્પત્તિ થતી નથી એ વિકારને નાશ કરે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! આ નિશાળ જુદી જાતની છે. આહા..હા..! લોકો બિચારા ભણ્યા ગણ્યા હોય બધા કાશીના ભણેલા હોય મોટા વિદ્વાન એને આ વાત બેસતી નથી... ખબર નથી બાપુ ભાઈ! તું જે અહિતનો નાશ કરવા માગે છો અને તું જે હિત કરવા માગે છો એ હિતની દશા ધર્મની, શાંતિની નિર્દોષ દશા, સદોષ દશા જતાં નિર્દોષ દશા થાય. એ નિર્દોષ દશા કોને આશ્રયથી થાય? એ નિર્દોષ પ્રભુ નિર્દોષ પડ્યો છે પ્રભુ આત્મા, એને આશ્રયે નિર્દોષ દશા થાય છે. એ નિર્દોષ દશા થાય કે સદોષ દશા જાય એને સદોષને નાશ કરે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'બંધના કારણરૂપ જે...'** રાગ પુણ્ય-પાપના ભાવ. રાગ સમજ્યા? કે આ બાયડીનો રાગ, ધંધાનો રાગ એને રાગ સમજે. પણ અહીં તો દયા, દાન અને પરમાત્માની ભક્તિનો ભાવ એ રાગ છે અહીં તો ઈ કહેવું છે. આહા..હા..! અહિંસા પાળવી, કોઈ જીવને દુઃખ ન દેવું, એ બધો રાગ છે, વૃત્તિનું ઉત્થાન છે, એ સ્વરૂપ નથી. ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપે બિરાજમાન ચૈતન્યજ્યોત છે. ચૈતન્યના પ્રકાશનું પૂર છે. એમાં એ વિકલ્પની લાગણી સ્વરૂપમાં ક્યાં છે? આહા..હા..! પણ એ આત્મા આવડો છે એ વાત રાંકને બેસે નહિ. આહા..હા..! એક બે બીડી, સીગરેટની સરખી પીવે ત્યારે ભાઈસાહેબને જંગલ ઉતરે પાયખાને. આટલા તો અપલક્ષણ. હવે એને એમ કહેવું કે તું આનંદનો નાથ છો પૂર્ણ. આ વિકાર ઉત્પન્ન થાય એ તારું સ્વરૂપ નથી. ક્યે માપે માપ કરે? માપ જ ખોટા છે એના બધા. માપલા જ ખોટા છે. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે સચ્ચિદાનંદ પ્રભુ, આત્મા સચ્ચિદાનંદ પ્રભુ જ છે. સત્ છે, ચિદ્ જ્ઞાન. ચિદાનંદ. જ્ઞાન અને આનંદનું સ્વરૂપ એ છે આત્મા ત્રિકાળ. જ્ઞાનનો પૂંજ છે, અતીન્દ્રિય આનંદનો ગંજ છે. આહા..હા..! એવું જે આત્માનું સ્વરૂપ તેનો આશ્રય લઈને પર તરફથી ખસી જાય છે ત્યારે એણે રાગ-દ્વેષને કાપી નાખ્યા, નાશ કર્યા, નિર્દય રીતે એટલે કે અંશ રાખ્યા વિના પણ, કે થોડો રાગ રાખવો એ પણ નહિ, એમ. આહા..હા..! ચૈતન્યના ઉગ્ર પુરુષાર્થમાં જ્યાં અંદર ધ્યાનમાં જાય છે ત્યારે પુણ્યનો રાગનો અંશ છે એને પણ ઉત્પન્ન થવા દેતો નથી એને નાશ કરે છે-નિર્દય રીતે નાશ કરે એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાતું હવે. આહા..હા..! એ આઠ-આઠ વર્ષના બાળકો પણ સમજીને કેવળજ્ઞાન પામીને મોક્ષ પધાર્યા છે. આઠ વર્ષના બાળકો આત્મજ્ઞાન કરી કેવળ પામી મોક્ષ પધાર્યા છે. એવી શક્તિ છે. પણ એણે સાંભળ્યું નથી, માહાત્મ્ય આવ્યું નથી અને પરના માહાત્મ્ય ખસતા નથી. ચાહે તો પછી દેવ ને ગુરુ, શાસ્ત્ર ભગવાન હોય તો એનું માહાત્મ્ય આવે તો એ પણ રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'બંધના કારણરૂપ રાગાદિક તેમના ઉદયને નિર્દય રીતે (અર્થાત્ ઉગ્ર પુરુષાર્થથી) વિદારતી થકી,...'** કોણ વિદારતી થકી? જ્ઞાનજ્યોતિ. ભગવાન જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન એટલે આ વકીલાતના જ્ઞાન અને આ ડોક્ટરના જ્ઞાન ને આ, એ બધા તો કુજ્ઞાન છે. પાંચ-પાંચ હજારના પગાર અને દસ-દસ હજારના પગાર. પંદર-પંદર, વીસ-વીસના છે ને. મુંબઈમાં નહિ એક? રામજીભાઈના દીકરાને દસ હજારનો પગાર છે. મૂકી દીધી? કોણે? બીજી કંપની. ના, મૂકી નથી દીધું. આહા..હા..! કેમ એસોની મૂકી દીધી? એસ.ઓ. હતી. પછી એસ.પી. થઈ હતી. આ હિન્દુસ્તાને લીધું એટલે. પહેલી એસ.ઓ.ની ડિગ્રી હતી. મોટી કંપની અબજો રૂપિયા. પછી આ હિન્દુસ્તાન લીધી એસ.પી. થઈ ગઈ. એસ.પી.માં નોકર હતા. આઠ હજારનો પગાર માસિક છે. આવે છેને અહીં આવે છે. એ સિવાય બીજા ઘણાં છે. આપણે દલીચંદભાઈનો દીકરો નથી? મોરબીવાળા દલીચંદનો દીકરો ત્યાં છે. પંદર હજારનો પગાર. માસિક પંદર હજારનો. એક દિ'ના પાંચસો રૂપિયા. મુંબઈમાં છે. અહીં આવે છે. એનો બાપ અહીં છે. પિતાજી અહીં છે. એમાં શું પણ ધૂળમાં. આહા..હા..! ચૈતન્યની જેને લક્ષ્મીની ખબર નથી.

**શ્રોતા :—** આપ ઘણા વર્ષથી એને ધૂળ.. ધૂળ કહો છો, પણ અમને ધૂળ લાગતી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધૂળ નથી લાગતી ત્યારે શું ઈ ચૈતન્ય છે? પૈસા ઈ ચેતન છે? પૈસાને હું કોણ છું એવું જ્ઞાન છે? તો જેને જ્ઞાન નથી એ અચેતન છે, જડ છે. આ શરીર છે લ્યો! આ આંગળી છે એ આંગળીની આંગળીને ખબર છે કે હું આંગળી છું? આ તો જડ, માટી, ધૂળ છે. જાણનારો તો અંદર ચૈતન્ય છે એ જ કહે છે કે હું જ્ઞાન છું અને આ જડ છે. આને કાંઈ ભાન નથી. આ તો માટી, જડ, ધૂળ છે. આહા..હા..! ધૂળમાંથી ઘઉં થયા અને ઘઉંમાંથી લોટ થયો અને લોટમાંથી રોટલી થઈ અને રોટલીમાંથી માંસ થયું આ, આ લોહી થયું રોટલીમાંથી. પરમાણુ છે એ કાયમ રહીને એની દશાઓ બદલે છે, એ સ્વતંત્ર છે. આત્મા એનું કાંઈ કરી શકે પરનું (એમ છે નહિ). આહા..હા..! આ આંગળી ચાલે એ પણ જડને લઈને ચાલે છે.

**શ્રોતા :—** આટલા વર્ષથી વકીલાત કરીને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વકીલાત કરે બધા ગપ્પા મારે બધા વકીલાતવાળા. વકીલાત કરતાને ૩૦ વર્ષ. એ બસ્સો રૂપિયા લેતા પાંચ કલાકના. વકીલાત જાતા કોર્ટમાં. ૩૦ વર્ષ પહેલાં પણ હોં. હવે તો છોડી દીધું છે. પાંચ કલાકમાં બસ્સો રૂપિયા. એ વકીલાત પાપ છે બધું. આહા..હા..!

**શ્રોતા :—** આપે હમણા સીગરેટનું શું કહ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—**સીગરેટ તો એમ કહ્યું કે બે સીગરેટ પીવે ત્યારે દિશાએ જાય પાયખાને તો જંગલ ઉતરે. આવા તો વ્યસન. આમ કોક કહે. આપણે તો જિંદગીમાં બીડી પીધી નથી. એક ફેરી નાની ઉંમરમાં એક છોકરો બીડી પીતો હતો. દસ વર્ષની ઉંમર હશે. ૭૭ વર્ષ પહેલાંની. જરી (મેં) આમ લીધું, ઉંહું..હું.. એવું લાગ્યું. અમથું આમ લીધું ત્યાં. જિંદગીમાં આપણે બીડી પીધી નથી. એટલે એ બીડીના જેને હોય રસ એને તો આહા..હા..! આમ રાખે, આમ રાખતો હશે, આમ રાખતો હશે. આપણે એ ખબર નહિ. એ બરાબર બે પીવે તો પાયખાને જંગલ ઉતરે. પાશેર, દોઢ પાશેર ચા પીવે ત્યારે તેનું

મગજ ઠેકાણે રહે. નહિતર કહે આજે મગજ બરાબર નથી, ચા પીને નથી આવ્યો. બહુ સારું. પાણી દોઢ પાશેર અધશેર એ એના મગજને ઠેકાણે રાખે. મૂર્ખાઈ તે કાંઈ ઓછી છે? આહા..હા..! કહો, બલુભાઈ! અહીં તો એ વાત છે.

અહીં તો ઈ કહે છે. આહા..હા..! જેમણે આત્માનો આશ્રય લીધો, જેણે અનંતકાળના પ્રવાહમાં અપૂર્વમાં કોઈ દિ' પૂર્વે આ કર્યું નથી એવું જેણે, આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, અણીન્દ્રિય આનંદ અને અણીન્દ્રિય જ્ઞાનનો સાગર છે પ્રભુ. અતીન્દ્રિય અમૃતના સાગરથી તો એ ઉછળે છે. ખબર ક્યાં છે ઈ શું ચીજ છે? આહા..હા..! જેનામાં અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય વીર્ય, અતીન્દ્રિય શ્રદ્ધા અને અતીન્દ્રિય આનંદ ભર્યા છે. આહા..હા..! એવું જે સ્વતત્ત્વ એટલે સ્વદ્રવ્ય એના તરફ જેનો જુકાવ થઈ જાય છે, એને પર તરફના જુકાવનો અભાવ થાય છે. તેથી તેને પર તરફના જુકાવના અભાવને લઈ પર તરફના વલણવાળા વિકારનો પણ અભાવ થાય છે. એનો અભાવ થતાં સ્વતરફના વલણવાળી નિર્મળ વીતરાગી નિર્દોષદશા પ્રગટ થાય છે તેને ધર્મ કહેવામાં આવે છે, બાકી થોથે થોથા. લોકો ભલે માને. બે-પાંચ કરોડ પૈસા હોય ને પછી લાખ, પાંચ લાખ ખર્ચે. તસ્દી લઈને તક્તી લગાવે. તક્તી લગાવે છેને મકાનમાં, ભાઈ પાંચ લાખ એણે આપ્યા હતા. અને એમાં મહેનત કરે પાછો તસ્દી લે બહુ. તક્તી ત્યારે લગાવે. બીજાને ઊભા કરે, આમ કરજો, ફલાણું કરજો. આહા..હા..!

હમણા કોક આવ્યું હતું. બીજાને ઊભા કરીને કહે, માન મળ્યું. એવી કાંઈક વાત આવી હતી. આહા..હા..! આ નોકરી કરી હોયને ૨૫, ૫૦ વર્ષ ૩૦-૪૦. પછી ત્યાંથી જાવું હોય એટલે લોકો અભિનંદન ન આપતા હોય. ઓળખીતા હોય સગા જૂના એને કહે, વાત કરો. મને અભિનંદન આપે. અભિનંદન પૂંછડું આપે બધા ભેગા થઈને. તમે બહુ કામ કર્યું. આહા..હા..! આમ ને આમ મરી ગયો. અને તે પાછો બોલે એવું કે તમે મને મારી લાયકાત નથી છતાં આ બધું માન આપો છો. અંદર ગલગલિયા હોય, અંદર એને મીઠાશ લાગતી હોય, પણ ભાષામાં આવું (બોલે), તમે બધા ભેગા થઈને મને મોટપ આપી એ મોટપનું કામ તમારું છે અને એ મોટપ હવે મારે નભાવવી એ મારે કામ છે. આવું ભાષણમાં ભૂંકે. આહા..હા..! આ સંસાર આવો છે. અહીં કહે છે કે જેટલે દરજ્જે પરદ્રવ્ય તરફના વલણને છોડે તેટલે દરજ્જે સ્વદ્રવ્યમાં આવે ત્યારે તેને ધર્મની ઉત્પત્તિ અને શાંતિની ઉત્પત્તિ થાય. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

**'कार्यं विविधम् बन्धं' 'તે રાગાદિકના કાર્યરૂપ અનેક પ્રકારના બંધને હમણાં તત્કાળ જ દૂર કરીને,...'** આહા..હા..! જે પુણ્ય અને પાપના ભાવ પરના લક્ષે નિમિત્તને સંબંધે થતાં એ નૈમિત્તિકના ભાવને ભગવાન આત્માના સ્વભાવને આશ્રયે તે કાર્યને દૂર કરી નાખે છે. આહા..હા..! છેને? **'હમણાં તત્કાળ જ દૂર કરીને,...'** આહા..હા..! તરત જ તે. આહા..હા..! જે સમયે અંધારું જાય તે સમયે પ્રકાશ થાય, જે સમયે પ્રકાશ થાય તે સમયે અંધારું જાય. એને કાંઈ કાળભેદ હોતો નથી કે અંધારું પહેલું જાય અને અંજવાળુ પછી થાય. અંધારું જાય અને અંજવાળુ થાય, કાળ એક જ છે. એમ ભગવાન આત્મામાં પરના લક્ષ છોડીને અને પરતરફના પુણ્ય-પાપના ભાવને છોડીને સ્વભાવના

લક્ષમાં આવે છે તે કાળે તે વિભાવ વિકારનું કાર્ય બંધ પડી જાય છે, છૂટી જાય છે. એ છૂટવું અને આત્મામાં સ્થિર થવું બેય એક જ સમય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આમાં કરવું શું? સૂઝ પડતી નથી. કાંઈક જઈને કરવું. પૈસાનો સદુપયોગ કરવો, શરીરનો સદુપયોગ કરવો. ધૂળેય કરતો નથી સાંભળને. આ તો શરીર જડ, માટી છે, શું સદુપયોગ કર? પૈસા પણ માટી છે. એનો સદુપયોગ શું કરે? દાન-બાન દેવાનો ભાવ હોય ક્યાંક, એમાં દાન દઈને પણ પાછું આબરૂ ને મોટપનો ભાવ ન હોય તો પુણ્ય બાંધે. આબરૂ અને મોટપનો ભાવ હોય તો એ પૈસા આપે પચાસ લાખ કે દસ લાખ, તોપણ પાપ બાંધે. આહા..હા..!

અહીં તો એક સ્વ ભગવાન આત્મા. સ્વાશ્રય નિશ્ચય અને પરાશ્રય વ્યવહાર. આ વાત છે. આહા..હા..! એટલે? જેટલો પરદ્રવ્ય ઉપર, પરપદાર્થ ઉપર લક્ષ જાય એટલો વિકાર થાય. એ પરાશ્રય વ્યવહાર. આ શાસ્ત્ર શ્રવણ કરવામાં પણ વિકલ્પ અને રાગ છે. આહા..હા..! આવી વાત છે. આહા..હા..! એમાં એ શાસ્ત્ર વાણી ઉપર લક્ષ છેને એનું? વાણી પર છે, આ વાણી જડ છે. આ કાંઈ આત્મા નથી. આહા..હા..! આત્મામાં વાણી ક્યાં છે? વાણી તો જડ છે, માટી છે, ધૂળ છે. ત્યારે આ ઉતરે છેને આમાં. આત્મામાં ઉતરે આમાં? આહા..હા..!

અહીં કહે છે કે રાગાદિકના કાર્યરૂપ જે બંધન કર્મનું એને હમણાં તત્કાળ જ દૂર કરીને '**एतत् ज्ञानज्योतिः**' '**આ જ્ઞાનજ્યોતિ—**' આ જ્ઞાનજ્યોતિ. ચૈતન્યના પ્રકાશનું પૂર પ્રભુ અંદર છે. એ જ્ઞાનજ્યોતિ તત્કાળ પ્રગટ થાય છે. આહા..હા..! હવે આને ધર્મ કહેવો, માણસને ભારે પડે. કારણ કે આત્મા છે એનો ધર્મ એટલે સ્વભાવ જ જ્ઞાન છે. જાણવું એ એનો સ્વભાવ છે. જાણનારો પોતે, જાણવું એનો સ્વભાવ છે. આ જડમાં જાણવું સ્વભાવ છે જ નહિ. અરે! અંદર દયા, દાનના રાગ વિકલ્પ ઊઠે એને એ જાણવાનો સ્વભાવ નથી. એ રાગ છે એને, હું છું રાગ એવું જ્ઞાન છે એને? રાગ વિનાની ચીજ તો જ્ઞાનસ્વરૂપ છે આત્મા એનું જ્ઞાન છે. એ જ્ઞાનમાં જ્યારે જાય છે ત્યારે સ્વને જાણે છે, ત્યારે રાગ પર છે તેમ આંધળું છે, વિકાર છે, જ્ઞાન એમાં નથી એવું જ્ઞાનમાં આવતા આ જ્ઞાનસ્વરૂપ પ્રભુ છે, એમાં આવતા સ્વપરનું જ્ઞાન યથાર્થ થાય છે, ત્યારે તેને ભેદજ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! અનાદિનો રાગ અને આત્મા એક માન્યો છે તે અભેદ છે. અભેદ એટલે મિથ્યા અને ભ્રમણા છે. આહા..હા..! આવો મોંઘો ધર્મ, પણ કાંઈ સોંઘો હશે એનો માર્ગ રસ્તો? સોંઘો કહે કે મોંઘો કહે, માર્ગ આ છે. રસ્તો છે ઈ રસ્તો છે. દુનિયા માટે કાંઈ બીજો માર્ગ થઈ જાય એમ નથી. આહા..હા..! 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ, એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' પરમાર્થનો પંથ એક જ છે કે જે સ્વસંપદા જે ચૈતન્યની,.. આત્મા એ વસ્તુ છેને? વસ્તુ છે તે વસ્તુના સ્વભાવથી ખાલી હોય? ગોળ છે તે એના ગળપણથી ખાલી હોય? મીઠું છે તે ખારાપણાના સ્વભાવથી ખાલી હોય? એમ ભગવાન આત્મા છે એ જ્ઞાન અને આનંદના સ્વભાવથી ખાલી હોય? ખાલી છે જ નહિ. આહા..હા..! એ અત્યારે તો સાંભળવા મળતું નથી. અત્યારે તો ભક્તિ કરો, પૂજા કરો, વ્રત કરો ને અપવાસ કરો. બલુભાઈ જેવાએ પણ વર્ષીતપ કર્યો છે લાંઘણું. બાર મહિના કર્યું હતું. એક દિ' ખાવું અને એક દિ'

અપવાસ. બાર મહિના. એના પારણામાં હું ત્યાં હતો રાજકોટ. ફાવાભાઈને ઘરે કર્યું હતું તે દિ' એણે. વૈશાખ સુદ ત્રીજનું પારણું હતું. ત્રીજનુંને? આહા..હા..! ત્યારે તો એના બાપે સમજાવ્યા હતા. એણે કરી છે આવી બધી મજૂરી ઘણી. ભાન વિનાનું હોં! એક દિ' ખાવું અને એક દિ' અપવાસ. જાણે તપસ્યા થઈ ગઈ અને થઈ ગયો ધર્મ. આહા..હા..! અને આ મોટા ૭૦ લાખનું દવાખાનું ચલાવતા. એમાં શું હતું ધૂળમાં કાંઈ. આહા..હા..!

અહીં તો કહે છે, **'અનેક પ્રકારના બંધને હમણાં...'** 'अधुना' **'તત્કાળ જ દૂર કરીને,...'** 'एतत् ज्ञानज्योतिः क्षपिततिमिरं' **'જેણે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે તે---'** આહા..હા..! પરના લક્ષે થતાં દયા, દાન, વ્રતાદિના વિકલ્પો એ અજ્ઞાન છે એટલે કે તેમાં ચૈતન્ય જ્ઞાનના જ્યોતનું કિરણ એમાં નથી. રાગ થાય દયા, દાનનો, વ્રતનો એ તો આંધળા છે, એ અજ્ઞાન છે, એ અજ્ઞાનના તિમિરનો નાશ કરી, આહા..હા..! અને જ્ઞાનજ્યોતિ અંદરમાં પ્રગટ થાય છે. ઝળહળ જ્યોતિ સ્વપરપ્રકાશક સ્વભાવનું વ્યક્તપણું, શક્તિમાં છે તે વ્યક્તિપણે આવે છે. એને અહીંયાં મોક્ષનો માર્ગ અને ધર્મ કહે છે. આહા..હા..!

**'આ જ્ઞાનજ્યોતિ કે જેણે અજ્ઞાનરૂપી અધંકારનો નાશ કર્યો છે તે—સારી રીતે... '** 'साधु' શબ્દ છેને? સંસ્કૃતમાં 'साधु'નો અર્થ સારી રીતે થાય છે, ભલો ભલો. 'साधु' એ સાધતિ ઈતિ સાધુ એ અત્યારે અહીં નહિ. સાધુનો અર્થ તો ભલા અર્થમાં થાય છે. **'સારી રીતે સજ્ઞ્ઞ થઈ,—'** આહા..હા..! 'सन्नद्धम्' **'સજ્ઞ્ઞ થઈ,...'** ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપમાં એકાગ્ર થતાં એ જ્ઞાનની દશા સજ્ઞ્ઞ થઈ. આહા..હા..! **'એવી રીતે સજ્ઞ્ઞ થઈ કે...'** તૈયાર થઈ કે 'अस्य प्रसरम् अपरः कः अपि न आवृणोति' **'તેના ફેલાવને બીજું કોઈ આવરી શકે નહિ. '** આહા..હા..! જેને આ જ્ઞાનનો પ્રકાશ જ્ઞાનસૂર્ય પ્રભુ છે એ જ્ઞાનનો સૂર્ય, આ સૂર્ય તો પ્રકાશ અંધ છે, આંધળા છે આ તો. આ પ્રકાશને પ્રકાશની ખબર પણ નથી. એ પ્રકાશને પ્રકાશનારું જે જ્ઞાન, એ જ્ઞાનપ્રકાશ અંદરથી થતાં આહા..હા..! 'अस्य प्रसरम् अपरः कः अपि' એ જ્ઞાનને કોઈ હવે રોકી શકે નહિ. આહા..હા..!

પોતે જ જ્ઞાનને રાગ અને પુણ્યના ભાવમાં રોકતો અને માનતો કે આ આત્મા છે અને આને લાભ થશે આત્માને, એ જ ભાવ જ્યાં છૂટી ગયો ત્યારે જ્ઞાનજ્યોતિ જ્ઞાનમાં આવી એ જ્ઞાનજ્યોતિ પોતાથી પ્રગટ થાય છે એને કોઈ હવે આવરણ કરનારું છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કઈ જાતની વાત આ! ઓલા તો કહે, દયા મંડળી કરો, એક આમ સેવક મંડળી કરો, સેવા મંડળી કરો, એના મુખ્ય અધ્યક્ષ થાવ. બધા ગપેગપ ચાલે છે અત્યારે તો. આહા..હા..! માન મળે. એમાં મોઢા આગળ બેઠો હોય. આમ આણે આવું બધું છ છોકરાઓ અને છ જુવાનિયાઓને ભેગા કરીને એક મંડળ ઉત્પન્ન કર્યું. એ મંડળે આટલા-આટલા કામ કર્યા. ધૂળેય કરતો નથી પરના (કામ). આહા..હા..! શરીરની આંગળી ચલાવી શકતો નથી એ જડને શું કરે આત્મા? એ એને કારણે ચાલે છે આ. આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, એ તો જાણે છે કે આ થાય છે. 'હું કરું છું' એ તો મિથ્યાભાવ, ભ્રમભાવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કાર્યકર્તાઓ થાય છેને, આ બધા મોટા નહિ દેશના? કાર્યકર્તાઓ બધા ભેગા થાય ૨૦૦-

૫૦૦. દેશના આટલા કાર્ય કર્યા. ધૂળેય કર્યા નથી, અભિમાન કર્યા છે.

**શ્રોતા :—** આખું સ્વરાજ્ય લાવ્યા અને કાંઈ કર્યું નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સ્વરાજ કોણે લીધું? ધૂળમાંય નથી. એ તો એને એકે નીકળી જવાનું હતું તો નીકળી ગયા અંગ્રેજ. શું એમાં તમને મળ્યું શું એમાં? સ્વરાજ તો આત્મા આનંદનો નાથ અનંત શક્તિનો સાગર એનો સ્વામી થઈને એમાં રહે એને સ્વરાજ કહેવામાં આવે છે. બાકી બધા દેશ મારા, રાગ મારા એ બધા પરદેશમાં, જેલમાં પડ્યા છે બધા. આહા..હા..! સમજાણું કાંઈ? એ ગાંધી આવ્યા હતા ત્યારે આ કહ્યું હતું. (સંવત) ૧૯૯૫માં વ્યાખ્યાનમાં આવ્યા હતાને, રાજકોટ. મોહનલાલ ગાંધી. આવ્યા હતા વ્યાખ્યાનમાં આવ્યા હતા. ચોમાસું હતું ૯૫. ૩૮ વર્ષ થયા. તે દિ' આવ્યા હતા. કસ્તુરબા આવ્યા હતા બહારમાં વ્યાખ્યાનમાં. એની સાથે ઓલા હતાને કોણ? મહાદેવ દેસાઈ. ગાંધી સાથે હતો એક. એ બધા આવ્યા હતા વ્યાખ્યાનમાં. તે દિ' વાત આ જ કરી હતી કે પરની દયા પાળી શકીએ છીએ એમ માનનારા મૂઢ અજ્ઞાની છે. એને યાદ રહી ગયું. ઘણાં વર્ષે પછી વાત કોકને કહી હતી. મેં તો સિદ્ધાંત કહ્યો હતો. તત્ત્વ આમ છે, પણ એને એમ થયું હતું કે એક મહારાજ કે મને મૂઢ કહેતા હતા એ મહારાજ ક્યાં છે? ૯૫ પછી. આ બેચરભાઈનો દીકરો નહિ? શું કહેવાય એ? નટવર. બેચરલાલ કાળીદાસ જસાણી કરોડપતિ, રાજકોટ. એનો નટુને પૂછતા હતા કે એક મહારાજ વ્યાખ્યાન... અહીં તો સિદ્ધાંત કર્યો હતો. એમાં જેને લાગુ પડે એ લઈ લેવું. સમજાણું કાંઈ? એના બંધ અધિકારમાં આવે છે આમાં કે 'પરને હું જીવાડી શકું છું, પરને મારી શકું છું, પરને સગવડતા આપી શકું છું' એ માનનારા મૂઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. બંધ અધિકારમાં છે. આ અધિકાર ચાલે છેને એમાં પહેલાં (આવી ગયું). આહા..હા..! પરને શું કરે?

પર વસ્તુ છે કે નહિ? પર તે અસ્તિ છે કે નાસ્તિ છે? અને છે તો એ પોતાનો અભાવ કરીને રહે કે ભાવથી રહે? તો એનું પલટવું પણ એના પોતાના કારણે પલટીને રહે. કાંઈ બીજો એને પલટાવી દે તો અનંત પૃથક્પણે પદાર્થ છે તે અનંત પૃથક્ રહેતા નથી. આહા..હા..! અનંત પૃથક્ પદાર્થ છે તે અનંત પોતપોતાની વર્તમાન દશાના કાર્ય કરીને ટકતું કાર્ય, ટકતું તત્ત્વ પલટીને તત્ત્વ રહે છે એને બીજો કહે કે હું પલટાવી દઉં અને એના કાર્ય કરી દઉં. દવાખાને દવાઓ કરી હતી કે નહિ બધી? બલુભાઈ! પાણીનો ઓલા ભર્યા હતા મોટા. જોયું હતું કે નહિ? બાટલા-બાટલા આવડા ભર્યા હતા. .. એ પાણીમાં.. સાંભળ્યું હતુંને. તે દિ' ગયા હતાને ઘરે. જ્યાં દવાખાનું હતું ત્યાં. આહાર કર્યો હતોને ત્યાં. રામજીભાઈ હતા. નાનાલાલભાઈ હતા. બધા અહંકાર અને મિથ્યાભાવ છે. આહા..હા..! 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' એ નરસિંહ મહેતા કહી ગયા છે. નરસિંહ મહેતા છેને? 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ...' ગાડાનો ભાર જેમ કૂતરો તાણે, શ્વાન. એમ અજ્ઞાની જ્યાં થડે બેઠો હોય, 'આ બધું કામ હું કરું છું' (એમ માને) એ કૂતરા જેવા છે બધા. આહા..હા..! બરાબર આમ દસ હજાર, પંદર હજારનો પગાર હોય, ખુરશીએ બેઠો હોય. ઓહો..હો..! એક ફેરી ગયા હતાને, ઓલા રામજીભાઈ કેવા? કામાણી કહેવાયને? રામજીભાઈ. રામજી હંસરાજ,

રામજી હંસરાજ મોટા આઠ-દસ કરોડ. સાથે હતા. એને ત્યાં પગલા કરવા એની ઓફીસમાં ગયા હતા. ઓફીસમાં ગયા તો બબ્બે હજારના પગારદારની બાયું હતી. બધી બાયું ઘણી, એથી વધારે પગાર. એકદમ બધું.. અમે જ્યાં પેઠા તો બધા ઊભા થઈ ગયા. ઓહો..હો..! શેઠ સાહેબ આવ્યા અને મહારાજ આવ્યા. શેઠના ગુરુ આવ્યા.

**શ્રોતા :—** અત્યારે હવે બીજે નોકરી કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ખબર છેને. એ છૂટી ગયું. આહા..હા..! એનો છોકરો મરી ગયો ઓલો સાંઈબાબાને માનતો હતો. ઓલો સાંઈબાબો છેને મોટા વાળવાળો. એ મરી ગયો. ધૂળમાંય કોઈ નથી મફતના. આહા..હા..! કોક જાણે મને સારું કરી દેશે. મૂઢતા છે અજ્ઞાનીઓની. આહા..હા..!

અહીં કહે છે, જેણે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો એટલે કે રાગાદિભાવનું મારાપણું છોડી દીધું અને જે વસ્તુમાં રાગ નથી એવો ચૈતન્ય ભગવાનનો સ્વામી થઈને જે એકાગ્ર થયો એણે જ્ઞાનના પ્રકાશને ઉજ્વળ કર્યો. અજ્ઞાનનો નાશ કર્યો. આહા..હા..! આનું નામ ધર્મ છે. જ્ઞાનસ્વરૂપી પ્રભુ અંદર જ્ઞાનના પ્રકાશે નિર્મળદશા થાય અને અજ્ઞાન છે તેનો નાશ થાય, એને અહીં ધર્મ કહેવામાં આવે છે. એનાથી જન્મ-મરણ મટે એવા છે. બાકી તો લાખ-કરોડ બીજા કરે, મંદિરો બનાવે ને કરોડો રૂપિયા ખર્ચે માટે મોટા ગજરથ કાઢે, રથોત્સવ કાઢે ને પચાસ-પચાસ હજાર માણસ ભેગા થાય, હજાર-હજાર માણસે એક-એક શું કહેવાય? વાજુ બેન્ડ-બેન્ડ. મોટી ઓલી હોય પછી હજાર માણસ પછી એક બેન્ડ, બીજા હજારે એક બેન્ડ એમ પચાસ હજારમાં. આહા..હા..! બધા ધતીંગ છે બહારના. પરવસ્તુથી ખસીને અંતરમાં ચીજમાં જ્યારે આવે છે ત્યારે તેને કાર્ય અજ્ઞાન નાશ થઈ અને જ્ઞાન અને શાંતિનું કાર્ય થાય છે. આહા..હા..! છે?

**'એવી રીતે સજ્જ થઈ...'** જ્ઞાનદશા **'કે તેના ફેલાવને બીજું કોઈ આવરી શકે નહિ.'** સૂર્ય ઊગે હવે એને કોણ રાત્રિ અંધકાર રોકી શકે છે? આહા..હા..! એમ ભગવાન જ્ઞાનસૂર્ય ચૈતન્ય તેજ એ ચૈતન્યના તેજના પ્રકાશથી જ્યાં અંદરમાંથી એકાગ્ર થયો અને એ ફેલાવ ચૈતન્યની શાંતિ આદિ થઈ, એને કોઈ હવે રોકી શકે નહિ. આહા..હા..! **'બીજું કોઈ આવરી શકે નહિ.'** આહા..હા..!

**'ભાવાર્થ :- જ્યારે જ્ઞાન...'** એટલે આત્માનો સ્વભાવ **'પ્રગટ થાય છે,...'** જ્ઞાનસ્વરૂપ જ પ્રભુ પ્રજ્ઞા બ્રહ્મસ્વરૂપ છે. જ્ઞ સ્વભાવ... જ્ઞ સ્વભાવ... જ્ઞસ્વરૂપ. જાણકસ્વરૂપ તે ભગવાન છે. એમાં પુણ્ય અને પાપના ભાવો બધા તત્ત્વથી ચૈતન્યથી વિરુદ્ધ છે. આહા..હા..! એ **'જ્ઞાન પ્રગટ થાય છે, રાગાદિક રહેતા નથી,...'** ત્યારે અંધકારરૂપી રાગ રહેતો નથી. **'તેમનું કાર્ય જે બંધ તે પણ રહેતો નથી,...'** વિકાર નાશ થાય છે તેથી બંધન નવું કર્મ થાય એ પણ થતું નથી. આહા..હા..! **'ત્યારે પછી તેને (-જ્ઞાનને) આવરણ કરનારું કોઈ રહેતું નથી, તે સદાય પ્રકાશમાન જ રહે છે.'** સદાય ચૈતન્યજ્યોત, કેવળજ્ઞાન એકલી દશારૂપે જ્ઞાન રહે છે એને હવે કોઈ રોકનાર નથી, એને કોઈ ભવમાં આવવું નથી, એની પૂર્ણ દશામાં હવે અપૂર્ણતા થતી નથી એનું નામ મોક્ષ અને ધર્મદશા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આ પ્રમાણે રંગભૂમિમાંથી બહાર નીકળી ગયો.'** લ્યો! બંધ અધિકાર પૂરો થયો. બંધ અધિકાર જે હતો એ અહીં પૂરો થાય છે. પછી પાછળ થોડું છે એ વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જયેષ્ઠ સુદ-૨, શુક્રવાર, તા. ૨૦-૦૫-૧૯૭૭, કળશ-૧૭૯-૧૮૦, ગાથા-૨૮૮-૨૮૯, પ્રવચન નં. ૩૪૭

છેલ્લો ભાવાર્થ છેને? **'રંગભૂમિમાં બંધના સ્વાંગે પ્રવેશ કર્યો હતો. હવે જ્યાં જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ ત્યાં તે બંધ સ્વાંગને દૂર કરીને બહાર નીકળી ગયો.'** શું કહ્યું એ કહે છે હવે, કળશમાં કહે છે.

**જો નર કોય પરૈ રજમાંહિ સચિક્કણ અંગ લગૈ વહ ગાઢૈ,**
**ત્યોં મતિહીન જુ રાગવિરોધ લિયે વિચરે તબ બંધન બાઢૈ;**
**પાય સમૈ ઉપદેશ યથારથ રાગવિરોધ તજૈ નિજ ચાટૈ,**
**નાહિં બંધૈ તબ કર્મસમૂહ જુ આપ ગહૈ પરભાવનિ કાટૈ.**

ખરેખર બંધ છે એ વ્યવહારનયનો વિષય છે. નિશ્ચય તો અબંધસ્વરૂપ છે. કર્મનો સંબંધ કહેવો કે રાગનો સંબંધ એ બધો વ્યવહારનયનો વિષય છે, વાસ્તવિક એ વસ્તુનું સ્વરૂપ નથી. વાસ્તવિક તો અબદ્ધસ્વરૂપ છે એ નિશ્ચય છે. ગયા બધા બલુભાઈ ને ઈ? ગયા લાગે છે. બપોરે આવ્યા હતા. એ ઓલો મોટો માણસ છે. શું કહેવાય? ઈન્સ્પેક્ટર. હા, શું કહેવાય? ઈન્કમટેક્સનો મોટો માણસ. મોટી પદવી. .. તૂટી ગઈ છેને એટલી જરી. શું કરવું? એમ પૂછતા હતા. કરવું આ આત્મા છે એને સમજવો અને ઓળખવો અને ઠરવું એ કરવાનું છે. ટૂંકુ તમે પૂછો તો આ છે કે આત્મા જે વસ્તુ તો પોતે છે. જેને ધર્મ કરવો છે એ ધર્મી કોણ છે એ જાણ્યા વિના ધર્મ ક્યાંથી થતો હતો? એ બિચારો પગે ઓલું થઈ ગયું છે. એ તો એમ કહેતો હતો રાતે તો કે જેમ હાર્ટ એટેક હોય ને એમ આ હાડ એટેક છે કે આ હાડકાનું. એમ કહેતું હતું કોક. હાડ એટેક. એક આની કોર છે અને એક આની કોર. નાની ઉંમર છે ૪૩ વર્ષ. નવ દીકરીયું અને એક દીકરો અત્યારે છે. નવ દીકરી. હેરાન-હેરાન છે. આવ્યા હતા આજે બપોરે. શું કરવું? મેં કીધું કરવાનું તો આ છે, બાપુ!

અહીં એ કહે છે, **'જો નર કોય પરૈ રજમાંહિ સચિક્કણ અંગ લગૈ વહ ગાઢૈ,'** ચીકાશવાળો માણસ રજકણમાં જાય તો રજકણ ચોંટે. **'ત્યોં મતિહીન જુ'** તેમ અહીં હવે દાખલો આપે છે. **'મતિહીન જુ રાગવિરોધ લિયે વિચરે'** મતિહીન—આત્માનું જે સ્વરૂપ છે તેનું ભાન નથી એને. આનંદકંદ અબદ્ધસ્વરૂપ (છે), એ મતિહીન છે એને વસ્તુની ખબર નથી. આહા..હા..! **'મતિહીન જુ**

રાગવિરોધ લિયે વિચરે' રાગ અને દ્વેષને લઈને વિચરે છે ચીકાશથી. આહા..હા..! 'તબ બંધન બાઢૈ;' ત્યારે કર્મ લાગે એને ચોંટે.

'પાય સમૈ ઉપદેશ યથારથ' પણ યથાર્થ ઉપદેશ મળે, વાસ્તવિક એની ચીજ શું છે અને બંધન કેમ થાય છે એવો ઉપદેશ મળે. 'રાગવિરોધ તજૈ' રાગ અને દ્વેષ છોડે અને 'નિજ ચાટૈ,' આત્માને અનુભવે. ચાટે એટલે અનુભવે. આત્માને ચાટે એમ કહે છે. રાગ ને દ્વેષને તો ચાટે છે અનાદિથી. શરીર કે વાણી કે એને તો કંઈ ચાટતો નથી કોઈ આત્મા, એ તો જડ છે. પુણ્ય અને પાપના રાગ કરે એને એ ચાટે, ચાટે એટલે વેદે, વેદે એટલે અનુભવે. જ્ઞાની 'રાગવિરોધ તજૈ નિજ ચાટૈ,' આહા..હા..! લ્યો આ આવ્યું. ધર્મીજીવ પરતરફના વલણવાળો જે પુણ્ય અને પાપનો ભાવ બેય બંધન એને છોડીને 'નિજ ચાટૈ' ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ એને ચાટે એટલે વેદે—અનુભવે. આહા..હા..! એ તો પદ્યની શૈલી છેને એટલે ઓલું કાટૈ ને ચાટૈ ભેગું લેવું છેને. મેળવે એટલે. ચાટૈ ત્યાં લીધું.

આત્માને ચાટે એટલે શું હશે? અનાદિથી પોતાના આનંદના જ્ઞાનસ્વરૂપને ભૂલી અને ભ્રમણાથી પુણ્ય અને પાપના વિકલ્પો જે ક્ષણિક વિકાર અને અનિત્ય છે, વિભાવ છે એ અનુભવે છે. એનું નામ સંસાર અને એનું નામ દુઃખ. આહા..હા..! હવે જેને આત્મકલ્યાણ કરવું હોય, તો કહે છે કે એ વિકારના ભાવ છે એને છોડી એટલે કે તેના તરફનો આશ્રય ને લક્ષ છોડી 'નિજ ચાટૈ,...' (અર્થાત્) નિજ ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ એને અનુભવે એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? 'નિજ ચાટૈ,...' શું હશે? ચાસણી ચાટે, શાક ચાટે, સાકર ચાટે. એને કોણ ચાટે જડને? જડ તરફનું લક્ષ કરીને રાગ-દ્વેષને ચાટે છે. આહા..હા..! શુભ અને અશુભભાવ કરીને એને અનુભવે છે, વેદે છે, ચાટે છે. આહા..હા..! એટલે કે આત્માના અમૃતસ્વરૂપ સિવાય રાગ-દ્વેષનો ભાવ ઝેર છે... આહા..હા..! એને એ ચાટે છે, અનુભવે છે અને માને છે કે હું સુખી છું. આહા..હા..!

ધર્મી જીવે શું કરવું? કે 'રાગવિરોધ તજૈ નિજ ચાટૈ,' આહા..હા..! રાગ અને દ્વેષના પરદ્રવ્યને અનુસરીને નિમિત્ત ને નૈમિત્તિક જે ભાવ એવો જે વિકારીભાવ તેના તરફથી પર્યાયબુદ્ધિથી વિકારી બુદ્ધિથી બુદ્ધિને ચૈતન્યમાં અંદર લઈ જાય તો એને ચૈતન્યનો અનુભવ ને વેદન થાય. એ ચૈતન્ય તો અબદ્ધસ્વરૂપ છે. આહા..હા..! આવી વ્યાખ્યા ધર્મની. 'નાહિં બંધૈ તબ કર્મસમૂહ જુ' આત્મા આનંદસ્વરૂપ પ્રભુ એ તો અતીન્દ્રિય આનંદનું દળ છે, પિંડ છે, ઘન છે, ધ્રુવ છે, એને અનુભવતા કર્મબંધન તૂટી જાય છે. 'નાહિં બંધૈ તબ કર્મસમૂહ જુ' ત્યારે કર્મબંધન થતું નથી. વ્યવહાર કરતાં-કરતાં કર્મબંધન છૂટે એમ નથી આવ્યું આમાં.

**શ્રોતા :–** બીજે ઠેકાણે હશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બીજે ઠેકાણે આવે એ તો નિમિત્તના કથન છે, જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ? આ પંચાસ્તિકાયમાં આવે છે, ભિન્ન સાધ્યસાધન. પહેલો વ્યવહાર અને પછી નિશ્ચય. આ એમાં મૂંઝાણા છેને આ લોકો બિચારા. એ તો તત્ત્વનો વિરોધ થઈ જશે. એકકોર એમ કહે કે ભૂતાર્થ ત્રિકાળને આશ્રયે આનંદ આવે અને સમ્યક્ થાય. બીજી રીતે કહે કે રાગને આશ્રયે થાય એ તો વિરોધ થયો. અને

બે નયનો વિરોધ છે તો કઈ રીતે? આનાથી થાય અને આનાથી થાય તો વિરોધ ક્યાં આવ્યો? ચેતનજી! વિરોધ છે કે નહિ બે? આહા..હા..!

ચૈતન્ય ભગવાન અંદર પૂર્ણ જ્ઞાયક અને આનંદસ્વરૂપે છે એમાંથી ખસી જઈ અને પુણ્ય-પાપના ભાવમાં મીઠાશમાં જાય છે ત્યારે એને મિથ્યાત્વનું વેદન અને કષાયનું વેદન થાય છે, એને દુઃખનું વેદન છે. અમૃત સાગર ભગવાન એનાથી વિરુદ્ધ ઝેરનું વેદન છે એ સંસાર છે, બીજો કોઈ સંસાર નથી. આહા..હા..! એ અંતરમાં પુણ્ય-પાપના ભાવને છોડી, અંતરમાં (સ્વરૂપને) અનુભવે તો '**કર્મસમૂહ જુ આપ ગહૈ**' સ્વરૂપ જે ચૈતન્ય છે તેને અનુભવે, ગ્રહે, પકડે અને '**પરભાવનિ કાટૈ.**' વિકારના ભાવને છોડે. બહુ ટૂંકું કર્યું છે. આખી આટલી ગાથા ૫૧માં ટૂંકું કહ્યું આ. આહા..હા..!

પણ એને વાત એ છે કે આવડો મોટો હું છું એ એને બેસતું નથી. કો'ક મોટો ઈશ્વર છે, કોઈ ભગવાન છે, બીજો કો'ક છે. કારણ કે હું મોટો હું તો આવડો કેમ હોઉં આમાં? મોટો હોય તો ભગવાન મોટો આમાં હોય. હજાર હાથ હોય, મોટું શરીર હોય. આહા..હા..! પણ ભાઈ! તારી મોટપની ખબર નથી. એટલે કે તારી વર્તમાન દશા ચાલતી અવસ્થાનું વ્યક્તપણું જેટલું છે તે ઉપરની બધી રમતું નટની છે. આહા..હા..! પણ એ પર્યાયના અંશની પાછળ ધ્રુવ તત્ત્વ મહાપ્રભુ, મહાકસ જેનો આનંદકસ, જ્ઞાનકસ એકલો કસ ભર્યો છે. આહા..હા..! કેવળજ્ઞાનની ઉત્પત્તિનો એ ગર્ભ છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિનો એ ગર્ભ છે ભગવાન આત્મા. એવી જેની મોટપ છે કે જેની મોટપ વિકલ્પમાં જણાય નહિ અને વાણી દ્વારા તેની મોટપ અપરિમિત છે એ ભાષા ટૂંકી એમાં કહી શકાય નહિ એવું એ તત્ત્વ છે. આહા..હા..! એટલે એને એ બેસતું નથી એટલે કાં તો ભગવાન ગોતે, કોઈ ઈશ્વર આવે. અહીં આમાં પણ આવે જિનરાજમાં 'શીવપદ અમને દેજો રે ભગવાન' આવે છેને સ્તુતિ? 'શીવપદ અમને દેજો.' એ ત્યાંથી શીવપદ આવતું હશે?

અહીં કહે છે કે '**આપ ગહૈ પરભાવનિ કાટૈ.**' એ બંધ અધિકાર પૂરો થયો લ્યો! સાતમો અંક સમાપ્ત થયો. હવે મોક્ષ અધિકાર.

**કર્મબંધ સૌ કાપીને, પહોંચ્યા મોક્ષ સુથાન;**
**નમું સિદ્ધ પરમાતમા, કરું ધ્યાન અમલાન.**

જયચંદ્ર પંડિત પહેલું મંગળિક કરે છે મોક્ષનો અધિકાર શરૂ કરતાં. '**કર્મબંધ સૌ કાપીને,...**' પરમાત્મા સિદ્ધ થયા તે બધા કર્મને છોડીને, નાશ કરીને થયા. '**પહોંચ્યા મોક્ષ સુથાન;...**' અને પહોંચ્યા પોતાની પૂર્ણ આનંદની દશામાં. આહા..હા..! સર્વ નામ દુઃખની દશા, પૂર્ણ દુઃખની દશાનો નાશ કરી અને પૂર્ણ આનંદની દશાને પહોંચી ગયા એનું નામ મોક્ષ છે. આહા..હા..! '**નમું સિદ્ધ પરમાતમા...**' એ સિદ્ધ ભગવાનને નમસ્કાર કરું છું. '**નમું સિદ્ધ પરમાતમા, કરું ધ્યાન અમલાન.**' અને નિર્મળ હું આત્માનું ધ્યાન કરું સિદ્ધનું એમ કહે છે. અમલાન-મલિન નહિ એવું. સિદ્ધ ભગવાન તદ્દન નિર્મળ છે તેનું હું ધ્યાન કરું સિદ્ધ જેવું, તો હું પણ સિદ્ધ થાઉં. એટલે પ્રથમ મંગળિકમાં એમને નમસ્કા કરે છે.

'**પ્રથમ ટીકાકાર આચાર્યદેવ કહે છે કે હવે મોક્ષ પ્રવેશ કરે છે.**' પર્યાય છેને મોક્ષ? મોક્ષ કાંઈ ત્રિકાળી ચીજ નથી. મોક્ષ પણ એક આત્માનો ભેખ છે. જેમ સંસાર એ વિકારી ભેખ છે, મોક્ષમાર્ગ એ અપૂર્ણ નિર્મળ ભેખ છે, એમ મોક્ષ પણ એક પૂર્ણ આનંદની દશાનો ભેખ છે. નવી દશા થાય છે. આરે..! ધ્રુવ તો કાયમ રહે છે. એના બધા ભેખ, અવસ્થાઓના ભેખ છે. આહા..હા..! '**જેમ નૃત્યના અખાડામાં સ્વાંગ પ્રવેશ કરે છે...**' આ નાચનારમાં આવેને? નાટકમાં. '**પ્રવેશ કરે છે તેમ અહીં મોક્ષતત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે. ત્યાં જ્ઞાન સર્વ સ્વાંગને જાણનારું છે,...** ' ભગવાનસ્વરૂપ આત્માનું જ્ઞાન તો બધા સ્વાંગને જાણનારું છે. બંધને જાણે, મોક્ષને જાણે, ઉદયને જાણે, નિર્જરાને જાણે. એ આવી ગયું છે ૩૨૦ ગાથામાં. બધાને જાણે એ તો. એવું જે જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસૂર્ય એ જ્ઞાનસ્વભાવ આ બધા ભેખને જાણે. મોક્ષની દશા પણ એક અવસ્થા છે, અવસ્થાયી વસ્તુ નહિ, વસ્તુ તો ત્રિકાળ છે. મોક્ષનો એક સ્વાંગ છે એમ કે નવી દશા થાય છે. સમજાણું કાંઈ? '**તેથી અધિકારની આદિમાં આચાર્યદેવ સમ્યગ્જ્ઞાનના મહિમારૂપ મંગળ કરે છે :—** ' પૂર્ણ સમ્યગ્જ્ઞાનનો મહિમા વર્ણવે છે.

(शिखरिणी)

द्विधाकृत्य प्रज्ञाक्रकचदलनाद्बन्धपुरुषौ
नयन्मोक्षं साक्षात्पुरुषमुपलम्भैकनियतम्।
इदानीमुन्मज्जत्सहजपरमानन्दसरसं
परं पूर्णं ज्ञानं कृतसकलकृत्यं विजयते।।१८०।।

'**इदानीम्**' '**હવે (બંધ પદાર્થ પછી)...** ' બંધની અવસ્થાના નાશ પછી. '**प्रज्ञा-कक्रच-दलनात् बन्ध-पुरुषौ द्विधाकृत्य**' '**પ્રજ્ઞારૂપી કરવત વડે...**' જ્ઞાનની વર્તમાન દશારૂપી પ્રજ્ઞા વડે. એ પ્રજ્ઞારૂપી કરવત. લાકડામાં કરવત પડે તો બે ભાગ થઈ જાય છેને? એમ પ્રજ્ઞા-જ્ઞાનની છીણી, એમાં રાગ ને વિકાર ને એકકોર સ્વભાવ. એ જ્ઞાનની પર્યાયરૂપી કરવતનો અભ્યાસ કરતા, રાગથી આત્માને ભિન્ન પાડવાનો અભ્યાસ કરતા. લ્યો આ કરવાનું. '**પ્રજ્ઞારૂપી કરવત વડે વિદારણ દ્વારા બંધ અને પુરુષને...**' એટલે આત્મા. પુરુષ આત્મા એ નિશ્ચય વસ્તુ, બંધ રાગ એ વ્યવહારભાવ. આહા..હા..! એને બેને જુદાં પાડીને, દ્વિધા કરીને. છેને દ્વિધા? બે છે તેને બેપણે કરીને. આહા..હા..! આવો ધર્મ હવે. એકકોર ભગવાન અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનનો પિંડ અને એક બાજુ વિકલ્પ રાગની વૃત્તિ ઊઠે. એ રાગ ગ્રામ પછી કીધું. આવે છેને એ? એ રાગ ગ્રામ એટલે એ રાગનો બધો સમૂહ. રાગ-દ્વેષ, વિષય-વાસના, વિકલ્પ, પુણ્ય-પાપ બધો ભાવ રાગ ગ્રામ છે એ બધો. આહા..હા..! એ કળશમાં આવે છે ટીકામાં. રાગગ્રામ. આખો રાગનો સમૂહ એકકોર. એકકોર પ્રભુ આત્માનો જ્ઞાનાનંદ સમૂહ. આહા..હા..!

'**બંધ અને પુરુષને દ્વિધા કરીને...**' પુરુષ શબ્દે આત્મા. પુરુષ શબ્દે આ આત્મા હોં આ. પુરુષ શબ્દે આ શરીર નહિ. પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં આવે છેને, પુરુષ એને કહીએ કે જે પોતાની ચેતના છે તેને સેવે તેને પુરુષ કહીએ. આહા..હા..! પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં છે. પુરુષ—આત્મા ચેતન, પુરુષ એ

ચેતન. ચેતના એ પોતાની સેવા જ્ઞાનની, આનંદની, ચેતનાની કરે તેને પુરુષ કહીએ. આહા..હા..! પુણ્ય અને પાપના રાગ-દ્વેષની સેવા કરે એ પુરુષ નહિ, એમ કહે છે. એ તો અનાદિથી કરતો આવે છે કહે છે. એમાં નવું શું છે? આહા..હા..! એ તો તારી નપુંસકતા છે, કહે છે. પુણ્ય-પાપની સેવા એ તો નપુંસકતા છે. તારી ચેતના જે જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ, એવો જે પુરુષ એટલે સ્વભાવ પોતાનો એની સેવા કરે. આહા..હા..! તેને પુરુષ કહીએ. આહા..હા..!

**'બંધ અને પુરુષને દ્વિધા કરીને,...'** 'पुरुषम् उपलम्भ-एक-नियतम्' **'પુરુષને--કે જે પુરુષ માત્ર અનુભૂતિ વડે જ નિશ્ચિત છે તેને—'** આહા..હા..! વિકલ્પ જેટલા રાગાદિના છે, તેનાથી ભગવાન આત્માને ભિન્ન પાડી એટલે કે રાગ ઉપર લક્ષ ન કરતા એનાથી અધિક ભિન્ન ચીજ છે જ્ઞાનસ્વરૂપ, તેના તરફ ઢળતાં, વળતાં એનો જે અનુભવ થાય એ અનુભવ વડે નિશ્ચિત છે. એ આત્મા અનુભવ વડે નિશ્ચિત થાય છે, રાગ વડે અને વ્યવહાર વડે (નિશ્ચિત થતો નથી). રાગથી તો ભિન્ન પાડવું છે. આહા..હા..! કહો, આ લોકોની રાડું આ બધી. વ્યવહાર, તમે એમ કહો છો કે વ્યવહારથી નથી થાતું નહિ, વ્યવહારથી થાય છે. અહીં કહે છે કે વ્યવહાર છે, નિશ્ચય છે એને દ્વિધા કરે તો થાય છે. હવે આ બધા વાંધા. નહોતું નહોતુંને, એટલે એને એમ લાગે. એ પ્રથા જ નહોતી. એ ક્રિયાકાંડ આ કરવું ને આ કરવું ને આ કરવું એમાંથી થાશે. એ લાઈન હતી એટલે (નવું લાગે).

'पुरुषम् उपलम्भ-एक-नियतम्' આત્માને જ અનુભૂતિ વડે નિશ્ચિત છે. એના અનુભવ વડે જ તે પ્રાપ્ત થઈ શકે છે. આહા..હા..! પુણ્ય અને પાપના વિકલ્પો રાગ છે એનાથી તો બંધ છે. અબંધસ્વરૂપ ભગવાન એનાથી ભિન્ન પડી અને અનુભૂતિથી તે પ્રાપ્ત થાય છે. આહા..હા..! બહુ ટૂંકું પણ મોટું છે કામ આવું. **'તેને—'** 'साक्षात् मोक्षं नयत्' એવો જે આત્મા અંતર અનુભૂતિથી પ્રાપ્ત થાય તેને **'સાક્ષાત્ મોક્ષ પમાડતું થકું,...'** જ્ઞાન. સાક્ષાત્ એટલે પૂર્ણ મોક્ષને પમાડતું. સાક્ષાત્ મોક્ષને. મોક્ષસ્વરૂપ તો છે શક્તિએ, પણ પર્યાયમાં મોક્ષને પમાડતું. પૂર્ણ બંધનરહિત અબંધદશાને જ્ઞાનસ્વરૂપ પમાડતું. આહા..હા..! 'पूर्णं ज्ञानं विजयते' **'પૂર્ણજ્ઞાન જયવંત પ્રવર્તે છે.'** આહા..હા..! કેવળજ્ઞાનની વાત છે આ. પૂર્ણ જ્ઞાન જયવંત વર્તે છે. મોક્ષદશામાં જ્ઞાનની પૂર્ણતા જયવંત વર્તે છે. આહા..હા..! જેણે રાગ અને આત્માને ભિન્ન કરી અને જે જ્ઞાને આત્માને પ્રાપ્ત કર્યો, એ જ્ઞાન પૂર્ણપણે મોક્ષમાં પ્રાપ્ત થાય છે. આહા..હા..! 'साक्षात् मोक्षं नयत्' પમાડે છે એમ. એટલે કે મોક્ષસ્વરૂપ તો છે, દ્રવ્યસ્વરૂપ તો છે, દ્રવ્યસ્વરૂપ કહો કે મોક્ષસ્વરૂપ કહો, પણ વર્તમાન જ્ઞાનની દશા રાગથી ભિન્ન પડી અનુભૂતિથી આત્માને પ્રાપ્ત કરી અને સ્થિરતા થઈ અને પૂર્ણ જ્ઞાનની પ્રાપ્તિને પહોંચાડે છે, એનું નામ મોક્ષ છે. **'પૂર્ણજ્ઞાન જયવંત પ્રવર્તે છે.'** આહા..હા..! એવું ને એવું જ્ઞાન સાદિઅનંત. પૂર્ણજ્ઞાનની પ્રાપ્તિ થાય મોક્ષની, પણ પછી એનો અંત નહિ. 'સાદિઅનંત અનંત સમાધિ' આનંદ... આનંદ... આનંદ... આહા..હા..! એવું **'જ્ઞાન જયવંત પ્રવર્તે છે.'**

**'કેવું છે તે જ્ઞાન?'** 'उन्मज्जत्' પ્રગટ થાય છે એ. 'उन्मज्जत्' જે શક્તિમાં હતું એ પ્રગટ થાય છે. આહા..હા..! 'उन्मज्जत्' આવે છેને નદિ, ઉન્મગ્ન, નિમગ્ન. એ આવે છે બે શબ્દ. 'उन्मज्जत्' ઊંચે

લાવે છે, નિમગ્ન અંદર લાવે છે. આહા..હા..! બે નદી છે વૈકાલિક પર્વતની વચમાં. એક નદી એવી કે જે કાંઈ વસ્તુ પડે એ અંદર ડૂબાડી દેની મગ્ન. એક ઉન્મજ, જે કાંઈ વસ્તુ પડે એ કાંઠે કાઢી નાખે. એમ આ વસ્તુ જે હતી... આહા..હા..! એ ઉન્મત્ત '**उन्मज्जत्**' પ્રગટ થાય છે અંદરથી. રાગથી ભિન્ન પડી પુરુષ આત્માની અનુભૂતિથી પ્રાપ્ત કરી અને પર્યાયમાં મોક્ષને પમાડે છે. આહા..હા..! પ્રગટ થતાં છેને એ? એ પ્રગટ થતાંની વ્યાખ્યા '**उन्मज्जत्**' છે. '**उन्मज्जत्**'નો અર્થ જ પ્રગટ થતાં. પ્રગટ થાય છે. કેવળજ્ઞાન પર્યાયમાં પ્રગટ થાય છે. પર્યાયમાં કેવળજ્ઞાન કાંઈ અનાદિનું હોતું નથી. વસ્તુમાં કેવળજ્ઞાન અનાદિનું છે. શક્તિમાં વસ્તુ વસ્તુ તરીકે અનાદિનું છે, પણ તેની સન્મુખની અનુભૂતિથી તેની પર્યાયમાં મોક્ષને નયન—પમાડે છે. વર્તમાન દશામાં જ્ઞાન મોક્ષને પમાડે છે. આહા..હા..! રાગ પમાડે છે અને વ્યવહાર પમાડે છે એમ નથી. કળશદીઠ વાત આવી છે પણ હવે શું થાય?

**શ્રોતા :–** કળશ જ જ્ઞાનનો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ વસ્તુ જ એની છે આખી. આહા..હા..!

'**પ્રગટ થતા સહજ...**' '**પ્રગટ થતા...**' એ તો '**उन्मज्जत्**'ની વ્યાખ્યા કરી '**उन्मज्जत्**'. '**सहज-परम-आनन्द-सरसं**' '**सरसं**' જોયું! લ્યો! અહીં તો આ સંસ્કૃત છે એમાં સરસ આવ્યું છે. આપણે સરસ આવે છે ગુજરાતીમાં. સરસ. દીપચંદજી શેઠિયા કહેતા સરસ વખતે. યાદ છે? આ સરસ શબ્દ જે આવતોને આ, તો દીપચંદજી શેઠિયા કહેતા કે આ સરસ તો અહીંયાં.. ગુજરાતીમાં એમ કે સરસ છે એ અહીં હિન્દીમાં સરસ આવ્યું છે. સરસ. નથી આપણે કહેતા કે આ વસ્તુ સરસ છે. સરસ. સરસ—રસસહિત, સરસ—રસસહિત. આહા..હા..! એમ આ '**સહજ પરમ આનંદ વડે સરસ...**' છે એ. આહા..હા..! મોક્ષમાં જ્ઞાન, ભેદજ્ઞાન કરીને પ્રજ્ઞાછીણી વડે આત્માની પૂર્ણ પ્રાપ્તિ કરતા એ જ્ઞાનસરસ આનંદ ને જ્ઞાન પ્રગટ થતાં સરસ આનંદને પ્રગટ પમાડે છે. એ રસસહિત પમાડે છે એમ છે. આહા..હા..! સરસ શબ્દ નથી? હિન્દીમાં નથી? આ સંસ્કૃતમાં છે. દીપચંદજી શેઠિયા કહેતા આ જ્યારે આવ્યું ત્યારે. એક ફેરી હતાને આ ચાલતું હતું. સરસ આવે છે, સરસ છે. મારવાડમાં એમ કહે જુઓ આ શબ્દ. કહો, પંડિતજી! આ 'સરસ' શબ્દ આવ્યો. તમારે સંસ્કૃતમાં આવે છે કે ગુજરાતીમાં, હિન્દીમાં શેમાં હતું? બધામાં આવ્યું છે આ તો. અમારે કાઠિયાવાડમાં તો આ વસ્તુ સરસ છે એમ કહે. આ ખરાબ છે અને આ સરસ છે. આહા..હા..!

અહીં અંતરમાં આત્મા અને વિકારનો ભેદ પાડી અને આત્માનું જે જ્ઞાન છે એ પૂર્ણપણાને પમાડતું આનંદસહિત સરસ, આનંદના રસસહિત પ્રગટ થાય છે. આહા..હા..! એનું નામ મોક્ષ કહેવાય છે. '**અર્થાત્ રસયુક્ત છે.**' જુઓ, એનો અર્થ કર્યો. સરસ—રસયુક્ત છે. આહા..હા..! મોક્ષમાં જ્ઞાન અતીન્દ્રિય આનંદના રસસહિત છે. આહા..હા..! સંસારમાં બંધના દુઃખસહિત છે. આહા..હા..! મોક્ષમા આનંદસહિત છે. આહા..હા..! '**ઉત્કૃષ્ટ છે,...**' જ્ઞાન આનંદને પમાડતું ઉત્કૃષ્ટ છે. કેવળજ્ઞાન છેને, પૂર્ણ જ્ઞાન છે, ઉત્કૃષ્ટ જ્ઞાન છે. આહા..હા..! અને '**कृत-सकल-कृत्यं**' '**કરવાયોગ્ય સમસ્ત કાર્યો જેણે કરી લીધાં છે...**' '**कृत-सकल-कृत्यं**' કર્યા છે બધા પૂરા કાર્ય જેણે. હવે જેને કાર્ય

કોઈ બાકી રહેતું નથી. આહા..હા..! સર્વ કર્મનો નાશ થઈને કાર્ય પૂર્ણ થઈ ગયું છે એને. '**सकल-कृत्यं**' કર્યા છે પૂરા કાર્ય જેણે એમ એનો અર્થ છે. આહા..હા..! અહીં તો હજી મરી જાય તોપણ કાર્ય બાકી રહ્યા. બધા ઘણાં કામ કરતાં-કરતાં. અરે! આટલું બાકી રહી ગયું, આટલું બાકી રહી ગયું. આ છોકરી કુંવારી બાકી રહી ગઈ. આ પળોજણ. જુઓને ઓલાને ૪૩ વર્ષની ઉંમર ને નવ તો છોકરીઓ છે. આ આવ્યો હતો એ. એ બોલતો હતો નવ દીકરીયું અને એક છોકરો છે. વર્ષ હજી ૪૩ થયા છે. ૪૩ વર્ષમાં નવ છોકરી અને એક છોકરો હજી તો કેટલા વર્ષ ગાળવા હશે? આ સંસારની ઉપાધિનો પાર ન મળે. હિંમતભાઈના સાસરાને એમ હતુંને. ઝોબાળિયા. હિંમતભાઈના સસરાને નવ છોકરીયું અને એક છોકરો. આપણા જોબાળીયા, રાણપુર.

**શ્રોતા :-** ચંદુભાઈના સસરા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ નવ બહેનો હતી, છોકરો એક. રાણપુર અપાસરાની પાછળ. ઉપાધિના પાર ન મળે. એક એક દીકરી મોટી થાય, એમાં આ મોંઘવારી, એના ખર્ચ કરવા પડે બધા. આહા..હા..! કેટલાકના તો ખાનગી લખાણ એવા આવે છે કે આ છોડીયું છે. શું કરવું? આ મોંઘવારી, આપઘાત કરવાનું મન થઈ જાય છે. એવું આવે છે. એ જાણે, આપે કાંઈક મહારાજ આશીર્વાદ પૈસા-બૈસા આપે. આહા..હા..!

**શ્રોતા :-** બધાને આત્મા આપો છો તો મને પણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ આત્મા જ મહાકિંમતી ચીજ તો એ છે. તારા થોથામાં શું છે? આહા..હા..! એ તો લક્ષ્મી-બક્ષ્મી પહેરી હોય ને નીકળ્યો હોય તો મારી નાખે ચોર. લઈ લે. સમુકનું નુકસાન કરનારું છે એ તો. મુંબઈમાં બન્યું હતુંને? એક પચ્ચીસ હજારનો હીરો પહેરીને નીકળ્યો હતો એક માણસ. નાની ઓલી શેરી હશે. એમાં એક ચોરને ખબર પડી ગઈ તો વીંટી લઈ લીધી અને મારી નાખ્યો. કોઈને કહી દે તો? આ પહેરી હતી શોભા માટે, થઈ ગઈ ઓભા. મારી નાખ્યો. કારણ કે જાણશે તો ઓળખશે ને પાછો કાંઈક કરશે તો? આ આત્મા છે એ પોતે શોભાવંત છે બસ. આહા..હા..! જેને કાંઈ કરવાનું બાકી રહ્યું નથી એવું જ્ઞાન મોક્ષ છે.

'**ભાવાર્થ :- જ્ઞાન બંધ-પુરુષને જુદાં કરીને, પુરુષને મોક્ષ પમાડતું થકું,...**' જ્ઞાન, જ્ઞાન, જ્ઞાન કીધું અહીં તો. અંતરનું જ્ઞાન છે એ સ્વતરફ વળતું જ્ઞાન, બંધ-પુરુષને જુદાં પાડે છે અહીં તો એ કહે છે. પ્રજ્ઞાછીણી આવશેને? બીજો પ્રશ્ન આવશે હવે. એના પછી આવશે, પછી એ જ આવશે. પ્રજ્ઞાછીણી. પાછળ ૧૮૧ આવશે. આ ૧૮૦ છે. ૧૮૧માં પાધરું આવશે પ્રજ્ઞાછીણી.

**શ્રોતા :-** પ્રજ્ઞાને ઠેકાણે અનુભવ શબ્દ વાપર્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ પ્રજ્ઞાનો અનુભવ શબ્દ વાપર્યો. પ્રજ્ઞાને અનુભવ કહે છે. એ પ્રજ્ઞા કહો કે અનુભવ કહો. રાગથી ભિન્ન પાડીને જે અનુભવ થાય એને પ્રજ્ઞા કહેવાય. પ્રજ્ઞા કહો કે અનુભવ કહો. પ્રજ્ઞા (માટે) અનુભવ શબ્દ વાપર્યો છે. આહા..હા..!

'**જ્ઞાન બંધ-પુરુષને જુદાં કરીને, પુરુષને મોક્ષ પમાડતું થકું, પોતાનું સંપૂર્ણ સ્વરૂપ પ્રગટ**

કરીને...' પોતે જે શક્તિમાં જે અનંત જ્ઞાન અને આનંદ હતો એ એના સન્મુખના ધ્યાનથી એ પૂરું કર્યું જેણે. સ્વરૂપ પ્રગટ કર્યું પૂર્ણ. એ '**જયવંત પ્રવર્તે છે.**' પ્રગટ કર્યું એવું એમ ને એમ રહ્યા કરે. આહા..હા..! પછી એને અવતાર હોતો નથી. '**આમ જ્ઞાનનું સર્વોત્કૃષ્ટપણું...**' જ્ઞાનસ્વરૂપી ભગવાન એનું સર્વોત્કૃષ્ટપણું '**કહેવું તે જ મંગળવચન છે.**' લ્યો! આનું નામ મંગળિક શરૂ કર્યું. મોક્ષના શરૂઆત કરવામાં મંગળિક આ રીતે કર્યું. આત્માનું જ્ઞાન સર્વોત્કૃષ્ટ છે એ જ મંગળિક વચન છે. એના જેવો ઉત્કૃષ્ટ બીજી કોઈ ચીજ છે નહિ.

'**હવે મોક્ષની પ્રાપ્તિ કઈ રીતે થાય છે તે કહે છે. તેમાં પ્રથમ તો, જે જીવ બંધનો છેદ કરતો નથી...**' લ્યો! રાગ એ બંધ છે. હવે એને છેદ કરતો નથી '**પરંતુ માત્ર બંધના સ્વરૂપને જાણવાથી જ સંતુષ્ટ છે તે મોક્ષ પામતો નથી—એમ કહે છે :—**' લ્યો!

**શ્રોતા :-** ..માં તો આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે છે એ. ... જાણવાનો તો આત્માને છે. આત્મા જાણે તો પછી બંધ છે એમ જાણે. વ્યવહાર કરે. આહા..હા..! બંધન .. એવું આવે છે. .. લ્યો એમ આવે છે. શું એની પહેલી કડી છે? '...' બંધનને જાણે તો કર્મથી છૂટી જશે. .. એટલે તૂટી જાય એવું છે. એમ છે જ નહિ. ગાથા.

जह णाम को वि पुरिसो बंधणयम्हि चिरकालपडिबद्धो।
तिव्वं मंदसहावं कालं च वियाणदे तस्स।।२८८।।
जइ ण वि कुणदि च्छेदं ण मुच्चदे तेण बंधणवसो सं।
कालेण उ बहुगेण वि ण सो णरो पावदि विमोक्खं।।२८९।।
इय कम्मबंधमाणं पदेसठिइपयडिमेवमणुभागं।
जाणंतो वि ण मुच्चदि सो चेव जदि सुद्धो।।२९०।।

શ્વેતાંબરમાં એ બહુ આવે. કર્મનું ... કરણનું ઓલું. રતનલાલજી શીખવા ગયા હતાને રતનલાલજી ત્યાં એના ગામમાં. પ્રેમવિજય અને આ ધર્મવિજય પણ એ બહુ કર્મગ્રંથનો ... શું થઈ ગયું એમાં? આહા..હા..!

**જ્યમ પુરુષ કો બંધન મહીં પ્રતિબદ્ધ જે ચિરકાળનો,**
**તે તીવ્ર-મંદ સ્વભાવ તેમ જ કાળ જાણે બંધનો. ૨૮૮.**
**પણ જો કરે નહિ છેદ તો ન મુકાય, બંધનવશ રહે,**
**ને કાળ બહુયે જાય તોપણ મુક્ત તે નર નહિ બને; ૨૮૯.**
**ત્યમ કર્મબંધનનાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગને,**
**જાણે છતાં ન મુકાય જીવ, જો શુદ્ધ તો જ મુકાય છે. ૨૯૦.**

'**ટીકા :- આત્મા અને બંધનું દ્વિધાકરણ (અર્થાત્ આત્મા અને બંધને જુદાં-જુદાં કરવા) તે મોક્ષ છે.**' દ્વિધાકરણ એટલે એ મોક્ષ છે. બે જુદાં પાડવા એ મોક્ષ છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો આત્મા બે જુદાં પડ્યા એટલે પછી થયુંને, આની પ્રાપ્તિ થઈ ગઈને. પરથી જુદો પડ્યો એટલી અપેક્ષા રહી. જુદો પડ્યો તો પૂર્ણ થઈ ગયો પછી, બસ. વ્યવહારની અપેક્ષા આવી એમાં. પરથી જુદો પડ્યોને એટલી અપેક્ષા આવી. પોતામાં સમાઈ ગયો, ઠર્યો એનું નામ મોક્ષ. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, જે પામે તે પંથ, સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.' શ્રીમદ્‌માં આવે છે. અને આપણે નિયમસારમાં આમાં આવી ગયું છે, ૨૫૪માં નહિ? આત્મલાભ મોક્ષ. આત્માનો લાભ, આત્મદશાની શક્તિ એની પર્યાયમાં આત્માનો લાભ થવો, એ આવી ગયું છે, એનું નામ મોક્ષ. આહા..હા..! પુણ્ય-પાપ અધિકાર અને આ નિયમસારમાં પણ એમ આવે છે. આત્મા જે વસ્તુ છે, પણ એ વસ્તુ શું છે? પૂર્ણ શક્તિવાન, પૂર્ણ તત્ત્વ ચૈતન્યઘન છે એને સમ્યગ્દર્શનમાં પ્રાપ્ત કરવો, પછી એને કેવળજ્ઞાનમાં પૂર્ણ પ્રાપ્ત થવો એનું નામ મોક્ષ છે.

**'આત્મા અને બંધનું દ્વિધાકરણ (અર્થાત્ આત્મા અને બંધને જુદાં-જુદાં કરવા) તે મોક્ષ છે.'** બે કેમ લીધા? મોક્ષ શબ્દ છેને. મોક્ષ શબ્દ છેને એમાં મૂકાવું એવી અપેક્ષા આવીને? આહા..હા..! એટલે .. શબ્દ મૂક્યો છે. આનંદની પ્રાપ્તિ થવી એ વાત તો આવી ગઈ છે પહેલી. પણ હવે મોક્ષમાં એમ થાય, મોક્ષ એટલે મૂકાવું છે એવો ધ્વનિ આવ્યોને? પ્રાપ્ત થયો છે એ તો પછી આવે. પણ મોક્ષ એટલે મુકાણો. શેનાથી? કે પરભાવથી, દુઃખથી, પરથી. એ ધ્વનિને લઈને દ્વિધાકરણ કહ્યું. સમજાણું કાંઈ? **'આત્મા અને બંધનું દ્વિધાકરણ...'** બેને જુદાં કરવા તે મોક્ષ છે. બંધનો સંબંધ તે બંધ છે અને બંધનો અસંબંધ તે મોક્ષ છે. રાગાદિ વિકારનો ભગવાન આત્મામાં સંબંધ, સંબંધ એ બંધ એ સંસાર છે. એ આત્માને કર્મનો અસંબંધ અભાવ થઈ જવો કર્મનો એટલે કે દુઃખનો પૂર્ણ અભાવ એ મોક્ષ. બીજી દશા આવી ગઈ દ્વિધામાં, દુઃખ. અહીં ભલે કર્મ લીધું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

મોક્ષ શબ્દ છે એમાં મોક્ષમાં મૂકાવું આવ્યુંને? એટલે બે લઈ લીધા. એકથી મુકાણો છે અને એકમાં આવ્યો છે. આહા..હા..! પુણ્ય-પાપ.. હજી મોક્ષની ભાષાને સમજે નહિ. મોક્ષ એટલે માથે લટકવું હશે સિદ્ધમાં ઉપર મુક્તિશિલા ઉપર લટકતા હશે એ સિદ્ધ હશે, મોક્ષ. અહીં તો મોક્ષ એટલે ભગવાન આત્મા અનંત આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ, દ્વિધા. દુઃખની દશાથી, દુઃખ એ પરવસ્તુ છે, એનાથી દ્વિધા ભિન્ન પડી ગયો, એકલો આનંદ રહ્યો અને દુઃખથી ભિન્ન પડ્યો એનું નામ દ્વિધાકરણ. મોક્ષ એને કહેવાય છે લ્યો! આહા..હા..!

**'બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર મોક્ષનું કારણ છે એમ કેટલાક કહે છે,...'** **'(અર્થાત્ બંધના સ્વરૂપને જાણવામાત્રથી જ મોક્ષ થાય છે) એમ કેટલાક કહે છે,...'** તે જૂઠું છે. **'તે અસત્ છે; કર્મથી બંધાયેલાને બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર મોક્ષનું કારણ નથી,...'** કર્મથી બંધાયેલાને બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર મોક્ષનું કારણ નથી. **'કેમકે જેમ બેડી આદિથી બંધાયેલાને બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર બંધથી છૂટવાનું કારણ નથી...'** બેડીથી બંધાયેલો એને ખ્યાલ આવે કે ભાઈ આ બેડી છે. એથી કાંઈ બેડી છૂટે? બેડી આવે છેને લાકડાની મોટી? જૂનામાં હતું પહેલા. વીંછીયામાં છે. વીંછીયામાં જ્યાં ડેલો છેને ત્યાં એક મોટી બેડી લાકડાની (છે). લાકડાનું મોટું કાણું હોય એમાં ઓલું

નાખીને બે ભેગું કરીને તાળું મારી દે. બેડી હોય લાકડાની. પ્રેમચંદભાઈ નથી આવ્યા? નથી આવ્યા. એ રસ્તામાં છે, દરવાજામાં છે. લાકડાની મોટી બેડી હોય. લાકડું લાકડાની. એમાં પહેલાં એવું રાખતા. પછી એમાં બે ભાગ હોય તો એમાં પગ નાખીને આમ કરી ... આહા..હા..!

'**બંધાયેલાને બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર મોક્ષનું કારણ નથી, કેમકે જેમ બેડી આદિથી બંધાયેલાને બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર...**' જાણવું કે આ બંધ છે એથી કાંઈ છૂટે? આહા..હા..! કર્મથી બંધેયાલેના '**કર્મથી બંધાયેલાને કર્મબંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર કર્મબંધથી છૂટવાનું કારણ નથી. આથી જેઓ કર્મબંધના પ્રપંચની...**' પ્રકૃતિ આમ ને સ્થિતિ આમ ને રસ આમ ને ફલાણું આમ ને... ઘણાં તો અત્યારે કર્મના રસવાળા ઘણાં છે, કર્મના અભ્યાસી. આહા..હા..! '**જેઓ કર્મબંધના પ્રપંચની (-વિસ્તારની) રચાનાના જ્ઞાનમાત્રથી સંતુષ્ટ...**' જાણવું બસ. ૧૪૮ પ્રકૃતિ સત્તામાં છે. ૧૨૦નું બંધન છે, ૧૨૨નું નવું બંધન થાય છે. સત્તામાં ૧૪૮ છે અને એના ભેખ છે મોટા ઘણાં. એ શિખ્યા હતા તે દિ', અમરેલી. કર્મનો અભ્યાસ બહુ હતોને ભાઈને હંસરાજભાઈને. ૧૪૮ પ્રકૃતિ છે આઠની. એમાં બંધન થાય એ ૧૨૦નું, ઉદય આવે ૧૨૨નો. પહેલે ગુણસ્થાને આટલી પ્રકૃતિનો ઉદય અને આટલી સત્તા અને આટલું બંધનું. બીજે આટલું, ત્રીજે આટલું. એ જાણ્યું એમાં શું થયું? બેડીએ બંધાણો છે એમ જાણ્યું છે એટલે બેડી છૂટી જાય? આહા..હા..! કહે છે શું હવે? તેમને '**જ્ઞાનમાત્રથી સંતુષ્ટ છે તેમને ઉત્થાપવામાં આવે છે.** ' આહા..હા..!

'**ભાવાર્થ :- બંધનું સ્વરૂપ જાણવાથી જ મોક્ષ છે એમ કોઈ અન્યમતિ માને છે.**' લ્યો! એને અન્યમતિ કહ્યા.

**શ્રોતા :-** શ્વેતાંબરમાં આવતુંને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, બંધની વ્યાખ્યા ત્યાં લગાડે.

'**તેમની એ માન્યતાનું આ કથનથી નિરાકરણ જાણવું. જાણવામાત્રથી જ બંધ નથી કપાતો, બંધ તો કાપવાથી જ કપાય છે.**' આહા..હા..! ૩૮. એક જ પાનું છે? હું તો શું જોતો હતો? આ છેને. '**मुच्चदि सो चेव जदि सुद्धो**' એનો અર્થ જોતો હતો. આમાં અર્થ નથી, પણ એનો અર્થ થઈ ગયો એ. એ જોતો હતો કીધું આમાં અર્થ (શું છે)? '**છૂટવાનું કારણ નથી. આથી, જેઓ કર્મબંધના પ્રપંચની રચનાના જ્ઞાનમાત્રથી સંતુષ્ટ છે તેમને ઉત્થાપવામાં આવે છે.**' પણ એનો અર્થ એ થયો. શુદ્ધથી મૂકાય છે. એટલે? પાઠ એ છેને જુઓને, છેને? '**जाणंतो वि ण मुच्चदि सो चेव जदि सुद्धो।**' એટલે કે શુદ્ધ સ્વરૂપ એની અનુભવદૃષ્ટિ કરે તો મૂકાય. બંધનનું એકલું જ્ઞાન રાખે ત્યાં ત્યાં ચિંતા, વિકલ્પ એ કંઈ એને બંધન છૂટવાનો ઉપાય નથી. શુદ્ધથી મૂકાય છે. ટીકામાં છે ઈ. છેને ટીકામાં, અન્વયાર્થમાં. '**यदि सः एव शुद्धः**' '**પરંતુ જો પોતે (રાગાદિને દૂર કરી) શુદ્ધ થાય તો જ છૂટે છે.**' ટીકામાં ન નાખ્યું, શબ્દાર્થમાં છે. મૂળ વસ્તુ ત્યાં છે આખી. શુદ્ધ તો જ મૂકાય છે. એટલે એ રાગ-દ્વેષનું જ્ઞાન હોય છતાં શુદ્ધ સ્વરૂપ પવિત્ર અંદર છે તેનો અનુભવ ને દૃષ્ટિ ને સ્થિરતા ન હોય તો છૂટે નહિ. શુદ્ધ તો મૂકાય છે એમ કીધું. વ્યવહાર હોય તો મૂકાય છે એમ ન કહ્યું. આહા..હા..!

**શ્રોતા :-** શુદ્ધ હોય તો જ થાય, બીજી રીતે ન મૂકાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શુદ્ધ હોય તો જ મૂકાય છે. આહા..હા..! અશુદ્ધ પુણ્ય-પાપના ભાવ હોય, વ્યવહાર તો અશુદ્ધ છે, એ ભાવબંધ છે. અશુદ્ધ છે, ભાવબંધ છે એનાથી ભિન્ન પાડવું છે. એનાથી ભિન્ન પાડવું એનાથી મુક્તિ થાય? જેનાથી ભિન્ન પાડવું છે એનાથી મુક્તિ થાય? આ બધી તકરાર છે લ્યો! અહીં તો કહે છે કે જો શુદ્ધ તો જ મૂકાય છે. એ જાણપણું બંધનનું નહિ. એ પરમાત્મા રાગરહિત શુદ્ધ ચૈતન્યઘન છે એનો અનુભવ, એની શુદ્ધતાનું વેદન અને એ શુદ્ધતાની ઉગ્રતા પ્રગટ થાય એ મૂકાય છે બંધનથી. બંધનના જાણવામાત્રથી બંધનથી છૂટતો નથી. એ પહેલાંમાં આવી ગયું છે. પહેલી લીટી છેને. **'આત્મા અને બંધનું દ્વિધાકરણ (અર્થાત્ આત્મા અને બંધને જુદાં-જુદાં કરવા) તે મોક્ષ છે.'** પહેલી લીટી છેને પહેલી લીટી? એમાં નાખી દીધું છે. શુદ્ધતા ત્યાં નાખી દીધું છે.

**શ્રોતા :-** આત્મા અને બંધનું દ્વિધાકરણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો આવશે પણ આ તો આમાં નથી. એ તો આવશે જને, એ તો આવશે. આ તો અહીં પાઠ છેને આમાં. પાઠ છે એનો અર્થ આમાં ક્યાંય છે કે નહિ એમ. ઓલો તો શુદ્ધનો ખુલાસો આવશે. પણ એ અહીં આવી ગયું. **'આત્મા અને બંધનું દ્વિધાકરણ તે મોક્ષ છે.'** એમાં શુદ્ધ આવી ગયું. ભાઈએ કહ્યું સમજાણું? આ શુદ્ધ તે મૂકાય છે એનો અર્થ ટીકામાં ક્યાં આવ્યો એમ. તો એ પહેલામાં જ આવ્યો એ. **'આત્મા અને બંધનું દ્વિધાકરણ...'** બસ, એ જ શુદ્ધ. પોતાનું શુદ્ધ સ્વરૂપ છે, રાગથી ભિન્ન કરે છે ત્યારે શુદ્ધથી જ મુક્તિ થાય છે એ એમાં આવી જાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જયેષ્ઠ સુદ-૩, શનિવાર, તા. ૨૧-૦૫-૧૯૭૭, ગાથા-૨૮૮ થી ૨૯૩, પ્રવચન નં. ૩૪૮

મોક્ષ અધિકાર, પહેલી ગાથાનો ભાવાર્થ. **'બંધનું સ્વરૂપ જાણવાથી જ મોક્ષ છે...'** લ્યો ઠીક! આ વ્યવહાર છેને, આ બંધનું કારણ છેને...

**શ્રોતા :-** બંધ એટલે વ્યવહાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બંધ એટલે વ્યવહાર. વ્યવહાર છેને. એનું સ્વરૂપ જાણવાથી મોક્ષ છે **'એમ કોઈ અન્યમતિ માને છે. તેમની માન્યતાનું આ કથનથી નિરાકરણ જાણવું.'** બંધને જાણવાથી જ મુક્તિ થાય એમ નથી. 'બેડીથી બંધનવાળો, બેડીથી બંધાયેલો છું' એમ જાણતા કાંઈ બેડીથી છૂટે? **'જાણવામાત્રથી જ બંધ નથી કપાતો, બંધ તો કાપવાથી જ કપાય છે.'** એટલે ભિન્ન પાડવાથી એમ. પહેલો અર્થ કર્યો છેને ટીકાનો? અને પાઠમાં શુદ્ધ દૃષ્ટિ કરે તો બંધ કપાય. એટલે કે

રાગથી ભિન્ન પડે, દ્વિધા કરે તો સ્વભાવ અનુભવમાં આવે શુદ્ધમાં તો શુદ્ધતા પ્રાપ્ત થાય. અશુદ્ધતા કરતાં-કરતાં શુદ્ધતા થાય એમ નથી. એ આ બધાનો વાંધો છે મૂળ. લ્યો એ ગાથા પૂરી.

૨૯૧. '**બંધના વિચાર કર્યા કરવાથી પણ બંધ કપાતો નથી...** ' બીજો બોલ. બંધને જાણવામાત્રથી બંધ કપાતો નથી અને બંધના વિચાર કરવામાત્રથી બંધ કપાતો નથી. '**એમ હવે કહે છે :—**'

> **जह बंधे चिंतंतो बंधणबद्धो ण पावदि विमोक्खं।**
> **तह बंधे चिंतंतो जीवो वि ण पावदि विमोक्खं।।२९१।।**
> **બંધન મહીં જે બદ્ધ તે નહિ બંધ ચિંતાથી છૂટે,**
> **ત્યમ જીવ પણ બંધો તણી ચિંતા કર્યાથી નવ છૂટે. ૨૯૧.**

એમાં શુભભાવ નાખશે આ.

'**ટીકા :- બંધ સંબંધી વિચારશૃંખલા...**' એટલે શુભભાવ. '**મોક્ષનું કારણ છે એમ બીજા કેટલાક કહે છે,...**' 'આ બંધનમાં હું છું, રાગમાં બંધ છે, મિથ્યાત્વથી બંધ છે' એવા વિચાર કર્યા કરે શુભભાવ, એનાથી બંધ કપાય એમ માને તો એ વાત સાચી નથી. આહા..હા..!

**શ્રોતા :—** શ્વેતાંબર શાસ્ત્રમાં આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શેમાં? શ્વેતાંબરના શાસ્ત્ર એ શાસ્ત્ર જ ક્યાં છે! લોકોને ખોટું લાગે બિચારાને, શું થાય? પ્રેમજીભાઈ! સમજાણું કે નહિ? શ્વેતાંબર શાસ્ત્ર એ શાસ્ત્ર જ નથી એમ કહે છે. હવે તો એ આવી ગયા છે. એ શાસ્ત્ર જ નથી, કલ્પેલા છે. આ તો દિગંબર શાસ્ત્રો તો ભગવાને કહેલા શાસ્ત્રો છે. એમાં ક્યાંય બંધની વિચારશ્રેણીથી બંધ છૂટે એવું ક્યાંય આમાં નથી. એટલે શુભભાવ એ કહેશે. આહા..હા..!

'**એમ બીજા કેટલાક કહે છે...**' '**કર્મથી બંધાયેલાને બંધસંબંધી વિચારની શૃંખલા મોક્ષનું કારણ નથી,...**' આ બંધાણું ને આ બંધાણું ને આ બંધાણું. એ બધા વિચારો છે એ શુભરાગ છે, એનાથી કાંઈ આત્મા છૂટે નહિ. '**કેમકે જેમ બેડી આદિથી બંધાયેલાને તે બંધસંબંધી વિચારશૃંખલા...**' વિચારશૃંખલા એટલે વિચારધારા. એક પછી એક વિચાર કર્યા જ કરે, બંધન છે ને આમ છે ને સત્તા છે આટલી, આટલી પ્રકૃતિનો ઉદય છે અને આટલી પ્રકૃતિનો બંધ છે અને આટલી પ્રકૃતિ સત્તામાં છે-એમ એને વિચાર કરાવવાથી એ તો શુભભાવ છે, વિકલ્પ છે. આહા..હા..!

'**કેમકે જેમ બેડી આદિથી બંધાયેલાને તે બંધસંબંધી વિચારશૃંખલા બંધથી છૂટવાનું કારણ નથી તેમ કર્મથી બંધાયેલાને કર્મસંબંધી વિચારશૃંખલા કર્મબંધથી છૂટવાનું કારણ નથી.**' આ કર્મનું શ્વેતાંબરમાં બહુ વાંચે. એ કર્મનો જાણનારો એને બહુ ગણે. આ પ્રકૃતિ આમ છે અને આ પ્રકૃતિ આમ છે. હવે એમાં એને શું થયું? રાગ ને આત્માને ભિન્ન પાડે એનો અર્થ કે અશુદ્ધતાથી શુદ્ધતા ઉપર દૃષ્ટિ જુદી પાડે ત્યારે બંધનથી છૂટે. આહા..હા..! એ આવે છેને આગળ? ... શુદ્ધને જાણતા શુદ્ધને પામે, અશુદ્ધને જાણતા અશુદ્ધતાને પામે. એ લખ્યું છે આમાં. મગજમાં ઓલા એ વાત

કેટલીક લખી છે સારી કર્મની. ફેર .. ગોટો વાળ્યો છે બે લીટીમાં. શુભભાવથી નિશ્ચયચારિત્ર થાય. પંડિતજી! આહા..હા..! શુભભાવથી થાય નહિ ત્રણકાળમાં. શુભ તો રાગ છે. કૈલાસચંદજીએ લખ્યું છે બધું ઘણું. નીચે લખ્યું છે કેટલુંક દૃષ્ટિ માટે. આ બધા દ્રવ્યચારિત્ર લઈને બેસે છે માટે અંદર ભાવચારિત્ર છે એમ નથી. નિર્મળદૃષ્ટિ સમ્યક્ વિના ધર્મ હોય નહિ. ધર્મનું મૂળ સમ્યક્ કહ્યું છે, તો ચારિત્ર મૂળ સમ્યક્ વિના આવ્યું ક્યાંથી? લઈને બેઠા છે. એમ બધું લખ્યું છે. કાંઈક મતભેદ રહી ગયો હશે એ વખતનો. આહા..હા..! અહીં તો પહેલેથી ધારા ચાલી આવી છે કે શુભરાગથી ત્રણકાળમાં જીવને સમ્યગ્દર્શન થાય નહિ. સમ્યગ્દર્શન થવામાં પરની કાંઈ અપેક્ષા છે નહિ. અપેક્ષા હોય તો ત્રિકાળી દ્રવ્યની અપેક્ષા છે. બાકી બીજા બધાની ઉપેક્ષા છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એ અહીં કહે છે.

'**કર્મથી બંધાયેલાને કર્મબંધસંબંધી વિચારશૃંખલા...**' એની જ વિચારણા વારંવાર કર્યા કરે કર્મની. આહા..હા..! એ છૂટવાનું કારણ નથી. '**આથી (–આ કથનથી), કર્મસંબંધી વિચારશૃંખલાત્મક વિશુદ્ધ ધર્મધ્યાન...**' લ્યો ઠીક! આટલા શબ્દો વાપર્યા છે. વિશુદ્ધ ધર્મધ્યાન એટલે શુભભાવ. આ ચોખ્ખો શબ્દ વાપર્યો છે. '**વિશુદ્ધ ધર્મધ્યાન વડે જેમની બુદ્ધિ અંધ છે...** ' શુભભાવની વિચારણામાં કર્મનો વિચાર જ કર્યા કરે કે આ કર્મ આવું ને આ કર્મ આવું. ૧૪૮ પ્રકૃતિની સત્તા, ૧૨૦નું બંધન, ૧૨૨નો ઉદય ને એ ત્રણ ચાલે ત્રણ પ્રકાર. બંધન ૧૨૦નું, ઉદય આવે ૧૨૨. કારણ કે ઓલી મિશ્રપ્રકૃતિ મિથ્યાત્વ છે. સમકિતમોહનીય બંધાતી નથી, પણ ઉદયમાં આવે છે એટલું. સત્તામાં ૧૪૮ હોય. આગળ જતાં ઓછી હોય. ૪૧ પ્રકૃતિ ચોથે ગુણસ્થાને તૂટી જાય છે સમ્યગ્દર્શન (થતાં) અને અનંતાનુબંધીનો અભાવ થતાં. પણ એની વિચારણા કરવાથી એ કાંઈ છૂટે છે? આહા..હા..! રાગથી ભિન્ન પડીને શુદ્ધનો આશ્રય લે, શુદ્ધનો અનુભવ કરે તો બંધન મિથ્યાત્વથી છૂટે. આહા..હા..! અને શુદ્ધતાની સ્થિરતામાં રહે તો ચારિત્ર (પ્રગટે અને) અચારિત્ર જે ભાવ છે એ છૂટે, બીજો તો કોઈ ઉપાય નથી. માર્ગ તો આ છે. આહા..હા..!

'**વિચારશૃંખલાત્મક વિશુદ્ધ ધર્મધ્યાન...**' લ્યો! એને ધર્મધ્યાન કીધું. છે બંધનું કારણ, પુણ્યબંધનું કારણ, વ્યવહારધર્મધ્યાન. નિયમસારમાં નિશ્ચયધર્મધ્યાન આવે છે. નિશ્ચયધર્મધ્યાન અને વ્યવહાર ધર્મધ્યાન બે ભિન્ન છે. શુભભાવને વ્યવહારધર્મધ્યાન કહે અને આત્માને આશ્રયે શુદ્ધ થાય તેને નિશ્ચય ધર્મધ્યાન કહે. આ મોટો ગોટો ઉઠાવે જુઓ, આ ધર્મધ્યાન છેને આ? વિશુદ્ધરૂપી પરિણામને ધર્મધ્યાન કહ્યું છે. ખરેખર તો એ આર્તધ્યાન છે આ. આહા..હા..! '**ધર્મધ્યાન વડે જેમની બુદ્ધિ અંધ છે...**' એમ કીધું. જોયું? આંધળા થઈ ગયા છે. શુભભાવથી ધર્મ માનનારા, શુભભાવથી બંધન છૂટનારા, માનનારા આંધળા છે એમ કહે છે. આહા..હા..! અરે! ચોર્યાસી લાખના અવતાર, દુઃખના દાતાર અવતાર બધા છે. આહા..હા..! દુઃખના ગળા સુધી આમ ગરી ગયા છે. ચૈતન્યના આનંદની તો ગંધ પણ નથી એને. ભગવાન ચૈતન્યના આનંદથી ભરેલો, અતીન્દ્રિય આનંદનો ભરેલો ભગવાન આત્મા એની તો ગંધ પણ નથી અને આ શુભભાવમાં ગળા સુધી ગરી ગયા, આ કરો ને આ કરો ને આ કરો, એનાથી જે આંધળા છે '**તેમને સમજાવવામાં આવે છે**' લ્યો! કોઈ એમ કહે છે કે ભાઈ! મુનિને માટે

સમયસાર છે. આ આવ્યું કે નહિ આ?

જે કોઈ શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કર્મની વિચારણા કર્યા કરવી એવો જે શુભભાવ એમાં જે આંધળા છે એટલે? ૪૧૩ ગાથામાં આવ્યુંને ભાઈ, વ્યવહારમૂઢ છે. વ્યવહારમાં જાગૃત છે એ નિશ્ચયને જાણે ત્યારે વ્યવહારને જાણે, આ તો વ્યવહાર-આંધળા છે, આહા..હા..! વ્યવહારનો રાગ છે એનાથી ભિન્ન પડે, 'હું શુદ્ધ ચૈતન્ય છું' ત્યારે તે વ્યવહારનો જાણનાર થાય. આ તો વ્યવહારનો આંધળો છે આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત ઝીણી! આહા..હા..! બંધની એવી બુદ્ધિ વડે અંધ છે. આહા..હા..! જેમની ધર્મધ્યાન વડે બુદ્ધિ—આટલું તો વાપર્યું છે. શુભભાવ વડે બુદ્ધિ જેની આંધળી થઈ ગઈ છે. આહા..હા..! જેને શુભથી ભિન્ન ભગવાન ચૈતન્ય ભગવાન તો એને ભાસતો નથી જરીએ કે આ એક વસ્તુ છે. અરે! પ્રભુ છે, પરમાત્મા છે એની તરફની તો ગંધ પણ નથી કહે છે. અને આ વ્યવહારના પરિણામમાં આંધળા થઈ ગયેલા. એક વાત. એમને સમજાવવામાં આવે છે. બીજી વાત. એ આવ્યું કે નહિ એમાં? કે આ સમયસાર મુનિઓને સમજાવવાનું છે. દ્રવ્ય-ચારિત્ર ધારણ કર્યું હોય એને સમજાવવાનું છે. પહેલું આવ્યું છે પ્રસ્તાવનામાં. જયચંદ્ર પંડિતે લખ્યું છે, જયચંદ્ર પંડિત....

અહીં તો કહે છે કે જે વ્યવહાર કર્મ અને કર્મની પ્રકૃતિ, સ્થિતિ, રસ, અનુભાગ. આઠ ભેદ ને એ તો સર્વજ્ઞ સિવાય તો ક્યાંય છે નહિ. એ સર્વજ્ઞના માર્ગમાં પણ એની કર્મની પ્રકૃતિના વિચારની વિચારણામાં રોકાઈ જાય છે એ પણ શુભભાવમાં આંધળા છે. આહા..હા..! કારણ કે કર્મ અને કર્મની પ્રકૃતિનું વર્ણન સર્વજ્ઞ સિવાય ક્યાંય છે નહિ. ઈશ્વરકર્તા હોય એ ઈશ્વરથી માને. બીજા કોઈ એમ વળી પ્રકૃતિ ઈશ્વરની શક્તિઓ છે, એ ઈશ્વરને શક્તિ વિના ચાલે નહિ એમ પણ કહેતા, ઓલા મોરબી ગયા હતા ત્યારે. મોરબી પાસે ગામ છેને એ શું કીધું? સનાળા-સનાળા. ત્યાં રાત્રે ગયા હતા. સવારે જાવું હતું મોરબી. સાંજે આહાર કરીને ફરવા ગયા હતા તો ત્યાં મંદિર હતું શક્તિનું. બાવો બેઠો હતો. બધા પગે લાગવા આવતા હતા. બાવો ... બિચારો. પધારો, પધારો કહે. એ લોકો વાતું કરતા હતા કે ઈશ્વરને તો આ શક્તિ વિના ચાલે નહિ. ક્યો ઈશ્વર? કીધું. આહા..હા..! આ ભગવાન ઈશ્વર એને આનંદ અને શક્તિ વિના ચાલે નહિ એવો આ. મોરબી. તમારા ગામ પાસે સનાળા-સનાળા. એનું મકાન છે મોટુંને? દલીચંદભાઈની જૂની એની વહુનું મકાન હતું. ત્યાં ઉતર્યા હતા. ઘણાં વર્ષ થઈ ગયા. ૨૦૧૦ની સાલ લ્યો, ૨૨ વર્ષ થઈ ગયા ૨૩. એ શક્તિ આ શક્તિ એ નહિ. શક્તિ તો આત્મા પોતે ઈશ્વર છે એને જ્ઞાન ને આનંદની શક્તિ વિના એ રહી શકે જ નહિ. એ આ ઈશ્વરની શક્તિ છે. એ લોકો ત્યાં પૂજા કરવા આવતા. અમારી શક્તિ વિના ઈશ્વરને પણ ચાલે નહિ એમ કહે. આહા..હા..!

અહીં કહે છે કે એ શક્તિનો વિચાર છોડી દઈને કર્મબંધનના વિચારના શુભભાવમાં આવ્યો, જેનાથી પુણ્ય બંધાય એવા ધર્મધ્યાનમાં આવ્યો, પણ એમાં આંધળો છે ઈ. કારણ કે એ શુભને જ જોવે છે, શુભથી ભિન્ન છે એને જાણતો નથી. એવા આંધળાઓને આહા..હા..! '**તેમને સમજાવવામાં આવે છે.**' લ્યો! કહે છે કે આવા શુભભાવમાં ધર્મ માનનારા, હવે એ તો મિથ્યાદષ્ટિ છે. એમને આ સમજાવવામાં આવે છે. આહા..હા..!

'**ભાવાર્થ :- કર્મબંધનની ચિંતામાં મન લાગ્યું રહે તોપણ મોક્ષ થતો નથી. એ તો ધર્મધ્યાનરૂપી શુભપરિણામ છે.**' લ્યો! ધર્મધ્યાનરૂપ શુભપરિણામ. ધર્મધ્યાન કીધું એને લ્યો! શુભ-શુભ. '**જેઓ કેવળ શુભપરિણામથી જ મોક્ષ માને છે...**' કેવળ શુભપરિણામથી જ મોક્ષ માને. એમાં એ કાઢે કેવળ શુભ નહિ. શુદ્ધ હોય અને શુભ બેયથી અમે માનીએ છીએ. '**જ**' છેને? '**કેવળ શુભપરિણામથી જ મોક્ષ માને છે...**' એકલા (શુભ પરિણામ). અજ્ઞાની અનાદિથી. '**તેમને અહીં ઉપદેશ છે કે શુભપરિણામથી મોક્ષ થતો નથી.**' અહીં તો વ્યવહારથી મોક્ષ થતો નથી એમ સિદ્ધ કર્યું છે. જૈનદર્શનની પ્રકૃતિઓ ને વીતરાગે કહેલા કર્મ, એની વિચારધારામાં રહે તો એ શુભભાવ છે, પુણ્યબંધનું કારણ છે, એનાથી સમકિત થતું નથી. આહા..હા..! શુભથી મિથ્યાત્વનો છેદ થતો નથી. શુભને ધર્મ માને તો આ મિથ્યાત્વનું બંધન થાય છે. આહા..હા..! અને શુભથી ભિન્ન પડી વસ્તુ શુદ્ધ છે તેમ માને તેને મિથ્યાત્વનું બંધન છેદાઈ જાય છે. આહા..હા..! એને મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો બંધ થતો નથી. ઈ છે. '**તેમને અહીં ઉપદેશ છે.**'

'**(જો બંધના સ્વરૂપના જ્ઞાનમાત્રથી પણ મોક્ષ નથી અને બંધના વિચાર કરવાથી પણ મોક્ષ નથી)**' બે આવીને? બે વાતું? પહેલા બંધના સ્વરૂપનું જ્ઞાન અને બીજી, બંધના સંબંધીનો વિચાર બે વાત આવી ગઈ. એનાથી મોક્ષ નથી. '**તો મોક્ષનું કારણ ક્યું છે?**' '**कस्तर्हि मोक्षहेतुरिति चेत्**' એવી શૈલી લીધી છે કે જેને એવી જિજ્ઞાસા થઈ છે કે કર્મબંધનના વિચારથી મોક્ષ નહિ અને કર્મબંધનના જાણવામાત્રથી પણ મોક્ષ નહિ. ત્યારે હવે મોક્ષ થાય શી રીતે? કર્મથી છૂટવું શી રીતે? એવી જેને જિજ્ઞાસા થઈ છે, હૃદયમાં જેને ધખશ થઈ છે એને આ ઉત્તર દેવામાં આવે છે. આહા..હા..! તો એવો તો યોગ્યતાવાળો જીવ લીધો છે.

**जह बंधे छेत्तूण य बंधणबद्धो दु पावदि विमोक्खं।**
**तह बंधे छेत्तूण य जीवो संपावदि विमोक्खं।।२९२।।**

પહેલો દાખલો આપે છે.

**બંધન મહીં જે બદ્ધ તે નર બંધછેદનથી છૂટે,**
**ત્યમ જીવ પણ બંધો તણું છેદન કરી મુક્તિ લહે. ૨૯૨.**

આહા..હા..! એની '**ટીકા :- કર્મથી બંધાયેલાને બંધનો છેદ મોક્ષનું કારણ છે,...**' બહુ ટૂંકું. '**કર્મથી બંધાયેલાને બંધનો છેદ...**' એટલે કે શુદ્ધ તરફનો જુકાવ. આહા..હા..! બંધનો છેદ નાસ્તિથી વાત કરી છે. આહા..હા..! બંધનો છેદ, રાગનો નાશ. ત્યારે કઈ રીતે રાગનો નાશ થાય? જેમાં રાગ નથી એવા સ્વભાવનો આશ્રય કરે તો બંધનો નાશ થાય. અબંધસ્વરૂપી ભગવાનને તો ગણ્યો છે. ૧૪-૧૫ ગાથા. '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं**' અબદ્ધસ્વરૂપને જે દેખે અને અનુભવે એને બંધનો છેદ થાય છે. ત્યાં તો એમ કહ્યું છે કે અબંધને જાણે તે જૈનશાસનને જાણે છે, તે જૈનશાસન છે '**पस्सदि जिणसासणं सव्वं**' લ્યો! આહા..હા..! કેમકે જૈનશાસનને વીતરાગતા બતાવવી છે. પોતે વીતરાગતા પ્રગટ કરી છે અને વીતરાગતા પ્રગટ કરવાનો ઉપદેશ કર્યો છે. ચારેય અનુયોગમાં

વીતરાગતાનું તાત્પર્ય-રહસ્ય કીધું છે. એ વીતરાગતાસ્વરૂપ ભગવાન વીતરાગસ્વરૂપ ત્રિકાળ એનો આશ્રય લેતા બંધ છેદાય છે. એટલે કે જેવી ચીજ છે તેવા પરિણામ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવું બધું શીખવું ઝીણું. જાધવજીભાઈ! કાંઈ હતું ત્યાં? આવી વાત ક્યાંય હતી નહિ ત્યાં. સામાયિક કરો ને પોષા કરો ને પડિક્કમણા કરો. જાવ પતાસા વહેંચો. લ્હાણી-લ્હાણી. દરરોજ પતાસા વહેંચે. પ્રભાવના કરો હમેંશા, જાવ. આઠેય દિ' પર્યુષણમાં પ્રભાવના ફલાણાની. ઓહો..હો..! ભારે ધર્મ દીપ્યો ભાઈ! આઠેય દિ'ના અપવાસ, એમાં કોઈ ચોવિહારાના પૌષધ કરે. ઓહો..હો..! ધર્મ ઉજ્વળ્યો. આહા..હા..! આવી વાત છે

અહીં કહે છે કે '**કર્મથી બંધાયેલાને બંધનો છેદ મોક્ષનું કારણ છે,...**' જે રાગાદિના પરિણામ છે એ બંધ છે, ભાવબંધ છે. એનો નાશ ક્યારે થાય? કે જેમાં રાગ નથી એવો શુદ્ધ ભગવાન આત્મા એની સન્મુખ થતાં જે અબંધપરિણામ થાય, તેમાં બંધના પરિણામ ઉત્પન્ન ન થાય એને બંધના પરિણામ છેદાય એમ કહેવામાં આવે છે. આવી વ્યાખ્યા. બાયુંઓને તો નવરાશ ન હોય જાણે, ઘરનું રાંધવું, છોકરા સાચવવા, પણ એને રળવાની ચિંતા તો નહિ. એ ધણીને ચિંતા રળવાની. આને આ ઘરનું કેમ સચવાય અને એને આખો દિ' છોકરા-છૈયા, ખાવા-પીવા, રસોઈ કરવી, .. વાસણ-બાસણ ધોવા. નવરા કે દિ' થાય ઈ? આહા..હા..! નવરા થાય અને સાંભળવા જાય તો મળે પાછું આવું. આહા..હા..! અરે! એણે અનંતકાળ પરિભ્રમણમાં ગોથા ખાધા એણે. આહા..હા..!

અહીં તો એક જ સિદ્ધાંત. કર્મથી, વિકારથી, કર્મ જડ નિમિત્તથી છે, વિકાર છે તે અશુદ્ધ ઉપાદાન પોતાથી છે. અશુદ્ધ ઉપાદાન એનાથી બંધાયેલો જીવ એ શુદ્ધ ઉપાદાનને આશ્રયે તે અશુદ્ધ ઉપાદાન છેદાય છે. એટલે કે શુદ્ધ ઉપાદાનનો આશ્રય લે તેને અશુદ્ધ ઉપાદાન વિકાર ઉત્પન્ન થતો નથી એને બંધ છેદાય છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! ઓલામાં નથી આવતું? જેટલો જેટલો વિજ્ઞાનઘન થતો જાય છે તેટલો તેટલો કર્મથી છૂટતો જાય છે અને કર્મથી જેટલે છૂટતો જાય તેટલો તેટલો વિજ્ઞાનઘન થતો જાય છે. પણ એ તો અહીંથી લીધું પહેલું. આત્મા આનંદ છે, જ્ઞાન એમાં જેટલો અંદર એકાગ્ર થતો જાય છે તેટલો તેટલો વિજ્ઞાનઘન થતો જાય છે અને તેટલો તેટલો કર્મથી છૂટતો જાય છે અને જેટલો જેટલો કર્મથી છૂટ્યો તેટલો તેટલો વિજ્ઞાનઘન થતો જાય છે. આહા..હા..! આમ ડબલ.. લીધી છે વાત. સમજાણું કાંઈ?

'**કેમકે જેમ બેડી આદિથી...**' બેડી હોય, સાંકળ નાખી હોય, આ હાથકડી નાખી હોય લ્યોને. હાથકડી નાખે છેને? પહેલાં તો એ માગવા આવતા. સાંભળેલું? હાથકડીમાં નાખીને માગવા આવતા. એને કાંઈ એવું હતું. ખબર નહિ હોય. અમારે તો દુકાન ઉપર આવતા. પછી માગે. કાંઈક એના કુટુંબમાં કે ઠેઠ એના વંશમાંથી એવું કાંઈક હતું. હાથકડી રાખે, માગે. દુકાન ... એવી કાંઈક કથા છે. એના કુટુંબની પરંપરા વંશને બંધનમાં પડેલા હાથકડી નાખી. એના કુટુંબીઓ એ હાથકડી નાખીને માગવા નીકળતા. એ નથી ખબર રામજીભાઈ? અમારે તો ત્યાં આવતા મને બહુ ખબર છે. એ કાંઈક કહેવાતા.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, એ નહિ. આ તો એના કુટુંબની પરંપરામાં કાંઈક રાજથી કેદ મળેલી હાથકડીની. એટલે એના કુટુંબીઓ હાથકડીમાં લઈને માગવા જાય. એમ પછી ઘરે છોડી દે, માગવા જાય તો. દુકાન ઉપર આવતા. એ કાંઈક નામ ભૂલી ગયા. એ બોલે એવું કાંઈક એ ભાષા. એ મને આમ હતું, એ મને આમ છે, બંધાયેલા છે. અમને છોડાવો. અહીં કહે છે કે જે કોઈ પ્રાણી અનાદિથી કર્મથી બંધાયેલા છે એને છેદવાથી બંધન તૂટે છે. આહા..હા..!

**'જેમ બેડી આદિથી બંધાયેલાને બંધનો છેદ બંધથી છૂટવાનું કારણ છે...'** આ તો બેડી આદિ શબ્દ આવ્યોને એમાં એ યાદ આવ્યા એ. એ હુશિયાર માણસ હોય એ, છતાં આમ નાખીને માગવા નીકળે ઘરે-ઘરે, દુકાને. વેપારી નહિ, ગરીબ માણસ હોય. **'કર્મથી બંધાયેલાને કર્મબંધનો છેદ કર્મબંધથી છૂટવાનું કારણ છે. આથી પૂર્વે કહેલા બન્નેને (-જેઓ બંધના સ્વરૂપના...** ' જે કર્મબંધનનો વિચાર જ કર્યા કરે અને કર્મબંધનનું જાણપણું કર્યા કરે એથી કાંઈ કર્મથી છૂટે નહિ. આહા..હા..! શુદ્ધ સ્વરૂપ ચૈતન્ય ભગવાન અંદર છે, જેને કાંઈ વસ્તુનો સંબંધ જ નથી. રાગ અને એક સમયની પર્યાયને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે, વસ્તુને સંબંધ નથી. એવી ચીજ ઉપર દૃષ્ટિ આપતા એ મિથ્યાત્વના બંધનથી છૂટી શકે છે, બાકી બીજો કોઈ ઉપાય છે નહિ. આહા..હા..! ભાઈ! આટલી ક્રિયા કરીએ વ્રતની, અપવાસની, તપસ્યા (કરીએ તો) કર્મ છૂટે. ત્રણકાળમાં નહિ. એ તો રાગ છે, રાગથી તો બંધાય છે. આ વર્ષીતપ કરે છેને બાયું? માને કે અમે કાંઈક ધર્મ કર્યો. ધૂળેય નથી ધર્મ. આહા..હા..! લાંઘણું કરી છે એ તો.

**શ્રોતા :–** એ તો ઊભી ઊભી મોક્ષે જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઊભી ઊભી, એ વાત કરી હતી તે દિ'. ૯૦માં ચોમાસું હતુંને અમારું રાજકોટ. અહીં વાત કરી હતી કે ભાઈ, અપવાસ-બપવાસ કરે ભાન વિનાના. આત્મા શું ચીજ છે અને એ ભગવાન શું કહે છે? .. વિનાના અપવાસ કરીને સુકાઈ જાય બાયડી વર્ષીતપ કરીને. સંસારની વૃદ્ધિ કરે છે, ભવ વધે છે, મિથ્યાત્વની પુષ્ટિ કરે છે. આ ૯૦ની સાલની વાત છે. સંપ્રદાયમાં હતાને ગામમાં વર્ષીતપ ચાલતો હતો. પરષોતમજીનું ચોમાસું હતું. ગોંડલ સંઘાડાના. મહારાજ! આ તો ઊભા-ઊભા આવું કરે એ લોકો શું કરતા હશે? ધૂળ છે. આહા..હા..! એ બરાબર સવારથી સાંજ સુધી ખાય. બીજે દિ' અપવાસ કરે ત્યારે પચી જાય. એ એને અપવાસ માને.

**શ્રોતા :–** અપવાસ ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અપવાસ .. નથી અને એ અપવાસમાં વર્ષીતપ માને એને. એને ઉજવવા માટે બે-પાંચ હજાર રૂપિયા ખર્ચવાનું કરે એટલે થઈ જાય ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. આહા..હા..! કહો, જાધવજીભાઈ! ઘરમાં કર્યું હશે કે નહિ વર્ષીતપ? કર્યું હતું? ઠીક.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ તો હોયને. એ સંપ્રદાયમાં તો શૈલી હોય. આહા..હા..!

અહીં તો બંધના છેદનો વિચાર કરે એને આત્મા અને બંધના દ્વિધાકરણમાં વ્યાપાર કરાવવામાં

આવે છે. આહા..હા..! ભગવાન એમ કહે છે કે જે કોઈ કર્મબંધનના વિચાર જ કર્યા કરે અને કર્મબંધનને છૂટવાનું જ્ઞાન કરે, જ્ઞાન કરે કે આ છૂટે, પણ છોડવાની ક્રિયા ન કરે. આહા..હા..! છોડવાની ક્રિયા તો આત્મા શુદ્ધ (એને ગ્રહણ કરે તો છૂટે). એ કહે છે જુઓ, '**આત્માને બંધના દ્વિધાકરણમાં વ્યાપાર કરાવવામાં આવે છે.**' આહા..હા..! ભગવાન જિનેશ્વરદેવ વીતરાગ પરમેશ્વર એમ કહે છે કે જે કાંઈ ક્રિયાકાંડનો રાગ છે એ બંધન છે. આહા..હા..! એનાથી છૂટો આત્મા છે. એ બેને દ્વિધાકરણ-ભિન્ન કરવામાં આવે છે. આહા..હા..! રાગને રાગમાં રાખ અને આત્મામાં આવ અંદરમાં. ત્યારે બેને ભિન્નતા થાય, ત્યારે તેને ધર્મ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? પહેલું આવ્યું હતુંને? પહેલાં આવ્યું હતું પહેલી ગાથામાં. આત્મા અને બંધનું દ્વિધાકરણ. શુદ્ધની વ્યાખ્યા પહેલી આવી ગઈ.

અહીં '**દ્વિધાકરણમાં વ્યાપાર કરાવવામાં આવે છે.**' જે કોઈ અજ્ઞાની એ શુભભાવમાં ધર્મ માનીને પડ્યા છે. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, દાન, અપવાસ એ બધો શુભભાવ છે, રાગ છે. એ રાગ બંધનું કારણ છે. એને જુદાં કરાવવા માટે દ્વિધાકરણમાં વ્યાપાર કરાવવામાં આવે છે. આહા..હા..! ભગવાનનો એ ઉપદેશ છે કે એ બધી ક્રિયાકાંડમાં જે રાગ છે એનાથી છૂટું તારું તત્ત્વ છે તેને બંધથી ભિન્ન કરાવવા માટે આ ઉપદેશ છે. આહા..હા..! છેને? આત્મા એને કહીએ કે જેમાં પુણ્ય અને પાપનો વિકલ્પ રાગ પણ નથી અને બંધ એને કહીએ કે જેમાં આત્માનો સ્વભાવ નથી. એ પુણ્ય અને પાપના ભાવ તે બંધભાવ અને આત્મા જે અંદર વસ્તુ છે એ પુણ્યભાવથી ભિન્ન છે. એ બેની ભિન્નતા કરાવવામાં આવે છે. આહા..હા..! બેની ભિન્નતા કરાવવાનો વ્યાપાર કરાવવામાં આવે છે. છેને? '**વ્યાપાર કરાવવામાં આવે છે.**' લ્યો! આ વ્યાપાર. આ પાપના વેપાર કરે છેને આખો દિ'? દુકાનના અને ધંધાના ને બાયડી, છોકરાને સાચવવાના. આ બાયડી રાંધવામાં અને પાણી ઊના કરવામાં એ પાપ બધા પાપ આખો દિ'. આહા..હા..! અહીં તો કહે છે કે જે કોઈ બંધના વિચારના ભાવમાં રોકાયેલા છે એને એનાથી ભિન્ન પાડવામાં દ્વિધા કરવામાં વ્યાપાર કરાવવામાં આવે છે. કહો, પ્રવિણભાઈ! આ લોઢાનો વેપાર તમારે છે. આને બધું એ ધારધીરનો. જાધવજીભાઈને ધારધીરનો પૈસાનો. છોકરાઓને છે. એ બધા પાપના વેપાર છે કહે છે. આહા..હા..! એથી ખસીને કર્મના વિચારમાં આવે કે કર્મ આવા છે ને કર્મ આવા બંધાય છે, એ પણ શુભભાવ બંધનું કારણ છે. આહા..હા..! એને શુભ અને આત્માને ભિન્ન કરાવવામાં વ્યાપાર કરાવવામાં આવે છે. વીતરાગ જિનેશ્વરદેવ પરમેશ્વરનો હુકમ આ છે. આહા..હા..! એને તો સાંભળ્યો પણ ન હોય કોઈ દિ' કે દ્વિધા એટલે શું. આત્મા અને રાગ બે ચીજ છેને? આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છે અને રાગ પુણ્ય-પાપનો ભાવ એ રાગ છે- બે ચીજ છે. તો બેની એકતાબુદ્ધિ અનાદિની છે એને ભિન્ન દ્વિધા કરાવવાનો વેપાર કરાવવામાં આવે છે. આહા..હા..! ભાષા તો નાની છે થોડી, ભાવ મોટા છે અંદર. વીતરાગનો માર્ગ ઝીણો બહુ, બાપુ! સર્વજ્ઞ જિનેશ્વરદેવ એનો માર્ગ ઝીણો. લોકોને બિચારાને સાંભળવા મળતો નથી. આ એકેન્દ્રિયની દયા પાળો અને ફલાણાની દયા પાળો. વ્રત કરો, અપવાસ કરો, થઈ રહ્યું જાવ ધર્મ થઈ જાય. ધૂળમાંય ધર્મ નથી.

અહીં તો આત્મા અને રાગના બંધના ભાવને આત્મા જે અબંધસ્વરૂપી છે એને ભિન્ન દ્વિધા કરવામાં, '**દ્વિધાકરણમાં વ્યાપાર કરાવવામાં આવે છે...**' આહા..હા..! '**(અર્થાત્ આત્મા અને બંધને જુદાં-જુદાં કરવા પ્રત્યે લગાડવવામાં-જોડવામાં-ઉદ્યમ કરાવવામાં આવે છે).** ' ત્રણ શબ્દ વાપર્યા. આહા..હા..! આત્મા અંદર ચૈતન્યજ્યોત, ચૈતન્યના પ્રકાશનું પૂર પ્રભુ છે અંદર, ચૈતન્યના પ્રકાશનો સૂર્ય છે ચૈતન્ય અને આ દયા, દાન, વ્રત, પરિણામ જે બધા છે એ વિકલ્પ અને રાગ છે. આહા..હા..! એ પ્રકાશ અને રાગને ભિન્ન કરવાના વ્યાપારમાં જોડવામાં આવે છે. આહા..હા..! ભિન્ન કરવામાં લગાડવામાં આવે છે. પ્રભુ! તું તારી સામું જો. પર સામું જોતા તો તને રાગ થાય છે. આહા..હા..! અપવાસ કરું, આ કરું એ બધો રાગ થાય છે. એ રાગથી, આત્મા રાગ વિનાની ચીજ છે તેને બેની એકતા તોડાવી ભિન્નતા, ભિન્નતામાં લગાડવામાં આવે છે. ભેદજ્ઞાન કરવામાં લગાડવામાં આવે છે એમ કહે છે. આહા..હા..! છે?

'**બંધને જુદાં-જુદાં કરવા પ્રત્યે લગાડવામાં-જોડવામાં-ઉદ્યમ કરાવવામાં આવે છે).** ' આહા..હા..! અંદર ચૈતન્ય પ્રકાશનો નૂર ભગવાન આત્મા એને એ પુણ્ય-પાપના ભાવથી ભિન્ન કરવામાં, લગાડવામાં, જોડવામાં આવે છે. આહા..હા..! એ પુણ્ય-પાપનો ભાવ અને ભગવાન ચૈતન્યનો સ્વભાવ, બેને જુદાં કરવામાં ઉદ્યમ કરાવવામાં આવે છે. લ્યો! આ ઉદ્યમ. ઉદ્યોગપતિ ને બધા નથી કહેતા આ ધૂળના પતિ હોય છેને આ? પાંચ-પચાસ લાખ ભેગા થયા હોય, કરોડ-બે કરોડ. ઉદ્યોગપતિ મોટો. બાહુબળે ઉદ્યોગ ઊભો કર્યો, મા-બાપ પાસે કાંઈ નહોતું. જન્મ્યા પછી પંદર વર્ષે આમ કર્યું અને વીસ વર્ષે આમ કર્યું. એ મોટી શૃંખલા પાપની વાતું કરે. ઉદ્યોગપતિ એમણે પાંચ કરોડ ભેગા કર્યા, દસ કરોડ. પાપના પતિ બધા એ. આ ઉદ્યોગ એટલે રાગથી ભિન્ન કરવાનો ઉદ્યમ એ ધર્મ છે. આહા..હા..! આ ઉદ્યોગમાં ધર્મનો ઉદ્યોગ છે. આહા..હા..!

વસ્તુ અંદર ભગવાન આત્મા ચૈતન્ય અનાદિ-અનંત નિત્ય અવિનાશી વસ્તુ છે. એને અને આ પુણ્ય-પાપના ભાવ રાગ નાશવાન છે. બેને ભિન્ન કરવાના ઉદ્યમમાં જોડાવામાં આવે છે. કહો એ વેપાર કરવામાં આવે છે. આહા..હા..! આમાં કરવું શું એ સૂઝે નહિ. બહારનું હોય તો કરવું સૂઝે કે ભાઈ! આટલું રોટલા છોડી દ્યો, પાણી છોડી દ્યો, રાતે ખાવું નહિ, ચોવિહાર કરવો. સમજાય પણ ખરું આવું. એમાં શું સમજવું હતું? અજ્ઞાન છે એ તો અનાદિનું. આહા..હા..! વિકલ્પથી આત્માને ભિન્ન કરાવવામાં, ભિન્ન લગાડવામાં, દ્વિધા કરવામાં, ઉદ્યમમાં જોડવામાં એને આવે છે. અહીં જોડાઈ જા ભિન્ન કરવામાં એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આવો ઉપદેશ છે. કઈ જાતનો? ભગવાન એમ કહે છે, સંતો એમ કહે છે, પરમાત્માએ આ રીતે રાગની એ ક્રિયા અને આત્માનો સ્વભાવ, બે ભિન્ન તત્ત્વ છે તેને ભિન્ન કરવામાં એને જોડવામાં આવ્યા છે. આહા..હા..! એનો ઉદ્યમ કરવામાં એને કીધું છે. આહા..હા..!

ચૈતન્ય સ્વભાવનો સાગર પ્રભુ, આત્મા ચૈતન્યસ્વરૂપ જે છે એમાં એને જોડાવામાં આવ્યો છે. રાગમાં જોડાયેલો છે અનાદિથી. આહા..હા..! એ જોડને તોડ. જેણે જોડ્યું, તેણે તોડ્યું. આહા..હા..! પોતે રાગમાં જોડાતો હતો અનાદિથી. એ જોડાણને તોડીને આત્મા સાથે જોડ હવે કહે છે. આહા..હા..!

ત્યારે તને ધર્મની શરૂઆત સમ્યગ્દર્શન થાય. આહા..હા..! ચારિત્ર તો ક્યાંય રહી ગયું. એ લોકોને ચારિત્રની ખબર નથી. લૂગડા ફેરવ્યા અને મહાવ્રત લીધા (એટલે) થઈ ગયા ચારિત્ર. અજ્ઞાન છે બધા. આહા..હા..!

અહીં કહે છે.. ઓહો..હો..! એક ભાષાના ત્રણ અર્થ કર્યા. બે તત્ત્વ થયાને? આત્મા અને બંધ બે તત્ત્વ થયાને? આત્મા ચૈતન્યસ્વરૂપ અરૂપી આનંદઘન અને વિકલ્પ જે ઊઠે છે એ રાગ તે ભાવબંધ. ભાવબંધતત્ત્વ છે અને ભગવાન સ્વરૂપ પોતે આત્મા છે તે અબંધસ્વરૂપ તત્ત્વ છે. એ અબંધસ્વરૂપ તત્ત્વને બંધસ્વરૂપથી ભિન્ન કરવામાં-જોડવામાં આવે છે. ભગવાને એ ઉપદેશ આપ્યો છે. આહા..હા..! આ શું હશે? ભિન્ન કરવું શું હશે? એણે સાંભળ્યું નથી બિચારાએ શું કરે? રખડી મરે છે અનાદિથી. અંદરમાં વિકલ્પ ઊઠે છે દયા, દાન, વ્રત, ભક્તિ, અહીં કર્મના વિચાર ઊઠે, વીતરાગે કહેલા કર્મો આઠ અને ૧૪૮ પેટાભેદ પ્રકૃતિ, એમાં પ્રકૃતિમાં રસ ને સ્થિતિ ને અનુભાગ. આહા..હા..! એના પ્રદેશો, એની બધી વ્યાખ્યા વિચારે એ તો બંધ તત્ત્વનો વિચાર થયો. એ કાંઈ આત્મ તત્ત્વનો વિચાર ન આવ્યો. આહા..હા..! એટલે એને આત્મા અને બંધ તત્ત્વને ભિન્ન કરાવવામાં, જોડવામાં, લગાડવામાં રાગથી ભિન્ન કરવામાં ઉદ્યમ કરાવવામાં આવ્યો છે. આહા..હા..! લ્યો, આ ઉદ્યમ. ક્રમબદ્ધમાં ઉદ્યમ આવે છે આવો એમ કહે છે. ક્રમબદ્ધ થાય એને વળી ઉદ્યમ કેવો? સમજાણું કાંઈ? કેટલાક એમ કહે છેને કે ક્રમબદ્ધ થાય તો એમાં ઉદ્યમ શું? પણ એ ક્રમબદ્ધનો નિર્ણય કરે ત્યાં જ આત્મામાં જોડાવાનો ઉદ્યમ આવે છે. આહા..હા..! આ વાતું અગમ-નિગમની વાતું. ઓલામાં તો ઈચ્છામી-પડીમા ઈરિયા વિરિયા.. સાંભળ્યું હોય, થઈ રહ્યું. તસ્સ મિચ્છામી દુક્કડમ. તાવકાયં ઠાણેણં, માણેણં જાણેણં એ સાંભળ્યું હોય. એ બધી વિકલ્પ ને રાગની ક્રિયાઓ છે બંધનની. એ તત્ત્વ રાગતત્ત્વ છે. એને અને આત્મતત્ત્વને ભિન્નતા છે. ભિન્નતા છે તેને ભિન્નતા કરવાનો ઉપદેશ કર્યો છે. આહા..હા..!

ભિન્ન કરવામાં, વ્યાપાર કરાવવામાં. જોયું! લ્યો! વેપાર તો એ કરે. આચાર્ય કહે છે કે એને વ્યાપાર કરાવવામાં આવે છે—એવો ઉપદેશ દઈએ છીએ. આહા..હા..! ઉપદેશક કાંઈક કરી દે છે એને? એને કહે છે કે રાગથી ભિન્ન પડ પ્રભુ, તારે જો કલ્યાણ કરવું હોય તો. તારું કલ્યાણ જન્મ-મરણથી રહિત થવું હોય તો એ વિકારના પરિણામથી આત્માને ભિન્ન કર. આહા..હા..! એમ જુદાં કરવામાં આવે છે લ્યો! આહા..હા..! એ ૨૯૨ થઈ.

**'માત્ર આ જ (અર્થાત્ બંધનો છેદ જ) મોક્ષનું કારણ કેમ છે?'** શિષ્યનો પ્રશ્ન છે. બસ, રાગ અને આત્મા બેને જુદાં પાડવા એ એક જ મોક્ષનું કારણ? ત્રણેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી ગયું. રાગથી ભિન્ન પાડીને પૂર્ણ તત્ત્વની પ્રતીતિ અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન. રાગથી ભિન્ન પડીને આત્માનું જ્ઞાન કરવું એ આત્મજ્ઞાન અને રાગથી ભિન્ન પડીને સ્વરૂપમાં સ્થિરતા કરવી એ ચારિત્ર. આહા..હા..! કહો, શિષ્યનો પ્રશ્ન છે. **'માત્ર આ જ (અર્થાત્ બંધનો છેદ જ) મોક્ષનું કારણ કેમ છે? એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છે :—'** આવું જે પૂછે એને ઉત્તર દેવામાં આવે છે. આહા..હા..! વેઠ તરીકે સાંભળવા આવ્યા હોય કે આપણે સાંભળવું જોઈએ દરરોજ સવાર-સાંજ,

એવાઓને આ ઉત્તર દેવામાં આવતો નથી. આહા..હા..! જેને અંદરમાંથી થયું કે આહા..હા..! આ ચૈતન્ય ભગવાન વસ્તુ છે અંદર નિર્મળાનંદ પ્રભુ અને મલિન ભાવ પુણ્ય અને પાપના વિકાર મલિન થયા અને તે પણ અહીં તો પુણ્યની જ વાત છે અત્યારે તો શુભભાવની, એ શુભતત્ત્વથી ચૈતન્યતત્ત્વ ભિન્ન કરવામાં વેપાર કરાવવામાં આવ્યો તો એ એક જ મોક્ષનો ઉપાય છે? કે કોઈ મોક્ષનો ઉપાય બીજો છે કે આ એક જ છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. આહા..હા..! ૨૯૩.

**बंधाणं च सहावं वियाणिदुं अप्पणो सहावं च।**
**बंधेसु जो विरज्जदि सो कम्मविमोक्खणं कुणदि।।२९३।।**
**બંધો તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો,**
**જે બંધ માંહી વિરક્ત થાયે, કર્મમોક્ષ કરે અહો! ૨૯૩.**

આહા..હા..! મોક્ષ અધિકાર છેને? '**ટીકા :- જે નિર્વિકારચૈતન્યચમત્કારમાત્ર આત્મસ્વભાવ...**' આહા..હા..! અંદર દેહથી ભિન્ન. આ તો માટી-ધૂળ છે, કર્મ જડ છે, પુણ્ય-પાપના ભાવ થાય તે અચેતન-વિકાર છે એનાથી ભગવાન ભિન્ન અંદર કેવો છે? નિર્વિકાર છે એ. આહા..હા..! એ એના વસ્તુસ્વરૂપમાં વિકાર નથી. ચૈતન્યચમત્કારમાત્ર નિર્વિકારચૈતન્યચમત્કારમાત્ર પ્રભુ આત્મા તો છે. આહા..હા..! આત્મા કોઈની દયા પાળે ને કોઈની હિંસા કરે અને કોઈથી કાંઈ લે અને કોઈને દે એવો એનો સ્વભાવ નથી. એ તો નિર્વિકારચૈતન્યચમત્કારમાત્ર. આહા..હા..! જેના એક ક્ષણમાં ત્રણકાળ ત્રણલોક જાણે એવો ચૈતન્યચમત્કાર જેનો સ્વભાવ છે. કરે કોઈનું કાંઈ નહિ અને જાણ્યા વિના કોઈને રહે નહિ. આહા..હા..! આવી વાતું. એક રજકણને પણ ફેરવી શકે નહિ અને ઝીણામાં ઝીણા તત્ત્વો અને અરૂપીની પર્યાય પણ જાણ્યા વિના રહે નહિ. આહા..હા..! એવો એનો સ્વભાવ છે.

'**નિર્વિકારચૈતન્યચમત્કારમાત્ર...**' માત્ર કેમ લીધું? એ તો જાણવાના સ્વભાવનો માત્ર છે, એમાં રાગ ને પુણ્ય-પાપ, દયા-દાન એમાં છે જ નહિ. એ તો વિકારી તત્ત્વ બીજું છે. આહા..હા..! જેમ આ શરીર જુદી ચીજ છે આત્માથી, એમ પુણ્ય અને પાપ જુદી ચીજ આત્માથી છે. આહા..હા..! એ તો બધાને જાણવાના ચૈતન્યચમત્કારસ્વભાવી આત્મા છે. છે? '**નિર્વિકારચૈતન્યચમત્કારમાત્ર આત્મસ્વભાવ (આત્માના સ્વભાવને) અને...**' આહા..હા..! '**તેને (અર્થાત્ આત્માને) વિકાર કરનારા એવા બંધોના સ્વભાવને...**' તેની દશામાં પુણ્ય-પાપનો વિકાર થાય એ વિકાર કરવાના એવા બંધોનો સ્વભાવ જાણીને. જાણવાની તો બેયની વાત કરી. ઓલો આત્મસ્વભાવ, ચૈતન્યચમત્કારમાત્ર ભગવાન આત્મા. આહા..હા..! અને બંધનો સ્વભાવ રાગ છે. વિકાર કરનાર એવા બંધનો સ્વભાવ. લ્યો! અહીં તો શુભભાવ એ બંધનો સ્વભાવ વિકાર કરવા માટે છે એમ કહે છે. આહા..હા..! દયા, દાન, વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા એ બધો ભાવ છે એ બંધનું કારણ છે, બંધનો સ્વભાવ છે એ તો. આહા..હા..! એને કેમ બેસે?

'**વિકાર કરનારા...**' આવો સ્વભાવ આત્માનો નિર્વિકાર ચૈતન્યચમત્કાર હોવા છતાં તેની પર્યાયમાં વિકાર કરનારા. ઓલી દ્રવ્યની વાત સ્વભાવની. એ '**બંધોના સ્વભાવને જાણીને,...**'

જાણવા માટે તો હોયને. પર્યાયને, બંધને જાણવું એ તો આવે. '**બંધોથી વિરમે છે,...**' એ પુણ્યના ભાવ જે છે એનાથી વિરમે છે, વિરક્ત થાય છે, નિવૃત્ત થાય છે અને આત્મામાં જોડાઈ જાય છે તેને ધર્મ થાય છે. આહા..હા..! તેને મોક્ષનો ઉપાય થાય છે. આહા..હા..! '**તે જ સર્વ કર્મોથી મુકાય છે.**' લ્યો! '**બંધોથી વિરમે છે, તે જ સર્વ કર્મોથી મુકાય છે.**' વ્યવહારરત્નત્રયનો જે રાગ તે બંધનું, વિકારનું કારણ. આહા..હા..! એનાથી વિરમે છે તે સર્વ કર્મથી મુકાય છે. આહા..હા..! એ શુભભાવ પંચમહાવ્રતનો એ બધો શુભરાગ છે. આ એને કેમ બેસે? એક તો દુનિયાના પાપના ધંધા આડે નિવૃત્ત થાતો નથી, એને ઓલા બિચારા દુકાન છોડી, મહાવ્રત ધારણ કર્યા એને ધર્મ થઈ ગયો એમ માને. આહા..હા..! એ તો મહાવ્રતનો વિકલ્પ છે એ વિકાર કરનારો ભાવ છે. વ્યવહાર તે બધો વિકાર કરવાનો સ્વભાવ છે, નિર્વિકારી ચૈતન્યમાત્ર આત્મસ્વભાવ અને વિકારના કરનારા પુણ્ય-પાપના ભાવ એ બધા સ્વભાવથી વિરુદ્ધ બંધસ્વભાવ છે. એનાથી વિરમે છે, તે કર્મોથી મુકાય છે. આહા..હા..!

'**આથી, આત્મા અને બંધનું દ્વિધાકરણ જ મોક્ષનું કારણ છે...**' જુઓ, એમાં આવ્યું પાછું. આત્મા અને રાગને જુદાં કરવા તે જ મોક્ષનું કારણ છે. એ વ્યવહારરત્નત્રયનો રાગ અને આત્મા બેને જુદાં કરવા મોક્ષનું કારણ છે. એમ આવ્યું કે નહિ? ચેતનજી! આહા..હા..! '**આત્મા અને બંધનું દ્વિધાકરણ...**' વિકાર અને સ્વભાવનું જુદાં કરવું એ જ મોક્ષનું કારણ એવો નિયમ કરવામાં આવે છે. એવો નિયમ હોય છે. સિદ્ધાંત વીતરાગના માર્ગમાં આ છે. આહા..હા..! નિયમ છે. આહા..હા..! '**(અર્થાત્ આત્મા અને બંધને જુદાં-જુદાં કરવા તે જ મોક્ષનું કારણ છે એમ નક્કી કરવામાં આવે છે).**' નિર્ણય કરવામાં આવે છે. હવે એની ગાથાનો બીજો .. છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ સુદ-૪, રવિવાર, તા. ૨૨-૦૫-૧૯૭૭, ગાથા-૨૯૪, પ્રવચન નં. ૩૪૯

મોક્ષ અધિકાર, સમયસાર, ૨૯૪ ગાથા. '**આત્મા અને બંધ શા વડે દ્વિધા કરાય છે...**' શિષ્યનો મૂળ પ્રશ્ન છે કે આ આત્મા અને અંદર વિકાર જે છે—પુણ્ય-પાપના ભાવનો ભાવબંધ, એ બેનું દ્વિધાકરણ—જુદાં કરવા એ મોક્ષનું કારણ છે. તો શિષ્યનો પ્રશ્ન છે કે '**દ્વિધા કરાય છે (અર્થાત્ ક્યા સાધન વડે જુદાં કરી શકાય છે)?**' એનું સાધન શું? સમજાણું કાંઈ? દ્વિધાકરણ બહુ આવ્યું. પહેલેથી આવ્યું છેને? આ આત્મા છે એ વસ્તુ છે આનંદસ્વરૂપ અને એની પર્યાયમાં, અવસ્થામાં પુણ્ય અને પાપના વિકલ્પોનો રાગ વિકાર વિભાવ છે. એ વિભાવ દુઃખરૂપ છે અને આત્મા પોતે આનંદ સુખરૂપ છે. જેને મોક્ષ કરવો હોય એટલે કે પૂર્ણ આનંદની પ્રાપ્તિ કરવી હોય, એના ઉપાય તરીકે બેને

ભિન્ન કરવા એ ઉપાય છે. કહો, આ તો સમજાય એવું છે.

**શ્રોતા :–** આપ સમજાય એવું જ કહો છો. ન સમજાય એવું કંઈ નથી કહેતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ દેહમાં ચૈતન્ય જે છે સર્વજ્ઞ પરમેશ્વરે જિનેશ્વરદેવે જોયો છે આ આત્મા, એમ દરેક આત્મા. સવારમાં આવ્યું હતુંને બધું? સવારમાં તો ઘણું આવ્યું હતું બંધના અધિકારમાં. બધા જીવો દ્રવ્ય તરીકે, વસ્તુ તરીકે કેમ ઇ છે? બધા જીવો હોં! લસણના જીવ, ડુંગળીના જીવ, આ પીપળાના જીવ અંદર જીવ છે. એક પાંદડે-પાંદડે અસંખ્ય જીવ છે. આ લીમડો લીમડો. એક પાંદડામાં અસંખ્ય છે. એક એક શરીરે એક એક જીવ છે. આહા..હા..! એમ લસણની એક કળીમાં, કટકીમાં અસંખ્ય શરીર છે અને એક શરીરમાં અનંત જીવ છે. તો અહીં તો ભગવાને એમ કહ્યું, બધા જીવો સર્વે જીવા પરિપૂર્ણ ગુણ અને શક્તિ આનંદથી ભરેલા છે. એમ આવ્યુ હતું? ચેતનજી! આહા..હા..! પરિપૂર્ણ ગુણ ભરિતઅવસ્થ આવ્યું હતુંને? ભરિતઅવસ્થ એનો અર્થ પૂર્ણ કર્યો. પૂર્ણ અવસ્થ. અવસ્થા એટલે અહીંયાં પર્યાય લેવી નથી. અહીં ભરિતઅવસ્થ. દરેક આત્મા પોતાની શક્તિના, સ્વભાવના સામર્થ્યથી પૂર્ણ ભરેલ છે. એક. અને તે સર્વ જીવો એવા છે. બે. ત્રણલોકમાં અધોલોક, મધ્યલોક અને ઊર્ધ્વલોક. ત્રણે લોકમાં જીવ આવા છે. આહા..હા..! ત્રણે કાળમાં એવા છે. આહા..હા..! અને મન, વચન અને કાયા—ત્રણ વ્યાપારથી રહિત છે અને માયા, મિથ્યાત્વ, નિદાન—ત્રણ શલ્યથી રહિત છે અને ખ્યાતિ, પૂજા ને લાભ એવા ત્રણથી પણ એ રહિત છે. વળી દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ ત્રણથી પણ રહિત છે. આહા..હા..!

આ દેહમાં ભગવાન આત્મા એનું સ્વરૂપ અને એની શક્તિ અને એનું સામર્થ્ય સર્વ જીવનું, ત્રણકાળ, ત્રણલોક, મન, વચન અને કાયાના વેપારરહિત, ત્રણ શલ્યરહિત અને ત્રણ સાધનસહિત. નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન એને કીધું હતુંને? નિશ્ચયરત્નત્રય આવ્યા હતા એમાં. આહા..હા..! એ આ ભેદ પાડવાના સાધન. આહા..હા..! ભગવાન આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ છે, એને રાગનો વિકલ્પ જે દયા, દાન, વ્રતાદિનો હો એ બંધ છે, તે દુઃખ છે. એનાથી ચૈતન્યના સ્વભાવને દ્વિધા—બે છે તેમ બે કરવા. આહા..હા..! આ મોક્ષનો ઉપાય આ છે. જયંતિભાઈ! તો અહીં શિષ્યે પૂછ્યું કે તમે બેને જુદાં પાડવાનું કહ્યું. બે છે ખરા. આત્મા છે સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપી, તેમ જે કંઈ જિનેશ્વર થયા, અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત દર્શન આદિ પામ્યા પૂર્ણ વસ્તુને, એ ક્યાંથી આવી દશા? એ બધી અંદર શક્તિમાં હતી એમાંથી આવી છે. કૂવામાંથી અવેડામાં આવે છે. આ તો સમજાય એવું છે.

એમ આ ભગવાન આત્મા અંદરમાં પરિપૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદ સ્વભાવ છેને? સ્વભાવમાં અપૂર્ણતા ન હોય, વિકૃત ન હોય. જેટલી શક્તિઓ અને સ્વભાવ છે એ બધી પરિપૂર્ણ ભરેલી વસ્તુ છે ત્રણે કાળ, ત્રણલોકમાં. આહા..હા..! તે દિ' આવું સાંભળ્યું હતું? જયંતિભાઈ! સામાયિક ને પોષા ને પડિક્કમણા (કરવામાં). આ જાધવજીભાઈ તો શેઠ હતા ત્યાં કલકત્તામાં. કાંઈ ભાન ન મળે કે કોને કહેવી સામાયિક ને... આહા..હા..! એ અહીં શિષ્યનો પ્રશ્ન છે. આવો આત્મા તમે કહો છો અને એને વિકારની દશા, એને બેને જુદાં પાડવા. તો જુદાં પાડવાનું સાધન શું? એ જુદાં પાડવાનો ઉપાય શું?

જુદાં પાડવાનું કારણ શું? એમ શિષ્યે પ્રશ્ન કર્યો છે. કહો, આ તો સમજાય એવી ભાષા છે.

**'એમ પૂછવામાં આવતા...'** એમ જેને અંતરમાં ધખશ છે જાણવાની, એને પૂછવામાં આવતા એને ઉત્તર દેવામાં આવે છે. વેઠ તરીકે સાંભળવા આવ્યા, આપણે જાવું જોઈએ ત્યાં, ટાઈમ થાય એટલે સાંભળવા જાવું જોઈએ, રવિવારે-રવિવારે નવરાશ હોય તો ભાવનગરથી આવવું જોઈએ અહીં. આ તો દાખલો. એમ નહિ, જેને અંતરમાં ધખશ છે. આહા..હા..! ક્રિયા શુભ-અશુભ જે રાગ થાય છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ શુભરાગ. એ કળશમાં આવશેને આગળ. શુભચારિત્ર પણ દુષ્ટ અને ઘાતક છે. કળશમાં આવશે, ભાઈ! આહા..! અંદરમાં શુભભાવ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાનો ભાવ એ શુભભાવ પણ ઘાતક છે, શાંતિને ઘાત કરનાર છે, એ બીજી ચીજ છે, ભગવાન આત્મા બીજી ચીજ છે. એને જુદાં પાડવાનો ઉપાય (શું)? એમ શિષ્યનો પ્રશ્ન છે. ઉત્તર.

**जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं।**
**पण्णाछेदणएण दु छिण्णा णाणत्तमावण्णा।।२९४।।**
**જીવ બંધ બન્ને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે,**
**પ્રજ્ઞાછીણી થકી છેદતાં બન્ને જુદાં પડી જાય છે. ૨૯૪.**

આહા..હા..! **'ટીકા :- આત્મા અને બંધને દ્વિધા કરવારૂપ કાર્યમાં...'** ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ત્રિકાળી, આનંદસ્વરૂપ ત્રિકાળી, શાંત અવિકારી સ્વભાવથી ભરેલો શાંત ભગવાન આત્મા અને બંધ, રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ. આહા..હા..! એ **'બંધને દ્વિધા કરવારૂપ કાર્યમાં...'** બેને જુદાં પાડવારૂપી કાર્ય. કાર્ય થયુંને એ? એ **'કાર્યમાં કર્તા જે આત્મા...'** કર્તા આત્મા. આહા..હા..! રાગને અને વિકારને અને આત્માને ભિન્ન પાડવામાં કર્તા રાગ નહિ, વિકાર કર્તા નહિ. આહા..હા..! કેમકે વિકાર ને આત્માને તો ભિન્ન કરવા છે. જેનાથી ભિન્ન કરવા છે એ કાર્યકર્તા કેમ હોઈ શકે? આહા..હા..! લોજિકથી, ન્યાયથી વાત કરે છે. ન્યાય સમજાય છે?

**'આત્મા અને બંધને...'** અંદર વિકારી ભાવ દુઃખરૂપ છે અને ભગવાન આનંદરૂપ છે પ્રભુ, બેને જુદાં પાડવાનું કાર્ય, બેને ભિન્ન કરવાનું કર્તવ્ય એનો કર્તા તે આત્મા છે, એ વિકાર કર્તા નહિ. વિકારથી તો જુદું પાડવું છે. આહા..હા..! શુભયોગ હોય શુભરાગ એ બંધ છે અને એનાથી જુદું પાડવું છે અહીં તો. જેનાથી જુદું પાડવું છે એ સાધન કેમ હોઈ શકે? આહા..હા..! ન્યાય સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** રાગને જુદો પાડવો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગને જુદો પાડવો છે અને રાગ સાધન કેમ હોઈ શકે?

**શ્રોતા :-** હેતુ નિયત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો નિમિત્તનું કથન છે. સત્યાર્થમાં એ અસત્યાર્થ એક નિમિત્ત છે એમ આવ્યુંને? નિશ્ચય તે સત્યાર્થ છે, ત્યારે એ અસત્યાર્થ છે. એ તો એક નિમિત્ત કોણ છે તેનું જ્ઞાન કરાવ્યું છે છ ઢાળામાં. આહા..હા..!

**'કર્તા જે આત્મા...'** અહીં સુધી વાત આવી કે ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા, અતીન્દ્રિય

આનંદનો રસિયો આત્મા, અતીન્દ્રિય આનંદના રસથી ભરેલો ભરપૂર આત્મા. આહા..હા..! અને પુણ્ય અને પાપના ભાવ એ દુઃખથી ભરેલી દશા. આ દશા છે, આ વસ્તુ છે. આહા..હા..! બેને જુદાં પાડવાના કાર્યમાં '**કર્તા જે આત્મા...**' આત્મા કર્તા છે. '**તેના કરણસંબંધી મીમાંસા કરવામાં આવતાં,...**' આચાર્ય મહારાજને કાંઈ મીમાંસા કરવી બાકી નથી, પણ લોકોને સમજાવવું છે એ શૈલીએ કહેશે. આપણે વિચારીએ કે જ્યારે આ આત્મા અને વિકાર, પુણ્ય-પાપના ભાવ એને જુદાં પાડવાના કાર્યમાં કર્તા આત્મા તો એનું સાધન—કરણ કોણ? આપણે વિચારીએ. એમ શ્રોતાને ભેગા લઈને વિચારણામાં મૂકવાની વાત કરી છે. આહા..હા..!

'**તેના કરણસંબંધી...**' કરણ છેને નીચે? '**કરણ = સાધન; કરણ નામનું કારક.**' છ કારક છેને? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકારણ. છ કારણો છે, છ કારણો છે, છ શક્તિઓ આત્મામાં છે. અનાદિની છ કારકોની શક્તિ આત્મામાં છે. હવે અહીં તો બે જુદી પાડવામાં કારકની, પર્યાયની વાત ચાલે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છ કારક જે શક્તિ છે એ તો ગુણ છે, એ તો આત્મામાં ગયા અને અહીં વિકાર છે એ દુઃખમાં અને પરમાં ગયા. હવે બેને ભેદ પાડવો છે, જુદાં કરવા છે. તો જુદાં કરવાના કારણમાં વર્તમાન પર્યાય જુદી કરે છે. ત્રિકાળી શક્તિ છે એ તો ધ્રુવ છે અને વિકાર છે એ તો દોષ છે, એનાથી જુદું કરવું છે. આહા..હા..! તેથી કહે છે, એ કર્તા ભગવાન આત્મા જે તેના કરણ સાધનસંબંધી ઊંડી વિચારણા, ઊંડી વિચારણા, મૂળ તપાસ, મૂળની સમાલોચના કરતા '**નિશ્ચયે (નિશ્ચયનયે)...**' ખરેખર જોઈએ તો '**પોતાથી ભિન્ન કરણનો અભાવ હોવાથી...**' આહા..હા..! આત્મા વસ્તુ જ્ઞાનાનંદ પ્રભુ એ વિકારને જુદું પાડવાનો કર્તા એ, તો કર્તા નામની શક્તિ છે એ પર્યાયમાં કર્તા થઈને ભિન્ન પાડે. સમજાણું કાંઈ? આ તો માર્ગ અલૌકિક છે જૈનદર્શનની વાત બાપા! લોકોને બિચારાને જૈન શું છે એ એને મળ્યું નથી. અજૈનને જૈન ઠરાવીને જૈન છીએ એમ મનાવી દીધું છે. સામાયિક કર્યો, પડિક્કમણા કર્યા, પોષા કર્યા, અપવાસ કર્યા આઠ દિ' પર્યુષણના, ચાલો થઈ ગયો ધર્મ. ધૂળેય નથી ધર્મ સાંભળને. એ તો અનંતવાર (કરી), રાગની ક્રિયા છે અને એમાં પણ પાછી કર્તાબુદ્ધિ છે કે હું કરું છું રાગને. આહા..હા..! એક તો રાગ અને જ્ઞાનસ્વરૂપી ભગવાનને તેનો કર્તા ઠરાવે. એ કાર્ય રાગનું મારું છે. હવે એને એ ધર્મ માને તો મિથ્યાત્વ છે. આહા..હા..! એવી વાત છે.

'**(નિશ્ચયનયે) પોતાથી ભિન્ન કરણનો અભાવ હોવાથી...**' શું કહે છે? પહેલું એનું જ્ઞાન તો કરે કે સાચું શું સત્ય છે? આત્મા આનંદસ્વરૂપ, સુખસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદ સુખસ્વરૂપ. એનો આનંદ ક્યાંય બહારમાં નથી. વિષયોમાં, પૈસામાં, આબરૂમાં, કીર્તિમાં, ધૂળમાં ક્યાંય આનંદ નથી. એ બધી ચીજો તો દુઃખના નિમિત્તો છે અને ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ છે. આહા..હા..! એ દુઃખના ભાવને અને આનંદને ભિન્ન પાડવામાં કર્તા આનંદનો નાથ આત્મા કર્તા છે. હવે કર્તા આત્મા તો સાધન શું? કરણ શું? તો કહે છે કે કર્તાથી કરણ જુદું હોઈ શકે નહિ. આહા..હા..! આ તો સમજાય એવી વાત છે. ભાષા તો સાદી, ભાવ તો ભલે (ઊંડા છે). આહા..હા..! કહો, સમજાય છે કે નહિ? મણિયાર! આ બહારની નોકરી-બોકરીમાં હુશિયાર અને આમાં સમજાય છે કે નહિ? એમ કહે છે આ.

આહા..હા..!

આ ધર્મ, જૈનધર્મ કેમ થાય એની વાત ચાલે છે. પરમેશ્વર જિનેશ્વરદેવ ત્રિલોકનાથ અરિહંત પરમાત્મા એમ કહે છે કે ધર્મ કેમ થાય? ત્યારે કહે કે ધર્મ એમ થાય કે વિકારી ભાવથી ભગવાન આત્મા ભિન્ન છે એને જુદો પાડે તો ધર્મ થાય. ત્યારે જુદો પાડવામાં કર્તા કોણ? પુણ્ય અને પાપના વિકારભાવ થાય પરલક્ષી એને જુદાં પાડનારો-કરનારો કોણ? ત્યારે કહે કે કરનારો આત્મા. એ વિકારના ભાવ છે પુણ્ય-પાપના એનાથી ભિન્ન પાડવામાં કર્તા—કરનારો આત્મા. તો કર્તા આત્મા તો પછી સાધન કોણ? એ પુણ્ય-પાપને જુદાં પાડવાનું કારણ કોણ? સાધન કોણ? સાધન કહો, કારણ કહો, કરણ કહો.

તો કહે છે, '**મીમાંસા કરવામાં આવતાં, નિશ્ચયે (નિશ્ચયનયે) પોતાથી ભિન્ન કરણનો અભાવ હોવાથી.**' આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપ છે એકલો જ્ઞાનનો બિંબ પ્રભુ છે, એને રાગ ને વિકારથી જુદું પાડવાનો કર્તા તો પ્રભુ છે આત્મા, તો કરણ પણ કર્તાથી જુદું હોઈ શકે નહિ. આહા..હા..! એટલે આત્મા જ રાગથી ભિન્ન પાડવાનું સાધન છે. પર્યાય એની. આહા..હા..! છે કે નહિ? સામે જુઓને. પુસ્તક તો બહાર બહુ પડ્યા છે. વાંચે છે ક્યાં? ઘરના ચોપડા વાંચવામાં રહે આખો દિ' નવરા. આનું આમ છે ને આનું નામ છે ને આનું આમ છે. ધૂળમાં એકલું પાપ, આ પુણ્ય નહિ. આ તો સાંભળવામાં તો પુણ્ય છે, ધર્મ જુદી ચીજ છે. સાંભળવું, વાંચવું, વિચારવું એ તો બધો પુણ્યનો વિકલ્પ રાગ છે. હવે અહીં તો પરમાત્મા એમ કહે છે કે રાગથી ભિન્ન પાડવાનું કાર્ય કરવું હોય તો એને સુખી થાય. કેમકે રાગાદિ ભાવ દુઃખ છે અને ભગવાન આનંદ છે. ભગવાન એટલે આત્મા. હવે દુઃખથી ભિન્ન પાડવામાં સાધન, દુઃખથી ભિન્ન પાડવામાં સાધન કર્તા દુઃખ ન હોઈ શકે. દુઃખથી ભિન્ન પાડવાનો કરનારો તો ભગવાન આત્મા છે. આહા..હા..! પર્યાયની વાત છે, પર્યાયની વાત છે અહીં તો. એ કર્તાની પર્યાય છે. અને એનું સાધન? એ પણ કર્તાથી ભિન્ન ન હોય. આહા..હા..! જ્ઞાનની દશા એ વિકારથી ભિન્ન પાડે એવો કર્તા આત્મા, એનાથી અભિન્ન જે જ્ઞાનની દશા એ એનું સાધન છે. વ્યવહાર રાગ છે એને ભિન્ન પાડવાનું સાધન એ જ્ઞાનની દશા છે. આહા..હા..! ભાષા જુદી જાતની બધી. સમજાણું કાંઈ?

'**પોતાથી ભિન્ન કરણનો અભાવ હોવાથી ભગવતી પ્રજ્ઞા જ... **' લ્યો! ભગવતી પ્રજ્ઞા. આહા..હા..! જે જ્ઞાનની વર્તમાન દશા અંતર્મુખ વળે તે વિકારથી ભિન્ન પડે, તે પ્રજ્ઞાની દશા તે કરણ નામ સાધન છે. અહીં વ્યવહારક્રિયા રાગને સાધન કહ્યું નહિ. એના મોટા પંડિત સાથે વાંધા છે આ. બધા કાશીના ભણેલા. આહા..હા..! આત્માથી ભલેણા નહિ, બાપુ! એ જુદી ચીજ છે, ભાઈ! આહા..હા..! અનંત-અનંત કાળ રઝળતા ચોર્યાસીના અવતાર કરી કરીને દુઃખી છે ઈ. શરીર ભલે સારું લાગે, પાંચ-પચ્ચીસ લાખ પૈસા હોય, બંગલા પાંચ-દસ લાખના હોય ને બાયડી-છોકરા (કહ્યાગરા હોય), એ બિચારા ભિખારી દુઃખી છે ઈ. એને ખબર નથી કે આત્માની લક્ષ્મી શું છે? આહા..હા..! સમજાણું કાંઈ? એ બધા રાંકાઓ છે. જાધવજીભાઈ! એમ કે પૈસાવાળા બધા રાંકા? પોતાની લક્ષ્મી અંદર શું છે એના ભાન વિનાના, બહારની લક્ષ્મીને આબરૂને શોધીને ખુશી માને એ ભિખારા છે. કાલે

આવવાના છે શાહૂજી. ચાલીસ કરોડ રૂપિયા છે એની પાસે. બપોરે આવશે લગભગ આહાર વખતે આવવા જોઈએ. પ્રાંચીથી આવે છે પ્રાંચી. ત્યાં છેને, શિક્ષણ શિબિર છે. પાંચ હજાર માણસ ભેગા થયા છે. અહીંના તરફથી શિક્ષણ શિબિર ચાલે છે પ્રાંચી. અમદાવાદથી પ્રાંચી છેને. શાહૂજી આજે ત્યાં આવવાના છે, કાલે અહીં આવવાના છે. ચાલીસ કરોડ રૂપિયા—ધૂળ.

આ ઓલો આપણો છેને, શાંતિલાલ ગોવાવાળા ગુજરી ગયાને? પાનસણાવાળા. શાંતિલાલ ખુશાલ આપણા સ્થાનકવાસી દશાશ્રીમાળી વાણિયા. બે અબજ ચાલીસ કરોડ. એનાથી તો થોડા છે ને એમ કહે છે. પણ એ મરી ગયો પાંચ મિનિટમાં. એની બહેનની દીકરીયું છે આપણે અહીં. ૬૪ બાળબ્રહ્મચારી છેને એમાં દીકરીયું છે. એના સગી બહેનની બે દીકરીયું છે. પોપટલાલ લીંબડીવાળા નહિ? પોપટલાલની દીકરીયું. પોપટભાઈ આવે છે. આહા..હા..! એની પાસે તો બે અબજ ને ચાલીસ કરોડ છે. દશાશ્રીમાળી વાણિયો. એ ગુજરી ગયો બિચારો હમણાં દોઢ વર્ષ પહેલાં. આની પાસે ચાલીસ કરોડ છે, આ શેઠ કાલે આવશે. એ બધા પૈસાથી સુખી નથી, દુઃખી છે. કેમકે પૈસા ઉપર લક્ષ જાય ત્યારે રાગ છે (અને) રાગ છે તે દુઃખ છે. આહા..હા..!

**શ્રોતા :–** એ પૈસાથી દુઃખ નથી, રાગથી દુઃખી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પૈસાથી દુઃખ નથી. પૈસા તો દુઃખમાં નિમિત્ત છે. નિમિત્ત છે એ કાંઈ કરતું નથી. આહા..હા..! રાગને લઈને દુઃખી છે. આહા..હા..! સ્ત્રીના વિષયમાં રમતમાં કે સ્ત્રીનું શરીર કંઈ એને સુખરૂપ કરાવતું નથી, પણ એની કલ્પના છે કે 'આ ઠીક છે' એવો રાગ એને સુખરૂપ માને છે. છે, દુઃખરૂપ. આહા..હા..!

ભગવાન આત્મામાં અતીન્દ્રિય આનંદ ભરેલો છે ભરચક. આહા..હા..! એનાથી જેટલી વિકલ્પની વૃત્તિઓ પુણ્ય અને પાપની, વિષય, વાસના, કામ, ક્રોધ, દયા, દાન એ બધી લાગણીઓ દુઃખરૂપ છે, એને સુખી થવું હોય તો બેને જુદાં પાડવા પડશે કહે છે. એ જુદાં પાડવાનો કરનાર કોણ? કહે છે.

**શ્રોતા :–** જુદાં તો જુદાં જ હોય, એમાં જુદાં પાડવાનું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જુદાં છે એ માન્યા છે ક્યાં? જુદાં તો જુદાં જ છે. એકડે એક અને બગડે બે. બીજી ચીજ મારી છે એમ બગડ્યો છે, માન્યું છે એણે. બગડ્યો છે ઈ. આહા..હા..! એ શુભ અને અશુભભાવ એ બધા રાગ છે, વિકાર છે, દુઃખ છે, એ આત્માની દશામાં બગાડ છે. આહા..હા..! એને માને લોકો ભલે સુખી છે એમ માને ધૂળમાં. બે-પાંચ છોકરા હુશિયાર થયા હોયને લાખ-બે લાખ રળતા હોય મહિને. અમે સુખી છીએ. ધૂળમાંય સુખી નથી સાંભળને. દુઃખના દરિયામાં ડૂબી ગયો છો, ખબર નથી તને.

અહીં વીતરાગદેવ એમ કહે છે કે એ દુઃખની દશાના ભાવ અને આનંદસ્વરૂપ ભગવાન આત્મા એને જુદું કરવું હોય તો કર્તા તો આત્મા છે. કર્તા આત્મા, ભેગું એનું સાધન પણ આત્મા છે. એ રાગથી, દુઃખથી ભિન્ન પાડવામાં જ્ઞાનની વર્તમાન પ્રજ્ઞા-દશા એટલે અનુભવ, પ્રજ્ઞા એટલે અનુભવ (એ સાધન છે). આહા..હા..! સમજાણું કાંઈ? છે? **'ભગવતી પ્રજ્ઞા જ (-જ્ઞાનસ્વરૂપ બુદ્ધિ જ)... '**

આહા..હા..! આત્મા આનંદસ્વરૂપમાં ઢળે છે અને વિકાર જુદો પડે છે ત્યારે એને ધર્મ થાય છે. એ કેવો ધર્મ થાય છે? શેને લઈને? એ જ્ઞાનની વર્તમાન દશાને, જે રાગની સાથે એકતા હતી તે કર્તા આત્મા થઈને પ્રજ્ઞાની—જ્ઞાનની અવસ્થા દ્વારા, સાધન દ્વારા એણે રાગને ભિન્ન કર્યો. આહા..હા..! આમાં તો વ્યવહારને ભિન્ન કર્યો એમ કહ્યું. વ્યવહાર સાધન આ રાડું પાડ્યા કરે છે. એ બીજે ઠેકાણે આવેને. એ તો વ્યવહારના કથન છે. નહિતર પૂર્વાપર વિરોધ થઈ જશે. વાંધા જ આ છેને અત્યારે.

'**ભગવતી પ્રજ્ઞા...**' આહા..હા..! મહિમાવાળી પ્રજ્ઞા. જે જ્ઞાનની દશા અંતરમાં વળે છે એ રાગથી ભિન્ન પાડવામાં એ સાધન છે. વ્યવહારના શુભરાગથી પણ ભિન્ન પાડવામાં વર્તમાન જ્ઞાનની દશા રાગમાં એકતામાં હતી તે જ્ઞાનદશા આત્મા તરફ વળે છે ત્યારે તે દશા રાગથી ભિન્ન પડે છે તે પ્રજ્ઞાદશા તે કરણ અને સાધન છે, વસ્તુ નહિ, વસ્તુ તો ધ્રુવ છે.

**શ્રોતા :-** એની પર્યાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની પર્યાયની વાત છે. કર્તા-કરણ નામનો જે ગુણ છે એની જે નિર્મળ પર્યાય અહીં થાય છે એ વિકારના ભાવથી ભિન્ન પડવાની પ્રજ્ઞાદશા જે છે એ કરણ નામ દુઃખથી ભિન્ન પડવામાં, આત્માને સુખી થવામાં તે જ્ઞાનની દશા તે સાધન છે. જ્ઞાનની દશા એટલે અંતરમાં જે જ્ઞાનદશા સ્વભાવ તરફ વળે તેને જ્ઞાનદશા કહે છે. દુનિયા તો અત્યારે માંડીને બેઠી છે. આઠ અપવાસ કરવા ને થઈ ગયો ધર્મ. નિર્જરા. ધૂળેય નથી. મરી જવાના રખડીને. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તો એને વિકલ્પની વૃત્તિ ઊઠી એમ (કહે) છે. વસ્તુ છે એ તો એનાથી ભિન્ન છે, એની તો ખબર પણ નથી. કહો, સમજાણું કાંઈ? ઓહો..હો..! થોડામાં કેટલું ભરી દીધું છે! લીટી તો ત્રણ છે. '**ભગવતી પ્રજ્ઞા જ...**' એમ શબ્દ છે પાછો. જ્ઞાનની દશા અંતરમાં વળે તે જ વિકારથી ભિન્ન પડવાનું સાધન છે, તે એક જ સાધન છે. બીજું પણ સાધન છે એમ છે નહિ. એ તો કથનની શૈલી છે. નિરૂપણ કથનની પદ્ધતિ બે પ્રકારે છે. વસ્તુ બે પ્રકારે નથી, વસ્તુ એક જ પ્રકારે છે. આહા..હા..! શું થાય, અનંતકાળમાં માંડ મનુષ્યભવ મળે છે, ત્યારે જિનવરના માર્ગમાં જન્મ થયો, પણ જિનવર શું કહે છે એને સમજે નહિ. ઢોરને નથી મળ્યું અને તમને મળ્યું, પણ જો ન કરે તો બધું સરખું છે. આહા..હા..!

આત્મા વસ્તુ છે કે નહિ પદાર્થ? સવારમાં તો બહુ આવ્યું હતું. ભરપૂર ભરિતઅવસ્થ. અનંતગુણની અવ—નિશ્ચયથી સ્થ, અનંતગુણમાં રહેલું એ તત્ત્વ છે. આહા..હા..! એ પરમાત્મસ્વરૂપ જ સિદ્ધસ્વરૂપે ભગવાન આત્મા તો છે. સ્વભાવે, શક્તિએ, ગુણે, સત્ત્વે, સત્‌ના પૂર્ણ તત્ત્વે પરમાત્માસ્વરૂપે જ બિરાજમાન છે અંદર. આહા..હા..! એની ક્યાં (ખબર છે)? એને રાગથી ભિન્ન પાડવામાં.. વ્યવહાર રત્નત્રય છે એ રાગ છે. દેવ, ગુરુ, ધર્મની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો રાગ, શાસ્ત્ર ભણવાનો રાગ. આહા..હા..! પરદ્રવ્ય તરફ વલણનો ભાવ એ બધો વિકાર છે. એ વિકાર દુઃખરૂપથી, આનંદસ્વરૂપને જ્યારે જુદો પાડવો છે, તો એ દુઃખથી જુદું પાડવાનો કરનારો પ્રભુ આત્મા છે કર્તા અને એનું સાધન, કર્તાની પર્યાયની સાથે રાગથી ભિન્ન પડીને જે જ્ઞાનની પર્યાય અંતરમાં વળે છે એ કર્તાની પર્યાય સાથે જ્ઞાનની પર્યાય કરણ અભિન્ન છે. સમજાણું કાંઈ? આવી ભાષા. રાગ ને પુણ્ય-પાપના ભાવથી ભિન્ન

પાડવાની જ્ઞાનનો કર્તા આત્મા અહીં જ્ઞાનની પર્યાય. જ્ઞાનની પર્યાયનો કર્તા આત્મા એ પર્યાય હોં! અને એ જ પર્યાયમાં રાગથી ભિન્ન પડવાનું સાધન કરણ એ જ્ઞાનની પર્યાયથી અભિન્ન છે. એ જ્ઞાનની પર્યાય તે કરણ છે.

**શ્રોતા :–** જ્ઞાનની પર્યાયથી અભિન્ન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જ્ઞાનની પર્યાય કર્તા છે. રાગને ભિન્ન પાડવામાં જ્ઞાનની પર્યાય કર્તા છે. એ જ કર્તામાં જ્ઞાનની પર્યાય જુદી પાડવામાં સાધન કરણ એ જ્ઞાનની પર્યાય જ છે. એ કાળાવડમાં પણ સાંભળ્યું નથી અને ભાવનગરમાં પણ સાંભળ્યું નથી. એકની નહિ બધાની વાત છેને. આહા..હા..!

જિનેશ્વર વીતરાગ પરમાત્મા તો બિરાજે છે, મહાવિદેહમાં પ્રભુ તો બિરાજે છે. સીમંધરસ્વામી તીર્થંકરદેવ સાક્ષાત્ બિરાજે છે એની આ વાણી છે. આહા..હા..! ભગવાન! એકવાર સાંભળ તો ખરો કહે છે. ભાઈ! તેં ધર્મ શું છે એ સાંભળ્યો નથી. આહા..હા..! કલાક વ્યાખ્યાન સાંભળી આવે, થઈ ગયો ધર્મ. સામાયિક કરીને બેસે. નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં.. અહીં આવીને બેસે તો અહીં સામું જોવે એ વિકલ્પ રાગ છે. અમારે કનુભાઈએ પ્રશ્ન કર્યો હતો એક ફેરી, ઘણા વર્ષ થઈ ગયા. એને ૪૭ વર્ષ થયા. ૪૧ વર્ષ પહેલાંની વાત છે. કનુભાઈ! છે યાદ? હા. ૮૬માં એનો જન્મ. અને અહીં આવ્યા આપણે ૯૪ નહિ? ૯૪. મકાન થયુંને જ્યારે? એટલે ૯૪માં આવ્યો હતો. પ્રશ્ન કર્યો હતો એણે. કેટલા વર્ષ થયા? ૩૯ થઈ ગયા. ખબર છે? કે આ બધા ધર્મી કહો એ રેશમી ગાદલા ઉપર સૂવે અને અમે નીચે ગોદડું પાથરીને બેસીએ તોપણ અમને ધર્મ નહિ? ખબર છે? કનુભાઈ! સ્વાધ્યાય મંદિરમાં બહાર-બહાર. તે દિ' છ-સાત વર્ષની ઉંમર હતી. તે દિ' પ્રશ્ન કર્યો હતો એણે. કોઈ નથીને, તમારા ભાઈઓ બધા ગયા હશે. કહો, સમજાણું કાંઈ? તે દિ' પ્રશ્ન કર્યો હતો એણે કે આ બધા બબ્બે રેશમી ગાદલામાં સૂવે ભરત ચક્રવર્તી ને બધા, એને તમે ધર્મી કહો અને અમે એક ગોદડું પાથરીને સૂઈએ, કાંઈ ન મળે તોપણ અમને ધર્મ નહિ? મનસુખભાઈ! તમારા ભાયાણી. હરિભાઈનો દીકરો એણે પૂછ્યું. બાપુ! એ ગોદડે સૂવે ન સૂવે એનો પ્રશ્ન નથી. અંદર રાગની એકતાબુદ્ધિ છે, ભિન્ન પડી છે એ ઉપર વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભરત ચક્રવર્તી જેને ઘરે છન્નું હજાર સ્ત્રી હતી, પણ અંદરમાં સ્ત્રી અને સ્ત્રી સંબંધીનો જે રાગ છે એ મારી ચીજ નહિ. હું તો આનંદ છું. મારો સ્વભાવ તો અતીન્દ્રિય આનંદ છે એવું ભાન હતું. એ રાગમાં અને સ્ત્રીમાં ત્રણકાળમાં સુખ નથી. એ સુખબુદ્ધિ જેની ઊડી ગઈ છે અંદરથી. સમજાણું કાંઈ? અને અહીં ભલે બ્રહ્મચર્ય પાળે શરીરથી, પણ હજી એને શરીરના સંસર્ગમાં, બીજાના સંસર્ગમાં કાંઈક ઠીક લાગે એ જ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અહીં કહે છે, '**ભગવતી પ્રજ્ઞા જ...**' અહીં તો 'જ' કીધો છે, એકાંત કીધું છે. આહા..હા..! જે ભગવાન જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ છે, તેની વર્તમાન જ્ઞાનદશા એ વિકારથી ભિન્ન પડવામાં એ કર્તા અને એ જ્ઞાનની દશા કર્તાની સાથે અભિન્ન છે એ કરણ નામ સાધન છે. એ જ્ઞાનની દશા અંતરમાં વળે રાગથી ભિન્ન (પડીને) એ સાધન છે. પ્રવિણભાઈ! છે કે નહિ એમાં? આહા..હા..! '**ભગવતી પ્રજ્ઞા જ (-જ્ઞાનસ્વરૂપ બુદ્ધિ જ)...**' પાછું છેને? '**છેદનાત્મક...**' એ વિકારને આત્માને બેને ભિન્ન પાડવામાં,

કરવત જેમ લાકડામાં મૂકતા બે કટકા થાય છે, એમ રાગ વિકાર અને આત્મા બે ભિન્ન એમાં ભેદજ્ઞાનની બુદ્ધિ બેને કરવત તરીકે ભિન્ન પાડી નાખે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું કરવી અને સમજાય છે કાંઈ પાછું કહેવું. ભાઈ! માર્ગ એવો છે, પ્રભુ! એ સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવ ત્રિલોકનાથ અનંત તીર્થંકરો થઈ ગયા, લાખો કેવળીઓ વર્તમાન બિરાજે છે. વીસ તીર્થંકરો બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં, એ અનંત તીર્થંકરોનો તો આ ઉપદેશ છે. આહા..હા..! લોકોએ કાંઈકનું કાંઈક કરીને ભરડી માર્યું છે. આહા..હા..! અપવાસ કર્યા એને બહુ ધર્મ થઈ ગયો. ધૂળેય નથી સાંભળને. એવા છ-છ મહિનાના અપવાસ અનંતવાર કર્યા છે. એ શુભરાગ હોય તો પુણ્ય થાય, બંધન થાય, પણ એનાથી ભિન્ન પાડવાની શક્તિની ખબર વિના સંસારમાં રખડ્યા કરે. આહા..હા..!

નિર્જરા અધિકારમાં આવી ગયું છે. ક્લેશ, ક્લેશ છે એ તો બધું કહે છે. કારણ કે એમાં રાગ ને કષાય છે ભેગો એ ક્લેશ છે. ક્લેશને કરો તો કરો. આહા..હા..! પણ ધર્મ એનાથી નહિ થાય. આહા..હા..! આ પોપટભાઈનો દીકરો છે કે નહિ? આ બેઠો લ્યો! એના મામાની વાત થઈ હતી. આ બે કરોડ ને ઈ. પોપટભાઈનો દીકરો છે ઈ, લીંબડી. એના મામાની આ વાત કરીને બે અબજ ને ચાલીસ કરોડ એના મામા પાસે. એક મામો ગુજરી ગયો પાનસણામાં. ધૂળમાંય સુખ નથી, ક્યાંય ચાલી ગયો, ઢોરમાં ચાલી ગયો મરીને. આ મારું.. આ મારું.. આ કરું... આ કરું... આ કરું... આહા..હા..! જયંતિભાઈ! અહીં ભગવાનની રીત જુદી છે દુનિયાથી. આહા..હા..!

'કરણ છે.' ભગવતી પ્રજ્ઞા જ કરણ છે. '**તે પ્રજ્ઞા વડે તેમને છેદવામાં આવતાં...**' આહા..હા..! જ્ઞાનની વર્તમાન દશા જે વિકાર ઉપર જોડાઈ ગઈ છે તે દશાને વિકારમાંથી જોડી છે એને તોડીને જે જ્ઞાનની દશા અંતરમાં વળે છે, એ જ વિકારને અને આત્માને ભિન્ન પાડવાનું એક જ સાધન છે. '**પ્રજ્ઞા વડે તેમને...**' એટલે વિકારને અને ત્રિકાળી ભગવાન આત્માને '**છેદવામાં આવતાં તેઓ નાનાપણાને અવશ્ય પામે છે;...**' એટલે કે બે છે તેમ બે થઈ જાય છે અનેકપણું. નાનું એટલે અનેક. આત્મા આત્માપણે રહે છે અને રાગ રાગપણે, બેય એક થતા નથી. એવું જે અંદર ભેદજ્ઞાન કરવું એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? નાનાપણું એટલે અનેકપણું. જે વિકારનો ભાવ વૃત્તિ ઊઠે છે એ રાગ વિકાર છે અને ભગવાન અંતર શુદ્ધ ચૈતન્યઘન જ્ઞાતા-દૃષ્ટા ભિન્ન છે. એ બેને રાગથી ભિન્ન પાડીને પ્રજ્ઞા દ્વારા જુદાં પાડતાં બે બે-રૂપે રહી જાય છે. રાગ રાગરૂપે, આત્મા આત્મારૂપે. આત્મા તેનો રાગનો જાણનાર થઈ જાય છે. એ રાગની એકત્વબુદ્ધિથી 'રાગ મારું કર્તવ્ય છે' એમ જે રાગને અને આત્માને એકપણે માનતો એ મિથ્યાદૃષ્ટિ જૈન નથી, એને જૈનની ખબર નથી, જૈન પરમેશ્વર શું કહે છે. આહા..હા..!

એને નાનાપણું જ્યાં જ્ઞાનની દશા.. છે તો ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ, પણ તેનો આશ્રય થઈને જે જ્ઞાનની દશા વર્તમાન પ્રગટે છે તે પ્રજ્ઞાછીણી, એ રાગ વિકારને અને આત્માને ભિન્ન પાડવાનું સાધન તો આ એક જ છે. આહા..હા..! અને તેથી બે બેપણે થઈ જાય છે એમ કહે છે. નાનાપણું કીધુંને? નાનાપણું એટલે અનેકપણું. વિકાર અને આત્મા એક માનીને અનાદિથી રખડે છે. એ દયા, દાન, વ્રત,

ભક્તિ અને તપનો વિકલ્પ છે એ પણ રાગ છે. મહિના-મહિનાના અપવાસ કરે અને આ વર્ષીતપ કરે છેને બધા? બધા રાગ છે. ધર્મ ક્યાં હતો? ભાન હજી આત્મા કોણ છે એની તો ખબરું ન મળે. સમજાય છે કાંઈ? લાખોપતિની દીકરાની વહુ હોય, વર્ષીતપ કરે અને પછી પાંચ-દસ હજાર ખર્ચે. ઉજવણું કર્યું કહેવાય. તપને ઉજાળ્યું કહેવાય. ધૂળેય નથી ત્યાં. બાપુ! કોને તપ કહેવું એ તને ખબર નથી. આહા..હા..! તપ તો એને ભગવાન કહે કે જેમ સોનાને ગેરુ લગાડતા સોનું ઓપે ને શોભે, એમ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદના રસમાં રસગુલ થાય. આ રસગુલ્લા નથી થતાં દૂધના? આ રસગુલ્લા નથી થતાં દૂધના? એમ આત્મા અતીન્દ્રિય આનંદમાં મશગુલ થઈ જાય, અતીન્દ્રિય આનંદનો સ્વાદ લે, આ એને તપસ્યા કહે છે. આહા..હા..! દુનિયાથી જુદી વ્યાખ્યા છે બાપુ! પરમેશ્વર વીતરાગનો માર્ગ બહુ ઝીણો છે. આહા..હા..! એક ક્ષણ પણ જેને આત્માનું જ્ઞાન થાય એ જન્મ-મરણરહિત થઈ જાય. બાકી ક્રિયા કરીને મરી જાય અનંતવાર. આહા..હા..! જેનાથી જુદો છે અને જુદો પાડવો છે એને પોતાનું માનીને ઊભો રહે એ તો બગાડ છે, મિથ્યાત્વનો બગાડ છે. આહા..!

જુઓ, '**માટે પ્રજ્ઞા વડે જ આત્મા અને બંધનું દ્વિધા કરવું છે...** ' છે? પ્રજ્ઞારૂપી કરણ જ્ઞાનની દશા. જે વર્તમાન જ્ઞાનની પર્યાય-દશા એ અંતરમાં વળે છે. જ્યાં આનંદની ભરપુર શક્તિઓ પડી છે ત્યાં જ્ઞાનની દશા વળે છે, એ જ વિકાર અને જ્ઞાનની દશા જુદું પાડવામાં એ જ્ઞાનદશા સાધન છે. આ તો ભાષા તો સાદી છે, ભાવ ભલે ઝીણા હોય. ભાવ તો ઝીણા, બાપુ! વીતરાગમાર્ગ છે ભાઈ, આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ જેની ઈન્દ્રો સેવા કરે, જેની વાણી સાંભળવા સેંકડો નાગ જંગલમાંથી કાળા નાગ મોટા શાંતિથી આમ ચાલ્યા આવે સાંભળવા. બિરાજે છે ભગવાન મહાવિદેહમાં. જેમાં સિંહ કેસરિયા સિંહ. એટલે આ જેમ વાળ હોય છેને એમ ઓલાને વાળ હોય છે. સિંહને વાળ હોય છે. અહીં મોટા ચોટલા નથી રાખતા? એમ કુદરતી એને વાળ હોય મોટા. એવા સેંકડો સિંહ જંગલમાંથી આમ ભગવાનની વાણી સાંભળવા સમવસરણમાં આવે. આહા..હા..! એ વાણી કેવી હશે, બાપુ! એ કથા ચકલી લાવી ચોખાનો દાણો, ચકો લાવ્યો મગનો દાણો એની કરી ખીચડી, કુંભારને આપી ને ઘડુલો મળ્યો એવી વાતું છોકરામાં કરતાં, એમ આ કુંભારની વાતું દયા પાળવાની, કુંભાર પણ દયા પાળવાની વાત કરે છે અને તમે કહો એમાં ફેર શું છે? આહા..હા..!

અહીં તો પરમાત્મા કહે છે કે તારી દયા પાળ તું. એટલે? તું અનંત આનંદ ને અનંત જ્ઞાનનો દરિયો-સાગર પ્રભુ છો અંદર. હવે તો આ સ્થાનકવાસીમાં પણ માણસ બોલવા માંડ્યા છે. છેને ઓલો અમરચંદજી! રાજગૃહી નહિ, રાજગૃહી. અમરચંદજી એ અહીંનું વાંચે છે બધું. દિગંબરનું વાંચે. વાંચીને આ દિગંબર શાસ્ત્રો વાંચીને વાત કરે છે. આત્મા અમૃતનો સાગર ઉછળે છે. એલા પણ કે દિ'તમે સાંભળ્યું? તમારી જિંદગીમાં ક્યાંય હતું નહિ. આત્મા અમૃતનો સાગર ઉછળે છે અંદરથી એમ આવ્યું છે. આહા..હા..! અને પૂજ્યપાદ સ્વામીનું નામ આપ્યું. સમાધિશતક દિગંબર શાસ્ત્ર. કોકનું લઈને વાતું કરે. આહા..હા..!

અહીં કહે છે કે ભગવાન અતીન્દ્રિય આનંદનો સ્વભાવ સ્વરૂપ પ્રભુ અને રાગભાવ ચાહે તો દયા,

દાન, વ્રત, તપનો હોય એ વિકલ્પ છે, દુઃખ છે. એ બેને જુદાં પાડવામાં વર્તમાન જ્ઞાનની પર્યાય સ્વસન્મુખ થાય તેમાં એ જ્ઞાનની પર્યાય જ રાગને જુદું પાડવામાં કર્તા છે અને જ્ઞાનની પર્યાય રાગને જુદું પાડવામાં સાધન છે. કહો, સમજાણું કાંઈ? સામે છેને, પુસ્તક સામું પડ્યું છે. એનો અર્થ ચાલે છે આ. '**(અર્થાત્ પ્રજ્ઞારૂપી કરણ વડે જ આત્મા ને બંધ જુદાં કરાય છે).**' લ્યો!

'**(અહીં પ્રશ્ન થાય છે કે—) આત્મા અને બંધ કે જેઓ ચેત્યચેતકભાવ વડે અત્યંત નિકટતાને લીધે એક (એક જેવા) થઈ રહ્યા છે,...**' શું શિષ્ય પૂછે છે? કે આ આત્મા છેને, એ તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ, પણ એમાં જે પુણ્ય-પાપના રાગ થાય છેને, એ જાણે મારા હોય, છે જણાવાલાયક. જાણનારો આત્મા અને જણાવાલાયક. છેને? '**આત્મા અને બંધ કે જેઓ ચેત્યચેતકભાવ વડે અત્યંત નિકટતાને લીધે...**' એ વિકાર છે એ ચેત્ય છે, એ જણાવાલાયક છે, ભગવાન જાણનાર છે. એ '**ચેત્યચેતકભાવ વડે અત્યંત નિકટતાને લીધે...**' ઘણી નજીકતા. જે સમયે વિકાર ઉત્પન્ન થાય છે તે જ સમયે જ્ઞાન ઉત્પન્ન થાય છે. એ બેને એક માને છે ઈ. સમજાણું કાંઈ? આહા..હા..! જાણનારો ભગવાન આત્મા જ્યારે જાણવાની દશા ઉત્પન્ન થાય છે તે જ કાળે રાગ અને વિકારની ઉત્પત્તિ થાય છે. નિશ્ચયથી તો એ વિકાર છે તે ચૈત્ય નામ જણાવાલાયક છે અને આત્મા તે જાણનાર છે. એવું હોવા છતાં બેની અતિનિકટતાને લીધે. જણાવાયોગ્ય અને જાણનારની બહુ નજીકતાને લઈને 'એ વિકાર તે હું છું' એમ અજ્ઞાની માને છે અનાદિથી. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ?

જુઓ, '**ચેત્યચેતકભાવ...**' નીચે છે. '**આત્મા ચેતક છે અને બંધ ચેત્ય છે; અજ્ઞાનદશામાં તેઓ એકરૂપ અનુભવાય છે.**' આહા..હા..! '**(- એક જેવા-) થઈ રહ્યા છે,...**' અતિનિકટતાને લઈને એક જેવા થઈ રહ્યા છે. એક થયા નથી, પણ એક જેવા થઈ રહ્યા છે એમ માને છે. સમજાણું કાંઈ? આવી ધર્મની દેશના વીતરાગમાર્ગની હશે? વેદાંતમાં આત્મા આવે બહુ. શુદ્ધ છે ને આવો છે ને તેવો છે. વીતરાગ સિવાય ક્યાંય સર્વજ્ઞ પરમેશ્વર સિવાય ક્યાંય માર્ગ ત્રણકાળમાં ક્યાંય છે નહિ. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જે માર્ગ કહ્યો એ માર્ગ બીજે ક્યાંય છે નહિ. પણ એના પંથવાળાને બિચારાને સાચું સમજવા અને સાંભળવા મળે નહિ. આહા..હા..! આ કરો ને આ કરો ને આ કરો. કહેનારા (એમ કહે). વધારે અપવાસ કરે એ મોટો તપસી કહેવાય, મોટો ધર્મી. એને પછી કાઢે ઓલી શું કહેવાય એ? યાત્રા કાઢે. રથોત્સવ ઉત્સવ કાઢે. .. ન કહીએ. મહોત્સવ. વરઘોડો-વરઘોડો. વરઘોડો કાઢે. એમાં વળી એક એક બધી શું કહેવાય તમારી? બગી. ઉઘાડી બગી અને એક ઘરના માણસ બેસે ને આમ થાય. બે-પાંચ-દસ-બાર બગી, બે-પાંચ-દસ વરઘોડા. અરે! ભગવાન! બાપુ! એવી લાંઘણું તો અનંતવાર કરી, ભાઈ! તને ખબર નથી.

અહીં તો કહે છે કે એ અપવાસ કરું છું એવી વૃત્તિ ઊઠે છે એ રાગ છે. આહા..હા..! આવી વાતું ઝીણી. આ તો વીતરાગ માર્ગ છે, ભાઈ! એ રાગને અને આત્માને અતિનિકટતાને લઈને. છે તો રાગ જણાવાલાયક અને જ્ઞાન જાણનાર પણ અતિનિકટતાને લઈને. આહા..હા..! છે? '**(-એક જેવા-)**

**થઈ રહ્યા છે,...'** આહા..હા..! એક થઈ ગયા નથી પણ એક જેવા માને છે એમ. આહા..હા..! હવે આ શરીર-બરીર ધૂળ તો ક્યાંય રહી ગઈ. આ તો માટી છે. આહા..હા..! રાખ છે આ તો રાખ. આટલી રાખ પણ નહિ થાય બળશે ત્યારે. આટલી થાશે. પવન સરખો આવે તો ઊડીને ચાલ્યા જશે. 'રજકણ તારા રખડશે જેમ રખડતી રેત, પછી નરતન પામીશ ક્યાં? પ્રભુ! ચેત ચેત નર ચેત.' આવો મનુષ્યભવ ક્યારે મળશે? એમાં જૈનવાણી, વીતરાગની વાણી કાને પડવી, બાપુ! મોટા પુણ્યની વાતું છે. પણ જો આ ધર્મને આ રીતે કર્યો નહિ, વિકારને અને આત્માને ભિન્ન પાડવાની કળા અંદર આવડી નહિ (તો) એ બધી એની કળા ભૂંસાડિયામાં વઈ જશે. આહા..હા..! એ બધા વકીલાત ને પાંચ-પાંચ હજારના પગારવાળા, દસ હજારના ને આ ઓલા શું કહેવાય? હીરા-હીરા. હીરા ઘસાય છેને ઘંટીમાં. બહુ પેદા કરે છે. એક-એક મહિનામાં પાંચ-પાંચ હજાર, છ-છ હજાર, સાત-સાત હજાર. છોકરાઓ એવા પેદા કરે છે મુંબઈમાં. જીતુ કહેતો હતો. એના મોટા બાપા છેને મોહનભાઈ એનો દીકરો નાનો છે. છ-સાત હજાર પેદા કરે છે એમાં. હીરા ઘસે છે. એને એમ (થાય) આહા..હા..! છોકરો પાક્યો! ધૂળમાંય નથી.

અહીં કહે છે કે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો, ભાઈ! એ બધી વિકલ્પની વૃત્તિઓ જે છે એ આત્મામાં જણાવાલાયક છે અને આત્મા જાણનાર છે. પણ અતિ નજીકને લઈને જાણનારો હું અને જણાવાલાયક એ, એમ ભિન્ન પાડતો નથી. એક જેવું એને થઈ ગયું છે. છેને? **'અને ભેદવિજ્ઞાનના અભાવને લીધે, જાણે તેઓ એક ચેતક જ હોય એમ જેમનો વ્યવહાર કરવામાં આવે છે તેઓ પ્રજ્ઞા વડે ખરેખર કઈ રીતે છેદી શકાય?'** શિષ્ય પૂછે છે. પ્રભુ! આટલું બધું બહુ નજીક થઈ ગયું છે. અંદર આત્માનું જ્ઞાન અને વિકારની દશા એકદમ એક ક્ષણે સાથે ઉત્પન્ન થાય. અને એ જણાવાલાયક અને જાણનાર એવો ભેદ તો થતો નથી, તો હવે એનો ભેદ કઈ રીતે થાય? એમ શિષ્યનો પ્રશ્ન છે. ઉત્તર આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જયેષ્ઠ સુદ-૫, સોમવાર, તા. ૨૩-૦૫-૧૯૭૭, ગાથા-૨૯૪, પ્રવચન નં. ૩૫૦

સમયસાર, મોક્ષ અધિકાર, ૨૯૪ ગાથા. શિષ્યનો પ્રશ્ન છે. અહીં છેને? **'(અહીં પ્રશ્ન થાય છે કે—)'** અધિકાર બહુ સરસ આવ્યો છે. સરસ તો કહે છે હિન્દીમાં. શિષ્યનો એવો પ્રશ્ન છે કે પ્રભુ! આ આત્મા જે છે આત્મા... પ્રશ્ન. છે? પ્રશ્ન છે? આ આત્મા અને અંદર રાગ-દ્વેષનો ભાવ તેને બંધન કહે છે. એ બેના બંધને દ્વિધા કરવો, ભેદ કરવો એની ક્રિયા શું છે? એમ પૂછે છે. દેહ તો જડ છે માટી એ તો ભિન્ન છે. આઠ કર્મ અંદર રજકણ છે એ પણ ભિન્ન, જડ અજીવ છે. અંદરમાં હવે પુણ્ય અને પાપના જે ભાવ થાય છે, શુભ અને અશુભરાગ એ ભાવબંધ છે અને ભગવાન આત્મા તો ચૈતન્ય જ્ઞાયકપ્રકાશનું

પૂર છે, ચૈતન્યપ્રકાશના તેજના નૂરનું પૂર છે.

**શ્રોતા :–** કાંઈ સમજાણું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કહીએ છીએ, ધીમે-ધીમે ચાલે. તદ્દન માર્ગ અજાણ્યો છે. પ્રથમ કેમ સમ્યગ્દર્શન થાય એ વાત છે. આહા..હા..!

કહે છે '**આત્મા અને બંધ...**' બે શબ્દ પડ્યા છેને? આત્મા એને કહીએ એ આગળ આવશે કે જે જ્ઞાનસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા, અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે તેને અહીંયાં આત્મા કહે છે. સૂક્ષ્મ વિષય. અનંતકાળથી કર્યું નથી. સમ્યગ્દર્શન જ કર્યું નથી. બાકી તો બધું બહુ કર્યું. આહા..હા..! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ આત્મા શું ચીજ છે અને બંધન શું ચીજ છે? એની ભિન્નતા એક ક્ષણ પણ અનંતકાળમાં અપૂર્વપણે કદી કરી નથી. પાટણીજી! એ પ્રશ્ન શિષ્યનો છે. '**આત્મા અને બંધ કે જેઓ ચેત્યચેતકભાવ વડે...**' સૂક્ષ્મ વાત છે, ભગવંત! કહે છે કે જે કાંઈ શુભ અને અશુભરાગ થાય છે એ તો ચેત્ય છે. શિષ્ય હજી પ્રશ્ન કરે છે. ચેત્ય નામ જ્ઞાનમાં જાણવાલાયક છે અને આત્મા ચેતક છે-એને જાણનારો છે. આવી વાતું છે. ગ્રીક-લેટિન જેવું લાગે બધાને. કોઈ દિ' સાંભળ્યું નથી. આહા..હા..!

'**ચેત્યચેતકભાવ વડે...**' શિષ્યનો પ્રશ્ન અહીંયા એમ છે. ભગવંત! આ આત્મા જે છે એ તો ચેતન જાણનાર છે અને અંદર પુણ્ય અને પાપના ભાવ થાય છે. દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, કામ, ક્રોધ, ભાવ એ ચેત્ય છે. ચેત્ય નામ જાણવાલાયક છે અને આત્મા જાણનારો છે. ધન્નાલાલજી! સૂક્ષ્મ વાત છે. પ્રશ્ન એવો આવ્યો છે. અધિકાર એવો ચાલે છે. નીચે છે. '**આત્મા ચેતક છે અને બંધ ચેત્ય છે;...**' એનો અર્થ શું? કે આત્મા અંદર જે છે વસ્તુ એ તો ચેતન-ચેતક-ચેતનારો અને શુભ-અશુભ રાગ થાય છે એ જ્ઞાનમાં ચેત્ય નામ જણાવાલાયક છે, જાણવાલાયક છે, પોતાની ચીજ નથી એ.

**શ્રોતા :–** પોતામાં થાય છે અને પોતાની નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હોય ભલે, એ વિકૃત છે, ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ છે. પ્રકાશનો પુંજ છે, ચૈતન્યના પ્રકાશના નૂરનું પુંજ સ્કંધ-પિંડ છે અને પુણ્ય-પાપના ભાવ જે થાય છે એ તો ચેત્ય નામ જણાવાલાયક છે. પર તરીકે જણાવાલાયક છે અને આત્મા જાણવાલાયક છે. એવી બે ચીજ અંદર ભિન્ન છે. ભાષા તો સાદી છે. વસ્તુ તો જેમ છે તેમ છે. આહા..હા..! રતનલાલજી! આ દુનિયામાં બહારનું બધું કર્યું અનંતવાર, પણ એણે બંધ અને આત્મા બે વચ્ચે ભેદજ્ઞાન કદી કર્યું નથી અને ભેદજ્ઞાન વિના કદી કલ્યાણની શરૂઆત થતી નથી. આહા..હા..! એ કહે છે.

'**આત્મા અને બંધ કે જેઓ...**' શિષ્ય પ્રશ્ન કરે છે. '**ચેત્યચેતકભાવ વડે...**' ચેત્ય નામ રાગનો ભાવ થાય છે દયા, દાન, વ્રત, ભક્તિ, તપ અને હિંસા, જૂઠું, ચોરી, વિષય રાગ એ પાપરાગ અને પુણ્યરાગ બેય રાગ ચેત્ય છે, જણાવાલાયક છે, જાણવાલાયક આત્મા છે અને રાગ જણાવાલાયક છે. હજી તો શિષ્ય પ્રશ્ન કરે છે. કોઈ દિ' ધર્મ શું ચીજ છે (એની દરકાર નથી). આહા..હા..!

**શ્રોતા :–** તપ શબ્દને આપે જોડી દીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** તપ એ બધો વિકલ્પ છે, બધો રાગ છે. અનશન, ઉણોદરી, વ્રત, તપ આદિ રાગ વિકલ્પ છે. અરે! ગુણ-ગુણીના વિચાર ભેદ કરવો એ પણ રાગ છે. આગળ તો ઘણી ઝીણી વાત આવશે.

**શ્રોતા :–** તપમાં ઉપવાસ કરવો એ પણ રાગ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પણ વિકલ્પ છે, રાગ છે. એ તો કહ્યુંને પહેલા, નહિ? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો.'

**શ્રોતા :–** ચારિત્ર કોને કહે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અંદર આત્મા રાગથી ભિન્ન કરીને સ્વરૂપનો અનુભવ થાય અને અનુભવમાં આનંદમાં લીન થાય એનું નામ ચારિત્ર કહે છે. ચરવું-ચરવું નામ રમવું, રમવું નામ જમવું. શેમાં?

**શ્રોતા :–** ચારિત્ર પહેલું આવે અને સમ્યગ્દર્શન પછી થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એની વાત બધી જૂઠી છે. પહેલા સમ્યગ્દર્શન થાય પછી ચારિત્ર થાય. એકડા પહેલાં હોય અને પછી મીંડુ હોય તો તેને દસ કહેવામાં આવે છે. એમ અહીંયાં પહેલા સમ્યગ્દર્શનની વાત કરે છે. આમ તો બાર-બાર મહિનાના અપવાસ, છ-છ મહિનાના અપવાસ. નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો, શુક્લલેશ્યા અનંતવાર કરી. બહારના લક્ષની વૃત્તિથી તપ પણ કર્યા અને વ્રત પણ કર્યા, ભક્તિ પણ કરી એવો શુભરાગ (પણ કર્યો). એ પૂછે છે. એ શુભરાગ જે છે એ ચૈત્ય છે. આત્મામાં જાણવાલાયક છે, પોતાની ચીજ નથી. આહા..હા..! બહુ સૂક્ષ્મ ભગવાન! માર્ગ પરમાત્માનો સમ્યગ્દર્શનનો મૂળ માર્ગ જ મનુષ્યપણામાં સાંભળવામાં આવે,... અંદરમાં ભેદજ્ઞાન કર્યું નહિ. આહા..હા..! એ શિષ્યનો પ્રશ્ન છે.

**'ચેત્યચેતકભાવ વડે અત્યંત નિકટતાને લીધે...'** શું કહે છે? અંદરમાં જે ક્ષણે જ્ઞાનની દશા ઉત્પન્ન થાય છે આત્માની તે જ ક્ષણે રાગ પણ ઉત્પન્ન થાય છે. વ્યવહારનો રાગ દયા, દાન, વ્રત, તપનો પણ વિકલ્પ ઉત્પન્ન થાય છે. તો એ બે **'અત્યંત નિકટતાને લીધે...'** એ રાગ અને જાણનારો બેય એક છે એવું અનાદિથી માની રાખ્યું છે. એ મિથ્યા ભ્રમ અને અજ્ઞાન છે. સમજાણું કાંઈ? છેને જુઓ, **'ચેત્યચેતકભાવ વડે અત્યંત નિકટતાને લીધે (-એક જેવા-) થઈ રહ્યા છે,... '** એક જેવા થઈ રહ્યા છે એમ કેમ કહ્યું? એક થયા નથી, પણ માન્યતામાં એવું થઈ ગયું છે કે આત્મા જ્ઞાન અને એ રાગ બે એક થાય એવી માન્યતા એની અનાદિથી ચાલી આવી છે. આહા..હા..! હજી તો શિષ્યનો પ્રશ્ન છે. **'અને ભેદવિજ્ઞાનના અભાવને લીધે,...'** જુઓ, એ વિકલ્પ જે ઊઠે છે એ રાગ છે. આહા..હા..! એ તો રાગ છે, પણ આત્મા જે વસ્તુ છે ચિદ્ઘન, આનંદકંદ એ આનંદસ્વરૂપ છે એવા રાગના વિકલ્પની વૃત્તિ ઉઠવી એ પણ રાગ છે. એ અધિકાર પહેલાં આવી ગયો છે, ઈ હમણાં પણ ત્યાં ચાલ્યો હતો રાજકોટ. રાજકોટ તો મોટી સભા થાય છેને. સાડા ત્રણસો તો ઘર ત્યાં છે. બહુ માણસો આવે છે. શું કહે છે અહીંયાં? આત્મા પુણ્ય અને પાપનો રાગ તો વ્યવહાર છે એનાથી તો ભિન્ન છે પણ હું આત્મા શુદ્ધ અખંડ જ્ઞાયક ચૈતન્ય છું એવો એક વિકલ્પ ઉઠે છે એ પણ રાગ છે. આહા..હા..! કદી આત્માની ચીજ અને રાગની ચીજનું ભેદજ્ઞાન કરવાનો પ્રયત્ન કર્યો જ નથી. બાકી બધો પ્રયત્ન તો

ઘણો કર્યો. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અહીંયા કહે છે કે '**ભેદવિજ્ઞાનના અભાવને લીધે, જાણે તેઓ એક ચેતક જ હોય...**' આહા..હા..! એ રાગ અને આત્મા બે એક જ હોય. કેમકે જે સમયે ક્ષણે જ્ઞાનની દશા વર્તમાન ક્ષણિક અવસ્થા ઉત્પન્ન થાય છે તે જ ક્ષણે રાગ ઉત્પન્ન થાય છે પુણ્ય અને દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ, એ એક ક્ષણમાં ઉત્પન્ન થવાથી. છે? '**ભેદવિજ્ઞાનના અભાવને લીધે, જાણે તેઓ એક ચેતક જ હોય...**' અજ્ઞાનીને એવું ભાસે છે કે એ રાગ અને આત્મા બે એક જ છે. નવ તત્ત્વ છેને? તો નવ તત્ત્વમાં અજીવતત્ત્વ, પુણ્યતત્ત્વ, પાપતત્ત્વ, આસ્રવતત્ત્વ, બંધતત્ત્વ, સંવર, નિર્જરા, મોક્ષતત્ત્વ એવા નવ તત્ત્વ છે. એમાં જે રાગ હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ, કમાવું આદિ જે વિકલ્પ છે એ તો પાપરાગ છે, એ પાપતત્ત્વ છે અને પરનું લક્ષ કરીને દયા, દાન, વ્રત, તપના વિકલ્પ ઉઠે છે એ પુણ્યતત્ત્વ છે અને આત્મા એ પુણ્ય-પાપ તત્ત્વથી ભિન્ન જ્ઞાયકતત્ત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, વસ્તુ તો છે ઈ છે. કદી અભ્યાસ કર્યો નથી એણે. જિંદગી એમ ને એમ બરબાદ થઈ જાય છે. આ આત્મા અંદર શું ચીજ છે અને રાગ શું ચીજ છે? રાગને તો અહીં સુધી કહેવામાં આવ્યું કે હું શુદ્ધ છું, અખંડ છું, અભેદ છું, પૂર્ણ આનંદ છું. ૧૪૪ ગાથામાં આવ્યું છે. એ વિકલ્પ જે ઊઠે છે એ પણ રાગ છે. આહા..હા..! કર્તાકર્મ (અધિકાર). સમજાણું કાંઈ? આ તો ૧૮મી વાર ચાલે છે. સમયસાર સભામાં ૧૮મી વાર ચાલે છે અક્ષરે અક્ષરનો અર્થ કરીને. ૧૭વાર તો ચાલી ગઈ છે. ૧૭ સમજ્યા? ૧૦ ને ૭. આ ૧૮મી વાર ચાલે છે. અક્ષરે અક્ષરનો અર્થ કરતાં ૪૨ વર્ષ અહીંયાં થયા. સોનગઢમાં ૪૨ વર્ષ થયા. ૧૮મી વાર ચાલે છે આ. અહીં સુધી આવ્યું છે.

શિષ્યનો એ પ્રશ્ન છે કે ભગવાન! ગુરુને કહે છે, પ્રભુ! આત્મા ચેતક છે જાણક... જાણક... જાણક સ્વભાવ અને એ રાગ ઉત્પન્ન થાય છે એ પરજ્ઞેય તરીકે જ્ઞાનમાં જાણવાલાયક છે, છતાં અતિનિકટતાને કારણે એ ચેતક જ છે, એ આત્મા છે, એ આત્માની ચીજ છે એવું અજ્ઞાનમાં અનાદિથી ભાસી રહ્યું છે. સમજાણું કાંઈ? ધન્નાલાલજી! કાંઈ દરકાર કરી નથી. કમાવું ને ધૂળ ને... આહા..હા..!

આ તો પ્રભુ! માર્ગ અંતરનો જુદો છે, નાથ! સર્વ જીવ ભગવાનસ્વરૂપ છે એમ આવ્યું હતું કાલે તો. સર્વ જીવ શક્તિએ, સ્વભાવે તો ભગવત્સ્વરૂપ સર્વ જીવો છે. સર્વે કાળ અને સર્વ લોકમાં ભગવાન આત્મા અંદર જે છે એ તો અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપી આત્મા છે. એમાં જે આ પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થાય છે એ ચેત્ય છે, પરજ્ઞેય તરીકે જાણવાલાયક છે, સ્વજ્ઞેય તરીકે જાણવાલાયક અને હું જાણનાર છું એ સ્વજ્ઞેય તરીકે જાણવાલાયક છે અને રાગ પરજ્ઞેય તરીકે જાણવાલાયક છે એ તો પર છે. એવી બેની અતિ નિકટતાને કારણે. છે? '**એક ચેતક જ હોય એમ જેમનો વ્યવહાર કરવામાં આવે છે...**' જાણે બે એક જ છે, રાગ અને આત્મા બે એક જ છે એવું અનાદિથી વ્યવહાર નામ મિથ્યાત્વભાવમાં માની રાખ્યું છે. આહા..હા..! છે કે નહિ?

'**(અર્થાત્ જેમને એક આત્મા તરીકે જ વ્યવહારમાં ગણવામાં આવે છે) તેઓ પ્રજ્ઞા વડે ખરેખર કઈ રીતે છેદી શકાય?**' શિષ્યનો પ્રશ્ન આ છે. પ્રભુ! આ બે ચીજ એક થઈ ગઈ એમ

અનાદિથી મનાય છે, તો જેમ કરવતથી... કરોંત કહે છેને કરોંત? એક લાકડાના કરવતથી બે ટૂકડા થઈ જાય, એમ આ રાગ અને ભગવાન આત્મા એના ભેદજ્ઞાનના અભાવને લીધે એક જેવા દેખાય છે તો એને ભિન્ન કઈ રીતે કરવા? એવો પ્રશ્ન છે. આહા..હા..! છે? જુઓ, '**ભેદવિજ્ઞાનના અભાવને લીધે...**' છેને? '**જાણે તેઓ એક ચેતક જ હોય...**' એ રાગનો વિકલ્પ જે ઊઠે છે, છે તો રાગ વિકાર, ઝેર (અને) ભગવાન આત્મા તો અમૃતનો સાગર (છે). આહા..હા..! હવે આ શબ્દ અહીંથી પડે છે, બહાર બહુ વાંચે લોકો. અમૃત છેને ઓલો કેવા? અમર મુનિ, અમર મુનિ. સ્થાનકવાસી નહિ રાજગૃહીમાં. એનો શબ્દ આવ્યો હતો હમણાં. નહિતર એનામાં તો છે નહિ ક્યાંય? એને આવ્યો હતો. અહીંનું વાંચે છે ને બધા કે આત્મા તો અમૃતનો સાગર છે. ઓહો..! અમૃત નામ આનંદ જે સ્વરૂપ એનું એ સાગર છે. આહા..હા..!

જેમ શક્કરિયું હોય છેને? શક્કરકંદ કહે છેને? આ શક્કરિયા અમારે કહે છે. તમારે શક્કરકંદ નથી? શક્કરકંદ કહે છેને? મીઠા આલુ કહે એને? શક્કરકંદ. એમાં બીજું લેવું છે, સાંભળો! એ શક્કરિયાની જે ઉપલી લાલ છાલ છે એ શક્કરિયું નથી. કેમકે શક્કરકંદ નામ સાકરની મીઠાશનો પિંડ જે છે એ તો લાલ છાલની પાછળ સાકરની મીઠાશનો પિંડ છે એ શક્કરકંદ છે. સાંભળો! એ શક્કર... શક્કર... શક્કર... સાકર છે હોં એ સાકર. સાકરનો એક પિંડ, મીઠાશનો પિંડ છે. એ લાલછાલથી ભિન્ન એને શક્કરકંદ કહે છે. એમ શુભ અને અશુભ વિકલ્પ જે રાગ ઊઠે છે એ લાલ છાલ જેવી ચીજ છે અને એ લાલ છાલની પાછળ અંદરમાં ભિન્ન શક્કરકંદ જેમ છે એમ અતીન્દ્રિય આનંદના રસનો કંદ આત્મા છે. આ વાત. એ શક્કરકંદ બેસે. ખાધા હોયને. મીઠાશને. આ મીઠાશની એને ખબર ન મળે શું ચીજ છે અંદર. આહા..હા..!

એ સમ્યગ્દર્શન પહેલી ધર્મની શરૂઆત થતાં એ પુણ્ય-પાપના વિકલ્પની છાલ ભિન્ન ચીજ છે, મારી ચીજ અતીન્દ્રિય આનંદકંદ નિરાકુળ શાંતરસનો પિંડ હું ભિન્ન છું. આહા..હા..! એવું જ્યારે ભેદજ્ઞાન થાય છે ત્યારે તેને અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન એના આનંદનો સ્વાદ આવે છે. અને એકલી લાલ છાલ ખાવાથી તો કૂચા જેવો સ્વાદ આવે છે. આહા..હા..! એમ ભગવાન આત્મા, એ શક્કરિયું જે કોઈ ચીજમાં મૂકેને કોઈ વાસણમાં, એમ આ વાસણ છે એક આ, એમાં ભગવાન ભિન્ન છે. અને એની છાલ છે એ પણ ભિન્ન છે અને અંદર મીઠાશ છે એ ભિન્ન છે. તો અહીં તો અંદરની છાલનો પ્રશ્ન પૂછ્યો છે. શરીર તો ભિન્ન છે. આ તો માટી, આ તો ક્ષણમાં ચાલી જાય છે ધૂળ. અંદરમાં પુણ્ય અને પાપના વિકલ્પ જે ઊઠે છે... આહા..હા..!

'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિવ્રત. પંચમહાવ્રત અઠ્યાવીશ મૂળગુણ, દિગંબર (મુનિ થઈને પાળ્યા). 'પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું થયો? એ છ ઢાળામાં આવે છે. એ મહાવ્રતાદિ વિકલ્પ છે એ દુઃખ છે, એ વિકલ્પ એ રાગ આસ્રવ છે, દુઃખ છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન' રાગથી ભિન્ન ભગવાન આત્માના અનુભવ વિના 'લેશ સુખ ન પાયો.' આનંદનો સ્વાદ જરી પણ ન આવ્યો. એ રાગનો સ્વાદ આવ્યો એ દુઃખનો સ્વાદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીંયાં પૂછ્યું, એ પ્રજ્ઞા દ્વારા, એ જ્ઞાનની દશા દ્વારા એ

વિકાર અને આત્માને ભિન્ન કઈ રીતે કરી શકાય છે? એવો પ્રશ્ન છે, મુદ્દાની રકમનો પ્રશ્ન છે. આહા..હા..!

'(**તેનું સમાધાન આચાર્યદેવ કરે છે :—**) ' આ તો પહેલો તો પ્રશ્ન બાંધ્યો આટલો. આહા..હા..! પ્રજ્ઞાસ્વરૂપ ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એ સચ્ચિદાનંદસ્વરૂપ. સત્ હોવાપણું, ચિદ્ આનંદ. ચિદ્, જ્ઞાન અને આનંદ. એ સચ્ચિદાનંદસ્વરૂપ જે આત્મા છે એ તો અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ છે. આહા..હા..! અને જે વિકલ્પ ઊઠે છે દયા દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, ભોગ, વિષય વાસના એ બેય પુણ્ય અને પાપની વૃત્તિઓ ઊઠે છે એ વિકાર છે, છાલ છે. છાલ કહે છે? છિલકા. છિલકા ભાઈ. બધું કાંઈ હિન્દી આવડે છે? આહા..હા..!

તો કહે છે કે ભગવાન આ બે વચ્ચે ભેદ કઈ રીતે કરવો? આ પ્રજ્ઞા કેવી ચીજ છે? એ અનુભવ કેવી ચીજ છે કે જેનાથી રાગ અને આત્મા બે ભિન્ન થઈ જાય અને સમ્યગ્દર્શન થઈ જાય અને આત્માનો અનુભવ થઈ જાય અને ભવનો અંત આવી જાય એ ચીજ શું છે? સમજાણું કાંઈ? આ એનું સમાધાન કરતા થકા આચાર્યદેવ કહે છે. આ આવી વાત છે. કાલે ચાલતી હતી. પ્રશ્ન કાલે ચાલ્યો હતો. આજે ફરીને લીધો. હવે કહે છે, ગુરુ ઉત્તર આપે છે. અમૃતચંદ્રચાર્ય ટીકાકાર છે. એમાં ઓલી બાજુ છે, કુંદકુંદાચાર્ય વચ્ચે છે. આ પદ્મપ્રભમલધારીદેવ નિયમસારના કર્તા. એ કુંદકુંદાચાર્યની ગાથા છે, આ ટીકા અમૃતચંદ્રાચાર્યની છે. બધા મુનિ આનંદમાં... આનંદ... આનંદ... આનંદ... અતીન્દ્રિય આનંદના સ્વાદમાં પ્રચુર વેદનમાં હતા. એ પ્રશ્ન શિષ્યે કર્યો તો એનો ઉત્તર આપે છે. આહા..હા..!

'**આત્મા અને બંધના નિયત સ્વલક્ષણોની સૂક્ષ્મ અંતઃસંધિમાં...** ' આહા..હા..! જેમ પત્થર હોય છેને પત્થર, લાખો મણ પત્થર હોય છે એ પત્થરમાં રગ હોય છે રગ. જોઈ છે? ઝીણી ઝીણી રગ હોય છે. ભિન્ન દરાર. હજારો મણ પત્થર અમે તો જોયા છે નજરે રાજકોટમાં બહુ પત્થર. પછી રગ હોય ધોળી, લાલ આદિ. તો એમાં ખોદીને દારૂ નાખે. નીચે અને ઉપરનો થર છે એ ભિન્ન છે. દારૂ નાખે તો પત્થર હજારો મણનો જુદો પડી જાય. એમ અહીંયાં કહે છે, આહા..હા..! ભગવાન આનંદકંદ પ્રભુ છે અને શુભ-અશુભભાવ છે એ રાગ છે, (બે) વચ્ચે સંધિ છે, નિઃસંધિ નથી થયા. એ જોવું છે? પાછળ છે, પાછળ છે. પ્રજ્ઞાછીણી નહિ? કળશટીકામાં પ્રજ્ઞાછીણી છે આમાં જુઓ.

'**આત્મા અને કર્મ—બન્નેના સૂક્ષ્મ અંતરંગ સંધિના બંધમાં શીઘ્ર પડે છે.**' એ મેં ગુજરાતીમાં બધું ચિહ્ન કર્યું છે, હિન્દીમાં ચિહ્ન નથી કર્યા. '**સૂક્ષ્મ અંતરંગ સંધિના બંધમાં...**' પાછળ શ્લોક છે. ૧૮૧ કળશ. આત્મા, જેમ એ પત્થરમાં, લાખો મણ પત્થરમાં ઝીણી રગ હોય છે એની અંદર દારૂગોળો આદિ નાખે તો લાખો મણ ભિન્ન પડી જાય છે. કેમકે એક થયા જ નથી. નીચેનો પત્થર અને ઉપરના પત્થરમાં અંતર (ભેદ) છે, એક થયા જ નથી. એમ ભગવાન આનંદકંદ પ્રભુ અને પુણ્ય-પાપના વિકલ્પનો ભાવ બે એક થયા જ નથી, સંધિ છે, વચ્ચે સાંધ છે. આહા..હા..! વાતું આવી છે, ભગવાન શું કહીએ? આહા..હા..! તીર્થંકરદેવ જગતને જાહેર કરે છે. સંતો આડતિયા થઈને માલ બતાવે છે કે ભગવાનનો માલ આ છે. આહા..!

કહે છે, એ સંધિ નથી થઈ એમ આવે છે. કળશમાં આવે છે. આમાં નહિ બરાબર. કળશ હશે. 'બે-

**રૂપે છેદવાને માટે સ્વરૂપ-અનુભવસમર્થ જ્ઞાનરૂપી છીણી છે;...' 'અશુદ્ધત્વ-વિકારરૂપ પરિણમેલ છે તોપણ પરસ્પર સંધિ છે,...'** શું કહે છે? ચૈતન્યદળ જે ભગવાન આત્મા છે અને એ પુણ્ય-પાપનો વિકલ્પ જે રાગ છે, એ બે વચ્ચે સાંધ છે. જેમ ઓલા પત્થરમાં સાંધ છે એમ આની વચ્ચે સાંધ છે. છે? જુઓ, **'પરસ્પર સંધિ છે, નિઃસંધિ થયેલ નથી,...'** બે એક કદિ નથી થયા. રાગનો વિકલ્પ અને ભગવાન આત્મા ત્રિકાળી-ત્રિકાળી ચીજ અને કૃત્રિમ વિકલ્પ જે ઊઠે છે રાગનો, બે ચીજ કદી એક થઈ નથી. આહા..હા..! છે? એમાં છે, રાજમલ ટીકામાં છે. વિસ્તારથી સવારે વાંચીએ છીએ. સવારે આ શરૂ કર્યું.

**'નિઃસંધિ થયેલ નથી, બે દ્રવ્યોનું એક દ્રવ્ય થયું નથી,...'** એ પેસવાનું સ્થાન છે. જેમ એ પત્થરમાં રગમાં છીણી નાખવાનો ભાગ ભિન્ન છે. એમ ભગવાન આત્મા... આ વાત જ જુદી જાત છે પ્રભુ! આહા..હા..! જ્ઞાનાનંદ પ્રભુ આત્મા અને પુણ્ય-પાપના વિકલ્પ એ બે વચ્ચે એકતા કદી થઈ નથી. બે વચ્ચે અંતર છે, સંધિ છે, સાંધ છે. પ્રજ્ઞા વર્તમાન જ્ઞાનની દશા, એ રાગ અને સ્વભાવ વચ્ચે આ બાજુ લાવવાથી, રાગ અને આત્મા બે ભિન્ન થઈ જાય છે. આહા..હા..! આવી વાતું છે. રતનલાલજી! આવો માર્ગ છે. આ કર્યા વિના જન્મ-મરણ મટશે નહિ મરીને જાય તોપણ. ચોર્યાસી લાખના અવતાર કરી-કરીને (થોથા નીકળી ગયા). આહા..હા..!

હમણા ઓલા બિચારાનો જુઓને છોકરો મરી ગયો. વર્ધમાન શાસ્ત્રી. વર્ધમાન શાસ્ત્રી નહિ? એનો એક દીકરો ૨૨ વર્ષનો. નળિયા. જીપમાં. જીપ ઉપર ચડી ગઈ. આહા..હા..! જુવાન માણસ. આજે ફોટો આવ્યો છે આમાં. એક ક્ષણમાં દેહ છૂટી જાય. માટી છે આ તો ધૂળ. હા ઈ, ઈ ફોટો છેને. અક્ષયકુમાર છે એ. આ એના પુત્ર છે બિચારા, વર્ધમાન કોલ્હાપુરવાળો સાથે હતો. એકદમ ટક્કર લાગી જીપને. જીપ વઈ ગઈ ૫૦-૬૦ હાથ (નીચે), વચમાં પડી ગયો, એના ઉપર જીપ વળી ગઈ. વર્ધમાન શાસ્ત્રીને વાગ્યું છે આ બધું. આહા..હા..! એ સમયે તે ભજવાનું હતું, બાપુ! એ સમયે એ સ્થિતિ થવાની. જે સમયે જે દ્રવ્યની, જે પદાર્થની જે સમયની જે પર્યાય (થાય તે) તેનો જન્મક્ષણ છે. એમ ૧૦૨ ગાથામાં પ્રવચનસારમાં કહ્યું. તે પર્યાયની ઉત્પત્તિનો એ કાળ જ છે. એ ઉત્પન્ન થવાનો કાળ છે એને કોઈ ફેરવી શકે નહિ. આહા..હા..!

એમ અહીંયાં... આહા..હા..! રાગનો વિકલ્પ સૂક્ષ્મ અંદર અને ભગવાન જાણનારો એથી સૂક્ષ્મ, એ બેને નિયત લક્ષણોથી, એને બેના નિશ્ચય લક્ષણ વડે. બંધનું લક્ષણ રાગ છે અને આત્માનું લક્ષણ આનંદ અને જ્ઞાન છે. મહેન્દ્રભાઈ! બહુ આવી વાતું છે, બાપુ! આહા..હા..! ક્યાં નવરાશ આ દુનિયાને? આહા..હા..! પ્રભુ! તારી કલ્યાણની દશા, એ રાગ અને સ્વભાવ બે વચ્ચે ભેદ કરવો. છે? **'નિયત સ્વલક્ષણ...'** નિશ્ચય એનું લક્ષણ. આત્માનું નિશ્ચય લક્ષણ આનંદ અને જ્ઞાન. જાણવું... જાણવું... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર એ આત્મા. અને રાગ... રાગ... રાગ... રાગ તે આકુળતા તે બંધ. આહા..હા..! અનાકુળ તે આત્મા અને વિકલ્પ જે ઊઠે છે સૂક્ષ્મ રાગ તે આકુળતા. બે વચ્ચે સંધિ છે. જ્ઞાનની દશાને રાગથી ભિન્ન કરી અને સ્વભાવ તરફ વળવું એ રાગ અને આત્માને

ભિન્ન કરવાની કળા અને રીત છે. આહા..હા..! ભારે માર્ગ આવો બાપુ! આહા..હા..! છે?

'**નિયત સ્વલક્ષણોની સૂક્ષ્મ અંતઃસંધિમાં...**' જોયું! સૂક્ષ્મ અંતઃસંધિ. જેમ પત્થરમાં રગ હોય, એમ આ આત્મા અંતર સ્વરૂપ આનંદ અને રાગાદિ વિકલ્પ આકુળતા બે વચ્ચેની સંધિમાં વર્તમાન જ્ઞાનની દશાને, પ્રજ્ઞાને. છે? '**(અંતરંગની સંધિમાં) પ્રજ્ઞાછીણીને સાવધાન થઈને પટકવાથી...**' આહા..હા..! એ જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય જાણકસ્વભાવનું દળ અને વિકલ્પ જે છે એ રાગ, બેના લક્ષણો જ ભિન્ન છે. રાગ લક્ષણથી બંધ જણાય છે, જ્ઞાન લક્ષણથી પ્રભુ આત્મા જણાય છે. બેના લક્ષણો ભિન્ન છે. એ ભિન્ન લક્ષણોથી સૂક્ષ્મ અંતઃસંધિ. આ ઘણું જ સૂક્ષ્મપણું અંદર જોઈએ. ઊંડે ઊંડે જ્ઞાનની દશાને, પરતરફના વલણવાળો જે ભાવ છે અનાદિથી, એ જ્ઞાનની દશાને સૂક્ષ્મ સંધિ રાગની એકતા માનીને આત્મા રાગ છે એવું માન્યું છે. આહા..હા..! તો બીજું તત્ત્વ અને આત્મા બે તત્ત્વ એક માની રાખ્યા છે અનાદિથી. એ તો સંસાર છે રખડવાનો. આહા..હા..!

'**સૂક્ષ્મ અંતઃસંધિમાં (અંતરંગની સંધિમાં) પ્રજ્ઞાછીણીને સાવધાન થઈને...**' આહા..હા..! જ્ઞાનની દશાને રાગથી ભિન્ન કરીને સ્વભાવ અને રાગ વચ્ચે જ્ઞાનની પર્યાયની છીણી નાખવી. આહા..હા..! આ સમ્યગ્દર્શન પામવાની રીત છે. ધર્મની પહેલી શરૂઆત, ધર્મની પહેલી શરૂઆતની આ રીત છે. આ વિના ધર્મ કદી થતો નથી. આહા..હા..! 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' પરમેશ્વર, જિનેશ્વરે આવો જે પંથ કહ્યો એ એક જ પ્રકારનો માર્ગ છે. જિનેશ્વર સિવાય બીજે એ માર્ગ છે નહિ. આહા..હા..! કહે છે કે '**સૂક્ષ્મ અંતઃસંધિમાં પ્રજ્ઞાછીણીને સાવધાન થઈને પટકવાથી (-નાખવાથી, મારવાથી)...**' શું કહે છે? ભાઈ! આ તો અંતરની ચીજ છે. અનંતકાળ થયો. ઓહો..! નરકગતિના અનંત ભવ કર્યા, મનુષ્યના અનંત કર્યા, અબજોપતિ મનુષ્ય પણ અનંતવાર થયો અને ગરીબ સો વાર માગે અને એકવાર કવળ મળે એવો ગરીબ પણ અનંતવાર થયો. સ્વર્ગનો દેવ નવમી ગ્રૈવેયકનો દેવ પણ અનંતવાર થયો, પણ આ રાગ અને આત્માની વચ્ચે છેદ કરવો એ પ્રજ્ઞાછીણી મારવી એ કદી કર્યું નથી એણે. આહા..હા..! શશીભાઈ! છે?

'**સાવધાન થઈને પટકવાથી...**' જ્ઞાન જાણનસ્વરૂપ આત્મા અને રાગ તે જ્ઞાનમાં પર તરીકે જણાવાલાયક ચીજ, એ રાગ તે દુઃખ અને આકુળતા અને ભગવાન આત્મા અનાકુળ આનંદ એ બે વચ્ચે સંધિ છે. રાગ અને સ્વભાવ બે કદી એક થયા નથી. તેને રાગ અને આત્માના સ્વભાવની વચ્ચે પ્રજ્ઞાછીણી નામ જ્ઞાનનો અનુભવ કરવો, રાગનો અનુભવ છોડીને જ્ઞાનનો અનુભવ કરવો. આહા..હા..! આવી વાતું છે. છે? '**તેમને છેદી શકાય છે...**' આહા..હા..! એ રાગનો આકુળતાનો ભાવ અને ભગવાન આત્મા અનાકુળ આનંદનો સ્વભાવ, બેના ભિન્ન-ભિન્ન લક્ષણ દ્વારા, બેને ભિન્ન-ભિન્ન લક્ષણથી ઓળખીને રાગ અને આત્મા વચ્ચે વર્તમાન જ્ઞાનની દશા અંતર્મુખ કરવી. જ્ઞાનની પર્યાય અંતર્મુખ થઈ તો બેનો ભેદ થઈ ગયો એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ ભેદજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આમ વાત છે. પાઠ જ સૂક્ષ્મ છે. છે? '**અર્થાત્ જુદા કરી શકાય છે...**' આહા..! ચૈતન્યસ્વરૂપ અવિનાશી ભગવાન અનાદિઅનંત એ તો જ્ઞાન અને આનંદસ્વરૂપ અને

આ પુણ્ય-પાપના વિકલ્પ એ રાગ અને આકુળતાસ્વરૂપ. બે વચ્ચે, બેના લક્ષણો ભિન્ન જાણીને એ જ્ઞાનનો અનુભવ કરીને, આત્માનો—જ્ઞાનનો અનુભવ કરીને રાગથી ભિન્ન પડી જાય છે અને બે જુદાં પડી જાય છે એમ આચાર્ય કહે છે કે અમે જાણીએ છીએ. છે? આહા..હા..! કેવળજ્ઞાન...

**શ્રોતા :–** 'આચાર્ય કહે છે, અમે જાણીએ છીએ' એમ કહેવાનો હેતુ શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એનો હેતુ કે થઈ શકે છે એમ અમે કર્યું છે, એમ કહે છે. આહા..હા..! છે નીચે છે જુઓને. **'એમ અમે જાણીએ છીએ.'** મહાસિદ્ધાંત છે ભગવાન! આહા..હા..! આચાર્ય કહે છે કે અમે જાણ્યું છે, અમે એમ કર્યું છે. અમે કર્યું છે તે અમે કહીએ છીએ. આહા..હા..! શું છે? ભગવાન! આવી વાત તો કોઈ વખતે નીકળે. પ્રભુ! એ મારગડા જુદાં છે, નાથ! એ ચીજ અંદર સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી. આહા..હા..! ચારિત્ર તો પછી. એ શું ચીજ છે એ તો અલૌકિક વાતું છે, એ તો પછી. આનંદકંદનો, રાગના વિકલ્પથી નિર્વિકલ્પ ચીજ જ્ઞાનમાં અનુભવમાં આવી તો જ્ઞાનમાં ચીજ શું છે એ જ્ઞાને જાણ્યું. એ જ્ઞાનની દશામાં આખી ચીજ આવતી નથી, પણ જ્ઞાનની દશામાં આખી ચીજનું જ્ઞાન થાય છે. એ જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય આખો આત્મા જણાયો, એ રાગથી ભિન્ન પડી ગયો. એ રીતે અંતઃસંધિમાં જ્ઞાન નાખવાથી બે જુદાં પડી જાય છે એમ આચાર્ય કહે છે કે અમે જાણીએ છીએ, અમે કર્યું છે એવું અમે કહીએ છીએ. આહા..હા..! સાંભળતા કઠણ પડે. શું થાય, પ્રભુ! માર્ગ તો જેવો છે એવો છે. આહા..હા..!

અરે! અનંતકાળથી રખડે છે, કોઈ શરણ નથી. શરણ ભગવાન આત્મા એની ખબરું નથી. એ પુણ્ય અને પાપના વિકલ્પમાં બસ, ત્યાં રમી રહ્યો છે. આહા..હા..! કર્મચક્રમાં. એ કર્મચક્ર છે. પુણ્ય અને પાપના બેય ભાવને અહીંયાં કર્મચક્ર કહ્યું, એ ધર્મચક્ર નહિ. આહા..હા..! એનાથી ભગવાન આત્મા અનાદિઅનંત નિત્ય ધ્રુવ તેને ધ્યાનમાં લેતા, ધ્રુવને ધ્યાનમાં લેતા રાગ અને આત્મા બે ભિન્ન પડી જાય છે. આવું સમજવું પડશે બાપુ પહેલું. આ સમજણ (કરવી પડશે). જેની સાચી સમજણ જ નથી એ અંતરમાં કેવી રીતે વળશે? કેમકે સત્યનું જેવું સ્વરૂપ છે સત્યનું એ રીતે જ્ઞાન ન થાય તો એ સત્ય તરફ વળી શકશે જ નહિ એ. આહા..હા..! સમજાણું કાંઈ? એ વાતું દુર્લભ છે, બાપા! આહા..હા..! જેનાથી જન્મ-મરણના અંત આવે, જેમાં અતીન્દ્રિય અનાકુળ આનંદનો જેમાં સ્વાદ આવે. આહા..હા..!

અનાદિથી પુણ્ય અને પાપના રાગના સ્વાદમાં રોકાઈને આકુળતાના સ્વાદ એણે લીધા છે. આહા..હા..! આકુળતાનું વેદન છે, પૈસાનું કે સ્ત્રીના શરીરનું કોઈને વેદન નથી. શરીર, માંસ ને હાડકા છે એ ઉપર એનું લક્ષ જતાં 'આ ઠીક છે' એવો જે વિકલ્પ ઉઠાવે છે અશુભભાવ એને એ વેદે છે, આને વેદતો નથી, શરીરને વેદતો નથી. એ તો જડ છે આ તો. ભગવાન તો અરૂપી છે. અરૂપી આને વેદી શકે નહિ, ભોગવી શકે નહિ. આહા..હા..! એ રૂપીનું લક્ષ કરીને 'આ ઠીક છે, આ માંસ ને હાડકા પોચા આ ને આ' એવી વૃત્તિ ઉઠાવે છે પાપની એનું એને વેદન છે, અને દયા, દાન વખતે પણ એને રાગનો ભાવ જે થાય છે શુભ.. પરની દયા પાળી શકતો નથી કારણ કે પરની દયા સ્વતંત્ર જીવ છે... આહા..હા..! પણ ભાવ થાય છે જે રાગ એનું વેદન પણ આકુળતા છે. આહા..હા..! કારણ કે એ

આત્માના સ્વભાવથી, ભગવાન આત્માનો ત્રિકાળી સ્વભાવ એનાથી ચીજનું સ્વરૂપ જ ભિન્ન છે. એ બે વચ્ચે પ્રજ્ઞાછીણી નાખતાં, જ્ઞાનની દશાને રાગથી પાછી વાળીને જે જ્ઞાનની વર્તમાન દશા રાગ તરફ ઢળી ગઈ છે એ તો છે ત્યાં બસ, પછીની જ્ઞાનની દશા ઉત્પન્ન કરીને તે દશાને આત્મા તરફ ઢાળવી. ત્યારે રાગ અને આત્મા બે ભિન્ન પડી જાય છે.

**શ્રોતા :–** થોડો હિન્દીમાં ખુલાસો કરી દ્યો. ગુજરાતી થઈ ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ખબર ન રહી. શેઠ તો જાણે છે. શાહુજી તો ગુજરાતી પણ જાણે છે. ફરીને. શું કહ્યું એ ખબર નહિ. આહા..હા..!

**શ્રોતા :–** એકલું જુદું માનવાથી બંધ છૂટી જાય કે બીજું કાંઈક કરવું પડે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અનુભવ પહેલો કરે ત્યારે છૂટો પડે. એ આત્માને રાગથી ભિન્ન કરીને અનુભવ કરે. એ કહ્યુંને.

**શ્રોતા :–** એ જ તો ભિન્ન થયોને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભિન્ન થયો જ નથી. ભિન્ન તો ક્યારે થાય? કે રાગથી ભિન્ન થઈને આનંદનો અનુભવ કરે ત્યારે ભિન્ન થયો. તો આનંદનો સ્વાદ આવ્યો ભિન્ન થયો એમાં. અને પછી આનંદમાં લીન થવું એ ચારિત્ર છે. ચરવું, રમવું, જમવું, આનંદનો ખોરાક ખાવો. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! ત્યારે તેની મુક્તિ થશે, એ વિના મુક્તિ કદી નહિ થાય. એ અહીં કહે છે જુઓ.

**'એમ અમે જાણીએ છીએ.'** આચાર્ય તો એમ કહે છે. આહા..હા..! બે ભિન્ન પડી જાય છે પ્રથમ હજી સમ્યગ્દર્શનમાં. આહા..હા..! પછી સ્વરૂપ જે જાણ્યું કે આ આનંદસ્વરૂપ છે એ હું છું, રાગ છે એ હું નથી, એ રાગની નાસ્તિ મારામાં છે અને રાગનું જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ એ મારો અસ્તિ સ્વભાવ છે, એમ ભિન્ન થઈને જ્યારે આનંદમાં લીન થાય છે ત્યારે પહેલો અનુભવ થાય છે. એ અનુભવને પ્રજ્ઞાછીણી કહેવામાં આવી છે. અને પછી આનંદમાં ઘણો જ આનંદ આવ્યો, પ્રચુર આનંદ જેને કહે છે. પાંચમી ગાથામાં છે સમયસારની. કુંદકુંદાચાર્ય કહે છે કે અમને પ્રચરુ આનંદ આવ્યો છે. સમ્યગ્દર્શનમાં થોડો અતીન્દ્રિય આનંદ છે, મુનિને પ્રચુર આનંદ છે એમ પાંચમી ગાથામાં છે. પ્રચુર સ્વસંવેદન એ અમારી મહોરછાપ છે. જેમ નાખે છેને પોસ્ટમાસ્તર નહિ? છાપ નાખે. એમ કહે છે કે અમારા અનુભવની મહોરછાપ શું છે? રજીસ્ટર શું છે? કે પોતાના અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો એ અમારા અનુભવની મહોરછાપ છે. જાત જુદી છે બાપુ! શું કરીએ? આહા..હા..! એ અહીં કહ્યું છે. આહા..હા..!

અનાદિકાળનું વિકારનું જે વેદન છે, ચાહે તો શુભરાગનું હોય, પણ છે તો દુઃખરૂપ વેદન. કેમકે એમાં આનંદનું અને જ્ઞાનનું કિરણ આવ્યું નથી. એ રાગને તો અચેતન કહેવામાં આવે છે, ચાહે તો શુભ હો. કેમકે રાગ પોતાને જાણતો નથી અને રાગ બીજી ચીજ દ્વારા જણાય છે, તેથી રાગને અચેતન કહેવામાં આવે છે. અને રાગથી ભિન્ન થઈને પોતાનું જ્ઞાન કર્યું તો એ જ્ઞાનમય ભગવાન આત્મા છે તો ચૈતન્યનું જ્ઞાન થયું, એની પર્યાયમાં ચૈતન્ય આવ્યો, રાગ ચૈતન્યમાં આવ્યો નહિ. ચૈતન્યની પર્યાય

રાગમાં આવી નથી. આહા..હા..! ઝીણી વાતું, બાપુ! મૂળ વાતમાં જ વાંધા અનાદિ કાળથી. આહા..હા..! અહીં તો ૪૨ વર્ષથી ચાલે છે. અહીં તો ૪૨ વર્ષ થયા અહીંયાં. શરીરને ૮૮ વર્ષ. ૮૭ વર્ષમાં તો હતા શેઠ. શાહુજી હતા નહિ? ત્યાં દાદરમાં. ૮૭. ૮ અને ૭. આ ૮૮મું બેઠું. વૈશાખ સુદ બીજ. ૮૮. અમે તો જિંદગીભર આ જ કામ કર્યું છે. ઘરની દુકાન છે તો ત્યાં પણ અમે શાસ્ત્ર વાંચતા હતા. પૂર્વના સંસ્કાર હતાને. દુકાન ચાલે છે દુકાન. પાલેજ છેને. ભરૂચ અને વડોદરા વચ્ચે પાલેજ છે. દુકાન છે. મોટી દુકાન છે. ત્રણ લાખની પેદાશ છે, પેદાશ છે અત્યારે. અમને ૬૪ વર્ષ તો દુકાન છોડે થયા. અમે તો દુકાન ઉપર પણ આ વાંચતા હતા. અમારો ધંધો જ આ હતો. ઘરની દુકાન હતી પિતાજીની. આ વાત તો ત્યારથી અમારા હૃદયમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન!

આચાર્ય મહારાજ તો ભગવાન તરીકે બોલાવે છે ૭૨ ગાથામાં. ભગવાન આત્મા એમ કહ્યું. પુણ્ય અને પાપના ભાવ એ અશુચિ અને મેલ છે. આહા..હા..! અને તારું સ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ છે. એ બેને ભિન્ન કરવા એ ભેદજ્ઞાન છે. '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**' જે કોઈ અત્યાર સુધી મુક્તિને પામ્યા છે એ ભેદવિજ્ઞાનથી પામ્યા છે. અને '**अस्यैवाभावतो बद्धा**' ભેદજ્ઞાનના અભાવથી બંધનમાં પડ્યા છે અનાદિથી. આહા..હા..! એ અહીં કહ્યું જુઓ! તેમને જુદાં-જુદાં કરી શકાય છે આહા..હા..! શરૂઆતમાં સમ્યગ્દર્શનમાં. આહા..હા..! રાગનો ભાવ અને સ્વભાવ ત્રિકાળભાવ, રાગભાવ છે એ ક્ષણિક વર્તમાન છે કૃત્રિમ અને ભગવાન આત્માનો સ્વભાવ એ ત્રિકાળી શુદ્ધ ચૈતન્યઘન છે, એ બેને જુદાં-જુદાં કરી શકાય છે. વર્તમાન જ્ઞાનની દશા સન્મુખ કરવાથી, સ્વભાવ સન્મુખ કરવાથી, અનાદિથી સ્વભાવથી જ્ઞાનની પર્યાય વિમુખ છે અને રાગની સન્મુખ છે, અને આ જ્ઞાનની પર્યાયને રાગથી વિમુખ કરીને જ્ઞાયકસ્વભાવસન્મુખ કરવાથી બે ભિન્ન થઈ જાય છે. આહા..હા..! આને હજી ચોથું ગુણસ્થાન કહેવામાં આવે છે, સમ્યગ્દષ્ટિ. બીજ ઊગે એની પૂનમ થાય, થાય ને થાય જ. બીજ ઊગી. બીજ સમજો છો? દુજ. દુજ કહે છે? શું કહે છે? તો તેર દિવસે પૂનમ થશે જ. એમ આ સમ્યગ્દર્શનરૂપી બીજ જેને ઊગી છે તેને કેવળજ્ઞાન અમુક કાળે આવ્યા વિના રહે જ નહિ. એ અંતરની લીનતા આનંદમાં લીન થવું એ ચારિત્ર છે. ઝીણી વાત છે ભગવાન! શું કહીએ? આહા..હા..! બહુ ફેર છે ભાઈ! બધી ખબર છે.

અહીં આચાર્ય મહારાજ કહે છે કે વિકારના વિકલ્પો અને અવિકારી ચૈતન્યસ્વભાવ, એ બે વચ્ચે અનુભવ કરવાથી—આત્મા આનંદસ્વરૂપ એનો અનુભવ કરવાથી, એ પ્રજ્ઞાછીણી, રાગ અને આત્મા બે ભિન્ન થઈ જાય છે. આહા..હા..! પછી જે સ્વરૂપ જણાયું કે આ તો આનંદ અને જ્ઞાન છે, એમાં લીન થવું લીન કે જેમાં અતીન્દ્રિય આનંદની ઉગ્રતા થઈ જાય એનું નામ ચારિત્ર સર્વજ્ઞ પરમેશ્વર કહે છે. ત્રિલોકનાથ વીતરાગ તેને આનંદ કહે છે. આહા..હા..! છે?

'**એમ અમે જાણીએ છીએ.**' એમ કહીને શું કહ્યું? અમને એવું થયું છે એમ કહે છે. અમારે કોઈ કેવળીને પૂછવું પડે કે અમને ધર્મ થયો છે કે નહિ? એમ છે નહિ. અમને ખબર છે. આહા..હા..! એ

રાગથી ભિન્ન થઈને સ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ થયો તો બે ભિન્ન થઈ ગયા એમ અમે જાણીએ છીએ, અમે અનુભવ કરીએ છીએ, એમ પ્રતીત કરી છે, એવા અમારા ચારિત્રમાં અમે રમીએ છીએ. આહા..હા..! દિગંબર સંતોની શૈલી આ છે. એવી વાત બીજે ક્યાંય છે નહિ. આહા..હા..!

હવે કહે છે, બે લક્ષણ કહ્યાને? નિયત લક્ષણ. ચૈતન્યનું નિશ્ચય લક્ષણ અને બંધનું નિશ્ચય લક્ષણ. એ બે કહ્યાને? બંધ અને આત્માનું નિયતલક્ષણ. સ્વલક્ષણ એનું શું? એ બતાવે છે કે '**આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે,...**' આહા..હા..! જાણવું... જાણવું... જાણવું... જાણવું એ આત્માનું લક્ષણ છે. જાણવાથી આત્મા લક્ષમાં આવે છે. કેમકે જાણવું એ લક્ષણ છે. રાગથી આત્મા લક્ષમાં આવતો નથી કેમકે રાગ બંધસ્વરૂપ છે. આહા..હા..! છે? '**આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે, કારણ કે તે સમસ્ત શેષ દ્રવ્યોથી અસાધારણ છે...**' એ જ્ઞાન કોઈ બીજા દ્રવ્યમાં છે નહિ જડમાં. જાણનસ્વરૂપ... જાણનસ્વરૂપ... જાણનસ્વરૂપ... એ જાણનસ્વરૂપ એ આત્માનું લક્ષણ. કેમકે જાણનસ્વરૂપ આત્મા સિવાય કોઈ જડમાં છે નહિ. આ શરીરને ખબર નથી. આ આંગળીને ખબર છે કે હું કોણ છું? આ તો જડ છે, માટી છે. એને જાણનાર આત્મા ચૈતન્યલક્ષણ છે. આહા..હા..!

'**કારણ કે તે સમસ્ત શેષ દ્રવ્યોથી...**' એટલે બીજા પદાર્થથી. '**અસાધારણ છે...**' એટલે કે આત્માનું જ્ઞાન તે જ લક્ષણ છે, જ્ઞાન બીજામાં છે નહિ. અસાધારણ નામ બીજામાં છે નહિ. જાણન... જાણન... જાણન... જાણન... જાણન... એ જ એનું લક્ષણ છે. આહા..હા..! કોઈનું કરી દેવું અને કોઈનું લેવું એ એમાં છે નહિ. આહા..હા..! આ તો સવારમાં આવ્યું હતું. **નમઃ** સમયસાર. દરેક પદાર્થ પોતાના ગુણપર્યાયથી બિરાજમાન છે તો તમે આત્માને સાર કેમ કહો છો? એ પહેલો શ્લોક છે. '**नमः समयसाराय**' '**नमः समयसाराय**' પહેલો કળશ. બધા પદાર્થ પોતપોતાના ગુણ શક્તિ અને પર્યાયથી બિરાજમાન છે, કોઈ કોઈને આધિન નથી. પરાધીન નથી અને પોતાની પર્યાયથી સ્વાધીન છે. પોતાની દશા પોતાથી થાય છે, પરથી નહિ. પરની દશા પરથી થાય છે, પોતાથી નહિ. તો એવા સર્વ આત્મા અને પરમાણુ જ્યારે સ્વતંત્ર છે, સ્વાધીન છે તો એમાં આત્માને સાર કેમ કહ્યો? સર્વ સ્વાધીન છે તેમાં આત્માનો સાર કેમ કહ્યો? ત્યાં ઘણી લાંબી વાત છે. આત્મા આનંદસ્વરૂપ છે માટે સાર કહ્યો. એ સિવાય બીજી ચીજમાં આનંદ છે નહિ. આહા..હા..! ત્યાં સૂક્ષ્મ છે. જ્યારે સવારે આવશે ત્યારે (વાત). શરૂઆત આજે થઈ છે. આજે શ્રુતપંચમી છેને, આજે શ્રુતપંચમીનો દિવસ છે. ષટ્ખંડાગમનો આજે મહોત્સવ થયો હતો, અંકલેશ્વર. જેઠ સુદ પાંચમ. અંકલેશ્વરમાં બે હજાર વર્ષ પહેલાં થયો હતો. આ ષટ્ખંડાગમ લખાણા હતા. પછી મહોત્સવ આજ થયો હતો. આજે શ્રુતપંચમી છે. શરૂઆત આજ કરી હતી, કળશટીકા.

અહીં કહે છે કે બે લક્ષણ જુદાં-જુદાં છે. આત્માનું ચૈતન્યલક્ષણ અન્ય દ્રવ્યોથી ભિન્ન. આહા..હા..! હવે એ ચૈતન્યલક્ષણ શું છે? કે પર્યાયમાં ભિન્ન-ભિન્ન અવસ્થા થાય છે અને ગુણ છે એમાં ભિન્ન-ભિન્ન નહિ. ગુણ તો એવા ને એવા રહે છે. એવા ગુણ અને પર્યાય લક્ષણવાળો જે આત્મા છે એ રાગથી ભિન્ન છે. આહા..હા..! વિશેષ કહેશે... (**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## જયેષ્ઠ સુદ-૬, મંગળવાર, તા. ૨૪-૦૫-૧૯૭૭, ગાથા-૨૯૪, પ્રવચન નં. ૩૫૧

સમયસાર, મોક્ષ અધિકાર, ૨૯૪ ગાથા. શિષ્યનો પ્રશ્ન છે એનો ઉત્તર છે. શું પ્રશ્ન છે? પ્રશ્ન આવી ગયો છે કે આ આત્મા છે અને એમાં રાગ પુણ્ય-પાપનો ભાવ બંધ છે. બેયના લક્ષણ ભિન્ન છે તો બેને ભિન્ન કઈ રીતે કરવા? પ્રથમ સમ્યગ્દર્શન પામવાની ચીજ પૂછે છે. આહા..હા..! અનંતકાળમાં કદી કર્યું નથી. એ પહેલુંવહેલું કઈ રીતે થાય? કે આત્મા અને બંધ, આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપ ત્રિકાળી ધ્રુવ અને એમાં પુણ્ય-પાપના ભાવ એ રાગ છે, વિકલ્પ છે, એ બંધ છે. તો બંધનું લક્ષણ અને આત્માનું લક્ષણ ભિન્ન-ભિન્ન જાણીને બેને ભિન્ન કરવા એ સમ્યગ્દર્શન પામવાની પદ્ધતિ અને રીત છે. ધર્મની પહેલી શરૂઆત છે. અહીંયાં આવ્યું છે જુઓ, '**આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે,...**' છે? શેઠને આવ્યું છે? '**આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે,...**' નીચે આવ્યું છે. જરી વાત સૂક્ષ્મ છે. અનંતકાળથી કદી કરી નથી. તો કહે છે કે '**તે સમસ્ત શેષ દ્રવ્યોથી અસાધારણ છે...**' ચૈતન્ય લક્ષણ જે સ્વભાવ આત્માનો એ પોતાના સિવાય પરદ્રવ્યમાં નથી. અસાધારણ નામ પોતામાં જ છે, પરમાં નથી. આહા..હા..! '**(અર્થાત્ અન્ય દ્રવ્યોમાં તે નથી). તે (ચૈતન્ય) પ્રવર્તતું થકું...** ' એ ચૈતન્ય સહવર્તી ગુણ જે પોતાના છે કાયમી એમાં સાથે ને સાથે જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... રહેતું થકું. આહા..હા..! જ્ઞાનસ્વભાવ ચૈતન્ય જે ચૈતન્યનો સ્વભાવ છે એ પ્રવર્તતું થકું, અંદર જ્ઞાનરૂપ રહેતું થકું. જ્ઞાનરૂપ સહવર્તી અનંત ગુણોની સાથે જ્ઞાન રહેતું થકું. એવી વાત છે, બાપુ!

'**જે જે પર્યાયને વ્યાપીને પ્રવર્તે છે...**' પર્યાય શબ્દે અહીં ગુણ છે. આહા..હા..! આત્મા જે જે જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. એ જ્ઞાનની સાથે સહવર્તી અનંત ગુણ છે. એ ગુણ પોતાની પર્યાય, ભેદ છેને એટલો? એટલે એને પર્યાય કહી. તો જે જ્ઞાનગુણ '**જે જે પર્યાયને વ્યાપીને પ્રવર્તે છે...**' એ ગુણ. આત્મા ગુણી દ્રવ્ય અને જે જે ગુણમાં પ્રવર્તે છે તે એનો ગુણ '**અને નિવર્તતું થકું...**' નિવર્તતું પ્રવર્તતું થકું. પ્રવર્તતું થકું એ ગુણ છે ચૈતન્ય અને નિવર્તન થયું તે પર્યાય છે. આવી વ્યાખ્યા છે, ભાઈ! '**નિવર્તતું થકું જે જે પર્યાયને ગ્રહણ કરીને નિવર્તે છે...**' નવી નવી પર્યાયને ગ્રહણ કરીને જૂની પર્યાયથી નિવર્તે છે. આહા..હા..! આ સમ્યગ્દર્શન પામવાની રીત છે પ્રથમ ધર્મની શરૂઆત. એ વિના જ્ઞાન કે ચારિત્ર સાચા હોતા નથી. આહા..હા..!

'**પ્રવર્તતું થકું...**' આત્મા પોતાના જ્ઞાનમાં પ્રવર્તતું થકું, અનંતગુણની સાથે જ્ઞાન રહેતું થકું અને '**જે જે પર્યાયને વ્યાપીને પ્રવર્તે છે...**' જે અવસ્થા છે એમાં નિવર્તતું થકું. નવી અવસ્થાને ગ્રહણ કરીને, જૂની અવસ્થાને છોડે છે. આ ઉત્પાદ-વ્યય-ધ્રુવ કહે છે. 'उत्पादव्ययध्रुवयुक्तं सत्' ઉમાસ્વામીનું સૂત્ર છે. સત્ દ્રવ્ય લક્ષણં. ઝીણો અધિકાર આવ્યો છે. આ ચાલતા-ચાલતા આવ્યો છે આજે. આ

અધિકાર નવો નથી. વાંચન કરતાં-કરતાં આ આવ્યો છે. નિવર્તતું થકું. અંતરમાં ભગવાન આત્મા... વિકાર જે પુણ્ય-પાપ છે એ તો બંધના લક્ષણમાં જાય છે, એની અહીં વાત પછી કરશે. એ બંધમાં જાય છે. ચાહે તો શુભ વિકલ્પ કે 'હું આત્મા છું, આ જ્ઞાનગુણ છે' એવો ભેદ કરીને જે વૃત્તિ ઊઠે છે એ પણ રાગ છે, એ પણ બંધ છે. આહા..હા..! અહીંયાં તો ભગવાન આત્મા પોતાની જ્ઞાનશક્તિરૂપ સ્વભાવ કાયમ રાખનારો, એ જ્ઞાનમાં રહેતો થકો, જ્ઞાનમાં પ્રવર્તતો થકો અને વર્તમાન પર્યાયથી નિવર્તતું થકું નવી પર્યાયને ગ્રહણ કરતું થકું, જૂની પર્યાયને છોડતું થકું. આ તો સિદ્ધાંત છે વીતરાગનો. સૂક્ષ્મ વાત છે, ભાઈ! એણે કદી સાંભળ્યું નથી, એણે દરકાર કરી જ નથી. એમ ને એમ જિંદગી ગુમાવી અનાદિથી. આહા..હા..!

અહીંયાં આત્મા અને બંધના ભિન્ન-ભિન્ન લક્ષણ વર્ણવે છે. તો આત્માનું લક્ષણ ચૈતન્ય છે. તો ચૈતન્ય જે છે એ ગુણ અને પર્યાય બે રૂપ છે. તો ગુણ જે શક્તિ છે એ તો ગુણમાં પ્રવર્તતું થકું અને પર્યાયમાં નિવર્તતું થકું જે જે પર્યાયને નવી ગ્રહણ કરીને જૂની પર્યાયને છોડે છે. છે? **'ગ્રહણ કરીને નિવર્તે છે...'** એ નવી પર્યાય ક્રમબદ્ધ થાય છે. આહા..હા..! નવી પર્યાય જ્ઞાનની જે અવસ્થા થાય છે તેને ગ્રહણ કરીને, જૂની પર્યાયથી નિવર્ત્યો. પર્યાયનો ઉત્પાદ થાય છે એમાં પ્રવર્તતો થકો અને પૂર્વની પર્યાયથી નિવર્તતો થકો અને પોતાના ગુણમાં તો કાયમ પ્રવર્તતો થકો. આવો માર્ગ છે. ક્યાંય માર્ગ સાંભળ્યો જ નથી શું કરે? અનંતકાળ ગુમાવ્યો છે આમ દુઃખી... દુઃખી... દુઃખી (છે). આહા..હા..! સચ્ચિદાનંદ પ્રભુ, સર્વજ્ઞ જિનેશ્વર, પરમેશ્વર એણે જે આત્મા જોયો દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણની વાત ચાલે છે. આહા..હા..! **'તે તે સમસ્ત સહવર્તી...'** પહેલાં આવ્યું હતુંને? **'જે જે પર્યાયને વ્યાપીને પ્રવર્તે છે...'** એ વ્યાપ્ત શબ્દે ગુણ છે ત્યાં. તો ગુણને અહીંયાં સહવર્તી કહ્યું. ભેદ છે એ તો સહવર્તી કહ્યું. આત્મા વસ્તુ, એમાં જ્ઞાન આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... આનંદ... અને જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એ સર્વ ગુણ એક ગુણની સાથે સહવર્તી સાથે વર્તે છે. એ પોતાનું ચૈતન્ય લક્ષણ બીજા ગુણથી સહવર્તી સાથે વર્તતું થકું આત્મા એમાં પ્રવર્તે છે તેને સહવર્તી કહેવામાં આવે છે અને **'ક્રમવર્તી પર્યાયો...'** નવી પર્યાયને ગ્રહણ કરીને જૂનીને છોડે છે એ ક્રમવર્તી પર્યાય છે, ક્રમે ક્રમે થાય છે, નવી નવી અવસ્થા થાય છે. ગુણ નવા નવા નથી થતાં. આવી વાત સુકુમારચંદજી! આવી વાત છે. માર્ગ પ્રભુનો (સૂક્ષ્મ છે). ગુણ સહવર્તી (આ) શું કહે છે? આહા..હા..! અહીંયાં તો આત્માર્થી જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું છે એનું કામ છે. અહીં પંડીતાઈનું કે ભણતરનું કાંઈ કામ નથી. આહા..હા..!

આત્માનું ચૈતન્ય લક્ષણ. હવે એ ચૈતન્ય લક્ષણના બે પ્રકાર. જે આત્મામાં કાયમ રહેનાર ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... તેને સહવર્તી પર્યાય—સહવર્તી ભેદ કહેવામાં આવે છે. અને એક સમયની પર્યાય જૂની હતી એનાથી નિવર્તતું થકું, નવી અવસ્થાને ઉત્પન્ન કરતું થકું **'સહવર્તી કે ક્રમવર્તી પર્યાયો આત્મા છે...'** આહા..હા..! એનું નામ આત્મા કહે છે. મહેન્દ્રજી! આમાં તમારે ઝવેરાત-ફવેરાતમાં કોઈ દિ' આવ્યું ન હોય, સાંભળ્યું ન હોય ત્યાં. આહા..હા..! ધૂળમાંય નથી ક્યાંય.

આહા..હા..! ત્રણલોકનો નાથ અંદર બિરાજે છે એ પોતામાં ગુણ જે કાયમ રહેનારી શક્તિ છે એમાં પ્રવર્તતું થકું અને નવી નવી પર્યાયમાં નવીને ગ્રહણ કરતું થકું અને જૂની પર્યાયને છોડતું થકું. આહા..હા..! એ બધોય આત્મા છે, એને આત્મા કહે છે. સાદામાં સાદી ભાષા આ છે, પણ અભ્યાસ નહિ લોકોને. બહારના અભ્યાસમાં જિંદગી બરબાદ કરી દે છે. આહા..હા..!

શરીર, વાણી, મન તો પર રહ્યા. અંદરમાં દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ ઉત્પન્ન થાય છે એ તો રાગ છે, બંધલક્ષણમાં છે, એની અહીંયા વાત નથી, એ પછી આવશે. અહીંયાં તો જેને બંધલક્ષણથી ભિન્ન, ચૈતન્યલક્ષણથી સહિત એવો આત્મા એ જેને પ્રાપ્ત કરવો છે અને એની પ્રાપ્તિ કરવી છે તો કઈ રીતે પ્રાપ્ત થાય એ વાત ચાલે છે. ભાષા તો સાદી છે ભાઈ! પણ તમારે... આહા..હા..! આ તો હજાર વર્ષ પહેલાં અમૃતચંદ્રાચાર્ય (થયા), બે હજાર વર્ષ પહેલાં કુંદકુંદાચાર્ય (થયા), અને અનંતકાળથી ભગવાનની વાણીનો અભિપ્રાય આ છે. આહા..હા..!

ફરીથી. '**પર્યાયો આત્મા છે એમ લક્ષિત કરવું—લક્ષણથી ઓળખવું...**' જોઈએ. આહા..હા..! આ આત્મા આ ચૈતન્ય જાણક... જાણક... જાણક... શક્તિ સ્વભાવ ગુણ એ ગુણમાં એ આત્મા પ્રવર્તે છે અને એની પર્યાય જે છે ચૈતન્યની અવસ્થા, વિકારની વાત નથી, એ આત્મા છે જ નહિ. એ ચૈતન્યની જ્ઞાનની પર્યાય, શ્રદ્ધાની પર્યાય, શાંતિની પર્યાય, આનંદની પર્યાય નવી ઉત્પન્ન થાય છે તો નવીને ગ્રહણ કરીને, જૂની પર્યાયને છોડે છે તેને આત્મા કહે છે. શ્વાસ ઊડી જાય છે શ્વાસ નીકળી જાય એવું છે અંદર. આહા..હા..! સંતોએ શ્રોતાને આ વાત સંભળાવી છે. પંચમ આરાના સંતોએ જગતને ધર્મ પ્રાપ્ત કરવાની પદ્ધતિ અને રીત આ પ્રકારની સંભળાવી છે. આહા..હા..!

ભગવાન આત્મા ચૈતન્ય લક્ષણ ત્રિકાળી છે એનાથી તો કંઈ ખ્યાલ આવતો નથી કેમકે એ તો ધ્રુવ છે. પણ એ ધ્રુવ ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્યપણે રહે છે અને એની વર્તમાન પર્યાય છે એ નવી પર્યાયને ઉત્પન્ન કરીને, જૂની પર્યાયથી નિવર્તે છે. એ પર્યાયમાં આત્મા આવો આવો છે એમ ખ્યાલમાં આવે છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય. આ તમે બધા શિક્ષણ શિબિર કાઢો છો કે નહિ? તો એ બધાને આ શીખવાનું છે પેહલું. કોણ? પાટણી? ઠીક! બધા શેઠિયા સતત છેને સાથે. શેઠિયાની સાથે છેને. આ માર્ગ છે ભગવાન! શું કરીએ? આહા..હા..! માર્ગનો જે પ્રકાર છે, પ્રભુ! આહા..હા..! આ દેહ, વાણી, જડ એની સાથે તો કાંઈ સંબંધ નથી. એ તો જગતની ચીજ જગતમાં પોતાને કારણે ટકીને બદલે છે, તેને બીજી ચીજ બદલાવી શકે એમ ત્રણકાળમાં નથી. આહા..હા..! હવે બદલવું છે તો પોતામાં બદલવું છે, ટકવું પણ પોતામાં અને બદલવું પણ પોતામાં જ છે. તો પોતામાં ટકવું શું છે? તો ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... કાયમી સ્વભાવ, ધ્રુવસ્વભાવ, ગુણસ્વભાવ, શક્તિસ્વભાવ, સત્‌નો સત્ત્વસ્વભાવ ધ્રુવ તેને અહીંયાં સહવર્તીપર્યાય, સહવર્તી ભેદ કહેવામાં આવે છે. આહા..હા..! ભાષા તો સાદી છે પણ હવે. આહા..હા..!

**શ્રોતા** :- સાદી તો છે પણ અપરિચીત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પરિચીત નહિ, શું કરે? અહીં તો ભાઈ ૭૮ની સાલથી આ વાત ચાલે છે.

૭૮. કેટલા વર્ષ થયા? ૫૫ વર્ષથી વાત ચાલે છે. ૭૮ની સાલમાં સમયસાર હાથ આવ્યું અને એક શેઠિયા મોટા છે ત્યાં. અત્યારે પૈસાવાળા છે. પહેલાં એક શેઠ હતા દામનગર. ૬૦ વર્ષ પહેલાં દસ લાખ રૂપિયા હતા. એ વખતે પૈસા થોડાને. અત્યારે તો પચ્ચીસ ગુણા હોય તો એ વખતના લાખ અને અત્યારના પચ્ચીસ લાખ. બધાના ભાવ પણ ઘટી ગયા. ગૃહસ્થ હતા, દામોદર શેઠ હતા. ૩૦ માઈલ ગાઉ છે. ઘરે ગામ હતું એક, દસ હજારની ઊપજનું. ગામધણી હતા. વાણિયા અમારી જાતના અને ચાલીસ હજારની પેદાશ હતી. આ ૭૦ વર્ષ પહેલાંની વાત છે. તો પહેલી વખત સમયસાર જ્યારે હાથમાં આવ્યું તો એને કહ્યું, શેઠ! આ શાસ્ત્ર શરીરરહિત થવું હોય તો આ શાસ્ત્ર છે, એમ કહ્યું હતું. ૭૮ની સાલ. ૫૫ વર્ષ પહેલાં. સિદ્ધ થવું હોય અને સંસારનો નાશ કરીને પોતાના આત્માની પ્રાપ્તિ કરવી હોય અશરીરી તો આ શાસ્ત્ર છે. શ્વેતાંબરના શાસ્ત્ર તો બહુ જોયા હતા. પાંચ-પાંચ મહિનામાં કરોડો શ્લોકો જોતા હતા. આખી જિંદગી એમાં કાઢી છેને. આહા..હા..! આ જુઓ ભાષા! કહો, ધન્નાલાલજી! આહા..હા..!

ભગવાન આચાર્ય કહે છે. શિષ્યનો પ્રશ્ન છે એનો ઉત્તર દે છે. શિષ્યનો પ્રશ્ન એ છે કે પ્રભુ! આ આત્મા છે અને એમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ દશામાં છે એ બંધ છે, એ બંધનું લક્ષણ છે અને આત્માનું ચૈતન્ય લક્ષણ છે. તો એ બેનું લક્ષણ કઈ રીતે છે? અને કઈ રીતે જણાય? તો કહે છે, પ્રભુ! એકવાર ધ્યાન રાખ નાથ! આહા..હા..! ભગવાન! એકવાર ધ્યાન કર, ધ્યાન રાખ. બીજી ચીજમાં બહુ ધ્યાન રાખે છે એમ આ ચીજમાં પ્રભુ એકવાર ધ્યાન રાખ. આહા..હા..! એ આત્મા જાણક લક્ષણથી, ચૈતન્ય લક્ષણથી ચેતન આત્મા જણાય છે. એ ચૈતન્ય લક્ષણ કાયમી શક્તિ અને કાયમી ધ્રુવ ગુણ છે એ ગુણમાં ભગવાન આત્મા પ્રવર્તે છે કાયમ. અને નવી પર્યાયમાં પ્રવર્તે છે તો જૂની પર્યાયને છોડીને નવી પર્યાય ગ્રહણ કરીને નિવર્તે છે. એવું ચૈતન્ય, દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણેને આત્મા કહેવામાં આવે છે. ભાષા તો સહેલી છે, ભગવાન! કોઈ દિ' પરિચય ન હોય. આહા..હા..! અહીં તો ૧૮મી વાર ચાલે છે, આ ૧૮મી વાર ચાલે છે સભામાં. ૧૭ વાર તો થઈ ગયું આખું પુસ્તક. અક્ષરે અક્ષરનો અર્થ હોં. આમ એક અક્ષર પણ છૂટ્યો નથી. ભગવાનની વાણી છે.

કહે છે કે એ પર્યાયથી નિવર્તતું થકું આત્મા છે એમ લક્ષિત કરવું. એ પ્રમાણે અંદર જાણવું. નવી પર્યાય જ્ઞાનની ઉત્પન્ન થાય છે અને જૂની પર્યાયથી નિવર્તે છે અને ગુણ જે છે એમાં તો કાયમ રહે છે એવા ચૈતન્યલક્ષણથી ભગવાનને ઓળખવો. આહા..હા..! કહો, પાટણીજી! આવું ક્યાંથી કાઢ્યું? એક જણો કહેતો હતો. અમે તો સંપ્રદાયમાં હતા ત્યારે પણ આ વાંચતા હતા, સભામાં પણ વાંચતા હતા હજારો માણસમાં. સંપ્રદાયમાં હતા ત્યારે વાંચતા હતા આ. હજારો માણસો. રાજકોટને ભાઈ? છેલ્લે ૯૦. રાજકોટ. ત્યાંથી શરૂ કર્યું હતું સમાજમાં. ૩-૩ હજાર માણસમાં. પણ અમારી તો પ્રતિષ્ઠા ઘણી હતી, કોઈ શંકા ન કરે. આ દિગંબર શાસ્ત્ર કેમ વાંચે છે એવી શંકા ન કરે. બાપુ! પ્રભુ! માર્ગ આ છે સાંભળો. ચૈતન્યની પ્રાપ્તિ કરવી હોય અને આત્મા જે એમાં ભૂલીને... 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા. અપને કો આપ ભૂલકે હૈરાન હો ગયા.' એ હું શું ચીજ છું અને હું કઈ રીતે પ્રાપ્ત થાઉં એના

ભાન વિના ચાર ગતિ ચોર્યાસીમાં રખડે છે. સ્વર્ગનો ભવ પણ અનંતવાર કર્યો છે. નરકનો એક ભવ અને સ્વર્ગના અસંખ્ય, એવા નરકના અનંત અને સ્વર્ગના અસંખ્યગુણા અનંત. તો સ્વર્ગમાં કેમ જાય છે? પાપ કરીને જાય છે? પુણ્ય એટલી વાર કર્યા છે કે નરકગતિ કરતા અસંખ્યવાર પુણ્ય કર્યા અનંતવાર. પણ એ રાગથી ભિન્ન મારી ચીજ શું છે (એવા) આત્મજ્ઞાન વિના બધું નિરર્થક થઈ ગયું. આહા..હા..! પન્નાલાલજી! આ પન્નાની વાત ચાલે છે. ઓલા પન્ના ઓલા ધૂળ નહિ, પન્ના નામ પ્રજ્ઞા. આહા..હા..! છે?

**'એમ લક્ષિત કરવું—લક્ષણથી ઓળખવું (અર્થાત્ જે જે ગુણપર્યાયોમાં...'** જે જે અંતર શક્તિરૂપ ગુણ અને વર્તમાન જ્ઞાનની પર્યાયમાં... છે? **'ચૈતન્યલક્ષણ વ્યાપે છે...'** જાણનપણું જેમાં વર્તે છે, પોતાની શક્તિમાં અને પોતાની દશામાં, પર્યાયમાં જાણનપણું જેમાં રહે છે અને પ્રવર્તે છે **'તે તે સમસ્ત ગુણપર્યાયો આત્મા છે...'** એ બધી શક્તિ અને અવસ્થા તે જ આત્મા છે. રાગ અંદરમાં થાય છે પુણ્ય, દયા, દાનનો એ તો બંધ લક્ષણમાં જાય છે, એ કાંઈ આત્મા નથી. આહા..હા..! છે કે નહિ, ભાઈ? ભાઈ પાસે નથી? સુકુમારજી. આ તો નામા મેળવવાની વાત છે. આહા..હા..! **'સમસ્ત ગુણપર્યાયો આત્મા છે એમ જાણવું)...'** આહા..હા..! અંતરમાં ચૈતન્યલક્ષણથી આત્મા જાણીને અંતર્મુખ થઈને બહિર્મુખની દૃષ્ટિ છોડીને અંતર્મુખમાં ભગવાન આત્મા છે એ ચેતન છે, એનું લક્ષણ ચૈતન્યગુણ છે અને એ ગુણની અવસ્થા વર્તમાન ચૈતન્યની જ્ઞાન તે પણ એનું લક્ષણ છે. તો અંતરમાં લક્ષ કરવાથી ગુણ અને પર્યાય જે જ્ઞાનની છે એમાં રહેનારો એ આત્મા, એવું અંદરમાં જ્ઞાન કરવું એનું નામ સમ્યગ્જ્ઞાન અને ભેદજ્ઞાન છે. એનું નામ જ્ઞાન છે. શાસ્ત્રનું ભણતર-ફણતર એ જ્ઞાન નથી. રતનલાલજી! આહા..હા..! છે?

**શ્રોતા :-** એ ભણ્યા પહેલાં શું કરવું જોઈએ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહેલા આ કરવું જોઈએ એમ કહે છે. તાવત એમ શબ્દ ચાલે છે. પહેલામાં પહેલાં કરવાલાયક છે તો આ કરવાનું છે. કદી અનંતકાળમાં કર્યું નથી એક સેકન્ડ પણ. આ અપૂર્વ વાત છે, ભગવાન! અપૂર્વનો અર્થ? પૂર્વે કદી કર્યું નથી એક સેકન્ડ પણ. આહા..હા..! બાકી તો ઘણું કર્યું. કર્યા એટલા વ્રત, નિયમ, તપસ્યા, ભક્તિ, દાન, અબજો રૂપિયાના દાન અને રાગ ઘટાડીને દયા, દાન, વ્રત, તપસ્યા, અપવાસ આદિ ઘણું અનંતવાર કર્યું. એ બધી વિકલ્પની ક્રિયા છે રાગની, એ તો બંધની વાત છે, એ આત્મા નથી. આહા..હા..!

આ રીતે આત્મા જાણવો. **'કારણ કે...'** હવે કહે છે કે કેમ? **'આત્મા તે જ એક લક્ષણથી લક્ષ્ય છે...'** છે? જાણનપર્યાય અને જાણનગુણ, એ જાણન લક્ષણથી જ આત્મા જણાય છે. એ એક જ એનો ઉપાય છે. આહા..હા..! કોઈ રાગની ક્રિયાથી જણાય છે એવું આત્માનું સ્વરૂપ અને લક્ષણ છે નહિ. છે? ધ્યાન રાખીને સાંભળજો. પુસ્તક સામું જોવું નથી. આહા..હા..! **'કારણ કે આત્મા તે જ એક લક્ષણથી...'** જાણન લક્ષણથી જ આત્મા જણાય છે, એક જ એનું લક્ષણ છે. આહા..હા..! કોઈ શુભ-અશુભ ક્રિયાકાંડનો રાગ કે શરીરની જડની ક્રિયાથી આત્મા જણાય એમ

ત્રણકાળમાં નથી. આહા..હા..! ત્રણલોકના નાથ સર્વજ્ઞ પ્રભુ, ઈન્દ્રો અને સભા, સિંહ અને નાગની સભા. ભગવાનની સભામાં તો સેંકડો સિંહ આવતા હતા. અત્યારે આવે છે. મહાવિદેહમાં બિરાજે છે પ્રભુ. સેંકડો નાગ, કાળા નાગ જંગલમાંથી સાંભળવા આવતા હતા. દિવ્યધ્વનિ સાંભળવા આવતા. સેંકડો સિંહ કેસરિયા. કેસરિયા હોય છેને? આ જેવા વાળ છે, એવા એને વાળ છે. કેસરી સિંહ એનો અર્થ એને વાળ છે. સેંકડો શાંત... શાંત... શાંત... આહા..હા..!

એ ભગવાનનો જીવ નહિ દસમે ભવે? સાંભળ્યું છે કે નહિ? ભગવાન મહાવીરનો (જીવ). અહીંયા હશે ક્યાંક, સામું હશે. ભગવાન મહાવીરનો દસમો ભવ સિંહનો હતો. તો એ સિંહ હરણને ફાડતો હતો. એમાં બે મુનિ ઉપરથી (આવ્યા). આત્મજ્ઞાની, ધ્યાની આનંદમાં બે મુનિ ચાલ્યા જતા હતા. એ મુનિને કોઈ તીર્થંકરે કહ્યું કે આ સિંહનો જીવ દસમે ભવે મહાવીર થશે. એ તીર્થંકરનો જીવ છે. એ બે મુનિએ સાંભળ્યું. આ સિંહ હરણને થાપ મારતો હતો. એમાં ઉપરથી નીચે ઉતર્યા. સિંહને એમ થયું કે આ શું? અજાણતા પણ મારી નજીક કોઈ આવે તો દોડીને ભાગી જાય છે, આ ઉપરથી મારી નજીક આવ્યા, આ છે શું? એકદમ આશ્ચર્ય થઈ ગયું અંદર. આહા..હા..! અજાણતા પણ કોઈ મારી સમીપ આવી જાય હરણ, મૃગલા કોઈ, ઉંદર કોઈ પણ અજાણ્યા આવી જાય તો ભાગી જાય. આ ઉપરથી ઉતરીને મારી પાસે આવે છે, આ શું છે? હશે ક્યાંક ઓલામાં પરમાગમ વિશેષ છે. ત્યાં છે. આહા..હા..! મુનિ આમ હાથ કરે છે. અરે! પ્રભુ! સિંહ! આહા..હા..! હવે એ જંગલી જાનવર હરણને ફાડે છે. મુનિ ઉપરથી ચાલ્યા આવે છે. એની ભાષા કઈ રીતે સમજી ગયા? એની ભાષા કેવી હશે? આહા..હા..! પાત્રતા હોય ત્યાં બધું મળી જાય છે. આ મુનિ એમ કહે છે કે અરે! પ્રભુ! મેં તો કેવળજ્ઞાની પાસે સાંભળ્યું છે (કે) તમારો જીવ તો તીર્થંકરનો જીવ છે. દસમે ભવે તમે મહાવીર થાશો. આહા..હા..! આંખમાંથી આંસુની ધારા ચાલે છે. અને જેમ આંખમાંથી આંસુની ધારા ચાલે છે એમ અંતરમાં જ્ઞાનધારામાં ઉતરી ગયા અંતર વિચારમાં. આ લક્ષણ કહે છે ઈ. આ જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જાણવાની દશા એ જ્ઞાનગુણ છે એ બધો આત્મા છે. આહા..હા..! સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું. આહા..હા..! અરે! આત્માની તાકાત..! હવે એકકોર હરણને ફાડે છે અને એક બાજુ આ કરે. તાકાત આત્મામાં છે અનંત પુરુષાર્થ, અનંત સહજ આનંદ પ્રભુ નાથ છે, અનંત વીર્યનો પિંડ પ્રભુ છે. આહા..હા..! આમ જરી અંદર નજર કરી. મુનિએ કહ્યું તમે તો તીર્થંકરના જીવ છો. અંદર (ઊતરી ગયા). આહા..હા..! આંસુની ધારા (ચાલે છે), અરેરે! આ શું થઈ ગયું? હું શું ચીજ છું? આ મુનિરાજ શું કહે છે? અંતરમાં એ વિકલ્પ હતો શુભાશુભભાવ એને છોડીને અંતર ચૈતન્ય લક્ષણ ગુણ અને પર્યાય બેય આત્મા છે, એમ અંતરમાં ઉતરી ગયા અને એક ક્ષણમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું, ભવનો અંત લઈ લીધો. સમજાણું કાંઈ? એ અહીં કહે છે. આહા..હા..!

ભગવાન! તારી તાકાત અનંત છે, પ્રભુ! તું આવો ગરીબ નથી, ભાઈ! પ્રભુ! તું પામર નથી. આહા..હા..! તારામાં પ્રભુતા એક એક શક્તિ એવી પડી છે, એક એક શક્તિ એવી અનંત શક્તિઓ. એક એક શક્તિમાં અનંત પ્રભુતા પડી છે. આહા..હા..! પામર નહિ, દીન નહિ, ગરીબ નહિ, તું મનુષ્ય નહિ,

પશુ નહિ, સ્ત્રી નહિ. આહા..હા..! એ તું પુરુષ નહિ, તું રાગ નહિ, તું પુણ્ય નહિ, તું પાપ નહિ. આહા..હા..! એ પુણ્ય અને પાપના ભાવનું અહીં જ્ઞાન થાય છે એ જ્ઞાનની પર્યાય અને જ્ઞાનગુણ ત્રિકાળ એ બધી મારી ચીજ છે એમ અંતરમાં ઉતરીને આત્માને ઓળખવો એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! ચારિત્ર તો પછી. જે આનંદ અનુભવમાં આવ્યો. પછી તો મનુષ્ય થશે જ્યારે... ત્યાંથી સ્વર્ગમાં ગયા, સ્વર્ગમાં ગયા. આહા..હા..! પછી મનુષ્ય થયા ત્યારે ત્યાં આત્માનો આનંદ, સમકિત તો હતું, એ આનંદમાં રમણ થઈ ગયા લીનતા... લીનતા... લીનતા... લીનતા... ચારિત્ર. ચરવું, રમવું, જમવું. અંદર આનંદનું ભોજન કરવું એ ચારિત્ર છે. આહા..હા..! જામી જાવું અંદર. પણ એ વસ્તુ જોઈ છે તો જામે છેને? જોયા વિના, અનુભવ વિના શેમાં જામવું? એ ચારિત્ર લઈને મુક્તિને પામશે. એ મહાવીર ભગવાને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. આહા..હા..!

અહીં કહે છે કે '**કારણ કે આત્મા તે જ એક લક્ષણથી લક્ષ્ય છે (અર્થાત્ ચૈતન્યલક્ષણથી જ ઓળખાય છે). વળી સમસ્ત સહવર્તી અને ક્રમવર્તી અનંત પર્યાયો સાથે ચૈતન્યનું અવિનાભાવીપણું હોવાથી...**' શું કહે છે? જાણન ચૈતન્ય લક્ષણ જે ગુણ છે અને જાણન જે પર્યાય છે એની સાથે અનંતગુણનો અવિનાભાવ છે. એ ચૈતન્યની સાથે અનંતગુણ સાથે છે. દર્શન, આનંદ, ચારિત્ર, સ્થિરતા, કર્તૃત્વ, કર્મ, જીવતર શક્તિ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન વગેરે અનંત શક્તિઓ, એ અનંત શક્તિઓ ચૈતન્યના લક્ષણની સાથે અવિનાભાવી છે. એટલે ચૈતન્ય છે ત્યાં અનંતગુણ છે અને અનંતગુણ છે ત્યાં ચૈતન્ય છે. આહા..હા..! અને એની પર્યાયમાં પણ જ્યાં ચૈતન્યની એક સમયની દશા છે ત્યાં અનંતગુણની દશા અવિનાભાવી સાથે છે જ. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો આ વાત છે, પ્રભુ! શું કહીએ? સર્વજ્ઞ પરમેશ્વર તો આમ કહે છે. એ માર્ગની પદ્ધતિ તો આ છે. લોકો બીજી રીતે માની લે છે તો માનો, પરિભ્રમણ નહિ મટે પ્રભુ! ચોર્યાસી લાખના અવતાર કરતાં-કરતાં તેને વિસામો ન મળ્યો, થાક ન લાગ્યો થાક. આહા..હા..! અહીં તો વાત એવી છે. ભવ કરવો એ તો કલંક છે. યોગીન્દ્રદેવમાં આવે છે. યોગીન્દ્રદેવના છેને દોહરા. યોગીન્દ્રદેવના દોહરા. મુનિ છે. ભવ કલંક છે આ શરીર ધારણ કરવું. આહા..હા..! આનંદનો નાથ અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન, જેમ મેસુબ હોય છે, મેસુબ-મેસુબ સમજો છો? ચણાનો લોટ હોયને? એક શેર ચણાનો લોટ અને ચાર શેર ઘી એને મેળવીને મેસુબ થાય છે. તો એ અધમણ મેસુબને મરી ગયેલા ગધેડાનું ચામડું હોય, એ ચામડામાં વીંટે. વીંટે સમજ્યા? લપેટે. એ ઠીક હોય? એમ આ ગંદુ સડેલું શરીર, માટી ધૂળનું શરીર (અને) પ્રભુ અમૃતનો કુંડ છે અંદર. આહા..હા..! અમૃતના સાગરને આ ચામડાની મધ્યમાં નાખવું... આહા..હા..! કલંક છે પ્રભુ! આહા..હા..! છોડને નાથ એકવાર હવે, કહે છે. પ્રભુ તું છોને, પ્રભુ છોને. પામરતાને કાઢી નાખ. પ્રભુ! તું પામર નહિ હોં! તું તો એક એક શક્તિમાં ઈશ્વરતાની અનંતી શક્તિથી ભરેલો છો. આત્મામાં એક પ્રભુત્વ નામની શક્તિ છે. જેમ જ્ઞાનશક્તિ છે તો એ જ્ઞાનશક્તિની સાથે પ્રભુત્વશક્તિ છે એની સાથે. એવી અનંતી શક્તિ છે. ઈ કહે છે.

જુઓ, '**સમસ્ત સહવર્તી અને ક્રમવર્તી અનંત પર્યાયો સાથે ચૈતન્યનું અવિનાભાવીપણું**

**હોવાથી...'** જ્યાં જ્યાં જાણનપર્યાય છે, ત્યાં ત્યાં અનંતગુણની પર્યાય છે અને જ્યાં જ્યાં આનંદગુણ છે ત્યાં અનંતગુણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ગુણ જે અનંત છે ચૈતન્ય લક્ષણની સાથે પણ એની પર્યાયમાં એક ચૈતન્ય જાણનપર્યાયથી જણાયો તો એ પર્યાયમાં પણ અનંતી પર્યાય બીજા ગુણની સાથે છે. બધું મળીને આખો આત્મા કહેવામાં આવે છે. આહા..હા..! **'સહવર્તી અને ક્રમવર્તી અનંત પર્યાયો સાથે ચૈતન્યનું અવિનાભાવીપણું હોવાથી ચિન્માત્ર જ આત્મા છે... '** બસ, એ તો જાણનમાત્ર આત્મા છે, ચૈતન્યસૂર્ય છે. આ સૂર્ય જડ પ્રકાશ છે. તો એ જડ પ્રકાશને તો પોતાની પણ ખબર નથી કે હું પ્રકાશ છું કે નહિ? એ પ્રકાશને પ્રકાશનાર ચૈતન્યપ્રકાશ જે કાયમી અનાદિ છે એ ચૈતન્યપ્રકાશથી ભરપૂર ભરેલો આત્મા છે. આહા..હા..! ચૈતન્યપ્રકાશનો પુંજ, ચૈતન્યપ્રકાશનું પૂર એવો શબ્દ છે શાસ્ત્રમાં. ચૈતન્યપ્રકાશનું પૂર છે એ તો. આહા..હા..! કે દિ' પણ નજર કર્યા વિના? જે છે એ તરફની નજર કર્યા વિના એના અસ્તિત્વનું કેટલું સામર્થ્ય છે એ ખ્યાલમાં કેમ આવે? સમજાણું કાંઈ? આહા..હા..!

તો અહીં ભગવાન કુંદકુંદાચાર્ય ૨૯૪માં કહે છે, એની ટીકા કરી. એમાં ભાવ ભર્યા છે હોં ગાથામાં. તો એની ટીકા કરીને વાતને ખોલી છે. જેમ ભેંસ અને ગાયના આઉમાં દૂધ છેને દૂધ? દૂધ હોય છે ને અંદર? બાઈ દૂધ કાઢે છે. દોહે છે તો અંદર છે તો નીકળે છે. એમ આ ગાથામાં આ ભાવ છે એની ટીકા કરી છે. સમજાણું કાંઈ? દૂધને દોહવાની ચીજ તમે નહિ સાંભળી હોય. અમે તો (જોયું છે). દૂધ દોહવે છેને. તો એના આઉમાં... શું કહેવાય એ? આંચળ-આંચળ. ભૂલી જઈએ છીએ તમારા નામ બધા. આત્માનું ઝટ આવડે અને આ નામ ભૂલી જવાય છે આ બધા. આંચળ-આંચળ. તો આંચળ આમ લઈને ખેંચે એમ નહિ. દૂધ એમ ન નીકળે. ત્યાં ચાંદા પડી જાય. આમ કાઢે. પણ આ ખૂણામાં રાખીને આમ (કાઢે) તો દૂધ નીકળે. આ ખૂણો છેને ખૂણો એને આમ કરે. આમ ન નીકળે. અમે તો બધી વાત નજરે જોઈ છે. જોયા વિના અમે ઓઘે ઓઘે વાત સમજી શકતા નથી. તો અહીં કહે છે કે પાઠમાં આ સબ શક્તિઓ ભરી છે. એને અમૃતચંદ્રાચાર્યએ ટીકા કરીને વાતને ખોલી દીધી છે. વાત આમ છે. અંદરમાં છે એ બહાર નીકળે છે. આ ટીકા છે, એની અંદર શક્તિની ટીકા ખોલીને કરી છે.

ભગવાન! તું આત્મા ચૈતન્યસ્વરૂપ છેને પ્રભુ! તો એ ચૈતન્યલક્ષણથી તારે લક્ષિત કરવું અને ચૈતન્યલક્ષણની સાથે અનંતગુણ સાથે હોય છે, જે અનંતગુણ સાથે લક્ષમાં આવે, એવો આત્મા સહવર્તી શક્તિઓ અને કર્મવર્તી પર્યાયનો પિંડ એ આત્મા છે. આહા..હા..! કઈક ગ્રીક-લેટિન જેવી ભાષા લાગે. બાપુ! મારગડા એ છે, ભાઈ! શું કરે? આહા..હા..! અનંતકાળ વીત્યા જગતમાં રખડતા-રખડતા. મૂળ ચીજ હાથ ન આવી. આહા..હા..! ભવના અભાવની ચીજ.

**'ચિન્માત્ર જ આત્મા છે એમ નિશ્ચય કરવો.'** એવો નિશ્ચય કરવો જોઈએ, એવો નિર્ધાર કરવો જોઈએ, એવો નિર્ણય કરવો જોઈએ. આહા..હા..!

**શ્રોતા :-** આટલું બધું યાદ શી રીતે રાખવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળનું યાદ (રહે), ઘરની દુકાનના માલ યાદ નથી રહેતા? અમારે એક

માણસ હતો દુકાનમાં. આ તો ૫૦-૬૦ વર્ષ પહેલાં. આણંદજી કરીને હતો. અહીં આવતો નથી? પગ લૂલો. બહુ મગજ એનું સંસારનું મગજ. મોટી દુકાન, હજારો ચીજો, હજારો ચીજો. કઈ ચીજ ક્યાંથી આવી હતી? ક્યારે આવી હતી? કયા ભાવની આવી હતી? કેટલી ખપી, કેટલી બાકી અને અત્યારે ક્યા ભાવથી મળે છે? બધો ખ્યાલ હતો. મરી ગયો હમણા. દુકાનમાં નોકર હતો આણંદજી. બહુ મગજ હતું. અમને તો ભગત કહેતા હતા. અમને એવો કોઈ રસ નહોતો. અમે દુકાન ચલાવતા હતા પણ એવો કોઈ રસ નહોતો. મોટી દુકાન હતી. મુંબઈ જવાનો પાસ લેતા હતા. કેમકે ત્રણ-ચાર દિ' એ મુંબઈ જાવું પડે પાલેજથી. ત્રણ-ચાર ત્રણ-ચાર દિ'એ. એક મહિનામાં ઘણી વાર જાવું પડે એટલે પાસ લીધો. એટલા માલની એને ખબર હોય. વખારું મોટી ભરી હોય. આટલો માલ પડ્યો છે, આ ભાવનો આવ્યો છે, આટલો ખપ્યો છે, એ માલનો ભાવ અત્યારે આ ચાલે છે. ત્યાં કઈ રીતે યાદ રહે છે?

**શ્રોતા :-** એની રુચિ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બસ રુચિ. ખરે ટાણે એને ગાળ આપે તો યાદ રહે કે નહિ? તો જેને ગાળની રુચિ છે તો એવા ગુણની રુચિ હોય તો ગુણ કેમ યાદ ન રહે? ભાઈ! આહા..હા..! બીજી ચીજ જગતની યાદ રહો, ન રહો એક કોર રહો, પણ પ્રભુ આત્મા આવો છે એમ નિર્ણય કરવો. છે?

'**આટલું આત્માના સ્વલક્ષણ વિષે.**' છે. આહા..હા..!

હવે બંધ. '**(હવે બંધના સ્વલક્ષણના વિષે કહેવામાં આવે છે :—) બંધનું સ્વલક્ષણ તો આત્મદ્રવ્યથી અસાધારણ એવા રાગાદિક છે.**' એ શુભ અને અશુભરાગ એ બંધનું લક્ષણ છે. આહા..હા..! એ ભગવાનનું લક્ષણ અને ભગવાનનું સ્વરૂપ નથી. ભગવાન એટલે અમે તો આત્માને જ ભગવાન કહીએ છીએ હોં પ્રભુ! આચાર્ય એમ કહે છે. આહા..હા..! સમયસાર છેને, ૭૨ ગાથામાં આવ્યું છે. ૭૨માં ભગવાન આત્મા એમ કહ્યું છે ટીકામાં. ભગવાન આત્મા શબ્દ વાપર્યો છે ભગવાન આત્મા. પ્રભુ! એ પુણ્ય-પાપના ભાવ તો અશુચિ છેને પ્રભુ! એ તો મેલ છે. અને તું તો ભગવાન જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ નિર્મળ છે. એવું ૭૨માં આવ્યું છે, અંદર ગાથામાં છે. સમજાણું કાંઈ? તો એ કેમ યાદ ન રહે? જેની રુચિ હોય એનું વીર્ય કામ કર્યા વિના રહે જ નહિ. રુચિ અનુયાયી વીર્ય. જે વાત રુચે છે એમાં પુરુષાર્થ કર્યા વિના રહે જ નહિ અને રુચતી નથી એમાં પુરુષાર્થ શું કરે? સમજાણું કાંઈ?

અહીં કહે છે, '**બંધનું સ્વલક્ષણ તો આત્મદ્રવ્યથી અસાધારણ એવા રાગાદિક છે.**' શુભ-અશુભ રાગાદિ છે એ બંધનું લક્ષણ છે. '**એ રાગાદિક આત્મદ્રવ્ય સાથે સાધારણપણું ધરતા (ધારણ કરતા-) પ્રતિભાસતા નથી,...**' શું કહે છે? એ પુણ્ય-પાપના ભાવ આત્માની સાથે સર્વદા સાથે રહે છે એમ ભાસતું નથી. જેમ જ્ઞાન અને આનંદની પર્યાય સદાય સાથે રહે છે, એમ પુણ્ય-પાપના ભાવ આત્માની સાથે સદા રહે છે એમ ભાસતું નથી. આહા..હા..! શરીર-ફરીરની વાત તો ક્યાંય રહી ગઈ ધૂળની, પણ એ પુણ્ય-પાપના ભાવ સદા આત્માની સાથે નથી રહેતા. છે? '**સાથે સાધારણપણું ધરતાં (ધારણ કરતા-) પ્રતિભાસતા નથી,...**' જ્યાં જ્યાં આત્મા ત્યાં ત્યાં રાગ જ છે એમ પ્રતિભાસતું નથી. સિદ્ધમાં રાગ નથી. અહીંયાં રાગ છે એ તો બંધનું લક્ષણ છે. આહા..હા..!

'**કારણ કે તેઓ સદાય ચૈતન્યચમત્કારથી ભિન્નપણે પ્રતિભાસે છે.** ' આહા..હા..! એ પુણ્ય-પાપના ભાવ બંધ લક્ષણવાળા ચૈતન્યચમત્કારથી જણાય છે, એ ચૈતન્યચમત્કારમાં જણાય છે, ચૈતન્યચમત્કારની એ ચીજ છે એમ નથી જણાતા. આહા..હા..! છે? '**વળી જેટલું, ચૈતન્ય આત્માના સમસ્ત પર્યાયોમાં વ્યાપતું પ્રતિભાસે છે,...**' જાણન... જાણન... જાણન... જાણન... જાણન... જાણન... ગુણ અને અવસ્થા આત્માની સાથે સદા સાથે રહેનારી ભાસે છે, એમ પુણ્ય-પાપ ભાવ આત્માની સાથે સદાય રહેતા ભાસતા નથી. માટે બંધથી એ ચીજ ભિન્ન છે. ભાષા સહેલી છે, ભગવાન! બહુ ભાષા સહેલી છે. તમારી ભાષા જેવી નથી. આહા..હા..!

'**તેટલા જ, રાગાદિક પ્રતિભાસતા નથી, કારણે કે રાગાદિક વિના પણ ચૈતન્યનો આત્મલાભ સંભવે છે...**' આહા..હા..! રાગ વિના પણ અંતરમાં આત્મલાભ થાય છે. કેમકે આત્મામાં રાગ છે નહિ, તો જ્યારે રાગથી ભિન્ન થઈને અંદર આત્માનો અનુભવ કરે છે તો એમાં આત્માનો લાભ થાય છે. રાગ વિના પણ આત્માનો લાભ થાય છે, માટે રાગ આત્માની ચીજ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! '**આત્મલાભ સંભવે છે (અર્થાત્ રાગાદિક ન હોય ત્યાં પણ ચૈતન્ય હોય છે).**' આહા..હા..! સિદ્ધ ભગવાન છે તો ચૈતન્ય છે, ત્યાં તો રાગાદિક છે નહિ. તો રાગ અને પુણ્ય-પાપનો ભાવ આત્માનો હોય તો જ્યાં જ્યાં ચૈતન્ય છે ત્યાં ત્યાં રાગાદિક હોવા જોઈએ. ચૈતન્ય એકલો રહે છે અને રાગાદિ નથી રહેતા, માટે એ ચૈતન્યની ચીજ નથી. આહા..હા..! ક્યાં મનન કરવું અને ક્યાં જાવું? સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં આવું છે હોં, બીજે ક્યાંય આવું છે નહિ. આહા..હા..! ફોટા પાડે છે? ઠીક, પ્રકાશ આવ્યો થોડો.

'**વળી જે, રાગાદિકનું ચૈતન્ય સાથે જ ઊપજવું થાય છે...**' ચૈતન્યસ્વરૂપ જાણનસ્વભાવની સાથે જે વિકલ્પ દયા, દાન, રાગાદિ પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે છે '**તે ચેત્યચેતકભાવ (-જ્ઞેયજ્ઞાયકભાવની) અતિ નિકટતાને લીધે જ છે,...**' શું કહે છે? જેમ આંખમાં અગ્નિ દેખાય, પણ આંખ તો દેખે છે કે અગ્નિ આવી છે એમ, અગ્નિ અને આંખ એક નથી થઈ જતા; એમ ચૈતન્ય જાણનરૂપી આંખ રાગને જાણે છે, પણ રાગ અને ચૈતન્ય એક નથી થઈ જતાં. આહા..હા..! '**ચૈતન્ય સાથે જ ઊપજવું થાય છે તે ચેત્યચેતકભાવ અતિનિકટતાને લીધે જ છે,...** ' જે સમયે જ્ઞાનની દશા ઉત્પન્ન થાય છે, તે જ સમયે રાગ અને પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થયા એ અતિ નિકટતાને લીધે એમ દેખાય છે, પણ બે ચીજ એક નથી. અગ્નિ અને આંખ એક નથી. એમ ભગવાન જ્ઞાનસ્વરૂપ અને રાગ એક નથી. એકરૂપ અનાદિથી ભાસે છે એ અજ્ઞાનીની ભ્રમણા છે. મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વમાં ઘૂસી ગયો છે. આહા..હા..! અહીં તો મિથ્યાત્વનો નાશ કરવાની વાત છે.

'**અતિનિકટતાને લીધે જ છે, એકદ્રવ્યપણાને લીધે નહિ;...** ' આત્મા ચૈતન્યવસ્તુ અને પુણ્ય-પાપના ભાવ વિકાર, એ બે એક વસ્તુ નથી, એક દ્રવ્ય નથી, એક પદાર્થ નથી, ભિન્ન પદાર્થ છે. આહા..હા..! કેટલી ટીકા છે! સંતો જંગલમાં રહીને ભાવલિંગી સંત આનંદની લહેરમાં અંદર હતા, એમાં આ વિકલ્પ આવ્યો અને શાસ્ત્ર બની ગયા. કેવી સંસ્કૃતની ભાષા, કેટલો ભાવ ખોલે છે!

ઓહો..હો..! સંતોએ સરળ માર્ગ કરી દીધો છે. આહા..! એમાં આવે છે, દીપચંદજી. દીપચંદજી કરે છેને? અનુભવપ્રકાશ. અનુભવપ્રકાશ છે દીપચંદજીનું. ૨૦૦ વર્ષ પહેલાં થઈ ગયા. ઘણાં અનુભવી, ઘણાં જ્ઞાની. એમાં લખ્યું છે કે સંતોએ તો માર્ગને સહેલો કરી દીધો છે. લોકો એને સમજતા નથી, દરકાર નથી. સંતોએ માર્ગ સહેલો કરી દીધો છે. બે ને બે ચાર જેવી વાત છે. આઠ અડધું ચાર, બે ને બે ચાર, એક ને ચાર, ચાર. એમ આ ચીજ સરળ કરી દીધી છે. આહા..હા..!

'**ચેત્યચેતકભાવની અતિ નિકટતાને લીધે જ છે, એકદ્રવ્યપણાને લીધે નહિ;...** ' બે થઈને એક વસ્તુ નથી. પુણ્ય-પાપના ભાવ અને ચૈતન્યસ્વરૂપ બે દ્રવ્ય એક નથી, બે દ્રવ્ય ભિન્ન-ભિન્ન છે. આહા..હા..! અરીસામાં.. શીશા-શીશા, એમાં જે મોર દેખાય છે મોર, અને બહાર મોર છે, બે ચીજ ભિન્ન છે. મોર છે એણે અંદર પ્રવેશ નથી કર્યો. એ તો અરીસાની સ્વચ્છ અવસ્થા છે. મોર દેખાય છે એ અરીસાની સ્વચ્છ અવસ્થા છે, મોર તો બહાર રહ્યો છે. એનું જે પ્રતિબિંબ દેખાય છે અંદરમાં એ તો અરીસાની સ્વચ્છ અવસ્થા છે. એમ ભગવાન જ્ઞાનસ્વરૂપમાં પુણ્ય-પાપના ભાવ દેખાય છે એ તો જ્ઞાનની સ્વચ્છતામાં દેખાય છે, પણ જ્ઞાનની સ્વચ્છતામાં એ રાગ-દ્વેષ અંદર આવ્યા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** મોરનું દૃષ્ટાંત લાગુ નથી પડતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી પડતું? કેમ?

**શ્રોતા :-** મોર તો બહાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ પણ બહાર છે એમ કહે છે. આ ચેત્યચેતકનું. આહા..હા..! જાણવાલાયક રાગ છે અને આત્મા જાણનાર બે ભિન્ન ચીજ છે. અગ્નિ આમ થાય છે અને અરીસામાં દેખાય છે અગ્નિ આમ આમ. અગ્નિ છે ત્યાં? એ તો અરીસાની અવસ્થા છે, હાથ લગાવો ત્યાં ઉષ્ણતા નથી; એમ ભગવાન આત્મા ચેતક છે, જાણનાર અરીસો છે જાણનાર, એમાં પુણ્ય-પાપ ભાવ દેખાય છે કે આ રાગ છે, પણ એ રાગ આત્મામાં આવી જાય છે એમ નથી. આહા..હા..!

**શ્રોતા :-** મોર કેટલો દૂર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોર દૂર એની પાસે રહ્યો. અવસ્થા પોતાને કારણે થઈ છે, મોરને કારણે નહિ. આહા..હા..! માર્ગ એવો છે ભગવાન! એ કહે છે જુઓ. એ કહેશે થોડીવારમાં હોં, જુઓ.

'**ચેત્યચેતકભાવની અતિ નિકટતાને લીધે જ છે, એકદ્રવ્યપણાને લીધે નહિ; જેમ...** ' દૃષ્ટાંત આપે છે સાંભળો. '**(દીપક વડે) પ્રકાશવામાં આવતા...** ' દીપક છે દીપક, એના વડે '**પ્રકાશવામાં આવતા ઘટાદિક (પદાર્થો)...**' ઘડો, કપડા, વીંછી, સર્પ, કોલસા. કોયલા સમજ્યા ને? શું કહે છે? એ '**ઘટાદિક (પદાર્થો) દીપકના પ્રકાશપણાને જ જાહેર કરે છે—**' શું કહે છે? આહા..હા..! એ દીપક જે છે એ પોતાને પ્રકાશે છે અને એ દીપક ઘટપટાદિને પ્રકાશે છે, ઘટપટાદિરૂપ દીપક થતો નથી. આહા..હા..! દીવો છેને દીવો, ઘટપટ હોય એને પ્રકાશે છે. પોતાની પર્યાયને પ્રકાશે છે અને ઘટપટ છે એમ પ્રકાશે છે, પણ ઘટરૂપ-પટરૂપ દીવો થતો નથી. આહા..હા..! દૃષ્ટાંત આપ્યો

આ તો. '**ઘટાદિક દીપકના પ્રકાશપણાને જ જાહેર કરે છે...**' દીપક વડે ઘટપટ ઉત્પન્ન થયા છે અને ઘટપટ છે એમ નહિ. દીપક દ્વારા ઘટપટાદિ પ્રકાશે છે. આહા..હા..! '**ઘટાદિક દીપકના પ્રકાશપણાને જ જાહેર કરે છે—**' દીપકની બે સ્થિતિ ઉત્પન્ન કરે છે એ. પોતાનો પ્રકાશ અને એનો પ્રકાશ દ્વિરૂપતાની પ્રકાશતા પ્રગટ કરે છે. આહા..હા..! આવી વાતું છે. ઘટપટને દીવો પ્રકાશે છે એથી કાંઈ દીવો ઘટપટરૂપ થઈ જાય છે? એમ ભગવાન આત્મા. એમ કહે છે જુઓ, આહા..હા..! એ ઘટપટને પ્રકાશતો નથી, એ તો પોતાની સ્વ અને પરપ્રકાશકની શક્તિને પ્રકાશે છે. આવી વાતું છે, બાપુ! વીતરાગમાર્ગ સર્વજ્ઞ પરમેશ્વર (સિવાય) ક્યાંય થયો નથી બીજે. એની એક એક પંક્તિ, એક એક ન્યાય અલૌકિક વાતું છે. આહા..હા..! શું કહે છે? કે દીપક જે છે એ ઘટપટ. પટ એટલે વસ્ત્ર, આ છે એમ પ્રકાશે છે. એ દીપક દ્વિરૂપતાને પ્રકાશે છે. પોતાના પ્રકાશને પ્રકાશે છે અને એના પ્રકાશને પ્રકાશે છે. એ રૂપે થતો નથી. તેમ ઘટપટ દીપકમાં આવતા નથી. આહા..હા..! છે?

'**તેમ (આત્મા વડે) ચેતવામાં આવતા રાગાદિક...**' આહા..હા..! ભગવાન આત્મા દ્વારા આ દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ જે છે એ આત્મા દ્વારા જણાયા, પણ એ તો જાણવાની દ્વિરૂપતાને પ્રકાશે છે, રાગને નહિ. પોતાનું જ્ઞાન અને રાગનું જ્ઞાન એવી દ્વિરૂપતાને પ્રકાશે છે. આહા..હા..! રાગાદિને નહિ. જેમ દીપક ઘટપટાદિમાં જતો નથી અને એને પ્રકાશતો નથી, પોતાની દ્વિરૂપતાને પ્રકાશે છે. પોતાની અરીસાની સ્વચ્છતા અને ઘટપટાદિ જે અહીંયા જણાય છે સ્વચ્છતામાં, એ દ્વિરૂપતાને પ્રકાશે છે. એમ ભગવાન આત્મા... આહા..હા..! અરે! હજી આત્મા કોને કહીએ અને શું કરે છે એની ખબરું નથી અને ધર્મ થઈ જાય. આહા..હા..!

કહે છે કે '**ચેતવામાં આવતા રાગાદિક (અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા રાગાદિક ભાવો) આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે—**' શું કહ્યું છેલ્લે? ભગવાન જ્ઞાનસ્વરૂપ છે. એ જ્ઞાનસ્વરૂપ પોતાને જાણે છે અને જ્ઞાન એ રાગ થયો તેને સ્પર્શ્યા વિના પોતાને પોતામાં પોતાનો સ્વનો પ્રકાશ અને પરના પ્રકાશની પ્રગટતા કરે છે, એવી ચૈતન્યની શક્તિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**રાગાદિક ભાવો આત્માના ચેતકપણાને જ જાહેર કરે છે—રાગાદિપણાને નહિ.**' જેમ દીપક ઘટપટને પ્રકાશતો નથી. પોતાનો પ્રકાશ કરે છે અને ઘટપટાદિ સંબંધીના પોતાના પ્રકાશને પ્રકાશે છે. દ્વિરૂપતાને પ્રકાશે છે. એમ ભગવાન આત્મા પોતાનું જ્ઞાન પ્રકાશે છે અને રાગાદિને પ્રકાશે છે કે છે ઈ, પણ રાગને પ્રકાશે છે એમ નથી. રાગનું જ્ઞાન અહીંયાં થયું એને પ્રકાશે છે. ઝીણું છે, ભગવાન! આ તો એક એક ગાથા ઘણી સૂક્ષ્મ છે. '**રાગાદિપણાને નહિ.**' આહા..હા..!

એ રાગાદિ સૂક્ષ્મ વિકલ્પ ઊઠે છે એ બંધને જ્ઞાન જાણે છે. જ્ઞાનમાં એ બંધ આવ્યો નથી અને બંધ છે તો જ્ઞાનનો પ્રકાશ થયો એમ પણ નથી. એ જ્ઞાનનો જ સ્વભાવ સ્વપરપ્રકાશક છે તો પોતાથી દ્વિરૂપતાને પ્રકાશે છે, રાગને નહિ. એવું વસ્તુનું સ્વરૂપ અંતર અનુભવમાં લેવું એનું નામ સમ્યગ્દર્શન છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જ્યેષ્ઠ સુદ-૭, બુધવાર, તા. ૨૫-૦૫-૧૯૭૭, ગાથા-૨૯૪, કળશ-૧૮૧, પ્રવચન નં. ૩૫૨

સમયસાર, મોક્ષ અધિકાર, ૨૯૪નો ભાવાર્થ છે. સૂક્ષ્મ વિષય છે. અનાદિનો અનભ્યાસ એટલે વિષય સૂક્ષ્મ લાગે. '**આત્મા અને બંધ...**' ભાવાર્થ છે? '**બન્નેને લક્ષણભેદથી ઓળખી...**' આત્મા અને બંધ બે ચીજ છે એ બેના બે લક્ષણ ભિન્ન છે. '**બુદ્ધિરૂપી છીણીથી છેદીને...**' એ રાગ આદિ ભાવ બંધલક્ષણ છે, ચૈતન્યસ્વભાવ ચૈતન્યલક્ષણ છે એ બેમાં પ્રજ્ઞાછીણી (અર્થાત્) વર્તમાન જ્ઞાનની દશા સ્વસન્મુખ કરવી એ પ્રજ્ઞાછીણી તેને અનુભવ કહે છે. આહા..હા..! જે જ્ઞાનની વર્તમાન અવસ્થા; ત્રિકાળી ચીજ તો છે જ વસ્તુ, વર્તમાન દશા જે અંતરમાં અનાદિથી કર્મના નિમિત્તને તાબે વિકાર ઉત્પન્ન થાય છે શુભ-અશુભરાગ એ બંધનું લક્ષણ છે, ભગવાન આત્માનું ચૈતન્યલક્ષણ છે, તો બેનું લક્ષણ જાણીને બેની વચ્ચે પ્રજ્ઞાછીણી નાખવી. આહા..હા..! એ રાગનું લક્ષણ બંધ છે અને આત્માનું લક્ષણ ચૈતન્ય છે. એવું અંતરમાં લક્ષમાં લઈને જ્ઞાનની વર્તમાન દશાને સ્વ તરફ વાળી અનુભવ કરવો એનું નામ બંધ અને આત્માનો છેદ કરવો એ ઉપાય છે. આવી ઝીણી વાત છે. આહા..હા..! દેહ ક્ષણમાં છૂટી જાય જુઓને. આહા..હા..! રાતે તો કાલે વાત કરતા હતા સવારમાં ઓલાની મલુકચંદભાઈનો જમાઈ. ત્યાં બે મિનિટમાં આના ભાઈ ગયા માણેકલાલ. હજી રાતે સાડા બાર સુધી તો બેઠા હતા. ક્ષણમાં દેહ છૂટી જાય. આહા..હા..! અને છૂટ્યા પછી પણ... ત્યાં સુધી જન્મ-મરણની ચોર્યાસી લાખની જન્મસ્થિતિ ઊભી છે અંદર. આહા..હા..! તો કહે છે કે જેને બંધને કારણે જન્મ-મરણ થાય છે, એ બંધનું લક્ષણ વિકાર રાગ-દ્વેષ છે એની દિશા પર તરફની દશા છે. એવું રાગનું, પુણ્ય-પાપનું લક્ષણ પર તરફની દિશાથી દશા ઉત્પન્ન થાય છે અને ચૈતન્યલક્ષણ છે એ પોતાના લક્ષથી ચૈતન્યની અનુભવદશા થાય છે. આહા..હા..!

આ તો જેને ભવનો ડર લાગ્યો હોય એની વાત છે, ભાઈ! ભવ કરતાં... કરતાં... કરતાં... અનંત અનંતકાળ થયો. એક ક્ષણમાં દેહ છૂટી જાય છે. આહા..હા..! કોઈ શરણ નથી. શરણ અંદર ભગવાન ચૈતન્ય એ બેને ભિન્ન કરવા એ જ શરણ છે, એમ કહે છે. '**આત્મા તો અમૂર્તિક છે...**' એમાં કોઈ રંગ, ગંધ, રસ, સ્પર્શ આત્મામાં નથી. '**બંધ સૂક્ષ્મ પુદ્ગલપરમાણુનો સ્કંધ છે...**' એ નિમિત્તથી કથન છે. ... રાગ-દ્વેષ થાય છે એ કારણ કર્મબંધન સૂક્ષ્મ પરમાણુ છે. '**તેથી બન્ને જુદાં છદ્મસ્થના જ્ઞાનમાં આવતા નથી,...**' અલ્પ જ્ઞાનીને, સૂક્ષ્મ પરમાણુનો સ્કંધ અને પિંડ છે, ભગવાન આત્મા એનાથી ભિન્ન છે એમ અલ્પ જ્ઞાનીને ભિન્ન ભાસતા નથી. આહા..હા..! '**માત્ર એક સ્કંધ જ દેખાય છે.**' અર્થાત્ રાગ-દ્વેષ જ દેખાય છે. પરને આશ્રયે જે ઉત્પન્ન થાય છે પુણ્ય અને પાપ એની એને અનાદિથી રમત છે. આહા..હા..! ચૈતન્ય આનંદકંદ પ્રભુ અંદર છે એ ભૂલી જાય છે. પરના લક્ષથી

ઉત્પન્ન થયા જે પુણ્ય અને પાપના ભાવ એ ભાવબંધ છે. એ ભાવબંધ એ દેખાય છે એમ કહે છે. શું કહે છે? અંતરમાં ચૈતન્ય સૂક્ષ્મ રાગના વિકલ્પથી, સ્થૂળથી ભિન્ન સૂક્ષ્મ તત્ત્વ છે એ તરફની નજર નથી અને દેખાતો નથી, જોવામાં એ રાગ જે સ્થૂળ છે પુણ્ય અને પાપના ભાવ, એ પોતાની ચીજને છોડીને, જે પોતાની ચીજમાં નથી એવો વિકાર અજ્ઞાનીને દેખાય છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? ક્યાં ગયા ભાઈ તમારા? તમારા ભાઈ ક્યાં ગયા? ગયા? ઠીક. આહા..હા..! હવે તો એને દીકરો-દીકરી નથી તોપણ? જગતમાં ઉપાધિ મારી નાખે. આહા..હા..!

**'છદ્મસ્થના જ્ઞાનમાં આવતા નથી, માત્ર એક સ્કંધ દેખાય છે...'** સ્કંધનો અર્થ? પુણ્ય અને પાપ સ્કંધના લક્ષે જે શુભ-અશુભભાવ, વિષયકષાય, ભોગ, રાગ-દ્વેષ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિ જે શુભાશુભભાવ છે એ, પોતાના અસ્તિત્વની ખબર નથી, પોતે ચૈતન્ય અસ્તિત્વ છે આનંદકંદ એની ખબર નથી તેને એકલો વિકાર દેખાય છે. આહા..હા..! **'(અર્થાત્ બન્ને એકપિંડરૂપ દેખાય છે); તેથી અનાદિ અજ્ઞાન છે.'** એ કારણે અનાદિથી અજ્ઞાન છે. આહા..હા..!

**'શ્રી ગુરુઓનો ઉપદેશ પામી તેમનાં લક્ષણ જુદાં-જુદાં અનુભવીને જાણવું કે ચૈતન્યમાત્ર તો આત્માનું લક્ષણ છે...'** ટીકામાં તો ઘણું આવી ગયું. શું? ધ્યાન રાખો. આત્મા જે વસ્તુ છે એનો ત્રિકાળી ચૈતન્યસ્વભાવ છે અને વર્તમાન એની પર્યાય પણ ચેતનની પર્યાય તે જ એની છે. આત્મા વસ્તુ છે એ પોતાની ચૈતન્યશક્તિ ગુણમાં પ્રવર્તમાન થતાં પોતામાં વ્યાપે છે. ચૈતન્યગુણ છે એ પોતામાં પ્રવર્તમાન થાય છે. પર્યાય શબ્દે ભેદ. પર્યાય શબ્દ લીધો છે. આહા..હા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! આત્મા વસ્તુ એનું ચૈતન્યસ્વરૂપ લક્ષણ અને એ ચૈતન્ય જે સ્વરૂપ છે એ તો પોતાની શક્તિથી પોતાના ગુણમાં કાયમ પ્રવર્તમાન થાય છે તો એ ભેદરૂપને પ્રાપ્ત થઈને ચૈતન્યગુણ એમાં પ્રવર્તમાન થાય છે. અને પર્યાયમાં નિવર્તીને, પૂર્વની પર્યાયથી નિવર્તીને નવી પર્યાય ગ્રહણ કરીને નિવર્તે છે. આહા..હા..! મહેન્દ્રભાઈ! આવું તો હીરા-માણેકમાં ક્યાંય આવે નહિ. સાંભળવા મળે નહિ. સંપ્રદાયમાં સાંભળવા મળવું મુશ્કેલ. આહા..હા..! અરે! ભગવાન! તારી ચીજ શું છે! આહા..હા..!

આત્મા ચૈતન્યલક્ષણથી ગુણમાં તો કાયમ પ્રવર્તે છે. ભેદરૂપ ચૈતન્ય... વસ્તુ ચેતન, એનું ચૈતન્ય લક્ષણ ગુણ એ ગુણમાં તો કાયમ પ્રાપ્ત જ છે, એમ પ્રવર્તતું થકું પોતાના ભેદમાં પ્રવર્તે છે. અને પર્યાયમાં પૂર્વની અવસ્થા નિવર્તીને નવી અવસ્થાને ગ્રહણ કરીને જૂની અવસ્થાથી નિવર્તે છે. એવા ચૈતન્યલક્ષણથી પર્યાય અને ગુણ દ્રવ્યના છે એમ લક્ષ કરવાથી, બંધથી આત્મા જુદો પડી જાય છે. આહા..હા..! ભારે કામ ભાઈ આવું તો. કહો, ભગવાનજીભાઈ! આહા..હા..! વર્તમાનમાં તો આ ક્રિયા કરો, આ કરો, વ્રત કરો, તપ કરો. એ તો બધા વિકલ્પ અને રાગ ભાવબંધ છે. આહા..હા..!

ભાવબંધનું લક્ષણ પર તરફના લક્ષે ઉત્પન્ન થાય છે અને ચૈતન્યલક્ષણ સ્વના આશ્રયે લક્ષે ઉત્પન્ન થાય છે. આહા..હા..! તો પોતાના ગુણમાં વ્યાપીને ચૈતન્ય ગુણ રહે છે અને પર્યાયમાં નવી પર્યાયને ગ્રહીને, જૂની પર્યાયથી નિવર્તીને એ પર્યાય અને ગુણ સમુદાય તે આત્મા છે એમ અંતરમાં લક્ષ અને દૃષ્ટિ કરવી એનું નામ ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન છે. પ્રાણભાઈ! ફેર છે. પોતાના આત્મામાં ચૈતન્ય

લક્ષણ જે કાયમી શક્તિ ગુણ છે, એ તો ગુણ તો પોતામાં વ્યાપીને દ્રવ્યથી ભેદરૂપ છે તેથી તેને પર્યાય કહી. તો એ ચૈતન્યગુણમાં પ્રવર્તતો ચેતન અને પોતાની પર્યાયમાં નવી પર્યાય ગ્રહણ કરીને પૂર્વથી નિવૃત્ત થયો, એવા ચૈતન્યપર્યાય અને ચૈતન્યગુણ સમુદાય તે આત્મા છે એમ આત્મામાં લક્ષ કરવું, દૃષ્ટિ કરવી એનું નામ ભેદજ્ઞાન અને સમ્યગ્દર્શન છે. આહા..હા..! દુનિયાની દૃષ્ટિથી વાત જ જુદી છે આ તો ભાઈ! તેથી સોનગઢનો વિરોધ કરે છેને બહુ. ભગવાન! સોગનઢના વિરોધ નથી નાથ! તારી ચીજ એવી છે. આહા..હા..!

રાગથી નિવર્તીને નવા રાગને ગ્રહણ કરવો એ તો સ્વરૂપમાં છે જ નહિ એમ કહે છે. ચૈતન્ય લક્ષણની જે પર્યાય વર્તમાનમાં છે એ પર્યાય પરિણમન બદલે તો છે, પણ નવી જ્ઞાનની પર્યાય ઉત્પન્ન કરીને પૂર્વની પર્યાય નિવર્તે છે. અને એ પર્યાય અને એનો જે ચૈતન્યલક્ષણ ગુણ ત્રિકાળ અને એની સાથે રહેનારા અનંતા ગુણ, એ ચૈતન્ય તો એક ગુણ, એની સાથે રહેનારા અનંતગુણ અને એ ચૈતન્યની એક પર્યાય એની સાથે રહેનારી અનંતી પર્યાય, એ અનંતી પર્યાય અને અનંતગુણનો સમુદાય આત્મા એની દૃષ્ટિ કરવી, લક્ષ કરવું, આશ્રય કરવો એ જ જન્મ-મરણનો અંત કરવાનો ઉપાય છે. પ્રાણભાઈ! આહા..હા..! આ તો ક્ષણમાં દેહ છૂટે ને જાય ક્યાં? આહા..હા..! કોઈ ધણી નથી, પાંજરાપોળ ત્યાં નથી. આહા..હા..! જેની સાથે સંબંધ અને ઓળખાણ છે એ બધા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ છૂટી જશે. આહા..હા..! પોતાની ચીજ અંતરમાં જ્ઞાનમાં સમજમાં ન આવી અને પોતામાં નથી એવા પુણ્ય અને પાપના વિકાર જ જેના જ્ઞાનમાં અસ્તિત્વમાં 'રાગ છે એ જ હું છું' એમ આવે છે, એ પરિભ્રમણમનું મૂળ છે. આહા..હા..! અનંત અનંત જન્મ-મરણનું એ મૂળ છે. એ મૂળને છેદવાનો ઉપાય આ છે. આહા..હા..! કે પોતાનું ચૈતન્યસ્વરૂપ જ્ઞાન જાણક... જાણક... જાણક... જાણક... જાણક... એ જાણકની વર્તમાન પર્યાય નવી ઉત્પન્ન થાય, જૂની વ્યય થાય એવા અનંત ચૈતન્યલક્ષણવાળા ગુણ અને એવા સમુદાયરૂપ આત્મા, એનું લક્ષ અંતરમાં આત્મામાં લેવું, તો રાગથી આત્માની ચીજ ભિન્ન પડી જાય છે. એનું નામ આત્માનો અનુભવ કહે છે, એનું નામ રાગથી ભિન્ન પડ્યો તો પ્રજ્ઞાછીણી રાગ અને આત્મા વચ્ચે નાખી તો પ્રજ્ઞાછીણી કહ્યું. રાગથી ભિન્ન અંદર કરવું એ ભેદજ્ઞાન કહ્યું. આહા..હા..! કામ બાપુ આકરી વાત છે. આ અનંત અનંતકાળમાં કદી કર્યું નથી. આ જગતની મીઠાશ મારી નાખે જગતને. આહા..હા..! એ અહીં કહે છે. જુઓ.

**'શ્રી ગુરુઓનો ઉપદેશ પામી તેમનાં લક્ષણ જુદાં-જુદાં અનુભવીને જાણવું કે ચૈતન્યમાત્ર તો આત્માનું લક્ષણ છે...'** જાણવું... જાણવું... જાણવું... જાણવું એવું જ્યાં અસ્તિત્વ છે એ જાણવાનું અસ્તિત્વ જ આત્માનું છે. આહા..હા..! **'અને રાગાદિક બંધનું લક્ષણ છે...'** અને પોતાનું લક્ષ, આશ્રય છોડીને પરના લક્ષે ઉત્પન્ન થાય છે, પરની દિશા તરફ પોતાની જે દશા, પરની દિશા તરફની પોતાની દશા એ રાગ-દ્વેષ છે એ બંધનું લક્ષણ છે. આહા..હા..! ભાષા તો સાદી છે. ધન્નાલાલજી! આહા..હા..! પણ અભ્યાસ નહિ અને ભવના ડર નહિ. ક્યાં જઈશ હું અહીંથી? આહા..હા..! ત્યાં પાંજરાપોળ છે નહિ કોઈ. માસીબા બેઠા નથી કે આવો ભાઈ! આહા..હા..! ચાર

ગતિમાં રખડતા-રખડતા અનંત ભવ વીતી ગયા અને અનંત ભવ વીતી ગયા પણ અનંત ભવનો છેદ કરનાર.. આહા..હા..! પર તરફના લક્ષણવાળા જે રાગાદિ છે તેને પોતાના સ્વલક્ષણ ચૈતન્યથી ભિન્ન કરીને ચૈતન્યનો અનુભવ કરવો. રાગના અનુસારે જે અનુભવ અનાદિથી છે એ દુઃખરૂપ છે. ભગવાન આત્મા ચૈતન્ય આનંદસ્વરૂપ છે એને અનુસારે અનુભવ થવો તે અતીન્દ્રિય આનંદરૂપ છે. એ જ ધર્મ છે, એ જ દુઃખ છેદવાનો ઉપાય છે. આહા..હા..! આવી વાત.

**શ્રોતા :–** પરમ પારિણામિકભાવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો પરમપારિણામિક કહો, જ્ઞાયક કહો એ તો ભાષાફેર છે. પરમપારિણામિક તો પરમાણુમાં પણ છે. પણ અહીં તો જ્ઞાયકભાવ ત્રિકાળ એમ લેવું છે. ચૈતન્યલક્ષણ લેવું છે. પરમપારિણામિકભાવ નથી લેવો. કારણ કે પરમપરિણામિકભાવ તો છએ દ્રવ્યમાં છે. સમજાણું કાંઈ? એ અહીંયાં નથી લેવું. અહીં તો ચૈતન્યલક્ષણ લેવું છે. જડમાં પરિણામિકભાવ છે પાંચ દ્રવ્યમાં, પણ ચૈતન્યલક્ષણ નથી. તેથી પરિણામિકભાવ નહિ લઈને ચૈતન્યલક્ષણથી લક્ષિત કરવાનું કહ્યું છે. આહા..હા..! કાંતિભાઈનો કાગળ આવ્યો છે આજે. કાંતિ ઈશ્વર. એમ કે સમકિત છે એ પ્રમાણનો વિષય છે અને જ્ઞાન છે તે અખંડ જ્ઞાન જે એ જ્ઞાનનો વિષય ત્રિકાળી ધ્રુવ છે. એમ હોય તો શું વાંધો આવે છે? .. કાગળ છે. રાતે ચાલશે. આહા..હા..!

અહીં તો નિશ્ચયનયનું જ્ઞાન ત્રિકાળીનો આશ્રય કરે છે અને શ્રદ્ધા સમ્યગ્દર્શનને તો ત્રિકાળીનો જ આશ્રય છે. કેમકે સમ્યગ્દર્શનમાં ભેદ નથી, નિર્વિકલ્પ છે તો એનો વિષય એકલો અખંડ આનંદ પૂર્ણ સામાન્ય ધ્રુવ છે. એના વિષયમાં પર્યાય નથી આવતી. સર્વવિશુદ્ધ અધિકારમાં, ચરણાનુયોગમાં લીધું છે. એ જ્ઞેયતત્ત્વ અને જ્ઞાનતત્ત્વની પ્રતીતિ. પણ એ છે તો અભેદ જ. જયસેનાચાર્યની ટીકામાં એમ નથી લીધું. ત્યાં તો ત્રિકાળી જ્ઞાયકભાવની પ્રતીતિ, જ્ઞાન, ચારિત્ર એમ લીધું છે. એ છેને ૨૪૨ ગાથા. જ્ઞેય-જ્ઞાનતત્ત્વની પ્રતીતિ તે સમ્યગ્દર્શનનું લક્ષણ. જ્ઞેય-જ્ઞાનનું જ્ઞાન સમ્યક્ એ સમ્યગ્જ્ઞાન અને જ્ઞેય જ્ઞાયકનું જ્ઞાન અને રાગાદિથી નિવૃત્તિ થઈને સ્થિરતા થવી તે ચારિત્ર. આહા..હા..! અરે..! વાત તો...

અંદર ચૈતન્યસ્વરૂપ ભગવાન બિરાજે છે. ચૈતન્ય હીરલો, ચૈતન્યચમત્કાર. જેના એક ક્ષણમાં ત્રણકાળ, ત્રણલોક જણાય એવી ચીજ તારી પર્યાયના સામર્થ્યમાં છે. તારી શક્તિ દ્રવ્ય અને ગુણની તો શું વાત કરવી? પણ તારી વર્તમાન એક ગુણની, એક પર્યાયમાં એટલી તાકાત છે કે ત્રણકાળ, ત્રણલોકનું અસ્તિત્વ છે માટે જાણે છે એમ પણ નથી. આહા..હા..! પોતાની પર્યાયની તાકાત જ એટલી છે કે જાણે છે. આહા..હા..! એ પર્યાયને પર્યાયમાં ન રાખતા, એ પર્યાયને દ્રવ્યમાં વાળીને... આહા..હા..! અનુભવ કરવો. વસ્તુને અનુસરીને અનુભવ કરવો તેનું નામ અહીંયાં પ્રજ્ઞાછીણી, અનુભવ કરવો બેયનો એક જ અર્થ છે. સમજાણું કાંઈ? આવી વાત હવે. રતનલાલજી! આવી ચીજ છે. દિગંબરધર્મમાં એકમાં જ આવી વસ્તુ છે, બીજે ક્યાંય છે નહિ. પણ એ લોકો સંપ્રદાયમાં જન્મ્યા એને ખબર પણ ન મળે. એ તો આ ક્રિયાકાંડ કરો ને આ કરો, ભક્તિ ને પૂજા ને વ્રત ને તપ. એ હોય છે અશુભથી બચવા પણ એ ચીજ કોઈ ધર્મ નથી. આહા..હા..!

**શ્રોતા :-** સરળ લાગે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સરળ લાગે છે. અનાદિથી એ કર્યું છે. એ તો અહીં કહે છે. બંધનું લક્ષણ પરાશ્રયથી ઉત્પન્ન થતો વિકાર. વિકાર તો બંધનું લક્ષણ છે. એનાથી આત્માની પ્રાપ્તિ થાય છે એમ છે નહિ. બંધના કારણથી તો બંધ થાય છે. આહા..હા..! પાપનો બંધ, મિથ્યાત્વનો બંધ થાય છે. આહા..હા..! અરે..! જીવે પોતાની દયા ન કરી. પરની દયા કરવા નીકળી ગયો. એ તો રાગ છે. પોતાની દયાનો અર્થ પૂર્ણ અનંત એક શક્તિ છે પ્રભુત્વ એવી અનંત શક્તિ આત્મામાં છે. એ અનંત શક્તિનો એક પિંડ જે દ્રવ્ય છે એ જેવો જેટલો છે એટલો જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય બનાવીને પ્રતીતિ કરવી એ સ્વની દયા છે. જેવો છે એટલી પ્રતીત કરવી એ દયા છે. આહા..હા..!

**શ્રોતા :-** દયા ધર્મનું મૂળ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દયા ધર્મનું મૂળ આ. દયાનો અર્થ શું? પરનું જીવન ટકે છે એ જ દયા પરની. પોતાની દયા? ત્રિકાળ ધ્રુવ વસ્તુ, ત્રિકાળ ધ્રુવ વસ્તુ એવી છે પૂર્ણ શક્તિ મહાન પરમાત્મસ્વરૂપ જ આત્મા છે. એવો છે એવો ટકે છે એવી પ્રતીતિ કરવી તો એ જીવનની દયા પાળી. એ છે એની દયા પાળી. એમ નહિ માનીને હું રાગવાળો છું, હું પુણ્યવાળો છું અને મેં પુણ્યના ફળ કર્યા અને આ મળ્યું એ બધી તો સ્વરૂપની હિંસા છે. આહા..હા..! પરની હિંસા થાય, ન થાય એની સાથે કોઈ સંબંધ નથી. સમજાણું કાંઈ? પરવસ્તુ છે જીવ તો એ જીવનું આયુષ્ય છે તો ટકે છે તો તેને વ્યવહારે દયા કહેવામાં આવે છે. છે એમ રાખવું. અહીંયાં તો છે એમ માનવું એનું નામ સ્વદયા છે. મહેન્દ્રભાઈ! આવી વાત છે. આહા..હા..! ભગવાન આત્મા તો નથી પરના સંબંધમાં, નથી પરના સંબંધથી, નથી રાગના સંબંધથી, નથી એક સમયની પર્યાયને કારણે ત્રિકાળી તત્ત્વ છે એમ પણ એ નથી. આહા..હા..! એમ અહીંયાં કહે છે જુઓ! બંધનું લક્ષણ આવ્યુંને?

'**ચૈતન્યમાત્ર તો આત્માનું લક્ષણ છે અને રાગાદિક બંધનું લક્ષણ છે, તોપણ માત્ર જ્ઞેયજ્ઞાયકભાવની અતિ નિકટતાથી તેઓ એક જેવા થઈ રહ્યા દેખાય છે.**' શું કહે છે? કે પોતાની જ્ઞાનદશા વર્તમાન ઉત્પન્ન થાય છે એ સમયે પણ રાગ-દ્વેષાદિ ઉત્પન્ન થાય છે. બેની અતિનિકટતાને લીધે અને એક ક્ષેત્ર, એક કાળ, ભાવ ભિન્ન એમ ન ભાસીને, એક ક્ષેત્રે અને એક કાળે જ્ઞાન અને રાગ ઉત્પન્ન થાય છે તો એને પોતાનો માને છે, એ ભાવ મારો છે એમ માને છે એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! હવે સ્ત્રી, કુટુંબ ને પરિવાર ને પૈસા તો ક્યાંય રહી ગયા ધૂળ. આ મારી બાયડી છે, આ મારા છોકરા છે. ધૂળેય નથી કાંઈ સાંભળને. આહા..હા..! પાગલ થઈ ગયો છે પાગલ. જે ચીજ પર છે, સ્વતંત્ર છે, જગતની ટકતી ચીજ બદલતી, બદલતા-બદલતા ટકતી તારી પાસે આવી છે, એમાં તારી ક્યાંથી થઈ ગઈ? આ સ્ત્રી મારી, આ દીકરો મારો, આ દીકરી મારી ને આ જમાઈ મારા ને આ પૈસા મારા ને આ મકાન મારા. મહેન્દ્રભાઈ! શું થયું આ તે? આ ગાંડપણું આવ્યું ક્યાંથી? પાગલ થઈ ગયો છે. આહા..હા..! જે તારામાં એક સમયમાત્ર પણ નથી અને જે તારામાં ત્રિકાળ છે એ ત્રિકાળ છે એનો નકાર કરીને તારામાં નથી એને પોતાના માનીને ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે. ભાઈ!

દુનિયાથી બીજી રીતે છે, ભગવાન! આહા..હા..!

**'એક જેવા થઈ રહ્યા દેખાય છે.'** એક થયા નથી. પુણ્યના ભાવ દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ, એ તપ શબ્દ આવ્યો હતોને તો શાહુજી શેઠે પૂછયું કે તપ? પણ એ તપ શું? અપવાસ-બપવાસ, તપ એ બધો રાગ છે. એ જાણે કે સાધુ થાય, નગ્ન થાય ને અપવાસ કરે માટે એ તપ. લાંઘણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરમ દિ' પૂછયું હતું પરમ દિ' હોં! પરમ દિ'. તપ કે તપ શું છે? એ બાર પ્રકારના તપ વિકલ્પ છે, રાગ છે, બંધનું કારણ છે. પરમાર્થ તપ એને કહે છે, આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણ ગુણ શુદ્ધ ચૈતન્ય એના લક્ષમાં એ ચીજ આવી, આવ્યા પછી એમાં લીન થવું એ ચારિત્ર અને ઉગ્ર પુરુષાર્થ કરીને ઇચ્છા ઉત્પન્ન ન થવી અને આનંદની ઉગ્ર શોભા અતીન્દ્રિય આનંદની અંદર વધવી એનું નામ તપ છે. વ્યાખ્યા જુદી છે જગતથી. મહેન્દ્રભાઈ! આહા..હા..! **'तपंति इति तप'** જેમ સોનું છે સોનું? ગેરુ લગાવે છે તો ઓપે છે, એમ ભગવાન આત્મા આનંદકંદ જે દૃષ્ટિમાં આવ્યો, અનુભવમાં આવ્યો કે આ આત્મા, પછી એમાં લીનતા થઈને અતીન્દ્રિય આનંદની શુદ્ધિની વૃદ્ધિ થવી એનું નામ તપ અને ચારિત્ર કહે છે. દરેકની વ્યાખ્યા ભિન્ન-ભિન્ન છે સત્યની અસત્યથી. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! ક્યાં જઈશ, બાપુ? ભાઈ! દેહ તો મુદત છે ત્યાં સુધી રહેશે. તારી ચીજની મુદત નથી. તારી ચીજ તો અનાદિઅનંત છે. આ ચીજ તો મુદત લઈને આવી છે. અરે! અંદરમાં રાગ-દ્વેષ થાય છે એની પણ મુદત છે. એક સમયની કૃત્રિમ વિકૃત અવસ્થા એક સમયની છે. ભગવાન તો ત્રિકાળી આનંદકંદ છે. આહા..હા..! એમ બે વચ્ચે ભિન્ન અનુભવ કરવો.

**'તેથી તીક્ષ્ણ બુદ્ધિરૂપી છીણીને—'** જુઓ, **'તીક્ષ્ણ બુદ્ધિરૂપી છીણી...'** આહા..હા..! **'કે જે તેમને ભેદી જુદાં-જુદાં કરવાનું શસ્ત્ર છે...'** એ રાગ, પુણ્યનો વિકલ્પ અને ભગવાન ચૈતન્ય સ્વરૂપ બે વચ્ચે વર્તમાન જ્ઞાનની દશા સ્વસન્મુખ થાય અને પરસન્મુખથી દૂર થાય એ પ્રજ્ઞાછીણી અનુભવમાં આવે તે ભિન્ન કરવાનું શસ્ત્ર છે. એ રાગથી અને આત્માથી, બંધથી અને ભગવાન આત્માથી ભિન્ન કરવાનું આ શાસ્ત્ર છે. જેમ કરતવથી લાકડાના બે ટૂકડા કરે છે, એમ પ્રજ્ઞાછીણી કરવત છે. આહા..હા..! નવરાશ ક્યાં મળે? હજી સત્ય સમજવા મળે નહિ. સાંભળવામાં સાચું સત્ય શું છે એ મળે નહિ, એ ક્યારે વિચાર કરે? ક્યારે રુચિ કરે અને ક્યારે સ્થિરતા કરે? આહા..હા..! દુર્લભ ચીજ, દુર્લભ ચીજ થઈ ગઈ જગતમાં. અહીં તો કહે છે કે **'તીક્ષ્ણ બુદ્ધિરૂપી છીણીને--કે જે તેમને ભેદી જુદાં-જુદાં કરવાનું શસ્ત્ર છે તેને---તેમની સૂક્ષ્મ સંધિને શોધીને...'** શું કહે છે? જે રાગ ઉત્પન્ન થાય છે એ તો નિરાધાર પરને આશ્રયે ઉત્પન્ન થાય છે, પોતાનો આધાર એમાં નથી. રાગ ઉત્પન્ન થાય, ચાહે તો દયા, દાન, વ્રતનો હોય એ રાગનો આધાર આત્મા નથી, એનો આધાર પર છે અને જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે તે પોતાને આધારે છે, એમ બે વચ્ચે ભિન્નતા શોધીને. આહા..હા..! પ્રાણભાઈ! આવું બધું સાંભળવા નહિ મળતું હોય ત્યાં લોઢાના વેપારમાં, નહિ? બે ભાઈઓ બધા... આહા..હા..! આ મારગડા જુદાં પ્રભુ આ. આહા..હા..! એક ક્ષણમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બદલાઈ જાય છે. મનુષ્યપણું ગયું આ ભાવ ગયા, અમે વાણિયા.

આહા..હા..! ક્ષેત્ર બદલી જાય, કાળ બદલી જાય, ભાવ બદલી જાય.

**શ્રોતા :–** સંયોગો બધા બદલી ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સંયોગો બદલી ગયા બધા. આહા..હા..! ક્યાં એક ક્ષણમાં સોનગઢ અને એક ક્ષણમાં ક્યાંય અવતાર. આહા..હા..! એ ભ્રમણાને કારણે પોતાની ચીજ રાગથી ભિન્ન ન કરી તેથી પરિભ્રમણ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તીક્ષ્ણ બુદ્ધિરૂપી છીણીને—કે જે તેમને ભેદી જુદાં-જુદાં કરવાનું શસ્ત્ર છે તેને—તેમની સૂક્ષ્મ સંધિને શોધીને...**' જ્ઞાનની ઉત્પત્તિ થાય છે અને રાગની ઉત્પત્તિ થાય છે. બેની સંધિ બેય એક નથી. બે ઉત્પન્ન થવાની સંધિ છે એને શોધીને. આહા..હા..! '**તે સંધિમાં સાવધાન થઈને પટકવી.**' આહા..હા..! એટલે? અર્થાત્ વર્તમાન જ્ઞાનની દશાને રાગથી લક્ષ છોડીને પોતાના સ્વભાવ તરફ વળવું એ જ પ્રજ્ઞાછીણી અને અનુભવ કહેવામાં આવે છે. આહા..હા..! આવું ક્યાંથી સાંભળવા મળે માંડ, એમાં પકડવું કઠણ. લોકોને દોરી નાખ્યા બહારથી બિચારાને આ કરો ને આ કરો ને વ્રત કરો ને તપ કરો ને તપસ્યા કરો ને દાન કરો. ધર્મના ચાર પ્રકાર—દાન, શીલ, તપ, ભાવના. શ્વેતાંબરમાં તો આ ચાલે. એ ચાલે ખબર છે. અરે! પ્રભુ! એ દાન કોણ? એ શીલ કોણ? એ તપ કોણ? એ ભાવ કોણ? આહા..હા..! પોતાના રાગથી ભિન્ન કરીને પોતાની શક્તિમાં વિકાસ કરીને પોતામાં રાખવું તેનું નામ દાન છે. પૈસા-ફૈસાનું દાન ધૂળનું કોણ દે? કોણ લે? એ તો એને કારણે જાય છે-આવે છે. આહા..હા..!

'**સાવધાન (નિષ્પ્રમાદ) થઈને પટકવી.**' જુઓ, ભાષા! એટલો એ અપ્રમાદ છે, નિષ્પ્રમાદ છે. આહા..હા..! અંતર્મુખમાં ભગવાન બિરાજે છે ચૈતન્ય અને બહિર્મુખના લક્ષે વિકાર બંધ થાય છે, બેની વચ્ચે સાંધ છે, બે એક નથી. તો એ સાંધને વિચારીને બે વચ્ચે વર્તમાન જ્ઞાનની પ્રજ્ઞાને પટકવાથી બે ભિન્ન થઈ જાય છે. પ્રવિણભાઈ! કાલે નહોતા, નહિ? તો આવી ગયું કાલનું. કાલે ભાઈ નહોતા. આહા..હા..! તમે હતા કે નહિ પહેલાં? કાલે તો શેઠ હતાને. અઢી થી સાડા ત્રણ કાલે વાંચ્યું હતું. એને જાવું હતું ખરુંને. આહા..હા..! '**તે પડતાં જ બન્ને જુદાં-જુદાં દેખાવા લાગે છે.**' બેય દેખાય છે એમ કહે છે. એનો અર્થ? રાગથી લક્ષ છોડીને અંતર જ્ઞાનની દશાને અંતરમાં વાળવાથી પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય છે તો એ જ્ઞાનની પર્યાયમાં રાગનો પરપ્રકાશકજ્ઞાન પણ પોતાની સ્વશક્તિથી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું. દાન દેવું અને કહે પચાસ હજારનું દાન દેવું કે ત્રણ દિ'ના અપવાસ કરો, પાણી ન પીવું એ તો કરી શકે, એવું તો અનંતવાર કર્યું. એ તો અભવિ પણ કરે છે એમાં શું છે? એ કોઈ ધર્મ નથી, એ મોક્ષમાર્ગ નથી, પ્રભુ! આહા..હા..! એ તો બંધનું લક્ષણ છે. એને તું ધર્મનું સ્વરૂપ માને છે. આહા..હા..! દૃષ્ટિમાં ફેર છે. '**તે પડતાં જ બન્ને જુદાં-જુદાં દેખાવા લાગે છે. એમ બન્ને જુદાં-જુદાં દેખાતાં, આત્માને જ્ઞાનભાવમાં જ...** ' જાણક... જાણક... જાણક... જાણક... જાણકસ્વભાવમાં આત્માને રાખવો. છે? એ તો એનું એ છે બધું. શું કહે છે?

**શ્રોતા :-** ૧૧મી ગાથામાં ભૂતાર્થ સ્વભાવ જે કહ્યો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો એની એ વાત છે ભાષા. કીધું, એ તો પહેલી વાત થઈ ગઈને. પારિણામિક વખતે વાત થઈ ગઈ. જ્ઞાયકભાવ રાગથી ભિન્ન છે. એ ત્યાં જ્ઞાયકભાવથી લીધું છે, ચૈતન્યલક્ષણથી લીધું છે. પર્યાયમાં, ત્રિકાળી વસ્તુ છે એ તરફ વળવાથી સમ્યગ્દર્શન થાય છે કે રાગથી ભિન્ન થઈને ભેદજ્ઞાન થાય છે. પણ અહીંયાં ભેદજ્ઞાનની વાત એક ન્યાયે તો વિકલ્પથી પણ કરી છે. બે છેને બે? ભાઈ! અર્થમાં પ્રજ્ઞાછીણી છેને? એ અર્થમાં લીધું છે, આ પ્રજ્ઞાછીણીના અર્થમાં કે બે છે ત્યાં સુધી વિકલ્પ છે. કેવળજ્ઞાનની જેમ ઉપયોગ એકલો એમ નથી, પણ એ આવ્યા વિના રહેતો નથી વચ્ચે. બે લક્ષ છે ત્યાં સુધી રાગ છે. સમજાણું કાંઈ? એ કળશ આવી ગયોને ૧૮૧, એની ટીકામાં છે. કળશટીકામાં છે કે ભેદજ્ઞાન પણ એક વિકલ્પ છે એમ કહે છે. બે આવ્યાને? રાગ અને આત્મા બેને જાણીને એમ આવ્યુંને? આહા..હા..! જુદાં-જુદાં ભાસે છે. બંને જુદાં-જુદાં ભાસે છે એમ આવ્યુંને? એટલે જરી એટલો વિકલ્પ સૂક્ષ્મ છે. આહા..હા..! પછી અંદરમાં જાય છે તો પરિણમન થઈ જાય છે. એવી વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'આત્માને જ્ઞાનભાવમાં જ રાખવો અને બંધને અજ્ઞાનભાવમાં રાખવો.'** વિકલ્પ આવ્યો ને એટલો સૂક્ષ્મ છે. 'રાગ પર છે અને આ હું છું' એવો જરી સૂક્ષ્મ વિષય છે, વિકલ્પ છે તેને છોડીને અંતર અનુભવ કરવો તેનું નામ પ્રજ્ઞા અને અનુભવ કહેવામાં આવે છે. કળશટીકામાં પ્રજ્ઞાનો અર્થ અનુભવ કર્યો છે. આ પ્રજ્ઞાછીણીનો અર્થ અનુભવ કર્યો છે ટીકામાં, રાજમલ ટીકા. આહા..હા..! અને જે (પ્રવચનસાર) ૨૪૨ ગાથા છેને. જ્ઞેય-જ્ઞાયકની પ્રતીતિ તે સમ્યગ્દર્શન. તેની જયસેનાચાર્યની ટીકામાં એમ નથી લીધું. એણે તો એકદમ સમ્યગ્દર્શન-જ્ઞાન આત્માનું એમ લીધું છે. એ તો અપેક્ષાભેદ છે. એ જ્ઞાનપ્રધાનથી કથન છે. એ વસ્તુ તો ત્યાં અંદર... આહા..હા..!

ક્યાં પડી છે? અરે! પ્રભુ! તું ક્યાં છો? ક્યાં જઈશ એની ક્યાં એને ખબર છે. આહા..હા..! એક સહેજ પણ પ્રતિકૂળતા ગોઠતી નથી એને મિથ્યાત્વભાવમાં અનંત પ્રતિકૂળતા ભવિષ્યમાં આવશે. કેમ સહન કરશે? આહા..હા..! શું કહ્યું ઈ? ધર્મસ્થાનમાં પંખા રાખો એમ કહે છે. હવા આવે. અરે! ભગવાન! એટલી પ્રતિકૂળતા થોડી પણ સહન નથી તને? અને તે પણ ધર્મશ્રવણના કાળમાં. ભવિષ્યમાં ક્યાં જઈશ? અનંતકાળ પ્રતિકૂળતા હશે ત્યાં અવતરીશ. આહા..હા..! અનંતભવમાં અનંતકાળ કદી મનુષ્ય નહિ થાય એવા અવતારમાં જઈશ, બાપા! એક સહેજ પણ પ્રતિકૂળતા ગોઠતી નથી? ગોઠતી નથી સમજો છો? રુચતી નથી. આહા..હા..! એ જ્યાં પ્રતિકૂળ કહેતા દ્વેષ છે એને. આ હવા નહિ, આ દ્વેષ છે અને દ્વેષમાં એ ઠીક માને છે. મહામિથ્યાત્વનું પાપ. જેના પાપમાં અનંત ભવભ્રમણ કરશે એ. આહા..હા..! પણ જગતને એ ખ્યાલ નથી. જગત આંધળું છે. આંધળે આંધળા ચાલે છે. પ્રવિણભાઈ! અહીં તો આ વાત છે. કહે છે કે વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર ત્રિલોકનાથની વાણીમાં એ આવ્યું કે જેને રાગ પુણ્ય-પાપના વિકલ્પ જે છે, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિનો એ બધો વિકલ્પ રાગ બંધ ભાવબંધ છે. ભગવાન આત્મા અંદરમાં ચૈતન્યસ્વરૂપી અમૃતનો સાગર ભર્યો છે. આહા..હા..! એમાંથી

રાગની વૃત્તિ જે ઉત્પન્ન થાય છે એ ઝેર છે. એ ઝેર અને અમૃતની વચ્ચે પોતાની જ્ઞાનની પ્રજ્ઞા તીક્ષ્ણ બુદ્ધિ કરીને બેને ભિન્ન કરવી એનું નામ ભેદજ્ઞાન અને એનું નામ સમ્યગ્જ્ઞાન છે. આહા..હા..! આકરી વાત છે. જિનેશ્વરદેવ ત્રિલોકનાથ પરમાત્મા એની વાણીમાં આ આવ્યું છે. આહા..હા..!

**'આત્માને જ્ઞાનભાવમાં જ રાખવો અને બંધને અજ્ઞાનભાવમાં રાખવો.** ' આહા..હા..! જાણન... જાણન... જાણન... જાણનસ્વભાવ એ આત્મા છે, તો એ તરફ વળવું અને રાગ જે દયા, દાન, વ્રત, કામ, ક્રોધનો રાગ છે એ પર તરફના લક્ષે થાય છે તો એ રાગને બંધલક્ષણમાં નાખવો અને પોતાના ચૈતન્યલક્ષણથી પોતાના આત્માને જાણવો અને બે વચ્ચે ભિન્નતાનો અનુભવ કરવો તેનું નામ ધર્મ છે. જન્મ-મરણનો અંત લાવવાનો આ ઉપાય છે, બાકી બધા થોથા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ તો ભાવાર્થમાં આવ્યું. કાલે નહોતા આવ્યા હતા તમે. કીધું ૨૯૪ ચાલી ગઈ. આ ૨૯૪ ચાલી. **'એ રીતે બન્નેને ભિન્ન કરવા.'**

**'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—'** લ્યો! ૧૮૧.

(स्रग्धरा)

प्रज्ञाछेत्री शितेयं कथमपि निपुणैः पातिता सावधानैः
सूक्ष्मेऽन्तःसन्धिबन्धे निपतति रभसादात्मकर्मोभयस्य।
आत्मानं मग्नमन्तःस्थिरविशदलसद्धाम्नि चैतन्यपूरे
बन्धं चाज्ञानभावे नियमितमभितः कुर्वती भिन्नभिन्नौ।।१८१।।

ઓહો..હો..! અમૃત સાગર ઉછળે છે. આહા..હા..! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે આત્માને અતીન્દ્રિય અમૃતસ્વરૂપ કહ્યો છે, આત્મા અતીન્દ્રિય અમૃતસ્વરૂપ છે. એમાં જે આ પુણ્ય અને પાપના ભાવ ઉત્પન્ન થાય છે એ દુઃખ અને ઝેર છે. આહા..હા..! એ બે વચ્ચે પ્રજ્ઞાછીણી નાખવી એનું નામ ભેદજ્ઞાન અને ધર્મ છે. આહા..હા..! ભાષા સમજવી કઠણ પહેલી. ગ્રીક-લેટિન જેવી લાગે. શું થાય? ભગવાન ત્રિલોકનાથ જિનેશ્વરદેવ તો આમ ફરમાવે છે. આહા..હા..! શું કહે છે જુઓ.

**'આ પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી...'** પ્રજ્ઞાનો અર્થ? જે પરતરફ વળવું પુણ્ય-પાપનો રાગ છે એનાથી આત્મા જ્ઞાનસ્વરૂપ આનંદ છે એવું જ્ઞાન કરીને પોતાના સ્વરૂપમાં વળવું એ દશાને પ્રજ્ઞાછીણી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી પ્રવીણ પુરુષો વડે...** ' લ્યો પ્રવીણભાઈ! આવ્યું તમારું નામ. **'પ્રવીણ પુરુષો વડે...'** આહા..હા..! ડાહ્યા પુરુષોએ. એને ડાહ્યા કહે છે. દુનિયાના ડાહ્યા એ બધા પાગલ છે. પાંચ કરોડ ને દસ કરોડ ને વીસ કરોડ ને બધા પૈસાવાળા છેને. પહેલી ખુરશી મળે એને રખડવાની. આહા..હા..!

અહીં પરમાત્મા કહે છે કે પ્રવીણ પુરુષોએ શું કરવું? **'કોઈ પણ પ્રકારે (યત્નપૂર્વક) સાવધાનપણે...'** સાવધાન... સાવધાન. આ તમારા લગન વખતે નથી કહેતા? સમયવર્તે સાવધાન. એ લગનમાં ટાઈમ થઈ ગયો છે, કન્યા લાવો એમ. તમારે છે કે નહિ હિન્દીમાં? એ હોય. બધે ઠેકાણે હોય. ચૂલામાં રાખ જ હોય. બધે એક જ રીત હોય. સમયવર્તે સાવધાન. ટાઈમ થઈ ગયો છે આઠ ને

દસ. લાવો કન્યા અંદરથી. અહીં કહે છે કે સમયવર્તે સાવધાન. રાગથી ભિન્ન થવાનો સમય તારો આવ્યો છે ભિન્ન પાડ. આહા..હા..! એ કરવું હોય તો આ કરવાનું છે, બાકી બધા થોથા છે. એ કહ્યું.

'**સાવધાનપણે (નિષ્પ્રમાદપણે) પટકવામાં આવી થકી,...** ' '**आत्म-कर्म-उभयस्य सूक्ष्मे अन्तःसन्धिबन्धे**' શું કહે છે? '**આત્મા અને કર્મ બન્નેના સૂક્ષ્મ અંતરંગ સંધિના બંધમાં...**' કાલે દૃષ્ટાંત આપ્યો હતો. જંગલમાં ઘણાં પત્થરો હોય છેને, ૨૫-૫૦ મણ ગજ લાખો મણ પત્થર. એ પત્થરમાં ઝીણી રગ હોય છે. ધોળી, લાલ એવી રગ ઝીણી... ઝીણી... ઝીણી... ઝીણી... તો એ ઝીણી રગમાં નીચલો પત્થર અને ઉપરના પત્થરમાં સંધિ છે, એક નથી થયા. એ સંધિમાં દારૂ નાખે. દારૂની વાટ-વાટ. વાટ હોયને કપડાની એ દારૂમાં બોળીને અંદર નાખી દિવાસળી મૂકે છે. એ સંધિ છે રગમાં. રાજકોટમાં બહુ જોયું છે અમે. નદી કાંઠે ઘણા પત્થર. એમાં ઝીણી રગ હોય ઝીણી પાતળી. એ પત્થરની વચ્ચે એટલું અંતર છે, સાંધમાં. એમાં દારૂ નાખવાથી લાખો મણ પત્થર ઊડી જાય છે. એમ સંધિ છે, બે પત્થર એક નથી થયા. ત્યારે તે છૂટા પડી જાય છે. એમ આત્મા આનંદકંદ પ્રભુ પુણ્ય-પાપના રાગની સાથે એક થયો જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ ટોપીવાળા કોણ છે એ? આટલા વ્યાખ્યાનમાં પણ ટોપીથી આમ આમ કરવું. અહીંથી નીકળી જાવું જોઈએ. પંખા નાખે ટોપીથી. એટલી પણ ખબર ન મળે. ધર્મ તો ક્યાં છે, પણ ધર્મનું શ્રવણ કરવામાં જે વિવેક જોઈએ એ પણ નથી. આહા..હા..! એ દાખલો આપ્યો વચમાં તોપણ એમ એમ કરે છે. સંસારમાં રખડવું અનાદિકાળથી. આહા..હા..! પોતે શું ચીજ છે અને પર પ્રતિકૂળતા શું છે એની ખબર નથી. અંદરમાં રાગ થાય છે એ પણ વિકાર અને દુઃખ છે. આહા..હા..! બંધ લક્ષણવાળો છે. આહા..!

'**આત્મા અને કર્મ બન્નેના સૂક્ષ્મ અંતરંગ સંધિના બંધમાં શીઘ્ર પડે છે.**' આહા..હા..! એક સમયમાં બે ભિન્ન થઈ જાય છે એમ કહે છે. ક બોલવામાં અસંખ્ય સમય જાય છે. તો પરતરફનું લક્ષ છે રાગ—હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના, કમાવું એ બધું પાપ; દયા, દાન, ભક્તિ, વ્રત, તપ એ પુણ્ય—બેય રાગ, વિકાર, ઝેર. આહા..હા..! બે અને અહીંયાં આત્મા. બન્ને વચ્ચે એક સમય. '**रभसात्**' નામ એક સમય. '**શીઘ્ર પડે છે.**' આહા..હા..! જ્ઞાનની વર્તમાન દશા, સર્વજ્ઞ જિનેશ્વર કહે છે એ... આહા..હા..! વર્તમાન જ્ઞાનની દશા પ્રગટ વ્યક્ત જે છે, પ્રગટ વ્યક્ત છે એ રાગ ઉપર અનાદિથી વળેલી છે. એ પ્રજ્ઞા પર્યાયનું એ તરફ વળવું છોડીને પોતાના ત્રિકાળી તરફ વળવું. આહા..હા..! સમજાણું કાંઈ? '**શીઘ્ર પડે છે.**' આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન! કેટલાયે તો સાંભળી નથી જિંદગમાં. આખી જિંદગી ઢોરની પેઠે કાઢી નાખી છે. એય! ધન્નાલાલજી! આહા..હા..! કરોડોપતિ, એક અબજોપતિ ગયાને? શાંતિલાલ ખુશાલ અબજોપતિ. બે અબજ ચાલીસ કરોડ. ક્ષણમાં મરી ગયા. જાય ઢોરમાં.

**શ્રોતા :-** .. તત્ત્વ સાંભળવા મળ્યું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરર..! સાંભળવા પણ મળ્યું નહિ એને બિચારાને. આ શાહુજી આવ્યા હતા કાલે, નહિ? ચાલીસ કરોડ રૂપિયા. શું છે? ધૂળ છે? દુઃખના ડુંગરમાં પડ્યા છે દુઃખમાં.

આહા..હા..!

આનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય આનંદસાગર એમાં એ રાગનું બંધ લક્ષણ જાણીને, આત્મા અને રાગની વચ્ચે જ્ઞાનની છીણી ભેદ પાડે છે. આહા..હા..! છે? **'આત્માને તો જેનું તેજ અંતરંગમાં સ્થિર...'** ધ્રુવ છે આત્મા અંદર. એ તરફ સ્થિર કરે છે. આહા..હા..! **'નિર્મળપણે દેદીપ્યમાન છે એવા ચૈતન્યપૂરમાં મગ્ન કરતી...'** લ્યો! એ વર્તમાન જ્ઞાનની દશા ધ્રુવ તરફ વળે છે તો સ્થિર થઈ જાય છે ત્યારે તેને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ધર્મ થાય છે, બાકી ધર્મ-બર્મ છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ સુદ-૧૫, બુધવાર, તા. ૦૧-૦૬-૧૯૭૭, ગાથા-૨૯૫, કળશ-૧૮૧, પ્રવચન નં. ૩૫૩

આ સમયસાર ગ્રંથ શાસ્ત્ર છે. મોક્ષ અધિકાર ચાલે છે. ૧૮૧ કળશ છે. વીતરાગનો માર્ગ સૂક્ષ્મ છે. જિનેશ્વર પરમેશ્વર જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોક જણાણા એ પણ એમ તો વ્યવહાર છે ખરેખર તો. એ ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન પોતાની પર્યાયના સામર્થ્યથી જણાણું. સમજાણું કાંઈ? ઓલામાં દાખલો આપ્યો છે સ્તુતિમાં. જેમ મીણ હોયને મીણ-મીણ, મીણમાં સિંહનો આકાર હોય. મીણ-મીણ એમાં સિંહનો આકાર હોય એ સિંહ મીણથી જુદો નથી. સિંહ છેને સિંહ? મીણમાં સિંહનો આકાર કરે એ આકાર કાંઈ સિંહથી જુદો નથી, એમ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ મીણ, એ લોકાલોકને જાણે છે એ જાણવાની પર્યાય આત્માથી કાંઈ ભિન્ન નથી. લોકાલોક ભિન્ન છે. આહા..હા..!

ભગવાન અરિહંત જિનેશ્વરદેવ એની પણ ખબર ન મળે કે એનું જ્ઞાન કેવડું અને શું છે? આહા..! જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં લોકાલોક છ દ્રવ્ય ભગવાને જોયા એની અનંતી પર્યાયો, અનંતી શક્તિઓ બધું એક સમયમાં જણાય. એ જ્ઞાનની પર્યાયની આકૃતિ લોકાલોકને જાણે એ પર્યાય પોતે પોતાનું સ્વરૂપ જ છે ઈ, એ પર્યાયથી લોકાલોક-જગત કાંઈ જુદી ચીજ નથી, પણ એ પર્યાય પ્રસિદ્ધ કરે છે લોકાલોકને. ત્રણકાળ, ત્રણલોકને પ્રસિદ્ધ કરે છે ભગવાનનું જ્ઞાન. એ જ્ઞાનમાં સમ્યગ્દર્શન કેમ થાય ધર્મની પહેલી શરૂઆત જિનેશ્વરમાર્ગની અંદર.. આહા..હા..! ધર્મ એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ધર્મની એ શરૂઆત એ કેમ થાય? એની આ વિધિ છે આ ૧૮૧માં. શ્લોકાર્થ છેને? શ્લોક બોલીએ લ્યોને ફરીવાર.

(स्रग्धरा)

प्रज्ञाछेत्री शितेयं कथमपि निपुणैः पातिता सावधानैः
सूक्ष्मेऽन्तःसन्धिबन्धे निपतति रभसादात्मकर्मोभयस्य।
आत्मानं मग्नमन्तःस्थिरविशदलसद्धाम्नि चैतन्यपूरे
बन्धं चाज्ञानभावे नियमितमभितः कुर्वती भिन्नभिन्नौ।।१८१।।

શું કહે છે? કે '**આ પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી...**' એટલે? આ શરીરાદિ જે દેખાય છે એ તો જડ છે, એ કાંઈ આત્મા નથી, આ તો માટી છે, અજીવ છે. એમાં જે પુણ્ય-પાપના ભાવ દેખાય છે એ પણ ખરેખર તો અચેતન છે. કેમકે એમાં ચૈતન્યસ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્યનો અંશ એમાં નથી શુભ-અશુભભાવમાં. હવે રહી જ્ઞાનની પર્યાય વર્તમાન. એ જ્ઞાનનો અનુભવ કેમ થાય? એની આ વાત છે. ઝીણી વાત છે. અનંતકાળમાં અપૂર્વપણે કોઈ દિ' એણે સાંભળ્યું નથી અને સમજ્યો પણ નથી. જગતના રખડવાના રસ્તામાં પડ્યો છે ચોર્યાસીના અવતારે. આહા..હા..! અહીં કહે છે કે '**પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી...**' એટલે? આત્મા એ ચૈતન્યપ્રકાશનું પૂર છે. જેમ પાણીના પૂર પ્રવાહ હોય છે. ઘોડાપૂર નથી આવતું? ઘોડાપૂર એટલે ઘોડા જેટલું ઊંચું પાણીનું દળ ચાલ્યું આવે. ૨૦-૨૫ ઇંચ. અમારે ત્યાં બહુ આવતું કાળુભારમાં. જન્મગામ-જન્મગામ ઉમરાળા. મોટી નદી કાળુભાર. કરિયાણાથી વરસાદ આવ્યો હોય વીસ ગાઉથી. અમે નાના ઉંમરના તે દિ' સાત વર્ષ. ૭૭ વર્ષ પહેલાંની વાતું છે. ૧૦ વર્ષની, ૧૧ વર્ષની ઉંમર હતી તે દિ'. તે દિ' આમ રમતા-રમતા ઉપરથી પાણી ચાલ્યું આવે આમ દળ ઘોડા જેટલું ઊંચું. વૃદ્ધો રાડું પાડે. એય! છોકરાઓ નીકળી જાઓ... નીકળી જાઓ. ઘોડાપૂર આવે છે. ઘોડાપૂર શું હશે? મૂળ પાણીનું દળ એકદમ વરસાદ બહુ આવેલો એટલે નદી-નાળા ભેગા થઈને એકદમ પૂર ચાલ્યું આવતું હોય. માથોડા ઉપર હોં! એક એક માથોડા ઉપર. એમ આ ભગવાન આત્મા... ઝીણી વાત છે, ભગવાન! એ અંદર આ દેહમાં બિરાજતો પ્રભુ જે આત્મા એ ચૈતન્યના પૂરનું દળ છે. આહા..હા..! શું કેવળજ્ઞાનની વ્યાખ્યા આમાં કરી છે! બહુ સરસ. ઓહો..હો..! ઊંડે... ઊંડે... ઊંડે... લઈ ગયા ઠેઠ. આ નવું સ્તવન આવ્યું છે. આહા..હા..!

આ ચૈતન્ય વસ્તુ જે છે એ તો સર્વજ્ઞસ્વભાવી વસ્તુ છે. પણ એને કોઈ દિ' અભ્યાસ નહિ, ખબર નહિ. સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવ એમ ફરમાવે કે જેવી ચીજ મને પ્રગટ થઈ છે એ ચીજ હતી અંદર એ પ્રગટ થઈ છે. એવી જ તારી ચીજ છે. એવું જ્યારે જ્ઞાનની પર્યાયમાં, અવસ્થામાં સ્વલક્ષના જોરે રાગથી ભિન્ન પાડે જ્ઞાનની દશાને ત્યારે તેને સમ્યગ્જ્ઞાન અને ધર્મની શરૂઆત થાય. આવી વાતું છે. ઓલા કહે દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો તો થાય. એ બધી ક્રિયાઓ તો રાગની છે.

ધર્મ તો આ પ્રજ્ઞાછીણી પ્રવીણ પુરુષો વડે (પ્રાપ્ત કરાય છે). આહા..હા..! હું એક જ્ઞાનનું પૂર છું, સુખનો સાગર છું. આહા..હા..! આનંદનો સાગર ઉછળે છે આત્મા. કેમ બેસે? બહારના ધૂળમાં, પૈસામાં, બાયડીમાં, છોકરામાં, આબરૂમાં સુખ માન્યું એને આત્મામાં સુખ છે એ કઈ રીતે બેસે? ભ્રમણામાં ભૂલીને ભગવાનને ભૂલી ગયો. ભગવાન પોતે હોં આત્મા. આહા..હા..! અનંત જ્ઞાન અને

અનંત આનંદ એવું ભરેલું એ તત્ત્વ છે પ્રભુનું આત્માનું. આહા..હા..! એના ઉપર લક્ષ દેવાથી રાગથી પુણ્ય ને પાપના, દયાના ભાવથી એ રાગ છે બધો, એનાથી જ્ઞાનની અવસ્થા સ્વના લક્ષમાં આવે છે ત્યારે રાગથી ભિન્ન પડી જાય છે. આહા..હા..! આ ક્રિયા આકરી પડે, બાપુ! શું થાય? વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તો આમ ફરમાવે છે. આહા..હા..! એની વિધિ અને રીતની જેને ખબર નથી. એ શી રીતે અંદરમાં પ્રગટ કરે? આહા..હા..!

કહે છે, '**પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી પ્રવીણ પુરુષો વડે...**' પ્રવીણ પુરુષો વડે. તે દિ' પ્રવિણભાઈ હતા. નહિ? બુધવારે બપોરે વ્યાખ્યાન થયું હતું. આહા..હા..! આ આત્મામાં ગુરુગમે પહેલું સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વર કહે છે એ પ્રમાણે આ જ્ઞાનસ્વરૂપનું સત્ત્વ આત્મતત્ત્વ જ આખું છે. એમાં પણ આ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ શુભ એ પણ એમાં નથી. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના પાપના પરિણામ એ પણ વસ્તુમાં નથી. છે શું? જ્ઞાનપિંડ પ્રભુ છે. આહા..! એકલું કેવળજ્ઞાન, એકલો જ્ઞાનનો રસકંદ પ્રભુ આત્મા છે. એને વર્તમાન જ્ઞાનની દશાએ એના ઉપર લક્ષ કરીને રાગને અને આત્માને અંદર ભિન્ન પાડવા. આહા..હા..! કઈ વાત હશે, આમાં કરવું શું એની સમજ પડે નહિ. અનાદિથી એમ ને એમ રખડી રહ્યો છે, મરી ગયો છે દુઃખી (થઈને). એક રાગનો વિકલ્પ ઊઠે છે એને અને ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એને, બેની સંધિ નથી થઈ, બે એક નથી થયા, બે જુદાં છે અંદર, પણ ખબર નથી કોઈ દિ' કાંઈ. આહા..હા..!

ઓલા એક ઓસરીએ ચાર ભાઈઓ હોયને. ભેગા હોય ત્યાં સુધી બબ્બે થાંભલીઓ ભેગી રાખે. જોયું છે ઓસરીમાં? ચાર ભાઈ હોય, આઠ ભાઈ હોય. એક ઓસરી હોય તો આમ બબ્બે થાંભલીઓ આમ રાખે ઓલો ભાગ પાડવા માટે. એક થાંભલી આની કોર અને એક થાંભલી આની કોર ઓસરીમાં. અમુક કાળ રહે. કારણ કે ભાઈઓ પછી કાંઈ ભેગા ક્યાં સુધી રહે? બે જુદી વસ્તુ પાડે. એમ અહીંયાં બે જુદી વસ્તુ છે કહે છે. અરેરે..! એ ચૈતન્ય આનંદકંદ પ્રભુ છે. જિનેશ્વરે, પરમેશ્વરે જોયો. એ સિવાય કોઈએ આત્માને જોયો નથી. જિનેશ્વર કેવળી સિવાય કોઈએ જોયો નથી. એને જે જોયો એ આત્મા તો જ્ઞાનનો રસકંદ છે અને એ બે જેમ... શું કીધું ઈ? થાંભલી. બે ભાગ જુદાં પડે, એમ આત્મા જ્ઞાનસ્વરૂપ ભગવાન, આનંદસ્વરૂપ પ્રભુ અને પુણ્ય-પાપના વિકલ્પ જે વૃત્તિ ઊઠે છે એ રાગ છે. બે વચ્ચે સંધિ-સાંધ છે. જુદાં પાડવાને જ્ઞાનની છીણી મારવાને પ્રવેશ કરવાને ત્યાં અવકાશ છે. અરે..અરે..! આવી વાતું હવે આ શું કહે છે? ઓલું તો ઈચ્છામી પડિકમણા.. કરતા હતા. તસ્સ મિચ્છામી દુક્કડમ જાવ. તસ્સઉતરી કરણેણં તાવકાયં ઠાણેણં ..અપ્પાણં વોસરે. અર્થ પણ આવડતો ન હોય. આ બાપુ મારગડા વીતરાગના પ્રભુ! જિનેશ્વર સર્વજ્ઞ પરમેશ્વર સાક્ષાત્ તો બિરાજે છે મહાવિદેહમાં સીમંધર ભગવાન. સીમંધર ભગવાનની નથી આજ્ઞા લેતા સામાયિકમાં? ભગવાન બિરાજે છે.

**શ્રોતા** :- પ્રતિક્રમણ કરવું હોય, સામાયિક કરવી હોય ત્યારે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સામાયિક પડિક્કમણું કરે. બિરાજે છે ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં. પાંચસો ધનુષનો દેહ, કરોડ પૂર્વનું આયુષ્ય છે બિરાજે છે પ્રભુ. એની આ વાણી છે બધી. આહા..હા..! એકવાર

સાંભળ તો ખરો તું, કહે છે.

એ આત્મા અને રાગ વચ્ચે પ્રજ્ઞાછીણી. આહા..હા..! **'પ્રવીણ પુરુષો વડે કોઈપણ પ્રકારે (-યત્નપૂર્વક)...'** આહા..હા..! ચૈતન્યસ્વભાવ જે જ્ઞાનસ્વરૂપ છે તે ભિન્ન છે અને એ પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધના વિકલ્પો ઊઠે રાગ, બે વચ્ચે એકતા નથી થઈ. એકતા હોય તો જુદાં પડે નહિ, અને જુદાં પડે તો એકલા સિદ્ધ ભગવાન રહી જાય છે, એને રાગ-દ્વેષ રહેતા નથી. આહા..હા..! બે વચ્ચે **'(-યત્નપૂર્વક) સાવધાનપણે પટકવામાં આવી થકી,...'** આહા..હા..! ઝીણી વાતું બહુ ભાઈ! એનો અર્થ એ કે આત્માની વર્તમાન દશાને એ રાગનું જ્ઞાન હો, એ જ્ઞાનની પર્યાય છે તે આત્માથી જુદી નથી, પણ રાગ છે તે જુદો છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપનો રાગ ઊઠે છે એ ચીજ જુદી છે અને એને આ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા જાણે, જાણે એ તો પોતાની પર્યાય છે. કીધુંને, જેમ મીણમાં સિંહનો આકાર આવે એ તો મીણસ્વરૂપ છે, એમ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા એમાં રાગ-દ્વેષનું જ્ઞાન થાય એ તો જ્ઞાન તો આત્માનું સ્વરૂપ છે. રાગ ભિન્ન છે, પણ જ્ઞાનનું જાણવું એ આત્માની પર્યાયથી ભિન્ન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ હવે માંડ સાંભળવા મળ્યો ન હોય. હજી તો અર્થ કરતા આવડતો ન હોય પાઠ બોલે એમાં. આહા..હા..!

ઓલા તસ્સઉતરીમાં આવતું નથી? વિશલ્યી કરણેણં. એના અર્થની ખબર ન મળે. વિશલ્યી કરણેણં, તસ્સઉતરી કરેણેણં, પ્રાયશ્ચિત કરણેણં ... વિશલ્યીકરણેણં નામ મિથ્યાત્વ, અજ્ઞાન, નિદાન, માયા, શલ્યથી રહિત. તો મિથ્યાત્વથી રહિત કોને કહેવું? આહા..હા..! એવા તો અનંતવાર ખોખા પહેર્યા અનંતવાર જગતમાં. પણ વીતરાગે કહ્યું એવું રાગ અને ભગવાન આત્મા વચ્ચે ભેદ પાડ્યો નહિ. એ સાવધાનપણે પટકતાં. આહા..હા..! **'આત્મા અને કર્મ—બન્નેના સૂક્ષ્મ અંતરંગ સંધિના બંધમાં...'** આહા..હા..! એ દાખલો તે દિ' આપ્યો હતોને. પથરા હોય છેને? આ રાજકોટની બહાર દિશાએ જઈએને. આ તો ઘણા વર્ષની વાત. ઘણાં પથરા લાખો મણ. એમાં રગ હોય ઝીણી રગ. ધોળી, લાલ એવી રગ ઝીણી ઝીણી દોરા જેવી આટલી, એમાં એ ખોદીને દારૂ નાખે. લાખો મણ પથરા ઊડી જાય. બેય એક ન હોય. વચ્ચે સંધિ હોય છે. રગ ઝીણી હોય છે. જોઈ નહિ હોય તમે. લાખો મણ પત્થરમાં ઝીણી એક રગ ઝીણી. ઉપરના નીચલા પત્થર એક ન થઈ ગયા હોય. એમ આ ભગવાન જ્ઞાનસ્વરૂપી અને પુણ્ય-પાપનો ભાવ બે એક થયા નથી અંદર. આવી વાતું હવે. અરે! ભગવાન એનામાં તો કેવળજ્ઞાન લેવાની તાકાત છેને. આહા..હા..! એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે એવી શક્તિનું સ્વરૂપ છે એ પ્રગટ કરી શકે છે. એને આ પહેલી દશાઓ પ્રગટ કરવામાં સમજાય પણ નહિ એમ કેમ હોય બાપુ? આહા..હા..! મારગડા વીતરાગના બહુ જુદાં નાથ. કહે છે, **'સાવધાનપણે પટકવામાં આવી થકી, આત્મા અને કર્મ બન્નેના સૂક્ષ્મ અંતરંગ સંધિના બંધમાં શીઘ્ર પડે છે.'** લ્યો, ત્યાં હવે શીઘ્ર નાખ્યું. જોયું! વસ્તુ આત્મા જે છે એ જ્ઞાનપ્રકાશનું પૂર છે અને રાગ ને વિકલ્પ ઊઠે છે તે અંધકાર છે. કેમકે એ પોતે કાંઈ જાણતા નથી. જાણનારો તો ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એ એને જાણે છે કે આ રાગ છે. એ જાણનારની જ્ઞાનની પર્યાય જે છે રાગને જાણવાની એ પર્યાયને અંતરમાં વાળતા

રાગથી આત્મા જુદો પડે, એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. ધર્મની પહેલી સીઢી આ છે. બાકી બધી વાતું કરે, લોકો ગમે તે કરે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરની માર્ગની શરૂઆત અહીંથી થાય છે. સમજાણું કાંઈ?

'**आत्मानम् अन्तः-स्थिर-विशद-लसद्-धाम्नि चैतन्यपूरे मग्नम्**' '**આત્માને તો જેનું તેજ અંતરંગમાં સ્થિર...**' છે. આહા..હા..! આત્મામાં ચૈતન્યનું તેજ તો ધ્રુવ છે. આત્મા છે એ અનાદિ-અનંત અવિનાશી છેને? કોઈએ કરેલો છે? નાશ થાય એવો છે? એ પોતાના સ્વભાવથી ખાલી છે? એવું અનાદિ-અનંત આ આત્મતત્ત્વ જે છે એનું તેજ. કીધું? '**જેનું તેજ અંતરમાં સ્થિર...**' છે. ધ્રુવ છે, જ્ઞાનસ્વરૂપી તેજ અંદર ધ્રુવ છે, નિત્ય છે. આહા..હા..! હવે પોતે જે નિત્ય અને ધ્રુવ છે એની નજરું કરવી નથી, તેથી આ અનિત્ય ને અસ્થિરને સ્થિર નિત્ય કરવા માગે છે. આ બધા શરીર, વાણી, મન, બધું અસ્થિર નાશવાન છે. ક્ષણમાં નાશ (થઈ જશે). આહા..હા..! ઓલા બુધવારે થયુંને માણેકલાલભાઈનું. એક મિનિટ. ફૂ આમ ડોક્ટર. દેહ છૂટી ગયો. દાહોદવાળા. આહા..હા..! કાંઈ ન મળે. પીધો ઓલો ઉકાળો કાંઈક પીધો હશે. ફૂ.. દેહ નાશવાન છે, જડ (ક્યે) ક્ષણે કે દિ' ક્યારે પડશે? શરીર નાશવાન, વાણી નાશવાન, મન નાશવાન, વિકાર નાશવાન અને આ બહાર સંયોગો સ્ત્રી, કુટુંબ, પરિવાર એ તો બધી પર ચીજો ક્યાંય પોતાને કારણે આવીને ત્યાં રહી છે. એ પણ ક્ષણમાં પલટતા વાર નહિ લાગે. તો આ નિત્ય છે એની નજર નથી. એથી જે અનિત્ય છે તેને નિત્ય કરવા મથે છે, એને રાખવા મથે છે (કે) આ વધારે કાળ રહે, વધારે કાળ રહે. આહા..હા..! આ બધી ભ્રાંતિ ને ભ્રમણા મિથ્યાત્વ છે. આહા..હા..! મિથ્યાદર્શન શલ્ય પાપ છેને મોટું? એની ખબર પણ નથી એને.

કહે છે '**જેનું તેજ...**' આહા..હા..! '**અંતરંગમાં સ્થિર...**' નામ ધ્રુવ '**અને નિર્મળપણે...**' બે વાત લીધી. આહા..હા..! આત્મા જે વસ્તુ છે તેનું તો તેજ નિર્મળ છે જ્ઞાન અને તે ધ્રુવ છે. આહા..હા..! આ નાશવાન છે એવી એ ચીજ ધ્રુવ છે એ નાશવાન નથી. પર્યાય બદલે, એની અવસ્થા બદલે, પણ વસ્તુ છે એ તો ધ્રુવ નિર્મળ છે. આહા..હા..! '**અંતરંગમાં સ્થિર અને નિર્મળપણે દેદીપ્યમાન છે એવા ચૈતન્યપૂરમાં...**' દેખો, લ્યો! ચૈતન્યપૂર. હવે આવો સાંભળ્યો પણ ન હોય શબ્દ કોઈ દિ'. આ દેહના હાડકા, ચામડા આ છે આ તો. એમ અંદર ભગવાન ચૈતન્યનું પૂર ભિન્ન છે. આત્મા અંદર ભગવાન ભિન્ન છે. આહા..હા..! એ તો ચૈતન્યનું પૂર છે. ચૈતન્યનો ગંજ અને ચૈતન્યનું સ્વરૂપ આખું અખંડ છે. આહા..હા..! એના ઉપર દૃષ્ટિ જતાં વર્તમાન જ્ઞાનની દશા રાગથી ભિન્ન પાડી નાખે છે. સમજાણું કાંઈ? ભાષા તો સાદી આવે છે. ભાવ તો ભાઈ જે હોય એ, બીજા શું થાય? ત્રણલોકના નાથ સર્વજ્ઞ જેને ઈન્દ્રો સાંભળવા આવે, જેને વાઘ ને નાગ સાંભળવા આવે (એ) વીતરાગની વાણી કેવી હશે? બાપુ! આહા..હા..!

અહીં કહે છે કે ચૈતન્યનું પૂર. આહા..હા..! અંતરંગમાં, જેના તેજ અંતરંગમાં રાગથી ભિન્ન સ્થિર નિર્મળપણે દેદીપ્યમાન છે. '**એવા ચૈતન્યપૂરમાં (ચૈતન્યના પ્રવાહમાં)...**' ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જાણવું... જાણવું... જાણવું... જાણવું...

જાણવું... જાણવું.... જાણવું... એવો એનો પ્રવાહ અનાદિ નિત્ય છે. આહા..હા..! **'એવા ચૈતન્યપૂરમાં (ચૈતન્યના પ્રવાહમાં) મગ્ન કરતી... '** પ્રજ્ઞાછીણી. વર્તમાન જ્ઞાનની દશામાં અંતર્મુખ વાળતા પ્રજ્ઞાછીણી મગ્ન કરતી અંદર. **'बन्धम् अज्ञानभावे नियमितम्'**. આહા..હા..! જેટલો વિકલ્પ રાગ ઊઠે છે એ અજ્ઞાન છે. જેટલી વૃત્તિઓ ઊઠે શુભ-અશુભ એ અજ્ઞાન છે એટલે એમાં ચૈતન્યસ્વરૂપનો અભાવ છે. રાગમાં ચૈતન્યસ્વરૂપનો અભાવ છે. એવો જે રાગ તેને અહીં અજ્ઞાન કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ગાથા બહુ ઊંચી આવી છે! આહા..હા..!

**'बन्धम् अज्ञानभावे नियमितम्'** એ શું કહ્યું? કે આ આત્મા જે અંદર છે એ તો હાડકા, ચામડા, જડ, માટીથી તો બંધ જુદી ચીજ છે અને પુણ્યના-પાપના ભાવ થાય છે એમાં કાંઈ ચૈતન્યના નૂરના પૂરનો પ્રકાશનો અંશ નથી. આહા..હા..! એ તો જેમ ધૂળના કણિયા છે એમ એ રાગના જડ કણિયા છે. ઝીણી વાત, ભાઈ! શું થાય? આહા..હા..! અરેરે! ચોર્યાસી લાખના અવતારમાં મરીને હેરાન થઈ ગયો છે. અજ્ઞાની માને કાંઈક પાંચ-પચ્ચીસ લાખ રૂપિયા થાય, છોકરા હોય ઠીક, બાયડી ઠીક (હોય તો) જાણે અમે સુખી છીએ. મૂર્ખનો સરદાર છે, મોટો મૂર્ખનો સરદાર. દુઃખના દળમાં પડ્યો અને કહે અમે સુખી છીએ.

**શ્રોતા :-** ..ખુરશી તો એને મળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખુરશો મળે એમાં શું દાળિયા થયા? તે દિ' અહીં હતાને ગત મંગળવારે? મંગળવારે હતાને? શાહુજી અહીં હતા. ચાલીસ કરોડ રૂપિયા. દિલ્હી-દિલ્હી. શાંતિપ્રસાદ શાહુજી. આ ત્રણ દિ' હતા વ્યાખ્યાનમાં. ત્રણેય વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતાને દિલ્હીથી. અહીં પ્રાંચી થઈને આવ્યા હતા. આ પણ બધા નરમ-ગરમ. આમ બધા ઓલા થઈ ગયેલા, જાણે કાંઈ ન મળે માલ. ચાલીસ કરોડ રૂપિયા. ઈ ધૂળમાં શું થયું તારું? એ તો માટીના કાંકરા એમાં તને શું છે? શરીર સુંદર હોય રૂપાળું. એ તો માટી છે આ તો. આહા..હા..! ક્ષણમાં બગડતા વાર ન લાગે. એમાં ઓલામાં આવે છેને. ક્ષણમાં હોય ખોખું એવું આવે છે. સજ્ઝાય આવે છેને સજ્ઝાય. સજ્ઝાય માળા આવે છે ચાર. એક એક સજ્ઝાય માળામાં ૨૦૦-૨૫૦ સજ્ઝાય છે. ચાર સજ્ઝાય માળા છે. 'ક્ષણમાં ભાગે રે ખોખરું.' એ બધું ઘણાં વખત પહેલાં દુકાન ઉપર વાંચતા આ તો. ૬૪-૬૫ની સાલ. ૬૪ અને ૬૫ની સાલ. એવું કાંઈક છે, જેમ ભાંડ ભાંડ જેવું. વાસણ હોયને માટીનું? જે માટીનું ભાંડ રે ક્ષણમાં લાગે રે ખોખરું. ક્ષણમાં આ ટૂકડો હોય અને ભૂક્કો. ક્ષણમાં આવું હોય ત્યાં ફૂ થઈ જાય. જાવ રખડવા ચાર ગતિ. આહા..હા..!

કહે છે, **'બંધને અજ્ઞાનભાવમાં...'** એકદમ આની કોર જ્યારે (વળે), સ્થિર અને નિર્મળ ચૈતન્યપૂર, ત્યારે આ બાજુ રાગ અને દ્વેષ એ અજ્ઞાન. આહા..હા..! સમજાણું કાંઈ? **'બંધને અજ્ઞાનભાવમાં નિશ્ચળ (નિયત) કરતી... '** આહા..હા..! **'अभितः भिन्नभिन्नौ कुर्वती '** **'એ રીતે આત્મા અને બંધને સર્વ તરફથી ભિન્ન ભિન્ન કરતી પડે છે.'** લ્યો. **'रभसात्'** આવ્યું છેને? **'रभसात्'** **'શીઘ્ર...'** એ ઓલામાં એક સમય લીધો છે, કળશમાં. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એક

સમય .... આત્મા ચૈતન્યનું પૂર ધ્રુવ નિત્ય છે એના ઉપર નજર પડતાં, નજર છે એ વર્તમાન પ્રજ્ઞા-અનુભવ. એ ત્રિકાળનો અનુભવ કરતાં, રાગ જે છે એ અજ્ઞાન છે એમાં કાંઈ જ્ઞાનનો પ્રકાશનો ભાગ નથી, એ તો અંધકાર છે. આહા..હા..! બેની અંદર પ્રજ્ઞાછીણી મારતાં બે જુદાં પડી જાય છે. છે?

'**આ રીતે આત્મા અને બંધને સર્વ તરફથી ભિન્ન ભિન્ન કરતી પડે છે.** ' લાકડામાં જેમ છીણી મારે તો બે કટકા થઈ જાય. આહા..હા..! એમ આત્મા અને આ જડ રાગ. શરીર તો જડ છે, માટી આ તો ધૂળ છે. આહા..હા..! પણ અંદરમાં દયા, દાન અને વ્રત, ભક્તિના પરિણામ ઊઠે છે એ રાગ છે શુભરાગ. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ પાપરાગ. બેય વિકાર રાગ તે અજ્ઞાન છે એમ કહે છે અહીંયાં. આ બાજુ એક કોર જ્ઞાનસ્વરૂપ અને આ બાજુ એક કોર અજ્ઞાન. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ બહુ ઝીણો બાપુ! એટલે આકરું લાગે. તો અત્યાર સુધી આ કરીએ છીએ એ શું છે બધું? શું કરતો હતો? ધૂળ કરે? રાગ કરે. અમે આ કરીએ, સામાયિક કરીએ, અમે પોષા કર્યા, પડિક્કમણા કર્યા. હજી આત્મા કોણ છે, સમ્યગ્દર્શન કોણ છે એના ભાન વિના વસ્તુ ક્યાં આવી? ધર્મ ક્યાં હતો? આહા..હા..!

કહે છે, એ '**સર્વ તરફથી ભિન્ન ભિન્ન કરતી પડે છે.**' આહા..હા..! કોઈ અંશે પણ રાગ આત્મામાં ભેળવે અને જ્ઞાનની પર્યાય રાગમાં જાય એમ નહિ. આહા..હા..! સર્વ તરફથી, ચારે બાજુથી. આહા..હા..! મારું સ્વરૂપ દ્રવ્ય, મારું સ્વરૂપ ક્ષેત્ર, મારું સ્વરૂપ કાળ અને મારો ભાવ તદ્દન રાગથી ભિન્ન છે. આહા..હા..! હવે આવી વાત ઝીણી પડેને માણસને. શું કરે? બાપુ! માર્ગ તો આવો વીતરાગનો છે. અપૂર્વ છે, પૂર્વે કોઈ દિ' કર્યો નથી. કર્યો હોય તો જન્મ-મરણ હોય નહિ. આ રખડવા ચોર્યાસીના અવતાર. આહા..હા..! ભિખારાવેડા જ્યાં ત્યાં પૈસા લાવો, બાયડી લાવો, છોકરા લાવો. મોટા માગણ છે. બાબુભાઈ! આ લાવો... આ લાવો... આ લાવો... હું તો ભગવાન છું, મારે કોઈ ચીજ જ જોઈતી નથી. રાગ એ મારો નથી, ત્યાં વળી કોણ મારું છે? આહા..હા..! એવી અંદર સમ્યગ્દૃષ્ટિ થાય, સાચી દૃષ્ટિ થાય ત્યારે જ્ઞાન સાચું થાય, ત્યારે ધર્મની શરૂઆત થાય. આહા..હા..! આઠ વર્ષની બાળિકા પણ સમ્યક્ પામે ત્યારે આ રીતે પામે. આઠ વર્ષની બાળિકા હોય. સમ્યગ્દર્શન પામે તો આ રીતે પામે. આહા..હા..!

'**ભાવાર્થ :- અહીં આત્મા અને બંધને ભિન્ન-ભિન્ન કરવાનું કાર્ય છે.** ' છેને? ભગવાન આત્મા અસ્તિ છે નિત્ય અનાદિ અનંત જુદી (વસ્તુ) અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપ ક્ષણિક વિકારી જુદાં, બેયને '**ભિન્ન-ભિન્ન કરવાનું કાર્ય છે તેનો કર્તા આત્મા છે.**' જુદાં કરવાનો કર્તા આત્મા છે, કાંઈ ઈશ્વર કરવા આવતો નથી. કોઈ ઈશ્વર કર્તા નથી આત્માનો. સમજાણું કાંઈ? સ્વતઃસિદ્ધ વસ્તુ અનાદિ અનંત પોતે છે. એનો કોઈ કર્તા-ફર્તા ઈશ્વર નથી કે ઈશ્વર હતોને આ બધું બનાવ્યું. બધું ગપ જૂઠું છે. આહા..હા..! પોતે જ ભગવાન આત્મા, પોતે જુદું પાડવાના કાર્યનો કર્તા છે.

'**ત્યાં કરણ વિના કર્તા કોના વડે કાર્ય કરે?**' એ પુણ્ય-પાપના ભાવથી ભિન્ન પડવામાં કર્તા તો પ્રભુ આત્મા છે. એ કર્તા, કરણ નામ સાધન વિના કેના વડે જુદો પાડે? '**તેથી કરણ પણ**

જોઈએ.' સાધન જોઈએ. આ સાધન-સાધન. માણસ કહે છેને સાધન લાવો, સાધન લાવો. '**નિશ્ચયનયે કર્તાથી ભિન્ન કરણ હોતું નથી;...**' સત્યદૃષ્ટિએ જોઈએ તો કરનારો ભગવાન આત્મા પુણ્ય-પાપથી ભિન્ન પડવામાં તો એનું કરણ નામ સાધન પણ કર્તાથી જુદું હોઈ શકે નહિ. કર્તા પણ આત્મા અને કરણ પણ આત્મા. પર્યાયની વાત છે. સમજાય છે કાંઈ? હવે કર્તા ને કરણ ને આવી વાતું આ. આહા..હા..! અહીં તો હજી બે નાખ્યા છે, છએ જોઈએ. આહા..હા..!

'**માટે આત્માથી અભિન્ન એવી આ બુદ્ધિ જ આ કાર્યમાં કરણ છે.** ' લ્યો! એ પુણ્ય-પાપના ભાવ જે વિકારી છે એ પરસન્મુખ દિશાએ થતાં ભાવ એને સ્વસન્મુખની દશાવાળી પ્રજ્ઞા બે ભિન્ન કરવામાં કરણ એ છે. આહા..હા..! હવે બહારનું લાકડું હોય તો કરવતે કાપીને જુદાં પાડવા. હવે આ (કેવી રીતે જુદાં પાડવા)? અહીં કહે છે, અંદરની જ્ઞાનની છીણી એ કરવત છે. કહો, સમજાય છે કે નહિ? એય..! નામ શું તારું? જયેશ. ઘણા દિ'થી છે. ઓલો ગયો તારો ભાઈ માસીનો? આ બે અબજ ને ચાલીસ કરોડનો ભાણિયો છે ઈ. એની બહેનનો દીકરો. શાંતિલાલ ખુશાલ ગોવાવાળા નહિ? આપણા દશાશ્રીમાળી પાનસણાના. શું કહેવાય? જોરાવરમાં મકાન છેને? જોરાવરમાં. શું કીધું?

**શ્રોતા :-** ભાણિયાને ભાગ કેટલો મળશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય મળે નહિ, કોઈ આપતું નથી. ત્યાં કોણ આપે? ત્યાં દવા કરવા ગઈ હતી એની બહેન, તોપણ પૈસા દીધા હતા એવું કાંઈક સાંભળ્યું. પાંચસો આપ્યા હતા એવું સાંભળ્યું છે. નહિ? કાંઈક ઓલું દવાથી. હવે એની પાસે બે અબજ ચાલીસ કરોડ રૂપિયા. શાંતિલાલ ખુશાલ દશાશ્રીમાળી વાણિયો આપણો પાનસણાનો. આનો મામો, સગો મામો. આ પોપટભાઈનો દીકરો છે. લિંબડી, પોપટભાઈ. ધૂળેય કાંઈ ન મળે. મરી ગયો બે મિનિટમાં. પડ્યા રહ્યા એના રૂપિયા અને ધૂળ. ગયો ચાલીને. એની વહુ દોઢ વર્ષ સુધી... એ તો મરી ગયો ત્યાં મુંબઈ. મુંબઈ મરી ગયો. મકાન રહી ગયા અહીંયાં. કોકને ઘરે હતો. કોને ઘરે હતો એ મુંબઈમાં?

**શ્રોતા :-** કાંતિભાઈના વેવાઈ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાંતિભાઈના ઘરે? એ કાંતિભાઈ.

**શ્રોતા :-** આપણે ગયા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગયા હતા ખરા પણ એ કહે, મને દુઃખતું હતું એટલે મને કહ્યું કાંતિભાઈ કહે. કાંતિભાઈના ઘરે આપણે ગયા હતા, ઓલા મંદિરની જોડે. એ કહે ડોક્ટરને બોલાવો એમ કીધું. કાંતિભાઈ ત્યાં હશે. કાંતિભાઈ શેઠ. સગા એના. એ જ્યાં ડોક્ટર બોલાવાનું કહ્યું. ડોક્ટર આવ્યા ત્યાં તો દેહ છૂટી ગયો. પાંચ મિનિટમાં. કાંઈ નહિ. ધૂળમાંય નથી કાંઈ. તું કોણ છો એની તને ખબરું ન મળે અને જેમાં નથી એમાં માનીને બેઠો. મોટી ભ્રમણમાં ભૂલમાં રખડે છે. આહા..હા..!

અહીં કહે છે કે '**આત્માથી અભિન્ન એવી આ બુદ્ધિ જ આ કાર્યમાં કરણ છે.**' છેને? '**આત્માને અનાદિ બંધ જ્ઞાનાવરણાદિ કર્મ છે, તેમનું કાર્ય ભાવબંધ રાગાદિક છે...** ' રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ એ ભાવબંધ છે. ભગવાન જ્ઞાનસ્વરૂપ ભિન્ન છે અંદર. આહા..હા..! '**અને**

**નોકર્મ શરીરાદિક છે. માટે બુદ્ધિ વડે આત્માને શરીરથી, જ્ઞાનાવરણાદિક દ્રવ્યકર્મથી...** ' એટલે જડ કર્મ. રાગ એટલે ભાવકર્મ. '**ભિન્ન એક ચૈતન્યભાવમાત્ર અનુભવી...**' લ્યો! પ્રજ્ઞાનો અર્થ કર્યો પાછો. એક ચૈતન્ય સ્વરૂપ છું. મારી વસ્તુ તો જાણનાર-દેખનાર એવી ત્રિકાળી ચીજ છે એનો અનુભવ કરવો, '**જ્ઞાનમાં લીન રાખવો તે જ (આત્મા ને બંધનું) ભિન્ન કરવું છે.** ' લ્યો! '**તેનાથી જ સર્વ કર્મનો નાશ થાય છે, સિદ્ધપદને...**' નમો સિદ્ધાણં. એ ત્યારે સિદ્ધપદ મળે આવી રીતે કરે એને. બાકી આ સમજે નહિ અને કરે એને ધૂળ ચાર ગતિમાં રખડવાનું મળે. આહા..હા..!

ઘણાં શેઠિયાઓ તો મરીને ઢોરમાં જવાના. કારણ કે વાણિયા આપણે ત્યાં કંઈ દારૂ, માંસનો ખોરાક તો હોય નહિ. દારૂ ન હોય, માંસ ન હોય. માંસ ન ખાય બિચારા સારા માણસ હોય તો. હવે આ તો છોકરાઓમાં કલંક લાગી ગયું છે જુવાનિયામાં. એવું સાંભળ્યું છે છાપામાં આવે છે. માછલા ખાય ને એવું આવે છે. ઈંડા ઈંડા. આહા..હા..! મહાપાપ. આર્યને અડાય એને? એટલે એવું ન ખાય કદાચ એટલે નરકમાં ન જાય. માયા ને કપટ ને કુટિલતા ને મમતા હોય એ મરીને ઢોરમાં જાય. અહીં ભલે કરોડો રૂપિયા હોય. આહા..હા..! બીજે ભવે ઢોર. બાબુભાઈ! આવું છે. વીતરાગ તો એમ કહે છે, બાપુ! તારી તને ખબર ન મળે અને પરની મમતામાં ઘૂંચાઈ ગયો. આહા..હા..! એળે અવતાર જાશે પ્રભુ તારા. આ રાગ અને આત્માને ભિન્ન કરતાં તારો અવતાર સફળ થશે. આહા..હા..! તને આત્માની પ્રાપ્તિ થશે, તને આનંદ મળશે, તને ખાત્રી થશે કે હવે તો મારે જન્મ-મરણના અંત આવ્યા. આહા..હા..! સમજાણું કાંઈ? એ કોઈને પૂછવા નહિ જવું પડે ભગવાનને એમ કહે છે. આવે છેને નિર્જરા અધિકારમાં? બીજાને પૂછીશ નહિ. તારો આત્મા અંદર આનંદસ્વરૂપ છે એને જોને, જાણને તો તને ખાતરી થશે કે આ આનંદસ્વરૂપ છે મારું. આહા..હા..! વર્તમાનની વાતથી આખી વાતનો ફેર બહુ. એટલે પહેલાં તો નવી સાંભળતા (એમ લાગે), શું કહે છે એને પકડવું કઠણ પડે. કરે તો ક્યાંથી? લાવે કેમ? આહા..હા..! એ અહીં કહે છે, એ આત્મા જ્ઞાન અને આનંદ પ્રભુ છે અને પુણ્ય-પાપના ભાવ એ નવ તત્ત્વમાં એ વિકાર તત્ત્વ છે. નવ તત્ત્વ છેને? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ પુણ્યતત્ત્વ છે અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના પાપ છે. બેય તત્ત્વથી આત્મા તો ભિન્ન છે. આહા..હા..! એવા તત્ત્વની સંભાળ ન કરે અને ધ્યાન ન કરે અને પ્રગટ ન કરે એને રખડવાનું છે ચાર ગતિમાં. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આત્મા અને બંધને વિભાગ કરીને શું કરવું**' હવે ત્યારે? હવે શિષ્યનો પ્રશ્ન ચાલે છે. આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ પ્રકાશમૂર્તિ અને રાગ દયા, દાન, વ્રત, કામ, ક્રોધના વિકલ્પો એ રાગ, ભાવબંધ, ભગવાન અબંધસ્વરૂપ બેને જુદાં કરીને શું કરવું? '**એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છે :—**' લ્યો, આ ગાથા શેઠ આવ્યા ત્યારે આવી હતી. હુકમીચંદ. ત્યારે હતાને ભાઈ ઓલા બંસીધરજી. ૨૦૦૫ની સાલમાં નહિ? પહેલી. પહેલી નહિ બીજીમાં આવ્યા હતા. ત્યારે આ ગાથા આવી હતી. સર હુકમીચંદ, વીસ કરોડ. આંકડા વીસ કરોડ એની પાસે, ચાલીસ કરોડ એની પાસે. ધૂળમાંય ન મળે કાંઈ. આહા..! અનંતી લક્ષ્મી અંદર પડી છે આત્મામાં. અનંત જ્ઞાન, અનંત આનંદ,

અનંત શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એ લક્ષ્મીની ખબર ન મળે અને આ ધૂળની લક્ષ્મીમાં મોહ્યો મૂઢ.

અહીં કહે છે કે બેને જુદાં પાડીને પછી કરવું શું પણ હવે અમારે? જોયું! જુદાં પાડવાની વાત તો એણે સાંભળી. રાગ અને આત્મા (જુદા છે). કારણ કે પુણ્યતત્ત્વ છે એ તત્ત્વ ભિન્ન છે અને આત્મતત્ત્વ જ્ઞાયક એ ચૈતન્યસ્વરૂપ એ ભિન્ન તત્ત્વ છે. નવમાં ભિન્ન તત્ત્વ છે. નહિતર નવ ક્યાંથી રહ્યા? આહા..હા..! તો જુદાં કરીને કરવું શું? **'એમ પૂછવામાં આવતા હવે તેનો ઉત્તર કહે છે :—'** ગાથા.

**जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं।**
**बंधो छेदेदव्वो सुद्धो अप्पा य घेत्तव्वो।।२९५।।**

**જીવ બંધ જ્યાં છેદાય એ રીત નિયત નિજ નિજ લક્ષણે,**
**ત્યાં છોડવો એ બંધને, જીવ ગ્રહણ કરવો શુદ્ધને. ૨૯૫.**

આહા..હા..! ટીકા. એની ટીકા છેને? **'આત્મા અને બંધને પ્રથમ તો તેમના નિયત સ્વલક્ષણોના વિજ્ઞાનથી...'** એટલે? આત્માનું લક્ષણ જ્ઞાન અને બંધનું લક્ષણ રાગ. આહા..હા..! બેના લક્ષણથી **'પ્રથમ તો તેમના નિયત સ્વલક્ષણોના વિજ્ઞાનથી સર્વથા જ છેદવા... '** અહીં વજન હતું તે દિ'. તે દિ' અહીં હતું વજન ભાઈ! બંસીધરજી આવ્યા હતાને શેઠ સાથે. પહેલા કોઈ કહે કે કાંઈક વ્યવહાર કરતાં-કરતાં થાય. અહીં તો કહે છે, સર્વથા ભિન્ન પાડવા. તે દિ' આવ્યું હતું. બીજે વખતે આવ્યા હતાને, આમાં નહિ? ઓલા મકાન વખતે. ખાતમુહૂર્ત. ૨૦૦૩ની સાલમાં? ૨૦૦૨ સાલ. બેની સાલમાં આવ્યા હતા, બીજીવાર આવ્યા હતા.

શું કહે છે? વસ્તુ અંદર આત્મા અને કર્મ ને રાગ, વસ્તુ છે કે નહિ? તો હવે કહે છે કે રાગનો ભાવ જે છે એ ભાવબંધ છે. આહા..હા..! અને અંદર આત્મા જે છે એ જ્ઞાનસ્વરૂપ છે. બેને અંદરમાં જુદાં પાડવાની કળા પહેલા સર્વથાથી છેદવા. આહા..હા..! આરે..! બહારની વાત હોય તો ભાઈ! આ છરીએ કટકા કરવી. આ ઘીંસોડાનું શાક કરે. રસ કાઢી નાખે એના કટકા કરે. આનું શું કરવું? બાપુ! ભગવાનનો માર્ગ ઝીણો, ભાઈ! અનંતકાળ થયા, અનંત અનંતકાળ વીત્યો. નારકીના અનંત ભવ કર્યા, પશુના અનંત કર્યા, ગાયું, ભેસું, કાગડા, કૂતરો અનંતવાર થયો છે ભાઈ! ભૂલી જાય છે. જરી માણસ થયો, કાંઈક એમાં સગવડતા પાંચ-પચ્ચીસ લાખ રૂપિયા મળ્યા ધૂળના. થઈ રહ્યું, સલવાઈ ગયો. સાંગો કહે સલવાણો, કંઈક ચડ્યા ને કંઈક પાળા. ત્યાગી થઈને પણ સલવાણા પાછા રાગમાં મમતામાં. આહા..હા..!

અહીં તો (કહે છે), **'આત્મા અને બંધને પ્રથમ તો તેમના નિયત સ્વલક્ષણોના...'** આત્માનું લક્ષણ જ્ઞાન અને બંધનું લક્ષણ પુણ્ય-પાપના ભાવ વિકાર. બેને ભિન્ન લક્ષણ વડે કરીને અંતરમાં સર્વથા છેદવા. કથંચિત્ છેદવા એમ નથી કહ્યું. ચેતનજી! એ તે દિ' આ વાત ચાલી હતી કે જુઓ! અહીં તો આ કહ્યું (છે). રાગ કરતાં-કરતાં થાશે નિશ્ચય. દયા પાળો, વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, કરતાં-કરતાં થાશે. અહીં તો ના પાડે છે કે એ તો બધો વિકલ્પ છે એ અનંતવાર કર્યો. એને ભિન્ન પાડતાં થાશે,

રાખવાથી નહિ થાય. આવી વાતું ક્યાં સાંભળે બિચારા, મળે નહિ શું કરે? આહા..હા..! આ પાંચ-પચાસ હજાર પેદાશ થાય બાર મહિનાની. આ ભાઈ આજે આવ્યા નથી નહિ? હસમુખ. ખબર નહિ હોય એને વ્યાખ્યાન. ગાંધી–ગાંધી બોટાદવાળા નથી આવ્યા. આહા..હા..! એણે તો નાની ઉંમરમાં નિવૃત્તિ લઈ લીધી. મોટી દુકાન ચાલે છે. વેપાર છોડી દીધો, નિવૃત્તિ લીધી છે. છ ભાઈઓ છે. આહા..હા..!

અહીં તો કહે છે, પ્રભુ! એકવાર સાંભળને. આહા..હા..! તું કોણ અને વિકાર કોણ? એ બેના લક્ષણોને નક્કી તો કર. આહા..હા..! તું એક ચૈતન્ય વસ્તુ છો અનાદિઅનંત આત્મા છે. કાંઈ આત્મા નાશવાન નથી અને આ પુણ્ય અને પાપ નાશવાન છે. ઘડીકમાં પલટી જાય છે. રાગ પલટી જાય, વિકાર પલટી જાય. આહા..હા..! એ વિકાર અને આત્મા બેના લક્ષણોને બરાબર જ્ઞાનથી સર્વથા છેદવા. **'સ્વલક્ષણોના વિજ્ઞાનથી સર્વથા જ...'** પાછું એમ છે જોયું! આહા..હા..! **'सर्वथैव'** સંસ્કૃત એમ છે જોયું! **'सर्वथैव'** નિશ્ચય 'જ' છે. આહા..હા..! ઝીણી વાત છે, ભગવાન! ભગવાનનો માર્ગ બહુ ઝીણો. સમકિત જ હજી કોને કહેવું એની ખબર ન મળે અને ધર્મ થઈ ગયા બહારમાં!

અહીં તો પહેલું સમકિત પામવા પહેલાં શું કરવું પામવા વખતે? આહા..હા..! કે **'આત્મા અને બંધને પ્રથમ તો...'** શબ્દ છે જોયું! **'तावत'** છે. પહેલું શું કરવું? એમ પૂછે છે માણસ. પહેલાં આ કરવું એમ પાઠ છે સંસ્કૃત. આહા..હા..! છેને બાબુભાઈ! **'तावत'** છે સંસ્કૃતમાં. પહેલું શું કરવું? કે પહેલું આ કરવું. શું પહેલું કરવું? કે **'આત્મા અને બંધને પ્રથમ તો તેમનાં નિયત સ્વલક્ષણોના વિજ્ઞાનથી સર્વથા જ છેદવા...'** છેને પ્રથમ? પ્રથમ શબ્દ છે? **'આત્મા અને બંધને પ્રથમ તો...'** પહેલામાં પહેલું કર્તવ્ય કરવાનું હોય તો. આહા..હા..! ભગવાનની આજ્ઞા આ છે. જિનેશ્વરદેવ વીતરાગ પરમાત્મા. આહા..હા..! પહેલામાં પહેલું કરવાનું હોય તો **'તેમનાં...'** એટલે આત્મા અને બંધના નિશ્ચય લક્ષણોમાં જ્ઞાનથી. આહા..હા..! **'સર્વથા જ છેદવા...'** અહીં વજન છે. તે દિ' વ્યાખ્યા આના ઉપર બહુ આપી હતી. આ લોકો કહે છેને, વ્યવહાર કરતાં-કરતાં થાય. તો અહીં તો ના પાડે છે કે વ્યવહાર છે એ રાગ છે અને આત્મા તે ભિન્ન છે. બેને સર્વથા ભિન્ન કરવાથી લાભ થાય, સમકિત થાય. આહા..હા..! કહો, આમાં છે કે નહિ એ? પણ એમાં છે કે નહિ પાઠમાં? આહા..હા..!

**'આત્મા અને બંધને પ્રથમ તો તેમનાં નિયત...'** એટલે નિશ્ચય સ્વલક્ષણો—એના પોતાના લક્ષણ. આત્માનું જ્ઞાન જાણવું તે એનું લક્ષણ છે અને પુણ્ય-પાપના ભાવ રાગ એનું લક્ષણ છે. આરેરે! આ શું પણ? એના નિશ્ચય **'સ્વલક્ષણોના વિજ્ઞાનથી...'** પાછું જોયું! બેના નિશ્ચય સ્વલક્ષણો એનું સ્વરૂપ, એના જ્ઞાનથી આત્માના જ્ઞાનનું લક્ષણ જ્ઞાનલક્ષણસ્વરૂપ, રાગનું વિકાર લક્ષણ સ્વરૂપ એવા બેના જ્ઞાનથી **'સર્વથા જ છેદવા...'** કહો, આમાં આવ્યું કે નહિ ભેગું? વ્યવહારથી કાંઈ થાય એમ આવ્યું આમાં? વ્યવહારથી થાય બંધ. અનાદિથી કરી રહ્યો છે બંધ તો. આહા..હા..! એનો પોતાનો આત્મા અંદર આનંદ છે એનો જ્યાં સુધી આશ્રય ન લે ત્યાં સુધી રખડવાના છે બધા ચોર્યાસીના અવતાર. આહા..હા..!

પહેલું શું કરવું? અને કઈ રીતે કરવું? અને કેમ કરવું? કે પહેલા આત્મા અને બંધના લક્ષણો નિશ્ચય જાણવા અને એ લક્ષણના જ્ઞાનથી બેયને સર્વથા છેદવા. જે જ્ઞાનની વર્તમાન દશા છે એને એકદમ અંતરમાં વાળવી. રાગ સન્મુખ છે તેને આમ વાળવી, એ સર્વથા છેદવા કહ્યું. કહો, નવલચંદભાઈ! વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી એમ કાંઈ આવ્યું નહિ આમાં તો. ઘણે ઠેકાણે આવે વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી લ્યો! કઈ અપેક્ષાએ વાત છે? અરેરે..! આકરું કામ બહુ. આહા..હા..!

એક ક્ષણમાં ચાલ્યા જાય બિચારા શરીર છોડીને. જાવ. બાવીસ વર્ષનો છોકરો નહિ? હમણા કીધું નહિ? ભાઈનો પ્રેમજીભાઈનો ભાણેજ, બાવીસ વર્ષનો નહિ? કેન્સર. કેન્સરમાં ઊડી ગયો હમણાં. આપણા પ્રેમજીભાઈના બહેનનો દીકરો. આહા..હા..! આપણા જલાલ શું કહેવાય એ? શું નામ? જલગાંવ. સાયલાના વજુભાઈ. વ્રજલાલભાઈ સાયલાના જલગાંવમાં છેને. કારખાનું છે મોટું. એના ફઈનો દીકરો લ્યો! ૨૬ વર્ષનો. અમેરિકામાં પાસ ૯૦ ટકે પાસ. માન બહુ આપ્યું લોકોએ, બહુ માન આપ્યું. ઓહોહો..! તમે કાઠિયાવાડી અને અમારા અમેરિકામાં આટલા નંબરે પાસ. બહુ માન આપ્યું લોકોએ. અગિયાર વાગ્યા સુધી માન આપ્યું. સૂતો. સવારમાં જોવે તો કાંઈ ન મળે. મરી ગયો. આહા..હા..! એ કરવાના બાકી રહી ગયા બધા. આહા..હા..! અહીં જાવું છે ને અહીં જાવું છે, પછી અહીં પરણવું છે. એ પાસ થયા એટલે સારા ઘરની કન્યા મળશે. મરી ગયા. સવારમાં જોવે તો મડદું. ઓલું શું થયું? હાર્ટફેઈલ થઈ ગયું હશે. એક ક્ષણમાં નાશવાન બાપુ! કોના ભરોસા કરવા? આહા..હા..!

અહીં તો એ કહે છે, '**સર્વથા જ છેદવા...**' બહુ વજન. કેટલું વજન છે! ત્રણ-ચાર વાત છે એમાં તો. એક આત્મા અને બંધ બે. પહેલામાં પહેલું તેમને નિશ્ચય સ્વલક્ષણોના જ્ઞાનથી, નિશ્ચય સ્વલક્ષણના જ્ઞાનથી. રાગથી નહિ, એના સ્વલક્ષણના જ્ઞાનથી. રાગનું જ્ઞાન અને આત્માનું જ્ઞાન બેયના લક્ષણના જ્ઞાનથી. આહા..હા..! '**સર્વથા જ છેદવા અર્થાત્ ભિન્ન કરવા;...** ' આહા..હા..! અંતરમાં ભગવાન જ્ઞાનસ્વરૂપી અવિનાશી બિરાજે છે પોતે આત્મા અને રાગાદિ કૃત્રિમ વિકાર છે એ તો ક્ષણિક ઉત્પન્ન, બેને અંદર એના લક્ષણથી, લક્ષણના જ્ઞાનથી સર્વથા જુદાં પાડવા. આહા..હા..! લ્યો!

'**પછી, રાગાદિક જેનું લક્ષણ છે એવા સમસ્ત બંધને તો છોડવો...**' ભેદજ્ઞાનની વ્યાખ્યા છેને એટલી હજી. છે વિકલ્પાત્મક. આને છોડવો અને આને ગ્રહણ છેને, ભિન્ન ભિન્ન. પ્રજ્ઞાછીણીમાં નાખ્યું છે. પ્રજ્ઞાછીણીનો છેને કળશ? એમાં નાખ્યું છે કે આ ભેદજ્ઞાન છે વિકલ્પ. કેવળજ્ઞાનની પેઠે નિર્વિકલ્પ નથી. આહા..હા..! પુણ્ય અને પાપ જેનું લક્ષણ છે '**એવા સમસ્ત બંધને તો છોડવો અને ઉપયોગ જેનું લક્ષણ છે એવા શુદ્ધ આત્માને જ ગ્રહણ કરવો.** ' લ્યો! જાણનાર-દેખનાર, જાણનાર-દેખનાર એવો ઉપયોગ, જેની ભૂમિકામાં જાણવું-દેખવું થાય તે આત્મા. આહા..હા..! જાણનાર દેખવાનો ઉપયોગ તે આત્મા અને પુણ્ય અને પાપના ભાવ તે રાગ બંધન. આહા..હા..! '**એવા શુદ્ધ આત્માને જ ગ્રહણ કરવો.**' જોયું! એ રાગને લક્ષમાંથી છોડવો અને આ બાજુ રાગરહિત શુદ્ધ આત્માને પકડવો, અનુભવવો. આહા..હા..! આનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. આમ કહેને લોકો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરો, નવ તત્ત્વની શ્રદ્ધા કરો, સમકિત છે. બધું ગપે ગપ

છે. કાંઈ ખબરું ન મળે. એવું તો અનંતવાર કર્યું છે. આહા..હા..!

'**એવા શુદ્ધ આત્માને જ ગ્રહણ કરવો.**' આહા..હા..! '**આ જ ખરેખર આત્મા અને બંધને દ્વિધા કરવાનું પ્રયોજન છે...**' પ્રયોજન આ છે. જુદાં પડવાનું પ્રયોજન આત્માને ગ્રહણ કરવું એ. આહા..હા..! '**બંધના ત્યાગથી શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.**' રાગનું લક્ષ છોડી અને અંતર શુદ્ધ આત્માનો અનુભવ કરવો એ આ કહેવાનું પ્રયોજન છે. ત્યારે તેને ધર્મ અને સમકિત થાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જ્યેષ્ઠ વદ-૧, ગુરુવાર, તા. ૦૨-૦૬-૧૯૭૭, ગાથા-૨૯૫ થી ૨૯૭, પ્રવચન નં. ૩૫૪

આ સમયસાર, ૨૯૫નો ભાવાર્થ છે. ભાવાર્થ છેને? '**શિષ્યે પૂછ્યું હતું...**' એનો અર્થ એ થાય છે કે એવો જીવ છે કે એને આત્મા અને રાગને ભિન્ન કેમ કરવા એવી જેની જિજ્ઞાસા છે. એવા શિષ્યે પ્રશ્ન કર્યો છે એને ઉત્તર દેવામાં આવે છે. '**શિષ્યે પૂછ્યું હતું કે આત્મા અને બંધને દ્વિધા કરીને શું કરવું?**' દ્વિધા કરવાનું પૂછ્યું હતું પહેલું. પછી કહે દ્વિધા કરીને જેટલો વિકલ્પ અને રાગ વ્યવહાર છે એ બધું બંધનું લક્ષણ છે અને આત્મા જ્ઞાનલક્ષણે લક્ષિત છે. બેને નિજના લક્ષણ વડે, જ્ઞાન વડે, નિજ નિજના લક્ષણના જ્ઞાન વડે અંદરમાં જુદાં કરવા. આ ક્રિયા. ત્યારે પૂછ્યું કે '**બંધને દ્વિધા કરીને શું કરવું? તેનો ઉત્તર આપ્યો કે બંધનો તો ત્યાગ કરવો...**' એટલે કે ચૈતન્યસ્વભાવ જે એનું લક્ષણ એનું જે જ્ઞાન થયું અને રાગ એ બંધનું લક્ષણ એનું જ્ઞાન થયું તો રાગને છોડવો અને આત્માના જ્ઞાનની પર્યાયને આત્માને ગ્રહવો. જ્ઞાનપર્યાય વડે આત્માને ગ્રહવો. '**શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.**' બહુ ટૂંકું. અહીં એમ નથી કહ્યું કે પહેલા દયા, દાન, વ્રત, ભક્તિ કરો, વ્યવહાર પહેલો કરો, પછી નિશ્ચય થશે. શિષ્યે પૂછ્યું નથી અને એનો ઉત્તર પણ એમ નથી. આહા..હા..! આ બધા ઝઘડા અત્યારે એ ચાલે છેને. સોનગઢની સામે નહિ પણ એના પોતાના સત્યની સામે. આહા..હા..!

આત્મા ચૈતન્યલક્ષણે લક્ષિત જ્ઞાન જાણવાલાયક છે. એ રાગના લક્ષણે જાણવાલાયક તો બંધ છે. બંધનું લક્ષણ તો રાગ છે. હવે જે બંધનું લક્ષણ છે એના વડે અબંધ એવા આત્માના પરિણામ પ્રગટ કેમ થાય? આ મોટી તકરાર આ છે અત્યારે. આ શાસ્ત્ર પરિષદ ને પલટન ને લલિતપુર ને. એ તોફાન કર્યું છે બધું. એ લોકો પાખંડી છે. એને છોડવો, છોડી દ્યો, મારો, પીટો એવું આવ્યું હતું. માર્યા હતાને ભાઈ રમેશને. એ વખતની ઉદયની સ્થિતિ. આવો માર્ગ નથી, બાપુ!

**શ્રોતા :-** જૈનધર્મમાં મારપીટ હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હોય કોઈ વિરોધ, એની દૃષ્ટિમાં ન બેસે એથી કોઈ વ્યક્તિ પ્રત્યે વિરોધ વેર ન હોવું જોઈએ. વસ્તુની સ્થિતિ ન બેસે...

અહીંયાં તો એ પ્રશ્ન કર્યો કે આત્મા વસ્તુ છે અને રાગાદિ બંધનું લક્ષણ છે. બે ચીજને જુદી લક્ષણથી ઓળખાવી. હવે જે બંધનું લક્ષણ છે એનું જ્ઞાન કરીને તેને છોડવો અને ચૈતન્યલક્ષણે આત્મા છે તેને જ્ઞાનની પર્યાયથી ગ્રહણ કરવો. આવી વાત છે. આવો માર્ગ છે. હવે ઓલાને કહે, વ્રત પાળો ને દયા પાળો ને આ કરો, ભક્તિ કરો થઈ જાય આત્માની મુક્તિ. એમ અહીં મળે એવું નથી એમ કહે છે.

હવે એક બીજો પ્રશ્ન. '**(આત્મા અને બંધને ભિન્ન તો પ્રજ્ઞા વડે કર્યા...**' જ્ઞાન વડે કરીને અનુભવ વડે એનો અર્થ એ. જ્ઞાનના અનુભવ વડે આત્માને અને રાગને જુદાં કર્યા. ધર્મચંદજી! આવી વાતું છે. '**પરંતુ આત્માને ગ્રહણ શા વડે કરાય?**' તમે કીધું કે શુદ્ધ આત્માને ગ્રહણ કરવો. છેલ્લે કહ્યું હતુંને? છેલ્લો શબ્દ છે. '**શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.**' ટીકામાં છે. શુદ્ધ આત્માને અંદર અનુભવવો અને રાગ છે એને જાણવું એનું લક્ષણ. જાણીને એના ઉપરથી લક્ષ છોડી દેવું. છોડીને અંતર આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપ છે તેને ગ્રહવો. ત્યારે શિષ્યનો પ્રશ્ન છે કે '**આત્માને ગ્રહણ શા વડે કરાય?—એવા પ્રશ્નનું તથા તેના ઉત્તરની ગાથા કહે છે :—**' એ પ્રશ્ન અને ગાથા બે ભેગી છે ૨૯૬માં.

**कह सो घिप्पदि अप्पा पण्णाए सो दु घिप्पदे अप्पा।**
**जह पण्णाइ विभत्तो तह पण्णाएव धेत्तव्वो।।२९६।।**
**એ જીવ કેમ ગ્રહાય? જીવ ગ્રહાય છે પ્રજ્ઞા વડે,**
**પ્રજ્ઞાથી જ્યમ જુદો કર્યો, ત્યમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે. ૨૯૬.**

**ટીકા.** બહુ જ ટૂંકુ અને એકદમ સારવાળી વાત છે. મોટા ઝઘડા છે એ બધા ઝઘડા મટી જાય એવી વાત છે. '**શુદ્ધ એવો આ આત્મા શા વડે ગ્રહણ કરવો?**' એ પ્રશ્ન. ગાથામાં પ્રશ્ન અને પ્રશ્નનો ઉત્તર બેય છે. '**શુદ્ધ એવો આ આત્મા...**' એટલે જુઓ ભાષા શું કરી છે? કે શુદ્ધ આત્મા. ત્રિકાળી નિત્ય ધ્રુવ શુદ્ધ આત્મા એ '**શા વડે ગ્રહણ કરવો?**' એને શા વડે અનુભવવો? એમ કહે છે. આહા..હા..! '**પ્રજ્ઞા વડે જ શુદ્ધ એવો આ આત્મા ગ્રહણ કરવો;...**' ઉત્તર. પ્રજ્ઞા વડે, જ્ઞાનની દશા વડે જેમ જુદો પાડ્યો હતો તેમ જ જ્ઞાનની દશાએ તેને અનુભવવો, ગ્રહણ કરવો. આહા..હા..! આ તો બધા વ્યવહાર અને નિશ્ચયના ઝઘડા આમાં તો ઊડી જાય છે. વ્યવહારથી કાંઈ થાય છે કે નહિ એમાં? આવે, બીજે ઠેકાણે આવે. આહા..હા..! ભિન્ન સાધ્યસાધન. આહા..હા..! એ તો નિમિત્ત છે એમ જ્ઞાન કરાવ્યું. નિમિત્ત કરે છે કાંઈ પરમાં એમ છે નહિ. નહિતર નિમિત્ત કહેવાતું નથી. ઝીણી વાત, ભાઈ! અરેરે! અનંતકાળથી પરિભ્રમણ કરે છે. બિચારી ઓલી બાઈ મરી ગઈ ભાઈ, સાંભળ્યું? રાજકોટ. બાઈ પાછળ બહેન નહોતી? એ ગુજરી ગયા કાલે કહેતા હતા, હાર્ટ એટેક. બિચારી બહુ આવતી. જામનગરમાં આવી હતી. અહીંયાં ૯૫ની સાલથી હોં. ૩૮ વર્ષ થયા. પારસી. પહેલા તો એનો ધણી મારતો અહીં આવે એટલે. મારે કે ન મારે હું તો જઈશ. પછી તો ધણી મૂકવા આવતો મોટરમાં. પરમ દિ' કાંઈક સાંભળ્યું હતું. ભાઈ શાંતિભાઈએ કહ્યું. ફૂલછાબમાં આવ્યું હશે. એના ધણીને ઓળખતા હતા, એ ઓળખતા હશે. પારસી બાઈ આવતી. ૩૮ વર્ષથી સાંભળતી લ્યો. ઘણાં પુસ્તકો અહીંના

એના ઘરે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા.. એ સાચી વાત છે. છેલ્લો ત્રીજો ભાગ માગ્યો એણે. આપો. નિહાલભાઈનું દ્રવ્યદૃષ્ટિપ્રકાશ માગ્યું હતું. સાચી વાત છે. .. ગુજરી ગઈ. આહા..હા..! હાર્ટ એટેક થઈ ગયો. આહા..હા..! ૬૨ વર્ષની ઉંમર હતી. ૬૨. આમ તો બિચારી કેટલી સાંભળવા આવતી, બેસતી જોડે. બરાબર આમ બહેનની સાથે જ બેસતા આ બાજુ. એવું છે. ક્યારે દેહ પૂરો થાશે... નિરોગપણું હોય એટલે હમણાં વાંધો ન આવે, એમ હોય ખરુંને? શરીરમાં રોગ ન હોય, કાંઈ ન હોય તો ઝટ મરી જાય? અરે! બાપુ! એક ક્ષણમાં થાય. થઈ રહ્યું કાંઈ ન હોય. આહા..હા..! અહીં તો કહે છે કે છૂટો તો પડશે. પણ છૂટો તેં પાડ્યો નથી માટે છૂટો પાડ. દેહ છૂટતા છૂટો તો પડશે જ. આ પરમાણુ રહેશે અહીં અને ચાલ્યો જશે, પણ અંદરમાં તેં છૂટો પાડ્યો નથી ત્યાં સુધી પરિભ્રમણ નહિ મટે. આહા..હા..!

કહે છે, '**પ્રજ્ઞા વડે જ...**' ભાષા પાછી જોઈ? ઓલામાં એમ હતું જોયું! સર્વથા જ એમ હતું. ૨૯૫માં. રાગના વ્યવહારને અને આત્માને તદ્દન સર્વથા ભિન્ન કરવા. જરીએ રાગની મદદ લેવી કે એના સહાયથી અંદર થાશે એ ભેદ પાડવામાં પણ 'સર્વથા' શબ્દ હતો પહેલો. છેને? અહીં પણ એ લીધું જોયું! આહા..હા..! '**પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.**' છેને ૯૬? આહા..હા..! શાંતિના કામ છે આ તો બાપુ! આ કાંઈ બહુ ભણતર કર્યા હોય અને બહુ હુશિયાર બહારમાં હોય ને સમજાવતા આવડે માટે સમજાય આ વાત. એવી નથી બાપુ! ઝીણી બહુ બાપુ! ભાઈ! આહા..હા..!

કહે છે કે સર્વથા જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એને જ્ઞાનના લક્ષણે જાણીને અને વ્યવહારરત્નત્રય આદિનો જેટલો રાગ છે એ બધાને બંધના લક્ષણે જાણીને બંધનો ત્યાગ કરવો. એટલે કે તેનું લક્ષ છોડવું અને આત્મા જે જ્ઞાનસ્વભાવ છે તેના લક્ષણે તેને પકડવો. એ જુદાં પડે. જુદાં પડ્યા પછી ગ્રહણ શી રીતે કરવો? હવે કહે છે. વારંવાર અનુભવ શી રીતે કરવો? એ પ્રજ્ઞા વડે જ શુદ્ધ એવો આત્મા ગ્રહણ કરવો. અનુભવ વડે જ આત્મા જણાય છે. પછી પણ અનુભવ વડે જ આત્મા પકડાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આમાં શું કરવું એ આમાં કાંઈ આવતું હશે? આ બહારનું શું કરવું પણ? આ બધા મંદિર બનાવ્યા ને આ બધા આ ૨૬ લાખના મંદિર. ભગવાન મોટા કેટલા પાંચ ફૂટ કે છ ફૂટ, ધમાધમ મોટી રથયાત્રા, ૨૬ હજાર માણસો લ્યો! એમાં કાંઈક હશે કે નહિ? રાગ હોય છે, હોય છે અશુભથી બચવા, એ ધર્મ નહિ. આહા..હા..!

એ પ્રજ્ઞા જ્ઞાનની પર્યાય જે લક્ષણ જ્ઞાન ચૈતન્યનું અને રાગ લક્ષણ બંધનું. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ હોય, વાણી સાંભળવાનો રાગ હોય, વાણી વાંચવાનો, શ્રવણ કરવાનો રાગ હોય... આહા..હા..! પણ એ રાગ બંધનું લક્ષણ છે અને ભગવાન જ્ઞાનલક્ષણે લક્ષિત છે. બેના નિયત લક્ષણના જ્ઞાન વડે તેને જુદાં કરવાં અને પછી પણ પ્રજ્ઞા વડે જ એનો અનુભવ કરવો. આહા..હા..! પછી પણ એમ કે, પહેલું તો કર્યું પણ પછી પાછો વ્યવહાર થાય ત્યારે વ્યવહારને લઈને (થાશે)? એક જણામાં આવ્યું હતુંને એ? છોટાલાલભાઈનું આવ્યું હતું છોટાલાલજીનું. વ્યવહાર કરે તો પછી ત્યાં

વિશ્રામ મળે તો એને અંદરમાં નિશ્ચય જવાને ઠીક પડે. છોટાલાલજીનું આવ્યું હતું. એ તો પછી બિચારા ફરી ગયા. આવીને ફરી ગયા કે મારું બધું ખોટું હતું. ઓલા છોટાલાલ નહિ? ઈંદોરવાળા. પહેલા કબુલાઈ ગયા હતા, વચમાં ફરી ગયા હતા, પાછા કબુલ કર્યું. માર્ગ તો ભાઈ આ છે. આહા..હા..!

અરે! આ જન્મ-મરણ કરીને જુઓને ક્ષણમાં. અહીં માણેકલાલભાઈ ગયા તો કહે એને પણ ખબર નહિ કે હું મરી જાઉં છું. ફૂ... થઈ ગયું. મરી જશે, દેહ છૂટશે કે કાંઈક કહેવું છે કે એ કાંઈ વખત જ રહ્યો નહિ. આહા..હા..! અહીં કહે છે કે કરવાનું તો આ છે બાપુ! જો કાર્ય કરવું હોય તો, અને એ કાર્ય કરવામાં તો કર્તા પ્રભુ આત્મા છે. એ આત્મા કર્તા છે અને એ જ કરણ છે. સાધન પણ રાગથી ભિન્ન પાડવાનું કરણ એ જ્ઞાનની પર્યાય અનુભવ એ સાધન છે. આહા..હા..!

**શ્રોતા :-** બહાર જવું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહારમાં છે ક્યાં કે એ જાય? આહા..હા..! આ પચ્ચીસ અધ્યાયમાં બહુ વર્ણન કર્યું છે કેવળજ્ઞાનનું. ઓહો..હો..! શું વર્ણન છે એ! કેવળજ્ઞાનની પર્યાય ને એ તો અરસ-પરસ, હા-ના, અસ્તિ-નાસ્તિ, ભાવ-અભાવ, એક-અનેક, ક્રમ-અક્રમ અને વર્ણવી વર્ણવીને એકલું માહાત્મ્ય વર્ણવ્યું છે. ચોવીસ અધ્યાય થયા, એક બાકી છે હવે વાંચવામાં. પણ ગજબ વાત કરી છે! આહા..હા..! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોક જણાય. કહે ના; એ તો જ્ઞાનની પર્યાય છે એવડી. ત્રણકાળ અને ત્રણલોક તો પરવસ્તુ છે. આહા..હા..! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ક્રમ-અક્રમ ચીજવાળીને ક્રમે કરીને જાણે એમ નહિ, અક્રમે જાણે. આહા..હા..! પોતામાં પણ ક્રમ અને અક્રમ છે. પર્યાયનો ક્રમ અને ગુણો (અક્રમ છે), છતાં જાણે છે કે એક અક્રમે એટલે એક સાથે. આહા..હા..! આવું ચૈતન્યસ્વરૂપ અને એની કેવળદશા અરિહંતદશા કેવળજ્ઞાન. આહા..હા..! શું પણ મલાવ્યું છે એણે! વસ્તુ તો એમ ને એમ લાગે એકની એક, પણ ભિન્ન... ભિન્ન... ભિન્ન... ભિન્ન પ્રકાર દરેક શ્લોકમાં ગજબ કામ કર્યું છે. ઓહો..હો..! પરમભક્ત છે કેવળજ્ઞાનીનો. અને લખ્યું છે અંદર, પ્રભુ! અમે તમારા જ્ઞાનના શ્રદ્ધાનો વિષય તમે છો. એટલે કે આત્મા છે શ્રદ્ધાનો વિષય એમ. આહા..હા..!

**'પ્રજ્ઞા વડે જ...'** શુદ્ધ એવો આત્મા. બે વિશેષણ. એક તો પ્રજ્ઞા વડે જ અને બીજું શુદ્ધ ત્રિકાળી એવા શુદ્ધ આત્માને, એવો આ આત્મા ગ્રહણ કરવો. આટલા શબ્દોમાં કેટલું બધું સમાડી દીધું! નિમિત્તથી થાય અને વ્યવહારથી થાય એ વાત તો અહીં ઉડાડી દીધી. તો અનેકાંત માર્ગ છેને ભગવાનનો તો? અહીં તો ના પાડે છે. પ્રજ્ઞા વડે જ શુદ્ધ આત્મા ગ્રહણ કરવો, બીજી રીતે ન ગ્રહણ થાય એનું નામ અનેકાંત છે. આહા..હા..! અરેરે! જન્મ-મરણના આંટા કરી કરીને (મરી ગયો), જુઓને. આહા..હા..! એક વખતે સાંભળ્યું નહોતું? ધંધુકામાં. મુસલમાનની એક ગાયને ખૂબ ખવરાવી આમ કરી ને પછી શણગારીને ગામમાં ફેરવી હતી. ફેરવીને પછી એક ઠેકાણે (લાવ્યા). આ થોડા વર્ષ પહેલાંની વાત છે. છાપામાં આવ્યું હતું. કટકા કર્યા પછી ઝીણા-ઝીણા. જીવતી ગાયના કટકા કરીને સૌને મોકલ્યા મુસલમાનને ઘરે. ૩૦-૪૦-૫૦ વર્ષની વાત હશે. ધંધુકામાં. ત્યાં હેમચંદ્રાચાર્ય થયા છે. ત્યાંના મોઢ હતાને. આહા..હા..! જીવતી ગાયને શણગારી ગામમાં ફેરવી. હિન્દુ લોકોને ખાતરી થાય

કે આ ગાયને મારવાના. આહા..હા..! પછી ઘરે ઝીણા-ઝીણા કટકા કરી આખી ગાયના (વહેંચ્યા). આહા..હા..! જુઓ, આ સ્થિતિ. નારાયણભાઈ કહેતા, હું પારસીને ઘરે ગયો તો એ પારસીએ એની ભઠ્ઠી મોટી અગ્નિની હતી એમાં એક ભૂંડને પગે સરિયો બાંધી ઝીણા અને આખું જીવતું ભૂંડ અગ્નિમાં નાખ્યું. જેમ શક્કરિયું શેકેને શક્કરકંદ, એમ ભૂંડને જીવતું એમાં નાખ્યું. આહા..હા..!

અને મેં તો એક નજરે જોયું છે ત્યાં અમારે પાલેજ. બહાર જંગલ જવા જતો હતો અને જોડે દુકાન મુસલમાનની હતી. એની દુકાન દાણાની એટલે શું કહેવાય ઓલું તમારું? પીંજરું, ઉંદર પકડે એવું. ઉંદરીયું-ઉંદરીયું. ઉંદરીયું આમ મૂકતા હશે તો ઉંદર બહુ પકડાય એમાં. એમાં એક છોકરો ઊનું ધગધગતું પાણી કરી અને ઓલામાં નાખતો હતો. આહા..હા..! અરેરે..! આ શું કરે છે પણ તું આ? એ પણ મુસલમાન. આહા..હા..! ધગધગતા પાણી આમ ઉંદરીયામાં (નાખે). (અંદર) ગરી ગયા ઉંદર. દાણાના વેપારી (એટલે) ઉંદર બહુ આવે. ધગધગતું પાણી નાખ્યું અંદર. આહા..હા..! આ તો એક દૃષ્ટાંત છે. આ દુઃખ તો અનંતમા ભાગે છે નારકીના દુઃખ આગળ. બાપુ! એ ભૂલી ગયો છે. આહા..હા..! પહેલી નરકથી માંડીને સાતમી નરક અને પહેલી નરકની દસ હજાર વર્ષની સ્થિતિનું જે દુઃખ (એની સામે) આ દુઃખ તો સાધારણ. એથી અનંતગુણું દુઃખ છે. આહા..હા..! અરે! પ્રભુ! એનાથી છૂટવું હોય તો આ ઉપાય છે ભાઈ એક. આહા..હા..! રાગ છે એ દુઃખના કારણ છે અને દુઃખરૂપ જ છે. આહા..હા..! એ બંધનું લક્ષણ કહ્યું પણ એ દુઃખનું જ લક્ષણ છે ઈ. આહા..હા..! ચાહે તો શુભરાગ હોય કે ચાહે તો અશુભરાગ હોય, એ હરખના હોંશના રાગ બધા દુઃખરૂપ છે. આહા..હા..! એને પ્રજ્ઞાની વર્તમાન જ્ઞાનદશા દ્વારા એને અંતરમાં જુદું પાડીને એને અનુભવવું એમ કહે છે. તો એનાથી જન્મ-મરણરહિત થવાની આ એક રીત છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ જાણપણું હોય ને બહુ વાંચતા આવડતું હોય, લોકરંજન કરતાં આવડતું હોય તો એમાં વહેલો ધર્મ થાય, વહેલો બહુ થાય એવું કાંઈ છે નહિ. આહા..હા..!

'**પ્રજ્ઞા વડે જ શુદ્ધ એવો આ આત્મા ગ્રહણ કરવો;...**' કારણ? હવે કારણ આપે છે. '**શુદ્ધ આત્માને, પોતે પોતાને ગ્રહતાં,...**' શુદ્ધ નિર્મળ રાગ વિનાનો આત્મા અંદર એને અંતરમાં દૃષ્ટિમાં લઈને. આહા..હા..! '**શુદ્ધ આત્માને, પોતે પોતાને ગ્રહતાં,...**' પોતે પોતાને અનુભવતાં. આહા..હા..! '**પ્રજ્ઞા જ એક કરણ છે—**' ત્યાં પાછું નાખ્યું જુઓ, '**પ્રજ્ઞા જ એક કરણ છે—**' અનુભવ જ એક સાધન છે. રાગથી ભિન્ન પડવાનું, આત્માનો અનુભવ કરવો એ એક જ કરણ સાધન છે. આહા..હા..! માણસને કઠણ પડે, અભ્યાસ ન મળે અને બહારમાં વખત જાય. 'બાળપણ ખેલમાં ખોયા, જુવાની સ્ત્રીમાં મોહ્યા, ઘડપણ દેખકર રોયા.' નાની ઉંમરમાં સાંભળતા ત્યાં ઓલા રોજા કરે ને ઓલા મુસલમાન. રોજા-રોજા. એ બધા નીકળે. એ ગાતા પાલેજમાં. 'બાળપણ ખેલમેં ખોયા.' બાળપણ ૧૫ વર્ષ, ૨૦ વર્ષ ખેલમાં ખોયા. આમ રમત ને રમત ને ગમત ને. આહા..હા..! યુવાનીમાં સ્ત્રીમાં મોહ્યા. બસ, સ્ત્રી એક પરણ્યો અને દુર્ઘટના લાગી પછી એક સાથે. હમણાં ભાઈએ લખ્યું છેને? હુકમચંદજી. સ્ત્રી આવી એટલે દુર્ઘટના થઈ. આહા..હા..! ભગવાન પરણ્યા નહોતા માટે આ દુર્ઘટના

નહોતી મહાવીરને. લેખ લખ્યો છેને મોટો? આહા..હા..! ઓહો..હો..! એકના બે થયા ને બેના ચાર થયા ને... આહા..હા..! અરેરે..! રાગ વિનાનો ભગવાન આત્મા એને આ બધા સંબંધો હતા ક્યાં એના સ્વરૂપમાં? જ્યાં રાગનું સ્વરૂપ જ એના ચૈતન્યમાં નથી. આહા..હા..! તો રાગના એ તો બધા નિમિત્તો છે, એ તો બહુ દૂર રહી ગયા. આહા..હા..! એને જુદાં પાડવા એમ અહીં કહ્યું નથી, એ તો જુદાં છે જ. આહા..હા..! જે રાગનો વિકલ્પ ઊઠે છે એ છે તો જુદો પણ તેં માન્યો છે એક. બે વચ્ચે સાંધ તો છે, બે એક થયા નથી. એક થયા હોય તો છૂટા કોઈ દિ' પડે નહિ. આહા..હા..! આવી વાતું છે. આવો ધર્મ કઈ જાતનો? ઓલી તો એકેન્દ્રિયની દયા પાળવી, બે ઇન્દ્રિયની દયા પાળવી, ભગવાનની પૂજા કરવી લ્યો! બાપુ! એ બધા ભાવો છે એ શુભરાગ (છે). અશુભરાગથી બચવા આવે, હોય, જ્ઞાનીને પણ હોય, પણ વસ્તુસ્થિતિ મોક્ષનો માર્ગ નથી. આહા..હા..!

'એક કરણ...' ભાષા છે? **'પોતે પોતાને ગ્રહતાં, પ્રજ્ઞા જ એક કરણ છે—'** આહા..હા..! માથામાં ભેજામાં પકડવું કઠણ પડે હજી તો. આહા..હા..! ભેજા બધા થઈ ગયા જાડા. આહા..હા..! શું કહે છે એને ક્યાં જાવું ને કઈ રીતે ખસવું? એક હતાને ભાઈ, ક્ષુલ્લક આદિસાગર. અહીંનો પ્રેમ હતો બિચારા આવતા. બુદ્ધિ થોડી હતી પણ ટૂંકું બોલતા. 'પરથી ખસ, સ્વમાં વસ, ટૂંકું ટચ એટલું બસ.' એક આવતા અહીં. આપણે આ ઉદ્ઘાટન કર્યું હતુંને. ઓલું નહિ? શ્રાવિકાશાળા. તે દિ' આવ્યા હતા. એ પહેલાં આવ્યા હતા. ગુજરી ગયા બિચારા. ક્ષુલ્લક હતા, ભદ્રિક હતા. પ્રેમ હતો અહીંનો. ઘણાં પુસ્તકો મગાવીને પ્રચાર કરતાં હતા. આહા..હા..! આ રાગથી ખસ, આત્મામાં વસ, એ જ ટૂંકું ટચ એટલું બસ. આહા..હા..! પણ એ કાંઈ કામ (સહેલું નથી), અનંત પુરુષાર્થ છે ત્યાં. આહા..હા..! એ કાંઈ વાતે વડા થાય એવું નથી. આહા..હા..!

**'પ્રજ્ઞા જ એક કરણ છે... '** આહા..હા..! જુઓને, આટલું આવું તો સ્પષ્ટ કથન છે કે રાગથી ભિન્ન પાડવો એ અનુભવ એ એક જ સાધન છે. વળી વ્યવહાર એ સાધન છે એ તો કહ્યું છે એ તો આરોપિત નિરૂપણ કથન છે. વસ્તુ સાધન બે નથી, સાધન તો એક જ છે. સમ્યગ્દર્શનનો રાગમાં વ્યવહારસમકિતનો આરોપ આપીને કહ્યું એ નિરૂપણ કથન બે પ્રકારે. વસ્તુ તો એક જ સમ્યક્ થઈ ગઈ, બે નહિ. સાધનના પણ બે ભેદનું કથન છે. વસ્તુ સાધન એક જ છે આ. અંતરના જ્ઞાનની દશા દ્વારા આત્માને ભિન્ન પાડવો, ભિન્ન પાડીને તેને અનુભવવો એ એક જ સાધન મોક્ષનું છે. સમજાણું કાંઈ?

**'જેમ ભિન્ન કરતાં પ્રજ્ઞા જ એક કરણ હતું...'** જેમ જુદું પાડતાં જ્ઞાનની અનુભવદશા એ એક જ કરણ હતું. આહા..હા..! 'અનુભવ રત્ન ચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ, અનુભવ માર્ગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.' એ આ પ્રજ્ઞા એટલે અનુભવ. આહા..હા..! રાગ, પર તરફની દશા તરફના વલણવાળો જે રાગ છે ચાહે તો શુભ કે અશુભ એને બંધના લક્ષણે જાણવો. ભગવાન આત્માને જ્ઞાનના લક્ષણે ઓળખવો. આહા..હા..! એને બેને અંદર જુદાં પાડતાં જેમ પ્રજ્ઞા એક જ કરણ હતું એમ અનુભવવામાં પણ ગ્રહવામાં એક જ કરણ પ્રજ્ઞા જ છે. છે? **'જેમ ભિન્ન કરતાં પ્રજ્ઞા જ એક કરણ**

**હતું તેમ.**' તેમ ગ્રહતા પણ એક જ કરણ છે. ઓહો..હો..! ગાથા કેવી છે જુઓને! સ્પષ્ટ તો છે ચોખ્ખી વાત. છતાં વ્યવહારથી ન થાય એ માન્યતા એકાંત છે એવો પોકાર છે અત્યારે. આહા..હા..! અહીં તો આ પોકાર છે. આહા..હા..!

હજી જેને શ્રદ્ધાના ઠેકાણાં નથી એને ચારિત્ર-ફારિત્ર હોય ક્યાંથી! જેને અંદરમાં જ્ઞાનની જે પર્યાય વર્તમાન તેને અંતર્મુખ વાળતાં જ્ઞાનલક્ષણે લક્ષિત આત્મા જણાય, એ જ જ્ઞાનલક્ષણે આત્મા અનુભવાય, બીજું કોઈ સાધન છે નહિ. આહા..હા..! આ કરવું ત્યારે હવે અમારે રળવું ને ભણવું કે દિ'? પણ ભણતાં-ભણતાં મરી જાય ત્યારે શું કરવું? આહા..હા..! અહીં એક છોકરો મરી ગયો હતો નહિ? ભણતો આપણે આમાં બોર્ડિંગમાં. છાતીની વ્યાધિ હતી એને. છોકરો હતો નાની ઉંમરનો. ૧૫-૧૬ વર્ષનો. તે દિ' બોર્ડિંગ આ નહોતી. ઓલાપણે પોસ્ટ છેને ત્યાં હતી. આમ નીચે ઉતર્યો જરીક અંદર વાડામાં ત્યાં દેહ છૂટી ગયો ફડાક દઈને. દર્શન કરવા આવતો હતો. કાંઈક હશે અંદરમાં. આહા..હા..! અહીં છોડી આવી હતી નહિ કોકની? એને એવું છે એ શું કીધું? વાલ-વાલ. છોડી આવી હતી હમણાં. રાજકોટમાંને? રાજકોટમાં. ઓપરેશન કરવા જાવું છે. છોડી નાની સાત-આઠ વર્ષની. એને વાલ હશે. વિનુને હતુંને, આપણા શિવલાલભાઈના દીકરાને, ગાંધીને. એ તો બિચારો મરી ગયો. આહા..હા..! આ હાડકા ને ચામડાનો માળો એવો રોગવાળો કે ક્યાં રોગ આવે અને ક્યાંથી ક્યાં આવે? આહા..હા..!

અહીં તો અંદરમાં રાગનો પ્રેમ છોડ એમ કહે છે. કેમકે રાગ બંધસ્વરૂપ છે, દુઃખરૂપ છે. ભગવાન આત્મા તો આનંદસ્વરૂપ છે. દુઃખના લક્ષણથી બંધને જાણી, આનંદના લક્ષણથી આત્માને જાણીને આ બાજુ જુદો પાડ. આહા..હા..! અને જે પ્રજ્ઞા વડે જુદો પાડ્યો તે વડે જ પાછો ગ્રહણ અનુભવવો. આહા..હા..! લ્યો! '**જેમ પ્રજ્ઞા વડે ભિન્ન કર્યો તેમ પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.**' બધે 'જ' છે 'જ', એકાંત છે. એકાંત છે અહીં તો કહે છે. જુઓ, એના વડે જ ગ્રહણ કરવો, એના વડે જ અનુભવવો. વડે જ, કથંચિત્ એના વડે અને કથંચિત્ વ્યવહાર વડે એમ નથી કાંઈ કહ્યું. આહા..હા..!

'**ભાવાર્થ :- ભિન્ન કરવામાં અને ગ્રહણ કરવામાં કરણો જુદાં નથી;...** ' કરણો એટલે સાધન, સાધન. જે આત્માને મોક્ષનું સાધ્ય છે તેનું સાધન અંતરમાં કર્તાનું સાધન કરણ જ છે, અભિન્ન છે. પોતે આત્માનું સાધન આત્મામાં છે. એનું સાધન કોઈ રાગ અને વ્યવહાર સાધન છે નહિ. આહા..હા..! '**ભિન્ન કરવામાં અને ગ્રહણ કરવામાં કરણો જુદાં નથી;...**' કરણ એટલે સાધન. '**માટે, પ્રજ્ઞા વડે જ આત્માને ભિન્ન કર્યો અને પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.**' લ્યો, બેયમાં 'જ' આવ્યો.

'**હવે પૂછે છે કે—આ આત્માને પ્રજ્ઞા વડે કઈ રીતે ગ્રહણ કરવો?**' ભિન્ન પાડ્યો, ગ્રહણ કરવો એની રીત શું? એને અંદર ગ્રહણ કરવાની અનુભવવાની રીત શું? '**તેનો ઉત્તર કહે છે :—**' આવી જેને જિજ્ઞાસા થઈ છે. જુઓ, બીજું કાંઈ પૂછયું નથી. આ આત્માને પ્રજ્ઞા નામ જ્ઞાન, અનુભવ. પ્ર-વિશેષે, જ્ઞાન-અનુભવ. આહા..હા..! આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ, અનંત સુખસ્વરૂપ (છે)

એની સન્મુખ થઈને રાગના ભાવથી વિમુખ થઈને... આહા..હા..! બે વચ્ચે છેદ મારીને સ્વભાવ સન્મુખ થવું એ પોતાની દશાથી, જ્ઞાનથી થાય છે, કોઈ સાધન બીજું હોતું નથી. **'તેનો ઉત્તર કહે છે :—'** હવે. ૨૯૭ છેને?

**पण्णाए घित्तव्वो जो चेदा सो अहं तु णिच्छयदो।**
**अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।।२९७।।**
**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે ચેતનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૭.**

જાણનારો... જાણનારો... જાણનારો... અંદર જે જાણનારો-જાણનારો તે જ હું. આહા..હા..!

**'ટીકા :- નિયત સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે... '** શું કહે છે? પ્રજ્ઞા કેવી છે જ્ઞાનની દશા? કે નિશ્ચય સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા છે. નિશ્ચય સ્વલક્ષણ જ્ઞાનને અવલંબનારી પ્રજ્ઞા છે. આ જ્ઞાન તે આત્મા. આહા..હા..! જ્ઞાન એટલે? આ જાણવું બહારનું એ નહિ. જ્ઞાન જાણવાનું અસ્તિત્વ જે છે, જાણવાનું જે અસ્તિત્વ છે તે પ્રજ્ઞા વડે કરીને આત્માને જાણવો. છે? એ **'નિયત સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા... '** જ્ઞાનની દશા અનુભવ નિશ્ચય સ્વલક્ષણને અવલંબનારું જ્ઞાન છે, એ રાગને અવલંબનારી એ ચીજ નથી. આહા..હા..! આ બહારમાં મોજ માણતો હોયને એને આ બેસે ક્યારે? આહા..હા..! આ પાંચ-પચાસ હજાર પેદા થતા હોય. થાય છે પેદા એને પાપ. ત્યાં પૈસા પેદા ક્યાં થાય છે? પાપ પેદા થાય છે. આહા..હા..! સુખી છીએ અમે સુખી છીએ. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે આત્માનો આનંદસ્વભાવ તેનું ચૈતન્યલક્ષણે લક્ષ થવું, એ સિવાયનો જે રાગભાવ એ દુઃખના લક્ષણે બંધનું સ્વરૂપ છે એ તો. આહા..હા..! વ્યવહારનો જેટલો ભાવ છે એ બધો દુઃખરૂપ છે એમ કહે છે. એ દુઃખ વડે સુખ નહિ પ્રાપ્ત થાય. એ તો આનંદની દશા ને જ્ઞાનની દશા વડે પ્રાપ્ત થાય એવો આત્મા છે. આહા..હા..! એ જુવાની ઝોલા ખાય. ૨૦-૨૫ વર્ષની ઉંમર જુવાની હોય, ફૂટડું હોય પણ કયે ક્ષણે એમાં હાર્ટ ફેઈલ થશે? કયે ક્ષણે ક્ષય લાગુ પડશે? લ્યો ક્ષય લાગું પડશે જુવાન માણસને ક્ષય અને કેન્સર. અહીંનું કેન્સર ને ગળાનું અહીંનું કેન્સર. આ ભાઈને માથાનું હતું મરી ગયા એને. ઢેબરભાઈ. ઢેબરભાઈ મરી ગયાને એને માથાનું કેન્સર. આહા..હા..! સડો જ્યાં ત્યાં ગુંમડું મોટું. કો'કને અહીનાં ગુમડાને અમુક કહેવાય અને અહીંના ગુમડાને અમુક કહેવાય. આહા..હા..! પહેલું થોડું થોડું હોય, ખબર ન પડે. પછી ઊંડું-ઊંડું જતાં બહાર આવે જ્યારે, પણ ત્યાં સડો થઈ ગયો હોય. પછી ધર્મચંદભાઈ કાંઈ કામ કરે કે નહિ? ઈંજેક્શન આપ્યું ને ઓલો મરી ગયો. અહીં આપણે પટેલ પટેલ. શિવા પટેલ. શ્વાસ ચડ્યો હતોને શ્વાસ? ખાઈને આવ્યા. કેળા ખાધા હશે અને શું કહેવાય તમારી રસોઈ? રસોડાની રસોઈ ખાધી હોય. સમિતિની રસોઈ સારી હોય તો ખાઈને બેઠા હતા. હું આહાર કરીને આમ આવ્યો. ઓરડી હતીને ઓરડી અહીં, અહીં ઓરડી હતી. ત્યાં બેઠા હતા નીચે પથરણું (પાથરીને). ખાઈને આવ્યા, બીજું કાંઈ ન મળે. કેમ પટેલ કેમ છે? કે છેલ્લી સ્થિતિ, અંતિમ સ્થિત.

શું છે પણ હજી ખાઈને આવ્યા ને બેઠા છોને? શ્વાસે જગ્યા છોડી દીધી. એ શ્વાસ અહીંથી છૂટી ગયો છે. નાભિથી શ્વાસ છૂટી ગયો છે, બેસતો નથી. શ્વાસ ઊંચો ચડ્યો છે. છેલ્લી સ્થિતિ છે. કહો, કાંઈ ન મળે. રોગ નહિ કાંઈ નહિ. એકદમ આવ્યાને શ્વાસ હેઠે ન બેઠો. ૩૬ કલાક કાંઈક થયા અને ધર્મચંદભાઈ દુઃખી થતો આવશે. એણે ઈંજેક્શન આપ્યું. હું જોવા ગયો પહેલા ત્યારે ચાલતું હતું. જઈને આવ્યો ત્યાં ઈંજેક્શન આપ્યું અને છૂટી ગયો દેહ. કરવા ગયા સવળું ત્યાં થઈ ગયું અવળું. થઈ રહ્યું મરી ગયા લ્યો. શિવા પટેલ. આહા..હા..! ઓલા વિઠ્ઠલ પટેલ નહોતા? વલ્લભભાઈ ને વિઠ્ઠલભાઈ ને. કરમસદના. કરમસદ છેને ગામ આણંદ પાસે? ત્યાંના હતા એ. આહા..હા..! ક્ષણમાં જગતને છોડી એ આ સંયોગોમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ બધા છોડીને જાય અજાણ્યે ક્ષેત્રે, અજાણ્યે કાળ-ભાવે રખડતો. આહા..હા..! અરે! એની દયા એને ન આવી હોં! બીજાની દયા કરવા નીકળી ગયો. દયા તો આ છે. આહા..હા..!

'**નિયત સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો કે ચેતક (-ચેતનારો), તે આ હું છું;...**' જાણનારો અંદર જાણનારો. દૃષ્ટિ છેને ત્યાં. જાણનારો આ અંદર જાણનારો છે તે હું છું. '**અને અન્ય સ્વલક્ષણોથી લક્ષ્ય...**' અનેરા એના લક્ષણોથી લક્ષ્ય. '**(અર્થાત્ ચૈતન્યલક્ષણ સિવાય બીજાં લક્ષણોથી ઓળખાવાયોગ્ય) જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો...**' દેખો! વ્યવહારરૂપ ભાવો આ બાકીના રાગાદિ. આહા..હા..! જેમાં બીજે ઠેકાણે સાધન કહ્યું છે. આહા..હા..! એ બધા નાખે છે મોઢા આગળ. હમણાં ઓલાએ બનાવ્યું છેને. સ્યાદ્વાદ ચક્ર બનાવ્યું છે. શિવનીવાળા સુમેરુચંદ દિવાકર, નથી? બનાવ્યું એક હમણાં. એને ભેટ આપી. મોટો મહોત્સવ કર્યો. ગોટેગોટા વાળ્યા છે. 'સ્યાદ્વાદ ચક્ર' આમ પણ થાય ને આમ પણ થાય, આનાથી થાય ને આનાથી થાય. અરેરે..! દુનિયા ક્યાં જાય છે? ભાઈ! આહા..હા..!

'**અન્ય સ્વલક્ષણોથી...**' એ દયા, દાન, વ્રત, ભક્તિ એનું સ્વલક્ષણ રાગ. '**બીજા લક્ષણોથી ઓળખાવાયોગ્ય...**' છે. આહા..હા..! એ જ્ઞાનલક્ષણથી ઓળખાવાયોગ્ય તો ભગવાન છે આત્મા. રાગથી ઓળખાવાયોગ્ય બંધભાવ છે. વ્યવહાર છે લ્યો! અહીં તો વ્યવહારથી થાય એની ના પાડી. પંચાસ્તિકાયમાં વ્યવહાર આવે અને આ પરમાત્મપ્રકાશમાં વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી એમ આવે, અર્થમાં આવે છે. પરમાત્મપ્રકાશ. ઓલા તત્ત્વજ્ઞાન તરંગિણીમાં. તત્ત્વજ્ઞાન તરંગિણીને? શું કહ્યું ઈ? તત્ત્વજ્ઞાન તરંગિણી એમાં આવે છે, વ્યવહાર પહેલો, નિશ્ચય પછી. લ્યો! એ તો જ્ઞાન કરાવ્યું છઠ્ઠા ગુણસ્થાનમાં, સ્થિતિમાં વિકલ્પ પહેલો હોય છે એને છોડીને પછી નીચે સાતમામાં જાય છે. નહિતર તો ખરેખર તો સાતમું પહેલું આવે છે, છઠ્ઠું પહેલું આવતું નથી, પણ એને એ રીતે જણાવ્યું છે. આહા..હા..!

અહીંયાં તો ભગવાન આત્મા જ્ઞાનલક્ષણથી લક્ષ્ય છે અને બીજા સ્વલક્ષણથી લક્ષ્ય છે એ વ્યવહાર. '**તે બધાય, ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી,...**' આહા..હા..! જુઓ, ખુબી જુઓ! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ જે છે એ ચેતનાની સાથે વ્યાપ્ય

નથી, ચેતનારની પર્યાય નથી એમ કહે છે. આહા..હા..! ઝીણું ભારે, ભાઈ! આહા..હા..! છે? '**જે બાકીના વ્યવહારરૂપ ભાવો તે બધાય,...**' તે બધાય શબ્દ છે. પાછા વ્યવહારરૂપ ભાવ બધાય. જેટલાં વિકલ્પો ઊઠે વ્યવહારના. આહા..હા..! ગુણ-ગુણીના ભેદરૂપનો વિકલ્પ ઊઠે એ વ્યવહાર. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મામાં જેટલો રાગ ઊઠે ચાહે તો દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિ, પૂજાનો એ રાગ છે તે બંધનનું કારણ છે. એનાથી (ભિન્ન) આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા અંદર એ બેને જુદાં પાડતાં '**ચેતકપણાથી વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી,...**' આહા..હા..! આત્મા ચેતનારો, જાણનારો, દેખનારો ભગવાન છે. એનું એ પુણ્ય-પાપના ભાવ એનું વ્યાપ્ય નામ અવસ્થા નથી, એની દશા નથી. આહા..હા..! એ તો અજ્ઞાની અનાદિથી તત્ત્વની ખબર નથી એટલે માન્યું છે. દેહમાં ભગવાન આત્મા એ ચૈતન્યસ્વરૂપી આનંદનો સાગર એમાં જે રાગનો વિકલ્પ છે એ દુઃખરૂપ છે, એ બધાય ભાવો ચૈતન્યના સ્વભાવની સાથે વ્યાપ્ય અવસ્થા નથી એની. આહા..હા..! વ્યવહારના વિકલ્પો રાગ છે એ આત્માની અવસ્થા નથી એમ કહે છે અહીં. આકરું કામ. ક્યારેય સાંભળવા મળે નહિ એ ક્યારે કરે કામ? આહા..હા..! આ દેહ, હાડકા જડ માટી તો જુદાં, અંદર પુણ્ય અને પાપના ભાવ થાય એ પણ જુદાં એની સાથે ચેતન વ્યાપક નથી એમ કહે છે. ચેતનારો વ્યાપક અને વિકાર વ્યાપ્ય એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ઝીણી વાત છે, બાપુ! આહા..હા..!

અંદર આત્મા જે છે એ તો ચેતનારો જ્ઞાનસ્વરૂપે જ છે. જાણનારની ભૂમિકામાં જે જણાય છે તે આત્મા છે. જાણવું... જાણવું... જાણવું... જેનામાં થાય તે આત્મા અને આ ભાવ જે પુણ્ય અને પાપના ભાવ તો વિકાર છે. આહા..હા..! એ વિકારભાવ, સ્વભાવભાવ એવો જે આત્મા એનું એ વ્યાપ્ય નામ અવસ્થા નથી એમ કહે છે. આહા..હા..! કઠણ. ધર્મ વીતરાગનો માર્ગ ઝીણો બહુ, બાપુ! જિનેશ્વર સર્વજ્ઞ વીતરાગ ત્રણકાળ જેણે જાણ્યા એની ચીજ. ભગવાન! તું સ્વરૂપે ચૈતન્ય છોને. તો એ જાણવાના સ્વભાવ દ્વારા તું જણાય એવો છોને. તારામાં સ્વભાવથી વિરુદ્ધ જેટલા વિકલ્પો દયા, દાન, વ્રત, ભક્તિ, આદિના ઊઠે એનાથી તું જણાય એવો નથી. કેમકે એ તારી જાત, દશા નથી. આહા..હા..! તારી દશા તો પ્રજ્ઞાદશા એ તારી દશા અનુભવ છે. આહા..હા..! આવું ઝીણું. માર્ગ એવો છે, બાપુ! આહા..હા..! અનંતકાળથી ચોર્યાસીના અવતારમાં રખડી રહ્યો છે. ચોર્યાસીની યોનિ. એક એક યોનિમાં અનંતવાર અવતર્યો. કાગડા, કૂતરા એવા અનંતભવ કર્યા, પણ આ આત્મા અને રાગને ભિન્ન પાડ્યા વિના એનું ભ્રમણ મટ્યું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ગાથા બહુ સારી છે, બહુ ચોખ્ખી.

'**વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી, મારાથી અત્યંત ભિન્ન છે.** ' આહા..હા..! ધર્મી જીવ જ્યારે આત્માને અને રાગની ક્રિયાને ભિન્ન પાડે છે અંદર, ત્યારે એ એમ જાણે છે કે રાગ વિકલ્પ જે ઊઠે છે રાગનો એ મારી દશા નથી, એ મારાથી ભિન્ન છે. આહા..હા..! મારી અવસ્થા તો એ રાગને જાણવું એમ કહેવું એ વ્યવહાર છે. રાગ છે તેને જાણે છે એવી જે જ્ઞાનની અવસ્થા, એ જ્ઞાનની અવસ્થા

એ મારું વ્યાપ્ય છે, એ મારી અવસ્થા છે, રાગ મારી અવસ્થા નહિ. આહા..હા..! તે રાગનું જ્ઞાન એ રાગને લઈને થયું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

સવારે કહ્યું નહોતું? દાખલો આપ્યો હતો. મીણ હોય મીણ. મીણમાં સિંહનો આકાર હોય. મીણ–મીણ(માં) સિંહનો આકાર કરે એ આકાર કાંઈ મીણથી કાંઈ જુદો છે? એ તો સિંહની અવસ્થા એ તો મીણની દશા છે, સિંહ તો જુદો રહી ગયો. આકાર સિંહનો પાડેને લખેને મીણમાં? એમ આ જ્ઞાનસ્વરૂપી ભગવાન, એને ઓલો રાગ છે એનું અહીં જ્ઞાન છે એ જ્ઞાનની અવસ્થા તે આત્મા છે. રાગ છે એ આત્મા નથી, એ જુદી ચીજ રહી ગઈ. આહા..હા..! કહો, પંડિતજી! આવી વાતું છે. આહા..હા..!

ભગવાન આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ અને પુણ્ય અને પાપના ભાવ એ બધા મારું વ્યાપ્ય નથી જુઓ એમ કહે છે. '**મારાથી અત્યંત ભિન્ન છે.**' કેમ? કે '**ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી...**' આહા..હા..! ગજબ વાત છે. ધર્મીજીવ એમ જાણે છે કે હું તો એક ચેતનારો પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ આત્મા. મારા ચેતનાર આત્મામાં એ રાગના ભાવ જે વિકલ્પ છે તે મારું વ્યાપ્ય–અવસ્થા અને હું એનો વ્યાપક કરનારો એમ છે નહિ. આહા..હા..! કહો, દિલીપ! આ ક્યાં કલકત્તામાં તારા ભણતરમાં ક્યાં તારા કોલેજમાં? પાપના બધા ભણતર છે.

**શ્રોતા** :– કરવું શું અમારે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– આ કરવાનું છે. બાકી તો મરી જશે, ચાલ્યો જશે ચોર્યાસીના અવતારમાં. આત્મા ક્યાં નાશ થાય એવો છે? આત્મા તો અવિનાશી અનાદિઅનંત છે. આ ભાન નહિ કરે તો રખડવા જાશે ચોર્યાસીમાં. ત્યાં કાંઈ માસીબા નથી બેઠી. આહા..હા..!

અહીં તો પરમાત્મા એમ કહે છે, પ્રભુ! તું એકવાર નક્કી તો કર કે આ ચેતનારો જે અંદર આત્મા છે જાણનારો એનો આ પુણ્ય અને પાપનો વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે રાગ છે એ ચેતનારની ચેતક પર્યાય નથી એની. આહા..હા..! એની એ દશા જ નથી. આહા..હા..! એની દશા તો એ રાગ છે તેનું જ્ઞાન રાગ છે માટે નહિ, પોતામાં પોતાના સ્વપરપ્રકાશના સ્વભાવને લઈને જે જ્ઞાનની પર્યાયમાં રાગનું જ્ઞાન વ્યવહારે કહેવામાં આવ્યું એ પર્યાય મારું વ્યાપ્ય અને હું એનો વ્યાપક. વ્યાપક એટલે હું કરનારો અને એ મારું કાર્ય. આહા..હા..! આવું ઝીણું. બહુ જાણે વાત સારી કરી.

'**મારાથી અત્યંત ભિન્ન છે.**' પાછી ભાષા જુઓ, અત્યંત ભિન્ન છે. હવે વિકલ્પ જે ઊઠે છે દયા, દાન, વ્રતાદિનો એ મારા ચૈતન્યસ્વરૂપથી તો અત્યંત ભિન્ન છે. કેમકે એ વિકાર છે. હું તો સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપી ચૈતન્ય છું—એવી દૃષ્ટિ કરીને અનુભવવું એનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ છે, બાકી મોક્ષનો માર્ગ છે નહિ. (**શ્રોતા** :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## જયેષ્ઠ વદ-૨, શુક્રવાર, તા. ૦૩-૦૬-૧૯૭૭,
## ગાથા-૨૯૭, પ્રવચન નં. ૩૫૫

આ સમયસાર, મોક્ષ અધિકાર, ૨૯૭ ગાથા. ફરીને ટીકા. થોડી ટીકા ચાલી હતી. ફરીથી. અધિકાર ઝીણો છે. અનંતકાળથી એ સમ્યગ્દર્શન કેમ થાય અને તેની રીત શું એ એણે અનંતકાળથી જાણી નથી. એ સમ્યગ્દર્શન વિના એણે જ્ઞાન શાસ્ત્રના કર્યા, વ્રત ને તપ ને ક્રિયાઓ અનંતવાર કરી એમાં કાંઈ ધર્મ થયો નહિ. ધર્મ તો સમ્યગ્દર્શન થાય (ત્યારે થાય). તો સમ્યગ્દર્શનમાં ચીજ કોણ એ સમ્યગ્દર્શનમાં ધ્યેય. ધ્યેય એટલે કે એનું લક્ષ ક્યાં હોય? અને એની વર્તમાન ક્રિયા કેવી હોય? એનું વર્ણન ચાલે છે જરી.

**શ્રોતા :-** ... તો લક્ષ ... જ્ઞાનમાં નિમિત્ત બન્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો નિમિત્ત છે બેયમાં, પણ લક્ષ કરે છેને. ખરેખર તો વિકાર જે થાય છે એમાં પણ આત્મા તો નિમિત્ત જ છે. એ કહેવાઈ ગયું છે. અમિતગતિ (આચાર્ય), યોગસાર. ઝીણી વાતું, બાપુ! વીતરાગમાર્ગ ઝીણો બહુ છે. વિકાર જે થાય છે પુણ્ય અને પાપ, અરે! મિથ્યાત્વ ભ્રમણા એ સ્વતંત્ર ઉપાદાનની એક સમયની પર્યાયમાં ષટ્કારકના પરિણમનથી સ્વતંત્ર (ઉત્પન્ન થાય) છે. પંડિતજી! આહા..હા..! કેમકે દ્રવ્ય અને ગુણ જે વસ્તુ છે આત્મા એ દ્રવ્યે શુદ્ધ છે અને એની શક્તિઓ બધી શુદ્ધ છે. તો એ શુદ્ધ જે તત્ત્વ સર્વજ્ઞે કહ્યું એવો, એ સિવાય બીજાઓ કહે એ નહિ. પરમેશ્વર જિનેશ્વરદેવ એમણે જે આત્મા કહ્યો એ આત્મા દ્રવ્યે શુદ્ધ છે અને ગુણે શુદ્ધ છે, પવિત્ર છે. એની પર્યાય એટલે અવસ્થા, હાલત, દશામાં જે વિકાર ભ્રમણાનો મિથ્યાત્વ રાગ-દ્વેષ છે એ વિકારનું ષટ્કારકપણું પર્યાયનું પર્યાયમાં છે. એમાં દ્રવ્ય નથી, દ્રવ્ય તો નિમિત્તમાત્ર છે. નિમિત્તનો અર્થ કે એ કાંઈ કરતું નથી. આહા..હા..! આવી વાત ઝીણી. એ વિકારને જેમ કરતું નથી દ્રવ્ય અને ગુણ, તેમ નિર્વિકારી પરિણતિ જે ધર્મની છે એમાં પણ તે વિકાર એને કરતો નથી ધર્મની અવસ્થાને એટલે વ્યવહારથી તે થતી નથી, તેમ તે દ્રવ્ય-ગુણથી પણ તે પરિણતિ થતી નથી. આવું છે. સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર એને જે કહેવું છે એ વાત બહુ ઝીણી જુદી છે આખી. આહા..હા..! એ કહે છે.

ટીકા. ૨૯૭ ગાથાની ટીકા. '**નિયત સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે...**' શું કીધું એ? કે આત્માનું સ્વલક્ષણ તો જ્ઞાન છે. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... જ્ઞાનથી જણાય એવો એ છે. અને દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ એ બંધલક્ષણ, રાગનું લક્ષણ છે ઈ. એ બેયનાં નિયત લક્ષણો છે, નિશ્ચય લક્ષણો છે. નિયત એટલે સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે. આહા..હા..! જે અંદરમાં જ્ઞાનની દશા અંતરના સ્વભાવને જાણે અને રાગ બંધ છે એને પણ જાણે. આહા..હા..! કેમકે એ તો જાણનારો જ એનો સ્વભાવ છે. આહા..હા..! એ પ્રજ્ઞા વડે એટલે કે અનુભવ વડે એટલે કે રાગનો વિકલ્પ જે છે

વ્યવહાર. એનાથી ભિન્ન પડીને જ્ઞાનનો અનુભવ સ્વને લક્ષે, સ્વને આશ્રયે જે આનંદનો, જ્ઞાનનો અનુભવ થાય એવી જે પ્રજ્ઞા. એ '**વડે જુદો કરવામાં આવેલો જે ચેતક...**' આવું છે. લોકોને જૈનને નામ છે જૈનનું, પણ ધર્મ શું છે અંદર જૈન એની એને ખબર નથી. આહા..હા..! કોથળામાં કાળીજીરી ભરી હોય, ઉપર નામ નાખે સાકર, એમ અમે જૈન છીએ. પણ જૈન શું છે એની તો એને ખબરું નથી. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! આ દેહ છે જડ એ તો જુદી ચીજ છે, અંદર કર્મ જે છે આઠ કર્મ એ પણ જુદી, અજીવ જુદી ચીજ છે, અંદરમાં પુણ્ય-પાપના શુભ-અશુભભાવ થાય છે એ પણ બીજું તત્ત્વ છે, એ આત્મતત્ત્વ નથી. આત્મતત્ત્વ તો જ્ઞાનના લક્ષણે જણાય એવું છે અને બંધ રાગના લક્ષણે જણાય એવો બંધ છે.

એમ બેને '**નિયત સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો જે ચેતક...**' આહા..હા..! ધીમેથી (સમજવું), ન સમજાય એવું નથી હોં! પણ એણે જરી ધ્યાન રાખવું જોઈએ. અનંતકાળમાં એણે કર્યું નથી કોઈ દિ'. એક સેકન્ડમાત્ર પણ આત્મજ્ઞાન અને આત્મદર્શન કર્યું જ નથી એણે. એથી એને સાંભળતાની ભાષા જરી ઝીણી લાગે, પણ માર્ગ તો આ છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એમ ફરમાવે છે કે જે જ્ઞાન નામ પ્રજ્ઞા જે જ્ઞાનની દશા અંતરની જ્ઞાન અવસ્થા એટલે કે રાગથી ભિન્ન પડીને ચાહે તો દયા, દાન, વ્રતનો રાગ હો, પણ છે રાગ મેલ બંધ. એ નિયત લક્ષણ બંધનું છે, નિશ્ચય લક્ષણ અને ભગવાન આત્માનું નિશ્ચય લક્ષણ જ્ઞાન છે. બેયના નિશ્ચય '**સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે જુદો કરવામાં આવેલો જે...**' આત્મા. આહા..હા..! બહુ ધીરજ જોઈએ ભાઈ આ તો. આ કાંઈ (સાધારણ વાત નથી). '**(-ચેતનારો), તે આ હું છું;...**' અંદર જે જાણનારો... જાણનારો... જાણનારો... તે આ હું છું. એવો વિકલ્પ નથી. આ તો સમજાવે છે. ધર્મચંદજી! આવી વાતું છે. એટલે લોકોને સોનગઢને નામે એવું લાગેને પછી (કહે), એ સોગનઢમાં તો વ્યવહારને ઉડાવે છે, નિશ્ચયથી થાય છે. બાપુ! બધી વાતુંની ખબર છે. ભગવાન! તને ખબર નથી. ઈ કહે છે જુઓ, વ્યવહારને ઉડાવે છે અહીં. આહા..હા..! જુઓ, શું કહે છે?

રાગનો વિકલ્પ જે વ્યવહાર છે એ તો બંધના લક્ષણમાં જાય છે અને એનાથી ભિન્ન ભગવાન આત્મા જે છે એ તો અંતરના રાગથી ભિન્ન પડેલી જ્ઞાનની દશા વડે જણાય એવો છે. એ '**(-ચેતનારો), તે આ હું છું;...**' તે આ હું છું (એમ ઢળતાં) ત્યાં પ્રત્યક્ષ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? રાગના પુણ્યાદિના વિકલ્પ જે રાગની વૃત્તિથી નિયત બેયના લક્ષણો બંધ અને આત્મા. એ પ્રજ્ઞા એ બેયના સ્વલક્ષણને જાણીને જ્યારે જુદો પાડ્યો... આહા..હા..! '**તે આ હું છું;...**' જુદો કરવામાં આવેલો ચેતનારો તે હું છું. એકલો જાણનારો... જાણનારો... જાણનારો... જાણનારો... તે હું છું.

'**અને અન્ય સ્વલક્ષણોથી લક્ષ...**' રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ રાગ એ તો એના સ્વલક્ષણે કરીને લક્ષ જણાય, કાંઈ આત્માથી જણાય નહિ. એ એના લક્ષણથી જણાય કે આ બંધ રાગ વિકાર છે. એ '**સ્વલક્ષણોથી લક્ષ (અર્થાત્ ચૈતન્યલક્ષણ સિવાય બીજાં લક્ષણોથી ઓળખાવાયોગ્ય) જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે,...**'

લ્યો! કેટલાય દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ બધો વ્યવહાર રાગ છે. આહા..હા..! એ વ્યવહારનું લક્ષણ ભિન્ન છે અને નિશ્ચયનું ભિન્ન છે. આહા..હા..! અરે! એ નવરાશ ક્યાં? એને નિવૃત્તિ ક્યાં છે? જગતમાં આખો દિ' રળવું, આ પૈસા કર્યા, ભેગા કર્યા ને ધૂળ કરીને. આહા..હા..! મરી ગયો છે એમ ને એમ. આત્માને મારી નાખ્યો છે. છોકરાઓ કરનારા હોય તોપણ હજી કરવા જાય છે.

**શ્રોતા :–** છોકરાઓને તો .. બેસીને તૈયાર કરવા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તૈયાર તો થઈ ગયેલા છે, આ તો વધારે હોંશુ બતાવવા જાય છે. આ તો દાખલો એકનો નહિ બધાને માટે છેને. આહા..હા..!

આ પ્રભુ અંદર ચૈતન્યસ્વરૂપ જે પરમેશ્વરે કહ્યું એ તો ચૈતન્યલક્ષણે જાણવાના સ્વભાવથી જણાય એ ચેતનારો તે હું છું અને એ સિવાયના બીજા લક્ષણોથી (જણાવાયોગ્ય) વ્યવહારરૂપ ભાવો 'તે બધાય...' તે બધાય શબ્દ છે આમાં જુઓ. આહા..હા..! કોઈપણ વ્યવહાર. ગુણ-ગુણી, આત્મા શુદ્ધ ચૈતન્ય ગુણી છે અને આ આનંદ એનો ગુણ છે એવો જે ભેદનો વિકલ્પ રાગ એ પણ વ્યવહારમાં જાય છે. આહા..હા..! '**તે બધાય, ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી,...** ' આહા..હા..! ચેતનારો જે જ્ઞાયકભાવ ભગવાન આત્મા એના વડે કરીને એ વ્યવહારના વિકલ્પો જે રાગ, એ ચેતનારની અવસ્થા થવાને લાયક નથી. ચેતનારો જે ભગવાન આત્મા એ વ્યાપક થઈને એટલે કે પ્રસરીને એટલે કે વિસ્તરીત થઈને એ રાગરૂપ થાય એવી એની ચીજ નથી. આહા..હા..! ઝીણું પડે પણ વાત તો આવી છે, બાપુ! માર્ગ એવો છે, ભાઈ! દુનિયાની બધી રીતને તો જાણીએ છીએને બધાને. સંપ્રદાયમાં શું ચાલે છે એ બધું જાણ્યું છે. જાધવજીભાઈ! કલકત્તામાં શેઠિયા થઈને ત્યાં હતા બધા સ્થાનકવાસીમાં અગ્રેસર. પછી મારે ઓલા ગોળાઓ, જય નારાયણ! એના શેઠિયા કહેવાય. આ તો તે દિ'ની વાત છેને. હવે તો ફરી ગયાને. એનો વળી છોકરો પાક્યો છે, દિલીપ. આહા..હા..! બાપુ! માર્ગ તો જુદો. જન્મ-જરા-મરણના દુઃખના વેદનના અનંતકાળમાંથી છૂટવાનો તો આ માર્ગ છે.

હું એક અંદર ચેતનારો, જાણનારો, જાણનારો તે હું. આહા..હા..! એવું અંદર પ્રત્યક્ષ જ્ઞાનમાં થવું અને એનાથી બીજા જે વ્યવહારભાવો એ મારા ચેતકપણારૂપી વ્યાપક—હું ચેતનારો, જાણનારો એનો મારો વિસ્તાર થઈને એ વિકાર થાય એ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. ચેતનારો જે આ ભગવાન આત્મા. આહા..હા..! પ્રભુ બિરાજે છે અંદર આત્મા ચૈતન્યસ્વરૂપ. અરે! એને ક્યાં આ બહારના પંપાળ અને જંજાળ આડે ભગવાન કોણ અંદર છે એની વાત ભગવાને કીધી એ સાંભળી નહિ એણે. એ ઓલામાં આવે છે. ભગવાન પાસે ગયો, સાંભળ્યું છતાં એણે કાંઈ કર્યું નહિ. શિવકુમારે સ્તુતિમાં (કહ્યું). આહા..હા..! કેમકે જે આ વસ્તુ છે એ આ અંદરમાં ચૈતન્યસ્વરૂપ આનંદકંદ છે આત્મા એનાથી વિપરીત ભાવો જેટલા વિભાવ એમાં આત્મા વ્યાપ્ય થાય એટલે કે એમાં અવસ્થારૂપે ધારણ કરે આત્મા એવું એનું સ્વરૂપ જ નથી. કહો,પંડિતજી! આહા..હા..! સમજાણું કાંઈ? ધીમેથી તો કહેવાય છે, બાપુ! આ તો વીતરાગના માર્ગ છે, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણ્યા છે એની આ વાણી છે અને એનું આ સ્વરૂપ છે. ભાઈ! એને માટે ઘણો પ્રયત્ન જોઈએ, ઘણો

સ્વસન્મુખનો પુરુષાર્થ જોઈએ, સ્વસન્મુખનો પ્રયત્ન જોઈએ, ભાઈ! આ તો આત્માની વાત પરમાત્મા કરે છે. આહા..હા..! હું તો એક આ હું છું. એમ કીધુંને?

'**અને અન્ય સ્વલક્ષણોથી લક્ષ્ય...**' એ દયા, દાન, વ્રત, તપના વિકલ્પો એના સ્વલક્ષણોથી લક્ષ્ય, એના સ્વલક્ષણોથી જણાવાયોગ્ય '**(અર્થાત્ ચૈતન્યલક્ષણ સિવાય બીજાં લક્ષણોથી ઓળખાવાયોગ્ય) જે આ બાકીના વ્યવહારરૂપ ભાવો છે,...**' તો ખરા. વ્યવહારરૂપ ભાવ છે તો ખરા. આહા..હા..! સમજાણું કાંઈ? '**તે બધાય, ચેતકપણારૂપી વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી,...**' આહા..હા..! હું એક જાણનારો ભગવાન અનાદિઅનંત ચૈતન્યસ્વરૂપે બિરાજમાન (છું), એ વ્યવહારના ભાવથી હું થાઉં, પર્યાયમાં થાઉં એવું મારું સ્વરૂપ જ નથી કહે છે. આહા..હા..! કહો, ચેતનજી! એ તો વ્યવહારને તો ઉડાવી દીધો. આ રાડું પાડે છે લોકો. સોનગઢને નામે રાડ પાડે છે. એય! એમણે આમ કર્યું. બાપુ! છે એમ છે, ભાઈ! જરી બે, પાંચ, દસ દિ' સાંભળ તો તને ખબર પડે કે આ શું છે. એમ ને એમ અદ્ધરથી વાતું તું કર... આહા..હા..! કહો, પ્રેમચંદજી! આહા..હા..!

'**વ્યવહારરૂપ ભાવો...**' આહા..હા..! છે? '**મારાથી અત્યંત ભિન્ન છે.**' આહા..હા..! ભગવાનનું સ્મરણ કરવું વિકલ્પ એ વિકલ્પ રાગ છે, એ પણ આ આત્મા ચેતનારની દશા નથી. એ દશાને ચેતનારો જાણે છે. જાણે છે એ પણ પોતાના સ્વભાવના સામર્થ્યથી જાણે છે. વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે એ. વ્યવહાર હોય છે એને ધર્મી જાણે છે, પણ એ જાણે છે એ વ્યવહાર છે માટે એને જાણે છે એમ નહિ. એ કાળે 'પોતે ચેતનારો છું' એમ જાણતાં તે કાળે તે સંબંધી પોતાનું જ્ઞાન અને રાગ સંબંધીનું પોતાથી પોતામાં પોતાને કારણે થયેલું જ્ઞાન બેયને એ જાણે છે. આહા..હા..! હવે આવું બધું ઝીણું કાંતવું. ઓલું બે ઘડી સામાયિક કરી લીધી, થઈ ગયો ધર્મ જાવ. રાતે ચોવિહાર—ચાર આહાર ન કર્યો, થઈ ગયો ધર્મ લ્યો. ધૂળેય ધર્મ નથી, ભાઈ! આહા..હા..!

પાલેજમાં દુકાન ઉપર હતાને. આ તો ૭૦ વર્ષ પહેલાંની વાતું છે. તો ત્યાં રાતે આહાર-પાણી નહોતા કરતા અમે ૬૫ની સાલથી. આહાર-પાણી બિલકુલ રાતે નહિ. દુકાન ૬૫ની સાલ. ત્યારે એમ જાણતા કે આપણે ધર્મ ઘણો કરીએ છીએ. આહા..હા..! બીજા કરતા નહોતા. બીજા બધા ખાઈ-પીને દુકાન (ચલાવે), બે દુકાનો ચાલતી. આ તો નાની ઉંમરની વાત છે. ઘણો આપણે ધર્મ કરીએ છીએ. સાંજે એક પડિક્કમણુ. પર્યુષણ હોય ત્યારે પડિક્કમણું કરીએ સાંજે અને આઠ દિ'માં ચાર અપવાસ કરીએ, એકાતરા ચોવિહારા. થઈ ગયો ધર્મ લ્યો! ધૂળેય ધર્મ નથી, એ તો બધી રાગની અભિમાનની ક્રિયાઓ હતી. આહા..હા..!

અહીં તો કહે છે કે એ વિકલ્પ જે ઉઠ્યો છેને ક્રિયાનો, એ મારું વ્યાપકનું વ્યાપ્ય એટલે થનારનું થવું એ નહિ. હું થાઉં, થનાર થાય એ રૂપે એ વસ્તુ જ નથી. આહા..હા..! ભારે આવો માર્ગ વીતરાગનો અને એ વીતરાગ સિવાય ક્યાંય બીજે છે નહિ. સર્વજ્ઞ જિનેશ્વરના માર્ગ સિવાય ક્યાંય કોઈ ઠેકાણે ગંધ નથી સત્યની. સત્યસ્વરૂપ જ પરમાત્મા જિનેશ્વરદેવમાં છે. સમજાણું કાંઈ? કહે છે એ વ્યવહાર મારાથી અત્યંત ભિન્ન છે. વ્યવહાર ભિન્ન છે એમ ભાન છેને? જ્ઞાન થાય છે. આહા..હા..! ચેતનારો, આ

જાણનારો આ હું અને આ રાગાદિ વ્યવહાર એ મારી અવસ્થા, હું પ્રસરીને, વિસ્તરીને વિસ્તાર મેં કર્યો રાગનો એ હું નથી. હું વિસ્તરું તો વીતરાગી પર્યાયપણે વિસ્તરું. વિસ્તાર થાય તો એ થાય. રાગનો વિસ્તાર એ મારી અવસ્થા નથી. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ? એ.. દિલીપ! આવી વાતું છે. દિલીપને રોક્યો. એ જાતો હતો પાછો. ચાર દિ'. તું કોક દિ' આવ્યો છોને તું ક્યાં જાતો હતો? અમદાવાદ બહેન સાથે જાતો હતો. કહ્યું, મેં ના પાડી. આહા..હા..! અરે! બાપુ! આવી વાત, ભાઈ! પરમેશ્વર જિનેશ્વરદેવના અંદરના મર્મોની વાતું છે આ તો. સાંભળવા મળવી પણ ભાગ્ય વિના મળે નહિ, બાપા! એવી વાત છે. આમ તો માનીને બેઠા છે આમ જાણે કે ભક્તિ કરીએ, પૂજા કરીએ, વ્રત કર્યા ને થઈ ગયા તપ, થઈ ગયું મુનિપણું. ધૂળેય નથી. આહા..હા..!

અહીં તો કહે છે, એ '**વ્યાપકના વ્યાપ્ય નહિ થતા હોવાથી,...**' આહા..હા..! મારો નાથ આત્મા ચૈતન્ય જાણનારો એ વિસ્તરીને વિશાળ થઈને, પ્રસરીને વિકાર કરે એવો હું નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? ભાષા તો ગુજરાતી સાદી છે, હિન્દીવાળાને જરી કઠણ પડે, પણ આ તો અમારે પરિચયમાં બેય આવી ગયા છેને હવે. બેય પંડિતો પરિચયમાં આવેલા છે. એ તો જાણીતા છે. આહા..હા..! ભાઈ! '**મારાથી અત્યંત ભિન્ન છે.**' કોણ? બે વાત કરી કે ચેતનારો જાણનારો... જાણનારો... જાણનારો... આ આ જાણનારો તે હું. એટલે પ્રત્યક્ષ થઈ ગયું. અને આ રાગાદિ એ મારું વ્યાપ્ય અવસ્થા નહિ, તેથી એ અત્યંત મારાથી ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો મોક્ષ અધિકાર છેને. છેલ્લાની બહુ ઊંચી વાત. આહા..હા..! આવી વાત ક્યાંય સાંભળવા મળે નહિ એવી વાત છે, બાપુ! અરે! એમ ને એમ જિંદગી જાય અલેખે. આહા..હા..! ક્યાંય હવે ધૂળ મળી ને આ મળ્યા ને આબરૂ (થઈ). આ વસ્તુને સમજ્યા વિના રણમાં પોક છે બધી. આહા..હા..!

'**માટે હું જ...**' શું કીધું? '**મારાથી અત્યંત ભિન્ન છે.**' રાગભાવ. '**માટે હું જ,...**' જોયું પાછું? '**મારા વડે જ,...**' હું જ એ કર્તા. '**હું જ,...**' એ કર્તા. '**મારા વડે જ,...**' એ કરણ, એ સાધન. કર્તા અને કર્મ આવે છે. તમારે નહિ ચાલતું હોય? નિશાળમાં નથી આવતું? ચોથી-પાંચમીમાં આવતું. છ વિભક્તિ નહિ સાત? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, આપાદાન, અધિકરણ અને સંબોધન સાતમું. એમાં છ-છ. પણ એ તો વખતે ભણવામાં પાસ થવા માટે ભણ્યા હોય. પછી કોને..? આહા..હા..! ચોથી ચોપડીમાં આવતું અમારી વખતે તો હોં. અમારી વખતે ચોથી ચોપડીમાં આવતું કર્તા-કર્મ. પણ આ તો ૭૫ વર્ષ પહેલાંની વાતું છે. પોણો સો વર્ષ પહેલાં. બાર વર્ષની ઉંમર હતી ત્યારે આ ચોથી ચોપડીમાં ભણતા. આહા..હા..! કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન એ અહીં કહે છે.

'**હું જ,...**' એટલે? ચેતનારો છે તે હું જ કર્તા મારી ધર્મની વીતરાગી દશા ચેતવાની દશાનો કર્તા તે હું છું. એ ચેતનારો જે આત્મા તેની ચેતનારી જે દશા થઈ તેનો કર્તા હું છું. એનો કર્તા વ્યવહાર પણ નહિ, નિમિત્ત પણ નહિ, ખરેખર તો દ્રવ્ય-ગુણ પણ નહિ. આહા..હા..! પર્યાયનો કર્તા હું છું. આહા..હા..! આવું ઝીણું હશે વસ્તુનું ધર્મનું (સ્વરૂપ)? ઓલું તો પાધરું સહેલું હતું લ્યો, એક ઈચ્છામી પડિક્કમણું, મિચ્છામી દુક્કડમ. તસ્સ ઉતરીમાં તાવકાયં ઠાણેણં માણેણં અપ્પાણેં. લોગસ્સમાં સિદ્ધા

સિદ્ધિ મમં દિસંત્તુ. એ પણ કો'કને નહિ આવડતા હોય. આહા..હા..! આહા..હા..!

'**હું જ,...**' ભાષા જુઓ! એક ચેતનારો, જાણનારો હું એવા જાણનારની જે, જાણવાની જ્ઞાતા-દૃષ્ટાની અવસ્થા જે ધર્મ તેનો હું જ કર્તા છું, તેનો બીજો કોઈ કર્તા છે નહિ. આહા..હા..! એ વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ એ મારી નિર્મળ પર્યાયનો કર્તા નહિ, હું જ કર્તા છું એમ કહે છે. સમજાય છે કાંઈ? ભાષા તો સાદી છે, બાપુ! માર્ગ તો જેમ છે એમ છે. આહા..હા..! '**માટે...**' એટલે શું? કે ચેતનારો તે હું અને રાગ તે મારું વ્યાપ્ય નહિ માટે હું, એમ. હું એક જાણનારો... જાણનારો પ્રજ્ઞાબ્રહ્મ ભગવાનસ્વરૂપ આત્મા એ આ ચેતનારો તે હું અને રાગાદિની પર્યાયનું વ્યાપ્યપણું મારું નહિ, કેમકે અત્યંત ભિન્ન છે માટે. માટે હું જ મારા ધર્મની વીતરાગી પર્યાયનો હું કર્તા છું. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો પોતાને સમજવાની વાત છે. દુનિયાને સમજાવીને એમ માને કે અમે બહુ સમજ્યા છીએ, એ આ વસ્તુ નથી કાંઈ. આહા..હા..!

માટે કેમ મૂક્યું? કે હું એક ચેતનારો, જાણનારો અનાદિઅનંત ભગવાન ચૈતન્યસ્વરૂપ નિત્ય ધ્રુવ આનંદકંદ તે હું, એમ ધર્મીને અંતરમાં ભાસતા અને રાગાદિ તે મારા વ્યાપક નામ મારી ચીજનું એ પ્રસરવું થઈને અવસ્થા થઈ તે હું નહિ. એ રાગાદિ વિકલ્પ જે છે, ચાહે તો દયા, દાન અને ભગવાનના સ્મરણનો હો, એ રાગ અત્યંત મારાથી ભિન્ન છે, માટે હું જ કર્તા છું મારી ધર્મદશાનો. આહા..હા..! વીતરાગી દશાનો કર્તા હું છું. રાગ તો પરભાવમાં નાખ્યા. આહા..હા..! '**હું જ, મારા વડે જ,...**' એ કરણ લીધું—સાધન. કોઈ કહે પણ એ ધર્મની પર્યાયનું સાધન શું? એ ત્યાં અગાસમાં ગયા હતાને, કલાક વ્યાખ્યાન સાંભળ્યું બધાએ. ત્યાં તો ભક્તિનો વિષય વધારે અગાસમાં. રાતે એક મારવાડી આવ્યો. બધી વાત નિશ્ચયની પણ એનું સાધન? આ ભક્તિ કરવી અને આ કરવું એ સાધન, એમ.

અહીં તો કહે છે કે '**મારા વડે જ,...**' જ્ઞાનસ્વરૂપી ભગવાન એ વીતરાગી સ્વરૂપ આત્મા એ વીતરાગભાવ વડે જ. વીતરાગભાવનો કર્તા પણ હું, ધર્મ એટલે વીતરાગભાવ અને એ ચેતનારો એ વીતરાગસ્વરૂપી એ વીતરાગસ્વભાવ વડે જ વીતરાગભાવ થયો છે. વીતરાગસ્વભાવ વડે વીતરાગભાવ થયો છે. રાગ વડે, નિમિત્ત વડે વીતરાગભાવ થયો નથી. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ, દિલીપ? ભાષા તો સાદી છે. રૂપિયામાં ઝટ સમજાય ત્યાં. એ..! જયેશ! ત્યાં કાંઈક મૂર્તિ નીકળી છે ભાઈ એમ કહેતા. એ બાજુમાં મૂર્તિ કાંઈક નીકળી છે, ગોવા. એ લોકો લઈને કાંઈક મંદિર બનાવવાના છે. હવે એ તો કોણ હશે? દિગંબર મૂર્તિ હશે કોની?

**શ્રોતા :-** વેદાંતની.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના; આ તો જૈનની છે. નહિ? જૈનની છે, જૈનની છે. અને આ લોકો તો પૈસાવાળા છેને અબજોપતિ. એના મામા. મહાવીર ભગવાન. મહાવીર ભગવાનની પણ લંગોટ આદિ હોય એ શ્વેતાંબરની અને લંગોટ ન હોય ખાલી એ દિગંબરની. તારો મામો તો અંબાજીને માનતો હતો હવે, એનું ક્યાં ઠેકાણું હતું ત્યાં? પૈસા બે અબજ અને ચાલીસ કરોડ પણ અંબાજીને માનતો હતો. આહા..હા..! આ બીજા પણ અંદર હશે. શું હશે? આ મથુર બિચારા હવે અહીંથી જોરાવર. હમણાં એનો

દીકરો આવ્યો હતો. મથુરનો દીકરો ત્યાં રહે છેને. ગોવા રહે છે. આવ્યો હતો હમણાં. એ કાકા-ભાઈના બધા ભાઈઓ થાય. જોરાવર (નગર).

અહીં કહે છે કે મારા વીતરાગ વડે જ વીતરાગભાવ થાય છે. આહા..હા..! કર્તાનું કરણ કર્તાથી ભિન્ન ન હોય. કર્તાનું કરણ કર્તાથી અભિન્ન હોય. એ અહીં કહે છે. આહા..હા..! મારો આત્મધર્મ હું ચેતનારો, જાણનારો, એ જાણનારની જાણવાની દશા એનો હું કર્તા અને હું એનું કરણ સાધન. આહા..હા..! કેવી વાત કરી છે! ધર્મચંદજી! નવરાશ લઈને આ વાંચવાનો વખત ન મળે. કેટલાક પુસ્તક લઈને પડ્યા રહે એના ટાંકામાં. આહા..હા..! **'મારા વડે જ,...'** જોયું! બધામાં 'જ'. બીજું સાધન નહિ. આહા..હા..! **'મારા માટે જ,...'** એ સંપ્રદાન. હું જે વીતરાગભાવ પ્રગટ કરું છું એ મારા માટે છે. કોઈને દેવું છે કે કોઈથી લેવું છે એમ નથી. આહા..હા..! આવો માર્ગ હશે? ભાઈ! અત્યાર સુધી તો આ એકેન્દ્રિયની દયા પાળવી, પંચેન્દ્રિયની દયા પાળવી અને અહિંસા... આહા..હા..! કોણ દયા પાળે ભાઈ? પરની દયા કોણ પાળે? એનું આયુષ્ય હોય તો રહે અને ન હોય તો મરી જાય એને કારણે. આહા..હા..! અભિમાન કરે કે હું પરની દયા પાળું છું, એ તો મિથ્યાત્વભાવ છે. અહીં તો કહે છે કે **'મારા માટે જ,...'** હું જે આત્મા ચેતનારો, જાણનારો એ જાણનારની જે પર્યાય વીતરાગી એનો કર્તા હું, એનું સાધન કરણ પણ હું અને એ મેં મારા માટે કર્યું છે, મારે માટે જ છે ઈ. આહા..હા..! એ વીતરાગી પર્યાય પણ મારે માટે કરી છે. હું દેનાર અને હું લેનાર, એ સંપ્રદાન. સમજાણું કાંઈ? આવી વાતું ઝીણી. ગાથા તો બહુ સારી આવી ગઈ છે. હસમુખ નથી આવ્યો, એ નથી આવતો હમણાં. બપોરે આવ્યો હતો ઓલા ડોક્ટરને લઈને.

**'મારા માટે જ,...'** જુઓ, એમાં પાછું 'જ' 'જ' છે બધે. **'મારામાંથી જ,...'** એ વીતરાગી ધર્મ મેં મારામાંથી કાઢ્યો છે. પર્યાયમાંથી પર્યાય નીકળી છે. આહા..હા..! એ રાગ ને વ્યવહાર ને દેવ-ગુરુ-શાસ્ત્રમાંથી નથી એ પર્યાય આવી, મારામાંથી આવી છે. આહા..હા..! કહો, આવી વાત! વીતરાગ એમ કહે કે મારી સામું જોતા તને રાગ થશે, રાગ એ પુણ્યબંધનું કારણ છે. તું તારા માટે અંદર જોઈને જે વીતરાગી દશા કર તેને તું (પ્રાપ્ત કર), તેનાથી તને દશા થાય તે તારી દશા. અમારાથી થાય એ રાગ છે. અમારી સામું જોતા તને વિકલ્પ થશે, અમે પરદ્રવ્ય છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ તે કેવો હશે? નવો કાઢ્યો હશે આવો? કેટલાક એમ કહે છે.

**શ્રોતા :-** જૂનો દટાઈ ગયો હતો એ કાઢ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કાનજીસ્વામીએ નવો ધર્મ કાઢ્યો. અરે! ભગવાન! નવો નથી બાપુ! તને ખબર નથી. આ તો વતીરાગ પરમાત્મા જિનેશ્વરદેવની મૂળ ચીજ છે એ છે આ. સમજાણું કાંઈ? આહા..હા..! આ વાડાની ચીજ નથી, આ તો વીતરાગના સ્વભાવના માર્ગની ચીજ છે. આહા..હા..!

**'મારા માટે જ...'** છેને? **'મારામાંથી જ,...'** એ સંપ્રદાન. **'મારામાં જ,...'** લ્યો! આધાર. એ મારી પર્યાયને આધારે મારી પર્યાય થઈ છે. વીતરાગી પર્યાયનો આધાર અને આધેય હું છું. એનો આધાર કોઈ રાગ વ્યવહાર હતો અને વીતરાગી દશા થઈ એમ નથી. આહા..હા..! છેને કે નહિ? એમાં

લખાણ તો પડ્યું છે. આહા..હા..! **'મારામાં જ, મને જ ગ્રહણ કરું છું.'** એ કર્મ. પહેલો કર્તા લીધો હતો એનું આ કર્મ એટલે કાર્ય. સમજાણું કાંઈ? હું એક ચેતનારો જ્ઞાયકસ્વભાવ આત્મા અને દયા, દાન, વ્રતાદિના વિકલ્પો એ બંધસ્વરૂપ એ મારી ચીજ નહિ, એ અત્યંત ભિન્ન છે. હું તો ચૈતન્ય સ્વભાવથી અભિન્ન છું. એ ચૈતન્ય સ્વભાવની વર્તમાન દશા મેં મારા માટે, મારા કારણે, મારા વડે, મારામાંથી, મારા આધારે થયેલી છે. આહા..હા..! છે?

**'મને જ ગ્રહણ કરું છું.'** એ કર્મ. કર્મ થયું એટલે કાર્ય. મેં, મારી નિર્મળ પર્યાયને મેં ગ્રહણ કરી છે એ મારું કાર્ય. રાગનું કાર્ય તો નહિ, પરના તો કાર્ય આત્મા કરતો નથી ત્રણકાળ, ત્રણલોકમાં. આ શરીર ને વાણીની ક્રિયા એ જડની એ આત્મા કરતો નથી. આહા..હા..! પણ રાગનું પણ કાર્ય મારું નહિ. વ્યવહારરત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચમહાવ્રતનો વિકલ્પ એ મારું કાર્ય નહિ એમ કહે છે. છે કે નહિ? આહા..હા..! **'મને જ ગ્રહણ કરું છું.'** આહા..હા..! ચેતનારી જે પર્યાય છે જાણનારી વીતરાગી એને જ હું કરું છું, એને જ ગ્રહણ કરું છું, એ જ મારું કાર્ય છે. આહા..હા..! ધર્મી એમ જાણે છે. નવ વર્ષ, આઠ વર્ષની છોડી-કન્યા હોય અને જો ધર્મ પામે સમ્યગ્દર્શન તો આ રીતે સમજે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પછી ભલે લગ્નાદિ કરે રાગ હોય તો. રાગ. પણ રાગનું કાર્ય મારું છે અને રાગનો હું કર્તા છું એમ જ્ઞાની આઠ વર્ષની બાળિકા સમકિત પામે તોપણ એમ ન માને. આહા..હા..! પંડિતજી! આહા..હા..! આવી વાતું છે.

**'મને જ ગ્રહણ કરું છું. આત્માની, ચેતના જ એક ક્રિયા હોવાથી,...'** દેખો! **'આત્માની, ચેતના જ એક ક્રિયા હોવાથી,...'** એ જાણવું-દેખવું એક જ ક્રિયા આત્માની છે. રાગાદિની ક્રિયા કે આ શરીરનું કરી દે, દેશનું કરી દે એ ક્રિયા કોઈ મારી નથી. આહા..હા..! અરે! એને સત્ય મળે નહિ, એ સત્યને શરણે ક્યારે જાય? આહા..હા..! ચોર્યાસી લાખના અવતારમાં દુઃખી થઈને રખડી રહ્યો છે એ. જૈન સાધુ થાય દિગંબર છતાં એ પંચમહાવ્રતના પરિણામની ક્રિયા એ મારું કર્તવ્ય છે, એનો હું કર્તા છું એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? લૂગડાવાળા તો સાધુ હોય જ નહિ. જૈનદર્શનમાં વીતરાગ સનાતન જૈનદર્શન. પણ લૂગડા વિનાના થાય અને પંચમહાવ્રત પાળે, તો એ વ્યવહાર છે અને એ કાર્ય મારું છે અને એનો હું કર્તા છું (એ) મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આમ મિથ્યાદૃષ્ટિપણે આવા દ્રવ્યલિંગ અનંતવાર ધાર્યા. આવ્યુંને? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપાજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહા..હા..! મહાવ્રત પાળ્યા તો કહે દુઃખ. મહાવ્રત છે એ રાગ છે, આસ્રવ છે, એ દુઃખ છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' એનો અર્થ શું થયો? એ દુઃખ છે. મહાવ્રતના પરિણામ દયા, દાનના પરના એ બધો રાગ છે, એ તો દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ચેતના જ એક ક્રિયા હોવાથી,...'** ભાષા તો જુઓ, **'આત્માની, ચેતના જ એક ક્રિયા હોવાથી,...'** શરીરની ક્રિયા, વાણીની ક્રિયા, દેશની ક્રિયા એ આત્મા તો કરી શકતો નથી. પરની દયા પાળી શકતો નથી, પરની દયાનો ભાવ થાય રાગ એ પણ આત્માની ક્રિયા નથી. આહા..હા..! આવી

વાતું! '**આત્માની, ચેતના જ...**' પાછું બધે 'જ'. એકાંત લગાવે છે. કથંચિત્ ચેતનાક્રિયા અને કથંચિત્ રાગક્રિયા (એમ) અનેકાંત કરવું છે? આ તો ચેતના જ એક ક્રિયા છે અને રાગ ક્રિયા નહિ એનું નામ અનેકાંત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ મહાવ્રત પાળીએ છીએ, નિર્દોષ આહાર લઈએ છીએ. નિર્દોષ અત્યારે આહાર છે જ ક્યાં? ઉદ્દેશિક જ આહાર છે અત્યારે. એના માટે ચોકા બને છે આહારના, સાધુ નગ્ન મુનિને. હજી તો મૂળગુણના ઠેકાણા નથી. નિશ્ચય તો છે જ ક્યાં? આહા..હા..!

અહીં તો આચાર્ય મહારાજ અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્યના શ્લોકનું સ્પષ્ટીકરણ કરે છે કે ભગવાન આમ કહેવા માગે છે અને એમ છે કે '**આત્માની, ચેતના જ એક ક્રિયા હોવાથી,...**' ચેતવું, જાણવું, દેખવું, જાણવું... જાણવું... ચેતનામાં બે આવી જાય. જાણવું અને દેખવું એ જ આત્માની ક્રિયા છે. પુણ્ય અને દયા, દાન, વ્રતાદિના રાગ એ આત્માની ક્રિયા નહિ. સમજાણું કાંઈ? વાતે વાતે ફેર. માર્ગ એવો છે, ભાઈ! '**ચેતના જ એક ક્રિયા હોવાથી હું ગ્રહણ કરું છું...**' કોને? આ ચેતનાની નિર્મળ ક્રિયા એ મારું કાર્ય છે એને હું ગ્રહણ કરું છું. સામાન્ય વાત છે. '**એટલે હું ચેતું જ છું;...**' એ કર્તા થયું, ઓલું સામાન્ય હતું. '**હું ગ્રહણ કરું છું...**' કોને? ચેતનાની ક્રિયાને, જાણવાની ક્રિયા, દેખવાની ક્રિયા વીતરાગી પરિણતિ તે ક્રિયાને ગ્રહણ કરું એ જ મારું કાર્ય છે. એક વાત. એ તો સામાન્ય વાત કરી. '**હું ગ્રહણ કરું છું...**' એટલું.

'**હું ચેતું જ છું,...**' એ કર્તા (સામાન્ય) હું તો ચેતનારો જ છું, જાણનારો જ છું. એ કર્તા (સામાન્ય). મારી વીતરાગી પર્યાયનો ચેતનારો હું પોતે કર્તા (સામાન્ય). '**ચેતતો જ (અર્થાત્ ચેતતો થકો જ) ચેતું છું,...**' (એ કર્તા થયું). ચેતતો જ થકો ચેતું છું, જાણતો થકો જાણું છું. આહા..હા..! રાગને જાણતો થકો જાણું છું એમ નહિ, પોતાને જાણતો થકો જાણું છું એમ કહે છે. આહા..હા..! '**ચેતતા વડે જ ચેતું છું,...**' લ્યો! કર્તા હતુંને, ચેતતા વડે કરણ લીધું, સાધન. ચેતું છું એ કર્તા, ચેતતો ચેતું છું, ચેતતો થકો ચેતું છું એમ. એ શું કીધું?

**શ્રોતા :–** ઓલું સામાન્ય. ચેતું છું એ સામાન્ય, પછી..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો કીધું પહેલું. એ તો કીધું. પહેલું તો એ કીધું. ચેતું છું. ચેતતો થકો ચેતું છું. એ ત્યાંથી લીધું. એ કર્તા. કર્તા છે.

'**ચેતતા વડે જ ચેતું છું,...**' એ કરણ લીધું. આહા..હા..! '**હું ચેતું જ છું;...**' એ સાધારણ વાત લીધી. પછી '**ચેતતો જ (અર્થાત્ ચેતતો થકો જ) ચેતું છું,...**' એ કર્તા થયું. '**ચેતતા વડે જ ચેતું છું,...**' એ કરણ થયું. આ ચેતના વડે ચેતું છું, ચેતના વડે ચેતું છું. આવી વાત તે ક્યાંથી આવી? આહા..હા..! '**ચેતતા માટે જ ચેતું છું,...**' સંપ્રદાન થયું ઈ. મારા ચેતના માટે જ ચેતું છું. આહા..હા..! રાગને ચેતું છું અને વ્યવહારને ચેતું છું એ નહિ. આહા..હા..! હું ચેતતા માટે ચેતું છું, ચેતનારને માટે ચેતું છું, ચેતનામાંથી ચેતું છું, અપાદાન. '**ચેતતામાંથી જ ચેતું છું,...**' ચેતનામાંથી જ ચેતું છું. રાગમાંથી ચેતું છું અને વ્યવહારમાંથી ચેતું છું એમ નહિ. '**ચેતતામાં જ ચેતું છું,...**' એ આધાર. ચેતનામાં જ ચેતું છું, જાણનારમાં જ જાણું છું, જાણનારમાં જ જાણું છું, જાણનારમાં જાણું

છું. જાણનાર વડે જાણું છું ને જાણનાર માટે જાણું છું, જાણનારને આધારે જાણું છું. આહા..હા..!

**'ચેતતાને જ ચેતું છું.'** એ કર્મ થયું કાર્ય. ચેતનાને જ ચેતું છું, હું તો મારા જ્ઞાનને જ કાર્યરૂપે ચેતું-જાણું છું. આહા..હા..! રાગને જાણું છું એ નહિ, વ્યવહારે જાણું છું એમ નહિ. અધિકાર ગાથા એવી છે ભાઈ આ. એક એક શબ્દમાં ઝીણવટ ઘણી ભરી છે, ઘણી ભરી છે. આહા..હા..! **'ચેતનાને જ ચેતું છું.'** એ કાર્ય. મારી ચેતનાને જ ચેતું છું. હું તો ચેતનાને જ ચેતું છું. વ્યવહારને જાણું છું એ નહિ. આ તો એ કાઢી નાખ્યું વ્યવહારને જાણું છું ઈ. વ્યવહાર તે કાળે જાણેલો પ્રયોજનવાન છે એમ આવ્યું હતુંને? અહીં એ પણ કાઢી નાખ્યું. આહા..હા..! અરે! આવી વાત સાંભળી નથી એણે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જિનેન્દ્રના પંથની પદ્ધતિ તો આ છે. એ રીત જ જાણી નથી એ કરે શું? ક્યાં જાય? આહા..હા..!

એ છના ભેદ પાડ્યા. વ્યવહારને કરું, વ્યવહાર કાર્ય, વ્યવહારને જાણું એ તો છોડી દીધું. હવે આ છ ભેદ પાડ્યા એ છોડી દે છે. છ ભેદ પાડ્યા એ વ્યવહાર છે. રાગાદિ તો અસદ્ભુતવ્યવહાર છે. આ ભેદ પાડવા એ સદ્ભુતવ્યવહાર, એ છોડી દે છે હવે. સમજાણું કાંઈ? આ બહુ ધ્યાન રાખે તો સમજાય એવું છે. ચકલી લાવી ચોખાનો દાણો, ચકલો લાવ્યો મગનો દાણો, એની બની ખીચડી. એવું આવતુંને. છોકરાઓ વાતું કરતાં. કુંભારને ત્યાં ગયા અને એને ઘડુલો આપ્યો. એવી વાતું છે જગતની. આ તો જુદી જાત છે વીતરાગની.

**'અથવા—નથી ચેતતો;...'** ભેદ જ નથી કહે છે. હું તો છું તે છું. આહા..હા..! **'સર્વવિશુદ્ધ ચિન્માત્ર ભાવ છું.'** એમ. આ ભેદ પણ નથી. આહા..હા..! વ્યવહારને તો ચેતતો નથી, પણ ભેદને ચેતું છું એ પણ નહિ. **'નથી ચેતતો;...'** નથી ચેતતો થકો ચેતતો. આહા..હા..! **'નથી ચેતતામાંથી ચેતતો, નથી ચેતતામાં ચેતતો, નથી ચેતતાને ચેતતો;...'** કાર્ય છેલ્લું. છ ભેદ કાઢી નાખ્યા. પહેલા ભેદે સમજાવ્યું પર્યાય, પછી ભેદ કાઢી નાખ્યા. આહા..હા..! હવે આમાં શું ઘરે જઈને કરવું? તારો બાપ ત્યાં પૂછે કે શું સાંભળ્યું? કાંઈક કહેતા હતા ઝીણી ઝીણી વાતું. એને પણ ક્યાં નવરાશ છે રળવા આડે. આહા..હા..! પરંતુ.. અધિકાર તો સર્વવિશુદ્ધનો આવશે પછી. પણ હવે એની શરૂઆત થઈ ગઈ અહીંથી. આ મોક્ષ અધિકાર પછી સર્વવિશુદ્ધ આવશે. તો સર્વવિશુદ્ધ અહીંથી શરૂઆત-ઉપોદ્ઘાત થઈ ગઈ. આહા..હા..! હું એક ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપી બિરાજમાન શાશ્વત વસ્તુ એ મારી ચેતના વડે ચેતું અને ચેતનારો ચેતું, ચેતના માટે ચેતું, ચેતનાર એ બધા ભેદો પર્યાયનયે, વ્યવહારનયે જાણવામાં છે. આહા..હા..! એ સદ્ભુતવ્યવહાર એ કાઢી નાખ્યો.

**'પરંતુ સર્વવિશુદ્ધ ચિન્માત્ર ભાવ છું.'** લ્યો! હું તો એક સર્વ વિશુદ્ધ. છે? **'પરંતુ સર્વવિશુદ્ધ...'** પણ ભેદ પડે છે એમાં હજી વિકલ્પ અને અશુદ્ધતા છે. આહા..હા..! **'પરંતુ સર્વવિશુદ્ધ...'** લ્યો, આ વિશુદ્ધ શબ્દ આવ્યો આ, પવિત્રતાના અર્થમાં. **'સર્વવિશુદ્ધ ચિન્માત્ર...'** જ્ઞાનમાત્ર, ચૈતન્યમાત્ર વસ્તુ. એમાં ભેદ પણ છે નહિ કહે છે. આહા..હા..! સમ્યગ્દર્શનનો વિષય 'સર્વવિશુદ્ધ ચેતનમાત્ર છું' તે વિષય છે, ભેદ પણ નહિ. આહા..હા..! આ તો કંઈક માની બેસે સમ્યગ્દર્શન. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા

થઈ સમ્યક્ થયું, નવ તત્ત્વની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન. ધૂળેય નથી. આહા..હા..!

અહીં તો કહે છે કે '**સર્વવિશુદ્ધ...**' રાગનું તો કર્તા-કર્મ નહિ, પણ મારામાં ચેતના વડે ચેતું અને એવા જે ભેદ પડે તે પણ હું નહિ. આહા..હા..! '**સર્વવિશુદ્ધ ચિન્માત્ર...**' જ્ઞાનજ્યોતિ, જ્ઞાનચંદ્ર, સૂર્ય પ્રભુ. જેમ આ સૂર્ય પ્રકાશનો પૂંજ છે, તેમ હું એક ચિન્માત્ર જ્ઞાનપૂંજ છું. અભેદ ચીજ જ્ઞાનપૂંજ છું. આહા..હા..! એ સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શનનું ધ્યેય આ છે, ભેદ ધ્યેય નથી. '**સર્વવિશુદ્ધ ચિન્માત્ર...**' એમ કહ્યુંને? ચિન-ચિન એટલે જ્ઞાન-જ્ઞાતા. ચેતનમાત્ર. ચેતનમાં બેય આવી જશે જ્ઞાન અને દર્શન બેય. ચિન્માત્ર એટલે ચૈતન્યમાત્ર ભાવ છું. '**(ચૈતન્યમાત્ર) ભાવ છું.**' આહા..હા..! એવી જે દૃષ્ટિ કરીને અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન ધર્મની શરૂઆત છે. ચારિત્ર તો પછી. ચારિત્ર કોને કહેવા એ તો બીજી વાતું ક્યાંય આઘી, પણ આ તો પ્રથમ સમ્યગ્દર્શન આ રીતે થાય. એ અભેદ ઉપર દૃષ્ટિ રહે ત્યારે સમ્યક્ થાય એની આ વાત કરી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ વદ-૩, શનિવાર, તા. ૦૪-૦૬-૧૯૭૭, ગાથા-૨૯૭, કળશ-૧૮૧, પ્રવચન નં. ૩૫૬

આ સમયસાર, મોક્ષ અધિકાર, ૨૯૭નો ભાવાર્થ છે. ગુજરાતી ચાલશેને ગુજરાતી? ૨૯૭નો ભાવાર્થ. .. છેને? '**પ્રજ્ઞા વડે ભિન્ન કરવામાં આવેલો જે ચેતક...**' શું કહે છે? કે જ્ઞાન, વર્તમાન જે જ્ઞાનપર્યાય છે તેના જ્ઞાનની પર્યાયથી આત્માને અનુભવતાં રાગથી તે ભિન્ન પડી જાય છે. પ્રજ્ઞા શબ્દે અનુભવ છે.

**શ્રોતા** :- પ્રજ્ઞાનો અર્થ અનુભવ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અનુભવ છે. પ્ર-વિશેષે જ્ઞાન. આત્મા ચૈતન્ય નિત્યાનંદ પ્રભુ તેની વર્તમાન દશામાં એ દ્રવ્યનું જ્ઞાન થવું એટલે કે અનુભવ થવો એનું નામ અહીંયાં પ્રજ્ઞાછીણી કહેવામાં આવે છે.

'**પ્રજ્ઞા વડે કરીને ભિન્ન કરવામાં આવેલો...**' એમ કહ્યુંને? આહા..હા..! સૂક્ષ્મ વાતું, બાપુ! રાગ જે વિકલ્પ છે.. કળશમાં તો લેશે ઘણું. '**कारकाणि वा यदि धर्माः वा यदि गुणाः**' એ બધા ભેદ પડો તો પડો વસ્તુમાં ભેદ નથી. આહા..હા..! સમ્યગ્દર્શનનો વિષય જે અભેદ ચૈતન્ય વસ્તુ એને, કહે છે પ્રજ્ઞા વડે ભિન્ન કરવામાં આવી. આત્માનું નિયત લક્ષણ જ્ઞાન અને બંધનું નિયત લક્ષણ રાગ. એ બેના નિયત સ્વલક્ષણના જ્ઞાન વડે બેને ભિન્ન કરવામાં આવ્યા. આહા..હા..! '**જે ચેતક તે આ હું છું...**' આહા..હા..! વિકલ્પ નહિ. ચેતનારો જેની સત્તામાં ચેતવું, જાણવું જેની સત્તામાં છે, જેના હોવાપણામાં જાણવું જ છે એવો ચેતક તે હું છું. આહા..હા..! ધર્મચંદજી!

**'ચેતક તે આ હું છું...'** આહા..હા..! **'અને બાકીના ભાવો મારાથી પર છે;...'** આ વ્યવહાર-વ્યવહાર કરે છેને લોકો? પાઠમાં જ એ આવ્યું છે. અહીં તો ભાવાર્થ છે. પાઠમાં છેને. ટીકા-ટીકા. ભિન્ન કરવામાં આવ્યું. ૨૯૪માં આવ્યું હતું સર્વથા. ૯૫માં આવ્યું હતું સર્વથા છેદવા. ૨૯૫ ગાથા. બંધને સર્વથા જ છેદવા એમ કીધું છે. આહા..હા..! પહેલી ટીકા-ટીકા. ૨૯૫. એ જ્યારે સર હુકમીચંદજી આવ્યા હતા ત્યારે આ ગાથા ચાલતી હતી. પહેલાં જ્યારે આવ્યા ત્યારે. બંસીધરજી હતા સાથે. ઇંદોરવાળા બંસીધરજી. બંસીધરજી ઇંદોરવાળા, આ જીવનધર. બધા હતા. ૨૦૦૫ની સાલ, ૨૮ વર્ષ થયા. ત્યારે આ ગાથા ચાલતી હતી. બંધને સર્વથા ભિન્ન કરવો. એટલે કે વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ છે રાગ એ રાગની દશાની દિશા પર ઉપર છે, રાગની દશાની દિશા પર ઉપર છે. અને પ્રજ્ઞા જ્ઞાનની દશાની દિશા સ્વ ઉપર છે. છે દશા, બેય છે પર્યાય. પણ એક પર્યાયમાં પર દિશા તરફ લક્ષ છે અને જ્ઞાનની પર્યાયમાં સ્વ તરફમાં લક્ષ છે. એટલે?

જ્ઞાનની પર્યાયમાં અંતર્મુખ થતાં 'તેને ચેતનારો તે હું છું' એવું જ્ઞાનની પર્યાયમાં આવે છે. જ્ઞાનની પર્યાયમાં ચેતનારો દ્રવ્ય છે તે આવતું નથી. દ્રવ્ય તો દ્રવ્યરૂપે રહે છે, પણ દ્રવ્યનું જેટલું સામર્થ્ય અને શક્તિ છે એટલું પ્રતીતમાં અને જ્ઞાનની પર્યાયમાં આવી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કહ્યુંને? **'ભિન્ન કરવામાં આવેલો જે ચેતક તે આ હું છું...'** એ જ્ઞાનની પર્યાયમાં એમ આવ્યું, પ્રજ્ઞારૂપી જ્ઞાનની દશામાં એમ આવ્યું. ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! કે આ ચેતનારો જે છે જ્ઞાનસ્વભાવ એકલો, જે જ્ઞાન જેનો સ્વભાવ છે ત્રિકાળ (તે હું છું). સર્વજ્ઞસ્વભાવી જ આત્મા છે. જ્ઞસ્વભાવી કહો કે એની સાથે વિશેષણ લગાવતા સર્વજ્ઞસ્વભાવ, બધું એક જ છે.

**શ્રોતા :-** અહીંયા પ્રજ્ઞાસ્વભાવ કહ્યો, બધું એક જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રજ્ઞાસ્વભાવ છે એ તો પર્યાયની વાત લીધી, પણ પર્યાયમાં સર્વજ્ઞ સ્વભાવીનો અનુભવ થાય છે એમ કહે છે. આ પ્રજ્ઞા છે ઈ પર્યાય છે અને જેનો ત્રિકાળી સ્વભાવ છે સર્વજ્ઞ એ તો દ્રવ્ય અને ગુણ છે, ધ્રુવ છે. એ ધ્રુવનું રાગથી વર્તમાન જ્ઞાનની દશાને પર તરફના લક્ષથી છોડીને સ્વ તરફના લક્ષમાં જાય છે ત્યારે એ જ્ઞાનની દશામાં 'આ ચેતનારો આ તે હું છું' એમ જાણે છે, પર્યાય હું છું એમ નહિ. આહા..હા..! આવી વાત છે ઝીણી એટલે લોકોને (કઠણ લાગે છે). અને તે વ્યવહારને તો તદ્દન હેય કરીને છોડી દીધો છે. અહીં તો હજી બીજા ભેદો છોડી દેશે. આહા..હા..! હમણાં છાપામાં આવ્યું છે જૈનદર્શનમાં. આ જગમોહનલાલજીએ કહ્યું હતુંને ઠીક બધું. શુદ્ધથી શુદ્ધ પમાય છે, વ્યવહારથી નહિ એવું. વ્યવહાર હેય છે. એનું લખાણ આવ્યું છે લાલબહાદુર. એમ કે આ બધું લખાણ કેમ આવ્યું? પૈસા બોલે છે. અરે! ભગવાન! પંડિતોએ પૈસા ખાધા. અરે! આવું બોલાય? એક માણસ બીજા માણસને કહે આવું. એમ કે એ પૈસા ખાધા છે માટે બોલે છે. અરે ભગવાન! સત્ય હોય તેની કબુલાત આવે એટલે પૈસા ખાધા માટે સત્ય કબુલ કર્યું એણે એમ છે?

અહીંયાં તો વાત જે વ્યવહારના હેયની વાત તો લક્ષ છૂટી ગયું. એ તો ભેદ પાડવો છે એટલે બે વાત સામી લે છે કે રાગ એ બંધનું લક્ષણ છે અને ચૈતન્ય એ સ્વનું લક્ષણ છે. એ તો હજી બે પ્રકાર

છે ત્યાં સુધી વિકલ્પ છે. બે આવ્યાને? પણ એમાં વિકલ્પમાં પણ એ જ્ઞાનની પર્યાયમાં આ ચેતનારો જે છે આખી ચીજ છે તે હું છું. રાગ હું નહિ, વ્યવહાર હું નહિ, હું જે છું તે પણ હું નહિ. આહા..હા..! હું તો ચેતનાર, ચેતક તે હું છું. આખી તત્ત્વની, તત્ત્વ આખું તે હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? એમ આવ્યુંને જુઓને. '**પ્રજ્ઞા વડે ભિન્ન કરવામાં આવેલો...**' આ તો ગંભીર શબ્દ છે. આ તો શાસ્ત્ર સિદ્ધાંત છે. '**પ્રજ્ઞા વડે ભિન્ન કરવામાં આવેલો જે ચેતક તે આ હું છું...**' એનો અર્થ આ છે.

જે જ્ઞાનની દશા વર્તમાન પર તરફના વલણવાળી હતી એ તો ત્યાં રહી. હવે બીજે ક્ષણે રાગના લક્ષણને બંધ તરીકે લક્ષ કરી અને એ જ્ઞાનની પર્યાય દ્રવ્યથી ઉત્પન્ન થઈ અને દ્રવ્યનો આશ્રય લીધો તે પર્યાય એમ કહે છે કે હું તો ચેતક છું. ભાષા તો સાદી છે કાંઈ બહુ એવી (કઠણ નથી). આહા..હા..! ધર્મચંદજી! આહા..હા..! હું વ્યવહાર તો નહિ, પણ હું જે પ્રજ્ઞા અનુભવ છે એટલો એ હું નહિ. અનુભવમાં આવે છે આ—એ ચેતક તે હું છું. આહા..હા..! વીતરાગ સિવાય આ વાત ક્યાં છે? તે પણ દિગંબર હોં! દિગંબર જૈન સિવાય આવું પરમસત્ય અંદર દેખાય એવું બીજે ક્યાંય નથી. આહા..હા..! ઝીણું પડે, કઠણ પડે પણ વસ્તુની સ્થિતિ તો આ છે. દેવીલાલજી! આહા..હા..!

કહે છે, '**અને બાકીના ભાવો મારાથી પર છે;...**' એ તો હજી બે અપેક્ષા છે. સ્વ અને પર બે અપેક્ષા છે હજી. ભેદ પાડવો છેને? એમાં બે અપેક્ષા આવી એટલે હજી વિકલ્પ છે જરી, પણ એ વિકલ્પમાં ભેદ પાડે છે કે આ બાજુ આ ચેતક તે હું છું. રાગના વિકલ્પ, વ્યવહારના ભાગ જેટલા છે તે બધા મારાથી પર છે. આહા..હા..! છે નહિ? એમાં છે કે નહિ આ? '**માટે (અભિન્ન છ કારકોથી)...**' હજી વ્યવહાર છે. '**હું જ,...**' કર્તા. હું ચેતક છું એવું જે કર્તાપણું પર્યાયમાં આવ્યું. '**મારા વડે જ,...**' એ કરણ આવ્યું. મારી જ્ઞાનની પર્યાય વડે મેં મને જાણ્યો છે. આહા..હા..! વ્યવહાર વડે જાણ્યો નથી. મારા વડે જાણ્યો છે એ પણ હજી ભેદ છે. આહા..હા..!

'**હું જ,...**' એ કર્તા છે. દ્રવ્ય કર્તા નથી. દ્રવ્યની દશા તો, એ કર્તાપણું પર્યાયમાં આવે છે, દ્રવ્ય તો ધ્રુવ છે. એમાં પરિણમન કર્તાપણાનું પરિણમન એ ધ્રુવમાં નથી. ષટ્કારકનું પરિણમન પર્યાયમાં છે. ધ્રુવ તો ધ્રુવ છે, કૂટસ્થ છે. આહા..હા..! કહે છે તે આ હું છું એ '**મારા વડે જ,...**' એટલે ચેતક પરિણતિ વડે જ હું મને જાણું છું. મારા સાધન માટે, કરણ માટે, મારી જ્ઞાનની પર્યાય જે છે સ્વ તરફ વળી એ જ મારું કરણ અને એ જ મારું સાધન. કહો, જ્ઞાનચંદજી! સાધન-ફાધન આ વ્યવહારના... લોકોને એ કઠણ લાગે. એણે જરી ખુલાસો થોડો કર્યો હતો જગનમોહનલાલે, તોપણ થોડો ગોટો હતો છેલ્લે બે લીટી, છેલ્લી ચાર લીટીમાં, કે વ્યવહારથી નિશ્ચય થાય એવી સહેજ હતી ભાષા. બધું વાંચ્યું.

**શ્રોતા :–** કોઈને થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોઈને થાય, એમ કે વ્યવહારથી નિશ્ચય થાય. ધૂળેય ન થાય. છતાં એ ન ગોઠ્યું લાલબહાદુરને. આવું હોય કાંઈ? કોઈ વ્યક્તિ પ્રત્યે એવા આરોપ દેવા? અહીંની વાત કબુલે એને પૈસા દીધા માટે કબુલે છે. એમ ન હોય, ભાઈ! આહા..હા..!

ભગવાન તો એમ કહે છે કે જે રીતે વસ્તુ છે એ રીતે તું જ્યારે નથી માનતો ત્યારે તું તે વસ્તુને

આળ આપે છે. અને આળ આપતાં-આપતાં તને એવી દશા થઈ જશે કે તું ચૈતન્ય છો એવું બીજાઓ નહિ કબુલી શકે એવી સ્થિતિમાં તું જઈશ. એ શું કીધું? આહા..હા..! જે રીતે વસ્તુનું સ્વરૂપ છે એ રીતે ન માનતા એને આળ આપીશ કે એ તો રાગથી જણાશે, વિકારથી જણાશે, ભેદથી અભેદ જણાશે, નિમિત્તથી જણાશે એ રીતે તો વસ્તુને તેં આળ આપ્યા છે. વસ્તુનું સ્વરૂપ એવું નથી. આળ આપ્યું. આળ આપતાં-આપતાં નકાર થઈ જશે તને. એવી સ્થિતિમાં જઈશ નિગોદાદિમાં કે તેં આળ આપ્યું છેને, નકાર કર્યો છે સત્યનો એથી જગતના જીવ તને જીવ માનવાને કબુલ નહિ થાય એવી સ્થિતિમાં તું જઈશ. ન્યાય સમજાય છે? આહા..હા..! જ્ઞાનચંદજી! એકેન્દ્રિય એક શરીર. આહા..હા..! એક લસણ કળીનો એક કટકો રાય જેટલો (એમાં) અસંખ્ય તો શરીર અને એક શરીરમાં સિદ્ધ કરતા અનંતગુણા જીવ અને એક એક જીવમાં અનંત ગુણો અને એક એક ગુણની એવી અનંતા ગુણની અનંતી પર્યાય. ક્યારે કબુલ કરી શકે? ભાઈ! તારું જે સત્‌નું સત્ત્વ જે રીતે અને જેટલા પ્રમાણમાં છે એ રીતે ન માનતા બીજી રીતે જો એને આળ આપીશ, અભ્યાખ્યાન છે ઈ, એ અભ્યાખ્યાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શ્વેતાંબરમાં શૈલી આવે છે. વ્યાખ્યાન શ્વેતાંબરમાં ચાલતાને ત્યારે આ વાત ચાલતી તે દિ'. કે જ્યારે આવી ચીજ જો તું છો પૂર્ણાનંદનો નાથ અખંડ ધ્રુવ ચૈતન્ય, અંદર એકલી શક્તિનો સંગ્રહાલય, ગુણનો ગોદામ અને સ્વભાવનો સાગર એ ચીજ પૂર્ણ પ્રભુ પોતે છે. આહા..હા..! એને જો અપૂર્ણ માન્યો, રાગવાળો માન્યો તો તેં સ્વરૂપને અનાદર કર્યો એટલે આળ આપ્યું છે કે તું આવો નહિ. એ આળ આપતાં-આપતાં તારી દશા એવી થઈ જશે કે નિગોદમાં જઈશ કે જ્યાં જેથી બીજા જીવો 'આ જીવ છે' એ કબુલ નહિ કરી શકે એવી સ્થિતિમાં જઈશ. આહા..હા..! ન્યાય સમજાય છે? આહા..હા..! ધર્મચંદજી! માર્ગ આવો છે એ અહીં કહે છે.

અને એ '**મારા વડે જ,...**' બીજા વડે કરવા જઈશ તો એ વસ્તુનું સ્વરૂપ નથી, બાપુ! આહા..હા..! હજી તો આ તો ભેદ પાડે છે. આહા..હા..! '**મારા માટે જ,...**' મેં રાગથી ભિન્ન પડીને જે જ્ઞાનનો અનુભવ છે એ અનુભવ મારા માટે છે. સંપ્રદાન, આ સંપ્રદાન છે. કર્તા, કરણ, સંપ્રદાન. કર્મ છેલ્લું આવશે, કર્મ છેલ્લું આવશે. આહા..હા..! '**મારા માટે જ,...**' સંપ્રદાન છે. હું જે નિર્મળ પરિણતિમાં રાગથી ભિન્ન પડીને અનુભવ જે છે એ મારા માટે છે. એ અનુભવની પર્યાય મેં રાખીને મેં મને આપી છે. મને કોઈએ આપી છે અને મેં કોઈને આપી છે અનુભવ પર્યાય, એમ નથી. આહા..હા..! આવું સ્વરૂપ છે. '**મારા માટે જ,...**' દરેકને 'જ' શબ્દ છે હોં! ટીકામાં પણ 'જ' છે. એકાંત થઈ જાય છે આ? ના. એ મારા માટે જ અને પર માટે નહિ, હું જ કરનારો અને પર કરનારો નહિ, મારા વડે થાય અને પર વડે નહિ એનું નામ અનેકાંત છે. મારા વડે થાય અને પર વડે થાય એ ફુદડીવાદ છે, અનેકાંતવાદ નથી. આહા..હા..!

'**મારામાંથી જ,...**' એ અપાદાન છે. હું મારામાંથી, પર્યાય પર્યાયમાંથી કાઢી છે મેં. આહા..હા..! નિર્મળ પર્યાયમાં ષટ્કારકનું પરિણમન છે. ધ્રુવમાં ષટ્કારકની શક્તિ છે અને પર્યાયમાં એક સમયની દશામાં ષટ્કારકનું પર્યાયમાં પરિણમન છે. પર્યાય પર્યાયની કર્તા, પર્યાય પર્યાયનું કર્મ. કર્મ છેલ્લું લેશે.

પર્યાય વડે થયું, પર્યાય માટે થયું અને મારામાંથી એટલે પર્યાય પર્યાયમાંથી થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સમયસાર છે, ભાઈ! સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ એના દિવ્યધ્વનિનો આ સાર છે. દિવ્યધ્વનિમાંથી નીકળેલું. 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે,' મુખ. મુખ તો ભાષા છે. બાકી ભગવાનને મુખથી ન વાણી હોય, પણ લોકોની શૈલીએ ભાષા (કરી છે). પંચાસ્તિકાયમાં એમ છે, ભગવાન મુખથી બોલે છે એમ. એ લોકની અપેક્ષાએ બોલ્યા છે. એને તો અંદરની આખી ૐ ધ્વનિ હોય છે. હોઠ ને આ હલ્યા વિના ૐ એવો ધ્વનિ ઊઠે. 'મુખ ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે, રચી આગમ ઉપદેશે ભવિક જીવ સંશય નિવારે.' આ બનારસીદાસનું. સ્તુતિ બનારસીદાસની છે, બનારસી વિલાસમાં છે.

અહીંયાં કહે છે કે મારામાંથી જ મેં કાઢ્યું છે. કોઈ વ્યવહારમાંથી મારી આ પર્યાય પ્રગટ થઈ છે... આહા..હા..! એ વ્યવહારરત્નત્રયની જરીક સહાય હતી, મદદ હતી, માટે આ થયું છે. કહે છે, ના. આહા..હા..! **'મારામાંથી જ, મારામાં જ,...'** એ આધાર. મારામાં જ થયું છે, રાગમાં થયું નથી. જ્ઞાનની દશા. પ્રજ્ઞાદશા, અનુભવદશા એ મારા માટે મારામાંથી થઈ છે અને મારા આધારે થઈ છે. આહા..હા..! નિશ્ચયથી તો વ્યવહારનો આધાર તો નહિ, પણ અનુભવની પર્યાયને દ્રવ્ય-ગુણનો આધાર નહિ. સમજાણું કાંઈ? એ પર્યાય જ નિર્મળ સ્વતંત્ર ષટ્કારક પરિણમનના પોતાના સ્વતઃ સામર્થ્યથી થયેલી છે. આહા..હા..! આવો માર્ગ છે.

**'મને જ ગ્રહણ કરું છું.'** એ કર્મ. કર્મ એટલે કાર્ય. મેં મારી પર્યાયને જ ગ્રહણ કરી છે. નિર્મળ વીતરાગી પર્યાય, પ્રજ્ઞા જે અનુભવ એ મેં જ કાર્ય કર્યું છે. એ કર્મ એટલે કાર્ય એ મારું છે. વ્યવહારનું કાર્ય નથી, નિમિત્તનું કાર્ય નથી, ભગવાનની વાણી સાંભળી એનું એ કાર્ય નથી. સમજાણું કાંઈ? **'ગ્રહણ કરું છું.'** એટલે ચેતું છું. એ કર્મ થયું કર્મ. કર્તાનું કર્મ, કર્તાનું કાર્ય. એ વખતે ઈ છેને છ. **'કારણ કે ચેતવું તે જ આત્માની એક ક્રિયા છે.'** આહા..હા..! આત્માનું તો ચેતવું જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... એ એક જ ક્રિયા છે. આ પર્યાયની વાત ચાલે છે. **'ચેતવું તે જ આત્માની એક ક્રિયા છે.'** રાગ પણ બીજી ક્રિયા છે એની એમ નથી. આહા..હા..! એક ક્રિયા છે. **'માટે હું ચેતું જ છું;...'** માટે હું ચેતું જ છું. **'ચેતનારો જ,...'** કર્તા. ચેતું છું એ સામાન્ય. **'ચેતનાર વડે,...'** એ કરણ, ચેતનાર વડે ચેતું છું. ચેતનાર માટે ચેતું છું એ અપાદાન. **'ચેતનારમાંથી જ,...'** તે અધિકરણ. **'ચેતનારમાં જ, ચેતનારને જ ચેતું છું.'** એ કર્મ. આહા..હા..! આ વસ્તુની સ્થિતિ ભગવાને કાંઈ કરી નથી બીજાની. એમણે તો જાણી છે તેવું વાણીમાં આવ્યું છે. તે વાણીમાં આવ્યું છે, એમણે વાણી પણ કરી નથી.

**શ્રોતા :-** વાણી પણ ક્યાં ભગવાનની છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાણી ક્યાં એમની છે. વાણી તો જડની છે. આહા..હા..! વાણીનો સ્વપર પ્રકાશક સ્વભાવ છે, આત્માનો સ્વપર જાણવાનો સ્વભાવ છે. આહા..હા..!

અહીં કહે છે એ ચેતનારને ચેતું છું. હું તો જાણનારને જ જાણું છું, રાગને નહિ, વ્યવહાર રાગ છે

એને નહિ, એ સંબંધીનું મારું જ્ઞાન તે કાળે મારાથી સ્વતંત્રપણે થયું છે તેને હું જાણું છું. રાગ વ્યવહાર હતો માટે એનું જ્ઞાન થયું એમ નથી. એ જ્ઞાન પોતાથી પોતાના સામર્થ્યથી થયું છે. એ કહ્યું જુઓ, **'ચેતનારને જ ચેતું છું.'** આહા..હા..! જાણનાર એવી દશા મારી ભગવાનદશા એને જ હું તો જાણું છું. આહા..હા..! ૧૨મી ગાથામાં કહ્યું હતું, વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે. 'तदात्वे'. સંસ્કૃતમાં એમ છે. બારમી ગાથા 'तदात्वे'—જાણેલો પ્રયોજનવાન છે. એ પણ વ્યવહાર થયો. અહીં તો કહે છે કે હું મારા જ્ઞાનને જ જાણું છું. સમજાણું કાંઈ? દિલીપ! આવું ઝીણું છે.

**'અથવા...'** હવે કાઢી નાખે છે. એ પણ વ્યવહાર થયો. છ પ્રકાર પડ્યા એ સદ્‌ભુતવ્યવહાર. વ્યવહારરત્નત્રયનો રાગ એ અસદ્‌ભૂતવ્યવહાર. એ તો કાઢી નાખ્યો. હવે અહીંયાં સદ્‌ભુતવ્યવહારમાં આવ્યો છ પ્રકાર એ પણ વ્યવહાર છે. હું કર્તા ને મારું કાર્ય ને મારા વડે, મારા માટે, મારામાંથી, મારે આધારે એ પણ સદ્‌ભુતવ્યવહારનય છે, એ નિશ્ચય નહિ. આહા..હા..! **'અથવા દ્રવ્યદૃષ્ટિએ તો- છ કારકોના ભેદ પણ મારામાં નથી,...'** લ્યો. આહા..હા..! દ્રવ્ય એટલે વસ્તુ જે નિત્યાનંદ પ્રભુ એકરૂપ સામાન્ય જે સ્વભાવ, એની દૃષ્ટિએ જોતાં તો એ છ કારકના ભેદ પણ વસ્તુમાં નથી. આ સમ્યગ્દર્શનનો વિષય આવો. આહા..હા..! **'ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ। '** ૧૧મી ગાથા. ભૂતાર્થ. એમાં ષટ્‌કારકના ભેદો પણ પર્યાયના એમાં નથી. આહા..હા..! ઝીણું પડે, .... સમજાય એવું છે. ભાષા બહુ આકરી નથી. ઝીણું પડે પણ બીજું શું થાય! માર્ગની પદ્ધતિ અને વસ્તુની સ્થિતિ જ આવી છે. આ કોઈએ કરેલી નથી, છે જ એવી. આહા..હા..!

કહે છે, પણ દ્રવ્યદૃષ્ટિએ જો વસ્તુથી જોઈએ, ભેદ કાઢી નાખીને, આહા..હા..! તો છ કારકોના ભેદ પણ મારામાં નથી. લ્યો! ચેતનારો, ચેતના માટે અને ચેતનાના આધારે અને ચેતું છું, ચેતના વડે એ બધો સદ્‌ભુતવ્યવહાર છે. એટલો (ભેદ) કરતાં પણ વિકલ્પ ઊઠે છે. આહા..હા..! એવા ભેદથી પણ રાગ ઊઠે છે. એવા ષટ્‌કારકના પોતાના પોતામાં નિર્મળના ષટ્‌કારકમાં ભેદથી તો રાગ ઊઠે છે. આહા..હા..!

માટે **'છ કારકોના ભેદ પણ મારામાં નથી, હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું.'** સર્વવિશુદ્ધ લીધું. ટીકામાં સર્વવિશુદ્ધ છે. **'પરંતુ સર્વવિશુદ્ધ ચિન્માત્ર ભાવ છું.'** ટીકાનો છેલ્લો છે. હું તો.. છેને? 'શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું' એવો પણ વિકલ્પ નહિ. 'શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું' એમ પર્યાય જાણે છે. પર્યાય એમ જાણે છે કે 'હું શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું.' આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની પર્યાય એ તો નિર્વિકલ્પ છે, પણ એની સાથે સમ્યગ્જ્ઞાનની પર્યાય એમ જાણે છે કે 'હું તો શુદ્ધ ચૈતન્યમાત્ર, ખંડ ખંડ ભેદ પણ નહિ, શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવ છું.' એ સમ્યગ્દર્શનનો વિષય છે. એ અભેદને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..!

**'આ પ્રમાણે પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવો... '** છે? **'અર્થાત્ પોતાને ચેતનાર તરીકે અનુભવવો.'** લ્યો! ત્યાં અનુભવ શબ્દ લઈ લીધો. આહા..હા..! કેટલી ધીરજ જોઈએ! આમાં કાંઈ શાસ્ત્રના વાદ ને વિવાદ એનું પાર પડે એવું નથી, ભગવાન! મહાપ્રભુ બિરાજે છેને. જેમાં પર્યાયનો પણ

અભાવ છેને. આહા..હા..! જેમાં પર્યાયનો અભાવ છે. છતાં પર્યાય એને જાણે છે. પર્યાય જાણતા છતાં પર્યાયમાં દ્રવ્ય આવતું નથી, દ્રવ્ય સંબંધીનું જ્ઞાન અને શ્રદ્ધા એ પર્યાયમાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! **'આ પ્રમાણે પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવો અર્થાત્ પોતાને ચેતનાર તરીકે અનુભવવો.'**

હવે કળશ-કળશ. ૧૮૨ કળશ. એનો ટીકાનો સાર લે છે કળશમાં.

(शार्दूलविक्रीडित)

भित्त्वा सर्वमपि स्वलक्षणबताद्भेत्तुं हि यच्छक्यते
चिन्मुद्राङ्कितनिर्विभागमहिमा शुद्धश्चिदेवास्म्यहम्।
भिद्यन्ते यदि कारकाणि यदि वा धर्मा गुणा वा यदि
भिद्यान्तां न भिदास्ति काचन विभौ भावे विशुद्धे चिति।।१८२।।

ઓલા આવ્યા છેને આપણે વાંચન? એ સાંભળ્યું છે ભાઈ જ્ઞાનચંદજી? એક સવા છસ્સો શ્લોકનું પુસ્તક નીકળ્યું છે શ્વેતાંબરના ભંડારમાંથી, છે દિગંબરનું. સાંભળ્યું છે? નથી સાંભળ્યું? અહીં આવી ગયું છે આપણે. અહીં મોકલ્યું હતું ભાઈએ ઓલા કેવા? ઝવેરી. માણેકચંદજી ઝવેરી. અહીં પહેલું વાંચવા હિંમતભાઈને. વાંચે અને સંસ્કૃત. એક છોકરો કારંજનો છે, હુશિયાર હતો ભણેલો. એ લંડનમાં ગયો હતો અને એણે અનુવાદ કરેલો છે. ૨૫ અધ્યાય છે. એમાં એક એકમાં ૨૫-૨૫ શ્લોક છે. સવા છસ્સો છે અને બે વધારાના. .. મારે તો બીજું કહેવું હતું. એક **'अच्छा अच्छा'** એમાંથી નીકળ્યું આજે. જે ઓલી ..ની શક્તિનો શ્લોક નીકળ્યો હતોને, એમ આ પચ્ચીસમા અધિકારનો ચોવીસમો શ્લોક છે. નિર્જરાનો **'अच्छा अच्छा'** શબ્દ એ છે. આપણે સાંજે વાંચીએ છીએ, હમણાં વાંચશું. સવા ચારથી સવા પાંચ, (એક) કલાક. બે પુસ્તક આવ્યા છે. પચ્ચીસ અધિકાર છે અને એક એકમાં પચ્ચીસ-પચ્ચીસ શ્લોક છે અને એનો અનુવાદ છે. એ કો'ક છોકરો હુશિયાર છે, કારંજામાં ભણેલો અને લંડનમાં ગયો છે. સંસ્કૃત બહુ ભણેલો એણે અનુવાદ કર્યો છે. એ અહીં મોકલ્યું છે માણેકચંદજી ઝવેરી. શ્વેતાંબર તરફથી છપાશે, પણ છે પુસ્તક દિગંબરનું. છાપવાના છે એમ કહે છે. એવું સાંભળ્યું છે. એના ભંડારમાંથી નીકળ્યુંને. આપ્યું આપણને અહીં. અહીં મોકલ્યું હતું પછી. છેને આ? હા એ. આવા બે ભાગ છે, બે ભાગ છે. ૬૨૭ શ્લોક છે ૬૨૭. આહા..હા..! આ શ્લોક.

**'यत् भेत्तुं हि शक्यते सर्वम् अपि स्वलक्षणबलात् भित्त्वा'** શું કહે છે? **'જે કાંઈ ભેદી શકાય છે...'** એટલે કે જ્ઞાયક એકરૂપ ચૈતન્યસ્વરૂપમાં જેટલા ભેદ પડે છે, વિકારની તો વાત નહિ પણ એમાં જે ભેદ પડે છે **'તે સર્વને સ્વલક્ષણના બળથી ભેદીને,...'** **'चिन्मुद्रा-अङ्किंत-निर्विभाग-महिमा शुद्धः चिद् एव अहम् अस्मि'** **'જેનો ચિન્મુદ્રાથી અંકિત...'** જ્ઞાન જેની મહોરછાપ. વસ્તુની મહોરછાપ જ્ઞાન છે. આહા..હા..! ચિન્મુદ્રા છેને? **'ચિન્મુદ્રાથી અંકિત...'** ચિન શબ્દે ચેતન બેય લેવું. એકલું જ્ઞાન નહિ, જ્ઞાન અને દર્શન બે ભેગું. એ **'ચિન્મુદ્રાથી અંકિત નિર્વિભાગ...'** જેનો ભાગ નથી. આહા..હા..! એકલો જ્ઞાયકભાવ જેનો એકલો અભેદરસ, ચૈતન્યરસ એ સમ્યગ્દર્શનનો

વિષય છે, એ ભૂતાર્થ છે. આહા..હા..! **'નિર્વિભાગ મહિમા છે (અર્થાત્ ચૈતન્યની છાપથી ચિહ્નિત...'** દેખો! ચૈતન્યની છાપ છે ભગવાન, જાણવું-દેખવું એ એની છાપ છે. આહા..હા..! **'(ચૈતન્યની છાપથી ચિહ્નિત વિભાગરહિત જેનો મહિમા છે) એવો શુદ્ધ ચૈતન્ય જ હું છું,...'** ધર્મી જીવે આ રીતે આત્માને અનુભવવો. આહા..હા..! શુદ્ધ ચૈતન્યમાત્ર. છે? તે જ હું છું. આહા..હા..!

**'यदि कारकाणि वा यदि धर्माः वा यदि गुणाः भिद्यन्ते ' 'જો કારકોના,...'** કર્તા, કર્મ આદિ કારકો—કારણો—ભેદ હો તો હો, મારા સ્વરૂપમાં નથી. આહા..હા..! દૃષ્ટિનો વિષય જે ચિન્માત્ર વસ્તુ એ **'कारकाणि'** છ કારકો હો તો ભલે હો, મારી ચીજમાં નથી, અભેદમાં નથી. આહા..હા..! સમ્યગ્દર્શનનું ધ્યેય એમાં એ ભેદ નથી. આહા..હા..! આવો માર્ગ આકરો લાગે માણસને. ધર્મો, અસ્તિ, વસ્તુત્વ આદિ ધર્મ છેને? નિત્ય-અનિત્ય એ ભલે હો. નિત્ય-અનિત્ય, એક-અનેક ધર્મ હો, મારી ચીજમાં એવા ભેદ નથી. આહા..હા..! **'અથવા ગુણો...'** જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણો. ઓલા ધર્મ એને કહીએ કે નિત્ય-અનિત્યની અપેક્ષાવાળાને ધર્મ કહીએ અને ગુણ છે એ કાયમી શક્તિ જ્ઞાન, દર્શન એને ગુણ કહીએ. ધર્મ છે એ અપેક્ષિત નિત્ય અનિત્ય. નિત્ય ધર્મ અને અનિત્ય ધર્મ છે. પાછું નિત્યગુણ અને એની નિત્યની પર્યાય, અનિત્ય ગુણ અને અનિત્યની પર્યાય એમ નથી. એને ધર્મ કહેવામાં આવે છે. નિત્ય-અનિત્ય, એક-અનેક એ ધર્મો હો, હું તો ચૈતન્યમાત્ર છું. આહા..હા..! **'અથવા ગુણો...'** એ જ્ઞાન-દર્શન-આનંદ. જ્ઞાન-દર્શન-આનંદ અનંતગુણ **'ભેદો પડે, તો ભલે પડો;...'** આહા..હા..! અહીં સુધી લઈ જવા માણસને.

**'विभौ विशुद्धे चिति भावे काचन भिदा न अस्ति' 'પરંતુ વિભુ...'** એવો જે હું દૃઢસ્વરૂપ, અચળસ્વરૂપ. નીચે અર્થ છેને. નિત્યસ્વરૂપ, સમર્થસ્વરૂપ 'સર્વ ગુણપર્યાયોમાં વ્યાપક.' ટીકામાં એમ કર્યું છે. વિ-વિશેષે ભૂ જ્ઞાનાદિ ગુણો હો તો હો. વિભુ. જ્ઞાનાદિ ગુણો છે એમ. વિભુ. વિશેષે ભુ-જ્ઞાનાદિ ગુણો છે. આહા..હા..! **'એવા શુદ્ધ (-સમસ્ત વિભાવોથી રહિત) ચૈતન્યભાવમાં તો કોઈ ભેદ નથી.'** આહા..હા..! એકલો જાણકસ્વભાવ ત્રિકાળી નિત્ય ધ્રુવ જેને સામાન્ય કહીએ, સદૃશ્ય કહીએ, એકરૂપ કહીએ, ધ્રુવ કહીએ, નિત્ય કહીએ એમાં તો આ બધા ભેદો નથી. આહા..હા..! હવે આવું શિક્ષણ શિબિરમાં જાય? ઝીણું પડેને? માર્ગ તો આવો છે, બાપા! આહા..હા..! વસ્તુસ્થિતિ આ છે. એ ક્યાં ભગવાને કરેલી છે? કર્તા નથી ભગવાન. વસ્તુસ્થિતિ આવી છે એવું જાણ્યું એવું કહ્યું. આહા..હા..!

કહે છે કે હું તો, ષટ્કારકો સદ્ભુતવ્યવહારનયથી હો, ધર્મો હો અપેક્ષિત નિત્ય-અનિત્ય, એક-અનેક એવા ધર્મો અપેક્ષિત હો, હો અને અનંત જ્ઞાનાદિ ગુણો પણ હો. આહા..હા..! ભલે પડો, ભેદ ભલે રહો. આહા..હા..! પણ **'વિભુ એવા શુદ્ધ (-સમસ્ત વિભાવોથી રહિત) ચૈતન્યભાવમાં તો કોઈ ભેદ નથી.'** આહા..હા..! ત્રિકાળી ચૈતન્યભાવ નિત્ય શુદ્ધ ભૂતાર્થ એમાં તો આ કારકોના ભેદ પણ નથી, ધર્મની અપેક્ષાના ભેદો નથી અને અનંત ગુણો જે શક્તિરૂપે છે એ તો ગુણીના ગુણ

એવો ભેદ થઈ ગયો. આહા..હા..! આ મોક્ષનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન. મોક્ષનો અધિકાર છેને? મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગ. એમાં સમ્યગ્દર્શન એનો વિષય આ, એનું ધ્યેય આ. ..લાલજી! આહા..હા..!

‘**ચૈતન્યભાવમાં...**’ ભાવ છેને ત્રિકાળી? જ્ઞાન... જ્ઞાન... જ્ઞાનનું પૂર, જ્ઞાનના નૂરનું તેજનું પૂર. ધ્રુવ જે જ્ઞાનનું પૂર ધ્રુવ એમાં તો કોઈ ભેદ નથી. આહા..હા..! એમ જાણે છે કોણ? પર્યાય, કાંઈ ધ્રુવ જાણતું નથી. ધ્રુવમાં કાર્ય હોતું નથી, કાર્ય તો પર્યાયમાં છે. આહા..હા..! ‘**ચૈતન્યભાવમાં તો કોઈ ભેદ નથી.**’ આહા..હા..! અહીંયાં તો હજી વ્યવહારમાં અટક્યા છે કે અમે કાંઈક દયા, દાન, શુભ ઉપયોગ કરીએ અને શુભોપયોગથી પછી શુદ્ધતા થાશે. એ તો ક્યાંય ગયા, પણ અહીં તો પોતાની ચીજ છે એમાં પર્યાયમાં ષટ્કારકના કારણો ઊભા કરવા ભેદ-ભેદ, એ પણ વસ્તુમાં નથી. ભેદ તો પર્યાયમાં વિકલ્પથી ભેદ ઉઠાવે છે કે આ કર્તા ને આ કાર્ય ને આ કારણ. આહા..હા..! કહો, ધર્મચંદજી! ત્યાં ક્યાં ખંડવામાં છે આ? દુકાન ચાલતી હોયને દીકરાની એટલે મદદ કરે થોડી. આહા..હા..!

‘**(આમ પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરાય છે.)**’ આમ વર્તમાન જ્ઞાનની દશાના અનુભવ દ્વારા આત્મા જણાય છે. આત્મા જ્ઞાનની દશામાં આવતો નથી. દ્રવ્ય છે એ કાંઈ પર્યાયમાં આવે છે? તેમ પર્યાય છે એ કાંઈ દ્રવ્યમાં એકમેક થઈ જાય છે? બેય ભિન્ન ચીજ છે. આહા..હા..! ‘**(આમ પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરાય છે.)**’ પ્રજ્ઞા વડે એ પર્યાય છે, અનુભવ છે. આત્માને ગ્રહણ કરવો એ આત્મા એ દ્રવ્ય છે ત્રિકાળી. ગ્રહણ કરાય એટલે અનુભવાય છે. આહા..હા..! કારકો, ધર્મો અને ગુણો ભલે હો કહે છે, જાણવા માટે હો, પણ આદરવા માટે તો અભેદ આદરવાલાયક છે. એ જાણવા માટે ભેદ હો. આહા..હા..! પણ અંદર દૃષ્ટિના વિષયમાં જતાં દૃષ્ટિ જે છે એનો જે વિષય છે એમાં તો આ કારકો અને ધર્મો ને ગુણો છે નહિ. અભેદમાં ભેદ દેખાતો નથી. અભેદ છે એમાં ભેદ છે ખરો, પણ અભેદ ઉપર દૃષ્ટિ જતાં, નિર્વિકલ્પ અનુભવ થતાં એમાં ભેદ અંદર ગુણો અનંત છે, છતાં એ અભેદમાં દેખાય નહિ માટે નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અને ભેદને જોવા જાય તો વિકલ્પ ઊઠે છે, રાગ ઊઠે છે, ધર્મ થતો નથી. આહા..હા..! કહો, છેલ્લા આ શ્લોકમાં આ આવ્યું. હજી તકરાર તો અત્યારની આ વાંધાની, વ્યવહાર એકાંત છે, વ્યવહારથી ન થાય એમ માનનારા એકાંત છે. નિશ્ચયથી જ થાય અને વ્યવહારથી ન થાય એ એકાંત છે એમ કહે છે. અરે.. ભગવાન! બાપુ! તેં સાંભળ્યું નથી, પ્રભુ! તારી મોટપની વાતું તેં સાંભળી નથી, તારી મોટપમાં ભેદપણાનું લક્ષ નથી. આહા..હા..! તારી એવડી અંદર મોટપ છે, મહત્તા છે એનું અસ્તિત્વ એવડું છે, એનું હોવાપણું એકરૂપે સદૃશ ધ્રુવ છે એમાં ભેદ અને કારકોના કારણોની અપેક્ષા એમાં છે જ નહિ. કહો, પંડિતજી! કેસર લાલ છે ... આહા..હા..!

એક સમયની એક પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન હોય છે. પર. જ્ઞાનની એક સમયની પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન હોય છે. પર્યાય એક સમયની પર્યાયનું એટલું સામર્થ્ય છે. એવી એવી અનંતી પર્યાયનું સામર્થ્ય તો એક જ્ઞાનગુણ છે. એવા એવા અનંતગુણના પર્યાયના સામર્થ્યવાળા અનંતા ગુણો છે. એ ગુણ અને ગુણીનો ભેદ પણ લક્ષમાં લેવા જેવો નથી કહે છે. આહા..હા..! એ ૧૧મી ગાથા છેને. ‘**ववहारोऽभूदत्थो**’

પર્યાય અભૂતાર્થ છે. અભૂતાર્થનો અર્થ ગૌણ કરીને અસત્ કીધી છે, અભાવ કરીને અસત્ કીધી નથી. જો અભાવ કરીને અસત્ કહે તો '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્તનો આશ્રય તો પર્યાય લે છે. '**ववहारोऽभूदत्थो**' વ્યવહાર પર્યાયમાત્ર અસત્યાર્થ છે. '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' ભૂતાર્થ તે શુદ્ધનય. શુદ્ધનય અને એનો વિષય બે ભેદ પણ નહિ. ૧૧મી ગાથા. નય અને નયનો વિષય એ તો ભેદ છે. ત્રિકાળી વસ્તુ જે ત્રિકાળી વસ્તુ ભગવાન પૂર્ણાનંદ એક સમયની પર્યાય વિનાનો એને અહીંયાં ભૂતાર્થ એને શુદ્ધનય કીધી છે. એને જ શુદ્ધનય કીધી છે. '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' પછી ભેદ પાડ્યો. '**भूदत्थमस्सिदो खलु**' એ આ ભૂતાર્થ આ. આહા..હા..! હવે આ બધું ક્યાં પહોંચવા જાય. નવરાશ ન મળે. બાયુને નવરાશ ન મળે રાંધવા અને પાણી ભરવા આડે અને માણસને નવરાશ ન મળે વેપાર આડે, નોકરી આડે. આ બાપુ! નવરાશ તો લેવી પડશે, ભાઈ! આહા..હા..! અનંતકાળનો રઝળતો, રખડતો ચોર્યાસીના અવતારમાં એ મિથ્યાત્વથી રખડે છે. રાગની મંદતા તો અનંતવાર કરી છે. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઊપજાયો.' દિગંબર મુનિ.

આજે એવું આવ્યું છે ભાઈ, જરી. અત્યારે આ નવો એક કોઈ સાધુ છે નાની ઉંમરનો ૩૦ વર્ષનો. મેરઠ-મેરઠ. સવા વર્ષથી શરીર ઠીક નહિ હોય. પણ કોક આવીને છરી મારી ગયું. છાપામાં આવ્યું હતું. ત્રણ-ચાર ઠેકાણે માર્યા. મેરઠમાં છે. વર્ધમાન સ્વામી. નાની ઉંમરના ૩૦ વર્ષ. સવા વર્ષથી ત્યાં જ છે. કાંઈક શરીર નબળું. મેરઠમાં. કોક હોય બિચારો બહારથી નગ્ન. કોઈ બપોરે આવી બે વાગે, ત્રણ વાગે છરી મારી ગયું. ભલે એની દૃષ્ટિ ગમે તેવી પણ એવી સ્થિતિ... લોકોને ઓલું નાગાપણું ગોઠતું નથી. નાગાપણું છેને એ ગોઠતું નથી. અરે! નાગો તારો તો જન્મ થઈને નાગો જ આવ્યો છે તું. એવો દ્વેષ કરવો નગ્નપણાનો એ કાંઈ...

**શ્રોતા :-** સનાવતના રહેનારા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સનાવતનો? એ માણસ? સાધુ?

**શ્રોતા :-** વર્ધમાનસાગર જે મુનિ હતા એ સનાવતના રહેનારા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ! આજે છાપામાં આવ્યું છે, જૈનમિત્રમાં આવ્યું છે. આ તો પહેલીવહેલી વાત છે. કોઈએ ચાર છરી મારી.

**શ્રોતા :-** .. પહેલેથી હતું. એમાં ચાકુ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાછું કોણ મારી ગયું એનો પત્તો નથી. આવું ચાલે? બિચારા કોઈપણ પ્રાણી એને.. બધા ભગવાન છે. પર્યાયમાં ભૂલ છે, વસ્તુએ ભગવાન છે. કોઈ સાથે વેરવિરોધ હોઈ શકે નહિ. ભગવાન! બાપુ! ભલે મિથ્યાદૃષ્ટિ હોય. એ પર્યાયનું જોખમ એને છે. વસ્તુ તો ભગવાન છે. આહા..હા..! દ્રવ્યથી તો સાધર્મી જીવ છે. વસ્તુ-વસ્તુ ભગવાન આત્મા જેની પર્યાયદૃષ્ટિ ગઈ છે એ બીજાને પણ દ્રવ્યથી જોવે છે, પર્યાયનું જ્ઞાન કરે, આહા..હા..! પણ કોઈ સાથે વેરવિરોધ ન હોય. એનો ભાવાર્થ લેશે, લ્યો!

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## જ્યેષ્ઠ વદ-૪, રવિવાર, તા. ૦૫-૦૬-૧૯૭૭, ગાથા-૨૯૮-૨૯૯, કળશ-૧૮૨, પ્રવચન નં. ૩૫૭

૧૮૨ કળશ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, પૂજા આદિ વિકલ્પ રાગ એ ચૈતન્યસ્વભાવથી ખાલી છે, રિક્ત છે. છેને? '**જેમનું સ્વલક્ષણ ચૈતન્ય નથી એવા પરભાવો...**' આ પરભાવની વ્યાખ્યા. ચાહે તો દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો, પૂજાનો ભાવ હોય પણ એ શુભરાગ છે, એમાં ચૈતન્યલક્ષણનો અભાવ છે. એ ૭૨ ગાથામાં આવ્યુંને? રાગ છે ઈ જડ છે. કઈ અપેક્ષાથી? જેમ આ શરીર પરમાણુ આદિ જડ છે એમ નહિ. શરીર, વાણી, મન, જડ પરમાણુ છે એમ પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એવા જડ નથી, પણ એમાં ચૈતન્યનો અભાવ છે એ અપેક્ષાએ જડ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યલક્ષણ, ચૈતન્ય જાણકસ્વભાવથી જણાનારો એ લક્ષણ જેમાં નથી એવા પરભાવ. આહા..હા..! કહો, દેવચંદજી! આટલી તો સ્પષ્ટતા કરે છે. વ્યવહારરત્નત્રય, વ્યવહારથી નિશ્ચય થાય છે. અહીં તો કહે છે કે પરભાવ એને કહીએ કે જેમાં ચૈતન્યલક્ષણનો અભાવ છે. આ તો શાંતિથી સમજે તો વાત તો સીધી છે. સમજાણું કાંઈ? સત્યનું સ્વરૂપ જ એવું છે કે જેનું સ્વલક્ષણ એટલે પરભાવ, ચૈતન્ય નથી, જેનું સ્વલક્ષણ ચૈતન્ય નથી. આહા..હા..! પુણ્યના ભાવ, પાપના ભાવ તો ઠીક એ તો અચેતન રાગ પાપ છે, પણ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો રાગ અને શાસ્ત્ર ભણવાનો, પર તરફના લક્ષવાળો વિકલ્પ રાગ એ ચૈતન્યલક્ષણથી રહિત છે. આહા..હા..!

**શ્રોતા :-** થવા ન જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હોય છે, વ્યવહાર હોય છે, પણ ચૈતન્યલક્ષણથી ભિન્ન છે. જાણવાલાયક છે, આદરવાલાયક નથી. ન્યાયથી સમજવું જોઈએ. લોજિક ન્યાય-ન્યાય શું? નિ ધાતુ છે. ન્યાયમાં નિ—લઈ જવું. જેવું સ્વરૂપ છે એ તરફ જ્ઞાનને લઈ જાય એનું નામ ન્યાય. દેવચંદજી! જેવું સ્વરૂપ છે ચૈતન્યનું-જડનું, પરભાવનું-સ્વભાવનું એ તરફ જ્ઞાનને આમ જ છે એમ લઈ જવું એનું નામ ન્યાય છે. આહા..હા..! અરે! એને અનંતકાળ અનંતકાળ થયું પરિભ્રમણમાં, પણ સત્ય શું છે એવું એણે લક્ષમાં લીધું જ નથી કદી. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો.' તો મુનિવ્રત ધાર્યું, એ પણ ચૈતન્યનું લક્ષણ નથી. 'અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' છ ઢાળામાં આવે છે એ. એ પાઠશાળામાં ભણાવે છે. પંડિતજી ભણાવે છે. એનો અર્થ શું થયો? કે પંચમહાવ્રતના પરિણામ, પંચ સમિતિ-ગુપ્તિનો ભાવ, અઠ્યાવીશ મૂળગુણના ભાવ એ ચૈતન્ય સ્વલક્ષણથી રહિત છે એવા પરભાવ. આહા..હા..! છેને? સીધી વાત છે. એ મારાથી ભિન્ન છે. આહા..હા..!

**શ્રોતા :-** વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પ્રશ્ન જ ક્યાં રહ્યો? વ્યવહાર છે એ મારા ચૈતન્યલક્ષણથી તો ભિન્ન છે. તો ભિન્નથી મારી ભિન્ન ચીજ પ્રાપ્ત થાય? આહા..હા..! વિચાર મળ્યો જ નથી, આ વાત ગુપ્ત થઈ ગઈ. આખી વાત મૂળ ચીજ લુપ્ત થઈ ગઈ અને કૃત્રિમ વાત ચાલી બહારની.

અહીં તો પરમાત્મા, મુનિ કહે છે એ પરમાત્મા કહે છે. પરમાત્માને અનુસાર જ મુનિ કહે છે. **'જેમનું સ્વલક્ષણ...'** જેમનું એટલે? જેનું. અમારી ભાષા ગુજરાતી. **'ચૈતન્ય નથી...'** જેનું સ્વલક્ષણ ચૈતન્ય નથી **'એવા પરભાવો...'** એવો વ્યવહારરત્નત્રયનો વિકલ્પ રાગ **'તો મારાથી ભિન્ન છે,...'** પંડિતજી! છે? હું તો **'માત્ર શુદ્ધચૈતન્ય જ હું છું.'** આહા..હા..! ધર્મીજીવને એવી દૃષ્ટિ હોવી જોઈએ. મારા ચૈતન્ય સ્વલક્ષણથી જે ચીજ ભિન્ન છે. શરીર, વાણી, મન એ તો જડ જ છે, એ તો પરમાણુ છે અજીવ જડ, પણ પોતામાં દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિ એવા જે વિકલ્પ ઊઠે છે રાગ એ પણ ચૈતન્યલક્ષણથી રહિત છે. કેમકે રાગ પોતાને જાણતો નથી, રાગ જ્ઞાન દ્વારા જણાય છે એ કારણે જ્ઞાન એમાં નથી, એ અચેતન છે, જડ છે. આહા..હા..! કહો, ધર્મચંદજી! આવી વાત છે. માણસ પછી કહે એ.. સોનગઢવાળા વ્યવહારને ઉથાપે છે. નહિ? વ્યવહારથી નિશ્ચય થાય નહિ એમ કહે છે. બધું કહે છે.

એક જ્ઞાનમતિ છે એક નહિ દિલ્હી? હવે ફરે છે. જંબુદ્વીપ કરાવ્યો છે, ન્યાં દિલ્હીમાં. એ પણ કહેતી હતી કે એ તો એકાંત છે, સોનગઢનું એકાંત છે. કેમકે વ્યવહારથી નિશ્ચય થાય એમ કહેતા નથી. વાત તો સાચી છે, વ્યવહારથી નિશ્ચય થતો જ નથી. પરભાવથી સ્વભાવ કદી થતો નથી. વિકારથી કદી અવિકાર થતો નથી. રાગથી કદી સમ્યગ્દર્શન અરાગીદશા થતી નથી. આહા..હા..! શશીભાઈ! આ તો સ્પષ્ટ છે. બે ને બે ચાર જેવી વાત છે. હું તો માત્ર શુદ્ધ ચૈતન્ય છું. પહેલા નાસ્તિ કહી કે પરભાવ ચૈતન્યલક્ષણથી રહિત છે, તેથી મારાથી ભિન્ન છે. હું કોણ છું? હું ચૈતન્ય છું. આહા..હા..! ચૈતન્યમાં બે આવ્યા—જ્ઞાન અને દર્શન, એકલું જ્ઞાન નહિ.

**'માત્ર શુદ્ધચૈતન્ય જ હું છું.'** ચૈતન્ય જ છું. એકાંત કર્યું. કથંચિત્ રાગ છું અને કથંચિત્ ચેતન છું એમ નથી. આહા..હા..! અરે! એણે સત્ય વાત સાંભળી નથી. જિંદગી ચાલી જાય એમ ને એમ ધૂળમાં ને ધૂળમાં બહારમાં. અને ધર્મને નામે આ સામાયિક ને પોષા ને પડિક્કમણા. એકલી રાગની ક્રિયા, ભાન ન મળે કે શું ચીજ છે. આહા..હા..! જયંતિભાઈ! એક વાત. **'કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ કારકભેદો,...'** મારી નિર્મળ પર્યાય. હવે પરભાવ તો ભિન્ન રહ્યો, પણ પરભાવથી ભિન્ન હું ચૈતન્ય છું એ ચૈતન્યની પર્યાયમાં જે પર્યાય કર્તા છે અને પર્યાય કાર્ય છે અને પર્યાય કરણ છે અને પર્યાય અપાદાન પર્યાયથી થઈ છે અને પર્યાયનું સંપ્રદાન પર્યાયમાં પોતામાં રાખી છે અને પર્યાયને આધારે પર્યાય થઈ. એ પર્યાયમાં ષટ્કારક જે છે એ પણ હું નથી. પરભાવ તો હું નથી... આહા..હા..! આવો માર્ગ છે.

'કર્તા,...' પર્યાયનો કર્તા હોં! પર્યાયનો કર્તા પર્યાય. પર્યાયનું કાર્ય પર્યાય. નિર્મળ હોં નિર્મળ. સદ્ભુતવ્યવહાર કહે છે. પહેલા અસદ્ભુતવ્યવહારને ઉડાવી દીધો. રાગમાં ચૈતન્યલક્ષણ નથી તેથી એ

મારી ચીજ નથી, હું તો શુદ્ધ ચૈતન્ય છું. હવે જે ચૈતન્યની પરિણતિ જે અવસ્થા થાય છે ક્રિયા, એ ચૈતન્ય પરિણતિ કર્તા, ચૈતન્ય પરિણતિ કાર્ય, કર્મ એટલે કાર્ય, ચૈતન્ય પરિણતિ સાધન, પર્યાયનું સાધન પર્યાય, નિમિત્ત સાધન નહિ, દ્રવ્ય-ગુણ સાધન નહિ. આહા..હા..! આવો વીતરાગમાર્ગ! સર્વજ્ઞ પરમેશ્વર એણે જૈનમાં રહ્યા અને સાંભળ્યો ન મળે ક્યાંય. કહો, હસમુખભાઈ! રળવું, આ કરવું એમાં સાંભળવા જાય તો મળે બીજું આ પડિક્કમણા કરો, સામાયિક કરો, આ કરો. આને આ એમ કહે કે તમે ભાઈ! ભક્તિ કરો, સમ્મેદશિખરની જાત્રા કરો, ગિરનારની કરો. દિગંબરમાં એમ કહે કે કપડા કાઢી નાખો. આહા..હા..! અરે! ભગવાન! તારો માર્ગ બીજો છે, પ્રભુ!

એ કરણ સાધન. જ્ઞાનની પર્યાય ચૈતન્યની, એ તો અહીંયાં જ્ઞાન અને દર્શન બેય લેવું. ચૈતન્ય છેને? એકલું જ્ઞાન નહિ. જાણવા-દેખવાની જે પર્યાય છે, એ પર્યાયનું સાધન પર્યાય, પર્યાયનું સંપ્રદાન પર્યાય કરીને પોતામાં રાખી અને પર્યાયથી પર્યાય થઈ અપાદાન અને પર્યાયના આધારે પર્યાય થઈ એ કારકભેદ પણ મારામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, ભગવાન! પણ ભાવ તો જે હોય એ હોયને. ભાષા તો.. ભગવાનનો માર્ગ બાપુ! ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ મહાવિદેહમાં તો બિરાજે છે પ્રભુ સમવસરણમાં સર્વજ્ઞપણે, ત્રિકાળ જ્ઞાનપણે. એવા તો લાખો કેવળી બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં લાખો કેવળજ્ઞાની સર્વજ્ઞ, તીર્થંકર તરીકે ૨૦, એમાં પહેલા સીમંધર ભગવાન. એ તો એ કહે છે કે કારકભેદ મારામાં નથી. બીજી વાત. હવે ધર્મ મારામાં નથી. પોતાથી છે, પરથી નથી. સત્-અસત્ એ પણ અપેક્ષિત ધર્મ છે એ પણ મારામાં નથી. હું ભેદ નથી.

સત્ત્વ સ્વથી છે, પરથી નથી. '**નિત્યત્વ,...**' કાયમ રહેનારી ચીજ છે અને અવસ્થાથી અનિત્ય છે. એ ધર્મ. ધર્મ શબ્દે અપેક્ષિત ધર્મ. ધર્મ એટલે આ મોક્ષનો માર્ગ ધર્મ એમ નહિ. '**નિત્યત્વ, એકત્વ,...**' મારું સ્વરૂપ વસ્તુ તરીકે એક છે અને ભેદ તરીકે અનેક છે. એ '**આદિ ધર્મભેદો...**' એના અપેક્ષિત ધર્મભેદ. ધર્મ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ નહિ. નિત્ય-અનિત્ય એ ધર્મ. નિત્ય ગુણ નહિ. કેમકે નિત્ય ગુણ હોય તો નિત્યની પર્યાય (હોવી જોઈએ), અનિત્ય ગુણ હોય તો પાછી અનિત્યની પર્યાય હોવી જોઈએ. ધર્મ એને કહીએ કે જેની પર્યાય ન હોય, પછી ભેદ નહિ. અપેક્ષિત ગુણ એને અહીંયાં ધર્મ કહે છે. જ્ઞાનચંદજી! આહા..હા..!

એક-અનેક. અહીં ધર્મની વાત છે, ભાઈ! ચંદુભાઈ! નહિતર એક-અનેક ૪૭ શક્તિમાં ગુણ છે. ગુણ લીધા. ૪૭ શક્તિમાં એક-અનેક ગુણ છે એ ત્રિકાળ છે, એની પર્યાય છે. ગુણની પર્યાય છે એ ગુણમાં જશે, પણ અહીં જે એક-અનેક છે એ અપેક્ષિત લીધા છે, એ ગુણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ગુણ-ધર્મ, બન્નેથી ભિન્ન છે. આહા..હા..! ગુણ કાયમ રહેનારી ચીજ છે અને એની પર્યાય થાય છે અને ધર્મ અપેક્ષિત છે. પોતાથી છે એટલી અપેક્ષાએ ધર્મ, પણ એ ધર્મ સત્ છે અને અસત્ છે પરથી નથી. તો પરથી નહિ એ ગુણ છે અને એની પર્યાય બીજી છે એમ નથી. પરથી નથી એટલી અપેક્ષાવાળો એક ધર્મ છે, બસ. આહા..હા..! સમજાણું કાંઈ? '**સત્ત્વ, અસત્ત્વ, નિત્યત્વ, અનિત્યત્વ, એકત્વ, અનેકત્વ આદિ ધર્મભેદો...** ' બે બોલ થયા.

ત્રીજો. '**જ્ઞાન, દર્શન આદિ ગુણભેદો...**' એ તો પોતામાં ત્રિકાળ છે. જ્ઞાનગુણ ત્રિકાળ છે, દર્શનગુણ ત્રિકાળ છે, આનંદગુણ ત્રિકાળ છે, અસ્તિત્વગુણ ત્રિકાળ છે, પ્રભુત્વગુણ ત્રિકાળ છે, કર્તા, કર્મ, કરણ આદિ ષટ્કારક ગુણ ત્રિકાળ છે અને એની પર્યાય વર્તમાન થાય છે તેને અહીં ગુણ કહેવામાં આવે છે. ઓલા ધર્મ અને એની પર્યાય છે એમ નહિ, એ તો અપેક્ષિત ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે! વસ્તુ સર્વજ્ઞ પરમેશ્વર એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોવે છે. લોકોને એ શંકા પડે છે એમાં કે સર્વજ્ઞને જો કબુલ કરવા જઈએ તો સર્વજ્ઞે દીઠું એમ થશે, અમારે પુરુષાર્થ શું કરવો? એમ કહે છે. દેવચંદજી! ખબર છે. અમે તો ૭૨ની સાલથી (જાણીએ છીએ), ૬૧ વર્ષ થયા. ત્યારથી આ પ્રશ્ન ચાલે છે કે સર્વજ્ઞ જો કહો એમ માનો કેવળજ્ઞાન એક સમયમાં સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોક દેખે છે. તો તો કેવળજ્ઞાનમાં દેખાણું એમ થશે, એમાં પોતાને પુરુષાર્થ કરવાનો ક્યાં રહ્યો? એ પ્રશ્ન ઉઠ્યો હતો. ૭૨ની સાલ. ૬૧ વર્ષ પહેલાં સંપ્રદાયમાં. એમાં હતાને.

એને કહ્યું કે પ્રભુ! તમે એમ ન કહો. ભગવાને દીઠું એ પછી વાત, પણ ભગવાન સર્વજ્ઞ છે એક સમયમાં ત્રણકાળ જાણનારી શક્તિ જગતમાં છે. પછી દીઠું એ વાત પછી. તો સર્વજ્ઞની એક સમયની પર્યાયમાં ત્રણકાળ, ત્રણલોક શું, અનંતા કેવળી સર્વજ્ઞ પર્યાયમાં જણાય છે. અનંતા સિદ્ધો. એવી એક પર્યાયનું અસ્તિત્વ જગતમાં છે એવા અસ્તિત્વની પ્રતીતિ કરવા જાય તો પોતાના સર્વજ્ઞ તરફ જાય છે તો સર્વજ્ઞની પર્યાયના અસ્તિત્વની શ્રદ્ધા થાય છે. વાત સમજાય છે? આહા..હા..! એ જ પુરુષાર્થ છે. જુઓ, ૮૦મી ગાથામાં કહ્યું પ્રવચનસાર. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं। सो जाणदि अप्पाणं**' તે દિ' તો આ વાંચ્યું ક્યાં હતું? તે દિ' એ શાસ્ત્ર તો ૭૮માં હાથમાં આવ્યું. સમયસાર, પ્રવચનસાર ૭૮ની સાલમાં હાથ આવ્યું અને આ ૭૨ની સાલની વાત છે. પણ વાત અંદરથી આવી હતી. ભાઈ! સર્વજ્ઞ એટલે શું? આહા..હા..! એક સેકન્ડ ક બોલે એમાં અસંખ્ય સમય જાય, એનો એક સમય. એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક વર્તમાન છે નહિ, ભૂત નથી. ભૂત અને વર્તમાન અને ભવિષ્ય વર્તમાનની જેમ એક સમયમાં જાણે એનું નામ કેવળજ્ઞાન છે. આહા..હા..! બાપુ! અરિહંતને ઓળખવા. એમ નમો અરિહંતાણં.. નમો અરિહંતાણં કીધે જાય, ભાન ન મળે કાંઈ.

એક સમય. સમય કોને કહીએ? આહા..હા..! ક-ક એમ બોલવામાં અસંખ્ય સમય જાય. એનામાં અસંખ્યમા ભાગમાં એક સમય. સમય એક અને ત્રણકાળ. એ ત્રણકાળને નથી જાણતા, સમયમાં ત્રણકાળને જાણવાની શક્તિ છે તો એ પર્યાયને જાણે છે. ચંદુભાઈ! સમજાય છે? આહા..હા..! અને એ પર્યાયની જેને શ્રદ્ધા થઈ જાય... આહા..હા..! અરિહંતના દ્રવ્ય, ગુણ અને પર્યાય અસ્તિ છે, વિદ્યમાન છે, મોજૂદ છે એવી જેને શ્રદ્ધા-પ્રતીત થાય તેનું પર્યાય ઉપર લક્ષ નહિ રહેવાથી અંદર સ્વભાવ ઉપર એનું લક્ષ જાય છે. સમજાણું કાંઈ? તો એને મોહ નથી, મોહનો નાશ થાય છે.

'**सो जाणदि अप्पाणं**' ૮૦મી ગાથા પ્રવચનસાર. '**जो जाणदि अरहंतं**' એનું દ્રવ્ય, એનો ગુણ, એની પર્યાય સર્વજ્ઞ પર્યાય. આહા..હા..! અલ્પજ્ઞ દશામાં સર્વજ્ઞ પર્યાય જે જાણે-માને તેનું મિથ્યાત્વ નાશ થાય છે. એનો અર્થ '**अप्पाणं**'ને જાણે છે. એનો અર્થ? પર્યાય ઉપર લક્ષ ન રહેતા એની

દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે. આહા..હા..! એવી વાત છે, પ્રભુ! આ મોટી તકરાર થઈ હતી ૭૨ની સાલમાં. ગુરુભાઈ હતા. અમારા ગુરુ તો બિચારા નરમ હતા, કષાય મંદ. ગુરુભાઈ બહુ ક્લેશ કરતા. બે વર્ષ તો સાંભળ્યું. દીક્ષા ૭૦માં. ૭૦ સમજો છો તમે? ૭ અને ૦. ૬૪ વર્ષ થયા, ૬૪ વર્ષ. તો બે વર્ષ તો સાંભળ્યું ૭૦ અને ૭૧. એવી વાત કરતા હતા એ બધા.

એકવાર રાત્રીમાં પ્રશ્ન ઉઠ્યો અને કહ્યું કે તમે આ શું કહો છો વારંવાર? સર્વજ્ઞ કેવળીએ દીઠું એમ થશે એમાં પુરુષાર્થ ક્યાં રહ્યો? એ કારણે કેટલાક લોકો સર્વજ્ઞને ઉડાવે છે. એ મહેન્દ્ર પંડિત છેને એ સર્વજ્ઞને નથી માનતા. સર્વજ્ઞને માનવા જાય તો, બસ દીઠું એમ થશે એમાં કરવું શું? અરે! ભગવંત! સર્વજ્ઞની પર્યાયની પ્રતીતિ કરવાથી તારું દ્રવ્ય ઉપર લક્ષ જાય છે તો સમ્યગ્દર્શન થાય છે. જ્ઞાનચંદજી! લોકિજથી તો વાત છે ન્યાયથી. નહિ? લોજિકથી. ન્યાય કહ્યુંને પહેલા, ની-ધાતુ. જ્ઞાનને લઈ જવું, જેવી ચીજ છે ત્યાં જ્ઞાનને લઈ જાવું એનું નામ ન્યાય.

સર્વજ્ઞ પરમાત્મા. આહા..હા..! એના એક જ્ઞાનગુણની એક પર્યાય. અનંતગુણ તો ભિન્ન રહ્યા. એક જ્ઞાનશક્તિ જે ત્રિકાળ સર્વજ્ઞશક્તિ એમાંથી સર્વજ્ઞપણું આવ્યું, એક ગુણની એક પર્યાયની એટલી તાકાત, ભાઈ! એ વાત નથી. એની જ્યાં પ્રતીત કરવા જાય છે... આહા..હા..! તો પર્યાયને આશ્રયે સર્વજ્ઞની પર્યાયની પ્રતીતિ નથી થતી. પ્રતીતિ થાય છે પર્યાયમાં, પણ પર્યાયના આશ્રયે સર્વજ્ઞની પ્રતીતિ નથી થતી. ન્યાય સમજાય છે? એ કેવળજ્ઞાનની પર્યાયની શ્રદ્ધા થાય છે પર્યાયમાં, પણ જ્ઞાનસ્વભાવ સર્વજ્ઞ ત્રિકાળી સ્વભાવ છે એના ઉપર દૃષ્ટિ જાય છે ત્યારે સર્વજ્ઞની શ્રદ્ધા થાય છે. આહા..હા..! કેટલાકને સર્વજ્ઞ બેસતું નથી, બહુ તકરાર છે અત્યારે. સમજાણું કાંઈ?

એ પ્રશ્ન તો ૨૦ વર્ષ પહેલાં વર્ણીજી સાથે થયો હતો. વર્ણીજીની સાથે ૧૩ની સાલ. ૩૩ થયા. ૨૦ વર્ષ. ક્યાં? ઈસરી. પહેલાં પ્રશ્ન એ કર્યો હતો કે રાગ કેમ તૂટે? અમે તો જાણતા હતા, અમને ખ્યાલ હતો કે એની એવી માન્યતા છે. રાગ કેમ તૂટે? એ પ્રતિબદ્ધ કારણ તૂટે તો રાગ તૂટે. તૂટે સમજ્યા? અભાવ. રાગનો નાશ કઈ રીતે થાય? તો કહે પ્રતિબદ્ધ કારણ ટળે તો નાશ થાય. એમ નથી.

બીજો પ્રશ્ન કર્યો. ક્રમબદ્ધ છે કે નહિ? રાગાદિ થાય છે એ ક્રમસર થાય છે કે નહિ? તો કહે નહિ. ક્રમસર થાય છે એક પછી એક, પણ આ પછી આ જ અને આ પછી આ જ એમ નહિ. બે વાત. પછી ત્રીજો પ્રશ્ન કર્યો. બધા હતા. રામજીભાઈ હતા, અમારે હિંમતભાઈ હતા. વજુભાઈ હતાને? બધા ઘણાં હતા. ફૂલચંદજી પંડિત, કૈલાસચંદજી બધા ઘણાં હતા. પછી ત્રીજો પ્રશ્ન કર્યો. સર્વજ્ઞ છે કે નહિ કીધું સર્વજ્ઞ? ક્રમબદ્ધનો નિર્ણય કરાવવા માટે. (તો કહ્યું કે) સર્વજ્ઞ સર્વજ્ઞનું જાણે એમ કહ્યું. આહા..હા..! બસ, (ચર્ચા) બંધ થઈ ગઈ પછી. સર્વજ્ઞ સર્વજ્ઞનું જાણે. કેમકે સર્વજ્ઞનો નિર્ણય કરવા જાય તો ક્રમબદ્ધ થઈ જાય છે અને ક્રમબદ્ધ થઈ જાય તો રાગ કર્મથી તૂટે એમ રહેતું નથી. એ પોતાથી રાગનો નાશ થાય છે. કેમકે દૃષ્ટિ પોતાના સ્વભાવ ઉપર આવે છે તો રાગ ઉત્પન્ન થતો નથી, રાગ ઉત્પન્ન થતો નથી એને રાગનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. ચંદુભાઈ! આહા..હા..!

અહીં કહે છે કે, '**દર્શન આદિ ગુણભેદો...**' છ કારક ભેદ હો, જાણવાલાયક હો. એમ ધર્મભેદ

હો, અસ્તિ-નાસ્તિ આદિ જાણવાલાયક હો, આદરવાલાયક નથી. આહા..હા..! '**એમ જ્ઞાન, દર્શન આદિ ગુણભેદો જો કથંચિત્ હોય તો ભલે હો;...** ' એની અપેક્ષાએ જ્ઞાન જ્ઞાનથી, દર્શન દર્શનથી, આનંદ આનંદથી હો, '**પરંતુ શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં તો કોઈ ભેદ નથી.** ' આ સમ્યગ્દર્શનનો વિષય. આહા..હા..! પ્રથમ ધર્મની પહેલી સીઢી એની શરૂઆતમાં આ છે. આહા..હા..! '**શુદ્ધ ચૈતન્યમાત્ર...**' ચૈતન્યમાત્ર સંબંધ લીધો છે. કેમકે એમાં ભેદ પણ નથી કાંઈ. આહા..હા..! '**ભાવમાં તો કોઈ ભેદ નથી.—આમ શુદ્ધનયથી...**' શુદ્ધનયથી. અર્થાત્ ત્રિકાળીને સત્ય જ્ઞાનથી જોતાં, ત્રિકાળી ચીજને સત્ય જ્ઞાનથી જોતાં. દ્રવ્યાર્થિકનયથી કે શુદ્ધનયથી '**અભેદરૂપે આત્માને ગ્રહણ કરવો.**' આહા..હા..! ભેદનું પણ લક્ષ છોડી દેવું. આહા..હા..! સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી, ધર્મની પહેલી શરૂઆત. ગુણીરામજી! સાચી વાત છે. આહા..હા..!

અભેદ ચૈતન્ય. અભેદ (કહેતાં) 'આ અભેદ છે' એમ પણ નહિ, પણ એ ભેદનું લક્ષ છોડે છે તો દૃષ્ટિ આમ જાય છે તો તેને અભેદ કહેવામાં આવે છે. દૃષ્ટિનો વિષય અભેદ રહી જાય છે. 'આ અભેદ છે અને દૃષ્ટિ કરું છું' એવો ભેદ પણ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! 'આ સામાન્ય છે' એમ પણ નહિ. 'સામાન્ય છે અને આ પર્યાય અને આ સામાન્ય' એ તો ભેદ થઈ ગયો. પણ પર્યાય જ્યારે પર તરફ વળવાનું છોડી અને પોતા તરફ જુકે છે તો સામાન્ય ઉપર જાય છે માટે તેને અભેદ કહેવામાં આવે છે. ચંદુભાઈ! આહા..હા..!

એ '**અભેદરૂપે આત્માને ગ્રહણ કરવો.**' અનુભવ કરવો. આહા..હા..! કારકભેદો, ધર્મભેદો અને ગુણભેદો એ સદ્ભુતવ્યવહાર અનુપચારનયનો વિષય છે. વ્યવહારરત્નત્રયને જાણવો એ સદ્ભૂત વ્યવહારનયનો ઉપચાર વિષય છે. અને આ ભેદ છે... બરફવાળો? ઠીક. બરફ તો અહીં છે અંદર. આહા..હા..! '**શુદ્ધનયથી અભેદરૂપે આત્માને ગ્રહણ કરવો.**' અર્થાત્ ભેદ અને નિમિત્ત અને રાગ અને પર્યાયના ભેદનું લક્ષ છોડીને અંતરમાં જાય છે તો એનો અર્થ કે અભેદ ઉપર દૃષ્ટિ થઈ. આ અભેદ છે એમ પણ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એનું નામ સમ્યગ્દર્શન છે.

હવે, ૨૯૮-૨૯૯ ગાથા. '**(આત્માને શુદ્ધ ચૈતન્યમાત્ર તો ગ્રહણ કરાવ્યો; હવે સામાન્ય ચેતના...**' ચેતના કીધી હતીને? તો '**સામાન્ય ચેતના દર્શનજ્ઞાન-સામાન્યમય હોવાથી...** ' એ ચેતના છે એ દર્શન અને જ્ઞાનમય છે. એક જ રૂપ જ્ઞાન અને એક જ રૂપ દર્શન એમ નહિ. ચેતના જે છે, ચેતનનું લક્ષણ, ચેતન-ચેતન એ દ્રવ્ય, એનું લક્ષણ ચૈતન્ય, એ ચૈતન્ય જે છે એ બે સ્વરૂપ છે-દર્શન અને જ્ઞાન. એકલું જ્ઞાન ચૈતન્ય છે માટે જ્ઞાન જ એકલું છે એમ નથી. સામાન્યચેતના એ દર્શન-જ્ઞાન સામાન્યમય છે. બે. માટે '**અનુભવમાં દર્શનજ્ઞાનસ્વરૂપ આત્માને આ પ્રમાણે અનુભવવો-એમ કહે છે :—)**' ૨૯૮-૨૯૯. આવ્યુંને?

पण्णाए घित्तव्वो जो दट्ठा सो अहं तु णिच्छयदो।
अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।।२९८।।

पण्णाए घित्तव्वो जो णादा सो अहं तु णिच्छयदो।
अवसेसा जे भावा ते मज्झ परे त्ति णादव्वा।।२९९।।

નીચે હરિગીત. એ ઉપરના શ્લોક (હતા).

**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે દેખનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૮.**
**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે જાણનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૯.**

**ટીકા :—** '**ચેતના...**' કેમ આ લીધું? પહેલાં કહ્યું હતું કે આત્માનું સ્વલક્ષણ ચેતના છે અને બંધનું લક્ષણ રાગ વિકાર છે, તો એ તો પરભાવ છે. હવે ચેતના લક્ષણથી આત્માને ઓળખવામાં ચેતના બે પ્રકારની. દર્શન અને જ્ઞાન, દ્રષ્ટા અને જ્ઞાતા એ ચેતનાના બે ભેદ છે. ચેતના એકરૂપ સામાન્ય કહેવામાં આવે છે, પણ એના બે ભેદ છે—દ્રષ્ટા અને જ્ઞાતા, દર્શન અને જ્ઞાન. આહા..હા..! '**ચેતના દર્શનજ્ઞાનરૂપ ભેદોને ઉલ્લંઘતી નહિ હોવાથી,...**' આહા..હા..! ચેતના પરભાવને ઉલ્લંઘે છે (કે) પરભાવ મારાથી ભિન્ન છે, પણ ચેતના દર્શન-જ્ઞાનને ઉલ્લંઘતી નથી. ચેતનાના બે પ્રકાર સ્વભાવ એનો સ્વતઃ છે—જાણવું અને દેખવું. ભાષા તો સાદી છે, એવી કોઈ કઠણ ભાષા નથી. સંસ્કૃત કે વ્યાકરણ ને. પણ આ ચાલતો પ્રવાહ નહિ એટલે લોકોને કઠણ લાગે. માર્ગ તો વીતરાગનો આ છે. અને આ વિના કદી એના જન્મ-મરણનો અંત આવતો નથી. ચોર્યાસી લાખ યોનિ કરતાં-કરતાં... ક્યાં ગયા જવાહરલાલજી? ગયા? ઠીક. આ તો ઓલો પ્રશ્ન થયો હતોને રાતે નવમી ગ્રૈવેયકનો. બે હજાર સાગર.

કોઈ વખતે દરેકમાં પુરી સ્થિતિ રહે તો કદાચિત્ ત્રસ બે હજાર સાગરમાં નવમી ગ્રૈવેયકના ભવ કદાચિત્ ન હોય કોઈમાં, કોઈમાં. પણ બે હજાર સાગર ત્રસમાં રહે અને સદા અનંતવાર રહ્યો તો અનંતવારમાં કોઈ દિ' નવમી ગ્રૈવેયક ગયો નથી એમ નથી. એ પ્રશ્ન થયો હતો રાતે. આ તો વીતરાગ માર્ગ છે. સમજાણું કાંઈ? એનો એ પ્રશ્ન હતોને કે બે હજાર સાગર ત્રસમાં રહે છે તો એમાં નવમી ગ્રૈવેયક નથી આવતી. એટલો કાળ આ બાજુ જાય છે. એ તો આ બાજુમાં પૂર્ણમાં જાય એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય એનું જે આયુષ્ય હોય એ પૂર્ણ લઈને જાય તો કદાચિત્ નવમી ગ્રૈવેયકના ભવ ન હોય. પૂર્ણ આ બાજુ ન જાય તો, પણ દરેક વખતે બે હજારમાં પૂર્ણ જાય એને નવમી ગ્રૈવેયક ન આવે એમ નથી. આહા..હા..! એના આયુષ્યની સ્થિતિ છે બીજી એમાં પૂરામાં જાય છે કદાચિત્. કોઈ વખતે બે હજારમાં નવમી ગ્રૈવેયક આવે પણ નહિ, પણ સદાય ન આવે એવું નથી. કોઈ વખતે (ન આવે). કારણ કે પૂરી સ્થિતિ હોય. જેમ ચૌ ઇન્દ્રિયમાં રહેવાની સ્થિતિ છે, પંચેન્દ્રિયમાં એક હજાર સાગરોપમ રહેવાની સ્થિતિ છે. એમાં રાગ રહી જાય, આવી જાય તો એકાદ ભવ રહી જાય. એનાથી નવમી ગ્રૈવેયક નથી ગયો એમ નથી. અનંતવાર (ગયો છે). હમણાં કહ્યુંને, 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો.' અને અષ્ટપાહુડમાં કહ્યું છે, દ્રવ્યલિંગ ધારણ કરીને એટલા ભવ કર્યા છે કે કોઈ અનંત જન્મ-મરણ બાકી નથી રાખ્યા. દ્રવ્યલિંગ એટલીવાર ધારણ કર્યા સમ્યગ્દર્શન વિના.

નગ્નપણું, અઠ્યાવીશ મૂળગુણ પાળે એ દ્રવ્યલિંગ અનંતવાર ધારણ કર્યા. ધારણ કર્યા પછી અનંતવાર દરેક સ્થાનમાં અનંતવાર જન્મ્યો અને અનંતવાર મર્યો. એટલા અનંતવાર દ્રવ્યલિંગ ધારણ કરતાં-કરતાં. ચેતનજી! આહા..હા..!

અહીં કહે છે કે '**ચેતના દર્શનજ્ઞાનરૂપ ભેદોને ઉલ્લંઘતી નહિ હોવાથી,...**' ચેતન આત્મા એનો ચેતના ગુણ લક્ષણ, ગુણી જે આત્મા એનો ચેતન ગુણ જે લક્ષણ, એ ચેતના બેને ઉલ્લંઘતી નહિ હોવાથી. દર્શન અને જ્ઞાન બેય એનો સ્વભાવ છે. એક ચેતનાના બે સ્વભાવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો કાઢી નાખ્યું વ્યવહાર ને ... હવે અહીં તો આ કહે છે કે બે સ્વભાવ એના છે.

**શ્રોતા :-** સામાન્ય-વિશેષ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સામાન્યચેતના એના સામાન્ય દર્શન-જ્ઞાન બેય ભેદ છે. ત્રિકાળ છે. અનુભવમાં પણ દર્શન અને જ્ઞાન બેય આવે છે. સમજાણું કાંઈ? બે છે એટલે એક જ આવે એમ નથી. આહા..હા..! શ્વેતાંબરમાં એમ કહે છે કે સર્વજ્ઞ જ્યારે છે ત્યારે સર્વદષ્ટા નથી, જ્યારે સર્વદષ્ટા છે ત્યારે સર્વજ્ઞ નથી. એટલો પર્યાયનો ફેર છે. પહેલા સમયમાં સર્વજ્ઞ અને બીજે સમયે સર્વદર્શી, પછી સર્વજ્ઞ, સર્વદર્શી એમ આવે છે. એ વાત તો એમ નથી, ખોટી છે. એક સિદ્ધસેન દિવાકર છે. શું નામ? સન્મતિ તર્ક એમાં એમ છે. એમાં એમ લીધું છે કે દર્શન અને જ્ઞાન બે ઉપયોગ એક જ છે, બે નહિ. એ અહીં ના પાડે છે. ઉપયોગ બે છે. બે ગુણ છે તો એક સમયમાં એના બે ઉપયોગ છે. એક સમયમાં બેનો એક જ ઉપયોગ છે એમ નથી, તેમ પહેલા જ્ઞાનનો ઉપયોગ અને પછી દર્શનનો ઉપયોગ એમ પણ નથી. ન્યાય સમજો છો? આ તો સનાતન વીતરાગમાર્ગ છે.

તો કહે છે કે '**ચેતકપણાની માફક દર્શકપણું અને જ્ઞાતાપણું આત્માનું સ્વલક્ષણ જ છે.**' જેમ ચેતન આત્માનું લક્ષણ છે એમ દર્શન અને જ્ઞાન પણ આત્માનું લક્ષણ જ છે. એ ચેતનના બે પ્રકાર જ છે, એક સમયમાં હોં! આહા..હા..! આવું ઝીણું પડે માણસને. સાંભળે નહિ કોઈ દિ'. આ કરો, આ વ્રત કરો ને તપ કરો ને અપવાસ કરો ને નગ્ન થઈ જાવ, પડિમા ધારણ કરી લ્યો. વસ્તુની ખબર નથી હજી સમ્યક્ શું છે, એમાં પડિમાં ક્યાંથી આવી? એકડા વિનાના મીંડા. આહા..હા..!

**શ્રોતા :-** છદ્મસ્થને દર્શનપૂર્વક જ્ઞાન થાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને દર્શનપૂર્વક થાય છે છદ્મસ્થને, કેવળીને નહિ. એક સાથે. પહેલા છદ્મસ્થ હતાને? એક સમયમાં પહેલાં બે ઉપયોગ નથી હોતા છદ્મસ્થને. અને શ્વેતાંબર તો એમ કહે છે કે એક સમયે કેવળીને પણ એક જ ઉપયોગ છે, દર્શન વખતે જ્ઞાનનો નહિ, જ્ઞાન વખતે દર્શનનો નહિ. એમ નથી. એક જ સમયે બે ચેતનાનું લક્ષણ સ્વભાવ જ દર્શન અને જ્ઞાન છે. એક જ સમયે બે ઉપયોગ કેવળીને હોય છે. છદ્મસ્થને ઉપયોગ ઓછો છેને તો એને દર્શનપૂર્વક જ્ઞાન થાય છે. દર્શનપૂર્વક. છદ્મસ્થ છેને, અલ્પજ્ઞ છેને. એક સાથે બે ઉપયોગ ન હોઈ શકે. દ્રવ્યસંગ્રહમાં છે, દ્રવ્યસંગ્રહ.

'**ચેતકપણાની માફક દર્શકપણું અને જ્ઞાતાપણું...**' શું કહે છે? જુઓ, જેમ ભગવાન આત્મા ચૈતન્યલક્ષણવાળો છે એવા ચૈતન્યલક્ષણમાં પણ દર્શન-જ્ઞાન બેય સ્વભાવવાળો છે. સમજાણું કાંઈ?

જેમ આત્મા ચૈતન્યલક્ષણથી લક્ષિત છે એ ચૈતન્યના બે પ્રકાર છે—દર્શન અને જ્ઞાન સ્વભાવ એનો છે. ચૈતન્યનો એકલો જ્ઞાન જ સ્વભાવ છે એમ નથી. ચેતનાના બે સ્વભાવ છે—દર્શન અને જ્ઞાન. જુઓ, '**ચેતકપણાની માફક દર્શકપણું અને જ્ઞાતાપણું આત્માનું સ્વલક્ષણ જ છે.**' દર્શન અને જ્ઞાન એ પણ આત્માનું સ્વલક્ષણ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**માટે હું દેખનારા આત્માને ગ્રહણ કરું છું.**' ધર્મી છદ્મસ્થની વાત કરે છે. '**હું દેખનારા આત્માને ગ્રહણ કરું છું. ગ્રહણ કરું છું એટલે દેખું જ છું;...**' એ સામાન્ય વાત કરી. એ સામાન્ય. સામાન્ય સમજ્યા? ષટ્કારક સિવાય સામાન્ય વાત. '**હું દેખનારા આત્માને ગ્રહણ કરું છું. ગ્રહણ કરું છું એટલે દેખું જ છું;...**' હું તો પોતાથી દેખું છું. આહા..હા..! એક વાત.

'**દેખતો જ દેખું છું,...**' એ કર્તા. '**દેખતો જ (અર્થાત્ દેખતો થકો જ) દેખું છું,...**' એ કર્તા. '**દેખતા વડે જ દેખું છું,...**' એ કરણ. '**દેખતા વડે જ દેખું છું,...**' દેખતા વડે જ દેખું છું. આહા..હા..! ઝીણી વાત છે બહુ, ભાઈ! સૂક્ષ્મ વિષય વસ્તુ. સર્વજ્ઞે જોઈ અને એવી ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**દેખતા માટે જ દેખું છું,...**' લ્યો, સંપ્રદાન. ઓલું કરણ આવ્યુંને? '**દેખતા વડે જ...**' એ કરણ આવ્યું અને આ '**દેખતા માટે જ...**' સંપ્રદાન આવ્યું. '**દેખતા માટે જ દેખું છું,...**' આ સંપ્રદાન. '**દેખતામાંથી જ દેખું છું,...**' દેખતામાંથી એટલે અપાદાન. દેખતામાંથી જ હું દેખું છું. આહા..હા..! અને '**દેખતાને જ દેખું છું.**' (કર્મ). '**દેખતાને જ દેખું છું.**' એ (કર્મ). કર્તા પહેલું અને કર્મ પછી છેલ્લે લે છે.

'**અથવા...**' છ ભેદ કાઢી નાખે છે હવે. આહા..હા..! વિચારમાં-વિકલ્પમાં છ ભેદ પડે છે. હું દેખનારને દેખું છું, દેખનાર માટે દેખું છું, દેખતા વડે જ દેખું છું, દેખતાના આધારે જ દેખું છું, અપાદાન દેખતામાંથી જ દેખું છું, જોવાનું કાર્ય મારું છે અને જોવું મારું કર્મ છે. આહા..હા..! આ તો માર્ગ ઝીણો, બાપુ! વીતરાગમાર્ગ છે. જિનેશ્વર પરમેશ્વર. આહા..હા..! એની તો હજી પહેલી સમ્યગ્દર્શનની સિદ્ધિની વાત ચાલે છે. સમ્યગ્દૃષ્ટિ જીવને એવા છ બોલના ભેદ આવે છે વિકલ્પમાં, પણ કહે છે કે એ છ ભેદ પણ હું નથી. પરભાવ તો હું નથી. ચંદુભાઈ! આહા..હા..!

'**નથી દેખતો;...**' નકાર કરે છે હવે. ભેદ કાઢી નાખે છે. '**નથી દેખતો થકો દેખતો,...**' એ કર્તા. '**નથી દેખતા વડે દેખતો,...**' કરણ, કરણ. '**નથી દેખતા માટે દેખતો,...**' સંપ્રદાન. '**નથી દેખતામાંથી દેખતો,...**' અપાદાન. '**નથી દેખતામાં દેખતો,...**' આધાર. '**નથી દેખતાને દેખતો;...**' કર્મ. '**પરંતુ સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ છું.**' લ્યો! આહા..હા..! સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ એ સમ્યગ્દર્શનનો વિષય છે. આ છ બોલ પણ સમ્યગ્દર્શનનો વિષય નથી. આહા..હા..! દેવચંદજી! આહા..હા..! આવો માર્ગ છે, બાપુ! ધર્મની પહેલી શરૂઆત, પહેલી સીઢી. તો કહે છે કે હું તો સર્વવિશુદ્ધ દેખનાર છું, ભેદ નહિ, ભેદ નહિ. આહા..હા..! એવી દૃષ્ટિ થવી એનું નામ સમ્યગ્દર્શન ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વિષય છે, ભાઈ! વિષય તો આ શ્લોકો જ સૂક્ષ્મ છે. શું?

**'પરંતુ સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ છું.'** અહીંથી શું શરૂ કર્યું? સર્વવિશુદ્ધ. મોક્ષ પછી આવશેને સર્વવિશુદ્ધ અધિકાર. એ અહીંથી ઉપોદ્ઘાતમાં શરૂઆત કરી દીધી. આહા..હા..! 'હું દેખનારો અને દેખનારને દેખું છું, દેખનાર માટે દેખું છું, દેખનારના કારણે દેખું છું' એ ભેદ પણ વિકલ્પ છે. આહા..હા..! રાગ છે. સદ્ભૂતવ્યવહારનય અનુપચાર, એ પણ નહિ. હું તો શુદ્ધ, વિશુદ્ધ.. છે? **'પરંતુ સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ છું.'** એકલો દ્રષ્ટા સ્વભાવભાવ હું છું બસ. એવા છ ભેદ પણ મારામાં નથી. કહો, સમજાય છે કાંઈ? માર્ગ આવો છે, બાપુ! છેને સામે જ શાસ્ત્ર છે, એનો જ અર્થ થાય છે. આ બધું લખ્યું છે.

**શ્રોતા :-** આપ કહો છો એવું કાંઈ લખ્યું નથી. 'સર્વવિશુદ્ધ દર્શનમાત્ર ભાવ છે.'

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ... છ ભેદ કાઢી નાખ્યા.

**શ્રોતા :-** નવો-નવો ધર્મ કાઢ્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ કહે છે વાત સાચી હોં. આ તો અનાદિનો જૈનધર્મ છે. વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો આ માર્ગ છે. લોકોને ન મળ્યું હોય એથી કાંઈ નવો થઈ જાય? આહા..હા..!

અહીંયાં તો સર્વવિશુદ્ધ, છ ભેદ પણ નહિ. સર્વવિશુદ્ધ દર્શનમાત્ર છું. સર્વવિશુદ્ધ એકલો અભેદ દર્શનમાત્ર છું. એવી દૃષ્ટિ અંતરમાં કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. ત્યારે તો તેને પર્યાયમાં ધર્મની શરૂઆત થાય છે. પર્યાયમાં, ગુણ-દ્રવ્ય તો એ તો ધ્રુવ છે, એમાં શું થયું? સમજાણું કાંઈ? આહા..હા..! એ દર્શન આવ્યું. **'વળી આવી જ રીતે—હું જાણનારા આત્માને ગ્રહણ કરું છું.'** એ જ્ઞાન આવ્યું. જ્ઞાનના છ પ્રકાર. **'હું જાણનારા આત્માને ગ્રહણ કરું છું.'** સામાન્ય. **'ગ્રહણ કરું છું એટલે જાણું જ છું;...'** સામાન્ય વાત. **'જાણતો જ જાણું છું,...'** એ કર્તા. 'જાણતો જ જાણું છું.' 'જાણતો જ જાણું છું' એ પણ ભેદ (છે). આહા..હા..! **'જાણતા વડે જ જાણું છું,...'** એ કરણ. **'જાણતા માટે જ જાણું છું,...'** આહા..હા..! કોઈ નિમિત્તથી કે રાગથી કે પરને આધારે જાણું છું એમ પણ નહિ. હજી તો આ ભેદની વાતમાં આમ છે. આહા..હા..! **'જાણતા વડે જ જાણું છું,...'** એ કરણ થયું સાધન. આ સાધન આ. વ્યવહારસાધન હોં વિકલ્પ. **'જાણતા માટે જ જાણું છું,...'** સંપ્રદાન. **'જાણતામાંથી જાણું છું,...'** અપાદાન. **'જાણતામાં જ જાણું છું,...'** આધાર. છ બોલ છેને—-કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ—છ વિભક્તિ છે. આહા..હા..! એ જ્ઞાનના છ બોલ લીધા.

**'અથવા—નથી જાણતો; નથી જાણતો થકો જાણતો,... '** એ ભેદ પણ મારામાં નથી. આહા..હા..! ભેદ પણ કરવા જાવ છું તો વિકલ્પ ઊઠે છે. એ વાત છે. હવે ઓલા તો હજી વ્યવહારથી નિશ્ચય થાય. અહીં તો એના છ ભેદના બોલ એનાથી પણ નિશ્ચય ન થાય. એ વ્યવહાર થયો. સદ્ભુત વ્યવહાર. ઓલો અસદ્ભુતવ્યવહાર છે રાગ છે ઈ. આહા..હા..! ભગવાન! સ્વરૂપ જ એવું છે એને કોઈ વ્યવહારની અપેક્ષા નથી. પરમ નિરપેક્ષ સમ્યગ્દર્શન છે. નિયમસારમાં આવે છે ત્રીજી ગાથામાં. સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર મોક્ષમાર્ગ પરની અપેક્ષા વિના નિરપેક્ષ ઉત્પન્ન થાય છે. પોતાની આત્માની

અપેક્ષા છે, પરની કોઈ અપેક્ષા છે નહિ. આહા..હા..!

**શ્રોતા :–** સરળ છે કે કઠણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ સરળ છે. સમજવામાં અનભ્યાસીને કઠણ છે. બેય વાત છે. આહા..હા..! સમજણમાં આવ્યું નથી, કદી લીધું નથી. એને હજી સમજણમાં લેતાં-લેતાં આ શું કહે છે? આ તે કાંઈ જૈનધર્મ છે? જૈનધર્મ તો દયા પાળો, વ્રત કરો, સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો. અરે! ભાઈ! એ બધી ક્રિયાઓ તો રાગની ક્રિયા છે. બાપુ! તને ખબર નથી. એ સામાયિક પણ નથી અને પોષા પણ નથી. સામાયિક તો અંદર રાગરહિત અભેદ ચૈતન્યનો અનુભવ થાય ત્યારે તો સમ્યગ્દર્શન થાય છે. પછી આનંદનો અનુભવ થયો એ આનંદમાં ઘણો લીન થાય ત્યારે સામાયિક થાય છે. સામાયિક નામ સમતાનો, આય-લાભ. આહા..હા..! કદી સાંભળ્યું નથી ને જય નારાયણ, એમ ને એમ જીંદગી પૂરી થઈ જાય.

છ બોલ જ્ઞાનના કહ્યા. '**અથવા—ન જાણતો; નથી જાણતો થકો જાણતો, નથી જાણતા વડે જાણતો, નથી જાણતા માટે જાણતો, નથી જાણતામાંથી જાણતો, નથી જાણતામાં જાણતો, નથી જાણતાને જાણતો; પરંતુ સર્વવિશુદ્ધ જ્ઞપ્તિમાત્ર (જાણનક્રિયામાત્ર)...** ' આ ભાષા લીધી. ઓલામાં દર્શનમાત્ર લીધું હતું. ઓલી પર્યાય લેવી છેને? '**પરંતુ સર્વવિશુદ્ધ જ્ઞપ્તિક્રિયા (જાણનક્રિયામાત્ર) ભાવ છું.**' અભેદ. ત્રિકાળને જાણવાની જે ક્રિયા થાય છે અભેદ એ માત્ર આત્મા છું. આહા..હા..! આત્માનું અસ્તિત્વ કેટલું છે અને ક્યા પ્રકારે છે? એવી અભેદની દૃષ્ટિ કરે એ પ્રકારે આત્મા છે તો તેની દૃષ્ટિ સત્ય કહેવામાં આવે છે. સત્ય કહો કે સમ્યગ્દર્શન કહો. સમ્યક્ એટલે સત્ય, સત્યદૃષ્ટિ. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા. અહીં તો છેલ્લે એ કહ્યું. જુઓ, '**સર્વવિશુદ્ધ જ્ઞપ્તિક્રિયા (જાણનક્રિયામાત્ર) ભાવ છું.**' આહા..હા..! એકલો જાણનસ્વભાવમાત્ર હું છું. તો પર્યાયમાં પણ જાણનસ્વભાવ એકલો આવી ગયો. ત્રિકાળ જાણનસ્વભાવ છે એવું જાણે એટલે પર્યાયમાં એકલી જાણનસ્વભાવની પરિણતિ થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? એ શ્લોક જ વાંચતા વાંચતા આવ્યો છે. આ ૧૮મી વાર વંચાય છે સભામાં. સમયસાર (સંવત) ૧૯૯૦થી શરૂ થયું છે. સંપ્રદાયમાંથી શરૂ થયું હતું, રાજકોટ. ત્યારે ચંદુભાઈ નહોતા. આવતા નહોતા એટલે નહોતા એમ. ૯૧માં ક્યાં હતા ત્યારે? આહા..હા..! શરૂઆત ૯૦ની સાલ રાજકોટમાં કર્યું હતું. એમાં આ સમયસાર પહેલુંવહેલું (વાંચેલું), હજારો માણસો. આ ૧૭ વાર. ૧૭ એટલે ૧૦ અને ૭. ૧૭ વાર આખું પુસ્તક એક- એક શબ્દનું જ્ઞાન કરતાં-કરતાં ૧૭ વાર વ્યાખ્યાન થઈ ગયા છે. આ ૧૮મી વાર ચાલે છે. સભામાં ૧૮મી વાર ચાલે છે. આહા..હા..! છેલ્લે ભાઈ ઘણા માણસ હતા. ત્યાં રાજકોટ છેલ્લે કારતક સુદ પૂનમને (દિવસે) અંદર તો સમાતું નહોતું, આખું ફળિયું ભરાઈ જાતું. છેને એ? શું કહેવાય એ? સદર-સદર. સદરનો અપાસરો. આ જ્યાં છેને એ અપાસરો, ત્યાં વાંચતા તો આખો હોલ ભરાઈ જાય પણ આ.. છેને હોલ ત્યાં? એ ભરાઈ જતો હતો. અર્જિકા છે ત્યાં એક સાધ્વી, એને પ્રેમ છે, અહીંનું વાંચન કરે છે. મહારાજ! અમને એકવાર દર્શન

દેજો સવારમાં. છે, પણ છોડી શકે નહિ વાડામાં. શું કહેવાય? પક્ષઘાત થયો છે.

અહીં તો કહે છે કે હું તો સર્વવિશુદ્ધ જ્ઞાનમાત્ર છું. આહા..હા..! આ જ્ઞાન છું એવો પણ વિકલ્પ નહિ. એ માટે 'માત્ર' કહ્યુંને? જાણનક્રિયા માત્ર ભાવ છું. એકલો જાણન... જાણન... જાણન... જાણન... એવી અભેદ જ્ઞાનની દૃષ્ટિ એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! '**(આમ દેખનાર આત્માને તેમ જ જાણનારા આત્માને કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણરૂપ કારકોના ભેદપૂર્વક ગ્રહણ કરીને, પછી કારકભેદોનો નિષેધ કરી...**' આહા..હા..! પહેલા એ આવે છે વિકલ્પમાં કે આ જ્ઞાન દ્વારા જાણું છું, જ્ઞાન જાણે છે, જ્ઞાન દ્વારા કર્તા, જ્ઞાન કાર્ય (એવા) ભેદ પહેલા આવે છે. આહા..હા..! કહે છે, '**ભેદપૂર્વક ગ્રહણ કરીને,...**' એમ કહ્યું જુઓને. '**પછી કારકભેદોનો નિષેધ કરી...**' એ કારકભેદનું લક્ષ છોડીને. નિષેધ કરવાનો અર્થ કે 'આ કારકભેદનો નિષેધ કરું' એ પણ એક વિકલ્પ છે. પણ ભેદોનો નિષેધ કરીને એનો અર્થ ભેદ ઉપરથી લક્ષ છોડીને. આહા..હા..! '**આત્માને અર્થાત્ પોતાને દર્શનમાત્રભાવરૂપે તેમ જ જ્ઞાનમાત્રભાવરૂપે અનુભવવો અર્થાત્ અભેદરૂપે અનુભવવો.)**' એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન મોક્ષની પહેલી સીઢી કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ વદ-૫, સોમવાર, તા. ૦૬-૦૬-૧૯૭૭, ગાથા-૨૯૮-૨૯૯, પ્રવચન નં. ૩૫૮

આ સમયસાર, મોક્ષ અધિકાર, ૨૯૮-૨૯૯નો ભાવાર્થ. '**(આ ત્રણ ગાથાઓમાં,...**' ત્રણ ગાથા થઈને? ૨૯૭, ૨૯૮, ૨૯૯ ત્રણ. '**પ્રજ્ઞા વડે આત્માને ગ્રહણ કરવાનું કહ્યું છે.**' શું કહ્યું? ત્રણ ગાથામાં એમ કહ્યું કે પ્રજ્ઞા વડે આત્માનો અનુભવ કરવો, ગ્રહણ કરવો. તો '**ગ્રહણ કરવું એટલે કોઈ અન્ય વસ્તુને ગ્રહવાની-લેવાની નથી;...**' અહીંયા. કોઈ બીજી વસ્તુ લેવી છે કે ગ્રહણ કરવી છે એવી ચીજ નથી. અહીંયા તો '**ચેતનાનો અનુભવ કરવો,...**' આહા..હા..! ચેતન. સત્ સત્ ચિદ્. ચિદ્ જે ચેતન આત્મા એનો ચેતન જે સ્વભાવ એનો અનુભવ કરવો. ચિત્ એ દ્રવ્યસ્વભાવ, ચેતના એનો ગુણ સ્વભાવ, અનુભવ કરવો એ પર્યાયસ્વભાવ. એ અહીંયાં '**અનુભવ કરવો, તે જ આત્માનું ગ્રહણ કરવું છે.**' એમ કહ્યું છે. ઝીણી વાત બહુ. જેને સુખી થવું હોય, ધર્મ કરવો હોય, ધર્મ કરવો હોય તો ધર્મ કયા પ્રકારે થાય છે? એ ચીજ જે જીવદ્રવ્ય જે છે એ ચેતના સ્વભાવ, ચેતના સ્વભાવ એ ચેતનાસ્વભાવરૂપ જીવદ્રવ્ય છે. તેને વર્તમાન પર્યાયમાં અનુભવ કરવો, એના ઉપર દૃષ્ટિ કરીને આનંદનું વેદન કરવું એનું નામ આત્માને ગ્રહણ કરવું કહેવામાં આવે છે. આહા..હા..! ભાષા કઠણ

પડે એવી છે. શું કરવું? કે આ કરવું ધર્મ કરવો હોય તો ધર્મી જે ચિદ્‌ઘન આત્મા ચિદ્ વસ્તુ ત્રિકાળી, એનો ચેતન ત્રિકાળી સ્વભાવ, તેને વર્તમાનમાં સન્મુખ થઈને, નિમિત્ત અને રાગ અને એક સમયની પર્યાયનો ભેદ તેનાથી વિમુખ થઈને (અનુભવ કરવો). સમજાણું કાંઈ?

**'પ્રથમની ગાથામાં સામાન્ય ચેતનાનો અનુભવ કરાવ્યો હતો.'** ૨૯૭. ચેતનાનો. ચેતના એટલે ચિદ્‌ઘન ચૈતન્ય એની ચેતના જે સ્વભાવ, બસ એનો અનુભવ કરવાનું કહ્યું. એ ધર્મ. અરે..! ચેતન એ દ્રવ્ય વસ્તુ, ચેતના એનો સ્વભાવ. જેમ ચેતન ત્રિકાળ છે, તેમ ચેતના સ્વભાવ ત્રિકાળ છે. એનો અનુભવ કરવો એ વર્તમાન પર્યાયમાં છે. કહો, ધર્મચંદજી! આ ધર્મ છે. આહા..હા..! **'ત્યાં અનુભવ કરનાર, જેનો અનુભવ કરવામાં આવે તે, જેના વડે અનુભવ કરવામાં આવે તે–-ઈત્યાદિ કારકભેદરૂપે...'** ષટ્‌કારક આવી ગયા છે આપણે. એ **'આત્માને કહીને, અભેદવિવિક્ષામાં કારકભેદનો નિષેધ કરી,...'** શું કહે છે? કે વર્તમાન જે જ્ઞાનની દશા છે એમાં ષટ્‌કારકનું પરિણમન થાય છે. જ્ઞાનદશા અવસ્થા એ કર્તા, એ અવસ્થા તે જ કાર્ય, એ ચેતનની અવસ્થા તે જ સાધન, ચેતનની અવસ્થા તે પોતામાં લીધી, ચેતનની અવસ્થાથી અવસ્થા થઈ, અવસ્થાને આધારે અવસ્થા થઈ—આ ષટ્‌કારક. નિશાળમાં આવતા હતા ષટ્‌કારક. ભૂલી ગયા. પહેલાં આવતા હતા. અહીંયાં તો જેને ધર્મ કરવો હોય... લોકોને અત્યારે વર્તમાનમાં બહુ વિરોધ છેને કે એ દયા, દાન, વ્રત, પૂજા આદિના ભાવ એ ધર્મ છે એમ અજ્ઞાની કહે છે. ધર્મ નહિ, એ તો રાગ છે. એ તો પહેલાં આવી ગયું છે. પહેલાં કહ્યું હતુંને? જેનું સ્વલક્ષણ ચૈતન્ય નથી. ભાવાર્થમાં આવ્યું હતું. ૨૯૭ના ભાવાર્થમાં. ૨૯૭ના ભાવાર્થમાં (આવ્યું હતું કે) **'જેમનું સ્વલક્ષણ ચૈતન્ય નથી એવા પરભાવો તો મારાથી ભિન્ન છે,...'** ૨૯૭નો ભાવાર્થ. સમજાણું કાંઈ? શું કહ્યું? જેનું ચૈતન્યલક્ષણ નથી, ચૈતન્ય સ્વભાવ જેમાં નથી એ મારાથી ભિન્ન છે. તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો ભાવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગનો ભાવ એ ચૈતન્યસ્વભાવથી રહિત છે, એમાં ચૈતન્યસ્વભાવ નથી. આહા..હા..! તો એ તો હેય છે, એ આદરણીય નથી. છે ખરા, વ્યવહાર છે ખરો, પણ હેય છે. એનાથી અંતર અનુભવ થાય છે એમ નથી. આહા..હા..!

**'આત્માને એક શુદ્ધ ચૈતન્યમાત્ર કહ્યો હતો.'** લ્યો! એક ચૈતન્યસ્વભાવ. જેમ અગ્નિનો ઉષ્ણ સ્વભાવ, સાકરનો મીઠો સ્વભાવ કાયમી છે, તેમ ચૈતન્ય ભગવાન આત્માનો ચૈતન્ય કાયમી સ્વભાવ. એ સ્વભાવનો અનુભવ કરવો. વ્યવહારરત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ... એ અત્યારે બહુ આવ્યું છે, કરુણાદીપમાં વિરોધ આવ્યો છે. એમ કે આ પંચમહાવ્રત આદિ ક્રિયા છે એ બધો મોક્ષનો માર્ગ છે. તેને મોક્ષમાર્ગ (નથી એમ કહીને) ઉડાવી દે છે. મખનલાલજીએ લખ્યું છે. પંડિતજી! છે? ભાઈ! એ પંચમહાવ્રતાદિ તો વિકલ્પ-રાગ છે, જેમાં ચૈતન્યનો સ્વભાવ નથી. આહા..હા..! એ તો વિભાવ છે. વિભાવ એ સાધન નથી. અહીંયાં તો ચૈતન્યસ્વભાવ, પર્યાયમાં ચૈતન્ય સાધન કહ્યું એ પણ વ્યવહારથી કહ્યું છે. ચૈતન્યની નિર્મળ પર્યાય સાધન, નિર્મળ પર્યાય કર્તા, નિર્મળ પર્યાય કાર્ય એવા ષટ્‌કારક પણ વ્યવહાર છે. આહા..હા..! એ પણ ભેદ છે. એનું લક્ષ છોડીને એકલો ચૈતન્યપ્રકાશ

ભગવાન આત્મા છે. જેમ આ સૂર્યનો પ્રકાશ સફેદ છે, તેમ એના ચૈતન્યનો પ્રકાશ અરૂપી છે. ચૈતન્ય પ્રકાશનો પિંડ પ્રભુ એનો અનુભવ કરવો એ અભેદથી દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે. આહા..હા..!

'**હવે આ બે ગાથાઓમાં દૃષ્ટા અને જ્ઞાતાનો અનુભવ કરાવ્યો છે, કારણ કે ચેતનાસામાન્ય દર્શનજ્ઞાનવિશેષોને ઉલ્લંઘતી નથી.**' શું કહે છે? કે આત્મા જે છે એ ચેતનાસ્વભાવ છે. પણ હવે ચેતનાસ્વભાવ એકરૂપ નથી. ચેતનાસ્વભાવમાં બે રૂપ છે—એક દર્શન અને જ્ઞાન. આહા..હા..! છેને? '**ચેતનાસામાન્ય દર્શનજ્ઞાનવિશેષોને ઉલ્લંઘતી નથી.** ' આહા..હા..! વાત સાંભળતા સમજવી મુશ્કેલ પડે. કહે છે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. જિનેશ્વરદેવ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ પરમાત્માએ કેવળજ્ઞાનમાં જે જોયું કે ધર્મ કઈ રીતે થાય છે, એ વાત ભગવાન કહે છે. આહા..હા..! ધર્મ તારો આમ થાય છે કે ધર્મી ચીજ જે આત્મા, એનો જે ચેતના ધર્મ એ ચેતનાનો અનુભવ કરવો એ ધર્મ. એ ચેતનાના બે પ્રકાર. સામાન્ય ચેતનાની વાત કરી, પણ એ ચેતનામાં બે પ્રકાર—દર્શન અને જ્ઞાન. છે? એ ચેતના દર્શન અને જ્ઞાન, દેખવા અને જાણવાને ચેતનાસ્વભાવ ઉલ્લંઘન નથી કરતી. આહા..હા..! આમાં જે વાત એકેન્દ્રિય, બે ઇન્દ્રિયની બધી સાંભળી હોય એ વાત તો આમાં આવે નહિ કાંઈ. પૂજા કરવી, ભક્તિ કરવી ને જાત્રા કરવી, એ બધી રાગની ક્રિયાઓ છે. રાગની ક્રિયા એ કોઈ ધર્મ-બર્મ નથી. દેવચંદજી! ધર્મ વીતરાગ જૈનદર્શન વીતરાગભાવથી ધર્મ છે. તો વીતરાગભાવ કેમ થાય? જે આત્મા ચેતન છે ત્રિકાળી અવિનાશી તેનો ચેતનાસ્વભાવ અવિનાશી ત્રિકાળી છે. એના બે પ્રકાર—દર્શન અને જ્ઞાન. તો દર્શનનો અનુભવ કરવો અને જ્ઞાનનો અનુભવ કરવો એ ધર્મ છે. આહા..હા..!

'**અહીં પણ, છ કારકરૂપ ભેદ-અનુભવન કરાવી, પછી અભેદ-અનુભવની અપેક્ષાએ કારકભેદ દૂર કરાવી,...**' દૃષ્ટામાં પણ ષટ્કારક બતાવ્યા હતા. દર્શન, દર્શન કરનાર, દર્શન દર્શનથી, દર્શનને આધારે, દર્શનરૂપ કાર્ય એ છે. એ દર્શનમાં જે ષટ્કારક બતાવ્યા હતા એનો પણ નિષેધ કરીને, એકલો દર્શન આત્મા એનો અનુભવ કરવો. આહા..હા..! તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. જ્ઞાનમાં પણ ષટ્કારક બતાવ્યા હતા. જ્ઞાતા કર્તા, જ્ઞાન પર્યાય કર્મ, જ્ઞાનપર્યાયમાંથી જ્ઞાનપર્યાય થઈ, જ્ઞાનને આધારે જ્ઞાન થયું એ ભેદ બતાવીને એને છોડાવ્યો. દૃષ્ટાજ્ઞાતામાત્રનો અનુભવ કરાવ્યો.

'**ટીકા :- અહીં પ્રશ્ન થાય છે...**' ઝીણો વિષય છે. મોક્ષ અધિકાર છેને? એ લોકો તો એમ મોક્ષ.. મખનલાલજીએ એમ લખ્યું છે. મહાવ્રત છે સમિતિ, ગુપ્તિ, ક્રિયા આદિ બધો મોક્ષનો માર્ગ છે. તેનો અહીંયાં નિષેધ કરે છે, આચાર્ય નિષેધ કરે છે. તો સોનગઢ નિષેધ કરે છે એમ એ લોકો કહે છે. ભાઈ! ખબર નથી, બાપુ! એ પંચમહાવ્રત આદિ ક્રિયાઓ તો અનંતવાર કરી, નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો, તો અત્યારે તો એવી ક્રિયા છે નહિ. એનાથી ઉત્કૃષ્ટ શુક્લલેશ્યા. શુક્લલેશ્યા બીજી વાત છે અને શુક્લધ્યાન બીજી વાત છે. શુક્લલેશ્યા તો અભવિને પણ હોય છે અને નવમી ગ્રૈવેયક ગયો તેને પણ શુક્લલેશ્યા, શુભભાવ, ઘણો શુક્લભાવ (હતો) પણ એ બધી મહાવ્રતાદિ ક્રિયા, નગ્ન થઈને જંગલમાં રહે, પણ એ બધી મહાવ્રતની ક્રિયા એ રાગક્રિયા છે. આહા..હા..!

અહીંયાં તો રાગથી ભિન્ન ચેતનાનો અનુભવ કરાવ્યો અને '**દર્શનજ્ઞાનભેદોને કેમ ઉલ્લંઘતી**

**નથી...**' ચેતના છે. ચેતન આત્મા દ્રવ્ય વસ્તુ, ચેતના ગુણ એ બે ગુણને ઉલ્લંઘતી કેમ નથી? ચેતના એકરૂપ કેમ નથી? ચેતનામાં બે રૂપ કેમ છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. છે? '**કે જેથી ચેતનારો દૃષ્ટા તથા જ્ઞાતા હોય છે?**' એક ચેતનાનું બે રૂપ કેમ છે કે જેથી ચેતના દૃષ્ટા-જ્ઞાતા હોય છે? આહા..હા..! આવી વાત. સંસારના ધંધા આડે બિચારો નવરો નથી. પાપમાં પડ્યા આખો દિ'. આહા..હા..! ભલે પાંચ-પચાસ લાખ ભેગા થાય તો એ બિચારા ભિખારા લાવો... લાવો... લાવો... પૈસા લાવો. ભિખારી છે. રાંકા છે, વરાંકા છે. વરાંકા સમજો છો? વરાકાં શબ્દ શાસ્ત્રમાં આવે છે. ભિખારી. શાસ્ત્રમાં વરાંકા શબ્દ આવે છે. આહા..હા..! પોતાની ચૈતન્યલક્ષ્મી શું છે એની ખબર નથી અને બહારની ધૂળની લક્ષ્મી પાંચ, પચ્ચીસ લાખ, દસ લાખ, પચાસ લાખ, કરોડ, બે કરોડ, પાંચ કરોડ. એટલા બધા ઓછા પડે છે. પણ આ તો બે અબજ ને ચાલીસ કરોડ. આ છોકરાના મામાને. આ જયેશ એના મામા પાસે બે અબજ ચાલીસ કરોડ, ગોવામાં. ગુજરી ગયો. સાધારણ બે-ચાર કરોડની તો વાત નહિ. આ તો ૨૪૦ કરોડ. ધૂળ છેને. મમતા... મમતા... મમતા... મારા પૈસા, મેં રળ્યા, હું રળ્યો.. મરી ગયા એમાં ને એમાં.

**શ્રોતા :-** માતાજીની માનતા કરતાં હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માતાજીની કરતો હતો એ વાત સાચી. અંબાજીને માને. સ્થાનકવાસી હતા. અંબાજીને માનતા. આ ધૂળમાં. બે અબજ ચાલીસ કરોડ.

**શ્રોતા :-** અંબાજી..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંબાજી ધૂળ દેતી હતી. એ તો પૂર્વના પુણ્યના રજકણો પડ્યા હોય, શુભભાવ કોઈ પૂર્વે કર્યા હોય એનાથી પુણ્ય બંધાઈ ગયા અને પુણ્યથી ઉદયમાં આવ્યું તો એ ચીજ યોગરૂપે મળી જાય છે. એમાં આત્માને શું છે? આત્માને તો નુકસાન છે, દુઃખ છે. આહા..હા..! લક્ષ્મી એને મળતી નથી, એને તો મમતા મળે છે કે આ લક્ષ્મી મારી. એ તો જડ, માટી, ધૂળ છે. આહા..હા..! મમતા મળે છે અને મમતા તો દુઃખ જ છે. આહા..હા..! એ તો અધર્મ છે. હવે જેને ધર્મ કરવો હોય તો ચેતનાનો અનુભવ કરવો. તો એ ચેતનામાં બે રૂપ દૃષ્ટા-જ્ઞાતા કેમ છે? એવો પ્રશ્ન છે. આહા..હા..! રાગ તો ક્યાંય ગયો, પુણ્ય-પાપના પરિણામ તો વ્યવહાર ક્યાંય રહી ગયા, એ તો ભિન્ન ચીજ છે. એમાં કોઈ ધર્મ નથી અને એ ધર્મનું કારણ પણ નથી. આહા..હા..! ચેતના ચેતન વસ્તુ ભગવાન આત્મા દ્રવ્ય એનો ચેતનાસ્વભાવ. એ ચેતનાના બે રૂપ છે—જ્ઞાતા અને દૃષ્ટા, દર્શન અને જ્ઞાન. આહા..હા..! એ (કહે) છે જુઓ!

'**જેથી ચેતનારો દૃષ્ટા તથા જ્ઞાતા હોય છે? તેનો ઉત્તર કહેવામાં આવે છે :— પ્રથમ તો ચેતના પ્રતિભાસરૂપ છે.**' શું કહે છે? ચેતનામાં જગતની ચીજ જે છે સામાન્ય-વિશેષ એનો પ્રતિભાસ થાય છે. એમાં એનું દૃષ્ટા-જ્ઞાતાપણું હોય છે. શું કહ્યું સમજાણું કાંઈ? આત્મા જે વસ્તુ છે એનો ચેતના જે સ્વભાવ છે, ચેતના ગુણ છે એ ચેતનાગુણમાં પ્રતિભાસ થાય છે. લોકાલોકનો, સ્વ અને પરનો પ્રતિભાસ ભાન થાય છે. પર્યાયમાં દૃષ્ટા-જ્ઞાતાનો ભાવ થાય છે. સમજાણું કાંઈ? સામી જે ચીજ જેટલી છે સામાન્ય અને વિશેષ બધાનું અહીંયાં દૃષ્ટા જ્ઞાતાપણામાં ભાન થાય છે. આહા..હા..!

આવું ઝીણું! છે? '**પ્રથમ તો ચેતના પ્રતિભાસરૂપ છે. તે ચેતના દ્વિરૂપતા અર્થાત્ બે-રૂપપણાને ઉલ્લંઘતી નથી,...**' આહા..હા..! રાગ અને દયા, દાનનો વિકલ્પ તો ક્યાંય રહી ગયા અને તેના પાપના પરિણામ ... ચોવીસ કલાકમાં બાવીસ કલાક તો હોળી સળગતી હોય એના ઘરે પાપ, કલાક બે કલાક કદાચિત્ ક્યાંક સાંભળવા જાય તો એવું સાંભળે કે તને ધર્મ થાશે અહીં સાંભળવામાં, સાંભળવામાં તને પુણ્ય થશે અને એમાંથી ધર્મ થાશે, એવી ઊંધી માન્યતા હોય છે, શ્રદ્ધામાં વીપરીતતા છે. આહા..હા..! અહીં તો ભગવાન એમ કહે છે કે જે આત્મા વસ્તુ છે એની ચેતના ત્રિકાળી.. કોઈ ચીજ હોય એનો કોઈ સ્વભાવ હોય છે કે નહિ? અગ્નિ છે તો ઉષ્ણ છે, સાકર છે તો મીઠાશ છે, લવણ છે તો ખારપ છે, અફીણ છે તો કડવાશ છે. કડવાશ કહે છે. એમ આત્મા છે તો ચેતનસ્વભાવ છે એનો. એ ચેતનાના બે રૂપ છે—જ્ઞાતા-દૃષ્ટા. કેમ? જગતની ચીજનું એમાં ભાન થાય છે. દૃષ્ટા અને જ્ઞાતામાં જાણવા-દેખવામાં આવે છે. પ્રતિભાસ છેને?

'**પ્રથમ તો ચેતના પ્રતિભાસરૂપ છે. તે ચેતના દ્વિરૂપતાને અર્થાત્ બે-રૂપપણાને ઉલ્લંઘતી નથી, કારણ કે સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે.**' જુઓ, હવે આવ્યું. પ્રતિભાસ કેમ? જેટલી બધી વસ્તુ છે જગતમાં એ દ્રવ્યરૂપ સામાન્ય અને ગુણ-પર્યાયરૂપ વિશેષ (છે). એ બધી અહીંયાં દૃષ્ટા-જ્ઞાતામાં જણાઈ જાય છે. દૃષ્ટા-જ્ઞાતાની પર્યાયમાં એ બધું પ્રતિભાસે છે. સામી ચીજ આવતી નથી, પણ એ ચીજના દૃષ્ટાજ્ઞાતાના પરિણામ અહીંયા થાય છે. સમજાણું કાંઈ? તો કહે છે '**વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે. (બધીયે વસ્તુઓ સામાન્યવિશેષસ્વરૂપ છે, તેથી તેમને પ્રતિભાસનારી ચેતના પણ બે-રૂપપણાને ઉલ્લંઘતી નથી.)**' શું કહ્યું? બધાય આત્મા અને જડ દ્રવ્ય તરીકે, વસ્તુ તરીકે સામાન્ય છે અને ગુણ અને પર્યાય તરીકે વિશેષ છે, તો બધી વસ્તુનો સામાન્ય-વિશેષ સ્વભાવ છે. તો અહીંયાં દેખવા-જાણવાનો ચેતનાનો સ્વભાવ સામાન્યવિશેષને જાણે-દેખે તો સામાન્ય-વિશેષ અહીં થઈ ગયો, દૃષ્ટા અને જ્ઞાતા આત્મા થઈ ગયો. આહા..હા..! આવી વાત ક્યાં સાંભળે? આખો દિ' પાપમાં પડ્યા આખો દિ'. ઓહો..હો..! બાયડી, છોકરા, કુટુંબ ને ધંધા. એઈ..! અને બહુ રોકાય ધંધામાં એ હુશિયાર કહેવાય. બહુ પાપી હોય એ હુશિયાર કહેવાય. સંસારમાં બહુ પાપ કરે અને બહુ ધ્યાન રાખે ધંધાના અને વેપારના ને બાયડી, છોકરાના, એ હુશિયાર કહેવાય. પાપી પ્રાણી જગતમાં હુશિયાર કહેવાય. હુશિયાર કહેવામાં આવે છે તમારી ભાષામાં. આહા..હા..!

અહીં તો દયા, દાન ને વ્રત, ભક્તિ કરે છે તે પણ પુણ્ય છે, ધર્મી નથી. ફક્ત ચેતનાના દૃષ્ટા-જ્ઞાતા સ્વભાવમાં જે સામાન્યરૂપ અને વિશેષરૂપ વસ્તુ છે તે પ્રતિભાસે છે, એનો ભાસ થાય છે. એનું જ્ઞાન અને દર્શન થાય છે. આહા..હા..! આવી વાત છે. અરેરે..! એને સંસાર ચોર્યાસીના અવતાર. અનેક અવતાર કરી-કરીને અનંત અવતાર થયા. કાગડાના, કૂતરાના, મીંદડાના, કીડીના અનંત-અનંત ભવ કર્યા. માંડ મનુષ્યપણું મળ્યું. જો આ સમજશે નહિ તો પાછો ત્યાં જવાનો એ. ત્યાં બધા શેઠિયા કરોડપતિ મરીને કૂતરા થવાના. આહા..હા..! આવા અનંતભવ એણે કર્યા છે. એક 'હું આત્મા જ્ઞાતા-

દૃષ્ટા એવી ચેતનાસ્વરૂપ છું' એવો અંતરમાં અનુભવ કર્યો નહિ, સમ્યગ્દર્શન કર્યું નહિ તો ચાર ગતિમાં રખડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મોટી પદવી મળી ગઈ, લાખ રૂપિયાની એક મહિનાની પેદાશ. નોકરી–નોકરી. નોકરીને શું કહે? લાખ-લાખ રૂપિયા, એક માસના લાખ. ધૂળ છે. આહા..હા..! એ તો પૂર્વના પુણ્ય હતા તો ખરે છે તો બહાર ચીજ દેખાય છે, એમાં તારા આત્મામાં શું થયું? આત્મામાં, 'મને લક્ષ્મી મળી' એવો ભાવ થયો એ પાપ આવ્યું, અધર્મ આવ્યો. આહા..હા..! અરે! અહીંયાં તો દયા, દાન, વ્રત, ભક્તિ, તપના પરિણામ પણ ધર્મ નહિ અધર્મ છે. પંડિતજી! આકરું પડે.

એ શુભભાવ પુણ્યભાવ, આત્માની શાંતિને બાળે છે. સમજાણું કાંઈ? પુણ્યભાવ આત્માની શાંતિ છે એને બાળે છે. આહા..હા..! એ ભાવથી રહિત અંદર ભગવાન આત્મા ચેતના, એમાં સામાન્ય અને વિશેષ જે વસ્તુનો સ્વભાવ છે એનો પ્રતિભાસ થાય છે. દૃષ્ટામાં દર્શનરૂપ, જ્ઞાતામાં જ્ઞાનરૂપ એ ચેતનાના બે પ્રકારમાં સામાન્ય વિશેષ વસ્તુનો સ્વભાવ એવો સામાન્ય-વિશેષ પ્રતિભાસે છે. સામાન્ય વિશેષનો જ્ઞાતા–દૃષ્ટા થાય છે. સમજાણું કાંઈ? આવું ઝીણું! ભાઈ! માર્ગ વીતરાગનો જિનેશ્વરદેવ, પરમેશ્વર એનો માર્ગ ઘણો સૂક્ષ્મ છે. જગતને તો બહારથી બધું મળ્યું છે. અંતરની ચીજ શું છે? અહીં તો કહે છે કે ચેતનાના બે રૂપ કેમ? આત્મા વસ્તુ છે ચેતનદ્રવ્ય જીવ આત્મા. એનો ચેતનાસ્વભાવ ગુણ શક્તિ ત્રિકાળ ભાવ. એ ચેતનાના દર્શન અને જ્ઞાન બે રૂપ કેમ છે? કે વસ્તુ સામાન્ય-વિશેષ જગતની છે એ સામાન્ય-વિશેષનો પ્રતિભાસ થાય છે. તો અહીંયાં પણ સામાન્યને દર્શન કહેવામાં આવે છે અને વિશેષને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ બધાને સમજવું પડશે જુવાનિયાને હોં! ધૂળમાં કાંઈ નથી. ...

**શ્રોતા :–** ધૂળમાં કાંઈ નથી, ધૂળ વિના કાંઈ ચાલે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળ વિના જ ચાલે છે બધાને. એક દ્રવ્ય બીજા દ્રવ્યના અભાવથી ચાલે છે.

**શ્રોતા :–** એ તો સિદ્ધાંત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, સિદ્ધાંત કહો કે સત્ય કહો. આ એક આંગળી બીજી આંગળીથી રહિત છે માટે ટકે છે. પોતાથી છે અને પરથી નથી તેથી ટકે છે. એમ દરેક પદાર્થ પોતાથી છે અને અનંત પદાર્થ નથી એ રીતે ટકી રહ્યો છે. આહા..હા..!

**શ્રોતા :–** એ તો કોઈ અનુભવ કરીને બતાવે તો ખબર પડે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એકલો આત્મા જ છે, પરવસ્તુમાં ક્યાં ઘૂસી ગયો છે? પરવસ્તુનો તો એમાં અભાવ છે. એ પ્રશ્ન ૨૦૧૦ની સાલમાં થયો હતો. બોટાદ–બોટાદ. ૨૦૧૦ની સાલ. કેટલા વર્ષ થયા? હરજીવનભાઈએ કર્યો હતો, ભાઈ! સમઢિયાવાળા હરજીવનભાઈએ. નાગરભાઈના ભાઈ. વ્યાખ્યાન ચાલતું હતું અને ઘણા માણસ હતા. એમાં એણે પ્રશ્ન કર્યો કે, મહારાજ! પણ કાંઈ લક્ષ્મી વિના કાંઈ પરવસ્તુ વિના ચાલે છે? સવારે શાક જોઈએ તો પૈસા જોઈએ, પાણી જોઈએ તો પૈસા જોઈએ, મકાન જોઈએ તો પૈસા જોઈએ. પૈસા વિના ચાલે છે? એવો પ્રશ્ન કર્યો હતો. કહ્યું કે પ્રભુ! એકવાર સાંભળ

તો ખરો. તારું અસ્તિત્વ જે છે, તારી મોજૂદગી એ તારી ચીજથી તારી મોજૂદગી છે અને પર ચીજની મોજૂદગીથી તો તારો અભાવ છે. પરચીજથી જો તું હો તો તું પરરૂપ થઈ જા છો. દેવચંદજી! ક્યાં લોકોને પડી નથી. આ ધંધા કરવા અને એમાંથી થોડો વખત મળે તો સાંભળવા જાવું. સાંભળવા જાવું એમાં મળે કુગુરુ લુંટી લે કલાક. બહારમાં ધર્મ મનાવીને ત્યાં રોકે એને, થઈ રહ્યું મરી ગયા બિચારા. આહા..હા..!

અહીં તો પરમાત્મા જિનેશ્વર ત્રિલોકનાથ ઈન્દ્રો અને ગણધરોની સમક્ષમાં પરમાત્મા બિરાજે છે મહાવિદેહમાં સીમંધર પરમાત્મા બિરાજે છે તીર્થંકરપણે. ઈન્દ્રો, ગણધરો ત્યાં જાય છે. તો એમાં આ વાત ઈન્દ્રો પાસે આ વાત કરતાં હતા કે તારી ચીજમાં બીજી ચીજનો ત્રિકાળ અભાવ છે. તો તારી ચીજ એવી રીતે ટકી રહી છે કે પરના અભાવથી ટકી રહી છે, પરને કારણે ટકી રહી છે (એમ નથી). આહા..હા..! આ શરીરથી પણ ટકી નથી. આ શરીર તો જડ, માટી, ધૂળ છે આ તો. ધૂળનો તો ભગવાન આત્મામાં અભાવ છે. ભગવાન ચૈતન્યસ્વરૂપ છે, આ તો જડસ્વરૂપ છે. જડનો ચૈતન્યમાં અભાવ છે અને ચૈતન્યમાં પુણ્ય-પાપના વિકારનો પણ અભાવ છે અને ચૈતન્યમાં દૃષ્ટા-જ્ઞાતા બે ગુણનો સદ્ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(બધીયે વસ્તુઓ સામાન્યવિશેષસ્વરૂપ છે, તેથી તેમને પ્રતિભાસનારી ચેતના પણ બે-રૂપપણાને ઉલ્લંઘતી નથી.)**' શું કહ્યું? આહા..હા..! ભાઈ! ભગવાનનો માર્ગ સૂક્ષ્મ છે, પ્રભુ! લોકોએ માની રાખ્યો છે જૈન, અજૈનને જૈન માન્યો છે. પરમેશ્વર જિનેશ્વરની શું વાત છે અને શું કહે છે? બધી ગડબડ થઈ ગઈ. આહા..હા..! અહીં તો કહે છે કે તેથી તે તેને ઉલ્લંઘતી નથી. શું? ચેતન જે આત્મા ત્રિકાળી અવિનાશી વસ્તુ ભગવાન આત્મા તો છે. આ તો નાશવાન ચીજ છે. આ તો ૨૫, ૫૦, ૬૦, ૭૦, ૧૦૦ મુદત તો દેહની છે. આત્માની મુદત છે? આત્મા તો અનાદિઅનંત છે. સમજાણું કાંઈ? એક પ્રશ્ન કર્યો હતો મોટો ગૃહસ્થ હતો. ૨૦-૨૫ લાખનો આસામી, જુવાન માણસ હતો. દુકાને જાતો હતો. મેં એટલો પ્રશ્ન કર્યો કે આ ૨૫, ૫૦, ૬૦, ૭૦ વર્ષ કહેવાય છે એ દેહની સ્થિતિ કે આત્માની સ્થિતિ? એની અમને ખબર નથી. આવા ને આવા. ૨૦-૨૫ લાખ રૂપિયા અને નવી દુકાન કરવા જામનગર જતો હતો. અહીં આવે. આવે છે બધા ઘણા આવે છેને હવે. કીધું આ ૫૦, ૬૦, ૭૦ વર્ષ કહે છે શરીરના એ શરીરની સ્થિતિ આયુષ્યની છે કે આત્માની સ્થિતિ છે? દેવચંદજી!

**શ્રોતા :-** વિચાર કરવાનો વખત મળ્યો નથી એને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણે વિચાર કર્યા? આંધળે આંધળા અનાદિથી એમ ને એમ જગતમાં બળદની જેમ, ઢોરની જેમ જગત હાંકે છે. આહા..હા..! શાસ્ત્રમાં એમ લખ્યું છે કે પશુ કેમ થાય છે પશુ? કે એણે માયા, કપટ, કુટીલની આડોડાઈ બહુ કરી છે. આડોડાઈ સમજો છો? ટેડાઈ. એણે પૂર્વભવમાં આડોડાઈ બહુ કરી. માયા, કપટ, કુટીલ, ક્રોધ, માન, માયા, લોભ. આડોડાઈ બહુ કરી તો એનું શરીર પણ આડું થઈ ગયું. મનુષ્ય આમ ઊભા છે. ગાય, ભેંસ, ખીસકોલી, નોળકોળ આડા છે. એ આડા કેમ થયા? અનંતવાર આડો થયો છે. આડોડાઈ બહુ કરી. કપટ, માયા, લોભ, મશગુલ અને એ બહુ

હુશિયાર કહેવાય જગતનો. આહા..હા..! આવી આડોડાઈથી વીતરાગ કહે છે ગોમ્મટસારમાં, તિર્યંચ કહે છેને? તિર્યંચ-તિર્યંચ. તિર્યંચ એટલે તિરછા—આડા. ગાય, ભેંસ, ખીસકોલી, નોળ, કોળ. એવા અનંત અવતારમાં અનંતવાર આડોડાઈ કરી અને અનંત અવતાર કર્યા. આહા..હા..! દેવચંદજી! સાધારણ વાણિયા જે હોય છે એને તો બિચારાને માંસ અને દારૂ હોય નહિ. દારૂ, માંસ, માછલા, ઈંડા એ તો ખાય નહિ એટલે નરકમાં તો જાય નહિ. ધંધાના ઠેકાણા ન મળે એટલે દેવના તો લક્ષણ છે નહિ એનામાં. પાપના માયા, કપટ, ક્રોધ, માન, માયા, લોભ. આહા..હા..!

**શ્રોતા :–** વાણિયામાં લોભની વિશેષતા હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ વિકાર કહે છેને. આહા..હા..!

અમારા ઘરમાં એમ કહ્યું હતું. (સંવત) ૧૯૬૬ની સાલ. ૬૬. દિક્ષીત થયા ૭૦માં. ૬૪ વર્ષ થાય દિક્ષીત થયા, ૬૪. એ પહેલાં દુકાન હતીને અમારી પાલેજમાં દુકાન છે. પાલેજ છેને ભરૂચ અને વડોદરા વચ્ચે. બહાર જીન છે, દુકાન છે. અત્યારે દુકાન છે, મોટી દુકાન છે. દુકાન અત્યારે છે. અમારા ભાગીદાર ફઈના દીકરા હતા. એ ગુજરી ગયા. તો અમારામાંથી કોઈ નથી. દીકરો છે. ત્રણ લાખની પેદાશ છે. વર્ષની ત્રણ લાખની આમદાની છે. મોટો વેપાર છે, ત્રીસ લાખ રૂપિયા છે. તો ત્યાં અમારી દુકાન હતી અને અમે પણ ત્યાં હતા. નાની ઉંમરની વાત છે. ૬૩ થી ૬૮ પાંચ વર્ષ દુકાન ચલાવી. અમારા ભાગીદાર હતા એને બહુ મમતા. મમતા... મમતા... મમતા... પછી એકવાર મારાથી કહેવાઈ ગયું, ભાઈ! કુંવરજીભાઈ! મારાથી મોટા હતા ચાર વર્ષ. મને તો ૮૮ વર્ષ થયા, એને ૯૨ વર્ષ થયા. મારાથી મોટા હતા. અમે તો ભગત કહેવાતા પહેલેથી. દુકાન ચલાવતા હતા. અરે! કુંવરજીભાઈ! મને એવું લાગે છે, ભાઈ! આપણે વાણિયા છીએને, આપણે દારૂ, માંસ, ઈંડા તો કદી અડતા નથી. ૬૬. ૨૦ વર્ષની ઉંમર. ૬૬ વર્ષ પહેલાંની વાત છે. ૬૬ નહિ ૬૮. ૬૮ વર્ષ પહેલાંની વાત છે. વાણિયા આપણે છીએ તો ભાઈ કુંવરજીભાઈ! તમે નરકે તો નહિ જાવ કીધું. તેમ દેવમાં જવાના લક્ષણ મને લાગતા નથી. હું તો ભગત કહેવાતોને ત્યારે પણ. દુકાન ચલાવતો પણ છતાં શાસ્ત્રનું વાંચન દુકાન ઉપર કાયમ. શ્વેતાંબર. એમાં હતાને અમારા પિતાજી સ્થાનકવાસી હતાને. અને મનુષ્યપણાના લક્ષણ દેખાતા નથી મને કે તું મનુષ્ય થાય. તમારા માટે ઢોર (ગતિ) લાગે છે કીધું. દુકાન ચાલતી હતી. પાંચ હજારની પેદાશ હતી. એ સમયે પાંચ હજારની વર્ષની. વર્ષની પાંચ હજારની પેદાશ. હમણાં અગિયાર વર્ષ પહેલાં ગુજરી ગયા. અત્યારે તો બે લાખની પેદાશ, અત્યારે ત્રણ લાખની પેદાશ. પછી મરતા પછી, આ મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું... મેં કર્યું... ગાંડુ થઈ ગયું મગજ. હું હુશિયાર, આ હું કમાણો, આટલા પૈસા કમાણા. આહા..હા..! દેવચંદજી! એ વખતે કહ્યું. એનો દીકરો હુશિયાર છે. એ કહે, મહારાજ કહેતા હતા કે આ ઢોરમાં જશે ઢોર. મગજ એવું થઈ ગયું. અહીં એ વખતે ૧૧ વર્ષ પહેલાં ગુજરી ગયા. એ વખતે બે લાખની પેદાશ, દસ લાખ રૂપિયા. અત્યારે ૩૦ લાખ રૂપિયા છે અને ત્રણ લાખની પેદાશ છે. મરીને ઢોર થઈ ગયો. વાણિયા શું પણ ભાન ન મળે કાંઈ. આહા..હા..! એય..! દેવચંદજી!

ગોમ્મટસારમાં એમ કહે છે, માંસ ને દારૂ ખાય છે એ તો મરીને નરકમાં જાય છે. નીચે નારકી. આડોડાઈ કરે છે ક્રોધ, માન, માયા, લોભ એ ઢોરમાં જાય છે અને કોઈ વિનય આદિ રાગની મંદતા હોય તો મનુષ્ય થાય છે અને વિશેષ કોઈ પુણ્યાદિ ભાવ હોય તો દેવમાં જાય છે. ચાર ગતિ છે એમાં અનંતકાળથી રખડે છે, પણ 'મારો ચેતનસ્વભાવ છે એમાં ચાર ગતિ છે નહિ અને ચાર ગતિનો ભાવ પણ મારામાં નથી.' એવી દૃષ્ટિ કદી કરી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહે છે. ભગવાન! ભગવાન જ કહે છે હોં આત્માને. ૭૨મી ગાથા છેને. ભગવાન આત્મા એમ જ કહે છે આચાર્ય. અંદર તારું સ્વરૂપ ભગવાન જ છે. પૂર્ણાનંદનો નાથ છે તો પૂર્ણાનંદની પર્યાય અરિહંતમાં પ્રગટ થાય છે. અરિહંતને અનંત દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે એ ક્યાંથી આવ્યા? કાંઈ બહારથી આવે છે ચીજ? અંદરમાં સ્વભાવ છે તારો પૂર્ણ સ્વભાવ છે, ચેતનાનો પૂર્ણ સ્વભાવ તારો છે. આહા..હા..! એમાંથી પૂર્ણ દર્શન અને પૂર્ણ જ્ઞાન પ્રગટ થાય છે, કેવળજ્ઞાન અને કેવળદર્શન. તો અહીંયાં તો નીચે કહ્યું કે ચેતનાનો સ્વભાવ બે રૂપે છે. કેમકે ચીજ જે સામી છે એની ચીજ સામાન્ય અને વિશેષ બે પ્રકારે છે. તો સામાન્ય વિશેષનો ભાસ કરનારી ચીજ અહીંયાં છે એ પણ બે પ્રકાર ચેતનાના, દૃષ્ટા અને જ્ઞાતા છે. આહા..હા..! આવી વાત હવે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન! આ તો ત્રિલોકનાથ સર્વજ્ઞની વાણી છે. જિનવરદેવ આમ કહે છે. લોકો કાંઈક-કાંઈક માનીને બિચારા જૈનધર્મને નામે... આહા..હા..! અન્યમતને ધર્મ માને છે. જૈનધર્મ શું છે એની ખબર નથી. આહા..હા..!

એ કહે છે અહીંયાં, **'સામાન્યવિશેષને ઉલ્લંઘવાથી ચેતના જ ન હોય...'** જો ચેતનામાં બે રૂપ ન હોય તો જે ચેતના પરવસ્તુ જે સામાન્ય અને વિશેષ છે, સામાન્ય એટલે દ્રવ્ય અને વિશેષ એટલે ગુણ-પર્યાય આદિ, એ સામાન્ય-વિશેષ વસ્તુનો સ્વભાવ છે અને એનો સ્વભાવ ચેતનામાં સામાન્ય-વિશેષ જો ન હોય તો ચેતના જ ન રહે. ચેતનામાં સામાન્ય અને વિશેષ પ્રતિભાસરૂપી શક્તિ ન હોય તો ચેતનાનો અભાવ થઈ જાય છે. ન્યાય સમજાય છે? આહા..હા..! ગોવિંદલાલજી લખે છે. **'ચેતનાનો અભાવ થાય.'** શું? કે આત્મા જે ચેતના છે એમાં બે પ્રકાર—દૃષ્ટા-જ્ઞાતા ન હોય તો વસ્તુ સામાન્ય-વિશેષ છે એનો અહીંયાં પ્રતિભાસ થાય છે, તો સામાન્યનું દર્શન અને વિશેષનું જ્ઞાન એ બે ન હોય તો ચેતના જ રહેતી નથી. આહા..હા..! આવી વાત ઝીણી છે. આહા..હા..!

**'(અર્થાત્ ચેતનાનો અભાવ થાય). તેના અભાવમાં બે દોષ આવે--(૧) પોતાના ગુણનો નાશ થવાથી ચેતનને અચેતનપણું આવી પડે,...'** શું કહે છે? કે આ આત્મા જે છે એમાં ચેતનાસ્વભાવ છે અને ચેતનામાં બે રૂપતા દર્શન અને જ્ઞાન ન હોય તો, વસ્તુ સામાન્ય-વિશેષ છે તો સામાન્ય-વિશેષ સામાન્યને જાણનાર દર્શન, વિશેષને જાણનાર જ્ઞાન છે, જો એ બે ન હોય તો ચેતનાનો અભાવ થઈ જાય. છે? આહા..હા..! ચેતનનો અભાવ થવાથી આત્માનો નાશ થઈ જાય છે. ચેતના ગુણનો નાશ થવાથી ચેતન આત્માનો નાશ થઈ જાય છે. આહા..હા..! ન્યાયથી વાત ચાલે છે અહીં તો. વીતરાગનો માર્ગ ન્યાયથી છે. ની ધાતુ છે. (સામાન્ય)-વિશેષ વસ્તુ છે એ તરફ જ્ઞાનને લઈ જવું એનું નામ ન્યાય છે. આહા..હા..! અનંત અનંતકાળ થયો, અનાદિ... અનાદિ.. અનાદિ... આ

પહેલાં... આ પહેલાં... આ પહેલાં... આ પહેલાં... આ પહેલાં... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... ભવ... કીડી, કાગડા, કૂતરા, નરકના ભવ. કોઈ દિ' ભવ વિના દશા રહી નહિ. આહા..હા..! એવા અનંત ભવ કર્યા, પણ એમાં આત્મા શું ચીજ છે એનો અનુભવ કર્યો નહિ. રાગ ને દ્વેષનો અનુભવ કરે છે.

ઈ સવારે આવ્યું હતું કે સર્વ જીવોએ કર્મચેતના અને કર્મફળ ચેતનાનો સ્વાદ લીધો છે અનાદિથી. આવ્યુ હતુંને પંડિતજી? આહા..હા..! અનાદિથી અજ્ઞાની પ્રાણી, ચાહે તો અબજોપતિ હો કે ચાહે તો રાજા હો કે દેવ હો કે નરક હો કે કીડી હો કે કાગડા હો કે લસણ હો કે ડુંગળી હો, એ બધા જીવ અંદર છે. તો બધા જીવોએ અનાદિથી પોતાની જ્ઞાનચેતનાનો અનુભવ કદી કર્યો નથી, પણ એણે તો રાગ અને દ્વેષનો જ અનુભવ કર્યો છે. તો રાગ અને દ્વેષ પુણ્ય અને પાપ બે કર્મ નામ કાર્ય છે તો કર્મચેતનાનું વેદન એ ફળ છે. આહા..હા..! અનાદિથી અજ્ઞાનીને રાગ અને દ્વેષની કર્મચેતનાનો સ્વાદ આવ્યો છે. નથી સ્વાદ આવ્યો જડનો, નથી સ્વાદ આવ્યો સ્વનો. અજ્ઞાનીને કદી પરનો સ્વાદ આવતો નથી. લક્ષ્મીનો, સ્ત્રીનું શરીર સુંવાળુ એનો ભોગ લે એનો સ્વાદ લે છે? આ તો ધૂળ-માટી છે. એનો સ્વાદ ક્યાં છે. એના ઉપર લક્ષ જાય છે અને ઠીક છે, મજા પડે છે એવો રાગનો સ્વાદ આવ્યો છે. દયા, દાન, વ્રત, ભક્તિ વખતે પુણ્યરૂપી રાગનો સ્વાદ આવ્યો છે. અનાદિથી અનંત જીવોએ રખડતા-રખડતા કર્મચેતના અને કર્મફળ ચેતનાનું વેદન કર્યું છે. કર્મ એટલે જડ કર્મની અહીં વાત નથી. અહીં તો પુણ્ય અને પાપના ભાવ એ કર્મ-કાર્યચેતના છે અને એનું વેદન કર્મફળ ચેતના છે. જ્ઞાનચેતનાનું વેદન કદી એક સેકન્ડ કર્યું નથી અને જ્ઞાનચેતનાનું વેદન થાય તેના જન્મ-મરણ રહે નહિ. સમજાણું કાંઈ? ચોર્યાસીના અવતાર રખડતા-રખડતા... ઓહો..!

એ અહીંયા કહે છે જુઓ, '**પોતાના ગુણનો નાશ થવાથી ચેતનને અચેતનપણું આવી પડે,...**' શું કહ્યું? કે આત્મા વસ્તુ છે ચેતન એનો ચેતના ગુણ છે શક્તિ. એ ચેતનામાં બે રૂપ—દર્શન અને જ્ઞાન ન હોય તો સામાન્ય-વિશેષને પ્રતિભાસ કરનારી ચીજ બે રૂપ ન હોય તો ચેતનાનો અભાવ થઈ જાય અને ચેતનાનો અભાવ થાય તો આ ચેતનનો પણ અભાવ થઈ જાય. ગુણનો નાશ થવાથી, સાકરની મીઠાશનો નાશ થાય તો સાકરનો નાશ થઈ જાય છે. આહા..હા..! દેવચંદજી! આવી વાત છે. આ વાત તો એવી છે, ભગવાન! અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ પરમાત્મા જિનેશ્વરો આ રીતે ફરમાવે છે. આહા..હા..! દિલીપ!

'**(૨) વ્યાપકના (-ચેતનાના-) અભાવમાં વ્યાપ્ય એવા ચેતનનો અભાવ થાય.** ' શું કહે છે? કે આત્મા વસ્તુ છે અને ચેતના ગુણ છે અને એ ગુણના બે રૂપ છે—દૃષ્ટા, જ્ઞાતા. અને બે રૂપ જો ન હોય તો ગુણનો અભાવ થઈ જાય અને ગુણનો અભાવ થઈ જાય તો આત્માનો અભાવ થઈ જાય. એક વાત. અને બીજી વાત કે આત્મા છે એ વ્યાપ્ય છે અને ચેતના છે એ વ્યાપક છે એમ લેવું છે. નહિતર આત્મા વ્યાપક છે અને પર્યાય વ્યાપ્ય છે એ અત્યારે નથી લેવું. ચેતના જે દૃષ્ટા-જ્ઞાતા જો ન હોય તો દૃષ્ટા-જ્ઞાતા એ વ્યાપક છે. કેમકે આત્મામાં ત્રિકાળ રહે છે. દૃષ્ટા-જ્ઞાતાનો ભાવ આત્મામાં

ત્રિકાળ રહે છે. તો દૃષ્ટા-જ્ઞાતાનો ભાવ એ વ્યાપક છે, એમાં આત્મા વ્યાપ્ય છે.

**શ્રોતા :–** પર્યાય વ્યાપક છે અને .. વ્યાપ્ત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અહીં પર્યાય વ્યાપક છે ત્રિકાળી અને આત્મા વ્યાપ્ય છે. કેમકે એમાં આત્મા કાયમ રહે છેને. ત્રિકાળ જ્ઞાતા-દૃષ્ટા, ત્રિકાળ જ્ઞાતા-દૃષ્ટા, જ્ઞાતા-દૃષ્ટા એ તો વ્યાપક થઈ ગયું. એમાં આત્મા વ્યાપ્ય છે. તો જો એનો નાશ થાય તો આત્માનો નાશ થઈ જાય. આહા..હા..! આવી વ્યાખ્યા. બાપુ! પરમાત્મા ભગવાન ત્રિલોકનાથનો માર્ગ તો બહુ સૂક્ષ્મ છે, ભાઈ! જન્મ-મરણરહિત થવાની ધર્મ ચીજ કોઈ અપૂર્વ છે. અપૂર્વ નામ પૂર્વે કદી કર્યું નથી, એક સેકન્ડમાત્ર કર્યું નથી. આહા..હા..! અને અપૂર્વ જે એક સમય પણ આવી જાય તો જન્મ-મરણનો અંત થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? બે વાત કરી—કે એક તો આત્મા ચેતન એનો સ્વભાવ અને ચેતનમાં દૃષ્ટા-જ્ઞાતા બે એની શક્તિ. કેમકે સામન્ય અને વિશેષ વસ્તુ છે એનો પ્રતિભાસ અહીંયાં સામાન્ય-વિશેષપણે થાય છે, દર્શન અને જ્ઞાન. અને જો એ દર્શન અને જ્ઞાનનો અભાવ કહો તો ચેતનાનો અભાવ થઈ જાય ગુણનો. ગુણનો અભાવ થાય તો આત્માનો અભાવ થઈ જાય. એક વાત. અને ચેતના ત્રિકાળ છે વ્યાપક. તો જો ચેતના ત્રિકાળ છે એના બે ભાવ ન હોય અને વ્યાપક ન હોય તો વ્યાપ્ય પણ ન રહે. પંડિતજી! આહા..હા..! આવો ધર્મ કોઈ કહે કે ક્યાંથી કાઢ્યો આ? આ નવો હશે કાંઈ? પંડિતજી! એમ કેટલાક કહે છે હોં! કે સોનગઢમાં નવો ધર્મ નીકળ્યો. અરે! ભગવાન! ધર્મ શું વસ્તુ છે એ તેં સાંભળ્યું નથી. વીતરાગ ત્રિલોકનાથ પરમેશ્વર એનો ધર્મ કોઈ અલૌકિક છે, લૌકિક સાથે મેળ થાય નહિ. આહા..હા..!

**શ્રોતા :–** કાનજીસ્વામીનો મત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મત છે એમ કહે છે. આ કોનો મત છે? આ સિદ્ધાંતના તો અર્થ કરીએ છીએ. શાહુજી કહેતા હતા એકવાર દિલ્હીમાં કે આ લોકો વિરોધ કરે છે, પણ સ્વામીજી તો પાઠમાંથી અર્થ કરે છે, શાસ્ત્રમાંથી અર્થ કાઢે છે. શાહુજી, પહેલાં દિલ્હી ગયા હતા (ત્યારે કહેતા હતા). આહા..હા..! આમ નરમ માણસ છે પણ નિર્ણય કરવાની... પૈસા ઘણા, પણ નિર્ણય કરવાનો વખત નહિ. ચાલીસ કરોડ રૂપિયા હવે. મેં તો કહ્યું હતું એકવાર ખાનગી. આવી ગયાને, હમણાં આવ્યા હતા અહીંયાં. ત્રણ વ્યાખ્યાન સાંભળ્યા. ચાલીસ કરોડ. શાહુજી શાંતિપ્રસાદ, દિલ્હી. હમણા આવ્યા હતા. આહા..હા..! એને કહ્યું હતું ખાનગી એકવાર. ફતેપુરમાં. અરે! શાહુજી! આ પૈસામાં ચાલીસ કરોડમાં મોટપમાં તમને જ્યાં ત્યાં મોટા મોટા કરીને બેસાડે છે. તમારી .. ટાઈમ ચાલ્યો જાય છે. અમારે ક્યાં પૈસાવાળાના પૈસા લેવા હતા. આહા..હા..! સાંભળતા હતા હોં. મહારાજ! મેં તો એમ કહ્યું, ભાઈ! આ ચાલીસ કરોડ રૂપિયા તમારી ચીજ. જ્યાં હોય ત્યાં મોટા કરે કે આ શું કહેવાય? સભા કરવાની છે. સભામાં અધ્યક્ષ કરો, સભામાં અધ્યક્ષ કરો. પછી બે-પાંચ-દસ હજાર દેવા પડે. ગઈ સાલ આવ્યા હતા મુંબઈ. ૮૭મું વર્ષ બેઠુ હતુંને આ શરીરને. ૮૭. અત્યારે તો ૮૮મું બેઠું છે. તે દિ' ૮૭ હજાર દીધા હતા મુંબઈમાં. ૮૭ હજાર. ૮૭મું વર્ષ બેઠું મહારાજને તો અમે ૮૭ હજાર શું કહેવાય ઈ? તીર્થ સુરક્ષા ફંડમાં ૮૭ હજાર દીધા હતા. પણ એમાં ૮૭ હજારમાં શું? ચાલીસ કરોડ રૂપિયામાં ૮૭ હજાર રૂપિયાની શું ગણતરી હતી એને.

મેં તો ઘણું કહ્યું. નરમ માણસ છે, સાંભળવામાં નરમ છે. શેઠ! ટાઈમ ચાલ્યો જાય છે. જ્યાં ત્યાં મોટા કરીને બેસાડે અને કંઈક પૈસા દે એટલે પછી અભિનંદન દે પૂંછડા મોટા લાંબે. તમે આમ કર્યું, તમે આમ કર્યું ને આમ કર્યું. અને મનમાં અંદર ગલગલિયા થઈ જાય અને અંદર ઠીક લાગે અને બહારથી એમ કહે, તમે મને બહુ આમ કરો છો પણ હું એને લાયક નથી. પણ પદવી તમારે નિભાવવી પડશે. અંદરમાં ગલગલિયા થતા હોય, સભાનો અધ્યક્ષ કર્યો હોય એટલે. આહા..હા..! અરે! બાપા! આમાં ટાઈમ જાય, ભાઈ! લુંટાઈ જાય છે નાથ! તારો કાળ ચાલ્યો જાય છે, ભાઈ! યાદ કર્યું હતું હમણાં પ્રાંતિજ. પ્રાંતિજમાં યાદ કર્યું હતું. ખબર છે?

**શ્રોતા :–** ગુરુદેવે એમ કહ્યું કે પૈસા કામ નહિ આવે અને શ્રાવક શિરોમણી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અમારે ક્યાં પૈસા લેવા હતા? ચાલીસ કરોડ હોય કે ધૂળ કરોડ હોય. આહા..હા..! બાપુ! ચાલ્યો જાય છે વખત, ભાઈ! આ મનુષ્યપણાનો વખત એમાં ભગવાનનું કહેલું તત્ત્વ જો સમ્યગ્દર્શનપણું ન થયું (તો) થોથા નીકળીને મરીને જાશો ઢોરમાં ક્યાંક. આહા..હા..! એને એટલું તો નહોતું કહ્યું પણ એટલું કહ્યું કે આ વખત ચાલ્યો જાય છે. સાચી વાત, મહારાજ! એમ કહેતા હતા. અમારે ક્યાં પૈસા લેવા હતા કે ભાઈ, માખણ ચોપડો પૈસાવાળા છે તો. આહા..હા..!

અહીં તો કહે છે, '**વ્યાપકના અભાવમાં...** ' વ્યાપક કોને કહ્યું? ચેતનાને. જે ચેતનાસ્વભાવ છે એનો દૃષ્ટા-જ્ઞાતાસ્વભાવ છે એ અનાદિઅનંત છે. તો અનાદિઅનંત વ્યાપકમાં જે ચેતનાનો દૃષ્ટા-જ્ઞાતા બે રૂપ ન માનો તો ચેતનાનો નાશ થવાથી આત્માનો નાશ થાય છે અને ત્રિકાળી જે વ્યાપક છે એમાં આત્મા વ્યાપ્ય છે એનો નાશ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવા ન્યાયની વાતું હવે. ઓલું તો એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય .. લેશ્યા જાવ. જીવિયા વહોરવિયા તસ્સમિચ્છામી દુક્કડમ જાવ. સહેલુંસટ હતું. તસ્સઉતરી કરણેમં, ઠાણેણં, માણેણં, જાણેણં, અપ્પાણં વોસરે. અર્થની ખબર ન મળે, ભાન ન મળે. આહા..હા..! એવો પાઠ આવે છે.

'**વ્યાપકના અભાવમાં વ્યાપ્ય એવા ચેતનનો અભાવ થાય. માટે, તે દોષના ભયથી ચેતનાને દર્શનજ્ઞાનસ્વરૂપ જ અંગીકાર કરવી.**' આત્મા વસ્તુ એનો ચેતનાસ્વભાવ ગુણ અને એ ગુણના બે રૂપ દૃષ્ટા-જ્ઞાતા. તો એ ગુણનો અનુભવ કરવો એ રાગ અને પર્યાયનું લક્ષ છોડીને પોતાના ગુણસ્વભાવનો અનુભવ કરવો એનું નામ ભગવાન ધર્મ કહે છે, એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર કહે છે. ત્યારે તેનો મોક્ષનો માર્ગ ખુલી ગયો. એ વિના મોક્ષનો માર્ગ ખુલતો નથી.

(**શ્રોતા :–** પ્રમાણ વચન ગુરુદેવ!)

## જ્યેષ્ઠ વદ-૬, મંગળવાર, તા. ૦૭-૦૬-૧૯૭૭, કળશ-૧૮૩-૧૮૪, પ્રવચન નં. ૩૫૯

૧૮૩ કળશ, મોક્ષ અધિકાર.

(शार्दूलविक्रीडित)

अद्वैतापि हि चेतना जगति चेद् दृग्ज्ञप्तिरूपं त्यजेत्
तत्सामान्यविशेषरूपविरहात्साऽस्तित्वमेव त्यजेत्।
तत्त्यागे जडता चितोऽपि भवति व्याप्यो बिना व्यापका-
दात्मा चान्तमुपैति तेन नियतं दृग्ज्ञप्तिरूपाऽस्तु चित्।।१८३।।

મોક્ષ અધિકાર છેને. '**જગતમાં ખરેખર ચેતના અદ્વૈત છે...**' ચેતન જે દ્રવ્ય એનો સ્વભાવ એ ચેતના એમ લેવું છે. ચિદ્ ચિદ્ એ આત્મા અને ચેતના એનો ગુણ-સ્વભાવ. આહા..હા..! એ અદ્વૈત છે, બે છે છતાં અદ્વૈત છે. દર્શન-જ્ઞાનરૂપ છે છતાં ચેતના તરીકે એક છે. '**તોપણ જો તે દર્શનજ્ઞાનરૂપને છોડે...**' આહા..હા..! દૃષ્ટા ને જ્ઞાતા સ્વભાવ ચેતના છોડી દે '**તો સામાન્યવિશેષરૂપના અભાવથી (તે ચેતના) અસ્તિત્વને જ છોડે;...**' એ જડ થઈ જાય. '**એમ ચેતના પોતાના અસ્તિત્વને છોડતાં,...**' '**चितः अपि जडता भवति**' '**ચેતનને જડપણું આવે...**' ચેતન તો દ્રવ્ય, ચેતના એ ગુણ એ એક હોવા છતાં બે છે—સામાન્ય અને વિશેષ સ્વભાવ. સામાન્ય વિશેષ સ્વભાવ ચેતના છોડી દે તો જીવ જડ થઈ જાય. ચિદ્ જડ થઈ જાય. ચેતનાના અભાવમાં જીવ ચિદ્ ચેતન જડ થઈ જાય. આહા..હા..! છેને? '**ચેતના પોતાના અસ્તિત્વને છોડતાં, ચેતનને જડપણું આવે અર્થાત્ આત્મા જડ થઈ જાય,...**' ઝીણી વાત છે. આત્મા જે છે એ તો ચિદ્-ચિદ્, ચેતન છે. એ ક્રિયા સ્વભાવ એ ચેતના છે. ગુણ એ ચેતના સ્વભાવ છે. એ સ્વભાવ ચેતના એક હોવા છતાં દૃષ્ટા-જ્ઞાતા બે એનો સ્વભાવ છે અને દૃષ્ટા-જ્ઞાતા બેને જો છોડે તો ચેતનાનો અભાવ થઈ જાય તો આત્માનો અભાવ થઈ જાય. અભાવ એટલે જડ થઈ જાય. ચેતનામાં બે રૂપ છે એનો અભાવ થઈ જાય તો ચિદ્ જડ થઈ જાય, આત્મા ચેતના વિનાનો થઈ જાય. આવું શીખવું હવે.

**શ્રોતા :-** એમાં ધર્મ શું આવ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધર્મ એ કહે છે કે ચિદ્ વસ્તુ એની ચેતના દૃષ્ટા-જ્ઞાતા. એ દૃષ્ટા-જ્ઞાતા દ્વારા. દૃષ્ટા કર્તા હું, કર્મ હું, કરણ હું એવું દૃષ્ટા અને જ્ઞાતાના છ બોલ પર્યાયમાં કરીને, ભેદ કરીને પછી ઉડાવી દેવા. હું એ નહિ. હું તો જ્ઞાન ચૈતન્યમૂર્તિ અખંડ છું. આહા..હા..! એવી અંતરમાં દૃષ્ટિ કરવી એનું નામ જિનવરદેવનો ધર્મ કહેવામાં આવે છે. આ વાત છે. ધર્મ ક્યાં આવ્યો? જીવ જે વસ્તુ છે એ ચેતન છે, એનો સ્વભાવ ચેતના છે. એ ચેતના એક હોવા છતાં ચેતનામાં બે રૂપ છે—દૃષ્ટા-જ્ઞાતા. જો બે રૂપને છોડે

તો ચેતનાનો અભાવ થઈ જાય. ચેતનાનો અભાવ થઈ જાય તો ચેતન જડ થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ સમજવો.

**શ્રોતા :-** અનંત જીવો સમજ્યા છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અનંત સમજ્યા. ચૈતન્ય વસ્તુ.. કહેશે હમણાં આગળના શ્લોકમાં તો.

'અને...' '**व्यापकात् विना व्याप्यः आत्मा अन्तम् उपैति**' ચેતના દૃષ્ટા-જ્ઞાતા એનો બે સ્વભાવ, એનો જો અભાવ થાય તો ચેતના ત્રિકાળ છે એમાં વ્યાપ્ય આત્મા છે, વ્યાપકનો અભાવ થવાથી વ્યાપ આત્માનો અંત થઈ જાય, નાશ થઈ જાય. પહેલાં બોલમાં જડ થઈ જાય એમ કહ્યું હતું. બીજા બોલમાં નાશ થઈ જાય એમ કહે છે. સમજાણું કાંઈ?

જુઓ, પહેલા બોલમાં એમ કહ્યું કે ચેતનનો ચેતનાસ્વભાવ એના બે રૂપ છે અનાદિઅનંત. કેમકે વસ્તુ સામાન્ય-વિશેષ છે, એના પ્રતિભાસરૂપ ચેતના દર્શન-જ્ઞાનરૂપ છે. એ બે રૂપ છે એ ન માનો તો ચેતનાનો અભાવ થઈ જાય અને ચેતનાનો અભાવ થવાથી આત્મા ચેતના વિનાનો જડ થઈ જાય. આહા..હા..! આવું બધું શીખવું. દયા પાળવી કે આ કરવું તો સહેલું. ધૂળેય નથી. કોણ કરે દયા? અહીંયાં તો રાગનો કર્તા થાય છે એ પણ.. કેમકે ચેતનાસ્વભાવ છે એમાં રાગનો કર્તા થાય તો તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! વ્યવહારરત્નત્રય છે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો વિકલ્પ રાગ, પરદ્રવ્ય શાસ્ત્ર છેને? એ તરફનું જાણવું-કરવું એ વિકલ્પ રાગ છે. તો કહે છે કે એ રાગ ચેતનનો ચેતનાસ્વભાવ છે તેને છોડીને રાગનો કર્તા જો ચેતના થઈ જાય, તો ચેતનનું ચેતનાપણું નથી રહેતું. રાગનો કર્તા થઈને મિથ્યાદૃષ્ટિ થઈ જાય. સમજાણું કાંઈ? આહા..હા..! વ્યવહાર હોય છે જ્ઞાનીને, પણ એનો કર્તા નથી થતો, એનો જ્ઞાતા-દૃષ્ટા રહે છે. સમજાણું કાંઈ? '**(-ચેતના વિના-)** વ્યાપ્ય જે **આત્મા તે નાશ પામે (-આમ બે દોષ આવે છે). માટે, ચેતના નિયમથી દર્શનજ્ઞાનરૂપ જ હો.**' લ્યો!

'**ભાવાર્થ :- સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે.**' શું કહે છે? આત્માથી માંડીને છ દ્રવ્ય જે ભગવાને જોયા. જાતિએ છ અને સંખ્યાએ અનંત. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ—એ છ જાતિ છ, સંખ્યાએ અનંત. તો પ્રત્યેક પદાર્થ સામાન્ય-વિશેષરૂપ છે. એકરૂપ રહે છે અને ગુણ અને પર્યાય વિશેષરૂપ પણ છે. તો સામાન્ય-વિશેષરૂપ વસ્તુનું સ્વરૂપ છે એમ જાણવાની ચેતના પણ સામાન્ય વિશેષ સ્વરૂપ છે. '**સમસ્ત વસ્તુઓ સામાન્યવિશેષાત્મક છે. તેથી, તેમને પ્રતિભાસનારી...** ' જાણનારી '**ચેતના પણ સામાન્યપ્રતિભાસરૂપ (-દર્શનરૂપ) અને વિશેષપ્રતિભાસરૂપ (-જ્ઞાનરૂપી) હોવી જોઈએ.**' લોજિકથી-ન્યાયથી વાત કરે છે. વસ્તુ જ્યારે સામાન્ય-વિશેષ છે, સામાન્ય નામ એકરૂપ રહે છે અને અનેકરૂપ પણ છે. પ્રત્યેક પદાર્થ દ્રવ્ય તરીકે એક છે, પણ એની શક્તિ અને અવસ્થા તરીકે અનેક છે. અનેક કહો કે વિશેષ કહો. તો સામાન્ય અને વિશેષ એ વસ્તુનું સ્વરૂપ છે, તો એ વિશેષનું સ્વરૂપ જાણનારી ચેતના એ દૃષ્ટા-જ્ઞાતા એ પણ સામાન્ય-વિશેષ દેખનાર-જાણનાર પ્રતિભાસરૂપ છે. જો એ

પ્રતિભાસરૂપ સામાન્ય દર્શન અને જ્ઞાનને ન માનો તો ચેતનાનો અભાવ થઈ જાય. ચેતનાનો અભાવ થતાં આત્મા ચેતના વિના જડ થઈ જાય.

'**જો ચેતના પોતાની દર્શનજ્ઞાનરૂપતાને છોડે તો ચેતનાનો અભાવ થતાં, કાં તો ચેતન આત્માને જડપણું આવે,...**' આહા..હા..! શું કહે છે? ચેતન અને ચેતના એકરૂપ અભેદ છે એની ઉપર દૃષ્ટિ કરવાની છે. જેને ધર્મની શરૂઆત કરવી હોય તો ચેતનની ચેતના અને ચેતન બે એક અભેદ છે, રાગ અભેદ નથી. પુણ્ય, દયા, દાન, વિકલ્પ એ કોઈ એની સાથે અભેદ નથી. ધર્મ જેને કરવો હોય તો ધર્મી એવો ચેતન, એનો ધર્મ જે ચેતના એમાં એકાગ્ર થવાથી ધર્મ થાય છે. આવું સમજવું અને આવું... એવું ઝીણું. સંપ્રદાયમાં તો બીજી વાતું ચાલે પછી આ એકાંત છે, એકાંત છે (એમ કહે).

**શ્રોતા :-** આચાર્યે કીધું છે એ એકાંત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન સવારમાં કહ્યું? મખનલાલજી! પર્યાય અને દ્રવ્ય તો અભિન્ન છે. અશુદ્ધ જે આત્મા પર્યાયમાં આવે છે તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય છે. પર્યાય છે એ તો ક્ષણિકની અવસ્થા છે. અરે! નિર્વિકાર હોય તોપણ મોક્ષમાર્ગ પણ એક સમયની અવસ્થા છે, પર્યાય છે. સિદ્ધ પણ એક સમયની અવસ્થા છે, સિદ્ધ કોઈ ત્રિકાળી ચીજ નથી. સિદ્ધ દ્રવ્યનો એક ભેખ છે. મોક્ષમાર્ગ પર્યાય પણ ત્રિકાળી ભગવાનનો એક ભેખ છે અને સંસારી વિકારી પર્યાય પણ ચૈતન્ય દ્રવ્યનો એક વિકારી ભેખ છે. આહા..હા..! અને ત્યાં સુધી કહ્યુંને ૩૨૦ ગાથામાં કે જે મોક્ષનો માર્ગ છે, ચેતનની ચેતનાની દૃષ્ટિ થઈને અનુભવ થયો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાય પણ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. ૩૨૦ ગાથા ત્યાં રાજકોટમાં ચાલી હતી. બહુ ત્યાં તો સભા (મોટી ભરાય). સમજાણું કાંઈ? આહા..હા..!

શું કહ્યું? કે ચેતન જે આત્મા વસ્તુ છે એનો ચેતનાસ્વભાવ છે. એ ચેતનાસ્વભાવની પર્યાય અંતર્મુખ હોવાથી જે ધર્મની દૃષ્ટિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે તે પર્યાય છે. એ પર્યાય દ્રવ્યમાં એકત્વ થાય તો મોક્ષમાર્ગની પર્યાયનો નાશ થાય છે. મોક્ષમાર્ગની પર્યાય ત્રિકાળી સાથે એકરૂપ હોય તો મોક્ષમાર્ગની પર્યાયનો નાશ થાય તો પારિણામિકભાવનો નાશ થઈ જાય. ન્યાય સમજ્યા? ઝીણો માર્ગ છે, બાપા! આહા..હા..! ચૈતન્ય વસ્તુ છે ભગવાન અનંત અનંત ગુણ અને શક્તિનો પિંડ પ્રભુ એની દૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિ ચિદ્‌ઘન વસ્તુ એનું જ્ઞાન કરીને જ્ઞેય બનાવીને, વર્તમાન જ્ઞાનની દશામાં પૂર્ણ સ્વરૂપને જ્ઞેય બનાવીને જ્ઞાન થયું એ જ્ઞાનમાં પ્રતીતિ આવી કે વસ્તુ જ્ઞેય પરિપૂર્ણ છે એ પ્રતીતિ અને એ જ્ઞાનદશા જે થઈ એ પરિણામિક ત્રિકાળી ભાવ સાથે એક થાય તો એ પર્યાય મોક્ષમાર્ગ છે તો મોક્ષ થતાં મોક્ષમાર્ગનો તો નાશ થાય છે. મોક્ષમાર્ગનો નાશ થાય છે તો મોક્ષમાર્ગની પર્યાય અને દ્રવ્ય એક થાય તો દ્રવ્યનો પણ નાશ થઈ જાય. સમજાણું કાંઈ? આવો માર્ગ છે. ગોવિંદરામજી! એવી વાત છે.

પર્યાય અને દ્રવ્ય એટલે વસ્તુ બે જોડકું છે વસ્તુ, પ્રમાણનો વિષય છે. પર્યાય અને દ્રવ્ય એ પ્રમાણનો વિષય છે, પણ પર્યાય અને દ્રવ્ય જો એક થઈ જાય તો પર્યાય છે એનો તો મોક્ષમાર્ગની પર્યાયનો નાશ થશે અને મોક્ષની પર્યાય ઉત્પન્ન થશે. તો મોક્ષમાર્ગની પર્યાય અને દ્રવ્ય જો અભેદ એક થઈ જાય તો પર્યાયનો નાશ થતાં દ્રવ્યનો નાશ થઈ જશે. સમજાય છે કાંઈ? આહા..હા..! એથી એમાં

લીધું છે કે મોક્ષમાર્ગની જે પર્યાય છે એ પણ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે એમ લીધું છે. બાકી ખરેખર તો ભિન્ન જ છે. આહા..હા..! સંવર અધિકારમાં તો એમ લીધું છે કે ભગવાન આત્મા જે વસ્તુ છે એમાં જે આ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ ઉત્પન્ન થાય છે તે વસ્તુ ભિન્ન છે, એ વસ્તુ ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ તો ભિન્ન છે, પણ એ વ્યવહારરત્નત્રયના પ્રદેશ પણ ભિન્ન છે. જેટલા ક્ષેત્રમાંથી ઉત્પન્ન થાય છે એટલું ક્ષેત્ર ધ્રુવના ક્ષેત્રથી એટલું ક્ષેત્ર ભિન્ન ગણવામાં આવ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભેદજ્ઞાન સંવર અધિકારમાં લીધું. બેય વસ્તુ ભિન્ન છે. તો વિકારનો આધાર આત્મા નથી અને આત્માનો આધાર વિકાર નથી. બેયને આધારઆધેય (સંબંધ) નથી, બે ભિન્ન ચીજ છે. બેનું સ્વરૂપ જ ભિન્ન છે. જેનું સ્વરૂપ ભિન્ન છે એના પ્રદેશ પણ ભિન્ન છે, ક્ષેત્ર પણ ભિન્ન છે. આહા..હા..! એ જ અસંખ્ય પ્રદેશમાં એક સમયની દશા જે વિકૃત ઉત્પન્ન થાય છે એટલા ક્ષેત્રને ત્રિકાળી ક્ષેત્રથી ભિન્ન ગણવામાં આવ્યા છે. પંડિતજી! એ તો વિકારને તો ભિન્ન ગણવામાં આવ્યો છે, પણ મોક્ષમાર્ગની જે પર્યાય છે એના પણ પ્રદેશ ભિન્ન ગણવામાં આવ્યા છે. ચિદ્‌વિલાસમાં છે અને ૧૦૧ ગાથામાં છે પ્રવચનસારમાં. ઉત્પાદ ઉત્પાદથી છે, ઉત્પાદ ધ્રુવથી નથી, ધ્રુવ વ્યયથી નહિ, વ્યય ઉત્પાદથી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત તો બહુ. તત્ત્વ ઝીણું સૂક્ષ્મ છે. અભ્યાસ નહિ અભ્યાસ અને લોકોને ધર્મ થઈ જાય બહારથી. આહા..હા..! સમજાણું કાંઈ?

પર્યાય જે છે એક સમયની, વસ્તુ છે ત્રિકાળ તો એ પર્યાયનો ભાવ એક સમયની સ્થિતિ, ત્રિકાળની ત્રિકાળ સ્થિતિ. પર્યાયનો ભાવ જે પ્રદેશમાંથી ઉત્પન્ન થાય છે એ પ્રદેશનો અંશ ભિન્ન ગણવામાં આવ્યો છે અને દ્રવ્યના પ્રદેશ ભિન્ન ગણવામાં આવ્યા છે. આહા..હા..! અને એ પર્યાયનું વીર્ય પણ ભિન્ન છે. પર્યાયનું વીર્ય પર્યાયથી છે. પર્યાયનું વીર્ય પર્યાયથી છે, પર્યાયની ઉત્પત્તિ પર્યાયથી છે, પર્યાયનું ટકવું પર્યાયથી છે. છ કારક તો આવી ગયા. આહા..હા..! અરે! અનંત કાળ થયો. એ ચીજ શું છે અને પર્યાય શું છે? પર્યાય છે ખરી. છે, ન હોય તો કાર્ય તો પર્યાયમાં થાય છે. કાંઈ કારણ દ્રવ્ય ત્રિકાળમાં તો કાર્ય થતું નથી, એ તો શુદ્ધ ધ્રુવ કૂટસ્થ એકરૂપ છે ત્રિકાળ. એનો આશ્રય કરતાં જે પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની થઈ તો એ તો એક સમયની અવસ્થા છે અને એ એક સમયની અવસ્થાનો ભાવ ભિન્ન, કાળ ભિન્ન, ક્ષેત્ર ભિન્ન, એનું વીર્ય ભિન્ન. ધર્મચંદજી! તત્ત્વ એવું છે. વસ્તુનું સ્વરૂપ એવું છે. જેવું ભગવાને જોયું એવું કહ્યું. ભગવાન કાંઈ કરતા નથી. પર્યાય ભિન્ન. નિર્મળ પર્યાય ભિન્ન, નિર્મળ પર્યાયનું ક્ષેત્ર ભિન્ન. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો કહે છે કે અહીં આવ્યુંને? જો ચેતનાનું બે સ્વરૂપ છે—જ્ઞાતા-દૃષ્ટા એ ન માનો તો ચેતનાનો અભાવ થઈ જાય. ચેતનાનો અભાવ થવાથી ચેતન જડ થઈ જાય. ચેતનની ચેતના ન રહેતાં ચેતન જડ થઈ જાય. એક વાત. બીજી, '**અથવા તો વ્યાપકના અભાવથી...**' એ બીજી વાત. વ્યાપક એટલે ચેતના વ્યાપક છે. કાયમ રહેનારી ચીજ અનાદિ-અનંત. એ ચેતના વ્યાપકના અભાવથી. વ્યાપ્ય એટલે આત્મા. એવા આત્માનો અભાવ થઈ જશે. ત્રિકાળી ચૈતન્યમાં દૃષ્ટા-જ્ઞાતા ન માનો તો ચેતનાનો અભાવ થઈ જાય તો ચેતના વ્યાપક છે ત્રિકાળમાં એમાં વ્યાપ્ય આત્મા છે તો વ્યાપકનો અભાવ

થવાથી વ્યાપ્યનો નાશ થઈ જાય છે. આ તો લોજિકથી વાત છે. આહા..હા..! આવો ધર્મ સમજવો. એય! દિલીપ! આહા..હા..!

**'આત્મા ચેતન હોવાથી ચેતનાનું વ્યાપ્ય છે. તેથી ચેતનાનો અભાવ થતાં આત્માનો પણ અભાવ થાય. માટે, ચેતનાને દર્શનજ્ઞાનસ્વરૂપ જ માનવી.'** ન્યાય સમજાય છે? આહા..હા..! બે વાત કહી. મોક્ષનો અધિકાર (ચાલે છે), તો મોક્ષની પર્યાય ક્યાંથી ઉત્પન્ન થાય છે? કે અંતર ચેતનામાંથી ઉત્પન્ન થાય છે. ચેતના ગુણ છે અને એ ગુણને ધરનાર ભગવાન ચેતનદ્રવ્ય છે. હવે એ ચેતનાનું બે રૂપ—દૃષ્ટા-જ્ઞાતા છે અને વસ્તુનું સ્વરૂપ જ સામાન્ય અને વિશેષ (સ્વરૂપ છે). એકરૂપ છે અને અનેકરૂપ પણ છે. તો એનો પ્રતિભાસ કરનારી ચેતના પણ દૃષ્ટા-જ્ઞાતા બે રૂપ છે. દૃષ્ટા-જ્ઞાતારૂપ બે રૂપ જો ચેતના ન માનો તો આત્મા ચેતન વિના જડ થઈ જાય અને ચેતના ત્રિકાળ વ્યાપક છે દૃષ્ટા-જ્ઞાતાપણે એનો જો અભાવ માનો તો વ્યાપકમાં આત્મા વ્યાપ્ય છે તો ચેતના વ્યાપક નથી તો આત્માનો-વ્યાપ્યનો નાશ થઈ જાય. ન્યાય-લોજિકથી વાત ચાલે છે. ભગવાનનો માર્ગ એવો નથી. આ તો ન્યાય લોજિક યુક્તિથી વસ્તુ સમજાય છે. આહા..હા..!

**'અહીં તાત્પર્ય એવું છે કે—સાંખ્યમતી...'** એક સાંખ્ય મત છેને. એ સામાન્યને માને છે, વિશેષને નથી માનતા. તેથી આનો નિષેધ કર્યો છે. **'કેટલાક લોકો સામાન્ય ચેતનાને જ માની...'** બસ ચેતના બસ એટલું. દૃષ્ટા-જ્ઞાતા એવા બે ભેદ નહિ એમ સાંખ્યમતી માને છે. **'એકાંત કહે છે, તેમનો નિષેધ કરવા માટે વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષસ્વરૂપ છે... '** દરેક વસ્તુ દ્રવ્ય તરીકે સામાન્ય છે. સામાન્ય નામ એકરૂપ છે અને ગુણપર્યાય તરીકે અનેક વિશેષરૂપ છે, અનેકરૂપ કહો કે વિશેષરૂપ કહો, તો દરેક પદાર્થ સામાન્ય અને વિશેષ છે, એકરૂપ અને અનેકરૂપ છે તો એની ચેતના પણ દેખનાર-જાણનારી દૃષ્ટા તરીકે સામાન્ય છે, જ્ઞાતા તરીકે વિશેષ છે.

**શ્રોતા :–** દ્રવ્ય-ગુણ સામાન્ય-વિશેષ, તેમ ચેતના પણ સામાન્ય-વિશેષ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દ્રવ્ય નથી, ગુણ છે. ચેતનની શક્તિ છે. ચેતન આત્મા એની એ શક્તિ છે. એ શક્તિનું બે રૂપ છે. જ્ઞાતા, જ્ઞાન અને દર્શન એવી બે શક્તિ છે, એક નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે પણ હવે ભાવ તો જેવો હોય એવો છે. આહા..હા..! ભગવંત! જૈનદર્શન સૂક્ષ્મ છે, જૈનધર્મ એવો સૂક્ષ્મ છે. એ ચીજ ક્યાંય નથી. જૈનધર્મ એ પણ એક દિગંબર ધર્મ હોં! એ જ જૈનધર્મ છે. એ સિવાય આવી ચીજ ક્યાંય નથી. અને એવી ચીજ સમજ્યા અને શ્રદ્ધ્યા વિના એને કદી સમ્યગ્દર્શન થાય નહિ અને સમ્યગ્દર્શન ન થાય તો જ્ઞાન અને ચારિત્ર પણ થાય નહિ. આવે છેને છ ઢાળામાં, 'દર્શન બિન જ્ઞાન ચરિતા.' છ ઢાળામાં આવે છે. નિરર્થક છે.

**શ્રોતા :–** મોક્ષમહેલકી પરથમ સીઢી, યા બિન જ્ઞાન ચરિતા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ચરિતા. છ ઢાળામાં ઘણું ભર્યું છે. ગાગરમાં સાગર. પાઠશાળામાં ભણાવે પણ પોતાની દૃષ્ટિથી ભણાવે. આહા..હા..! **'વસ્તુનું સ્વરૂપ સામાન્યવિશેષરૂપ છે, તેથી ચેતનાને સામાન્યવિશેષરૂપ અંગીકાર કરવી.'**

'હવે, આગાળના કથનની સૂચનારૂપ શ્લોક કહે છે :-' ૩૦૦ ગાથાનો ઉપોદ્‌ઘાત શ્લોક કહે છે.

(इन्द्रवज्रा)

एकश्चितश्चिन्मय एव भावो
भावाः परे ये किल ते परेषाम्।
ग्राह्यस्ततश्चिन्मय एव भावो
भावाः परे सर्वत एव हेयाः।।१८४।।

આહા..હા..! **શ્લોકાર્થ :— 'चितः एकः चिन्मयः एव भावः'** ચિત. ચિત એટલે આત્મા, ચિત એલે જીવદ્રવ્ય, ચિત એટલે ચેતન, ચિત એટલે આત્મા ત્રિકાળી. ચિત. અર્થ કર્યાને જુઓને. ચિત એટલે ચૈતન્ય આત્માનો તો **'एकः चिन्मयः एव भावः'** એ જ્ઞાનચેતનામય એક ભાવ છે. એનો તો જાણવું-દેખવું એ સ્વભાવ છે, એનો બીજો કોઈ સ્વભાવ નથી. આહા..હા..! **'ये परे भावाः' 'જે બીજા ભાવો છે તે ખરેખર પરના ભાવો છે;...'** આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ ભગવાનની પૂજાનો ભાવ, ભગવાનના ગુણના સ્મરણનો ભાવ એ બધો વિકલ્પ રાગ છે એ અન્યભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક ચૈતન્ય ચિત, ચૈતન્ય ચિત ચૈતન્યમય ચિન્મય. ચિત દ્રવ્ય જે ભગવાન આત્મા એ ચિન્મય નામ ચેતનામય છે, તેમાં પુણ્ય અને પાપ આદિ વિકલ્પ નથી. આહા..હા..! એવા ભગવાન આત્મા **'एकः चिन्मयः' 'ये परे भावाः'** એનાથી જે ભિન્ન ભાવ છે, જેટલો વિકલ્પ ઊઠે છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ તો પાપ વાસના તો ભિન્ન જ છે, પણ દયા, દાન, ભક્તિ અને ગુણગુણીનો ભેદ એવો જે વિકલ્પ ઊઠે એ **'परे भावाः'** એ ચેતનાથી પરભાવ છે. આહા..હા..! આમાં વાંધા છે. એક તો એ વાંધા આવ્યો કે પર્યાય અને દ્રવ્ય એક છે. પર્યાય અશુદ્ધ થઈ જાય તો દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય. એક. મખનલાલજી એમ કહે છે અને એ રતનચંદજી કહે તમારા સરહાનપુર. એ પણ એમ કહે છે. બીજી વાત વ્યવહારથી નિશ્ચય થાય છે. અહીં કહે છે કે ચિન્મયભાવથી વ્યવહાર પરભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ચિદ્ ચિન્મય. ભગવાન ચિદ્ આત્મા. ચિદ્ એટલા આત્મા. ચિન્મય-ચેતનામય છે. 'ચેતનાવાળો' છે એમ પણ નહિ. આત્મા 'ચેતનાવાળો' છે એ તો ભેદ થઈ જાય છે. ચિદ્ ચિન્મય. ભગવાન આત્મા ચિદ્ જીવદ્રવ્ય. ચિદ્ એટલે જીવદ્રવ્ય એ ચિન્મય, ચેતનામય છે. એની અંદર દૃષ્ટિ કરવી સન્મુખ થઈને એનું નામ સમ્યગ્દર્શન છે. એનું નામ મોક્ષનો અધિકાર નામ મોક્ષમાર્ગ છે. આહા..હા..! કહો, સમજાય છે? આવી વાતું છે. આહા..! લોકોને લાગે એવું છે. મૂળ વાત જ આખી ફેરફાર થઈ ગઈ છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જે દ્રવ્યસ્વભાવ કહે છે, એ અલૌકિક ભાવરૂપ છે. કેમકે એક સમયની પર્યાય જે છે, ભલે એ ચાહે તો ચેતનાની એક સમયની પર્યાય હોય જાણવા-દેખવારૂપ, પણ એ પર્યાય દ્રવ્યથી તો કથંચિત્ ભિન્ન છે, પણ એ પર્યાયથી જે રાગાદિ થાય છે એ પણ એનાથી સર્વથા ભિન્ન છે. સમજાણું કાંઈ? આહા..હા..! હવે જે ભિન્ન છે એને સાથે લઈને નિશ્ચય અંતરમાં જઈ શકે? કે ભિન્ન

છે તેને ભિન્ન રાખીને તેને છોડીને અંતરમાં જાય તો સમ્યગ્દર્શન થાય? આહા..હા..! દેવીલાલજી! વાત તો આવી છે. આહા..હા..!

'चितः' એક 'चितः' શબ્દ જ પડ્યો છે. 'चितः' એટલે ચેતન, 'चितः' એટલે આત્મા, 'चितः' એટલે જીવદ્રવ્ય, 'चितः' એટલે કારણજીવ, 'चितः' એટલે કારણપરમાત્મા. એ કારણપરમાત્મા છે કેવો? કે ચિન્મય ચેતનામય. ગુણમય, ગુણી ગુણમય છે. ગુણી જે છે વસ્તુ એ ગુણમય છે. કેવો ગુણ? ચિન્મય. ચેતના ગુણ છે એ ચેતનાગુણમય ચેતન છે. આહા..હા..! એવી દૃષ્ટિ કરતાં જે અન્યભાવ છે. 'परे भावाः' આહા..હા..! છે? ભાષા તો એવી લીધી કે ચૈતન્યનો તો એક ચિન્મય ભાવ છે. ઓલી ચેતના લીધી છેને સામાન્ય. પેટાભેદ છે એ તો સમજાવ્યું. ભગવાન ચિદ્, ચિત, વસ્તુ ચિત્ જે અનાદિઅનંત કારણપ્રભુ, કારણજીવ, જીવદ્રવ્ય એ ચિન્મય છે, એ સ્વભાવવાન છે, એ સ્વભાવવાન છે એ સ્વભાવસ્વરૂપ છે. આહા..હા..!

ભગવાન આત્મા ચિદ્ જીવદ્રવ્ય સ્વભાવવાન છે, એ સ્વભાવમય છે. પોતાનો સ્વભાવ, જેમ સાકર છે એ મીઠાશથી તન્મય છે, મીઠાશથી તન્મય છે, એમ ચિત ચેતનાથી તન્મય અભેદ છે. આહા..હા..! તે અન્યભાવ છે. આહા..હા..! એની તો વાત અહીંયા કરે છે. ચાહે તો પછી ગુણી અને ગુણ એવો ભેદ લક્ષમાં લ્યો તોપણ એ તો વિકલ્પ ઊઠે છે, રાગ છે. એ ચિદ્દના ચૈતન્યમયભાવથી એ રાગ ભિન્ન છે, તે પોતાનું સ્વરૂપ નથી. દૃષ્ટિમાં એને લેવાલાયક નથી. વિકારી પરભાવ દૃષ્ટિમાં લેવાલાયક નથી. આહા..હા..! દૃષ્ટિમાં લેવાલાયક ચિન્મય ચિદ્ એવો આત્મા દૃષ્ટિમાં લેવાલાયક છે. આહા..હા..! ભાષા તો સાદી છે. કેમ ભગવાન! ભાષા તો સાદી છે. ભગવાન આત્મા છેને. આહા..હા..!

**શ્રોતા :–** ભાષા તો સાદી ભલે રહી પણ ભાવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એટલે તો કહીએ છીએ કે ભાવ તો સૂક્ષ્મ છે, ભાષા સાદી છે. ભગવાન આત્મા છે અંદર. આહા..હા..! અરે..! શરીર તો છે નહિ એમાં, કર્મ તો છે નહિ એમાં પણ પુણ્ય-પાપના ભાવ, વ્યવહારરત્નત્રયનો ભાવ એમાં નથી, એ તો ચૈતન્યમય છે. આહા..હા..!

**શ્રોતા :–** રાગ હું નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રાગ તો પરભાવમાં ગયો. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ આત્મામાં નથી. 'ષોડશકારણ ભાવના ભાવતા...' એ આવે છેને. 'ષોડશ તીર્થંકરપદ પાય.' ભગવાન! માર્ગ તો બહુ સૂક્ષ્મ છે, પ્રભુ! જન્મ-જરા-મરણના દુઃખો વેઠી-વેઠીને અનંતકાળ ગયો. પરમાત્મા તો એમ કહે છે કે તને એટલું દુઃખ થયું અને તારા દેહનું છૂટવું થયું, તારી માતાને જોઈને રડવું આવ્યું. એવા રૂદનના અનંતા સમુદ્ર ભરાય એવા અનંતવાર તારા મરણ થયા છે. તારું દુઃખ તો તેં વેદ્યું, પણ દુઃખને જોનારને આંખમાં આંસુ આવ્યા. આહા..હા..! પ્રભુ! તેં એટલા દુઃખ સહન કર્યા, ભૂલી ગયો. મનુષ્યપણા સિવાય નરકમાં, પશુમાં ઓહો..! કેટલી વેદના! આહા..!

પચ્ચીસ વર્ષનો જુવાન રાજકુમાર હોય, અબજો રૂપિયાની એક મહિનાની પેદાશ હોય. અત્યારે

છેને એ દેશ. ક્યો દેશ? ઈરાક. તેની એક દિવસની અડધા અબજની પેદાશ છે અત્યારે. અરબસ્તાન. મુસલમાન છે. અરબસ્તાન દેશ નાનો છે પણ શું કહેવાય આ? પેટ્રોલ. પેટ્રોલ તમારા શબ્દ (ભૂલી જવાય છે). પેટ્રોલના કૂવા નીકળ્યા છે. કાચું સોનું એમ કહે છે. કાળું સોનું એમ લખે છે. એક દિવસની પચાસ કરોડની પેદાશ. એક દિવસની પચાસ કરોડની પેદાશ. મરીને નરકે જવાના. એવી પેદાશ પણ અનંતવાર થઈ ગઈ, એમાં શું થયું? એ પણ વર્તમાનમાં તો જેટલી લક્ષ્મી તરફ લક્ષ કર્યું છે એટલો તો કષાય અગ્નિથી બળેલો છે. આહા..હા..! અને એના ફળરૂપે આહા..હા..! દેશ નાનો છે. પેદાશ ઘણી છે. પેટ્રોલના કૂવા નીકળ્યા છે. એના કુટુંબમાંથી એક રાજકુમાર છે એને મારી નાખ્યો. આટલી પેદાશ ને મજા કરવી, લહેર કરવી. આહા..હા..! અને એનો દીકરો પણ દસ-દસ લાખની મોટર હોય, વીસ લાખની મોટર મોટી. એનો દીકરો નીકળ્યો અને રસ્તામાં કોઈ છોકરો કચરાઈ જાય તો કોઈ કહી શકે નહિ. તમે કેમ ધ્યાન ન રાખ્યું? અમારો દીકરો રાજકુમાર નીકળે મોટરમાં, તમે કેમ ધ્યાન ન રાખ્યું? પંડિતજી! પાવર ફાટી ગયો છે એટલો. આહા..હા..! એક દિવસની અડધા અબજની પેદાશ. પેદાશ હોં, મૂડી તો કેટલી! મરીને નરકે જવાના બાપુ! એ રાજકુમાર હોય અને મોટી પેદાશ હોય અને એક દિવસના લગન હોય, એ દિવસે લગ્નના દિવસે એને જીવતા જમશેદપુર, જમશેદપુર છેને, એની ભઠ્ઠીમાં જીવતો નાખે અને જે દુઃખ થાય એનાથી અનંતગુણા દુઃખ પહેલી નરકમાં દસ હજાર વર્ષની સ્થિતિમાં છે. એને જો જીવતા કરોડોપતિ, અબજોપતિ અને એક દિવસનું લગ્ન, પચ્ચીસ વર્ષનો જુવાન એને ભઠ્ઠીમાં નાખે ને જે પીડા થાય છે, એનાથી અનંતગુણની પીડા પહેલી નરકમાં દસ હજાર વર્ષની સ્થિતિમાં છે. આહા..હા..! દસ હજાર વર્ષની સ્થિતિએ અનંતવાર ઊપજ્યો, દસ હજાર વર્ષની એક સમયની સ્થિતિમાં અનંતવાર, દસ હજાર અને બે સમયની અનંતવાર, એમ સમયથી લઈને એક સાગરની સ્થિતિ અનંતવાર. આહા..હા..! એ બધું મિથ્યાત્વને કારણે છે. એ દુઃખી થયો, પ્રભુ તું બહુ દુઃખી. એના દુઃખથી છૂટવાનો ઉપાય આ છે.

ચિદ્ઘન ભગવાન જેમાં પુણ્ય-પાપ નથી. અરે! જેમાં વર્તમાન પર્યાયનો પણ અભાવ છે. આહા..હા..! પર્યાય પર્યાયમાં છે, નથી એમ નહિ. ૧૧મી ગાથામાં અસત્યાર્થ કહી, પર્યાયને અભૂતાર્થ કહી. એ તો ગૌણ કરીને અસત્યાર્થ કહી, વસ્તુ છે. મુખ્ય પ્રયોજન સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવાના હેતુથી ત્રિકાળી સત્યને સત્ય કહ્યું અને પર્યાયને ગૌણ કરીને અસત્ય કહી. કેમકે પ્રયોજન સિદ્ધ કરવું છે સમ્યગ્દર્શન. તો સમ્યગ્દર્શન તો ત્રિકાળને આશ્રયે થાય છે, પર્યાયને આશ્રયે થતું નથી. સમજાણું કાંઈ? કહો, દિલીપ! તારા દસ લાખ, પાંચ લાખની ગણતરી પણ નથી અહીં તો. મોટા-મોટા આવા પૈસાવાળા. આહા..હા..! ધૂળેય નથી, દુઃખી છે બિચારા. એ દુઃખથી મુક્ત થવાની ચીજ ચિદ્ ચેતન દ્રવ્ય ચિન્મય. આહા..હા..! એ પર્યાયને ચિન્મયમાં એકાગ્ર કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે. એ દુઃખથી મુક્ત થવાનો આ એક જ ઉપાય છે. વ્યવહાર વચમાં છે એ પરભાવ છે, એ તો દુઃખનું કારણ છે એમ કહે છે. હવે એ લોકોની રાડ છે સોનગઢની સામે કે એ વ્યવહારનો લોપ કરે છે, એકાંત કરે છે. ભગવાન! સાંભળ તો ખરો, નાથ! તારી વસ્તુને કલંક લાગે છે, પ્રભુ! તારી વસ્તુમાં એ વ્યવહાર છે નહિ. એનાથી

તને લાભ થાય, જેને ભિન્ન પાડવી છે એનાથી તને લાભ થાય એ દૃષ્ટિ તારી વિપરીત છે. ભાઈ! તને ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ગોવિંદરામજી! આવી વાત છે, ભગવાન! આહા..હા..! જિનેશ્વરદેવની અકષાય કરૂણાથી વાણી નીકળી છે. આહા..હા..! 'કરૂણા હમ પાવત હૈ તુમરી, વહ બાત રહી ગુરુગમકી.' શ્રીમદ્‌માં આવે છે. આહા..હા..!

ભાષા તો જુઓ, **'चितः एकः चिन्मयः एव भावः'** જુઓ, ભગવાન આત્મા ચિદ્ એટલે જીવદ્રવ્ય અર્થાત્ આત્મા અથવા કારણ પરમાત્મા એક ચિન્મય, એક ચેતનામય વસ્તુ છે. અને **'ये परे भावाः' 'જે બીજા ભાવો છે...' 'ते किल परेषाम्' 'તે ખરેખર પરના ભાવો છે;...'** આહા..હા..! કર્મના નિમિત્તને આધીન થઈને, કર્મથી થયા નથી, પણ નિમિત્તને આધીન થઈને જે શુભભાવ થાય છે. આહા..હા..! એ **'परेषाम्'** ભાવ છે, તારી ચીજ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! એટલે આ લોકોને એવું લાગે છે કે આ એકાંત છે... એકાંત છે. સોનગઢવાળા 'વ્યવહારથી લાભ થાય છે, નિશ્ચયથી પણ લાભ થાય છે અને વ્યવહારથી પણ લાભ થાય છે, વ્યવહારથી નિશ્ચય થાય છે' એમ નથી માનતા માટે એકાંત છે. અહીં તો કહે છે કે વ્યવહારથી લાભ માને અને નિશ્ચયથી પણ લાભ માને એ એકાંત છે. આહા..હા..! આવો માર્ગ ક્યાં છે! બહુ ટૂંકુ. આહા!

એક ચિન્મય. ભાષા જુઓને. **'एकः चिन्मयः'** ભગવાન એક ચૈતન્યમય. આહા..હા..! **'परेषाम्'** જેટલો વિકલ્પ ઊઠે છે એ બધા પરના ભાવ છે, પોતાના નહિ. આહા..હા..! **'ખરેખર પરના ભાવો છે; માટે...' 'चिन्मयः भावः एव ग्राह्यः'** આહા..હા..! જે પોતાનો આત્મા ચિન્મય છે તો ચિન્મયને જ ગ્રહણ કરવો. **'ચિન્મયભાવ જ ગ્રહણ કરવાયોગ્ય છે,...'** ભાવ જુઓ. **'(એક) ચિન્મય ભાવ જ...'** 'જ' કીધું. એકાંત કર્યું. વ્યવહારથી પણ થશે અને ચિન્મયભાવથી પણ થશે એને અનેકાંત કહે છે. આહા..હા..! શું કરે? પુણ્યનો યોગ હોય અને બહારમાં લોકો માને, ખમ્મા-ખમ્મા કરે એથી શું? આહા..હા..! અને પુણ્યને યોગે કરોડો રૂપિયા ખર્ચે, સાધુ ખર્ચાવે, એ ખર્ચે તો એને માને કે ઓહો..હો..! મોટું કામ કર્યું એણે! અહીં તો કહે છે કે પ્રભુ એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! એ પરનું કાર્ય તો આત્મા કરી શકતો નથી અજ્ઞાની પણ, પણ જ્ઞાની પણ રાગ જે પરભાવ છે એનો કર્તા જ્ઞાની નથી. કેમકે તે પરભાવ છે. આહા..હા..! એ પરભાવ આવે છે, તો એને જ્ઞાતા-દૃષ્ટા રહીને જાણે છે કે છે. આદરવાલાયક છે અને વ્યવહારથી નિશ્ચય થાય એમ ધર્મી નથી માનતો. સમજાણું કાંઈ? આહા..હા..! ભાષા તો સાદી છે, ભાઈ! તમે પણ એટલા પ્રાંતિજથી આવ્યા અહીંયાં લાભ લેવા. એટલી જિજ્ઞાસા છે. આહા..હા..! માર્ગ તો આવો છે, ભગવાન! આહા..હા..!

**'ચિન્મય ભાવ જ ગ્રહણ કરવાયોગ્ય છે.'** આહા..હા..! અહીં તો એ કહે છે. જે ચિદ્ વસ્તુ ચિન્મયભાવ, સ્વભાવ એ ગ્રાહ્ય છે, અનુભવ કરવાલાયક છે. આહા..હા..! એ પર્યાય છે. ગ્રાહ્ય થઈ એ પર્યાય થઈ. ત્રિકાળ ચિદ્‌ઘન પ્રભુ એનો ચેતન સ્વભાવ, ચેતનમય સ્વભાવ તેને ગ્રહણ કરવો અને એને ગ્રહણ કરવાથી વ્યવહાર જે **'परेषाम्'** ભાવ છે એ ઉત્પન્ન થતો નથી, તેને ત્યાગ કરવાલાયક છે એમ કહેવામાં આવે છે. ઉત્પન્ન થતો નથી તેને ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

આવી ભાષા ભારે આકરી. સંપ્રદાયમાં તો આ એક સામાયિક કરે, થઈ રહ્યું જાવ. નમો અરિહંતાણં, ઈચ્છામી .. લોગસ્સ. કરમે .. આ શ્વેતાંબરમાં એ બહુ રિવાજ છે, દિગંબરમાં બહુ નહિ. શાસ્ત્રમાં છે સામાયિક પાઠ પણ એ પ્રથા નથી. એમાં પ્રથા છે. કરમે ભણતે .. લોગસ્સમાં નમોત્થુણં .. લ્યો! બોલે બે ઘડી. થઈ ગઈ સામાયિક, ધર્મ થયો. કરો હવે ધંધો દુકાનનો. એય..! હિંમતભાઈ! આહા..હા..! બાપુ! ઘરનો ધંધો તો તેં કદી કર્યો જ નથી. આહા..હા..! 'અબ હમ કબહુ ન નિજઘર આયે' 'અબ હમ કબહુ ન નિજઘર આયે, પરઘર ભમત અનેક નામ ધરાયે...' આ પરભાવ. મેં પુણ્ય કર્યા, મેં દયા કરી, મેં વ્રત કર્યા, મેં અપવાસ કર્યા એવા અનેક પરભાવ નામ ધરાવ્યા ભગવાન, એમાં તને કોઈ કલ્યાણ થયું નહિ. '**परेषाम् भावाः**' આહા..હા..! છે? '**परे भावाः**' આહા..હા..! પહેલા '**परेषाम्**' કીધું હતુંને? '**ये किल ते परेषाम्**' '**તે ખરેખર પરના ભાવો છે; માટે ચિન્મયભાવ જ ગ્રહણ કરવાયોગ્ય છે,...**' '**परे भावाः सर्वतः एव हेयाः**' '**सर्वतः**' શબ્દ પડ્યો છે. છે? કથંચિત્ વ્યવહાર હેય છે અને કથંચિત્ વ્યવહાર ઉપાદેય છે એમ કહ્યું નથી. એમ બધા કહે છે કે આમ કહો. વ્યવહારનયથી વ્યવહાર પૂજ્ય છે એમ આવે છે સાથે. વ્યવહારથી. જાણવાલાયક છેને એ. નિશ્ચયથી તો હેય છે.

**શ્રોતા :-** વ્યવહારનય..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારનયથી કહ્યો ઉપચાર તો અસત્યનયથી કહેવામાં આવ્યું છે. કથનમાત્ર જૂઠી નયથી કથનમાં આવ્યું. આહા..હા..!

તારી ચીજમાં માલ પડ્યો છે. અનંત આનંદ અને અનંત જ્ઞાન અને અનંત ઈશ્વરતાનો પ્રભુ તું ઈશ્વર છે. અનંત ઈશ્વરની શક્તિનો તું ઈશ્વર છે. તો ઈશ્વરશક્તિને ગ્રહણ કર. તો પરભાવ છૂટી જશે અને પરભાવ તેને હેય કહેવામાં આવ્યો. જુઓ, '**परे भावाः सर्वतः एव हेयाः**' સર્વથા પ્રકારે ત્યાજ્ય છે, એમ કીધું. કથંચિત્ હેય-ત્યાજ્ય છે વ્યવહાર અને કથંચિત્ વ્યવહાર ઉપાદેય છે એમ નથી. આહા..હા..! મનુષ્યપણા વિના એ સાંભળવા ક્યાં મળે? અને સાંભળવામાં પણ મનુષ્યપણું મળે પણ જૈનદર્શન વિના સાંભળવા ન મળે. જૈનદર્શનમાં જન્મ્યા પણ સંભળાવનાર સત્ય ન હોય તો સાંભળે ક્યાંથી? આહા..હા..! એવી દુર્લભ ચીજ છે.

'**બીજા ભાવો સર્વથા છોડવાયોગ્ય છે.**' કથંચિત્ ત્યાજ્ય છે અને કથંચિત્ ઉપાદેય છે એમ નથી કહ્યું. સમજાણું કાંઈ? ભાવ છે, પરભાવ આવે છે, ધર્મી સમકિતીને, મુનિને પણ આવે છે. પંચમહાવ્રતાદિનો વિકલ્પ મુનિને આવે છે, પણ છે રાગ અને દુઃખ, છે હેય. ભગવાન આત્મા ચિન્મય વસ્તુ તે જ ગ્રાહ્ય છે, એ ઉપાદેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? દુનિયા માનો, ન માનો. હા પાડે, ન પાડે વસ્તુસ્થિતિ તો આ છે. વિરોધ કરે તો કરો, પંડિતો માનો ન માનો. આહા..હા..! 'પંડ્યા પંડ્યા પંડ્યા ફોતરા ખંડ્યા.' આવે છે મોક્ષમાર્ગ પ્રકાશકના પહેલા અધિકારમાં. અરેરે! તેં માલ ન લીધો. ફોતરા સમજ્યા? શું કહે છે? છિલકા, છિલકા-છિલકા. મોક્ષમાર્ગ પ્રકાશકમાં દાખલો આવે છે. એક ગૃહસ્થ બાઈ હતી ગૃહસ્થ. તો ચોખા શું કહેવાય એને? ચાવલ. પણ ઓલા આખા આખાને શું કહેવાય?

ડાંગર-ડાંગર. ખાંડણીમાં ખાંડતી હતી ઉખલામાં. તો ઉપર ઉપર ફોતરા દેખાતા હતા અને અંદરમાં દાણા તો નીચે ઉતરી જતા હતા. એક ગરીબ બાઈ આવી. જોવે છે કે ઓહો..! આ લાખોપતિ બાઈ પણ આ ફોતરા કૂટે છે તો કાંઈક હશે એમાં. તો ઘરે ધણીને કહે, ફોતરા લઈ આવો, કૂટીએ. પણ ફોતરા શું? એ ફોતરાની નીચે અંદર ચોખા છે. ફોતરા ઉપર રહે અને દાણા તો અંદર જાય છે. એની કિંમત છે, ફોતરાની કિંમત છે? આ તો ફોતરા. શેઠ અને શેઠાણી પણ ફોતરા કૂટતી હતી, તો અમે પણ ફોતરા ખાંડીએ; એમ સમ્યગ્જ્ઞાની મુનિઓ પણ પંચમહાવ્રત પાળતા હતા, તો અમે પણ પાળીએ. આહા..હા..! બાપુ! એ મહાવ્રત તો રાગ છે અને દુઃખ છે. અહીં સર્વ ભાવ હેય છે. **'હવે આ ઉપદેશની ગાથા કહે છે :—'** લ્યો. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ વદ-૭, બુધવાર, તા. ૦૮-૦૬-૧૯૭૭, કળશ-૧૮૫, ગાથા-૩૦૦, પ્રવચન નં. ૩૬૦

મોક્ષ અધિકાર, સમયસાર ૩૦૦ ગાથા. **'હવે આ ઉપદેશની ગાથા કહે છે :—'**

**को णाम भणिज्ज बुहो णादुं सव्वे पराइए भावो।**
**मज्झमिणं ति य वयणं जाणंतो अप्पयं सुद्धं।।३००।।**

**સૌ ભાવ જે પરકીય જાણે, શુદ્ધ જાણે આત્મને,**
**તે કોણ જ્ઞાની 'મારું આ' એવું વચન બોલે ખરે? ૩૦૦.**

**'ટીકા :- જે (પુરુષ) પરના અને આત્માના નિયત સ્વલક્ષણોના વિભાગમાં પડનારી પ્રજ્ઞા વડે જ્ઞાની થાય,...'** ધર્મી કઈ રીતે થાય છે એની પહેલી વાત. ધર્મી કઈ રીતે થાય છે? અને ધર્મીને ધર્મ કઈ રીતે થાય છે એ વાત પહેલી કરી. જે આત્મા એટલે પુરુષ **'પરના અને આત્માના નિયત સ્વલક્ષણોના...'** પરનું લક્ષણ રાગાદિ બંધ. ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ હોય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ હોય એ બધો રાગ છે, એ પર છે. અને આત્મા, આત્માનું જ્ઞાનચેતના લક્ષણ છે. જાણવું-દેખવું એનાથી આત્મા લક્ષમાં, અનુભવમાં જાણવામાં આવે છે. એ સ્વ. રાગ ચાહે તો પુણ્યનો રાગ હોય શુભરાગાદિ એ બંધનું લક્ષણ છે. એ રાગ અને આત્મા, નિયત સ્વલક્ષણ, બેનું જે નિશ્ચય સ્વલક્ષણ છે, આત્માનું અને બંધનું, આત્માનું અને પરનું નિશ્ચય સત્ય જે સ્વલક્ષણ છે એમાં **'વિભાગમાં પડનારી...'** બેના વિભાગમાં પડનારી, બેને ભિન્ન કરનારી. આહા..હા..! **'પ્રજ્ઞા વડે જ્ઞાની થાય,...'** જુઓ, જ્ઞાની એટલે ધર્મી. રાગ પર છે અને ચેતનાસ્વભાવ આત્માનો છે. એમ બે વચ્ચે ભેદજ્ઞાનની છીણી, પ્રજ્ઞાની છીણી એટલે જ્ઞાનની વર્તમાન પર્યાય સ્વસન્મુખ કરવાથી સ્વનું જ્ઞાન

થાય છે ત્યારે રાગનું જ્ઞાન પહેલા જાણવામાં આવ્યું છે કે આ રાગ છે, એ છૂટી જાય છે, એ મારી ચીજ નથી. આવું બધું. ધર્મ કરનારને આમ કરવું પડશે એમ કહે છે. ત્યારે જ્ઞાની થાય છે એમ કહે છે. આટલા શાસ્ત્ર ભણે, લોકોને સમજાવતા આવડે તો એ જ્ઞાની છે, નહિ? આહા..હા..! તો એ ધર્મી છે એમ નથી.

અહીંયાં તો આત્મા ચૈતન્ય ત્રિકાળી આત્મા અવિનાશી, એની ત્રિકાળી ચેતના જે સ્વભાવ એ સ્વલક્ષણ અને રાગમાં ગમે તે રાગ હો, એ રાગ છે એ બંધનું લક્ષણ છે, બેને ભિન્ન કરવામાં જે પ્રજ્ઞા છે, ભિન્ન પાડવામાં જે પ્રજ્ઞા થઈને. છે? **'વિભાગમાં પડનારી પ્રજ્ઞા...'** બેને જુદાં કરનારી પ્રજ્ઞા દ્વારા જ્ઞાની થાય છે.

**શ્રોતા :-** આત્માની સન્મુખતા થાય ત્યારે જ્ઞાની થાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એના બે ભાગ પડ્યા. બે વાત છેને સાથે.

આત્મા સ્વલક્ષણે લક્ષિત છે, રાગ બંધના લક્ષણે લક્ષિત છે એ બેના નિશ્ચય લક્ષણથી વિભાગ કરનારી પ્રજ્ઞારૂપી છીણી અથવા આત્માનો અનુભવ. પ્રજ્ઞાછીણીનો અર્થ ઈ. આહા..હા..! અંતર્મુખ આત્માના ચેતનાસ્વભાવને ગ્રહણ કરીને જે આત્માનો અનુભવ થાય છે તેના દ્વારા જ્ઞાની થાય છે, તેના દ્વારા ધર્મી થાય છે. હવે કોઈ કહે કે વળી જ્ઞાની તો જ્ઞાન કરે છે માટે (જ્ઞાની કહેવાય). જ્ઞાની થાય છે એનો અર્થ ધર્મી થાય છે. આહા..હા..! છે?

**'તે ખરેખર...'** તે જ્ઞાની ખરેખર, ધર્મી જીવ છે તે ખરેખર **'એક ચિન્માત્ર ભાવને પોતાનો જાણે છે...'** આહા..હા..! જાણવું-દેખવું એ ચિન્માત્ર. ચિન નામ ચેતના. જાણવું-દેખવું ચેતના સ્વભાવ જ મારો છે. આહા..હા..! **'અને બાકીના સર્વ ભાવોને પારકા જાણે છે.'** બાકી સર્વ ભાવ. વ્યવહારરત્નત્રયનો ભાવ એ પણ અશુદ્ધ અને પરભાવ છે. આહા..હા..! **'સર્વ ભાવોને પારકા જાણે છે.'** એ પરના છે, મારા નથી. આહા..હા..! બહું ટૂંકું ને પૂર્ણ સ્વરૂપનું ભાન. આહા..હા..! દેવીલાલજી! એક કોર ભગવાન આતમરામ અને એક કોર હરામ રાગાદિ હરામ એટલે વિકારીભાવ પર. રામ અને હરામ. આત્મા અને વિકારભાવ. ચાહે તો વ્યવહાર હો પંચમહાવ્રત ને અઠ્યાવીશ મૂળગુણ ને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું જ્ઞાન એ બધો પરનો ભાવ છે. હું તો ચેતનામાત્ર આત્મા છું. એવું ધર્મીને પોતાના અનુભવમાં, પ્રતીતિમાં 'આત્મા ચેતનામાત્ર છું' એમ આવે છે. એવું આવે છે ત્યારે તે જ્ઞાની અને ધર્મી થાય છે. આહા..હા..! કોઈ વ્રત કરે ને તપ કરે ને અપવાસ કરે ને ભક્તિ કરે, ગિરનારની ને શેત્રુંજયની અને સમ્મેદશિખરની (યાત્રા કરે) તો ધર્મી થાય એમ અહીંયાં નથી કહેતા. આહા..હા..! આવે છેને એ. 'એકવાર વંદે જે કોઈ.' એટલે શું? એ તો શુભભાવ જો હોય વિશેષ તો નરક અને પશુમાં ન જાય. એમાં શું થયું? એમાં ભવનો અંત ક્યાં છે? આહા..હા..! ત્યાં એમ કહે છે ઘણાં. સમ્મેદશિખરમાં વનસ્પિત હોય છે એ પણ પરિત સંસારી હળુકર્મી છે. કહો, એમ કહે છે.

**શ્રોતા :-** ક્ષેત્રને શું સંબંધ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્ષેત્રને શું સંબંધ છે? જ્યાં સિદ્ધ ભગવાન બિરાજે છે ત્યાં અનંતકાળમાં કોઈ દિ' મોક્ષ નહિ જનારા એવા નિગોદના જીવ પણ સિદ્ધના પેટમાં છે. શું કહ્યું? જ્યાં સિદ્ધ ભગવાન

બિરાજે છે મુક્તિશીલા ઉપર એ અનંત સિદ્ધ છે. ત્યાં એક છે અને એક છે ત્યાં અનંત છે. પણ જ્યાં અનંત સિદ્ધ છે એ જ સ્થાનમાં અનંત નિગોદના જીવ છે. નિગોદના જીવ દુઃખને વેદે છે, સિદ્ધ ભગવાન પોતાના આનંદને વેદે છે. ક્ષેત્ર એક છે, ભાવ ભિન્ન. સમજાણું કાંઈ? આહા..હા..! તો નિગોદના જીવ સિદ્ધ ભગવાનના ક્ષેત્રમાં સાથે છે એમાં શું થયું?

અહીંયાં તો કહે છે કે જે શુભરાગનો વિકલ્પ ઊઠે છે એની સાથે એક કાળે જ્ઞાનની ઉત્પત્તિ થાય છે તે જ કાળે રાગની ઉત્પત્તિ થાય છે. બેની ઉત્પત્તિ થવા છતાં પ્રજ્ઞાછીણી દ્વારા બેનો વિભાગ કરે છે. આહા..હા..! અને વિભાગ કરીને ધર્મી થાય છે એ પોતાના ચિન્મય આત્માને જાણે છે. હું તો જાણનાર-દેખનાર આત્મા છું અને રાગાદિ છે એ પરભાવ છે એ મારી ચીજ નથી. હવે આમાં વાંધા. એક તો ત્રિકાળી દ્રવ્ય, પર્યાય અશુદ્ધ હોય તો દ્રવ્ય અશુદ્ધ થઈ જાય છે એમ કહે છે. એ જૂઠું છે અને આ વ્યવહાર હોય તો નિશ્ચય થાય એ પણ જૂઠું. નિમિત્ત આવે છે તો ઉપાદાનમાં કાર્ય થાય છે એ જૂઠું. એ વસ્તુનું સ્વરૂપ જ એવું નથી.

અહીંયાં તો ભગવાન આત્મા પોતાનું ચેતના લક્ષણ જાણવું-દેખવું એના અસ્તિત્વથી પૂર્ણ અસ્તિત્વ તરફ દૃષ્ટિ જાય છે ત્યારે રાગથી ભિન્ન થઈને એ ધર્મી થાય છે. આહા..હા..! આવી ધર્મ થવાની શરતું. આ બધી શરત છે. આમાં ફેરફાર કાંઈ કરે તો ધર્મની શરત રહેતી નથી. આહા..હા..!

**'અને બાકીના સર્વ ભાવોને પારકા જાણે છે. આવું જાણતો થકો (તે પુરુષ) પરભાવોને આ મારા છે એમ કેમ કહે?'** કેમ કહે? એ ભાષા લીધી છે. પરને કેમ પોતાનો માને? કહે એ તો વચન છે. પણ જેણે પોતાનો ચેતનાસ્વભાવ, રાગસ્વભાવથી ભિન્ન છે એવો જ્ઞાની ધર્મી થયો તે રાગને પોતાનો કેમ માને? વ્યવહાર જે વિકલ્પ ઊઠે છે તેને પોતાનો કેમ માને? એમ કહ્યું. આ બધી તકરાર છે સોગનઢની સામે. છે તો એના વિરોધની સામે, સોનગઢને શું છે? આહા..હા..! ભગવાન અંદર ચૈતન્યસ્વરૂપ સહજાત્મસ્વરૂપ પ્રભુ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો પિંડ પ્રભુ આત્મા, એ અતીન્દ્રિય જ્ઞાનથી અને અતીન્દ્રિય આનંદથી પોતાના સ્વરૂપનો જે અનુભવ કરે છે એ રાગથી ભિન્ન થઈને પોતાના આત્મામાં અનુભવ કરે તે ધર્મી. તેને ધર્મ થયો. કેમકે રાગથી ભિન્ન થઈને એટલે પરદ્રવ્ય પદાર્થ ઉપરથી લક્ષ છોડીને પોતાની ચૈતન્ય વસ્તુ છે, વસ્તુ છે જેમાં અનંત શક્તિ વસી છે, રહી છે. વસ્તુ છેને વસ્તુ? તો એમાં અનંત શક્તિઓ, અનંતગુણ વસ્યા છે, ટક્યા છે એવી ચીજ ભગવાન આત્મા ચેતના જાણવા-દેખવાથી તેને પકડે છે. તેને સમ્યગ્દર્શન થાય છે, ધર્મ થાય છે. આહા..હા..! આવી વાત. સમજાણું કાંઈ?

આવી વાત જ્યાં સાંભળવા મળે નહિ એવા સ્થાનમાં... એ વિચાર આવી ગયો અત્યારે વળી. પોતાની દીકરીને એવી જગ્યાએ દઈ દે, તેને ધર્મનો પ્રેમ નથી. સમજાણું કાંઈ? જેને આ ભગવાન આત્મા રાગ અને દયા, દાનના વિકલ્પથી પણ ભિન્ન છે એવી દૃષ્ટિ થઈ અને ધર્મી થયો, તો ધર્મના પ્રેમી છે એ પોતાની દીકરીને જેમાં આવો ધર્મ નથી ત્યાં કેમ દઈ શકે? એ.. હિંમતભાઈ!

**શ્રોતા :-** એવો વિચાર જ ન આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ક્યાં આવ્યા છે તમારે? કાંતિભાઈને કહું છું. કોણ કહેતું હતું? પંકજ. ઠીક. તમારો દીકરો છે. એ. શાંતિભાઈનો દીકરો એમ કીધું. ઠીક. શું કહ્યું સમજાણું? આહા..હા..!

આવી ચીજ જે પુણ્ય અને પાપના વિકલ્પથી ભિન્ન, શરીર આ તો જડ, માટી, ધૂળ છે. પૈસા, સ્ત્રી, કુટુંબ તો ક્યાંય પર છે, એની સાથે તો કોઈ સંબંધ નથી. પણ અંદરમાં વ્યવહાર જે આવે છે દયા, દાન, ભક્તિ, પૂજા, શ્રદ્ધા વ્યવહાર તેની સાથે પણ ભગવાન આત્માનો સંબંધ અને સંગ નથી. આહા..હા..! એવી ચીજને જેને ભિન્ન પાડીને ભાન જ્ઞાની અને ધર્મી થયો એ રાગ અને પરને કેમ પોતાના માને? સમજાણું કાંઈ? એ તો બીજા પણ એમ ધર્મ પામે એવી એની તો ભાવના હોય છે. આવી ચીજ! ઓહો..! સાંભળે, સમજે, પામે. હવે એને છોડીને પોતાની દીકરીને જ્યાં આવો ધર્મ નથી, તો એ અધર્મ પામે અને અધર્મમાં રહે અને એ અધર્મી જ થાય છે. પછી ધર્મ-બર્મ ત્યાં રહેતો નથી. ધર્મને સાંભળવાની ચીજ ત્યાં નથી. આહા..હા..! આ તો એવો વિચાર આવ્યો કે આવી ચીજ છે એ જેને સાંભળવા મળી, એનો જેને પ્રેમ થયો... સમજાણું કાંઈ? તો બીજા આત્માઓ આ સમજે એવી એની ભાવના હોયને. અન્યમતિ પણ આ સમજે એવો વિચાર આવે છે. દેવીલાલજી! એને ઠેકાણે પોતાની દીકરીને.. એય! ધીરૂભાઈ! નાખ બીજે અન્યધર્મમાં. પહેલા અનુકૂળ લાગે છે કે આવે ને જાય, પણ અંતે તો એ ધર્મની દૃષ્ટિ એમાં જ રહેવાની છે. પણ એમ કહે કે અહીં આવે છે ને ફલાણું. આવે જ ને પહેલા અનુકૂળ હોય એટલે. અંતરમાં ધર્મ એની જે માન્યતા હોય એ ન છોડે કદી. સમજાણું કાંઈ? આહા..હા..! આવી ધર્મની ચીજ પોતાને રુચે છે તો બીજાને પણ એ રુચે એવી ભાવના હોયને? તો બીજાને રુચે એવી ભાવના હોય એ પોતાની દીકરીને આ રુચે એવી ભાવના ન હોય? આ તો એને નાખે બીજે જ્યાં ત્યાં અન્યમતમાં, જૈન મત વીતરાગમાર્ગ એને છોડીને, (તેને) ધર્મનો પ્રેમ નથી. એય! આ તો તમારો વિચાર આવ્યો. એમના સાળા. દીકરીને નાખ લુહાણામાં, એક નાખ વિષ્ણુમાં. બધું એક જ છે. આહા..હા..! બાપુ! ધર્મની કિંમત થવી, વ્યવહારે પણ એનું માહાત્મ્ય આવવું એ અલૌકિક વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં કહે છે કે એ પરદ્રવ્ય રાગને પોતાનો કેમ માને? તો બીજાને પણ રાગથી ધર્મ માનનારો છે તેને પોતાનો કેમ માને? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

‘**પરભાવોને એ મારા છે એમ કેમ કહે?**’ એટલે કેમ માને? ‘**કારણ કે પરને અને પોતાને નિશ્ચયથી સ્વસ્વામીસંબંધનો અસંભવ છે.**’ આહા..હા..! શું કહે છે જુઓ, કે પોતાનો ચેતના સ્વભાવ છે એવો ભગવાન આત્મા એ પોતાનું સ્વ અને પોતાનો એ સ્વામી. આત્મા પોતાનો સ્વનો સ્વામી અને રાગ પર એનો આત્મા સ્વામી નથી, પરનો સ્વામી પર. તો જેની સાથે સ્વસ્વામીસંબંધ નથી એને પોતાના કેમ માને? ભાષા છેને? કેમકે સ્વસ્વામીસંબંધ નામનો એક આત્મામાં ગુણ છે. ૪૭ શક્તિ છેને? છેલ્લી. સ્વસ્વામીસંબંધ નામની એક શક્તિ આત્મામાં છે કે જે પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાય જે શુદ્ધ છે એ જ પોતાનું સ્વ છે અને એનો જ તે સ્વામી છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઊઠે છે એ સ્વ નથી, એ પર છે અને એનો સ્વામી આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ બાપુ! આહા..હા..! લોકોને બહારનું બધું થોથા મળ્યા છે. આહા..હા..! આ સંપ્રદાયમાં સ્થાનકવાસીમાં

તપ કરો, અપવાસ કરો ને આ કરો, વ્રત કરો એ. એ બધો કર્તાબુદ્ધિ અને રાગ એ ધર્મ. એ મિથ્યાત્વભાવ છે. એ... હસમુખભાઈ! ઓલા વળી શ્વેતાંબરમાં આ ભક્તિ કરો, ગીરનાર, સમ્મેદશિખરની જાત્રા કરો, જાવ ધર્મ. એ મિથ્યાત્વ છે. રાગમાં ધર્મ માનવો એ મિથ્યાત્વ છે. આહા..હા..! દિગંબરમાં વળી કપડા છોડો અને નગ્ન થઈ જાવ. સ્ત્રી, કુટુંબ છોડો તો તમને ધર્મ થશે. એ પણ મિથ્યાત્વ છે. પરનો ગ્રહણ-ત્યાગ આત્મામાં છે જ નહિ. પંડિતજી! આત્મામાં પરનો ગ્રહણ-ત્યાગ શૂન્ય છે. એને કહે છે કે આ મેં ગ્રહણ કર્યું અને રાગ અને પરને છોડ્યા. મિથ્યાત્વભાવ છે. ગજબ વાત છે, ભાઈ! આહા..હા..!

અહીં એ કહે છે કે ગ્રહણ કરવાયોગ્ય છે. કેમ? કે '**પોતાને નિશ્ચયથી સ્વસ્વામીસંબંધનો અસંભવ છે.**' રાગની સાથે. શરીર મારું છે અને બાયડી, સ્ત્રી મારી છે, કુટુંબ મારું છે એ તો ક્યાંય રહી ગયું. આહા..હા..! સમકિતી, સ્ત્રીને મારી સ્ત્રી છે એમ માનતો નથી. આહા..હા..! આ મારા પિતા છે એમ માનતો નથી. મારો દીકરો છે એ પરવસ્તુ છે એને મારો માનતો નથી. ગોવિંદરામજી! પણ આ બે દીકરા છેને તમારા. આહા..હા..! પરવસ્તુ ક્યાં પોતાની છે તે માને? પરની સાથે સ્વસ્વામીસંબંધનો તો અસંભવ છે. છેને? અહીંયાં એ તો સ્થૂળ વાત રહી ગઈ, પણ અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ છે એ પણ પર છે. એ પરની સાથે સ્વસ્વામીસંબંધનો અસંભવ છે. 'વ્યવહારરત્નત્રયની સાથે સ્વસ્વામીસંબંધ એ મારો અને હું એનો સ્વામી' એવા સંબંધનો અસંભવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ધર્મ અલૌકિક વાત. સત્ય સાંભળવા મળે નહિ, એ ધર્મ ક્યારે કરે? જિંદગી ચાલી જાય. જાય મરીને ઢોર, પશુ. ઈંડા-બિંડા ખાતા હોય તો જાય નરકમાં. આહા..હા..!

પરની સાથે સ્વસ્વામીસંબંધનો અસંભવ છે. કેમ સ્પષ્ટ કર્યું? વ્યવહારની સાથે સ્વસ્વામીસંબંધનો અસંભવ છે. 'વ્યવહાર દયા, દાન, વ્રત કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ એ સ્વ મારું છે અને હું એનો સ્વામી છું' એમ એની સાથે અસંભવ છે. આહા..હા..! હવે જેની સાથે સ્વસ્વામીસંબંધ નથી એનાથી પોતાને લાભ થાય? વ્યવહાર કરતાં (થાય). આ એ જ કહે છેને સોનગઢવાળા વ્યવહારનો લોપ કરે છે. શાસ્ત્ર પરિષદ પલટનમાં ભરાણી હતીને લલીતપુરમાં, પલટનમાં. આ રહ્યા રમેશભાઈ. એને માર્યા હતા ત્યાં. અરે! એ ભગવાન છે. ભલે વિપરીત દૃષ્ટિ હોય જગતની પણ એની સાથે વેરવિરોધ કદી ન હોય, દ્વેષ ન હોય. સમજાણું કાંઈ? સત્વેષુ મૈત્રી. બધા આત્માઓ છે. પર્યાયમાં ભૂલ કરે એ બીજી વાત છે. વસ્તુ તો વસ્તુ છે. ક્ષણિક એક સમયમાં ભૂલ છે, બાકી ભગવાનસ્વરૂપ છે. એ ભગવાન ભગવાનનું ભાન કરીને ભૂલ કાઢી નાખશે. સમજાણું કાંઈ? એવા ભગવાન પ્રત્યે દ્વેષ કેમ થાય? ભલે ને વિરુદ્ધ દૃષ્ટિ હો. આહા..હા..! એક સમયની ભૂલ સંસાર, બે સમય નહિ અને વસ્તુ ત્રિકાળ. તો ત્રિકાળ વસ્તુનો જ્યાં પ્રેમ થયો અને આશ્રય થયો ત્યાં એક સમયની ભૂલનો તો વિનાશ થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! લ્યો! અહીં તો 'વ્યવહાર સ્વ મારો અને હું એનો સ્વામી છું' એનો અસંભવ છે. હવે અહીં કહે છે કે વ્યવહારથી નિશ્ચય થાય. એકલા આત્માને આશ્રયે ધર્મ થાય અને વ્યવહારથી નથી થતો એ તો એકાંત છે, એમ કહે છે. એને બેઠું હોય (એ કહે).

**શ્રોતા :–** વ્યવહારથી ધર્મ થતો હોય તો એને છોડવો શું કરવા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ વ્યવહારથી થશે પછી છૂટી જશે. કાંટાથી કાંટો કાઢે. કાંટો લાગ્યો હોય, બીજા કાંટાથી એ કાંટો કાઢી નાખીને પેલો કાંટો છોડી દેવો એમ કહે છે. એમ વ્યવહાર છે. એવો વ્યવહાર છે એને છોડીને. વ્યવહારથી વ્યવહાર છોડી દેવો. આહા..હા..! અહીંયાં તો કહે છે કે વ્યવહાર મારો છે એવો સ્વસ્વામીસંબંધનો આત્મા અને વ્યવહારની સાથે બેયને સંભવ છે જ નહિ. આહા..હા..! તો આ દુનિયાના વ્યવહાર સાથે સંબંધની વાત જ ક્યાં છે અહીંયાં? આહા..હા..! આ મંદિર મારું, આ ભગવાન મારા, આ ગુરુ મારા ને શાસ્ત્ર મારા એમ કહે છે. આકરી વાત છે. તારી ચીજમાં પરચીજનો અભાવ છે, જે ચીજનો અભાવ છે એને મારી કેમ માનવી? આહા..હા..! ભાઈ! આ ભવ તો ભવનો અભાવ કરવા માટે મળ્યો છે કે ભવભ્રમણ કરવા માટે મળ્યો છે? આહા..હા..! એમ કહે છે.

**'પરને અને પોતાને નિશ્ચય... '** નામ ખરેખર **'સ્વસ્વામીસંબંધનો અસંભવ છે. '** એમાં શરીરની ક્રિયા એ મારી છે એ તો ક્યાં રહ્યું? વાણી મારી છે એ ક્યાં રહ્યું? એ તો પર જડ છે. આહા..હા..! અહીંયાં તો પરલક્ષી શાસ્ત્રનું ભણતર જે જ્ઞાન છે એ પણ પર છે, એ પોતાનો સ્વભાવ છે જ નહિ. પરસત્તાવલંબી જે જ્ઞાન છે એ પણ પોતાની ચીજ નથી. આહા..હા..! પરમાર્થ વચનિકામાં આવે છે, બનારસીદાસ. આહા..હા..! 'જે પરસત્તાવલંબીજ્ઞાન એ સ્વ મારું અને હું સ્વામી' એવા સંબંધનો તો અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'માટે, સર્વથા ચિદ્‌ભાવ જ (એક) ગ્રહણ કરવાયોગ્ય છે,... '** આ કારણે વ્યવહાર અને નિશ્ચયનો સ્વસ્વામીસંબંધનો બે વચ્ચે અસંભવ છે, એ કારણે **'સર્વથા ચિદ્‌ભાવ જ ગ્રહણ કરવાયોગ્ય છે,...'** ચેતન એ ચેતનાસ્વભાવ, ચેતનાસ્વભાવ. ચેતન આત્મા, ચેતનાસ્વભાવ એ ગ્રહણ કરવાયોગ્ય છે, એ અનુભવ કરવાલાયક છે. એની સન્મુખ થઈને એનું વેદન અને આનંદનો સ્વાદ લેવાલાયક છે. આહા..હા..! પહેલાં જ્ઞાનમાં નિર્ણય તો કરે કે આવી ચીજ છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'બાકીના સમસ્ત ભાવો છોડવાયોગ્ય છે—એવો સિદ્ધાંત છે. '** એવો સિદ્ધાંત છે એમ કહ્યું. હવે લોકો કહે છે કે એ ચર્ચા કરવા માગતા નથી. ખાણિયામાં ચર્ચા થઈ ગઈ. ખાણિયામાં અધુરી રહી ગઈ છે એમ લખે છે. હમણાં છાપામાં આવ્યું છે. અરે! બાપુ! ચર્ચા શેની કરે? ભાઈ! આ ચર્ચાનો વિષય જ નથીને. જ્યાં વ્યવહારરત્નત્રય, જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ સ્વ અને સ્વામી આત્મા એનો અસંભવ છે. જે ભાવે ષોડશકારણભાવના (ભાવે) એનાથી તીર્થંકરગોત્ર બંધાય છે, એ ભાવ પણ સ્વ અને એનો હું સ્વામી એવા સંબંધનો તો અસંભવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અને પ્રકૃતિ બંધાય છે એ તો અજીવ છે. આહા..હા..! ભાવ એ વિકારી પરિણામ, એની સાથે સ્વસ્વામીસંબંધ તો અસંભવ છે. આહા..હા..!

**'ચિદ્‌ભાવ જ (એક) ગ્રહણ કરવાયોગ્ય છે,...'** છેને? **'એવો સિદ્ધાંત છે.'** જુઓ, **'इति सिद्धान्तः'** સંસ્કૃતમાં છે. એવો સિદ્ધાંત છે. ત્રિકાળી સિદ્ધાંત. સિદ્ધાંત નામ સિદ્ધ થયેલી દશા, સિદ્ધ થયેલી વસ્તુ આવી છે. વ્યવહાર અને નિશ્ચય બે વચ્ચે સ્વસ્વામીસંબંધ નથી એવો સિદ્ધાંત છે, એવી

વાત સિદ્ધ થઈ ગઈ છે. આહા..હા..!

'**ભાવાર્થ :- લોકમાં પણ એક ન્યાય છે કે જે સુબુદ્ધિ હોય, ન્યાયવાન હોય, તે પરનાં ધનાદિકને પોતાનાં ન કહે.**' આહા..હા..! પોતાના દીકરાના લગ્ન હોય અને એ સાધારણ માણસ હોય તો... ઝવેરાત કહે છે? શું કહે છે? દાગીના, ઝવેરાત. ગૃહસ્થ પાસેથી લઈ લાવે. ભાઈ! પાંચ-પચ્ચીસ હજારના આપો, મારા દીકરાના લગ્ન છે. પહેરાવે. લાવે એને પોતાના માને? પોતાની લક્ષ્મીમાં ખતવે કે અમારી લક્ષ્મી વધી ગઈ? રત્નનો હાર ગૃહસ્થ પાસેથી લઈ આવે. બે-ત્રણ દિવસ રાખે. વરઘોડો ચડે ત્યારે રાખે, પણ જાણે કે એ ચીજ મારી નથી. મારી લક્ષ્મીમાં એની ગણતરી નથી. આહા..હા..! એમ પુણ્યના ભાવ, વ્યવહારનો ભાવ તો મારી ચીજ જ નથી. આવી છે, આવે છે, જાણે છે કે છે. છે એમ જાણે છે, પોતાનો છે એમ જાણતા નથી. આહા..હા..! કહો, ધર્મચંદજી! આવો માર્ગ છે. એને સાંભળનારા માણસ જ થોડા હોય. આ ચીજને સાંભળનારા જ અલ્પ હોય છે. આહા..હા..! આ ચીજ જ ભગવાન વીતરાગ જિનેશ્વરદેવની દિવ્યધ્વનિ એમાંથી નીકળેલી આ વાત છે. આવું સાંભળવા મળે એ પણ મહા પૂર્વના પુણ્ય હોય તો સાંભળવા મળે. સમજાણું કાંઈ?

'**તેવી જ રીતે જે સમ્યગ્જ્ઞાની છે, તે સમસ્ત પરદ્રવ્યોને પોતાનાં કરતો નથી, પોતાના નિજભાવને જ પોતાનો જાણી...**' જુઓ, નિજભાવ. એ વ્યવહાર એ નિજભાવ નથી. આહા..હા..! હોય છે, આવે છે, છે, હો, પણ એ આદરણીય નથી, હેયબુદ્ધિએ આવે છે. આહા..હા..! '**જાણી ગ્રહણ કરે છે.**' લ્યો! '**પોતાના નિજભાવને જ પોતાનો જાણી ગ્રહણ કરે છે.**'

'**હવે, આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—**' ૩૦૦ ગાથાનો કળશ.

(शार्दूलविक्रीडित)

सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम्।
एते ये तु समुल्लसन्ति विविधा भावाः पृथग्लक्षणा-
एतेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि।।१८५।।

આહા..હા..! '**उदात्तचित्तचरितैः मोक्षार्थिभिः**' મોક્ષનું જે અનંત સુખ છે તેમાં અનંતસુખનો નમુનો જેને અનુભવમાં આવ્યો એવો મોક્ષાર્થી. સમજાણું કાંઈ? એ કળશટીકામાં એવો અર્થ લીધો છે. કળશટીકા છેને. '**મોક્ષાર્થીઓ અર્થાત્ સકળ કર્મનો ક્ષય થતાં થાય છે અતીન્દ્રિય સુખ, તેને ઉપાદેયરૂપ અનુભવે છે એવા છે જે કોઈ જીવ તેઓ,...**' શું લીધું? મોક્ષાર્થીનો અર્થ કે મોક્ષ છે એ પરમ આનંદરૂપ પ્રગટ છે. તો પરમ આનંદનો અર્થી જે છે એને આનંદ તો આવ્યો છે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે એ પૂર્ણ આનંદનો અર્થી છે, મોક્ષાર્થી છે. આહા..હા..! મોક્ષાર્થી કહેવું છેને? અહીં મોક્ષાર્થી શબ્દ પડ્યો છેને? આહા..હા..! તો કહે છે કે મોક્ષાર્થીની મુખ્ય વ્યાખ્યા શું? મોક્ષ એટલે આત્માની પરમ અતીન્દ્રિય આનંદદશા. સંસાર એટલે અનંત દુઃખની દશા. સાધકમાં થોડો આનંદ અને થોડું દુઃખ એ દશા. હવે અહીંયાં મોક્ષાર્થી કોને કહે છે? કે જેને પરમાનંદ ઉપાદેયપણે દૃષ્ટિમાં આવ્યો

છે. આહા..હા..! એનો અર્થ કે ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એનો સ્વાદ મોક્ષાર્થીને અનંત આનંદની પૂર્ણતાની ભાવનાવાળાને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે. આહા..હા..! તેને ધર્મી અને ધર્મની શરૂઆત કરનારો કહેવામાં આવે છે. આહા..હા..! શું કહે છે? નવા માણસને તો એવું લાગે કે આ ગ્રીક-લેટીન જેવી ભાષા છે. વ્રત કરો ને અપવાસ કરો ને એ બધું તો કાંઈ આવ્યું નહિ આમાં તો. ચોવિહાર કરવો, રાત્રે આહાર ન કરવો, લસણ ન ખાવું ને કંદમૂળ ન ખાવા. બાપુ! એ બધી ક્રિયાઓ છે એ તો રાગની છે, એ વસ્તુસ્વરૂપ નથી. ભગવાન તો રાગની ક્રિયાથી ભિન્ન છે. એ અહીં કહે છે.

જેને મોક્ષાર્થી—મોક્ષ નામ અનંત આનંદની દશારૂપી અથવા આત્માના પૂર્ણ આનંદનો લાભ તેનું નામ મોક્ષ (તેનો અર્થી છે). આવે છેને ભાઈ! નિયમસારમાં. આત્મામાં પૂર્ણ અતીન્દ્રિય આનંદનો આત્મલાભ તેનું નામ મોક્ષ. તેનો જે અર્થી છે. કોણ અર્થી છે? કે એનો નમૂનો મોક્ષના આનંદનો જેને સ્વાદ આવ્યો છે સમ્યગ્દર્શનમાં. આહા..હા..! સમજાણું કાંઈ? એ મોક્ષાર્થી '**જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત છે...**' આહા..હા..! એનો અર્થ કર્યો છે. ઓલાએ તો અભિપ્રાય કર્યો છે, પણ ખરેખર તો જેના જ્ઞાનનું આચરણ ઉદાત્ત છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન ચિત્ એટલે જ્ઞાન. એનું ચરિત્ર એટલે જ્ઞાનમાં રમણતા, જ્ઞાનનું અનુષ્ઠાન, જ્ઞાનસ્વરૂપની રમણતા એ ઉદાત્ત છે. '**(ઉદાર, ઉચ્ચ, ઉજ્જ્વળ) છે...**' આહા..હા..! જેના જ્ઞાનનું ચરિત્ર, જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા, ઓલા મહાવ્રતના વિકલ્પ એ જ્ઞાનનું આચરણ નથી. એ માટે કહે છે, ચિત્તનું આચરણ, ચિત્ત નામ જ્ઞાન, ભગવાન આત્મા જ્ઞાન પ્રજ્ઞાસ્વરૂપ એ જ્ઞાનમાં આચરણ કરવું, સમ્યગ્દષ્ટિને એમાં આચરણ હોય છે. એવું સમ્યગ્જ્ઞાનમાં આચરણ કરનાર ઉદાત્ત. આહા..હા..! અંતરમાંથી આનંદ કાઢે છે તે ઉદાર છે. જેમ લક્ષ્મી દેનાર દાતાર ઉદાર છે, એમ અંતરનો આનંદ કાઢવામાં આત્મા ઉદાર છે. આહા..હા..!

'**જેમના ચિત્ત...**' નામ જ્ઞાન. આત્મજ્ઞાનનું ચરિત્ર, આત્મજ્ઞાનનું આચરણ. અંતર આત્મજ્ઞાનની ચરિત્ર રમણતા ઉદાત્ત છે. ઉદાર છે, ઉચ્ચ છે, ઉજ્જ્વળ છે '**એવા મોક્ષાર્થીઓ...**' આહા..હા..! આ મોક્ષાર્થીની વ્યાખ્યા કરી. જેના જ્ઞાનના આચરણમાં વસ્તુ ભગવાન ચેતનાસ્વરૂપ છે એને રાગથી ભિન્ન પાડીને જેટલું જ્ઞાનમાં આચરણ ઉદાર છે. જ્ઞાનમાં રમણતા કરવી એ ઉદાર છે. અંતરમાંથી પુરુષાર્થ કરીને આનંદ અને જ્ઞાનમાં રમવું, એની વૃદ્ધિ થઈ જાય છે. એવું ઉદાર જેના જ્ઞાનનું ચિરિત્ર ઉદાર છે, ઉજ્જ્વળ છે, ઉચ્ચ છે. આહા..હા..! આવી કથા. આવો ધર્મનો ઉપદેશ લ્યો હવે. કોઈ નવા હોય બિચારા એને તો એવું લાગે કે શું કહે છે આ? એક જણો કહેતો હતો કે ભાઈ! હું તો કાંઈ સમજતો નથી કહે લ્યો! કોઈ દિ' ક્યાં ધર્મની વાત જ ક્યાં છે? બહારની વાતું બધી થોથા. આહા..હા..!

મોક્ષાર્થી જેનું જ્ઞાનનું ચરિત્ર ઉદાત્ત છે, ઉદાર છે, ઉચ્ચ છે, ઉજ્જ્વળ છે. ફરીથી. આમાં કાંઈ પુનરુક્તિ દોષ લાગતો નથી. નહિ? ભાવના.. આહા..હા..! ભગવાન આત્મા રાગથી પણ ભિન્ન, એકલો જ્ઞાનમૂર્તિ પ્રભુ ચિદ્રૂપોહં એ જ્ઞાનમાં જેની રમણતા, ચરિત્ર નામ રમણતા જેની ઉદાર છે, આનંદની રમણતા જેની ઉદાર છે... આહા..હા..! ઉજ્જ્વળ છે, ઉચ્ચ છે એવા મોક્ષાર્થી. આહા..હા..!

આ કાંઈ વાર્તા-કથા નથી. આ તો સિદ્ધાંત છે. માથે સિદ્ધાંત શબ્દ આવ્યો હતોને ટીકામાં. પછી કળશમાં તેથી સિદ્ધાંત નાખ્યો. '**अयम् सिद्धान्तः**' આહા..હા..! એ અમૃતચંદ્રાચાર્યની શૈલી છે. આહા..હા..! '**उदात्तचित्तचरितैः मोक्षार्थिभिः**' આહા..હા..! સંતો, દિગંબર સંતોની વાણી રામબાણ છે. એવી સાંભળવા મળવી પણ મુશ્કેલ છે, બાપુ! આહા..હા..! શું થાય? લોકો એમ માને એ તો પક્ષ છે, દિગંબર પક્ષ છે. બાપુ! આ પક્ષ નથી, ભગવાન! આ તો જૈનધર્મનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! જેનું જ્ઞાન આત્માનું જે જ્ઞાન, આ શાસ્ત્રનું જાણપણું એની અહીં વાત નથી, જ્ઞાનસ્વરૂપી પ્રભુ ચિદ્‌ઘન આત્મા એ જ્ઞાનમાં જેની ચરિત્ર એટલે રમણતા, જ્ઞાનનું આચરણ જેનું ઉદાત્ત છે, રાગના આચરણથી તો અભાવસ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**જેમના ચિત્તનું ચરિત્ર ઉદાત્ત છે...**' આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનના અંદર આચરણમાં આનંદ, જ્ઞાનમાં રમવું એમાં અતીન્દ્રિય આનંદ ઉદાત્ત છે. ક્ષણે-ક્ષણે આનંદ ત્યાં ઉદાર નામ વિશેષ પ્રગટ થાય છે અને એ આનંદ ઉજ્જ્વળ છે અને ઉચ્ચ છે. આહા..હા..! આવો ધર્મનો ઉપદેશ. બાપુ! મારગડા એવા પ્રભુના માર્ગ એવા છે, ભાઈ! જિનદેવ જિનેશ્વર ત્રિલોકના નાથ પરમાત્મા બિરાજે છે. મહાવિદેહમાં સીમંધર પરમાત્મા તીર્થંકર વીસ તો બિરાજે છે, લાખો કેવળી બિરાજે છે, એમનો આ માર્ગ છે. સંતો એની વાણી લઈને આડતિયા થઈને દુનિયાને બતાવે છે. આહા..હા..! પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. સત્ય શું છે અને અસત્ય શું છે એની તને ખબર નથી. તો ધર્મીનું ચારિત્ર તો જ્ઞાનનું ચારિત્ર એ ધર્મીનું ચારિત્ર છે. પંડિતજી! છે એમાં? રાગનું આચરણ ચારિત્ર એ જ્ઞાનીનું આચરણ નહિ. આહા..હા..! '**उदात्तचित्तचरितैः मोक्षार्थिभिः**' જેના ચિત્તનો અર્થ અભિપ્રાય કર્યો છે ઓલામાં. આમાં અર્થ આ કર્યો છે. આ વસ્તુ આ છે. '**એવા મોક્ષાર્થીઓ...**' '**अयम् सिद्धान्तः**' '**આ સિદ્ધાંતને સેવન કરો કે—**' ભગવાન અમૃતચંદ્રાચાર્ય મહારાજ દિગંબર સંત વનવાસી... આહા..હા..! છઠ્ઠી-સાતમી ભૂમિકામાં ઝૂલનારા અતીન્દ્રિય પ્રચુર આનંદના સ્વાદના અનુભવી. મુનિ કોને કહીએ, બાપુ! મુનિ આ લૂગડા ફેરવ્યા, બાયડી-છોકરા છોડ્યા, દુકાન છોડી માટે સાધુ થઈ ગયો. એવા દ્રવ્યલિંગ તો, એવા દ્રવ્યલિંગ જે નવમી ગ્રૈવેયકે ગયા એવા દ્રવ્યલિંગ તો અત્યારે છે પણ નહિ. આહા..હા..! અહીંયાં તો મુનિ એને કહીએ કે જેમાં એકલું મુણુ—એટલે જ્ઞાનનું જ આચરણ ઠરે એનું નામ મુનિ. પંડિતજી! આહા..હા..! એ કહ્યુંને? એવા જીવો આ સિદ્ધાંતનું સેવન કરો.

'**अहम् शुद्धं चिन्मयम् एकम् परमं ज्योतिः एव सदा एव अस्मि**' '**હું તો શુદ્ધ...**' ગુજરાતી છે એના અર્થમાં આ વાત રહી ગઈ છે. આ. કઈ આ? '**चिन्मयम् एकम् परमं ज्योतिः**' '**एकम् परमं ज्योतिः**' એ શબ્દ રહી ગયો છે ગુજરાતીમાં. ગુજરાતી છે ઈ? એની ગુજરાતી ટીકા. આમાં તો ગુજરાતીમાં છે. કળશટીકા. આમાં તો છે. કળશટીકા છેને ગુજરાતી? પછી એ પ્રમાણે હિન્દીમાં પણ ભૂલી ગયા છે. ફૂલચંદજીએ અર્થ ન કર્યો પછી એણે. કેટલામું થયું આ? આણે અર્થ કર્યો છે '**उदात्तचित्तचरितैः**' '**સંસાર-શરીર-ભોગથી રહિત છે મનનો અભિપ્રાય...** ' એમ કર્યું છે. અને પછી '**शुद्धं चिन्मयम् ज्योतिः**' એટલો શબ્દ રહી ગયો છે. પણ એમ નથી, વધારે છે. '**शुद्धं**

**चिन्मयम् एकम् परमं ज्योतिः**' એટલો શબ્દ પડ્યો રહ્યો છે અને આ હિન્દીમાં પણ પડ્યો રહ્યો પછી. આમાંથી કર્યું હતુંને ભાઈએ ફૂલચંદજીએ હિન્દી. આ હિન્દી છે, આ હિન્દી એમાં પણ અર્થ પડ્યો રહ્યો છે. પાઠ તો આ છે.

'**આ સિદ્ધાંતનું સેવન કરો કે—**' શું? ક્યો (સિદ્ધાંત)? '**अहम् शुद्धं चिन्मयम् एकम् परमं ज्योतिः एव सदा एव अस्मि**' આહા..હા..! '**अस्मि**' નામ '**હું તો સદા...**' એ ધર્મી જીવ પોતાને એમ માને છે, અનુભવે છે કે '**હું તો શુદ્ધ ચૈતન્યમય...**' શુદ્ધ જ્ઞાનમય, દર્શનમય એવી ચીજ અનાદિ શુદ્ધ ચિન્મય '**એક પરમ જ્યોતિ...**' એકરૂપ હું તો છું. આહા..હા..! જેમાં પર્યાયનો ભેદ પણ નથી. સમજાણું કાંઈ? આવી વાતું બધી અજાણી લાગે. કલાકમાં સાંભળવું તો બધું નવું-નવું લાગે. બાપુ! મારગડા પ્રભુના એવા છે, ભાઈ! અત્યારે તો બધો વિચ્છેદ થઈ ગયો. ધર્મના નામે અધર્મની વાતું કરે અને માને કે ધર્મ છે. શું થાય? કોઈ પૂછનાર ન મળે, ભગવાન ન મળે. કેવળીના પડ્યા વિરહ, કેવળજ્ઞાનના પડ્યા વિરહ. કેવળજ્ઞાન પણ કોઈને થાય નહિ. આહા..હા..! એટલે કોની પાસે આ નિર્ણય કરાવવો? આહા..હા..! કે આ વસ્તુ સત્ય છે અને બીજી બધી અસત્ય છે.

ચિન્મય એકમય હું જ્ઞાન એકરૂપ છું. મારું સ્વરૂપ.. છે? '**હું તો સદા શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ...**' ત્રિકાળ પરમ જ્યોતિ એકરૂપ છું. આહા..હા..! એ સમ્યગ્દર્શનનો આ વિષય. ધર્મી જીવના સમ્યગ્દર્શન ધર્મની પહેલી શરૂઆત, ધર્મની પહેલી સીઢી, એનો વિષય આ—હું તો સદા ચિન્મય એકરૂપ શુદ્ધ ચિન્મય.. આહા..હા..! જ્યોતિ છું, પ્રકાશમય છું. છે? પરમજ્યોતિ છું પાછું. આહા..હા..! ભગવાન આત્મા દેહ અને રાગથી ભિન્ન અંદર. ધર્મી એને કહીએ, આઠ વર્ષની બાળિકા પણ જો સમ્યગ્દર્શન પામે.. આહા..હા..! પશુ પામે છે સમ્યગ્દર્શન. સમ્યક્‌માં, પશુ અને સિદ્ધના સમકિતમાં કોઈ ફેર નથી. આહા..હા..! '**હું તો સદા શુદ્ધ...**' ત્રિકાળ શુદ્ધ. જુઓ અહીં તો સદા શુદ્ધ કીધું, ભાઈ! ઓલો કહે કે અશુદ્ધ પરિણામ વખતે દ્રવ્ય પણ અશુદ્ધ થઈ જાય છે. અરે! ભગવાન!

**શ્રોતા :-** ત્રિકાળી દ્રવ્ય એવું ને એવું રહે અને પર્યાયમાં બદલવાનો ભાવ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અશુદ્ધદ્રવ્યાર્થિકનય એને કહેવાય છે.

**શ્રોતા :-** એનું નામ પર્યાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અશુદ્ધદ્રવ્યાર્થિકનો અર્થ જ પર્યાય અને વ્યવહાર થાય છે. આવે છેને અંદર. અશુદ્ધદ્રવ્યાર્થિકનય ૧૨મી ગાથામાં આવે છે. આહા..હા..! દ્રવ્ય પર્યાયમાં અશુદ્ધપણે થયું છે. દ્રવ્ય પોતે અશુદ્ધ થતું નથી. સમજાણું કાંઈ? આ પૈસા એટલે દ્રવ્ય હશે? એક જણો આવ્યો હતો અહીં માણેકચંદભાઈ થાનવાળા. દ્રવ્યદષ્ટિ તે સમ્યગ્દષ્ટિ (વાંચ્યું). મહારાજ! દ્રવ્ય એટલે? અહીંયાં કરોડોપતિ આવે તો આ પૈસાવાળા એ સમકિતદષ્ટિ દ્રવ્યદષ્ટિ એટલે? અરે! દ્રવ્ય એટલે તમારા પૈસા ધૂળની અહીં વાત પણ ક્યાં છે તારા. એ કરોડોપતિ હોય કે અબજોપતિ એ બધા ભિખારા રખડનારા છે, એ ક્યાં દ્રવ્યવાળા છે. દ્રવ્ય તો આત્મા જે અંદર અનાદિઅનંત શાશ્વત ચીજ છે એની દષ્ટિ થવી તે દ્રવ્યદષ્ટિ છે. આહા..હા..!

'એક પરમ જ્યોતિ જ સદાય છું;...' જોયું! 'જ' એકાંતે ચિન્મય એકરૂપ જ્યોતિ પરમ ત્રિકાળ એક છું. ધર્મીની દૃષ્ટિ આવી હોય છે અને ધર્મી એને કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ વદ-૮, ગુરુવાર, તા. ૦૯-૦૬-૧૯૭૭, કળશ-૧૮૫-૧૮૬, ગાથા-૩૦૧ થી ૩૦૩, પ્રવચન નં. ૩૬૧

૧૮૫ કળશ, મોક્ષ અધિકાર. 'उदात्तचित्तचरितैः मोक्षार्थिभिः' 'જેમના ચિત્તનું ચરિત્ર...' એટલે ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવ જે ત્રિકાળ એ જ્ઞાનનું આચરણ જેને ઉદાત્ત છે. મોક્ષમાર્ગ છેને અહીંયાં? આત્મા જ્ઞાનસ્વભાવ છે એ જ્ઞાનનું આચરણ જેને ઉદાત્ત છે. સમ્યગ્દર્શન-જ્ઞાન તો છે. ચારિત્ર વખતે. વસ્તુ ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય છે એની દૃષ્ટિ છે સમ્યગ્દર્શન, એનું જ્ઞાન છે. હવે એ જ્ઞાનનું આચરણ-ચારિત્ર ઉદાત્ત છે જેનું. આહા..! જેનામાં જ્ઞાનસ્વભાવમાં અનુષ્ઠાન જ્ઞાનની રમણતા ચારિત્ર એ ઉદાત્ત છે, ઉદાર છે. આહા..હા..! એવા મોક્ષાર્થી એમ કહેવું છે. આહા..હા..!

મોક્ષાર્થી એટલે મોક્ષ જે પરમ અતીન્દ્રિય આનંદનો લાભ એ મોક્ષ. પરમ અતીન્દ્રિય પૂર્ણ આનંદનો લાભ એનું નામ મોક્ષ, આત્મલાભ એનું નામ મોક્ષ. આત્મા પરમ આનંદસ્વરૂપ છે એવી જ એની દશામાં પરમ અતીન્દ્રિય આનંદના સ્વાદની પૂર્ણતાની પ્રાપ્તિ એનું નામ મોક્ષ. એનો અર્થી છે. એટલે વર્તમાનમાં એને મોક્ષના કારણરૂપ જે માર્ગ એનો અતીન્દ્રિય આનંદનો સ્વાદ જેને આવ્યો છે. આવો માર્ગ છે. મોક્ષાર્થી કહ્યુંને? મોક્ષ જેને પ્રયોજન છે. દ્રવ્યાર્થિક જેમ કહે છે એમ મોક્ષ જેનું પ્રયોજન છે. ધર્મીને આત્મા શુદ્ધ ચૈતન્ય છે એવો અનુભવ દૃષ્ટિ થઈ છે અને તેનું જ્ઞાન પણ (થયું છે કે) આ વસ્તુ પૂર્ણ છે, પૂર્ણ આનંદ છે, પૂર્ણ શુદ્ધ છે એવું જ્ઞાનની પર્યાયમાં સ્વનું જ્ઞાન થયું છે, એ ઉપરાંત જેનું ચિત્ત એટલે જ્ઞાનનું ચરિત્ર એટલે આચરણ ઉદાર છે. ક્ષણે-ક્ષણે જેની રમણતા આનંદની વધતી જાય છે. આહા..હા..! કહો, પંડિતજી! આવો માર્ગ. થોડા શબ્દોમાં ઘણું મૂક્યું છે.

'उदात्तचित्तचरितैः मोक्षार्थिभिः' જેને અંતરમાં આનંદના સ્વાદ, જેને મોક્ષનો જે આનંદ છે તેનો સ્વાદ થોડો આવ્યો છે એ મોક્ષનો અર્થી પૂર્ણ આંનદની પ્રાપ્તિ કરવા મથે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો જે મોક્ષાર્થી એટલે મોક્ષના માર્ગમાં છે. આહા..હા..! જેને આ આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે... આલાપપદ્ધતિમાં પણ બે નય લેવી છે. અધ્યાત્મની નિશ્ચય અને વ્યવહાર. ત્યાં નિશ્ચયનયમાં તો એ જ લીધું છે, પૂર્ણ શુદ્ધ અભેદ તે નિશ્ચયનો વિષય છે. ત્યાં તો એમ લીધું છે. એનો અર્થ એ થયો કે પૂર્ણ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય જે છે, પૂર્ણ શુદ્ધ છે એટલે કે પૂર્ણ આનંદ છે. પૂર્ણ શુદ્ધ ચૈતન્યની

રમણતા પર્યાયમાં ભલે ઓછી હોય, પણ સ્વરૂપમાં તો ચારિત્રની રમણતા પરિપૂર્ણ છે. ચારિત્ર છેને ગુણમાં, એટલે આત્મામાં પણ પૂર્ણ રમણતારૂપી ચારિત્રદશા ત્રિકાળ પડી છે.

**શ્રોતા :–** એ તો બધામાં પડી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધામાં પડી છે, પણ એને અવલંબીને.. મોક્ષનો અર્થી કહ્યું છેને અહીંયાં? પૂર્ણ અતીન્દ્રિય આનંદના લાભનું જેને પ્રયોજન છે. આહા..હા..! એવો જે જીવ. એનું જ્ઞાન એટલે આત્મા એનું આચરણ ઉદાર છે. આહા..! રાગની ક્રિયાની અહીં વાત નહિ. એ તો આવશે. રાગ પ્રગટ થાય છે જ્ઞાનીને પણ. છે એને પ્રગટ થાય છે એમ કહેશે. છતાં તેનો એ ગ્રાહક (નથી), એનો આદર નથી, એનો એ જાણનાર રહે છે. આહા..હા..! આવો માર્ગ! વીતરાગ પરમાત્મા જિનેશ્વરદેવ પરમ અતીન્દ્રિય આનંદને પામ્યા એ ભગવાન એમ કહે છે. આહા..હા..! અતીન્દ્રિય પરમ આનંદની પ્રાપ્તિનો જે અભિલાષી એટલે કે જેને અતીન્દ્રિય પરમાનંદનો નમૂનો અનુભવમાં આવ્યો છે. પંડિતજી! આહા..હા..! જુઓ, આ મોક્ષમાર્ગ. ઝીણી વાતું બહુ, ભાઈ! આહા..હા..!

**શ્રોતા :–** અલૌકિક વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વાત તો અલૌકિક છે. હજી તો ક્યાંનો ક્યાંય ખતવીને આ વ્યવહાર દયા, દાન, ભક્તિ, તપ ને વ્રત ને એ ધર્મનું કારણ છે અને એને ધર્મ છે. ઘણું દૂર, તારી દૃષ્ટિ તો વિપરીત છે. આહા..હા..!

અહીંયાં તો પરમાત્મા જિનેશ્વરદેવ પૂર્ણ આનંદની પ્રાપ્તિ તો જેને થઈ છે, હવે એ એમ કહે છે કે જે પૂર્ણ આનંદની પ્રાપ્તિના અભિલાષી છે એટલે જે મોક્ષમાર્ગી છે એટલે કે જેને આત્મા આનંદનો નાથ પ્રભુ એનું આનંદનું પ્રચુર વેદન દશામાં આવ્યું છે. મુનિની છેને વિશેષ વાત. પ્રચુર સ્વસંવેદન. પાંચમી ગાથામાં કીધું છેને સમયસારમાં કુંદકુંદાચાર્યે, કે આ મારા વૈભવની મહોરછાપ શું? મારા નિજવૈભવથી હું સમયસાર કહીશ. આહા..હા..! એ નિજવૈભવ શું? નિજવૈભવ શું? શું શબ્દ આવી જાય ભાઈ, કોક ગુજરાતી આવી જાય. નિજવૈભવ શું? કે જેમાં પ્રચુર અતીન્દ્રિય આનંદનો સ્વાદ (આવ્યો છે) એ નિજવૈભવની મહોરછાપ છે. ગુજરાતી આવ્યું?

જેમાં અતીન્દ્રિય આનંદના સ્વાદની મહોરછાપ છે. એ તો છે ને હૈ. સમજાણું કાંઈ? આહા..હા..! મારો નિજવૈભવ શું છે? અને એ નિજવૈભવથી હું સમયસાર કહીશ. આહા..હા..! તો શરીર, વાણી, લક્ષ્મી ધૂળ એ તો નિજવૈભવ નથી. અરે! અંદર પાપના પરિણામ આવે એ પણ કાંઈ નિજવૈભવ નથી. એમ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આવે છે એ પણ રાગ નિજવૈભવ નથી. આહા..હા..! નિજ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય ચારિત્રની રમણતા એ પૂર્ણ ભરી છે. એની જેને દૃષ્ટિ થઈ છે અને એ તરફનું જેને એનું જ્ઞાન થયું છે આત્માનું અને એ તરફમાં જેનું અંતર જ્ઞાનનું એટલે આત્માનું આચરણ પ્રગટ્યું છે. જ્ઞાનનું એટલે આત્માનું. ચિત શબ્દ છેને જ્ઞાન. જ્ઞાન એટલે આત્મા મૂળ તો આત્મા ત્રિકાળ. આહા..હા..!

જેના જ્ઞાન એટલે આત્માનું ચારિત્ર ઉદાત્ત છે, ઉદાર છે, ઉચ્ચ છે, ઉજ્જ્વળ છે એવો મોક્ષાર્થી.

આહા..હા..! એટલા શબ્દમાં તો કેટલું કહ્યું! જેને આત્મા પ્રગટ્યો છે કહે છે. છે તો વસ્તુ અનાદિથી, પણ જેને સમ્યગ્દર્શન-જ્ઞાનમાં આત્માનો ભાવ પ્રગટ્યો છે અને ચારિત્ર આત્માનું આચરણ પણ પ્રગટ ઉદાર થયું છે એવો મોક્ષાર્થી. એને મોક્ષના પ્રયોજનવાળો જીવ કહેવામાં આવે છે. આહા..હા..! થોડું ગુજરાતી આવી જાય વચ્ચે. એય! ગોવિંદરામજી! અમારે ગોવિંદરામજી તો ગુજરાતી સમજે છે, એ તો સમજે છે. એ તો ઘણીવાર આવે છેને. આહા..હા..! પ્રભુ! તારે સુખી થવું હોય તો પંથ શું છે? વીતરાગ પરમેશ્વર કહે છે, તારે સુખી થવું હોય તો એની પદ્ધતિ શું છે? કે સુખી થવું હોય તો સુખરૂપ જે ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે એને દૃષ્ટિમાં, રુચિમાં લેવું. જ્ઞાનમય પૂર્ણાનંદ છે એમ લેવું અને આનંદમાં રમણતા કરવી. એ જ્ઞાનની રમણતા કહો, આત્માની કહો કે આનંદની કહો. આહા..હા..! તેને મોક્ષનો અર્થી, જેનું મોક્ષ પ્રયોજન છે એમ કહેવામાં આવે છે. ગુજરાતીવાળાને તો સમજાય આ વાત. હસમુખભાઈ! આહા..હા..! માર્ગ ઝીણો બાપુ! શું થાય? આહા..હા..!

**'એવા મોક્ષાર્થીઓ...'** '**अयम् सिद्धान्तः**' **'આ સિદ્ધાંતને સેવન કરો કે—'** સિદ્ધ નામ વસ્તુ સિદ્ધ થયેલી. વસ્તુ સિદ્ધ છે એવો સિદ્ધાંત જે અમે કહીએ છીએ એનું સેવન કરો. આહા..હા..! કે '**अहम् शुद्धं**' હું શું છું? '**अहम्**' હું શું છું? કે **'હું તો શુદ્ધ...'** છું. '**चिन्मयम्**' એ જ્ઞાનમય, ચેતનામય મારી ચીજ છે. ચેતનામય જાણન-દેખનમય મારી ચીજ છે. જાણન-દેખનવાળી ચીજ એમ પણ નહિ, ચિન્મય. હું ધર્મ કરનારો ધર્મી જીવ એવી એની ભાવના હોય છે કે હું તો ચિન્મય આત્મા, હું શુદ્ધ જ્ઞાનમય ત્રિકાળ ભગવાન આત્મા છું. **'એક પરમ જ્યોતિ જ સદાય છું;...'** એકરૂપ છું, પર્યાયભેદ પણ નહિ. આહા..હા..! હજી તો આ સમ્યગ્દર્શનનો વિષય, પ્રથમ ધર્મની પહેલી સીઢીનું ધ્યેય. આહા..હા..! હું તો શુદ્ધ ચિન્મય '**एकम्**' એકરૂપ છું. સામાન્ય સ્વરૂપે હું, મારો ચેતના સ્વભાવ એ સદશ્યરૂપે એકરૂપ ત્રિકાળ છે. આહા..હા..! એ '**चिन्मयम् एकम् परमं ज्योतिः**' પરમ જ્યોતિ હું છું. આહા..હા..! ધર્મી જીવની આવી ભાવના હોય છે. હું તો શુદ્ધ ચિન્મય પરમ જ્યોતિ એકરૂપ છું. આહા..હા..! એની ભાષા સમજવી કઠણ પડે. પંડિતજી! આવો માર્ગ છે.

ઓલા સ્થાનકવાસીનું છેને ભાઈ, જૈનપ્રકાશ. એમાં ઘણું આવ્યું છે. કોકનું છે લખાણ. દિગંબરનું લખાણ લાગે છે. હિન્દીમાંથી ગુજરાતી. એમ કે અત્યારે આ સાધુઓ બધુ શિથિલ થઈ ગયું છે બધું આચરણ. અભ્યંતર તો બીજી ચીજ છે પણ ભાવ, એના વ્યવહારમાં પણ ફેરફાર થઈ ગયો છે. સાથે મોટર રાખે, સાથે માણસ રાખે, સાથે નોકર રાખે. પૈસાવાળા બનવું હોય તો અહીં આપો. બહુ લખ્યું છે, ખૂબ લખ્યું છે. લાગે છે કોક દિગંબર. વૃદ્ધિચંદજી શેઠી છે કોક. પણ જૈનપ્રકાશમાં આવ્યું છે. એ હિન્દીમાં હશે તો ગુજરાતીમાં નાખ્યું. ગુજરાતીમાં લઈ લીધી છે. વાત બહુ ફેરફાર થઈ ગયો છે, ભાઈ! આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એ કહે છે, માલ તો કોઈ અભ્યંતર જુદો છે અને એનો વ્યવહાર પણ અનુકૂળ ભિન્ન છે. આહા..હા..!

કહે છે કે **'હું શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ...'** '**एव**' નિશ્ચય. જોયું! નિશ્ચયથી સદા '**एव**

**अस्मि**' '**ज्योतिः एव सदा एव अस्मि**' જ્યોતિ જ અને ત્રિકાળ. હું ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છું. જ્ઞાનસ્વરૂપ અને આનંદસ્વરૂપ ત્રિકાળ હું છું. એવી સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ હોય છે. આહા..હા..! એની પર્યાયબુદ્ધિ ઊડી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**હું તો શુદ્ધ ચૈતન્યમય એક પરમ જ્યોતિ જ સદાય છું...**' એવી ધર્મીની દૃષ્ટિ હોવી જોઈએ. ત્યારે તેને ધર્મ પ્રગટ થયો છે એમ આનંદ ખ્યાલમાં—જણાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે વિપરીત. '**અને...**' '**एते ये**' '**एते ये**' એટલે છે ખરા. છે ખરા. '**एते ये पृथग्लक्षणाः**' મારા જ્ઞાનસ્વભાવ અને આનંદસ્વભાવથી પૃથક્ લક્ષણવાળા. આહા..હા..! દયા, દાન, વ્રત, તપ, અપવાસ, ભક્તિ, પૂજા એ બધા ભાવ મારા લક્ષણથી પૃથક્ લક્ષણવાળા છે. આહા..હા..! '**पृथग्लक्षणाः विविधाः**' '**વિવિધ પ્રકારના ભાવો...**' અસંખ્ય પ્રકારના શુભ, અસંખ્ય પ્રકારના અશુભ એ બધા '**विविधाः भावाः समुल्लसन्ति**' '**પ્રગટ થાય છે...**' શું કહ્યું સમજાણું? મારી પર્યાયમાં પ્રગટ થાય છે. હું કાંઈ વીતરાગ સર્વજ્ઞ થઈ નથી ગયો. આ તો સાધકજીવ મોક્ષાર્થી છે. મારી દશામાં એવું માન્યું કે હું તો આવો ચિન્મય એકરૂપ છું, એમ હોવા છતાં મારી પર્યાયમાં મારું સ્વલક્ષણ ચેતનાથી અન્ય લક્ષણથી લક્ષિત, અન્ય લક્ષણથી જાણવામાં આવતા. '**विविधाः भावाः**' વિવિધ ભાવ. જુઓ, ભાષા ઓલામાં શું હતી? એકરૂપ છું, ચિન્મય એકરૂપ હતું. આ '**विविधाः भावाः**' આહા..હા..! દેવચંદજી!

**શ્રોતા :–** અહીં પર્યાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અનેક પ્રકાર છે. શુભાશુભભાવ આવે છે. હું મુનિ છું, સાધર્મી છું, હું મોક્ષાર્થી છું, પણ છતાં હું આવી ચીજને માનું છું, અનુભવું છું, છતાં '**पृथग्लक्षणाः विविधाः भावाः**' એ વિવિધ પ્રકારના ભાવ પ્રગટ લક્ષણ પ્રગટ થાય છે. છે? '**समुल्लसन्ति**' '**समुल्लसन्ति**' પર્યાયમાં વિકલ્પો દયા, દાન, વ્રત, ભક્તિ આદિના આવે છે, ઉત્પન્ન થાય છે. આહા..હા..! '**ते अहं न अस्मि**' '**તે હું નથી,...**' આહા..હા..! ભારે કામ આકરું. હવે અહીં સાધન કહેવું. વ્રત ને તપ ને અપવાસ ને એ બધાને સાધન (કહે). અહીં કહે છે કે પણ એ હું નહિ એમ જ્ઞાનીએ—ધર્મીએ માનવું. આહા..હા..! કેમકે મારો ચૈતન્ય ચિન્મય એકરૂપ સ્વભાવ એનાથી પૃથક્ લક્ષણવાળો અનેક પ્રકારના (વિભાવ ભાવ), આ એકરૂપ, ત્યારે આ અનેકરૂપ, આ ચેનતાલક્ષણ ત્યારે આ વિકારલક્ષણ. આહા..હા..! આકરું કામ ઘણું, ભાઈ! વ્રત ને તપ ને અપવાસ ને મહિના-મહિનાના અપવાસ કરે છે એ વિકલ્પ રાગ છે. એ આત્મા નહિ અને આત્માનો ધર્મ નહિ. આહા..હા..! એવી વાત છે.

'**विविधाः भावाः समुल्लसन्ति**' સમ્યક્ પ્રકારે ઉત્પન્ન થાય છે, મારી પર્યાયમાં પ્રગટ થાય છે પણ '**ते अहं न अस्मि**' '**જે ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે તે હું નથી,...**' આહા..હા..! સમજાણું કાંઈ? આ હું ચિન્મય જ્યોતિ ત્રિકાળ ભગવાન આત્મા એ હું છું એવી ધર્મની દૃષ્ટિ હોય છે અને એ ધર્મીની પર્યાયમાં જે કમજોરીથી રાગની ઉત્પત્તિ થાય છે. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, જાત્રા, ભગવાનનું નામ સ્મરણ એ બધા '**विविधाः भावाः**' વિકાર હું નથી.

આવું આકરું પડે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! અસ્તિ-નાસ્તિ. આ હું છું અને આ હું નથી. આહા..હા..! 'આ જે ભિન્ન...' ભિન્ન કીધુંને? 'एते ये पृथग्लक्षणाः' '**ભિન્ન લક્ષણવાળા વિવિધ પ્રકારના ભાવો પ્રગટ થાય છે...**' છે નહિ એમ નથી. થાય તો છે. આહા..હા..! કેમકે હું તો હજી મોક્ષનો માર્ગી છું, મને હજી મોક્ષ પ્રગટ થયો નથી. તો 'હું સાધક છું, પૂર્ણાનંદનો નાથ છું.' એવી મારી દૃષ્ટિ, જ્ઞાન અને આચરણ છે, પણ એ સાધકપણામાં અલ્પતા શુદ્ધતા છે તો સાથે અશુદ્ધતા પણ પ્રગટ થાય છે, પણ એ અશુદ્ધતા હું નથી. આહા..હા..! આવો વીતરાગનો માર્ગ. જિનવર પરમેશ્વર પરમાત્મા ત્રિલોકનાથ જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રિકાળ (જણાય છે).

રાતે તો ત્યાં સુધી કહ્યું હતું એક ફેરી, નહિ? રાત્રે. એક સમયમાત્રની પર્યાય એ જ પૂર્ણ છે બસ. કેવળજ્ઞાનની જે પર્યાય છે એ પરિપૂર્ણ છે. એક જ છું. કેમકે એ પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન થાય છે, ગુણનું જ્ઞાન થાય છે, દ્રવ્ય-ગુણ આવતા નથી અને એ પર્યાયમાં છ દ્રવ્યનું જ્ઞાન થાય છે, છ દ્રવ્ય (આવતા) નથી. આહા..હા..! તો એક સમયની કેવળજ્ઞાનની પર્યાયમાત્ર પૂર્ણ (છે). કેમકે હું તો ભરિતઅવસ્થં પૂર્ણ સ્વભાવ છું. પૂર્ણ સ્વભાવ છું તો પૂર્ણ સ્વભાવના અવલંબે મારી જ્ઞાનની પૂર્ણ દશા કેવલ્ય અરિહંતપદ, કેવળપદ એ એક જ પર્યાય વસ્તુ અસ્તિત્વ થઈ ગયું બસ. આહા..હા..!

એમ અહીંયાં ક્ષયોપશમ જ્ઞાનની, શ્રુતજ્ઞાનની પર્યાય છે તોપણ એ પર્યાયમાં હું આ છું એવું અસ્તિત્વ શ્રદ્ધા-જ્ઞાન થયું અને રાગાદિ (હું) નથી એનું અહીં જ્ઞાન થયું. એ રાગના સંબંધથી રાગ છે તો જ્ઞાન થયું એમ નથી. એ સમયની જ્ઞાનની પર્યાયનું પોતાનું સ્વસામર્થ્ય સ્વ અને પરને જાણે એવી પર્યાય ઉત્પન્ન થાય છે તે હું છું. આહા..હા..! પહેલું સમજણમાં આવવું કઠણ. ભાષા... વીતરાગમાર્ગ ઝીણો બહુ, બાપુ! પરમાત્મા ભગવાન છેને પ્રભુ આ તો. આહા..હા..! ભગવાનમાંથી ભગવત્ સ્વરૂપ કાઢ તો અભગવત્ સ્વરૂપનો નાશ થશે. એ હું નહિ. આહા..હા..! વિકલ્પ ઉત્પન્ન થાય છે. 'न अस्मि' '**તે હું નથી,...**' આહા..હા..!

'यतः अत्र ते समग्राः अपि मम परद्रव्यम्' આહા..હા..! મારામાં જે એ રાગ વિકલ્પ ઉત્પન્ન થાય છે દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, ભગવાનનું સ્મરણ આદિનો વિકલ્પ ઊઠે છે એ પરદ્રવ્ય છે, મારી ચીજ નથી, એ પરવસ્તુ છે. આહા..હા..! કહો, ધર્મચંદજી! આવો ધર્મ કાઢ્યો ક્યાંથી? કોઈ એમ કહે છે, નવો ધર્મ કાઢ્યો, સોનગઢવાળાએ નવો ધર્મ કાઢ્યો. અરે! ભગવાન! એકવાર સાંભળ તો ખરો, પ્રભુ! એ ધર્મ તારી ચીજ છે, ધર્મી તું છે એ તો અનાદિનું છે. આહા..હા..! ધર્મનું ભાન અનાદિનું નથી. પણ ધર્મ તારી ચીજ વસ્તુનો સ્વભાવ (અનાદિ છે). 'वत्थु सहावो धम्मो' તો વસ્તુનો જે સ્વભાવ છે એ ત્રિકાળ છે. આનંદ, જ્ઞાન, શાંતિ, વીતરાગતા, સ્વચ્છતા, પ્રભુતા, ઈશ્વરતા એવી પૂર્ણ અનંત શક્તિનો ભરેલા એક એક બધા ભગવાન આત્મા છે. આહા..હા..! એવા પૂર્ણાનંદના નાથની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા અને આ હું છું અને આ સમગ્ર ભાવ ઉત્પન્ન થાય છે તે હું નથી પૃથક્ લક્ષણ એ પરદ્રવ્ય છે. લ્યો! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પરદ્રવ્ય છે. એમ છેને પંડિતજી! આ તો સર્વજ્ઞ પરમાત્મા જિનવરદેવ જિનેશ્વરની વાણી છે. સંતોની વાણી એ જિનેશ્વરની વાણી છે. આહા..હા..!

એ 'समग्राः अपि मम परद्रव्यम्' જુઓ, ખ્યાલમાં તો આવ્યું છે. વિકલ્પ ઊઠે છે રાગ પણ એ સમગ્ર દ્રવ્ય સમગ્ર બધા વિકલ્પો, ચાહે તો શુભના અસંખ્ય પ્રકાર, અનુકંપાનો ભાવ આવ્યો, ભક્તિનો ભાવ આવ્યો, અરે! તીર્થંકરગોત્ર બાંધે એ ભાવ આવ્યો... આહા..હા..! પણ એ મમ પરદ્રવ્ય છે. છેને પંકજ? આહા..હા..! કેમ આજે ડોસા આવ્યા નથી? કહો, સમજાય છે કાંઈ? સમજાય છે કાંઈ? એ અમારી ગુજરાતી ભાષા છે. સમજમેં આતા હૈ કુછ? એ હિન્દી. આહા..હા..! '**यतः अत्र ते समग्राः अपि मम परद्रव्यम्**' '**કારણ કે તે બધાય મને પરદ્રવ્ય છે.**' આહા..હા..! મારા માટે તો રાગાદિ ઉત્પન્ન થાય છે, વિકલ્પ ઉત્પન્ન થાય છે, તીર્થંકરગોત્ર બાંધે ઈ મારા માટે તો પરદ્રવ્ય છે. આહા..હા..! આ 'ષોડશકારણ ભાવના ભાય' આવે છે કે નહિ? તીર્થંકર.. શું આવે છે? આવે છેને, અમારે એક ભાઈ બોલે છેને. ક્યાં ગયા?

**શ્રોતા :–** દરશવિશુદ્ધિ ભાવના ભાય, સોલહ તીર્થંકર પદ પાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા એ. 'ષોડશકારણ ભાવના ભાયે તીર્થંકરગોત્ર...' અહીં તો કહે ષોડશકારણ ભાવનાનો વિકલ્પ પરદ્રવ્ય છે. જેનાથી બંધન...

**શ્રોતા :–** તીર્થંકરપદ પણ પર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પ્રકૃતિ તો ક્યાંય રહી ગઈ, આ તો એનું કારણ ભાવ છે એ પરદ્રવ્ય છે. પછી પ્રકૃતિનું બંધન થયું એ તો અજીવ છે. એનું ફળ આવે સમવસરણ આદિ એ તો બધી પરચીજ છે, એમાં શું થયું? આહા..હા..! સમજાણું કાંઈ? એ ૧૮૫ થયો લ્યો.

'**હવે, આગળના કથનની સૂચનાનો શ્લોક કહે છે :—**' ૧૮૬ શ્લોક.

परद्रव्यग्रहं कुर्वन् बध्येतैवापराधवान्।
बध्येतानपराधो न स्वद्रव्ये संवृतो यतिः।।१८६।।

**શ્લોકાર્થ :—** '**परद्रव्यग्रहं कुर्वन्**' '**જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે...**' એ કળશ છે કળશ. જે કોઈ વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આવે છે તેને જે પોતાના માનીને ગ્રહણ કરે છે... આહા..હા..! એ અપરાધી જીવ છે, ગુનેગાર છે, ગુનો કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું? '**જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે...**' પરદ્રવ્ય શબ્દે વ્યવહારરત્નત્રયનો રાગ આવે છે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ પણ શુભરાગ છે, શાસ્ત્રનું ભણતર પઢવું એ પણ રાગ છે અને પંચમહાવ્રત, પાંચ સમિતિ, ગુપ્તિ વ્યવહાર એ બધો રાગ છે. તો કહે છે કે ધર્મી એમ જાણે છે કે એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યને પોતાનું માનવું એ અપરાધી, ગુનેગાર, ચોર છે. આહા..હા..! આવી વાત.

'**તે અપરાધી છે તેથી બંધમાં પડે છે,...**' બંધમાં પડે છે. આહા..હા..! વ્યવહારનો વિકલ્પ જેટલો ઉત્પન્ન થાય છે એ પરદ્રવ્ય છે અને પોતાના સ્વદ્રવ્યમાં પોતાનું માને છે એ ગુનેગાર ચોર છે, અપરાધી છે. આહા..હા..! આ ઝવેરાત-બવેરાત તો ક્યાંય રહી ગઈ, બહાર રહી. નહિ? સવારમાં તો વહેલા આવે છે બાપા. અત્યારે કેમ (નહિ આવ્યા હોય)? ઠીક નહિ હોય. સમજાણું કાંઈ? આહા..હા..! '**स्वद्रव्ये संवृतः यतिः**' '**અને જે સ્વદ્રવ્યમાં જ સંવૃત છે...**' ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ

અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ એમાં સંવૃત સંતોષથી અંદર રમે છે. આહા..હા..! પોતાના સ્વદ્રવ્યમાં જે રમે છે, સંવૃત છે. આહા..હા..! '**(અર્થાત્ જે પોતાના દ્રવ્યમાં જ ગુપ્ત છે– મગ્ન છે—સંતુષ્ટ છે,...**' આહા..હા..! હવે અત્યારે એમ કહે છે કે શુદ્ધોપયોગ નથી માટે પુણ્ય એ ધર્મ છે. એમ માને છે લોકો. આહા..હા..! અરે! ભગવાન! અત્યારે તો જે પુણ્ય છે એ તો તું નવમી ગ્રૈવેયક ગયો એવા પુણ્ય પણ નથી. ત્યારે તો ઘણાં પુણ્ય હતા તોપણ ભવભ્રમણ ન મટ્યું. એ અપરાધ છે, ગુના છે. ગુનાને પોતાનો માનવો એને અપરાધ બંધ છે. આહા..હા..! આ સોનગઢને માટે એમ કહેવાય છેને કે વ્યવહારનો લોપ કરે છે, વ્યવહારથી કાંઈ લાભ થતો નથી. એમ કહે છે. તો વાત સાચી, વાત તો સાચી છે. આ શું કહે છે? હોય ભલે. હોય છે તો શું? હોય, પણ એ ધર્મ નથી, ધર્મનું કારણ પણ નથી. આ મંદિર ને મંદિરની પ્રતિમા અને એની પૂજા, છવ્વીસ લાખનું મંદિર જુઓ આ. એ કરનારને ધર્મ નથી અને કરનારે કર્યું પણ નથી, એ તો એને કારણે થયું છે. બહુ તો કરનારનો ભાવ હોય તો શુભ હો, રાગ છે, પુણ્ય છે, અપરાધ છે. આહા..હા..! તો કહે છે, શું કામ કરવું? પણ આવ્યા વિના રહે નહિ, '**समुल्लसन्ति**'. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ બહુ સૂક્ષ્મ છે, ભાઈ! જિનવરદેવ ત્રિલોકનાથનો માર્ગ. લોકોને જૈનપણું શું છે એ મળ્યું જ નથી. નામ નામ અમે સ્થાનકવાસી છીએ અને અમે દેરાવાસી છીએ, અમે દિગંબર છીએ. પંડિતજી!

**શ્રોતા** :– દિગંબર તેરાપંથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :– તેરાપંથી. આહા..હા..!

'**પરદ્રવ્યને ગ્રહતો નથી**' આહા..હા..! '**એવો યતિ નિરપરાધી છે...**' વ્યવહારનો વિકલ્પ ઉત્પન્ન થાય છે, પણ પોતાનો માનીને ગ્રહતો નથી, ગ્રહવાનો આદર નથી કરતો. એ પણ મારી ચીજ છે અને લાભદાયક છે એમ માનતો નથી. એવો યતિ મુનિ નિરપરાધી સંત છે. આહા..હા..! એ સંત નિરપરાધી છે અને એને બંધન થતું નથી. આહા..હા..! જેને સ્ત્રી, કુટુંબ, પરિવાર તો નથી... સમજાણું કાંઈ? જેને શરીર ઉપર વસ્ત્રનો ટૂકડો પણ ન હોય. એક વાત. રાગ આવે છે. તો કહે છે કે (સ્વરૂપ) દૃષ્ટિ અને સ્વરૂપની રમણતા આગળ રાગ એ પરદ્રવ્ય છે, એ મારી ચીજ નથી. તો તેને બંધ થતો નથી, બંધન થતું નથી. જાવ. આહા..હા..! સમજાણું કાંઈ? જેટલો રાગ આવે છે એટલું બંધન થાય છે, પણ સ્વભાવની મુખ્યતાથી એની બંધનમાં ગણતરી નથી કરી. બંધન તો છે, પ્રગટ થાય છે. જેટલો રાગ છે એટલું બંધન તો થાય છે, પણ એ મુખ્ય સ્વભાવના આશ્રયની દૃષ્ટિએ એને બંધન છે એ ગણવામાં આવતું નથી. કેમકે પોતાનું માનતા નથી. પરજ્ઞેય તરીકે જાણવામાં આવે છે, પરજ્ઞેય તરીકે. સ્વજ્ઞેય આત્મા ભગવાન એમાં રાગ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેથી બંધાતો નથી.**'

'**હવે, આ કથનને દૃષ્ટાંતપૂર્વક ગાથામાં કહે છે :—**' લ્યો! એ વાત ત્રણ ગાથામાં કહે છે.

थेयादी अवराहे जो कुव्वदि सो उ संकिदो भमदि।
मा बज्झेज्जं केण वि चोरो त्ति जणम्हि वियरंतो।।३०१।।

जो ण कुणदि अवराहे सो णिस्संको दु जणवदे भमदि।
ण वि तस्स बज्झिदुं जे चिंता उप्पज्जदि कयाइ।।३०२।।
एवम्हि सावराहो बज्झामि अहं तु संकिदो चेदा।
जइ पुण णिरावराहो णिस्संकोहं ण बज्झामि।।३०३।।

અપરાધ ચૌર્યાદિક કરે જે પુરુષ તે શંકિત ફરે,
કે લોકમાં ફરતાં રખે કો ચોર જાણી બાંધશે; ૩૦૧.
અપરાધ જે કરતો નથી, નિઃશંક લોક વિષે ફરે,
'બંધાઉં હું' એવી કદી ચિંતા ન થાયે તેહને. ૩૦૨.
ત્યમ આતમા અપરાધી 'હું બંધાઉ' એમ સશંક છે,
ને નિરપરાધી જીવ 'નહિ બંધાઉ' એમ નિઃશંક છે. ૩૦૩.

આહા..હા..! ટીકા :— ટીકા છેને નીચે? '**જેમ આ જગતમાં જે પુરુષ, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે...**' એને એમ લાગે કે મને કોઈ પકડશે? જેલમાં (નાખશે)? એમ અપરાધીને શંકા થાય છે. આહા..હા..! '**પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે અને જે અપરાધ નથી કરતો તેને બંધની શંકા થતી નથી,...**' કે પોલીસ મને પકડશે? અપરાધ જ કર્યો નથી તો કોણ પકડે? સમજાણું કાંઈ? આહા..હા..! એ દૃષ્ટાંત થયો. પરદ્રવ્યને ચોરે દાગીના, પૈસા, લક્ષ્મી, ઘડિયાળ, ... પર ચીજ કપડા આદિ ચોરે જો પ્રાણી, એ તો ચોરે એને શંકા રહે કે મને કોઈ બાંધશે? મને કોઈ પોલીસ પકડશે? પણ જેને એ ચોરી છે જ નહિ એને તો અપરાધ નથી, તો એને શંકા પણ નથી. મને કોઈ બાંધશે, પોલીસ પકડશે એવી શંકા નથી. આહા..હા..!

આજે એક દૃષ્ટાંત આવ્યો છે ઓલામાં. આપણે આ પટણી હતાને, ભાઈ! પ્રભાશંકર પટણી. દિવાન હતા અહીં. એ દિવાન ગયા હતા ક્યાંક બહાર. એમાં એના ઘરનો જૂનો માણસ હશે એ દાગીનો ચોરી ગયો. જૂનો માણસ. દાગીના દાગીના સમજ્યા? ઝેવર. દાગીના લઈ ગયો અને એની પત્નીએ પોલીસમાં ફરિયાદ કરી તો પોલીસને શંકા પડી જૂના માણસ ઉપર. તેને પકડી લીધો. એમાં પટણી આવ્યા. પ્રભાશંકર પટણી અહીં વ્યાખ્યાનમાં આવ્યા હતા. ભાવનગરના દીવાન હતા. આપણે અહીં આવ્યા હતા વ્યાખ્યાનમાં. (સંવત) ૧૯૯૩ની સાલમાં. ૯૩ની સાલમાં વ્યાખ્યાનમાં આવ્યા હતા. ૯૩, ૭ ને ૩૩, ૪૦ વર્ષ થયા. ગુરુકુળમાં વ્યાખ્યાન ચાલતા હતા. તે એના જૂના માણસનો અપરાધ પોલીસમાં નક્કી થયો. પકડી લીધો પોલીસે એને. પછી એની સ્ત્રી હતી નોકરની એને એમ કે મારા ધણીને મારશે, મારી નાખશે. આવ્યા પટણી. એના પગમાં પડીને કહ્યું પ્રભુ! મારા ધણીને મારશે. એ ચોરી નથી કરી એણે. ચોરી તો કરી હતી, પણ એના બૈરાને ખબર નહિ. ચોરી કરી હતી દાગીનાની. આહા..હા..! એટલે એકદમ પટણીએ હુકમ કર્યો. પટણી મોટા દીવાન હતાને? બોલાવો .. નોકરને છોડી દ્યો. અમારા નોકર જૂના ગુનો ન કરે, ગુનો ન કરે. આવ્યો. અરે! તું અમારા ઘરમાં ચોરી કરી શકે

નહિ. કેમ તને પકડ્યો છે? ઓલો રોવા મંડ્યો. ... અપરાધ તો મેં કર્યો છે, એ દાગીના મેં જ લીધા છે. હું અપરાધી છું. લાવીને આપ્યા. પ્રભાશંકર પટણી ખુશ થઈ ગયા. ઓહો..! ભાઈ! તેં અપરાધ કબુલ કર્યો, બધું માફ છે જાવ. અને સો રૂપિયા આપ્યા પછી. ગરીબ માણસ હતો એટલે તારા ખર્ચ માટે સો રૂપિયા આપું છું. સો રૂપિયા. દાગીના બધા આપી દીધા. લેખમાં આવ્યું છે આજે જૈનપ્રકાશમાં. એમ જેને અપરાધ થાય એને શંકા રહ્યા કરે કે મને પોલીસ પકડશે? પોલીસ પકડશે? અપરાધ નથી કર્યો તો પોલીસ શું કામ પકડે?

'**તેમ**...' એ તો દૃષ્ટાંત થયો. '**તેમ આત્મા પણ અશુદ્ધ વર્તતો થકો,**...' આહા..હા..! અશુદ્ધ વર્તતો થકો એમ કહ્યું છે હોં! અશુદ્ધ છે છતાં અશુદ્ધ વર્તતો નથી ધર્મી. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિને અશુદ્ધતા આવે છે એ તો કહ્યું પહેલાં, પણ એમાં વર્તતો નથી. હું તો એનો જાણનાર-દેખનાર છું. એ તો પરદ્રવ્ય છે, મારી ચીજ તો આનંદસ્વરૂપ એ ચીજ હું છું. ધર્મીની દૃષ્ટિ ત્યાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં કહે છે કે '**આત્મા પણ અશુદ્ધ વર્તતો થકો,**...' ભાષા જુઓ. એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો ભાવ આવે છે, એમાં વર્તે છે કે એ ચીજ મારી છે. એમાં પોતાની એકત્વબુદ્ધિથી વર્તે છે તે અપરાધી છે. આહા..હા..! આવો માર્ગ. અને અહીં દુનિયામાં અત્યારે વ્રત ને અપવાસ મહિનાના, છ મહિનાના, ચોવિહારા, આઠ-આઠ દિ'ના પર્યુષણમાં પાણી પીધા વિના આઠ અપવાસ કરે, મોટા વરઘોડા કાઢે એ ધર્મી, ધર્મ. ધૂળેય ધર્મ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં તો કહે છે કે જે કોઈ પ્રાણી અશુપદ્ધપણે વર્તે છે. મારા માનીને અશુદ્ધમાં રહે છે. આહા..હા..! એ પુણ્યના ભાવ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા આદિના ભાવ એમાં વર્તે છે કે એ મારી ચીજ છે અને મને લાભદાયક છે. આહા..હા..! એ ગુનેગાર-અપરાધી છે. ગજબ વાત છે, ભાઈ! આહા..હા..! આત્મા પણ... એ ચોરનું દૃષ્ટાંત કહ્યુંને એટલે. '**અશુદ્ધ વર્તતો થકો, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ**...' અપરાધનું લક્ષણ શું? કે રાગાદિને પોતાના માનવા એ અપરાધ, એ પરદ્રવ્યનો અપરાધ. આહા..હા..! ભગવાન ચૈતન્ય સ્વરૂપ, જ્ઞાનના પૂરનું નૂરનું તેજનું પૂર છે આત્મા. એકલો, જેમ આ સૂર્ય છે પ્રકાશનો પુંજ, એમ ભગવાન અંદર આત્મા જ્ઞાનરૂપી સૂર્ય, જ્ઞાનના તેજથી પૂર્ણ ભરેલો આત્મા છે. આહા..હા..! એ આત્મા પોતાના જ્ઞાન અને આનંદને છોડીને જે કોઈ એ પુણ્ય-પાપના ભાવને પોતાનો માનીને વર્તે છે તે મિથ્યાદૃષ્ટિ છે, ગુનેગાર છે, અપરાધી છે, બંધનને પામે છે. આહા..હા..! આ પંડિતોને આકરું લાગે છે આ.

**શ્રોતા :-** અપરાધી પાપી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પાપી છે. આહા..હા..! મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. આહા..હા..!

ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, જેવા ભગવાન પરમાત્મા અરિહંતદેવ અનંતઆનંદ અને અનંતજ્ઞાન જેને પ્રગટ થયા છે એવી શક્તિ તો દરેક આત્મામાં પૂર્ણ પડી છે. આહા..હા..! એ કોઈ બહારથી આનંદ અને જ્ઞાન આવ્યું નથી કેવળજ્ઞાન, અંદરમાં છે. સમજાણું કાંઈ? પંચાસ્તિકાયની શૈલીમાં તો એ આવેને ભાઈ! '**द्रवति इति द्रव्यं**' દ્રવે છે તે દ્રવ્ય. વળી, પર્યાય ભિન્ન છે એની એ તો પછી તદ્દન અધ્યાત્મની

(શૈલીમાં આવે). અહીં તો...

**શ્રોતા :-** પોતાની પર્યાય છે એમ બતાવવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ બતાવવું છે. દ્રવ્ય પોતે દ્રવે છે. પંચાસ્તિકાયમાં એમ આવ્યું કે શુદ્ધ-અશુદ્ધ પર્યાય પોતે દ્રવે છે, પોતે દ્રવે છે, દ્રવ્ય દ્રવે છે. એને પર્યાય એની બતાવવી છેને એમાં તો. પછી જ્યારે ધર્મની અધ્યાત્મની દૃષ્ટિ કરાવવી હોય ત્યારે તો કહે પર્યાય પર્યાયથી ઉત્પન્ન થાય છે, પર્યાયનો કર્તા દ્રવ્ય નથી. આહા..હા..! એક બાજુ એમ કહેવું કે દ્રવ્ય દ્રવે છે. શુદ્ધ-અશુદ્ધ પર્યાયને જેમ પાણીના પ્રવાહમાં તરંગ ઊઠે છે તરંગ, એમ ભગવાન આત્મામાં પર્યાયના તરંગ ઉઠે છે એ દ્રવ્ય પોતે તરંગ ઉઠાવે છે. આહા..હા..! એનું અસ્તિત્વ સિદ્ધ કરવું છેને? પંચાસ્તિકાય છેને? પંચાસ્તિકાય એટલે એના દ્રવ્ય-ગુણ-પર્યાયનું અસ્તિત્વ એમાં છે એમ સિદ્ધ કરવું છે. પછી દૃષ્ટિનો વિષય શું છે એ પછી વાત. આહા..હા..! સમજાણું કાંઈ?

દૃષ્ટિના વિષયમાં તો પર્યાય પણ દ્રવ્યમાં છે જ નહિ અને દ્રવ્યથી પર્યાય થતી નથી. દ્રવ્ય, પર્યાયને કરતું નથી. એ આવ્યુંને, આહા..હા..! ૬૮ ગાથા પરમાત્મપ્રકાશ, '**जिणवरु एउँ भणेइ बंधु ण मोक्खु करेइ**' આ વાણી પાછી ભગવાનની. આહા..હા..! અમે પરમાર્થ આત્મા, ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ એને અમે આત્મા કહીએ છીએ, એ આત્મા મોક્ષના માર્ગનો પણ કર્તા નથી. મોક્ષના માર્ગનો પણ કર્તા નથી, આ ચૈતન્ય આચરણ(નો કર્તા નથી). આહા..હા..! અને એક બાજુ એમ કહેવું એ રાગમાં વર્તે છે એ આત્મા મિથ્યાદૃષ્ટિ છે. કેમકે એની પર્યાયમાં છે એને પોતાનો માને છે. કઈ અપેક્ષાથી કથન છે એ જાણ્યા વિના (ગોટા થાય). આ ભાઈએ કીધુંને કે પર્યાય અને દ્રવ્ય ભિન્ન છે. તો (ઈ મખનલાલજી એમ કહે છે), પર્યાય અને દ્રવ્યને ભિન્ન કેમ કહો છો? ભાઈ! ભિન્ન કેમ છે ભગવાન! એકવાર સાંભળ તો ખરો. એ તો પરદ્રવ્યથી ભિન્ન બતાવીને પોતાનું અસ્તિત્વ પોતામાં જ છે. પંચાસ્તિકાય છેને? અસ્તિકાય છેને? તો પોતાનું અસ્તિત્વ પોતામાં છે, પરમાં નહિ અને પરને લઈને નહિ. એટલું અસ્તિત્વ સિદ્ધ કરવું છે. એમાં તો ત્યાં સુધી આવ્યું ૨૭ ગાથામાં ... પોતાના રાગ-દ્વેષનો કર્તા આત્મા જ છે, રાગ-દ્વેષનો ભોક્તા પણ આત્મા જ છે. આહા..હા..! એ એની પર્યાયમાં છે એટલું બતાવવું છે. પછી જ્યારે ધર્મની દૃષ્ટિ કરાવવી હોય ત્યારે કહે કે ભગવાન! એકવાર સાંભળ તો ખરો. તારી ચીજ અંદર જે નિત્યાનંદ પ્રભુ પડ્યો છે એ કદી પર્યાયને કરતી નથી. આહા..હા..! પરિણમનની અવસ્થાનો કર્તા એ દ્રવ્ય ધ્રુવ નથી. આહા..હા..! એક બાજુ કર્તા અને એક બાજુ કર્તા નહિ. આ માણસને ક્યાં બિચારાને... આહા..હા..! સમજવાના ટાણા ન મળે, ટાઈમ ન મળે. એય! હસમુખભાઈ! વળી આ તો નિવૃત્તિ લઈને બેઠા મારે. લોઢાના વેપારી મોટા હોં! ધર્મચંદભાઈની પાછળ બેઠા એ. અમારા બોટાદના ગાંધી છે. નાની ઉંમરમાં ધંધો છોડી દીધો. ભાઈઓ છે. અહીં તો હજી ૬૦ વર્ષનો થાય તો છોડવું નથી ગોઠતું. એય! ધર્મચંદજી! છોકરાને મદદ કરવા જાય થોડી-થોડી. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે જે કોઈ આત્મા '**અશુદ્ધ વર્તતો થકો,...**' ગજબ વાત છે! ભગવાન આત્મા તો આનંદકંદ સચ્ચિદાનંદ પ્રભુ છે સિદ્ધસ્વરૂપી. જે સિદ્ધ હોય છે પરમાત્મા નમો સિદ્ધાણં એ સિદ્ધ

થયા એમાં કોઈ રાગ-દ્વેષ નથી. તો આત્મામાં જો રાગ-દ્વેષ હોય તો રાગ-દ્વેષ ટળી શકે નહિ. સમજાણું કાંઈ? એટલે અહીં કહે છે કે જે કોઈ પ્રાણી અશુદ્ધમાં વર્તે છે, પુણ્યના પરિણામમાં વર્તે છે કે એ પુણ્ય પરિણામ મારા અને મેં કર્યા અને મારું કાર્ય, એ અપરાધી છે. આહા..હા..! **'અશુદ્ધ વર્તતો થકો, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે...'** એ રાગ પરદ્રવ્ય છે. ભગવાન આત્માના સ્વરૂપમાં એ ચીજ છે જ નહિ. હોય તો નીકળે નહિ. ભગવાન સિદ્ધ થાય છે પરમેશ્વર અરિહંત ત્યારે તો રાગનો નાશ થઈ જાય છે, રાગ છે નહિ. કેમકે રાગ પોતાની ચીજ નથી તો નાશ થાય છે. આહા..હા..!

**'પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે...'** આહા..હા..! **'એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે...'** હું બંધાણો છું. (કારણ કે) દૃષ્ટિ રાગ ઉપર છે. પુણ્ય દયા, દાન, ભક્તિ, વ્રત ભાવ છે એના ઉપર દૃષ્ટિ છે અને એ દૃષ્ટિમાં વર્તે છે ત્યાં તો શંકા થાય છે એને કે હું બંધાઉં છું, હું બંધાણો, મને બંધન થાય છે, મને કર્મથી બંધન થાય છે. આહા..હા..! આવી વાત તો કેટલાકે તો સાંભળી ન હોય જિંદગીમાં. ધર્મચંદજી! આ તે વીતરાગમાર્ગ હશે આ તે? શું થાય પ્રભુ! માર્ગ તો આ છે. વસ્તુની સ્થિતિ જ એવી છે. આ કાંઈ ભગવાને કર્યું નથી. ભગવાને તો જાણે છે, જાણીને વાણીમાં આવ્યું. ભગવાન કોઈ ચીજના કર્તા નથી. આહા..હા..! એમણે તો બતાવ્યું કે કોઈપણ પ્રાણી પોતાનો શુદ્ધ સ્વભાવ જ્ઞાતા-દૃષ્ટા, આનંદ એનું લક્ષ દૃષ્ટિ છોડીને પુણ્યના પરિણામ જે વ્યવહારભાવમાં પોતાપણે વર્તે છે તેને શંકા થાય છે હું બંધાઉં છું અને બંધાય જ છે. આહા..હા..! ભારે માર્ગ, ભાઈ! એક એક ગાથાનો પોકાર તો આ છે. પંડિતજી! ઓલા શાસ્ત્ર પરિષદવાળા બહુ વિરોધ કરે છે. લલિતપુરમાં કર્યો, પલટનમાં કર્યો. પલટન-પલટન, ફલટન? ભગવાન! તેં માર્ગ સાંભળ્યો નથી, પ્રભુ! આહા..હા..! તારી ચીજની શું કિંમત છે. ચૈતન્ય હીરાની તને ખબર નથી.

ભગવાન ચૈતન્ય હીરો તો નિર્મળાનંદ છે. એ પોતાની ચીજને પોતાની માનવું છોડીને એ રાગને પોતાનો માનવામાં વર્તે છે એ જ અપરાધી, ગુનેગાર છે. એને શંકા થાય છે કે હું બંધાઉં છું, એ બંધાય જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! **'તેને જ બંધની શંકા થાય છે અને જે શુદ્ધ વર્તતો થકો અપરાધ કરતો નથી...'** જે પ્રાણી આત્મા 'હું શુદ્ધ પવિત્ર છું, આનંદ છું, જ્ઞાન છું, શાંતિ છું' એમાં જે પ્રવર્તે છે વર્તમાન દશામાં હોં! એ નિરપરાધી ગુનેગાર નથી, એ ચોર નથી, અપરાધ નથી. પોતાનો શુદ્ધ ભગવાન આત્મા એની દૃષ્ટિ, જ્ઞાન અને એમાં રમે છે. આહા..હા..! છે? **'અપરાધ કરતો નથી...'** **'શુદ્ધ વર્તતો થકો...'** પણ હોં! આહા..હા..! વસ્તુ શુદ્ધ ચૈતન્ય પવિત્ર છે એમ પર્યાયમાં શુદ્ધપણે વર્તતો થકો, પવિત્ર પરિણતિ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પણે પરિણમતો થકો. આહા..હા..! છે? એ **'અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી—એવો નિયમ છે.'** એવો સિદ્ધાંત છે. **'માટે, સર્વથા સર્વ પારકા ભાવોના પરિહાર વડે...'** થોડી વસ્તુ વધારે છે. 'સર્વથા' એક શબ્દ છેને? વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## જયેષ્ઠ વદ-૯, શુક્રવાર, તા. ૧૦-૦૬-૧૯૭૭, ગાથા-૩૦૧ થી ૩૦૫, પ્રવચન નં. ૩૬૨

મોક્ષ અધિકાર, ૩૦૧ થી ૩૦૩ ગાથા. ટીકાની છેલ્લી બે લીટી છે. '**માટે...**' ટીકાની છેલ્લી બે લીટી છે. ૩૦૧, ૩૦૨ અને ૩૦૩. '**માટે, સર્વથા સર્વ પારકા ભાવોના પરિહાર વડે (અર્થાત્ પરદ્રવ્યના સર્વ ભાવોને છોડીને) શુદ્ધ આત્માને ગ્રહણ કરવો, કારણ કે એમ થાય ત્યારે જ નિરપરાધપણું થાય છે.**' શું કહે છે? આત્મા જે વસ્તુ છે વસ્તુ ત્રિકાળ એ તો શુદ્ધ ચિદાનંદ આનંદકંદ છે. માટે સર્વ પારકા ભાવો (અર્થાત્) કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલા પોતામાં પુણ્ય અને પાપના ભાવ, શુભ-અશુભભાવ. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, વાસના, દયા, દાન, વ્રત, તપ અને ભક્તિ, પૂજા એ બેય ભાવ પરદ્રવ્ય છે. આહા..હા..! આકરું પડે માણસને. '**પારકા ભાવોના પરિહાર વડે...**' 'સર્વથા' એ શબ્દ પડ્યો છે. આહા..હા..! જેટલા વિકલ્પ રાગ વૃત્તિ ઊઠે છે એ બધું પરદ્રવ્ય છે. આહા..હા..! એ દૃષ્ટિ ઉઠાવીને (તેના) પરિહાર દ્વારા કહ્યુંને?

'**શુદ્ધ આત્માને ગ્રહણ કરવો,...**' પવિત્ર ભગવાન આત્મા, એ રાગની ક્રિયાથી અંદર ભિન્ન ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાનસ્વરૂપ શુદ્ધ એ શુદ્ધને ગ્રહણ કરવો, દૃષ્ટિ ત્યાં લગાવવી અને જ્ઞાનમાં તેને જ્ઞેય બનાવવું અને એમાં લીનતા થવી એને શુદ્ધાત્માને ગ્રહણ કર્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવી વાત હવે. ધર્મ આવો? જૈનધર્મ કેવો છે? જૈનધર્મ આવો છે કે સવિકલ્પ જે વૃત્તિ છે, ચાહે તો દયા, દાન, વ્રત, તપ, પૂજા, ભક્તિ આદિ ભાવ એ બધું પરદ્રવ્ય રાગ છે વિકાર, એ અપરાધ છે. પરની દયા પાળી શકે છે કોણ? એનું આયુષ્ય હોય તો બચે, ન હોય તો દેહ છૂટી જાય. બીજો કહે હું એને બચાવી શકું એ વાત તો છે નહિ. બચાવવાનો ભાવ દયાનો થવો એ શુભરાગ છે. એ તેરાપંથી કહે છે કે કાનજીસ્વામી આમ કહે છે જુઓ, અમે પણ કહીએ છીએ કે પરને બચાવવા એ પાપ છે. આહા..હા..! એ વાત એમ નથી. બચાવવાનો ભાવ જે છે એ જૂઠો છે. કેમકે બચાવી શકતો નથી. એ ભાવમાં જે શુભભાવ થયો પણ માને કે મેં એને બચાવ્યો, એ તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! આકરી વાતું બહુ, ભાઈ! અને રાગ આવ્યો એ પણ અપરાધ છે. રાગ છેને. પરવસ્તુની ચોરી કરી એણે. આહા..હા..! આવી વાત છે.

આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ સત્, એ સ્વામીનારાયણ કહે છે સચ્ચિદાનંદ સ્વરૂપ એ નહિ હોં! સચ્ચિદાનંદ. એ લોકો ભીક્ષા માટે આવેને તો એમ બોલે. અમારે બોટાદમાં અપાસરાની જોડે છે એ મોટો ડેલો, નહિ? હસમુખભાઈ! અપસારની પાસે ઓલો ડેલો. તમારો આની કોર અને ઓલો પાછળ. ત્યાં સ્વામીનારાયણ રહે. સ્વામીનારાયણના સાધુ આવે. સચ્ચિદાનંદ પ્રભુ! એમ કહે લોટ લેવા, લોટ. એમ કહે, સચ્ચિદાનંદ પ્રભુ. બહુ નજીક જ છે. અપાસરો છેને એની જોડે. એમાં રહેતા હતા સ્વામીનારાયણ.

એ તો બીજા સચ્ચિદાનંદ કહે છે. સ્વામીનારાયણને જ ભગવાન કહે છે અને ભગવાન જગતના કર્તાહર્તા છે એમ કહે છે. એવી ચીજ નથી. અહીંયાં તો આ આત્મા સચ્ચિદાનંદ. સર્વજ્ઞ જિનેશ્વર પરમેશ્વરે જે કેવળજ્ઞાનમાં જોયો એ સત્ છે... સત્ છે.. છે. અસ્તિ છે, મોજૂદગી છે, ચીજ છે, સચ્ચિદાનંદ. ચિદ્ નામ જ્ઞાન અને આનંદ એનો ત્રિકાળી સ્વભાવ છે એની શુદ્ધતાનો અનુભવ કરવો, શુદ્ધતા ગ્રહણ કરવી અને અશુદ્ધતાનો ત્યાગ કરવો. 'પરિહાર વડે' છેને એમાં? એમાં છે?

**'સર્વથા સર્વ પારકા ભાવોના પરિહાર વડે...'** આહા..હા..! આ લોકોને બહારના આચરણ જરી પાપ છોડીને જરી દયા પાળે, વ્રત કરે, તપસ્યા કરે, અપવાસ કરે, ભક્તિ, પૂજા (કરે) તેને એ લોકો ધર્મ માને છે. એ તો વૃત્તિ ઊઠે છે, રાગ છે, એ આત્માનો સ્વભાવ નથી. સ્વભાવ હોય તો નાશ ન થાય. નાશ ન થાય તો સિદ્ધ પરમાત્મામાં પણ રાગ રહેશે. આહા..હા..! તો અહીંયાં તો કહે છે કે સર્વથા સમસ્ત પરના ભાવો. જેટલો વિકલ્પ ઊઠે પુણ્ય અને દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ. આહા..હા..! સમસ્ત અને સર્વથા, બે શબ્દ પડ્યા છે. બધા વિકલ્પો છે એના પરિહાર વડે. છે ખરા. **'સર્વથા સર્વ પારકા ભાવોના પરિહાર વડે (અર્થાત્ પરદ્રવ્યના સર્વ ભાવોને છોડીને) શુદ્ધ આત્માને..** ' નિર્વિકલ્પ રાગરહિત શુદ્ધ ભગવાન આત્માને જાણવો, ગ્રહણ કરવો, અનુભવ કરવો, એમાં દૃષ્ટિ લગાવીને સ્થિર થવું તેનું નામ શુદ્ધ આત્માને ગ્રહણ કરવો જોઈએ એમ કહ્યું. આહા..હા..! બહુ ફેર.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો માર્ગ બહુ દુર્લભ છે, અશક્ય નથી. ન સમજાય, ન પમાય એમ નથી. દુર્લભ તો છે, ઘણો પુરુષાર્થ માગે છે. આહા..હા..! જન્મ-મરણરહિત થવાની ચીજ (દુર્લભ છે). આહા..હા..! જુઓને ક્ષણમાં ક્યાં બિચારા ઓલા બિચારા વર્ધમાનસાગર, વર્ધમાન પાર્શ્વનાથ. એનો દીકરો જુવાન મરી ગયો. આમ જીપમાં બેઠા હતા બાપ-દીકરા બીજા. જીપ પચાસ ફૂટ એમ ને એમ નીચે ગરી ગઈ. નીચે ઉતરી ગઈ. બાપ-દીકરો બેય જીપમાંથી... ખટારા શું કહેવાય એ? ઉછ્ળી ગયા, ઉછ્ળી ગયા બહાર પડી ગયા એ. જીપનો જે હાંકનારો હતો એ તો હુશિયાર માણસ હતો એ તો ફટ બહાર નીકળી ગયો જીપ છોડીને અને આ બેય માણસ ઊડી ગયા. જુવાન માણસ હોં! એનો એક દીકરો. છેટે ગયો ત્યાં જીપ ઉપર ચાલી ગઈ. મરી ગયો ત્યાં. આહા..હા..! દવાખાને લઈ ગયા ત્યાં તો મરી ગયો. આહા..હા..! કોલ્હાપુરના વર્ધમાન પાર્શ્વનાથ. અહીંના વિરોધી છે પણ ઈ આત્મા છે. એને બિચારાને જુવાન છોકરો નાની ઉંમરનો કચરાઈને મરી ગયો. જીપ ઉપરથી (ચાલી ગઈ). આહા..હા..! એને પોતાને આઘાત થઈ ગયો બહુ. હવે ઠીક છે. એવું તો અનંતવાર થયું છે. આહા..હા..! મુંબઈમાં તો ત્રણ-ચાર મરણ તો હંમેશા થાય જ છે. બસમાં, કોક મોટરમાં કચરાઈને મરી જાય હંમેશા. આહા..હા..! એ દેહથી ભિન્ન પોતાની તો ખબર નથી. દેહની સાથે એકતા માનવાથી દેહ છૂટે તો એ નરક-નિગોદમાં જાય છે. આહા..હા..! ચાર ગતિ-યોનિમાં રખડે છે, રઝળે છે. આહા..હા..! રાજા, મહારાજા, શેઠિયા, કરોડપતિ, અબજોપતિ હોય પણ શું પોતાની ચીજ શુદ્ધ ચિદાનંદ ચૈતન્યતત્ત્વ છે એની તો ખબર નથી. અને પુણ્ય અને પાપના બેય ભાવ અસંખ્ય પ્રકારના, ભગવાનનું સ્મરણ કરવું નમો અરિહંતાણં, પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરવું, નમો અરિહંતાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં, નમો લોએ સવ્વ

ત્રિકાળવર્તી સિદ્ધાણં, એ બધો વિકલ્પ છે રાગ છે, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી આઈરિયાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્ઝાયણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં (એવો) વિકલ્પ આવે છે, પણ છે એ પરભાવ પરકીય ભાવ, પરથી થયેલો ભાવ, એ પોતાથી થયેલો ભાવ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

સવારે તો એમ કહ્યું હતું કે સ્વયં અપરાધ કર્યો છે તો થયો છે. અહીં તો પરકીય ભાવ કહ્યા. સવારે તો એમ આવ્યું હતું, ... નવ તત્ત્વ. ભગવાન પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપને ભૂલીને નવ તત્ત્વપણે વર્તમાનદશામાં પરિણમે છે એક સમયમાં. એમ આવ્યું હતુંને? એક સમયમાં નવપણે પરિણમે છે. અજીવ હું છું, જીવની એક સમયની પર્યાય જેટલો હું છું, પુણ્ય-પાપ આદિ ભાવ હું છું. આહા..હા..! તો એ જ હું છું અને એટલો અનુભવ કરવો એ તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! એ પરકીય ભાવ. પરકીયનો અર્થ થયો છે પોતાના અપરાધથી, પણ પરના લક્ષે નિમિત્તથી થયો છે એ કારણે પારકા ભાવ કહેવામાં આવે છે. આ વાંધા ઉઠાવે છે. જુઓ, પરકીય ભાવ કહ્યું છે, પરને કારણે થયા છે.

'**સર્વથા સમસ્ત પારકા ભાવોના...**' પણ એનો અર્થ એ કે પોતાની ચીજ આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે, જ્ઞાનનો પૂંજ પ્રભુ આત્મા છે, એમાં કોઈ શક્તિ એવી નથી કે વિકાર ઉત્પન્ન કરે. એના વીર્યનો ગુણ તો એવો છે કે શુદ્ધ સ્વરૂપની રચના કરે એ એની શક્તિ છે. શુદ્ધ પવિત્ર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-આનંદની રચના કરે એ એની શક્તિ છે. વિકાર કરે એવી કોઈ શક્તિ નથી. એ પર્યાયમાં નિમિત્તાધીન થઈને વિકાર થાય છે તેને પારકા ભાવ કહેવામાં આવે છે. આવી વાત, વાતે વાતે ફેર. કઈ રીતે મેળ કરવો? આહા..હા..! એ લોકો તો કહે, એક પંચેન્દ્રિયને... આમાં આવ્યું છે આજે સમ્યગ્જ્ઞાનમાં. છપાય છેને એક? અર્જિકા. શુભભાવ કરતાં-કરતાં. એક જણે લખ્યું છે કે ગાંધીજી પણ સત્ચરિત્રવાળા હતા. એક કોક શાસ્ત્રીએ લખ્યું છે. આ છપાવે છેને? સમ્યગ્જ્ઞાન. એમાં બે, મોતીચંદ જૈન શાસ્ત્રી, ન્યાયતીર્થ. એમ રવીન્દ્રકુમાર જૈન શાસ્ત્રી એણે લખ્યું છે. પહેલા તો શુભભાવ કરવો અને શુભભાવથી શુદ્ધ થાય છે. આહા..હા..! શું થાય? અનાદિથી દીન થઈને પોતાની ચીજની મહત્તાના અભાવમાં પરના નિમિત્તથી થયેલો પોતાનો અપરાધ એની મોટપ અને મહિમાથી મિથ્યાત્વથી રખડે છે. આહા..હા..!

એ પરના ભાવને સર્વથા છોડીને '**શુદ્ધ આત્માને ગ્રહણ કરવો,...**' જોઈએ. આહા..હા..! બહુ ટૂંકું. હું અંદર શુદ્ધ ચૈતન્ય આનંદકંદ છું તે સર્વજ્ઞે જોયો એવો. બીજા (લોકો) આત્મા-આત્મા કરે છે જિનેશ્વર સર્વજ્ઞ સિવાય, પરમેશ્વર સર્વજ્ઞ જિનેશ્વર એણે જે આત્મા જોયો એવો બીજાએ જોયો નથી. એમણે જોયો એવો આત્મા ચૈતન્યગંજ પ્રભુ આત્મા એનો અનુભવ કરવો. ગ્રહણ કરવાનો અર્થ અનુભવ કરવો. '**એમ થાય ત્યારે જ નિરપરાધપણું થાય છે.** ' આહા..હા..! એમ કરવાથી અપરાધરહિત થાય છે. નિરપરાધી ત્યારે થાય છે. આહા..હા..!

'**ભાવાર્થ :- જો માણસ ચોરી આદિ અપરાધ કરે તો તેને બંધનની શંકા થાય;...**' ચોરી કરે તો લોકોને શંકા પડે કે કોઈ પકડશે? કોઈ પકડશે? કોઈએ જોયું? કોઈ મારી ચોરી જોવે છે? એને શંકા થાય. '**નિરપરાધને શંકા શા માટે થાય?**' કોઈએ કાંઈ લીધું નથી એવા નિરપારધી પ્રાણીને શંકા થતી

નથી.

**શ્રોતા :-** નિરપરાધીને શંકા થાય તો જેલમાં લઈ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એને ખબર નથી બિચારાને નિરપરાધીપણાની. બહારથી માન્યું હોય શું કરે? પૂર્વના પાપને લઈને. નિરપરાધી હોય પ્રાણી પણ ... થાય. ... અહીં એમ નથી થતું. અહીંયાં તો નિરપરાધી ભગવાન શુદ્ધ સ્વરૂપ આત્મા, પરના અપરાધનો ભાવ અંતરની દૃષ્ટિમાંથી, રુચિમાંથી છોડીને ભગવાન આત્મા ચૈતન્ય નિત્ય પ્રભુ અવિનાશી અનાદિઅનંત, એવા અનાદિઅનંત જ્ઞાન આનંદને ગ્રહણ કરીને અનુભવ કરવો ત્યારે નિરપરાધી થાય છે. આહા..હા..!

'**તેવી જ રીતે જો આત્મા પરદ્રવ્યના ગ્રહણરૂપ અપરાધ કરે તો તેને બંધની શંકા થાય જ; જો પોતાને શુદ્ધ અનુભવે,...**' શુદ્ધ અનુભવ કરે શુદ્ધ શુદ્ધ. 'હું તો એ પુણ્ય-પાપના ભાવથી, કૃત્રિમ અવસ્થાથી હું નિત્યાનંદ પ્રભુ શુદ્ધ છું' એવી દૃષ્ટિ કરીને અનુભવ કરે. '**પરને ન ગ્રહે, તો બંધની શંકા શા માટે થાય? માટે, પરદ્રવ્યને છોડી શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું. ત્યારે જ નિરપરાધ થવાય છે.**'

'**હવે પૂછે છે કે આ અપરાધ એટલે શું?**' લ્યો પ્રશ્ન ઉઠે છે. અપરાધ શું છે? અપરાધ-અપરાધ તમે કહો છો તો એ અપરાધ છે શું? ૩૦૪-૩૦૫.

**संसिद्धिराधसिद्धं साधियमाराधियं च एयट्ठं।**
**अवगदराधो जो खलु चेदा सो होदि अवराधो।।३०४।।**
**जो पुण णिरावराधो चेदा णिस्संकिओ उ सो होइ।**
**आराहणाइ णिच्चं वट्टेइ अहं ति जाणतो।।३०५।।**
**સંસિદ્ધિ, સિદ્ધિ, રાધ, આરાધિત, સાધિત-એક છે,**
**એ રાધથી જે રહિત છે તે આતમા અપરાધ છે; ૩૦૪.**
**વળી આતમા જે નિરપરાધી તે નિઃશંકિત હોય છે,**
**વર્તે સદા આરાધનાથી, જાણતો 'હું' આત્મને. ૩૦૫.**

**ટીકા :—** આ તો એકદમ માખણ સાર છે. તત્ત્વ છેને, મોક્ષ અધિકાર છેને. આહા..હા..! ચાલતા પ્રવાહથી, ચાલતી સંપ્રદાયની રીતથી જે ચાલતી વાત છે એ તો તત્ત્વથી તદ્દન વિરુદ્ધ છે. આહા..હા..! શું કહીએ? આ તો સર્વજ્ઞ વીતરાગ પરમાત્માના ઘરની વાત છે. એ જગતથી તદ્દન, ચાલતી પદ્ધતિથી તદ્દન નિરાળી વસ્તુ છે. આહા..હા..! જુઓ, શું કહે છે? આહા..હા..!

'**ટીકા :- પરદ્રવ્યથી...**' હરિગીત થઈ ગયું? '**પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધન તે રાધ.**' ઓહો..હો..! શું કહે છે? સંતો વીતરાગી સંતોની આ વાણી છે. મુનિ તો વીતરાગી હોય છે. જેને અંદરમાં ત્રણ કષાયનો અભાવ વીતરાગભાવ... વીતરાગભાવ... આહા..હા..! પ્રચુર ઘણું જ સ્વસંવેદન, અંતરના આનંદની ઉગ્રદશામાં રમે છે. બાહ્યમાં નગ્નદશા હોય છે. અભ્યંતરમાં કદાચિત્ બાહ્ય લક્ષ ઉપર જાય તો રાગાદિ થાય છે તો તેને પણ છોડીને... ભાષા શું

છે જુઓ, '**પરદ્રવ્યના પરિહાર વડે...**' રાગાદિને છોડીને. એ પુણ્ય અને પુણ્ય-દયા, દાનનો ભાવ એ અપરાધ છે, રાગ છે તેને છોડીને. એ બાધકભાવ છે, વિરાધકભાવ છે, બંધનું કારણ છે તેને છોડીને '**શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધન...**' શું કહે છે જુઓ, એ વિકલ્પ જે પુણ્ય-પાપના છે તેને છોડીને શુદ્ધ ચિદ્‌ઘન આત્મા તેની દૃષ્ટિ કરીને સાધકપણું ઉત્પન્ન થાય. આહા..હા..! વ્રતાદિ વિકલ્પ છે એ તો અપરાધ છે. અપરાધ છે તો એ બાધક છે, વિરાધક છે. તેને છોડીને ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે એવી દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ સંસિદ્ધિ, એ વસ્તુની સિદ્ધિ, એ વસ્તુની સાધનદશા, વસ્તુની સાધનદશા તેને અહીંયાં રાધ સેવન કહે છે. અરે..!

ફરીને. '**પરદ્રવ્યના પરિહાર વડે...**' રાગાદિના વિકલ્પના લક્ષમાંથી છૂટીને, અંદર ભગવાન શુદ્ધ ચિદાનંદ પ્રભુ તેની સિદ્ધિ. શુદ્ધ આત્માની જ્યાં અંદર દૃષ્ટિ થઈ, જ્ઞાન થયું અને લીનતા થઈ તો શુદ્ધ આત્માની સિદ્ધિ થઈ કે આ શુદ્ધ આત્મા છે એવી પર્યાયમાં સિદ્ધિ થઈ, સાધકભાવ થયો તો વસ્તુની સિદ્ધિ થઈ. તો વસ્તુ છે એમ સિદ્ધ થયું. છે? '**સિદ્ધિ અથવા સાધન...**' થયું. જુઓ, પુસ્તક છે સામે. ભાઈ! માર્ગ પ્રભુનો એવો ઝીણો છે, ભાઈ! અત્યારે બહારથી બધું કલ્પ્યું છેને એટલે આ જરી ઝીણું પડે, પણ શું થાય! આહા..હા..! '**પરદ્રવ્યના પરિહાર વડે...**' પહેલા નાસ્તિ કરી. રાગાદિના વિકલ્પનો બાધકભાવ છે, વિરાધક છે તેને છોડીને '**શુદ્ધ આત્માની સિદ્ધિ...**' શુદ્ધ આત્મા છે એવી દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એમાં શુદ્ધાત્માની સિદ્ધિ, શુદ્ધ આત્મા છે એવી પ્રાપ્તિ થાય છે. આહા..હા..!

'**શુદ્ધ આત્માની સિદ્ધિ...**' ત્રણ અર્થ લેવા છે. સાધનમાં રાધ. એટલે? ભગવાન અંતર અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ છે એનો આશ્રય કરીને જે સાધકભાવ પ્રગટ થયો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એમાં આત્માની સિદ્ધિ થઈ કે આ આત્મા છે. એ સિદ્ધિ થઈ એ સાધક છે. એ સાધક છે એ રાધ છે. અપરાધની સામે રાધ. સેવન છે. આહા..હા..! ફેર. આહા..હા..! અરે! વાતું સાંભળી નથી એણે. પરમેશ્વર વીતરાગ પરમાત્મા અકષાય કરૂણાથી ભગવાનની વાણી આવી. આહા..હા..! પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. તારી ચીજમાં રાગ જે થાય છે પુણ્ય-પાપનો એ અપરાધ છે, એ ગુનો છે, એ ચોરી છે, એ વિરાધક છે એ બંધનું કારણ છે. તેને છોડીને અર્થાત્ એ પર્યાયબુદ્ધિ છોડીને દ્રવ્ય ત્રિકાળી ભગવાનની બુદ્ધિ 'હું શુદ્ધ ચૈતન્યઘન છું' એવી દૃષ્ટિ, એવું જ્ઞાન અને એવી લીનતા એ શુદ્ધ આત્માની સિદ્ધિ છે. આ શુદ્ધ આત્મા છે એવી સિદ્ધિ દૃષ્ટિમાં આવી. એ શુદ્ધ આત્માની પ્રાપ્તિ છે. જે રાગની પ્રાપ્તિ છે તેને છોડીને... આહા..હા..! '**શુદ્ધ આત્માની સિદ્ધિ...**' શુદ્ધ આત્મા છે એવી પ્રાપ્તિ થઈ પર્યાયમાં. આહા..હા..! એનું નામ ધર્મ છે અને એનું નામ મોક્ષનો માર્ગ. એ મોક્ષના માર્ગમાં આત્માની સિદ્ધિ થઈ કે આ આત્મા છે. પંડિતજી! આહા..હા..! સમજાણું કાંઈ?

જે અનાદિથી પુણ્ય અને પાપ વિકાર છે એની સિદ્ધિ હતી, તેની પ્રાપ્તિ હતી અને એ હું છું એમ માનીને મિથ્યાત્વને સેવતો હતો.. આ રાધ છેને? એની સામે અપરાધ સેવતો હતો. એ ગુલાંટ ખાઈને, ગુલાંટ નામ પલટીને, 'હું શુદ્ધ ચૈતન્ય આનંદકંદ છું' એવી દૃષ્ટિ, જ્ઞાન, રમણતા થઈ એ શુદ્ધ આત્માની સિદ્ધિ. પરમાત્મસ્વરૂપ હું છું એવી પ્રાપ્તિ પર્યાયમાં થઈ. એ પર્યાય એ સાધકભાવ છે. અને એ પર્યાય

રાધ છે, સેવન છે. એ આત્માનું સેવન છે. સમજાણું કાંઈ? આવું ક્યાંય લોઢા-બોઢામાં મળતું નહિ હોય હસમુખભાઈ! ત્યાં છે કાંઈ? ભાઈઓ વાતું કરતા હોય તો લોઢાની વાતું કરે. આ મળે, અહીંથી આવ્યું, આ લીધું. આહા..હા..! ધર્મને બહાને પ્રભુ અત્યારે ગોટો વળી ગયો છે બહુ. આહા..હા..! પરમાત્મા વીતરાગ સર્વજ્ઞદેવ... અત્યારે તો ચોર કોટવાલને દંડે એવું થઈ ગયું છે. ભગવાન માર્ગ બીજો. તું માને છો એ વસ્તુ નથી. એ વ્રત કરવા, તપ કરવા, અપવાસ કરવા, રાત્રે આહાર ન કરવો એ બધી ક્રિયા તો રાગની છે.

અહીંયાં તો કહે છે કે ભગવાન! એ રાગનો પરિહાર કરીને. ભગવાન આત્મા રાગરહિત શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે, પવિત્ર છે. રાગ અપવિત્ર અશુદ્ધ છે, બાધક છે, બંધનું કારણ છે, ત્યારે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ છે એવો સ્વીકાર દૃષ્ટિમાં થવો, જ્ઞાનની પર્યાયમાં વસ્તુ શુદ્ધનું જ્ઞેયનું જ્ઞાન થવું અને એમાં લીનતા થવી એ આત્માની સિદ્ધિ છે. એ આત્મા છે એવી પ્રાપ્તિ થઈ પર્યાયમાં. સિદ્ધિ થઈ એ જ સાધકપણું છે અને સાધકપણું છે એ જ આત્માની સેવા છે. પરની સેવા કોણ કરી શકે છે? અહીં તો રાગની સેવા કરે એ અજ્ઞાની છે એમ કહે છે. આહા..હા..! લોકોને આકરું લાગે. પરની સેવા કરો... સેવા કરો... સેવા કરો. કોણ કરે? પ્રભુ! કોણ કરી શકે? જડની આ આંગળી હલે છે એ પણ આત્માથી નહિ. એ જડ છે. જડની દશા જડથી થાય છે, આત્માથી નહિ. આહા..હા..!

અહીંયાં તો પોતાની પર્યાયમાં પરના લક્ષે અને આશ્રયે જે વિકાર થાય છે પુણ્ય અને પાપના ભાવ, તેને અપરાધ કહે છે, તેને બાધક કહે છે, તેને રાગની સેવના કહે છે. તો ગુલાંટ ખાઈને જ્યાં શુદ્ધાત્મા આત્મા છું... આહા..હા..! ગુલાંટ સમજો છો? પલટો મારીને. આહા..હા..! ગોવિંદરામજી! હિન્દીમાં આવે છેને ગુલાંટ? આહા..હા..! કહે છે કે ભગવાન આત્માની સિદ્ધિ શુદ્ધ આત્માની સિદ્ધિ. આહા..હા..! એક ક્ષણમાં ભગવાન શુદ્ધ પૂર્ણાનંદ પ્રભુ છે એનો દૃષ્ટિમાં, જ્ઞાનમાં સ્વીકાર થયો તો એ આત્માની સિદ્ધિ થઈ. આત્મા છે, આવો છે એવી પ્રતીતિ ને જ્ઞાન ને અનુભવ થયો. ત્યારે આત્મા છે એવી સિદ્ધિ થઈ. એમ થયું એ સાધકપણું છે, મોક્ષનું સાધકપણું ઈ છે. આહા..હા..! મોક્ષ અધિકાર છેને. આહા..હા..! આવી વ્યાખ્યા અને આવું ઝીણું. કોઈક તો એમ કહે છે, કાનજીસ્વામીએ ધર્મ નવો કાઢ્યો. અરે! ભગવાન! આ બધું ચાલે છે અમારું એને કહે છે કે એ ધર્મ નથી. આ તો શાસ્ત્ર કોનું છે? ભગવાનના કહેલા શાસ્ત્ર છે, મુનિઓના, સંતોના, વીતરાગના. ઓહો..હો..!

કહે છે કે જે પર તરફના લક્ષવાળા પરકીય ભાવો, કરેલા પોતાના, પણ પરના લક્ષે થયેલા એવા દયા, દાન, વ્રત, તપ, ભક્તિના ભાવ, પાપ તો છે જ અપરાધ, પણ આ પણ અપરાધ છે. આહા..હા..! એ ભાવ છે એ બંધનો સાધક છે. એ ભાવની સેવા કરવી એ બંધની સેવા છે. આહા..હા..! રાગને પોતાનો માનીને તેમાં લીન રહેવું એ બંધની સેવા છે, નવા કર્મ બંધાય એની સેવા છે. આહા..હા..! તેને છોડીને શુદ્ધ આત્મા... ભાષા શું છે જુઓ, '**પરદ્રવ્યના પરિહારથી...**' આહા..હા..! પહેલા નાસ્તિથી લીધું, હવે અસ્તિ. '**શુદ્ધ આત્માની સિદ્ધિ...**' ભગવાન શુદ્ધ ચૈતન્ય આત્મા પૂર્ણ આનંદની જ્યાં દૃષ્ટિ થઈ, પૂર્ણ આનંદ જેવો છે એવો દૃષ્ટિમાં સ્વીકાર થયો અને દૃષ્ટિ સહિત

જ્ઞાનની પર્યાયમાં પૂર્ણ આનંદ છે એવું જ્ઞાન થયું અને એમાં લીનતા પણ થઈ, પરથી વિમુખ થયો અને સ્વસન્મુખ થયો એટલી લીનતા થઈ તો એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ આત્માની સિદ્ધિ છે, એમાં આત્માની પ્રાપ્તિ છે. આહા..હા..! અને એ જ આત્માનો, મોક્ષનો સાધકભાવ છે. લ્યો, કેસરલાલજી! કેસર લાલ છે અહીં તો. કેસર તો પીળું હોય છે, આ તો લાલ. આહા..હા..!

ભગવાન! એકવાર વાત તો સાંભળ. તારી અંદર મહિમાનો પાર નથી એવી ચીજ તારી છે. આહા..હા..! અરિહંત પરમેશ્વર થયા નમો અરિહંતાણં, અનંત તીર્થંકરો કેવળી થઈ ગયા, લાખો બિરાજે છે મહાવિદેહમાં, વીસ તીર્થંકરો બિરાજે છે મહાવિદેહમાં, એ બધા... આહા..હા..! એ રાગાદિ જે છે એને અપરાધ જાણીને અને સંસારનો સાધક જાણીને અને તેમાં સંસારની સિદ્ધિ થાય છે એમ જાણીને અને એની સેવા, રાગની સેવા એ દુઃખની સેવા છે એમ જાણીને... આહા..હા..! ભગવાન આત્મા તરફ જ્યાં સન્મુખ થયો ત્યારે પૂર્ણાનંદ જ્ઞાયકભાવની જે પ્રતીતિમાં વસ્તુ આવી નહિ, પણ પ્રતીતિમાં વસ્તુ આવી છે એમ આવ્યું. સમજાણું કાંઈ? પ્રતીતિમાં વસ્તુ આવી નથી, વસ્તુ તો વસ્તુમાં રહી, પણ પ્રતીતિમાં વસ્તુ આવી કે આ વસ્તુ શુદ્ધ અખંડ પરિપૂર્ણ છે એવી પ્રતીતિ આવી. એ પ્રતીતિની સાથે જ્ઞાન પણ થયું કે જ્ઞાનની પર્યાયમાં આખી વસ્તુ આવી છે એવું જ્ઞાન થયું. જ્ઞાનની પર્યાયમાં વસ્તુ નથી આવી. આહા..હા..! અને તેની લીનતા ચારિત્ર થયું એમાં એ ચીજ આવી નથી, પણ એમાં રમણતાની પર્યાય જે રાગરહિત થઈ એ જ આત્માની સિદ્ધિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભાષા તો ભગવાન! બહુ સાદી ભાષા છે. ભાવ તો ત્રિલોકનાથ... આહા..હા..! જેને ઈન્દ્રો સાંભળવા જાય એકાવતારી-એકભવતારી, સુધર્મ દેવલોક છે, બત્રીસ લાખ વિમાન છે, એક એક વિમાનમાં અસંખ્ય દેવ છે, તેનો સ્વામી શક્રેન્દ્ર છે અત્યારે પણ, એ ત્રણ જ્ઞાનના ધણી છે- મતિ, શ્રુત, અવધિ; સમકિતી છે, આત્મજ્ઞાની છે અને એક ભવે મોક્ષ જવાના છે. ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને મોક્ષ જવાના છે અને એની પત્ની પણ એકાવતારી છે. આહા..હા..! ઉત્પન્ન થઈ હતી ત્યારે મિથ્યાદૃષ્ટિ હતી. સ્ત્રી હતીને? પણ ઉત્પન્ન થયા પછી આત્મજ્ઞાન થયું. ઈન્દ્રની સાથે ભગવાન પાસે જતા હતા વારંવાર તેમાં આત્માનું જ્ઞાન થયું, તો એને પણ સમકિતી અને ત્રણ જ્ઞાન છે. એ પત્ની પણ એક ભવે મોક્ષ જવાના છે. આહા..હા..! એ પતી-પત્ની ભગવાન ત્રણલોકના નાથ જિનેશ્વરદેવની સભામાં સાંભળવા આવે છે એ વાત કેવી હશે! આમ પાળો, વ્રત પાળો, અપવાસ કરો. હવે એવી વાતું તો કુંભાર પણ કરે છે. સમજાણું કાંઈ? અગિયારસના અપવાસ કરે અને ખાય બટાટા ને શક્કરકંદ ને ફરાળ. અગિયારસના અપવાસ ફરાળ ખાઈને. એ તો પાપ છે એકલા.

**શ્રોતા :-** રાત્રે ખાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાત્રે ખાય. રાત્રે ખાવું એ મોટું પાપ છે. આહા..હા..! કંદમૂળ, લસણ, ડુંગળી જેમાં... આહા..હા..! પોતાના પૂર્વના માતા, પિતા, દીકરો એ લસણની કળીમાં બેઠા છે. જેનું પ્રિય પુત્ર તરીકે પાલન કર્યું હતું, પૂર્વે અનંત ભવ થયા છે, એ દીકરાઓ એમાં અનંત પડ્યા છે. માતા અનંત પડી છે અંદર. આહા..હા..! એની હિંસા મોટું પાપ છે. અહીં તો હિંસા તો પાપ છે, પણ એની

દયા પાળવાનો ભાવ રાગ એ પણ પાપ ગુનો છે. અરે! ગજબ વાતું!

અહીં તો પ્રભુ એટલું ટીકામાં ઘણું ભરી દીધું છે, સાધકપણાની સિદ્ધિ કરી દીધી. સમજાણું કાંઈ? '**શુદ્ધ આત્માની સિદ્ધિ...**' ભગવાન પવિત્ર પૂર્ણાનંદ છે એવી પ્રતીતિ, જ્ઞાનમાં, રમણતામાં ભગવાન પ્રાપ્ત થયો, આ આત્મા પૂર્ણ છે એમ પ્રાપ્ત થયું એ શુદ્ધ આત્માની સિદ્ધિ, એ જ સાધકપણું છે. મોક્ષનું સાધકપણું એ છે. આહા..હા..! અને એ જ રાધ છે, એ આત્માની સેવા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ચોર્યાસી લાખના અવતારમાં જુઓને બિચારાને દુઃખ કેટલું થયું? વર્ધમાન શાસ્ત્રીને બિચારાને. ફોટો આવ્યો છે ભાઈ ફોટો. અને જુવાન છોકરો જુવાન આમ. કાળા વાળ ને આમ જુવાન-જુવાન. આહા..હા..! જીપ ઊંધી પડી અને જીપ એના ઉપર ચાલી. આહા..હા..! ભાઈ! એ દુઃખ કાંઈ જીપ ચાલી એનું નથી, રાગની એકતાબુદ્ધિ છે એ દુઃખ છે. સમજાણું કાંઈ? સંયોગી ચીજ તો જીવને અડતી પણ નથી. આત્મા તો ભગવાન તો અરૂપી આત્મા છે. એ રૂપી ચીજને કદી અડતો જ નથી. અરૂપી રૂપીને અડતું નથી, રૂપી અરૂપીનું અડતી નથી. અરે! રૂપી એક વસ્તુ બીજી રૂપીને અડતી નથી, તો અરૂપીને સ્પર્શે એમ તો છે જ નહિ. આહા..હા..! ફક્ત એ વખતે રાગ ને પુણ્યના વિકલ્પ દયા, દાન, વ્રત ને કામ, ક્રોધના ભાવ, 'પર હું છું' એવો વિકાર એવી એકત્વબુદ્ધિ, બસ એ દુઃખ, એ દુઃખમાં પિલાય છે. તલને જેમ ઘાણીમાં પીલે એમ ભગવાન અનાદિથી રાગ ને દ્વેષના દુઃખમાં પિલાય છે. આહા..હા..! કાંઈક શરીર ઠીક મળે, કાંઈક પૈસા ઠીક મળે ને સ્ત્રી, કુટુંબ ઠીક મળે ને ખુશી-રાજી થાય એ સનેપાત છે. સનેપાતમાં સુખી છે, ભાઈ! દુઃખ છે દુઃખ. એ દુઃખ છોડવું હોય તો તારા આત્મામાં આનંદ છે એ આનંદની સિદ્ધિ કરવી, પૂર્ણાનંદ છે એવી પ્રતીત, જ્ઞાન અને રમણતા (કરવી) એ આત્માની સિદ્ધિ છે. આહા..હા..! કહો, મયાચંદભાઈ! આવો માર્ગ છ. આહા..હા..!

'**શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધન...**' એમ. એ સાધન થયું. ઓલું વ્યવહાર સાધન નહિ. આહા..હા..! અંતર્મુખ ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ આત્મા છે એ છે એની સન્મુખ થઈને સમકિત અને જ્ઞાન પ્રાપ્ત કરે છે તેમાં એ છે એવી સિદ્ધિ થાય છે અને એ સિદ્ધિ થઈ એ જ સાધકભાવ છે અને એ સાધકભાવ છે એ જ આત્માની સેવના છે. રાધ. રાધા આવે છેને કૃષ્ણ અને રાધા. એ કૃષ્ણ તો ભગવાન આત્મા છે. આહા..હા..! પોતાની શુદ્ધ સેવા કરે એ રાધા—રાધ છે. સમજાણું કાંઈ? દિલીપ! આવો માર્ગ છે.

**શ્રોતા :-** સેવા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આ. લોકો તો પરનું કહે છે. પરની સેવા કરવી. યોગી નામં અપી ગહનો. એમકે નિર્માનપણે કરવું પડે. અરે! એ માન છે ત્યાં સાંભળ તો ખરો. કોણ કરે? શરીરની એક આંગળી ચલાવી શકે નહિ ભગવાન આત્મા. આ જડ છે, માટી, ધૂળ છે, જગતની ચીજ છે. એ પોતાનું સ્વરૂપ રાખીને પલટે છે. એને પલટાવામાં આત્મા પલટાવી શકે, આંગળી આમ કરી શકે (એમ નથી). આહા..હા..! ઓલો નહોતો? દૃષ્ટાંત હતું. કોણ ઓલો કહેવાય? મોટો. ગામો? બે મોટરું ચાલતી હોય, બે મોટરને આમ હાથ રાખીને ઊભી રાખે. અભિમાન હતું કે હું આને ઊભી રાખું. એ જ્યારે મરવાનું

ટાણું આવ્યું, છાપામાં આવ્યું હતું, અહીં માખી હતી. માખી ઉડાડવાની તાકાત રહી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? છાપામાં આવ્યું હતું. ગામા મોટો. એટલી શક્તિ કે બે મોટર ચાલતી હોયને તો પાછળથી હાથ નાખે અને આમ બેયને ઊભી રાખે એટલી શક્તિ, જડની હોં એ. આહા..હા..! એ જ્યારે દેહને છૂટવાના ટાણા આવ્યા, પાછળ તકિયો હતો, બેઠો હતો. છાપામાં આવ્યું હતું. અહીં માખી (બેઠી હોય) ત્યાં હાથ ઊંચો કરી શકતો નહોતો ત્યાં સુધી લઈ જવા માટે. બાપુ! આ તો જડની ક્રિયા ભગવાન. એ જડની ક્રિયા આત્મા કોઈ દિ' કરી શકે નહિ, ભાઈ! તને અભિમાન છે. આહા..હા..! દેહ અને વાણીની ક્રિયા મારી એ પ્રભુ! તને અભિમાન છે, જૂઠાં અભિમાન છે. એમાં તો બંધની સિદ્ધિ થાય છે, એ બંધનો સાધકભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું ટીકા! આહા..હા..! ગજબ વાત કરે છેને અમૃતચંદ્રાચાર્ય! કુંદકુંદાચાર્યનો શ્લોક અને અમૃતચંદ્રાચાર્ય ટીકા કરે છે. આહા..હા..!

જેમ ગાય અને ભેંસના આઉમાં દૂધ એ બળુકી બાય હોય એ આમ કરીને દૂધ કાઢે અંદરથી, એમ આ પાઠમાં ભાવ ભર્યા એની ટીકા કરીને બહાર કાઢે છે. આહા..હા..! સાંભળતો ખરો, નાથ! પ્રભુ! તું કોણ છો એની તને ખબર નથી. તું તો પરમેશ્વર પરમાત્મા જેવી તારી વસ્તુ છે. સાક્ષાત્ 'જિન સોહી હૈ આત્મા.' જિન અને જિનવરમાં પ્રભુ તને કંઈ ફેર નથી, તને ખબર નથી. આહા..હા..!

અહીંયાં શુદ્ધ આત્માની સિદ્ધિ (કહે છે). આહા..હા..! પુણ્ય દયા, દાન, વ્રતના પરિણામને ધર્મ માનતો હતો અને ધર્મનું કારણ, ત્યારે તો તે મિથ્યાદૃષ્ટિ અનંત સંસારના બંધના કારણને સાધતો હતો. આહા..હા..! પણ જેમાં એ અપરાધ નથી એવી ચીજ આત્મા. પહેલા જ્ઞાન તો કરે, પ્રભુ! જ્ઞાન તો કર કે શું ચીજ અંદર છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદના સ્વભાવથી છલોછલ ભરેલો પ્રભુ આત્મા છે. કેમ બેસે? આહા..હા..! થોડા જ્યાં વખાણ કોક કરે ત્યાં રાજી-રાજી થઈ જાય. તેં તો દાન દીધું, તેં તો આટલા કામ કર્યા ને તેં સેવા કરી, એને વળી અભિનંદન આપે પૂંછડું મોટું, કાગળ લખીને, તો રાજી-રાજી થઈ જાય અંદરથી. બહારથી એમ બોલે કે આપ અમારી કદર કરો છો, પણ હું કદરને લાયક નથી, પણ અંદર ગલગલિયા હોય અંદર કે આ મોટપ આપે છે. આહા..હા..! ભાઈ! આહા..હા..!

અહીં તો પ્રભુ એમ કહે છે, સંતો કહે છે એ પ્રભુ કહે છે. આહા..હા..! વીતરાગી મુનિ સંત. પ્રભુ! આત્માની શુદ્ધની સિદ્ધિ, આ શુદ્ધ આત્મા પવિત્ર છે એની સિદ્ધિ, સ્વસન્મુખથી એની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા કરે છે ત્યારે તેની સિદ્ધિ થાય છે. આહા..હા..! અને ત્યારે સાધક થાય છે. ત્યારે મોક્ષની પૂર્ણાનંદની પ્રાપ્તિનો તે સાધક છે. અતીન્દ્રિય પૂર્ણાનંદરૂપી આત્મલાભરૂપી મોક્ષ એનો એ સાધક છે. આહા..હા..! અને તે આત્માનો રાધ છે—સેવા કરનાર છે. આત્માની સેવા, એકની સેવા કરી. રાગની કરતો હતો, એ પવિત્ર શ્રદ્ધા-જ્ઞાન દ્વારા આત્માની શ્રદ્ધા કરી એનું નામ ધર્મ અને એનું નામ મોક્ષનો માર્ગ છે. પ્રભુ! પ્રભુ! ઘણો ફેર, ભાઈ! લોકો તો એમ કહે છે કે સોનગઢવાળાએ તો વ્યવહારનો નાશ કરી નાખ્યો, લોપ કરી નાખ્યો, પાખંડ ચલાવ્યું. અરે! એવું બોલે છે, પ્રભુ! શું કરે છે, ભાઈ! તને ખબર નથી, બાપુ! તું ક્યાં લૂંટાય છો એની તને ખબર નથી. આહા..હા..!

અહીં તો પરમાત્મા, સંતો પરમાત્માના સ્વરૂપે જ બિરાજે છે. આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય,

કુંદકુંદાચાર્ય, પદ્મપ્રભમલધારીદેવ પરમાત્મસ્વરૂપે છે અંદર. એ ટીકા કરે છે. પ્રભુ! તારી સિદ્ધિ સાધક સેવા કોને કહીએ? કે પૂર્ણાનંદનો નાથ અંદર છે એની અંતર સન્મુખ થઈને દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ જ આત્માની પ્રાપ્તિ થઈ તને, સિદ્ધિ થઈ અને એ પ્રાપ્તિ થઈ એ જ સાધકપણું છે. ...જી! આહા..હા..! આ તો બાળગોપાળ ભગવાન બિરાજે છે. આવ્યું છેને ૧૭-૧૮ ગાથામાં. આહા..! પંડિતજી! એ ૧૭-૧૮ ગાથામાં આવ્યું છે. સર્વ બાળગોપાળ, આબાળગોપાળ સર્વ જીવોને એની જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય આત્મા જ જણાય છે. આહા..હા..! ૧૭-૧૮. તારી જ્ઞાનની વર્તમાન પર્યાય છેને અવસ્થા? એમાં તારી દૃષ્ટિ પર ઉપર છે એટલે તને એમ જણાય છે કે હું રાગને, પુણ્યને, પાપને, નિમિત્તને જોઉં છું. એમ દૃષ્ટિ પર ઉપર છે તો બહિરાત્મબુદ્ધિ છે. ખરેખર તો તારી પર્યાયમાં તારું જ્ઞેય જે વસ્તુ એ જ જ્ઞાનમાં જણાય છે. અનાદિથી હોં! આહા..હા..! અજ્ઞાનમાં. ઓહો..હો..! કેમકે જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વપરપ્રકાશક તો અનાદિનો છે. તો જો જ્ઞાનની પર્યાય ભલે અજ્ઞાનીની હોય, એમાં સ્વપ્રકાશક ભગવાન તો અંદર આવે જ છે. આહા..હા..! પણ એની દૃષ્ટિ એ તરફ જતી નથી. એ તો એમ જોવે છે કે રાગ ને દયા ને દાન ને વ્રત ને ભક્તિ, આ હિંસા, જૂઠું, વિષયભોગ, વાસના એનું અસ્તિત્વ ભાસે છે, એ મિથ્યાત્વ છે. આહા..હા..! એનું પૂર્ણાનંદનું અસ્તિત્વ ભાસે ત્યારે આત્મા છે એવી સિદ્ધિ થઈ એ જ સાધક છે અને એ જ રાધ છે. આહા..હા..! હીરાભાઈ! આવી વાતું છે. માયાચંદભાઈ! કોઈ દિ' સાંભળી ન હોય ક્યાંય. આ કરો ને આ કરો ને આ કરો. આહા..હા..! ભગવાન! આહા..હા..! ૪ અને ૫ છેને? ૩૦૪ અને ૩૦૫. આહા..હા..!

'**જે આત્મા અપગતરાધ...**' હવે કહે છે કે આ સાધક, સિદ્ધિ અને રાધ કહ્યું પણ '**જે આત્મા અપગતરાધ અર્થાત્ રાધરહિત હોય...**' સાધકપણાથી રહિત છે, શુદ્ધ આત્માની સાબિતી સિદ્ધ કરવાની દશાથી રહિત છે, જે આત્મા પોતાના શુદ્ધ ચૈતન્યની સેવાથી રહિત છે. આહા..હા..! અરે! આવા મનુષ્યભવમાં આવું ન કરે તો બાપા! ભાઈ! એ જન્મમરણના મોટા લફરા પડ્યા છે, બાપા! એ ચોર્યાસી લાખ યોનિ અનંતી યોનિમાં ક્યાં જશે? ક્યાં પડશે? ભાઈ! માર્ગ તો આ છે એને તું જાણ તો ખરો, એની શ્રદ્ધા તો કર તું અંદર. આહા..હા..! દુનિયા ગમે તે માનો. ગમે તે ગુનો છે એમ કહે. કહો, વસ્તુ તો આવી છે. આખી દુનિયા કહે એટલે શું સત્ય બદલાઈ જાય છે? સત્ય તો સત્ય જ રહે છે. આહા..હા..!

'**જે આત્મા અપગતરાધ અર્થાત્ રાધરહિત હોય...**' એટલે? શુદ્ધ ભગવાન પૂર્ણ આત્માની પ્રતીતિ અને જ્ઞાનરહિત હોય, સાધકભાવ રહિત હોય, આત્માની સેવાથી રહિત હોય એ આત્મા અપરાધ છે. આહા..હા..! અહીંયાં એમ નથી કહ્યું કે કર્મના નિમિત્તનું જોર છે તો ગુનો થાય છે માટે અપરાધ છે, એમ નથી કહ્યું. એ તો નિમિત્તનું કથન છે. આહા..હા..! અહીં તો એમ કહ્યું '**જે આત્મા...**' એવી શુદ્ધ સિદ્ધિનો અભાવ છે. શુદ્ધ ભગવાનની સિદ્ધિ કરવી, સાધકપણું કરવું, સેવા કરવી એનાથી જે રહિત છે એ પોતાને કારણે છે. '**રાધરહિત હોય તે આત્મા અપરાધ છે. અથવા (બીજો સમાસવિગ્રહ આ પ્રમાણે છેઃ) જે ભાવ રાધરહિત હોય તે ભાવ અપરાધ છે;...** '

પહેલામાં તો એમ કહ્યું કે આત્મા અપગતરાધ અર્થાત્ રાધરહિત હોય તે આત્મા અપરાધ છે. હવે અહીંયાં કહ્યું કે જે ભાવ રાધરહિત હોય તે ભાવ અપરાધ છે. શું કહ્યું? જે આત્મા અપગતરાધ એમ લીધું ને પહેલાં? પહેલાં આત્મા લીધો. એ રાધરહિત હોય તે આત્મા અપરાધ એમ કહ્યું. હવે કહે છે કે એ ભાવ રાધરહિત હોય એ ભાવ અપરાધ છે. એ ભાવ જ અપરાધ છે. આત્માએ અપરાધ કર્યો તોપણ ભાવ અપરાધ છે, આત્મા તો આત્મા છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## જ્યેષ્ઠ વદ-૧૦, શનિવાર, તા. ૧૧-૦૬-૧૯૭૭, ગાથા-૩૦૪-૩૦૫, પ્રવચન નં. ૩૬૩

મોક્ષ અધિકાર, ૩૦૪ અને ૩૦૫. '**પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધન તે રાધ.**' રાધની વ્યાખ્યા છે આ. શું કહે છે? શુદ્ધ આત્મા એક સમયમાં આનંદકંદ પ્રભુ નિત્ય ધ્રુવ, શુદ્ધ એની સેવના કરવી, તેની સન્મુખમાં દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર કરવું તેનું નામ અહીંયાં રાધ અથવા સિદ્ધિ અથવા સાધક અથવા આરાધક છે. સમજાણું કાંઈ? આહા..હા..! એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણાનંદ પ્રભુ, પૂર્ણ વસ્તુ છે આત્મા. અનંત જ્ઞાન-દર્શન-આનંદ આદિ શક્તિઓનો સંગ્રહાલય એક ચીજ છે ધ્રુવ એની સિદ્ધિ, એ આવો છે એવી અંતર દૃષ્ટિ અને જ્ઞાન અને રમણતા કરવી એનું નામ અહીંયાં રાધ અથવા આત્માની સિદ્ધિ અથવા આત્મા સાધક થયો એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવો માર્ગ! આવ્યુંને ત્યાં?

'**જે આત્મા અપગતરાધ અર્થાત્ રાધરહિત હોય તે આત્મા અપરાધ છે.** ' જે આત્મા પોતાનો નિજ આનંદસ્વરૂપ એનો આરાધક નથી, એના સન્મુખની સેવા આત્માની નથી અને રાગ ને દયા, દાન આદિ શુભાશુભભાવ એનું જે સેવન કરે છે તે અપરાધ છે. આહા..હા..! એ અપરાધી ગુનેગાર છે. આવી વાત. '**અથવા (બીજો સમાસવિગ્રહ આ પ્રમાણે છે:) જે ભાવ રાધરહિત હોય તે ભાવ અપરાધ છે;...**' તે આત્મા કહ્યો. પહેલા આત્માનો ભાવ લીધો હતો, હવે એકલો ભાવ લીધો. '**જે ભાવ રાધરહિત હોય...**' પોતાની પર્યાયમાં શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્માની સન્મુખતા એનાથી રહિત હોય, '**રાધરહિત હોય તે અપરાધ છે;...**' આહા..હા..! અહીંયાં તો શુભોપયોગને પણ અપરાધ કહે છે. આહા..હા..!

ભગવાન આત્મા પૂર્ણાનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યની સન્મુખતાની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ આત્માની સિદ્ધિ, એ આત્માની સેવા, એ આત્મા સાધક થયો. પૂર્ણાનંદની દશાનો સાધક થયો થકો સાધે છે તેને અહીંયાં આરાધક કહે છે. આહા..હા..! આવી વાત છે. કહો, રાજમલજી! આહા..હા..!

ત્યાં સુધી તો આવ્યું હતું. '**તે અપરાધસહિત જે આત્મા વર્તતો હોય તે આત્મા અપરાધ છે.**' જે રાગ અને પુણ્યાદિ ભાવ... આહા..હા..! એમાં વર્તતો હોય અને પોતાના શુદ્ધ ચૈતન્ય સન્મુખનો અનાદર કરીને રાગના ભાવમાં વર્તતો હોય તે અપરાધી-ગુનેગાર છે. આહા..હા..! ગોવિંદરામજી! ગોવિંદરામ તમારું નામ છે કે ગોવિંદપ્રસાદ?

**શ્રોતા** :- બંને ચાલે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ચાલે છે. નામ એમાં આવ્યું છે એટલે શંકા પડી ગઈ. એમાં આવ્યું છે ગોવિંદપ્રસાદ. એવું નામ આવ્યું છે આજે. એકમાં આવ્યું. આહા..હા..! અહીંયાં તો ભગવાન ગોવિંદ છે. આહા..હા..! ઇન્દ્રિયરહિત અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા પ્રત્યેકમાં બિરાજે છે. કેમ બેસે? દૃષ્ટિ કરી નથી. પોતાના અસ્તિત્વની કેટલી મહત્તા છે એની ખબર નથી અને રાગ ને પુણ્ય આદિ પાપની પર્યાયમાં મશગુલ વર્તે છે તે અપરાધી-ગુનેગાર છે. આહા..હા..! પંડિતજી! તકરાર તો એ કરે છે તમારા પંડિત લોકો.

'**તે આત્મા, પરદ્રવ્યના ગ્રહણના સદ્ભાવ વડે...**' પરદ્રવ્ય એટલે એ રાગ એ પરદ્રવ્ય છે નિશ્ચય પરમાર્થે. આહા..હા..! જે ભાવે મહાવ્રત ભાવ થાય એ પણ રાગ છે, એ અપરાધ છે, પરદ્રવ્ય છે. આહા..હા..!

**શ્રોતા** :- એને ધર્મ માને છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એને ધર્મ માને છે, એ માને છે ને ચારિત્ર માને છે. મહાવ્રતના તો ઠેકાણા નથી, પણ આ તો મહાવ્રત નામ ધરાવે કોઈ તો એ મહાવ્રતના પરિણામ એ તો શુભરાગ છે, અપરાધ છે, એ ભગવાન આત્માની ચીજથી અન્ય પદાર્થ છે, અન્ય દ્રવ્ય છે. આહા..હા..!

મોક્ષનો અધિકાર છેને. '**આત્મા, પરદ્રવ્યના ગ્રહણ...**' રાગનો અનુભવ કરવાથી તે રાગ પોતાનો છે એમ માનવાથી... આહા..હા..! '**તે અપરાધસહિત જે આત્મા વર્તતો હોય તે આત્મા અપરાધ છે. તે આત્મા, પરદ્રવ્યના ગ્રહણના સદ્ભાવ વડે શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવને લીધે...**' શું કહે છે? ભગવાન આત્મા શુદ્ધ જે પવિત્ર ત્રિકાળ છે તેની આરાધનાના અભાવરૂપ વર્તે છે અને રાગની આરાધના અને સેવામાં પડ્યો છે, પુણ્યની ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ, તપાદિમાં પડ્યો છે... આહા..હા..! એ અપરાધી ગુનેગાર છે. આવો માર્ગ વીતરાગનો. આહા..હા..! સમજાણું કાંઈ? ગયા અભયકુમાર? અને બીજા ભોપાલવાળા સાથે હતાને. આહા..હા..!

'**પરદ્રવ્યના ગ્રહણના સદ્ભાવ વડે...** ' એ પુણ્યના ભાવ શુભરાગ તેને પોતાનો માનીને અનુભવમાં રહે છે એ '**પરદ્રવ્યના ગ્રહણના સદ્ભાવ વડે શુદ્ધ આત્માની સિદ્ધિનો અભાવને લીધે...**' ત્યાં શુદ્ધ આત્માનું સાધકપણું, સેવન એનો તો એમાં અભાવ છે. આહા..હા..! '**બંધની શંકા થતી હોઈને...**' તેને બંધની શંકા થાય છે કે હું બંધાઉં છું, બંધ કરું છું. ભગવાન આત્મા તો અબંધસ્વરૂપ છે. અખંડ આનંદકંદ પ્રભુ ચૈતન્ય એ તો અબદ્ધસ્વરૂપ છે અને એ અબદ્ધસ્વરૂપની દૃષ્ટિ અને અનુભવ એ જૈનશાસન છે. એ ૧૪-૧૫મી ગાથામાં આવ્યું છે '**पस्सदि जिणसासणं सव्वं**'

જેને આત્મા અંદર અબદ્ધસ્પૃષ્ટ... બહુ સૂક્ષ્મ વાત, ભાઈ! આહા..હા..! ચાલતા પ્રવાહથી, સંપ્રદાયની રીત ચાલે છે એનાથી બહુ વિરુદ્ધ છે. બરાબર છે, દેવીલાલજી? આહા..હા..! અહીં તો પરમાત્મા સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું, મુનિરાજ કુંદકુંદાચાર્યની ગાથાનો અર્થ કાઢીને આ કહે છે. આહા..હા..!

આત્મા પરદ્રવ્યનો અનુભવ કરે છે અને શુદ્ધ આત્માની સિદ્ધિનો અભાવ છે. આહા..હા..! કારણ બંધની શંકા થાય છે આ કારણે. તેથી '**સ્વયં અશુદ્ધ હોવાથી, અનારાધક જ છે.**' એ આરાધ શબ્દ નહોતો આવ્યો, આમાં નાખ્યો છે પાઠમાં. આહા..હા..! પોતાનો શુદ્ધ ચૈતન્ય આત્મા પવિત્ર એની સન્મુખતાની શ્રદ્ધા-જ્ઞાનની સ્થિરતાના અભાવમાં પુણ્યના પરિણામના સદ્‌ભાવમાં પુણ્યનું સેવન કરવાથી એ અપરાધી અનારાધક છે. આહા..હા..! એ આત્માનો આરાધક નથી.

**શ્રોતા :-** દુનિયાનો મોટો ભાગ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોટો ભાગ આમ માનેછે, ભાઈ! એની પહેલી શ્રદ્ધાના તો ઠેકાણા નથી. આહા..હા..! અરે! એવા ટાણા ક્યારે મળે આવા? ઓલામાં લખ્યું છે, આવ્યું છેને હિન્દી આત્મધર્મ. હુકમચંદજી. રાજમલજી થયાને એક? આ રાજમલજી નહિ ટીકાકાર. ટોડરમલના વખતમાં એક રાજમલ થયા છે. એમાં થોડું એમ લખ્યું છે. મોટો મહોત્સવ હતો જયપુરમાં ટોડરમલજીના સમયમાં. એમાં પત્રિકામાં એમ લખ્યું હતું રાજમલજીએ. ઓહો..! અનંતકાળ એકેન્દ્રિયમાં રહેવાથી મનુષ્યપણું મળવું દુર્લભ છે. એકેન્દ્રિયમાંથી નીકળીને બે ઈન્દ્રિય દુર્લભ, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય દુર્લભ. એમાં આરોગ્યતા અને આયુષ્યની પૂર્ણતા અને આજીવિકાનું સાધન મળવું પણ દુર્લભ. એને માટે રોકાઈ જાય તો આત્માનું કરી શકે નહિ. કરતાં-કરતાં આવા જૈનદર્શનની વાણી સાંભળવાનો મોકો મળવો એ, ત્યાં સુધી એમાં લખ્યું છે કે, અત્યારે આ સંયોગ મળ્યો છે એ કદી અનંતકાળમાં મળ્યો નથી એવું લાગે છે અમને તો. રાજમલજી. નથીને, અહીં નથી લાવ્યા. ત્યાં રહી ગયો છે. માસિક પત્ર આવ્યો છે.

આ ભગવાન આત્માની શ્રદ્ધા, જિનેશ્વર પરમેશ્વર જે કહે છે કે એવી શ્રદ્ધા હોય તેનો ભવઅંત આવ્યા વિના રહે નહિ, એને ભવ રહે જ નહિ. એકાદ ભવ હોય એ બીજી વાત છે. સમજાણું કાંઈ? પણ એ આત્મા જે છે એનું આરાધકપણું છે નહિ, શ્રદ્ધાના ઠેકાણા નથી અને આ વ્યવહારરત્નત્રય દયા, દાન, ભક્તિ, વ્રત, તપ કરતાં-કરતાં કલ્યાણ થશે એવું મિથ્યાત્વનું સેવન (કરે છે)... આહા..હા..! એ આત્માનો અપરાધી છે, અનારાધક છે. પાઠ પાછો '**અનારાધક જ છે.**' એમ છે. કથંચિત્ આરાધક છે અને કથંચિત્ અનારાધક છે (એમ નથી કહ્યું). આહા..હા..! આત્માના સમ્યગ્દર્શન વિના જેટલી વ્યવહાર ક્રિયાકાંડ કરે વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા એ બધો ભાવ આત્માનો અનારાધકભાવ છે, આરાધકભાવ નથી. આહા..હા..! આવી વાત!

'**અને જે આત્મા નિરપરાધ છે તે, સમગ્ર પરદ્રવ્યના પરિહાર વડે...**' સમગ્ર પરદ્રવ્યના પરિહારથી. આહા..હા..! રાગાદિ વિકલ્પ પણ ઊઠે છે એ પરદ્રવ્ય છે, પુદ્‌ગલ છે, એના ત્યાગથી, પરિહારથી '**શુદ્ધ આત્માની સિદ્ધિના સદ્‌ભાવને લીધે...**' જેના શ્રદ્ધા-જ્ઞાનમાં શુદ્ધ આત્માની

સદ્ભાવતા છે. શ્રદ્ધામાં શુદ્ધ આત્મા વર્તે છે, જ્ઞાનમાં શુદ્ધ આત્મા વર્તે છે, લીનતામાં પણ આત્મામાં લીનતા છે. આહા..હા..! આવી વાત. આવો માર્ગ છે. એ '**સિદ્ધિના સદ્ભાવને લીધે બંધની શંકા નહિ થતી હોવાથી...**' ધર્મીને પોતાના શુદ્ધ આત્માની શ્રદ્ધા-જ્ઞાનના સેવનને કારણે તેને બંધની શંકા થતી નથી કે હું બંધાઉં છું, મને બંધ પડશે એવી શંકા ધર્મીને થતી નથી. આહા..હા..! હું તો ભગવાન આત્મા અબદ્ધસ્વરૂપી ચિદાનંદ પ્રભુ, જિનેશ્વરદેવ પરમેશ્વરે જે આત્મા કહ્યો એ ચીજ હું છું. એવી જેને દૃષ્ટિ અને અંદર જ્ઞાન થયું એ જીવને '**બંધની શંકા નહિ થતી હોવાથી ઉપયોગ જ જેનું એક લક્ષણ છે...**' આહા..હા..! જાણવું-દેખવું એ ઉપયોગ એ જ આત્માનું લક્ષણ છે. રાગાદિ વ્યવહાર કોઈ આત્માનું લક્ષણ નથી, એ તો પરદ્રવ્યનું બંધનું લક્ષણ છે. આહા..હા..! એ બધી વાત પણ અત્યારે આ કાળે છે નહિ તો શુભ કરતાં-કરતાં થશે એમ છાપામાં આપે છે. છાપામાં એવું આવે છે. અરે! ભગવાન! માર્ગ તો એક જ છે. આહા..હા..! શુભરાગ, શુભોપયોગ એ તો પરદ્રવ્ય છે. એ કરવો એ તો મિથ્યાત્વભાવ છે, કર્તા થવું એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! એમાં આત્માનો તો અપરાધ છે. આહા..હા..! ભારે વાત, ભાઈ!

'**ઉપયોગ જ...**' ભાષા જુઓ, હું તો એક જાણન-દેખન ઉપયોગી આત્મા છું. આઠ વર્ષની બાળિકા પણ જ્યારે સમ્યગ્દર્શન પામે છે તો એમ માને છે કે હું તો જાણન-દેખન ઉપયોગ જ આત્મા છું, રાગાદિ પુણ્યાદિ હું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. આ બધા લપને ત્યારે ક્યાં મૂકવા? બાયડી, છોકરા, કુટુંબ, દેશ, દીકરા એ તો પરચીજ છે. એ તો પરચીજ છે, તારામાં નથી, તારી નથી, એમાં તું નથી. અહીંયાં તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જે રાગ એને પણ પરદ્રવ્ય કહ્યા છે. આહા..હા..! પરદ્રવ્ય ન હોય તો એમાંથી નીકળી ન જાય. સિદ્ધપદ પામે છે ત્યારે તો એ ચીજ નીકળી જાય છે, માટે એ ચીજ તો પોતાની નથી. સમજાણું કાંઈ? કહે છે '**ઉપયોગ જ જેનું એક લક્ષણ છે...**' ભાષા. '**ઉપયોગ જ...**' જાણવું-દેખવું જ, જાણવું-દેખવું જ '**જેનું એક લક્ષણ છે...**' એક જ લક્ષણ એ છે. આહા..હા..! હું તો જાણનાર-દેખનાર, જ્ઞાતા-દૃષ્ટા એ મારું લક્ષણ છે. બીજી કોઈ ચીજ મારામાં છે નહિ. આહા..હા..! આ સમયસાર પંચમ આરાના મુનિએ બનાવ્યું છે. પંચમ આરાના હિતકારી પ્રાણીને માટે બનાવ્યું છે. એમ નહિ કે પંચમ આરો છે તો આ વાત તો ચોથા આરાની હશે. અજ્ઞાનીને, અપ્રતિબદ્ધને સમજાવવા માટે સમયસાર કહ્યું છે. એ લોકો કહે છે કે એ તો છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિને માટે લખ્યું છે. આહા..હા..!

અહીં તો કહે છે જે કોઈ '**ઉપયોગ જ જેનું એક લક્ષણ છે એવો એક શુદ્ધ આત્મા જ હું છું...**' આહા..હા..! દરેકમાં 'જ'. જાણવું-દેખવું... જાણવું-દેખવું એવો જે ભાવ—લક્ષણ એ મારું સ્વરૂપ છે. પુણ્યાદિનો ભાવ રાગાદિ વ્યવહાર, એ ધર્મને નામે ચાલતો શુભરાગ એ પણ મારી ચીજ નથી. આહા..હા..! '**આત્મા જ હું છું...**' '**ઉપયોગ જ જેનું એક લક્ષણ છે એવો એક શુદ્ધ આત્મા જ હું છું...**' જુઓ, એક શુદ્ધ આત્મા. જ્ઞાતા-દૃષ્ટા એક ઉપયોગમય હું આત્મા છું. ધર્મીની દૃષ્ટિ આવી હોય છે. આહા..હા..! ચોથા ગુણસ્થાનમાં સાચો શ્રાવક થયા પહેલાં. આ વાડામાં શ્રાવક

નામ ધરાવે છે એ તો શ્રાવક-બાવક નથી. અહીંયાં તો શ્રાવક થયા પહેલાં સમ્યગ્દૃષ્ટિમાં આમ હોવું જોઈએ. આહા..હા..! હું તો ઉપયોગ જાણન-દેખન ઉપયોગ જ મારું એક જ લક્ષણ છે, એ જ હું, આત્મા જ હું છું. રાગાદિ વિકલ્પાદિ જે ઊઠે છે તે હું નથી, એ તો પરદ્રવ્ય અથવા પરતત્ત્વ છે. આહા..હા..! **'એમ નિશ્ચય કરતો થકો...'** ધર્મી સમ્યગ્દૃષ્ટિ પ્રથમ ગુણસ્થાન ચોથામાં વર્તનારો એવો નિશ્ચય કરે છે કે **'શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે...'** ભગવાન આત્મા પવિત્ર અને શુદ્ધ છે એ મારો સ્વભાવ અને લક્ષણ છે, મારામાં રાગાદિ છે જ નહિ. **'એવી આરાધનાથી સદાય વર્તતો હોવાથી,...'** એવો આત્મા હું શુદ્ધ ચૈતન્ય જ છું એવી દૃષ્ટિના વિષયમાં પૂર્ણ આત્મા જેને વર્તે છે એ **'આરાધક જ છે.'** એ જ ધર્મી છે. એ આત્માનું સેવન કરનાર સાધક જીવ કહેવામાં આવે છે. કહો, દેવીલાલજી! હવે આવી વાત આકરી પડે. કોઈ દિ' અભ્યાસ નહિ, સાંભળવા મળી નથી. આખી જિંદગી ૪૦-૫૦-૬૦-૭૦ આ વ્રત કરો ને અપવાસ કરો ને આ કરો ને તે કરો ને ભક્તિ કરો ને મંદિર બનાવો એમી ચાલી ગઈ જિંદગી. આહા..હા..! શુભભાવ આવે છે, પણ એ અપરાધ છે, ગુનો છે, બંધનું કારણ છે એમ ધર્મી માને છે. સમજાણું કાંઈ? તેને જાણવું જાણવું એમ જાણે છે. એ રાગ જાણવાલાયક છે, બસ. રાગ આવે છે ખરો પણ એ જાણવાલાયક છે, આદરવાલાયક છે એવી એ ચીજ નથી. આહા..હા..!

**'એવી આરાધનાપૂર્વક સદાય વર્તતો હોવાથી,... '** જુઓ પાછી ભાષા! આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જીવ શુદ્ધ આત્માનો આરાધક 'હું શુદ્ધ ઉપયોગમય છું' એ સદા આરાધક છે. કોઈ વખતે દ્રવ્યનો આશ્રય લીધો અને કોઈ વખતે રાગનો આશ્રય લીધો એમ છે નહિ. સદા. છે? **'આરાધનાપૂર્વક સદાય વર્તતો હોવાથી,...'** આહા..હા..! શું કહે છે એ સમજવું મુશ્કેલ પડે. આત્મા એક ક્ષણની અવસ્થામાં જે કાંઈ આ શુભ-અશુભરાગ વિષયની વાસના ક્રોધ, માન, માયા, લોભ, રાગ એ પાપ વાસના છે અને દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો વિકલ્પ એ પુણ્યવાસના છે.

**શ્રોતા :-** એ પણ નિશ્ચયથી તો પાપ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નિશ્ચયથી તો પાપ જ છે. 'પાપ પાપકો તો સહુ કહે, પણ અનુભવીજન પુણ્યકો પાપ કહે.' યોગસારમાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે! માર્ગ વીંખાઈ ગયો. જેની હજી શ્રદ્ધાના ઠેકાણા નથી તેને સાચું જ્ઞાન ક્યાં છે અને વર્તન ક્યાં છે? અરેરે! જિંદગી એમ ને એમ ચાલી જાય છે. અહીંથી ક્યાં જાવું? ક્યાં જાવું? આહા..હા..! દૃષ્ટિમાં રાગમાં વર્તનારો પ્રાણી ક્યાં જાશે? કયે ક્ષેત્રે? કઈ સ્થિતિમાં? કયા ભાવમાં? આહા..હા..! દેહ તો છૂટી જશે, આ તો જડ છે. ક્યાં જાવું? આહા..હા..! જેણે રાગ અને પુણ્ય પરિણામને પોતાના માન્યા છે એ દુઃખના વેદનમાં જાશે. ચોર્યાસીના અવતારના દુઃખના વેદનમાં જશે ઈ. આહા..હા..! અને જેણે, ભગવાન આત્મા રાગની ક્રિયાથી, વિકલ્પથી ભિન્ન શુદ્ધ ચૈતન્યદ્રવ્યસ્વભાવ હું છું એવો દૃષ્ટિમાં આરાધક થયો તે ક્યાં જશે? કે એ આત્મામાં રહેશે. જ્યાં જશે ત્યાં રહેશે આત્મામાં. એ સ્વર્ગમાં જાશે તો પણ રહેશે આત્મામાં. કદાચિત્ સમકિતી નરકમાં જાય આયુષ્ય પહેલા બંધાઈ ગયું હોય, શ્રેણિક રાજા. શ્રેણિક રાજા ક્ષાયિક

સમકિત, પહેલી નરકનું આયુષ્ય બંધાઈ ગયું. તીર્થંકરગોત્ર બાંધતા હતા. ભવિષ્યમાં પહેલા તીર્થંકર થવાના છે. ક્ષાયિક સમકિત. આહા..હા..! અત્યારે નરકમાં છે તોપણ ત્યાં પોતાનું સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છે તેને જ પોતાનું માને છે. રાગાદિ આવે છે, દ્વેષાદિ દુઃખ આવે છે તેને જાણે છે, પોતાના છે એમ માનતા નથી. આહા..હા..! આવી વાત! ક્યાંની વાત હશે આ? આ ભગવાન જૈનધર્મ હશે આ? જૈનધર્મ તો દયા પાળવી, છ કાયની દયા પાળવી, છ કાયના પીયર. પત્રિકામાં નથી લખતા સંવત્સરી? છ કાયના પીયર છે, છ કાયના અહિંસક છે અને છ કાયના પાલક છે. એ બધી વાતું વિપરીત છે. ભગવાન આત્મા તો છ કાયની દયા પાળવાનો ભાવ એ પણ પરદ્રવ્ય છે, મારી ચીજ નથી. આહા..હા..! આ પંચમ આરામાં થઈ શકે? કે ચોથા આરામાં થાય? દરેક આરામાં આ જ વસ્તુ છે. પંચમ આરો, ચોથો આરો કાંઈ આત્મામાં લાગુ પડતો નથી. આહા..હા..!

કહે છે એ '**આરાધનાથી સદાય વર્તતો હોવાથી, આરાધક જ છે.**' એ તો આરાધક જ છે. 'હું શુદ્ધ ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા છું' એવા શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતામાં જે વર્તે છે એ સદા આરાધક છે. આહા..હા..! કદાચિત્ તેને લડાઈ કરવાનો ભાવ આવ્યો, રાજકુમાર હોય, સમકિતી હોય, જ્ઞાની હોય. આહા..હા..! છતાં એ રાગ પોતાનો છે એમ નથી માનતા, રાગ પૃથક્ છે એવું જ્ઞાન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! શ્રેણિક રાજા નરકમાં છે. પહેલી નરકમાં ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિમાં છે. અઢી હજાર વર્ષ ગયા, સાડી એક્યાશી હજાર બાકી રહ્યા. ક્ષાયિક સમકિતી છે, એ ત્યાં પણ તીર્થંકરગોત્ર સમયે સમયે બાંધે છે. તો એ ભાવને પણ એ તો પર માને છે એ વખતે પણ. આહા..હા..! જે ભાવે તીર્થંકર પ્રકૃતિ બંધાય તેને પણ જ્ઞાની પર જાણે છે. મારી ચીજ છે અને મને એનાથી લાભ થશે એમ ધર્મી માનતો નથી. આહા..હા..! આવો માર્ગ જૈનધર્મ હશે? ધીરૂભાઈ! આવું ક્યાં સાંભળ્યું હતું ત્યાં? ભગવાન! માર્ગ તો આવો છે, ભાઈ! અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત વીતરાગી સાચા સંતો એમની આ એક જ વાત છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- સંસિદ્ધિ,...**' સમ્યક્ પ્રકારે સિદ્ધ થવું. આત્મા જેવો છે એવો દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્રમાં આવવો. આહા..હા..! ભગવાન શુદ્ધ ચૈતન્ય.. પણ વાત એવી છે કે અનાદિથી એની વર્તમાન પર્યાય જે પ્રગટ છે એની એમાં રમત છે. પાપવાસના અને પુણ્યવાસનાની રમત છે. એણે કદી વાસનાની પાછળ ભગવાન નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યઘન પડ્યો છે એની સન્મુખ કદી થયો નથી. આહા..હા..! સાંભળ્યું જ નથી, સાંભળ્યું જ નથી. સમજાણું કાંઈ? કહો, ધર્મચંદજી! આજે લખાણ આવ્યું છે એ પ્રેમચંદજીનું. સનાવત છેને સનાવતવાળા? ખંડવામાં આવ્યા હતા. એમ કહેતા હતા, મોક્ષમાર્ગ છે સમ્યગ્દર્શન એ બંધનું પણ કારણ છે. આવ્યું છે જૈનસંદેશમાં. પછી નોટ કરી છે એમાં. ભાઈ! એ વાત તમારી ખોટી છે. જ્યાં અસમગ્રભાવ છેને ગાથા? અસમગ્રભાવ જ્યાં પૂર્ણ ભાવ નથી ત્યાં આગળ બંધનું કારણ છે, પણ ત્યાં બંધનું કારણ રાગ એ બંધનું કારણ છે, જે મોક્ષનો માર્ગ છે એ બંધનું કારણ નથી. કેમકે પછી લખ્યું છે કે જેટલા અંશે રાગ છે એ બંધનું કારણ છે, જેટલા અંશે સમ્યગ્દર્શન છે એ અબંધનું કારણ છે. પછી ત્રણ ગાથા છે પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. કદી વિચારતો નથી.

પોતાનો આગ્રહ કરીને માનવું એ કોઈ ચીજ છે? આ તો સર્વજ્ઞ પરમાત્મા એનું પ્રમાણ છે કે તારામાં જેટલો રાગ થાય છે એટલો ગુનો અને દોષ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ પરદ્રવ્ય છે, અપરાધ છે, ગુનો છે. આહા..હા..!

**'સંસિદ્ધિ,...'** મૂળ તો રાધનો શબ્દ છે. એ જોયું હતું, જયસેનાચાર્યની ટીકા છેને એમાંથી રાધનો અર્થ કર્યો છે. મૂળ તો રાધ કહેવું છે, સેવન. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ જેવી ચીજ છે એવી માન્યતાથી જ્ઞાન કરવું એનું નામ રાધ, એનું નામ આત્માનું સેવન. આહા..હા..! તો એવા આત્માનું સેવન તો કદી કર્યું નથી, રાગની સેવા કરી. આહા..હા..! સમજાણું કાંઈ? આ ભગવાનની પૂજા, ભક્તિનો ભાવ પણ અપરાધ ને રાગ ને ગુનો છે એમ કહે છે. દેવીલાલજી! શું કામ કરો છો તો? આ બધું આવું બનાવ્યું શા માટે? ૨૬-૨૬ લાખના મંદિર, પ્રતિમા, માનસ્તંભ. કોણ બનાવે? ભાઈ! એ તો બનવાના કાળે બની ગયું. બનાવનારનો નિમિત્ત .. તો શુભભાવ હો, પણ એ શુભભાવ પણ દૃષ્ટિમાં તો હેય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'સંસિદ્ધિ, રાધ,...'** સમ્યક્ પ્રકારે સિદ્ધિ. જેવો ભગવાન આત્મા છે એવા દર્શન, જ્ઞાન અને ચારિત્ર અંદર પ્રગટ કરવા એનું નામ સંસિદ્ધિ. આહા..હા..! એનું નામ રાધ. એનું નામ **'સિદ્ધિ,...'** પરમાત્મસ્વરૂપ એવી સિદ્ધિ થઈ ગઈ દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતામાં. સ્વસન્મુખની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતામાં આત્માની સિદ્ધિ થઈ કે આત્મા આવો છે એવી પ્રતીતિ ને ભાન ને સ્થિરતા થઈ. એ આત્માનું સેવન કર્યું છે. આહા..હા..! **'સાધિત,...'** સાધક. **'આરાધિત—એ શબ્દોનો અર્થ એક જ છે.'** આહા..હા..! નિજ પૂર્ણાનંદના નાથને શ્રદ્ધામાં લેવો અને એમાં સ્થિરતા કરવી એ એક જ આત્માનું સેવન કહેવામાં આવે છે. પ્રભુની સેવા, ભગવાનની પૂજાની સેવા પણ રાગ છે. રાગ છે પણ આવ્યા વિના રહે નહિ. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી દૃષ્ટિ આત્મા ઉપર હોવા છતાં પણ નબળાઈને કારણે રાગ આવે છે, પણ હેયબુદ્ધિએ આવે છે. આહા..હા..! એટલે આ સ્થાનકવાસી મૂર્તિને ઉથાપે છેને. એ વાત જૂઠી છે. મૂર્તિ છે, અનાદિથી છે. એની ભક્તિ પણ અનાદિથી છે અને સમ્યગ્દૃષ્ટિને પણ ભક્તિનો ભાવ આવે છે, પણ એ હેયબુદ્ધિએ છે. સમજાણું કાંઈ? અશુભથી બચવા એવો ભાવ આવે છે, પણ છે એ ભાવ અપરાધ. આહા..હા..! તો શું કામ કરવો અપરાધ છે તો? પણ અશુભથી બચવા એવો ભાવ આવ્યા વિના રહે નહિ. વસ્તુની મર્યાદા એવી છે. સમજાણું કાંઈ? જેમ મુનિને પંચમહાવ્રતના પરિણામ આવ્યા વિના રહે નહિ, છે તો અપરાધ, છે તો ગુનો. આહા..હા..! પણ અશુભભાવથી બચવા, 'અશુભભાવ વંચનાર્થ' એવો પાઠ છે પંચાસ્તિકાયની ટીકામાં. સમજાણું કાંઈ? ભાવ આવે છે, પણ છે તો અપરાધ અને દોષ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અહીંયાં શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધનનું નામ રાધ છે...'** શુદ્ધ આત્માની સાબિતી થઈ ગઈ દર્શન જ્ઞાનમાં, એ જ સાધન છે અને એ જ સિદ્ધિ છે અને એ જ રાધ છે. આહા..હા..! સેવન છે. **'જેને તે રાધ નથી તે આત્મા સાપરાધ છે...'** આહા..હા..! અનાકુળ આનંદ અને અનાકુળ અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ. આહા..હા..! શક્કરકંદ નહોતું કહ્યું

સવારે? શક્કરકંદ. સાકર એ શક્કર એટલે સાકરની મીઠાશનો પિંડ છે શક્કરકંદ, એમ આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો પિંડ છે. એ પુણ્ય-પાપના ભાવ ઉપરની છાલ છે. એને કાઢી નાખે છે. આહા..હા..! નાળિયેર હોય છેને નાળિયેર, શ્રીફળ. એમાં પણ ઉપર જે છાલા છે એ કોઈ શ્રીફળ નથી. અને જે કાચલી છે... શું કહે છે એને? કાચલી હોય છેને કઠણ એ પણ કોઈ શ્રીફળ નથી. તેમ કાચલી કોરની જે લાલ છાલ હોય છે એ પણ કાંઈ શ્રીફળ નથી. શ્રીફળ તો એ લાલ છાલની પાછળ મીઠો અને ધોળો સફેદ ગોળો જે છે એ શ્રીફળ છે. સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મા આ શરીર એ છાલા છે, એ આત્મા નથી. કર્મ કાચલી અંદર છે એ પણ આત્મા નથી અને શુભ-અશુભભાવ એ લાલ છાલ જેવા છે એ પણ આત્મા નથી. આહા..હા..! એ શુભાશુભભાવથી ભિન્ન અંદર એકલો શક્કરકંદ નામ અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એની આરાધના, એની સેવા એ સાધનનું નામ રાધ છે.

**'જેને તે રાધ નથી તે આત્મા અપરાધ છે અને જેને તે રાધ છે તે આત્મા નિરપરાધ છે.'** આહા..હા..! બહુ ટૂંકું. આ લોકો પરિષદવાળા શાસ્ત્રી ને આ લોકો પોકાર એમ કરે છે કે સોનગઢવાળા વ્યવહારથી નિશ્ચય થાય છે એમ કહેતા નથી, નિમિત્તથી ઉપાદાનમાં થાય છે એમ એ માનતા નથી. બેય વાત બરાબર છે એની. માનતા નથી એ બરાબર છે. નિમિત્ત પરદ્રવ્ય છે અને પરદ્રવ્યમાં નિમિત્ત કાંઈ કરે તો નિમિત્ત રહેતું નથી. નિમિત્ત અડતું નથી ને કરે ક્યાંથી? આહા..હા..! એમ વ્યવહાર પણ નિશ્ચયની સાથે અત્યંત અભાવ છે. વ્યવહારનો જે વિકલ્પ આવે છે દયા, દાન, વ્રત, ભક્તિ આવે છે. છે, પણ એ ભગવાન આત્મા એને તો અપરાધ માને છે. આહા..હા..! એની સેવના કરવાથી આત્માને લાભ થશે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ! કેટલાક એમ કહે છે, કાનજીસ્વામીએ નવો ધર્મ કાઢ્યો છે. બધા ધર્મ ખોટા અને આ એક ધર્મ એમનો સાચો. આ ભગવાન શું કહે છે? આ શાસ્ત્ર કોનું છે? આહા..હા..! ભાઈ! તારી ચીજની તને ખબર નથી. તું કેટલા મહત્ત્વવાળી ચીજ છે અને તારી મહિમા કેટલી છે અને તારામાં કેટલો સ્વભાવ આનંદ આદિ પડ્યો છે એની તને ખબર નથી. અસ્તિપણે છે. ભગવાન આત્મામાં અસ્તિ હોવાપણે મોજૂદગીપણે અતીન્દ્રિય આનંદ ભરચક પડ્યો છે, એમ આત્મામાં અતીન્દ્રિય જ્ઞાન પૂર્ણ સ્વરૂપ ભર્યો પડ્યો છે. આહા..હા..! અરે! આહા..હા..!

જુઓને ચાલે છેને આપણે. કેવળજ્ઞાન. આજે પૂરું થશે આ, બીજો ભાગ પૂરો થશે. પહેલો ભાગ વંચાણો. એક-એક ગાથામાં ઓહો..હો..! કેવળજ્ઞાન અને કેવળદર્શન, અતીન્દ્રિય સુખ અને અતીન્દ્રિય વીર્ય, પૂર્ણ ભગવાન અને એની વ્યાખ્યા કરતાં-કરતાં તો આચાર્ય ઉછળી જાય છે અંદરથી. શબ્દ ટૂંકા પડે છે. ભગવાન પણ કેવળજ્ઞાની પરમાત્મા એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકને અડતા નથી અને ત્રણલોક અને ત્રણકાળનું જ્ઞાન થાય છે. એ જ્ઞાનમાં ચીજ આવતી નથી અને એ ચીજમાં તું જાતો નથી અને એ ચીજનું જ્ઞાન પોતાનું પોતાથી થયા વિના રહેતું નથી. સમજાણું કાંઈ? ૬૨૫, ૨૭ શ્લોક છે. આહા..હા..! પહેલો ભાગ પૂરો થયો. મેં બહેનને મોકલાવ્યો છે. થોડું-થોડું વાંચે તો ખરા કે બાયુમાં જાય એ વાત. સર્વજ્ઞ ને કેવળજ્ઞાન ને કેવળદર્શન આહા..હા..! પર્યાય, એક સમયની કેવળજ્ઞાનની પર્યાય

ત્રણકાળ, ત્રણલોકને દેખે અને એક સમયની પર્યાય દ્રવ્ય અને ગુણ જે આત્મા તેને પૂર્ણ જાણે, છતાં એ પર્યાયમાં પરદ્રવ્ય આવે નહિ, સ્વદ્રવ્ય આવે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

પરદ્રવ્ય જે ત્રિકાળ છે એને જાણે છે પર્યાયમાં, પણ એ પર્યાયમાં અનંત પરદ્રવ્ય આવતા નથી અને એ પર્યાય પરદ્રવ્યને અડતી નથી અને પરદ્રવ્ય પર્યાયને અડતા નથી અને એક સમયની કેવળજ્ઞાનની પર્યાય પૂર્ણ દ્રવ્યને જાણ્યા વિના રહેતી નથી. છતાં એક સમયની પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. આહા..હા..! નવું પુસ્તક આવ્યુંને. જુઓને આ જિંદગીમાં પહેલું પુસ્તક બહાર આવ્યું આ. આ હજારો વર્ષથી પડ્યું હશે. આહા..હા..! કહો, એ શ્વેતાંબરના ભંડારમાંથી નીકળ્યું. આહા..હા..! એની એક એક ગાથા. એટલે કહ્યું, સંસ્કૃતના હિંમતભાઈ જેવા પંડિત છે. આપણે તો એ મોટા કહેવાય અત્યારે પંડિતમાં. એ હજી ના પાડે છે, કેટલુંક હું આમાં સમજી શકતો નથી. એટલી અંદર ગંભીરતા પડી છે. આપણે તો એમ લેવું છે કે એટલી ગંભીરતા એમાં છે. ઓહોહો..! ૬૨૭ શ્લોક. ૨૫ અધિકાર. એક અધિકારમાં ૨૫ ગાથા એવા ૨૫ અધિકાર. એ પુસ્તક દિગંબર આચાર્યે બનાવેલું છે. એ શ્વેતાંબરના ભંડારમાંથી નીકળ્યું. અંગ્રેજી છપાય છે, હિન્દી છપાઈ જાશે. આહા..હા..!

એક સમય કોને કહે? ક બોલે એમાં અસંખ્ય સમય કાળનું માપ જાય છે. એમાં એક સમયમાં કેવળજ્ઞાનની પર્યાય ત્રણકાળ, ત્રણલોકને અડ્યા વિના, સ્પર્શ કર્યા વિના જાણે છે. આહા..હા..! અને એક સમયની પર્યાયમાં એવી અનંતી પર્યાયનો પિંડ જે જ્ઞાનગુણ છે, એવા એવા અનંતગુણની અનંત પર્યાયનો પિંડ બીજો ગુણ છે એવી અનંતી પર્યાયનો પિંડ અનંતગુણ છે એ અનંતગુણનું એકરૂપ છે એ એક સમયમાં આ બધું જાણે છે. આહા..હા..! આ અરિહંત અને આ કેવળજ્ઞાન. એને ખબર ક્યાં છે? નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... કર્યા કરે ભાન ન મળે કાંઈ. કોને અરિહંત કહેવા અને કોને કેવળજ્ઞાન કહેવું? આહા..હા..! આચાર્યને ૬૨૫ શ્લોક બનાવતા-બનાવતા શબ્દ ઓછા પડે છે. એટલું કેવળજ્ઞાન અને કવળદર્શન, અનંતસુખ અને વીર્ય ચાર. પાછા એના માટે એક, અનેક, ભાવ, અભાવ... આહા..હા..! એવી ચીજ એક સમયની જ્ઞાનની પર્યાયમાં અપાર-અપાર મહિમા, તો એવી એવી અનંત પર્યાયનો પિંડ ભગવાન આત્મા. આહા..હા..! એવું શુદ્ધ ત્રિકાળી તત્ત્વ અવિનાશી એની મહિમા શું? આહા..હા..! એવા ત્રિકાળી ભગવાનનું સેવન કરવું આરાધન. આહા..હા..!

**'જેને તે રાધ નથી તે આત્મા સાપરાધ છે અને જેને તે રાધ છે તે નિરપરાધ છે. જે સાપરાધ છે તેને બંધની શંકા થાય છે, માટે તે સ્વયં અશુદ્ધ હોવાથી અનારાધક છે;...'** સ્વયં અશુદ્ધ છે. અશુદ્ધને પોતાનું માને છે. એ રાગ જે વ્યવહારનો છે એ અશુદ્ધ છે અને અશુદ્ધ એ મારી ચીજ છે, તો એવો અશુદ્ધનો આરાધક થાય છે અજ્ઞાની. આહા..હા..! માલ-માલ છે. આહા..હા..! **'અને જે નિપરાધ છે તે નિઃશંક થયો થકો પોતાના ઉપયોગમાં લીન હોય છે...'** આહા..હા..! ભગવાન અંદર આત્મા અતીન્દ્રિય આનંદનો રસકંદ પડ્યો છે પૂર્ણ, જેનો જ્ઞાનદર્શનનો ઉપયોગ એ તરફ વળ્યો તો એ ઉપયોગમાં લીન છે. આહા..હા..! ધર્મી પોતાના જ્ઞાન-દર્શનના ઉપયોગમાં લીન છે. રાગ આવે છે તો રાગનું જ્ઞાન કહેવું એ પણ વ્યવહાર છે. રાગ-વ્યવહારનું જ્ઞાન કહેવું એ વ્યવહાર છે.

વ્યવહારનું જ્ઞાન પોતાના સમયે પોતાને કારણે સ્વપરપ્રકાશકની તાકાતને કારણે જ્ઞાનની પર્યાય રાગને જાણે છે, પોતાને જાણે છે એ પોતાના સામર્થ્યથી જાણે છે, રાગ છે તો જાણે છે એમ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

આ પ્રશ્ન (સંવત) ૧૯૮૩માં થયો હતો. ૮૩ની સાલ. ૫૦ વર્ષ થયા ૫૦ વર્ષ. આ ચર્ચા થઈ હતી સંપ્રદાયમાં. એક શેઠ કહેતા હતા કે આ લોકાલોક છે તો કેવળજ્ઞાનની પર્યાય છે. કીધું એમ નથી. કેવળજ્ઞાનની પર્યાય પોતાથી છે, લોકાલોક છે તો છે એમ નથી. વીરજીભાઈ હતા એક વકીલ જામનગરવાળા. એની સાથે ચર્ચા થતી હતી ઉપર. હું નીચે બેઠો હતો. ઉપર ચર્ચા ચાલતી હતી. વીરજીભાઈ કહે એમ નથી. લોકાલોક છે તો જ્ઞાનની પર્યાય કેવળજ્ઞાન થઈ એમ નથી. તો કહે નહિ, એ છે તો જ્ઞાન થયું. નીચે આવ્યા. અમારી પાસે ચર્ચા થઈ. ૫૦ વર્ષની પહેલાંની વાત છે. ૮૩ની સાલ. ૮૦ અને ૩. કીધું, એમ નથી. એ પર્યાય પોતાના સામર્થ્યથી ઉત્પન્ન થઈ છે. લોકાલોકની સત્તા છે તો એને જાણવાની પર્યાય ઉત્પન્ન થઈ છે એમ નથી. પંડિતજી! આ તો ૫૦ વર્ષ પહેલાંની વાત છે. હવે એ વાત અત્યારે પંડિતોને બેસતી નથી.

ભગવાન! આ તો આત્માની શાંતિનો માર્ગ છે. જેમાં શાંતિ મળે, સુખ મળે. આહા..હા..! ધૂળમાંય સુખ નથી. શું છે એની કાંઈ ખબર નથી. આજે હરીભાઈ ગયા છે મુંબઈ. એનો ભત્રીજો છેને એ લખે છે ચાર-પાંચ પત્રો. મોટો છોકરો છેને. ૮૦૦નો પગાર છે. લખે છે કે મને ગમતું નથી, અહીં ગમતું નથી. એવા પત્રો ઘણાં આવ્યા એટલે ગયા છે. શું હશે કાંઈ ખબર પડતી નથી. મોટા ભાઈનો દીકરો છે. હરીભાઈ આપણે બ્રહ્મચારી નહિ? અહીં આવતો હતો પહેલા. કુંવારો હતો ત્યારે આવતો. મોટાને ૮૦૦નો પગાર છે અને નાનો છે એને હજારનો પગાર છે માસિક. પરણેલા છે બેય. એની માં પણ છે. એના બે-ચાર કાગળ એવા આવ્યા ચાર-પાંચ. કાકા! આવો, મને ગમતું નથી, કાંઈ ગમતું નથી. શું થયું? ધૂળમાંય કાંઈ નથી. આહા..હા..!

**શ્રોતા :-** પરમાં ગમે એવું જ ક્યાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરમાં ગમે એવું ક્યાં છે? આહા..હા..! બહેને નહોતું કહ્યું? ઓલું આપણે લખ્યું નથી? 'તને બીજે ક્યાંય ન ગોઠે તો આત્મામાં ગોઠશે.' ત્યાં જા પ્રભુ ત્યાં જા અંદર. આહા..હા..! રાગ અને બહારમાં કલ્પનામાં ક્યાંય સુખ નથી. કાંઈક કલ્પના ઊઠતી હોય. નહિતર ૮૦૦-૧૦૦૦નો પગાર છે. તોપણ ગમતું નથી, કંઈ ગમતું નથી. એની માને કહ્યું હતું, મને પણ ગમતું નથી. અરે! શું હશે? કહો, પંડિતજી! એ કાલે વાત કરતા હતા. આજે ગયા કે હું મુંબઈ જવાનો છું. આહા..હા..! ધૂળમાંય ક્યાંય નથી. અંદર કોણ જાણે કલ્પના કેવી ઉઠતી હોય. આનંદનો નાથ પ્રભુ, ત્યાં જાને પ્રભુ! તને ત્યાં ગોઠશે. આહા..હા..! ગોઠશે શું કહે છે? રુચશે. ત્યાં તને ઠીક પડશે. સમજાણું કાંઈ? એ અહીંયાં કહે છે. કહો, હસમુખભાઈ! ત્યાં કાંઈ ભાયુંમાં, પૈસામાં, લોઢામાં અને ધૂળમાં કાંઈ નથી એમ કહે છે. ભાઈઓએ તો સુખેથી રજા આપી છે, જાવ ભાઈ. તમે નિવૃત્તિ લ્યો. કેટલાક .. નાની ઉંમર. આહા..હા..! નિવૃત્તિ તો રાગથી લે ત્યારે નિવૃત્તિ કહેવામાં આવે છે. આહા..હા..! એ નિવૃત્તિ.

બહારથી નિવૃત્તિ તો અનંતવાર સાધુ થયો, દિગંબર મુનિ થયો. આહા..હા..! પણ અંદરમાં વિકલ્પ જે રાગાદિ છે, આહા..હા..! એ પર્યાયબુદ્ધિ, અંશબુદ્ધિ, વર્તમાનબુદ્ધિ રાગબુદ્ધિ છે, એને છોડીને ભગવાન આત્મા દ્રવ્યબુદ્ધિ ત્રિકાળ સ્વરૂપની દૃષ્ટિ છે એ જ સુખરૂપ અને એ જ દૃષ્ટિ સત્ય છે. એ જ સુખનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહિ. આહા..હા..!

**'નિઃશંક થયો થકો પોતાના ઉપયોગમાં લીન હોય છે, તેથી તેને બંધની શંકા નથી. માટે 'શુદ્ધ આત્મા તે જ હું છું' એવા નિશ્ચયપૂર્વક વર્તતો થકો, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપના એક ભાવરૂપ નિશ્ચય આરાધનાનો આરાધક જ છે.'** એ તપ ક્યુ? વસ્તુમાં સ્થિર થવું એ. તપ આ અપવાસ-બપવાસ એ નહિ. ઉપવાસ, ભગવાન આનંદસ્વરૂપ છે એમાં ઉપ નામ સમીપમાં, અંદરમાં વસવું એ ઉપવાસ છે. આ બાકી બધા બીજા અપવાસ છે. પંડિતજી! આહા..હા..! એવો **'આરાધક જ છે.'** લ્યો! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે

# પાઠકોની નોંધ માટે

ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

પ્રકાશક

શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર

સોનગઢ